શ્રી વિજય કનકસૂરિ પ્રાચીન ગ્રંથમાલા-૧

# શ્રી અગડદત્તરાસમાલા

સંપાદક

ગણિ તીર્થભદ્રવિજયજી મ.સા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રી વિજય કનકસૂરિ પ્રાચીન ગ્રંથમાલા-૧

# શ્રી અગડદત્તરાસમાલા

દિવ્યાશિષ

અધ્યાત્મયોગી પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય **કલાપૂર્ણસૂરીશ્વરજી** મ.સા.

આશીર્વાદ

ગચ્છનાયક પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય **કલાપ્રભસૂરીશ્વરજી** મ.સા.

પ. પૂ. આચાર્ય દેવ શ્રીમદ્ વિજય **કલ્પતરુસૂરીશ્વરજી** મ.સા. તથા

પ. પૂ. સા. **ધૈર્યભદ્રાશ્રીજી** મ.સા. (બા મ.સા.)

સંપાદક

અધ્યાત્મયોગી પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય **કલાપૂર્ણસૂરીશ્વરજી** મ.સા.ના. શિષ્યરત્ન

પ. પૂ. ગણિવર્ય શ્રી **તીર્થભદ્રવિજયજી** મ.સા.

પ્રકાશક

શ્રી શ્રમણ સેવા રીલીજીયસ ટ્રસ્ટ, ધ્રાંગધ્રા

વિ. સં. ૨૦૬૯

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રથમ આવૃત્તિ :
સંવત ૨૦૬૯ (ઈ. સ. ૨૦૧૩), શ્રાવણ વદ - ૪, નકલ : ૪૦૦



પ્રકાશક-પ્રાપ્તિસ્થાન :

**શ્રી વિજય કનકસૂરિ પ્રાચીન ગ્રંથમાલા**

શ્રી શ્રમણ સેવા રીલીજીયસ ટ્રસ્ટ,
નવકાર ઈન્વેસ્ટમેન્ટ, ગ્રીન ચોક,
ધ્રાંગધ્રા - ૩૬૩ ૩૧૦, જિ. સુરેન્દ્રનગર

મુદ્રક :

**મલ્ટી ગ્રાફિક્સ**

18, Khotachi Wadi, Vardhaman Bldg., 3rd Floor, V. P. Road, Prathana Samaj, Mumbai - 4.
Ph.: 23873222 / 23884222. E-mail : support@multygraphics.com

કિંમત : ₹ 950/-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



પરમ પૂજ્ય આચાર્ય દેવેશ
શ્રીમદ્ વિજય કનકસૂરીશ્વરજી મ. સા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચારિત્રના ઓજસ્નો આકર્ષક પૂંજ...
પરં બ્રહ્મનું અતૂટ સંધિસ્થળ...
નિર્મલ વાત્સલ્યનું માનસરોવર...
સમ્યગ્તાને સાક્ષાત્ કરતું નેત્રાંજન...
પરમતાનું પ્રેમલ પ્રતિનિધિત્વ...
ઔદાર્ય અને ગાંભીર્યનું મહાતીર્થ...
શાસન સમર્પિતતાનું પ્રકૃષ્ટ પ્રેરક બળ...
અસંગતાનું અસીમ આકાશ...
સાત્વિકતાની અમૂલ્ય રત્નખાણ...
શાસ્ત્રાજ્ઞાનું રહસ્યોદ્ગાન...
ઉપકારોની અવિરત વહેતી ગંગોત્રી...
સમસ્ત કચ્છ-વાગડનો હૃદયધબકાર...

પરમ પૂજ્ય આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય

# કનકસૂરીશ્વરજી મ. સા.

**'આપનું સદ્ગુણ સંકીર્તન તો અમે શું કરીએ?,**
**બાહુબળે મહાસાગર કેમ કરી તરીએ?,**
**બસ, અહોભાવથી આપના ચરણ-સ્પર્શ કરીએ,**
**મળી જાય એકાદ ગુણ આપનો એ જ ભાવના ધરીએ'.**

આપશ્રીના પુનિત ચરણે અનંતશઃ વંદના સહ,
આ નાનકડી **જ્ઞાનાંજલિનું સમર્પણ...**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



# આભાર

## શ્રી ભચાઉ વીશા ઓશવાળ શ્વે. મૂ.જૈન સંઘ
## શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન દેરાસર

શ્રી વિજય કનકસૂરિ પ્રાચીન ગ્રંથમાલાના
સર્વપ્રથમ પુસ્તકના પ્રકાશનનો સંપૂર્ણ લાભ લઈ
પૂજ્યશ્રીના ઉપકારોનું ઋણ અદા કર્યું છે.

તેની અમો અંતઃકરણપૂર્વક અનુમોદના કરીએ છીએ.

**– પ્રકાશક**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org




સં. ૨૦૫૩

આવકાર. પ્રભુવીર જન્મકલ્યાણક દિન.

અપ્રગટ રાસ સાહિત્યને પ્રગટ કરવાનો ઉપક્રમ આવકારદાયક છે. વિશેષમાં એક જ કથાઘટકને આશ્રયીને રચાયેલ અનેકવિધ સામગ્રીઓને એક સાથે સુસંપાદિત કરી તુલનાત્મક અભ્યાસ સાથે રજૂ થાય છે તે અતિ આનંદદાયક ઘટના છે.

વિવિધ જ્ઞાનભંડારોમાંથી જહેમત પૂર્વક મેળવાયેલ હસ્તલિખિત પ્રતોનો પરિશ્રમપૂર્વક ઉપયોગ લઈ સુંદર પાઠસંપાદન કરવા માટે સંપાદક મુનિરાજોને લાખ લાખ ધન્યવાદ!

આગળ પણ આવા કાર્યોની અપેક્ષા છે.

દ. આ. મુનિચન્દ્રસૂરિ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

॥ શ્રી પ્રેમ - જીત - હીર - કનક - દેવેન્દ્ર - કંચન - કલાપૂર્ણસૂરિભ્યો નમઃ ॥

મુ. સુરત

વિ. કલાપ્રભસૂરિ તરફથી..... તા. કા. સુ. ૬ મંગ ૨૦૫૭

ગણિ શ્રી શીલચન્દ્ર વિજયજી આદિ

જોગ અનુવંદના/
પરમાત્માની કૃપાથી આનંદ-મંગલ હો ! અમારે સહુને શાતા સ્વસ્થતા છે.
વિશેષ જણાવવાનું કે, તમારો પત્ર મળ્યો. સાથે અગડદત્ત રાસ ની અલગ-અલગ રચનાઓની ઝેરોક્ષ નકલ મળી.

ભાઈ કાનુભાઈના પુરુષાર્થથી પ્રિન્ટ-બેઝ આ કાર્યની રૂપરેખા જાણવા મળી આનંદ થયો.

પૂ. દાદા ગુરુદેવ શ્રી કનક સૂરીશ્વરજી મ. સા. ની ૫૦ મી સ્વર્ગારોહણ તિથિના આલંબને એક ગ્રંથમાળા શરૂ કરવાની ભાવના તમારી જાણી આનંદ.

અગડદત્ત કથા ગુજરાતી રાસ સાહિત્યમાં ગુંથાયેલી છે. તે રાસની અલગ અલગ હસ્તપ્રતો છે, તેનું જે સંશોધન અને સંપાદન કાર્ય થયું છે તેની ઝેરોક્ષ જોતાં મનોમન એમ અનુમોદનાનો ભાવ આવ્યો. પ્રાય મારી દૃષ્ટિ અનુસાર તમારા જેવા મુનિઓ ઘણી મહેનત અને સૂક્ષ્મ દૃષ્ટિ કાર્ય કરી રહ્યા છો.

આ કાર્યમાં તેમની કુશળતા ઉત્તરોત્તર ખીલે.. વિકસે અને આત્મકલ્યાણ માટે પ્રેરણાદાયી બને. સાહિત્યના અભ્યાસી અધ્યયન-ચિંતન દ્વારા સ્વ-પર આત્મશ્રેય સાધે એજ મંગલ ભાવના સાથે મંગલ આશીર્વાદ

કલાપ્રભ સૂ. અનુવંદના - સ્વાધ્યાય વાંચી લખશો



# પ્રકાશકીય

જૈન શાસનમાં કથાનુયોગ અતિસમૃદ્ધ હોવાના કારણે બાલજીવોને પ્રતિબોધ કરવાનું ભગીરથ કાર્ય આજના વિષમકાલમાં પણ સરળતાથી થઈ શકે છે.

અતિ પ્રાચીન અગડદત્તકથા ઉપર રચાયેલ અનેક રાસ અને ચોપાઈઓ આજ સુધી અપ્રગટ રહ્યા હતા. તેને પ્રગટ કરી જૈન ગુર્જર સાહિત્યની સમૃદ્ધિને જગત સમક્ષ ખુલ્લી મૂકવાનો પ્રયત્ન પ. પૂ. ગણિવર્ય શ્રી તીર્થભદ્ર વિજય મ. સા. તથા તેમના શિષ્યરત્નોએ કર્યો છે અને તેને પ્રકાશિત કરવાનો લાભ અમોને મલ્યો છે તે માટે અમો પૂજ્યશ્રીના સદા ઋણી રહેશુ.

કચ્છ-વાગડ દેશોદ્ધારક પૂ. દાદા ગુરુદેવ વિજય **કનકસૂરીશ્વરજી** મ.સા.ના ૫૦ માં સ્વર્ગારોહણ વર્ષ નિમિત્તે પૂજ્યશ્રીની કાયમી સ્મૃતિ અર્થે ''**વિજય કનકસૂરિ પ્રાચીન ગ્રંથમાલા**'' નો પ્રારંભ કરવાનો લાભ પણ અમને મળ્યો તેને અમારુ ગૌરવ માનીએ છીએ. ગ્રંથમાલાના પ્રથમ પુસ્તકનો સંપૂર્ણ લાભ લેનાર શ્રી ભચાઉ વીશા ઓશવાળ જૈન સંઘની હાર્દિક અનુમોદના કરીએ છીએ.

આ ગ્રંથનું નયનરમ્ય આર્કષક કાર્ય સતત સંપર્કમાં રહી કાર્યને સરળ બનાવવામાં ઉપયોગી થનાર શ્રી **અમરભાઈ દામજી ગડા**નો અમે આભાર માનીએ છીએ. અંતમાં, આ ગ્રંથ પ્રકાશનમાં જેમની જેમની પણ નાની-મોટી સહાય મળી છે. તે સર્વના અમે આભારી છીએ.

**શ્રી શ્રમણ સેવા રીલીજિયસ ટ્રસ્ટવતી**
**હસમુખભાઈ પ્રેમચંદ શાહ**
(પ્રમુખ)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# શ્રી ચિંતામણી પાર્શ્વનાથાય નમઃ

અધ્યાત્મયોગી પ. પૂ. આચાર્યદિવેશ શ્રીમદ્ વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મ. સા. ના શિષ્યરત્ન પ. પૂ. ગણિવર્ય શ્રી તીર્થભદ્ર વિજય મ. સા. આદિ ઠાણા- ૨૪ નું વિ. સં. ૨૦૬૮ નું ચાતુર્માસ અમારા સંઘના આંગણે નિર્ણિત થયું ત્યારથી અમારો હર્ષ અને ઉલ્લાસ સીમાતીત બની રહેલ.

કચ્છવાગડ દેશોદ્ધારક પૂ. દાદાગુરુદેવ શ્રી **વિજય કનકસૂરીશ્વરજી** મ. સા. ના ૫૦ માં સ્વર્ગારોહણ વર્ષની ઉપલબ્ધિમાં ''શ્રી **વિજય કનકસૂરિ** પ્રાચીન ગ્રંથમાલા'' નો શુભારંભ અમારા આંગણેથી થઈ રહ્યો છે. તેનું ગૌરવ અનુભવીએ છીએ.

ગ્રંથમાલાના પ્રથમ પુસ્તકનો લાભ અમને મલ્યો એ અમારો પુણ્યોદય છે. પૂ. દાદાગુરુદેવની અંતિમભૂમિનું સૌભાગ્ય ભચાઉ નગરને મલ્યું છે. પૂજ્યશ્રીના આશીર્વાદ સમગ્ર કચ્છ-વાગડ ઉપર વરસી રહ્યા છે. પરંતુ ભચાઉ નગર ઉપર વિશેષ રીતે વરસી રહ્યા છે. તેનો અહેસાસ અમો કરી રહ્યા છીએ.

પ્રાચીન અપ્રગટ સાહિત્યને પ્રગટ કરવાનું ભગીરથ કાર્ય પ. પૂ. ગણિવર્ય શ્રી તીર્થભદ્રવિજયજી મ. સા. અને તેમના શિષ્યરત્નોએ શરૂ કર્યું છે. તેમની આ શ્રુતયાત્રા અવિરતપણે ચાલ્યા કરે એજ મંગલ કામના.

**શ્રી ભચાઉ વીશા ઓશવાલ જૈન સંઘ**
**પ્રવિણ હરઘોર ગાલા**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# સંપાદકીય

કલિયુગમાં જિનશાસનની પ્રાપ્તિ મરૂભૂમિમાં કલ્પવૃક્ષની પ્રાપ્તિ સમાન છે. ચાલુ અવસર્પિણી કાલના ૨૪માં તીર્થંકર ભગવાન શ્રી મહાવીર સ્વામી પરમાત્માએ વૈશાખ સુદ-૧૧ ના મંગલ દિવસે શ્રી ગૌતમસ્વામી આદિ ગણધર ભગવંતોને ત્રિપદીનું પ્રદાન કર્યું... તેમાંથી સર્જન થયું દ્વાદશાંગીનું.....

શ્રી સુધર્માસ્વામી ભગવંતની પાટપરંપરામાં થયેલ અનેક ગીતાર્થ આચાર્યાદિ ભગવંતોએ દ્વાદશાંગીના આધારે અનેક ગ્રંથોની રચના કરી. પૂજ્યપાદ શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિ મ. સા., પૂ. હરિભદ્રસૂરિ મ. સા., પૂ. હેમચન્દ્રસૂરિ મ. સા., પૂ. ઉમાસ્વાતિ મ. સા., પૂ. મહોપાધ્યાય યશોવિજયજી મ. સા. આદિ અનેક મહાપુરુષોએ દ્વાદશાંગીના ગહન પદાર્થોને આપણા સુધી પહોંચાડવાનો પ્રયત્ન કર્યો છે.

અવસર્પીણી જેવા પડતા કાલના પ્રભાવે સમયના પરિવર્તન સાથે બુદ્ધિ-મેધાશક્તિનો હ્રાસ થતો રહ્યો. સંસ્કૃત-પ્રાકૃત ભાષાનો અભ્યાસ મર્યાદિત વર્ગમાં રહ્યો. સામાન્ય જનને શાસ્ત્રીય પદાર્થોનો સરળતા અને સુગમતાથી બોધ થાય એ હેતુથી મધ્યકાલીન યુગના (સં. ૧૪૦૦ થી ૧૮૦૦) અનેક વિદ્વાન કવિઓએ મારુગુર્જર ભાષામાં સ્તુતિ-સજઝાય-સ્તવન-રાસ-ચોપાઈ-હીરયાળી-છંદ-ફાગ-ભાસ-સવૈયા-ગહૂલી વગેરેની રચના કરી છે. આ રચનાકારોમાં મુખ્યતા જૈન સાધુ કવિઓની છે. છતાં તેમાં કેટલાક ઋષભદાસજી જેવા શ્રાવક કવિઓનું પણ પ્રદાન છે. આ કવિઓએ સંસ્કૃત-પ્રાકૃત ગ્રંથોને રાસ આદિમાં ઉતારી સામાન્ય જન પર મહાન ઉપકાર કર્યો છે.

ઉદાહરણ તરીકે, પૂ. સિદ્ધર્ષિગણિ રચિત ચંપૂકાવ્યમય વિશ્વપ્રસિદ્ધ ઉપમિતિ ભવપ્રપંચા જેવા માર્મિક અને સર્વરસથી ભરપૂર ગ્રંથ ઉપર પૂ. જિનહર્ષ મુનિએ રાસ રચી ગ્રંથના ગહન પદાર્થોને સરળતાથી ગ્રહણ કરી શકાય તેવી રીતે રજૂ કર્યા છે. આગમિક તેમજ પ્રાચીન ગ્રંથોમાં રહેલ અનેક ચરિત્ર કથાઓ ને રાસ-ચોપાઈ આદિમાં ગૂંથી લઈને સર્વજનભોગ્ય બનાવી ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ બનાવ્યું છે. મધ્યકાલીનયુગમાં ગુર્જરભાષામાં વિપુલ પ્રમાણમાં સાહિત્યની રચના થઈ છે. જેમાંનું ઘણું સાહિત્ય આજ સુધી અપ્રગટ રહ્યું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અનેક પ્રાચીન જૈન જ્ઞાનભંડારો તેમજ અન્ય સંસ્થાઓમાં આ સાહિત્યની હસ્તલિખિત પ્રતો સચવાઈ ગઈ છે. ઉપરાંત લંડન, જર્મની, જાપાન જેવા વિદેશોમાં પણ હજારો હસ્તલિખિત પ્રતો રહેલી છે. ત્યાં પણ ખૂબ સારી રીતે તેની સારસાંભાળ લેવાઈ છે. આપણા શ્રુતવારસાની સમૃદ્ધિનું કારણ સુરક્ષિત રહેલ આ હસ્તલિખિત પ્રતો છે. આજ સુધી તેનુ સંરક્ષણ કરનાર તે તે સંસ્થાઓ ધન્યવાદને પાત્ર છે.

છેલ્લા થોડા વરસોથી અપ્રગટ સાહિત્યને પ્રગટ કરવાનું તેમજ પ્રગટ ગ્રંથોનું ફરી સંશોધન કરી શુદ્ધ કરી પુનઃપ્રકાશિત કરવાનું ભગીરથ કાર્ય વિદ્વાન સાધુ ભગવંતો કરી રહ્યા છે. જેમાં પૂજ્યપાદ શ્રી પુણ્યવિજય મ. સા., પૂ. સાગરજી મ.સા., પૂ. જંબુવિજય મ. સા. સર્વોપરિ સ્થાને રહ્યા છે. ત્યાર પછી વર્તમાન સમયે પૂ. હેમચન્દ્રસૂરિ મ.સા., પૂ. શીલચન્દ્રસૂરિ મ. સા., પૂ. મુનિચન્દ્રસૂરિ મ.સા., પૂ. ભુવનચન્દ્રજી ઉપા., પૂ. સોમચન્દ્રસૂરિ મ.સા., મુનિ વૈરાગ્યરતિ વિ. મ.સા., મુનિ પ્રશમરતિ વિ. મ.સા., સા. ચંદનબાળાશ્રીજી મ.સા. આદિ શ્રુત-ઉદ્ધારનું મહાન કાર્ય કરી રહ્યાં છે. જેઓની અનુમોદના કરીએ એટલી ઓછી છે.

આ બધા મહાત્માઓમાંથી પ્રેરણા અને માર્ગદર્શન પામી તથા શ્રુતભક્તિના ભાવથી પ્રેરાઈ સચ્ચારિત્ર ચૂડામણી પ. પૂ. આચાર્ય ભગવંત વિજય **કનકસૂરીશ્વરજી** મ.સા.ના ૫૦ માં સ્વર્ગારોહણ વર્ષના નિમિત્તને પામી અમારા નાના મુનિઓએ આજ સુધી અપ્રગટ એવી ૫૦ પ્રાચીન ભિન્ન-ભિન્ન કૃતિઓને લિપ્યંતર કરી પ્રગટ કરવાનો સંકલ્પ કર્યો. સંકલ્પ અનુસાર અથાગ પ્રયત્નો શરૂ કર્યા.

ભિન્ન-ભિન્ન કાલે રચાયેલી ભિન્ન-ભિન્ન કર્તાઓની એક જ વિષય ઉપરની ઉપલબ્ધ સર્વ કૃતિઓ એકત્રિત કરી તેમાથી અપ્રગટ કૃતિઓને એક સાથે પ્રગટ કરવાનો પ્રયત્ન પ્રાયઃ પ્રથમવાર થઈ રહ્યો છે. ભિન્ન-ભિન્ન પ્રત્યેક કૃતિઓનો તથા કર્તાનો પરિચય, વિષયદર્શન તેમજ પ્રત્યેક કૃતિઓનું તુલનાત્મક સંપ્રેક્ષણ કરી તેમાં રહેલ વિશેષતાઓને જુદી તારવીને પીઠબંધ અભ્યાસલક્ષી બનાવ્યો છે.

કથાના દ્વિતીય પ્રવાહનો આધાર લઈને 'અગડદત્ત કથા' આપવામાં આવી છે. જેમાં કથાને રોચક બનાવવા સંવાદો ઉમેર્યા છે. અગડદત્ત ચરિત્ર વિવિધ દ્રષ્ટિએ ખૂબ જ બોધદાયક છે. ઘણા સાધ્વીજી ભગવંતો ચાતુર્માસ વગેરે અવસરે કોઈ ચરિત્રનું વર્ણન કરવા રાસનો આધાર લેતા હોય છે. તેઓને જૂની ગુજરાતી (મારુ ગર્જર) ભાષાનો પરિચય અલ્પ હોય તો તેમને રાસ વાંચનમાં સુગમતા રહે એ માટે તથા અન્ય કોઈને પણ આ ચરિત્રનો બોધ મળી રહે એ હેતુથી 'અગડદત્ત કથા' વિસ્તારથી આપી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રસ્તુત સંપાદન કરતી વેળાએ પૂજ્ય **કનકસૂરિદાદાના** દિવ્ય આશિષની અનુભૂતિ સતત થઈ રહી છે. ભદ્રમૂર્તિ પરમ પૂજ્ય આ.દે. શ્રીમદ્ વિજય **દેવેન્દ્રસૂરીશ્વરજી** મ.સા. તથા અધ્યાત્મયોગી પરમ પૂજ્ય ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય **કલાપૂર્ણસૂરીશ્વરજી** મ.સા.ના આશિષ પણ નિરંતર વર્ષી રહ્યા છે.

વર્તમાન ગચ્છનાયક પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય **કલાપ્રભસૂરીશ્વરજી** મ.સા.તથા ગચ્છહિતચિંતક પરમ પૂજ્ય આચાર્ય દેવ શ્રી **કલ્પતરુસૂરીશ્વરજી** મ.સા. ના આશીર્વાદ તથા અનુજ્ઞાથી પ્રસ્તુત સંપાદન થયું છે.

પૂજ્ય કનકસૂરિદાદાની સ્મરણાંજલિ નિમિત્તે આ વિષયમાં પ્રથમ વાર જ પ્રવેશવાનું થયું. જેમાં વિદ્વદ્વર્ય પરમ પૂજ્ય આ.દે. શ્રીમદ્ વિજય **શીલચંદ્રસૂરીશ્વરજી** મ.સા. તથા પરમ પૂજ્ય આ.દે. શ્રીમદ્ વિજય **મુનિચંદ્ર સૂરીશ્વરજી** મ.સા. એ અમૂલ્ય માર્ગદર્શન આપ્યું.

વૈરાગ્યદેશનાદક્ષ પરમ પૂજ્ય આ. દે. શ્રીમદ્ વિજય **હેમચંદ્રસૂરીશ્વરજી** મ.સા. તથા **કલ્યાણબોધિસૂરીશ્વરજી** મ. સા. જેઓએ અનેક ભંડારોની હસ્તપ્રત-ઝેરોક્ષ મેળવી આપી.

સહવર્તી સર્વ મુનિભગવંતો જેમની સહાય, ખંત અને ઉત્સાહથી સંપાદનની અભિલાષા સાકાર થઈ શકી.

પૂ. સાધ્વીજી શ્રી **પ્રિયગુણાશ્રીજી** મ.સા. જેઓએ કથા તથા ગુણવિનયજી કૃત રાસની પ્રેસકોપી લખી આપી.

વિદ્વદ્વર્ય **શ્રી અમૃતભાઈ પટેલ** કે જેઓ સંપૂર્ણ પથદર્શક બની વિશેષ સહાયક બન્યા છે.

* **શેઠ શ્રી લાલભાઈ દલપતભાઈ સંસ્કૃતિ વિદ્યામંદિર-અમદાવાદ, (જિતુભાઈ)** જેમણે ખૂબ ઉદારતા પૂર્વક હસ્તપ્રતની ઝેરોક્ષ કોપી મોકલી આપી.
* **આચાર્ય શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર-કોબા (મનોજભાઈ)** જેમણે સંપાદનોપયોગી ગ્રંથો તથા હસ્તપ્રત કોપી સહૃદયી બનીને અવિલંબે પહોંચાડી.
* **શેઠ આણંદજી કલ્યાણજી જૈન જ્ઞાનભંડાર-લીંબડી (ધનેશભાઈ).**
* **શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિર-પાટણ.**
* **ઓરીએન્ટલ રીસર્ચ સેન્ટર-વડોદરા.**
* **બી.એલ. ઈન્સ્ટીટ્યુટ-દિલ્હી.**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

❋ **ભાંડારકર ઓરીએન્ટલ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ-પૂના.**

આ જ્ઞાનભંડારોએ ઉદારતાપૂર્વક હસ્તપ્રત-કોપી આપી.

આ જ્ઞાનભંડારોએ સૈકાઓ જૂનો શ્રુતવારસો સંગ્રહિત અને સુરક્ષિત રાખ્યો, એ શ્રુતવારસો અવિચ્છિન્ન રહે એવી ઉદાત્તભાવનાથી હસ્તપ્રત કોપીઓ આપી. અમારા કાર્યમાં ઉત્સાહ વધાર્યો છે.

શ્રીયુત્ શ્રાવકવર્ય શ્રુતોપાસક **બાબુભાઈ સરેમલજી શાહ** કે જેમણે જ્યારે જ્યારે સંદર્ભગ્રંથોની જરૂર પડી ત્યારે ત્યારે એ ગ્રંથો મેળવી આપ્યા. જુદા-જુદા જ્ઞાનભંડારોમાંથી હસ્તપ્રત-કોપી મેળવવામાં પણ અમૂલ્ય સહાયક બન્યા.

શ્રી **જયશ્રીબેન મહેશભાઈ શાહ** (સુરેન્દ્રનગર) જેમણે પોતાની આગવી સુઝ અને ખંતપૂર્વક પૂના, વડોદરા તથા અમદાવાદથી હસ્તપ્રત કોપીઓ મેળવી આપી.

શ્રાવકવર્ય શ્રી **મધુકાન્તભાઈ વેલજીભાઈ છેડા** જેમણે દીલ્હી તથા પૂનાથી ખૂબ મહેનત કરી હસ્તપ્રત કોપીઓ મેળવી આપી.

પૂ. દાદા ગુરુદેવ વિજય કનકસૂરીશ્વરજી મ.સા. ના ૫૦ માં સ્વર્ગારોહણ વર્ષના પ્રારંભનું ચાતુર્માસ એટલે વિ. સં. ૨૦૬૮ નું ચાતુર્માસ દાદા ગુરુદેવની અંતિમભૂમિ ભચાઉ નગરે નક્કી થયું. પૂ. દાદા ગુરુદેવની કાયમી સ્મૃતિ અર્થે ''**શ્રી વિજય કનકસૂરિ પ્રાચીન ગ્રંથમાલા**''નો શુભારંભ કરવાની ભાવના જાગી. ચાતુર્માસના ઉપલક્ષમાં શ્રી ભચાઉ વીશા ઓશવાળ શ્વે. મૂ.પૂ. જૈન સંઘે ગ્રંથમાળાના પ્રથમ પુસ્તક-'**શ્રી અગડદત્ત રાસમાલા**'ના પ્રકાશનનો સંપૂર્ણ લાભ લઈ પૂજ્યશ્રીના ઉપકારોનું ઋણ અદા કરવાનો પ્રશસ્ત પ્રયત્ન કર્યો છે.

આ સર્વના અમો ઋણી રહેશું. સર્વની સહાયતા વિના આ સંપાદન કાર્ય થઈ શકે તેમ ન હતુ.

'અગડદત્તરાસમાલા' નું સાંગોપાંગ અવલોકન કરીને વિદ્વદ્જનો એમાં રહેલી ઉણપ અને ક્ષતિઓ માટે ટકોર કરશે તો ફરી વખતનું સંપાદન સમૃદ્ધ, સંપૂર્ણ અને સુંદર બનશે.

દેવ-ગુરૂની આજ્ઞા વિરૂદ્ધ કે ગ્રંથકારોના આશય વિરૂદ્ધ કોઈ પ્રરૂપણા થઈ ગઈ હોય તો તેની ક્ષમાયાચના કરૂ છું.

**મુનિ તીર્થભદ્ર વિજય ગણિ.**
**શ્રી તારંગા વિહાર ધામ- ચૂલી**
૨૦૬૮ - વૈ.વ.૭

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# અનુક્રમણિકા

## પીઠ બંધ


1. અગડદત્ત કથા-અનુસંધાન ....................................1
2. પ્રકાશિત થઈ રહેલ કૃતિઓનો પરિચય ..........................5
3. તુલનાત્મક સંપ્રેક્ષણ ..........................................44
4. હસ્તપ્રત પરિચય ..............................................61
5. પાઠ સંપાદન પદ્ધતિ ..........................................85

**અગડદત્તકથા** ..................................................87

**અગડદત્તરાસ / ચોપાઈઓ**

1. સુમતિમુનિ કૃત ચોપાઈબદ્ધ અગડદત્તરાસ ........................149
2. કુશલલાભજી કૃત અગડદત્તચોપાઈ ................................165
3. શ્રીસુંદરજી કૃત અગડદત્તરાસ ....................................195
4. ગુણવિનયજી કૃત અગડદત્તરાસ ....................................230
5. લલિતકીર્તિજી કૃત અગડદત્તરાસ ..................................287
6. સ્થાનસાગરજી કૃત અગડદત્તપ્રબંધ / ચોપાઈ ......................333
7. નંદલાલજી કૃત અગડદત્તરાસ ......................................430
8. પુન્યનિધાનજી કૃત અગડદત્તચોપાઈ ..............................464
9. ભીમ (શ્રાવક) કૃત અગડદત્તપ્રબંધ ................................510
10. માન / મહિમાસિંહજી કૃત અગડદત્તરાસ ..........................559
11. શાન્તસૌભાગ્યજી કૃત અગડદત્તરાસ ..............................620

**પરિશિષ્ટ**

રાસાન્તર્ગત સંસ્કૃત-પ્રાકૃત સુભાષિતો-અકારાદિ ક્રમે ..................728

**શબ્દકોશ** ..................................................730


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પીઠબંધ

## ૧ અગડદત્ત કથા - અનુસંધાન

જિનશાસનનું સમગ્ર શ્રુત ચાર અનુયોગમાં વહેંચાયેલું છે.

**દ્રવ્યાનુયોગ** : તેમાં જીવાદિ છ દ્રવ્યનું સ્વરૂપ વર્ણન હોય છે.

**ગણિતાનુયોગ** : તેમાં પલ્યોપમ-સાગરોપમાદિ સમય પરિમાણ, યોજનાદિ ક્ષેત્ર પરિમાણ તેમ જ ખગોળ-ભૂગોળનું વિસ્તૃત વર્ણન હોય છે.

**ચરણ-કરણાનુયોગ** : તેમાં સત્ક્રિયા=શ્રાવક અને સાધુના વ્રતો-નિયમો રૂપ આચારધર્મનું સ્વરૂપ તેમ જ તેનો મહિમા વર્ણવેલો હોય છે.

**ધર્મકથાનુયોગ** : તેમાં આચારપાલન પ્રતિ શ્રદ્ધા અને ઉત્સાહ પ્રગટે એવા આચારપાલનના ફલને દર્શાવનારા દ્રષ્ટાંતો તેમ જ સત્પુરુષોના જીવન ચરિત્રોનું વર્ણન આવે છે.

આ ચારેય અનુયોગમાંથી અંતિમ ઉપાદેય ચરણકરણાનુયોગ છે. ચરણકરણનો ઉપદેશ અને ફળ સરળતાથી સમજાઈ જાય એ માટે ધર્મકથાનુયોગ અત્યંત ઉપકારક છે. કથાનુયોગ એક એવી નદી છે જેને કાંઠે બેસીને ધર્મોપદેશરૂપ શીતલ વારિનું સેવન નિરાંતે કરી શકાય.

અહીં 'અગડદત્તકથા' સ્વરૂપે એ કથાનુયોગની નદીનું એક બિંદુ પ્રસ્તુત છે. અગડદત્ત કથા જૈન પરંપરાની પ્રાચીન અને પ્રસિદ્ધ કથા છે. પ્રાપ્ત સંદર્ભો મુજબ આ કથાના મૂળ વસુદેવહિંડીમાં વિક્રમની છઠ્ઠી સદીમાં રોપાયેલા જણાય છે. આ કથાના બે પ્રવાહો મળે છે. (૧) વસુદેવહિંડીનો અને (૨) ઉત્તરાધ્યયનની નેમિચંદ્રસૂરિજી કૃત સુખબોધા વૃત્તિનો.

❋ અગડદત્ત-ચરિત્ર જે ગ્રંથોમાં અવાંતર કથા તરીકે પ્રાપ્ત થાય છે તે રચના સંવત પ્રમાણે નીચે મુજબ છે

(૧) વસુદેવહિંડી (કર્તા-સંઘદાસગણિજી, રચના વિ. છઠ્ઠી સદી)ના ધમ્મિલહિંડી વિભાગમાં ગદ્યબદ્ધ પ્રાકૃતભાષામાં આ કથા છે. જે અગડદત્તમુનિ ધમ્મિલને પોતાની આત્મકથા સ્વરૂપે કહે છે. કથાના પ્રથમ પ્રવાહમાં પરવર્તી ગ્રંથકારોએ વસુદેવહિંડીને મુખ્ય બનાવીને આ કથા સંસ્કૃત-પ્રાકૃત-મારુગુર્જરમાં રજૂ કરી છે.

(૨) ઉત્તરાધ્યયન સૂત્રની વાદિવેતાલ શ્રી શાન્તિસૂરિજી (સ્વર્ગવાસ-વિ.સં. ૧૦૯૬) કૃત બૃહદ્ (પાઈય) ટીકા (રચના વિ. ૧૧મીનો ઉત્તરાર્ધ)માં પ્રમાદ-અપ્રમાદ નામક ચતુર્થ અધ્યયનની છઠ્ઠી ગાથાની ટીકામાં ગદ્યસ્વરૂપે મળે છે. તેની ભાષા પ્રાકૃત છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૩) શ્રી જિનચંદ્રસૂરિજી કૃત 'સંવેગરંગશાલા' (ર.સં. ૧૧૨૫)ની ૭૦મી કથા રૂપે ગાથા ૭૨૯૯થી ૭૩૪૯માં આ કથાનક ગુંથાયેલું છે. અગડદત્ત વિષયક આ પ્રથમ પદ્યરચના છે.

(૪) ઉત્તરાધ્યયન સૂત્રની શ્રી નેમિચંદ્રસૂરિજી (મુનિ અવસ્થા દેવેન્દ્ર સાધુ) કૃત 'સુખબોધાવૃત્તિ' (ર.સં. ૧૧૨૯)માં ચોથા અધ્યયનની છઠ્ઠી ગાથાની વૃત્તિમાં આ કથા વર્ણવાઈ છે. જે પ્રાકૃત ભાષામાં ૩૨૯ આર્યામાં છે. આ પછીના દરેક ગ્રંથકારો શ્રી નેમિચંદ્રસૂરિજીને અનુસર્યા છે. જે અગડદત્ત કથાનો દ્વિતીય પ્રવાહ છે. બન્ને પ્રવાહમાં જે કથાભેદ છે તે આગળ 'કથા સર્વેક્ષણમાં' જણાવાશે.

(૫) રાજગચ્છીય શ્રી વિનયચંદ્રસૂરિજી કૃત 'મુનિસુવ્રતસ્વામી ચરિત્ર મહાકાવ્ય' (ર. વિ.ની ૧૩મી સદીનો પૂર્વાર્ધ)ના 'મોહચ્છેદ' નામક ૯ મા દ્વારમાં આ કથાનક છે. જે સંસ્કૃતભાષામાં ૨૪૭ શ્લોકબદ્ધ છે.

(૬) મલધારી શ્રી નરચંદ્રસૂરિજી (સ્વર્ગવાસ પ્રાયઃ ૧૨૮૯) કૃત 'કથારત્નસાગર' (ર.વિ.ની ૧૩મી સદી)ના ૧૫મા તરંગ સ્વરૂપે આ કથા મળે છે. જે સંસ્કૃતભાષામાં ૫૦૫ શ્લોક પ્રમાણ છે. જેમાં અંતે એક પુષ્પિતાગ્રા વૃત્ત અને ત્રણ શાર્દૂલવિક્રીડિત વૃત્ત છે.

(૭) અજ્ઞાત કર્તૃક 'પ્રવ્રજ્યાવિધાનકુલક'ની શ્રી પ્રદ્યુમ્નસૂરિજીએ વૃત્તિ (ર.સં. ૧૩૩૮) રચી છે, તેની મૂળની ૨૫મી ગાથાની વૃત્તિમાં આ કથાનક છે. જે સંસ્કૃતભાષામાં ૨૪૫ શ્લોક અને ૧ શાર્દૂલવિક્રીડિત છંદોબદ્ધ છે.

(૮) શ્રી જયકીર્તિસૂરિજી કૃત 'શીલોપદેશમાલાની' શ્રી સોમતિલકસૂરિજી (અપરનામ વિદ્યાતિલકસૂરિજી) વિરચિત 'શીલતરંગિણી વૃત્તિ' (ર.સં. ૧૩૯૨)માં મૂળની ૮૬મી ગાથાની વૃત્તિમાં આ કથા સંસ્કૃતભાષામાં ૧૯૮ શ્લોક અને ૧ ઈન્દ્રવજ્રા છંદોમાં ગુંથાયેલી છે.

(૯) ઉત્તરાધ્યયનસૂત્રની શ્રી ભાવવિજયજી કૃત વૃત્તિ (ર.સં. ૧૬૮૯)માં ચતુર્થ અધ્યયનની છઠ્ઠી ગાથાની વૃત્તિમાં સંસ્કૃતભાષામાં ૩૩૩ શ્લોક અને ૧ [1]માલભારિણી (છંદોનુશાસન) છંદોબદ્ધ આ કથા છે.

(૧૦)ઉત્તરાધ્યયનસૂત્રની શ્રી લક્ષ્મીવલ્લભગણિ કૃત 'દીપિકા ટીકા' (ર. ૧૮મી સદી)માં ચતુર્થ અધ્યયનની છઠ્ઠી ગાથાની ટીકામાં સંસ્કૃત ગદ્યમાં આ કથાનક બન્ને પ્રવાહો મુજબ બે વાર આપેલા છે. (૧) ઉત્તરાધ્યયનની બૃહદ્વૃત્તિનો પ્રવાહ અને (૨) કથાગ્રંથનો પ્રવાહ. આ કથાગ્રંથ કયો? જો કે મલધારી નરચંદ્રસૂરિજી કૃત કથારત્નસાગરમાં પણ આ પ્રમાણે જ વર્ણન છે. શક્ય છે કે કથારત્ન-સાગર લક્ષ્મીવલ્લભગણિએ ઉલ્લેખિત કરેલ કથાગ્રંથ હોય.

---

૧. વસન્તમાલિકા, ઔપચ્છાન્દસિક (વૃત્તરત્નાકર), સુબોધિતા (જયકીર્તિ)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

❋ પૂ. જિનવિજયજીએ 'પ્રાકૃતકથાસંગ્રહ'નું સંપાદન (સં. ૧૯૭૬, પ્રકા. ગુજરાત પુરાતત્વ મંદિર) કર્યું છે. તેમાની અગડદત્ત કથા ઉત્તરા૦ની નેમિચંદ્રસૂરિજીની વૃત્તિમાંથી લીધેલી છે.

❋ પૂ. હર્ષ વિજયજીએ 'અગડદત્તચરિત્રમ્'નું સ્વતંત્ર ગ્રંથ તરીકે સંપાદન કર્યું છે. (સં. ૧૯૯૭, પ્રકા. શ્રી વિનય-ભક્તિ-સુંદર-ચરણ ગ્રંથમાલા) વાસ્તવમાં આ ચરિત્ર ઉત્તરા૦ની ભાવવિજયજીની વૃત્તિમાંથી લીધેલું છે.

(૧૧) [1]"અગડદત્ત પુરાણ' નામે અજ્ઞાતકર્તૃક દિગંબર કૃતિ હોવાનું જાણવા મળે છે. તેમાં સંભવતઃ આ જ અગડદત્ત કથાનક વર્ણવાયું હોય તેમ માની શકાય.

❋ આ ઉપરાંત ગોપાલગણિમહત્તરના શિષ્ય જિનદાસગણિમહત્તર કૃત ઉત્તરાધ્યયન ચૂર્ણિ (૪/૬ માં ખૂબ ટુંકાણમાં= મુદ્રિત પ્રતમાં માત્ર ૪ પંક્તિમાં) તથા આવશ્યક ચૂર્ણિ (૮/૧૬૦ માં માત્ર [2]નામોલ્લેખ) માં અતિ અલ્પ ઉલ્લેખ હોવાથી તેની અહીં ગણતરી કરી નથી.

❋ અગડદત્ત કથા ગુર્જરભાષાના રાસો-ચોપાઈઓમાં પણ ગુંથાયેલ છે. જે સમગ્ર સાહિત્ય અદ્યાવધિ અપ્રગટ હતું. તેમાંથી ક્ષેમકલશજી કૃત રાસ સિવાયની સમસ્ત કૃતિઓનું અહીં પ્રથમવાર પ્રકાશન થઈ રહ્યું છે.

## [3]ગુર્જર ભાષામાં ગુંફિત રાસો-ચોપાઈઓ

| | કર્તા | રચના સંવત | આદિપદ |
|---|---|---|---|
| ૧) | ભીમ (શ્રાવક) | ૧૫૮૪ | પ્રથમ પ્રણમું શારદા૦ |
| ૨) | સુમતિમુનિ | ૧૬૦૧ | આદિ જિણેસર પ્રણમી પાય૦ |
| ૩) | કુશલલાભ વાચક | ૧૬૨૫ | પાસ જિણેસર પય નમી૦ |
| ૪) | શ્રીસુંદરજી | ૧૬૩૬/૬૬ | પરમ પુરુષ પરમેષ્ટિ જિન૦ |

---

૧. આની હસ્તપ્રત (૧) બીકાનેર મહારાજાની લાયબ્રેરી અને (૨) ડેલાવાળા ઉપાશ્રય (અમદાવાદ) ભંડારમાં છે. સંસ્કૃત-પ્રાકૃત ભાષાની અગડદત્ત ચરિત્રની આ સિવાયની બધી જ કૃતિઓ પ્રકાશિત છે.

૨. जहा अगलुदत्तो दक्खत्तणेण फेडेति डेवेति वा जाव मुहं विडंबितं ताव सराण पूरियं।

૩. જૈ.ગુ.ક.માં ક્રમાંક- ૬ અને ૧૦ આ બે કૃતિનો ઉલ્લેખ નથી. તથા આ ૧૨ કૃતિ ઉપરાંત તપાગચ્છીય માનવિજયજી (વિજય હીરસૂરિજી > વિજય દાનસૂરિજી > વિજય દેવસૂરિજી > વિજય પ્રભસૂરિજી > વિજય રત્નસૂરિજીના શિષ્ય) કૃત અગડદત્તરાસ (ર. સં. ૧૭૩૧) ની અપૂર્ણ પ્રત (લે. સં. ૧૮૯૨) બી. એલ. ઈન્સ્ટિટયુટ દીલ્લીથી પ્રાપ્ત થઈ છે. તેમાંનું અગડદત્ત ચરિત્ર પ્રસ્તુત ચરિત્રો કરતા મહદ્અંશે જુદુ પડે છે તથા ૫૪ પત્રની આ પ્રતના શરૂઆતના ૧૯ પત્રો તથા વચ્ચેના અમુક પત્રો પ્રાપ્ત થયા નથી. આથી એ કૃતિનું અહીં પ્રકાશન કર્યું નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | | | |
|---|---|---|---|
| ૫) | [1]ક્ષેમકલશજી | ૧૬૭૦ | – |
| ૬) | માન/મહિમાસિંહજી | ૧૬૭૫ | જિનવર ચોવીસે નમી૦ |
| ૭) | ગુણવિનયજી | ૧૬૭૮ | પણમિય પંચમ સુમતિ જિન૦ |
| ૮) | લલિતકીર્તિજી | ૧૬૭૯ | નાભિ-મહીપતિ-સુત જયો૦ |
| ૯) | સ્થાનસાગરજી | ૧૬૮૫ | શ્રી જિન-પદ-પંકજ નમી૦ |
| ૧૦) | નંદલાલજી | ૧૬૯૮ | સિદ્ધ-રિધ-નિધ દાયકા૦ |
| ૧૧) | પુન્યનિધાનવાચક | ૧૭૦૩ | પરમેસર ધુરિ પ્રણમિ કરિ૦ |
| ૧૨) | શાન્ત સૌભાગ્યજી | ૧૭૮૭ | શ્રી મહિમા જગ વિસ્તરઈ૦ |

૧. જૈ.ગુ.ક. પ્રથમ આવૃત્તિમાં આ રાસની પ્રત પાલનપુર સંઘ ભંડાર દા. ૪૬ નં. ૨૩ માં હોવાનો ઉલ્લેખ હતો. પરંતુ દ્વિતીય આવૃત્તિના સંપાદક જયંતભાઈને ત્યાં જોવામાં આવી નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૨ પ્રકાશિત થઈ રહેલ કૃતિઓનો પરિચય

### ૧) [1]સુમતિમુનિ કૃત ચોપાઈબદ્ધ અગડદત્ત રાસ :

શ્રી ચંદ્ર ગચ્છના સોમવિમલસૂરિજીના સામ્રાજ્યમાં પંડિત હર્ષદત્તજીના શિષ્ય સુમતિમુનિજીએ આ રાસની રચના કરી છે. ચોપાઈબદ્ધ આ રાસની રચના ૧૩૭ કડીમાં થઈ છે. ૩ દેશી તથા ૧ રાગ સિવાય દૂહા અને ચોપાઈમાં સમગ્ર રચના થઈ છે. વિ.સં.-૧૬૦૧, કારતક સુદ-૧૧, સોમવારે રચાયેલ આ રાસમાં ખૂબ સંક્ષિપ્તમાં અગડદત્ત કથાનક વર્ણવાયુ છે. આથી રસ-ચયન ગૌણ બન્યું છે. ક્યાંક ક્યાંક ઉપમા-ઉત્પ્રેક્ષાદિ અલંકારો વર્ણવાયા છે. દા.ત.

❀ 'અગડદત્ત ધાયઉ ધસી, જિસઉ સીહ સમાન' ૨૮
'દક્ષણ સંખ જિસઉ ગુરુ મિલિઉ' ૧૨૭
અહીં અગડદત્ત અને ગુરુ એ ઉપમેયને સિંહ અને દક્ષિણાવર્ત્ત શંખની ઉપમા અપાઈ છે.

❀ 'જિન મંડિત પોઢા પ્રાસાદ, ઊંચા ગિરિસિઉં માંડઈ વાદ.' ૭
શંખપુરી નગરીના પ્રાસાદ જાણે પર્વતની સામે સ્પર્ધામાં ઉતર્યા છે!..
'ખેચરી ઉત્પતીનઈ ગઈ, નિર-માખિઉ મધ થયુ તા સહી.' ૫૫

ચોરની પુત્રી વીરમતી વૈભવ છોડીને ઉડી ગઈ એટલે જાણે મધ છોડીને મધમાખીઓ ઉડી ગઈ!.. આમ, અહીં પર્વતની ઊંચાઈને અને ખેચરીની ઉડી જવાની ક્રિયાને ઉત્પ્રેક્ષા અલંકારથી વિભૂષિત કરી છે.

❀ અગડદત્તના રાજપૂત્રી કનકસુંદરી સાથેના વિવાહ પ્રસંગનું કવિશ્રીએ સુંદર ચિત્રણ કર્યું છે. જેમાં વાર્જિત્રો, ભોજન અને વિવાહ ઉત્સવનું વિશેષ વર્ણન છે.

'કીજઈ કુંકમ કેરા રોલ, દીજઈ ઝાઝા બહુ તંબોલ;
વાગાં તબલ નઈ નીસાણ, રાયતણઈ ઘરિ હુઉ અછરાણ. ૫૯

માંડિઉ માહવ મોટઈ રંગિ, સુરનર જોવા આવઈ જંગ;
રાજા કરઈ રૂડઉં તે કામ, સુપરિસિઉ જિમાડઈ ગામ. ૬૦

સગા-સણીજા તેહનઈ સહૂ, આદર કીજઈ તેહનઈ બહૂ;
આણી પ્રીસઈ ફલ હલિગલી, મૂકી સાકર દૂધઈ ભલી. ૬૧

---

ટિ. ૧. ભીમ (શ્રાવક) કૃત અગડદત્તપ્રબંધ, માન / મહિમાસિંહજી કૃત અગડદત્તરાસ તથા શાંતસૌભાગ્યજી કૃત અગડદત્તરાસ આ ત્રણ કૃતિઓનો રચના સમય આગળ હોવા છતા તે પછીથી મળી હોવાના કારણે તથા તુલનાત્મક અધ્યયનમાં તેનો સમાવેશ થયો ન હોવાના કારણે બીજી બધી જ કૃતિઓ પછી અર્થાત્ ૯ મા, ૧૦માં અને ૧૧માં ક્રમે આપી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ખાજા-લાડૂ-ખરમાં-સેવ, પ્રીસઈ સાલિ-દાલિ-ધૃત હેવ;
કપૂર વાસિત કરંબા તે ઘણા, આપઈ બીડાં પાનહતણાં. ૬૨

સાજન સવે ભગતિ સવિ કરી, સિણગારુ કનકસુંદરી;
પહિરઈ નવનવ પરિ સિણગાર, કંઠિ એકાઉલિ નવસર હાર. ૬૩

વર સિણગારૂ મ લાઉ વાર, આંણઉ તેજી ભલા તોખાર;
મસ્તકિ ખૂંપ સોહઈ મણિ જડિઉ, ચાલઈ કુંયર ગયવરિ ચડિઉ. ૬૪

આવિઉ વર તે તોરણિ બારિ, બંદી બોલઈ જય-જયકાર;
મંગલ ધવલ ગાઈ વર નારિ, જય-જય શબદ હૂઉ તીણઈ વારિ. ૬૫

શુભવેલા સાધી છઈ જેહ, વર પરણાવિઉ કન્યા તેહ;
પહિરામણી રાઈ દીધી તે ઘણી, કવિ કહઈ સંખિ ન લહૂ તેહતણી.' ૬૬

❋ રાસમાં ઘણે સ્થળે દેશ્ય શબ્દોનો પ્રયોગ કરવામાં આવ્યો છે. દા.ત. - હેરાવા = છુપી તપાસ, અછરાણ = નૃત્ય, નિટોલ = નક્કી, ગુડીયા = કવચ પહેરાવેલા, વગેરે.

## ૨) વાચક કુશલલાભજી કૃત અગડદત્ત ચોપાઈ

ખરતર ગચ્છીય આચાર્ય જિનચંદ્રસૂરિજીના શિષ્ય અભયધર્મ ઉપાધ્યાયના શિષ્ય વાચક કુશલલાભજીએ આ ચોપાઈની રચના સં. ૧૬૨૫માં વીરમપુર નગરમાં કારતક સુદ પૂનમ, ગુરુવારે પૂર્ણ કરી છે. ૬ દૂહા (કડી- ૧,૨,૩, ૨૯૭, ૨૯૮, ૨૯૯) અને ૨ વસ્તુછંદ (કડી- ૨, ૧૩૩) સિવાય સમગ્ર રચના ચોપાઈ છંદમાં થઈ છે. કુલ ૩૧૭ કડીમાં આ રચના થઈ છે. તેમાં શરૂઆતમાં જ પાંચમી કડી શીલોપદેશમાલાની ૮૬મી ગાથા છે. પરંતુ રાસ રચનામાં કથાઘટકો પ્રથમ પ્રવાહના લીધેલા છે.

કવિશ્રીની અન્યકૃતિઓ માધવાનલ કથા પ્રબંધ, મારુઢોલાની ચોપાઈ, તેજસાર રાસ (આ ત્રણે કૃતિ આનંદ કાવ્ય મહોદધિમાં પ્રગટ થઈ છે.) વગેરે છે.

કવિએ કાવ્યદેહને ઉપમા-ઉત્પ્રેક્ષાદિ અલંકારોથી મઢ્યો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

❋ 'સૂઢિ પ્રણિં તરુઅર ભાંજતું, આવ્યો જલધર જિમ ગાજતુ' ૧૯૪
અહીં મત્તગજના ગર્જારવને મેઘના ગર્જારવ સાથે સરખાવ્યો છે.

❋ 'જાણે કરિ પર્વતનો શૃંગ' ૧૯૫
'મુખી મુકી જાણે દવઝાલ' ૨૦૭

અનુક્રમે ગજરાજને પર્વત-શિખરની અને દ્રષ્ટિવિષ સર્પના ફુંફાડાને જ્વાળામુખીની ઉત્પ્રેક્ષાથી અલંકૃત કર્યા છે.

❋ 'કહિ લોક એ બાલ કુમાર, અભંગસેન પરચંડ અપાર,
એક કહિ ગજ મોટો હોઈ, બાલક સિંહ ન પુંચિ તોઈ.' ૨૩૪

અગડદત્ત અને અભંગસેનના મલ્લયુદ્ધ સમયે લોકો ચિંતિત છે, એક બાજુ અગડદત્ત બાળક જેવો સુકુમાર છે અને સામે અભંગસેન અત્યંત પ્રચંડ છે. આ વાતનો પ્રત્યુત્તર 'સિંહબાળના સત્વની સામે મોટા ગજરાજની પણ હાર થાય છે.' આ વાસ્તવિક દ્રષ્ટાંત દ્વારા આપ્યો છે. આમ અહીં દ્રષ્ટાંત અલંકારનું સુંદર નિરુપણ થયું છે.

❋ અહીં વર્ણાનુપ્રાસ જેવા શબ્દાલંકાર પણ પ્રયોજાયા છે.
'સાહસવંત સૂર એ સહી' ૧૭૨
'ધાઈ ધસઈ ધીવર ધવલંગ' ૧૯૫
'કાલી જાતિ ક્રૂર વિકરાલ' ૨૦૭

❋ આ કૃતિમાં ઘણા શબ્દોમાં 'ળ' નો 'ણ' થયેલો જોવા મળે છે.
દા.ત. વાસળી = વાસણી ૧૭૩, દોરળી = દોરણી ૨૦૧

❋ કવિએ ઘણીવાર શબ્દમાં આદિ કે મધ્ય 'અ' નો 'ઈ' પણ કર્યો છે.
દા.ત. બહિની = બિહિની ૨૧૧
મારગ = મારિગિ ૧૪૮, કુમરી = કુમિરી ૨૨૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

### 3) શ્રીસુંદરજી કૃત અગડદત્ત રાસ

ખરતરગચ્છીય જિનચંદ્રસૂરિજી (સં ૧૫૯૫-૧૬૭૦) > જિનસિંહસૂરિજી (સં. ૧૬૧૫-૧૬૭૦) > હર્ષવિમલજીના શિષ્ય વાચક શ્રીસુંદરજીએ પ્રસ્તુત રાસ રચ્યો છે.

કવિશ્રીએ રાસનો રચના સમય ‘સ્વામીવદન[૬]-ગુણ[૩/૬]-રસ[૬]-રસા[૧]’ આ પ્રમાણે દર્શાવ્યો છે. જૈન ગુર્જર કવિઓમાં પણ ૧૬૩૬-૧૬૬૬ એમ વિકલ્પ રાખ્યો છે. આ રાસની રચના શ્રી સુંદરજીને ઉપાધ્યાયપદ પ્રાપ્તિ પછીની છે. તેમના દાદાગુરુ જિનસિંહસૂરિજીને ઉપાધ્યાય પદ જેસલમેરમાં સં. ૧૬૪૦, મહા સુદ-૫ના દિવસે પ્રાપ્ત થયું છે. આથી, રાસની રચના સંવત્ ૧૬૩૬ કરતા ૧૬૬૬ જ યોગ્ય લાગે છે.

વિ.સં. ૧૬૬૬, કાર્તકમાસની એકાદશી, શનિવારે ભાણવડમાં રહીને ૧૩ ઢાળ, કુલ ૨૮૫ કડી પ્રમાણ આ રાસ મંત્રી શાહ ચાંપસી પૂજાની વિનંતિથી રચ્યો છે.

કવિશ્રીની આ રાસ ઉપરાંત અન્ય કોઈ રચનાઓ પ્રાપ્ત થતી નથી.

પ્રસ્તુત રાસમાં કથાનિરુપણ જ લક્ષ્ય તરીકે રહ્યું છે. આથી અલંકારો, રસવર્ણન આદિ ગૌણ બન્યું છે. છતાં કથા-કથન ખૂબ રસાળ રીતે થયેલું છે. આથી કથા-અભ્યાસની દ્રષ્ટિએ આ રાસ એક મૂલ્યવંત કૃતિ બની રહે છે.

- કવિશ્રીએ માત્ર ૧૧મી ઢાળમાં દેશીનો પ્રયોગ કર્યો છે, એ સિવાય બધે જ શાસ્ત્રીય રાગોનો જ નામોલ્લેખ કર્યો છે. આ પરથી કવિશ્રીનું સંગીત વિષયક જ્ઞાન પણ સમજાય તેમ છે.

- રાસમાં ઉપમાઓ ભરપૂર વપરાઈ છે.

  ‘સુંદર રૂપઈ રંભ સમાણી’. ૧૬

  ‘વાધઈ ચંદતણી પરિ બાલ.’ ૧૮

  ‘સૂરઉ સીહ સરખ’. ૨૬

  ‘નયરિ વાણારસી આવિયઉ, અલકાઉરિ અનુકાર.’ ૩૦

  ‘ગુહિર ઘનાઘન ગાજતઉ, પરવત જેમ ઉત્તંગ.’ ૬૧

  ‘સોહઈ જિમ સુરરાજ.’ ૬૬

  ‘તેજિ તપઈ નવ તરણિ જિઉં.’ ૬૮

  ‘ચકિત કુરંગ જિમ ચિહું દિસઈ જોતઉ’ ૯૦ વગેરે...

- આગળની કેટલીક સુંદર ઉપમાઓ જોઈએ-

  ‘નીચઈ વદનિ નિરખીનઈ, પરખિઉ એહિ જ ચોર રે;
  કુમર મનિઈ તવ હરખીયઉ, મેઘાગમ જિમ મોર રે’. ૯૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચોરને પકડવાની સાત દિવસની અવધિ પૂર્ણ થવા આવી હોવા છતાં ચોરની કોઈ ભાળ ન મળતા અગડદત્ત ઉદાસ થઈ આમ્રવૃક્ષ નીચે બેઠો છે ત્યારે દૂરથી સન્યાસી આવતો દેખાય છે. તેના રૌદ્ર રૂપને જોઈને ('આ જ ચોર છે' એવું વિચારીને) ખૂબ આનંદિત થઈ ગયો, જેમ મેઘને જોઈને મોર આનંદિત થાય, આ પ્રસંગે પારિવ્રાજક અને અગડદત્તને મેઘ-મોરની ઉપમા બીજા કોઈ કવિએ પ્રયોજી નથી. આ ઉપમા પ્રયોજીને કવિએ અગડદત્તના આનંદમાં નિર્ભયતા વ્યંજિત કરી છે.

'હરખ ઘણઉ હિયઈ નારિનઈ રે, જિમ કોઈલ મધુમાસ' ૧૬૪

મધુમાસના મિલનનો હર્ષ જે કોયલના હૈયે ઉછળતો હોય તેવો હર્ષ મદનમંજરીના હૈયે અગડદત્તના મિલનનો પ્રગટ્યો. કવિશ્રીએ કોયલની ઉપમા દ્વારા મદનમંજરીનો અગડદત્ત પ્રત્યેનો અનુરાગ આકર્ષક દર્શાવ્યો છે.

'કિલિ-કિલિ કરતા બહુ પરઈ રે, નાખઈ બાણ કિરાત;
કુમર કટક ચિહુંદિસિ કરઈ રે, જિમ વાયઈ વરસાત'. ૧૭૦

જેમ વાયુથી વરસાદ વિખારાઈ જાય તેમ ભિલ્લ સૈન્યના બાણોથી અગડદત્તનું સૈન્ય વિખરાઈ ગયું, અહીં વાયુની સરખામણીદ્વારા ભીલ્લ સૈન્યનું આક્રમણ તીવ્રવેગી બતાવાયું છે.

✱ કવિશ્રીએ પારિવ્રાજકના વેશમા આવેલા ચોરનું ટૂંકું પણ સુંદર દેહવર્ણન કર્યું છે.

'તતખિણ ઈક નર આવીયઉ, પરિવ્રાજકનઈ વેષઈ રે;
મુંડિત સિર કુછ દાઢીયઈ, ક્રુર દૃશઈ કરિ દેખઈ રે. ૯૧

શ્રવણિ ફટિક મુદ્રા ધરઈ, ચુડ-ચુડ કરતઉ તુંડઈ રે;
ચમર કમંડલ કર-જુગઈ, ખંધઈ આયસ દંડઈ રે. ૯૨

વાઘ-ચરમ તલિ પહિરણઈ રે, કમરિ બાંધિઉ કરવાલ રે;
ચરણિ ચઢાઊ મોજડી, દીસઈ અતિ વિકરાલ રે.' ૯૩

અહીં પારિવ્રાજકના કમરે તલવાર, સ્કંધ પર લોહદંડ, ચરણે મોજડી દર્શાવાયા છે. જે બીજે ક્યાંય દર્શાવાયા નથી.

✱ રાસમાં ઘણે સ્થળે સ્વરસંધિ જોવા મળે છે, જે સંધિઓ ગુર્જરભાષામાં નહિવત્ પ્રયોજાય છે.

દા.ત. 'વિરહાનલિ' ૪૩, 'કામાવસ્થા' ૫૪, 'મિલનોપાય' ૫૭, 'શ્રીવત્સાકારઈ' ૧૦૩, 'તિહાંથવા' ૧૨૧, 'પલ્યંકોપરિ' ૧૩૩, 'વિષમાટવીયઈ' ૨૪૧. વગેરે....

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૪) ઉપાધ્યાય ગુણવિનયજી કૃત અગડદત્ત રાસ

ખરતર ગચ્છીય જિનરાજસૂરિજી (સં. ૧૬૪૭થી ૧૬૯૯)ના સામ્રાજ્યમાં ક્ષેમશાખાના ક્ષેમરાજ ઉપાધ્યાયના પટ્ટધર પ્રમોદમાણિક્ય ઉપાધ્યાયના શિષ્ય જયસોમ ઉપાધ્યાયજી તેમના શિષ્ય ગુણવિનય ઉપાધ્યાયે આ રાસની રચના કરી છે.

આ કવિશ્રીએ (સં. ૧૬૪૧-૧૬૭૫ પ્રાયઃ) સંસ્કૃતમાં ખંડપ્રશસ્તિકાવ્ય, દમયંતી ચંપૂ, સંબોધસત્તરી, વૈરાગ્યશતક, ઈન્દ્રિયપરાજયશતક, રઘુવંશ મહાકાવ્ય, લઘુ અજિતશાંતિ, જિનવલ્લભીય અજિતશાંતિ વગેરે ગ્રંથો પર વૃત્તિ રચી છે. પ્રસ્તુત રાસ ઉપરાંત તેમની અન્ય ગુર્જર રચનાઓ કર્મચંદ્રમંત્રીવંશાવલી પ્રબંધ ૨૯૯ કયવન્ના ચોપાઈ (ક. ૧૭૬), બારવ્રતની જોડ (ક. ૫૬), ઋષિદત્તા ચોપાઈ (ક. ૨૬૮) જંબુસ્વામિરાસ વગેરે છે. તેમની સરળ અને સરસ ગુર્જર રચનાઓ જોતા એવું લાગે છે કે સંસ્કૃતભાષાના મહાન વિદ્વાન હોવાની સાથે તેઓશ્રી રસિક અને લોકપ્રિય કવિ પણ હતા. તેમણે વિ.સં. ૧૬૭૫, વૈ.સુ. ૧૩, શુક્રવારના દિવસે વિમલાચલ ગિરિરાજ પર ચતુર્દ્વાર વિહારમાં શ્રી જિનરાજ સૂરિજીએ કરેલ શ્રી આદિનાથ આદિ ૫૦૧ પરમાત્માની પ્રતિષ્ઠામાં હાજરી આપી હતી. (પ્રાચીન જૈન લેખ સંગ્રહ ભા. ૨, લે. ૧૮-૧૯, સંપા. જિનવિ.)

૩૮૪ કડી પ્રમાણ પ્રસ્તુત રાસની રચના સુમતિનાથ પ્રભુની કૃપાથી બાહડમેર નગરમાં વિ.સં. ૧૬૭૮, કારતક વદ-૨, બુધવારના દિવસે થઈ છે. ત્યારે રેવતી નક્ષત્ર અને અમૃતસિદ્ધિયોગ હતો.

આ રાસની ધ્યાનાર્હ વિશેષતા એ છે કે કવિશ્રીએ રાસમાં વપરાયેલાં પ્રાયઃ બધા જ સંસ્કૃત-પ્રાકૃત સુભાષિતોનો સુંદર ગુર્જર પદ્યાનુવાદ પણ સાથે જ આપ્યો છે.

**अव्यये व्ययमायाति, व्यये याति सुविस्तरम् ।**
**अपूर्वः कोऽपि भण्डारस्तव भारती! दृश्यते ।।**
અણ ખરચાઈ પૂરી હુવઈ, ખરચ્યઈ હૂઈ વિસ્તર,
ભારતિનઉ ભંડાર એ, જાતઉ નવ સુંદર. ૫૧

**अनभ्यासे विषं शास्त्रं, अजीर्णे भोजनं विषं ।**
**विषं गोष्ठी दरिद्रस्य, वृद्धस्य तरुणी विषं ।।**
વિણુ અભ્યાસઈ શાસ્ત્ર એ, વિષ રૂપઈ થાયઈ,
અજિર્યઈ ભોજન વિષ સમઉ, જ્યું સહુઅનઈ ભાયઈ;
વિષ સમ દરિદ્રની ગોઠડી, વૃધનું તરુણી વિષ, (૫૨મી કડી ના ત્રણ ચરણ.)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

तावच्चिय होइ सुहं, जाव न कीरइ पिओ जणो कोवि ।
पियसंगो जेण कओ, दुक्खाण समप्पिओ अप्पा ।।
તાં જીવનઈ સુખ સંપજઈ રે, પ્રિયજન ન કરીયઈ જામ રે;
પ્રિય સંગ જિણ કીધઉ તિણઈ રે, કીયઉ આતમ દુખ ધામ રે. ૬૯

विणओ मूलं पुरिसत्तणस्स, मूलं सिरीए ववसाओ ।
धम्मो सुहाण मूलं, दप्पो मूलं विणासस्स ।।
પુરુષાકારકઉ મૂલ, વિનય કહઈ સહ કોઈ. ૧૧૨
મૂલ સિરી વ્યવસાય, ધરમ સુખાનઉ મૂલં;
દર્પ વિનાશકઉ મૂલ, સહૂ આંકઈ સિરિ મૂલં. ૧૧૩

को चित्तेइ मऊरं, गइं च को कुणइ रायहंसाणं ।
को कुवलयाण गंधं, विणयं च कुलप्पसूयाणं ।।
કુણ ચીતરઈ મયૂર, સીખવઈ ગતિ કુણ હંસા;
કુણ કરઈ કમલા ગંધ, કુણ કરઈ વિનય સુવંસા. ૧૧૪

साली भरेण, तोएण जलहरा, फलभरेण तरुसिहरा ।
विणएण य सप्पुरिसा, नमंति न हु कस्सवि भएण ।।
કણભરિ સાલિ નમેઈ, તોયઈ નમઈ ઘનાઘન;
ફલ ભરિ તરુ સિહરાઈ, નમઈ ન કારણ ઈહાં અન. ૧૧૫
તિમ સતપુરુષ નમંતિ, વિનયઈ નવિ ભય પામી;

निय गुरुयपयावपसंसणेण, लज्जंति जे महासत्ता ।
इयरा पुण अलियपसंसणे, वि अंगे न मायंति ।।
પુણિ મહારાય! મહંત, લાજિ ન નિજ ગુણ ભાસઈ. ૧૧૯
ઈતર અલીક પ્રસંસ, કહણઈ અંગિ ન માવઈ;

छिज्जइ सीसं, तह होउ बंधणं, चयउ सव्वहा लच्छी।
पडिवन्नपालणेसुं, सुपुरिसाण जं होइ तं होउ ।।
શીર્ષ છેદ બંધણ હુવઉ, દૂષણ તેહ ન ગિણીયઈ રે. ૧૩૮
પડિવનઉ પાલતાં સુપુરિસાં, જે થાઅઈ તે થાઉ રે;
અચ્છા લચ્છી જે અછઈ, તે જાવઈ તઉ જાવઉ રે. ૧૩૯

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**माया अलियं लोहो, मूढत्तं साहसं असोयत्तं ।**
**निस्संसया तहच्चिय, महिलाण सहावया दोसा ।।**
માયા લોભ અલીકતા, મૂઢતા સાહસ દુખકાર રે. ૧૭૮
અશુચિપણઉ નિર્દયપણઉ, મહિલાના સ્વભાવ દોષ રે;

❃ પ્રથમ ૯ દુહાથી શરૂઆત કરીને કુલ ૩૦ દેશીમાં આ રાસની રચના થઈ છે.

❃ આ કૃતિમાં બે અવાંતર દ્રષ્ટાંતો ગુંથવામાં આવ્યા છે. (૧) વિક્રમ - રાજાના ઈક્ષુવાડનું, (કડી ૧૨-૧૯) જે રાજાની કૃપામય દ્રષ્ટિ અને ક્રૂરતાભરી દ્રષ્ટિના વિષયમાં છે. અને (૨) બે વિપ્રનું, (કડી ૩૧૮-૩૧૯) જે અવસરને ઓળખીને બોલવાના વિષયમાં છે.

❃ એ સમયમાં વપરાતી કહેવતોને કવિશ્રીએ આ રાસમાં સારા પ્રમાણમાં વણી લીધી છે. જેમ કે-

(૧) 'લીલ ન હૂઈ પુણ્ય પાખઈ રે'. ૪૩ - પુણ્ય વિના કોઈ લીલા હોતી નથી.

(૨) 'કર કંકણ દેખણ ભણી કુણ આરીસઉ લઈ ધાઈ રે' ૬૧ - હાથના કંકણ જોવા કોઈ આરીસા પાસે ન જાય, હાથ કંકણને આરસીની જરૂર ન હોય.

(૩) 'ડાહા દેખઈ દાવ' ૧૫૦ - ડાહ્યો માણસ એ જ જે અવસર જૂએ.

(૪) 'ક્ષુદ્ર પ્રવર્તઈ છીદ્રકું જોઈ' ૩૦૮ - ક્ષુદ્ર હોય તે છીદ્ર જોઈને વર્તે.

(૫) 'જવ દેવ વક્ર હોવઈ દીયઈ દુર્મતિ ઘણી' ૨૪૬ જ્યારે ભાગ્ય જ માઠુ હોય ત્યારે દુર્બુદ્ધિ જ સુઝે.

❃ કડી ૭૫થી ૭૯માં કવિએ ૧૦ કામ અવસ્થાઓ દર્શાવી છે. જેનું વર્ણન રામાયણ અને મહાભારતમાં છે-એવું કવિ પોતે જણાવે છે. જો કે ઉત્તરાધ્યયનની શાન્તિસૂરિજીની ટીકામાં પણ ગાથા ૪૧થી ૪૫માં પણ આ કામ અવસ્થાનો નામ-નિર્દેશ છે.

❃ કડી ૨૧માં 'રાજા' શબ્દની સરસ વ્યુત્પતી આપી છે. -'પ્રજ રંજવઈ જે રાજ કહાઈ'=પ્રજાને રાજી રાખે તે રાજા.

❃ અલંકારની દ્રષ્ટિએ પણ પ્રસ્તુત રાસ સમૃદ્ધ છે. યમક, અનુપ્રાસ વગેરે શબ્દાલંકારો અને ઉપમા, ઉત્પ્રેક્ષા, રૂપક, અતિશયોક્તિ, દ્રષ્ટાંત વગેરે અર્થાલંકારો સ-રસ પ્રયોજાયા છે. કેટલાક ઉદાહરણ-

**યમક** : 'પર રમણી રમણીય તે માનઈ' ૨૬
'યૌવન વનમાંહી પયઠઉ' ૨૪
'નયરલોય - લોયણ - સુખકર'. ૯૮

**ઉપમા** : 'માખી એ ગુલ અથવા મધુ છાતઉ, તિમ ચાકર નરે સાહિબ- જાતઉ'. ૩૬

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જેમ માખીઓ ગોળ અથવા મધને ઘેરી વળે, તેમ સેવકો ઉપાધ્યાયને ઘેરી વળ્યા છે.

'નીદ્રા નયનથી ઉડી ગઈ રે, જિમ પારઉ વન્હિ યોગી રે'. ૬૭

અગ્નિના સંયોગથી જેમ પારો ઉડી જાય, તેમ તારા (કુમારના) દર્શનના સંયોગથી મારી (મદનમંજરીની) નિદ્રા ઉડી ગઈ છે.

'આઈ પડ્યઉ તસુ બલ દૂરી, કીધી કુમરની સેના ચૂરી;
જિમ નૈરિત પવનઈ ઘનવૃંદ, ચેહું દિસિ ખેરું કરીયઈ અસંદ.' ૨૨૦

જેમ નૈઋત્ય દિશાના પવનો મેઘઘટાને વિખેરી નાખે છે. તેમ ભિલ્લસેનાએ અગડદત્તની સેનાને વિખેરી નાખી.

'પૌર નરાસ્યું ભૂપતિ, તારાગણિ જિમ ચંદ રે' ૨૮૭
તારા-ગણથી પરિવરેલા ચંદ્રની જેમ રાજા નગરજનથી પરીવર્યો છે.

**રૂપક :** 'હૃદય-સિંહાસણ' ૨૪, 'મયણ-મહાજલણ' ૭૪,
'ચરિત-સિંધુ ૧૨૧ વગેરે.

**ઉત્પ્રેક્ષા :** 'સૌમ્યતાઅઈ જાણે હિમધામ, ઉગ્રતાઅઈ કરી સ્યું ઉગ્ર ધામ'. ૨૦

સુંદર રાજા (સ્વજન-પ્રજાજન માટે) એટલા બધા સૌમ્ય છે કે જાણે હિમધામ (= ચંદ્ર) છે. અને (દ્રોહી-શત્રુઓ માટે) ઉગ્ર પણ તેટલા જ છે કે જાણે ઉગ્રધામ (= સૂર્ય) છે.

'કુમર તિણ દિન બાલિકા, ઉવાદીઠી મધુતઈ મીઠી રે;
કામદેવ રાજાતણી, તેડિવા આવી સ્યું ચીઠી રે.' ૫૭

અગડદત્ત કુમારે તે દિવસે ગોખે બેઠેલી બાલિકા (મદનમંજરી)ને જોઈ અને એને લાગ્યું કે જાણે કામદેવ રાજાએ મને તેડવા માટે ચીઠ્ઠી મોકલી છે.

'નિજ પ્રીયા દેખત હસ્તિખંધથી અવતરિ ચરિયઉ;
રહ ઉપરી નૃપસૂનુ સ્યું ગિરિ હરિ સંચરીયઉ.' ૨૬૭

અગડદત્ત હસ્તિ-ખંધથી ઉતરીને રથ પર ચડ્યો. જાણે પર્વત પર સિંહ ચડ્યો.

**અતિશયોક્તિ :** 'સોમપણઉ દેખી શસી લાજઈ' ૧૦૦

સૌધ-શિખરે ચડીને રાજા અગડદત્તને જુએ છે ત્યારે કવિ એવી કલ્પના કરે છે કે-'અગડદત્તની સૌમ્યતા જોઈને ચંદ્ર પણ શરમાઈ ગયો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**દ્રષ્ટાંત :** 'સંપદ આપદ હોઈ ગરુઆં ઈતર ઉવેખી. ૨૫૯
રાહુ ગ્રહણ તું દેખિ, સસધર દિનકર વિચઈ;
તારાગણિ નવિ હોઈ, રાહુ ગ્રહણ અવિલંબઈ'. ૨૬૦

સંપત્તિ અને આપત્તિ બન્ને ઉત્તમ પુરુષોને જ પ્રાપ્ત થાય છે, અધમ પુરુષોને નહીં, આ હકીકત પુરવાર કરવા કવિ દ્રષ્ટાંત આપે છે કે રાહુનું ગ્રહણ સૂર્ય કે ચન્દ્રને જ હોય છે, તારાઓને નહીં.

❋ આ રાસમાં કવિએ સંસ્કૃતભાષામાં વપરાતા સામાસિક પદો મૂક્યા છે.

દા.ત. (૧) વિરહાનલતાપિતતનુદેશા. ૧૯૮ (૨) હરખરોમાંચિત દેહા. ૨૧૬ (૩) કૃતવ્રતિવેષો. ૨૩૯ (૪) અલિકુલકજ્જલવન્ન, ફણિમણિકિરણવિભાસુર. ૨૭૪ વગેરે.

❋ ઘણી જગ્યાએ 'કઈ' (હિંદીમાં-કે) ષષ્ઠીનો અનુગ વાપર્યો છે. વાઘકઈ. ૨૭૧, તરુકઈ. ૩૧૭, તુમ્હકઈ. ૩૨૨ વગેરે...

❋ કડી ૩૧૮માં જાણે પ્રાકૃતમાંથી સંસ્કૃતભાષાના પરિવર્તનના વ્યાકરણિક નિયમો સમજાવવા ક્રમસર ઉદાહરણો મૂક્યા છે.

| પ્રાકૃત | > | સંસ્કૃત | પ્રાકૃત | > | સંસ્કૃત |
|---|---|---|---|---|---|
| ન્ન | > | ન્ન | સંપન્ના | > | સંપન્ના |
| ન્ન | > | ન્ય | ધન્ના | > | ધન્યા |
| ન્ન | > | ર્ણ | સંપૂન્ના | > | સંપૂર્ણા |
| ન્ન | > | જ્ઞ | પન્ના | > | પ્રજ્ઞા |

આમ, કાવ્યદ્રષ્ટિએ આ રાસ આસ્વાદ્ય કૃતિ બની રહે છે.

## ૫) લલિતકીર્તિજી કૃત અગડદત્ત રાસ

જેઠ સુદ-૧૫, રવિવાર, સં. ૧૬૭૯ના વર્ષે ભૂજ (કચ્છ)માં આ રાસની રચના થઈ છે. જેના કર્તા ખરતરગચ્છમાં કીર્તિરત્નસૂરિજી > ઉપા. હર્ષવિશાલજી > ઉપા. હર્ષધર્મજી > સાધુમંદિરજી > વિમલરંગજી > લબ્ધિકલ્લોલજીના શિષ્ય છે. આ સિવાય તેમના જીવનની અન્ય કોઈ માહિતી કે આ સિવાય બીજી કોઈ રચના પ્રાપ્ત થઈ નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉત્તરાધ્યયનના ચતુર્થ અધ્યયનનો આધાર લઈને પ્રસ્તુત રાસ રચાયો છે, એમ કવિ પોતે જ જણાવે છે. 'શ્રી ઉત્તરાધ્યયનઈ પરિ ભાખીયોજી, તીય અયજ્ઝયણ રસાલ. ઢા. ૧૭/૧૧' પરંતુ ઉત્તરાધ્યયનની કઈ ટીકા પરથી આ રાસ રચ્યો છે? તે જણાવેલ નથી. કથા ઘટકોનું નિરીક્ષણ કરતા રાસરચના શ્રી નેમિચંદ્રસૂરિજીની ટીકાનુસારે થઈ હોવાનું જણાય છે. આ ટીકા અને પ્રસ્તુત રાસમાં શબ્દસામ્ય પણ ઘણું જોવા મળે છે. કેટલાક ઉદાહરણ-

**खग्गसहाओ** > લીધો ખડગ સહાયો રે

**संदण-गय-हयसिक्ख साहिंतो** > હય-ગય-રહ સિખ્યા વલી રે.

**सेट्ठिधूया मयणमंजरी णाम सा घरसिरमारूढा** > સેઠ સૂતા ઊંચી ચઢી રે લાલ, મદનમંજરી નામ.

**कलारसिओ, आसंसाए गुरूणं, विज्ञाए गहणलोभेणं** > કલારસિક ગુરુથી ડરે રહે રે લાલ,

લોભ વિદ્યાનો રસાલ. ઈત્યાદિ...

❋ દૂહાથી શરૂ થતી ૧૭ દેશીઓ અને ૩૭૭ કડી પ્રમાણ રચાયેલ આ રાસમાં દરેક ઢાળને અંતે કવિશ્રીએ સ્વનામોલ્લેખ કર્યો છે. કાવ્યના આભરણમાં વિવિધ અલંકારના રત્નો જડીને કવિએ કુશળ સુવર્ણકારની ભૂમિકા નિભાવી છે.

❋ 'જિમ ગિરિ કંદર સિંહ કિશોર, જિમ મોતી સીપોડી કોર;' ઢા. ૧/૪

ગિરિકંદરામાં જેમ સિંહબાળનો જન્મ થાય, સુક્તિમાં જેમ મોતી પાકે, તેમ સુલસારાણીની કુક્ષિએ અગડદત્તનો જન્મ થયો. અહીં અગડદત્તને સિંહબાળ અને મોતીની ઉપમા આપવા જતા સુલસા રાણી ગિરિકંદરા અને સુક્તિ સાથે સરખાવાયા છે.

❋ 'જિમ રવિ-પંકજ ચંદ-ચકોરા રે; જલધર જિમ આગમ જીવલિ મોરા રે;
તિમ મેરો મન તિણિસુ રંગા રે; જિમ ઈસરનિ ગોરી-ગંગા રે'. ઢા. ૧૦/૪-૫

મદનમંજરીને અગડદત્ત પર અતિશય સ્નેહ પ્રગટ્યો છે. આ સ્નેહને મદનમંજરી સૂર્ય અને કમલના, ચંદ્ર અને ચકોરના, મેઘ અને મોરના, શંકર અને ગંગાના સ્નેહ સાથે સરખાવે છે.

❋ તપતેજે સૂર્ય સમાન ચારણમુનિને કવિ માલોપમાથી નવાજે છે.

'ગહગણ તારામાહિ વડા જિમ ચંદ્રમા, જિમ તરુવરમાહિ સોભ લહઈ કલ્પદ્રુમા;
રતનમાંહિ જિમ સાર જિસા કૌસ્તુભ મણી, તિઉ ચારણ મુનિ એહુ, સોહઈ તપ દિનમણી.'
ઢા. ૧૫/૧૧

ગ્રહગણ અને તારાગણમાં જેમ ચંદ્ર શોભે છે, તરુવરોની વચ્ચે જેમ કલ્પવૃક્ષ શોભે છે, રત્નોમાં જેમ કૌસ્તુભ મણિ શોભે છે તેમ મુનિગણમાં સાહસગતિમુનિ શોભી રહ્યા છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

❋ કવિએ રૂપક અને ઉત્પ્રેક્ષાના સંયોજન દ્વારા રાસની આદિમાં જ નગરીનું ટૂંકું પણ સુંદર વર્ણન કર્યું છે.

'ભુમિ રમણિ ગિલિ નવસર હાર, ઈન્દ્રપુરી જાણે અવતાર;' ઢા. ૧/૧

પૃથ્વીરૂપી સ્ત્રીના હૈયાના નવસેરો હાર એટલે સંખપુરી નગરી તેને જોતા જ એવું લાગે કે જાણે ઈન્દ્રપુરીએ અહીં અવતાર લીધો છે.

આ નવસેરા હારની વચ્ચેના મુખ્યમણિની શોભાને પણ કવિએ ગાઈ છે. એ મુખ્યમણિ એટલે સુંદર રાજા!...

'હાર વિચઈ જિમ નાયક-મણિ, તિહાં સુંદર નામઈ ભુધણી'; ઢા. ૧/૨

❋ મદનમંજરી પોતાની વિરહવ્યથા અગડદત્તને જણાવે છે.

'નયન-યુગલ પ્રભુ! તાહરા, લોહ-અંકુડાકાર હો સુંદર;
મુઝ ચપલ મન માછલો, ખાંચિ લીયો કરો સાર હો સુંદર. ઢા. ૮/૬.

વિરહ દાવાનલ તેહની, દાઝઈ અંતર દેહ હો સુંદર;
સંગમ સધર જલઈ કરીઉ, તુરિત બોઝાવે તેહ હો સુંદર'. ઢા. ૮/૯

સ્વામી! આપના નયનરૂપી લોહ અંકુડા (=કાંટા) એ મારા મન રૂપી ચપલ મત્સ્યને પકડી લીધું છે, આપના વિરહના દાવાનલે મારો દેહ દાઝી રહ્યો છે. આપના સંગમરૂપી મેઘની વર્ષાથી એ દાવાનલ બુઝાવોને!...અહીં, રૂપકના રૂપાળા રંગછાંટણા કેવા શોભે છે!...

❋ 'તાત વચન કાનઈ સુણી રે, મનમાહિ આણિ ગુમાનઉ;
જે તેજી કિમ તાજણ ખમઈ રે?, એ જગિ વાત પ્રધાનઉ'. ઢા. ૨/૫'

પિતાના આક્રોશભર્યા વચનો સાંભળીને અગડદત્તનું હૈયું વિંધાઈ ગયું. આ પ્રસંગે કવિ દ્રષ્ટાંત ટાંકે છે. જાતિવંત અશ્વ તાજણ (=ચાબુક) કેમ સહન કરી લે?

❋ 'કમલસેણાસું એ રહ્યો, રાતિ દિવસ લપટાય હો સુંદર;
કસમસિ દ્રાખ જિકે ભખઈ, નીબોલી કિમ ખાય હો સુંદર'. ઢા. ૮/૧૨

રાજપુત્રી કમલસેના સાથે લગ્નગ્રંથિથી જોડાયા પછી અગડદત્ત દિન-રાત તેનામાં રાચ્યો-માચ્યો રહે છે. ત્યારે અહીં નિદર્શના અપાઈ છે કે જેણે કીસમીસ દ્રાક્ષનો સ્વાદ માણ્યો હોય તેને લીંબોળી ભાવતી નથી.

❋ શબ્દાનુપ્રાસ અને યમક જેવા અલંકારોએ રાસના શબ્દદેહને વિભૂષિત કર્યો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'બગતર અંગિ તાજા રે, પહિરઈ યુવરાજા રે, કરતા દિવાજા વાજા વાજતા રે ઢા. ૧૧/૫

સીલઈ સુલસા સુલસા નામ. ઢા. ૧/૩

ઉછલઈ નાલિ ગોલા રે, બીહઈ નર ભોલા રે,
ડોલા ડોલાવઈ કાયર ચિહું દિસઈ રે;' ઢા. ૧૧/૧૦ વગેરે...

રસ-નિરૂપણમાં પણ કવિશ્રી ઝળકી ઉઠ્યા છે...
ઢાળ-૯માં કરૂણરસ સભર માતાના વિલાપનું વર્ણન વાંચતા હૈયુ ભરાઈ જાય છે.

'જિન દિણથી તું વિછ્યો જી, ખબરિ ન લાધી કાંય;
રાત-દિવસ અલજો કરઈ જી, સુલસા રાણી માય. ૧

મોરા નંદન! તુઝ વિણ ઘડી ય ન જાય,
હિવ વચ્છ! વહિલો આવીજ્યે જી, જિમ મુઝ આણંદ થાય. ૨

રોઈ-રોઈ અતિ ઘણો જી, આંખિ ગમાઈ માત;
તુઝ દરસણ તુસઈ કરી જી, નિરમલ થાયસઈ જાત. ૩ મોરા નંદન૦

રયણ-કરંડતણી પરઈ જી, ઈષ્ટ કંત સુખકાર;
નંદન ચંદન સારિખો જી, તપતિ બુઝાવણ હાર. ૪ મોરા નંદન૦

જીવન-પ્રાણ ગયા પછઈ જી, સુખ ન પામ્યો લગાર;
ઉપજાવઈ સુખ મા ભણી જી, પુત્ર રતન સીર [દાર]'. ૫ મોરા નંદન૦

અહીં 'મોરા નંદન! તુઝવિણ ઘડી ય ન જાય, હિવ વચ્છ! વહિલો આવિજ્યે જી.'

એ ધ્રુવ પંક્તિમાં ભારોભાર કરૂણરસ છલકાય છે.

❋ ૧૧મી ઢાળમાં યુદ્ધનું વિસ્તારથી કરેલું વર્ણન વીરરસની અનુભૂતિ કરાવે છે. એમાં પણ રસાનુસારે 'મેવાડી રાજા રે૦' એ દેશીનો તથા શબ્દ ઝમકનો પ્રયોગ પણ નોંધપાત્ર છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ક) સ્થાનસાગરજી કૃત અગડદત્ત પ્રબંધ/ચરિત

શ્રી મુનિસુવ્રતસ્વામી અને શ્રી ગોડીજી પાર્શ્વનાથ પ્રભુના પ્રસાદથી ખંભાતના શ્રેષ્ઠી સાવત્થાના પુત્ર નાગજીની વિનંતિથી સં. ૧૬૮૫ના વર્ષે ત્રંબાવતી (=ખંભાત)માં પ્રસ્તુત પ્રબંધ રચાયો છે. જેના રચયિતા સ્થાનસાગરજી છે. તેઓ આંચલગચ્છીય શ્રી કલ્યાણસાગર સૂરિજી (જન્મ વિ.સં. ૧૬૩૩ - સ્વર્ગવાસ-વિ.સં. ૧૭૧૮)ની પરંપરામાં થયેલા પુન્યચંદ્રવાચક > કનકચંદ્રવાચક > વીરચંદ્રવાચકના શિષ્ય છે. સ્થાનસાગરજીના ગુરુબંધુઓ જ્ઞાનસાગરજી અને ધનસાગરજી હતા. આ સિવાય કર્તાના જીવન વિશે બીજી કોઈ માહિતી પ્રાપ્ત નથી.

આ પ્રબંધ ૧૪૫ દૂહા, ૧૭૩ ચોપાઈની સાથે ૩૮ દેશીઓ/રાગોમાં રચાયેલ છે. જેની કુલ કડી ૭૬૮ છે.

જૈન ગુર્જર કવિઓમાં આ કૃતિ રાસ તરીકે નોંધાયેલી છે. પરંતુ કર્તાએ સ્વયં પુષ્પિકામાં **'अगडदत्त ऋषिराय प्रबंध समाप्तः'** એવું કહ્યું છે. જો કે સમગ્ર કૃતિમાં ક્યાંય પણ 'રાસ' કે 'પ્રબંધ'નો શાબ્દિક ઉલ્લેખ નથી.

આદિમાંઃ- 'ચરિત સુણુ ધરી નેહ.' ૬, અને અંતમાંઃ- 'એહ ચરિત જે સાંભલઈ.' ૭૬૮ આવો 'ચરિત' તરીકેનો ઉલ્લેખ છે.

રચનાની દૃષ્ટિએ રાસ, પ્રબંધ કે ચરિત લગભગ સમાન કાવ્ય પ્રકારો છે. છતાં કવિના ઉલ્લેખ પ્રમાણે અહીં પ્રબંધ/ચરિત તરીકે ઉલ્લેખ કર્યો છે.

પ્રબંધ રચનાની તિથિ જોકે કૃતિમાં આસોસુદ-૫ મંગળવાર આપેલ છે.

'સંવત શશિ[૧]-રસ[૬] જાણીઈ, સિદ્ધિ[૮]તણી વલી સંખ;
મહાવ્રત[૫] પદ આગલિ ધરઉ, સમકરી ગુણો સવિ અંક. ૭૬૬

અશ્વનિ માસિ મનોહરુ, પૂર્ણા તિથિ વલી જાણિ;
અસિતપંચમી એ સહી, ભૂ-સૂત વાર વખાણિ'. ૭૬૭

પરંતુ પુષ્પિકામાં કવિશ્રીએ પોતે જ પ્રતલેખન વિષયક ઉલ્લેખ આ પ્રમાણે કર્યો છેઃ- **'संवत् १६८५ वर्षे ज्येष्ट-मासे सित-पक्षे त्रयोदश्यां रविवासरे लिखितं रायधनपूरे मुनि स्थानसागरेण प्रवाचनाय.'**

આ અનુસારે જોઈએ તો આસો માસમાં રચાયેલ આ પ્રબંધની પ્રત એ જ વર્ષના જેઠ માસમાં લખાયેલી હોય એ તો કેવી રીતે સંભવે? 'અશ્વિન' શબ્દ ૨ ની સંખ્યા દર્શાવવામાં સાંકેતિક શબ્દ તરીકે પણ વપરાય એ અનુસારે જો અશ્વિનિ=બીજા અર્થાત્ 'માગસર માસમાં' આવો અર્થ કરીએ તો પૂર્વાપર સંબંધ જળવાય તેમ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બીજું, આ પ્રબંધ કયા ગ્રંથના આધારે રચ્યો છે તેનો પણ કવિએ આદિ અને અંતમાં એમ બે સ્થળે નિર્દેશ કર્યો છે.

'મૂલ ગ્રંથમાંહિ કહિઉ, અધ્યયન ચઉથઈ જેહ;
અગડદત્તનૃપ કેરડો, ચરિત સુણુ ધરી નેહ. ૬

મહાવીર દેવઈ ભાખીયાં, અધ્યયનિ જેહ છત્રીસ;
ઉપકાર કારણિ સ્વયં મુખિ, બોલ્યા તે જગદીસ. ૭૪૬

અધ્યયન ચોથો જાણજો, સાતમી ગાથામાંહિ;
સંબંધ એ ઋષિરાયનો, સુણતા અધિક ઉચ્છાહ.' ૭૪૮

આ પ્રમાણે ઉત્તરાધ્યયનની ચતુર્થ અધ્યયનની સાતમી ગાથામાંથી અગડદત્ત કથાનો આધાર લીધો છે. વાસ્તવમાં ઉત્તરાધ્યયનની પ્રાપ્ત દરેક ટીકાઓમાં જ્યાં-જ્યાં અગડદત્ત કથા આપેલી છે તે દરેકમાં ચતુર્થ અધ્યયનની છઠ્ઠી ગાથાની ટીકામાં આ કથા મળે છે. તો કવિશ્રીએ સાતમી ગાથાનો ઉલ્લેખ શું શરત-ચુકથી કર્યો હશે? અથવા તો ઉત્તરાધ્યયનની પ્રકાશિત ટીકાઓ સિવાયની કોઈ ટીકા તેમની સામે હશે?

❋ પ્રસ્તુત પ્રબંધની આંખે ઉડીને વળગે એવી વિશેષતા અલંકાર પ્રચૂર દીર્ઘ-વર્ણનો છે તેનું પ્રથમ જ ઉદાહરણ જોઈએ તો શંખપૂર નગરનું વિસ્તૃત વર્ણન કડી ૧૫ થી ૩૫ સુધી કરેલું છે.

તેમાની કાવ્યાલંકારથી સુશોભિત કેટલીક પંક્તિઓ...

'ભૂ-રમણી શિર તિલક જ માનો, શંખપૂર અતિ સુંદર જાણો, ધર્મતણો અહિઠાણો ૧૫

તારક-ગણમાહિ ભલો, સોહઈ વલી જિમ ચંદ;
જિમ મુક્તાફલ-હાર વિચિ, રાજતિ નીલ મણિંદ. ૧૬

અવનિતલ ઉપમ કહું, અલકાપુરી સમાન;
સંખપુર દાહિણ સંખ જિમ, સકલ વસ્તુ નિધાન'. ૧૭

અહીં શંખપુરની શોભાને ઉપમા - રૂપક - ઉત્પ્રેક્ષા વગેરેથી ઉજ્જ્વલ બનાવી છે.

❋ **નગર-નારીઓનું દેહ વર્ણન :**

'ચંદ્રવદની મૃગલોચિની, સોભિત કબરી વિશાલા રે;
દેખત મૃગ-શશિ-મણિધરા, લિઈ વન-ગગન-ભૂ વાસા રે. ૩૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કુચ કુંભસ્થલ ઉપમા, જંઘ જુગલ જાનુ કેલી રે;
હંસગમનિ પ્રહસિત મુખી, કોમલ માલતી વેલી રે'. ૩૨

નારીઓના વદન લાવણ્યને જોઈ ચંદ્ર શરમાઈને આકાશે ચાલ્યો ગયો. અણિયાલા લોચન જોઈ મૃગ શરમાઈ ગયા અને વનમાં નાસી ગયા. પોતાનાથી વધુ શ્યામ કેશપાશ જોઈ સર્પ પૃથ્વીમાં પેસી ગયા. અહીં ચંદ્ર-મૃગ અને સર્પના વસવાટની ક્રિયોત્પ્રેક્ષા મૂલક વ્યતિરેક દ્વારા નગર-નારીઓના વદન, લોચન અને કેશપાશની સુંદરતા અદ્ભૂત રીતે દર્શાવાઈ છે.

❋ સુંદરરાજાના પાત્ર-આલેખનની શરૂઆત જ કવિશ્રીએ માલોપમા દ્વારા સુંદર રીતે આલેખી છે.

'જિમ સોહઈ સરોવર જલઈ, નિસિ સોહઈ જિમ ચંદ;
કુલ સોહઈ જિમ પુત્રસિઉં, નગરી તેમ નરિંદ'. ૩૬

આવી જ રીતે કવિશ્રીએ ઠેર-ઠેર માલોપમાની હારમાળાઓ ગુંથી છે. સુંદરરાજા અને સુલસારાણીની તથા અગડદત્ત અને મદનમંજરીની પ્રીતિને હારમાળા પહેરાવીને નવાજી છે.

'જીહો જિમ રોહિણિ મનિ ચંદ્રમા, જીહો ચાતુક-મનિ જિમ મેહ;
જીહો જિમ મધુકર નઈ કમલની, જીહો તિમ દંપતિ ઘણ નેહ. ૪૩

મુજ મન તુમ્હ ગુણિ મોહિઉ જિમ ચાતુક જલધાર રે;
જિમ દિનકર નઈ કમલિની, કોઈલ જિમ સહકાર રે'. ૫૧૭

અગડદત્તના આગમનની વધામણી સાંભળીને સુંદરરાજાના મનમાં આનંદના પૂર ઉમટ્યા એ પૂરમાં પણ માલોપમાના મોતીઓ ચમકે છે.

'પ્રેમ જલ અંગિ ઉલટઈ, જિમ સાયરનૂં પુર;
જિમ કેકી ઘન ગાજતઈ, વાધઈ આણંદ ભૂરિ'. ૫૫૯

❋ આ પ્રબંધમાં પરંપરાગત ઉપમાઓ કરતા ઘણીવાર કાંઈક જુદી ઉપમાઓ રજૂ થઈ છે જે કવિ-પ્રતિભાનું ઉદ્ગાન કરે છે.

'નાસા દીપશિખાં જિસી રે લાલ' ૫૦
'દીન વદન દીસઈ ઈસ્યું જિમ વાદલમાં ચંદ' ૭૪
'કુમરી મનમાંહિ કી, રહી તિમ અટવાઈ;
અગ્નિ તાપઈ કરી, કલ-કલઈ જિમ તેલ કઢાઈ.' ૧૮૧ વગેરે.

❋ કેટલાક સ્થળોએ થયેલુ ઉપમાઓનું નિરૂપણ ચિત્તને આનંદદાયી બની જાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'ચકિત લોચન ચિત્રિત લિખી, નરખઈ અનમિષ નયણી;
જિમ નિજ જૂથ બાહિર ખડી, જેહવી ચકિત હોઈ હરણી.' ૧૭૪

મદનમંજરી ઉદ્યાનમાં અભ્યાસ કરતા અગડદત્તનું રૂપ જોઈને આશ્ચર્ય ચકિત બની ગઈ. સ્થિરનેત્રે તેને જોઈ જ રહી. ત્યારે તે ચિત્રમાં આલેખાયેલ હોય તેવી કે યુથથી વિખુટી પડી ગયેલી આશ્ચર્યચકિત હરણી જેવી લાગે છે. મદનમંજરીને હરણીની ઉપમા આપીને તેના નેત્રોની સુંદરતા વ્યંજિત કરી છે, તો સાથે હરણીને યુથથી વિખુટી પડેલી દર્શાવીને મદનમંજરીનો આશ્ચર્ય અતિશાયી બનાવ્યો છે.

❃ 'ફલ-ફૂલ કુમર શિર-ઉપરઈ, નાખઈ કર ગ્રહી કુમરી;
વિદ્યાબલિ આવી તિહાં, કરઈ વૃષ્ટિ જિમ અમરી'. ૧૭૯

ગવાક્ષમાં ઉભેલી મદનમંજરી અગડદત્ત ઉપર ફલ-ફૂલ નાખે છે. ત્યારે કોઈ દેવી વિદ્યાબળથી આવીને ફલ-ફૂલની વૃષ્ટિ કરતી હોય તેના જેવી લાગે છે. અગડદત્ત વિષયક બીજી કોઈ પણ કૃતિમાં મદનમંજરીને આવી રીતે દેવીની ઉપમા અપાઈ નથી.

❃ અગડદત્તના શૌર્યથી રંજિત થઈ ગયેલા રાજાના વિચારોની આરસીમાં અગડદત્તના વિવિધ ગુણો પ્રતિબિંબિત થયા છે. શૂરવીરતા સિંહ જેવી, સૌમ્યતા શશિ જેવી અને રૂપ કામદેવ જેવું!...

'લહુવય દુદ્ધર સિંહ સરીસઉ, સોમ ગુણિ સશિ સોહઈ જી;
રુપઈ રતિ-પતિ જીત્યુ જેણિ, નિરખંતા મન મોહઈ જી'. ૨૪૭

❃ 'દેખી તેહની ચાતુરી, મોહિઉ પડિઉ નરિંદ;
જિમ પારધી પાસિં કરી, પાડઈ મૃગ જિમ ફંદ'. ૫૧૪

દુર્યોધન ચોરની પત્ની જયશ્રીએ અચાનક આવી પડેલા અગડદત્તને મીઠુ બોલીને મોહી લીધો, જેમ પારધી મૃગને ફંદમાં ફસાવે. અહીં જયશ્રીને અપાયેલી પારધીની ઉપમા જયશ્રીના કુટીલ મનોભાવોની વ્યંજના દર્શાવે છે.

❃ 'મઉર્યા કેસૂ રૂયડા, કિં શુક-વદન સમાન સુંદર;
જાણે મદનનૃપ તિહાં દીયા, તંબૂ લાલ સુવાન સુંદર.' ૫૮૧

વસંતઋતુના આગમને લાલ કેસુડા ખીલી ઉઠ્યા છે. પોપટની ચાંચને કેસુડાની ઉપમા અપાય છે. પરંતુ અહીં કેસુડાને પોપટ-ચાંચની ઉપમા આપી છે. સાથે-સાથે કેસુડાના લાલ વર્ણની ગુણોત્પ્રેક્ષા દ્વારા વસંતઋતુની માદકતા વર્ણવાઈ છે. જાણે કે મદન (કામદેવ) રાજાએ લાલ તંબુ તાણ્યા છે.

❃ ઘણા હાવભાવ આદિ કરવા છતા અગડદત્ત અભ્યાસની લગનીના કારણે મદનમંજરીની સામુ પણ નથી જોતો ત્યારે મદનમંજરી વિલાપ કરે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'કરઈ વિલાપ બહુ પરઈ, મુખઈ મેલ્હઈ નીસાસ;
આસું વરસઈ નયણલે, જાણઈ પાવસ માસ.' ૧૮૮

આંખોમાંથી એટલા બધા આંસુઓ ઝરે છે કે જાણે એ આંખો વર્ષાઋતુના વાદળ બની ગયા! અહીં ઉત્પ્રેક્ષાના નિરુપણે મદનમંજરીના વિલાપને વધુ તીવ્ર રીતે પ્રદર્શિત કર્યો છે. કાવ્યવૃક્ષ પર વીંટળાયેલી નિદર્શનાની ફૂલવેલીઓએ આખા ય વૃક્ષને સુરભિત કર્યું છે.

❃ જેને રાજાના સૈનિકો પણ પકડી શક્યા ન હતા. એ ગાંડાતૂર બનેલા હાથીને અગડદત્તે શૌર્ય અને ચતુરાઈ દ્વારા વશ કરી લીધો એ પ્રસંગે રાજાની વિચારધારામાં અગડદત્તની પ્રતિભાને દીપ-પ્રકાશના દષ્ટાંતથી નવાજી છે.

'નાન્હો દીપ હરઈ ઘરમાંહિ, અતિ મોટઉ અંધાર જી;
તેજઈ કરી જો હોઈ સબલો, તેહનો કીજઈ વિચાર જી.' ૨૪૮

❃ ચોરને પકડવાની પ્રતિજ્ઞા કર્યા પછી સાત દિવસની અવધિ પૂર્ણ થવા આવી ત્યારે અગડદત્તના મનમાં વિચારોના ઘોડાપૂર ઉમટ્યા અને વિચારોના અંતે અગડદત્તે નિશ્ચય કરી લીધો કે ઉત્તમકુલમાં ઉત્પન્ન થયેલા ક્યારેય પણ પ્રતિજ્ઞાભંગ કરતા નથી. કોઈપણ ભોગે હું પ્રતિજ્ઞાનું પાલન કરીશ! આ નિશ્ચયને દ્રઢ બનાવવા કવિશ્રીએ અહીં દ્રષ્ટાંત આપ્યા છે.

શેષનાગે મસ્તકે ધરેલી ધરણી (=પૃથ્વી)ને આજ સુધી અળગી કરી નથી કે વડવાનલ સાગરને શોષવે છે. છતાં સાગર તેના પ્રતિ રોષ લાવતો નથી!...

'ઉત્તમ કુલિ ઉપન્નો જેહ, ન કરઈ ભંગ પ્રતિજ્ઞા તેહ;
શેષનાગિ જો ધરણી ધરઈ, આજ લગઈ નવિ મેલ્હઈ પરી. ૨૭૩

વડવાનલ કરઈ સાયર સોસ, તુહઈ ન આણઈ મનમાં રોસ;
બોલ્યા બોલ સભામાંહિ જઈ, તે પાલેવા નિશ્ચલ થઈ'. ૨૭૪

❃ 'જેના ચિત્તમાં જે વસે છે તેના પ્રત્યે જ તેને પ્રીતિ બંધાય છે' આ સામાન્ય કથનની પુષ્ટિ અનેક વિશેષ કથન દ્વારા રજૂ કરી છે.

'જે જેહનઈ ચિત્તિમાં વસઈ, તે તેહસિઉં કરઈ રંગ;
ગિરિ-સુતાસિઉં છલ દાખવી, હર સિરિ ધરઈ નિત ગંગ. ૩૨૪

મધુકર ચંપક પરિહર્યુ, માલતીસિઉં ઘણ નેહ;
ચાતુકે અવર જલ સવિ તજ્યું, નિસદિનિ ધરઈ મનિ મેહ. ૩૨૫

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જાઈ-જૂઈ કેતક પરિહરી, હરિ ચડઈ આક-ધંતૂર;
શશિ અંકિ ધારઈ મૃગ સદા, નવિ રહઈ એક ખિણ દૂરિ'. ૩૨૬

પાર્વતી સાથે છલ કરી શંકર ગંગાને પોતાના મસ્તક ઉપર ધારણ કરે છે મધુકર ચંપકને છોડી માલતી સાથે જ સ્નેહ કરે છે, ચાતક બીજા બધા જ જલનો ત્યાગ કરી માત્ર મેઘ-જલને જ મનમાં ધારે છે. જાઈ-જુહી કે કેતકી સર્વનો પરિહાર કરી હરિ (=સર્પ) આંકડા કે ધતુરા પાસે જ જાય છે અને ચંદ્ર પોતાના ખોળે મૃગલાને જ બેસાડે છે. અહીં ત્યાગ કરાતી વસ્તુઓ ઉત્તમ છે અને સ્વીકારાતી વસ્તુઓ તેના કરતા નિકૃષ્ટ છે. છતાં તેનો જ સ્વીકાર થાય છે. આ દ્રષ્ટાંતો રાજકુમારી કમલસેના જેવી ઉત્તમ સ્ત્રી મળવા છતા અગડદત્તનું મદનમંજરી તરફનું જ આકર્ષણ દર્શાવે છે.

❀ 'વચન સુણી તવ કુંઅરી, હરખ ધરઈ નિજ ચિત્તિ;
ધરી આસ્યા મંદિર રહઈ, પ્રીતમ સમરઈ નિત્તિ. ૩૪૨

આસ્યા બંધી બપ્પીહો, રહઈ તે આઠઈ માસ;
પ્રીઉ-પ્રીઉ કરતા તેહની, જલધર પુરઈ આસ'. ૩૪૩

અગડદત્તના દૂતી દ્વારા મળેલા સમાચાર સાંભળીને મદનમંજરીનું ચિત્ત આનંદિત થઈ ગયું. અને પ્રીતમના મિલનની આશા દ્રઢ બની. આ પ્રસંગે કવિ નિદર્શના આપે છે કે આઠ-આઠ માસ સુધી ચાતક મેઘના મિલનની આશામાં 'પીઉ-પીઉ' કરતા પસાર કરે છે. અંતે મેઘ એ ચાતકની આશા પૂર્ણ કરે છે. આ દ્રષ્ટાંત અગડદત્ત અને મદનમંજરીનું ભાવિ-મિલન દર્શાવી જાય છે.

❀ 'સબલ દૂંદાલ મૂંછાલ જે જવિહરી, નાસતા વાણહી દૂરી જાઈ;
કાછ છૂટી પડઈ પાગ તે લડથડઈ, ભાજતાં સ્વાસ મુખમા ન માઈ.' ૨૩૫

મત્તહાથી વારાણસીમાં તોફાને ચડ્યો છે ત્યારે એક ઝવેરીની ગભરાહટ ભરી નાસવાની ક્રિયા જાતિ અલંકારથી રજૂ થઈ છે. મૂંછાળા અને ફાંદાળા ઝવેરી પણ ભયભીત થઈ નાસવા લાગ્યા. ત્યારે પગરખા પગમાંથી નીકળી દૂર પડ્યાં, કછોટો છુટી ગયો, અને ભાગતા-ભાગતા શ્વાસ મુખમાં મા'તો નથી. ભાગવાની ક્રિયાનું સ્વાભાવિક વર્ણન જીવંત દ્રશ્ય ઊભુ કરે છે.

❀ પ્રસંગ વર્ણનની દ્રષ્ટિએ જોઈએ તો અગડદત્તનું નિશાળ ગમનનું વર્ણન પણ જાતિ અલંકાર જેવું જ લાગે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'સુરુગુરુ-વાર અનઈ અશ્વિની, મહુરત જોઉં ભણવા ભણી;
ગજ-ર [થ] અશ્વ-પાયક સજ્જીયા, પંચ શબ્દ વાજિત્ર વાજીયા. ૫૮

જોવઈ પુર-નારી જાલીઈ, કાચિત ઊભી અટાલીઈ;
કાચિત વેણી ગૂંથાવતી, જોવા આવઈ તવ દૂઉડતી. ૫૯

કાચિત હાર ધરંતી કરઈ, મંદિર તારક તતિ વિસ્તરઈ;
કાચિત નિજ પ્રીયનઈ પ્રીસતી, નિરખેવા આવઈ હીંસતી'. ૬૦

❋ મદનમંજરીની વિરહ વ્યથાની વ્યાકુળતાનું વર્ણન પણ કવીશ્રીએ વિસ્તારથી કર્યું છે.

'હરિ-હર-બ્રહ્મહાદિક વડા, ગ્યાનવંત મુનિરાય;
તે પણિ ધ્યાન છોડાવીયા, મદન નમાડિ પાય. ૧૮૪

નીસાસો ભલઈ સરજીઉ, વિરહી નરનઈ સોભ;
પ્રેમ-જલમાંહિ બૂડતાં, દે પડતાનઈ થોભ. ૧૮૯

ખિણ અચેત થઈ સા સુંદરી રે, નાખી સીતલ વાય;
સખી મિલી સવિ એકઠી રે, સમઝાવઈ વલી આય'. ૧૯૧

❋ અગડદત્ત અટવીમાંના વિઘ્નો પાર કરીને જ્યારે શંખપુર તરફ આવે છે ત્યારે માર્ગના કૌતુકો મદનમંજરીને દેખાડે છે. ત્યારનું વર્ણન-

'હવઈ નૃપસુત નિજનારિનઈ, દેખાડઈ પુર ગામ;
આવઈ તરુ જે પંથના, આખઈ તસ વલી નામ. ૫૪૮

વન-વાડી તિહાં રુયડાં, મધુકર કરઈ ગુંજાર;
આરામિક આવી કરી, આપઈ ચંપકહાર. ૫૪૯

કિહાં વલી પેખઈ રુયડા, ચરતા ગોકુલવૃંદ;
દૂધ-દ્દહી લેઈ ગોકુલી, આપઈ આવી નરિંદ. ૫૫૦

કિહાં વલી મૃગ ટોલઈ મિલ્યા, દેખાડઈ નિજનારિ;
ચકિત થઈ જોવઈ તદા, રથ સનમુખ તિણિ વારિ. ૫૫૧

એ મુઝ ક્રીડાથાનક, વનિતા જુઉ પ્રધાન;
ચપલ તુરંગમ નિત ચડી, ખેલંતા ચઉગાન. ૫૫૨

એ સનમુખ નિરખઉ ભલાં, સજલ સરોવર ચંગ;
આવી જલ ક્રીડા ઈહાં, કરતા મનનઈ રંગિ'. ૫૫૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

❋ વસંતઋતુના આગમનનું વર્ણન પણ કવિશ્રીએ સુંદર કર્યું છે.

'મઉર્યા કેસૂ રુયડા, કિં શૂક-વદન સમાન સુંદર;
જાણે મદન નૃપ તિહાં દીયા, તંબૂ લાલ સુવાન સુંદર. ૫૮૧

જાઈ જુઈ વર કેતકી, ફૂલઈ ચંપક વૃક્ષ સુંદર;
દમનો પાડલ માલતી, મોગરના વલી લક્ષ સુંદર. ૫૮૨

મધુર ધ્વનિ મધુકરતણી, સુણીઈ બહુ નિલ ઠોર સુંદર;
જાનો રતિપતિ કેરડી, દુંદુભિ વાજઈ ઘોર સુંદર. ૫૮૩

કોઈ કરઈ ટહુકડા, બઈઠી તરુ સહકારિ સુંદર;
માનુ મદનનૃપ આવતઈ, મંગલ ગાવઈ નારિ સુંદર. ૫૮૪

કોમલ કિસલય લહલહઈ, સોહઈ વૃક્ષ વિસેસ સુંદર;
માનો અનંગનૃપ સુંદરી, પહરઈ નવ-નવ વેસ સુંદર. ૫૮૫

નિરમલ નીર ખડોકલી, ઝીલઈ ન એકંતિ સુંદર;
છાંટઈ જલ પચરક ભરી, નારી કેતા કંત સુંદર. ૫૮૬

છાંટઈ કેસર છાંટણા, ગાવઈ વીણા સુરાગ સુંદર;
ડફ વાજઈ સોહામણા, ભોગી ખેલઈ ફાગ સુંદર'. ૫૮૭

❋ અટવીમાં છાવણી નાખીને અગડદત્તનું સૈન્ય રાત્રિએ સૂતુ છે ત્યારે ભીલ્ર સૈન્ય તેના પર ત્રાટકે છે. એ સમયે અગડદત્તના સૈન્યની યુદ્ધ તૈયારીનું વર્ણન કવિએ વીરરસથી ભર્યું છે.

'નૃપ આણ ધરી શિરિ ઊપરિ, સૂર સુભટ સન્નાહ તિહાં ધરઈ;
લોહ ટોપ આટોપ કરઈ ઘણા, દીસતા અતિ બીહામણા. ૩૮૯

ભરઈ બાણતણા વલી ભાથડા, કરિ ક્રોધઈ લોચન રાતડા;
કરિ કાતી રાતી ઝલહલઈ, કાયર નર દેખી ખલભલઈ. ૩૯૦

વલી આગલિ મયગલની ઘટા, જાણે કરી આવી ઘનઘટા;
અતિ દુદ્ધર સિંદૂર મદિ ભર્યા, પુંતાર ચડ્યા વલી આકરા. ૩૯૧

સૂડાં દંડઈ ખડગ ઉલાલતા, ચાલ્યા અરિજન દલ પાલતા;
પડઘા પડછંદઈ પાડતા, ચાલ્યા ખુર રેણુ ઉડાડતાં. ૩૯૨

હયવર હેષારવ હીંસતા, દેખી નર નાસઈ નીસતા;
ચતુરંગ સેનાસિઉં તિહાં સહી, રણ ભૂમઈ આવઈ કુમર વહી.' ૩૯૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

❋ કવિશ્રીનું પાત્રાલેખન પણ અલંકાર ભર્યું છે. જેમ કે મદનમંજરીનું વર્ણન ઉપમા-ઉત્પ્રેક્ષા અને રૂપકના સમન્વયથી કર્યું છે.

'સેઠસુતા સુંદર સુકુમાલ, રુપઈ રંગ સમાણી;
મદનમંજરી નામઈ ભલી, જાણે મદનની રાણી. ૧૬૪

જાણું બ્રમ્હાઈ ઘડી, શશિ-સુંદર-વદની;
બહુવિધ ભૂષણ સોહતી, માનો પૂનિમ-રજની. ૧૬૬

મૃગનયની મન મોહતી, નાશા દીપ સુચંગા;
દંતિ-પંતિ દાડિમ કલી, અધુર વિદ્રુમ કે રંગા. ૧૬૭

ગૌર વરણ ચંપક લતા, વેણી દંડ પ્રલંબા;
કલકંઠી કોમલવપુ, જાણુ કણયર-કંબા. ૧૬૮

કનક-કુંભ સમ ઉપમા, કુચ યુગ અણીયાલા;
કેહરિ-લંકી સોહાવતી, બોલઈ વયણ રસાલા. ૧૬૯

જંઘ જુગલ કદલી કહું, અતિ નિતંબ વિસ્તારા;
ગયગમણી નમણી સહી, ઝંઝર ઝમકારા'. ૧૭૦

❋ પાત્રાલેખનમાં સ્થાનસાગરજીએ ઝીણવટ પણ સારી રાખી છે.

'દૂરિ થકી દૃષ્ટિ ચઢીઉ, આવંતો અવધૂત રે;
અતિ ઊંચો મોટી તસ કાયા, જાણે એ યમદૂત. ૨૭૯

રાતાં વસ્ત્ર નઈ રાતા લોચન, દીસઈ અતિ વિકરાલ રે;
રાતું ધ્યાન ધરઈ મનમાંહિ, એ નગરીનો કાલ. ૨૮૦

સુંડા દંડ સરિખા દિસઈ, જેહના બે ભુજા દંડ રે;
અતિ લાંબા નઈ દીરઘ જંઘા, દીસઈ જાનુ પ્રચંડ. ૨૮૧

જુવો જટા ધરઈ અતિ મોટી, સંખતણી ધરિ માલ રે;
શ્રવણે લલકતિ સ્ફુટિકની મુદ્રા, ચંદને ચર્ચિત ભાલ'. ૨૮૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંધ્યાકાળે અગડદત્ત હતાશ થઈને બેઠો છે ત્યારે ત્યાં એક સંન્યાસી આવે છે. તેના દેહનું વર્ણન યમદૂત જેવી ઊંચી કાયા લાલ વસ્ત્ર અને લાલઘુમ વિકરાળ આંખો, ગજસુંઢ જેવા મજબૂત બાહુ-યુગલ, લાંબી, દીર્ઘ અને મજબૂત જંઘા, માથે જટા, ગળે શંખની માળા, કાને સ્ફટીકની મુદ્રા, ભાલે ચંદનનો લેપ!...

❋ આર્થિક અલંકારપ્રચૂર વર્ણનોમાં શાબ્દિક અલંકારો પણ સારા પ્રમાણમાં વર્ણવ્યા છે, જેમ કે-

**વર્ણ સગાઈ :** 'જલધી જલ ઉછલ્યા સેષ કઈ સલસલ્યા?'
'વિકટ ભટ નિકટ રિપુ સૈન્ય આવ્યો વહી'
'સબલ કુંદાલ મૂછાલ જે જવિહરી'
'મયગલ ચાલઈ મલપતા'
'એ કપટ-પેટી નિપટ લંપટ'
'અંબ-જંબ બહુ લીંબ-કદંબ, સરલ તરલ તમાલ પ્રલંબ' વગેરે.

**યમક :** 'જાઈ જૂઈ કેતક પરિહરી, હરિ ચડઈ આંક-ધંતૂર'
'પંથી પંથી ન કો વહઈ'
'નૃપનંદન નિજ કરિ કરી શિલા ઉઘાડઈ તેહ' વગેરે.

❋ વર્ણનોની વચ્ચે વચ્ચે પ્રસિદ્ધ સુભાષિતોને પણ સારા પ્રમાણમાં આવરી લેવામાં આવ્યા છે. જેમ કે-

'સ્ત્રીનઈ વલ્લભ એતા બોલ, કલહ-કાજલ નઈ કુંકમ રોલ;
નાદ નીર અનઈ જાગરણ, દૂધ જમાઈ અંગ આભરણ.' ૬૧

'ભલે ભલો સહુકો અછઈ, બુરે ભલો નહી કોય;
આપદ આવઈ જીવનઈ, સગો ન દીસઈ કોઈ'. ૧૦૨

'રહઈ જે નિત એકે ઠામ, કૂપ-મીંડક તસ કહીઈ નામ.' ૧૧૨

'ધીરપણઈ જે હોઈ સદા, તેહથી દૂર રહઈ આપદા.' ૧૧૩

'નીચતણો હોઈ એહ સ્વભાવ, છલ જોવા નિત મંડઈ દાઉ.' ૨૨૪

'નારિતણા એ દોષ સુણો સાત મૂલગા રે, જનમ થકી કરઈ લોભ ન ગણઈ બંધવ સગા રે;
મતિ હોઈ તસ મૂઢ અલીક ન પરિહરઈ રે, દેહી સર્વ અશુચ્ય સાહસ મનિ અતિ ધરઈ રે. ૩૧૩

હોઈ બલ અતિ અંગિ લજ્જા નહી સાતમી રે, મ કરો તસ વીસાસ આણી મનિ મતિ સમી રે;
જે કામી નઈ(૨) આપ આપઈ ચિત્તિ નારિસુરે, તે પડઈ દુખ અગાધિ સજન સુનયો ઈસિઉ રે.' ૩૧૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અગડદત્ત કથામાં આવા વર્ણન-સ્થાનોનો સુંદર લાભ સ્થાનસાગરજી સિવાય બીજા કોઈ પણ રચનાકારોએ લીધો નથી. જો કે કેટલાક સ્થળે અપ્રસ્તુત-પ્રશંસા જેવું પણ લાગે છે. છતાં કયા પ્રસંગે કેવું-કેવું વર્ણન લઈ શકાય? તેના અભ્યાસ માટે આ પ્રબંધ એક ઉદાહરણ રૂપ બની શકે તેમ છે, જેના દ્વારા વર્ણનીય વસ્તુ પ્રત્યેની દ્રષ્ટિ ખૂલશે.

પ્રબંધની ભાષા તરફ દ્રષ્ટિ કરીએ તો ખાસ કોઈ વિશેષતા નથી.

- ષષ્ઠી માટે ક્યારેક 'ચી/ચા' પ્રત્યય વાપર્યો છે. અમ્હચા, તુમ્હચી, કુસુમચી વગેરે, વર્તમાન મરાઠી ભાષામાં પણ ષષ્ઠિના 'ચી/ચા' પ્રત્યયો છે.
- ષષ્ઠીનાં 'ના' બદલે 'ન' પણ વપરાયો છે.
  દા.ત. મોતિના > મોતિન, પુરુષના > પુરુષન વગેરે.
- તૃતીયાદર્શક 'સિઉં' પ્રત્યય પણ યોજાએલ છે.
  દા.ત. કૌતકસિઉં, ગગનસિઉં, વિવેકસિઉં વગેરે.

## ૭) કવિ નંદલાલજી કૃત અગડદત્ત રાસ

પૂજ્યશ્રી મનજીઋષિ > મુનિ નાથુરામ > મુનિ રાયચંદ > રામમુનિના શિષ્ય નંદલાલજીએ ૧૬ ઢાલ-કુલ ૨૭૨કડી પ્રમાણ આ રાસની રચના કરી છે. કવિશ્રી સાધુ કવિ છે કે ગૃહસ્થ કવિ? તે જાણી શકાયું નથી. રાસની રચના સંવત (કોબા ભંડારના સૂચિપત્ર મુજબ) ૧૬૯૮ છે. પરંતુ, 'અઠારાસેઠ' એ પંક્તિ પ્રમાણે આ સંવત ૧૮૬૦ હોય તેવું જણાય છે.

મોહનલાલ દેસાઈએ 'જૈન ગુર્જર કવિઓ'માં આ કવિશ્રીનો ઉલ્લેખ કર્યો નથી. અને અન્ય સ્રોતસૂથી પણ વિશેષ માહિતી પ્રાપ્ત થઈ નથી. પરંતુ રાસમાં અંતે 'અગડદત્ત મુનિએ ૧૬ દિવસનો સંથારો કર્યો' ઢા. ૧૬/૫ એવો ઉલ્લેખ છે. આ પરથી એમ જણાય છે કે કવિ લોંકાગચ્છના છે.

- રચનામાં મારવાડી/રાજસ્થાની ભાષાની છાંટ જોવા મળે છે.

  'પ્રભુજી! થારો નામ પ્રકાશો'. ઢા. ૧૩/૫

  'તસ્કરને ધન લુટિયા, હો ગએ લોગ ફકીર' ઢા. ૫/દૂહો-૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'ચોર જુવારી ઔર મતવાલા.' એ ઢાળ–૭નું આખુ પદ્ય વગેરે...

આ પરથી એવુ અનુમાન બંધાય કે કવિશ્રી રાજસ્થાનના હોય અને પછી ગુજરાતમાં આવી તેમણે મારું ગુર્જરમાં રાસ રચના કરી હોય.

બીજા રચનાકારોની અપેક્ષાએ કવિશ્રીએ કથાઘટકોમાં ઘણો વધારો–ઘટાડો કર્યો છે જે આગળ 'કથા સર્વેક્ષણ'માં જોઈશું.

પ્રસ્તુત રાસની ભાષામાં 'ર' પૂર્વે સ્વરનો લોપ, 'ર્'ના સ્વરનો લોપ અથવા 'ર્'માં સ્વરનો આગમ પણ થયેલો જોવામાં આવે છે. જેમ કે પરધન > પ્રધન, ધીરજ > ધીર્જ, કારણ > કાર્ણ, મર્યાદા > મરજાદા, ભાર્યા > ભારજા વગેરે...

'જ્ઞ' ને બદલે 'ગ્ય' વાપર્યો છે. આજ્ઞા > આગ્યા, જ્ઞાન > ગ્યાન વગેરે...

શબ્દમાં 'એ'ના સ્થાને 'ઐ'નો પ્રયોગ વિશેષ જોવા મળે છે. સૈના, સુખૈ, વાંચૈ, બૈઠો વગેરે...



## ૮) વાચક પુન્યનિધાનજી કૃત અગડદત્ત ચોપાઈ

વૈરાગર નગર મંડણ સુમતિનાથ અને શીતલનાથ પ્રભુના સાન્નિધ્યમાં સંવત ૧૭૧૩માં વિજયાદશમીના દિવસે આ રાસ રચાયો છે. જેના કર્તા શ્રી ભાવહર્ષજી > અનંતહંસજી > ગણિ વિમલઉદયજીના શિષ્ય પુન્યનિધાનજી છે', તેઓ વાચનાચાર્ય હતા. કવિશ્રીએ પોતે જ રાસાન્તે ૧૬મી ઢાળમાં 'પુન્યનિધાન વાણરસ' (વાચનાચાર્ય) એવો ઉલ્લેખ કર્યો છે.

૧૬ ઢાળ અને કુલ ૩૭૬ કડીમાં રચાયેલ આ રાસમાં કવિશ્રીએ દેશીઓ ઉપરાંત દૂહા, કવિત્ત, સવૈયા જેવા માત્રામેળ છંદો વાપર્યા છે. તેમજ સંસ્કૃત સુભાષિતોમાં અનુષ્ટુભ, ઉપજાતિ તથા શાર્દુલવિક્રીડિત જેવા અક્ષરમેળ છંદો પ્રયોજ્યા છે.

રાસના આંગણે ઉપમા, ઉત્પ્રેક્ષા, અતિશયોક્તિ, દ્રષ્ટાંત વગેરેનાં વિવિધ રંગોથી રચાયેલી કાવ્ય રંગોળી મનને આકર્ષિત કરે છે.

❋ 'વિણ રાજા વસતી ઈસી જ્યું નાહ વિહુણી નારી' ઢા. ૨/દુહો–૧

નાથ વિનાની નારીની જેવી દશા હોય છે તેવી જ દશા રાજા વિના પ્રજાની હોય છે. અહીં રાજા નાથની અને પ્રજા નારીની ઉપમાથી ગુંથાયા છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

❋ 'સોહઈ નંગ પરિ મુદ્રુકા સોહઈ ગયણ જૂ સૂર;
તિમ નગરી રાજા કરી, પ્રતપઈ તેજ પંડૂર.' ઢા. ૨, દૂહો-૨

જેમ 'નંગ મુદ્રિકાને અને સૂર્ય ગગનાંગણને શોભાવે તેમ મહારાજા નગરીને શોભાવી રહ્યા છે. આવી ઉપમા આપીને કવિએ મહારાજાની શોભામાં અભિવૃદ્ધિ કરી છે.

'અગડદત્ત ઉયરઈ તસુ આયઉ, જાયઉ સુભ દિન-વાર રી માઈ;
મહામાય જાયઉ જિમ ષટમુખ, સિંચી જયંતકુમાર રી માઈ.' ઢા. ૨/૬

મહામાતા=પાર્વતીની કુક્ષિથી જેમ કાર્તિકેયનો જન્મ થયો, શચી=ઈંદ્રાણીની કુક્ષિથી જેમ જયંતકુમારનો જન્મ થયો તેમ માતાની કુક્ષિથી અગડદત્તનો જન્મ થયો. 'કુક્ષિસરોવરમાં હંસ' કે 'સુક્તિમાં મોતી' જેવી પરંપરાગત ઉપમાઓને બદલે અહીં નવી જ ઉપમા રજૂ થઈ છે.

❋ 'બેઉ મિલીયા દીસઈ એહવા રે, યું સાગર-ગંગા મેલ.' ઢા. ૭/૮

અગડદત્ત અને રાજપુત્રીના સંગમનું દ્રશ્ય નિહાળી કવિની નજર સમક્ષ સાગર અને ગંગાનું સંગમ સ્થળ ઉપસ્થિત થઈ ગયું.

❋ 'મોટા મેહ નમઈ સદા રે લાલ, તરુ પણ નમઈ તિમીવ;
માનવ તિમ મોટા જિકે રે લાલ, સહજઈ નમઈ સદીવ.' ઢા. ૪/૧૭

અગડદત્તે મહારાજાને પ્રથમ સમાગમમાં જ વિનયથી રંજિત કરી દીધા ત્યારે રાજા વિચારે છે - મેઘ કે તરુવર મોટા હોય તો નમ્ર રહે છે તેમ મોટા (=ઉત્તમ) માનવ પણ (વિનયથી) સહજ નમી પડે છે. કવિએ માનવની મોટાઈને મેઘ અને તરુવરની મોટાઈ સાથે માપી છે.

❋ 'ચોરિમઈ બઈઠા વર-વીંદણી રે, યું રોહણ-ચંદા પાસ' ઢા. ૭/૪

લગ્નની ચોરીમાં બેઠેલા વર (અગડદત્ત) અને વધૂ (કમલસેના) ચંદ્ર અને રોહિણી જેવા શોભે છે.

❋ 'તપ તેજઈ દિણયર જિસા રે, સોમ દ્રષ્ટિ સોમ મહાન;
સુરતરુ સુરગવિ સારિખાજી, ધીરમ મેર પ્રમાણ.' ઢા. ૧૩/૪

અટવીમાં ભૂલા પડેલા અગડદત્તને સાહસગતિ મુનિના દર્શન થયા. તે મુનિનું તપ તેજ સૂર્ય જેવું, તેમની સૌમ્યતા સોમ (=ચંદ્ર) જેવી અને તેમની ધીરતા મેરુ જેવી છે. આથી જ મુનિ કલ્પવૃક્ષ કે કામધેનુ જેવા લાગે છે. અહીં અનેક ઉપમા દ્વારા મુનિગુણનું સુંદર દર્શન થયું છે.

❋ 'સુપ્રસિદ્ધ નગરી સંખઉરી, અવિચલ જાણિ કિ અલકાપુરી;
સુખીયા લોક વસઈ સિરદાર, અભિનવ રૂપ અમર અવતાર.' (ઢા. ૧/૧)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંખપુરી એટલી સુંદર છે કે એને જોતા એવું લાગે કે જાણે અલકાપુરી છે અને ત્યાં વસતા લોકોના રૂપ દેવો જેવા છે.

❃ નગરની સ્ત્રીઓના રૂપને કવિએ અનેક અલંકારોથી વિભૂષિત કર્યું છે –

'કનકવરણ દીસઈ કામિની દ્યુતિ ઝલકઈ જાણે દામિની;
હલકી ચાલઈ યું હાથિણી, માતી ડીલ ઈસી નહુમિણી. ઢા. ૧/૬

ચંદ્રમુખી ચઉકઈ ઉજલઈ, ચિત્ત દેખે સુરનરનું ચલઈ;
અણીઆલી સોહઈ આંખડી, પોયણની જાણે પાંખડી. ઢા. ૧/૭

રૂડી વેણી સિર રાખડી, જાણે મણિધર દાખઉ જડી;
સોહઈ નાક ઈસો સંપુટો, પ્રહસિત જાણે તરુ પોપટો.' ઢા. ૧/૮

❃ 'ઊંચા ઈસા અરસનઈ અડઈ, ખસતા મેહ જિહાં આખુડઈ;' ઢા. ૧/૧૧

નગરમાં હવેલીઓ એટલી ઊંચી છે કે આભને અડી જાય છે અને આગળ વધતા મેઘ પણ ત્યાં અફડાય છે. કવિશ્રીએ કુશળ ચિત્રકાર બનીને શંખપુરની હવેલીઓ પર અતિશયોક્તિના ચિત્રો ઉપસાવ્યા છે.

❃ 'ચકિત દ્રષ્ટ ચિહું દિસિ જોવઈ, વિલખઈ વદન નરિંદો રે;
તાલભ્રષ્ટ નટુઈ પરઈ, વિદ્યાગત ખચરિંદો રે. ઢા. ૫/૯
ફાલ વિછોટઉ વાનરઉ જ્યઉં, માલ ગમાયઈ લોકો રે;
તિણપરિ કુમર ઉચાટીયો, ઈત-ઉત રહ્યઉ વિલોકો રે.' ઢા. ૫/૧૦

ચોરને પકડવાનું બીડુ લીધા પછી છ-છ દિવસ વીતી ગયા હોવા છતાં ચોરનો કોઈ અણસાર પણ ન મળ્યો, ત્યારે અગડદત્ત વિલખો થઈને ચારે બાજુ જોયા કરે છે. તે સમયની અગડદત્તની પરિસ્થિતિને નૃત્યકાર તાલ ચૂકી જાય, વિદ્યાધરની વિદ્યા એકાએક ચાલી જાય, વાનર ફાળ ચૂકી જાય, લોકોનું ધન લુંટાઈ જાય તે વેળાની નૃત્યકાર, વિદ્યાધર, વાનર કે લોકોની પરિસ્થિતિ સાથે સરખાવી છે.

❃ 'સોલ સિંગાર કીયઈ ખડી, સોલ કલા મુખચંદ' ઢા. ૩/૧૯

મદનમંજરીનું મુખ જાણે ચંદ્ર છે અને સોળ શણગાર એ ચંદ્રની સોળ કળાઓ છે. અહીં શણગારને પણ કવિએ રૂપક અને ઉત્પ્રેક્ષાના શણગારથી શોભાવ્યા છે.

❃ 'જેના મનમાં જે વસ્યા હોય તેમાં જ તેને આનંદ આવે' આ હકીકત સમજાવવા કવિ દ્રષ્ટાંત આપે છે. હંસને માનસરોવરમાં અને કરભ (=ઊંટ) ને સ્થલી (=રેતાળ રણ)માં જ આનંદ આવે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'જે જણરઈ સાજન મનિ વસઈ, તે તિણસુ રંગ રાસ;
હંસઉ માનસરોવર રય કરઈ, કરહઉ થલીયાં વાસ.' ઢા. ૭/૧૦

❋ 'સેષ સિર સલયલઈ, સમુદ્ર જલ છલછલઈ, મેરધર ધ્રસક પાતાલ ધાયઈ;
સૂર ઝાંખઉ ઘણું, ગયણ રજ ગુગલઉ, રાત-દિન તણી નવિ ખબર પાયઈ.' ઢા. ૮/૨

અગડદત્ત સૈન્ય સાથે પોતાની નગરી તરફ પાછો વળે છે. ત્યારે સૈન્યની ગતિને કવિ અતિશયોક્તિથી નવાજે છે. સૈન્યના ભારથી શેષનાગનું મસ્તક સળવળવા લાગ્યું. સમુદ્રનું પાણી ઉછળવા લાગ્યું, મેરું જેવો મેરુ ધ્રુજતો-ધ્રુજતો પાતાલમાં ઘુસી ગયો. સૈન્ય ચાલે છે અને એટલી બધી રજ ઉડે છે કે જેના કારણે સૂર્ય પણ ઝાંખો પડી ગયો. અને તેથી અત્યારે દિવસ છે કે રાત્રિ? તેની ખબર પણ પડતી નથી.

❋ 'ભેટ કરી વિનવીયઉ ભૂપતિ, કહ્યઉ ચરિત તતકાલ રી માઈ;
વાડિ કાકડી ખાયુ વિગ્ગડઈ, રાખઈ કુણ રખપાલ રી માઈ. ઢા. ૨/૧૩

પાણી હૂંતી ઉઠઈ પાવક, વિધુ વરસઈ વિષધાર રી માઈ;
માતા જો સુતકુ લે મારઈ, કીજઈ કેથ પુકાર રી માઈ.' ઢા. ૨/૧૪

અગડદત્તથી ત્રાસી ગયેલા નગરજનો રાજાને ફરિયાદ કરે છે કે - 'રાજકુમાર જ જો પ્રજાને ત્રાસદાયક બને તો પ્રજા ક્યાં જાય? કોને કહે?' અહીં કવિએ 'વાડ જ કાકડી ગળી જાય' એ કહેવતની પાછળ દ્રષ્ટાંતોની હારમાળા મૂકી છે- 'પાણીમાંથી જ આગ ઉઠે તો ક્યાં જવું?' 'ચંદ્ર પોતે જ જો વિષધારા વર્ષાવે તો કોને કહેવું?' 'માતા જ જો પૂત્રના પ્રાણ હરી લે તો ક્યાં જવું?'

❋ પ્રસ્તુત રાસમાં કાવ્યાત્મક રીતે સ-રસ પ્રસંગ નિરુપણ થયું છે. જેમ કે - મત્તહાથીના તોફાનનો (ઢા. ૪, ૧થી ૪) અને તેને વશ કરવાનો પ્રસંગ (ઢા. ૪/૬થી ૧૨), પારિવ્રાજક સાથે અગડદત્તનો નગરમાં ચોરી કરવાનો પ્રસંગ (ઢા. ૬), ચોરના ભૂગૃહમાં બનેલો પ્રસંગ (ઢા. ૭, દૂહા ૧થી ૧૩), અગડદત્ત સાથે કમલસેનાનો લગ્નોત્સવ (ઢા. ૭/૧થી ૧૩), અગડદત્તનો નગર પ્રવેશ (ઢા. ૧૦) વગેરે....

ઢાલ-૧૩ માં સાહસગતિ નામના ચારણ શ્રમણના ગુણોનું સવિસ્તાર વર્ણન કર્યું છે, ઢાલ-૧૨માં સ્ત્રી-ચરિત્રનું વર્ણન કરતા અનેક દ્રષ્ટાંતો ટાંક્યા છે રાજા ભર્તૃહરિ અને પિંગલારાણી, નૂપુરપંડિતા, રાજા ભોજ અને રાણી ભાનુમતી, બ્રાહ્મણ અને કોઈ સ્ત્રી, રાવણ, લલિતાંગ, કોણિક, કીચક - દ્રૌપદી - ભીમ.

આમ આ કૃતિ કાવ્યદ્રષ્ટિએ એક અભ્યસનીય કૃતિ બની રહે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(ગુણવિનયજી તથા પુન્યનિધાનજીની કૃતિની હસ્તપ્રત પુષ્પિકામાં 'ચોપાઈ' તરીકે ઉલ્લેખ હોવા છતા રચનાની દ્રષ્ટિએ આ બન્ને કૃતિઓ રાસ હોવાથી અહીં તેનો 'રાસ' તરીકે જ ઉલેખ કર્યો છે. જો કે મૂળ કૃતિમાં આ વિષયક કોઈ ઉલેખ નથી.)



## ૯ ભીમ(શ્રાવક)કૃત અગડદત્ત પ્રબંધ

તપાગચ્છીય હેમવિમલસૂરિજી (વિ. સં. ૧૫૨૨-૧૫૮૩) > સૌભાગ્યહર્ષસૂરિજી (વિ.સં. ૧૫૫૫-૧૫૮૭) ના શિષ્ય હર્ષજય પંન્યાસ નડીયાદમાં ચાતુર્માસ રહ્યા હતા ત્યારે ૫ ખંડ અને ૪૬૭ કડી પ્રમાણ આ રાસ સંવત્ ૧૫૮૪ અષાઢ વદ ૧૪ ના દિવસે ભીમ શ્રાવકે રચ્યો છે.

❈ પાંચમાં ખંડને અંતે તે સમયના નડીયાદના શ્રાવકોના નામ અને ગુણ વર્ણવ્યા છે. અતિશય દાન અને તપ કરનાર જિનદાસ, જીવદયાપાલક, ગુરુ-આજ્ઞાકારી તથા જેણે ઘરમાં દાનશાળા ખોલી હતી તે જૂવરાજ, જગત્પ્રસિદ્ધ પુણ્યશાળી જાવડ, રૂપવંત રૂપાશા, પુણ્યકાર્યાનંદી હરચંદ, નાગરવંશીય શામાલ, શાહ સાણાના પૂત્ર નાકર વગેરે...

❈ કવિશ્રીએ કૃતિની શરૂઆતમાં જ 'રાસ' તરીકેનો ઉલ્લેખ કર્યો છે. 'અગડદત્ત રષિરાયનું રાસ રચિશિ વિસ્તારી' ૪. પરંતુ પાંચે ખંડને અંતે પ્રસ્તુત કૃતિને 'પ્રબંધ' તરીકે વર્ણવી છે.

'પાંચે ખડે પોઢે કરી રચિઓ એહ પ્રબંધ;
ભીમ ભણે ભવીઅણ! સુણો, તો છુટે ભવબંધ.'

આ એકજ દૂહો પાંચે ખંડને અંતે ટાંકેલો છે. આ ઉપરાંત પાંચમાં ખંડની ૭૧ મી કડીમાં પણ પ્રબંધ તરીકેનો ઉલ્લેખ છે.

'એ કથા કિહાંથી કથી?, કિમ જાણ્યો સંબંધ?;
કહે કવિ તે મે કિહાં સુણી?, કિમ કીધો પ્રબંધ?.

આ ઉલ્લેખ પરથી તથા કૃતિ રચના પરથી પ્રસ્તુત કૃતિનો અહીં 'પ્રબંધ' તરીકે ઉલ્લેખ કર્યો છે.

❈ માત્ર એક દેશી સિવાય સમગ્ર રચના ચોપાઈ તથા દૂહામાં છે.

❈ કવિશ્રીએ કૃતિની શરૂઆતમાં જ શ્રી સરસ્વતી દેવીની અલંકાર પ્રચૂર લાંબી (૪ દૂહા+૧૩ ચોપાઈમાં) સ્તુતિ કરી છે. તે સ્તુતિમાંની કેટલીક અલંકાર-પ્રસાદિ -

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

❋ 'વિણ દંડ શિરિ લહકઈ ઈસ્યુ, જાણે કૃષ્ણ ભૂઅંગમ જસ્યું'.
❋ 'પંકજદલ જીપે આંખડી.'
❋ 'અધરરંગિ પરવાલી હસઈ.'
❋ 'વદનકમલિ પુનિમ સશી વસે.'
❋'કાને કુંડલ ઝલકે ઈશા, ચંદ્ર-સૂર ભામંડલ જશા.'
❋ 'નાશા જેહવી તિલનું ફૂલ.'
❋ 'ધનુષાકારે ભમુહિ વાકુડી, જાણે મયણતણી આકુડી.'
❋ 'દંત દાડિમ ફૂલી હુઈ જશી.'
❋ 'કમલનાલ બેહુ ભૂજ ચંગ.'
❋ 'લંકિ હારિ માને કેસરી.' વગેરે.......

❋ અગડદત્તકથાની શરૂઆત ભીમ કવિએ કાંઈક વિશિષ્ટ રીતે કરી છે. રાજગૃહી નગરીમાં પ્રભુવીર સમવસર્યા છે. શ્રેણિક રાજા ત્યાં વંદન કરવા જાય છે. શ્રેણિક મહારાજા નારિ-ચરિત્ર પર કથા સંભળાવવાની વિનંતિ કરે છે. ત્યારે પરમાત્મા આ અગડદત્ત કથા કહે છે. જો કે કોઈ પણ કથાને ભગવાન કે ગણધર વગેરે મુનિ ભગવંતોના મુખેથી જણાવવાની પદ્ધતિ મધ્યકાલીન સાહિત્યમાં પરંપરાગત છે. છતા અગડદત્ત વિષયક અન્ય સર્વ રચનાઓમાં આ રીતે કથા પ્રારંભ થયો નથી.

❋ કવિશ્રીએ વિવિધ અલંકાર સુંદર રીતે પ્રયોજ્યા છે -

❋ 'દિન-દિન વૃદ્ધિ કરે કુંઆર, શુક્લ પક્ષિ યમ સસિહર સાર' ૧/૩૨

અગડદત્તકુમાર્ શુક્લપક્ષ ચંદ્રની જેમ દિવસે-દિવસે વૃદ્ધિ પામે છે.

❋ 'ગજ બાંદ્ધિઓ નવિ છાંડે ઠામ, જમ ચિત્રકે લખીઉ ચિત્રામ' ૨/૩૨

અગડદત્તે મત્ત હાથીને વશ કરી એક વૃક્ષ સાથે બાંધી દીધો ત્યારે હાથી એવી રીતે સ્થીર થઈ ગયો, કે જેમ ચિત્રમાં દોરેલો હોય.

❋ 'રથ ખેડ્યો બેસારી નારિ, ચાલે અશ્વ જમ ગંગા-વારિ' ૪/૧૧

અગડદત્તે મદનમંજરીને બેસાડીને રથ દોડાવ્યો. આ પ્રસંગે અશ્વની ગતિ ગંગાનદીના પાણી જેવી લાગે છે.

❋ 'કાને કુંડલ ધરે વિશાલ, અંધારે તે કરે અજુઆલ.' ૩/૭૩

અગડદત્તે રાજપૂત્રી સાથે લગ્ન સમયે માથે મુગટ અને કાને કુંડલ પહેર્યા. એ કુંડલ એટલા ઝગમગાટ કરતા હતા કે અંધારામાં પણ અજવાળા પાથરે... અતિશયોક્તિ અલંકાર દ્વારા કુંડલની શોભાવૃદ્ધિ થવા સાથે એ કુંડલોમાં રત્નો જડેલા હશે એવું અનુમાન પણ થાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

❃ કવિશ્રીએ બે કહેવતો પણ રાસમાં મુકી છે.

'રાય કહે સવિ જાઈ ટલિઉ, ખીચડ ખાવા ટોલુ મલિઉ' ૨/૨૨

પલ્લીપતી તવ ચિંતે ઈસ્યું, ''આકડે મધ'' સુ કિઈ કિસ્યું?' ૪/૨૩

❃ પ્રબંધગત વર્ણનો નિહાળીએ તો ખ્યાલ આવે કે કવિશ્રીએ વર્ણન સ્થાનોનો સુંદર લાભ લીધો છે. તેમાં પણ નગરીમાં વસતા લોકોનું વર્ણન (કડી-૧/૬૧ થી ૧/૭૦)

❃ અગડદત્તના રાજપૂત્રી સાથેના લગ્નનું વર્ણન (કડી - ૩/૬૮ થી ૩/૭૭)

❃ શ્રેષ્ઠીપુત્રીનું ચરિત્ર જોયા પછીના ચોરના મનોભાવોનું વૈરાગ્યમય વર્ણન (કડી ૪/૨૯ થી ૪/૪૩) વગેરે વર્ણનો તો ખૂબ સુંદર લાગે છે.

❃ પ્રસ્તુત પ્રબંધની રચના પંન્યાસ હર્ષદત્તજી એ વ્યાખ્યાનમાં વર્ણવેલ અગડદત્ત કથાને આધારે થઈ છે.

## ૧૦) માન / મહિમાસિંહજી કૃત અગડદત્ત રાસ

૧૪ ઢાલ, કુલ ૪૭૭ કડી પ્રમાણ આ [1]અગડદત્તરાસની રચના વિ. સં. ૧૬૭૫, આસો વદ - ૧૩, રવિવારના દિવસે કોટડા નગરમાં સંભવનાથ પ્રભુના સાનિધ્યમાં થઈ છે.

પ્રસ્તુત રાસના કર્તા માન/મહિમાસિંહજી ખરતર ગચ્છીય જિનસિંહસૂરિજી (વિ. સં. ૧૬૧૫ થી ૧૬૭૪) > [2]જિનરાજસૂરિજી (વિ. સં. ૧૬૪૭ થી ૧૬૯૯) > વાચક શિવનિધાનજીના શિષ્ય છે. મહિમાસિંહની અન્ય રચનાઓ-કીર્તિધર સુકોસલ પ્રબંધ (ર. સં. ૧૬૭૦), મેતાર્ય ૠષિ ચોપાઈ (ર. સં. ૧૬૭૦), ક્ષુલ્લકકુમાર ચોપાઈ, ઉત્તરાધ્યયનગીતો (ર. સં. ૧૬૭૫), વચ્છરાજ હંસરાજ રાસ (ર. સં. ૧૬૭૫) વગેરે પ્રાપ્ત થાય છે. તેમાં કવિશ્રીના 'માનચંદ' અને 'માનસિંહ' નામો પણ મળે છે.

---

૧. ટી૦ - જૈન ગુર્જર કવિઓ ભા. ૩ પૃ. ૧૬૪ પર મહિમાસિંહજીની કૃતિ-સૂચિમાં 'અર્હદ્દાસ પ્રબંધ' નો માત્ર નામોલ્લેખ છે. તથા પ્રસ્તુત રાસનો કોઈ ઉલ્લેખ નથી. તેથી એવું જણાય છે કે તે અર્હદ્દાસ પ્રબંધ એ જ પ્રસ્તુત રાસ હોય.

૨. ટી૦ - તેમનુ દીક્ષા નામ 'રાજસમુદ્ર' હતું. વિ. સં. ૧૬૭૫ ફાગણ સુદ - ૭ ના દિવસે આચાર્યપદ પ્રાપ્ત થયું. ત્યારે તેમનું નામ 'જિનરાજસૂરિ' થયુ. પ્રસ્તુત રાસ તે જ વર્ષે આસો માસમાં રચયેલો હોવાથી કવિશ્રીએ તેમનું 'જિનરાજસૂરિ' નામ પ્રયોજ્યુ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

❀ પ્રસ્તુત રાસ ઉત્તરાધ્યયન પરથી રચાયો છે. તેનો ઉલ્લેખ કવિશ્રીએ કર્યો છે.

'શ્રી ઉત્તરાધ્યયનઈ એ કહ્યો, એ ચોથઈ અધિકાર;
જે અધ્યયન અસંખીયો, નિદ્રાભેદ વિચાર'.

પરંતુ, તેની કઈ ટીકા પરથી રચના થઈ છે? તેનો ઉલ્લેખ કર્યો નથી. રાસમાના કથા-ઘટકો તથા પ્રયોજાયેલા સુભાષિતો વગેરે પરથી એવું નક્કિ થાય કે શ્રી નેમિચંદ્રસૂરિજીની ટીકાને સામે રાખીને રાસ રચના થઈ છે.

❀ સંવાદાત્મક ભાષામાં રચાયેલ આ રાસમાં કોઈ નવા કથા ઘટકો ઉમેર્યા વિના ખૂબ સુંદર રીતે કથા ઘટના થઈ છે.

❀ કવિશ્રીએ રાસ-દેહને ઉપમા, ઉત્પ્રેક્ષા, રૂપક, નિદર્શના, અન્યોક્તિ, અતિશયોક્તિ વગેરે કાવ્યાલંકારોથી નખશિખ વિભૂષિત કર્યો છે.

❀ 'જિમ મયંગલ મદ ઝુરતો, મદ મોકલ અતાર;
વિણુ અંકુશ ઇચ્છાચારી, તિમ એહ કુમાર'. ૨૫

યૌવનવયમાં વૈભવાદિથી છકી ગયેલા અગડદત્ત રાજકુમારને અહી મદોન્મત હાથી સાથે સરખાવાયો છે.

❀ 'રાજા કોપઈ ધમધમ્યો, જિમ ઘૃત અગન મઝરી;
સૂતો સાપ જગાવિયો, તિમ સોચઈ ન વિચાર'. ૩૨

અગ્નિમાં ઘી હોમાય કે સુતો સાપ જાગે એ રીતે સુંદરરાજા ક્રોધે ધમધમ્યા.

❀ 'જિમ જલ સિચ્યો લાકડૌ, નવિ જલ બોલૈ તાસ લલના;
તિમ મુઝ તિમ સુત તૂં અવગુણી, ક્રિમ મારુ નિજ પાસિ?' લલના. ૪૪

સુંદરરાજા અગડદત્તને કહેછે - 'લાકડુ જલથી સિંચાયેલુ હોવા છતા જલ તેને ડુબાડતુ નથી - પોતાની અંદર રાખતુ નથી, તેમ હું તને અહીં રાખવા ઈચ્છતો નથી'.

❀ 'કુમર ખડગ નિજ કર ગ્રહ્યૌ, સયલ હથિઆર સંભાલૈ રે;
ઉઠયૌ કેસરી સીંઘ જ્યૂં, નિજ કારજ મન ચાહૈ રે'. ૧૫૭

સન્યાસીના વેષમાં રહેલાં ભુજંગમ ચોર સાથે અગડદત્ત રાત્રિએ ચોરી કરવા નીકળે છે. ત્યારે તેને સિંહની ઉપમા આપીને વિકરાળતા દર્શાવી છે. જેના દ્વારા 'ભુજંગમ ચોરને જ એ ભારે પડશે' એવું વ્યંજિત કરાયું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

❋ ‘ઉઠિઓ કુમર ખડગ ગ્રહી, કેહરી જિમ ગજ દેખિ રે;
સહસ સારિખો એકલો, ઝુંઝૈ પ્રબલ વિસેષિ રે’. ૩૦૫

અગડદત્ત અને દૂર્યોધન ચોરના યુદ્ધ સમુહે સિંહ અને હાથીની ઉપમા આપવા દ્વારા અગડદત્તનો વિજય નિશ્ચિત કરી આપ્યો છે.

❋ ‘વસિ આણો જાણો ગજ બંધી, કુદિ ચડ્યૌ તદિ મેંગલ-ખંધિ;
એરાવણ જિમ બૈસઈ ઈંદ, અગડદત્ત તિમ ધરંઈ આણંદ’. ૧૦૧

‘એક ઘાવ ઢાહિઉ તવઈ, દુર્જોધન સંન્યાસી રે;
વજ-ઘાયૈ પરબત જિમ, દુ ચોર અવનાસિ રે’. ૩૦૬

અનુક્રમે-મત્તહાથીને વશ કરી તેના પર આરૂઢ થઈ ગયેલા અગડદત્તને ઐરાવણ પર આરૂઢતા ઈંદ્ર સાથે, દૂર્યોધન ચોર પર અગડદત્તે કરેલા પ્રહારને પર્વત પરના વજ્રઘાત સાથે સરખાવ્યો છે.

❋ ‘કોલાહલ સંભલે કુમાર, જાણે સમુદ્ર કલોલ અપાર’. ૯૦

નગરજનોનો કોલાહલ એટલે જાણે સમુદ્રના મોજાઓનો ખળખળાટ!...

❋ ‘જાણે પર્વત ધાયો જાય, મઈંગલ કુમર મિલ્યા બેહુ આય’. ૯૭

મદોન્મત્ત હાથી દોડે છે જાણે પર્વત દોડતો હોય!... ઉપરોક્ત બન્ને ઉત્પ્રેક્ષા નગરજનોનો ભય અને હાથીની વિકરાળતા વધુ તીવ્ર દર્શાવે છે.

❋ ‘પુરૂષરત્ન અત ઉત્તુમ લોઈ, એક ખોડિ તિણિમાહિ હોઈ;
ચંદ કલંકિ સાગર ખાર, કેતકિ કંટા દિવ વિકાર. ૧૭

પંડિત નિર્ધન કૃપણ નરેસ, અતિ સૂંદર દોભાગિ વેસ;
હોઈ વિજોગ ઘણી જીહા પ્રિત, કામદેવ વિણુ દેહ કુરીતિ. ૧૮

સજન-ઘરિ દારિદ્ર વિચારી, મૃગ લોચન દીધા કિરતાર;
નાગર વેલિ નિફલ સંસાર, ચંદન ફલ વિણ ફૂલ સુધાર’. ૧૯

‘ઉત્તમ પુરૂષોમાં પણ ખામી હોય છે’. એ ઉક્તિને સબળ બનાવવા અનેક દ્રષ્ટાન્તો અહીં આપ્યા છે. ચંદ્રમાં પણ કલંક, સાગરમાં પણ ખારાશ, કેતકીમાં પણ કાંટા અને દેવલોકમાં પણ વિકાર હોય છે. પંડિત નિર્ધન અને રાજા કૃપણ હોય છે. રૂપવાન પુરૂષને પણ દુર્ભાગ્ય પ્રાપ્ત થાય છે. પ્રીતિ જ્યાં ગાઢ હોય ત્યાં વિયોગ હોય છે. કામદેવ જેવો કામદેવ પણ અનંગ (=દેહ વિનાનો) છે. સજ્જનના ઘરમાં દરિદ્રતા હોય છે. વિધાતાએ પણ (નારીને બદલે) મૃગને (સુંદર) લોચન આપ્યા છે. તો નાગરવેલ અને ચંદનવૃક્ષ બન્ને ફળ વિનાના હોય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

❋ વિષધર ચાલેં નિચેં સીસ, વિછુ ઉચે પુઠે રીસ;
ઠાલો નેવર વાજેં ન્યાય, ઉત્તમ નિજ ગુણ કહણ ન જાઈ'. ૧૧૮

'ઉત્તમપુરૂષો પોતાના ગુણ ગાતા ફરતા નથી', એ સામાન્ય કથન વિશેષથી પુષ્ટ કરાયું છે - વિષધર (=સર્પ) (અઢળક વિષ હોવા છતાં) ઉંચો થઈને ફરે છે. ઝુંઝર પણ ખાલી હોય તો વધુ વાગે છે.

❋ ધૂતા હોઈ સલખણા, અસતિ હોઈ સલજ;
ખારા પાણિ સિઅલા, બહુ ફલા અકજ. ૧૮૮

ચોરની બહેન વીરમતી મીઠું-મીઠું બોલે છે ત્યારે અગડદત્તના વિચારોમાં દ્રષ્ટાંત અલંકારના દર્શન થાય છે. ધૂર્તલોકો લક્ષણયુક્ત, અસતિ લજ્જાળુ, ખારા પાણી શીતલ અને અકાર્યો બહુ ફળ-વાળા હોય છે.

❋ 'મિઠા બોલા માણસા, કેમ પતિજણ જાઈ?;
નિલકંઠ મધુરો લવૈ, સરસ ભોયંગમ ખાઈ. ૧૮૯

મીઠાબોલા માણસો પર એકદમ વિશ્વાસ ન મુકાય, મોર મધુર ગાવા છતા સર્પ જેવા સર્પને પણ ખાઈ જાય છે. અહીં સામાન્યને વિશેષ પુષ્ટ કરવાની સાથે વીરમતીની ક્રુરતા દર્શાવાઈ છે.

❋ 'માતા-પિતા અતિ જો કુપઈ, તો પણ અમૃત-બીંદ;
ઉનૈ પાણિ ઘર કિમ જલૈ?, અવિહડ નેહસૂં કંદ'. ૨૩૭

માતા-પિતા એ તો પાણી છે. પાણી ગમે તેટલુ ગરમ થાય છતાં તેનાથી ઘર ઓછુ બળે? માવતરનો ક્રોધ પણ અમૃતનું બિંદુ છે... સુંદરરાજા અને સુલસારાણીએ અગડદત્તને બોલાવવા દૂતો મોકલ્યા એ પ્રસંગે માતા-પિતાના પૂર્વનાં ક્રોધને દ્રષ્ટાંત આપવા દ્વારા પ્રસંગની રસિકતા ખૂબ સુંદર આલેખાઈ છે.

❋ 'સેવા તરૂ સહકારનિ, કુસમ છાંહ ફલ હોઈ રે;
જે અબલ તરુ સેવિયઈ, ત્રિહુંમાહૈ એક ન હોય રે. ૨૧૧

ઉત્તમ સંગતિ સૂખ લહૈ, ગુણ સંપતિ અભિરામ રે;
પારસ સંગતિ લોહ, જિમ પાવૈ કંચન નામ રે.' ૨૧૨

ઉત્તમ પુરુષોની સંગતિથી સુખ-પ્રાપ્તિ અને ગુણ-પ્રાપ્તિ થાય છે. સહકાર (=આમ્રવૃક્ષ) ની સંગતિથી છાંયડો, પુષ્પ અને ફળ મળે છે. જે અબલ (=વરુન નામની વનસ્પતિ) પાસે મળતા નથી. અને પારસમણિના સંગે લોઢુ પણ સુવર્ણ બની જાય છે. અહીં પણ દ્રષ્ટાંત અલંકારનું સુંદર નિરૂપણ જોવા મળે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

❃ સોઈ સોનો કીજઈ કિસો?, જિણિનઈ તૂટઈ કાન લલના;
ખિર-ખાંડ કિણિ કામનો?, ફુંટઈ પેટ નિદાન લલના. ૩૬

વલ્લભ સોનાની છૂરી, પેટ ન મારઈ કોય લલના;
પૂત કયોત ન રાખિપુ, જિણ કુલ-અપજસ હોય લલના' ૩૭

જો પુત્ર કુલનો અપજસ કરનારો કપુત્ર હોય તો તેને રખાય નહી. સુંદર મહારાજાની આ માન્યતાને સબળ બનાવવા કવિશ્રીએ દ્રષ્ટાંત આપ્યા છે. જેનાથી કાન તૂટે તે સુવર્ણ (ના કુંડલ) શા કામના? જેને કારણે પેટ ફૂટે તે ખીર-ખાંડ શા કામના? પ્રિય લાગતી સોનાની છરી કોઈ પોતાના પેટમાં મારતું નથી જ.

❃ 'તુમ વિણ પ્રિતમ! મઈ સહિજી, નયણ ગમાયા રોઈ;
મુઝ હાથૈ છાલા પડ્યાજી, ચિર નિચોઈ નિચોઈ', ૨૨૫

મદનમંજરીએ અગડદત્તના વિરહમાં રોઈ-રોઈને નયનો ખોયા છે. અને અશ્રુજલ લૂછેલા વસ્ત્રો નીચોવી નીચોવીને તેના હાથમાં છાલા પડી ગયા છે. અહીં અતિશયોક્તિના પ્રયોજનથી વિરહ તીવ્રતર દર્શાવ્યો છે.

❃ 'સિંહગુફા સેવ્યા લહૈ, ભલ મોતિ ગજદંત;
કુકર ઘર સેવા થકી, ચલકૈ ચમહ લહંત ૨૧૭

❃ સિંહની ગુફાએ જઈએ તો (હાથીના ગંડસ્થલમાંથી ઝરેલા) મોતીઓ અને હાથીદાંત મળે. જ્યારે કુતરાના ઘરમાં ચામડુ જ મળે. અહીં અન્યોકિત દ્વારા ઉત્તમ અને અધમ પુરૂષોના સંગથી થતા લાભ અને ગેરલાભ વર્ણવાયા છે.

❃ 'કરણિ દેખ કપાસકી, જેસી તનકિ ધાર;
દુખ સહૈ સીર આપણૈ, ઢાકૈ પરહ સરીરી'. ૩૬૩

અહીં કપાસની કરણિ (=ઠાલા) ના બહાને સજ્જનોની ગુણ-સ્તુતિ થઈ છે. તેઓ પોતે દુઃખ સહન કરીને બીજાને સુખ આપે છે.

❃ 'બપયૌ ત જલ પીયઈ, જંઘણઉ નવિ દેઈ;
માણ વિહૂંણૌ ધરણિ-તલિ, મરઈ ન ચૂંચ ભરેઈ'. ૫૧

બપૈયો મૃત્યુ સ્વીકારી લે છે. પરંતુ મેઘ સિવાય અન્ય કોઈનું પાણી પીતો નથી. અહીં બપૈયા સાથે સ્વાભિમાની પુરૂષો સરખાવાયા છે. તેઓ પણ મૃત્યુ સ્વીકારી લે છે. પરંતુ પોતાનુ સ્વાભિમાન છોડતા નથી. આમ અહીં વિરચિત અન્યોકિત મનોહર લાગે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

❋ કવિશ્રીએ સ્ત્રીના રૂપવર્ણન સ્થાનો છોડી દઈને રાસાન્તે વિસ્તારથી સ્ત્રીચરિત્રની કુટિલતાનું વર્ણન કર્યું છે. જેના દ્વારા શૃંગારરસને બદલે વૈરાગ્ય મૂલક શાન્તરસ પુષ્ટ થયો છે. (જૂઓ રાસની કડી ૪૩૩ થી ૪૪૬.)

❋ વસંતઋતુના આગમન સમયે ઉદ્યાનના વર્ણનમાં વૃક્ષોની લાંબી નામમાલા મૂકી છે.

સૈબલ વેતસ ખેર પન્નસ-પલાસ વિરાજૈ,
જામણિ-ઉંબર-પીલૂં તબ નારંગ સૂછાજૈ;
રક્તમાલ કણવિર કુંટવૃક્ષ નમાલા,
ચંદન-બદરી-અશોક-નાલેરી તરૂડાલા. ૩૪૫

સોપારી-સાલૂર-દ્રાખ-કરીર વિકાસા,
નાગ-પુનાગ-પ્રિયંગુ-પાડલ સોહૈ માસા;
કુંર મૂક તિલક અમોલ નાગરવેલ સૂરંગી,
શ્રીતમાલિ કિંકેલી ચંપક મરૂક અનંગી. ૩૪૬

સપ્તવર્ણા મચકુંદ કુસુમ કેતકી જૂહી,
રામ ચંપા રાયવેલી જાય માલતિ મૂહિં;
સંવંત્રી દેવ દારૂ ચારોલિ મલયાગરી,
સરલ આંબલિ મલી ચંબેલ સૂખ આગર. ૩૪૭

રાયસેણી ગિરકીર્ણા સિંદુવાર મંદાર,
આઉલિ ટીંબર નીલ આકુંલ તરૂ કચનાર;
વંસ બકાયણ રૂખ મહૂંયા નેફર વાસા,
લીસોડા સકલાર રોહિડા સૂપ્રકાસા. ૩૪૮

❋ કવિશ્રીએ કરેલુ વસંતોત્સવન ક્રીડાનું વર્ણન વર્તમાનની ધુળેટીની યાદ અપાવે.

'ભૂપતિ લેઈ ગુલાલ કુમર સહિત મલિ ખેલૈ,
કેસરી સૂરભી ગુલાલ ચૂઆ ચંદન ભેલૈ;
કુંસમ અબિર કપૂર મૃગમદ વાસ કુમકુમા,
છાંટે માહોમાહિ ભરી પિચકા સમસમા'. ૩૫૧

❋ રાસમાં બે કહેવતો પણ પ્રયોજાઈ છે.
માત-તાત વિહડૈ નહી, જો કપૂત સૂત હોઈ' ૪૮

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પુત્ર કપુત્ર થાય પણ માવતર કમાવતર ન થાય.
'કર કંકણ કેહિ આરસી?' ૧૨૧
હાથ કંકણ ને આરસીની જરૂર ન હોય.

❋ રાસની સામાન્ય ભાષા તો મધ્યકાલીન ગુજરાતી જ છે. પરંતુ રાસમાં કવિશ્રી એ પ્રયોજેલા 'કવિત્ત' (કડી નં - ૨૦, ૫૨, ૯૫, ૧૦૭, ૧૫૨, ૧૭૩, ૨૦૬, ૨૭૫, ૩૭૨) તથા કેટલાક દૂહાઓમાં તે સમયની રાજસ્થાની ભાષા છે. જો કે આ સિવાય રાસમાં પણ ઘણાં સ્થળે રાજસ્થાની ભાષાના શબ્દો જોવા મળે છે.

❋ આમ આ કૃતિ સંવાદાત્મક કથાવર્ણન, કાવ્ય, ભાષા વગેરે દ્રષ્ટિએ આસ્વાદ્ય કૃતિ બની રહે છે.



## ૧૧) શાંતસૌભાગ્યજી કૃત અગડદત્ત રાસ

અકબર પ્રતિબોધક તપાગચ્છીય શ્રીહીરવિજયસૂરીશ્વરજી (સં. ૧૫૮૩ થી ૧૬૫૨) > વિજયસેનસૂરિજી (સં. ૧૬૦૪ થી ૧૬૭૧) > સાગરગચ્છ સંસ્થાપક રાજસાગરસૂરિજી (સં. ૧૬૩૭ થી ૧૭૨૧) > વૃદ્ધિસાગરસૂરિજી (સં. ૧૬૪૦-૧૭૪૭) > લક્ષ્મીસાગરસૂરિજી (સં. ૧૭૨૮ થી ૧૭૮૮) > કલ્યાણસાગરસૂરિજી (સં. ૧૭૪૩ થી ૧૮૧૧) > ઉપાધ્યાય સત્યસૌભાગ્યજી > ઉપાધ્યાય ઈંદ્રસૌભાગ્યજી > વીરસૌભાગ્યજી > પ્રેમસૌભાગ્યજીના શિષ્ય શાંતસૌભાગ્યજીએ ખંડ-૨, ઢાલ-૪૫, કુલ કડી-૮૪૨ પ્રમાણ આ રાસની રચના સં ૧૭૮૭ નાગપંચમીના દિવસે પાટણમાં રહીને કરી છે.

કવિશ્રીના જીવનની અન્ય માહિતી કે તેમની આ રાસ સિવાયની અન્ય કોઈ રચનાઓ પ્રાપ્ત નથી.

❋ 'પ્રસ્તુત રાસની રચના 'નંદીસૂત્ર' ને આધારે થઈ છે'. એવું કવિશ્રી રાસાન્તે જણાવે છે.

'પાટણમાહે એ ગુણ ગાયા, જીત નીસાણ વજાયા હે;
નંદિસૂત્રમાં એ તુમો જાણો, તીહાંથી એ મે આણો હે. ૨/૨૬/૧૨

❋ અહીં અગડદત્ત કથા 'સ્ત્રી ચરિત્રની કુટિલતા' ના વિષયમાં આલેખાયેલી છે.

❋ પ્રસ્તુત રાસ અને વાચક કુશલલાભજી કૃત રાસ (સં. ૧૬૨૫) માં સંપૂર્ણ કથા-ઘટકો સમાન

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હોવાની સાથે બૃહદ્ અંશે શબ્દસામ્ય પણ છે. કેટલાક ઉહાહરણો -

વા. કુશલ૦- સહસ એક ભંજઈ એકલો,
ભારથ સેનાની અતિ ભલો.
શાંત૦- સહસ્ત્ર સુભટ ભંજે એકલો,
ભરથસેણા તસ નામ.

વા. કુશલ૦- અભંગસેન તસ દિધઉ નામ,
લોકમાહિ સબલી વધારી મામ.
શાંત૦ - અભંગસેન તસ દીધુ નામ,
લોકમાંહે સબલી વધારી નામ.

વા. કુશલ૦- સુરસેન ઘરણી ધારણી, લોકા મુખઈ વાત ઈમ સુણી;
કંતતણો મૃત-કાર્ય કીઉ, ધન સઘલુ પરદેસીનઈ દિઉ.
શાંત૦- સુરસેણ ઘરણી-ધારણી જેહ, લોક મુખે સુણી વાત જે તેહ,
કંતણું મૃત-કારજ કીદ્ધ, ધન સઘલું પરદેસીને દીદ્ધ.

વા. કુશલ૦- તાહરા પિતા તણો તે મિત્ર,
સોમદત્ત બંભણ તિહાં વસઈ, સુખિ ઘણાં શાસ્ત્ર અભ્યસઈ.

શાંત૦- સોમદત્ત વિપ્ર તુઝ પીતાનો મીત્ર જો,
સુખ ઘણા રે વસા લીસ્ત્ર અભ્યસે રે લો. વગેરે...
આવી રીતે જીજ્ઞાસુએ બન્ને રાસનું તુલનાત્મક અધ્યયન કરવા જેવું છે.

❋ તુલનાની દ્રષ્ટિએ જોઈએ તો શાંતસૌભાગ્યજી, કુશલલાભજીને અનુસર્યા જ છે. પરંતુ, સાથે દરેક પ્રસંગનો થોડો-થોડો વિસ્તાર કર્યો છે. પ્રસંગ વિસ્તારનું સૌ પ્રથમ જ દ્રષ્ટાંત જોઈએ તો - કોઈ પરદેશી વસંતપુરમાં આવે છે. તે સૂરસેન સાથે યુદ્ધ કરવા રાજાને વિનંતિ કરે છે. રાજાની અનુમતિથી યુદ્ધ થાય છે. આ પ્રસંગ કુશલલાભજી એ ૬ કડીમાં રજુ કર્યો છે. જેને શાંતસૌભાગ્યજીએ ૨૧ કડી સુધી વિસ્તાર્યો છે.

❋ આ રીતે પ્રસંગ/વર્ણન વિસ્તાર ઉપરાંત શાંતસૌભાગ્યજીએ રાસના અંતે સ્ત્રી-ચરિત્રની કુટિલતા દર્શાવતા વિદ્યાધરના મુખમાં ભુવનપાલ રાજા અને ત્રિકમ પ્રધાનની કથા મુકી છે. (જૂઓ ખંડ-૨, ઢા. ૧૭/૧૦ થી ઢા. ૨૧/૧૦)

❋ પ્રસ્તુત રાસમાં કથા-વર્ણનને જ પ્રાધાન્ય અપાયુ હોવાથી અલંકારાદિ ગૌણ રહ્યા છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

❋ અગડદત્ત વિષયક રાસાઓમાં પ્રસ્તુત કૃતિ સૌથી મોટી છે.

❋ કવિશ્રીની ભાષા જોઈએ તો - ઘણા સ્થળે 'ન' નો 'ણ' કર્યો છે. ભવન-ભવણ, ભાવના-ભાવણા, સ્થાનક-સ્થાણક, શબ્દગત નકાર ઉપરાંત પ્રત્યયગત નકારનો તથા નઞ્ દર્શક નકારનો પણ નકાર કર્યો છે. રાજાની-રાજાણી, કરવાને-કરવાણે, તેહનો-તેહણો ન થાય-ણ થાય. વગેરે....

❋ 'જ્ઞ' ને સ્થાને 'જ્ઞણ' પ્રયોજ્યો છે. આજ્ઞા-આજ્ઞણા, પ્રતિજ્ઞા-પ્રતિજ્ઞણા વગેરે....

❋ ક્યારેક-ક્યારેક શબ્દગત ઉકારનો અકાર કર્યો છે. હુકમ-હકમ, મુજરો-મજરો વગેરે...




Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# 3 તુલનાત્મક સંપ્રેક્ષણ

અગડદત્તકથા વિષયક સંસ્કૃત-પ્રાકૃત ભાષાની પૂર્વે દર્શાવેલ ૧૦ કૃતિઓ તથા અહીં પ્રકાશિત થઈ રહેલા મધ્યકાલીન ગુર્જર ભાષાના ૮ રાસો, આમ કુલ ૧૮ કૃતિઓનું સંયુક્ત સંપ્રેક્ષણ અર્થાત્ કૃતિઓનો પરસ્પર તુલનાત્મક અભ્યાસ કરવાનો થોડો પ્રયત્ન કર્યો છે. તુલનાત્મક અધ્યયન એ આપણા માટે એક રસપ્રદ વિષય છે, જે અહીં પાંચ વિભાગમાં રજુ થઈ રહ્યો છે. ૧) મંગલાચરણ ૨) વિષયદર્શન ૩) કૃતિઓમાં સંબંધ ૪) કથા સર્વેક્ષણ અને ૫) નામનિરીક્ષણ.

[ભીમ (શ્રાવક, માન/મહિમા સિંહજી તથા શાન્તસૌભાગ્યજી કૃત રાસો અધ્યયન સંપૂર્ણ તૈયાર થઈ ગયા પછી પ્રાપ્ત થયા હોવાથી તે ત્રણ રાસોનો સમાવેશ આ અધ્યયનમાં થઈ શક્યો નથી.

## મંગલાચરણ

સંસ્કૃત કે પ્રાકૃત ભાષામાં 'અગડદત્ત ચરિત્ર કોઈ સ્વતંત્ર ગ્રંથ ન હોવાથી તેમાં મંગલાચરણ ન હોય, પરંતુ ગુર્જર ભાષાના રાસો સ્વતંત્ર કૃતિઓ હોવાથી તેમાં મંગલાચરણ દેવ-ગુરુઆદિના નામસ્મરણ કે નમન-વંદનથી થાય છે.

શ્રી સુમતિમુનિએ અને શ્રી લલિતકીર્તિજીએ શ્રી આદિનાથ પ્રભુને, ગુણવિનયજી, શ્રી સુમતિનાથ પ્રભુને, કુશલલાભજીએ પાર્શ્વનાથ પ્રભુને અને શ્રીસુંદરજીએ ગોડી પાર્શ્વનાથ તથા મહાવીર સ્વામી પરમાત્માને વંદના કરીને ગ્રંથારંભ કર્યો છે.

કુશલલાભજીએ પોતાના ગુરુદેવ ઉપાધ્યાય અભયધર્મજીનું, શ્રીસુંદરજીએ જિનદત્તસૂરિ - જિનકુશલસૂરિ - જિનચંદ્રસૂરિ - જિનસિંહસૂરિ - હર્ષવિમલજીનું અને ગુણવિનયજીએ જિનદત્તસૂરિજી, જિનકુશલસૂરિજી અને ઉપા. જયસોમજીનું સ્મરણ કરીને કૃતજ્ઞતા વ્યક્ત કરી છે. શ્રીસુંદરજીએ પરમ ગુરુ ગૌતમસ્વામીનું સ્મરણ કરીને મંગલ કર્યું છે. પરમ મંગલ સ્વરૂપ શ્રી ગૌતમ સ્વામીનું નામસ્મરણ બીજા કોઈ રચનાકારોએ કર્યું નથી.

'સરસ્વતી દેવીનું જ્ઞાનદાત્રી તરીકે સ્મરણ કરવું' એ સર્વસામાન્ય પ્રથા છે. છતાં સુમતિમુનિએ તેમના અલંકૃત દેહનું (છ ચોપાઈમાં) વિસ્તારથી વર્ણન કરવાપૂર્વક સ્તુતિ કરી છે. લલિતકીર્તિજીએ - 'કાલિદાસનઈ તઈ કીયો, મુરખથી કવિરાય' અને એવી જ રીતે સ્થાનસાગરજીએ - 'કાલિદાસ કવિતા હુઉ, તે તુઝ શક્તિ પ્રમાણિ' આવું કહીને સરસ્વતી દેવીની સમર્થતા દર્શાવી છે.

કુશલલાભજીએ તો એક જ દૂહામાં દેવ-ગુરુ અને સરસ્વતીદેવીનું નામસ્મરણ કર્યું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાસ જિણેસર પયનમી, સમરી સરસતિ દેવ;
અભયધર્મ ઉવઝાય ગુરુ, પયપંકજ પ્રણમેવ.

પુન્યનિધાન વાચકનું મંગલાચરણ સર્વથી જુદુ તરી આવે છે. પ્રથમ દૂહામાં પરમેશ્વર, સદ્દગુરુ અને સરસ્વતી દેવીને પ્રણામ કરીને દ્વિતીય દૂહામાં તેમના પ્રણામનું ફળ દર્શાવ્યું છે.

પરમેશ્વર ઘઈ અચલ પદ, સદ્દગુરુ શ્રુત સુવિચાર;
સરસતિ વચન-વિલાસ ઘઈ, તિણિ તીને તતસાર.

## વિષય-દર્શન

કર્તાઓએ આ એક જ ચરિત્રને જુદા-જુદા વિષયો પર દ્રષ્ટાંત તરીકે વર્ણવ્યું છે. એક જ ચરિત્રમાંથી અગલ-અગલ દ્રષ્ટિકોણથી કેવો-કેવો બોધ મળી શકે? તે આના પરથી સમજાય તેવું છે.

સામાન્યતઃ નિદ્રાત્યાગ/અપ્રમત્તતાના વિષયમાં અગડદત્ત-કથાનું નિરૂપણ થયું છે. તેમાં પણ શાન્તિસૂરિજી, ગુણવિનયજી અને પુન્યનિધાન વાચકે દ્રવ્યનિદ્રાત્યાગનો વિષય દર્શાવ્યો છે, જ્યારે શ્રીસુંદરજી, લલિતકીર્તિજી, ભાવવિજયજી અને લક્ષ્મીવલ્લભગણી દ્રવ્ય-ભાવ બન્ને પ્રકારે નિદ્રાત્યાગનો વિષય દર્શાવિ છે.

સંઘદાસગણિજી, સોમતિલકસૂરિજી અને કુશલલાભ વાચક સ્ત્રીચરિત્રની કુટિલતાને જાણીને વિરક્ત થવા પર આ ચરિત્ર નિરૂપે છે. સંઘદાસગણિજીની રચના સૌથી પ્રાચીન છે અને સમગ્ર ચરિત્રનું અવલોકન કરતા પણ આ વિષય વધુ યોગ્ય જણાય છે.

જો કે 'અગડદત્ત પ્રમાદમાં ન પડ્યો અને જાગૃત રહ્યો તો તે આત્મરક્ષણ કરી શક્યો' એ કથાઘટક નિદ્રાત્યાગનો બોધ આપે જ છે. શાન્તિસૂરિજી અને જિનચન્દ્રસૂરિજીએ નિદ્રાત્યાગના વિષયને અનુરૂપ માત્ર-અગડદત્તને અપ્રમત્તતાથી થયેલા લાભ સુધીનો જ કથાઘટક વર્ણવ્યો છે, અહીં સ્ત્રીચરિત્ર વિષે કોઈ વાત નથી, માટે અહીં વિષય તરીકે 'નિદ્રાત્યાગ' જ યોગ્ય છે. પરંતુ, જ્યાં સમગ્ર કથાને આવરી લેવામાં આવી છે ત્યાં તો સ્ત્રીચરિત્રની કુટિલતાનો વિષય વધુ યોગ્ય જણાય છે.

વિષયદર્શનની બાબતમાં નરચંદ્રસૂરિજી સર્વથી અલગ તરી આવે છે. તેમણે આ કથાનક 'ગુણાર્જન'ના વિષયમાં મુક્યું છે. સુમતિમુનિએ, સ્થાનસાગરજીએ અને નંદલાલજીએ કોઈ પણ વિષય નિરૂપણ કર્યા વિના જ અગડદત્ત રાસની રચના કરી છે.

આમ, જુદા-જુદા કર્તાઓ દ્વારા જુદા-જુદા વિષયો પર દ્રષ્ટાંત તરીકે રજૂ થયેલી એકની એક કથામાંથી મળતા વિવિધ બોધનો પરિચય આવી રીતે તુલનાત્મક અધ્યયન દ્વારા મળે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## કૃતિઓમાં સંબંધ

અગડદત્ત કથા વિષયક ૧૮ કૃતિઓમાંથી કઈ કૃતિ કોની સાથે સંલગ્ન છે? તે અહીં દર્શાવાયું છે. મુખ્યતાએ કથાઘટકોને આશ્રયીને સંબંધ શોધવા પ્રયત્ન કર્યો છે. છતાં, શબ્દ-સામ્ય પણ ગૌણ રહી શક્યુ નથી.

વસુદેવહિંડીથી શરૂ થતા પ્રથમ પ્રવાહમાં બીજી ત્રણ કૃતિઓનો સમાવેશ થાય છે. ૧) ઉત્તરાધ્યયનની શ્રી શાન્તિસૂરિજીની ટીકા ૨) સંવેગ રંગશાલા અને ૩) વાચક કુશલલાભ કૃત રાસ, વસુદેવહિંડી અને શ્રી શાન્તિસૂરિજીની ટીકામાં કથા સામ્યતાની સાથે અસાધારણ શબ્દ સામ્ય છે[૧]. પરંતુ, શ્રી શાન્તિસૂરીજીની ટીકા અને સંવેગરંગશાલામાં કથા ખૂબ ટૂંકાણમાં છે. વિષયાનુરૂપ કથાઘટક લઈને પાછળના કથાઘટક છોડી દીધા છે. સંવેગરંગશાલામાં શ્રી શાન્તિસૂરિજીની કથાનું જ પદ્ય રૂપાંતરણ છે.

વાચક કુશલલાભજીના રાસની શરૂઆતમાં જ **'कुडीलं महीलाललिअं'**થી શરૂ થતી શીલોપદેશમાલાની ૮૬મી ગાથા મૂકેલી છે. શીલોપદેશમાલાનો સમાવેશ કથાના બીજા પ્રવાહમાં થાય છે, જ્યારે રાસના કથાઘટકો વસુદેવહિંડીમાથી પણ લીધેલા છે. કવિએ માત્ર વિશેષનામો બદલ્યા છે, જે અમે આગળ દર્શાવશું.

કુશલલાભજીના અપવાદને બાદ કરતા શ્રી નેમિચંદ્રસૂરિજી પછી થયેલા બધા જ રચનાકારો નેમિચંદ્રસૂરિજીના પ્રવાહને અનુસર્યા છે. તે રચનાકારોએ પોતાની રૂચિ અનુસાર કથાઘટકમાં ક્યાંક ક્યાંક ફેરફાર કર્યો છે. તે આગળ જણાવાશે.

ગુણવિનયજી તો પ્રાકૃતનું સરળ અને સ-રસ ગુર્જર રૂપાંતરણ કરીને શબ્દશઃ નેમિચંદ્રસૂરિજીને જ અનુસર્યા છે. ઉદાહરણ તરીકે અહીં થોડો કથાંશ આપ્યો છે. જિજ્ઞાસુએ આનું સંપૂર્ણ તુલનાત્મક અધ્યયન કરવું.

**अत्थि जए सुपसिद्धं, संखउरं पुरवरं गुणसमिद्धं।**
**त म्मि य राया जणजणियतोसओ सुंदरो नाम** ।।१।।
અરે પુરવર સંખપુર જગહિ પ્રસિદ્ધ,
નયરગુણે કરી જેહ સમુદ્ધ. ઢા-૧/૧ (પૂર્વાદ્ધ) ।।

**अंतेउरस्स पढमा, सुलसाणामेण वरभज्ञा** ।।२।।
સુલસા નામઈ રાણી જાણી, સહુઅ અંતેઉરમાંહિ વખાણી. ઢા-૧/૨૧ (ઉત્તરાર્ધ)

૧. જુઓ 'વસુદેવહિંડી ભાષાંતર' ની પ્રસ્તાવના. સંપા૦- ભોગીલાલ સાંડેસરા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

धम्मत्थदयारहिओ, गुरुविणयविवज्जिओ अलियवाई।
पररमणीरमणकामो, निस्संको माणसोंडीरो ।।४।।

मज्जं पिएइ जूयं, रमेइ पिसियं महुं च भक्खेइ।
नडपेडगवेसाविंदपरिगओ भमइ पुरमज्झे ।।५।।

ધર્મ-અર્થ-કરુણારસ રહિતઉ, ભુંડામાંહી જેહ વદિતઉ,
વિનય ન સાચવઈ ગુરુજન કેરઉ, અલિય વયણ નઉ જે છઈડેઉ ઢા. ૧/૨૫

પર-રમણી રમણીય તે માનઈ, સંકા સહુઅ કરી જિનિ કાનઈ;
માનઈ કરી નવિ લેખવઈ કોઉ, મદ્ય પીયઈ રમઈ જૂઅઈ જોઉ. ઢા. ૧/૨૬

મધુ-મંસ ભક્ષણઈ નિરતઉ જેહ, નટ-પેટક-વેશ્યાસુ નેહ,
નગરીમહીં ય ઉસૃંખલ ભમત, ઉનમત જે કરઈ મનમહિં મમત. ઢા. ૧/૨૭

लंघित्ता गिरि–सरि–काणणाइं पुर–गोट्ठ–गाम–वंदाइं ।
नियनयराओ दूरे, पत्तो वाणारसिं नयरिं ।।१०।।

तियचच्चरमाईसु, असहाओ भमइ नयरिमज्झम्मि।
चित्ते अमरिसजुत्तो, करि व्व जूहाउ परिभट्ठो ।।११।।

ગિરિ-સરી-કાનન-પુર-ગોઠ-ગામ, લંઘત લંઘત પહુત સુઠામ. ઢા.૧/૩૩ (ઉત્તરાર્ધ)

જિહાં વાણારસી નગરી અછઈ, તીણી વીચી ફીરવા લાગઉ પછઈ;
ત્રિકિ ચઉક્કઈ ચચ્ચરિ અસહાય, યૂથથી જ્યું છૂટઉ કરિરાય. ઢા. ૧/૩૪

❋ ઉત્તરા૦ની નેમિચંદ્રસૂરિજીની ટીકા અને પ્રવ્રજ્યાવિધાનકુલક આ બન્નેમાં કથાઘટકોની સામ્યતા અને પ્રાકૃત સુભાષિતોનો સુંદર સંસ્કૃત પદ્યાનુવાદ જોતા એવું લાગે છે કે પ્રદ્યુમ્નસૂરિજીએ નેમિચંદ્રસૂરિજીને નજર સમક્ષ રાખીને જ કથા-રચના કરી હશે.

સંસ્કૃતપદ્યાનુવાદના કેટલાક ઉદાહરણ.

तावच्चिय होई सुहं, जाव न कीरइ पिओ जणो को वि।
पियसंगो जेण कओ, दुक्खाण समप्पिओ अप्पा ।।३७।।

तावदेव सुखं यावन्न कोऽपि क्रियते प्रियः।
प्रिये हि विहिते सद्यो, दुःखेष्वात्मा नियोज्यते ।।४२।।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

विणओ मूलं पुरिसत्तणस्स, मूलं सिरीए ववसाओ।
धम्मो सुहाण मूलं, दप्पो मूलं विणासस्स ।।૭૪।।

धर्मो मूलं सुखानां यो, व्यवसायः श्रियां पुनः।
दर्पो मूलं विनाशानां, गुणानां विनयः पुनः ।।૬૮।।

को चित्तेइ मऊरं, गइं च को कुणइ रायहंसाणं।
को कुवलयाण गंधं, विणयं च कुलप्पसूयाणं ।।૭૫।।

चित्रं यथा मयूरेषु, यथा हंसेषु सद्गतिः।
यथा गन्धश्च पद्मेषु, कुलेषु विनयस्तथा ।।૬૯।।

नियगरुय पयावपसंसणेण, लज्जंति जे महासत्ता।
इयरा पुण अलिय पसंसणे वि अंगे न मायंति ।।૭૧।।

परं सत्स्वपि लज्जन्ते, स्वगुणेषु मनीषिणः।
इतरास्तु न मान्त्यङ्गेऽलीकयाऽपि प्रशंसया ।।૭૨।।

## કથા સર્વેક્ષણ

સામાન્યતઃ વક્તા બદલાય તેમ-તેમ કથા-ઘટકોમાં પણ થોડો-થોડો ફેરફાર આવતો હોય છે કથા-ઘટકો પર તે-તે સમયની જીવનશૈલી સમાજવ્યવસ્થા અને વક્તાની પોતાની શૈલીની પણ અસર આવતી હોય છે. ઘણીવાર કવિઓ કથાને વધુ રસિક બનાવવા સમજણપૂર્વક જ ઘટકોમાં વધારો-ઘટાડો કરતા હોય છે. રાસ વગેરે ગુર્જર રચનાઓ તો શીઘ્ર રચનાઓ છે. આથી એમાં શરતચૂકથી પણ કોઈ ઘટકો છૂટી ગયા હોય એવું બની શકે. આમ સમય, શૈલી, સમજણ અને શરતચૂક વગેરે કારણોસર કથા-ઘટકોમાં ફેરફારો થાય છે. એ ફેરફારો પર દ્રષ્ટિપાત કરતા પહેલા એક વાત વિચારીએ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

❋ અગડદત્ત કથા લોક કથા છે કે ધર્મકથા? આમ તો, બૃહત્કલ્પ વગેરેમાં પણ લોકકથાઓ જોવા મળે છે. મૂળ કથા ધર્મકથા હોય તો પણ વક્તવ્યને લોકમાં પ્રચલિત બનાવવા કથા-ઘટકો ઉમેરાયા હોઈ શકે. આ સંદર્ભમાં પ્રસ્તુત કથાના કેટલાક પ્રસંગો જોઈએ.

❋ અગડદત્તની ઉદ્ધતાઈથી આખું ગામ ત્રાસી ગયેલું તે બધા જ દુર્ગુણોનું સ્થાન બન્યો હતો અને આથી જ પિતાએ તેને દેશવટો દીધો હતો. શંખપુરથી નીકળી તે વારાણસી પહોંચ્યો અને એકાએક અગડદત્તમાં એટલું બધું પરિવર્તન આવી ગયું કે તેના વિનયથી પ્રથમ મિલનમાં જ ઉપાધ્યાય અત્યંત પ્રભાવિત થઈ જાય?...

❋ પ્રથમ ચોર પારિવ્રાજક બનીને આવ્યો. તેનું ઘર જેમ ભૂગર્ભમાં ગુપ્ત સ્થાનમાં છે અને ત્યાં એક નવયૌવના વસે છે. તેવી જ રીતે બીજો ચોર પણ પારિવ્રાજક બનીને આવ્યો, તેનું ઘર પણ ભૂગર્ભમાં ગુપ્ત સ્થાનમાં હતું અને ત્યાં પણ એક નવયૌવના હતી.

❋ પ્રથમ ચોર મજુરો સુતા હોય છે ત્યારે તે બધાને તલવારથી મારે છે, બધા બાજુ-બાજુમાં સુતા છે, એકને મારે તો તેના અવાજથી બીજા ઉઠી ન જાય? અથવા, બધાને મારે ત્યાં સુધી અગડદત્ત ઝાડ પાછળ છુપાઈને જોયા કરે? બધા મરી ગયા પછી અગડદત્તે પારિવ્રાજક સામે પડકાર ફેંક્યો અને તેને માર્યો, અગડદત્તમાં પરાક્રમ અને બહાદૂરી તો છે જ તો બધાને શા માટે મરતા ન બચાવ્યા?

❋ વારાણસીથી શંખપુર પાછા ફરતા અટવીમાં અગડદત્તને જે ચાર મહાવિઘ્નો આવ્યાનું વર્ણન છે. એનું એ જ વર્ણન ધમ્મિલહિંડીની કથામાં થાડે આગળ જતા ધમ્મિલ જ્યારે કુશાગ્રપુરથી ચંપાપુરી જાય છે ત્યારે આપ્યું છે. માત્ર પાંચમુ ગેંડાનું વિઘ્ન ઉમેર્યું છે. તથા અગડદત્ત અને ધમ્મિલ બન્નેનો સમય-ગાળો પણ એક જ દર્શાવ્યો છે. આ બધું જોતા આ કથાઘટક વાસ્તવિક હોવા કરતાં રોમાંચક વધુ લાગે છે.

❋ અગડદત્તને મારવા ઝંખતા પાંચ બલવાન ચોરો રાત્રિના અંધકારમાં અગદડત્ત એકલો અગ્નિ લેવા જાય છે ત્યારે તેના પર હુમલો કરવાને બદલે મંદિરમાં છુપાઈ રહે છે. શા માટે?

❋ એક બાજુ અગડદત્તને અત્યંત ચકોર બતાવ્યો છે કે પારિવ્રાજકને જોતા વેંત તેને ખ્યાલ આવી જાય કે 'આ જ ચોર છે'. અને બીજી બાજુ પોતે જ સામે મંદિરમાં પ્રકાશ જોયો છે છતાં સ્ત્રીની સાવ ખોટી દલીલથી સહેલાઈથી ભોળવાઈ જાય છે! વ્યવહારિક દ્રષ્ટિએ આ થોડું અસંગત લાગે.

આ ચર્ચામાં બહુ ઊંડા ન ઉતરીએ પણ સંભવ છે કે આ કથા લોકકથા હોય... અથવા અગડદત્તના જીવનચરિત્રમાં રોમાંચ અને રસિકતા ભરવા લૌકિક કથાઘટકો ઉમેરાયા હોય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સુવર્ણ એકનું એક હોવા છતાં સુવર્ણકાર બદલાય તેમ તેમ આભૂષણના ઘાટ બદલાતા હોય છે. તેવી રીતે હાથ બદલાતા કથાનો ઘાટ પણ થોડો-થોડો બદલાતો હોય છે. પ્રાકૃત-સંસ્કૃત અને ગુર્જરભાષામાં આ કથા અનેક હાથે ઘડાઈ છે. આથી જે ઘાટ-બદલો આવ્યો છે તે અહીં રજૂ થાય છે.

અહીં એ જણાવવાનું કે ગુણવિનયજી સંપૂર્ણપણે નેમિચંદ્રસૂરિજીએ જ અનુસર્યા હોવાથી કથાઘટકોના ફેરફારમાં તેમનો જુદો ઉલ્લેખ કર્યો નથી, તથા લક્ષ્મીવલ્લભગણિજીની ટીકામાં આપેલા બે પ્રવાહો અનુક્રમે શાન્તિચંદ્રસૂરિજી અને નરચંદ્રસૂરિજીને જ અનુસરે છે આથી તેમનો પણ જુદો નામોલ્લેખ કર્યો નથી.

સ્થાનસાગરજીની કથામાં વિસ્તૃત વર્ણનોને પ્રધાનતા અપાઈ હોવાના કારણે વર્ણનગત ઘટકોની અહીં નોંધ લેવામાં આવી નથી. મુખ્ય કથાઘટકોની દ્રષ્ટિએ સ્થાનસાગરજી નેમિચંદ્રસૂરિજીને જ અનુસર્યા છે. તેમ છતા કોઈક કથા-ઘટકમાં સ્વૈચ્છિક ફેરફાર પણ છે જ્યાં ફરક આવે છે ત્યાં જ તેમનો જુદો નિર્દેશ કર્યો છે.

❋ કથાના પ્રથમ પ્રવાહમાં કથાનાયક અગડદત્ત રથિકપુત્ર છે. તેના બાલ્યકાળમાં જ પિતા સ્વર્ગવાસી બને છે. અગડદત્તનો વિદ્યાભ્યાસ ન થવાથી માતાનું મન દુભાય છે. માતાનું મન સાચવવા, માતાના કહેવાથી વિદ્યાભ્યાસ કરવા અગગડદત્ત પિતાના મિત્ર પાસે પરદેશ જાય છે. કુશલલાભજી તો પિતાના મૃત્યુનું કારણ પણ દર્શાવે છે પિતા સહસ્રમલ્લ છે. તેની સામે કોઈ પરદેશી રથિક યુદ્ધ માટે પડકાર ફેંકે છે. તે યુદ્ધમાં પિતા મૃત્યુ પામે છે. પિતાની બધી જ ઋદ્ધિ રાજા પરદેશીને આપે છે.

કથાના દ્વિતીય પ્રવાહમાં અદડદત્ત રાજપુત્ર છે. બાલ્યકાળથી જ કુમિત્રોની સોબતે ચડે છે. એના કારણે અનેક દુર્ગુણો તેના જીવનમાં પ્રવેશે છે. યુવાન થતાં તો તે અત્યંત ઉદ્ધત બને છે. નગરજનોને ત્રાસદાયક બની જાય છે. આથી પિતા એનો દેશનિકાલ કરે છે અને પરદેશ જાય છે. ત્યાં તેને ઉપાધ્યાય મળી જાય છે.

❋ પિતા અગડદત્તનો દેશનિકાલ કરે છે ત્યારે તેને ચિત્તમાં ખૂબ વિષાદ ઉત્પન્ન થાય છે. તે વિષાદમાં અને 'હવે શું થશે?'ની ચિંતામાં આખી અટવી પસાર કરે છે. અહીં શ્રીસુંદરજી તો અગડદત્તને વિષાદને બદલે 'હર્ષ થયો' એવું પ્રરૂપે છે. 'પિતાએ દેશનિકાલ કર્યો તો હવે દેશ-દેશાવરની અદ્‌ભૂતતા જોવા મળશે અને ભાગ્યની પરીક્ષા થશે' એવા વિચારથી અગડદત્તને હર્ષ થયો. 'અગડદત્ત અતિશય ઉદ્ધત હતો' આ કથન પછીનું એક માત્ર શ્રીસુંદરજીનું 'દેશનિકાલના કારણે હર્ષ'નું કથન તાર્કિક લાગે.

નંદલાલજીતો 'અગડદત્ત' એવું નામ શા કારણે પડ્યું? તે માટે કથા ઉમેરે છે. નગરની બહાર દેવઅધિષ્ઠિત બ્રહ્મ નામનો અવટ (=કૂપ) છે. તેની માનતાથી બાળકનો જન્મ થયો હોવાથી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(અવટ=) અગડદત્ત નામ પાડ્યું. અહીં તો 'અગડદત્ત દેવલોકથી ચ્યવીને માતાની કુખે અવતર્યો' એવું પણ દર્શાવાયું છે.

❃ અગડદત્તે ઉપાધ્યાયને પોતાનો વૃતાન્ત જણાવ્યો, ઉપાધ્યાયે આશ્વાસન આપ્યું અને પોતાનો વૃતાન્ત કોઈને પણ ન જણાવવા કહ્યું. ભાવવિજયજી વૃતાન્ત ન જણાવવાનું કારણ પણ આપે છે કે 'તે નગરના રાજા અને અગડદત્તના પિતા વચ્ચે સંબંધો સારા નથી'. જ્યારે નંદલાલજી તો 'અગડદત્તના પિતા પણ એ જ ઉપાધ્યાય પાસે ભણ્યા હતા' એવું જણાવે છે. સ્થાનસાગરજી તો વૃતાન્ત ન જણાવવાની વાત જ કરતા નથી.

❃ ઉપાધ્યાયે અગડદત્તને પોતાના ઘરે જ વિદ્યાભ્યાસ માટે રાખ્યો. પરંતુ, કુશલલાભજી એવું ટાંકે છે કે 'ઉપાધ્યાયે અગડદત્તને કોઈ વેપારીના ઘરે રાખ્યો.'

❃ અગડદત્ત અને શ્રેષ્ઠીપુત્રીનો પ્રથમ મેળાપ ઉપાધ્યાયના ગૃહ-ઉદ્યાનમાં થયો. પરંતુ સોમતિલકસૂરિજી, સુમતિમુનિ અને નંદલાલજી 'પ્રથમ મેળાપ નગર-ઉદ્યાનમાં' જણાવે છે. જ્યારે વિનયચંદ્રસૂરિજી 'પ્રથમ મેળાપ ન દર્શાવતા દૂતી દ્વારા સંદેશાની આપ-લે થઈ.' એવું કહે છે. જ્યારે સ્થાનસાગરજી 'અગડદત્ત ગૃહ-ઉદ્યાનમાં છે અને શ્રેષ્ઠીપુત્રી ગવાક્ષમાં ઊભી છે ત્યારે જ બન્ને વચ્ચે વાર્તાલાપ' દર્શાવે છે.

❃ સંઘદાસગણિજીએ શ્રેષ્ઠીપુત્રીને કુમારી કહી છે, જ્યારે બાકીના રચનાકારો એવું પ્રરૂપણ કરે છે કે 'તે પરણેલી હોવા છતા પિતાના ઘરે રહે છે'. તેનું કારણ નરચંદ્રસૂરિજી અને સોમતિલકસૂરિજી 'પતિથી વિડંબના પામીને પિતાના ઘરે પાછી આવેલી છે' એવું જણાવે છે તથા સુમતિમુનિ 'પતિ તેને છોડીને ચાલ્યો ગયો છે' એવું કહે છે. જ્યારે કુશલલાભજી તો 'પતિ ૧૨ વર્ષથી વ્યાપારાર્થે વિદેશ ગયો છે, આથી તે પિતાના ઘરે છે' એવું પ્રરૂપે છે. આ કારણ વધુ સંગત લાગે છે.

❃ કથાના પ્રથમ પ્રવાહમાં અગડદત્તનો કલાભ્યાસ પૂર્ણ થયા પછી એવો ઉલ્લેખ છે કે – તેણે રાજા સમક્ષ પોતાની કલાનું પ્રદર્શન કર્યું, ત્યારે રાજાએ શાબાશી ન આપી અને 'તને ઈનામ શું આપું?' એવો પ્રશ્ન કર્યો. જવાબમાં અગડદત્તે કહ્યું. 'મને શાબાશી નથી આપતા તો મારે બીજા ધનનું શું કામ છે?' એવું જણાવીને અગડદત્તને અહીં મહત્ત્વાકાંક્ષી બતાવ્યો છે. સંઘદાસગણિજીએ અહીં રાજા શા માટે શાબાશી નથી આપતા? તે જણાવવા રાજાનો પૂર્વભવ મૂક્યો છે. જે અગડદત્ત સંબંધિત બીજી કોઈ કથામાં સમાવ્યો નથી.

દ્વિતીય પ્રવાહમાં આ પ્રસંગ કાંઈક જુદી રીતે જ પ્રરૂપિત થયો છે. અગડદત્ત પોતાની કલાથી રાજાના મત્ત બનેલા હાથીને વશ કરે છે. આ જોઈ રાજા ખુશ થાય છે, અગડદત્તને રાજસભામાં બોલાવે છે અને મત્ત હાથીને વશ કરવા બદલ રાજા તેનો ઉચિત સત્કાર કરે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સોમતિલકસૂરિજી 'ભૂષણાદિથી સત્કાર કર્યો' સુમતિમુનિ 'અશ્વો અને સુવર્ણાદિથી સત્કાર કર્યો' અને સ્થાનસાગરજી - 'વસ્ત્ર-આભૂષણથી સત્કાર કર્યો' એવું વિશેષ જણાવે છે. જ્યારે નંદલાલજી તો 'રાજા અગડદત્તની કલાથી એટલા ખુશ થયા કે તેને પ્રધાનપદ આપ્યું' એવું કહે છે. 'માત્ર હાથી પકડવાની કલાથી ખુશ થઈ પ્રધાનપદ આપી દેવું એ વ્યવહારિક જણાતુ નથી.

❃ પારિવ્રાજક વેષમાં આવેલો ચોર કુશળતાથી ચોરી કરતો હતો, તેની ચૌર્યકુશળતાને કારણે નગરના આરક્ષકો તેને પકડી શકતા ન હતા, પરંતુ કેટલાક રચનાકારો તેની ચોરીની કુશળતાને બદલે તેને વિદ્યાસિદ્ધ બતાવે છે. સોમતિલકસૂરિજી 'ચોર વિદ્યાથી નજર બાંધે છે' એવું કહે છે. ભાવવિજયજી 'ચોર અદ્રશ્ય થાય છે' એવું રજૂ કરે છે, જ્યારે નરચંદ્રસૂરિજી બન્ને વાત કરે છે કે 'લોકોની નજરબંધી કરી જેથી તે દેખાતો બંધ થયો'. નંદલાલજી તે ચોર પાસે તાલોદ્‌ઘાટિની અને અદ્રશ્યભવની એ બે વિદ્યા વર્ણવે છે. કુશલલાભજી તે બે ઉપરાંત ત્રીજી અવસ્વાપિની વિદ્યા પણ દર્શાવે છે.

❃ તે ચોર કોઈ શ્રેષ્ઠીના ઘરે શ્રીવત્સ આકારનું ખાતર પાડે છે. તેમાં નરચંદ્રસૂરિજી સોમતિલકસૂરિજી અને સ્થાનસાગરજી ખાતરની આકૃતિ નથી જણાવતા. કુશલલાભજી 'ચોરે ખાતર મદનમંજરીના પિતા સાગરશેઠને ત્યાં પાડ્યું' એવું કહે છે. જ્યારે નંદલાલજી ધનપતિ શેઠના ઘરે ખાતર પાડ્યા વિના જ ચોરી કરવાની વાત કરે છે, કારણ કે તે વિદ્યાસિદ્ધ છે.

❃ અગડદત્ત ચોરને પડકાર ફેંકે છે. અને તેની જંઘા છેદી નાખે છે. પરંતુ, સંઘદાસગણિજી - 'અગડદત્તે ચોરના ખભા પર પ્રહાર કર્યો અને તેનું અડધું શરીર છેદાઈ ગયું' એવું પ્રદર્શિત કરે છે. કુશલલાભજી અને નંદલાલજી ચોર અને અગડદત્ત વચ્ચે થોડો સંઘર્ષ બતાવે છે. કુશલલાભજી જણાવે છે કે 'અગડદત્તને મારવા ચોર તેની પાછળ પડ્યો, અંતે યુક્તિથી ચોરને છેતરીને તેની જંઘા છેદી.' જ્યારે નંદલાલજી કહે છે કે 'ચોર નાસ્યો અને અગડદત્ત તેની પાછળ પડ્યો.'

❃ ચોરની બહેન વીરમતી છે. સંઘદાસગણિજી તેનું નામ નથી આપતા, સુમતિમુનિ અને નંદલાલજી વીરમતીને ખેચરી બતાવે છે. તથા નંદલાલજી તો તેને પુત્રી તરીકે વર્ણવે છે.

❃ પ્રથમ પ્રવાહમાં અગડદત્તના રાજપુત્રી સાથેના લગ્નની વાત નથી. જ્યારે દ્વિતીય પ્રવાહમાં ચોરને પકડવા બદલ રાજાએ ખૂશ થઈને અગડદત્તને પોતાની પુત્રી તથા હાથી, ઘોડા વગેરે સમૃદ્ધિ આપ્યાની વાત છે. પ્રથમ પ્રવાહની બે કૃતિઓ-શાન્તિચંદ્રસૂરિજી કૃત ઉત્તરા૦ ની ટીકા તથા સંવેગરંગ-શાલામાં કથા અહીં પૂર્ણ થાય છે. સંવેગરંગશાલામાં 'અગડદત્ત કાળક્રમે પોતાની નગરીમાં પાછો જાય છે અને રાજા પિતાની ઋદ્ધિ અગદત્તને પાછી આપે છે.' આટલો કથાઘટક લંબાવીને કથાનું સમાપન થયું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

❋ સૈન્યને પોતાના નગર તરફ પ્રયાણ કરાવીને અગડદત્ત એકલો જ પોતાના રથમાં રહ્યો અને રાત્રિએ શ્રેષ્ઠીપુત્રી (મદનમંજરી)ને બોલાવવા પોતાનો માણસ દૂતી પાસે મોકલે છે. અને દૂતી તેને લઈ આવે છે. શ્રેષ્ઠીપુત્રીને રથમાં બેસાડી તે આગળ વધે છે. અને સૈન્યને મળે છે. નરચંદ્રસૂરિજી. તો – 'અગડદત્તે પોતે દૂતીના ઘરે રથ ઊભો રાખ્યો' એવું જણાવે છે. સોમતિલકસૂરિજી અને સુમતિ મુનિ કહે છે કે 'સૈન્ય સાથે અગડદત્તે પણ પ્રયાણ કર્યું. પછી શ્રેષ્ઠીપુત્રીને લેવા એકલો પાછો વળ્યો. દૂતીના ઘરે રથ ઊભો રાખ્યો.' જ્યારે વિનયચંદ્રસૂરિજી તો કહે છે કે 'પહેલા શ્રેષ્ઠીપુત્રીને લઈ આવ્યો પછી સૈન્ય સાથે પ્રયાણ કર્યું. નંદલાલજી અને પુન્યનિધાનજી પ્રસંગ નિરુપણ કરવાને બદલે માત્ર 'રાણીઓ સાથે લઈ ગયો' એવો સામાન્ય ઉલેખ કરે છે. સંઘદાસગણિજી અને કુશલલાભજીએ થોડી જુદી રીતે જ આ ઘટના વર્ણવી છે. સંઘદાસગણિજી કહે છે કે. 'શ્રેષ્ઠીપુત્રી (શ્યામદત્તા)એ જ શસ્ત્રોથી ભરેલો રથ અગડદત્તને આપ્યો અને તે રથમાં બેસી બન્ને નગરમાંથી નિકળી ગયા.' અહીં રાજકુમારી સાથે લગ્નની કથા નથી, માટે સૈન્ય સાથે પ્રયાણ પણ નથી. પોતે અને શ્રેષ્ઠીપુત્રી માત્ર બે જણ પોતાની નગરી તરફ જવા નીકળે છે. જ્યારે કુશલલાભજીએ તો પ્રથમ અને દ્વિતીય બન્ને પ્રવાહોના કથા ઘટકોનું મિશ્રણ કર્યું છે. પ્રથમ પ્રવાહથી શરૂ થયેલી આ કથામાં રાજપુત્રી સાથેના લગ્ન અને સૈન્ય સાથે પ્રયાણનો કથા ઘટક પણ સમાવિષ્ટ કર્યો છે. 'સૈન્ય સાથે પ્રયાણ કરીને અગડદત્ત ગુરુને મળવાના બહાને નગરમાં પાછો આવે છે. ગુરુને મળે છે. પછી શ્રેષ્ઠીપુત્રીને તેની ધાવમાતા દ્વારા બોલાવીને સાથે લઈ જાય છે. આગળ જતાં સૈન્યના માર્ગથી પોતે જુદા માર્ગે ચડી જાય છે.'

❋ માર્ગમાં આવતા કષ્ટોના નિરૂપણમાં પણ બન્ને પ્રવાહ થોડા જુદા પડે છે. દ્વિતીય પ્રવાહમાં અગડદત્ત સાથે સૈન્ય છે. સૌ પ્રથમ ભીલ્લ-સૈન્ય સાથેના યુદ્ધમાં અગડદત્ત સૈન્યથી જુદો પડી જાય છે. સાથે માત્ર શ્રેષ્ઠીપુત્રી જ છે. ત્યાર પછી પારિવ્રાજકના વેશમાં આવેલ ચોર, હાથી, વાઘ/સિંહ અને સર્પ આ ક્રમે વિઘ્નો નડે છે. માત્ર લલિતકીર્તિકૃત રાસમાં હાથી અને સિંહમાં ક્રમવ્યત્યય છે. અને નરચંદ્રસૂરિજી તથા સોમતિલકસૂરિજીની કથામાં સર્પની વાત નથી.

❋ જ્યારે પ્રથમ પ્રવાહની સંઘદાસગણિજીની કથામાં-અગડદત્ત સાથે સૈન્ય જ નથી. માત્ર શ્રેષ્ઠીપુત્રીને સાથે લઈને નીકળ્યો છે. માર્ગમાં પારિવ્રાજક વેષમાં આવેલ ચોર, હાથી, સર્પ, વાઘ અને છેલ્લે ભીલ્લ સૈન્ય. આ ક્રમે વિઘ્નો આવે છે. કુશલલાભજી કૃત રાસમાં અગડદત્ત પહેલેથી જ સૈન્યથી વિખૂટો પડી ગયો છે. તથા વિઘ્નોનો ક્રમ પરિવ્રાજક-વેષમાં ચોર, હાથી, સિંહ, સર્પ અને ભીલ્લ-સૈન્ય છે. જ્યારે નંદલાલજી માર્ગમાં વિઘ્નોની વાત જ કરતા નથી.

❋ આ વિઘ્નોને જીતવાની પદ્ધતિમાં પણ થોડો-થોડો ફેરફાર જોવા મળે છે. હાથીને વશ કરવાની સામાન્ય પદ્ધતિ એ છે કે – 'હાથી સામે ઉત્તરીય વસ્ત્ર ફેંકવું- હાથી એને મારવા નીચો નમે કે તરત જ દંતશૂળ દ્વારા ઉપર ચડી કુંભસ્થલ પર પ્રહારો કરી એનો મદ ઉતારવો.' પરંતુ સોમતિલકસૂરિજી તથા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નરચંદ્રસૂરિજી 'સરળતાથી વશ કર્યો' એટલું જ જણાવીને અટકી જાય છે. સુમતિમુનિ 'વાઘ, સિંહ, સાપ એમ વિઘ્નો છે' એટલો જ ઉલ્લેખ કરે છે' વિઘ્નજયની વાત જ નથી. જ્યારે કુશલલાભજી - 'બે બાણ મારીને હાથીને ભગાડી મૂક્યો' એમ કહે છે. સંઘદાસગણિજી મુજબ હાથીના કુંભસ્થલ પર ત્રણ બાણ મારે છે.

વાઘ/સિંહને મારવાનો કીમીયો- 'ડાબા હાથ પર વસ્ત્ર વીંટાળીને હાથ વાઘ/સિંહના મુખમાં નાખી જમણા હાથથી તરત જ તલવારથી પ્રહાર કરવો અને તેને મારી નાખવો' આ આપ્યો છે. પરંતુ શ્રીસુંદરજી - 'સિંહે ફાળ ભરી ત્યારે અગડદત્તે તેને તલવારથી હણ્યો' એવું ટાંકે છે. વિનયચંદ્રસૂરિજી સિંહને સ્વવશ કર્યો એવો સામાન્ય ઉલ્લેખ જ કરે છે. જ્યારે સંઘદાસગણિજી 'વાઘના મુખમાં લાલફણા વાળા પાંચ બાણ માર્યા એટલે તે ભાગી ગયો' એવું વર્ણવે છે. અને કુશલલાભજી દર્શાવે છે કે 'અગડદત્ત શબ્દવેધી વિદ્યા શીખ્યો હતો, જે દિશામાંથી સિંહગર્જના સંભળાતી હતી. તે દિશામાં બાણ ફેંક્યું. અને સિંહનું તાળવું વિંધાઈ ગયું, જેથી સિંહ મૃત્યુ પામ્યો'.

દ્રષ્ટિવિષસર્પને વશ કરવાની સામાન્ય રીત- 'મંત્રથી સ્થગિત કરી થોડીવાર રમાડીને છોડી દેવો' એવી બતાવી છે. સંઘદાસગણિજી તથા કુશલલાભજી - અર્ધચંદ્ર બાણ ફેંકીને તેની ફણા છેદવાની વાત કરે છે. જ્યારે પુન્યનિધાનજી - 'રજ મંત્રીને સર્પ ઉપર નાખવાથી તે સિંધરી (=કાથીની દોરી) થઈ ગયો'. એવો ઉલ્લેખ કરે છે.

❋ અગડદત્ત માર્ગમાં આવતાં વિઘ્નોનો જય કરી, અટવી પાર કરી, સ્વનગરમાં પહોંચ્યો ત્યારે જ છૂટુ પડી ગયેલું સૈન્ય તેને પાછું મળી ગયું. નરચંદ્રસૂરિજી, સોમતિલકસૂરિજી, શ્રીસુંદરજી અને સ્થાનસાગરજી 'અટવી પાર કરતાની સાથે નગરમાં પહોંચ્યા પહેલા સૈન્યના મેળાપનો' ઉલ્લેખ કરે છે. નરચંદ્રસૂરિજી અને સોમતિલકસૂરિજી 'સૈન્ય ભેગુ થાય છે ત્યારે અગડદત્તને વાત કરે છે કે ભિલ્લોનો હુમલો થયો તે રાત્રિએ કોઈ શઠે- ''અગડદત્તે પ્રયાણ કરી દીધું છે.'' એવી ખોટી વાત ફેલાવી અને અમે સૌ નીકળી ગયા. માર્ગમાં ઘણું ચાલવા છતાં આપ ન મળ્યા. આથી અટવી પાર કરી બે રસ્તા ભેગા થતા હતા તે જગ્યાએ અમે રોકાઈ ગયા.' આવું છૂટા પડવાનું કારણ પણ ઉમેરે છે. સુમતિમુનિ 'સૈન્યનો મેળાપ થયો' એવો સામાન્ય ઉલ્લેખ કરે છે. પણ 'સૈન્ય ક્યાં મળ્યું?' તે સ્થળ નથી જણાવતા. જ્યારે કુશલલાભજી તો 'અગડદત્ત પહેલા સૈન્ય નગરમાં પહોંચી ગયું. તે નગરના રાજાએ અગડદત્તની તપાસ કરવા ઘોડેસવારો દોડાવ્યા થોડા સમયમાં અગડદત્ત નગરના સરોવરે પહોંચ્યો. નગરમાં પ્રવેશ કર્યા પછી સૈન્યનો મેળાપ થયો એવું વર્ણવે છે. નેમિચંદ્રસૂરિજી, વિનયચંદ્રસૂરિજી, લલિતકીર્તિજી અને પુન્યનિધાનજી. સૈન્ય છૂટુ પડ્યું એવું વર્ણવે છે છતાં સૈન્ય મેળાપનો ઉલ્લેખ માત્ર પણ કરતા નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

❋ નંદલાલજી અગડદત્તના નગર પ્રવેશ પછી નવો કથાંશ ઉમેરે છે. 'અગડદત્તને રાજ્ય સોંપી, પિતા રાજા દીક્ષા ગ્રહણ કરે છે'. તેમના વૈરાગ્યનાં નિમિત્તનું વિસ્તારથી નિરૂપણ કર્યું છે- રાજા એક દિવસ રાત્રિએ નગરજનના સુખઃદુખ જોવા નીકળ્યો. એક શેઠના ભવનમાંથી યુવાન સ્ત્રી તલવાર હાથમાં લઈને એકલી નીકળી. આ જોઈ રાજા આશ્ચર્ય પામ્યો, સ્ત્રીની પાછળ ગયો, નદી ઉતરીને કિનારે રહેલા સિંહનો સ્ત્રીએ વધ કર્યો. આગળ વધી વનમાં જોગીને મળી. તે દરરોજ રાત્રે જોગીને મળવા આવતી હતી. આજે આવવામાં વિલંબ થવા બદલ જોગી ગુસ્સે ભરાયો હતો. તેણીએ 'મારો પાપી પતિ જાગતો હતો માટે વિલંબ થયો. બાકી મારું મન તો આપમાં જ છે'. આવો ખુલાસો આપ્યો, ત્યારે જોગીએ - સાચો પ્રેમ હોય તો પતિનું મસ્તક લઈ આવવા કહ્યું. સ્ત્રી પાછી ગઈ અને પતિની હત્યા કરીને મસ્તક લઈ આવી. ત્યારે જોગીએ તેને મારીને કાઢી મૂકી. સ્ત્રીએ ખૂબ પસ્તાવો કર્યો. 'મારા બન્ને સ્વામી ગયા'. ઘરે પાછી આવી પતિનું મસ્તક ખોળામાં મૂકી આક્રંદ કરવા લાગી કે 'કોઈ ચોરે મારા પતિને મારી નાખ્યા'. બીજે દિવસે તે પોતાનું સતીત્વ દેખાડવા પતિ સાથે બળી મરી આ બધું જોઈ રાજા વિરક્ત થયા.

❋ પ્રથમ પ્રવાહ - સંઘદાસગણિજીની કથા પ્રમાણે અગડદત્ત રાજપુત્ર નથી. આથી સૈન્ય વિના જ પોતાના નગરે આવ્યો છે. નગરે પહોંચ્યા પછી તે રાજા પાસે જાય છે. અને પોતની ઓળખ આપે છે. રાજાને સંતોષ થતાં, અગડદત્તના પિતાનું સ્થાન અગડદત્તને આપે છે. અને શિરપાવ (=પગાર) બમણો આપે છે. જ્યારે કુશલલાભજીની કથામાં શિરપાવ ત્રણ ગણો બતાવ્યો છે. અહીં તો એવી વાત છે કે, પિતાને મારનાર અભંગસેન સાથે અગડદત્ત યુદ્ધ કરે છે. યુદ્ધમાં તેને મારીને અગડદત્ત પિતાનું વેર વાળે છે. આગળ વધતા રાજા અગડદત્તને પ્રધાન બનાવે છે.

❋ ઉદ્યાનમાં અગડદત્તની પત્ની-શ્રેષ્ઠીપુત્રીને સર્પ દંશ મારે છે, તે અચેતન થઈ જાય છે. ઘણા ઉપાયો કરવા છતાં તે સચેતન થતી નથી. અગડદત્ત તેની સાથે બળી મરવા તૈયાર થાય છે. ત્યાં જ લલિતકીર્તિજી, ભાવવિજયજી અને પુન્યનિધાનજીના કહેવા પ્રમાણે 'બે વિદ્યાધર આવ્યા' તથા સંઘદાસગણિજી, નેમિચંદ્રસૂરિજી, વિનયચંદ્રસૂરિજી, પ્રદ્યુમ્નસૂરિજી અને શ્રીસુંદરજીના કહેવા પ્રમાણે 'વિદ્યાધર યુગલ આવ્યું.' વિદ્યાધર યુગલ કહેવા પાછળ 'સ્ત્રી અને પુરુષનું યુગલ' એવો અર્થ અભિપ્રેત હશે? બાકીના બધા રચનાકારો એક વિદ્યાધર આવ્યાની રજૂઆત કરે છે.

❋ તે વિદ્યાધરોએ/વિદ્યાધરે પાણી મંત્રીને છાંટ્યું અને શ્રેષ્ઠીપુત્રી સચેતન થઈ. સંઘદાસગણિજી 'વિદ્યાધરના સ્પર્શથી સચેતન થઈ,' સુમતિમુનિ - 'પાણી મંત્રીને પીવડાવવાથી સચેતન થઈ,' અને નંદલાલજી 'વિદ્યાના પ્રયોગથી નિર્વિષ થઈ' એવી ભિન્નતા દર્શાવે છે. કુશલલાભજી અહીં કથા ઉમેરે છે કે 'વિદ્યાધર યુગલ આકાશમાર્ગે જઈ રહ્યું છે. વિદ્યાધરી કુલટા છે. તેને મારવા વિદ્યાધરે પુષ્પગુચ્છ તથા તેની અંદર વિષધર સર્પ વિકુર્વ્યો અને વિદ્યાધરીના હાથમાં આપ્યો. સર્પનો ખ્યાલ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આવતાની સાથે તેણીએ પુષ્પગુચ્છ ફેંકી દીધો. જે અગડદત્ત પાસે આવીને પડ્યો. અગડદત્તે તે ગુચ્છ શ્રેષ્ઠીપુત્રીને આપ્યો. તેમાં રહેલો સર્પ ડસવાથી શ્રેષ્ઠીપુત્રીને વિષ ચડ્યું. અગડદત્તનો વિલાપ સાંભળી તે જ વિદ્યાધરે શ્રેષ્ઠીપુત્રીના કાનમાં મંત્ર બોલીને વિષ ઉતાર્યું.'

❃ સંસ્કૃત/પ્રાકૃતની બધી જ કૃતિઓની અગડદત્તકથા તથા શ્રીસુંદરજી, લલિતકીર્તિજી અને સ્થાનસાગરજીની અગડદત્તકથામાં મંદિરમાં રાત્રિએ બનેલી ઘટનાનું રહસ્ય અગડદત્ત જ્યારે મુનિ પાસે વૃતાન્ત સાંભળે છે, ત્યારે ખૂલે છે. જ્યારે ત્રણ સિવાયના બધા જ ગુર્જર રચનાકારોએ ઘટનાને પહેલેથી જ પ્રગટ રાખી છે. પ્રગટ રાખવા કરતા કથાઘટકને રહસ્યમય રાખવામાં જ રસ વધુ જળવાયો છે.'

❃ અગડદત્ત અને મુનિના મેળાપના પ્રસંગમાં પણ બન્ને પ્રવાહ જુદા પડે છે. પ્રથમ પ્રવાહની સંઘદાસગણિજીના કથામાં- 'રાજા અગડદત્તને દૂત તરીકે દશપુરમાં અમિત્રદમન રાજા પાસે મોકલે છે. ત્યાં તેના મુકામમાં સમાનરૂપવાળા બે-બે મુનિઓ ત્રણ વાર વહોરવા આવ્યા. ત્યાં અગડદત્તને પોતાનો વૃત્તાન્ત જાણીને આશ્ચર્ય થતાં અગડદત્ત તેમને મળવા ઉદ્યાનમાં ગયો.' કુશલલાભજીની કથામાં 'રાજા અગડદત્તપ્રધાનને પોતનપુર નગરમાં ત્યાંના રાજા સાથેનાં રહેલાં ત્રણ પેઢીના વેરની તુષ્ટિ (=સંધિ) કરવા મોકલે છે'. તેના મુકામમાં બે મુનિવર વહોરવા આવે છે. ત્યાં જ મુનિદ્વારા વૃત્તાન્ત જાણવા મળે છે. દ્વિતીય પ્રવાહમાં અગડદત્તનું અશ્વ દ્વારા અપહરણ થાય છે. જંગલમાં જ્યાં અશ્વ ઊભો રહે છે. ત્યાં એક ચૈત્ય હોય છે. તે ચૈત્યની બહાર ચારણમુનિ દ્વારા પોતાનો વૃત્તાન્ત જાણે છે. નરચંદ્રસૂરિજી, સોમતિલસૂરિજી તથા સુમતિમુનિ તે ચૈત્ય શ્રી આદીનાથ પ્રભુનું જણાવે છે. નંદલાલજી-'અગડદત્ત વનમાં ક્રીડા કરવા ગયો ત્યારે તેણે પાંચ મુનિને જોયા. તેમના દ્વારા પોતાનો વૃત્તાન્ત જાણ્યો' એવી રજૂઆત કરે છે.

❃ પ્રથમ પ્રવાહમાં સંઘદાસગણિજીએ કથા નિગમન આ રીતે કર્યું છે. અગડદત્તના મુકામે જે છ મુનિઓ વહોરવા આવ્યા હતા તે મુનિઓ ભિલ્લપતિના ભાઈ હતા. શ્રેષ્ઠીપુત્રીનું સ્ત્રીચરિત્ર જોઈને જ વિરક્ત થયા હતા. તે મુનિઓના નામ અનુક્રમે દ્રઢધર્મ, ધર્મરુચિ, ધર્મદાસ, સુવ્રત, દ્રઢવ્રત અને ધર્મપ્રિય હતા. તેમની પાસે અગડદત્તે દીક્ષા ગ્રહણ કરી.' કુશલલાભજીની કથામાં 'જે બે મુનિઓ પાસેથી અગડદત્તે પોતાનો વૃત્તાન્ત સાંભળ્યો છે તે બે મુનિઓ પરિવ્રાજક વેષમાં આવેલ પ્રથમ અને દ્વિતીય ચોર તથા ભિલ્લપતિના ભાઈ હતા. આમ, તેઓ કુલ પાંચ ભાઈઓ હતા.' એવું જણાવ્યું છે. અહીં 'અગડદત્ત દીક્ષા ગ્રહણ કરે છે. અગિયાર અંગનો અભ્યાસ કરી, જીવનપ્રાંતે અણસણ કરી, ૯માં ગૈવેયકમાં દેવ થાય છે. ઘણા જીવોને પ્રતિબોધ કરી મોક્ષે જશે' એવું પ્રદર્શિત કર્યું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દ્વિતીય પ્રવાહમાં અગડદત્તે જે ચારણમુનિ પાસેથી પોતાનો વૃતાન્ત જાણ્યો. તે મુનિની બાજુમાં બેસેલા દીક્ષા લેવા ઉદ્યત થયેલા પાંચ પુરુષો ભીલપતિના ભાઈઓ હતા. કે જેઓ શ્રેષ્ઠીપુત્રીનું ચરિત્ર જોઈ વિરક્ત થયા હતા. શ્રીસુંદરજી તથા સ્થાનસાગરજી તે પાંચ ભાઈઓને પહેલાથી દીક્ષિત જ દર્શાવે છે. જ્યારે સુમતિમુનિ – 'તે પાંચ પુરુષો ભીલનાયકના પાંચ પ્રધાન હતા એવું ટાંકે છે.

❁ અગડદત્તને પોતાના જીવનની હકીકત જાણીને સંસારથી વૈરાગ્ય થયો. પછી તેની દીક્ષા બાબતમાં ઘણી ભિન્નતા જોવા મળે છે. નેમિચંદ્રસૂરિજી, પ્રદ્યુમ્નસૂરિજી, શ્રીસુંદરજી, સ્થાનસાગરજી, ભાવવિજયજી અને પુન્યનિધાનજી એવું નિરૂપિત કરે છે કે 'અગડદત્તે એકલાએ વનમાં જ દીક્ષા લીધી.' વિનયચંદ્રસૂરિજી અને લલિતકીર્તિજી એવું જણાવે છે કે 'અગડદત્તે તે પાંચ પુરુષો સાથે તે જ સમયે દીક્ષા ગ્રહણ કરી.' જ્યારે સોમતિલકસૂરિજી એવું દર્શાવે છે કે 'અગડદત્ત ત્યાંથી સૈન્ય સાથે ઘરે ગયો અને ત્યાર બાદ કમલસેનાની સાથે દીક્ષિત થયો.' સુમતિમુનિ મુજબ 'અગડદત્ત મુનિ પાસેથી દેશ-વિરતિધર બનીને ઘરે જાય છે પછી માતાની અનુમતિ લઈને એકલો દીક્ષા ગ્રહણ કરે છે.' નરચંદ્રસૂરિજીનું પ્રરૂપણ થોડું જૂદું છે. 'અગડદત્ત ચારણમુનિને વિનંતિ કરે છે કે 'આપ નગરમાં પધારો. મારા પિતા દીક્ષા મહોત્સવ કરશે'. એ જ સમયે મુનિના સંસારી પુત્ર વિદ્યાધર રાજા રત્નચૂડ ત્યાં આવે છે. અગડદત્તને અને પાંચ પુરુષોને અગડદત્તની નગરીમાં લઈ જાય છે. પછી અગડદત્તના પિતા અને વિદ્યાધર રાજા બન્ને સાથે મળીને દીક્ષા મહોત્સવ કરે છે. અગડદત્ત, કમલસેના અને પાંચ પુરુષો એમ સાતેયની દીક્ષા સાથે થાય છે'.

નંદલાલજી અગડદત્તની દીક્ષાનો આખોય પ્રસંગ સર્વથી જુદી રીતે જ દર્શાવે છે. 'પોતાનો વૃત્તાન્ત સાંભળીને અગડદત્તને સંયમ ગ્રહણ કરવાની ઈચ્છા પ્રગટી. અગડદત્ત નગરમાં ગયો અને પોતાના મોટા પુત્ર મહાસેનને રાજગાદીએ બેસાડ્યો. ત્યાર પછી સૈનિકો એક સ્ત્રીને પોતાના પતિની હત્યા કરી હોવાથી મહાસેન રાજા સમક્ષ પકડીને લઈ આવ્યા. નૂતન રાજવીએ કડક સજા ફટકારી ત્યારે અગડદત્તે તેને અટકાવ્યો અને તેની માતાનો વૃત્તાન્ત જણાવ્યો. એ સાંભળીને મહાસેનને પણ વૈરાગ્ય પ્રગટયો. પિતાની સાથે તેણે પણ દીક્ષા લીધી, પ્રાંતે ૧૬ દિવસનો સંથારો (અણસણ) કરી કેવળજ્ઞાન પામ્યા'.

❁ અગડદત્તની કાળ પછીની ગતિ અંગે પણ સર્વ સ્થળે જુદા જુદા ઉલ્લેખો મળે છે. સોમતિલકસૂરિજી કહે છે કે 'અગડદત્ત મુનિ એ જ ભવમાં મોક્ષે ગયા.' નરચંદ્રસૂરિજી – 'અગડદત્ત, કમલસેના અને પાંચે પુરુષો સાથે એ જ ભવમાં મોક્ષે ગયા.' આવું પ્રરૂપિત કરે છે. નંદલાલજી 'અગડદત્ત અને મહાસેન બન્ને સાથે એ જ ભવે મોક્ષે ગયા' એવું દર્શાવે છે. ભાવવિજયજી– 'અગડદત્ત મુનિ એ ભવમાં નહીં પણ ક્રમે કરીને મોક્ષે ગયા'ની વાત કરે છે. જ્યારે પ્રદ્યુમ્નસૂરિજી, શ્રીસુંદરજી, લલિતકીર્તિજી તથા સ્થાનસાગરજી 'ભવાંતરમાં મોક્ષે જશે' એવું વર્ણવે છે. 'અગડદત્ત મુનિ અણસણ કરી સ્વર્ગે ગયા' એવું પુન્યનિધાનજી કહે છે. તો કુશલલાભજી 'મુનિ ૯માં ગ્રૈવેયકમાં ગયા' એવું ટાંકે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે. વિનયચંદ્રસૂરિજી મોક્ષ સંબંધી વાત કર્યા વિના માત્ર 'અગડદત્ત અને પાંચ પુરુષોની સદ્‌ગતિ થઈ' એવો નિર્દેશ કરે છે. સુમતિમુનિના રાસમાં મુગતિ અને સુગતિ બન્ને પાઠો મળે છે.

સંઘદાસગણિજીની કથામાં અગડદત્તમુનિ પોતાની આત્મકથા કહી રહ્યા છે. માટે તેમના કાળ અંગેનું નિરૂપણ ન હોય તે સ્વાભાવિક છે. અને નેમિચંદ્રસૂરિજી અગડદત્તની દીક્ષા સુધીની વાત કહીને વાર્તાને વિરામ આપે છે.

❈ બારસો વરસના લાંબા સમયપટમાં ૧૬ જેટલા સાહિત્યકારોએ આ એકની એક કથાને પ્રાકૃત-સંસ્કૃત-ગુજરાતી જેવી જુદી-જુદી ભાષાઓમાં વિવિધ દ્રષ્ટિકોણથી રચી. તેમાં આપણે જોયું તેમ કથાઘટકોનું વૈવિધ્ય અને છેવટે અગડદત્તના પરભવ ગમન વિશે પણ એકવાક્યતાનો અભાવ તેની લોકકથા મુલકતા લગભગ નિશ્ચિત કરી દે છે. અલગ-અલગ સમયના સાહિત્યકારો કથામાં રોમાંચ, રોચકતા અને સ-રસતા ભરવા લોકપ્રસિદ્ધ અને લોકપ્રિય ઘટકો ઉમેરતા હોય છે.

આ કથાનકના કેટલાક ઘટકો ભારતીય સાહિત્યમાં ઠેર-ઠેર નજરે ચડે છે. જેમ કે ચોર ચાતુર્ય, રાજપુત્રની ઉદ્ધતાઈના કારણે કે રથિકપુત્રને કલાભ્યાસના સંયોગો ન મળવાને કારણે પરદેશ ગમન, સ્ત્રી ચરિત્રમાં પણ અનિષ્ટ પુરુષને મારવાના પ્રપંચ કે કામાંધ બની પોતાના પતિને મારવાની દુર્ઘટના, નાયકની વીરતા દર્શાવતા સિંહ, વાઘ કે હાથીને વશ કરવાના પ્રસંગ વગેરે....

બની શકે કે ધર્મોપદેશ શ્રવણમાં રસ જળવાય એ માટે આવા કથાનકોનો વિકાસ કરવામાં આવતો હોય.

## નામ નિરીક્ષણ

ટૂંકી પણ ધ્યાનાર્હ વિચારણા સ્થળવાચક કે વ્યક્તિવાચક નામોની છે. બન્ને પ્રવાહમાં કથાનાયક 'અગડદત્ત' છે. જો કે જિનચંદ્રસૂરિજીએ 'અગલદત્ત' નામ આપ્યુ છે. જે વાસ્તવિકતાએ (ડ અને લ સમાન હોવાથી) એક જ ગણાય. કથાના બન્ને પ્રવાહમાં આવતા વિશેષ નામોનું કોષ્ટક અહીં આપ્યું છે. પ્રથમ પ્રવાહમાં સંઘદાસગણિજી, શાન્તિસૂરિજી તથા જિનચંદ્રસૂરિજીનો સમાવેશ છે. કુશલલાભજી પ્રથમ પ્રવાહમાં તથા સુમતિમુનિ અને નંદલાલજી દ્વિતીય પ્રવાહમાં સમાવિષ્ટ હોવા છતા તેઓએ નામોમાં વધુ ફેરફાર કર્યો હોવાથી જુદો ઉલ્લેખ કર્યો છે. એ સિવાયના સર્વ રચનાકારોનો સમાવેશ દ્વિતીય પ્રવાહમાં થાય છે. તેઓમાં પણ જ્યાં થોડો ફેરફાર છે તેનો ઉલ્લેખ કોષ્ટકની નીચે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કર્યો છે. નીચે જ્યાં 'x' નિશાની છે ત્યાં કથામાં તે-તે પાત્રનો ઉલ્લેખ નથી અને જ્યાં '૦' નિશાની છે ત્યાં કથામાં તે-તે પાત્રો છે પરંતુ તેનો નામોલેખ નથી.

| વિશેષ નામો | પ્રથમ પ્રવાહ | કુશલલાભજી | દ્વિતીય પ્રવાહ | સુમતિમુનિ | નંદલાલજી |
|---|---|---|---|---|---|
| અગડદત્તની નગરી | અવંતી | શ્રીવસંતપુર | શંખપુર | [૩]શંખપુર | શંખપુર |
| રાજા | જિતશત્રુ | ભીમસેન | સુંદર | સુરસુંદર | સુરસુંદર |
| રાણી | x | સોહગસુંદરી | સુલસા | સુરસુંદરી | ૦ |
| પિતા | અમોઘરથ રથિક | સુરસેન સામંત | x | x | x |
| માતા | યશોમતી | ધારણી | x | x | x |
| પિતાને મારનાર | [૧]અમોઘપ્રહારી | અભંગસેન | x | x | x |
| પિતાના મિત્ર કે ઉપાધ્યાય | દ્રઢપ્રહારી | સોમદત્ત | [૪]પવનચંડ | ૦ | ૦ |
| તેમની નગરી | કૌશાંબી | ચંપાપુરી | વારાણસી/ વાણારસી | વાણારસી | વાણારસી |
| તે નગરીના રાજા | ૦ | ૦ | [૫]ભુવનપાલ | ૦ | ૦ |
| રાજપુત્રી | x | સુરસુંદરી | કમલસેના | કનકસુંદરી | ૦ |
| શ્રેષ્ઠી | [૨]યક્ષદત્ત | સાગર | [૬]બંધુદત્ત | બંધુદત્ત | બંધુદત્ત |
| શ્રેષ્ઠીપુત્રી | શ્યામદત્તા | મયણમંજરી | મદનમંજરી | મદનસુંદરી | મદન- મંજરી |
| પ્રથમ ચોર | ૦ | ભુજંગમ | [૭]ભુજંગમ | ૦ | હરયલ |
| તેની બહેન | ૦ | વીરમતી | [૮]વીરમતી | વીરમતી | ૦ (પુત્રી) |
| ભિલ્લપતિ | અર્જુન | અર્જન | [૯]ધરણીધર | ભીમસેન | x |
| દ્વિતીય ચોર | ધનપૂંજક | પ્રચંડ | [૧૦]દુર્યોધન | દુર્જન | x |
| તેની પત્ની/દીકરી | ૦ | ૦ | [૧૧]જયશ્રી | x | x |

૧. શાન્તિસૂરિજી, જિનચંદ્રસૂરિજી > ૦

૨. શાન્તિસૂરિજી તથા જિનચંદ્રસૂરિજીની કથામાં શ્રેષ્ઠી કે શ્રેષ્ઠીપુત્રીનો કથાઘટક નથી. અને કથા પ્રથમ ચોરને મારવા સુધીની જ છે. માટે તે પછીના પાત્રો પણ નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૩. એક માત્ર સુમતિમુનિએ શંખપુરનો ઉરુજંગલ દેશ દર્શાવ્યો છે.

૪. પુન્યનિધાનજી > ચંડ

૫. પુન્યનિધાનજી > જિતશત્રુ

૬. ભાવવિજયજી > ૦, સ્થાનસાગરજી > શ્રીદત્ત

૭. નરચંદ્રસૂરિજી-સોમતિલકસૂરિજી > ૦, વિનયચંદ્રસૂરિજી-લક્ષ્મીવલ્લભગણિજી > ભુજંગ.

૮. પુન્યનિધાનજી > ૦

૯. નરચંદ્રસૂરિજી-સોમતિલકસૂરિજી > ભીમ, લક્ષ્મીવલ્લભગણિજી > ૦

૧૦. પુન્યનિધાનજી > ૦

૧૧. નરચંદ્રસૂરિજી > ૦, સોમતિલકસૂરિજી > સુંદરી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૪ હસ્તપ્રત પરિચય

### ૧) સુમતિમુનિ કૃત ચોપાઈબદ્ધ અગડદત્ત રાસ

આ કૃતિની બે પ્રતો લીંબડી-શેઠ આણંદજી કલ્યાણજી જૈન જ્ઞાન ભંડારમાંથી પ્રાપ્ત થઈ છે.

ક.) ડા. ૧૧૪, પ્રતક્રમાંક-૩૦૮૦, કુલ પત્ર-૧૦. તેમાં પત્ર ૧થી ૫ अ ની ૮મી અર્ધ પંક્તિ સુધી 'ભવીય કુટુંબ રાસ' છે. ત્યાર પછી ૧૦માં પત્ર સુધી ચોપાઈ બદ્ધ અગડદત્ત રાસ છે. પ્રતનું માપ ૨૯ x ૧૨ સે.મી. છે. દરેક પત્રમાં ૧૫ પંક્તિ છે. દરેક પંક્તિમાં ૩૭ થી ૪૧ અક્ષરો છે.

અક્ષરો નાના-મોટા છે. 'ખ' ને બદલે 'ष'નો ઉપયોગ કર્યો છે. આખી પ્રતમાં ક્યાંય દંડનો પ્રયોગ જ નથી. એક સ્થાને બે પંક્તિની વચ્ચે અને એક સ્થાને હાંસિયામાં પાઠ ઉમેર્યો છે. બાકી ક્યાંય પાઠ ખૂટતો નથી.

આ પ્રતનું લેખન કડીપાટકમાં સંવંત ૧૬૩૭ વર્ષે આસો સુદ-૧૨ના મંગળવારે થયું છે. શ્રી સત્યલક્ષ્મી ગણિજીને વાંચનાર્થે ઋષિ સોમા દ્વારા આ પ્રત લખાઈ છે.

પ્રતનો આરંભ '॥ȻD॥ जिनाय नमः' થી કર્યો છે. અને પુષ્પિકા આ મુજબ છે. **इति श्री अगडदत्त मनिनु रास संपूर्ण छ, संवत १६३७ वर्षे आसो शुदि १२ भौमे छ, कडीपाटक मध्ये लख्यतं ऋ० सोमा लरव्यापितं छ, प्र० श्री सत्यलक्ष्मीगणिनां वाचमान्यं छ, श्रीः शुभं भवतु कल्याणमस्तु ॥ श्री गरभो नमः ॥ सामाइक ॥१॥ दुवध. ॥२॥ असभ. ॥३॥ मनभर ॥४॥ अनमोदना ॥५॥ पंचप्रकारे ॥६॥ इसुंअ सामाइकनरतूक. ॥७॥ दवसिनसानि। अंतु आवसक ॥८॥**

'ક' પ્રતનો સામાન્ય રીતે ઉપયોગ કર્યો છે. 'ખ' પ્રતનો જરૂર પડી ત્યાં લાભ લીધો છે.

ખ.) ડા.-૯૭, પ્રત ક્રમાંક-૨૧૯૬. પત્ર-૪, પ્રતનું માપ ૨૮.૫ ×૧૨.૫ સે.મિ. છે.

દરેક પત્રમાં ૧૫ પંક્તિ અને દરેક પંક્તિમાં ૪૭ થી ૫૧ અક્ષરો છે. અક્ષરો એકસરખા અને સુવાચ્ય છે. ક્વચિત્ પડિમાત્રા વપરાઈ છે. 'ખ'ને બદલે 'ष' પણ મળે છે. ખૂટતા પાઠો હાંસિયામાં અને નીચેની કોરી જગ્યામાં 'V' 'X' કે 'x ૨' 'x ૪' એવી નિશાની કરીને મૂકવામાં આવ્યા છે. કડી ક્રમાંક, ચઉપઈ અને દૂહાના અક્ષર પર લાલ રંગ કર્યો છે.

પ્રથમ પત્રમાં સ્હેજ શાહી ઉખડી ગઈ છે. પ્રતનો પ્રારંભ ॥ȻD॥થી કર્યો છે. અને પુષ્પિકા '**इति अगडदरासः॥**' એટલી જ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૨) કુશલલાભજી કૃત અગડદત્ત ચોપાઈ

આ કૃતિની બે પ્રતો પ્રાપ્ત થઈ છે.

ક.) આ પ્રત આચાર્ય શ્રી કૈલાસસાગરસૂરી જ્ઞાનમંદિર-કોબાથી પ્રાપ્ત થઈ છે.

પ્રતક્રમાંક-૧૪×૩૧. પત્ર-૧૧. પ્રતનું નામ-૨૬.૫ × ૧૧ સે.મિ. છે.

દરેક પત્રમાં ૧૫ પંક્તિ અને દરેક પંક્તિએ ૪૬થી ૫૧ અક્ષરો છે. આ પ્રતમાં વચ્ચે કુદરડી રાખી તેમાં ચાર અક્ષર ગોઠવ્યા છે. ખૂટતા પાઠોને 'V' આવી નિશાની કરી બન્ને બાજુ ઉમેરવામાં આવ્યા છે. ક્યાંક બે પંક્તિની વચ્ચે કોરી જગ્યામાં પણ ખૂટતા અક્ષર ઉમેરવામાં આવ્યા છે.

અક્ષરો એક સરખા સુવાચ્ય છે. 'ખ'ને બદલે 'ष'નો પ્રયોગ થયો છે. 'द्र' અને 'इ'માં સ્હેજ જ ફરક છે. ક્વચિત્ પડિમાત્રાનો પ્રયોગ થયો છે. દંડની નિયતતા નથી, કડી ક્રમાંક તથા દેશી કે છંદનામોના અક્ષરો પર લાલ રંગ કર્યો છે.

આ પ્રતનું લેખન કોબા જ્ઞાનમંદિરના સૂચિપત્રમાં જણાવ્યા મુજબ ૧૮મી સદીમાં થયું છે.

પ્રતની સ્થિતિ સારી છે. પ્રતનો આરંભ '।।ર્દ૦।।' થી કર્યો છે. પુષ્પિકા આ પ્રમાણે છે.

**'इति श्री अगडदत्तरास संपूर्णः ।। श्री ।। श्रीः'**
ત્યાર બાદ પછીથી કોઈએ મિનાશકુન લખ્યા છે.

**'चंचे चूणण पंखि मरण, नयणे लाभ अनंत।**
**भोजन उदर, गुह्यु धन, पूंछे हाण करंत ।।१।।**

**कंठे रा-मेलावडो, पाय गमन करंत।**
**हरी पुछै सहदेवनइं, चेडी वीचार मिलंत ।।२।।**
**इति मिना सकुन लिख्या छें ते जोईई ते ठीक।।'**

મિનાશકુનની નીચે ડાબી બાજુએ મેના (=સારિકા)નું ચિત્ર આપ્યું છે. તેમાં અલગ-અલગ સ્થાને નાના વર્તુળ કરવામાં આવ્યા છે. જેના દ્વારા મિના=મેના (સારિકા)ના ચાંચ વગેરે અંગો પરથી શુકન જોવામાં આવે છે. તેનું ફળ બે દુહામાં દર્શાવ્યું છે.

ખ.) આ પ્રત ઓરીએન્ટલ ઈન્સ્ટીટ્યુટ વડોદરાથી પ્રાપ્ત થઈ છે. આ પ્રતમાંથી મળતા અમુક પાઠોને મુખ્ય બનાવવામાં આવ્યા છે.

પ્રત ક્રમાંક-૧૪૨૮૯, પત્ર-૧૧ પરંતુ તેમાં ૫મું પત્ર નથી. પ્રતિપત્ર પંક્તિ ૧૧થી ૧૪ છે અને પ્રતિપંક્તિએ ૪૨થી ૪૯ અક્ષરો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રતમા વચ્ચે ફૂદરડી રાખવામાં આવી છે. ખૂટતા પાઠો માત્ર બે જ સ્થાને હાંસિયામાં અને નીચે કોરી જગ્યામાં 'V' 'Ʌ' એવી નિશાનીથી ઉમેરવામાં આવ્યા છે. કોઈ સ્થાને બે પંક્તિ વચ્ચે પણ ખૂટતા અક્ષર પૂર્યા છે. અશુદ્ધિઓને પીળા રંગથી ટાંકવામાં આવી છે. અક્ષરો સમાન અને સુવાચ્ય છે. 'ખ' માટે 'ष' જ વપરાયો છે. ક્વચિત 'વ' નો 'ब' અને 'બ' નો 'व' જોવા મળે છે. 'ह' અને 'द' માં કોઈ તફાવત જણાતો નથી.

પ્રતના છેડાના ભાગો ખવાઈ ગયા છે, પ્રત જીર્ણ થયેલ જણાય છે. લગભગ પત્રોમાં થોડી-થોડી શાહી ઉખડી ગઈ છે.

પ્રતનો આરંભ '।।ďD।। श्री गौतमाय नमः ।।' થી કર્યો છે. અને પુષ્પિકા આ મુજબ છે. '**इति श्री अगडदत्त कुमार रास संपूर्णमिति ।।छ।।**'

### 3) શ્રીસુંદરજી કૃત અગડદત્ત રાસ

આ કૃતિની ત્રણ પ્રતો પ્રાપ્ત થઈ છે. ક. અને ખ. પ્રત બી.એલ ઈન્સ્ટિટ્યુટ દિલ્લીથી પ્રાપ્ત થઈ છે. એમાં 'ક' પ્રતને મુખ્ય બનાવવામાં આવી છે. 'ખ' અને 'ગ' પ્રતનો જરૂર લાગી ત્યાં લાભ લીધો છે.

ક.) પ્રતક્રમાંક ડી.એલ. ૦૦૦૦૦૧૪૮૮. કુલ પત્ર-૧૦, પ્રતનું માપ ૨૮ × ૧૨ સે.મિ. છે. પ્રતિપત્ર પંક્તિ ૧૫ અને પ્રતિપંક્તિ અક્ષર ૪૫ થી ૫૭ છે.

પ્રતમાં વચ્ચે કોરુ ચોખંડુ રાખવામાં આવ્યુ છે. ખુટતા પાઠો, હાંસિયામાં કે ઉપર-નીચે કોરી જગ્યામાં '+૨', '=', 'V', 'N', '+૧', એવી નિશાનીથી અથવા વિના નિશાનીએ પણ ઉમેર્યા છે. બે પંક્તિની વચ્ચેની જગ્યામાં પણ પાઠ ઉમેરાયા છે. અક્ષરો આગળ-પાછળ લખાઈ ગયા હોય ત્યાં અક્ષર ઉપર '૨', '૧' એવી નિશાની આપવામાં આવી છે.

પ્રસ્તુત અગડદત્તની બધી જ પ્રતો કરતાં આ પ્રતમાં મહત્ત્વની વિશિષ્ટતા એ છે કે આખી પ્રતમાં દંડ કે કડી ક્રમાંકમાં સહેજ પણ અવ્યવસ્થા નથી.

અક્ષરો એક સરખા અને સુવાચ્ય છે. 'ખ' માટે 'ष' અને 'ख' બન્ને વપરાયા છે. મોટે ભાગે 'બ' નો 'व' જોવા મળે છે. ક્વચિત્ જ 'વ' ને બદલે 'ब' વપરાયો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'ક' પ્રત અને 'ખ' પ્રત બન્નેના અક્ષરો એકદમ સરખા જ છે લેખકે પોતાનું નામ પુષ્પિકામાં આપ્યું નથી.

આ પ્રતનો આરંભ '।।ર્દO।।' થી કર્યો છે અને પુષ્પિકા '**इति श्री अगडदत्त राजर्षि चतुष्पदी समाप्ता**' છે.

ખ.) પ્રત ક્રમાંક ડી.એલ. ૦૦૦૦૦૧૪૮૭ છે. પત્ર-૧૦, પરંતુ પ્રથમ ત્રણ પત્ર નથી, પ્રતનું માપ ૨૮ × ૧૨ સે.મિ. છે. પ્રતિ પત્ર પંક્તિ ૧૫ અને પ્રતિ પંક્તિએ અક્ષર ૪૦ થી ૫૨ છે.

આ પ્રતમાં પણ વચ્ચે કોરું ચોખંડુ રાખવામાં આવ્યું છે. ક્વચિત્ જ બે પંક્તિની વચ્ચે ખૂટતા અક્ષરો ઉમેર્યા છે એ સિવાય આ પ્રતમાં ક્યાંય પાઠ ખૂટતો નથી.

અક્ષરો એક સરખા અને સુવાચ્ય છે. 'ખ' માટે '**ष**' નો જ ઉપયોગ થયો છે, 'બ' નો 'વ' અને 'વ'નો '**ब**' જોવા મળે છે. કોઈ સ્થાને પડિમાત્રા વપરાઈ છે.

પ્રતના અંતે પુષ્પિકા '**इति श्री अगडदत्त राजर्षि चतुष्पदी समाप्ता ।।छ।।**' એ મુજબ છે.

ગ.) આ પ્રત લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર અમદાવાદથી પ્રાપ્ત થઈ છે.

પ્રત ક્રમાંક - ૧૦૮૫૯, પત્ર-૧૨, પ્રતનુ માપ ૧૨ × ૨૮.૫ સે.મિ. છે. પ્રતિપત્ર પંકિત ૧૩ અને પ્રતિપંક્તિએ અક્ષર ૪૧ થી ૪૫ છે.

આખી પ્રતમાં અક્ષરો એકસરખા અને સુવાચ્ય છે. ત્રણ સ્થળે '//' એવ નિશાનીથી ખૂટતો પાઠ ઉમેર્યો છે. અને એક સ્થાને '×' એવી નિશાનીથી ઉમેર્યો છે. ક્યાંક બે પંકિતની વચ્ચે પાઠ ઉમેરાયો છે.

ક્વચિત્ પડિમાત્રા વપરાઈ છે. 'ખ' ને બદલે '**ष**' નો જ પ્રયોગ થયો છે. અનુનાસિક પૂર્વે અનુસ્વાર કરવામાં આવ્યા છે. ક્વચિત્ નિરર્થક અનુસ્વારો પણ દેખાય છે.

પત્ર ૧-અ પર બન્ને બાજુ હાંસિયામાં સુંદર ચિત્રણ કરવામાં આવ્યું છે.

પ્રતનો આરંભ '।।ર્દO।।' થી થયો છે. અને પુષ્પિકા '**इति श्री अगडदत्त राजर्षि प्रबंधः समाप्तः**' છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૪) ગુણવિનયજી કૃત અગડદત્ત રાસ

આ કૃતિની એક જ પ્રત શ્રી હેમચન્દ્રાચાર્ય જ્ઞાનમંદિર પાટણથી પ્રાપ્ત થઈ છે. તેના સૂચિપત્રમાં રાસના કર્તા જિનકુશલસૂરિજી જણાવ્યા છે જે વસ્તુતઃ ગુણવિનયજી છે.

ડા. ૨૯૯, પ્રત ક્રમાંક-૧૪૩૭૧, પત્ર-૧૩, પ્રતનું માપ ૨૮.૫ × ૧૨ સે.મિ. છે. પ્રતિપત્ર પંક્તિ ૧૬થી ૨૦ અને પ્રતિપંક્તિએ અક્ષરો ૪૩ થી ૬૦ છે.

ક્યાંક બન્ને હાંસિયામાં તથા ઉપર-નીચે કોરી જગ્યામાં અને બે પંક્તિ વચ્ચે જગ્યામાં અસ્પષ્ટ અક્ષરો લખ્યા છે, પાઠ ખૂટતા નથી અને કોઈ પદની ટીપ્પણી જેવું પણ જણાતું નથી.

૭अ સુધી અક્ષરો એક સરખા અને સુવાચ્ય છે. 'ખ' માટે 'ख' અને 'ष' બન્ને વપરાયા છે. ક્વચિત્ 'વ'ના સ્થાને 'ब'નો નિર્દેશ છે. વ્યંજન સાથે 'आ કાર' અને વ્યંજન સાથે 'ई કારમાં' બહુ સામાન્ય તફાવત છે.

૭आ થી અક્ષરો બદલાયા છે. આ અક્ષરો સહેજ નાના-મોટા થાય છે. અને પંક્તિ આગળ જતા વળી જાય છે. ક્યાંક અક્ષરો ફૂટ્યા છે. ક્યાંક અક્ષરો એકદમ જોડાઈ ગયા હોવાથી જોડાક્ષરનો ભ્રમ કરે છે. અહીં પણ 'ખ' માટે 'ख' અને 'ष' એમ બન્ને વપરાયા છે. 'भ'નું ડાબુ પાંખિયું ટૂંકું થઈ જવાથી 'त' નો ભ્રમ ઊભો કરે છે. આખી પ્રતમાં દંડની અનિયતતા છે.

પ્રતમાં છેડાના ભાગ ખવાઈ ગયા છે. તથા દરેક પત્ર પર જમણી બાજુએ ઉપરના ભાગમાં ઉધઈ લાગી છે.

પ્રતની લેખન સંવત પુષ્પિકામાં નથી આ પ્રતનુ લેખન પં. જીવકીર્તિ ગણિજીએ કર્યું છે. આ જીવકીર્તિ ગણિજી કયા? એ નિશ્ચિત ન થઈ શકવાના કારણે પ્રત-લેખન સંવત પણ નિશ્ચિત થઈ શકતી નથી.

પ્રતનો આરંભ '।।श्री उडीचा पारसनाथाय नम।।' થી થયો છે. અને પુષ્પિકા આ પ્રમાણે મળે છે - 'इति श्री अगडदत्तकुमार चउपई।। पं० जीवकीर्त्तिगणि लिखितं'

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૫) લલિતકીર્તિજી કૃત અગડદત્ત રાસ

આ કૃતિની ત્રણ પ્રતો પ્રાપ્ત થઈ છે.

ક.) આ પ્રત આચાર્ય શ્રી કૈલાસસાગરસૂરિજ્ઞાનમંદિર-કોબાથી પ્રાપ્ત થઈ છે.

પ્રત ક્રમાંક-૧૩૭૧૫, પત્ર-૧૨, પ્રતનું માપ ૨૬ x ૧૧ સે.મિ. છે. પ્રતિપત્ર પંક્તિ ૧૫ થી ૧૭ અને પ્રતિપંક્તિએ અક્ષરો ૪૧ થી ૪૭ છે. આ પ્રતમાં ત્રીજું અને ચોથુ પત્ર નથી.

કોઈ સ્થાનોએ ખૂટતા પાઠોને બન્ને હાંસિયામાં અને ઉપર-નીચે કોરી જગ્યામાં 'V' કે 'X' એવી નિશાની કરી ઉમેર્યા છે. બે પંક્તિની વચ્ચેની જગ્યામાં પણ ખૂટતા પાઠ પૂરવામાં આવ્યા છે. કોઈ સ્થાને શાહી ઉખડી ગઈ છે. પત્ર-૫अ પર ૮મી પંક્તિમાં અક્ષર ઉપરાઉપરી લખાયા છે. શું લખાયું છે તે સમજાય તેમ નથી. માત્ર પત્ર-૧आ અને ૨अ માં જ અમુક જ અંકો અને અમુક અક્ષરો લાલ રંગથી લખવામાં આવ્યા છે. ત્યાર પછી આખી પ્રતમાં ક્યાંય લાલ રંગ વપરાયો નથી.

અક્ષરો એક સરખા છે. 'ખ' માટે '**ष**' તથા 'બ' માટે '**ब**' અને '**व**' વપરાયા છે. '**ड**' માટે બે લિપિચિહ્નો વપરાયા છે. કોઈક સ્થાને '**भ**'નું ડાબુ પાંખિયુ ટૂંકું થઈ જવાથી '**त**' અને '**न**'નો ભ્રમ ઊભો કરે છે. વ્યંજન સાથે દીર્ઘ '**ई**' અને વ્યંજન સાથે '**आ**' બન્નેમાં બહુ સામાન્ય ભેદ છે.

પ્રતમાં ખૂણાનો થોડો ભાગ ખવાયો છે. પત્ર-૫નો થોડો ભાગ પત્ર ૬अ પર ચોંટ્યો છે.

આ પ્રતનું લેખન વિ.સં. ૧૭૨૨માં (પુષ્પિકા- **स[त]रइबावीसा व्रषे**) થયું જણાય છે. શ્રાવણ સુદ-૧૩, શુક્રવારે પ્રત લખાઈ છે. લેખકનું નામ ડુર્ગસી (કોબા ભંડારના સૂચિપત્રમાં દુર્ગસિંહ) છે.

પ્રતનો આરંભ '॥र्दΌ॥' થી કર્યો છે અને પુષ્પિકા આ મુજબ છે. '**इति श्री अगडदत्त रास ग्रंथाग्रथ संवत् स[त]रइबावीसा व्रषे श्रावण सुदि तेरसि शुक्रइ.**'

ત્યાર પછી પંક્તિ એકદમ છેકવામાં આવી છે. તેના પછી '**लिरव्यतं सेवक डुर्गसी**' લખ્યું છે.

ખ.) આ પ્રત શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટના સહયોગથી મળી છે. જે શ્રી ગોડીજી જૈન જ્ઞાન ભંડાર. પાયધુની -મુંબઈની છે.

પ્રતક્રમાંક-૩ (સ્કેન કર્યા પ્રમાણે), કુલપત્ર-૧૦, પ્રતનુ માપ ૨૮.૫ × ૧૨ સે. મિ. છે. પ્રતિપત્ર ૧૭ પંક્તિ અને પ્રતિપંક્તિ ૫૦ થી ૬૦ અક્ષરો છે.

દરેક પત્રમાં વચ્ચે ચોરસ જગ્યા ખાલી રાખી તેમાં ચાર અક્ષર ગોઠવવામાં આવ્યા છે. અક્ષરો એક સરખા, સુંદર અને સુવાચ્ય છે. ત્રણ જ સ્થળે '=' અને '+' ની નિશાનીથી ખૂટતો પાઠ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉમેરવામાં આવ્યો છે. એ સિવાય આખી પ્રતમાં ક્યાંય પાઠ ખૂટતો નથી. 'ખ' ને બદલે 'ष' અને કવચિત્ 'ख' વપરાયો છે. અશુદ્ધિને સફેદો લગાવીને છેકવામાં આવી છે.

પ્રત જીર્ણ છે. દરેકપત્ર ચારે બાજુથી ખંડિત છે. પત્ર ૨ અને ૪ નો ઘણો ભાગ ખવાઈ ગયો છે.

આ પ્રતનુ લેખન પં. ભક્તિવિશાલજીએ સાધ્વીશ્રી કનકમાલાશ્રીજીના શિષ્ય સા. કીર્તિમાલાશ્રીજી ને વાંચનાર્થે કર્યું છે.

પ્રતનો પ્રારંભ '।।ďD।। **श्री पार्श्वनाथाय नमः।।**' થી થયો છે અને પુષ્પિકા આ મુજબ છે. – **इति श्री अगडदत्तनी चउपई संपूर्णा।। सर्वगाथा ३०३९।। श्लोक संख्या ५०४३।। मंगलं भूयात्।। लिखिता पं० भक्तिविशालेन। साध्वी कनकमाला शि० कीर्तिमाला वाचनार्थम् ।। श्रीः।।**

ગ.) આ પ્રત સર ભાંડારકર ઓરીએન્ટલ રીસર્ચ ઈન્સ્ટિટ્યુટ-પૂનાથી પ્રાપ્ત થઈ છે.

પ્રત ક્રમાંક – ૧૫૬૯, ૧૮૯૧-૯૫, પત્ર -૧૯, પ્રતનુ માપ ૨૩ × ૧૦.૫ સે. મિ. છે. પ્રતિપત્ર ૧૫ પંકિત અને પ્રતિપંક્તિએ ૨૭ થી ૩૭ અક્ષરો છે.

માત્ર પત્ર-૧૯ સિવાય દરેક પત્રમાં વચ્ચે ચોરસ ખાલી જગ્યા રાખી તેમાં ચાર અક્ષર ગોઠવવામાં આવ્યા છે. અમુક પત્રોમાં ભેજ લાગવાથી પાછળના અક્ષરોની શાહી ઉઠી આવી છે.

ખૂટતા પાઠ માત્ર બે જ સ્થાને ઉમેરવામાં આવ્યા છે. એક સ્થળે '\\' એવી નિશાની દ્વારા ઉમેર્યો છે. 'ખ' માટે '**ष**' અને '**ख**' બન્ને લિપિચિન્હો વપરાયા છે.

દરેક પત્ર આ ના ડાબી બાજુના હાંસિયા પર '**अगड०च०**' કે '**अगड०च०** અને અંક લખવામાં આવ્યો છે. પત્ર **१९ आ** પર '**अगडदत्त चउपई १९** એમ લખ્યુ છે. એ જ પત્રના જમણા હાંસિયા પર અંકની ચારે બાજુ ચિત્રણ કર્યું છે.

આ પ્રતનુ લેખન સંવત ૧૭૮૦ જેઠ સુદ-૯ ના બુધવારે થયુ છે. પાટોધીનગરમાં (જૈન ગૂ. ક. મુજબ પાટણ નગરમાં) વાચક જ્ઞાનનિધાનગણિના શિષ્ય વાચક વિદ્યાવિમલગણિએ તેમના શિષ્ય પં૦ મહિમાસુખમુનિને અધ્યયનાર્થે આ પ્રત લખી છે.

પ્રતનો પ્રારંભ '।।ďD।।' થી કર્યો છે. અને પુષ્પિકા આ પ્રમાણે છે. – '**इति श्री अगडदत्त रासः संपूर्णः।। ग्रंथाग्रंथ ५०३१।। श्री संवत १७८० वर्षे ज्येष्ट सुदि ९ दिने बुधवासरे श्री पाटोधीनगरे वा० श्री श्री ज्ञाननिधानगणि शिष्य वा० विद्याविमलगणि लिखितं तत्त शिष्य पं० महिमासुख मुनि पठनार्थं।। तत् शिष्य पं० रंगखेमुनि भ्रातृ पं० मत ळेम मुनिरा परत छइ.**'

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૬) સ્થાનસાગરજી કૃત અગડદત્ત પ્રબંધ

આ કૃતિની એક જ પ્રત ઓરીએન્ટલ ઈન્સ્ટિટ્યુટ વડોદરાથી પ્રાપ્ત થઈ છે.

પ્રત ક્રમાંક-૫૩૨૫, પત્ર-૨૪, પ્રતનું માપ- ૨૮.૫ × ૧૨.૫ સે.મિ. છે. પ્રતિપત્ર પંકિત ૧૫ છે. અને પ્રતિપંક્તિએ અક્ષર ૫૦ થી ૫૫ છે.

આ પ્રતમાં વચ્ચે કોરી ફૂદરડી રાખવામાં આવી છે. ખૂટતા પાઠો આજુ-બાજુ તથા ઉપર-નીચે હાંસિયામાં '।।' કે '×' એવી નિશાનીથી ઉમેર્યા છે. મોટે ભાગે સુભાષિતો અને દેશીઓ જ ઉમેરવામાં આવી છે. ક્યાંક બે પંક્તિ વચ્ચે પણ ખૂટતો પાઠ પૂર્યો છે.

અક્ષરો એક સરખા અને સુવાચ્ય છે. અનુનાસિકની પૂર્વના વ્યંજન પર અનુસ્વારનું વલણ વધુ છે. 'ખ' માટે '**ष**' '**ख**' બન્ને વપરાયા છે. પ્રાયઃ 'બ' નો '**व**' અને 'વ' નો '**ब**' થયેલો જોવા મળે છે. કડી ક્રમાંકોમાં અનિયતતા છે. પડીમાત્રાનો ક્વચિત્ ઉપયોગ થયો છે.

આ પ્રતની મુખ્ય વિશિષ્ટતા એ છે કે પ્રત કવિના સ્વહસ્તે જ લખાઈ છે. પ્રતના છેડાના ભાગો ક્યાંક-ક્યાંક ખવાયા છે. પુષ્પિકા મુજબ આ પ્રતનું લેખન સંવત્ ૧૬૮૫ માં જેઠ સુદ-૧૩ના રવિવારે થયુ છે. કર્તાએ પોતે જ વાંચનના હેતુથી રાયધનપૂર (રાધનપૂર)માં લખી છે.

પ્રતનો પ્રારંભ '।।ƇD।। **श्री गुडी पार्श्वनाथाय नमः।। ऐँश्री भगवत्यै नमः।।**' થી કર્યો છે. અને પુષ્પિકા આ પ્રમાણે છે.

**'इति श्री अगडदत्तऋषिराय प्रबंध समाप्तः।। संवत् १६८५ वर्षे ज्येष्टमासे सितपक्षे त्रयोदश्यां रविवासरे लिख्यतं रायधनपुरे । मुनिस्थानसागरेण प्रवाचनाय ।।श्रीः।। क्षेमं भूयात् ।।छः।।छः।। श्री श्री ।। कल्याणमस्तु ।। श्रीः।। छः।। छः।। श्रीः।। श्रीः।। श्रीः'**

## ૭) નંદલાલજી કૃત અગડદત્ત રાસ

આ કૃતિની એક જ પ્રત આચાર્ય શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર-કોબાથી પ્રાપ્ત થઈ છે. આ કવિની કૃતિનો-પ્રતનો ઉલ્લેખ જૈન ગુર્જર કવિઓમાં નથી.

પ્રત ક્રમાંક-૧૯૯૯૧, પત્ર-૧થી ૬ અ, અહીં ૧૧મી પંક્તિથી 'ચંદન-મલયાગિરિ રાસ' શરૂ થાય છે. કુલ પત્ર-૧૦, પ્રતનું માપ ૨૭ × ૧૨.૫ સે.મિ. છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દરેક પત્રમાં ૨૦ થી ૨૪ પંક્તિ અને દરેક પંક્તિએ ૫૦ થી ૫૮ અક્ષરો છે.

અક્ષરો ક્યાંક નાના ને ક્યાંક મોટા છે. 'ખ' માટે '**ष**'નો જ પ્રયોગ છે, '**ष**' અને '**ब**' સરખા લાગે છે. '**प**' પણ '**व**'ને મળતો આવે છે. '**व**' અને '**ब**' માં કોઈ નિયતતા ન હોવાથી 'વિચારી'ને બદલે 'બિચારી' અને 'બેઠો'ના સ્થાને 'વેઠો' વંચાય છે. ખૂટતો પાઠ માત્ર ત્રણ સ્થાને જ 'V' નિશાનીથી હાંસિયામાં અને ઉપરની ખાલી જગ્યામાં ઉમેરવામાં આવ્યો છે. બાકી ક્યાંય પાઠ ખૂટતો નથી. શબ્દ બાંધવા માટે '૦' ચિહ્નનો ક્યાંય પ્રયોગ થયો નથી.

અમુક પત્રના છેડા ખંડિત છે. કોઈ-કોઈ સ્થાને શાહી ઉખડી ગઈ છે. અક્ષર વંચાતા નથી.

આ પ્રતનું લેખન સંવત ૧૯૭૨ વૈશાખ સુદ-૮ મંગળવારે જીંદ ગામ માં થયું છે. લેખકે પોતાનું નામ પુષ્પિકામાં આપ્યું નથી.

પ્રતનો પ્રારંભ '।। શ્રી ૐ નમઃ' થી થયો છે અને પુષ્પિકા આ મુજબ છે.

**'इति संपूर्ण लिखतं जींद मध्ये वैशाख सुदी आठमी ८ बार मंगलवार संमत १९७२ ।।मे०।।'**

## ૮) પુન્યનિધાનજી કૃત અગડદત્ત રાસ

આ કૃતિની બે પ્રતો પ્રાપ્ત થઈ છે.

ક.) આ પ્રત શ્રી હેમચન્દ્રાચાર્ય જ્ઞાનમંદિર પાટણથી પ્રાપ્ત થઈ છે.

ડા.-૩૨૨, પ્રત ક્રમાંક-૧૫૩૩૮, પત્ર-૬, પ્રતનુ માપ ૨૮×૧૧ સે.મિ. છે.

પ્રતિપત્ર ૧૯ થી ૨૭ પંક્તિ અને પ્રતિપંક્તિએ ૫૨ થી ૮૭ અક્ષરો છે.

આખી પ્રતમાં અક્ષરો નાના જ છે. પરંતુ પત્ર ૪ अ માં ૭ પંક્તિ તો એકદમ ઝીણા અક્ષરમાં છે. જ્યારે ૩ अ માં ૪ પંક્તિ ૩ आ માં ૧૭ પંક્તિ અને ૬ अ માં ૧૨ પંક્તિ મોટા અક્ષરમાં લખાઈ છે. 'ખ' ને બદલે '**ष**' વપરાયો છે, ક્યાંક '**ख**' પણ જોવા મળે છે. પત્ર ત્રીજા, ચોથા અને ૬आ માં મોટે ભાગે કોઈ જ સ્થાનોમાં દંડ કરવામાં નથી આવ્યા. હાંસિયામાં તથા ઉપરની કોરી જગ્યામાં ખૂટતા પાઠો ઉમેરવામાં આવ્યા છે, પત્રની પાછળની બાજુએ ડાબી બાજુના હાંસિયામાં ઉપર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'**अगडदत्त च०**' અને પત્રાંક લખેલ છે. અને જમણી બાજુના હાંસિયામાં નીચે માત્ર પત્ર ક્રમાંક જ લખ્યા છે. છેલ્લા પત્રમાં ડાબી બાજુના હાંસિયામાં ઉપર '**अगडद० ६**' એમ લખ્યું છે.

કોઈ પત્રના ખૂણા ખંડીત છે. પ્રતનું લેખન ૧૮મી સદીમાં થયું જણાય છે. પ્રતનો આરંભ '।।ॐ।। **ऐं नमः।।**'થી કર્યો છે અને પુષ્પિકા '**इति श्री अगडदत्त चौपई संपूर्णा ।।**' આટલી જ છે.

ખ.) આ પ્રત સર ભાંડારકર ઓરીએન્ટલ રીસર્ચ ઇન્સ્ટિટ્યુટ-પૂનાથી પ્રાપ્ત થઈ છે. પ્રતના ઓળખપત્ર પર રાસના કર્તા ઉદયવિમલ જણાવ્યા છે. જે વસ્તુતઃ પુન્યનિધાનજી છે.

પ્રત ક્રમાંક-૧૫૬૮, ૧૮૯૧-૯૫, કુલપત્ર-૨૩, પ્રતનુ માપ-૧૮ × ૧૦.૫ સે. મિ. છે. પ્રતિપત્ર પંક્તિ ૧૧ થી ૧૩ છે અને પ્રતિપંક્તિએ અક્ષરો ૩૨ થી ૪૩ છે. પત્ર ૨,૩ અને ૮ નથી

ખૂટતા પાઠો હાંસિયામાં તથા ઉપર નીચે કોરી જગ્યામાં '**X**' '**V**' અને એક સ્થળે '**+**' ની નિશાનીથી ઉમેર્યા છે. પત્ર-૯ अ થી અક્ષરો થોડા મોટા થયા છે. અક્ષરો એક સરખા છે. 'ખ' માટે મોટાભાગે '**ष**' વપરાયો છે. ક્વચિત્ '**ख**' નો પ્રયોગ થયો છે. અનુસ્વારમાં અનિયતતા છે. બહુધા અનુનાસિક પૂર્વે અનુસ્વારનુ વલણ રહ્યું છે.

આ પ્રતનુ લેખન સંવત ૧૭૩૨ માં વાચક શ્રી દેવચંદ્રજીના શિષ્ય વાચક શ્રી વીરચંદ્રજીએ કર્યું છે.

પ્રતનો આરંભ '।।ॐ।। **ऐं नमः।।**' થી કર્યો છે. અને પુષ્પિકા આ મુજબ છે. '**इति श्री अगडदत्त चउपई संपूर्णः संवत १७३२ वर्षे लिखितं वा श्री देवचंद्रजी ते शिष्य वा श्री वीरचंद्रजी चिरं नंद्यात्।। श्रीः**'

## ૯ ભીમ (શ્રાવક) કૃત અગડદત્ત રાસ

આ કૃતિની એક જ પ્રત શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટના સહયોગથી પ્રાપ્ત થઈ છે. જે શ્રી ગોડીજી જૈન જ્ઞાન ભંડાર પાયધુની-મુંબઈની છે.

પ્રત ક્રમાંક - ૫ (સ્કેન કર્યા મુજબ), કુલપત્ર-૧૯, પ્રતનુમાપ ૨૩ × ૧૦.૫ સે.મિ. છે. પ્રતિપત્ર પંક્તિ ૧૪ થી ૧૬ છે. પ્રતિપંક્તિએ અક્ષરો ૩૪ થી ૩૯ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આખી પ્રતમાં અક્ષરો એકધારા અને સુવાચ્ય છે. દરેક 'आ' પત્ર પર ડાબી બાજુના હાંસિયા પર 'अगडदत्त रास' અને પત્રાંક લખેલા છે. દૂહા, ચોપાઈ વગેરે તથા ચરણાન્તે આવતા દંડો લાલ રંગથી કરવામાં આવ્યા છે.

આખી પ્રતમાં માત્ર બે જ સ્થળે 'V/Λ' એવી નિશાનીથી ખૂટતો પાઠ ઉમેર્યો છે. એ સિવાય આખી પ્રતમાં ક્યાંય પાઠ ખૂટતો નથી. 'ખ' માટે 'ष' અને 'ख' બન્ને વપરાયા છે. ક્વચિત્ 'ब' ને બદલે 'व' વપરાયો છે.

પ્રતનું લેખન સંવત ૧૯૩૦ ફાગણ સુદ-૯ બુધવારે થયુ છે. વકીલ વરજલાલ વેણીદાસે ખેડામાં શ્રી ભીડભંજન અમીઝરા પાર્શ્વનાથ પ્રભુની કૃપાથી પ્રતલેખન કર્યું છે.

પ્રતનો પ્રારંભ '।।ॐ।।.... नाथाय नमः।।' થી કર્યો છે. અને પૂર્ણાહૂતિ આ પ્રમાણે પુષ્પિકા દ્વારા થઈ છે. **'इति श्री अगडदत्त रास समाप्तम संवत १९३० फा. शु. ९ बुध ल० वकील वरजलाल वेणीदास खेडा मध्ये श्री भीडभंजन अमीझरा पार्श्वनाथ प्रसादात्: शूभं भवतू:।।'** ત્યારબાદ એક દૂહો લખવામાં આવ્યો છે.

**દૂહોઃ-**

**जाणंतासुं गोठडी, सूरासुं संग्राम।**
**जे हारिजइं जीपीइं, तोइं नही वीराम** ।।१।।

## ૧૦ માન/મહિમાસિંહજી કૃત અગડદત્ત રાસ

આ કૃતિની એક જ પ્રત લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર - અમદાવાદથી પ્રાપ્ત થઈ છે.

પ્રતક્રમાંક-૨૫૮૨, કુલપત્ર-૧૭, પ્રતનુ માપ ૨૫ × ૧૧.૨ સે.મિ.છે. પ્રતિપત્ર પંક્તિ ૧૫ થી ૧૬ છે. પ્રતિપંક્તિએ ૩૮ થી ૪૯ અક્ષરો છે. પત્ર ૧૭ अ માં અગડદત્ત રાસ પૂરો થઈ જાય છે. પત્ર ૧૭ आ માં ૨૪ તીર્થંકરોનું સ્તવન છે. જે પત્ર ૧૭ आ ના બન્ને હાંસિયામાં ત્યાર પછી ૧૬ अ ના બન્ને હાંસિયામાં લખાઈને પૂર્ણ થયું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રતમાં અક્ષરો એકસરખા સુવાચ્ય છે. બધા જ પત્રાંકોની ચારે બાજુ સુંદર ચિત્રકામ કર્યું છે. પત્ર ૧૬ **आ** માં વચ્ચે બે સ્થળે ચોરસ ખાલી જગ્યા છોડી તેમાં ચાર અક્ષરો ગોઠવવામાં આવ્યા છે. અને પત્ર ૧૭ **अ** માં છત્રાકાર જગ્યા છોડી વચ્ચે-વચ્ચે એ જ આકારે અક્ષરો ગોઠવ્યા છે. દરેક **आ** પત્રમાં ડાબી બાજુના હાંસિયામાં **अगडदत्त चो०** કે **अगडदत्त० प०** અથવા **पत्र** એમ લખીને પત્રાંકો આપ્યા છે.

પત્ર ૩ **आ** માં બન્ને બાજુ હાસિયામાં વાર વિષયક કોઈ પંક્તિઓ છે. ખૂટતા પાઠો મોટા ભાગે વગર નિશાનીએ અને ક્યાંક '×', 'V' અને '+' એવી નિશાનીથી ઉમેર્યા છે. 'ખ' ના બદલામાં માત્ર '**ष**' જ વપરાયો છે. અનુનાસિક પૂર્વે અનુસ્વારનું વલણ છે.

પ્રતનું લેખન સંવત ૧૭૪૮ માગસર વદ ૧૩ શનિવારે આલોટ નગરમાં થયું છે. વિદ્યાસુંદરગણિના શિષ્ય મુનિ સૌભાગ્યસુંદરજી (L. D. ના સૂચિપત્ર મુજબ સૌભાગ્યસાગરજી) એ આ પ્રતનુ લેખન કર્યું છે.

પ્રતનો '।।ďD।। श्री जिनाय नमः।।' થી આરંભ કરીને આ મુજબ પુષ્પિકા આપીને પૂર્ણાહુતિ કરી છે - **'ईति श्री अगडदत्त कुमार चोपाई। संपूर्णम्।। ग्रंथाग्रंथ ४८१। मानं। सकल पंडित गणि गजेंद्र गणि।। श्री श्री श्री श्री श्री विद्यासुंदर। तत् शिष्य मुनि सौभाग्यसुंदर लपिकृतं।। संवत्। १७ । ४८। वर्षे मगसिर वदि।। १३।। दीने। कृष्ण पक्षे सनिवासरे।। आलोटनगरे।। श्रीरस्तुं।'**

## ૧૧ શાંતસૌભાગ્યજી કૃત અગડદત્ત રાસ

આ કૃતિની એક જ પ્રત ભાંડારકર ઓરીએન્ટલ રીસર્ચ ઈન્સ્ટિટ્યુટ-પૂનાથી પ્રાપ્ત થઈ છે.

પ્રતક્રમાંક ૩૨૮, ૧૮૭૧-૭૨, પત્ર-૨૮, પ્રતનુ માપ ૨૩.૫ × ૧૧ સે. મિ. છે. પ્રતિપત્ર ૧૫ થી ૧૭ પંક્તિ છે. પ્રતિપંક્તિએ ૩૭ થી ૪૬ અક્ષરો છે.

આ પ્રતના અક્ષરો ઉકેલવા સહેજ કઠિન છે. વ્યંજન સાથે 'आ' અને વ્યંજન સાથે 'ई' માં કોઈ ફરક નથી. 'म' અને 'ड' તથા 'य' અને 'स' માં બહુ સામાન્ય ભેદ છે. 'ख' ન બદલે '**ष**' નો જ પ્રયોગ થયો છે આખી પ્રતમાં ક્યાંય દંડ કરવામાં આવ્યા નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ખૂટતો પાઠ '\\' એવી નિશાનીથી હાંસિયામાં ઉમેર્યો છે. બે પંક્તિની વચ્ચે પણ, રહી ગયેલ શબ્દ ઉમેરી દેવામાં આવ્યા છે. અમુક પત્રોમાં ભેજ લાગવાથી અક્ષરો પાછળ ઉઠી આવ્યા છે.

પ્રતનો આરંભ '।।ďD।। **श्री गुरुभ्यो नमः सारदाय नमः।।**' થી કરીને અંતે આ મુજબ પુષ્પિકા આપીને પૂર્ણાહૂતિ કરી છે. **'इति श्री अगडदत्त चरीत्र द्वीतीय षंड संपूरण श्री पार्श्वप्रसादेण कृतं ७ भादरवो मास तमें जाणो सर्वगाथा ८४६ श्लोक २५६'**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૧. સુમતિમુનિ કૃત ચોપાઈબદ્ધ અગડદત્તરાસ.

## ર. સં.-૧૬૦૧, લે. સં.-૧૬૩૭.



પ્રથમ પૃષ્ઠ



અંતિમ પૃષ્ઠ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૨. વાચક કુશલલાભજી કૃત અગડદત્ત ચોપાઈ.

## ૨. સં.-૧૬૨૫.



પ્રથમ પૃષ્ઠ



અંતિમ પૃષ્ઠ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૩. શ્રીસુંદરજી કૃત અગડદત્તરાસ.

## ર. સં.-૧૬૬૬.



પ્રથમ પૃષ્ઠ



અંતિમ પૃષ્ઠ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૪. ગુણવિનયજી કૃત અગડદત્તરાસ.

## ૨. સં.-૧૬૭૮.



પ્રથમ પૃષ્ઠ



અંતિમ પૃષ્ઠ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૫. લલિતકીર્તિજી કૃત અગડદત્તરાસ.

## ર. સં.-૧૬૭૯, લે. સં.-૧૭૨૨.



પ્રથમ પૃષ્ઠ



અંતિમ પૃષ્ઠ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૬. સ્થાનસાગરજી કૃત અગડદત્તપ્રબંધ/ચરિત્ર.

## ૨. સં.-૧૬૮૫, લે. સં.-૧૬૮૫.



પ્રથમ પૃષ્ઠ



અંતિમ પૃષ્ઠ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૭. નંદલાલજી કૃત અગડદત્તરાસ.

## ૨. સં.-૧૬૯૮, લે. સં.-૧૯૭૨.



પ્રથમ પૃષ્ઠ



અંતિમ પૃષ્ઠ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૮. પુન્યનિધાનજી કૃત અગડદત્ત ચોપાઈ.

## ર. સં.-૧૭૦૩.



પ્રથમ પૃષ્ઠ



અંતિમ પૃષ્ઠ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૯. ભીમ(શ્રાવક)કૃત અગડદત્ત પ્રબંધ.

## ૨. સં. ૧૫૮૪, લે. સં.-૧૯૩૦.



પ્રથમ પૃષ્ઠ



અંતિમ પૃષ્ઠ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૧૦. માન/મહિમાસિંહજી કૃત અગડદત્તરાસ.

## ર. સં. ૧૬૭૫, લે. સં.-૧૭૪૮.



પ્રથમ પૃષ્ઠ



અંતિમ પૃષ્ઠ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૧૧. શાંતસૌભાગ્યજી કૃત અગડદત્તરાસ.

## ૨. સં.-૧૭૮૭



પ્રથમ પૃષ્ઠ



અંતિમ પૃષ્ઠ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૫ પાઠસંપાદન પદ્ધતિ

જે કૃતિની એકથી વધુ પ્રત મળી તેમાં યોગ્ય પ્રતને મુખ્ય બનાવી છે. સામાન્ય રીતે મુખ્ય બનાવેલ પ્રતના પાઠને જ જોડણી સહિત સ્વીકાર્યો છે. પરંતુ કેટલાક ફેરફારો આવશ્યક ગણ્યા છે જેમકે -

૧. **'ष'** નો અર્થને આધારે જરૂર જણાઈ ત્યાં 'ખ' કર્યો છે. 'વ'ને બદલે **'ब'** અને 'બ'ને બદલે **'व'** ઘણા લહિયાઓએ વાપર્યો છે. ત્યાં અભિપ્રેત અર્થને આધારે સુધારી લેવામાં આવ્યું છે.

૨. મધ્યકાલીન ગૂર્જર ભાષાની રૂઢિને જાળવી રાખવા લેખનના વૈકલ્પિક પ્રયોગો યથાવત્ રાખ્યા છે. જેમ કે બૈઠો, ચાલ્યૌ, કરતઉ, સંખપુર, મોનઈ ઈત્યાદિ.

❋ હ્રસ્વ-દીર્ઘ સ્વરોની જોડણી સુધારી નથી, યથાદૃષ્ટ જ રહેવા દીધી છે જેમ કે સામિણિ, વીનવીઉ, લાડૂ, અજૂઆલૂ, જાણૂ વગેરે...

❋ અનુસ્વારો જ્યાં અર્થભ્રમ થાય એવી સ્થિતિ હોય કે સ્પષ્ટતયા લેખનદોષ જણાયો હોય ત્યાંથી કાઢી નાખવામાં આવ્યા છે તથા જરૂરી જણાયા ત્યાં ઉમેરવામાં પણ આવ્યા છે ક્યારેક અનુનાસિક પૂર્વે અનુસ્વાર મૂકવાનું વલણ દેખાય છે. પરંતુ પાઠ એક સરખો રાખવા અનુસ્વાર સુધારી લીધા છે.

૩. કૃતિમાં આવેલ અન્ય ગ્રંથોના સંસ્કૃત-પ્રાકૃત વગેરે ભાષાબદ્ધ સુભાષિતોમાં વ્યાકરણિક ક્ષતિઓ દૂર કરવા શક્ય પ્રયત્ન કર્યો છે. જ્યાં પદ્ય ક્ષતિબહુલ હતું ત્યાં સુધારવું શક્ય ન હોવાથી યથાવત્ રહેવા દીધું છે.

૪. ચરણાન્તે એક દંડ અને કડીને અંતે બે દંડ એવી વિરામચિન્હની વ્યવસ્થા સામાન્ય રીતે જોવા મળે છે. પણ એમાં નિયતતા મળતી નથી. તો ક્યારેક વિરામ ચિન્હનો ઉપયોગ જ ન કર્યો હોય એવું પણ બને છે. અહીં પ્રથમ તથા તૃતીય ચરણાન્તે અલ્પવિરામ, પદ્યાર્ધે અર્ધવિરામ અને પદ્ય પૂર્ણ થાય ત્યારે પૂર્ણ વિરામની નિયત વ્યવસ્થા રાખી છે.

૫. કવિએ કોઈના મુખમાં મૂકેલ વાક્ય દર્શાવવા અવતરણ ચિહ્ન ઉમેર્યા છે.

૬. કડીને અંતે આવતા ધ્રુવપંક્તિના સંકેતો બધે એકસરખા હોતા નથી, અહીં બધે જ ધ્રુવપંક્તિનો પ્રથમશબ્દ મૂકવામાં આવ્યો છે.

૭. મૂળ પ્રતોમાં ઢાળ-ક્રમાંક અને ઉપયુક્ત દેશીના ક્રમમાં એકરૂપતા મળતી નથી. અહીં ઢાળ ક્રમાંક પછી દેશીના ક્રમનું નિયત બંધારણ રાખ્યું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૮. એકરૂપતા જાળવવા કડી ક્રમાંક પછી જ ધ્રુવવદસંકેતો રાખ્યા છે.

૯. ઢાળ ક્રમાંક કે કડી ક્રમાંક ક્યાંક આપવાના રહી ગયા હોય અથવા ખોટા અપાઈ ગયા હોય તો સુધારી લીધા છે. મૂળપ્રતમાં ક્યાંક સંપૂર્ણ કૃતિના કડીક્રમાંક સળંગ આપ્યા છે અને ક્યાંક પ્રતિઢાળ નવા ક્રમાંક આપ્યા છે. અહીં તે કૃતિમાં મૂળનું જ અનુસરણ કરાયું છે.

૧૦. પાદાન્તે આવતા 'જી' 'રે' વગેરે પાદપૂરકો ક્યાંક છૂટા ગયા હોય તો ઉમેરી દેવામાં આવ્યા છે.

૧૧. દેશીઓ એકથી વધુ રીતે પ્રચલિત હોય અથવા તેના રાગ મળતા હોય તો તે જૈન ગૂર્જર કવિઓ ભાગ-૮માંથી લઈને [ ] કૌંસમાં ઉમેર્યા છે.

૧૨. સામાન્ય જોડણી કે અનુસ્વારના પાઠભેદો પાઠાંતરમાં સમાવ્યા નથી પરંતુ જ્યાં વિશેષ અર્થભેદ થતો હોય તે શબ્દભેદો 'પાઠા૦' કરીને એ જ પત્રમાં નીચે મૂક્યા છે.

૧૩. સુધારેલ પાઠ ( ) કૌંસમાં અને ખૂટતો પાઠ વિકલ્પ રૂપે [ ] કૌંસમાં આપેલ છે.

**સંદર્ભ ગ્રંથ સૂચિ :**


- જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ.
- જૈન સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ. ભા. ૧, ૨, ૩.
- જૈન ગુર્જર કવિઓ ભા. ૧થી ૧૦.
- જૈન કથા સૂચિ ભા. ૧, ૨, ૩.
- મધ્યકાલીન કથાકોષ.
- પાઈય-સદ્દ-મહણ્ણવો.
- ભગવદ્ગોમંડલ. ભા. ૧થી ૯
- શબ્દરત્નમહોદધિ ભા. ૧, ૨, ૩.
- મધ્યકાલીન ગુજરાતી શબ્દકોષ.
- આરામશોભા રાસમાલા.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# અગડદત્ત કથા

જંબુદ્વિપ...

દક્ષિણાર્ધભરત...

રળીયામણું નગર શંખપુર...

જાણે પૃથ્વી રૂપી સુંદરીના હૈયાનો હાર.

આકાશને આંબતી હવેલીઓ, વિશાળ રાજમાર્ગો, અનેક ક્રીડા સ્થાનો, સુંદર સરોવરો, લીલાછમ ઉપવનો આવા તો અનેક વૈભવોથી શોભાયમાન એ નગર એટલે જાણે ઈન્દ્રની અલકાપુરી...

ઋદ્ધિ સમૃદ્ધિ તો એટલી છલકતી કે જાણે આ નગરને લક્ષ્મીએ પોતાનું નિવાસ સ્થાન બનાવ્યું હોય.

આ નગરને જોવું એટલે પરદેશીઓને મન તો

કાયમનું સંભારણું!...

અહીંના વણિકો દેશ-પરદેશ વેપારાર્થે જતા, તો અનેક દેશ-દેશાવરના વેપારીઓ અહીં વેપાર કરવા આવતા, અહીં ન હતો કોઈ દંડનાયકોનો ભય, ને ન હતો લૂટારાઓ કે ધૂતારાઓનો ભય.

સુખ-શાંતિ અને સમૃદ્ધિનો ત્રિવેણી સંગમ અહીં રચાયો હતો. આથી જ તો પ્રજા ધર્મ આરાધના પણ સારી રીતે કરી શકતી.

આ બધાનું એક માત્ર કારણ એટલે સુંદર રાજા. પ્રજાવત્સલતા અને ન્યાયપ્રિયતાને કારણે એણે પ્રજાના મન જીતી લીધા હતા. શૌર્ય અને પરાક્રમ તો એવા કે કોઈ શત્રુ એની સામે આંખ ઊંચી પણ ન કરી શકે.

આ રાજહંસ ન્યાય-અન્યાયના ક્ષીર-નીરનો ભેદ સારી રીતે ઉકેલી શકતો... રાજવી માત્ર નામથી જ નહીં પરંતુ ગુણથી પણ સુંદર હતો. આ રાજા નગર રૂપ નવસેરા હારનો મુખ્યમણિ હતો.

આ રાજવીને શીલગુણથી શોભતી સુલસા નામે પટ્ટરાણી હતી. રૂપવાનની સાથે એ ગુણવાન પણ હતી. રાજાને મન એ જ જીવન હતી. રાજા-રાણી સુખપૂર્વક ગૃહસ્થધર્મનું પાલન કરતાં હતાં. સંસારના સુખ ભોગવતાં રાજાને ત્યાં એક પુત્રનો જન્મ થયો. આખા નગરમાં ઉમંગ અને ઉત્સાહપૂર્વક જન્મોત્સવ ઉજવાયો. નામ રાખ્યું અગડદત્ત!

એકનો એક હોવાથી માત-પિતાનો અત્યંત લાડકવાયો બન્યો. એના મનમાં જે ઈચ્છા થાય તે મહારાણીજી અવશ્ય પૂરે. એક બાજુ રાજઋદ્ધિ સુખસમૃદ્ધિ અને બીજી બાજુ માતા-પિતાનો અપાર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સ્નેહ... પુત્ર વાત્સલ્યે મહારાણીજીને ઘેલા બનાવી દીધા હતા. ક્યારેક કુમાર ભૂલ કરી બેસે છતાં માતાની મમતા એની સામે આંખ આડા કાન કરે. પુત્ર-પ્રેમને કારણે કુમારની ભૂલો મહારાણીજીને ભૂલ જ લાગતી નથી, કુમાર મન ફાવે તેમ જ કરે, મન ફાવે ત્યાં જાય, છતાં મહારાણીજી કુમારને એક અક્ષર પણ કહેતા નથી.

આ બધું જોઈને રાજાને મનમાં થોડી ચિંતા થવા લાગી. એક દિવસ એકાંતમાં મહારાણી પાસે ચિંતા વ્યક્ત કરી.

'મહારાણી! એવું નથી લાગતું વધુ પડતો સ્નેહ રાજકુમારના ભવિષ્યને માટે હાનિકારક બને?

'રાજન્! પુત્ર તો માત-પિતાના સ્નેહનો હંમેશા તરસ્યો જ હોય...'

'પણ, માત-પિતાની ફરજ?'.....

'ફરજ શું? પુત્ર પર વાત્સલ્ય વરસાવ્યા કરવું એજ ને?'

'ના મહારાણીજી, માત્ર એટલેથી કર્તવ્ય પૂર્ણ થતું નથી.''

'તો?'

'પુત્રમાં સંસ્કારોનું સિંચન પણ આવશ્યક છે...'

'મારો પુત્ર તો સંસ્કારોનો ભંડાર છે ભંડાર...!'

'રક્ષણ ન કરીએ તો ભર્યા ભંડારને'ય ખાલી થતા વાર ન લાગે!'

'મહારાજા! આપ ખોટી ચિંતા કરો છો...'

'ચિંતા ખોટી નથી. અત્યારથી જ એ કોઈનું ઔચિત્ય સાચવતો નથી અને ગુરૂજનોનો પણ અવિનય કરતા અચકાતો નથી...

હું રાજકાર્યોમાં વ્યસ્ત રહું છું, તમે તો થોડું ધ્યાન રાખો'...

'રાજન્! અગડદત્ત તો હજુ બહુ નાનો છે. બાળ સહજ ચંચળતાઓતો હોય જ ને! વિદ્યાભ્યાસ થશે, કળાઓમાં પારંગત બનશે... પછી આપ જ કહેશો.

'આ તો મારા કૂળનો દિપક છે...'

મહારાણીની અતિશય મમતાની આગળ મહારાજાને મૌન ધારણ કરવું પડ્યું.

આ રીતે માતાના અપાર સ્નેહે અગડદત્તમાં સંસ્કારોના સિંચનને અને દોષના નિકાલને ગૌણ બનાવી દીધા. સ્વ-ઈચ્છા પ્રમાણે જ વર્તવું, કોઈનો પણ તિરસ્કાર કરી દેવો. મન ફાવે તેમ બોલવુ આ બધુ એના જીવનમાં સહજ થઈ ગયું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કાળક્રમે અગડદત્ત યૌવનના ઉંબરે આવી પહોંચ્યો... રૂપ, સમૃદ્ધિ અને સત્તા મળે અને એનો મદ ચડે પછી શું બાકી રહે?

રાજા રાજકાજમાં વ્યસ્ત છે. અને મહારાણી પુત્ર-મોહમાં મસ્ત છે. એને કોઈ જ બંધન નથી, કોઈ રોકનાર કે ટોકનાર નથી... આ બધાનું પરિણામ એ આવ્યું કે, આ રાજકુમાર કુમિત્રોની સોબતે ચડી ગયો. મદ્યપાન અને જુગાર વિના એને ચેન પડતું નથી, હિંસા કરતા જરાય ખચકાતો નથી. વાતે વાતે ખોટું બોલવું એ તો એનો સ્વભાવ થઈ ગયો, પરસ્ત્રીમાં લંપટ બની ગયો, ગમે ત્યારે કોઈને પણ હેરાન કરીને તે આનંદ માણે છે, આખા નગરમાં જ્યાં ત્યાં ફરે છે. લોકોને રંજાડે છે ને નગરની સ્ત્રીઓને હેરાન કરે છે.

નગરજનો આ રાજકુમારથી કંટાળી ગયા છે. પણ બિલાડીના ગળે ઘંટ બાંધે કોણ? સત્તા સામે શાણપણ શું કામનું? કોઈ કુમારને કાંઈ પણ કહી શકતું નથી, એક દિવસ નગરનું મહાજન ભેગું થયું.

'કાંઈક તો આપણે કરવું જ પડશે, કુમાર આ રીતે વર્તે તો આપણી વહુ-દીકરીઓની લાજ કેમ રહેશે?'

'અરે! લાજ તો ઠીક, બહાર નીકળવુંય મુશ્કેલ થઈ ગયું છે.'

'મદ્યપાન કરીને નગરમાં ફરે છે. આપણા દીકરાઓ એની સોબતે ચડી ગયા તો?'

'રાજકુમારની આવી અવળચંડાઈ ચલાવી કેમ લેવાય?'

'પણ, આ તો રાજકુમાર છે એને સમજાવે કોણ?'

'કાંઈ કરવું તો પડશે જ.'

'આપણે મહારાજા પાસે જઈએ. રાજા પ્રજાવત્સલ છે. એ જ આપણને ન્યાય આપશે.'

'પુત્રમોહમાં અંધ બનીને રાજા આપણી વાત નહીં સાંભળે તો?'

'તો શું? આપણે કહી દઈશું. પ્રજાની હેરાનગતિ દૂર કરો અથવા બીજા રાજ્યમાં જવાની અનુમતિ આપો.'

બધા એક અવાજે બોલી ઉઠ્યા.

'હા હા એમ જ કરીએ.'

બીજે દિવસે મહાજન ભેગુ મળી રાજદરબારે ગયું. મહારાજાની સામે ભેટણું ધર્યું.

'રાજન્! આ ભેટણું સ્વીકારી અમને કૃતાર્થ કરો.'

'આજે આખું મહાજન રાજસભામાં? શું કોઈ વિશિષ્ટ પ્રયોજન?

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વ્યાપાર વગેરે તો સારી રીતે ચાલી રહ્યા છે ને?'

'મહારાજા! આપની સુઘડિત વ્યવસ્થા અને ન્યાયપ્રિય શાસનને કારણે નગરના વ્યાપાર અને લોકોની સમૃદ્ધિમાં ઉત્તરોત્તર વૃદ્ધિ જ થઈ રહી છે.'

'તો પછી?'

'રાજન્! કેટલાય સમયથી નગરની પ્રજા ત્રસ્ત છે...'

'ત્રસ્ત? પ્રજાને શેનો ત્રાસ? કોનો ત્રાસ?..

મારા હોવા છતાં જો પ્રજા ત્રસ્ત હોય તો મારું આ રાજવી પદ લાજે. માટે, વિના સંકોચે જે હોય તે જણાવો...'

'મહારાજ! બીજું બધું તો બરાબર છે પણ રાજકુમાર!...'

'નગરશેઠ! તમે ગભરાશો નહીં.

જો રાજકુમારની ભૂલ હશે તો તેને પણ સજા થશે...'

'મહારાજ! આપણો રાજકુમાર ઘણા સમયથી સાતે ય વ્યસનમાં ચકચૂર બન્યો છે. મદ્યપાન કરીને આખા નગરમાં ફર્યા કરે છે. ગામની વહુ-દીકરીઓને પરેશાન કરવામાં એણે કાંઈ બાકી રાખ્યું નથી, હવે તો આ પ્રજા નગરને અને રાજ્યને છોડવા તૈયાર થઈ ગઈ છે.'

મહારાજાની આંખો લાલઘૂમ થઈ ગઈ...

સિંહાસન પર હાથ પછાડી ઊભા થઈ મહારાજાએ ત્રાડ પાડી.

'મંત્રીશ્વર! રાજકુમારને તુરત હાજર કરો! એને કડકમાં કડક સજા કરવામાં આવશે...'

મહારાજાનું વિકરાળ સ્વરૂપ આ પહેલા ક્યારેય જોયું ન હતું, આથી 'હવે શું થશે?' એ વિચારમાં બધા ખોવાઈ ગયા, આખી રાજસભા સ્તબ્ધ બની ગઈ. સૌ કોઈ મહારાજાના લાલઘુમ ચહેરાને જોઈ રહ્યા...

થોડી જ વારમાં રાજકુમારનો રાજસભામાં પ્રવેશ થયો...

'અગડદત્ત! મારા જલ જેવા નિર્મલ કુલને તે કલંક ચઢાવ્યું છે. મારી સાત નહીં પણ સત્તોતેર પેઢીનું નામ ડુબાડ્યું છે. રક્ષણહાર હોય એ જ ભક્ષણહાર બને તો કેમ ચાલે? આપણે પ્રજાના ત્રાતા છીએ. આપણે જ ત્રાસદાતા બનીએ એ તો કોઈ પણ સંયોગોમાં નહીં જ ચલાવી લેવાય'...

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



પિતાના પ્રચંડ આક્રોશભર્યા વચનો સાંભળીને અગડદત્તનું માથું શરમથી ઝુકી ગયું, કાંઈ પણ બોલી ન શક્યો.

'કુંડલ પોતે જ જો કાન ખોતરે તો એ ભૂષણ નહીં પણ દૂષણ છે. આવા દૂષણને દૂર કરવામાં જ સર્વનું શ્રેય છે.

ચાલ્યો જા અહીંથી, મારે તારું મુખ પણ જોવું નથી, જા, મારો મહેલ, મારું નગર, મારું રાજ્ય છોડીને ચાલ્યો જા. આજ પછી ક્યારેય તારું કલંકિત મુખ મને દેખાડીશ નહીં...'

મહારાજાના તીક્ષ્ણ વચન-બાણોએ અગડદત્તના હૃદયને વીંધી નાખ્યું. હાથમાં તલવાર લઈને એ તરત જ ત્યાંથી નીકળી ગયો.

નગર પસાર કરીને તે અટવીમાં પહોંચ્યો.

જીવનમાં પહેલી જ વાર તે એકલતાનો અનુભવ કરી રહ્યો હતો. તેના અભિમાનના ચૂરેચૂરા થઈ ગયા હતા.

આરામ અને મોજમજા, મિત્રોની સંગત અને વિષયોની રંગત બધું જ એક ઝાટકે છોડી દેવું પડ્યું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એના મનમાં સતત મહારાજાના વચનોના પ્રતિઘોષ સંભળાતા હતા.

'તે મારા જલ જેવા નિર્મલ કુલને કલંકિત કર્યું છે.'

'તેં મારી સાત નહીં સત્તોત્તેર પેઢીનું નામ ડુબાડ્યું છે.'

'જા, ચાલ્યો જા, મારો મહેલ, મારું નગર, મારું રાજ્ય છોડીને ચાલ્યો જા. આજ પછી ક્યારેય તારું કલંકિત મુખ મને દેખાડીશ નહીં...'

અગડદત્તના મનમાં વિચારોના ઘોડાપૂર ઉમટ્યાં...

'મારા આવા ઘોર અપમાનનું કારણ હું પોતે જ છું.

મારી જ ઉદ્ધતાઈએ મારી આ હાલત કરી છે.

પિતાની સંપત્તિ, બળ અને સત્તાથી ઉન્મત્ત થઈને મેં પોતે જ કરેલી ભૂલોનું આ પરિણામ છે...

હવે તો મારે મારી ભૂલો સુધારવી જ જોઈએ.

મારે મારું જીવન ઉચ્ચ મૂલ્યવાન બનાવવું જોઈએ.

મારું આ પતન કદાચ ઉત્થાનનો પાયો બની જાય.

પણ, એકલો હું શું કરું? ક્યાં જાઉં? હવે મને રાખશે પણ કોણ? નથી મારી પાસે સત્તા કે સંપત્તિ? નથી કોઈનોય સાથ-સંગાથ?

ના, પણ મારે આમ નિરાશ થવાની જરૂર નથી. હું ગમે તેમ તોય ક્ષત્રિય-પુત્ર છું... હું મારા બળ અને પરાક્રમને પુરવાર કરી આપીશ, ગયેલું સ્વામાન હું પાછું પ્રાપ્ત કરીશ...'

અગડદત્તે પશ્ચાતાપની પાવન ગંગામાં સ્નાન કર્યું અને જીવન-ઉત્થાનના દ્રઢ સંકલ્પના ચીવર પહેર્યાં. એના લડથડીયા ખાતા પગમાં હવે મક્કમતાનો નવો સંચાર થયો.

નિર્ભય બની એણે આખી અટવી પાર કરી. અને આવી પહોંચ્યો વારાણસી નગરી... ગંગાકાંઠે વસેલી એ નગરીને પ્રભુ પાર્શ્વના ત્રણ-ત્રણ કલ્યાણકોએ પવિત્ર બનાવી છે. નગરીમાં અગડદત્ત કોઈને પણ ઓળખતો નથી. આમ તેમ ફર્યા કરે છે. અને નગરીને જોયા કરે છે. ફરતા ફરતા એની નજર એક ઘરની સામે સ્થિર થઈ ગઈ. એ ઘર હતું પવનચંડ ઉપાધ્યાયનું,

ઉપાધ્યાયની આજુબાજુ કેટલાક વિદ્યાર્થીઓ વિદ્યાભ્યાસમાં મસ્ત હતા. ને કેટલાક કલાભ્યાસમાં રત હતા. કોઈ વિદ્યાર્થીઓ ઉપાધ્યાયની સેવા કરતા હતા. તો વળી કોઈ ગજ, અશ્વ ને રથ શિક્ષા ગ્રહણ કરતા હતા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ દ્રશ્યએ અગડદત્તના મનમાં એક પ્રકાશનું તેજ કિરણ પાથરી દીધું. 'હું પણ આ રીતે વિદ્યાભ્યાસ અને કલાભ્યાસ કરું તો?

હું અત્યાર સુધી ભલે કાંઈ શીખ્યો નહીં. પરંતુ હવે મન દઈને ઉદ્યમ કરું તો અભ્યાસ થઈ શકશે...

પરંતુ આ ઉપાધ્યાયજી મને ઓળખતા નથી.

તો મને અભ્યાસ કેવી રીતે કરાવશે?

વળી ગુરુદક્ષિણા માટે મારી પાસે દ્રવ્ય પણ ક્યાં છે?

છતાં, હું એમની પાસે જાઉં અને વાત તો કરું, મુખાકૃતિથી બહુ સૌમ્ય અને ઉદાર લાગે છે. કદાચ મને વિદ્યાભ્યાસ કરાવવાનું સ્વીકારી લે પણ ખરા!'

અગડદત્ત સીધો જ એ ઘરમાં ઉપાધ્યાય પાસે ગયો. વિનયપૂર્વક તેમના ચરણ સ્પર્શ કર્યા અને હાથ જોડીને બેઠો.

તેની સુકુમાલ દેહયષ્ટિ, લક્ષણવંતુ વિશાલ ભાલ પ્રતિભાવંતી મુખાકૃતિ, આ બધું જોઈને ઉપાધ્યાય સમજી ગયા કે આ નવયુવાન કોઈ ઉચ્ચકુળનો લાગે છે. ને સાથે વર્તમાન પરિસ્થિતિ જોઈને સમજી પણ ગયા. હમણાં કોઈ મુશ્કેલીમાં લાગે છે.

અગડદત્તને પ્રેમથી આવકાર આપ્યો.

'આવ, કુમાર! શું નામ છે તારું?'

'મારું નામ અગડદત્ત'

'તારા પિતા?'

'શંખપુરના મહારાજા સુંદર!'

'તું રાજકુમાર છે?'

'હાજી'

'તો અત્યારે અહીં?'

અગડદત્તે ઉપાધ્યાય સમક્ષ નિખાલસ પણે હૈયું ખાલી કરી દીધું.

પોતાનો સમગ્ર વૃતાન્ત જણાવી દીધો...

ઉપાધ્યાય એની સરળતા અને સચ્ચાઈ પર ખુશ થયા અને કુમારને આશ્વાસિત કર્યો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'રાજકુમાર! જે બની ગયું તેને ભૂલી જા.'

'કેવી રીતે ભૂલી જાઉં? મારા મગજમાં હજુ પણ પિતાજીના શબ્દો ગુંજે છે.'

'એ બધું ભૂલ્યા વિના તું વિદ્યાઓ અને કલાઓમાં પારંગત બની શકીશ નહીં. માટે આજથી ભૂતકાળને ભૂલી આ તારું જ ઘર છે એમ માની અહીં ખુશીથી રહે. હું તને સમગ્ર કલાઓમાં નિષ્ણાત બનાવીશ'.

'પણ, એક વાત હવે તારે ધ્યાનમાં રાખવાની છે'.

'કઈ?'

'તારે કોઈને પણ તારી ઓળખ આપવી નહીં.'

'ભલે, આપની આજ્ઞા મારા માટે શિરસાવંદ્ય જ રહેશે.'

ઉપાધ્યાય અગડદત્તને લઈને પોતાની પત્ની પાસે જાય છે.

'પધારો... પધારો... સ્વામી! પરંતુ આ યુવાન?'

'પ્રિયે! આ મારા ભાઈનો પુત્ર છે...'

'નામ?'

'અગડદત્ત,

અહીં કલાભ્યાસ અર્થે આવ્યો છે.'

અગડદત્તે ભક્તિથી તેમના ચરણસ્પર્શ કર્યા

'અગડદત્ત આજથી અહીં જ રહેશે. આપણે પુત્રની જેમ એને રાખવાનો છે.'

પત્નીને આટલું કહીને ઉપાધ્યાયે કુમાર સામે જોયું.

'અગડદત્ત! આ ઘર તારું જ છે. કોઈ પણ શરમ કે સંકોચ રાખીશ નહીં'.

'હા જી ગુરુદેવ! પણ હવે મારે શું કરવાનું છે?

'સ્નાન-ભોજનાદિ કરી લે. થોડો વિશ્રામ કરી લે. પછી આજથી જ તારો કલાભ્યાસ શરૂ કરી દઈએ...'

'જેવી આપની આજ્ઞા.'

અગડદત્તને ખરે સમયે માતાના વાત્સલ્ય અને પિતાના પ્રેમના મિશ્રાણસમા ગુરુદેવ મળી ગયા,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જૂની ભૂલોને ભૂલી તે ખંતપૂર્વક વિદ્યાભ્યાસ કરવા લાગ્યો... દુન્યવી બીજી બધી બાબતોથી તે એકદમ અલિપ્ત બની ગયો. મનમાં એક જ લગન છે. 'વિદ્યાભ્યાસ'!....

એક બાજુ સતત અને સખત ઉદ્યમ છે ને સાથે વિનય પણ છે. બીજી બાજુ સુયોગ્ય ઘડતર કરનાર ગુરુ છે. બન્નેનો સુમેળ સધાઈ ગયો.

ટૂંક સમયમાં જ અગડદત્ત ગજકળા, અશ્વકળા, રથકલા, નૃત્યકળા, ગીતકળા, વાદ્યકળા, ચિત્રકળા વગેરે કળાઓમાં અને લક્ષણવિદ્યા, જ્યોતિષવિદ્યા, ઔષધવિદ્યા વગેરે વિદ્યાઓમાં પારંગત બની ગયો. હવે તેણે તેની ક્ષત્રિયને યોગ્ય શસ્ત્રકલા પણ ગ્રહણ કરવાની શરૂ કરી દીધી.

ઉપાધ્યાયના ઘરની બાજુમાં એક ઉદ્યાન હતું. ગ્રહણ કરેલી વિદ્યાઓનું વિસ્મરણ ન થઈ જાય માટે નિત્ય ત્યાં જઈને તે કલાપરિશ્રમ કરતો રહેતો... શસ્ત્રાભ્યાસ પણ કરતો, હાંડલીને દોરીથી ઝાડની ડાળીએ બાંધીને તે સામે દૂર જઈને નિશાન તાકે. તલવાર હાથમાં લે અને જુદી જુદી રીતે પ્રહારો કરતા શીખે.

આ ઉદ્યાનની બાજુમાં એક હવેલી હતી. તેના ગવાક્ષમાં એક સુંદરી બેસી રહેતી અને દરરોજ કુમારને જોયા કરતી.

'કેવું સુંદર રૂપ? કેવું લસલસતું યૌવન? કેવું કલાકૌશલ્ય? ખરેખર! આ યુવાન સાથે મારો મેળાપ થઈ જાય તો મારા માટે પૃથ્વી પર જ સ્વર્ગ ઉતરી જાય.'

આવા તો અનેક વિચારો ધસમસતા પૂરની જેમ તે સુંદરીના મનમાં આવવા લાગ્યા. દિન-પ્રતિદિન તેનો કુમાર પ્રત્યેનો રાગ વધતો જ જતો હતો.

હવે તો કુમાર સાથે વાતચીત કરવા અને કુમારનું ધ્યાન ખેંચવા તેણે એક ઉપાય પણ ગોતી કાઢ્યો. રોજ-રોજ વિવિધ અલંકારો પહેરી ગવાક્ષમાં આવીને બેસે. અને વિવિધ પ્રકારના પત્ર-પુષ્પ ફળ વગેરે ફેંકી કુમારને પોતાની તરફ આકર્ષિત કરવાના પ્રયત્નો શરૂ કર્યા.

અગડદત્તને વિદ્યાભ્યાસમાં એટલો રસ છે કે એ મનને બીજે ક્યાંય જવા દેવામાં માનતો જ નથી, આટઆટલા હાવભાવ કરી રહેલી સુંદરીની સામે એકવાર પણ જોતો નથી. એક દિવસ પેલી સુંદરી કામના ઉન્માદે ચડી,

'કેટલા દિવસથી રાહ જોઉં છું?

કેટલા પ્રયત્નો કર્યા?

મારે ક્યાં સુધી તરસ્યા કરવું? હવે નહીં રહેવાય.'

અતિ વિહ્વળ બનેલી સુંદરીએ સુંદર ફૂલોથી ગુંથેલ એક પુષ્પગુચ્છ અગડદત્ત પર જોરથી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ફેંક્યો. અગડદત્તનું ધ્યાન તેના તરફ ગયું. સામે જુએ છે તો રૂપ રૂપનો અંબાર, સોળે શણગાર સજી અપ્સરા જેવી એક કન્યા ઊભી હતી. તેને જોતા જ અગડદત્તના મનમાં વિકલ્પમાલા શરૂ થઈ.



'આ નાગ કન્યા તો નહીં હોય ને?

શું આ કમલા છે?,

શું રંભા છે?,

શું ઉર્વશી છે?

અથવા તો શું મારા પુન્યથી દેવલોકમાંથી અપ્સરા ઉતરી આવી છે?'

તેના રૂપનો કુમારને એવો તો મોહ લાગ્યો કે તેના નયનો મીંચાવાનું જ ભૂલી ગયા.

બન્ને એકબીજાના રૂપમાં ખોવાઈ ગયા.

થોડા સમય પછી કુમારે મૌન તોડયું.

'તું કોણ છે? રોજ કલાભ્યાસ કરવામાં મને વિક્ષેપ કેમ કરે છે?'

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પહેલીવાર જેને પોતાના પ્રિયતમ માની બેઠી છે. એના મુખથી પોતાના માટે બોલાયેલા શબ્દો સાંભળ્યા. સુંદરીનું મન હિલોળે ચઢ્યું. અંગ-અંગ રોમાંચિત થઈ ગયા.

'હે પ્રિયતમ! જ્યારથી મેં તમને જોયા છે. હું તમારી પાછળ પાગલ બની ગઈ છું. મનથી તો તમને વરી જ ચૂકી છું. હવે મારા પ્રાણ, મારા પ્રિયતમ તમે જ છો. તમારા વિના હવે હું એક ક્ષણ પણ જીવી શકુ એમ નથી'.

'પ્રિયે! પણ એ તો કહે, તું કોની પુત્રી છે? તારું નામ શું છે?'

'હું શ્રેષ્ઠી બંધુદત્તની પુત્રી મદનમંજરી છું.

આ જ નગરમાં એક યુવાન સાથે મારા લગ્ન થયા હતા. કારણોસાર હું તેનાથી વિરકત થઈ પિતાને ઘરે રહી છું'.

'પરંતુ હવે અંતરથી વિનંતી કરું છું કે આપ મારો સ્વીકાર કરો. તમારા વિના ક્ષણ પણ હું જીવી શકું એમ નથી.'

'જો તમે મારો સ્વીકાર નહીં કરો તો!'

'તો?'

'તો નારી હત્યાનું પાપ તમારા શિરે ચઢશે!'

કુમાર પણ તેનું રૂપ જોતાં જ તેનામાં આસક્ત બની જ ગયો હતો. અને તેમાં પણ સામેથી મનગમતી જ માંગણી આવી એટલે જાણે 'ભાવતું તું ને વૈદે કીધું' જેવો ઘાટ ઘડાયો. બે ક્ષણ વિચારી કુમારે કહ્યું...

'તું મને ઓળખે છે, હું કોણ છું? અજાણ્યા પુરુષ સાથે સંબંધ બાંધતા સો વાર વિચારવું જોઈએ.'

'તમારું રૂપ અને તમારું કલા કૌશલ્ય જ તમારા ઉત્તમ કુલની ચાડી ખાય છે. તમે જે હો તે પણ હવે તો મારા નાથ તમે જ છો એ નિશ્ચિત વાત છે. તમે મારો સ્વીકાર કરો તો હું કૃતકૃત્ય થઈ જાઉં.'

'હું શંખપુરના મહારાજા સુંદરનો પુત્ર અગડદત્ત છું. વિદ્યાભ્યાસ માટે અહીં રોકાયો છું. મારો વિદ્યાભ્યાસ પૂરો થશે. પછી જ્યારે હું શંખપુર જઈશ ત્યારે ચોક્કસ તને સાથે લઈ જઈશ. પરંતુ હમણાં હું તારી સાથે પાણિગ્રહણ નહીં કરી શકું. હમણાં મારો વિદ્યાભ્યાસ સુંદર રીતે ચાલે છે.

કુમારના જવાબથી મદનમંજરીને કાંઈક ટાઢક વળી, કેટલાય દિવસોથી જેને ઝંખતી હતી. તેનો મેળાપ થશે. જીવનભરનો સંગાથ રહેશે. એની કલ્પનાએ મદનમંજરીના શરીરમાં હર્ષનું મોજું ફેરવી નાખ્યું. બન્ને એકબીજાના વિચારોમાં ખોવાઈને દિવસો પસાર કરે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એક દિવસ અગડદત્ત રાજમાર્ગ પરથી પસાર થઈ રહ્યો હતો ત્યાં અચાનક જ દૂરથી લોકોનો કોલાહલ સાંભળ્યો.

'ભાગો-ભાગો'

'બચાવો-બચાવો'

લોકોની નાસભાગ થવા માંડી. ચારે બાજુથી થયેલા કોલાહલે વાતાવરણને ખૂબ ભયભીત બનાવી દીધું હતું. કુમારના મુખ પર પણ ચિંતાની રેખા ઉપસી આવી.

'શું કોઈ શત્રુ રાજા ચઢી આવ્યો હશે?'

'શું કોઈ મોટી ચોરોની ટોળકીએ નગરમાં છાપો માર્યો હશે?''

પણ અગડદત્તને બહુ વિચારવાનો સમય રહ્યો જ નહીં, દૂરથી દુકાનોને તોડતો, જે નજરમાં આવે તેને ભાંગીને ભુક્કો કરી નાખતો અને મહાકાળની જેમ લોકો પર તૂટી પડેલો મત્ત હસ્તિ નજરમાં આવ્યો. દોડતો-દોડતો કુમારની દિશામાં જ આવી રહ્યો હતો. લોકોએ રાડો પાડી.

'એ યુવાન! માર્ગમાંથી ખસી જા. રાજાનો પટ્ટહસ્તિ ગાંડો બન્યો છે. એ કોઈના વશમાં આવતો નથી. અત્યાર સુધીમાં એણે ઘણી ભાંગફોડ કરી નાંખી છે અને એટલાથી અટકતો નથી કેટલાય લોકોને સૂંઢથી ઉછાળીને ફેંકે છે. જલ્દી દૂર હટી જા, જો આવી જ ગયો છે.'

કુમારને અત્યાર સુધી શીખેલ વિદ્યાનું પારખુ કરી લેવાનું મન થઈ ગયું. ધસમસતા પૂરની જેમ સામેથી હાથી આવી રહ્યો છે. છતાં કુમાર એકદમ નિશ્ચિંતપણે ઊભો છે. લોકોની બુમરાડ વધતી જ જાય છે.

'એય! દૂર હટી જા, મરી જઈશ, ચકદાઈ જઈશ.' પણ સાંભળે એ બીજા, હવે તો હાથી કુમારની એકદમ નજીક આવી ગયો.

'હવે તો આ નમણું ફૂલ હમણાં જ ચકદાઈ જશે.'

જોનારાના શ્વાસ અધ્ધર થઈ ગયા છે. પળ બે પળમાં સોહામણાં દેખાતા નવયુવાનનું મૃત્યુ નજર સામે દેખાય છે. પણ આ શું?..

કુમારે પોતાનું અદ્ભુત સામર્થ્ય દેખાડવાનું શરૂ કર્યું. હાથી નજીક આવતા જ કુમારે પોતાનું ઉત્તરીય વસ્ત્ર હાથીની સામે ફેંક્યું. સીધું હાથીની આંખ પર પડ્યું. અત્યંત ચપળતાથી કુમાર હાથીની પાછળ ગયો. પૂરી તાકાતથી મુષ્ટિનો પ્રહાર કર્યો. એટલે હાથી કુમારને મારવા ઊંધો ફર્યો. કુમાર પણ હાથીની સાથે ગોળ ફર્યો. ફરીથી મુક્કો લગાવ્યો એટલે હાથી ફરી ગોળ ફર્યો. આ રીતે હાથીને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મુક્કાઓ મારી મારીને ગોળ-ગોળ ફરાવીને થકવી દીધો. જ્યારે હાથી બરોબર થાકેલો લાગ્યો કે તરત જ એક મોટો કુદકો લગાવી પૂછડી પકડી ઉપર ચડી ગયો અને કુંભ-સ્થલ પર જોર જોરથી પ્રહારો કર્યા. હાથી બરાબર સકંજામાં આવી ગયાં પછી અગડદત્ત તેના ઉપર જ સવાર થઈ ગયો. હાથીને પાછો હસ્તિશાળામાં આલાન-સ્થંભ પાસે લઈ ગયો અને બાંધી દીધો.

દૂર-દૂર મહેલના ગવાક્ષમાં બેઠેલા રાજાની નજરથી આ આખીય રોમાંચક અને પરાક્રમભરી ઘટના છાની ન રહી, નગરજનો તો હર્ષના અતિરેકમાં જય-જયકાર કરવા લાગ્યા.

મહારાજાએ અગડદત્તને તુરત જ મહેલમાં બોલાવ્યો. આખુય ગામ આવા પરાક્રમી અને કલાકુશલ યુવાનના દર્શને ઉમટ્યું. મહારાજા તો અગડદત્તના પરાક્રમ ચતુરાઈ અને કલાકૌશલ્ય પર ઓવારી જ ગયા હતા. અગડદત્ત ઉપાધ્યાયને લઈને રાજમહેલે પહોંચ્યો. અગડદત્ત ચરણે નમવા જાય છે ત્યાં જ મહારાજા તેને ભેટી પડ્યા.

'વાહ યુવાન! વાહ તારા પરાક્રમ અને કલા કૌશલ્ય અદ્ભુત છે. મારા નગરમાં પણ આવા નવયુવાન છે એ જાણી મારી છાતી ગજ ગજ ફૂલે છે. જે હાથીને પકડવા મહાવતો પણ પાછા પડ્યા. તેને કેટલી સહેલાઈથી તે વશ કર્યો?'

'અદ્ભુત... અદ્ભુત' લોકોમાંથી અવાજ આવ્યો.

'યુવાન! તારો પરિચય તો મને આપ.

તું કઈ કઈ વિદ્યાઓ અને કલાઓમાં પારંગત બન્યો છે?, એ અમને જણાવ...'

અગડદત્ત મૌન રહ્યો ત્યાં જ પવનચંડ ઉપાધ્યાયે રાજાને ઉત્તર આપ્યો.... 'રાજન્! ગુણવાન પુરુષો સ્વમુખે સ્વની પ્રશંસા કરતા નથી.'

'તો આપ જ જણાવો આ યુવાન કોણ છે?'

ઉપાધ્યાયે અથથી ઈતિ સુધીની બધી જ વાત જણાવી દીધી.

અગડદત્તની કથની સાંભળીને રાજા આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા.

'એક સમયનો ઉદ્ધત આટલો વિનયી બની શકે છે?... માતા-પિતા અને આખાય નગરને ત્રાસદાયક આ કુમાર આજે મને અને મારા આખાય નગરને આનંદદાયક બન્યો છે.'

'ખરેખર! માનવ ધારે તે બધું જ કરી શકે છે.'

રાજા આ વિચારમાં ખોવાયેલાં હતાં. તેટલામાં મહાજને રાજસભામાં પ્રવેશ કર્યો. અને છે. રાજા સમક્ષ ભેટણું ધર્યું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'મહારાજાનો જય હો!.. વિજય હો!..'

'પધારો મહાજન! આપનું સ્વાગત છે.' મહારાજાએ મહાજનનો ઉચિત સત્કાર કર્યો. અને ઉચિત આસને બેસાડ્યાં.

'કેમ, કુશલ-ક્ષેમ છે ને?'

'રાજન્! આપ જેવા પરાક્રમી અને પ્રજાવત્સલ રાજા હોવા છતાં પ્રજા આજે દુઃખી છે.'

અચાનક આવી વાત સાંભળી રાજાને તો એકદમ આઘાત લાગ્યો.

'શું મારી પ્રજા દુઃખી? કોણ છે દુઃખી કરનાર?'

'આપણા નગરની સમૃદ્ધિની દેવો પણ ઈર્ષા કરતા હતા. પરંતુ, રાજન! હવે આપણી નગરી ગરીબના ઘર જેવી થઈ ગઈ છે.'

'શું કહો છો? માંડીને વાત કરો તો સમજાય!'

'કોઈ ચોરે નગરીમાં ઉપદ્રવ ફેલાવ્યો છે. રાત્રિના સમયે શ્રેષ્ઠીના ઘર ખાલી કરી જાય છે આજનો શ્રેષ્ઠી આવતી કાલનો રોડપતિ થઈ જાય છે. કોઈ એને પકડી પણ શકતું નથી.'

મહારાજાનો ચહેરો ક્રોધથી લાલઘુમ બની ગયો.

'ક્યાં છે નગરરક્ષકો? હમણાને હમણા હાજર કરો?'

નગરરક્ષકોને રાજા સમક્ષ લાવવામાં આવ્યા.

'આ હું શું સાંભળું છું? તમે હોવા છતાં નગરી લુંટાઈ રહી છે. શું કરો છો તમે?'

'મહારાજા! માફ કરો. અમે ઘણા પ્રયત્ન કર્યા. પરંતુ, આ ચોર કોઈ પણ હિસાબે પકડાતો નથી. ગમે તેવો ચુસ્ત પહેરો હોવા છતાં એ ક્યાંથી આવે છે અને ક્યાં જતો રહે છે? તે ખબર પડતી નથી.'

રક્ષકોનો ઉત્તર સાંભળી રાજાના મુખ પર ક્રોધ અને વિષાદ બન્ને એક સાથે દેખાવા લાગ્યા.

'મંત્રીશ્વર! શું આપે આ બાબતમાં કોઈ પગલા લીધા?'

'મહારાજા! હું પણ મારી બધી યુક્તિ-પ્રયુક્તિઓ લગાડી ચૂક્યો છું. આપણા નિષ્ણાત ગુપ્તચરોને પણ કાર્યમાં જોડ્યા. પણ એ બધું નિષ્ફળ પુરવાર થયું છે!

અત્યાર સુધી અતિ વિકટ પરિસ્થિતિમાં પણ સ્વસ્થતાપૂર્વક માર્ગ દેખાડનાર મંત્રીશ્વર પણ કિંકર્તવ્ય મૂઢ બની ગયા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મહારાજા પણ ઊંડી ચિંતામાં ગરકાવ થઈ ગયા.

'શું મારા રાજ્યતંત્રમાં એક ચોરને પકડવાનું પણ સામર્થ્ય નથી?'

અગડદત્ત મહારાજાની ચિંતા પારખી ગયો. તેણે મહારાજાને વિનંતી કરી. 'રાજન્! આપ આજ્ઞા આપો તો હું ચોરોને પકડી લાવું.'

'કુમાર! લોકો કહે છે એ પ્રમાણે ચોર બહુ બળવાન અને સાથે બુદ્ધિમાન પણ લાગે છે.'

'આપ ચિંતા ન કરો!... હું સાત દિવસમાં એને આપની સમક્ષ હાજર કરીશ.' અગડદત્ત વધુ મક્કમ સ્વરે બોલ્યો. 'સાત દિવસમાં જો એને પકડી નહીં શકું તો હું અગ્નિમાં પ્રવેશ કરીશ એ પ્રતિજ્ઞા કરું છું...'

કુમારની પ્રતિજ્ઞા સાંભળી સૌ સ્તબ્ધ થઈ ગયા.

નગરના ચોરેને ચૌટે એક જ ચર્ચા ચાલી રહી છે.

'જે ચોરને પકડવા આપણા કોટવાલો, સિપાઈઓ અરે ખુદ મંત્રીશ્વર પણ નિષ્ફળ ગયા છે. એ ચોરને આ કુમળો કુમાર શું પકડી શકવાનો?'

'ઘણીવાર ન ધાર્યું પણ થઈ જતું હોય છે.'

'પ્રતીજ્ઞા સાંભળી હતી ને? એના અવાજમાં શૌર્યનો રણકાર હતો!'

'કેવી પ્રતિજ્ઞા કરી? સાત દિવસમાં નહીં પકડું તો અગ્નિમાં પ્રવેશ?'

'પ્રભુ એને શક્તિ આપે.'

'હા, હા ચોર પકડાઈ જાય તો નગરમાં શાંતિ થાય.'

આ બાજુ અગડદત્તે વિચાર્યું. 'રોજ રોજ અવનવી મોટી મોટી ચોરીઓ થાય છે. એટલે ચોર નગરમાં જ દિવસભર કોઈ છૂપા વેશે ફરતો હશે, ને ચોરી કરવાની યોજના ગોઠવતો હશે.'

'દ્યૂતશાળા, મદ્યની દુકાન, મઠ, ધર્મશાળા, વેશ્યાના કોઠાઓ, શૂન્યગૃહ, દાસીગૃહ, નિર્જન મંદિરો, શ્મશાન, કંદોઈની હાટડીઓ વગેરે એવા સ્થળો છે કે જ્યાં ચોર પોતાની જાતને છૂપાવી શકે.'

અગડદત્ત છ દિવસ સુધી જુદા જુદા વેશ પલટા કરીને એ બધા સ્થાનોમાં ફરી વળ્યો. પરંતુ ચોરને પકડવાની કોઈ કડી હાથમાં આવી નહીં.

છ-છ દિવસ પસાર થઈ ગયા. ઘણાં ઘણાં પ્રયત્નો કર્યા. બધી જ યુક્તિ-પ્રયુક્તિઓ યોજાઈ ગઈ. કલા-કૌશલ્ય, ચતુરાઈ બધુ જ કામે લગાડી દીધું. પરંતુ ચોરનો ક્યાંય પત્તો લાગતો નથી...

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિચારમાં ને વિચારમાં નગરમાં ફરતા ફરતા સાતમો દિવસ પણ પસાર થવા આવ્યો.. તેનો ચહેરો ફાળ ચૂકી ગયેલા સિંહની યાદ અપાવતો હતો. તેની હાલત વિદ્યાથી ભ્રષ્ટ થઈ ગયેલા વિદ્યાધર જેવી થઈ ગઈ. સંધ્યા સમયે નગરની બહાર થોડે દૂર જઈને એક આંબાના વૃક્ષ નીચે માથે હાથ દઈને બેઠો.

ઢળતી સંધ્યાના આછા પ્રકાશમાં પણ અગડદત્તના મનમાં અંધકાર છવાઈ ગયો. એ ઊંડા વિચારમાં ગરકાવ થઈ ગયો.

'મારે આવી ઘોર પ્રતિજ્ઞા કરવાની જરૂર જ ક્યાં હતી?'

'ઉતાવળમાં વગર વિચાર્યે ખોટો નિર્ણય કરી લીધો.'

'સાત દિવસ પૂરા થઈ ગયા.

કયા મોઢે લોકોની સામે જાઉં?'

'લોકો શું કહેશે?

મોટા ઉપાડે પ્રતિજ્ઞા લીધી હતી. હવે ક્યાં ગઈ તારી મર્દાનગી?'

'અને આમેય અગ્નિમાં પ્રવેશ કરીને આમને આમ જીવતર ખોઈ દેવું તો યોગ્ય જણાતું નથી.'

'તો શું પરદેશ ચાલ્યો જાઉં?'

'કે પિતા પાસે પાછો ચાલ્યો જાઉં?'

'કે પછી મદનમજંરીને લઈને ક્યાંક ભાગી જાઉં?'

'ના, ના કુલવાન પુરુષોને તો આ ન શોભે.'

'એકવાર વચન સ્વીકાર્યું તે સ્વીકાર્યું.'

'તેનું પાલન કોઈ પણ ભોગે થવું જ જોઈએ.'

'વચન પાલન ન થાય તો જીવતર પણ શા કામનું?'

અગડદત્તના મનમાં વિકલ્પમાલા ચાલી રહી હતી ત્યાં જ કોઈનો પગરવ સંભળાયો... એ તરફ નજર નાંખી અને જોયું તો... એક જોગી પોતાની તરફ જ આવી રહ્યો છે.

તાડ જેવી ઊંચાઈ, મજબૂત બાંધો, ભગવા વસ્ત્ર, હાથમાં કમંડલું ને ત્રિદંડ, શ્યામવર્ણ, કસાયેલી ભૂજા, માથે જટા, ત્રિપુંડ તાણેલું કપાળ, લાલઘૂમ આંખો, લાંબી દાઢી-મૂછો, વિશાળ છાતી, દીર્ઘ જંઘા, પગની પીંડીઓ પણ કસાયેલી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



જોગીનું આવું રૌદ્ર રૂપ જોઈને અગડદત્તના મનમાં શંકા થઈ. 'આવો બાંધો તો કોઈ યોદ્ધાનો અથવા તો અતિશય મહેનત કરનાર કોઈ મજૂરનો હોય,

શું આ બનાવટી જોગી તે નથી ને?

વેશ પલટો કરીને એ આ રીતે જ રહેતો હોવો જોઈએ,

શું નગરને લુંટનાર ચોર આ જ તો નથી ને? નગરમાં એવી કોઈ કડી હાથમાં તો નથી આવી.'

અગડદત્ત આવું વિચારતો હતો ત્યાં જ પેલો જોગી ધડ-ધડ પગ પછાડતો નજીક આવી પહોંચ્યો... તેની નજર સૂર્યાસ્ત તરફ મંડાયેલી હતી. આવીને ઝાડની ડાળી તોડી તેના પત્ર ઉપર બેઠો. તેની આવી ચેષ્ટાઓ જોઈને અગડદત્તની શંકા વધુ મજબૂત બની...

મનોમન નિર્ણય કરી લીધો કે 'આને કાંઈ જ સાચું કહેવું નથી. જો આ બનાવટી જોગી જ હોય તો આને માયાથી જ ફસાવવો પડશે.' અગડદત્તને ચિંતિત જોઈને પારિવ્રાજકે પૂછ્યું.

'બેટા! કૌન હો તુમ?'

અગડદત્ત ચહેરા પર ભલાભોલા માણસની નિર્દોષતા ધારણ કરી જોગી સામે હાથ જોડીને બોલ્યો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'જે નારણ બાપુ!'

'નમો નારાયણ બેટા! ક્યા હૈ? ક્યોં ઐસા ગુમસુમ બેઠા હૈ?'

'બાપુ! ગરીબ છું.' જોગીએ એની આંખમાં ભૂખ પારખી કહ્યું.

'ક્યા માંગતા?'

'માંગતા તો સબ કુછ બાપુ!... ખાવાનાય સાસા છે. આપના જેવા મા'ત્માની અમી નજર થાય તો બેડો પાર થઈ જાય એમ સાંભળ્યું છે. આપ તો સિદ્ધ મા'ત્મા લાગો છો.

કહો તે સેવા કરું આપની, બાપુજી! મને બે પાંદડે કરો તો!'

'અચ્છા-અચ્છા બૈઠો! કરતા હૈ ક્યા?'

'બાપુ! મા'ત્મા પાસે શું ખોટું બોલું? નાની મોટી ચોરી કરું છું'.

'ચોરી કરતા હૈ?'

'પાપી પેટ માટે કરવું પડે છે.'

'રહેતા હૈ કહાં?'

'કોઈ ઠેકાણું નથી બાપજી! રાત્રે નગરમાં ભટકું છું ને દિવસે આ જંગલમાં.'

'પણ બાપજી, કાંઈ કરો તો સુખના દા'ડા દેખું!..'

અગડદત્ત આટલું બોલી બાવાજીના પગમાં પડ્યો.

જોગીએ અગડદત્તના શરીર પર નજર ફેરવી લીધી. માણસ કામમાં આવે એવો છે. એવું લાગતા કહ્યું.

'હમ રાતકો ઐસી સિદ્ધિ દુંગા કિ તુમ બહુત ધન પા સકોગે!' અગડદત્ત તો રાજી-રાજી થતો બાવાજીના પગ દબાવવા લાગ્યો.

'હિંમત હૈ?'

'આપ જે કહો તે કરવા તૈયાર છું બાપુ!...'

'ઘર તોડના પડેગા.'

'તૈયાર છું.'

આ વાતો ચાલતી હતી તેટલામાં સૂર્ય પોતાની પ્રકાશલીલા સમેટી ગાઢ નિદ્રામાં પોઢી ગયો. ઘનઘોર અંધકારે જગતને ઘેરી લીધું.

જોગી ઊભો થયો. તેણે પોતાનો વેશ સમેટી લીધો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ત્રિદંડ જૂદું કર્યું અને અંદરથી તલવાર કાઢી, નગર તરફ પગ માંડ્યા. અને અગડદત્તને પણ પોતાની પાછળ ચૂપચાપ ચાલ્યા આવવા ઈશારો કર્યો.

બન્ને પહોંચ્યા નગરમાં, કોઈ શ્રેષ્ઠીના મકાન પાસે આવીને મકાનના પાછલા ભાગમાં શ્રીવત્સ આકારનું ખાતર પાડ્યું. ચોરની નીડરતા અને કશુળતા જોઈ અગડદત્ત આશ્ચર્યમાં ડૂબી ગયો. ચોરે હાંકલ મારી 'ચલ અંદર.'

બન્ને અંદર ગયા. જોગીને શ્રેષ્ઠીના ઘરની રજેરજની જાણ હતી. ધનભંડારમાં જઈને હળવેથી વજનદાર પેટીઓ ઉપાડી. ચોર આજ ખુશ હતો. એને એના જેવો જ હટ્ટો-કટ્ટો મજબૂત માણસ મળી ગયો હતો. બન્ને ઊંચકી શકે એના કરતા પણ વધુ પેટીઓ ઉઠાવી ઉઠાવીને બહાર લાવ્યા...

અગડદત્તે પોતાનો વિચાર રજૂ કર્યો.

'આ આપણે બે જણા લઈ કેવી રીતે જઈશું?'

'તું યહાં ધ્યાન રખ કર બૈઠ, મૈં આતા હું...'

'ક્યાં જાઓ છો?'

'દેવકુલમેં, વહાં સે દૂસરે આદમી કો લેકર આતા હું!' ચોર દેવકુલમાં ગયો. ત્યાં સૂતેલા નિર્ધન માણસોને લાલચ આપીને લઈ આવ્યો...

'ચલો યે સબકુછ ઉઠાલો.'

'જવાનું છે ક્યાં?'

'મેં જહાં જાઉં, મેરે પીછે પીછે ચલે આઓ...'

અગડદત્ત અને પેલા ભાડૂતી માણસો તેની પાછળ પાછળ ચાલ્યા.

'આને તો તલવાર કાઢી હમણાં જ મારી દઉં?' અગડદત્તના મનમાં વિકલ્પ ઊભો થયો.

'ના, ના ઉતાવળ કરવા કરતા એ જોઉં તો ખરો. આટલું બધું લઈને આ જાય છે ક્યાં? ને કોના માટે લઈને જાય છે? આનુંય રહેવાનું કોઈ ઠેકાણું તો હશે જ. એના બીજા સાથીઓ પણ હોવા જોઈએ. કદાચ કોઈ ન હોય તો પરીવારમાં કોઈક તો હશે જ ને?'

'મારે એના ઘર સુધી પહોંચવું જ જોઈએ. તેના વંશનો ઉચ્છેદ કરી નાખવામાં આવે તો જ નગર ચોરીના ત્રાસથી મુક્ત થાય.'

મનથી આવા સંકલ્પ-વિકલ્પ કરતો કરતો અગડદત્ત ચોર અને પેલા નિર્ધન ભાડુતી માણસોની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાથે ચાલતો-ચાલતો નગરની બહાર નીકળી ગયો. ચોર બધાને એક નિર્જન સ્થાનમાં લઈ આવ્યો.

'રાત બહોત હો ગઈ હૈ, ભાર ઉઠા ઉઠા કે થક ભી ગયે હૈં,

થોડી દેર યહાં આરામ કરલેં, ફીર ઉઠ કે બટવારા કરલેંગે...'

પેલા નિર્ધન માણસો તો આખો દિવસ કામ કરીને થાક્યા પાક્યા જ હતા. એટલે આ પ્રસ્તાવ તો તેમને શિરાની જેમ ગળે ઉતરી ગયો. બધાએ સંમતિ દર્શાવી. આમેય ખરીદીને જ લાવેલા હતા. કહ્યા પ્રમાણે જ કાર્ય કરવાનું હતું. વિચારવાનું તો અગડદત્તને જ હતું.

'આ ચોરોનો તો ક્યારેય ભરોસો ન કરાય, કોને ખબર છે આની પાછળ એણે કેવા પેંતરા રચ્યા હોય?'

પરંતુ હમણા તો મૂળ સ્વરૂપ પ્રગટ કરવાનો અવસર દેખાતો ન હતો એટલે અગડદત્તે પણ બધાની 'હા' માં 'હા' ભેળવી દીધી.

જંગલના નિર્જન સ્થળમાં ને રાત્રિની નિરવ શાંતિમાં બધાય પોઢી ગયા, જાગનાર હતા માત્ર અગડદત્ત અને ચોર.

ચોરે સૂઈ જવાનો ડોળ કર્યો, અગડદત્ત પણ થોડે દૂર વૃક્ષ નીચે કપટ નિદ્રાથી આડો પડ્યો હતો...

થોડો સમય વીત્યો ત્યાં અગડદત્તને વિચાર આવ્યો, 'મારે જાગતા જાગતા પણ અહીં સૂઈ રહેવું યોગ્ય નથી.' તરત જ ઊભા થઈ અગડદત્તે પોતાના શરીર જેટલા પ્રમાણનો માટીનો ઢગલો કર્યો. ઉપર પોતાનું ઉત્તરીય પાથરી દીધું. જોનારને તો એમ જ લાગે કે કોઈ માણસ સૂતો હશે. જરા પણ અવાજ થાય નહીં એ રીતે ઝડપથી વૃક્ષ પાછળ છુપાઈ ગયો. હવે તેનું ધ્યાન સતત ચોર પર જ હતું.

થોડીવાર પછી ચોર ઉઠ્યો અને તલવાર હાથમાં લીધી, કુમાર એકદમ સાવચેત બની ગયો.

એકદમ નિર્દયતાથી અને નિઃશંકપણે એક માણસના ગળા પર તલવાર વીંઝી, પેલો માણસ ઊંઘમાં ને ઊંઘમાં જ સદા માટે સૂઈ ગયો. એક ને માર્યો ને સંતોષ ન થયો હોય તેમ તેણે તો બીજાને, ત્રીજાને વારાફરતી બધાને યમસદન પહોંચાડતો ગયો. અગડદત્ત તો સ્તબ્ધ બની ગયો. બધાને માર્યા પછી છેલ્લો વારો કુમારનો હતો. વૃક્ષ પાસે આવી વસ્ત્ર પર જોરથી તલવાર વીંઝી પણ આ શું? ચોર સમજી ગયો. 'નક્કી આ રહસ્યભેદી નરબંકો હશે!...' ત્યાં જ કુમારે પોતાનું સ્વરૂપ પ્રગટ કર્યું.

'રે દુષ્ટ! અધમ! કાયર! સુતેલાને મારવામાં શું તારી શુરવીરતા?'

'અરે પાપી! નિર્દોષના પ્રાણ લેતા પણ અચકાતો નથી?

નવી માનું દૂધ પીવાની ઈચ્છા હોય તો આવી જા મારી સામે.'

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચોર તો એક વખતના ગરીબડાને બિચારા દેખાતા નવયુવાનનો મર્દાનગીભર્યો પડકાર સાંભળી છક્ક થઈ ગયો.

ચોર યુદ્ધ માટે સજજ થવા ગયો. ત્યાં તો અગડદત્તે પોતાની પાસે રહેલી અજોડ શસ્ત્રકલા અને સામર્થ્ય કામે લગાડ્યા. તેણે વિજળીની ત્વરાથી પોતે શીખેલો તરુપતન નામનો પ્રહાર કરી ચોરની જંઘા છેદી નાખી. ચોર ધબાક દઈને નીચે પડ્યો. લોહીથી ખાબોચિયું ભરાવા લાગ્યું.

તેને કાંઈ વિચારવાનો સમય જ ન મળ્યો. પોતાની અંતિમ ઘડી નજર સામે જોઈને ચોરે અગડદત્તને કહ્યું.

'નરોત્તમ! નવયુવાન! હું તારા સામર્થ્ય અને પરાક્રમથી ખુશ થયો છું. તું સાહસ અને ધૈર્ય પરથી જ ઉત્તમ કુળનો છે. એ જણાઈ આવે છે... હવે મારે જીવવાની કોઈ આશા રહી નથી. મારે મારી બેન અને ધનસંપત્તિને અનાથ નથી છોડવા, માટે મારી એક વિનંતી છે, જો તું સ્વીકારે તો'...

'જરૂર જણાવો.'

'હું ભુજંગમ નામનો ચોર છું. અહીંથી થોડે આગળ જતા શ્મશાનના પશ્ચિમ ભાગમાં એક વિશાળકાય વટવૃક્ષ છે. તેની નીચે મારું ભૂમિગ્રહ છે. તું વટવૃક્ષ પાસે જઈ મોટેથી વીરમતીના નામથી સાદ આપીશ એટલે મારી બહેન ભૂમિગૃહનું દ્વાર ખોલશે. તેને તું આ મારી તલવાર આપજે, એ બધું જ સમજી જશે. તું મારી અખૂટ સંપત્તિ અને કુંવારી બહેનનો સ્વામી બનજે... મારી બહેનને ખૂબ સાચવજે'...

ભુજંગમથી હવે વધુ બોલી શકાય એમ ન હતું. છેલ્લે તુટતા અક્ષરે 'મને... અ... ગ્નિ... દા... હ... આપ... જે'... એટલું બોલ્યો. અને તેનું પ્રાણ પંખેરું ઉડી ગયું.

ચોરનું રહેવાનું સ્થાન જાણી અગડદત્ત આશ્ચર્યચકિત થઈ ગયો. ભુજંગમને અગ્નિદાહ આપી પશ્ચિમ દિશાના વટવૃક્ષ પાસે પહોંચ્યો અને સાદ કર્યો.

'વીરમતી!'...

વીરમતી પણ ભાઈના આગમનની રાહ જોતી હતી. ભાઈ આવી ગયો, એમ સમજી ભોંયરાનું દ્વાર ખોલ્યું. અજાણ્યા પુરુષને જોઈ તેને આશ્ચર્ય થયું. પરંતુ, તેનાથી વધુ આશ્ચર્યમુગ્ધ તો અગડદત્ત બન્યો...

'અરે! આ મનુષ્યલોકની સ્ત્રી છે કે દેવલોકની અપ્સરા!'

'આ પાતાલકન્યા તો નથી ને?'

'મને તો આ સાક્ષાત્ કામદેવની પત્ની રતિ જ જણાય છે'.

અગડદત્તની વિચારધારા લાંબી ન ટકી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વીરમતી એ પોતાની ચિંતા વ્યક્ત કરી.

'તમે?'

અગડદત્તે પેલી તલવાર તેના હાથમાં આપી. વીરમતી બધું જ સમજી ગઈ, પોતાના ભાઈના મૃત્યુનું દુઃખ હૈયામાં જ દબાવી તે બોલી.

'ઓહ! તો તમે જ હવે મારા ભાઈની સંપત્તિના માલિક છો. તમારાથી મારે કશું જ છુપાવવાનું નથી'.

એટલું બોલી તે અગડદત્તને અંદર લઈ ગઈ. પથ્થરની મોટી શિલાથી ભૂમિગૃહનું દ્વાર પાછું બંધ કરી દીધું.

બન્ને અંદર પ્રવેશ્યા... સળગતી મશાલના અજવાળામાં અગડદત્તે ચારે બાજુ ધનના ઢગલા જોયા ને પૂછયું.

'આ બધું ધન હવે મારું?'

'ને હું પણ' પેલી સ્ત્રી હસી.

અગડદત્ત તો તેના રૂપમાં પહેલેથી જ પાગલ બની ચૂક્યો હતો. એટલે કાંઈ પણ કહેવાનો અવકાશ જ ન હતો.

વીરમતીએ અગડદત્તનો હાથ પકડ્યો અને તેના ઉપર ખૂબ પ્રેમ હોય તેમ વર્તવા લાગી... વિશાલ ભોંયરામાં અગડદત્તને બધું જ દેખાડ્યા પછી એક ખંડ પાસે લઈ આવી.

'તમે હવે ખૂબ થાક્યા હશો. આ શયનાગાર છે. એમાં તમે આરામ કરો. પછી આપણે નિરાંતે વાતો કરીશું.'

અગડદત્ત શયનાગારમાં પ્રવેશ્યો. અંદર સુંદર મજાનો પલંગ સજાવેલો હતો. અગડદત્તનું અંગે અંગ થાકથી કળતું હતું. આંખ ઊંઘથી ભારે થઈ ગઈ હતી. દિપકના સુગંધી તેલથી વાતાવરણ મઘમઘતું હતું. વીરમતી અગડદત્તને સુવાડી મધુરસ્મિત રેલાવતી બહાર નીકળી, બારણું આડું કરતા બોલી.

'સુખેથી આરામ કરજો, અહીં કોઈ જ ભય નથી. આપના માટે ચાદર લઈને હું થોડી જ વારમાં આવું છું.' તેના ગયા પછી અગડદત્તના મનમાં વિચાર ઝબક્યો.

'શું ખરેખર આને મારા પર પ્રેમ હશે?'

'ભાઈના હત્યારા પર એકાએક આટલો પ્રેમ? અને કોઈ પણ જાતની પાક્કી તપાસ વિના જ મને સ્વામી તરીકે સ્વીકારવા તૈયાર થઈ જાય?'

'આમ પણ સ્ત્રી પર એકદમ વિશ્વાસ તો ન જ મૂકી દેવાય અને એમાં આ તો ચોરની બહેન!'

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'મારે એની સાથે એના ભાઈની જેમ જ વર્તવું પડશે. આમ વિચારી અગડદત્ત પલંગમાંથી ઊભો થઈને ખૂણામાં જઈ ઊભો રહ્યો.'

પળ બે પળ થઈ ત્યાં તો પલંગની બરોબર ઉપર પહેલેથી જ યંત્રશીલા ગોઠવેલી હતી, વીરમતીએ ઉપર જઈને યંત્રની સાંકળ ખેંચી અને તરત એ મોટી શિલા પલંગ પર પાડી, પલંગના ચૂરેચૂરા ઉડી ગયા. અગડદત્ત તો આ જોઈને સ્તબ્ધ થઈ ગયો. પત્ની બનવા તૈયાર થઈ ગયેલી રૂપવાન સ્ત્રી પર પણ અવિશ્વાસ કર્યાનો આનંદ થયો.

વીરમતી પણ રાજીની રેડ થતી થોડીવારમાં ત્યાં આવી અને તાલી પાડી બોલી.

'હા, હા, હા! મારા ભાઈનો હત્યારો મરી ગયો.'

'બિચારો ભાઈની હત્યા કરીને મને પરણવા આવેલો'

'હાશ! મે તો મારા ભાઈના હત્યારાને માર્યો તેનો મને આનંદ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વીરમતી વધુ કાંઈ બોલે તે પહેલા તો ખૂણામાં છૂપાયેલો અગડદત્ત રૌદ્ર રૂપ ધારણ કરી પ્રગટ થયો. વીરમતીનો ચોટલો પકડીને ગજર્યો.

'મને મારવા આવી હતી?'

'કાન ખોલીને સાંભળી લે.' તારો ભાઈ પણ મને ન મારી શક્યો. તું તો શું મને મારવાની હતી?'

કુમારનું વિકરાળ સ્વરૂપ અને સત્તાવાહી કરડાકીથી પેલી તો થર-થર કંપવા લાગી. તેને લાગ્યું કે 'ખરેખર! સકંજામાં આવી ચૂકી છું.'

'એક વાત યાદ રાખજે, હું ક્ષત્રિયનો બચ્ચો છું. ખાનદાની મારી નસેનસમાં લોહીની જેમ વહે છે. સ્ત્રી સમજીને તને મારતો નથી. બાકી તો મારી આ તલવાર!'..

આટલું કહીને જ્યાં કુમારે તલવાર ઉગામી ત્યાં વીરમતી પગમાં પડી અને રડતી રડતી કરગરી.

'હું તમારા શરણે છું, મને અભય આપો.'

'ભાઈ કોને વહાલો ન હોય? હું તો ભાઈના સ્નેહને વશ જ તમને મારવા પ્રેરાઈ, મને માફ કરો.'

અગડદત્ત તેની કરૂણ સ્વરે થતી એક પણ આજીજી સાંભળવા તૈયાર નથી. ચોટલો પકડી ભૂમિગૃહમાંથી બહાર કાઢી અને નગરમાં લઈ જઈ સીધી રાજા સમક્ષ હાજર કરી દીધી.

'અરે! અગડદત્ત આ શું? ચોરને બદલે આ અબલાને અહીં લઈ આવ્યો?'

'રાજન્! આને અબલા ન કહેશો આ તો આખા નગરને લુંટનાર ભુજંગમ ચોરની બહેન વીરમતી છે.'

અને, અગડદત્તે રાત્રે બનેલ અથથી ઈતિ સુધીની સમગ્ર ઘટના કહી સંભળાવી.

અગડદત્તના શૌર્ય, સાહસ અને ચતુરાઈ પર મહારાજા અને સમગ્ર સભાજનો ઓવારી ગયા.

કેટલાકના તો મગજમાં આખોય પ્રસંગ બનાવટી લાગવા માંડ્યો. પણ અગડદત્તે તો રાજા સહિત બધાને જ્યાં રાત્રે ચોરી કરી હતી. તે શ્રેષ્ઠીનું મકાન અને પેલા નિર્ધન માણસોના મૃતદેહ બતાવ્યા. ત્યાર પછી સહુને ઉતાવળ તો ભૂમિગૃહ જોવાની હતી, થોડીવારમાં, અગડદત્ત રાજા વગેરે સર્વને ભૂમિગૃહ પાસે લઈ આવ્યો. અંદર રહેલી અઢળક સંપત્તિ જોઈ બધા ખૂબ જ વિસ્મિત થયા.

રાજાએ પણ આજ્ઞા ફરમાવી 'અત્યાર સુધીમાં જેની જેની પણ માલમત્તા ચોરાઈ છે. તે બધા જ પોતપોતાની કિંમતિ ચીજ-વસ્તુઓ લઈ જાય.'

બધા એ પોતાની વસ્તુઓ લઈ લીધા પછી જે ધન બચ્યું તે રાજાએ અગડદત્તને આપ્યું,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આખાય નગરમાં ચૌરે ને ચૌટે અગડદત્તની જ વાતો થવા લાગી 'શું અગડદત્તની શૌયર્તા? કેવું સાહસ? ચતુરાઈની તો વાત જ ન થાય!'...

રાજા અગડદત્તના ગુણોથી રંગાયો જ હતો. એમાં પણ સમગ્ર નગર માટે માથાનો દુઃખાવો બની ગયેલા ચોરને ચતુરાઈથી અગડદત્તે પરાસ્ત કર્યો ત્યારે તો અગડદત્ત રાજાના હૈયામાં વસી જ ગયો.

રાજા અગડદત્ત પર એટલો ઓવારી ગયો કે બીજા જ દિવસે રાજસભામાં જાહેરાત કરાવી.

'આપણા નગરને તસ્કરના ત્રાસથી મુક્ત કરનાર ભડવીર કુમાર અગડદત્તના હાથમાં મહારાજા પુત્રી કમલસેનાનો હાથ આપવાના છે.'

'યોગ્ય મુહુર્તે લગ્ન લેવામાં આવશે.'

સમગ્ર સભાજનોએ ઊભા થઈ મહારાજાના નિર્ણયને તાળીઓના ગળગળાટથી વધાવી લીધો.

રાજાએ જ્યોતિષિઓ તેડાવી જોશ જોવડાવ્યા.

'નજીકમાં નજીકનું મુહુર્ત કાઢજો.'

'જી મહારાજ!'

ગ્રહમેળ, રાશિમેળ કરી મુહુર્ત નક્કી કરવામાં આવ્યું ને શુભ દિવસ પણ જાહેર કરાયો. એ શુભ દિવસ આવી પહોંચ્યો ને આખાય નગરમાં રાજાએ સુગંધી જળનો છંટકાવ કરાવ્યો. ઘેર ઘેર તોરણ બંધાવ્યા. રંગોળીઓ પૂરાઈ. ઠેરઠેર માંચડા બંધાયા. નટો, વિદૂષકો, ગવૈયાઓ વગેરેને પોતાની કળા બતાવવાનો અવસર મળ્યો. ઢોલ, નિશાનને શરણાઈના મધુર નાદથી વાતાવરણ ગુંજી રહ્યું. નગરમાં અકાળે કૌમુદી ઉત્સવ આવ્યો.

શુભ દિવસે, શુભ મુહુર્તે લગ્ન મંડાયા. રંગે ચંગે લગ્ન વિધિ થઈ. મહારાજાએ દિકરી-જમાઈને દિલ ભરીને આશિષ આપ્યા. જમાઈને બાથમાં ભીડ્યો. બન્નેને શીખ આપી અને ભેટ તરીકે હજાર ગામ, હજાર શ્રેષ્ઠ ગજેન્દ્ર, દશ હજાર જાતિવંત અશ્વો, એક લાખ સૈનિકો અને વિપુલ ધન-સમૃદ્ધિ આપી. મહારાજાએ અગડદત્તને રહેવા અલગ મહેલ આપ્યો.

કમલસેના અને અગડદત્ત બન્ને રૂપવાન, અને બન્ને ગુણવાન, જોનારને કામદેવ અને રતિની જોડી યાદ આવી ગઈ. કોઈકને વિષ્ણુ અને લક્ષ્મી આવ્યાનો સંશય થયો ને કોઈને તો સાક્ષાત્ ઈન્દ્ર-ઈન્દ્રાણી બેઠા હોય એવું લાગ્યું.

અગડદત્ત કમલસેનાને લઈ ક્યારેક ઉદ્યાનમાં વિહરે છે. તો ક્યારેક વાવડીઓમાં જલક્રીડા કરવા પહોંચી જાય છે. છતાં ય....

લખલૂટ સંપત્તિની છોળો ઉછળે છે. અને રાજપુત્રી કમલસેના જેવી રૂપવતી અને ગુણીયલ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સ્ત્રી મળી છે. છતાંય અગડદત્તના મનમાં મદનમંજરી જ રમ્યા કરે છે. તેના વિના બત્રીશ પકવાનના ભોજન પણ સ્વાદહીન લાગે છે. કમલસેના સાથેની જલક્રીડા પણ નિરસ લાગે છે. રાજાએ આપેલો આલીશાન મહેલ પણ બંધન લાગે છે. મનમાં સતત મદનમંજરી જ રમ્યા કરે છે.

એક દિવસની વાત છે.

'જય હો, વિજય હો.'

ભોજન કરી મુખમાં તંબોલ નાંખી અગડદત્ત મહેલના વાતાયન પાસે બેઠો હતો. ત્યાં જ આ શબ્દો કાને અથડાયા...

'તું કોણ છે?'

'આપના વિરહાગ્નિથી બળતી મદનમંજરીની સેવિકા.' મદનમંજરીનું નામ સાંભળતા જ અગડદત્તના હૃદયની લાગણીઓ વદન પર ઉભરાવા લાગી. નયનમાં તેજ ચમકવા લાગ્યું...

'બોલ, શું સમાચાર મોકલ્યા છે?'

'સ્વામિન્! સંતપ્ત ધરા જેવી મારી સખી આપના મિલનની મેઘવૃષ્ટિ ઝંખે છે. તેની ચાતક પ્યાસ છીપાવવાની શક્તિ માત્ર આપનામાં જ છે. આપના વિરહમાં એ ઝૂરી રહી છે'...

'અને એમાંય, 'જ્યારથી મત્તહાથીને વશ કરવાની, ભયંકર ચોરને ચતુરાઈથી પકડવાની, રાજા દ્વારા અખૂટ સમૃદ્ધિ પ્રાપ્ત કરવાની' આપની વાતો એણે લોકમુખે સાંભળી છે. ત્યારથી તો આપના મિલનની ઉત્કંઠા ચરમ સીમાએ પહોંચી છે'.

'આપ તો સુખ સાહેબીમાં સુખેથી રહેતાં હશો, પરંતુ આપના વિના સ્વાદિષ્ટ ભોજન, કોમલ શય્યા, સુંદર વસ્ત્રો અને નવ-નવા આભૂષણો બધું જ તેને નીરસ અને દુઃખદાયી લાગી રહ્યું છે... આપે આપેલું વચન યાદ કરો અને વિરહ જ્વરે બળી રહેલી તેને સંગમ-જલથી શીતલ કરો!'

મદનમંજરીનો સંદેશો સાંભળીને અગડદત્તની આતુરતા વધી ગઈ. ગળામાંથી હીરાનો હાર કાઢી સેવિકાના હાથમાં આપ્યો.

'સુંદરી! લે આ મારા પ્રેમનો ઉપહાર મદનમંજરીને આપજે, મારું હૃદય એના મિલનની આશામાં જ ધબકે છે. તેની સ્થિતિ સંતપ્ત ધરા જેવી છે. તો મારી પણ પાણી વિનાની માછલી જેવી છે. હું રાજમહેલમાં માત્ર શરીરથી જ રહું છું, મારું મન તો મદનમંજરી પાસે જ છે. તેને કહેજે મિલનના દિવસો હવે દૂર નથી'.

સેવિકાએ આ સંદેશો મદનમંજરીને કહી સંભળાવ્યો. અગડદત્તના મનમાં પણ પોતે જ વસી છે. એ જાણીને મદનમંજરીને કાંઈક શાંતિ થઈ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એક વખત સાંજે અગડદત્ત અને કમલસેના ઝરૂખામાં બેઠા બેઠા પ્રકૃતિનું સૌંદર્ય નિરખતા હતા.

'નાથ! આ સંધ્યાના રંગોથી પ્રકૃતિ કેવી રંગાઈ ગઈ છે ને?'

'હા! ખરેખર મનને મોહી લે છે.'

'સ્વામી! ઢળતા સૂર્યની લાલાશે ચારે બાજુ ફેલાઈને વાતાવરણને કેવું નિખાર્યું છે! આવા રંગોને પૂરવા સમર્થ તો આખી દુનિયામાં કોઈ ચિત્રકાર નહીં હોય, આવું સૌંદર્ય તો વિધાતા જ રચી શકે.'

'તારી વાત એકદમ સાચી છે. પણ હકીકતમાં વિધાતાએ તને બનાવીને તો કમાલ જ કરી છે. તારા રૂપનું સૌંદર્ય પણ કોઈ ચિત્રકારની કળામાં ઉતરે તેમ નથી જ'.

કમલસેના શરમાઈ ગઈ.

બન્નેની આ રીતે પ્રેમ ગોષ્ઠી ચાલી રહી હતી. ત્યાં જ દ્વારપાળે ખંડમાં પ્રવેશ કર્યો.

'રાજાનો જય હો.'

'કેમ આવવું થયું?'

'રાજન્! શંખપુર નગરથી બે દૂત આવ્યા છે. આપને મળવા માંગે છે.

'ઓહ!.. શંખપુરથી આવ્યા છે?'

'હા! રાજન્!'

'તો તો જલ્દી અંદર મોકલો.'

અગડદત્તના માનસપટ પર શંખપુર નગરનું ચિત્ર ખડું થઈ ગયું. માતા-પિતાના લાડ-કોડ, મિત્ર સાથે કરેલી ક્રીડાઓ, એ સુંદર મજાના સરોવરો અને ઉદ્યાનો, પોતાના રૂપ અને ઐશ્વર્યથી યુવતીઓને કરેલી હેરાનગતિ, છેલ્લે પોતાનું થયેલું ઘોર અપમાન, ગૃહ ત્યાગ... વગેરે અત્યાર સુધીની જીવનયાત્રા મનપથ પર ચાલી આવી.

'રાજન્! જય હો વિજય હો!'

અતીતની યાદોમાં પોઢેલો અગડદત્ત ઝબકીને જાગ્યો.

'કોણ?'

'અરે! આ તો સુવેગ અને વાયુવેગ!... મારા પિતાના અંગત દૂત!'.... ઊભો થઈને અગડદત્ત બન્નેને ભેટી જ પડ્યો. આંખમાંથી અશ્રુ વહી ગયા...

'માતા-પિતાને ક્ષેમ-કુશલ તો છે ને?' અગડદત્તે આંસુ લુંછતા પૂછ્યું.

બન્નેએ માંડીને વાત કરી. 'બધાને ક્ષેમ-કુશલ છે પરંતુ, કુમાર! આપના ગયા પછી મહારાણીજીની તો હાલત કફોડી થઈ ગઈ. રોજ-રોજ મહારાજાને ઓળંભા દે છે. કરૂણ કલ્પાંત કરે છે. રાત-દિવસ રડી-રડીને પોતાની આંખોના તેજ પણ ગુમાવી દીધા છે. મહારાજાજીને પણ પાછળથી ખૂબ જ પસ્તાવો થયો. ચારે બાજુ તપાસ કરાવી. દૂતો મોકલ્યા પણ ક્યાંય તમારી ભાળ ન મળી. થોડા દિવસ પહેલા કોઈના મુખે તમારું યશોગાન સાંભળ્યું. અને તરત જ તમને લેવા અમને બન્નેને આ તરફ રવાના કર્યા.'

'કુમાર! હવે ઢીલ ન કરશો, શીઘ્રતાએ જ પાછા ચાલો હવે જો વધુ કાલ વ્યતીત થયો. તો તેઓનું જીવન જોખમમાં છે.'

'મારું મન પણ માતા-પિતાને ઝંખતું હતું. તેમાં પણ પિતાજીએ જ સામેથી તેડું મોકલ્યું છે. તો હવે, ઢીલ કરવાનો કોઈ અવસર જ નથી.'

અગડદત્તે સુવેગ-વાયુવેગનો ઉચિત સત્કાર કર્યો અને કહ્યું. ''પિતાશ્રીએ તો મને ઉન્માર્ગથી બચાવ્યો. અને માતાજીએ આપેલા આશિષથી જ તો હું આટલે સુધી પહોંચ્યો. તમે બન્ને જલ્દીથી શંખપુર પહોંચી માતા-પિતાને સમાચાર જણાવો કે હું બને તેટલું જલ્દી પહોંચી જઈશ.'

'જી રાજન્!.'

અગડદત્તે બન્નેને માનભેર વિદાય આપી. અને સીધો પહોંચ્યો મહારાજા પાસે.

'રાજન્! એક જરૂરી કાર્ય આવ્યું છે.'

'નિઃસંકોચ કહો કુમાર.'

'શંખપુરથી બે દૂત આવ્યા હતા.'

'તમને લેવા આવ્યા હશે?' રાજાએ પૂર્વ વૃત્તાન્તને લક્ષમાં રાખી કટાક્ષ કર્યો.

પરંતુ, અગડદત્તે તો હા પાડી.

'હા રાજન્! માતા-પિતા મારા વિરહથી દુઃખી છે. મારી ત્યાં ઉપસ્થિતિ અનિવાર્ય બની છે. અને આમ પણ કહેવાય છે 'પુરુષ સાસરે વધુ ન શોભે.'

'પરંતુ કુમાર! તમારી ખોટ તો અમને ય દુઃખી કરશે... મારી એક વાત માનશો?'

'એમાં પૂછવાનું જ ન હોય રાજન્!'

'વારાણસી નગરીને છોડી આજે ભલે જવા તૈયાર થયા છો. પણ પાછા આ ભૂમિ પર પગલા પાડી અમને પ્રસન્ન કરજો.'

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ રીતે રાજા પાસે અનુજ્ઞા મળતા અગડદત્તને જાણે પાંખો મળી.

અગડદત્ત ત્યાંથી નીકળી પોતાના મહેલે આવ્યો. પ્રયાણની તાત્કાલિક તૈયારીઓ શરૂ કરાવી. મદનમંજરીને પણ સાથે કઈ રીતે લેવી? તે મનોમન વિચારી લીધું.

શુભ દિવસે સારા શુકન જોઈને મહારાજા અગડદત્તને વિશાળ સૈન્ય સાથે વિદાય આપવા આવ્યા.

પોતાની વહાલસોયી દિકરીના વિરહમાં મહારાણી અને મહારાજાની આંખો છલકાઈ. માત-પિતાની વિદાયની વેદના કમલસેનાના નયનોથી વહી રહી.

'સાસરે જતી દિકરીને યોગ્ય શિખામણ આપવી એ આપણી ફરજ છે.' એમ સમજી મહારાણીજીએ કમલસેનાના માથે હાથ મૂક્યો.

'કમલા! મા-બાપની જેમ સાસુ-સસરાની પૂજા કરજે.'

'ઘરના વડીલોનો વિનય કરવામાં કચાશ ન રાખતી.' 'પતિ જ પરમેશ્વર છે' એમ માની પતિના પગલે પગલા માંડજે.'

'બેટા! બન્ને કુળની કીર્તિ વધે એવું ઉજવળ જીવન જીવજે...' કમલસેનામાં એક પણ અક્ષર બોલવાની હિમ્મત રહી નહોતી. માત્ર સજળ નયને જન્મદાત્રી સન્મુખ જોયા કર્યું. અંતે માત-પિતાના ચરણ-સ્પર્શ કરી આશીર્વાદ લીધા.

મહારાજા વિશાળ સૈન્ય સાથે દીકરી-જમાઈને વળાવવા નગરની બહાર થોડે દૂર સુધી આવ્યા. અંતે અગડદત્તને અવસરોચિત શીખ દઈને પાછા વળ્યા.

રાત્રિના પ્રથમ પ્રહરે અગડદત્ત એક રથમાં બેસી નગર તરફ પાછો ફર્યો. મદનમંજરીની સેવિકાના ઘરે રથ ઊભો રાખ્યો અને સેવિકા દ્વારા સમાચાર મોકલ્યા.

સેવિકા પણ સ્વામિનીને ખુશ કરવા તરત જ દોડી. અગડદત્તે પહેલાથી જ મદનમંજરીને સમાચાર મોકલી દીધેલા. માટે તે પણ તૈયાર જ હતી. એતો સેવિકાની રાહ જ જોતી હતી.

સેવિકા આવી અને અગડદત્તના આગમનની વધામણી આપી. મદનમંજરીના શરીરમાં આનંદની વિજળી ફરી વળી. જેની કેટલાય મહિનાઓથી ઝંખના હતી, જેના માટે કેટકેટલાય રંગીન સ્વપ્ન સેવ્યા હતા. એ પિયુમિલનની ઘડી આવી પહોંચી, ઘરમાં કોઈનેય ખબર ન પડે એવી ચૂપકીથી દરવાજો ખોલી બન્ને બહાર નીકળી, અગડદત્તના રથ પાસે આવી. મદનમંજરીએ પોતાના ગળાનો હાર સેવિકાને ભેટ આપી વિદાય કરી અને પોતે રથ ઉપર ચઢી ગઈ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મદનમંજરીને જોતા જ અગડદત્તનું હૃદય મદનશરથી ઘવાયું. મદનમંજરી પણ દીર્ઘકાલની ઝંખના પછી થયેલા મિલનથી ગાંડી ઘેલી બની ચૂકી હતી. પરંતુ, વાર્તાલાપનો અત્યારે સમય ન હતો.

અગડદત્તે તરત જ શંખપુરના માર્ગે રથ દોડાવ્યો. સૈન્યને સાથે થઈ આગળ પ્રયાણ કર્યું.

અનેક નાના-મોટા, ગામ-નગરો વટાવી ભુવનપાલ રાજાના દેશની સીમા પાર કરી આગળ વધતા એક ભયંકર ગીચ અટવીમાં પ્રવેશ થયો. અહીં તો સિંહની ગર્જનાઓ અને વાઘ-ચિત્તાની ત્રાડો હૃદયના ધબકારા ચૂકવી દે છે તો ક્યારેક શિયાળોની લારી ભયાનકતામાં વધારો કરી દે છે. આટલું ઓછું હતું તેમ આજે આકાશમાં કાળા ભમ્મર વાદળાઓ પણ ઘેરાઈ ગયા.

થોડી જ વારમાં મેઘ મુશળધારે ત્રાટક્યો... ગર્જના અને વીજળીના કડાકા કરતા મેઘે અટવીને ઘનઘોર અંધકારથી ભરી દીધી... ચોધાર વરસાદને કારણે માર્ગ દુર્ગમ બન્યો. છતાં માત-પિતાના મિલનની ઉત્કંઠાને કારણે અવિરત પ્રયાણ ચાલુ જ રહ્યા.

એકવાર મધ્યરાત્રિએ છાવણી નાખી સૌ સુતા હતા. રાત્રિનો બીજો પ્રહર વ્યતીત થવા આવ્યો હતો. માર્ગના શ્રમને કારણે સૌ શાંતિથી સૂઈ ગયા હતા. ત્યાં જ અચાનક ચારે બાજુથી વિચિત્ર રાડો અને જાતજાતની કીકીયારીઓ સંભળાઈ. કોઈ કોઈ આ અવાજથી જાગી ગયા. કાંઈ વિચારે તે પહેલા તો ભિલ્લના મોટા ટોળાએ એ છાવણી પર છાપો માર્યો. અગડદત્તના સૈન્યમાં ખળભળાટ મચી ગયો. સેનાપતિએ વીરહાંક કરી.

'અરે! જુઓ છો શું? ઉપાડો હથિયાર.'

'આ બાયલાઓને આજે એવો સ્વાદ ચખાડજો કે ચોરી કરવાનો ખો ભૂલી જાય.' જુસ્સેદાર હાકોટો થતાં સૈનિકો વીજળી વેગે હથિયાર ઉપાડી ભિલ્લો સામે તૂટી પડ્યા. એક બાજુ હતું અગડદત્તનું બળવાન અને શિક્ષિત સૈન્ય તો બીજી બાજુ ભિલ્લોની ટોળી પણ જબ્બર બળવાન!

વીજ ચમકારાના આછા પ્રકાશમાં તેઓનું બિહામણું શરીર દેખાઈ આવતું, રંગે કાળા, શરીરે ખડતલ, માત્ર પોતળી જેટલું ચર્મ કે વલ્કલનું પહેરેણ, હાથમાં ચિત્ર-વિચિત્ર હથિયારો, આંગળીઓમાં બહાર નીકળેલા રાક્ષસી નખ, આખુંય શરીર પિશાચોનો પરીચય આપતું હતું.

છતાં કોઈ પણ ભય વિના વીર સૈનિકો તૂટી પડ્યા. બન્ને વચ્ચે શરૂ થયું ભીષણ યુદ્ધ! સામ-સામે સમશેરીઓ વિંઝાય છે. ને બાણ વર્ષાઓ થાય છે. સામસામે શસ્ત્રો અથડાવાથી તણખાઓ ઝરે છે.

કેટલાયના હાથ-પગ કપાયા તો કેટલાયના મસ્તક ધડથી જુદા થઈ ધરતી પર પટકાયા. ભિલ્લસૈન્ય અને રાજસૈન્ય બન્ને જુસ્સાથી લડે છે. કોની જીત થશે? એ નક્કી થઈ શકતું નથી.

થોડીવારે ભિલ્લોને 'શત્રુપક્ષ પણ બહુ મજબૂત છે.' એવી પાક્કી ખાતરી થતા નવો વ્યૂહ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગોઠવવાનું શરૂ કર્યું. એક ભિલે અજાણ્યા શબ્દોમાં બધાને નવી વ્યૂહરચના સમજાવી દીધી અત્યંત સ્ફૂર્તિપૂર્વક ભિલ્લોએ નવો વ્યૂહ ગોઠવી પણ દીધો અને ફરીથી પૂરા જોશથી આક્રમણ કર્યું. આ વખતે સૈનિકો પણ બુરી રીતે ઘવાયા હોવા છતાં અત્યંત આક્રમક બન્યા. છતાં પણ તે લોકો એવા તો ચબરાક અને જોરાવર નીકળ્યા કે જે સૈનિકો તેમની સામે પડે તે જીવતા બચે તેવી કોઈ શક્યતા રહેતી નહીં ધીમે ધીમે ભિલ્લ સૈન્યનું જોર વધતું ગયું. અને અગડદત્તના સૈન્યમાં પણ નાસભાગ મચી ગઈ. ચારે દિશામાં સૈન્ય વિખરાઈ ગયું.

આ બાજુ અગડદત્તે વિવિધ શસ્ત્રોથી રથ ભર્યો. મદનમંજરીને રથમાં બેસાડી સમરાંગણમાં પ્રવેશ્યો. તીરોના વરસાદથી રણમેદાનમાં તેનું સ્વાગત થયું. મદનમંજરી ગભરાઈ.

'સ્વામી! જલ્દી રથને બીજી દિશામાં દોડાવો.'

'કેમ?'

'અરે! કેમ શું? જોતા નથી આટલા બધા જમ જેવા ભિલો!'

'સુંદરી! તું જોયા કર, હું જમ જેવા ટોળાને જમના ઘર ભેગા કરી, આખા ટોળાથી યમસદન ભરી દઈશ.'

ને અગડદત્તે મુશળધાર બાણવર્ષા શરૂ કરી, અગડદત્તની એકી સાથે થયેલી બાણવર્ષાએ ભિલ્લ સૈન્યને પળ બે પળમાં છિન્ન-ભિન્ન કરી નાખ્યું. કેટલાયને જમરાજાના મહેમાન બનાવ્યા. 'વિજયની અણી ઉપર આવેલી બાજી ક્ષણવારમાં કારમા પરાજયમાં પલટાઈ ગઈ', એવો અહેસાસ ભિલ્લ સૈન્યને થઈ ગયો. હવે પ્રાણ બચાવવા હોય તો ભાગી છૂટવા સિવાય કોઈ રસ્તો નથી. એમ સમજી ભિલ્લોએ પણ પીછેહઠ કરી, જોત-જોતામાં એ ભિલ્લો ક્યાંય દૂર નાસી છૂટ્યા. પોતાના ભિલ્લોની આવી અવદશા ભીલપતિથી સહન ન થઈ. યુદ્ધ મેદાનમાં આવી તેણે અગડદત્તને પડકાર્યો.

'મર્દનો બચ્ચો હોય તો આવી જા મારી સામે.'

'અરે ઓ કાયરોના સરદાર! જો તો ખરો તારો એક બચ્ચોય અહીં મારી સામે ટક્યો નહીં. બધા ઉંદરની જેમ ઊભી પૂંછડીએ ભાગી ગયા. હવે જલ્દી તું'ય ભાગ નહીં તો મારા લોહી તરસ્યા આ બાણ તારા પ્રાણ ચૂસી લેશે.'

અગડદત્તનો સણસણતો જવાબ સાંભળી ભીલપતિનો ક્રોધ સાતમે આસમાને પહોંચ્યો.

ભીલપતિએ ધડાધડ બાણોનો મારો ચલાવ્યો, અગડદત્ત પણ ગાંજ્યો જાય એવો ક્યાં હતો? એણે પણ આક્રમક રીતે બાણવર્ષા કરી, બન્ને એકબીજાના પ્રહારો ચૂકવી દે છે. બન્ને બળીયા છે. બન્ને પાસે શ્રેષ્ઠ ધનુર્વિધા છે. એટલામાં તો સૂર્યએ આ ભીષણ યુદ્ધ જોવા વાદળો હટાવી ડોકીયું કર્યું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

યુદ્ધમાં કોઈ વાર ભીલપતિ ફાવી જાય છે, તો કોઈ વાર અગડદત્ત. અગડદત્તે ઘણા પ્રયત્નો કર્યા પણ ભીલપતિ જરા પણ મચક આપતો નથી. હવે અગડદત્તને રાજનીતિને અનુસરવું વધુ યોગ્ય લાગ્યું. તેને નીતિશાસ્ત્રનો પાઠ યાદ આવ્યો. ''સમર્થ શત્રુને માયા અને શસ્ત્રથી મારવો જોઈએ.'' મનમાં એક અદ્‌ભુત યોજના સ્ફુરી મદનમંજરીને ઈશારો કર્યો. મદનમંજરી તરત જ સમજી ગઈ. અને સોળે શણગાર સજી રથની આગળ આવીને બેસી ગઈ.

મોટા-મોટા યોગીઓ પણ સુંદરીઓના રૂપમાં ભાન ભૂલે તો આ ભિલ્લોના સરદારની તો શું હેસિયત? મદનમંજરીનું રૂપ જોતાં જ ભીલપતિ ક્ષણવાર મુગ્ધ બની ગયો. તકનો લાભ લઈ અગડદત્તે તીક્ષ્ણ બાણથી ભીલપતિના મર્મ સ્થાનને વીંધી નાખ્યું. ભીલપતિ ભૂમિ પર પડ્યો. પણ મરતાં-મરતાં પણ તેની મર્દાનગી ગર્જી.

મને જીત્યાનો ઘમંડ નહીં કરતો. તારા બાણના પ્રહાર પહેલા જ કામ-બાણથી હું મરી જ ચૂક્યો હતો, તે તો મરેલાને માર્યો છે.'

આટલું બોલતાની સાથે જ તેના હોઠ હંમેશા માટે બંધ થઈ ગયા.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અગડદત્તે પોતાનો વિજયવાવટો ફરકાવી ચારે બાજુ નજર નાખી, ક્યાંય પોતાના એકાદ પણ સૈનિકની ભાળ ન મળી. આથી એકલો જ મદનમંજરીની સાથે રથ લઈને એ જ માર્ગે આગળ ચાલ્યો...

આગળ વધતા રસ્તામાં એક રમણીય ગોકુલ જોયું. ઘણી અટવી પાર કર્યા પછી ગોકુલને જોતાં મદનમંજરીને આશા બંધાઈ.

'સ્વામીનાથ! અહીં થોડી વસતિ લાગે છે. આપણને શંખપુરની સાચી દિશા અહીં જાણવા મળી જશે.'

'પ્રિયે! તું ચિંતા ઘણી કરે છે.' અગડદત્ત સહેજ હસીને બોલ્યો.

વાર્તાલાપ આગળ વધે એ પહેલા જ ગોકુળમાંથી બે માણસો બહાર આવ્યા. અગડદત્તને જોઈ તેના રથ નજીક આવ્યા. અગડદત્તે રથ ઊભો રાખ્યો, તે બન્નેએ પ્રણામ કરી અગડદત્તને કહ્યું.

'હે નરોત્તમ! આપ કોણ છો? કઈ બાજુ જાવ છો?'

'મારું નામ અગડદત્ત છે, હું શંખપુર જવા નીકળ્યો છું.'

'ઓહ! તો તો અમારી ચિંતા ટળી.'

'શાથી?' આશ્ચર્યપૂર્વક અગડદત્તે પૂછ્યું.

'અમને પણ શંખપુર જવાની ઈચ્છા છે. સારા સંગાથની જ શોધમાં હતા.'

'વાત તમારી સાચી, પણ તમને સ્તાનો ખ્યાલ છે ખરો?'

'હા! રસ્તા તો બે છે.'

'બે?'

'હા'

'આગળ જમણો અને ડાબો એમ બે માર્ગ પડે છે. ડાબો માર્ગ ટૂંકો છે. પણ ખૂબ ઉપદ્રવોથી ભરેલો છે. જમણો માર્ગ લાંબો છે. પરંતુ કોઈ પણ જાતનો ભય નથી માટે શ્રેષ્ઠ તો એ જ છે.'

'અરે! ઉપદ્રવોથી ડરવાનું વળી કેવું?' અગડદત્તે નીડરતાથી કહ્યું.

'આગળ ભયંકર અટવી આવે છે. તેમાં વાઘ-સિંહ જેવા જંગલી પશુઓનો તો ભય ખરો જ પણ બીજા પણ મોટા ચાર વિઘ્નો છે.'

'કયા ચાર વિઘ્નો?'

'જંગલની પહાડીઓમાં એક ચોર વસે છે. આ માર્ગે જે નીકળે તેની સાથે ભળી જાય,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જાતજાતના વેશ ધારણ કરીને બધાને છેતરે. આજ સુધીમાં આ રીતે કેટલાયને લુંટી લીધા છે.'

'ચિંતા ન કરો, એને તો હું પહોંચી વળીશ.'

'પણ એ બહુ ચકોર છે. આજ સુધીમાં કેટલાય ખેરખાંઓને શીશામાં ઉતાર્યા છે.'

'મારામાં ફાવી નહીં શકે, તમે બીજા વિઘ્નોની વાત કરો.'

'આગળ વધતાં એક મત્ત હાથી છે. માણસોને જોતા જ સામે ધસી આવે છે. અને બધાને સૂંઢમાં પકડીને ફેંકે છે. એક વિકરાળ વાઘ છે એ વાઘ મનુષ્યભક્ષી છે અને એક દ્રષ્ટિવિષ સર્પ પણ છે. એની દ્રષ્ટિ જેના પર પડે એ જીવ ખોઈ બેસે.'

'આમાં ક્યાંય ગભરાવા જેવું છે જ નહીં' અગડદત્તે નિર્ભયતા બતાવી. ઉપદ્રવપૂર્ણ અટવીની ભયાનકતા બતાવવા છતાંય અગડદત્તની નિર્ભયતા જોઈ તે બન્ને મુગ્ધ બની ગયા. અગડદત્તે તો પોતાનો મક્કમનિર્ણય કહી દીધો.

'જંગલમાં જંગલી પશુઓ ન હોય તો બીજું શું હોય? હું આફતોથી હારનારો નથી, આફતોને મારનારો છું.'

અગડદત્તનો મર્દાનગી ભર્યો જવાબ સાંભળી બન્ને ને વિશ્વાસ બેસી ગયો 'ખરેખર! આ નવયુવાન સાથે જવામાં જ સલામતી છે'.

અમુક બીજા પણ યાત્રિકોએ આ સાર્થમાં જોડાવું પસંદ કર્યું. થોડે આગળ જતાં રસ્તામાં દૂરથી એક ભગવા વસ્ત્રધારી સાધુ એક હાથમાં કમંડલ ને બીજા હાથમાં માળા લઈને આવતો દેખાયો. એના લાંબા લાંબા હાથ, કોડી જેવી મોટી આંખો, કાળીને ભરચક દાઢી, મોટી જટા વગેરે જોઈને લોકોને તો 'જંગલમાં મંગલ થયા'નો આનંદ થયો. જ્યારે અગડદત્તને તો આ સાધુ અવિશ્વાસનું ધામ લાગ્યો.

સાધુએ લોકોને પૂછ્યું.

'મહાનુભાવો! ક્યાં જવા નીકળ્યા છો?'

'શંખપુર બાપુ!' સાર્થમાંથી એકે જવાબ આપ્યો.

'શું વાત કરો છો? મારે પણ તીર્થના દર્શનાર્થે શંખપુર જવાની ઈચ્છા છે'

'ખુશીથી સાથે પધારો પ્રભુ!' બધાએ એક સાથે જવાબ આપ્યો.

એક માણસને થોડે દૂર લઈ જઈ સાધુએ કાંઈક ગપસપ કરી આથી અગડદત્તની શંકા મજબૂત બની. પેલા માણસને અગડદત્તે પોતાની પાસે બોલાવ્યો.

'સાધુ શું કહે છે?'

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'અરે! વાતમાં કાંઈ માલ નથી, એ સાધુને ડર લાગે છે.'

'સાધુને શેનો ડર?'

'આપણે રાત્રિએ આવી અટવીમાં પડાવ નાખવાના છીએ માટે ડરે છે.'

'એમાં ડરવાનું શું?'

'સાધુ પાસે જોખમ છે.' વેપારી હસ્યો.

'જોખમ?'

'હા, એમની પાસે થોડા સોનૈયા છે. કોઈ ભગતે ધૂપ-દીપ કરવા આપ્યા છે.'

'ઠીક છે, તમે સાધુને શું કહ્યું?'

'મેં કહ્યું, બાપુ! આટલા જોખમથી શું કરો છો? અમારી પાસે તો પાંચસો-પાંચસો સોનૈયા છે. અમને કશો ડર નથી ને તમે ડરો છો? આટલું કહ્યું એટલે બાવાજીને કાંઈક શાંતિ થઈ હોય એમ લાગ્યું.'

સાધુની વાતમાં અગડદત્તને સચ્ચાઈના અંશ માત્ર પણ દર્શન થયા નહીં પણ ઢોંગ તો સ્પષ્ટ રીતે ઉકેલાયો.

માર્ગમાં સાધુ લોકોને કથા કરે છે. ભજનો સંભળાવે છે. ને લોકોને પ્રવાસનો થાક ભૂલાવી દે છે.

અટવી ગહન હતી. ક્યાંય વચ્ચે રોકાઈ શકાય એવી વ્યવસ્થા જ ન હતી, માત્ર ચાલ્યા કરવાનું હતું. આખો દિવસ ચાલી ચાલીને બધા થાકી ગયા હતા. ત્યાં જ લાગ જોઈ સાધુ એ પ્રસ્તાવ મૂક્યો.

'મહાનુભાવો! આ અટવીમાં થોડે દૂર એક મજાનું ગોકુળ છે મેં આ વખતે ત્યાં ચાર મહિના ધૂણી ધખાવી હતી. ત્યાં બધા ગોવાળીયા મારા ભગત છે. મારી ઈચ્છા છે કે તમે થોડો સમય અહીં રોકાવ તો એમની પાસેથી દૂધ-દહીં લઈ આવું ને તમારો આતિથ્ય સત્કાર કરું.'

આમેય આખો દા'ડો ચાલીને પગ લથડીયા ખાતા હતા. હવે ના કહેવાનો અવકાશ જ નહોતો.

બધાની સંમતિ મળતા સાધુ તો હરખાતો હરખાતો ઝડપભેર આગળ નીકળી ગયો. બધા થોડે આગળ ચાલ્યાં ત્યાં સાધુ દૂરથી દૂધ-દહીંના માટલા ભરીને આવતો દેખાયો. લોકોના મોંમા પાણી છૂટ્યું. અગડદત્તને પણ પ્રપંચ બરોબર ગોઠવાયાની ખાતરી થઈ ગઈ તેણે સાથે આવેલા માણસોને કહ્યું.

'આ આતિથ્ય સત્કાર લેવા જેવો નથી.'

'હેં?.. શું?'..

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'સાધુને અટવીમાં પ્રવેશ કરતાંય ભય લાગતો હતો. અને અટવીમાં વચ્ચે એના ગોપ ભક્તો ક્યાંથી? મને આમાં પ્રપંચ થતો લાગે છે.'

'અરે, હોય કાંઈ? તમે તો શંકાશીલ માનસવાળા છો.' 'સાધુપુરુષ વળી પ્રપંચ શા માટે કરે?' એકે સાધુ પરનો આંધળો વિશ્વાસ રજૂ કર્યો.

એટલીવારમાં તો સાધુ નજીક આવી પહોંચ્યો. સાધુએ બધાને આમંત્ર્યા. બધાએ સાધુનું ભાવભર્યું આતિથ્ય માણ્યું. સાધુએ તો બધાને આગ્રહ કરી કરીને પીરસ્યું, અગડદત્તે છેલ્લો પ્રયત્ન કરવા આંખના ઈશારાઓ પણ કર્યા. પરંતુ દુર્વિનીત શિષ્ય ગુરુની આજ્ઞા ન માને તેમ અગડદત્તની આજ્ઞાનું બધાએ ઉલ્લંઘન કર્યું. અગડદત્ત જમવા ન આવવાથી સાધુને ચિંતા થઈ. અગડદત્ત પાસે આવી દીનવદને બોલ્યો.

'દિકરા! તારે ખાવું નથી.'

'ના બાપુ! મને ઈચ્છા નથી.'

'થોડું ભોજન કરી લે દિકરા! પંથ લાંબો છે.'

'માફ કરજો, મને જતિનો આહાર નહીં લેવાનો નિયમ છે.'

'થોડો પ્રસાદ તો લઈ લે.'

'મેં કહ્યું ને? મને ઈચ્છા નથી.' અગડદત્તે થોડો રોફભેર જવાબ વાળ્યો.

સાધુ પણ ક્યા છોડે એવો હતો?

'તને ખબર નહીં હોય, પ્રસાદનો અનાદર કરનારની શી દશા થાય છે?'

'પ્રસાદનો સ્વીકાર કરનારની શી દશા થાય છે? એની જ પ્રતીક્ષામાં છું' અગડદત્તે મરકતા કહ્યું.

સાધુની આંખ ફરી ગઈ.

બન્ને એકબીજાને પામી ગયા.

જતા જતા સાધુ બોલ્યો 'તારું ભલું ઈચ્છતો હોય તો આગળ પ્રયાણ કરી દેજે.'

આ બાજુ યાત્રિકોની આંખો ઘેરાવા લાગી. એક વૃક્ષ નીચે આરામ કરવા બધાય સૂતા, સૂતા એ સૂતા હવે ઉઠવાના જ નહોતા, સાધુએ બધાનો માલ લૂંટવાની શરૂઆત કરી.

તુરત જ અગડદત્તે ધનુષ્યટંકાર કરી વીરહાંક કરી.

'અરે ઓ કાયર! નરાધમ! દુષ્ટ! કપટ કરીને બધાને તે છેતર્યા. પણ હવે ભગવાનને યાદ કરી લે'... 'તારા પાપોનો આજે હિસાબ ચૂકતે કરવાનો છે.'

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ સાંભળતા જ સાધુએ અટ્ટહાસ્ય કર્યું.

'વાહ ભડવીર...! તું ઓળખે છે હું કોણ છું?'

'હું આ અટવીનો મહાચોર દુર્યોધન! મારા નામમાત્રથી ભલભલા ભડવીરો માયકાંગલા બની થરથરી ઉઠે છે. તું ભલે મારી માયાજાળમાં ન ફસાયો પણ, મારી આ લોહીતરસી તલવારથી આજે તને તારા ભગવાન પણ બચાવી નહીં શકે.'

તલવાર કાઢી અગડદત્તને મારવા જેવી ઉગામી કે તરત અગડદત્તે સીફતાઈથી તેનો ઘા ચૂકવી દીધો અને વિજળીવેગે પોતાની તલવારથી ચોરના મર્મ સ્થાન પર તીક્ષ્ણ પ્રહાર કરી દીધો. ચોર તો એ જ સમયે જમીન પર ઢળી પડ્યો.

મરતા મરતા અગડદત્તને કહ્યું.

'હે નરવીર! ખરેખર તું ક્ષત્રિય શિરદાર છે. મને મારી જિંદગીમાં તારા સિવાય કોઈ છેતરી શક્યું નથી. તે મને પરાસ્ત કર્યો છે. છતાંય હું તારી વીરતા પર ખુશ છું. આ પર્વતના પશ્ચિમ પ્રદેશમાં બે નદીઓના મધ્યભાગમાં એક શિલા છે. તેની નીચે ભોયરું છે. ત્યાં મારી અઢળક સંપત્તિ છે મારી પત્ની જયશ્રી પણ ત્યાં જ રહે છે. મારી એ તમામ સંપત્તિ અને પત્ની તને આપું છું, તું ભોગવજે, મારી આ તલવાર મારી પત્નીને આપીશ તો એ તારો સ્વીકાર કરશે તું તેની સાથે સુખેથી રહેજે અને મને અગ્નિદાહ આપજે.'

આટલું કહી ચોર મૃત્યુ પામ્યો. અગડદત્તે તેના મૃતદેહનો અગ્નિ સંસ્કાર કર્યો. અને ચોરે કહેલા સ્થાને પહોંચ્યો. મદનમંજરી પણ સાથે આવી. શિલા ઉઘાડી બન્નેએ ભોંયરામાં પ્રવેશ કર્યો. સામે જ દુર્યોધનની પત્ની જયશ્રી ઊભી હતી. જયશ્રી એટલી રૂપવાન હતી કે જાણે સ્વર્ગલોકની અપ્સરા જ જોઈ લ્યો. અગડદત્ત તેના રૂપમાં મોહાઈ ગયો.

અગડદત્તને પોતે સ્વર્ગમાં આવી ગયાનો ભ્રમ થયો. જયશ્રી સામે જોયા જ કર્યું.

મદનમંજરીને અગડદત્તના મનને કળતા વાર ન લાગી, તેને ખેદ થયો. મદનમંજરીએ સકોપ અગડદત્તને હાથથી હડસેલો માર્યો.

'તમને કાંઈ શરમ-બરમ છે કે નહીં?' મદનમંજરી ગરમ થઈ.

'ચોરની બહેનમાંથી કાંઈ બોધપાઠ નથી મળ્યો? તે આજે ચોરની પત્નીમાં મોહાયા છો.'

'મેં તમારા પ્રેમમાં પાગલ બની મારા માતા-પિતા-સ્વજનો-ઘર બધું જ છોડ્યું, અરે! ગામ પણ છોડીને તમારી સાથે જંગલમાં ભટકું છું. અને તમે મારા નિઃસ્વાર્થ પ્રેમને ભૂલી બીજી સ્ત્રીમાં લોભાણા છો?'

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મદનમંજરીના ઠપકાથી અગડદત્તની કામનિદ્રા ઉડી ગઈ અને શાન ઠેકાણે આવી, શરમથી મોં નીચું કરી ચૂપચાપ ભોંયરામાંથી બહાર નીકળી ગયો. બન્ને રથમાં બેઠા.

રથ આગળ ચાલ્યો, વનની વનરાઈ નીરખતા નીરખતા અને કાંઈક અવનવી વાતો કરતા કરતા થોડે આગળ પહોંચ્યા. કેટલાક યોજનનો પંથ કાપ્યા પછી એક સરોવર પાસે અગડદત્તે રથના ઘોડા છોડ્યા. ઘોડાઓને સ્નાન કરાવી અગડદત્ત અને મદનમંજરીએ પણ સ્નાન કર્યું. પ્રવાસનો થાક હોવા છતાં અગડદત્ત મદનમંજરીના રૂપ દર્શનના આનંદથી થાક ઉતારતો હતો.

એટલામાં દૂર દૂર ક્યાંક 'મડ મડ' અવાજ થતો સંભળાયો. અગડદત્ત પામી ગયો કે 'નક્કી ઝાડની ડાળીઓ ભાંગતો હાથી આવી રહ્યો છે'.

ત્યાં જ હાથીની તીણી ચીસ સંભળાઈ. મદનમંજરી ગભરાઈને અગડદત્તને વળગી પડી. અગડદત્તે તુરત આશ્વાસિત કરી.

'સુંદરી! હું છું ત્યાં સુધી તારો વાળ પણ વાંકો કરનાર જનમશે નહીં.'

હાથીને દૂરથી મોટા-મોટા વૃક્ષો ઉખાડીને ફેંકતો ને દોડતો પોતાની તરફ જ આવતો જોયો.

હાથી અને અગડદત્ત વચ્ચે હવે ઝાઝું અંતર ન્હોતુ, હાથી એવો ધસમસતો આવતો હતો જાણે સાક્ષાત્ કાળ સામો ધસતો હોય, મનુષ્યને જોઈ જંગલી હાથીએ ભૂમિ પર જઘનો ગોઠવી ત્રાટકવાની પૂરી તૈયારી કરી લીધી. અગડદત્તે પણ ધનુષ્ય પર બાણ ચડાવી તેના કુંભસ્થળનું નિશાન લઈને છોડ્યું. અત્યંત શીઘ્રતાથી એક પછી એક ત્રણ બાણ હાથીના કુંભ સ્થળમાં ખૂંપી ગયા. હાથી ચીસો પાડતો માર્ગ મૂકી ભાગી ગયો.

જમ જેવા જંગલી હાથીને દૂરથી દોડતો આવતો જોયો ત્યારથી મદનમંજરીએ તો આંખ બંધ જ કરી દીધેલી, હાથીના ગયા પછી અગડદત્તે તેને ઢમઢોળી, ત્યારે તેણે પૂછ્યું.

'હાથી?'

'એ તો ક્યાંય ભાગી ગયો, હવે પાછો નહીં આવે!'

ફરી રથ આગળ ચાલ્યો, થોડે આગળ જતાં જ ઝાડીમા વાઘની ઘરઘરાટી સંભળાઈ. મદનમંજરી શિયાળાની ટાઢ ચડી હોય તેમ થર-થર કંપવા લાગી.

કુમારે વાઘને મારવા તુરત એક યોજના બનાવી.

રથ પરથી નીચે ઉતરી માત્ર તલવાર હાથમાં લઈ વાઘની સામે ગયો. વાઘે પોતાનું ભક્ષ્ય જોઈ પોતાનું વિકરાળ મુખ ખોલી ત્રાડ પાડી, છલાંગ મારી અગડદત્ત પર હુમલો કરવા ગયો કે તુરત જ અગડદત્તે ઉત્તરીય વસ્ત્ર ડાબા હાથ પર વીંટાળી વાઘના મુખમાં હાથ નાખ્યો અને અત્યંત સ્ફૂર્તિથી જમણા હાથથી તલવારનો તેની ગરદન પર એવો ઘા કર્યો કે એ જ પળે તેના રામ રમી ગયા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



મદનમંજરી પતિના અજોડ પરાક્રમને આંખ ફાડીને જોતી જ રહી. અગડદત્ત પાછો રથમાં આવ્યો ત્યારે મદનમંજરીએ તેના ઓવારણા લીધા.

'ખરેખર! તમારા જેવો પરાક્રમી તો આ દુનિયામાં જનમ્યો પણ નહીં હોય.'

આટલું ગદ્ગદ્ સ્વરે બોલી મદનમંજરી અગડદત્તને ભેટી પડી, અગડદત્તે માત્ર સ્હેજ સ્મિત આપ્યું અને રથને આગળ હંકાર્યો.

થોડું આગળ વધ્યા ત્યાં જાણે લુહારની ધમણ ચાલતી હોય એવો અવાજ સંભળાયો. આસપાસના વૃક્ષો તરફ દષ્ટિપાત કર્યો. બધા જ વૃક્ષો કાળામસ થઈ ગયા હતા. અગડદત્ત સમજી ગયો કે નક્કી દ્રષ્ટિવિષ સર્પ નજીકમાં જ છે.'

દૂરથી કાળો ડિબાંગ, લાંબો અને મોટી ફેણવાળો સર્પ દેખાયો.

'સર્પ દષ્ટિવિષ છે, જેને જુવે તેને ખાખ કરી નાખે.' એ બધું મદનમંજરીએ સાંભળ્યું જ હતું. એણે તો અગડદત્તને રથને વાળવા અને બીજો કોઈ રસ્તો લેવા સમજાવવા માંડ્યું. પણ આ તો અગડદત્ત સાહસ અને શૌર્ય એનું બીજું નામ!

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મદનમંજરીના અનેક ઉપાલંભો અવગણી અગડદત્તે કલાચાર્ય પાસે શીખેલ વિદ્યાનું સ્મરણ કરી સાપની ગતિનું સ્થંભન કર્યું અને તુરંત બીજી વિદ્યાનો પ્રયોગ કરી દ્રષ્ટિનું સ્થંભન કરી સાપને ખૂબ રમાડ્યો અને અંતે છોડી દીધો.

અત્યાર સુધી પતિને શૌર્યવંત જ જાણ્યા હતા 'એ વિદ્યાવંત પણ છે' એ જાણી મદનમંજરી અગડદત્ત પર ઓવારી જ ગઈ.

અટવીનો ભયંકર માર્ગ હવે પૂરો થવામાં હતો, આમ પણ જે વિઘ્નોની વાત જાણવામાં આવી હતી એ વિઘ્નો પણ પસાર થઈ ચૂક્યા હતા એટલે અગડદત્તે રથને એવો તો દોડાવ્યો જાણે રથ હવામાં ઉડવા લાગ્યો હોય.

થોડા જ સમયમાં જંગલ પાર કરી અગડદત્ત મુખ્યમાર્ગે ચડ્યો, છૂટુ પડેલું સૈન્ય છાવણી નાખીને ત્યાં જ રહ્યું હતું, અગડદત્તને ઘણા સમય પછી હેમખેમ આવેલો જોઈ સૌના આનંદનો પાર ન રહ્યો, બધા અગડદત્તના રથને ઘેરી વળ્યા.

'સ્વામિન્! આપ કુશલ તો છો ને?' એકે પૂછ્યું.

'મને તો ક્ષેમ-કુશલ છે, તમે અહીં કઈ રીતે પહોંચ્યા?'

'કુમાર! જે રાત્રે ભીલોનો હુમલો થયો, ત્યારે પરિસ્થિતિ ગંભીર જણાતા અમે થોડા સૈનિકો રાજકુમારી કમલસેનાને લઈ દૂર નાસી ગયા હતા. બીજા બધા નાસતા-ભાગતા ભેગા થઈ ગયા. આપની ખૂબ પ્રતીક્ષા કરી પણ આપની ભાળ ન મળતા અમે 'આપ નીકળી ગયા હશો!' એમ માની આગળ નીકળ્યા પરંતુ ક્યાંય આપનો ભેટો ન થયો. અહીં બે માર્ગો મળતા હતા. કોઈની પાસેથી જાણવા મળ્યું કે 'આ બન્ને રસ્તા વારાણસીના જ છે. અને અહીંથી શંખપુર બહુ દૂર નથી.' તેથી અમને આશા બંધાઈ કે આપનું મિલન અહીં થવું શક્ય છે. અને આમ પણ આપના વિના નગરમાં પ્રવેશવું ઉચિત તો ન જ કહેવાય, માટે અમે અહીં જ પડાવ નાખી આપની રાહ જોતા રહ્યા છીએ.

બધાએ એ દિવસે પ્રીતિપૂર્વક ભોજનાદિ કર્યું અને એક દૂત મોકલી શંખપુરના મહારાજાને પુત્ર આવ્યાની જાણ કરી.

અગડદત્તનું આગમન સાંભળી સમગ્ર રાજપરિવાર હર્ષથી નાચી ઉઠ્યો. મહારાજા તરત મહારાણી સુલસા પાસે દોડી ગયા.

'મહારાણી...'

'શું છે આજે? આટલો બધો આનંદ છે શાને!'

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'અરે! શું કહું, તું સાંભળીશ ને નાચી ઉઠીશ.'

'પ્રાણનાથ! પુત્રનો જે દિનથી વિયોગ થયો ત્યારથી મારા માટે દુનિયાની એક ચીજ એવી નથી રહી જે મને આનંદદાયક બને.'

'પ્રિયે! હવે બધું જ તને આનંદ આપનારું બનશે, વર્ષોથી કરેલ તારી પ્રતીક્ષાયાત્રા આજે વિરામ પામી રહી છે.'

'એટલે? શું મારો પુત્ર!'...

'હા, મહારાણી હા..'

'જલ્દી કહો, ક્યાં છે મારો લાલ? હું હમણાં જ તેને મળવા નીકળું.'

'મહારાણી! આમ અધીરા ન બનો, તમારો લાડકવાયો પ્રાણ આધાર તમારી પાસે જ આવે છે. આવતી કાલે એનો નગરપ્રવેશ આપણે ધામધૂમથી ઉજવશું.'

આ સાંભળીને મહારાણીના હૈયામાં ઉમટેલો આનંદનો સાગર આંખોથી છલકાયો.

મહારાણીને આનંદની વધામણી આપી રાજા અગડદત્તના નગરપ્રવેશની તૈયારીમાં લાગી ગયા.

આખાય નગરની નાનામાં નાની ગલીઓ સાફ કરાવી સુગંધી જલ છંટકાવ્યા. ઘરે ઘરે તોરણો બંધાવ્યા, દિવડાઓ પ્રગટાવ્યા, રંગોળીઓ પુરાવાઈ, ફૂલોનો શણગાર તો અત્યંત મનમોહક બની ગયો, રાજાએ ગામના કુશળ ગવૈયાઓ, નૃત્યકારો, કથાકારો, હાસ્યકારો, વિદૂષકો બધાને પોતાની આગવી કળાનું પ્રદર્શન કરવા પ્રોત્સાહિત કર્યા, જગ્યાએ જગ્યાએ દુંદુભિઓ, શરણાઈ, ઢોલ, ભેરી, ભુંગલ, વીણા, સિતાર વગેરે અનેક જાતના વાંજિત્રોનો મધુર ધ્વનિ રેલાયો.

નગરમાં ઠેકઠેકાણે અગડદત્તના આગમનની જ ચર્ચા ચાલે છે. 'આટલો સમય અગડદત્ત ક્યાં હતો?' એ જાણવાની જ સૌને ઉત્કંઠા હતી.

બીજા દિવસે સવારે રાજા સહિત સમગ્ર નગર અગડદત્તને આવકારવા પ્રવેશ દ્વાર પર આવી ઊભું. પ્રત્યેક વ્યક્તિના મુખ પર અગડદત્તનું મુખ જોવાની ઉત્કંઠા ઉભરાઈ આવતી હતી.

દૂરથી અગડદત્તને આવતો જોયો ને નગરજનોએ જયનાદથી આકાશ ગજવી દીધું. જેમ-જેમ અગડદત્તનો રથ અને સૈન્ય નજીક આવતું ગયું. તેમ-તેમ લોકોના જયકારનો નાદ વધતો ગયો. અગડદત્તને સૈન્યસહિત રથમાં આવતો જોઈ સૌના આશ્ચર્યનો પાર ન રહ્યો. જોત-જોતામાં રથ એકદમ નજીક આવી પહોંચ્યો. પિતાને જોતા જ અગડદત્ત રથમાંથી ઉતર્યો, સીધો જ ચરણોમાં નમ્યો, મહારાજા તુરત જ હાથ પકડી પુત્રને ઊભો કરીને ભેટી જ પડ્યા. હૈયે હૈયું ભીડીને બન્ને ક્ષણવાર આંસુની દુનિયામાં ખોવાઈ ગયા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ત્યારબાદ પિતાએ અગડદત્તને સુવર્ણ આભૂષણોથી શણગારેલા ગજરાજ પર બેસાડ્યો. છત્ર ધરાયું ને ચામરો વીંઝાયા. બન્ને પત્નીઓ આજુ-બાજુ બેઠી અને પ્રવેશયાત્રા શરૂ થઈ. અનેક વાજિંત્રો વાગવા લાગ્યા. મસ્તક પર કળશ ધારણ કરી નગરની સૌભાગ્યવંતી સ્ત્રીઓ સામી આવી. નગરનારીઓ અગડદત્તને ડગલે-ડગલે થાળ ભરી ભરી અક્ષતથી વધાવે છે. તો કેટલીક ગોરીઓ ગોખે બેસી અગડદત્તના રૂપને જોયા કરે છે. અને મદનમંજરી તથા કમલસેનાના રૂપ અને ભાગ્યની ઈર્ષ્યા કરે છે.

અનેક પ્રકારના ઠાઠપૂર્વક આ સામૈયું રાજદ્વારે આવી પહોંચ્યું. સૌભાગ્યવંતી સ્ત્રીઓએ મોતી અને અક્ષતથી અગડદત્તને વધાવ્યો.

અગડદત્તની આંખ વિરહાનલમાં બળતી માતાની શોધમાં હતી, ત્યાં જ માતાના દર્શન થયા. પિતા, મંત્રી, નગરશેઠ વગેરે બધાથી વીંટળાયેલા અગડદત્તે તરત દોટ મૂકી. માતાના ચરણોમાં પડ્યો. અને ચરણોનું આંસુઓથી પ્રક્ષાલન કર્યું. તો માતાએ પણ આનંદઅશ્રુના મોતીથી પુત્રને વધાવ્યો. બન્ને વહુઓએ સાસુ-સસરાના આશીર્વાદ લીધા.

ઘણા વર્ષો પછી આજે સમગ્ર રાજમહેલ ઉત્સવ ભર્યો બન્યો. રસોઈયાએ પણ અનેરા ઉંમગથી વિવિધ જાતના ભોજન, મિષ્ટાન્ન પકવાન બનાવ્યા.

સમય થતાં રાજા સહિત સમગ્ર પરિવાર ભોજન માટે બેઠો એક એકથી ચડીયાતી વાનગીઓ પીરસાઈ. અગડદત્તને માતાએ આગ્રહ કરી-કરીને પ્રેમથી જમાડ્યો. માતાનો પ્રેમ જોઈ અગડદત્તના નયનો ફરીવાર ભીના થઈ ગયા.

ભોજન બાદ રાજાએ અગડદત્તને પૂછ્યું.

'વત્સ! આટલો સમય તું ક્યાં હતો?'

'અરે! મારો લાલ હજુ તો આવ્યો જ છે. તેને આરામ તો કરવા દો.' માતાની મમતાએ મહારાજાને ઉત્તર વાળ્યો.

અગડદત્તે બન્નેની ભાવનાને સમાવી લેવા કહ્યું.

'આવતી કાલે રાજસભામાં જ એ વાત કરીશું.'

સુલસારાણીને ચીડવવા મહારાજાએ મજાક કરી.

'ના, ના મારે તો હમણાં જ સાંભળવું છે.'

મહારાજા આટલું બોલ્યા ત્યાં તો બધા હસી પડ્યા. આમ આનંદ-પ્રમોદમાં આખો દિવસ વ્યતીત થયો. કેટલાય લોકો અગડદત્તને ભેટણું ધરવા આવ્યા તો જૂના મિત્રો-પરિચિતો મળવા આવ્યા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બીજા દિવસે સવારે રાજસભા ભરાઈ. અગડદત્તના આટલા સમયનો વૃત્તાંત જાણવા નગરજનોમાં પણ ભારે ઉત્કંઠા હતી. આજે વિશાળ સભાગૃહને હજારોની ઉપસ્થિતિએ નાનો બનાવી દીધો હતો.

મહારાજાના સિંહાસનની બાજુમાં જ અગડદત્તનું સિંહાસન ગોઠવાયું. મંત્રીએ વિનંતી કરી.

'મહારાજ! આજે સમગ્ર રાજપરીવાર, રાજદરબાર અગડદત્તનો ગુપ્ત વૃતાન્ત જાણવા આતુર છે. લોકોની જિજ્ઞાસા તૃપ્ત કરવા કૃપા કરો'.

'જરૂર મંત્રીશ્વર,' કહી મહારાજાએ અગડદત્તની સામે નજર કરી.

અગડદત્તે નગર છોડીને વારાણસી પહોંચ્યા પછી જે જે રોમાચંક પ્રસંગો બન્યા. તે તે કહેવાના શરૂ કર્યા.

હાથીની વાત સાંભળતા સૌના જીવ અદ્ધર થઈ ગયા. તો ચોરોની વાત આવતા લોકોને એવો રસ પડ્યો કે જાણે બધા પોતે જ વારાણસીના વનમાં પહોંચી ગયા હોય ને અગડદત્તના સાહસને જોઈ રહ્યા હોય, વીરમતીનો પ્રસંગ સાંભળી અગડદત્તની ચતુરાઈ પર સૌ ઓવારી ગયા. અટવીમાં ભિલ્લોના અચાનક થયેલા ભયંકર હુમલામાં તો લોકોએ 'અગડદત્ત ભાગી છૂટ્યો હશે.' એવી કલ્પના પણ કરી લીધી પણ આખો પ્રસંગ સાંભળી અગડદત્તની રાજનીતિ પર સૌ મુગ્ધ બની ગયા. ત્યાર પછી બાવો બનીને આવેલા ચોર પર શરૂઆતમાં તો પેલા સાર્થના લોકોની જેમ જ બધાને વિશ્વાસ બેસી ગયો. પણ તેની સાચી હકીકત જાણી ત્યારે સૌએ તેને ફીટકાર્યો અને અગડદત્તની વીરતાને સત્કારી. હાથી, વાઘ અને સર્પની ભયંકરતામાં સૌ મદનમંજરીની જેમ જ ભયભીત બની ગયા હતા. પરંતુ, અગડદત્તનું તે સમયનું પણ પરાક્રમ સાંભળી નગરજનો આશ્ચર્યચકિત બની ગયા.

સઘળો વૃત્તાંત એવો તો રોમાંચક અને દિલચસ્પ હતો કે બે પ્રહર ક્યાં વીતી ગયા? તેનું ભાન પણ કોઈને ન રહ્યું.

મહારાજ, મહામંત્રી, નગરશેઠ, પુરોહિત વગેરે અને સમગ્ર સભાજનો વિસ્ફારિત નેત્રે ને એક કાને અગડદત્તની આખીય કથની સાંભળી રહ્યા, બધાના મુખમાંથી એક જ શબ્દ સરી પડ્યો.

'અદ્ભુત... અદ્ભુત...'

આખા નગરમાં લોકોના મુખમાં એક જ નામ સંભળાય છે. 'અગડદત્ત...'

ચારે બાજુ અગડદત્તની કીર્તિ ફેલાઈ.

મહારાજાને પોતાનો વારસદાર મળી ગયાનો આનંદ હતો તો મહારાણીને પણ લાડકવાયો મળવાથી હરખનો પાર ન હતો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બન્ને વહુઓ સાસુ-સસરા આદિ બધા વડીલોનો ખૂબ વિનય કરતી, ગુણીયલ વહુઓ જોઈને સુલસા માતા ગર્વ કરતી.

'જોઈ, આ મારી વહુઓ? દુનિયામાં જોટો નહીં જોડે.

અગડદત્ત સુખેથી દિવસો પસાર કરે છે. ક્યારેક વનમાં તો ક્યારેક વાવડીઓમાં પત્નીઓ સાથે યથેચ્છ ક્રીડા કરવા જાય છે.

એક દિવસ,

નરનારીઓને અનંગરાજનું આજ્ઞાપાલન કરવા વિવશ બનાવતી, સમગ્ર પ્રકૃતિને નવયુવાન બનાવતી, ભ્રમરોને મત્ત બનાવી ઝંકારના મીઠા ગુંજન કરાવતી, કોયલના કંઠમાંથી મીઠો કલરવ ઉત્પન્ન કરતી, નારીઓના ધૈર્યને લુંટી જનારી, મલય પર્વતના મીઠા અને શીતલ પવનને પૃથ્વી પર પ્રસરાવતી, વસંતઋતુએ નગરના ઉદ્યાનમાં આવીને છાવણી નાખી, ત્યારે વનપાલકે આવીને મહારાજાને વધામણી આપી.

'રાજન! વધામણી છે.'

'શેની?'

'આગમનની.'

'કોનું આગમન?'

'જન-મનને આનંદદાયી વસંતઋતુનું! ઉદ્યાનમાં સર્વ વૃક્ષો નવપલ્લવિત થયા છે ને નવનીત પુષ્પોની સુરભિ દશે દિશામાં રેલાઈ રહી છે.'

મહારાજાએ વનપાલકનો ઉચિત સત્કાર કર્યો અને નગરમાં ઘોષણા કરાવી. 'આવતી કાલે નગરની બહાર ઉદ્યાનમાં વસંત ઉત્સવ મંડાવાનો છે. સમગ્ર નગરજનોએ મહારાજાની સાથે ઉત્સવમાં જોડાઈ જવું.'

બીજે દિવસે રાજા પોતાના સમસ્ત પરીજન સહિત ઉદ્યાનમાં ગયા. રાજકુમાર અગડદત્ત પણ પોતાની બન્ને પ્રિયાઓ અને મિત્રવૃંદ તથા દાસીજનો સાથે ઉદ્યાનમાં પહોંચ્યો...

ઉદ્યાન પાસેના સરોવરમાં જલક્રીડા કરી, પુષ્પગુચ્છો એક બીજાને મારી આનંદ માણ્યો. વિવિધ હાસ્ય વિનોદ કર્યા. અનેક ક્રીડાઓ કરી આખોય દિવસ આનંદ ઉલ્લાસથી પસાર કર્યો.

આભમાં સંધ્યાના સોનેરી રંગો પથરાયા, ધીરે-ધીરે સંધ્યા પોતાની લાલીમાં સંતાડવા લાગી. અને નગરજનો પણ સ્વગૃહે પાછા ફરવા લાગ્યા. માત્ર અગડદત્ત મદનમંજરી સાથે ઉદ્યાનમાં જ રહ્યો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'પ્રિયે! જગત કેટલું સુંદર છે ને?'

'મારા માટે તો આપના જેવું કોઈ સુંદર નથી.'

'હું પણ એ જ માનું છું, વિશ્વની સર્વ શ્રેષ્ઠ સુંદરતા મારી પાસે છે.'

બન્ને હાથમાં હાથ પરોવી ઉદ્યાનમાં ફરી રહ્યા છે.

ત્યાં જ અચાનક મદનમંજરીના મુખમાંથી તીણી ચીસ નીકળી ગઈ.

'આ.........'

રાડ પાડતી મદનમંજરી ભૂમિ પર પડવા લાગી ત્યાં જ અગડદત્તે બન્ને હાથથી તેને પકડીને પોતાના ખોળામાં માથુ મૂકી તેને સુવડાવી.

'શું થયું?'

તીવ્ર વેદનામાં મદનમંજરીના અક્ષરો તૂટી પડ્યા.

'સ...ર્પ... ડસ્યો... હોય... એવું... લાગે... છે...'

'હે વિધાતા! તે આ શું કર્યું?'

અગડદત્તે તો પ્રિયાના ચરણે જોયું તો લોહીની ધારા વહી રહી છે... પોતાનું ઉત્તરીય ફાડી દંશ પર પાટો બાધ્યો પણ, થોડીવારમાં તો શરીર લીલું થવા માંડ્યું!

ધીરે ધીરે ચેતના પણ ઘટવા લાગી...

'પ્રિયે! આ અચાનક શું થઈ ગયું?...

પરંતુ, ચિંતા કરીશ નહીં... હું હમણાં જ કાંઈક ઉપાય કરું છું'.

એટલું કહી અગડદત્ત મદનમંજરીને તે સ્થાને મૂકી આખાય ઉદ્યાનમાં ફરી વળ્યો. કદાચ વિષહર ઔષધિ કે કોઈ માનવ મળી જાય! ઔષધિઓની થોડી ઘણી ઓળખ ઉપાધ્યાય પાસેથી મેળવેલી પરંતુ કોઈ ઔષધિ હાથમાં ન આવી. આ હાલતમાં મદનમંજરીને એકલી છોડી નગરમાં જવા મન માનતુ નથી અને બીજું કોઈ પણ દેખાતું નથી.

'હવે શું કરું?' ના વિચારમાં અગડદત્ત હાંફળો-ફાંફળો થઈ ગયો.

ઉદ્યાનમાં બે વાર આંટા મારી ફરી મદનમંજરી પાસે આવ્યો. અને જોયું તો પ્રિયા સાવ નિશ્ચેતન થઈ ગઈ હતી. આખું શરીર લીલુછમ થઈ ગયું હતું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અચાનક અગડદત્તને કલાચાર્ય પાસે શીખેલી વિદ્યા યાદ આવી, અગડદત્તને મનમાં આશા બંધાઈ. 'શીખેલી વિદ્યા અવસરે કામ ન આવે તો ક્યારે આવશે?'

તરત વિદ્યાનું સ્મરણ કર્યું'. મંત્રજાપ શરૂ કર્યો, પણ આ શું? જાપની કોઈ અસર જ દેખાઈ નહીં, અગડદત્તના મનમાં ધ્રાસકો પડ્યો, ફરીવાર જાપ કર્યો. પણ કોઈ પરિણામ નહીં બેવાર-ત્રણવાર- ચારવાર પણ બધા જ પ્રયત્નો નિષ્ફળ...

અગડદત્ત અંદરથી સાવ તૂટી ગયો. મદનમંજરીના શરીર પર માથુ નાખી કરૂણ સ્વરે વિલાપ કરવા લાગ્યો.

'પ્રિયે! મને એકલો છોડી તું ક્યાં ચાલી ગઈ?'

'તુજ મારો પ્રાણ છે, તારા વિના મારું જીવન શક્ય જ નથી.'

અગડદત્તે મદનમંજરીને ખોળામાં લીધી. 'જલ્દી પાછી આવી જા! નહીં તો તારો પ્રાણ પ્યારો તારા વિના મરી જશે. તારા વિના સંપત્તિના ઢગલાને હું શું કરું? તારા વિના તો ભોજન પણ વિષ બની જશે'...

'મનમોહિની! તારા વિના ભોગ વિલાસો વીંછીના ડંખની જેમ પીડા આપશે.'

અગડદત્ત બોલતો જાય છે ને જોર જોરથી પોક મૂકી રડતો જાય છે. 'ચંદ્રવદના!... રોજ રોજ કોનું મુખ જોઈ હું હૃદયને પ્રફુલ્લિત કરીશ?'

'તું બોલે ને મુખમાંથી જાણે ફુલડા ખરે! શું તું એકવાર પણ બોલીને તારા હૃદયેશ્વરને ખુશ નહીં કર?'

'બોલ સુંદરી, બોલ... પ્રિયા! બોલને, કેમ નથી બોલતી?...'

અગડદત્તનો આક્રંદ ભલભલા ભડવીરોના ય હૃદયને પીગળાવી દે એવો કરુણ હતો.

'ઓ મારા નિષ્ઠુર હૃદય!... તું હજુ કેમ ધબકે છે?'

'ખરેખર પ્રિયાનો વિયોગ તો આગથી ય વધુ દાહક હોય છે. માટે મારે જીવવાનો કોઈ અર્થ નથી.'

મારે મદનમંજરીની સાથે જ આગમાં બળી મરવું વધુ યોગ્ય છે, આખી જિંદગી પ્રાણપ્રિયાના વિયોગમાં રીબાઈ-રીબાઈને કાઢવા કરતાં ચિતામાં સાથે જ બળી મરવું જ શ્રેષ્ઠ છે.'

'પત્નીના વિયોગની દાહકતામાં બળી રહેલા મને અગ્નિ તો શીતલ લાગશે!'

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અગડદત્તે મદનમંજરીને ખોળામાંથી નીચે મૂકી, ઊભો થઈ ઉદ્યાનમાં લાકડા લેવા ગયો. ચારે બાજુ ફરીને જેટલા મળે તેટલા લાકડા ભેગા કરી ચિત્તા બનાવી. મદનમંજરીને ઉપર સુવાડી ફરી ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો. અગડદત્તને આશ્વાસિત કરનાર કે સમજાવનાર ક્યાં કોઈ હતું?

પોતે પણ ચિતા પર બેઠો.

અગડદત્તે શમીવૃક્ષના લાકડા ઘસી અગ્નિ પેટાવ્યો. અને જ્યાં ચિત્તાને આગ દેવા જાય છે ત્યાં જ..

'ઓ યુવાન!.............'

'ઊભો રહી જા!..........'

દૂરથી કોઈનો અવાજ સંભળાયો, અગડદત્તે દીનવદને ચારે બાજુ નજર ફેરવી પણ કોઈ દેખાયુ નહીં પણ ફરીથી

'એક ક્ષણ ઊભો રહે, હું આવું જ છું.'

અવાજ સ્પષ્ટ સંભળાયો, અવાજની દિશામાં નજર ફેરવી તો ત્યાં કોઈ ન દેખાયું પણ ક્ષણવારમાં જ આકાશમાંથી વિદ્યાધર યુગલ ઉતર્યું.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બન્યું'તું એવું કે કોઈ વિદ્યાધરયુગલ વિમાનમાં બેસી આકાશમાર્ગે ત્યાંથી પસાર થઈ રહ્યું હતું. વિદ્યાધરને તેની પત્નીએ પૂછ્યું.

'સ્વામીનાથ! નીચે કોઈ પુરુષના આક્રંદનો અવાજ સંભળાય છે.

'હા મૃગલોચના! કોઈ રાજકુમાર તેની પત્નીના વિરહમાં વિલાપ કરે છે.'

'શું તેની પત્નીનું અપહરણ થયું છે?'

'ના, એવું નથી.'

'તો?'

'તેને ઝેરી સર્પે ડંખ માર્યો છે.'

'આપ તો વિદ્યાના ભંડાર છો, તેનું વિષ ઉતારી ન શકો?'

'તારી વાત સાચી છે. મારી જેમ એ પણ પોતાની પ્રિયામાં પાગલ તો હોય જ ને?'

'સ્વામી! બીજી વાત છોડી જલ્દી વિમાન પાછુ વાળો નહીં તો એ મરી જશે.' અને તુરત જ વિમાન પાછુ વાળી બન્ને ઉદ્યાનમાં આવ્યા.

વિદ્યાધરે કુમારને ઠપકો આપ્યો. 'યુવાન! આ વયમાં જીવનને આ રીતે સમાપ્ત કરી દેવું યોગ્ય છે?'

'તમને ક્યાં ખબર છે? મારું દુઃખ...'

'ગમે તેવા દુઃખો આવે, પ્રાણ હોય તો તેનો પણ ઉપાય થાય.'

'પણ એ તો કહો કે પ્રિયા વિનાના પ્રાણ ટકે શી રીતે?

હું મારી પ્રિયા વિના જીવી નહીં શકું!'... એટલું કહીને અગડદત્ત ફરી આક્રંદ કરવા લાગ્યો.

વિદ્યાધરે કુમારને આશ્વાસિત કરી, પાણીમાં પોતાની આંગળી રાખી પાણીને મંત્રિત કર્યું. એ મંત્રિત જલનો મદનમંજરી પર છંટકાવ કરી મદનમંજરીને કહ્યું.

'કેમ સુતી છે?' 'ઉઠ!'... અને ચમત્કાર સર્જાયો મદનમંજરી જાણે ઊંઘમાંથી ઊઠી હોય તેમ આળસ મરડી બેઠી થઈ. વિદ્યાધરયુગલને જોઈ આશ્ચર્ય પામી, અગડદત્તને પૂછ્યું.

'કોણ છે આ લોકો?'

'મને લાકડા પર કેમ સુવાડી છે?'

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અગડદત્તે બનેલી બધી હકીકત મદનમંજરીને જણાવી અને મદનમંજરી તથા અગડદત્ત બન્ને વિદ્યાધરને પગે પડ્યા. તરત વિદ્યાધરે હાથ પકડી ઊભા કર્યા અને કહ્યું.

'આ તો મારી ફરજ છે. શીખેલી વિદ્યાઓ કોઈને ઉપકારક બને એનાથી મોટું વિદ્યાનું ફળ બીજું કયું હોઈ શકે?'

'અને મેં તો ક્યાં કાંઈ કર્યું છે? આ પ્રભાવ તો વિદ્યાનો છે.'

વિદ્યાધરના વચનોમાં નિખાલસતા નીખરી આવતી હતી. ત્યાર પછી વિદ્યાધર દંપતીએ વિદાય લીધી. કુમારે પણ 'અડધી રાત તો વીતી ગઈ હોવાથી હમણાં નગરમાં જવું ઉચિત નથી.' એમ વિચારી ઉદ્યાનમાં એક જીર્ણ મંદિર હતું. ત્યાં રાત્રે સૂઈ રહેવાનું નક્કી કર્યું. મદનમંજરીને લઈ ત્યાં પહોંચ્યો. મદનમંજરીએ 'પોતાને ઠંડી લાગે છે' એવું જણાવ્યું. એટલે અગડદત્તે કહ્યું.

'તું નિશ્ચિંત બની અહીં આરામ કર, હું હમણાં જ ઉદ્યાનમાંથી અગ્નિ લઈ આવું છું'.

'સ્વામી! બહુ વાર નહીં લગાડતા, મને એકલા બહુ ડર લાગે છે'.

'ભલે, હું જલ્દી આવી જઈશ. બસ!'

આટલું કહી અગડદત્ત જીર્ણ મંદિરમાંથી નીકળ્યો.

મદનમંજરી પણ તેના આગમનની પ્રતીક્ષામાં બેસી રહી.

થોડે જ દૂર જતાં અગડદત્તને શમીવૃક્ષ મળી ગયું. તેમાંથી લાકડા લઈ અગ્નિ પ્રગટાવી. પાછા વળીને મંદિર તરફ આવતો હતો ત્યારે એણે મંદિરમાં પ્રકાશ જોયો.

અગડદત્તને આશ્ચર્ય થયું. આવીને મદનમંજરીને પૂછ્યું.

'આ દેવલ તો જીર્ણ છે. કોઈ દીવા પણ કરતું નથી. છતાં મને પ્રકાશ દેખાયો, આવા મંદિરમાં પ્રકાશ કેવી રીતે થયો હશે?'

'તમારા હાથમાં અગ્નિ હતો ને?'

'હા.'

'તો બસ.'

'અરે! બસ શું? મને કાંઈ સમજાયું નહી.'

'તમારા હાથમાં રહેલા અગ્નિનો જ એ પ્રકાશ હશે! આ દેવ મંદિરનો વર્ણ શ્વેત છે. એટલે એવું લાગે છે અને બીજું રાત ઘણી વીતી છે. અને નિદ્રાનો સમય પણ થઈ ગયો છે. માટે જ આવો ભ્રમ થયો હશે!'

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અગડદત્તે તાપણું કરવા લાકડા બરોબર ગોઠવ્યા. મદનમંજરીને તલવાર આપી અને પોતે ઘુંટણ જમીન પર ગોઠવી અગ્નિ પ્રજ્વલિત કરવા નીચા નમીને ફૂંક મારી ત્યાં જ તલવાર ભૂમિ પર પડી. એકદમ ચોંકી જઈને અગડદત્ત ઊભો થઈ ગયો. મદનમંજરીને સકોપ પૂછ્યું.

'શું થયું? તલવાર મ્યાનમાંથી નીકળીને નીચે કેમ પડી ગઈ?'

'એમાં આટલા ગુસ્સે શું થાવ છો?'

વજનદાર તલવાર શક્તિનો વિચાર કર્યા વગર મને પકડાવી દીધી, મારાથી બે હાથેય ઉપડી નહીં એમાં મારો વાંક?' મદનમંજરીએ પોતાની સુકુમારતા દર્શાવી.

'એક બાજુ ઠંડીથી મારા હાથ ધ્રુજે અને બીજી બાજુ થાકથી શરીર કળે, પછી તલવાર મ્યાનમાંથી નીકળીને પડી ન જાય તો બીજું શું થાય?'

અગડદત્તે પણ થાક અને ઊંઘની પરિસ્થિતિ પામી જઈ વધુ ચર્ચા ન કરી અને અગ્નિ પેટાવ્યો. ત્યારબાદ બન્નેએ નિદ્રાના શરણે જઈ બધો શ્રમ ઠાલવી દીધો.

બીજા દિવસે સવારે રથમાં બેસી બન્ને નગરમાં પહોંચ્યા. મહારાણીએ આખી રાત પુત્રની ચિંતામાં જ પસાર કરી હતી. સવારે અગડદત્તને જોયો ને કાંઈક શાંતિ થઈ. અગડદત્તે પણ માતાને તથા પિતાને પ્રણામ કર્યા.

'વત્સ! રાત્રિ સુખપૂર્વક પસાર થઈ?'

'હા પિતાજી! આમ તો સુખપૂર્વક જ પસાર થઈ.'

'આમ તો, એટલે?'

પિતાએ સાશ્ચર્ય પૂછ્યું.

'એક વિઘ્ન આવી પડેલું.'

આ સાંભળતા જ મહારાજા કાંઈ બોલે એ પહેલા મહારાણી બોલી ઊઠી.

'વિઘ્ન?... શું થયું પુત્ર? ક્ષેમ-કુશળ તો છે ને?'

'મારી પુત્રવધૂને તો કાંઈ તકલીફ થઈ નથી ને?

માતાના મુખ પર ચિંતાની લાગણીઓ ઉપસી આવી.

'હા, માતાજી! આપની વિનીત ને માનીતી પુત્રવધૂને જ આપત્તિ આવી હતી.'

'કેવી આપત્તિ?'

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'અગડદત્ત! કાંઈક સમજાય એવી તો વાત કર' પિતાએ કહ્યું.

અને અગડદત્તે રાતની બનેલી શોકપૂર્ણ અને પછીથી ચમત્કારપૂર્ણ ઘટના કહી.

મહારાજા અને મહારાણી અવાચક બની સાંભળતા જ રહી ગયા. મહારાણીએ કુળદેવીઓનો ને પરમાત્માનો આભાર માન્યો.

અગડદત્ત પણ નવી જિંદગી મળ્યાના આનંદમાં નવા જ ઉમંગ અને ઉત્સાહથી જીવન જીવવા લાગ્યો.

મહારાજાને પણ ફરીથી આવું ન બને એની ચિંતા થવાથી કાયમ અગડદત્તની સાથે ને સાથે જ રહે એવા સુભટોની ગોઠવણ કરી દીધી.

માતા-પિતા પોતાની ઉપર આટલો બધો પ્રેમ રાખે છે. એ હકીકતથી અગડદત્તમાં માતા-પિતા પ્રતિનો બહુમાનભાવ અત્યંત વૃદ્ધિ પામ્યો. માતાના ચરણ પ્રક્ષાલનમાં જ એને પવિત્ર તીર્થજલના દર્શન થાય છે. તો પિતાની આજ્ઞા શિરોધાર્ય કરવા એ હંમેશા તત્પર રહે છે. તેના માટે પિતાની આજ્ઞા સૌથી વધૂ મુલ્યવાન બની ચૂકી હતી.

એક વખત રાજસભામાં રાજકાજની વિવિધ વાતો ચાલી રહી હતી. પ્રતિહારે સભામાં પ્રવેશ કરી રાજાને પ્રણામ કર્યા.

'મહારાજાનો જય હો! વિજય હો!'

'કેમ આવવું થયું?'

'મહારાજ! ઉત્તરાપથથી મહાઋદ્ધિમાન એવો ઘોડાઓનો મોટો સોદાગર આવ્યો છે. આપની કૃપા દૃષ્ટિ ઝંખે છે.'

'ભલે! એને પ્રવેશ આપો.'

મહારાજાની આજ્ઞા મળતા પ્રતિહાર બહાર જઈ તે વેપારીને રાજા સમક્ષ લઈ આવ્યો, વેપારીએ ભેટણું ધરી રાજાને વિનંતિ કરી.

'રાજન્! અનેક દેશોમાં પરિભ્રમણ કરતો કરતો હું અહીં આવ્યો છું. અશ્વોને સારી શિક્ષા આપી તૈયાર કરવા અને જાતિવંત અશ્વો ખરીદવા તથા વેચવા એ મારો મુખ્ય વ્યાપાર છે.'

'આપ કૃપા કરો તો આ નગરમાં પણ હું વ્યાપારાર્થે રોકાઈ શકુ'

'ખુશીથી રોકાઓ વણિગ્વર!.' 'પરંતુ એ તો બતાવો તમારી પાસે હમણાં અશ્વો કેવા છે?'

'રાજન્! આપ જાતે જ પધારો તો મોટો ઉપકાર થશે.'

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અગડદત્તને અશ્વ ખેલાવવાની ઈચ્છા થઈ, તેણે પિતાજીની સામે જોયું. પિતાએ પણ અગડદત્તની આંખમાંથી તેની ઈચ્છા વાંચી લીધી, અને અગડદત્તને અશ્વોનું નિરીક્ષણ કરવા અનુજ્ઞા આપી.

અગડદત્ત પણ ખુશ થઈ પેલા વેપારી સાથે નીકળ્યો.

અનેક દેશોના, વિવિધ વર્ણના, વિવિધ જાતિના અશ્વોનું નિરીક્ષણ કરતા કરતા એક વિશિષ્ટ અશ્વ અગડદત્તની નજરમાં આવી ગયો.

એ અશ્વના શરીર પર સ્નિગ્ધ અને સુક્ષ્મ રુંવાટી હતી, એની કંધરા વક્ર અને ઉન્નત હતી. પીઠ ભાગ સુવિસ્તૃત અને સ્થૂલ હતો. મધ્યભાગ પાતળો અને મુખ અતિ માંસલ હતું. તેનો વર્ણ શ્વેત હતો. જોતાં જ ચિત્ત હરી લે તેવો એ ઘોડો હતો.

અગડદત્તને અશ્વ પર સવારી કરવાનું મન થઈ ગયું. વેપારીએ પલાણ બરાબર ગોઠવી. અગડદત્તે નજીકમાં એક-બે ચક્કર લગાવ્યા અશ્વની ગતિ વગેરે એટલું સરસ હતું કે અશ્વ પરથી ઉતરવાનું મન જ ન થાય.

અગડદત્તે ત્રીજુ ચક્કર લગાવ્યું ત્યારે આ ઘોડો જરા બીજા રસ્તા તરફ ચાલ્યો એટલે અગડદત્તે તેને વાળવા લગામ ખેંચી. જેવી લગામ ખેંચી કે ઘોડાએ ગતિ વધારી. અગડદત્તના સાથીઓએ 'અગડદત્ત મોટુ ચક્કર લગાવવા જતો હશે' એવી કલ્પના કરી, અમુક ઘોડેસવારો સાથ આપવા પાછળ ગયા.

આ બાજુ અગડદત્તે પણ ઘોડાને ઊભો રાખવા લગામ જોરથી ખેંચી અને ઘોડો તો પવનની જેમ ઊડવા જ લાગ્યો.

અન્ય ઘોડેસવારો એ ઘોડાની આટલી બધી ગતિ જોઈ ગભરાયા 'નક્કી આ ઘોડો વક્રશિક્ષિત હશે' 'રાજકુમારને ક્યાંય દૂર લઈ જશે' આપણે જલ્દી ભેગા થઈ રાજકુમારનો બચાવ કરવો જ પડશે.' એકે સલાહ આપી.

બધા ઘોડેસવાર અગડદત્તની પાછળ પોતાના ઘોડાઓને તીવ્રવેગે દોડાવ્યા. પણ પેલા ઘોડાની ગતિ એટલી તે તીવ્ર હતી કે ક્ષણવારમાં તો અગડદત્ત દ્રષ્ટિ ગોચર થતો પણ બંધ થઈ ગયો, કેટલાક તો થાકીને પાછા વળ્યા. અને કેટલાકે ઘોડાના પગલાને અનુસરી આગળ વધવા પ્રયત્ન કર્યો.

આ બાજુ અગડદત્તે પેલા અશ્વને ઊભો રાખવા ઘણી મથામણ કરી. પણ પરિણામ નિષ્ફળ, ગામથી યોજનો દૂર પોતે પહોંચી ગયો છે. એ ખ્યાલ તો આવી જ ગયો પણ અટવીમાં પોતે માત્ર એકલો જ છે. એ વાસ્તવિકતા પણ નજર સમક્ષ આવી ગઈ.

મધ્યાહ્નનો સમય થઈ ગયો. હવે ઘોડાને કોઈ રીતે રોકી શકાય તેવી સ્થિતિ નથી. એવી પરિસ્થિતિ જણાઈ આવતા કુમારે વિચાર્યુ-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'હમણા મારે એક કામ તો કરવું જ જોઈએ. ઘોડાને છોડી કૂદકો મારી વૃક્ષની ડાળ પકડી લેવી જોઈએ.'

આવો વિચાર કરી અગડદત્તે લગામ મૂકી કૂદવાની તૈયારી કરી પણ આશ્ચર્ય સર્જાયુ. લગામ છોડતાની સાથે જ ઘોડો ત્યાં જ ઊભો રહી ગયો.

હવે અગડદત્તને સમજાયું. 'ખરેખર! આ ઘોડો વક્રશિક્ષિત જ છે. મારે એની શિક્ષા પહેલા જાણી. પછી સવારી કરવી જોઈએ. મારી આ એક ભૂલથી બન્ને દુઃખી થયા.'

પણ, હવે તો પસ્તાવાનો કોઈ મતલબ નહોતો પોતે નગરથી એટલો દૂર અને અગમ્ય સ્થળે પહોંચી ચૂક્યો હતો કે ત્યાંથી પાછા ફરી નગર સુધી પહોંચવુ જાણકાર વિના તો શક્ય જ લાગતું ન હતું.

ઘોડા પરથી નીચે ઉતરી ઘોડાને પલાણમુક્ત કર્યો. અને પોતે નજીકમાં 'કોઈ સરોવર મળી જાય તો તરસ છીપાવી શકાય.' એમ વિચારી સરોવરની તપાસ કરવા નીકળ્યો.

વનમાં ફરતાં ફરતાં એણે એક ઊત્તુંગ શિખરીય જિનાલય જોયું દૂરથી પણ એ ખૂબ જ રમણીય દેખાતું હતું. અગડદત્તના મનમાં આનંદ જન્મ્યો. તરત એ જિનમંદિર તરફ પગ ઉપાડ્યા. મંદિરની નજીક પહોંચ્યો ને એની તો આંખો પહોળી થઈ ગઈ 'કેવું ભવ્ય જિનમંદિર! રજત, સુવર્ણ ને રત્નોથી મઢેલું ને ઝીણી ઝીણી કોતરણીથી મનને મોહી લે તેવું'.

દેરાસરમાં પ્રવેશતાં તો અગડદત્તના નેત્રો મીચાંવાનું જ ભૂલી ગયા, આખોય સંસાર ભૂલાવી દે એવી અને જગતમાં જોડી ન જડે એવી અલૌકિક, અનુપમ અને અદ્ભુત આદિનાથ દાદાની પ્રાચીન પ્રતિમા શોભી રહી હતી.

અગડદત્તનો બધો જ થાક પરમાત્માના દર્શનસ્નાનથી ઉતરી ગયો. અગડદત્તે ખૂબ ભાવ વિભોર બની પ્રભુ પાસે હૃદય ખુલુ મૂકી દીધું.

પોતાની ભોગલંપટતાની નિંદા અને પ્રભુના ભોગત્યાગની સ્તુતિઓ ગાઈ, પ્રભુ પાસે હાથ જોડી અંતરથી પ્રાર્થના કરી.

'હે પરમાત્મન્! હે તારણહાર! હે પરમપદદાયક! ભોગ સુખોમાં કીડાની જેમ ખદબદતા મને તું ઉગાર! બચાવ! તે બતાવેલા પંથ પર ચાલવાનું મારામાં સામર્થ્ય પ્રગટાવ મારા નાથ!...

હે જ્યોતિર્મય! અનંત શક્તિના ભંડાર! તારી ભક્તિ પણ કેવી શક્તિ ધરાવે? તું લોકના અગ્રભાગ પર જઈ વસ્યો છે. છતાં ય છેક ત્યાંથી ખેંચીને તને મારા હૃદયમાં લાવી દે છે. ખરેખર પ્રભુ! આ ભક્તિ આપીને તો તે અમારા પર બહુ મોટો ઉપકાર કર્યો છે.'

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આવી તો અનેક પ્રાર્થનાઓ ગદ્ગદ્ કંઠે કરીને તેણે ખૂબ હળવાશની અનુભૂતિ કરી. અગડદત્ત થોડીવારે જિનાલયમાંથી બહાર આવ્યો.

અને સામું જોયું તો કોઈ મુનિવર દેશના આપતા હતા!

'અરે! આજે તો મારા જીવનનો શ્રેષ્ઠ દિવસ છે. ખરેખર! મારા ભાગ્યના દ્વાર તો આજે ખૂલી જ ગયા છે. પરમ શાંતિદાયક પ્રભુના દર્શન થયા તો ભવોદધિતારક મુનિના પણ દર્શન થયા.'

અગડદત્ત ભાવપૂર્ણ હૃદયે મુનિની નજીક પહોંચ્યો. આ મુનિ સાહસગતિ નામના ચારણ શ્રમણ હતા. તેમની વૈરાગ્યસભર દેશના ચાલી રહી હતી. અગડદત્ત પણ વંદન કરી દેશના સાંભળવા બેઠો.

મુનિએ દેશનામાં જબરદસ્ત વૈરાગ્યરસ પીરસ્યો. દેશના પૂરી થતાં દેશના સાંભળવા બેઠેલા પાંચ યુવાનોએ વિનંતી કરી.

'હે ક્ષમાશ્રમણ! આ સંસારથી અમે પાંચેય વિરક્ત થયા છીએ. અમારા પર કૃપા કરો, અમને તારો, ભવોદધિતારિણી દિક્ષા આપો.'



ભર યુવાન વયે સંસારનો ત્યાગ કરવાનું સામર્થ્ય ધરાવતાં પાંચેયને જોઈ અગડદત્તના આશ્ચર્યનો પાર ન રહ્યો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'મુનિવર! આવું અદ્ભુત રૂપ અને આવી યુવાન વય હોવા છતાં ય આ પાંચ-પાંચ આત્માઓ કેમ સંસાર છોડવા તૈયાર થયા છે?'

'આ પાંચેય યુવાનો કોણ છે?'

'શું હું એઓના વૈરાગ્યનું કારણ જાણી શકું?'

અગડદત્તે મનમાં ઉઠેલા બધા પ્રશ્નો એક સાથે પૂછી લીધા.

'પુન્યવાન્! તું જરૂર જાણી શકે.

'તો ભગવાન્! મારા પર કૃપા કરો! અનુગ્રહ કરો! મને એ જાણવાની ઈચ્છા છે.'

'ધ્યાન દઈને સાંભળ' કહી મુનિએ પાંચેય મુમુક્ષુની કથા માંડી.

'એક ગહન અને ભયંકર અટવીમાં ચમરી નામની ચોરોની પલ્લી હતી. તે ચોરોનો ધરણીધર નામનો પલ્લીપતિ હતો. તેના સિંહ સમા પરાક્રમી અને શુરવીર પાંચ ભાઈઓ હતા. જંગલમાંથી પસાર થતાં અનેક સાર્થોને લુંટી પોતાનું જીવન ગુજારતા હતા.

એક દિવસ કોઈ રાજકુમાર સૈન્ય સહિત આ માર્ગે પસાર થઈ રહ્યો હતો. ભીલોએ પોતાના પલ્લીપતિ ધરણીધરને વધામણી આપી.

''સ્વામી! આજે તો મોટો દલ્લો હાથ લાગશે. કોઈ રાજપુત્રે થોડે દૂર જ પોતાની છાવણી નાખી છે.''

''બહાદૂરો! આપણે રાત્રે જ છાપો મારીએ તો કેમ રહેશે?''

''હા... હા... એમ જ કરીએ.'' બધાએ પોતાના સ્વામીની વાત વધાવી.

બરોબર મધ્યરાતે ભીલોએ હુમલો કર્યો. રાજસૈનિકો પણ બલવાન અને યુદ્ધકુશળ નીકળ્યા. યુદ્ધ બહુ ચાલ્યું. અંતે નવી વ્યૂહ રચના ગોઠવીને ભીલોએ ફરીવાર બમણા જોરથી આક્રમણ કર્યું. રાજસૈન્ય ત્રસ્ત થઈ નાસવા લાગ્યું ત્યારે પરિસ્થિતિને પામીને રાજકુમાર રથમાં બેસી યુદ્ધ કરવા આવ્યો. આ રાજપુત્ર ક્ષત્રિયકુળનો નબીરો હતો. યુદ્ધમાં અતિપ્રવીણ અને શ્રેષ્ઠ ધનુર્ધારી હતો. તેણે એકલપંડે આખાય ભીલસૈન્યને હંફાવી દીધું. અનરાધાર વરસતા મેઘની જેમ તેણે બાણો વર્ષાવ્યા, પળવારમાં તો બાજી પલટાઈ ગઈ. ભીલસૈન્યમાં હાહાકાર મચી ગયો, બધા જ રણ છોડી ભાગી ગયા. પોતાના સૈન્યની અવદશા ધરણીધરથી સહન ન થઈ. તે યુદ્ધ કરવા આવ્યો. ધરણીધર પણ પોતાની ધનુર્વિદ્યા અને પોતાના બાહુબળ પર મુસ્તાક હતો. તેણે રાજકુમારની સન્મુખ આવી પોતાની શસ્ત્રકળાનો પરિચય આપવો શરૂ કર્યો. બન્ને સરખા હતા કોઈની જિત કે હાર થતી નહોતી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ત્યારે રાજકુમારે કપટ કર્યું, પોતાની પત્નીને શણગાર સજાવી રથની આગળ બેસાડી. તેના પર જેવુ ધરણીધરનું ધ્યાન ખેંચાયું કે તરત જ રાજકુમારે તેના મર્મસ્થાન પર બાણ મારી દીધું.'

આ રીતે કપટથી મારવાનો વૃત્તાંત વગેરે બધુ જ સાંભળી અગડદત્ત ચમક્યો.

'આ તો મારી જ વાત કરતા લાગે છે. ખેર! જે બન્યું તે પણ હમણાં કાંઈ જ બોલવું નથી.'

મુનિએ તો વાત આગળ વધારી.

રાજકુમાર આ રીતે ધરણીધરને મારી આગળ નીકળી ગયો.

નજીકના ગામોમાં ધાડ પાડવા ગયેલા તેના પાંચભાઈઓ પાછા આવ્યા ત્યારે પોતાના માણસો પાસેથી મોટાભાઈના મૃત્યુના સમાચાર સાંભળ્યા ને દોડતા-દોડતા મોટાભાઈની પાસે આવ્યા પરંતુ તે તો ક્યારના ય મૃત્યુ પામી ચૂક્યા હતા પાંચે ય ભાઈઓએ ખૂબ વિલાપ કર્યો.

અશ્રુભર્યા હૈયે મોટાભાઈનો અગ્નિસંસ્કાર કર્યો. અને પોતાના ભાઈના હત્યારાને મારવાનો સંકલ્પ કર્યો.

પાંચે ય ભાઈઓ રથના ચીલે-ચીલે રાજકુમારને મારવા નીકળ્યા. છેક અટવી પાર કરી ગયા પણ રાજકુમાર હાથમાં ન આવ્યો એટલે ત્યાં લોકોને ''કોઈ રાજપુત્ર આ માર્ગે ગયો છે?' એવી પૂછ-પરછ કરી જાણકારી મેળવી લીધી અને તે રાજકુમારને મારવા તેની નગરીમાં પહોંચ્યા.

તેઓ છુપાવેશે નગરીમાં ફરતા. જ્યારે પણ અવસર મળે ત્યારે વેર વાળી લેવા તૈયાર જ હતા પણ તેની સાથે સૈન્ય વગેરે પરિવાર હોવાથી ઘણો સમય વીતવા છતા કોઈ અવસર જ ન મળ્યો.

એક દિવસ રાજાએ વસંતોત્સવની ઘોષણા કરાવી, પાંચેયને લાગ્યું. ''આ અવસર શ્રેષ્ઠ છે. આખો રાજપરિવાર ઉદ્યાનમાં ક્રીડા કરવા આવશે કોઈ પણ સ્થાને રાજકુમાર એકલો દેખાય એટલે તરત જ મારી નાખવો''. આવી યોજના બનાવી, તે પાંચેય છુપાવેશે કુમારની આસપાસ ફરવા લાગ્યા. આખો દિવસ વીતવા છતાં કોઈ લાગ ન મળ્યો. સાંજે રાજકુમારે પરિવારને ''પોતે પછી આવી જશે'' એમ કહી વિદાય કર્યો. આ જોઈ પાંચેય હરખાયા.

''હાશ! હવે બચ્ચો હાથમાં આવ્યો.''

રાજકુમારને મારવાની જવાબદારી સૌથી નાનાભાઈએ લીધી. બરોબર યોજના ગોઠવાઈ ત્યાં જ તેની પત્નીને સાપ ડસ્યો, સાપ ખૂબ ઝેરી હોવાથી તેની પત્ની ક્ષણવારમાં તો નિશ્ચેતન થઈ ગઈ. તેના વિરહમાં રાજકુમારે ખૂબ વિલાપ કર્યો અને તેના પરના અતિરાગને કારણે તેની સાથે બળી મરવા તૈયાર થયો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ જોઈ પાંચેય ભાઈઓ એ વિચાર્યું ‘‘સારુ થયુ, આપણને કાંઈ જ કરવું નહીં પડે.’’

‘‘સાપ મરી પણ જશે અને લાકડી પણ નહીં તૂટે.’’

રાજકુમાર ચિતા ખડકી તેની પત્નીને તેના પર સુવાડી પોતે પણ તેના પર બેસી આગ દેવા જાય છે. ત્યાં જ તેના પુન્યયોગે કોઈ વિદ્યાધર આવી ચડ્યો અને તેણે રાજકુમારને મરતો અટકાવ્યો. મંત્રિત પાણી છાંટી તેની પત્નીને પણ નિર્વિષ કરી દીધી. પાંચેય ચોરો આ જોઈને ડઘાઈ જ ગયા.

‘‘આ શું થઈ ગયુ? હાથમાં આવેલી બાજી પર પાણી ફરી વળ્યું.’’

રાજકુમાર પોતાની પત્નીને લઈ એક જીર્ણ મંદિરમાં ગયો. પત્નીને ત્યાં રાખી પોતે અગ્નિ લેવા ગયો. પાંચેય ચોરોએ ત્યાં જ યોજના બનાવી. નાના ભાઈને મંદિરમાં અંદર ખૂણામાં દરવાજા પાછળ છુપાવી દીધો. અને બાકીના ચાર મંદિરની બહાર થોડે દૂર ઊભા રહ્યા.

મંદિરમાં છુપાયેલા ચોરને વિચાર આવ્યો.

‘‘રાજકુમારીનું રૂપ કેવું હશે?લાવને જરા જોઉં.’’

આવો વિચાર કરી દીપદાનીમાં છુપાવી રાખેલો દીવો બહાર કાઢ્યો. તેના પ્રકાશમાં રાજકુમારીનું અદ્‌ભુત રૂપ જોઈ ચોર તો મુગ્ધ બની જ ગયો પણ આ તો ગજબ થઈ ગયું.

રાજકુમારની પત્ની પણ ચોરના રૂપમાં મોહાઈ ગઈ, નિર્લજ્જ બનીને. રાજકુમારીએ માંગણી પણ મૂકી દીધી.

‘‘હે નવયુવાન! જુએ છે શું? મારા દેહને કામ પીડે છે. એ પીડા શમાવવા તારું યૌવન જ સમર્થ છે. હું તને વરવા ઉત્સુક બની છું.’’

આ સાંભળી ચોર તો આભો બની ગયો. થોડીવાર વિચાર કરી બોલ્યો.

‘‘હે રૂપસુંદરી! તારી વાત સાચી પણ જરા વિચાર!... પછી શું?... તારો પતિ તો મને જીવતો નહીં છોડે.’’

‘‘હા... હા... એ જીવતો હશે તો ને?’’ પેલી સ્ત્રી હસીને બોલી

‘‘એટલે! શું તું તારા પતિને મારીશ?’’

‘‘હા, જો તું મારી સાથે સંબંધ બાંધવા તૈયાર છે તો હું તેને મારવા પણ તૈયાર છું.’’ ચોર પણ પેલીના રૂપમાં મોહાયો જ હતો. અવસર જોઈને તેણે પણ પ્રસ્તાવ મૂકી દીધો.

‘‘તારા પતિનો કાંટો નીકળી જાય, તો તો કામ થઈ જાય!’’ રાજકુમારને આવતો જોઈને ચોર દરવાજા પાછળ છુપાઈ ગયો. અને ‘‘હવે શું થાય છે?’’ એ જોવા લાગ્યો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

થોડીવારે રાજકુમાર આવ્યો અને પત્નીને દેવલમાં પ્રકાશ બાબત પૂછ્યું. તો તે સ્ત્રીએ ''તમારા હાથમાં રહેલા અગ્નિનો જ સામી ભીંતે પડેલો પ્રકાશ હશે.'' એવું સાવ ખોટું કારણ જણાવી દીધું. અતિ રાગાંધ રાજકુમારે તે વાત સાચી પણ માની લીધી.

ત્યાર પછી તલવાર પત્નીના હાથમાં આપીને રાજકુમાર અગ્નિ પેટાવવા નીચે નમ્યો. ત્યારે લાગ જોઈ સ્ત્રીએ પ્રહાર કરવા તલવાર જેવી ઉગામી કે ચોરના વિચાર બદલાયા... ''ખરેખર! આ સ્ત્રી કેવી નિષ્ઠુર? પોતાની પાછળ મરવા તૈયાર થનાર પતિને પણ મારવા તૈયાર થઈ છે? મારામાં રાગી થઈને આજે પતિને મારે છે. કાલે બીજા કોઈમાં રાગી બનશે તો મને પણ મારી નાખશે. આવી રાક્ષસી મારે ન જોઈએ!... અને આ બિચારો રાજકુમાર!... આવી કુલટા સ્ત્રીના સંગને કારણે આમેય મરેલો જ છે. મરેલાને શું મારવો? મારે આવી રીતે સ્ત્રીના હાથે આને મરવા દેવો ન જોઈએ?'

આવું વિચારીને ચોરે તરત જ એ પાપિણીના હાથને જોરથી ધક્કો મારી તલવાર પાડી દીધી. તલવાર પડતા જ કુમારે પત્નીને આક્રોશથી પૂછ્યું. ત્યારે પેલીએ ફરીથી કપટ કર્યું. ''એ તો તલવારનું વજન પણ ઘણું હતું અને ઠંડીના કારણે મારા હાથ પણ ધ્રુજતા હતા એથી પડી ગઈ.'' આવું બનાવટી કારણ આપીને તેને સમજાવી દીધો.



આ બધુ જોઈ ચોર તરત મંદિરમાંથી બહાર નીકળ્યો. મંદિરમાં સ્ત્રી સાથે બનેલી બધી જ ઘટના પોતાના ભાઈઓને કહી સંભળાવી... બધાના મનમાં એક જ વિચાર ચાલ્યો.

"આવો સંસાર?... આવા સગપણ?... આવી સ્ત્રીઓ?"...

"માત્ર ક્ષણિક વિષય સુખ માટે સંપૂર્ણ રીતે પોતાને આધીન પતિને પણ મારવા તૈયાર થઈ જાય?...

સંસાર કેટલો સ્વાર્થી છે એ તો આજે જ સમજાયું!"...

"ખરેખર! દુનિયામાં સ્ત્રી જેવું ખતરનાક અને કુટીલ પાત્ર ગોત્યું નહીં મળે. જે ભડવીર યુદ્ધના મેદાનમાં સૈનિકો સામે પોલાદી છાતીથી ઝઝુમવા તૈયાર થઈ જાય છે. એ જ ભડવીરની નજર સામે સ્ત્રી રૂપી આગ આવી જાય. ત્યારે એને મીણની જેમ પીગળતા વાર નથી લાગતી."

"સ્ત્રીની તાકાતની કલ્પના પણ કરવી મુશ્કેલ છે. એની કુટીલતા સામે શિયાળ કોઈ વિસાતમાં નથી. તેની ક્રૂરતા આગળ વાઘ લાચાર છે. એની કૃતઘ્નતાની સ્પર્ધામાં સાપ છેલ્લા નંબરે છે. એની ભયંકરતા આગળ જ્વાળામુખી પાણી ભરે છે. અને આક્રોશભરી ત્રાડ સામે સિંહ મોઢામાં તણખલું લઈને ઊભો રહી જાય છે. એની આક્રમકતા સામે પ્રલયકારી વાવાઝોડું હાર સ્વીકારી લે છે."

આમ, નારી સ્વભાવની વિચિત્રતાનું ચિંતન કરતા-કરતા એ લોકોને વિચાર આવ્યો.

"સ્ત્રીચરિત્ર અંગે તો કહીએ તેટલું ઓછુ જ છે. પણ જરા આપણી જિંદગી પર તો નજર કરીએ. આપણે પાપો કરવામાં શું બાકી રાખ્યું છે?"

"આજ સુધી આપણે કેટલા પાપો કર્યા?...

કેટકેટલી ચોરી કરી? કેટ-કેટલી ધાડો પાડી? સાર્થો લૂટ્યા ને તીર્થયાત્રાએ જતા સંઘો ય લૂંટ્યા. અનેકને સ્વજન વિહોણા કર્યા. કોઈની ચૂડીઓ ભાંગી તો કોઈના શિરછત્ર લૂંટી લીધા. આ ધન-દોલતના લોભમાં જ આપણા મોટાભાઈ, પિતા અને દાદાએ પ્રાણ ખોયા."

આ રીતે તેમનું માનસ પોતાના પાપો પર રડી પડ્યું.

"હવે શું કરીશું?...."

નાનાભાઈએ રડતા હૈયે ભાઈઓને પૂછ્યું.

"ભઈલા! ખરેખર મને તો હવે કોઈ રસ્તો દેખાતો નથી." મોટા ભાઈએ જવાબ આપ્યો.

"આપણા પાપોનો હિસાબ માગતા પરમાધામીઓ મને દેખાય છે."

એક ભાઈએ કહ્યું.

"તો આપણને આમાંથી કોઈ ઉગારી નહીં શકે?"

નાના ભાઈની વેદના તીવ્ર બની.

થોડીવાર મૌન છવાઈ ગયું.પછી મોટાભાઈએ સલાહ આપી.

"એક ઉપાય છે."

"કયો?"

"આપણે કોઈ નિર્ગ્રંથ અને ત્યાગી એવા ગુરુનું શરણું લઈ લઈએ"

"હા! આપણા પાપોને ધોવાની તાકાત તો માત્ર એમનામાં જ છે" એકે ઉમેર્યું.

બધાને આ વાત ગમી ગઈ. અને બધા નિર્ણય લઈ ગુરુની શોધમાં નીકળી ગયા. જંગલમાં ફરવાની આમ પણ ટેવ તો હતી જ. ફરતાં-ફરતાં મને મળ્યા. અને પોતાની આંતરવેદના પ્રગટ કરી. મેં પણ એ લોકોને શુદ્ધ ધર્મનો ઉપદેશ આપ્યો. આ સામે ઊભા એ આ જ પાંચ ચોરો આજે ચારિત્ર ધર્મ અંગીકાર કરવા તત્પર બન્યા છે.'

અગડદત્ત મુનિની પાસે પોતાના જ જીવનની રહસ્યમય કથા સાંભળી રહ્યો હતો. પોતે જેની પાછળ ગાંડો-ઘેલો બન્યો હતો. પોતે જેની પાછળ બળી મરવા તૈયાર થયો હતો. જેને પોતાના પ્રાણથી પણ અધિક માનતો હતો એ મદનમંજરીનું દુશ્ચરિત્ર સાંભળી વિચારધારાએ ચડ્યો.

'આ સંસાર કેવો દારૂણ છે! સંસારના સંબંધ કેવા સ્વાર્થથી ખદબદે છે?'

'મેં આજ સુધી એને મારી પ્રાણવલ્લભા માની હતી. એના એક એક સુખની મેં ચિંતા કરી હતી. અરે! એના માટે તો હું મરવા પણ તૈયાર થયો.'

'શું તેને આ વાતની ખબર નહોતી?'

'શું મેં એને પ્રેમ આપવામાં કચાશ રાખી હતી?'

'શું મારા કરતા ચોર વધુ રૂપવાન હતો?'

'ખરેખર! સ્ત્રીઓના ચરિત્રને પારખવામાં તો બ્રહ્માનું પણ કામ નહીં.'

'બુદ્ધિશાળી પુરુષો ગંગામાં રહેલી રેતીનું, સાગરમાં રહેલ જલનું, કે હિમાલયની ઊંચાઈનું પ્રમાણ જાણવામાં હજી કદાચ સફળ થાય પણ સ્ત્રીના હૃદયને જાણવામાં તો તેઓ થાપ જ ખાઈ જાય છે.'

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'દેવ-દાનવ-માનવ બધાને વશ કરનાર પણ સ્ત્રીને વશ નથી કરી શકતો, મનુષ્યની ક્યાં વાત કરવી? દેવોને પણ નખના અગ્ર ભાગથી નચાવી શકવાનું સામાર્થ્ય એનામાં છે. સ્ત્રી તો નામથી 'અબલા' કહેવાય છે. હકીકતમાં એના જેવી સબલા બીજુ કોઈ નહી હોય'.

'આ કામિની તો કેવી? જ્યારે અનુરાગી હોય ત્યારે શેરડી ને સાકર જેવી મીઠી લાગે, પણ જેવી વિરક્ત થઈ પછી તો કડવી લીંબોળી પણ તેની સામે મીઠી લાગે.'

'ભાગ્યનો પાર પામવામાં અચ્છા અચ્છા ખેરખાંઓ જેમ નાસીપાસ થયા છે. તેમ નારીના સામર્થ્યનો તાગ પામવામાં ય અચ્છા અચ્છા પરાક્રમી પુરુષો થાપ ખાઈ ગયા છે.'

'તલવાર થાંભલાને કાપી નાંખવામાં સફળ બનતી હશે. પણ રૂને કાપવાની બાબતમાં તો એને જેમ હાર જ સ્વીકારવી પડતી હોય છે. તેમ યુદ્ધના મેદાનમાં શત્રુદળના સૈનિકોના મસ્તક ઉડાડી દેવામાં શુરવીર પુરુષને કદાચ સફળતા મળતી હશે. પણ, સ્ત્રીના હાવભાવ, કટાક્ષ અને પ્રેમાલાપ સામે અચ્છા અચ્છા મર્દોની મૂછ નીચી થઈને જ રહે છે.'

અગડદત્તના મનમાં વિચારોની એક દીર્ઘ પરંપરા ચાલી, મુનિ ભગવંતે 'પુન્યવાન્! શેના વિચારમાં ખોવાઈ ગયા?' કહ્યું ત્યારે ઝબકીને જાગ્યો અને મુનિ ભગવંતને બે હાથ જોડી ગદ્‌ગદ્ કંઠે કહ્યું.

'હે મુનિવર! આપે જે કથની કહી એ મારી જ છે. આ પાંચેયના ભાઈનો હત્યારો હું જ છું.' આટલુ બોલતા તો અગડદત્ત રડી પડ્યો.

ડુસકા ખાતા ખાતા બોલ્યો.

'સ્ત્રીમાં પાગલ બનનારો મૂરખ હું જ છું. મેં આખી જિંદગી આવી કુલટા સ્ત્રીના સંગે ખોઈ નાખી ભગવન્!'...

અગડદત્તના નયનોએ પશ્ચાતાપની નદી વહેવડાવી. 'કેવો દુર્લભ મનુષ્યભવ મને મળ્યો તો? તુચ્છ અને ક્ષણિક ભોગસુખમાં લપટાઈને હાથમાં આવેલું રત્ન મેં ખોયું...'

'આ પાપીને, ભોગ સુખના કીડાને નરકમાંય સ્થાન નહીં મળે.'

અગડદત્ત રડતો જાય છે ને હૃદયને ખાલી કરતો જાય છે. 'અનુકૂળ પરીવાર, અનુકૂળ શરીર બધી જ અનુકૂળ સામગ્રીઓ મને મળી છતાં ય મેં આ માનવભવ મોજ-મઝામાં વેડફી નાખ્યો.'

પ્રશમરસના સાગર સમા મુનિએ અગડદત્તને મસ્તકે હાથ ફેરવી અગડદત્તને આશ્વાસિત કરતા મધુર વચનો કહ્યા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'રાજપુત્ર! પાપ તો કોનાથી નથી થતા? પાપ કર્યા વિના આ સંસારમાં રહેવું શક્ય જ ક્યાં છે?'

'પણ પ્રભુ! હું તો મહાપાપી છું. હત્યારો છું, કામાંધ છું, આસક્તિનો કીડો છું.'

અગડદત્ત પોતાના જીવનને ફીટકારી રહ્યો.

'શાંત થા વત્સ! તને જો તારા પાપોનો પશ્ચાત્તાપ પ્રગટ્યો જ છે. તો હવે પાપોને સમુળગા નાશ કરવાનો ઉદ્યમ કર.'

'હું તો એ જ આપની પાસે માંગવા તૈયાર થયો છું. હવે સ્વાર્થભર્યા આ સંસારમાં મારાથી એક ક્ષણ પણ રહી શકાય તેમ નથી.'

'આપ મારા જેવા અધમ પર કૃપા કરો, આ પાંચની સાથે હું છઠ્ઠો, મને પણ ભવનિસ્તારીણી દિક્ષા આપો. કૃપા કરો પ્રભુ! કૃપા કરો.'

મુનિએ પણ અગડદત્તના ઉછળતા ભાવો જોઈને દિક્ષા માટે અનુમતિ આપી.

વનમાં અનેક વૃક્ષો, પશુ પક્ષીઓની સાક્ષીએ છએ પુન્યાત્માઓને મુનિએ દિક્ષા આપી.

રાજકુમાર અગડદત્ત હવે મુનિ અગડદત્ત બન્યા.

સંયમ જીવનના સ્વીકાર પછી ગુરુનિશ્રાએ અગડદત્ત મુનિએ ૧૧ અંગ, ૧૨ ઉપાંગ વગેરેનો સાંગોપાંગ અભ્યાસ કર્યો.

અષ્ટ પ્રવચનમાતાના પાલનમાં અગડદત્ત મુનિ સતત ઉપયોગવંત છે, તો બેંતાલીસ દોષ રહિત શુદ્ધ આહારની ગવેષણામાં ઉદ્યત રહે છે. વૈયાવચ્ચ એમનો પ્રાણ છે તો સ્વાધ્યાય એમનો શ્વાસ છે. પોતાના આત્મા પર લાગેલા પાપોનો સર્વથા નાશ એ જ એમના જીવનનું ધ્યેય બની ચૂક્યું છે.

સંયમ જીવનની એક એક ક્રિયા અપ્રમત્તપણે અને ઉછળતા બહુમાનથી કરી રહ્યા છે. તેમના માટે હવે કંચન કે કંકર, તૃણ કે મણિ, શત્રુ કે મિત્ર, વંદક કે નિંદક બધુ જ સમાન થઈ ગયું છે. અરે! એમણે તો '**अविकखा अणाणंदे**' (=અપેક્ષા જ દુઃખ છે) એ સૂત્ર આત્મસાત્ કરી લીધું છે. અગડદત્ત મુનિ ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમાદિ દ્રવ્યતપ અને ઈચ્છાનિરોધ રૂપ શ્રેષ્ઠ ભાવતપથી કર્મોના ગંજના ગંજ ખાખ કરવા લાગ્યા.

દિવસે-દિવસે સંવેગની વૃદ્ધિ કરતા કરતા અંતે અનશન કરી સ્વર્ગે સીધાવ્યા. કાલક્રમે અગડદત્તમુનિ અનેક ભવ્યજીવોને બોધ પમાડી એકાંતિક અને આત્યંતિક શાશ્વત સુખ સંપ્રાપ્ત કરશે...



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૧. સુમતિમુનિ કૃત ચોપાઈબદ્ધ અગડદત્તરાસ

**ચઉપઈ :**

આદિ જિણેસર પ્રણમી પાય, સમરું **સરસત્તિ** સામિણિ માય;
કરજોડીનઈ માગું [1]માન, સેવકનઈ દેજે વરદાન. ૧

તુઝ નામિં હુઈ નિરમલજ્ઞાન, તુઝ નામિઈ વાધઈ સવિ [2]વાન;
તુઝ મુખ સોહઈ પૂનિમચંદ, જાણે જીહ અમીનઉ કંદ. ૨

મૃગલોચના કહઈ સવિશાલ, અધર રંગ જિસ્યા [3]પરિવાલ;
[4]વીણી જાણે જિસિઉ [5]ભૂયંગ, કઠિન પયોહર અતિહિં ઉત્તંગ. ૩

[6]નિલવટિ ટીલી રયણે જડી, મસ્તકિ મન મોહઈ [7]રાખડી;
કાને કુંડલ કરિ બહિરખા, [8]હીઈ હાર સોહઈ નવલખા. ૪

તુઝ તન સોહઇ સવિ સિણગાર, પાય ઘુઘરનઉ ઘમકાર;
હંસગમનિ ચાલઇ ચમકતી, તુ બ્રમ્હાણી તું ભારતી. ૫

તુમ્હ ગુણ કહિતાં ન લહું પાર, સેવકનઇ દેજે આધાર;
સારદ [9]નામિઇ રચઉં પ્રબંધ, સુણયો **અગડદત્ત** સંબંધ. ૬

**સંખપુરી** નગરી કહું કિસી, જાણે [10]સરગપુરી હુઈ જિસી;
જિનમંડિત [11]પોઢા પ્રાસાદ, ઊંચા ગિરિસિઉં માંડઈ વાદ. ૭

વિવહારીયા વસઈ તિહા ઘણાં, રૂધ્ધિતણી નવિ લહીઈ [12]મણા;
[13]ધર્મધ્યાન સામાયિક કરઈ, શ્રાવકના વ્રત સૂધાં ધરઈ. ૮

તિણિ નયરિ **સુરસુંદર** રાય, પાલઈ રાજ [14]નઈ થાપઈ ન્યાય;
તસ પટ્ટરાણી **સુરસુંદરી**, રૂપઈ રંભા કરિ અવતરી. ૯

---

૧. યશ/કીર્તિ. ૨. વસ્તુ. ૩. પ્રવાલ = પરવાળા. ૪. વેણી = ચોટલો. ૫. ભૂજંગ = સર્પ. ૬. ભાલામાં. ૭. માથાનું ઘરેણું, ૮. હેયે. ૯. નમીને. ૧૦. સ્વર્ગપુરી. ૧૧. પ્રૌઢ = મજબૂત. ૧૨. માન, પ્રમાણ. ૧૩. પાઠા. પડીક્કમણઉ. ૧૪. અને.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તસ કૂખિઇ હૂઉં આધાન, જનમિઉ કુંઅર નઇ લાધઉ માન;
દીન [૧]દુસ્તનઈ દીજઈ દાન, **અગડદત્ત** દીધઉં તસ નામ. ૧૦

અનુક્રમિ વાધઈ તેહ જ બાલ, ભણઉ-ગણિઉ હૂઉ [૨]ચઉસાલ;
નગરમાંહિ કુમર સાંચરઈ, [૩]ખૂંટ-ખરડની સંગતિ કરઈ. ૧૧

રમઇ જૂઅ નઇ કરઇ [૪]વિસન્ન, લોકતણી [૫]ઊદાલઇ ધન્ન;
સાતે [૬]વિસને રંગિ રમઈ, રાય-રાણાનઇ મનિ નવિ ગમઈ. ૧૨

ઠામિઠામિ તિહાં મિલીઉ તે સહૂ, કરઇ અન્યાય કરમ તે બહૂ;
પ્રજા જઈ વીનવીઉ રાય, 'અમ્હ વસવા દિઉ બીજઉ ઠાય.' ૧૩

**દુહા :**

રાય ભણઇ 'વછ! સાંભલઉ, પ્રજા પીડીતઇ જેહ;
અહાં રહિવા [૭]યૂગતૂં નહી, [૮]દાક્ષિન આવિઉ [૯]છેહ. ૧૪

લહી આદેસ પિતાતણઉ, મોકલાવઇ જઈ માત;
નગરમાહિથી નીકલઈ, નવિ પૂછઇ સંઘાત. ૧૫

સાહસ કરીનઇ નીસરઇ, નિસા હુઇ તિણઇ વારિ;
ભમત-ભમતઉ આવીઉ, **વાણારસી** મઝારિ. ૧૬

નગરમાહિ જવ સંચરઇ, દીઠી તવ [૧૦]નેસાલ;
પંડિત પાય પ્રણમી કરી, બઇઠઉ અતિ સુકુમાલ. ૧૭

**ચઉપઈ :**

બઇસી કુમર તે લઈ વિશ્રામ, પૂછઇ પંડિત 'કહઉ કુણ ગ્રામ?';
'સંખપુરી નગરી અમ્હ ઠામ, સુરસુંદર પિતા મઝ નામ.' ૧૮

---

૧. દુઃખીને. ૨. ચાર વિદ્યામાં પારંગત. ૩. ઉદ્ધંઠ અને ખરાબ માણસો. ૪. ખિન્ન = દુઃખી. ૫. આંચકી લે છે. ૬. વ્યસનમાં. ૭. યુક્ત = યોગ્ય. ૮. દાક્ષિણ્ય = શરમનો. ૯. છેડો = સીમા. ૧૦. નિશાલ, પાઠશાળા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રૂપવંત પેખીન [ઈ] રખીઉ, સુણી વયણ પંડિત હરખીઉ;
કુમરનઇ દીધઉ બહૂમાન, વિદ્યાતણઉ દીધઉ તે દાન. ૧૯

ભણી ગણી હૂઉ સુજાણ, ગુરુતણી નવિ લોપઈ આણ;
તિહાં રહિઉ તે સુખ ભોગવઇ, સુખિઇ સમાધિઇ તે જોગવઇ. ૨૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાલ-૧, સીખિન સીખિન ચેલણા - એ દેશી.

કુમર ક્રીડા કરવા ગયુ, પહુતઉ વનહ મઝારિ;
દીઠી રંભ તિલોચના[ત્તમા], હરખિઉ મનહ મઝારિ ૨૧

નારી વયણે વેધીઉ, ભોગી ભમર સુજાણ;
યોવન ભરિ ઘરિ વિલસીઇ, કરુ બોલ પ્રમાણ. ૨૨
નારી વયણે વેધીઉ આંકણી.

કુમર પૂછઇ સંદેહડઉ, પૂછઇ તે સવિ વાત;
'આ વનમાહિ કાંઇ એકલી?, [૧]કુહુ કુણ તાહરુ તાત?'. ૨૩ નારી૰

'**બંધદત્ત** વિવહારીઉ, તે માહરઉ તાત;
પતિ મુઝનંઈ છાંડી ગયું, મોટઉ એ અવદાત.' ૨૪ નારી૰

એ વયણ અબલા કહિ, 'હૂ છઉ નિરધાર;
ઇણિ અવસરિ હિવ તૂ મિલિંઉ, હવઇ તૂ ભરતાર.' ૨૫ નારી૰

[૨]વાચ દેઇ પાછઉ વલિઉ, આવિઉ નગરની [૩]પોલિ;
દીઠઉ [૪]મયગલ મદ ભરિઉ, પાડઇ હાટની [૫]ઓલિ. ૨૬ નારી૰

લોક મિલ્યા સવિ સાંમટા, કરઇ હાહાકાર;
રોસિ ચડિઉ સૂંઢિઇ કરી, પાડઇ પોલિ [૬]પગાર. ૨૭ નારી૰

અગડદત્ત ધાયઉ ધસી, જિસિઉ સીહ સમાન;
સાહમુ થઇ ગજ વસિ કરિઉ, રાજા દિઇ બહુમાન. ૨૮ નારી૰

**દૂહા :**

કુમરતણા ગુણ મનિ વસ્યા, રાય કહઇ 'સુહડ સમાન';
[૭]સતવંત દીસઇ ભલઉ, કરઇ પ્રસંસા તામ. ૨૯

---

૧. કહે. ૨. વચન. ૩. પ્રવેશદ્વાર. ૪. મદગજ=મત્તહાથી. ૫. શ્રેણી. ૬. પ્રાકાર=કિલો. ૭. સત્વવાન.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'કુણ દેસ નઇ કુણ નયર?' પૂછઇ રાય વિચાર;
'સંખપુરી નગરી વસઉ, **ઉરજંગલ** દેસિ મઝારિ'. ૩૦

'રાજબીજ એ જાણીઇ, દીસઇ સૂર સમાન';
રાયતણઇ ચિત્તિ ચાલતુ, દેખી ચતુર સુજાણ. ૩૧

**ચઉપઇ :**

કુમરિઇ વાત [1]ધુરિથી કહી, રાઈ માની સાચી સહી;
પિતાતણઉ કહિઉ [2]અવદાત, 'આહાં હું આવિઉ હવઈ તુ તાત.' ૩૨

વિનયવંત દેખી અપાર, આપઇ રાજા સવિ સિણગાર;
કુમરનઇ દીધઉં બહૂ માન, રાય થાપિઉ તે પરધાન. ૩૩

આપઇ ઘોડા નઇ ભંડાર, આપઇ કનક અનઇ કોઠાર;
કુમર ઇણિપરિ લીલા કરઇ, રાજકાજ તે સઘલાં કરઇ. ૩૪

લોક મિલી કહઈ 'સુણિ રાજ!, એહ પ્રધાન થાપ્યા કુણ કાજ?;
ચોરે [3]લૂસિઉં નગર નઇ સીમ, કહઉ રાજન! અમ્હો રહીઇ કીમ?' ૩૫

રાઇ વાત સવે તે સુણી, તેડિયા પ્રધાન રાય તે ભણી;
'ખાઉ [4]ગ્રાસ નવિ કાઢઉ ચોર, નગરમાહિ એ [5]પાડઇ સોર'. ૩૬

'સ્વામી! કૂડ ઘણઉ અમ્હી રચઉ', 'ચોર ન લાભઇ કારણ કિસિઉ?';
'મંત્ર-તંત્ર-ઔષધી વિનાણ, તે સહૂ હૂઆ અપ્રમાણ'. ૩૭

રાજા નયરથકી નીકલઇ, ચોરતણઉ [6]પગેરઉ કરઈ;
અગડદત્ત જઇ વીનવીઉ રાય, 'કાઢઉ ચોર જઉ કરઉ પસાય.' ૩૮

રાઈ માની સવિ સાચી વાત, અગડદત્ત માગઇ દિન સાત;
બીડઉ ઝાલી તે સાંચરઇ, બાંધઈ વાટ [7]હેરાવાં કરઇ. ૩૯

---

૧. શરૂઆતથી. ૨. વૃત્તાંત. ૩. લૂંટી લીધું. ૪. ગરાસ=પગાર. ૫. શોર=બૂમાબૂમ કરાવે છે. ૬. પગેરું=શોધ. ૭. છુપી તપાસ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાલ : ૨, તું ચડીઉ ઘણ માણ ગજે – એ ઢાલ.[રાગ ધન્યાશ્રી]

છ દિવસ જોતા હુઆ એ, દિન હવઇ થાકઇ એક તુ;
ચોર ન લાભઇ કારણ કિસિઉં? એ, જાસિ ઇમ હત અનેક તુ. ૪૦

કુમર તે વનમાહિ સાંચરઇ એ, દીઠઉ [૧]કાપડી એક તુ;
ચોરલક્ષણ જાણી કરી એ, કરતઉ વિનય વિવેક તુ. ૪૧

કાપડી પૂછઇ કુમરનઇ એ, 'એકલઉ વનમાહિ?' તુ;
'ધનકારણિ [૨]આહા આવીઉ એ, હવઈ હૂં હૂઉ [૩]સનાહ' તુ. ૪૨

'[૪]આવિન મઝ સાથિ વલી એ, આપણિ બેહુ જોડિ' તુ;
વિદ્યા સાધી ચોરી કરઈ એ, કાઢી ધનની કોડિ તું. ૪૩

ધન લેઇ પાછા વલ્યા એ, પુહતા દેઉલ ઠામિ તુ;
સૂતા પ્રદેસી [૫]સામટા એ, એ હણી લેસિઉ [૬]દ્રામ તુ. ૪૪

કુમર તે મનમાંહિ ચીંતવઇ એ, 'ચોરનઉ કિસિઉ વિસાસ?' તુ;
[૭]સઉડિ ઘાલી સૂતુ કુમર એ, [૮]હીડઇ આણી [૯]સાસ તુ. ૪૫

ખડગ લેઇ સૂતા હણ્યા એ, જાણી ન વરઉ લાગ તુ;
કુમર તે કોપિઇ ચડિઉ એ, છેદિઉ કાપડી પાગ તુ. ૪૬

[૧૦]પ્રાક્રમ જાણી કુમરનઉ એ, ચોરઇ દીધઉ માન તુ;
મરતાં વિવર દેખાડીઉં એ, અહાં છઇ સ્ત્રી-નિધાન તુ. ૪૭

કુમર વહીનઇ તિહા ગયઉ એ, પહુતઉ ગુફા મઝારિ તુ;
દીઠી સય્યા તે પાથરી એ, બઇઠી દીઠી નારિ તુ. ૪૮

૧. કાર્પટિ=સાધુ. ૨. અહીં. ૩. સનાથ. ૪. આવીને. ૫. એકી સાથે. ૬. દ્રમ્મ = ધન. ૭. સૂડી = શસ્ત્ર. ૮. હીયડે, હૈયે. ૯. સાહસ. ૧૦. પરાક્રમ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]ધૂરતપણઇ તે પૂછતી એ, વિનય કરી વિન્નાણ તુ;
'તાહરઇ પિતાઈ હૂ મોકલિઉ એ, ખડગતણઉ [2]અહિનાણ' તુ. ૪૯

**વીરમતી** મનિ ચીંતવઇ એ, 'હણીઉ માહરઉ તાત તુ;
એ [3]હિવડાં મઝ વસિ પડિઉ એ, કરિસિઉ એહનઉ ઘાત' તુ. ૫૦

કુમર પઉઢાડી ઊચી ચડી એ, કુમર થયઉ દૂરિ તુ;
મેલ્હી સિલા તેણી પાપિણિ એ, પલ્યંક કીધઉ ચકચુરિ તુ. ૫૧

કરિઉ કૂડ તે નવિ ફલિઉં એ, ધરતી મનિ વિખવાદિ તુ;
રોસિ ચડી આવી કહઈ એ, ઉતારું તુઝ [4]નાદ તુ. ૫૨

'પિતા હણી તુ આવીઉ એ, હિવ તું જાએસિ કેમ?' તુ;
કુમર રૂપ પ્રગટ કરીએ, ઝાલી જટાએ જેમ તુ. ૫૩

શિલા દેઇ તે [5]ભુઇહરઇ એ, આવિઉ રાજ[6]દૂવારિ તુ;
સાત દિવસ પૂરા હૂઆ એ, વીનવીઉ જુહાર તુ. ૫૪

---

૧. ધૂર્તપણે. ૨. અભિજ્ઞાન=નિશાની. ૩. હમણા. ૪. તોર=મદ. ૫. ભુમિઘરને. ૬. દ્વારે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ચઉપઈ :

હણી ચોરનઇ કીધઉં કામ, ગુફાતણઉ દેખાડઉ ઠામ;
ખેચરી તે [૧]ઉત્પતીનઇ ગઈ, નિરમાખિઉ મધ થયુ તા સહી. ૫૫

રાય [૨]કુતિગ દીઠઉ જેહ, મેલી લોક ધન આપિઉ તેહ;
હરખ્યા લોક હીયડઈ અતિ ઘણઉ, જોઉ પ્રાક્રમ કુમરહતણઉ. ૫૬

આપઇ રાજા હયવર ઘણા, બીજી રધ્ધિ નહી તે મણા;
દિઇ રાજા કન્યાનૂં દાન, વલી વશેષિઇ લાધઉ માન. ૫૭

તેડિયા જોસી જે જગિ જાણ, આપિઉ [૩]લગન મોટઇ મંડાણિ;
પંડિત મિલી લગન આપીઉં, રાય લગન નિશ્ચય થાપીઉ. ૫૮

કીજઇ કુંકમ કેરા [૪]રોલ, દીજઇ ઝાઝા બહુ તંબોલ;
વાગાં તબલ નઇ નીસાણ, રાયતણઇ ઘરિ હુઇ [૫]અછરાણ. ૫૯

માંડિઉ [૬]માહવ મોટઇ રંગિ, સુરનર જોવા આવઇ [૭]જંગ;
રાજા કરઇ રૂડઉં તે કામ, [૮]સુપરિસિઉ જિમાડઇ ગામ. ૬૦

સગા-[૯]સણીજા તેહનઇ સહૂ, આદર કીજઇ તેહનઇ બહૂ;
આણી પ્રીસઇ ફલ [૧૦]હલિગલી, મૂકી સાકર દૂધઈ ભલી. ૬૧

ખાજા-લાડૂ-[૧૧]ખરમાંસેવ, પ્રીસઈ [૧૨]સાલિ-[૧૩]દાલિ-ઘૃત [૧૪]હેવ;
કપૂર વાસિત કરંબા તે ઘણા, આપઈ બીડાં પાનહતણાં. ૬૨

સાજન સવે ભગતિ સવિ કરી, સિણગારુ **કનકસુંદરી**;
પહિરઇ નવનવ પરિ સિણગાર, કંઠિ એકાઉલિ નવસર હાર. ૬૩

વર સિણગારૂ મ લાઉ વાર, આંણઉ તેજી ભલા [૧૫]તોખાર;
મસ્તકિ [૧૬]ખૂંપ સોહઇ મણિ જડિઉ, ચાલઇ કુંયર ગયવરિ ચડિઉ. ૬૪

---

૧. ઉડીને. ૨. કૌતુક. ૩. મુહૂર્ત. ૪. છાટણાં. ૫. નૃત્ય. ૬. મહોત્સવ. ૭. જંગી-ઘણાં. ૮. સુપેરે. ૯. સ્વજન. ૧૦. ઉલ્લાસભેર. ૧૧. ખુરમાસેવ-એક જાતની મિઠાઈ. ૧૨. ભાત. ૧૩. દાળ. ૧૪. ચોક્કસ. ૧૫. તુખાર=ઘોડા. ૧૬. પાઘડીએ બાંધવામાં આવતું આભૂષણ=કલગી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આવિઉ વર તે તોરણિ બારિ, બંદી બોલઇ જય જયકાર;
મંગલ ધવલ ગાઈ વર નારિ, જય-જય શબદ હૂઉ તીણઇ વારિ. ૬૫

શુભવેલા સાધી છઇ જેહ, વર પરણાવિઉ કન્યા તેહ;
પહિરામણી રાઇ દીધી તે ઘણી, કવિ કહઈ '[૧]સંખિ ન લહૂં તેહતણી'. ૬૬

અર્ધ રાજ તે આપઇ રાય, તૂઠઉ નૃપ તે કરઇ પસાઇ;
આપઇ ઘર રહિવા આવાસ, સુખિઇ સમાધિઇ કરઇ વિલાસ. ૬૭

**મદનસુંદરી** સુણી સવિ વાત, કુમરતણઉ સાંભલિઉ વિખ્યાત;
ભેટિ ભરી મોકલી તે થાલ, સખી જઇ કંઠિ ઘાલી માલ. ૬૮

મદનસુંદરી વનિ દીધઉ બોલ, સખી કહઇ તે ગયુ [૨]નિટોલ;
આપઇ મુદ્રિકાતણઉ અહિનાણ, વલતુ બોલ કહુ પ્રમાણ. ૬૯

## ઢાલ-૩, રાગ : સીધઉ.

દિવસ કેતા તે વઉલિઆ રે, માડી જોતી વાટ;
પુત્રવિરહુ તે સાંભરિઉ રે, હીયડઇ ખરઉ રે ઉચાટ. ૭૦
'કુમરજી! દિઉ દરસિણ એકવાર, કુમરજી! તુઝ વિણ હું નિરધાર
કુમરજી! દિઉ દરિસિણ એકવાર' આંકણી૦

સુરસુંદરિ રાય વીનવિઉ રે, 'જોવરાવઉ મુઝ પૂત;
નીદ્ર ગઈ મઝ નયણડે રે, મોકલાવઉ એક દૂત.' ૭૧ કુમરજી૦

રાય દૂત તે મોકલઇ રે, ચાલઇ [૩]દીસ નઇ રાતિ;
વાણારસી તે જઇ રહિઉ રે, મલિઉ તે કુમર પ્રભાતિ. ૭૨ કુમરજી૦

દૂતઇ જઈ કુમર વીનવિઉ રે, 'માતા ધરતી દુખ;
રાય [૪]અલજઉ તે અતિઘરઇ રે, ગઇ અતિ [૫]ત્રસ નિ ભૂખ.' ૭૩ કુમરજી૦

---

૧. સંખ્યા. ૨. નિક્કી. ૩. દિવસ. ૪. ઝંખના. ૫. તૃષા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સસરાનઇ જઇ કુમર વીનવઇ રે, કુમર કહઈ રે વ્રતાંત;
દલ લેઇ ચલાવીઉ રે, સાથઇ સ્ત્રીઅ રતન્ન. ૭૪ કુમરજી૦

રાય વઉલાવી પાછુ વલઇ રે, દિઇ સીખામણ સાર;
'સાસૂ-નણદી વિનય કરઇ રે, ભગતિ કરઇ ભરતાર.' ૭૫ કુમરજી૦

વાટઇ જાતાં સાંભરિઉ રે, પૂરવ પ્રેમ વિચાર;
'મદનસુંદરી જઈ હૂ વરિઉ રે, કિમ મેલ્હઉં નિરધાર?' ૭૬ કુમરજી૦



## ઢાલ-૪ : જિમ સિહિકારિ કોઇલ ટહૂકઈ-એદેશી.

કુમર કહિઇ એક વાત જ કરસિઉ, મદનસુંદરી જઈ કન્યા વરસિઉં;
સ્ત્રી-સહિત [1]સાથિ ચલાવીઉ એ. ૭૭

પાછા વલીનઇ કીધઉ કામ, શુભવેલા સાધી તે તામ;
રથિ બઈસારી સાંચરઈ એ. ૭૮

કુમર પડિઉ તે અટવીમાહિ, પલ્લીપતિ લેવા તે ધાય;
ધાઈ તે ધસમસ કરીએ. ૭૯

યુધ્ધ કરઇ પલ્લીપતિ જેહ, કુમરિઇ હારિ મનાવિઉ તેહ;
એહ વ્રતાંત તુહમે સાંભલઉ એ. ૮૦

પલ્લીપતિ તે અતિ અહંકારી, પરવસિ થઇ દીઠી પરનારી;
લહી અવસર કુમરિઇ હણિઉ એ. ૮૧

નાઠાં કટક તે દહ દિસી જાઇ, વઈરી સાહમુ કોઇ નવિ થાઈ;
કુમર મારગિ તે સાંચરઇ એ. ૮૨

જાતાં સાહમઉ મલિ સંઘાત, પૂછઇ વાટ નઇ કરતુ વાત;
'એ મારગ વિષમઉ અછઈ એ. ૮૩

વાઘ-સિંઘ-મયગલ તે નામ, **દુર્જન** ચોર વસિ તિણિ ઠામિ;
[2]ડાવઈ મારગિ તુમ્હે સાંચરઉ'એ. ૮૪

ડાવી વાટઇ રથ ખેડાવઇ, કુમર સાથિ લોક સવિ આવઇ;
કાપડી એક સાહમુ મિલિઉ એ. ૮૫

કાપડી કહઈ કુમરનઈ વાત, 'તેડઉ સાથિઇ તઉ કીજઇ યાત્ર';
વિનય કરીનઈ પૂછીઉં એ. ૮૬

---

૧. સાથે. ૨. ડાબા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિનયવંત જાણી અપાર, કુમર દયાતણઉ ભંડાર;
આવિ ન મઝ સાથિ હવઈ એ. ૮૭

મારગિ ચાલઇ તેહ કપાલી, [1]વલિઉં ચિત દેખી સ્ત્રી બાલી;
કૂડ કરીએ લેઅસી એ. ૮૮

ચાલંતા એક ગોકુલ આવઇ, કાપડી કહઇ 'આંહા રૂડૂ ભાવઇ';
સાથ સહૂ મિલી તિહા રહિઉ એ. ૮૯

કરઇ ભગતિ કપાલી જેહ, વિષ ઘાલી દહીં આણિઉં તેહ;
જિમી સાથ સૂતઉ રહિઉ એ. ૯૦

કુમરિઇ દીઠી [2]અસંજમ વાત, વિષ દેઇનઇ હણિઉ સંઘાત;
એ હણવા મઝ આવસિઇ એ. ૯૧

કુમર હણવા આવઇ કઠોર, કહઇ કાપડી 'હું દુર્જન ચોર';
[3]ઝૂઝ કરી કુમરિઇ હણીઉ એ. ૯૨

હણી ચોરનઇ પાછઉ વલીઉ, આપણઉ સાથ સવિ મારગિ મિલીઉ;
કુમર-સેન સાથિઇ મિલિઉ એ. ૯૩

હરખિઇ વાત કહી વિચારી, મદનસુંદરી લેઇ આવિઉ નારી;
વાટઇ વ્રતાંત સવે કહઈ એ. ૯૪

સંખપુરી નગરી ભણી આવઇ, કુમર લેખ દેઇ દૂત [4]પઠાવઈ;
વધામણી રાયનઇ કહઈ એ. ૯૫

હરખિયાં માય-બાપ બે જામ, હરખિઉં કુટંબ સહૂ તે તામ;
કરઉ [5]સજ્જાઈ [6]સાહામહઇતણી એ. ૯૬

અવિઉ કુમર વાત સો જાણી, આવઇ રાજા ઉલટ આણી;
પઇદલ-રથ-ઘોડા [7]ગુડીયા એ. ૯૭

---

૧. પાઠા૦ ટલિઉ. ૨. પાઠા૦ અસંભમ. ૩. યુદ્ધ. ૪. મોકલે છે. ૫. સાજ-સજ્જા = સજાવટ. ૬. સામૈયાની. ૭. સજ્જ કરેલા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નારીવૃંદ મિલી સહૂ આવઇ, મોતી થાલ ભરી વધાવઇ;
દિઇ આસીસ [1]સોહાસિણી એ. ૯૮

પુહુતઉ કુમર નિજ આવાસે, માતા હીયડઇ હરખ ઉલ્હાસે;
અમૃતવેલિ કિસિઉં ફલી એ. ૯૯

રાઇ વિમાસી [2]સપરિ તે કીધી, કુમરનઇ [3]જૂવ-પદવી દીધી;
પટરાણી મદનસુંદરી એ. ૧૦૦

આવિઉ વસંત ફલિયા વનવાડી, ચાલિઉં કુમર મઇ [4]રયવાડી;
પટરાણી સાથિઇ વલી એ. ૧૦૧

રમલિ કરીનઇ નિદ્રા કીધ, આવી વિસહર ડંક તે દીધ;
પટ્ટરાણી થઇ [5]આકલી એ. ૧૦૨

કુમરઇ વિષ વિકાર તે જાણી, આણઇ [6]મુહરા પાઇ પાણી;
તે સવ્વે નિષ્ફલ હૂઆ એ. ૧૦૩

મોહ ધરઇનઇ કુમર અચેત, સાથિઇં [7]સાગવન કરુ સંકેત;
વાર મલાઉ વેગિઈ કરી એ. ૧૦૪

કરમિઇ વિદ્યાધર તે આવઇ, પાણી મંત્રીનઇ તવ પાવઇ;
વિષ વિકાર તે ઊતરિઉ એ. ૧૦૫

ઊતરિઉ વિષ નઇ ચડીએ જ [8]ટાઢી, મારગિ જાતાં આવઇ [9]વાઢિ;
જક્ષભવનિ બે જઇ રહિયા એ. ૧૦૬



૧. સૌભાગ્યવંતી સ્ત્રી. ૨. સુપેરે, સારી રીતે. ૩. યુવરાજ પદ. ૪. રાજસવારી. ૫. આકુળ. ૬. વિષહર ફળ. ૭. સાથે બળી મરવું.
૮. ટાઢ-ઠંડી. ૯. વાડ = અંતરાય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ચઉપઇ :

કુમર વિમાસઇ હીયડામાહિ, અગનિ લેવા તે વનમાંહિ જાઈ;
પંચ ચોર પ્રગટિયા જેતલઇ, અજૂઆલૂં કીધઉં તેતલઇ. ૧૦૭

આવી ચોર પૂછઇ વિચાર, 'તાહરઇ કુણ અછઇ ભરતાર?';
'અગનિ લેઇ હિવડાં આવસિઇ, વેગિઇસિઉં તુમ્હનઇ ઝાલસિઇ.' ૧૦૮

રાણી-ચોર બે કીધી વાત, 'કુમર હણી તુમ્હ કરઉ સંઘાત';
અગનિ લેઇ આવઇ જેતલઇ, અજૂઆલૂં દીઠઉ તેતલઇ. ૧૦૯

પૂછઇ નારિનઇ કુમર વિચાર, 'અજૂઆલૂં દીઠઉ સ્યૂ બારિ?';
'તુહ્મ કરિ સામી! જે ઉજાસ, સ્વામી હૂં છઉ તમ્હારી દાસિ.' ૧૧૦

નારી વચન સાચઉ થાપીઉ, [1]ખાંડૂ નારી કરિ આપીઉં;
નીચઉ થઇનઇ ફૂકઇ આગિ, નારી હણવા જોઈ લાગ. ૧૧૧

મારેવા ખાડૂં કાઢીઉં, ચોર [2]હાથથિકઉ પાડીઉ;
કુમર કહઇ 'કસી એ વાત? પડઇ મસ્તકિ તુ થાઇ ઘાત.' ૧૧૨

'સ્વામી! ટાઢી ચડી મૂં ઘણી, ધ્રૂજિઉ હાથ પડિઉ તે ભણી';
ઉતર કરીનઇ કરઉ વીસાસ, ઘરિ આવી તે કરઇ વિલાસ. ૧૧૩

પાંચ ચોર મિલી કરઇ વિચાર, 'નારીનઉ નહી કિસિઉ [3]સકાર;
[4]સાગવન કરતઉ જેહસિઉ, વઈરી કિમ થઇઇ તે તિસઉં? ૧૧૪

જિમ તરુ [5]આરિ અનઇ [6]ભાલડી, ઘણી તણી વીંધઇ [7]ખાલડી;
નવિ જાણઇ એ માહરઉ ઘણી, તિમ ન હુઇ નારી આપણી. ૧૧૫

પુત્ર-કલત્ર-કુટંબ-પરિવાર, ધન-યૌવન છઈ ચપલ અપાર;
એ સગપણ સવે પરિહરું, પાંચ ચોર કહઇ 'સંયમ વરઉ.' ૧૧૬

---

૧. ખડગ, તલવાર. ૨. હાથથકી. ૩. સહકાર. ૪. પત્નિ સાથે પતિનું બળી મરવું તે. ૫. એક જાતનું હથિયાર. ૬. કુહાડી. ૭. ચામડી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધરમકાજ કરમ તે કરઈ, સુગુરુ વચન હીઅડઇ તે ધરઇ;
દેઇ દાન દેવપૂજા કરઇ, સાતે ખેત્ર ધન વાવરઇ. ૧૧૭

પરદેસી તુરંગમ આવીઆ, કુમર ખેલાવા ચાલીઆ;
અગડદત્ત અસવાર જ હૂઉ, પવનવેગિ તે ઘોડઉ થયઉ. ૧૧૮

**દૂહા :**

સાથ સવે પૂઠિઇ રહિઉ, કુમર ગયુ અટવીમાંહિ;
[૧]વાગ મૂકી રહિઉ જેતલઇ, તુરંગમ રહિઉ તીણઇ ઠાણ. ૧૧૯

**ચઉપઇ :**

કુમર [૨]કુતિગિ વનમાહિ ફરઇ, દેખી [૩]આદિ-ભવનિ સાંચરઇ;
ત્રણિ કાલ દેવ પૂજા કરઇ, અરિહંતના ગુણ મુખિ ઊચરઇ. ૧૨૦

એતલઇ પુહુતા મુનિ માહાતમા, જેહના પરમ ચોખા આતમા;
કુમર વંદઇ મુનિ ઉલ્હાસિ, જઇ બઇઠઉ સહિગુરુનઇ પાસિ. ૧૨૧

કુમર પૂછઇ 'સુણઉ મુનિરાજ!, પંચ પુરુષ આવ્યા કુણ કાજિ?';
'એહનઇ મનિ વયરાગ છઇ ઘણઉં, [૪]સંખેઇ સંબંધ તેહજ સુણઉ. ૧૨૨

બાર જોઅણ અટવી છઇ જેહ, **ભીમસૈન** પલ્લીપતિ તેહ;
તેહતણા અમ્હો પરધાન, દેઉલમાહિં મૂંકિ માન. ૧૨૩

અસમંજસ દીઠઉ અતિ ઘણઉ, જોઉ પ્રાક્રમ નારીતણઉં;
અગડદત્ત હણિવા કરિઉ ઉપાય, દયા લગઇ અમ્હ ટાલિઉ ઘાય.' ૧૨૪

મુનિવરિ વાત સવે તે કહી, કુમરિઇં માની સાચી સહી;
કુમર કહઇ 'એ બાંધવ ચોર, હું કરતઉ રાખિઉ પાપ અઘોર. ૧૨૫

મઇ તાં કરમ કરિયાં અતિ ઘણાં, પાર ન જાણૂ [૫]પાતિગતણા;
દૂરજન ચોર મનાવિઉ હારિ, એ સંબંધ કહું વિસ્તારિ. ૧૨૬

---

૧. વાગુરા = લગામ. ૨. કૌતુકથી. ૩. આદિનાથ ભગવાનના દેરાસરમાં. ૪. સંક્ષેપથી. ૫. પાપનો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હવઇ મઝ આંગણિ સુરતરુ ફલિઉ, દક્ષણશંખ જિસિઉ ગુરુ મિલિઉ';
દ્રઢચિત્તઇ સમકિત ઊચરઇ, સામાયિક વ્રત સૂધાં ધરઈ. ૧૨૭

પોષધશાલાં નિતુ સાંચરઇ, રાજતણી ચિંત પરિહરઇ;
માઇ ભણઇ 'વત્સ! કરઉ વિલાસ, મૂઢ ન કીજઇ પરભવિ આસ.' ૧૨૮

'આઇ! પામી રધ્ધિ અનંતીવાર, ધન-યૌવન છઇ ચપલ અપાર;
પંચ મહાવ્રત હૂં આદરઉ, દિઉ અનુમતિ તઉ સંયમ વરઉ.' ૧૨૯

માય મનાવી કુમર સંચરઇ, સગુરુ પાસિ જઇ સંયમ વરઇ;
મનિ જાણી સંસાર અસાર, હરખિઇ લીધઉ સંયમ ભાર. ૧૩૦

તપ તપઇ ક્રિયા આદરઇ, [1]પોઢાં પાંચ મહાવ્રત ધરઈ;
પંચ સમિતિ પાલિઇ યતી, પ્રમાદ નિદ્રા નાણઇ રતી. ૧૩૧

જે મુનિ પાલઇ પંચાચાર, દોષ રહિત જે લિઇ આહાર;
ઇણિ પરિ ચારિત્ર પાલઇ જેહ, [2]આઠ કરમનું આણઇ છેહ. ૧૩૨

ક્ષમાખડગ તે હીયડઇ ધરઇ, મોહતણા દલ તે વસિ કરઇ;
મુનિવર અગડદત્તકુમાર, શુક્લધ્યાનિ ગયુ [3]મુગતિ મઝારિ. ૧૩૩

સારદનામ હીયડઇ ધરી, ચઉપઇબંધ રાસ જે કરી;
અધિકઉં ઓછઉ કહિઉ હુઇ જેહ, ભવીયણ જણ સાંસઇજો તેહ. ૧૩૪

શ્રી **ચંદ્ર**ગછ સૂરીસર રાય, **શ્રી સોમવિમલસૂરિ** પ્રણમઉં પાય;
એ ગુરુ મહિમા મેરુ સમાન, તાં ચિર નંદઉ ગયણે ભાણ. ૧૩૫

સંવત સોલયક કાર્તિક માસિ, **સુમતિ** ભણઇ કરિઉ ઉલ્હાસિ;
શુકલ ઇગ્યારસિ આદિત્ય વારિ, એ ભણતા હુઇ હરખ અપાર. ૧૩૬

અગડદત્ત મુનિતણઉ ચરિત્ર, ભણતાં ગણતાં હુઇ પવિત્ર;
પંડિત **હર્ષદત્ત** સીસ ઇમ કહઈ, ભણઇ ગુણઇ તે સવિ સુખ લહઇ. ૧૩૭

---

૧. પ્રૌઢ = મોટા=દૃઢ. ૨. પાઠા૦ આવાગમનનઉ. ૩. પાઠા૦ સુગતિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૨. કુશલલાભજી કૃત અગડદત્ત ચોપાઈ

**દુહા :**

પાસ જિણેસર પયનમી, [૧]સમરી **સરસતિ** દેવ;
**અભયધર્મ** ઉવઝાય ગુરુ, પયપંકજ પ્રણમેવ. ૧

વિતરાગ શ્રીમુખિં વદઇ, ધર્મ ચ્યારિ પ્રકાર;
દાન-શીલ-તપ-ભાવના, વિવધ ભેદ વિસ્તાર. ૨

દાનઇ સુજસ-સંપતિ દિઇ, શિલઇ [૨]શિવસુખ હોઇ;
ઉગ્ર તપઇ ત્રૂટઇ અશુભ, સહિત ભાવ જઉ સોઇ. ૩

**વસ્તુ :**

દાન ઉત્તમ દાન ઉત્તમ, ભણઇ ભગવંત,
સહિગુરુ સંગમિ સંપજઇ, પણ ન હોઈ સંપત્તિ પાખઇ
સીલસુ નિર્મલ સઇ વસઇ, રુદય શુદ્ધ મન સબલ રાખઇ,
ચંચલ અતિ નારી ચરિત, પેખી કરઇ પરિહાર,
**અગડદત્ત** મુનિવરતણો, ચરિત્ર તપઇં અધિકાર. ૪

**ગાહા :**

**कुडिलं महिला-ललियं, परिकलियं विमलबुद्धिणो धीरा ।**
**धन्ना विरत्तचित्ता, हवंति जह अगडदत्ताइं ।।** [શીલોપદેશમાલા-૮૬]

**ચુપઈ :**

**શ્રીવંત** (વસંત) **પૂર** નગર વિશાલ, **ભીમસેન** તેણિ પુરિ ભૂપાલ;
એક સહસ તસ અંતેઉરી, પટરાણિ **સોહગસુંદરી.** ૫

---

૧. પાઠા૦ સરસતિ મનિ સમરેવિ. ૨. પાઠા૦ સવિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રિદ્ધમંત તસ રાજાતણિં, માનનીક અતિ [1]મહિતઇ ઘણઇ;
**સુરસેન** નામઇ સામંત, બલ છલિ સૂરવીર બલવંત. ૬

છત્રીસઇ આયુધ વિધ લહિ, ગજ-[2]તુરંગ મંદિરિ ગહિ-ગહિ;
સહસ એક ભંજઇ એકલો, [3]ભારથસેનાની અતિ ભલો. ૭

તેહ તણિં એક પુત્ર અપાર, **અગડદત્ત** ઇણિ નામિ કુમાર;
અતિ સરુપ સુંદર આકાર, જાણે ઇંદ્ર કુમર અવતાર. ૮

ઇણિ અવસર પરદેશી એક, સુભટ સુજાણહ ઝૂઝ [4]વિવેક;
ગર્વ કરી આવ્યો તિણિ ગામિ, મિલી રાયનઇ કીઓ પ્રણામ. ૯

તેહ સુભટ રાજા પ્રતિ કહિ, 'સુરસેન તુમ્હઇ પાસઇ રહિ;
ભંજઇ એક સહસ એકલો, મુઝસું [5]ભડઇ તઉ જાણું તે ભલો.' ૧૦

સેનાપતિ તિણિ વેલા સૂર, આવઇ વાજાંવઇ [6]રણતુર;
સભા સહીત પ્રભુ કરઇ જુહાર, રાય બોલાવ્યો તવ તે વાર. ૧૧

સાંભલિ સૂરસેન સામંત, અહંકાર ઇણિ કીઉ અનંત;
સમરંગણિ [7]પઇસુ મનરંગિ, હારઇ તસ જાઇ સમંગ. ૧૨

સાચા બોલ બંધ તે કરી, બેહુ સુભટ ક્રોધ અતિધરી;
સજી [8]સનાહ કમર કડી કસી, આયુધ ગ્રહી આવ્યા ઉસસી. ૧૩

હાકઇ-તાકઇ અસીઆ હણઇ, [9]હૈઇ નિશંક આયુધે હણઇ;
પરદેસીઇં [10]કીઉ પ્રહારિ, સૂરસેનનું થયું સંહાર. ૧૪

સૂરસેનની સઘલી ઋદ્ધિ, પરદેસીનઇ રાંઇ દિધ;
**અભંગસેન** તસ દિધઉ નામ, લોકમાહિ વધારી મામ. ૧૫

સૂરસેન ઘરણી **ધારણી**, લોકા મુખઇ વાત ઇમ સુણી;
કંત તણો મૃતકાર્ય કીઉ, ધન સઘલુ પરદેસીનઈ દિઉ. ૧૬

---

૧. મુહૂતો=મંત્રી પાઠ૦ મુહતઈ. ૨. પાઠ૦. તુર. ૩. ભારથી=મહાયોદ્ધો. ૪. પાઠ૦ અનેક. ૫. લડે. ૬. યુદ્ધ માટેનું વાજિંત્ર.
૭. પેસ્યો=અંદર ગયો. પાઠા૦ ઈણિ સંગિ. ૮. સન્નાહ=બખ્તર. ૯. હૃદયથી. ૧૦. પાઠા૦ મુકીઉ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મનિ ધારણીતણઇ દુખ ઘણઉ, પાલઇ જેઠ પુત્ર આપણો;
આઠ વરસનો થઉ કુમાર, નેશાલઇ મૂક્યો તિણિવારિ. ૧૭

પરદેશીઇં વાત તે સુણી, જઇ [1]વારઇ નેશાલિ ધણી;
તેહનો કારણ અધિકઉ ગણઇ, માનનીક તે રાજાતણિ. ૧૮

જેણી નેશાલિ મૂકઇ જેહ, જઇ પરદેસી વારઇ તેહ;
એહ ભણાવિ વયરી સોઇ, નિર્ધન નરનઇ આદર ન હોઈ. ૧૯

નેસાલઇં ન ભણાવઇ કોઈ, અનુક્રમિ મૂરખ હુઉ સોઈ;
ભોજન કરવા બઇસઇ જામ, માતા દુખ ભરિ રોઇ તામ. ૨૦

પૂછઇ કુમર 'કહઉ કુણ વાત?, ભોજન વેલા રોઉ માત!';
'તુજ્ઝ પિતા વયરી ઇણિવારિ, વહિ [2]વાજતઇ ઘરિ બારિ. ૨૧

તાહરા પિતાતણી ઋદ્ધિ [3]ભવઈ, [4]તુજ જીવતાં એ ભોગવઇ;
તું બાલિકા નઇ વીદ્યાહીણ, તેણઇ દુખઇ હું રોઉં દીન.' ૨૨

માતા ભણવાની પરે કાંઈ, દેસિ વિદેસિ [5]જિહાં કણિ જાય;
પુત્રતણો અતિ આગ્રહ જાણિ, માતા બોલ્યિં મધુરિ વાણિ. ૨૩

'**ચંપાપુરી** [6]પ્રોહીતનો પુત્ર, તાહરા પિતાતણો તે મિત્ર;
**સોમદત્ત** બંભણ તિહાં વસઇ, [7]સુખિ ઘણાં શાસ્ત્ર-અભ્યસઇ. ૨૪

તેણિ ગામિ ઘણા દિન રહિઉ, તાહરા પિતા પ્રતિ ઇમ કહિઓ;
''જઉ તુઝ પુત્ર વિચખ્યણ હુઇ, સહી ભણાવીસ નિશ્ચઇ સોઇ.'' ૨૫

માતાનિ [8]શિખ કરી ચાલિઉ, અનુક્રમિ ચંપાપુરિ આવીઉ;
સોમદત્ત ઘરિ પૂછી કરી, તુ જઇ પ્રણમ્યુ આણંદ ધરી. ૨૬

પૂછઇ 'કુણ તું? કુણ તુઝ નામ?,' 'શ્રીવસંતપુર વસવા ઠામ';
સોમદત્ત આસૂં ભરિ કહિ, 'સૂરસેન જિણિ થાનકિ રહિ. ૨૭

૧. પાઠા૦ પાલિઉ. ૨. પાઠા૦ વાજાનઈ. ૩. પાઠા૦ ફવઈ. ૪. પાઠા૦ મુઝ. ૫. પાઠા૦ ભાણું જિહાં. ૬. પુરોહિત, પાઠા૦ પુવિતુ.
૭. પાઠા૦ મુખઈ. ૮. પાઠા૦ મોકલાવી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાચઉ મીત્ર માહરિ તેહ, સમાચાર તેહનો કહેઇ';
તેહ સુણી બાલક [1]ગહવરી, [2]દુખ ભરિ નયણે આસું [3]ઝરઈ. ૨૮

'સ્વામિ! તે હિ માહરુ તાત', વયરીતણી કહી સવિ વાત;
'માંઇ મોકલ્યો ભણવાં ભણી, હિવે હું સેવ કરિસું તુમ્હતણી.' ૨૯

તે તેડી ગુરુ સાથિ થઉં, વિવહારિયાતણઇ ઘરિ ગયો;
'એ છઇ ઉત્તમ કુલનો બાલ, ભોજન વસ્ત્ર કરો સંભાલ.' ૩૦

સેઠિ કહિ 'અમ્હ પુત્ર જ ચ્યારિ, વલિ તેમાહિ પંચમઉ વિચારિ;
ભોજન વસ્ત્ર સુખઇં દિજસંઇ, જિહાં લગઇ કુમર ઇહાંકણિ હસઇ.' ૩૧

ભણઇ ગુણઇ આલસ નવિ કરી, સુણઇ અર્થ તે હીયડઇ ધરિ;
થોડા દિવસમાહિ તિણિ ભણી, કલા બહુત્તરિ સોહામણી. ૩૨

એક દિન સોમદત્ત [4]ઇમ ભણઇ, 'બહુ બાલિક ઇહાં રમત કરિ;
તે ઘર પુઠિ વાડી એકાંત, તિહાં બઇસીનઇ ભણો નીશ્ચંત.' ૩૩

ધનુષ અભ્યસઇ વાહિ બાણ, સિખઇ આયુધકલા સુજાણ;
દોર બાંધીનઇં કુંડિ હણઇ, એહવી કલા હાથિં તસતણઇ. ૩૪

છત્રીસ આયુધ ચાલવઇ રંગિ, રાગ છત્રીસ કંઠિ આલવિ;
એણિ અવસરિ વાડિનઇ પાસ, **સાગરસેઠ**તણો આવાસ. ૩૫

સાહમિ ગોખિ સેઠ કુંઅરી, તેહનો નામ **મયણમંજરી**;
રુપ અધીક અતિસુંદર દેહ, ભરયોવનવય આવિ તેહ. ૩૬

કંત ગયો સાગર વ્યાપાર, બાર વરસ [5]રહ્યો] તેહ જ સાર;
જાણઇ પિતા રખે મુઝ બાલ, પુરુષ પ્રસંગ ચડઇ મનિ આલિ. ૩૭

તિણિ કારિણિ રાખિ આવાસિ, આવઇ જાઇ ધાવિ તસ પાસ;
તે ગુખિં બઇઠી [6]સુંદરી, પેખઉ કુમર પ્રીતિ મન ધરિ. ૩૮

---

૧. ગંભીર થયો, પાઠા૦ ગહઈવરઈ. ૨. પાઠા૦ પુખ. ૩. પાઠા૦ ભરિ. ૪. પાઠા૦ ઊચરઈ. ૫. પાઠા૦ નિરતેહ. ૬. પાઠા૦ કુંયરી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મયણમંજરી ઇમ [1]ચંતવઇ, 'કિમ હુઇ પ્રિય માહરુ હિવિ?';
તઉ કુસુંમ દડો ગૂંથઇ ત્રેવડો, કુંમર ભણી તિણિ નાંખ્યો દડો. ૩૯

પેખિ અગડદત્ત [2]ચિંતેહ, '[3]કુસુંમ દડઓ કિણિ નાંખો એહ;'
મયણમંજરી પેખી જામ, રુપવંત [4]ચિત ચમક્યો તામ. ૪૦

'જાણું એહ અમરસુંદરી, કઇ અપછર [5]રાજસુંદરી?';
દેખી રુપ [6]અસંખ અપાર, કામ બાણ [7]વેધિઉ કુમાર. ૪૧

કુમરીતણિ [8]ચિત્ત અતિ પ્રીત, હાવભાવ કરિ રંજિઉ ચિત્ત;
દિન પ્રતિ પાન-ફૂલ-તંબોલ, નાંખઇ ભાખઇ મીઠા બોલ. ૪૨

નયણ કટાક્ષ પ્રકાસઇ નેત્ર, અગડદત્તનૂં વેધિઉ ચિત;
તઉ તે લાજ કરિ ગુરુતણી, ન કરઇ પ્રીત પ્રગટ આપણી. ૪૩

એક દિવસ [9]પુંહરિબિ વારિ, શ્રમ કરી થાકુ કુમર જે વાર;
વૃક્ષતણી છાયા પુઢીઉ, ઉપરિ [10]સ્વછ વસ્ર ઉઢીઉ. ૪૪

તેણઇ સમઇ મયણમંજરી, વૃક્ષ ડાલિં વલગી ઉતરી;
આવી કુમર સમીપઇ જિસઇં, જાગિઉ કુમર બોલાવઇ તસઇં. ૪૫

નારિ કહિ 'પ્રીતમ! અવધારિ, મુઝ લેઇ પરદેશ પધારિ;
આપ તણો કહ્યો વિરતંત, હિવિ હુઉં પ્રિય! તૂ મૂઝ કંત.' ૪૬

કહઈ કુમર તવ મૂકી લાજ, 'હું આવ્યો ભણવાનઇ કાજ;
જાણઇ ગુરુ તઉ માનઇ [11]વિરું, એહ વાત હવડાં [12]નહી કરું. ૪૭

કહિ નારિ 'હિવિ છંડૂ પ્રાણ, કહિ મુઝ વચન કરો [13]પરમાણ';
[14]નિબિડ નેહ દેખી તસતણો, દીધો બોલબંધ આપણો. ૪૮

---

૧. પાઠા૦ વીનવઈ. ૨. પાઠા૦ વાતેય. ૩. પાઠા૦ પુષ્પ. ૪. પાઠા૦ ચિંતઈ. ૫. પાઠા૦ રાજકુંવરી. ૬. પાઠા૦ અસંભમ. ૭. પાઠા૦ બાંધીયો. ૮. પાઠા૦ મનઈ. ૯. પાઠા૦ બિહુ પરિવાર. ૧૦. પાઠા૦ સ્વ. ૧૧. ખરાબ. ૧૨. પાઠા૦ મત. ૧૩. પાઠા૦ સુપ્રમાણ. ૧૪. ગાઢ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'જવ હું ચાલિસ આંપણિ દેસિ, તવ હું તુઝનઇ સાથિ લેસ';
સાચા બોલબંધ તે [૧]પૂઠવી, રમણીતણો ચિત્ત [૨]રંજવી. ૪૯

વૃક્ષ પ્રતિ ડાલિં ચડી ગઈ ગોખિ, સઘલી વાત ધાવિ [૩]પ્રતિ કહી;
ગઉખિં બેઠી દિન પ્રતિ રહિ, સઘલા સમાચાર મનિ [૪]લહિ. ૫૦

સીખીઓ કુમર સાસ્ત્ર અભ્યાસ, જઇ ગુરુ પ્રણમ્યુ મન [૫]ઉલ્હાસ;
હિવિ જો [૬]દિઉ મુઝનઇ આદેશ, તઉ હું [૭]પોચુ આપણઇ દેશ.' ૫૧

સોમદત્ત ભણિઉ તિણિ વારિ, 'મેલુ રાજાનઇ એકવારિ;
જઉ ગુણ દેખી રાય રંજસઇ, તઉ [૮]વલી ધન બહુલુ આપસઇ. ૫૨

ધન વીણ જઉ જાસઇ એકલો, તો તે નવિ દિશે સઇ ભલો';
ઇસું વિમાસી સાથિ લેઇ, રાજ-સભાઇ પોહુતા બેઇ. ૫૩

રાજા પૂછઇ 'એ કુણ બાલ?, અતિ સરુપ [૯]સુંદર સુકુમાલ';
'વસંતપૂરી સેનાપતિ જેહ, સૂરસેનનો નંદન એહ.' ૫૪

[૧૦]માન-મોહુત રાજા દિઉ, અગડદત્તનો [૧૧]ચિત રંજીઉ;
એહવિ નગરલોક સવિ મલી, આવ્યા રાજસભા મનરલી. ૫૫

કહિં માહાજન 'સાંભલિ સ્વામિ!, વસસઉ નહી અમ્હે ઇણિ ગામિ;'
રાય કહિ 'કુણ [૧૨]દૂહવિ?', વલતુ નગર લોક વીનવઇ. ૫૬

'ચોરે લોક સંતાપ્યા સહુ, નિરધન જન થયા તે બહુ;
ઉપર કરી ચોર ઝાલિઇ, કહિ અમ્હ વસવા ઠામ આલીઇ.' ૫૭

તેડાવ્યો તવ નગર [૧૩]તલાર, કોપ્યો રાય અતિ બોલિ [૧૪]ખાર;
'સ્વામિ! મન-માનિ તિમ કરો, વિષમ ચોર એ નહી પાધરો.' ૫૮

રાય પાનનઉ બીડો લીઉ, સભા સમુખ જોઈ બોલીઉ;
'એહ ચોર ઝાલેસઇ જેહ, સવા [૧૫]કોડિ ધન લિહિસઇ તેહ.' ૫૯

---

૧. પાઠવી=કહી, પાઠા૦ કીયુ. ૨. પાઠા૦ રજીઉ. ૩. પાઠા૦ નઈ. ૪. પાઠા૦ સદહઈ. ૫. પાઠા૦ ઉલસિ. ૬. પાઠા૦ જઉ. ૭. પાઠા૦ પુહચઉ. ૮. પાઠા૦ સબલ કાજિ ધન દીઉ. ૯. પાઠા૦ દેખી. ૧૦. આદર, સત્કાર. ૧૧. પાઠા૦ હિયઉ. ૧૨. દુખ આપે. ૬. કોટવાળ. ૭. આક્રોશપૂર્વક. ૮. પાઠા૦ લાખ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સભા સહુ મુખ વિલખો કીઉ, તેતલઇ અગડદત્ત બોલીઉ;
[1]અવિધ દીઉ દિન સાત પ્રમાણ, ગ્રહી ચોર આણું ઇણિં ઠાણિ. ૬૦

ગુરુવારિં જો તુ હિં નવિ રહિ, સાહસવંત આપ પરિ લહિ';
જોઇ વેશ્યાઘર જુવટઇ, સૂન [2]હરઈ ચાચરિ ચોવટઇ. ૬૧

છઠ્ઠઓ દિહ ગયો જવ વહી, અરતિ-ચિત કુમર થઓ સહી;
લોક કુમરની હાસી કરિ, સાહસવંત લાજ મનિ ધરિ. ૬૨

જોઇ નગર વનંતરિ ગઓ, સાંઝ પડી તવ [3]બાહિર રહ્યો;
એકાકી તરુઅરનઇ હેઠિ, બઇઠો નરખિ ચિંહુ દસિ દ્રેઠિ. ૬૩

રુપ મજૂરતણો તિણિ કીઉ, [4]વેલુ હેઠિ ખડગ ઢાંકીઉ;
તિસિ એક યોગી [5]વેગલો, દીઠો આવઇ ઉતાવલો. ૬૪

યોગી ભંજી તરુઅર ડાલિ. ચડી બઇઠો ઉપરિ [6]સુવીસાલ;
જાણ્યું કુમરઇં 'એ યોગી નહીં, જીવદયા હીણો એ સહી.' ૬૫

રવી સનમુખ જોઇ વાર-વાર, તે દેખી ચીંતવઇ કુમાર;
બીજા સહુ જાઇ ઘરિવઈ, એ બઇઠો કાંઇ કારણ સહી. ૬૬

કાલઇ વરણિ ક્રુર વિકરાલ, લોચન રત્ત મત્ત [7]મછરાલ;
સહી એ ચોર યોગીનઇ વેશ, જાણી કુમર કીધો આદેશ. ૬૭

યોગી કહિ 'કવણ [8]તુઝ નામ?, કુણ તુઝ ગામ? કુણ ઠામ?';
કુમર તેહ મનિ લિહવા ભણી, કૂડી વાત કહિ આપણી. ૬૮

'સ્વામિ! હૂં જૂયારી ઘણૂં, ધન સઘલુ હારિઉ આપણું;
ચોરી કરુ અનઇ જૂ રમઉ, [9]રાત થાકી ભાગો વન ભમું. ૬૯

રાતઇ છાનો પઇસું ગામિ, જન્મ દલીદ્રી હું છું સ્વામિ!;'
યોગીઇં જાણ્યું 'સાથી એહ, હિવિ [10]ઈણિ સાથ માડું નેહ'. ૭૦

---

૧. મર્યાદા. ૨. ઘરમાં, પાઠા૦ દેહરિ. ૩. પાઠા૦ વાસો. ૪. રેતી. ૫. થોડો દુર. ૬. પાઠા૦ ચુસાલ. ૭. મત્સર યુક્ત. ૮. પાઠા૦ મુઝ. ૯. પાઠા૦ રયણ. ૧૦. પાઠા૦ મુઝ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

યોગી કુમર પ્રતિઇં ઇમ ભણઇ, 'હવિ મુઝ મિલિ દલદ્ર કિમ રહિ?;
દેઇસ આજ કનકની કોડિ.' કુમર પયંપઇ બે કર જોડિ. ૭૧

'તું મુઝ માત તાત તૂં નાથ, તૂં સાહિબ તૂં ગુરુ જગનાથ;
સહી ભાગ્ય જાગ્યું માહરું, જઓ દરસણ પામિઉ તાહરો.' ૭૨

રાતિ પુહુર [૧]વઉલી જેતલઇ, યોગી સજ્જ થયો તેતલઇ;
યોગીતણો વેશ પરિહરી, પિહરી ચર્મતણી [૨]બગતરી. ૭૩

ખાત્ર ખણવા લીયાં હથીયાર, હાથે કંકલોહ કરવાલ;
કુમર ખડગ નિજ સાથઇં કરી, બેહુ પઇઠા ચંપાપુરી. ૭૪

મંત્ર ભણી [૩]ઝબકી વીજડી, તાંલાં ત્રૂટિ [૪]પોલિ ઉઘડી;
'[૫]મારિગિ મંત્ર જ ગણતું જાઇ, જાગતાં નર નીદ્રા થાઇ. ૭૫

ફરઇ નિશંક નગરમાં સહી, મંત્ર-સક્તિ કો દેખઇ નહી;
સાગરસેઠ હાટ હેરીઓ, બઇસી તીહાં ખાત્ર તિણિ દિઓ. ૭૬

[૬]પેઇ દશ આભરણહતણી, કાઢી ઋદ્ધિ [૭]વલી તે ઘણી;
લેઇ એકાંત ઢગલો કીઓ, તસ્કર કુમર પ્રતિ બોલીઓ. ૭૭

'ચ્યારિ મજૂર જઇનઇ તેડિ, જિમ ધન નાખો [૮]વેડિ;
ધન સઘલો લેઇ [૯]માંચઇ ભરો, ચિહુ [૧૦]ખંધે લેઇ સંચરો'. ૭૮

બાહિરિ ગાઉ આવ્યા જસઇં, ચોર તેહ પ્રતિ બોલઇ તસઇં;
'રાતિ ઘણી થાકઇ છઇ સહી, તિહાં વિશ્રામ કરો ઇહાં [૧૧]સહી'. ૭૯

ચ્યારિ મજુર અનઇ તે ચોર, નીદ્ર નીસંક કરઇ તે ઘોર;
કપટ નીંદ્રઇ [૧૨]સુતો કુમાર, નાણઇ તિહાં વીસાસ લગાર. ૮૦

આપ ઠામિં [૧૩]વેલુ આકાર કરી, ઉઢાડિઓ વસ્ત્ર ઉપરી;
આપણ ખડગ ગ્રહીનઇ વહિઓ, અલગો વૃક્ષ મૂલિં જઇ રહ્યો. ૮૧

---

૧. પસાર થઈ. ૨. બખતર. ૩. પાઠા૦ ઠબકી. ૪. દરવાજો. ૫. માર્ગમાં. ૬. પેટી. ૭. પાઠા૦ અનંતી. ૮. વગડામાં. ૯. ચામડાથી મઢેલી પેટી. ૧૦. પાઠા૦ કાંધે દેઈ. ૧૧. પાઠા૦ રહી. ૧૨. પાઠા૦ પઉઢીઉ. ૧૩. રેતી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જાગિઉં તિસિં ચોર વિકરાલ, કાઢી કંકલોહ કરવાલ;
કીઉ મજુરતણો સંહાર, કુમર ભણી મૂક્યો પ્રહારિ. ૮૨

વેલૂં ઢગલો [1]દીઠો જામ, તસ્કર મનિ શંકાંણઉ તામ;
'સહી એ કોઈ પુરુષ પ્રધાન, મુઝ [2]ઉપહિરો વીર નિધાન'. ૮૩

[3]ચ્યાંહઇ ચોર ચિહુ દિસિં જસિં, તરુ-તલિં દીઠો તે તસિ;
ધાઓ ચોર ગ્રહી કરવાલ, અગડદત્ત નાઠઉ તતકાલ. ૮૪

ચોર કુમરની પૂઠિં થઓ, ઘણી ભૂમિ લગિ નાઠઉ ગઉ;
કુમર વેદેસી ન લહઇ સાર, ચોર તીહ ભુઇં લહિં વિચાર. ૮૫

આગિલિ બહુ પાહાણમય [4]સિલા, કરિ ઉભો માણસ જેહવા;
કુમર ધાઇ પઇઠો તેહ માહિ, રહિઓ થંભ પુઠિ કરિ [5]સાહિ. ૮૬

ચોરઇ જાણિઓ એ નર-અંગ, તેણિ હણીઓ ખડગ નિસંક;
કંકલોહ કરવાલ પ્રચંડ, ઘાઈ થંભ હણિઉ [6]શતખંડ. ૮૭

પાછો વલઇઉ કરી અહંકાર, મૂક્યું પૂઠિં કુમરિં પ્રહાર;
લાગિ ખડગ પગે ખડહડિઓ, ચોર વિખંડ થઇનઇ પડિયો. ૮૮

કહિ કુમર હર્ષિત હુંઉ હિયઇ, 'મૂરખ! થાય એમ [7]વાહીય';
ચોર ભણઇ 'કુલ કહિ તાહરિ, જિમ સુખ-મરણ હુઇ માહરિ.' ૮૯

કહિં કુમર 'મુઝ ખત્રી જાતિ', ચોર કહઇ 'તૂં સાંભલિ વાત;
[8]દીસઇ સઇ સન્મુખ પર્વત એહ, તિહાં પીંપલ-તલિ છઇ મુઝ ગેહ. ૯૦

માહરઉ ખડ્ગ હાથિ તૂં ગ્રહી, તાલી ત્રીણ દેજે તિહાં જઇ;
ગુફામાંહિ બિહિનિ મુઝ વસઇ, સિલા ઉઘાડી બાહિરિ આવસઇ. ૯૧

તીણઇ પ્રતિજ્ઞા કીધી એહ, ''બંધવ મારઇ પરણીસ તેહ'';
ચોર **ભૂજંગમ** માહરું નામ, તેહ ગુફા મુઝ વસવા ઠામ. ૯૨

---

૧. પાઠા૦ પેખિઈ જસઈ. ૨. ચડીયાતો. ૩. શોધે છે. ૪. પાઠા૦ સવા. ૫. પકડીને. ૬. પાઠા૦ નવ. ૭. પ્રહાર. ૮. પાઠા૦ દસિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તૂં પરણજે બિહિનિ માહરી, આ સઘલી લખમી તાહરી;
**વીરમતિ** દીધી તુઝ ભણી, ગુફા સહીત ભોગવિ ઋદ્ધિ ઘણિ. ૯૩

હવિ જાગ્યો વલી [1]તાહરો ભાગ્ય, મયા કરી મુઝ દેજે [2]દાઘ';
[3]ઇમ વાત કહી તતકાલ, તિસિ ચોર પણિ કીધો કાલ. ૯૪

તિહાંથિ સામિ પર્વત ગયો, જઇ પિંપલ તલિં ઉભો રહ્યો;
તાલી ત્રણિ મેહલી જેતલિ, સિલા ઉઘાડિ સ્ત્રિ તેતલિ. ૯૫

જોયું એહ બંધવ તો નહી, ભાઈ ખડ્ગ એ હાથે સહી;
'મુઝ બંધવ મારિઉ છઇ એણિ', [4]હસી કુમર બોલાવ્યો તેણિ. ૯૬

'મુંઝ પ્રતિજ્ઞા પૂરી થઈ,' તેડી ગુફામાંહિ તે ગઇ;
ભાઇતણઉ કહિઉ [5]વિરતંત, તે બોલઇ 'ઇહાં બઇસો કંત!.' ૯૭

ચિહું દિસિ દેખેઇ લખમી ઘણી, કમી નહી ધન-સોવનતણી;
સુંદર એક પલ્યંક અપાર, બઇસાર્યો [6]સુખ-સેજ કુમાર. ૯૮

'પ્રીતમ! એ ધન એ આવાસ, હું વીરમતી તમ્હ પય-દાસ;
એહ એકંતઇં મિલ્યો સંયોગ, રહો પ્રછન્ન ભોગવો ભોગ. ૯૯

તમ્હ કારિણિ આણું સુખડી, ઇમ કહી રમણી ઉપરિ ચડી;
સિલા એક પલ્યંક પ્રમાણ, કાઠયંત્રે બાંધી [7]બંધાન. ૧૦૦

ચિંતઇ કુમર 'મઇ કીઉ વિણાસ, વનિતાતણો કીઉ વેસાસ';
ઇમ જાણિ ઉઠિઉ તિહાં થકી, ખૂણઇ જઇ રહ્યો તે [8]લુકી. ૧૦૧

નાંખી સિલા નારિઇં નિશંક, પડતા ચૂર્ણ થયું પલ્યંક;
હસતી નારી બોલઇ તેહ, '[9]વરવા આવ્યો ભોગી એહ.' ૧૦૨

ઇમ હસતી નારી ઉતરી, અગડદત્તિ તે [10]ઝૂંટિઇ ધરી;
'મિ [11]છેદ્યા તુઝ બંધવ ગોત્ર, મૂરખ! રંડ! તૂં કેહી મી માત્ર?'. ૧૦૩

---

૧. પાઠા૦ માહરો. ૨. અગ્નિદાહ. ૩. પાઠા૦ તિસિ ચોર પણિ કીધો કાલ, કુમરઈ જઈ લીઉ કરવાલ. ૪. પાઠા૦ સહી. ૫. વૃત્તાંત.
૬. સુખ-શય્યાપર. ૭. પાશથી. ૮. જુએ છે. ૯. પાઠા૦ પરણિવા. ૧૦. ચોટલેથી. ૧૧. પાઠા૦ વિંધ્યા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બાંધી બાહિરિ આણી નારિ, દીધી સિલા ગુફાનઇ બારિ;
રાજસભાઇ લેઇ ગયો, લોક મનઇ [1]અચંભો થયો. ૧૦૪

રાજા પૂછઇ '[2]સુણુ કુમાર!, નારી આણી કસો વિચાર?';
'એહ બિહનિ આણિ તસતણી, વીરમતી નામઇ પાપણી. ૧૦૫

સાંભલિ રાય! ભૂજંગમ ચોર, અતિ પ્રચંડ [3]પાતકી [4]અઘોર;
દિન ફરતો યોગિનઇ વેસ, રાતઇં [5]મુસતો લોક અસેસ. ૧૦૬

વિદ્યા સબલ ચોરનઇ પાસ, આપ બલ ઉડઇ આકાસ;
મંત્રિ તાલાં ત્રોડઇ સોઇ, ઘર-ધણીઆનઇ નિદ્રા હોઈ.' ૧૦૭

લેઇ [6]ખાડઇ ઘાતી નારિ, રાજા મંત્રી થઉ અસવાર;
નગરલોક સહુ સાથિં કરી, હર્ષિત સઘલી ચંપાપુરી. ૧૦૮

રાજા પ્રતિ કુમર ઇમ ભણઇ, 'એહ ખાત્ર ઘર સાગરતણિ;
સૂતા પુરુષ હણ્યા [7]તેણિ ચ્યારિ, પેખી તસ્કરનાં હથિઆર.' ૧૦૯

કહિઉ સવિ વેલુતણો પ્રપંચ, આપ ઉગરિયો થંભ સંચ;
દિઠો ચોર અતિહિં પ્રચંડ, ખડગ પ્રહારિ થયું તે ખંડ. ૧૧૦

આવ્યો રાય ગુફા બારણિ, નગર લોક પ્રતિ એહવું ભણિ;
'સાત વરસમાં જે ધન ગયું, ખાત્ર [8]ખણી ચોરઇ સંગ્રહિઉ. ૧૧૧

સઘલૂ નામઇ માંડિઓ તેહ, ઘણું વિચારી [9]નરતિ કરેઇ;
ગુફામાંહિ રાજા સંચરિ, ધન પેખી મન અચરિજ ધરિ. ૧૧૨

ઋદ્ધિ સહું લેઇ ઢગલો કીઉ, આપ આપણો ઉલખી લીઓ;
જે પરદેસી થકી ધન રહિઓ, તે સઘલો પાછિ લિઉ [10]ગરો. ૧૧૩

પેખી ઋદ્ધિ તેહ અતિ ઘણી, દીધી રાઈ અગડદત્ત ભણી;
નગરમાંહિ [11]વધાવા કીયા, સહુ કો નિજ મંદીર આવીયા. ૧૧૪

---

૧. આશ્ચર્ય. ૨. પાઠા૦ કહુ. ૩. પાપી. ૪. ભયંકર. ૫. ચોરતો. ૬. પાઠા૦ ખોડઈ. ૭. પાઠા૦ જેહવાર. ૮. પાઠા૦ કરી. ૯. ઉકેલ. ૧૦. ઢગલો. ૧૧. ઉત્સવ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કુમરતણી કીરતિ અતિઘણી, ચુથઉ ભાગ દીઉ ગુરુ ભણી;
સંભલી વાત મયણમંજરી, અતિ હરખીત મનમાં સુંદરી. ૧૧૫

બીજ દિન અતિ વાડિમાંહિ, ગુંખિ બઇઠી અતિ ઉછાંહ;
હસીનઇ અગડદત્ત પ્રતિ ભણઇ, 'કબ સંયોગ હુસઇ આપણઇ?' ૧૧૬

કુમર કહિ 'મિં તાહરુ કિઓ, મરણ અંગ મી સંકટ લીઓ;
તાહરા પીતાતણો દ્રવ્ય હર્યો, તઉ મઇ એતલો ઉદ્યમ કરિઓ.' ૧૧૭

મયણમંજરી બોલઇ 'સ્વામ!, હું નિત જપૂં તાહરું નામ;
બઇઠી છું તુઝ બોલ આધાર, તું મુઝ પ્રીઉં હું છું નારિ.' ૧૧૮

તેણિ અવસરિ રાજાતણિ, પટહસ્તી છૂટો મહિપૂ ઘણઇં;
પાડઇ ઘરિ મંદિર બહુ હાટ, મારઇ લોક નઇ પાડઇ [૧]હાટ. ૧૧૯

અતિ ઉપદ્રવ મંડિઉ તીય, નગરી લોક દુખ દેખીઇ;
દિવસ પંચ વઉલિયા જેતલિ, ચિંતાતુર રાજા તેતલઇ. ૧૨૦

ઝાલી ન સકઇ કો ગજરાજ, માંડિઉ નગરીમાહિ અકાજ;
રાજા સહુ લોક મેલવી, પડહતણિ બુદ્ધિ કેલવી. ૧૨૧

'જે ઝાલી આણઇ ગજરાજ, કોડિ દીનાર દેઓ તસ ભાઇ';
અગડદત્તઈ બીડઓ ઝાલીઉ, ચહુટઇ ગજ ઝાલણ ચાલિઉ. ૧૨૨

હાથી [૨]રાજમુહલનઇ હેથિ, ઉભો જોઇ ચિહુંદસિ [૩]દ્રેઠિ;
આવ્યો કુમર વીણા તવ ગ્રહી, મધુર રાગ આલાપઇ સહી. ૧૨૩

ગાઇ કુમર મધુર સર સાદ, [૪]મયગયલ મોહિઓ તિણિ નાદિ;
તિણી વેલાઇં રાયની કુંયરી, ગુખિં બઇઠી **સુરસુંદરી.** ૧૨૪

અડગદત્ત અતિરુપ નિહાલિ, કામબાણ વેધી તે બાલ;
જિમ-જિમ સરસ રાગ સંભલઇ, તિમ-તિમ વિષય વ્યાપી મન ભલઇ. ૧૨૫

---

૧. દુકાન. ૨. રાજમહેલની નીચે. ૩. દ્રષ્ટિ. ૪. મદગજ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કુમરી નિજ મન નિશ્ચય કર્યો, 'ઇણિ ભવિ એહ કંત મઇ વર્યો';
ગજ નીચો મસ્તક કરી રહ્યો, આપણી બુદ્ધિ ગયવર ગ્રહ્યો. ૧૨૬

હિવિં કુમરી માતા પ્રતિ ભણઇ, 'એ વર માન્યું અમ્હતણઇ';
રાજા ચિત્ત ઘણો ઉછાહ, કુમરિનો માંડિઉ વિવાહ. ૧૨૭

સોમદત્ત ગુરુ બંભણ જેહ, નામ-ઠામ કુલ દાખ્યાં તેહ;
ખરચ્યા બહુલાઆ [1]ગરથ અપાર, પરણ્યું અતિ ઉછવઇ કુમાર. ૧૨૮

રાઇં દીધો ઠામ સુરંગ, સહિસ દોઇ તેજી [2]સુરંગ;
ભલા રથ નઇ મયગલ પંચાસ, અગડદત્ત વિલસઇ સુખવાસ. ૧૨૯

સબલ પાંચસઇ દીધાં ગામ, આપ પાસઇ મંદીર ઘર ઠામ;
સાત ભૂમિ મંદિર આવાસ, અગડદત્ત તિહાં રહિ ઉલ્લાસિ. ૧૩૦

**વસ્તુ :**

કુમર ચિંતઇ, કુમર ચિંતઇ, આપ મનમાહિ ઇહાં,
હું આવ્યો એકલુ, વસ્ત્ર હીણ દુખી રહઓ ભોજન,
જવ સુખ પોતઇ પ્રગટીઉ, તવ અચિંત પામ્યો બહુ ધન';
રોજ કુમર રંગિ મલી, મનોહર મુહિલિ મંડાણ,
**કુશલલાભ** ઇણિ પરિ કહિ, પેખુ પુણ્ય પ્રમાણ. ૧૩૧

અગડદત્ત સુખિ તિણિ પુરિ રહિ, દેસ વિદેસઇ સુજસ ગહિ-ગહિ;
એક દિવસઇ ઘરણઇ બારણઇ, બઇઠો છઇ પરિવાર ઘણઇ. ૧૩૨

તેણિ વેલા એક ગરઢી નારિ, આવિ સમી સાંઝની વાર;
અલગી થકી કરઇ તે [3]સાન, આવ્યો કુમર કરી અનુમાન. ૧૩૩

પૂછઇ કુમર 'કવણ તૂં નારિ?, આહાં આવી કેણ પ્રકાર?';
'મયણમંજરીની હું ધાવિ, તમ્હ પાસઇં આવિ સદભાવિ. ૧૩૪

---

૧. ધન. ૨. એ નામની જાતનો ઘોડો. ૩. સંકેત.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મયણમંજરી ઇમ વિનવઇ, ''રાજકુમરી પરણી હવઇ;
દીધુ બોલહ તો મુઝ ભણી, કિસી વાત તેડાવા-તણિ?'' ૧૩૫

વલતો કુમર કહિ મુખ હસી, 'મયણમંજરી મુઝ મનિ વસી;
મુઝ ચિંતા છઇ એહની ખરી, વાચા અવીચલ છઇ માહરી.' ૧૩૬

સવા કોડિનો દીધો હાર, સાચો દાખ્યુ પ્રેમ અપાર;
મનમાં પ્રીત ધરયો અતિ ઘણી, જાતાં લેઇ જાસું તમ્હ ભણી. ૧૩૭

એક દિવસ આવિયા પ્રધાન, શ્રીવસંતપુર નગરસુ થામ;
અગડદત્ત તેડવા કાજિ, મોકલ્યા ભીમસેન મહારાજ. ૧૩૮

સસરા પ્રતિ માગઇ આદેસ, 'મનિ ઉમહઇઓ જાયવા [૧]સદેસ';
રાજાઇ અતિ આગ્રહ કર્યો, માતા મિલવા મનિ ગહગહ્યો. ૧૩૯

નગરમાહિં મંડઇ પરવાહ, બહુલુ ગરથ દિંઅ ઉછાહ;
સુરસુંદરી રાજકુયરી, લીધી સાથઇ અંતેઉરી. ૧૪૦

દોઇય સહસ હયવરિ પરિવર્યો, નગર સરોવરિ જાઇ ઉત્તર્યો;
કુમરિનઇ દિધી બહુ [૨]આથિ, સપરીવાર રાજા થઉ સાથિ. ૧૪૧

બિહું જોયણે કટક સહુ મિલ્યું, વિઉલાવીનઇ રાજા વલિઉ;
તવ કુમરી પ્રતિ કહિ કુમાર, 'ચાલો તમ્હે લેઇ પરિવાર. ૧૪૨

સેન સહીત વહિયો પુર ભણી, વાટ મ જોયો ઇહ મુઝ તણી;
નગરિ જઇ હુ ગુરુ ભેટીસ, આપઇ તમ્હનઇ આવિ મલેસ. ૧૪૩

ગુરુ માહરો [૩]મોકલાવ્યો નથી, મિં વિદ્યા સિખિ જેહથી';
ઇમ કહી એક રથ વહિઓ, સાંઝ સમઇ ગુરુનઇ ભેટીઓ. ૧૪૪

દીયાં ધન સોવિણ અતિઘણાં, 'એહ પ્રસાદ સહુ તમ્હતણા';
ઊઠિઉ કુમર ગુરુ મોકલાવિ, મોકલી દૂતનેં ધાવિ તેડાવિ. ૧૪૫

---

૧. સ્વદેશ. ૨. સંપત્તિ. ૩. મળ્યો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મયણમંજરી વહિલી તેડિ, ધાઇ [૧]અસુર ન કીજઇ જેડિ;
બહુ આભરણે પેઇ ભરી, બઇઠી રથ મયણમંજરી. ૧૪૬

નારી લેઇ ચોહુટઇ સંચરિ, ઉચઇ સાદિ કુમર ઉચરિ;
'સાગર [૨]સેઠિતણી દીકરી, હું લેઇ જાઉ [૩]છાંનો અપહરી. ૧૪૭

એહની [૪]વાર કરિજિ કોઇ, મુઝ પુઠિ તે આવયો સોઇ';
ઇમ કહી નગર થકી નીસરઇ, સેનાનઇ મારિગિ સંચરઇ. ૧૪૮

સેઠ સૂણી [૫]રલીઆયત થયો, 'વારુ થયો કુમર લેઇ ગયો;
કુલ-કલંક ચડાવત એહ, નીચ સંઘાત મંડત નેહ.' ૧૪૯

કુમર બીહય રયણી અંધાર, સૂઝઇ મારગ નહીં લગાર;
જાતાં મારિગ દોઇ જેતલઇ, ભૂલો કુંમર પડિઉ તેતલઇ. ૧૫૦

ચ્યાર પુહુર વાટિ વહિઆ, દિનિ ઉગતઇ સરોવર ગયા;
વહિયા [૬]કટક નવિ દિસઇ વાટ, ભૂલાં પડ્યા હુઓ ઉચાટ. ૧૫૧

તેસિં એક ગોકલનો ધણી, આવ્યો સરોવર પાણી ભણી;
પૂછઇ કુમર પંથ તસ પાસિ, 'કટક કેહી દિસ વહિઓ? પ્રકાસ.' ૧૫૨

'વસતઇ મારિગિ [૭]દલ સવિ વહિઓ, તુમ્હનઇ તે બહુ અંતર થઓ;
[૮]એહ જ વાટ વસંતપુરતણી, ઇણિ મારિગ છઇ આપદ ઘણી.' ૧૫૩

કુમર [૯]પયંપઇ 'કસો વિચાર?', 'ઇણિ મારગિ છઇ સંકટ ચ્યાર;
કુસલ-ખેમિ જું તે લંઘેસઇ, શ્રીવસંતપુર તઓ પામેસઇ.' ૧૫૪

કુમર કહિ 'તે સંકટ કિસો?', 'હસ્તિ એક [૧૦]રત્ત [૧૧]જિમ જિસો;
તિણિ માર્યા છિ લોક અનેક, પહિલો સંકટ મોટો એક. ૧૫૫

નદી એક મોટી લંઘવી, અતિં ઉંડી યમુના જેહવી;
તેહ તણઇ તટિ સીંહ કેસરી, બીજઇ સંકટ તે મનિ ધરી. ૧૫૬

---

૧. મોજુ. ૨. પાઠા૦ શ્રેષ્ટિતણી. ૩. પાઠા૦ છઉ. ૪. મદદ. પાઠા૦ વાહર. ૫. પ્રસન્ન-ખુશ. ૬. સૈન્ય. ૭. સૈન્ય.
૮. પાઠા૦ એ સુણિ. ૯. બોલે. ૧૦. હૃષ્ટ-પુષ્ટ. ૧૧. જમ=યમ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આગલિ એક દ્રષ્ટિ વિષ સાપ, જાણિ પૂરવ ભવ પાપ;
પેખી માનવ [1]પૂઠઇ પુલઇ, મંત્રિ યંત્રિ ટાલિઉ નવિ ટલિ. ૧૫૭

ચોઉથી ચોરતણી છઇ [2]પાલિ, ઘણા લોક મારિયા તિણિ [3]ઝાલિ;
અર્જન પલ્લિપતિ તે રહિ, વાટ પીડઇ લોક નવિ વહિ.' ૧૫૮

કુમર સાંભલી સંકટ ચ્યારિ, પણિ મનિ બીહઇ નહી લગાર;
મયણમંજરી ચિંતા કરિ, 'માહરા [4]પગની પિંડી થરહરિ. ૧૫૯

પ્રીતમ! એહ પંથ પરિહરો, બીજઇ મારગિ ત્રેવડ કરો';
વયણ સાંભલી પ્રીય મન હસ્યો, 'પસુઆં તણો પરાક્રમ કસો?' ૧૬૦

કીધા [5]મઝ્જણ નીરમલ નીર, બઇઠા બેહુ સરોવર તીર;
પૂઠિથકી આવ્યા સુણિ નામ, વિવહારિઆ ચારિ તિણિ ઠામિ. ૧૬૧

વિવહારી તેણે કીધ જુહાર, કુમર બોલાવ્યા તેણિવારિ;
'કિંહાથી આવ્યા? ઇહ કુણ કામ?' 'શ્રીવસંતપુર વસવા ઠામ. ૧૬૨

પાંચ વરસ પરદેશિં [6]રહ્યા, વિત્ત ઉપાઇ વહિયા;
ચંપાપુરિ વાત તુમ્હ સુણી, અતિ [7]ઉછક [8]હુઆ તુમ્હ ભણી. ૧૬૩

રથ [9]ચીહલે અમ્હ આવ્યા સહી, વીષમ પંથ [10]કોઇ દીસઇ નહી';
કહિં કુમર 'તમ્હે પાછા વલો, બીજઇ પંથ કટક જઇ મલો.' ૧૬૪

તે બોલઇ 'હવિ અંતર ઘણો, સાથિ ન મૂકું અમ્હે તમ્હતણો;
સ્વામી! સપુરીસ સાહસવંત, તુમ્હ સરણે હવઇ અમ્હ નીશ્ચંત. ૧૬૫

ઇણિં અવસર તે અટવી ભણી, બહિનિ ભૂજંગમ તસ્કરતણી;
'અગડદત્ત ચાલ્યો' સાંભલી, [11]સાઝકિરણ ચાલિઉ મનિરલી. ૧૬૬

તેહના સગા સહોદર ચાર, બઇસઇ તિહાં અટવી કંતાર;
સો ભાઇનઇ કહિવા ગહિગહઇ, 'અગડદત્ત મારિગિ વહિ.' ૧૬૭

---

૧. પાછળ. ૨. ચોરોનુ ગામ. ૩. પાઠા૦ પાલિ. ૪. પાઠા૦ દુખે પિત્રી મરઈ. ૫. સ્નાન. ૬. પાઠા૦ હીયા. ૭. ઉત્સુક. ૮. પાઠા૦ થયા તેહ. ૯. ચીલે. ૧૦. પાઠા૦દલ. ૧૧. સાંજના કિરણો હતા ત્યારે – સાંજના સમયે (?)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિણિં સરોવર ઉતરિઓ કુમાર, તે સમીપઇ ગામ અપાર;
ચોર **પ્રચંડ** અછિ તિહાં રહ્યો. વીરમતીઇં જઇ તેહનિ કહ્યો. ૧૬૮

'અગડદત્ત જાઇ એકલો, ભાઇ-વઇર વાલુ તો ભલો';
[૧]ચોર કરી સન્યાસી વેશ, આવ્યો સરોવરતણિ નિવેશ. ૧૬૯

અગડદત્તથી અલગો રહિઉ, વિવહારિઆ પ્રતિ ઇમ કહ્યો;
'જે પણિ આવ્યા એહનિ કેડિ, હવિ આગલિ છઇ ઉજડ વેડિ. ૧૭૦

આવો એહનિ છંડી પાસ, એહ [૨]ટીટાનો કિસો વિશાસ?;
આપણ જાસુ વસતી વાટ, જિમ ભાંજઇ મનનો ઉચાટ.' ૧૭૧

વિવહારિઆ તેહ પ્રતિ કહઇ, 'એહની [૩]નરતિ [૪]મુઠિ નવિ લહિ;
એહનિ સાથિ ભય કો નહી, સાહસવંત સૂર એ સહી.' ૧૭૨

કહિ સન્યાસી 'ધન મુઝ પાસિ, તિણિ કારિણિ ન કુરુ વેશાસ';
લોહ પાસાણ ભરી [૫]વાંસણી, ચોરે દેખાડી તેહ ભણી. ૧૭૩

વિવહારિ આયા મુગધપણિ ચિત્ત, ચોર ભણી દેખાડિ વિત્ત;
પેખી તે રલીઆત થઓ, 'સાથિ [૬]આવસિ' ઈમ કહ્યો. ૧૭૪

કુમર કહિ એ 'ધુરત જાતિ, સકઇ તો એ મ તેડુ સાથિ';
વિવહારિઆ ન વાર્યા રહિ, સન્યાસી સાથઇ થઉ વહિ. ૧૭૫

ત્રિજો દિન [૭]વઉલિઉ જેતલઇ, આવિઓ એક ગોકલ તેતલઇ;
સરોવર પાલિ જઇ ઉત્તર્યો, સન્યાસી સાથઇ ન હુ તર્યો. ૧૭૬

'વરસ એક [૮]પિહરલા આવાસ, હું ગોકલિ રહિઉ ચઓમાસ;
ઇહાં ભગત છઇ માહરો લોક, દુધ દહીનો [૯]મલિસઇ થોક.' ૧૭૭

ગોકલમાહિ સન્યાસી ગયો, સાથિ સહુ તિણિ સરોવર રહઇઓ;
દુધ-દહી બહુલાં મેલવી, કાલકુટ માંહિ [૧૦]વિસ ભેલવી. ૧૭૮

---

૧. પાઠા૦ ચ્યાર. ૨. ગરાસીયાની ખીજવણ. ૩. તપાસમાં નિયત પણે. ૪. મુષ્ટિ-ચોરી. ૫. કેડ ફરતી બાંધવાની રૂપીયા ભરેલી થેલી. ૬. પાઠા૦ આવિ વાસો રહ્યો. ૭. પસાર થયો. ૮. પહેલા. ૯. પાઠા૦ કરિસ સંયોગ. ૧૦. પાઠા૦ વિસસિઉ કેલવી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લેઇ પ્રભાતિ ઘણી આથણી, આવ્યો ભોજન દેવા ભણી;
વિવહારિઆ કુમરનઇ કહિં, 'આણ્યો ગોરસ તમ્હનઇ હઈ.' ૧૭૯

કુમર કહિ 'જિમો મત એહ,' અતિ સમઝાવી સેવક તેહ;
તુ હિ ન રહિ વિવહારિઆ, વિષ-ગોરસ તે આહારીયા. ૧૮૦

સન્યાસી પોહતો [1]તે ગામિ, તેહ જમ્યા સૂતા તેણિ ઠામિ;
જાવાતણી થઇ જવ વાર, કુમર જગાવિ તેણિ વારિ. ૧૮૧

પ્રાણરહીત દીઠા જામ, ચમક્યો કુમર સજ થયો તામ;
[2]સવિ કિહિની લીધી વાંસણી, દીઉ દાઘ વિવહારિઆ ભણી. ૧૮૨

તે સન્યાસી અસી કરિ ગ્રહી, આવ્યો રથિ તે આડો વહી;
'ભાઇ ભૂજંગમ માર્યો જેહ, માંગઉ વયર તેહનો એહ. ૧૮૩

કુમર કિહિ 'રે મુઢ! અયાણ, સીહ સાથિં મૃગ કસ્યું [3]પરાણ?;
વઢવા કારણિ તે બલ કરિ, અસી ગ્રહી અતિ ઉછક આફલઇ. ૧૮૪

કુમરઇં ધનુષબાણ સાધીઓ, વયરી મર્મ-ઠામ વેધીઓ;
અલગો થકો પડીઉ તે જામ, વહી કુમર આવ્યો તિણિ ઠામિ. ૧૮૫

ચોર કહિ સંભલો 'કુમાર!, એક વીનતી મૂઝ અવધારિ;
સાહમઇ પરવત [4]ડાબી દીસઇં, ગુંફામાંહિ મુઝ પુત્રી વસઈ. ૧૮૬

અતિ સરુપ યોવનવય તેહ, પરણીનઇં તે સાથિ લેઇ;
બીજઇ અરથ-ગરથ અતિઘણુ, તે સહૂ તુ લેજે તુઝતણુ'. ૧૮૭

કહિ પ્રચંડ 'ભાર લેઈ ખાગ, દયા કરી મુઝ દેજે દાઘ;
[5]ગુફાંમાહિ જવ જાઇ કુમાર, મયણમંજરી સાથિ [6]તિવાર. ૧૮૮

સીલા ઉઘાડી પઇઠા જસઇ, તસ્કર-પુત્રી આવી તિસઇ;
અપછર-રંભતણિ અનુસારિ, પેખી વિહવલ થયો કુમાર. ૧૮૯

---

૧. પાઠા૦ નિજ. ૨. સહુ કોઇની. ૩. જોર, બળ. ૪. પાઠા૦ દીવા. ૫. પાઠા૦ ગુફા જોઈવા. ૬. ત્યારે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જાણિઓ કુમર 'લેઉં સુંદરી, અતિ સરુપ હુઇ અંતેઉરી';
વાર-વાર સન્મુખ પેખેઇ, નયણ સનેહી [1]નારિ નિરખેઇ. ૧૯૦

મયણમંજરી ચિંતઇ તામ, 'કંત રખેઇ વિલોપઇ મામ';
નારિ કહિ [2]પ્રતિ નાહ વિચારિ, 'વીરમતીનઈ [3]વતંત સંભારિ. ૧૯૧

તઈં માર્યો છઇ એહનો પીતા, [4]કરસો વિસાસ [5]ખાસો ખતા;
માનઓ વયણ માહિરુઉ કહિઓ, ચોર પ્રતિ કાલહિ તૂં રહિઓ. ૧૯૨

રતન અમુલિક લીઆં અનેક, આપણઇ લીધો [6]તર્કસ એક;
મયણમંજરી દાખ્યો પ્યાર, એક સમુપ્યો નવસર હાર. ૧૯૩

સુખિં ખિંતિ આગલિ [7]તીહાથી નીસરિ, અટવીમાહિ મયગલ સ્વર કરિ;
સૂઢિ પ્રાણિ તરુઅર ભાંજતુ, આવ્યો જલધર જિમ ગાજતુ. ૧૯૪

જાણે કરિ પર્વતનો શ્રૃંગ, ધાઈ [8]ધસઇ ધીવર ધવલંગ;
રથ પેખીનઇ રીસઇ બલિ, મારવા કારિણિ આગિલિ પુલઇ. ૧૯૫

દિઠો મયગલ કુમર જિવાર, ધનુષબાણ સજ કીઉ તિવારી;
જિમ ગજ આવિઓ મૂઠિ પ્રમાંણ, તવ કુંભસ્થલ હણિઓ બાણિ. ૧૯૬

[9]બાણ પૂછ લગિં પઇઠો સીસ, મયગલ મોટી મૂકી ચીસ;
વલતો બલિ બીજઇ સરિ હણ્યો, નિરતો સર પુઠિં [10]નિસર્યો. ૧૯૭

બીજઇ સરિ પિહિલો ઠેલીઉ, તિણિ વેદન મયગલ ભેલીઓ;
અટવી સનમુખ નાઠો જાઇ, જાણે પડ્યો સીહનો ઘાય. ૧૯૮

એક કષ્ટ ઉલંઘિઉ કુમાર, આગિલ આવિ નદી અપાર;
રથ છોડિઓ તેહનિ તટિ જઈ, જોયો વૃક્ષ આપ સજ થઈ. ૧૯૯

[11]વેઉ વૃક્ષની લાંબી દોરિ, ત્રૂટઇ નહી ઘણેરઇ જોરિ;
જોઇ નદીતણો વિસ્તાર, આપ ઉતરિઓ પેલઇ પારિ. ૨૦૦

---

૧. પાઠા૦ નીજરિ. ૨. પાઠા૦ તુ નારિ ચિચારિ. ૩. વૃત્તાંત, પાઠા૦ ચીત. ૪. પાઠા૦ કીય. ૫. ગફલતમાં રહેશો=નુકસાન થશે. ૬. બાણનું ભાથું, પાઠા૦ તરગસ. ૭. પાઠા૦ સાંચરઈ. ૮. જેમ માછીમાર બગલા સામે દોડે તેમ. ૯. પાઠા૦ સર. ૧૦. પાઠા૦ નીકલ્યો. ૧૧. વડવાઈ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગાંઠિ ગ્રહી બેહુ [૧]દોરણી છેહ, [૨]ભિંજા પછી ન ત્રૂટઇ તેહ;
મોટા વૃક્ષ તણિ થડ બાંધિ, [૩]તરતો જોઈ છઇ બહુ સંધિ. ૨૦૧

બીજઇ વટિ [૪]તરુની દાલિ, સબલ [૫]પ્રોણિ બાંધી તતકાલ;
નદી તરિઓ દોરણી ગ્રહી હાથિ, ઇમ ઉત્તરીઓ [૬]સઘલુ સાથી. ૨૦૨

નદી લંઘી આઘા સંચરઇ, એકઇ સરોવર ભોજન કરિ;
વશ્યા રાતિ ગુંજઇ સીહ, અગડદત્ત મનમાંહિ અબીહ. ૨૦૩

કહિઓ સારથી ઇંધન લાવિ, ચકમક [૭]લેઇ અગનિ જગાવિ;
ચ્યારિ પુહુર [૮]અંગીઠું કરિ, ચિહુદસિ સિંહ ગુંજતો ફરી. ૨૦૪

સીહ સબદ બોલઇ અણુંશારિ, કુમરિ હણિઉ બાણ પ્રહાર;
તેહ તાલુઓ વિંધઓ જસઇ, પડ્યો સીહ ખડહડઇ ભૂઇં તસઈ. ૨૦૫

જાણ્યું 'મુઠિ ઠરી માહરી, સીહ તણી ચિંતા અપહરી';
તેહથી આઘા વાટઇં વહિં, પેખ્યું સર્પ [૯]ફૂકિ તરુ દહઇં. ૨૦૬

કાલી જાતિ ક્રૂર વિકરાલ, મુખિ મુકિં જાણે દવઝાલ;
ફણી-મણી-કિરણ અજુઆલુ કરિ, માહા વેગઇ પુઠિ સંચરિ. ૨૦૭

ક્રોધઇં ધમધમતો ધાવતો, કુમરિ પેખ્યું તે આવતો;
સજી ધનુષ [૧૦]સારંગ સમાન, મૂકું તવ અર્ધચંદ્ર બાણ. ૨૦૮

ફણ છેદી નાખ્યઉ વેગલો, વેદન સર્પ થઉ આકલુ;
તિહાંથિ રથ ખેડ્યો મનિરલી, પન્નગતણી આપદા ટલી. ૨૦૯

અનુક્રમિ અટવી લંઘી ઘણી, આગિલિ [૧૧]પાલિ ચોરહ તણી;
ચિહુંદિસિ પર્વત એક જ વાટ, તિહા વિચિં રથ નિશરિ વાટ. ૨૧૦

ચોર બિહિનિ જાઇ ઇમ કહિ, તમ્હ વયરી ઇણિ વાટઇ વહિં;
અર્જન પલીપતિ છઇ ઘણી, તેણઇ [૧૨]મેહેલી સેના આપણી. ૨૧૧

---

૧. દોરી. ૨. પાઠા૦ ભીના. ૩. પાઠા૦ નિરતઉ. ૪. પાઠા૦ તરવરની. ૫. જાડી વડવાઈ, પાઠા૦ પ્રાણિ. ૬. પાઠા૦ સોહલો.
૭. પાઠા૦ જાઈ. ૮. સગડી. ૯. પાઠા૦ તસ. ૧૦. શાર્ઙ્ગ ધનુષ્ય. ૧૧. પાઠા૦ પાલિ તિહાં. ૧૨. પાઠા૦ મેલવી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેણઇ રાતિ તે પલ્લિતણા, ગયા અને થઇ જોર જે ઘણા;
અર્જનતણા સહોદર [1]હોઇ, [2]ધાડિ સાથિ માંડી સોઇ. ૨૧૨

પલ્લિપતિ થોડઇ પરિવારિ, આડો આવ્યો વહી તિણિવારિ;
રથ[3]ઘંટા વચિ પડિઉ જિસઇં, પેખઇં કુંમર ચોર ચિહું દસિં. ૨૧૩

મયણમંજરી રોદન કરિ, પૂછઇં કંત 'કાઇ તૂં ડરિ?';
'સીહ [4]સાપ કુંજર એકલા, એ બહુલા કિમ કરસિં [5]ભલાં?' ૨૧૪

કરી બુદ્ધિ ઇમ કહિં કુમાર, 'શામા! સજો સોલ શ્રૃંગાર;
રતન-જડીત [6]ગરહિંણા જેહ, તે પિહિરો અવસર એહ'; ૨૧૫

અદભુત વસ્ત્ર પિહિર્યા અપાર, રથ આગિલિ બિઇસારી નારિ;
અગડદત્ત બિઇઠો તસ પૂઠિ, ધનુષ-બાણ સાધિ નિજ [7]મૂંઠિ. ૨૧૬

અર્જન ચોર વિષય વિકરાલ, રુપવંત નરખી [8]જિવ બાલ;
સઘલી સેના પ્રતિ ઇમ ભણિં, 'રખે કોઇ [9]નારીનઇ હણઇ. ૨૧૭

કરી બુદ્ધિ નર મારિસ એહ, એ રમણી હું આણિસ ગેહ;
તે ટાલીનઇ બાંણ પ્રહાર, મૂંકઇ લાગઇ નહીં લગાર. ૨૧૮

અર્જનચોર ચોપટ [10]ચોસાલ, રથ સમીપ આવ્યો [11]વિકરાલ;
તે અવસર ઓલખીઉ કુમાર, મર્મ-ઠામઇ [12]મેહિલો પ્રહાર. ૨૧૯

સર લાગતિ સમઇ ખડહડઇ, થઓ અચેત ભૂમિ-તલિ પડિ;
બીજાઇ નર હણિયા બહું, સેના તતખિણ ભાગિ સહુ. ૨૨૦

[13]વિણ નાયક સેના નવિ રહિ, લાંઘી પાલ ચિત્ત ગહગહિ;
વસંતઇ દેસ વાટ તે વહિ, પુણ્યઇ વંછીત ફલઇ કવી કહિ. ૨૨૧

હવિ જે પરણી રાજકુમીરિ, વહિ પંથ દલસહીત જિવાર;
કુમરતણી નીત જોઇ વાટ, સ્વામિ વિણ સેના ઉચાટ. ૨૨૨

---

૧. પાઠા૦ દોઈ. ૨. પાઠા૦ શૈન્ય. ૩. ટેકરીઓ વચ્ચેનો રસ્તો. ૪. પાઠા૦ સાથિ. ૫. પાઠા૦ કલા. ૬. આભૂષણ. ૭. પાઠા૦ પૂંઠિ.
૮. પાઠા૦ જમ. ૯. પાઠા૦ રમણીનઈ. ૧૦. ચારે બાજુથી. ૧૧. પાઠા૦ અસિ ગ્રહી. ૧૨. પાઠા૦ કીઉ. ૧૩. પાઠા૦ નર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રીવસંતપુરિ આવ્યા જસઇં, સન્મુખ રાજા આવ્યો તસઇં;
પૂછઇ રાય 'અગડદત્ત કિહાં?' તવ દલનાયક બોલઇ તિહાં. ૨૨૩

'ગુરુનઇ મલવા પાછો વલ્યો, વલતો અમ્હ સાથિં નહુ ભલ્યો';
કુમરતણી હવિ કરવી સાર, રાજાઇ મુક્યાં અસવાર. ૨૨૪

રાજા કુમરીનઇ સાથઇં કરી, નિજ મંદીર આવ્યા સુખ ધરી;
દીધો [1]બહુલો દ્રવ્ય અપાર, સાસૂ પ્રણમી મિલિઉ પરિવાર. ૨૨૫

રાજા મનઇ ઘણો [2]અંદોહ, રાજકુમરીનઇ કંત વિછોહ;
માતાનઇ નિજ પુત્ર વિયોગ, તિણિ શોકાતુર સઘલો લોક. ૨૨૬

એક કહિ 'રથ ભૂલુ પડ્યો, જઉ અટવીનઇ મારિગ ચડ્યો;
વિસહર-સીહ-ગયંદ વિણાસ, તઉ આવવાની કેહી આસ?' ૨૨૭

ઇમ સહુ કોઇ ચિંતા કરિ, જોતાં કુમર ચિહું દશ ફરિ;
એકઇ રથઇં કુઅર તેણિવાર, આવ્યો સરોવરઇ હરખ અપાર. ૨૨૮

ગયા વધાવા રાજા ભણી, સવા [3]કોડિ દઇ વધામણિ;
રાજકુમરી માતા સાંભલી, દિઓ હાર મનિ પુગી [4]રલી. ૨૨૯

સુભ મુહુરત [5]પઇસારો કીઓ, પિતા [6]ગ્રાસથિ ત્રિગણો દીઓ;
માના પ્રણમી પગઈ આનંદ, સેવઇ નર-હય-ગય બહુ વૃંદ. ૨૩૦

વાટિ મૂઆ જે વિવહારિયા, આપઇ ગરથ જે ઉગર્યા;
વીત્ત ભરી હુંતી વાસણી, તે આપી સવિ કહિનઇ [7]ગણી. ૨૩૧

અગડદત્ત રાજા પ્રતિ કહિ, 'પિતાતણો ઇહાં વયરી રહઇ;
એતી કૃપા કરો મુજ સ્વામિ!, હું તે સાથિ કરું સંગ્રામ.' ૨૩૨

અભંગસેન રાય તેડાવીઉ, [8]સનદ્ધ-બદ્ધ થઇ તે આવીઓ;
મિલ્યા લોક તે જોવા કાજિ, અગડદત્ત આવઉ તેણિ કાજઇ. ૨૩૩

---

૧. પાઠા૦ અણગ. ૨. પાઠા૦ ચિંતા. ૩. પાઠા૦ લાખ. ૪. આનંદ. ૫. પ્રવેશ. ૬. રાજ્યકર્તાના કુટુંબીઓને પગાર માટે અપાતી રોકડ રકમ. ૭. પાઠા૦ ઉગરી. ૮. બખ્તર પહેરીને, પાઠા૦ સજી-સમાજી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કહિં લોક 'એ બાલ કુમાર, અભંગસેન પરચંડ અપાર';
એક કહિ 'ગજ મોટો હોઇ, બાલક સિંહ ન પુચિં તોઇ.' ૨૩૪

દો આખડઇં અતિ આફલઇ, ભૃકુટી ભીષણ થાએ ભલઇ;
અભંગસેનઇ વાહિઓ કરવાલ, અગડદત્તિં ચૂકવીઉ તતકાલ. ૨૩૫

મુકિંઉ ખડગ કુમરઇ કરી રીસ, અભંગસેનનું છેદ્યો શીસ;
પુગી જણણીતણી [૧]જગીસ, સજન લોક દઇ તવ [૨]આસીસ. ૨૩૬

અભંગસેનની સઘલી ઋદ્ધિ, રાય અગડદત્તનઇ દીધ;
વાલ્યો વયર પીતાનુ સહી, નિજ મંદિર આવ્યો ગહગહી. ૨૩૭

અરધ રાજ લિઉ રાજા [૩]તણઈ, સુખ ભોગવિ ઘરિ આપણિં;
રાજકુંઅરિ સાસું ઘરિ રીત, મયણમંજરીસું મન પ્રીતિ. ૨૩૮

ઇક દિન ઇન્દ્રમહોછવ હુઓ, પડહ વજાવઇ રાજા કહુઓ;
'સુધ પ્રભાતિ સહુ કો વનિ [૪]વહીં, [૫]સઝી સમુઝી આવીયા સહી. ૨૩૯

નગર લોક સહુ કો વનમાંહિ, રાજા પ્રેમ ઘણઇ ઉછાહિ;
અગડદત્ત માતા સંઘાત, સપરીવાર આવ્યો પરભાતિ. ૨૪૦

ચ્યાર પુહુર લગિ નાટિક કિયાં, ભોજન-દાન-માન બહુઇ દીયાં;
સાંજ પડેઇં તવ રાજા ભણઇ, પુહુચો [૬]સવે મંદિર આપણઇ. ૨૪૧

સઘલો અગડદત્ત પરીવાર, માતનઇ તે [૭]કરિ જુહાર;
સજી સમુઝી ઘર ભાણી વહિં, હસી કુમર માતા પ્રતિ કહિ. ૨૪૨

'સહુ કો તમ્હે પધારો ઘરે, [૮]અમ્હે આવું છૂં પણિ અંતરે';
મયણમંજરી રાખીઇ પાસ, હીચોલે હીંચીઅ ઉલાસ. ૨૪૩

નગર લોક [૯]સહુઇ કો ગયા, નારીસહીત કુમર તિહાં રહિયા;
તિણિ અવસર વિદ્યાધર કોઈ, વહિ આકાસ ઉછક [૧૦]હોઇ. ૨૪૪

---

૧. આશા, પાઠાo આસીસ. ૨. પાઠાo આર્શીવાદ. ૩. પાઠાo ભણિ. ૪. જાય છે. ૫. પાઠાo સાંઝ સમય મંદિર આવયો. ૬. પાઠાo સહુ કો ઘરિ. ૭. પાઠાo રાજકુંઆર. ૮. પાઠાo હું. ૯. પાઠાo નગરમાહી. ૧૦. પાઠાo સોઈ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેહતણી નારિ છઇ જેહ, અન્ય પુરુષસિઉં લુબધી તેહ;
તે વિદ્યાધર [૧]જાણી વાત, કરવા માંડ્યો નારી ઘાત. ૨૪૫

મનિં કુડિ મુખિ માયા કરિ, હણતો ઘરિ પિતાથિ ડરિ;
ફૂલ સુગંધ બહુ મેલવી, ઔષધ ચૂર્ણમાંહિ કેલવી. ૨૪૬

ફૂલતણો તિણિં ગુથિઉ દડું, માહ સર્પ થયો નાનહડું;
[૨]તેહના વિષનો એ [૩]સંકેત, ડંક સમઇ તે થાઇ અચેત. ૨૪૭

વિદ્યાધર દડો કરિ લીઉ, તિ લેઇ નિજ નારીનઇ દીઓ;
ક્ષણ એક લગિ નારી કરિ ગ્રહી, ઉછાલી નાખઓ ભૂઈ સહી. ૨૪૮

અંબરથી આવિઉ અપાર, અગડદત્ત દીઠો તે વાર;
કરમયોગ તે હાથે [૪]લીઓ, મયણમંજરીનઇ વલી દીઓ. ૨૪૯

દેખી દડુઓ અપુરવ તેમ, દેઇ નાસકા પરિમલ લેઇ;
સર્પ ડંક દીધઇ ખડહડઇ, અગડદત્ત નઇ ખોલિ પડિ. ૨૫૦

કુમર કરિ તવ હાહાકાર, 'હે હે દૈવ! [૫]હુઉ નિરધાર';
કુસમ [૬]ટલીનઇ હુઉ સાપ, કુમર કરિ તવ દુખ વિલાપ. ૨૫૧

પુહુર એક લગિં ઉષધ મંત્ર, કીધા મણી [૭]મહુરાના તંત;
[૮]તુહઇ ચૂરણ સર્પ્ય પ્રમાણ, ચાલઇ કાંઇં નહીય [૯]પરાણ. ૨૫૨

નયરીતણી પોલિ સવિ [૧૦]જડી, મૃતકરુપઇ સ્ત્રી પાસઇ પડી;
કર્મ મોહિના-તણઇ પ્રકારિ, સાંથિ મરણ મંડઉં કુમારિ. ૨૫૩

સૂકાં કાષ્ટ બહુલાં સંગ્રહી, માંહિ બિઇઠો પ્રમદા ગ્રહી;
અગનિ લગાડિ ચિહુંદસિં જસઇ, તે વિદ્યાધર આવ્યો તસિ. ૨૫૪

કહિ વિદ્યાધર 'સુણિ માહારાજ!, મુરખ મ મરિ નારિનઇ કાજ';
કહિ કુમર 'એહ [૧૧]મુઝસું પ્રેમ, [૧૨]એહ વિના હું જીવું [૧૩]કેમ?'. ૨૫૫

---

૧. પાઠા૦ જાતા વાટ. ૨. પાઠા૦ જેહના. ૩. ફળ. ૪. પાઠા૦ ઝાલીયો. ૫. પાઠા૦ થયુ. ૬. પાઠા૦ ફીટી. ૭. મહુડાનું વૃક્ષ, પાઠા૦ બહુ. ૮. તેનાથી, પાઠા૦ તઉહી. ૯. પ્રાણ. ૧૦. બંધ થઈ ગઈ. ૧૧. પાઠા૦ ઇણસિઉ. ૧૨ પાઠા૦ ઈણિ પાખિઈ. ૧૩. પાઠા૦ નેમ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વીદ્યાધર તે દીખી કુમાર, દયાવંત અતિ થયો અપાર;
'વિષનો એહ દડો માહરો, [1]હુઓ સંહરુ વિષ સઘલો તાહરો.' ૨૫૬

અગડદત્ત રલિયાત થયો, તેહનિ કાંનિ મંત્ર તિણિ દીઓ;
મયણમંજરી સાજી થઇ, અગડદત્તની ચિંતા ગઇ. ૨૫૭

કહિ વિદ્યાધર 'સુણો કુમાર!, તાહરિ એહસું પ્રેમ અપાર;
પણ નારી હુંઇ નીઠુર જાતિ,' વિદ્યાધર કહિં વિતક વાત. ૨૫૮

કહિં કુમર 'સહુ સરીખી નહી, માહરિ પ્રાણ-જીવ એ સહી;
તઇં મુઝ દિધો જીવીદાન, તૂં ઉપગારી સુગણ નીધાન.' ૨૫૯

નવસર હાર કુમર તવ દીઇ, ઉત્તમ [2]હી તે અવસર લહિ;
'આજ [3]થકી તૂં બંધવ થઓ,' વિદ્યાધર નિજ ઠામિ ગયો. ૨૬૦

મયણમંજરી જાણી વાત, 'માંડિઓ મરણ પ્રીય મુઝ સંઘાત';
ખરી પ્રીત જે મનિ નિર્વહઇ, મયણમંજરી પ્રીઉ પ્રતિ કિહિ. ૨૬૧

'સ્વામી! [4]બહુરાતિ અંધાર, નયણે ઘોલઇ નીદ્ર અપાર;
દીસઇ એ સનમુખ દેહરુ, ચાલો તિહાં કીજઈ [5]સાથરુ. ૨૬૨

પ્રમદા ઉપાડી ભૂજ પ્રાણિ, બઇસારી પ્રસાદઇ આણિ;
'સ્વામી! ઇહાં અંધારું ઘણું,' 'આણું અગનિ તણું [6]ચાંદ્રણુ.' ૨૬૩

અગનિ લેવા ગયુ કુમાર, કુમરી [7]સંચલ સુણ્યો તિવાર;
[8]છાના નર બોલઇ દેહરિ, ચોર દોઈ આયુધ સજ કરિ. ૨૬૪

મયણમંજરી પૂછઇ તામ, 'કવણ તમ્હે? ઇહાં કેણઇ કામ?';
'ચોર અમ્હે આવ્યા ઇણિ ઠાંણિ, અગડદત્તના વઇરી જાણિ. ૨૬૫

ચોર ભૂજંગમ અતિ પરચંદ, અર્જન પણિ કીઉ બિ-ખંડ;
ત્રિંહુ ભાઇના વયર વાલવા, આવ્યા અગડદત્તનઇ મારવા. ૨૬૬

---

૧. પાઠા૦ ઉગરું. ૨. પાઠા૦ વિદ્યાધર નવિ લીયઈ. ૩. પાઠા૦ પછઈ. ૪. પાઠા૦ અછઈ. ૫. પથારી. ૬. ચાંદરણુ=ઝાંખો પ્રકાસ.
૭. હલચલ. ૮. છુપાયેલા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બંધવ પાંચ હતા અમ્હ જોડિ, એણઇ [1]વિહંડી લાઇ ખોડિ;
વરસ ચ્યાર અમ્હે ભમ્યા સહુ, પણિ એકાંતઇ પામ્યો નહી. ૨૬૭

આજ [2]સમો હુંતો અતિભલો, હવિ [3]માડ્યું કુઅર એકલો;
તિસઇ સર્પ-વિષ તુઝનિ થયો, મરવા સાથિં કુમર ઉમહિઓ. ૨૬૮

જાણ્યું એહ કુમર ઇમ સરઇ, ફોકટ [4]ઝુઝ કવણ હવિ કરિ;
વિદ્યાધર આવ્યો તિણિવાર, ટાલ્યું મરણતણો સંહાર. ૨૬૯

હિવિ અમ્હે સજ કીયાં હથીઆર, હણસાં આવત સમય કુમાર';
સંભલી વાત મયણમંજરી, કર્મયોગ નારિ મતિ ફરી. ૨૭૦

નારી કહિ 'ચોર! સાંભલો, બોલ બંધઇ તુમ્હે સાચો [5]મલો;
એ તઉ હું અગડદત્ત મારેસઇ, પછઇ હું તમ્હ સાથિં આવેસ.' ૨૭૧

છાનું દીવો ચોર જ પાસિ, નારી પ્રગટ [6]કીઉ જાસ;
'રુપવંત જઓ એ નર હોઇ, તુ હું પ્રીય આદરસું દોઇ.' ૨૭૨

ચોરે જાણ્યુ 'કુડી વાત, [7]ઇ કિમ કરસઇ સ્વામિ ધાત'?;
એ કહિ 'કામાતુર નારિ, સુત બંધવ કરિ સંહારિ.' ૨૭૩

ચોરે ચિત્ત વિમાસ્યું ઈસ્યું, 'હિવિ પણિ કોતિગ જોઇસુ';
છાનો દીવો ઢાંક્યો જસઇં, અગડદત્ત પણિ આવ્યો તસઇ. ૨૭૪

નારિ પ્રતિ કુમર ઉચરિ, 'કસો ઉજાસ થઓ દેહરિ?';
નારિ કહિં 'ન જાણિ સહી, સચેતન કાયા મુઝ નહી. ૨૭૫

પણિ હું વાત કહું અનુમાનિ, તે સાચી કરિ કંત! તું જાણિ;
આણિ આગિ તમ્હે વેગલી, હથ થકી વાઇ [8]પરજલી. ૨૭૬

તેહનો ઝલકો સહમી ભીતિ, તે ઉજાસ હસઇ [9]તિહાં ભિતિં;
મઇ પણ દીઠી વેગલી હતી, સાહમી ભિંત અગનિ ઝલકંતી'. ૨૭૭

---

૧. વિનાશ કરનારે. ૨. સમય, પાઠા૦ સુપન હતઉ અમ્હ ભલઉ. ૩. મળ્યો, પાઠા૦ હવિ પાડિઉ, ૪. યુદ્ધ. ૫. પાઠા૦ કરુ. ૬. કરાવ્યો?. ૭. પાઠા૦ ઇમ. ૮. પ્રજ્વલિત થઈ. ૯. પાઠા૦ તુમ્હ ચીંતિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પણિ નારી મન માયા ધરુ, ભૂમિં સવસ્ત્ર જોઇ પાથરુ;
હિવિ ફોકટ અજુઆલું કરું, જિમ આપણ [1]કીજઇ સાથરુ.' ૨૭૮

લેઇ ખડગ નારીનઇં દીઓ, [2]પોતઇ વિશ્વાનર ફૂકીઓ;
તવ નારી પ્રીય મારણ ભણી, મૂક્યો ખડગ તેણિ પાપણી. ૨૭૯

વાહતાં [3]ભારવટઇ જઇ અડિઓ, હાથ વિછોટઓ ભૂંઇ પડ્યો;
કહિ કુમર 'એહ જ સિઓ થઓ?' 'મઇ અજાણઇં ઉંઘીઓ ગ્રહિઓ.' ૨૮૦

કહી એમ સંતોષિઓ કંત, બઇઠાં બેહુ સાથઇ નશ્ચંત;
ચોરે દીઠો એહ વૃત્તાંત, હિયડામાહિ થયા ભયભ્રાંત. ૨૮૧

'ધીગ્-ધીગ્ એ સંસાર અસાર, હૈ હૈ નારી હણ્યું ભર્ત્તાર;
સગો કોઇ કહિનો નહીં, સ્વારથવંત સહુ [4]કો સહી. ૨૮૨

[5]ઇણિં નર એ નારીનઇ કાજ, માડિઓ હુંતો મરણ અકાજ;
[6]તિણિં નારિં પ્રીઉં [7]સઇં હથિ હણિઉ, [8]ગુણહીણ નેહ ન ગણ્યું. ૨૮૩

કર્મ મોહની વસિ જે પડિયા, રાય રાંક જિમ તે રડવડ્યા';
ચોરે [9]ચિંત વીમાસી અસી, મન વયરાગતણિં મતિ વસી. ૨૮૪

દેખી ચરિત્ર ચોર મનિં ડરચ્યા, [10]છાડીની વાટઇ નીસર્યા;
વનં ભમતાં સુધઇ વઇરાગિં, મુનિવર મલિઆ [11]તેહનિ ભાગિ. ૨૮૫

સુણી ધરમ સાચઓ ઉપદેસ, દીખ્યા ગ્રહી સાધુનઇ વેસ;
ભણઇ-ગણઇ તપ-જપઇ અપાર, ગામ-નગર-પુરિ કરિં વિહાર. ૨૮૬

હિવિં તે અગડદત્ત દેહરિં, ચ્યાર પુહુર નિસિં નિદ્રા કરિં;
ઉગટઇ દિન નિજ મંદિર ગયા, રાતિતણાં સવિ [12]વાત કહિયાં. ૨૮૭

સુખઇ સમાધિ તિણિ પુરિં રહિ, હય-ગય-રાજઋદ્ધિ ગહિ-ગહિ;
ઘરિ સ્વામિની રાજકુંયરી, પણિ અતિ પ્રીત મયણમંજરી. ૨૮૮

---

૧. પાઠા૦ મંડુ. ૨. પાઠા૦ આપણ. ૩. પાટડો, મોભ. ૪. પાઠા૦ છઈ. ૫. પાઠા૦ ઈહિ પુરુષ. ૬. પાઠા૦ જિણિ. ૭. સ્વયં. ૮. પાઠા૦ ગુણહીણી તેહ૦ ૯. પાઠા૦ વાત. ૧૦. નદીનો કાંઠો, પાઠા૦ છીની. ૧૧. પાઠા૦ તીયાંની. ૧૨. પાઠા૦ વીતક.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અનુક્રમઇ પુત્ર દોઇ સંતાન, દીધા અરથ ગરથ બહુમાન;
અન્ન દિવસ રાજા ઇમ ભણિ, '**પોતનપુરિ** કારિય આપણઇ.' ૨૮૯

અગડદત્ત પરધાન જ ભણી, [૧]પોહઓ સાથિ સેન લેઇ ઘણી;
તિણિ રાજાનઇ આપ્યું ઘણો, વયર અછઇં ત્રિણિ પેઢી તણો. ૨૯૦

મેલ કરેવા તેડિયા [૨]તીહઇ, તીહાં તમ્હનઇ પુહુતો જોઈ ઈહિ;
સીખ માગિ તિહાંથિ ચાલીઓ, અનુક્રમઇ પોતનપૂરિ આવીઓ. ૨૯૧

મેલ કીઉ બેહું રાજા તણો, બિહું સંતોષ થઓ મનિ ઘણો;
ઉતારિ તિણિ નયરી રહિ, નિત-નિત નવ કહિણ તિહાં કહિ. ૨૯૨

અન્ન દિવસઇ ઉતારામાહિ, અગડદત્ત જમીઓ ઉછાહ;
ચોર ભૂંજગમની [૩]અનુશાર, [૪]બિહિરણ આવ્યા દો અણગાર. ૨૯૩

અગડદત્ત તવ [૫]પૂછઇ ઇસ્યું, 'તમ્હ વયરાગનું કારણ કસ્યું?';
કિહિ સાધુ 'સાંભલો વિચાર, અગડદત્તનો એ ઉપગાર.' ૨૯૪

વાત સુણી ચિત ચમક્યો તામ, 'કુણ તે અગડદત્ત? કુણ [૬]ઠામ?;
તમ્હ સાથઇ કેહું સંબંધ?, કરીય પ્રસાદ નઇં કહું પ્રબંધ. ૨૯૫

**દુહા :**

સાધુ તેહ નવિ ઉલખિ, તિણિ સઘલું વૃત્તાંત;
જિમ હુઓ તિમ જ કહિઓ, નિસુણી મનઇ ચમકંતઇ. ૨૯૬

'અમ્હે ભૂજંગમ ચોરના, લહુડા બંધવ દોઇ;
વયર ત્રિહું ભાઇતણું, નિત મનસા લઇ સોઇ. ૨૯૭

વસંતપુરિ અમ્હે આવીયા, ઇહું મહોછવ સાર;
તેણિ રાતિ એકલો પેખ્યો, અગડદત્ત કુમાર. ૨૯૮

---

૧. પાઠા૦ પુહુતુ. ૨. પાઠા૦ તાહિ. ૩. સમાન, પાઠા૦ અણુહારિ. ૪. વહોરવા. ૫. પાઠા૦ પૂછઈ. ૬. પાઠા૦ ગામિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ચૂપઈ :**

મયણમંજરી સર્પઇ ડસી, જાણ્યું કુમર મૃત [1]ચહસી;
સા તે વીદ્યાધર સાજી કરી, પ્રાસાદઇ આણી કુંઅરી. ૨૯૯

અગનિ કાજઇ ગયો કુમાર, મયણમંજરી ફરી તીવાર;
''હિવિં હું તમ્હ ઘરિ પ્રીય! આવેસ, અગડદત્ત સઇ હાથઇ [2]હણેસ.'' ૩૦૦

તે તો અમ્હે ન માની વાત, જાણિઓ ''પ્રીઉ કરિસઇ નહી ઘાત'';
પ્રીઉ પૂછઇ ''દેહરિ ઉજાસ?'', ''અગનિ આણતાં હુઉ પ્રકાસ.'' ૩૦૧

અગનિ ફૂકતાં ઉઠી બાલ, કંત ભણી વાહીઓ કરવાલ;
વલતું કપટ વચન તેણીઇ કહિઓ, ''ભોલપણઇ અસી ઉંધું ગ્રહિઓ''. ૩૦૨

જિમ પેખઉ અમ્હે એહ પ્રકાર, ધીગ્-ધીગ્ એ સંસાર અસાર;
તિણિ અમ્હે લીધો સંયમ ભાર, અમ્હનિ અગડદત્ત ઉપગાર'. ૩૦૩

વાત સૂણી ઉઠીઉ કુમાર, પય લાગી પ્રણમ્યાં અણગાર;
'[3]જેહ વાત ઋષિજી! તમ્હે કહી, તે તો અગડદત્ત હું સહી. ૩૦૪

મિત્ર! ત્રિણિ બંધવ તમ્હતણા, મારી પાપ ઊપાયા ઘણા;
ખિમાવંત તમ્હે ઉપસમ કરો, એ અપરાધ ખમો માહરો.' ૩૦૫

મનમાં ચિત ચિંતઇ [4]મુની સહી, 'અણઓલખઇ વાત મઇ કહી;
પણ છઇ ઉત્તમ એહ કુમાર, કિમ [5]કહું જોઈ ભવ-નીસ્તાર?. ૩૦૬

'જોયઓ નારીતણો ચરીત્ર, જીણઇ કીધઉ એવડો [6]અખત્ર;
જેહનિ કાજ મરણ માંડિઓ, ચોર [7]કાજિ કંતહ ખંડીઓ.' ૩૦૭

વાર-વાર કુંઅર દુખ કરિ, જિમ-જિમ તેહ વાત સંભરઇ;
'મરમ ન જાણ્યું નારીતણો, ફોકટ ભવ હાર્યો આપણો.' ૩૦૮

---

૧. બળશે, પાઠા૦ હિવિહ. ૨. પાઠા૦ મારિસિ. ૩. પાઠા૦ જિ કાઈ. ૪. પાઠા૦ રષિ. ૫. પાઠા૦ હી જુ હુઈ. ૬. નીંદ્યકાર્ય.
૭. પાઠા૦ પ્રતિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'અગડદત્ત! મનિ મ કરિ કલેસ, સાંભલિ ધર્મતણો ઉપદેશ;
કુટિલ ચરિત્ર [૧]સહુ નારીતણાં, અંગ-ઉપાંગ કહ્યાં અતિ ઘણાં. ૩૦૯

વીષયવ્યાપી લોપઇ [૨]કાર, કુલનઇ [૩]કેડિ ઉડાવિ [૪]છાર;
ન ગણઇ માય-[૫]તાય-ભરતાર, મીચી આંખિ કરિં અંધાર. ૩૧૦

ચૂલણી બ્રમ્હદત્ત સૂત હણ્યો, પુત્રતણો સગપણ ન હું ગણ્યો;
સૂરિકંતા મારિઓ કંત, ભાખ્યો વર્ધમાન ભગવંત.' ૩૧૧

[૬]સહિગુરુતણાં વચન સાંભલી, મનિ વઇરાગતણિ મતિ ભલી;
રાજ ઋદ્ધિ કીધો પરીહાર, [૭]સઇ-હથિં લિધો સંયમ ભાર. ૩૧૨

અનૂક્રમિં ભણ્યા અગ્યારહ અંગ, પાલિં ચારિત્ર મનનઇ રંગ;
ઉગ્ર તપઇ સોસઇ નિજ દેહ, પ્રવચન માતા પાલિ તેહ. ૩૧૩

અંત સમઇ સંલેખના કરી, શ્રી ગુરુ મુખિ અણસણ ઉચરી;
શુભ ધ્યાનિ મન [૮]નિશ્ચલ ધર્યો, નવમઇ ગ્રૈવેકઇ અવતર્યો. ૩૧૪

તિહાંથિ ચવીનઇ ઉત્તમ ઠામ, ઉત્તમ કુલ સંયમ અભીરામ;
ઘણા જીવ પ્રતીબોધી કરી, અનુક્રમિં પામેસઇ શિવપુરી. ૩૧૫

**સંવત બાણ[૫] પક્ષ[૨] સિણગાર[૧૬]**, કાતા સુદિ પૂનિમઈ ગુરુવાર;
**શ્રી વીરમપૂરિ** નયર મઝારિ, કરી ચોપઇ મતી અણુસારિ. ૩૧૬

શ્રી **જિનચંદ્રસૂરિ** ગુરુરાય, ગુરુ શ્રી **અભયધર્મ ઉવઝાય;**
**વાચક કુશલલાભ** ઇમ ભણિ, સુખ સંપત્તિ થાઇ આપણઇ. ૩૧૭



૧. પાઠા૦ બહુ. ૨. આબરુ. ૩. કેડે. ૪. ધૂળ. ૫. પાઠા૦ બાપ. ૬. સદ્દગુરુ. ૭. પોતાને હાથે. ૮. પાઠા૦ નિશ્ચઈ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૩. શ્રીસુંદરજી કૃત અગડદત્ત રાસ

**દુહા :**

પરમપુરુષ પરમેષ્ટિ જિન, પ્રણમું ગઉડીપાસ;
સુરતરુ-મણિ જિમ સદા, સફલ કરઇ [૧]મન આસ. ૧

ઉપગારી આસન્નતરુ, શાશનનાયક **વીર**;
ત્રિકરણ સુદ્ધઇં સમરતાં, તારઇં ભવદધિ તીર. ૨

**ગૌતમ**નામ સુહામણઉ, મુનિ મન કીર સાલ;
આપદ-અપહર નિત [૨]કરઈ, પગિ-પગિ મંગલમાલ. ૩

સરસતિ મતિ દ્યઉ નિરમલી, જિમ હુઇ અધિકઇ [૩]લોલ;
સુપ્રસન થાઉ માતજી!, કીજઇ કવિત કલોલ. ૪

શ્રી **જિનદત જિનકુશલ** ગુરુ, **ખરતરગચ્છ** નરેસ;
સેવકજન સાનિધિકરણ, આવઇ તુરત વિસેસ. ૫

શ્રી અકબર-પ્રતિબોધતા, પ્રકટ્યઉ પુન્ય પડૂર;
વિજયમાન વિદ્યા-અધિક, યુગવર **જિનચંદ્રસૂરિ.** ૬

આચારિજ **જિનસિંહસૂરિ,** અવિઘટ જસુ અધિકાર;
ગુણ છત્રીસે ગહગહઇ, સંઘ સદા સુખકાર. ૭

યુગવર-સીસ સિરોમણી, અનુપમ આદિ વજીર;
**હરખવિમલ** નિજ ગુરુતણઉ, લહિ સુપસાય સધીર. ૮

**વાચક શ્રીસુંદર** કહઇ, સુણિજ્યો એ [૪]સંબંધ;
દ્રવ્યત-ભાવત જાગિવઇ, **અગડદત્ત** પરબંધ. ૯

---

૧.પાઠા૦ સવિ. ૨.પાઠા૦ થઈ. ૩. ભપકો. ૪.પાઠા૦ સુભ બંધ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાલ : ૧, રાગ-[૧]કેદારો

પહિલઉ જંબૂદીપ પ્રધાન, સુંદર [૨]રાજત થાલ સમાન;
પ્રમાણ અંગુલ લખ જોયન માનઇ, ઇમ ભાખઇ જિનવર [૩]વ્રધમાન. ૧૦

દક્ષિણ ભરતહ ક્ષેત્ર પ્રસિદ્ધ, તિહાં છઇ સંખપુર નયન સમૃદ્ધ;
ઊંચઉ ગઢ [૪]કોસીસા-ઓલિ, ચિહુંદિસિ ચ્યારે [૫]પોઢી પોલિ. ૧૧

ચઉરાસી ચઉહટા ચઉસાલ, રાજભવન રુડા વિસાલ;
મણહર [૬]જિણહર બહુલા સોહઇ, સુર-નર-કિંનરના મન મોહઇ. ૧૨

લોક વસઇ લખિમી-અવતાર, દાનઇ માનઇ ધનદ-ઉદાર;
અરહટ-કૂવા-વાવિ અપાર, વનસપતી વારુ ભાર અઢાર. ૧૩

રાજ કરઇ તિહાં **સુંદરરાજા**, પ્રગટ પ્રતાપઇ સબલ [૭]દિવાજા;
હય-ગય-રહ-દલ-પાયક તાજા, અહનિસિ વાજઇ [૮]જયત્રહં વાજા. ૧૪

સબ દીન-દુખીજન સાધારઇ, ન્યાયવંત શ્રીરામ સંભારઇ;
[૯]વાંકા વયરી તતખિણ વારઇ, પુણ્ય કરઇ નિત પર-ઉપકારઇ. ૧૫

પતિ-ભગતી ગમતી પટરાણી, **સુલસા** નામઇ સીલ સુહાણી;
સુંદર રુપઇ રંભ સમાણી, મુખિ બોલઇ મીઠી અમૃતવાણી. ૧૬

સુખ ભોગવતી કૂખિ ઉપન્ન, **અગડદત્ત** ભલઉ પુત્ર-રતન્ન;
માતા-પિતા થાયઇ સુપ્રસન્ન, સહૂઅઇ લોક ભણઇ 'ધન-ધન્ન'. ૧૭

વાધઇ ચંદતણી પરિ બાલ, સોભાગી સુંદર સુકમાલ;
અનુક્રમિ જોવનવય મદ-માતઉ, પરરમણી વિષયારસ રાતઉ. ૧૮

ધરમતણી નવિ જાણઇ વાત, સાત વ્યસન સેવઇ દિન-રાત;
નટ-વિટ-વેશ્યાગણ પરિવરિઉ, પુરમાહે ભમઇ માણઇ ભરિયઉ. ૧૯

---

૧. પાઠા૦ દેશાખ. ૨.ચાંદીના. ૩.પાઠા૦ બુધમાન. ૪. કાંગરાઓની શ્રેણી. ૫. પાઠા૦ મોટી. ૬. જિનાલય. ૭. શોભા. ૮. વિજયના. ૯. પાઠા૦ બાકાંબઈ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અવસરિ આયા રાજસભાયઇં, મણિ મુગતાફલ ભેટિ ઉપાયઇ;
રંજિ રાય કહઇ 'કુણ કામ?', આદર દેઇ પૂછઇ તામ. ૨૦

તતખિણ બોલ્યા મોટા [1]સાહ, મનમાંહે ધરિ અધિક ઉછાહ;
'ભૂપતિ ભીતિ અનીતિનઇ ટાલઇ, માય-તાય જિમ પરજા પાલઇ. ૨૧

કુમર તુમ્હારઉ લાડકવાહિઉ, કુવ્યસનઇ કરિ પુર અવગાહિઉ;
અમ્હનઇ આપઉ વસિવા ઠામ, કઇ વારઉ નિજ પુત્ર-કુકામ.' ૨૨

સુંદરનૃપ સુણિ કોપઇ ચઢિયઉ, પ્રતિવાદીસું પંડિત પઢિયઉ;
ચિતિ ચિંતઇ 'કિમ સોવનપાલી, કૂખિ ઘલાયઇ નિજ [2]કરવાલી?'. ૨૩

અંગરક્ષક તેડી આદેસઇ, 'કુંયરનઇ કહઉ જા પરદેસઇ;'
તે આવી વીનવિઉ જામ, તાત-આણ સુણિ હરખ્યઉ તામ. ૨૪



૧. વેપારી. ૨. તલવાર.

## દૂહા :

અગડદત્ત તવ ચીંતવઇ, [1]સૂરઉ સીહ [2]સરખ;
'ભમતાં અદભુત [3]પેખીયઇ, કીજઇ કરમ પરીખ. ૨૫

[4]તેજી ન સહઇ [5]તાજણઉ, [6]અમરસ ધરિ ગિરિ-ધીર;
ખડગ સખાઈ ચાલિયઉ, અગડદત્ત વડવીર. ૨૬

## ઢાલ : ૨, રાગ-જયતસિરી.

કુમરઇ [7]કેલઉ વિચરતઉ, જોતઉ અધિક તમાસા રે;
કરતઉ અશન કુસુમ-ફલઇ, રહતઉ નિસિ વનવાસા રે. ૨૭

સાહસ સકલ [8]સરાહી-પઇ, સાહસિ સુર-નર રીઝઇ રે;
સાહસ વિદ્યા સાધીયઇ, [9]સાહેસિ સંપદ સીઝઇ રે. ૨૮ સાહસ૦

કૂમિ-કૂમિ કૂંઅર મલપતઉ, **કાસી દેસ** મઝાર રે;
નયરિ **વાણારસી** આવિયઉ, અલકાઉરિ અનુકાર રે. ૨૯ સાહસ૦

[10]ઉરઇ-પરઇ ફિરિ-ફિરિ જોવઇ, નગર રુપ વિશેષઇ રે;
કુશલ કલાચારિજ ભલઉ, **પવનચંડ** તિહાં પેખઇ રે. ૩૦ સાહસ૦

હરખિત-વદન હૂઅઉ તિહાં, જઇ પણમઇ તસુ પાયા રે;
પવનચંડ પૂછઇ તિસઇ, 'કવણ? કિહાથી આયા રે?' ૩૧ સાહસ૦

વિનય-નમ્ર-તનુ વીનવઇ, '[11]પાઉધરઉ એકાંત રે;
મૂલથકી જિમ માહરઉ, સકલ કહું વિરતંત રે. '. ૩૨ સાહસ૦

કુમર કથન શ્રવણે સુણી, સુગુરુ સીખ ઘઇ સાચી રે;
'કિસ હી [12]ગૂઝ, તૂં મત કહઇ, પર ભુઇં જાણી [13]જાચી રે. ૩૩ સાહસ૦

---

૧. શૂરવીર. ૨. સમાન. ૩. પાઠા૦ દેખીયઈ. ૪. અશ્વ. ૫. ચાબુક. ૬. અમર્ષ. ૭. એકલો/ક્રીડા કરતો, પાઠા૦ ઈકેલો. ૮. પ્રસંશાનું સ્થાન. ૯. સાહસથી. ૧૦. આમ-તેમ. ૧૧. પધારો. ૧૨. પાઠા૦ ગુટ. ૨૩. ઉત્તમ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વેગિ આવિ ઘરિ આપણઇ, સદા રહઉ સુખવાસા રે;
સ્વસ્થપણું મનમઇ ધરી, કરિ વિદ્યા અભ્યાસ રે.' ૩૪ સાહસ૦

અગડદત્ત સાથઇ લેઇ, પવનચંડ ઘરિ આવઇ રે;
'[૧]ભાવુક-સુત મુઝ એ સહી', સગપણ નારિ જણાવઇ રે. ૩૫ સાહસ૦

માય-તાય ઘરિ જિઉં રહઇ, ચિંતા કાંઇ ન જાણઇ રે;
ભાગ્યજોગિ સુભ સંગતઇ, મનિ મોટા સુખ માણઇ રે. ૩૬ સાહસ૦

વ્યસન સવે તિહાં પરિહરઇ, [૨]સીસિ ધરઇ ગુરુ આણઇ રે;
ગુરુ-પ્રસાદિ વહિલઉ હૂઅઉ, સકલ કલા ગુણ જાણ રે. ૩૭ સાહસ૦

કુમર વલી પરિશ્રમ કરઇ, અહનિસિ ભવન-ઉદ્યાનઇ રે;
અવર કાજ છંડી કરી, [૩]રહસિ રહઇ ઇકતાનઇ રે. ૩૮ સાહસ૦

[૪]સમવડિ શ્રેષ્ટિ-સદન-ઊચઇ, બઇઠી ગઉખઇં બાલા રે;
સગુણ સરુપ કુંઅર દેખી, ચકિત ભઇ તતકાલા રે. ૩૯ સાહસ૦

સસનેહ સામ્હઉ જોવઇ, તા પરિ લોચન રાખઇ રે;
ચિંતવતિ ખિણ-ખિણ ચિત્તમઇ, પત્ર-[૫]પુષ્ફ-ફલ નાખઇ રે. ૪૦ સાહસ૦

હૃદયવસી યદ્યપિ બાલા, દૃષ્ટિ વાલિ નવિ દેખઇ રે;
કુમર કલારસિ [૬]વાહિયઉ, ગુરુ-આસંક વિશેષઇ રે. ૪૧ સાહસ૦

અન્ય દિવસિ સા સુંદરી, વિરહાનલિ ઝકઝોલી રે;
ગહિ અશોક-તરુવર-ગુચ્છઇ, કુમર હણઇ વિણ બોલી રે. ૪૨ સાહસ૦

અગડદત્ત સનમુખ દેખી, મનિ ચિંતઇ 'સુર નારી રે?;
કાઇ કમલા? કઇ સરસતી? જાણું કિ નાગકૂંઆરી રે?' ૪૩ સાહસ૦

---

૧. ટિ૦ ભાવુક = બનેવીના/ભ્રાતૃ=ભાઉ=ભાવુક=ભાઈનો. ૨. મસ્તકે. ૩. એકાંતમાં. ૪. બાજુના. ૫. પાઠા૦ પુષ્કલ. ૬. મગ્ન હતો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**દૂહો :**

તાં લજ્જા તાં [1]સૂરપણ, તાં વિદ્યા તાં મામ;
નયણબાણ નારી તણા, હિયઇ ન લગ્ગઇ જામ. ૪૪ સાહસ૦

પૂછઇ નૃપસુત પ્રેમસું, 'લાલચિ ચિત્ત લગાવઇ રે;
કવણ? ઇહાં તૂં કિમ રહઇ?, મુઝકું કાઇ ખુભાવઇ રે?' ૪૫ સાહસ૦

વલતુ લલના વીનવઇ, દંત-કંતિ-પ્રકટંતી રે;
વિકસ્યઇ વદનિ વિકસી દ્રષ્ટઇં, મધુર વચન બોલંતી રે. ૪૬ સાહસ૦

'નગરશ્રેષ્ટિ **બંધુદતતણી, મદનમંજરી** બેટી રે;
[2]ઇભ્યપુત્ર હું પરણાવી, અબ હૂં તુમ્હચી ચેટી રે. ૪૭ સાહસ૦

પુન્ય જોગિ તુમ્હ પાઇયા, પ્રાણનાથ મઇં પેખ્યા રે;
મદન મોહન મેરે મનિ માને, [3]અઉર સવે ઉવેખ્યા રે. ૪૮ સાહસ૦

વિરહ-વ્યથા મુઝકું પીડઇ, જઇસઇં [4]જવાસા કાંટઉ રે;
જોબન તરું ભીંતરિ જરઇ, સંગમ જલિ તુમ્હ છાંટઉ રે. ૪૯ સાહસ૦

તવ લગિ જિઉકું સુખ હોવઇ, જવ લગિ ઇષ્ટ ન કોઈ રે;
ઇષ્ટ સંગતિ [5]જિતહઈ, તિતહઈ દુખિઓ સોઈ રે. ૫૦ સાહસ૦

ઘણઉ [6]કહું તે કારિમઉ, નિસિદિન રહું તુઝ ધ્યાનઇ રે;
સ્ત્રીહત્યા તુઝકું હોસ્યઇ, મેરા કહ્યા નહી માનઇ રે.' ૫૧ સાહસ૦

સ્યામા વચન સુણી કરી, કુમર ધરઇ વિખવાદ રે;
'ઇત [7]દોતડિ ઇત વાઘિણી, કઇસઇ રહઇ મરજાદા રે? ૫૨ સાહસ૦

કામાવસ્થા દશ કહી, કામશાસ્ત્ર જિણિ કીધા રે;
દશમી અવસ્થા ઇણિ લહી, પ્રાણ તજઇ નિજ [8]સીધા રે.' ૫૩ સાહસ૦

---

૧. શૂરવીરતા. ૨. શ્રેષ્ઠીપૂત્ર. ૩. બીજા. ૪. એક જાતનો કાંટાળો છોડ. ૫. પાઠા૦ જિહીનઉ. ૬. પાઠા૦ અક. ૭. દોતટી=નદી. ૮. પાઠા૦ સૂધા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કુમર કહઇ 'કરુણા કરી, સુણિ સુંદરિ! મુઝ વાચા રે;
શંખનગર સુંદર રાજા, અગડદત્ત સુત જાચા રે. ૫૪ સાહસ૰

કલાગ્રહણ હૂં ઇહાં આયઉ, પવણચંડકઇ પાસઇ રે;
સાથિ લેઇસુ તુઝકું સહી, જબ ચાલિસુ નિજ દેસઇ રે.' ૫૫ સાહસ૰

ઇમ સંતોષી સા બાલા, સુખઇ રહઇ ગુરુ-સંગઇ રે;
મિલનોપાય કુમર ચિંતઇ, નિત-નિત નવ-નવ ભંગઇ રે. ૫૬ સાહસ૰



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાલ : ૩, રાહ-મલ્હાર.

જીહો કુમર અગડદત્ત ઇક દિનઇ, લાલા સજિ કરિ સવિ સિણગાર;
જીહો જીતી લઇ હરિ [૧]જુગતિસું, લાલા આપ થયઉ અસવાર. ૫૮
સંગુણનર સગલઇ સોહ લહંતિ.

જીહો ચતુર પધારઇ ચઉહટઇ, લાલા પુરુષતણઇ પરિવાર;
જીહો કોલાહલ તઇ સઇ સુણઇ, લાલા નવલઉ નગર મઝારિ. ૫૯ સગુણ૦

'જીહો સાગર જલ કિઉં ઉછલ્યઉ?, લાલા સિર ધૂણ્યઉ કિંઉ સેસિ?;
જીહો અગનિ ઉપદ્રવ ઊપનઉ? લાલા [૨]પરદલિ કિયઉ કિઉં પ્રવેસ?' ૬૦ સગુણ૦

જીહો ઇતલઇ દેખિઉ આવતઉ, લાલા મદમત એક [૩]મતંગ;
જીહો ગુહિર ઘનાઘન ગાજતઉ, લાલા પરવત જેમ ઉત્તંગ. ૬૧ સગુણ૦

જીહો આલાણથંભ ઉલાલતઉ, લાલા [૪]મિંઠ રહિત વિકરાલ;
જીહો મુહવડિ માણસ મારતઉ, લાલા કુપિયઉ જાણે કાલ. ૬૨ સગુણ૦

જીહો '[૫]અપસર પુરુષ! તૂં' આવતા, લાલા લોક કહઇ સુવિચાર;
જીહો અશ્વથકી તવ ઊતરઇ, લાલા કુમર પરીક્ષાકાર. ૬૩ સગુણ૦

જીહો [૬]હેલઇ ગજ હક્કારિયઉ, લાલા આયઉ ધાઇ નિજીક;
જીહો ઉત્તર પટ વીંટી ખિવઇ, લાલા આગલિ હુઇ નિરભીક. ૬૪ સગુણ૦

જીહો દંત છોહ વસઇ દિયઇ, લાલા સનકારઇ જઈ પૂઠિ;
જીહો ફિરિ-ફિરિ [૭]પૂઠિ ભમાડતઉ, લાલા મારઇ સબલી મૂઠિ. ૬૫ સગુણ૦

જીહો ઇમ બહુપરિ ખેલાવિનઇ, લાલા વસિ કીયઉ તે ગજરાજ;
જીહો સુંદર તસુ ખંધઇ ચઢયઉ, લાલા સોહઇ જિમ સુરરાજ. ૬૬ સગુણ૦

જીહો જસ બોલંતા જણ ભણઇ, લાલા એહનઉ અકલ સરુપ;
જીહો દેખિ [૮]અચંભમ ઊપનઉ, લાલા પૂછઇ સહુનઇ ભૂપ. ૬૭ સગુણ૦

---

૧. ચતુરાઇથી. ૨. શત્રુ સૈન્યએ. ૩. હાથી. ૪. મહાવત. ૫. દૂર હટી જા. ૬. સરળતાથી. ૭. પાઠા૦ ભૂમિ. ૮. અચંભો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'જીહો એ કુણ પુરુષ [1]કલા-નિલઉ?, લાલા સુગુણ સુરુપ સુજાણ;
જીહો તેજિ તપઇ નવ [2]તરણિ જિઉં, લાલા સૂરવીર સપરાણ.' ૬૮ સગુણ૦

જીહો કોઈ કહઇ 'મઇ દેખીયઉ, લાલા આચારિજ આવાસિ;'
જીહો તઉ હિવ તેહનઇ તેડીયઇ, લાલા પૂછીજઇ તિણિ પાસિ. ૬૯ સગુણ૦

જીહો પવનચંડ સુણિ આવીયઉ, લાલા માગઇ અભય મહંત;
જીહો આદિથકી આરંભિનઇ, લાલા વીનવઇ કુમર-વૃતંત. ૭૦ સગુણ૦

જીહો રાય થયઉ તસુ રાગીયઉ, લાલા ઉત્તમ સુણિ અધિકાર;
જીહો બોલાવઇ બહુ આદરઇ, લાલા [3]પેખ્યા નિજ પ્રતિહાર. ૭૧ સગુણ૦

જીહો ગજ બાંધી ગજ થાનકઇ, લાલા સુંદરપુત્ર સમામ;
જીહો આવઇ અધિપતિ આસનઇ, લાલા પંચંગ કરઇ પ્રણામ. ૭૨ સગુણ૦

જીહો ઊઠી નૃપ સાંઈ મિલઇ, લાલા બઇસાડઇ નિજ પાસિ;
જીહો કુશલ વાત પૂછી કરી, લાલા દિયઇ તંબોલ સુવાસ. ૭૩ સગુણ૦



૧. કલાવાન. ૨. સૂર્ય. ૩. પાઠા૦ મૂકી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દૂહા :

નિજ દેસઇ નૃપ પૂજીયઇ, વિદ્યા દેસ-વિદેસ;
અહિ વલી દલ સગુણનર, પર ભુઇં [1]અરથ વિસેસ. ૭૪

## ઢાલ : ૪, રાગ-ગઉડી.

ઇણિ અવસરિ મહાજન મિલી, આવિયઉ રાય સમીપિ રે;
સોવન-રતન-મણિ-મોતી એ, ભેટિ કરઇ બહુ રુપિ રે. ૭૫

જય-જય મુખિ સહૂ ઊચરઇ, વીનવઇ બહિ કર જોડિ રે;
'રાજ! રક્ષા કરઉ અમ્હતણી, પૂરવઉ વંછિત કોડિ રે.' ૭૬ જય-જય૦

ભેટિ લે કુમરનઇ સવિ દિયઇ, રાય પૂછઇ મહાજન્ન રે;
'ભલઇ પધાર્યા કિણ કારણઇ? કાજ કહઉ જિકો મન્ન રે.' ૭૭ જય-જય૦

'સ્વામિ! અમ્હ કથન અવધારિયઇ, વારીયઇ દુષ્ટ તે ચોર રે;
ધનદપુર સમૃધ તુહ પુર જિણઇ, મુસિ કીયઉ [2]મંદિર-રોર રે.' ૭૮ જય-જય૦

કોપ કરિ ધરણિકંત ધમધમિઉ, કહઇ આરક્ષક તેડિ રે;
'મુઝ પ્રસાદઇ સુખિયઉ રહઇ, કરઇ નહી ચોરની [3]કેડિ રે.' ૭૯ જય-જય૦

કંપતઇ અંગિ તે વીનવઇ, 'સ્વામિ! જીસ્યઇં કરઉ રોસ રે;
ચોર જોતા ઘણા દિન થયા, ખબરિ ન લહુ કેહઉ દોસ રે?' ૮૦ જય-જય૦

ઇણિ સમઇ અગડદત ઇમ કહઇ, 'આપઉ જી મુજ્ઝ આદેસ રે;
સાત દિનમાહિ જઉ નવિ લહું, તઉ કરું અગનિ-પરવેસ રે.' ૮૧ જય-જય૦

રાય સાખઇં [4]પ્રતિન્યા કરી, ઊઠિયઉ પ્રણમિ [5]ઉછાહિ રે;
એકલઉ સૂરપણ આદરી, પરિભમઇ કુમર પુરમાહિ રે. ૮૨ જય-જય૦

---

૧. પાઠા૦ અધર. ૨. નિર્ધનનું ઘર. ૩. પીછો, તપાસ. ૪. પ્રતિજ્ઞા. ૫. ઉત્સાહ પૂર્વક.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પણંગણા-[1]પાણઘર-જૂવટઇ, વાવિ-આરામ-મઠ સુન્ન રે;
માહિ વાહિર ઇમ જોવતાં, [2]વઉલિયા દિવસ ષટ પુન્ન રે. ૮૩ જય-જય૦

તહવિ તે પારિપંથિકતણી, નવિ લહઇ કુમર કિહાં સાર રે;
સાતમઇ દિવસિ ચિંતા ભર્યઉ, ચીંતવઇ બહુઅ પ્રકાર રે. ૮૪ જય-જય૦

'આકરું વચન મઇ બોલીયઉ, આઠ [3]પઉહર અવિશિષ્ટ રે;
કિણિ પરઇં સુદ્ધિ હિવ કીજિસ્યઇ?, વાત દીસઇ અતિ દુષ્ટ રે. ૮૫ જય-જય૦

કઇ જાઉં અવર હી દેસડઇ? કઇ કરું પરવત પાત રે?;
જલ પરવેસ કઇ હું કરું?, કઇ મિલું માત નઇ તાત રે? ૮૬ જય-જય૦

કિંતુ જુગતી નહી ચિંતના, એ હુ ઉત્તમ પુરિસાણ રે;
હોઉ બંધન તજઉ હરિ-પ્રિયા, સીમ જાઅઉ ન હુ માણ રે. ૮૭ જય-જય૦

સમચિત આપદિ સંપદિઇ, પર-ઉપગાર [4]અત્થાહ રે;
મહાવ્રત એહ સવિ ધારતઉ, કરઇ પ્રતિપન્ન નિરવાહ રે.' ૮૮ જય-જય૦



૧. મદીરાખાનું. ૨. પસાર કર્યા. ૩. પ્રહર. ૪.અથાગ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાલ : ૫, રાગ—મલ્હાર, અબ હમકુ મેકલો–એ ઢાલ.

ઇમ બહુપરિ મનિ ચીંતઇવ, કુમર ખડગ કરી વીર રે;
સાંઝ સમઇ પુર–બાહિરઇં, આવઇ એકલઉ ધીર રે. ૮૯ ઇમ૦

ઇક પાસઇ આંબા–[1]તલઈ, બઇઠઉ ગુપિલઇ ઠામિ રે;
ચકિત કુરંગ જિમ ચિહું દિસઇ, જોતઉ અપણઇ કામિ રે. ૯૦ ઇમ૦

તતખિણ ઇક નર આવીયઉ, પરિવ્રાજક નઇ વેષઇ રે;
મુંડિત સિર [2]કુછ દાઢીયઇ, કુર [3]દૃશઈ કરિ દેખઇ રે. ૯૧ ઇમ૦

શ્રવણિ [4]ફટિક–મુદ્ર! ધરઇ, [5]ચુડ–ચુડ કરતઉ તુંડઇ રે;
ચમર કમંડલ કર જુગઇ, ખંધઇ આયસ દંડઇ રે. ૯૨ ઇમ૦

વાઘ ચરમ તલિ પહિરણઇ, કમરિ બાંધિઉ કરવાલ રે;
ચરણિ ચઢાઊ મોજડી, દીસઇ અતિ વિકરાલ રે. ૯૩ ઇમ૦

નીચઇ વદનિ નિરખીનઇ, પરખિઉ એહિ જ ચોર રે;
કુમર મનિઇ તવ હરખીયઉ, મેઘાગમ જિમ મોર રે. ૯૪ ઇમ૦

પાસઇ હિવ તે આવીનઇ, કુમર બુલાવઇ એમ રે;
'કુણ તૂં? કિંહાથી આવિયઉ? ઇહાં બઇઠઉ તૂં કેમ રે?' ૯૫ ઇમ૦

બુદ્ધિનિપુણ [6]તવ બોલીયઉ, કુમર [7]લખી તસુ ભાવ રે;
'દરિદપણઇ હૂં આક્રમિઉ, કુણ આગલિ કરું રાવ રે? ૯૬ ઇમ૦

દરિદપણઉ જગિ દોહિલઉ, દરિદઇ દીન બુલાઇ રે;
દરિદ મરણ બે સમ કહ્યા, દરિદઇ ચરણ [8]ખલાઇ રે.' ૯૭ ઇમ૦

'જિમ કહીયઇ તિમ તૂં કરે, જિમ તુઝ હોઇ ભલાઈ રે;
ધ્યાન ધરે તૂં માહરા, મન–વચ–તનસું લાઈ રે.' ૯૮ ઇમ૦

---

૧.પાઠા૦ તલદ્ધ. ૨.પાઠા૦ કૂચ. ૩. દૃષ્ટિથી. ૪. સ્ફટીક. ૫. પાઠા૦ બુડ–બુડ. ૬. પાઠા૦ તે. ૭. ઓળખી. ૮. સ્ખલિત કરે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'તુમ્હ દરસણ મઇ પાઇયઉ, સફલ દિવસ મુઝ આજ રે;
દરિદ દૂરિઇં અબ જાઇસ્યઇ, સીઝિસ્યઇ વંછિત કાજ રે.' ૯૯ ઇમ૦

પ્રીતઇ ઇમ બે બોલતાં, પચ્છિમ પહુતઉ સૂર રે;
તુરત દેખંતા દહ દિસઇ, પ્રગટ્યઉ [1]તામસ પૂર રે. ૧૦૦ ઇમ૦

ત્વરિત ગતિઇ તે ચાલીયઉ, કુમરનઇ તેડી સાથઇ રે;
સસંક પણઇ બે પુર પઇસઇ, કોશ-રહિત અસિ હાથઇ રે. ૧૦૧ ઇમ૦

જણ સંકુલ પથ જાણીનઇ, વિલંબ કરઇ એકાંતિઇ રે;
ઇસર ઇભ્યતણઇ ઘરઇ, આવઇ મજ્ઝિમ રાતિઇં રે. ૧૦૨ ઇમ૦

શ્રીવત્સાકારઇ સંધિઇ, ખંતિસુ દેઈ ખાત રે;
તિહાં પઇસી જોઈ આણઇ, [2]દ્રવિણ પેટી સંઘાત રે. ૧૦૩ ઇમ૦



૧. પાઠા. તપાસ. ૨. ધન, સંપત્તિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાલ : ૬, રાગ-કેદારઉ, જગદાનંદન ગુણનિલો-એ દેશી.

હિવ તે ચોર આણંદીયઉ રે, દેખી માલ મહંત;
માણિક-મણિ-મુક્તાફલા રે, કનકાભરણે કંત રે. ૧૦૪

કુમર પ્રતઇ કહઇ, 'સુપરિઇ રખે તૂં [1]સંત! રે, આચલી.

ભાર વાહક આણૂં ભલા રે, જઇ [2]સુરઘરથી જામ;
નિજ ઠામઇ પહુતા પછઇ રે, કરિસિઉં સગલા કામ રે.' ૧૦૫ કુમર૦

તે આણી સહૂનઇ સિરઇ રે, દીધી તુરત મંજૂસ;
આગલિ કરિનઇ ચાલિયઉ રે, પાછલિ કુમર [3]અદૂસ રે. ૧૦૬ કુમર૦

કુમર તિસઇ મનિ ચીંતવઇ રે, 'દસ્યુતણઇ એ દાઓ;
ઉત્તમ કરણી એ નહી રે, [4]વેસાસી કરઇ [5]ઘાઉ રે. ૧૦૭ કુમર૦

એકવાર એહનઇ ઘરઇ રે, જોઉં કવણ પ્રકાર;
કુણ કારણિ એ દિન-દિનઇ રે, નગર મુસઇ વાર-વાર રે?'. ૧૦૮ કુમર૦

નગરથકી બે નીસર્યા રે, [6]પોરિસ ધરિય અપાર;
ગુરુ ભારઇ સહૂ આક્રમ્યા રે, પહુતા વનહ મઝાર રે. ૧૦૯ કુમર૦

વંચક કૂડઉ કપટીયઉ રે, પરિવ્રાજક અતિ દૂઠ;
છલ ઘાતઇ મારણ ભણી રે, કુમરસું બોલઇ [7]મીઠ રે. ૧૧૦ કુમર૦

'અજી સીમ રજની ઘણી રે, સયન કરાં ઇક પાસિ;
[8]પ્રહ વિકસંતઇ પહુચિસ્યાં રે, નિશ્ચય નિજ આવાસિ રે'. ૧૧૧ કુમર૦

અગડદત્ત અંગી કરઇ રે, કુશલપણઇ તસુ કાર;
તરુતલિ વામઇ દાહિણઇ રે, સૂતા વેસ વિકાર રે. ૧૧૨ કુમર૦

કપટઇ [9]ઘોણા ઘુર-ઘુરઇ રે, મનમાં બે સાસંક;
સ્વસ્થપણઇ સૂતા હણ્યા રે, દરિદ્રી નહી જિહાં વંક રે. ૧૧૩ કુમર૦

---

૧. પાઠા૦ સાર. ૨. મંદીરથી. ૩. નિર્દોષ. ૪. વિશ્વાસી. ૫. ઘાત. ૬. પૌરુષ. ૭. લુચ્ચો. ૮. પરોઢ. ૯. નસકોરા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચોર ચરિત્ર દેખી ચ[મ]ક્યઉ રે, કુમર થયઉ સાવધાન;
સાથરિ ચાતરિ [૧]છિપિ રહિઉ રે, કર ગ્રહિ અસિ ઇકતાન રે. ૧૧૪ કુમર૦

અણ લહતઇ હિવ સાથરઇ રે, કુમરનઇ જોવઇ ચોર;
'સુંદરસુત હૂં સાહસી રે,' બોલવઇ કરિ સોર રે. ૧૧૫ કુમર૦

સામ્હઉ [૨]ધાઈ આવતઉ રે, દેખી દિયઇ પ્રહાર;
જંઘા જુગ તિણિ ચોરના રે, છેદઇ એકણિવાર રે. ૧૧૬ કુમર૦

ચક્રાહત તરુ-મૂલ જિઉં રે, ધરણિ પડિઉ તતકાલ;
કરુણ [૩]સરઇ તે ઇમ કહઇ રે, ધરતઉ મનમા [૪]સાલ રે. ૧૧૭ કુમર૦

'ચાલેવા સમરથ નહી રે, જાણૂં જીવી અંત;
ચોર **ભુજંગમ** હૂં અછૂં રે, અવધારે એકંત રે. ૧૧૮ કુમર૦

ઇણિ સમશાનઇ જાણિજે રે, મંદિર ભૂમિ મઝારિ;
તિહા છઇ ભગિની માહરી રે, **વીરમતી** વર નારિ રે. ૧૧૯ કુમર૦

[૫]સંમુખ વટપાદપ તલઇ રે, જઇનઇ કરિજે સાદ;
[૬]બાર ઊઘાડી તેડિસ્યઇ રે, પહુચિજે તિહાં અપ્રમાદ રે. ૧૨૦ કુમર૦

વીરમતી પરણી કરી, લેજે સગલું માલ;
સુખિયઉ રહિજે તિહાંથવા રે, પહુચિજે પુરિ ગત-સાલ રે.' ૧૨૧ કુમર૦

ઇમ કહતા આસાસિયઉ રે, તતખિણ છંડ્યા પ્રાણ;
નામંકિત અસિ તસુ ગ્રહી રે, કુમર ગયઉ તિણિ ઠાણ રે. ૧૨૨ કુમર૦

વડતરુ-મૂલઇ જઇ કહઇ રે, 'વીરમતી! સુણિ નારિ;'
[૭]સબદ સુણી આવી [૮]તિસી રે, તુરત ઊઘાડઇ બાર રે. ૧૨૩ કુમર૦

મુહ ઘાલી જોવઇ ઘણૂં રે, બાલા રુપ ઉદાર;
મનિ ચીંતઇ વિસ થકઉ રે, 'એ [૯]રતિ અવતાર રે.' ૧૨૪ કુમર૦

---

૧. છુપાઇ. ૨. દોડતો. ૩. સ્વરે. ૪. દુઃખ. ૫. સન્મુખ. ૬. બારણું. ૭. અવાજ. ૮. પાઠા૦ ઘસી. ૯. પાઠા૦ પારતી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તિણિ પૂછિઉ 'તુમ્હે કિહાંથકી રે?, કવણ તુમ્હે? કિણિ કામિ?;'
ભૂત વાત કુમરઇં કહી રે, સુણિ મનિ [1]દૂમી તામ રે. ૧૨૫ કુમર૦

આદર કરિનઇ આણિયઉ રે, નિજ પાતાલ-નિવાસી;
ઉત્તમ આસણ આપિનઇ રે, બોલઇ મધુરી ભાસિ રે. ૧૨૬ કુમર૦

'હું દાસી છું તુમ્હતણી રે, એ મણિ-રતન-સુવન્ન;
અપણઉ જાણી સ્વામિ! રે, વિલસઉ નિત ઇક મન્ન રે.' ૧૨૭ કુમર૦

વાસ-ભવન તવ પ્રકટિયઉ રે, સુંદર જિંહા શયનીય;
'સુખિ [2]પઉઢઉ ઇહાં હૂં દિઉ રે, [3]ઊગટણઉ આણીય રે.' ૧૨૮ કુમર૦

ઇમ કહિનઇ ઊતાવલી રે, આવી બાહિરિ નારિ;
નીતિશાસ્ત્ર તિહાં કુમરજી રે, સંભારઇ સુવિચાર રે. ૧૨૯ કુમર૦

'કૂડ-કપટની કોથલી રે, નારી નિલજ નિરાસ;
મુહિ મીઠી દૂઠી હિયઇ રે, તેહનઉ કવણ વિસાસ રે?' ૧૩૦ કુમર૦

ઇમ ભાવી મનમાંહિ સહી રે, શય્યા વરજિ [4]પસત્થ;
એકણિ કૂણઇ લુકિ રહિઉ રે, પડિબિંબઉ ઠવિ તત્થ રે. ૧૩૧ કુમર૦

શય્યા ઉપરિ જે શિલા રે, થાપી યંત્ર પ્રયોગિ;
ધૂતારિણિ તિણિ તતખિણઇ રે, નાખી નિજ અભિયોગિ રે. ૧૩૨ કુમર૦

પલ્યંકોપરિ તે પડી રે, ચૂરિઉ જાણિ કુમાર;
'મુઝ બંધવ તૂં મારતઉ રે, તુરત લહે સુખસાર રે.' ૧૩૩ કુમર૦

[5]હૃષ્ટ હૃદય હસતી મુખઇ રે, વદતી વચન પ્રચંડ;
કુમર સુણી સામ્હઉ [6]ધસિઓ રે, ઝાલી વેણી-દંડ રે. ૧૩૪ કુમર૦

કુમર કહઇ 'સુણિ પાપિણી! રે, મંડિઉ સ્યઉ પ્રપંચ?;
મુઝનઇ કુણ મારી સકઇ? રે, બુદ્ધિઇ જઇ વિ વિરંચિ રે.' ૧૩૫ કુમર૦

---

૧. દુઃખી થઇ. ૨. સુઇ જાઓ. ૩. સુગંધી વિલેપન. ૪. પ્રસસ્ત=સુંદર. ૫. આનંદિત. ૬. પાઠા૦ ધર્યઉ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]ધરણિ-ભવનથી નીસર્યઉ રે, વીરમતી લે સાથિ;
આવઇ નૃપસુત પુરભણી રે, ખડગ વિન્હે ઇક હાથિ રે. ૧૩૬ કુમર૦

પ્રહ વિકસંતઇ પહુતલઉ રે, રાય સમીપિ કુમાર;
વાત કહઇ રજનીતણી રે, હરખ્યઉ ભૂપ અપાર રે. ૧૩૭ કુમર૦

'ભગિની ખડગ વિન્હે ભલા રે, ચોરતણા એ રાય!;
વનિતા પાતાલ-ઘરઇં અછઇ રે, [2]નાના ધન-સમુદાય રે.' ૧૩૮ કુમર૦

રાજા આવિઉ તિહાં કણઇ રે, દેખી તે ભલ ઠામ;
ધન આપ્યઉ પુરલોકનઇ રે, પૂર્યા સગલા કામ રે. ૧૩૯ કુમર૦

રાજા તૂઠઉ અતિ ઘણૂં રે, કુમર વધારી મામ;
નિજ પુત્રી પરણાવિયઉ રે, **કમલસેના** ઇણિ નામઇ રે. ૧૪૦ કુમર૦

સહસ ગામ [3]સઉ ગયવરા રે, પાયક લાખ પ્રસિદ્ધ;
દસ-સહસ વાજી ભલા રે. દ્રવિણ ઘણઉ તિહાં દિધ્ધ રે. ૧૪૧ કુમર૦

૧. ભોયરામાંથી. ૨. વિવિધ. ૩. સો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દૂહા :

અગડદત્ત હિવ આવીયઉ, પવનચંડકઇ પાસિ;
કરિ પ્રણામ આસીસ લહિ, સુખઇં રહઇ આવાસિ. ૧૪૨

મનવંછિત સુખ ભોગવઇ, લ્યઇ યૌવનનઉ લાહ;
તઉ પણિ મયણામંજરી, ખટકઇ હિયડામાહિ. ૧૪૩

## ઢાલ : ૭, રાગ-વયરાડી.

કુમર અગડદત્ત રાજીયઉ રે, નયરિ વાણારસીમાંહિ રે;
રાજલીલા કરતઉ રહઇ રે, મયણા મિલણકી [1]ચાહ રે. ૧૪૪

તામ આવી ઇક અંગના રે, કુમરનઇ દિયઇ આસીસ રે;
કર જોડી પ્રણમી કહઇ રે, 'ધન-ધન તુઝ સુજગીસ રે.' ૧૪૫ તામ૦

દીઘઇ આસણિ બઇસિનઇ રે, વીનવઇ કુમરનઇ વાત રે;
'મયણામંજરી મોકલી રે, અવસર લહિ પરભાત રે. ૧૪૬ તામ૦

તુમ્હસુ તે ઇમ વીનવઇ રે, ''વિરહ ખમ્યઉ નવિ જાઇ રે;
તુમ્હ મિલવા [2]અલજઉ ઘણઉ રે, વરસ સમઉ દિન થાઇ રે. ૧૪૭ તામ૦

વિલંબ ખમઇ નહી વાલહા રે, તૂં મેરા [3]સુરતાણ રે;
ઘડીય-ઘડી તુઝ સાંભરઇ રે, તુમ્હ છઉ ચતુર સુજાણ રે. ૧૪૮ તામ૦

તસ્કર-વધ ગજ-ખેલના રે, દુષ્ટ-રમણિ-પરિહાર રે;
નરપતિ જન સવિ બોલતા રે, સુજસ સુણી તુઝ સાર રે. ૧૪૯ તામ૦

વિસમિત-હૃદય હુઈ ઘણૂં રે, અધિકઉ અંગિ ઊમાહ રે;
સંગમ જલિ કરિ ટાલીયઇ રે, વિરહ દવાનલ દાહ રે.'' ૧૫૦ તામ૦

---

૧. ઇચ્છા. ૨. ઉત્કંઠા. ૩. સુલતાન=સ્વામી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કુમર સુણી વાણી તેહની રે, કર-ધૃત દેઇ તંબોલ રે;
સસનેહઇ સંતોષિનઇ રે, અદભુત કહઇ ઇક બોલ રે. ૧૫૧ તામ૦

'કુશલ કહઉ જઇ સાંઇયા! રે, વિલંબ કરઉ દિન કેવિ રે;
અવસર લહિનઇ તેડિસ્યું રે, કાજિસ્યઇ વંછિત [1]વેવિ રે.' ૧૫૨ તામ૦

હરખિત મુખિ દૂતી ચલી રે, વેગિ આવી મયણા પાસિ રે;
[2]અહિનાણી દિયઇ હાથની રે, [3]મૂંદરડી સુખ વાસ રે. ૧૫૩ તામ૦

કુમર બઇઠઉ ગઉખઇ એકદા રે, ચઉપટ રમઇ ઇકતાન રે;
તામ દુવારઇ આવીયા રે, તાતતણા પરધાન રે. ૧૫૪ તામ૦

દૌવારિક આવી કહઇ, 'કુમર થયઉ સાવધાન રે;'
સનમુખ [4]જાઈનઇ મિલઇ રે, કુશલ પૂછઇ બહુમાન રે. ૧૫૫ તામ૦

પગિ લાગી તે વીનવઇ રે, 'ધન-ધન સુંદરજાત રે;
માતા-પિતા કુશલામણા રે, વાટ જોવઇ દિન-રાતિ રે. ૧૫૬ તામ૦

કુમરજી! વેગિ પધારીયઇ રે, ઢીલ ખમઇ નહી ધીર રે;
સકલ મહાજન દિન-દિનઇ રે, સંભારઇ તુઝ વીર! રે.' ૧૫૭ તામ૦

ભગતિ ભલી કરિ તેહની રે, નિજ દલ સજિ સવિ સાર રે;
રાય સમીપિ જઇ કહઇ રે, 'વીનતડી અવધાર રે. ૧૫૮ તામ૦

મુઝનઇ તેડા આવિયા રે, માત-પિતાના આજ રે;
કર જોડીનઇ માંગીયઇ રે, આદેસ આપઉ હિવ રાજ! રે.' ૧૫૯ તામ૦

વસ્ત્રાભરણ પહિરાવિનઇ રે, મધુર વચન સનમાન રે;
નિજ પુત્રી સાથઇ દેઈ રે, મુકલાવઇ ઘણઇ વાન રે. ૧૬૦ તામ૦

નરપતિ સીખ લહી કરી રે, કુમર આવ્યઉ નિજ ઠામ રે;
પ્રયાણ-ભંભા દિવરાવિનઇ રે, સવિ સેન ચલાવઇ તામ રે. ૧૬૧ તામ૦

---

૧. તીવ્ર ઇચ્છા છે. ૨. નિસાની. ૩. પાઠા૦ સૂંદરડી. ૪. પાઠા૦ આવીનઈ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આપ રહિઉ રથ એકલઇ રે, મયણામંજરિ ખાંતિ રે;
પ્રહર નિસિંઇ જન મોકલી રે, દૂતીનઇ જણાવઇ વાત રે. ૧૬૨ તામ૦

તવ તે જઇ દઇ વધામણી રે, 'સ્વામિની! કરઉ સુપ્રસાદ રે;
કુમર બુલાવઇ પ્રેમસું રે, [1]પરિહરઉ મન વિખવાદ રે.' ૧૬૩ તામ૦

સિદ્ધિ સકલ મનિ માનતી રે, આઇનઇ બઇઠી પ્રભુ પાસિ રે;
હરખ ઘણઉ હિયઇ નારિનઇ રે, જિમ કોઇલ મધુમાસ રે. ૧૬૪ તામ૦

૧. દૂર કરો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દૂહા :

આસ્યા કુમર સહૂ ફલઇ, અંગઇ અધિક ઉછાહ;
સાહસ ધરિનઇ આવીયઉ, [1]સવ લઇ નિજ દલમાહિ. ૧૬૫

## ઢાલ : ૮, રાગ-આસાઉરી.

શુભવેલા શુભ મુહૂરતઇ રે, પરિઠઉ તુરત પ્રયાણ;
ઘૂઘર માલ ઘણી ઘટા રે, વાજઇ [2]ગુહિર નીસાણ. ૧૬૬

કુમરજી ચાલઇ સેન સજાઇ, સહુ શકુન ભલા તિહાં થાઇ-આંચલી.

એ ભુવનપાલ રાજા તણઉ રે, વઉલી દેસ અસેસ;
[3]સવિતા અસ્તં-ગત સમઇ, અટવી કીધ પ્રવેસ. ૧૬૭ કુમરજી૦

સીહ-વાઘ-ચિત્તક ઘણા રે, વિષમ મહા દ્રુમ લીમ;
સસિ-રવિ કિરણ જિહાં નહી રે, કિંહાઈં ન દીસઇ સીમ. ૧૬૮ કુમરજી૦

તિણિ [4]માગઇ નિસિ ચાલતાં રે, પડિયા ભીલ અનેક;
ગહનપણઇ રજની વસિઇ રે, નિજ પર ન હુઇ વિવેક. ૧૬૯ કુમરજી૦

કિલિ-કિલિ કરતા બહુ પરઇ રે, નાખઇ બાણ કિરાત;
કુમર કટક ચિહુંદિસિ કરઇ રે, જિમ [5]વાયઇ વરસાત. ૧૭૦ કુમરજી૦

અગડદત્ત એકઇ રથઇ રે, ઊભઉ રહઇ [6]અબીહ;
ભીલ હણ્યા તિમ સાહસઇ રે, દુહિલઉ લહિસ્યઇ દીહ. ૧૭૧ કુમરજી૦

ભિલ્લધણી દેખી રુઠઉ રે, આવઇ રથ અનુસાર;
માહોમાંહિ બિન્હે [7]ભિડઇ રે, કોઇ ન માનઈ કાર. ૧૭૨ કુમરજી૦

કુમર તવ ઇમ ચીંતવઇ રે, 'કીજઇ કોઇ સંચ;
વઇરી જિમ-તિમ મારીયઇ રે, બલિ છલિ બુદ્ધિ-પ્રપંચ.' ૧૭૩ કુમરજી૦

---

૧. પાઠા૦ સબલઈ. ૨. ગંભીર. ૩. સૂર્ય અસ્ત થવાના સમયે. ૪. માર્ગેમાં. ૫. વાયુથી. ૬.નિર્ભય. ૭. પાઠા. ભિડઈ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઇમ જાણીનઇ નિજ નારી રે, બોલાવી તતકાલ;
'સોલ-શ્રૃંગાર કરી ભલા રે, રથ મુખિ બઇસી બાલ!' ૧૭૪ કુમરજી૦

આણ સિરઇ ધરિ તિમ બઇઠી રે, દેખી રુપ અપાર;
કામ વસઇ વિહ્વલ થયઉ રે, અંગિ ન જાણઇ સાર. ૧૭૫ કુમરજી૦

નીલકમલ-દલ સારીખુ રે, આરા મુખ જે બાણ;
ભિલ્લપતી હિયડઇ [૧]હણિઓ રે, કુમરઇ આપ [૨]પરાણ. ૧૭૬ કુમરજી૦

ભિલ્લાધિપ ભૂમિઇં પડિઉ રે, તડફડતઉ લ્યઇ સાસ;
નયણી ભમુહિ ભમાડતઉ રે, મુખિ બોલઇ મિઠ્યાસ ૧૭૭ કુમરજી૦

'તાહરઇ બલિ હું નવિ હણિઉ રે, [૩]મદનઇ હણિયઉ જોઇ;
અથવા કુણ અદભુત ઇહાં રે? કામિઇં છલિઉ ન કોઇ'. ૧૭૮ કુમરજી૦

પ્રાણ તજ્યા ઇમ બોલતઇ રે, ભિલ્લાધિપતિઇ તામ;
એક રથઇ હિવ ચાલીયઉ રે, કુમર કરઇ નિજ કામ. ૧૭૯ કુમરજી૦

અટવી લંઘી આવિયઉ રે, ગરુઅઇ ગોઉલ ગામિ;
વૃષભ [૪]વચ્છ [૫]સુરભીતણા રે, [૬]રંભા-ધુનિ અભિરામ. ૧૮૦ કુમરજી૦

સ્યંદન તુરગ સુહામણા રે, વાજંતા સુણિ ચંગ;
ગોકુલથી દુઇ જણ આવી રે, પૂછઇ નૃપસું રંગ. ૧૮૧ કુમરજી૦

'કુમર! કિહાંથી આવિયા રે?, કિહાં જાસિઉ? કહઉ સાચ;'
'સંખપુરઇ જાસિઉં સહી રે, એહ અમ્હારી વાચ.' ૧૮૨ કુમરજી૦

'તુમ્હ સાથઇ અમ્હે આવીયઇ રે, જઉ દીજઇ આદેસ;'
'એવં' કહિ અંગી કરઇ રે, ચાલઇ મૂકી [૭]નેસ. ૧૮૩ કુમરજી૦

[૮]સંઘાતી જણ તિહાં કહઇ રે, 'ઇહાંથી છઇ દુર રાહ;
ક્રૂર સૂર સ્વાપદ ઘણઇ રે, અટવી જાણિ અથાહ. ૧૮૪ કુમરજી૦

---

૧. પાઠા૦ હસિઉ. ૨. બળપૂર્વક. ૩. કામદેવે. ૪. વાછરડા. ૫. ગાયના. ૬. ગાયના ભાંભરવાનો અવાજ. ૭. જંગલમાં આવેલુ ભરવાડોનું નિવાસ સ્થાન. ૮. સાથે રહેલા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મૂંછાલઉ તિણિમા હરઇ રે, **દુર્યોધન** ઇક ચોર;
મદિ માતઉ વલિ હાથીયઉ રે, સિંહ કરઇ નિત સોર. ૧૮૫ કુમરજી૦

દૃષ્ટિવિષ અહિ આકરઉ રે, ચાવા ભય એ ચ્યાર;
તિણિ એ દૂરઇં પરિહરઉ રે, પહુચઉ ઇણિ નિરધાર.' ૧૮૬ કુમરજી૦

અગડદત્ત તવ ઇમ કહઇ રે, 'સાહસ મુઝ સુપ્રસન્ન;
સંખપુરઇં સુખિ જાઇસ્યાં રે, ધીરિમ [1]ધરઉ તુમ્હે મન્ન.' ૧૮૭ કુમરજી૦



૧. પાઠા૦ કરો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**દૂહા :**

ઇમ સાંભલિનઇ તિહાં થકી, સાથિ થયા બહુ લોક;
કૂંઅર દરસણ હરખિયા, જિમ રવિ-[1]દંસણ કોક. ૧૮૮

## ઢાલ : ૯, રાગ-મલ્હાર.

ઇણિ અવસરિ તિહાં આયઉ એક મહાવ્રતી રે, લંબ જટા સિરિ ચિહુંદિસિ [2]ભીખણ મૂરતી રે;
ભસમઇ મરદિત ગાત્ર ત્રિસૂલ સદા ધરઇ રે, ચમર-કમંડલ-માલા-પીંછી જસુ કરઇ રે. ૧૮૯

[3]પ્રતિચારક પરિવરિયઉ ભરિઉ [4]કૈતવઇ રે, કુમર પાસિ આવીનઇ મુંહડઇ ઇમ લવઇ રે;
'તુમ્હ સાથઇ અમ્હે જાસ્યું સંખપુરઇ વહી રે, તીરથ વંદન કાજિ મનીષા અમ્હ સહી રે. ૧૯૦

મુઝ પાસઇ દીનાર મનોહર છઇ ઘણા રે, તીરથ પૂજા કાજિ દિયઇ ધરમી જણા રે;
તે લેઇ ભલ ઠામઇ રાખઉ સાહસી રે,' ઇમ બોલીનઇ આપિઉ [5]નઉલ મુખિઇ હસી રે. ૧૯૧

અણ ઇછંતઇ તુરત લિયઉ લજ્જાવસિઇ રે, તુઠઉ તેહ આસીસ દિયઇ મન-રસિઈ રે;
કુમર સરુપ વિચારી મનમાં ચીંતવઇ રે, 'ઇણિ સાથઇ ચાલેવું સુંદર નહી હિવઈ રે.' ૧૯૨

ઇમ પરિવાલી કુમરઇ તુરંગ ચલાવિયા રે, સાથ મિલી સહૂ ગહન પ્રદેસઇં આવીયા રે;
તામ વ્રતી માયાયઇં બોલઇ [6]દૂથિયાં રે, 'અતિથિપણું આજ કરિસ્યું સહૂઅઇ સાથિયાં! રે. ૧૯૩

ગોકુલ એક નિજીક ઇહાં છઇ દીપતઉ રે, વરષાકાલ રહિવઉ હૂં સહિલઉ આવતઉ રે;
વિદ્યા-બલિ મઇં રંજ્યા લોક તિહાં બહૂં રે, દેસઇ સરસુ ભોજન ચાલઉ તિણિ [7]લહૂં રે.'. ૧૯૪

એમ નિમંત્રી તેહ આગઇથી ધાવિયઉ રે, દૂધ-દહી-ઘૃત કુંભ ભરીનઇ આવીયઉ રે;
હરખઇ કુમર બુલાવિ કહઇ રલીયામણું રે, 'ગોરસ પીજઇ એ મુઝ [8]હેજ હિયઇં ઘણઉ રે.' ૧૯૫

કુમર કહઇ 'મુઝ મસ્તકિ વેદન છઇ સહી રે, યતિ-ભોજન વલિ એહ સદા કલપઇ નહીં રે;'
કુશલપણઇ ધૂરત તે જાણિઉં કૂંઅરઇ રે, સાથ સહૂ [9]સન્નાયઇ વારિયઉ બહુ પરઇ રે. ૧૯૬

---

૧. પાઠા૦ ઊગમિ. ૨. પાઠા૦ લીખણ. ૩. સેવકોથી. ૪. શઠતાથી. ૫. કમરે બાંધવાની પૈસા ભરવાની સાંકડી થેલી. ૬. દુઃસ્થિતો-ગરીબો. ૭. જલ્દી. ૮. આનંદ. ૯. સંજ્ઞાથી=ઈશારા થી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રસના રસિ ગોરસ પીઅઇ [1]હિત અવગણિ રે, તતખિણ પ્રાણ તજઇ તે વિષ-મિશ્રિત ભણી રે;
જમ મંદિર પહુતા તસુ જાણી ગહગહિઉ રે, તસ્કર તીર ખિવંતઉ હૂઅઉ સંમુહિઉ રે. ૧૯૭

શર-સંચય આવંતઉ કુમરઇ [2]વારિયઉ રે, અરધચંદ્ર બાણઇ તે મરમઇ મારીયઉ રે;
જીવિત સેષ પડિઉ જગતીયઇ તડફડઇ રે, 'દુરયોધન નામઇ હૂં મુઝસું કુણ લડઇ રે?' ૧૯૮

પણિ તઇં સૂરપણઇ કરી મુઝનઇં [3]ગંજિયઉ રે, સકલ વાત સાંભલિ તૂં કહુ છું રંજિયઉ રે;
સનમુખ ગિરિ [4]વામઇ દિસિ બિહું નદીયાં વિચઇ રે, અતિ ઉત્તંગ મનોહર [5]દેઉલ સહૂ રુચઇ રે. ૧૯૯

તાસુ તણઇ પછિમ દિસિ તલિણ સિલા સજી રે, આપ બલઇ તૂં અલગી કરિજે છઇ હજી રે;
તિણિમા [6]ઠામઇ ભૂમિભવનિ છઇ સુંદરી રે, નવયૌવન મુઝ નારી નામઇ **જયસિરિ** રે. ૨૦૦

દ્રવિણ ઘણઉ દેખંતાં તન-મન ઉલ્લસિઇં રે, તિહાં પઇસીનઇ ગ્રહિજે સવિ આતમ વસિઇં રે;'
ઇમ બોલંતઇ પ્રાણ તજ્યા દુરયોધનઇ રે, મેલી દારુ કુમારઇ [7]દહન દિયઉ વનઇ રે. ૨૦૧

રથિ બઇસી નૃપનંદન અહિનાણઇ ગયઉ રે, દેખી રમણી રુપ મનઇં વિહ્વલ થયઉ રે;
'મયા કરીનઇ માહિ પધારઉ અમ્હ ઘરઇ રે', સસનેહી જોઇનઇ જાવા જિમ કરઇ રે. ૨૦૨

પૂઠિઇં વામ કરઇ તવ મયણા આહણઈ રે, [8]અમરસિ ધરઇ ડસતી હસતી ઇમ ભણગઇ રે;
'માય-તાય પ્રિય બંધુ તજ્યા મઇ તુમ વસિઇ રે, અનવસરઇ સ્વામીયઇ રમિયઇ મન રસિઇ રે. ૨૦૩

મદના-વાણિ સુણીનઇ કૂંઅર લાજીયઉ રે, [9]સહસા સંદનિ બઇસી ચાલિઉ રાજીયઉ રે;
આગઇ જાતા દેખઇ [10]વનચર નાસતા રે, 'હુઇસ્યઇ હાથી એથિ' ધરઇ મનિ આસતા રે. ૨૦૪

ઉરઇ-પરઇ સાસંકઇ જોવઇ ચિહુંદિસઇ રે, મદમત [11]મયગલ દેખિ આવંતઉ ઊલસિઇ રે;
સ્ત્રીનઇ ધીરપ દેઇ રથથી ઊતરઇ રે, પૂરવ રીતિ રમાડી વારણ વસિ કરઇ રે. ૨૦૫

મૂકિ મતંગ ચઢી રથિ જાયઇ ચાલતઉ રે, દેખઇ દુદ્ધર સિંહ તિસઇ પથિ માલ્હતઉ રે;
સઋ થઈ બોલાવિઉ આવઇ તે ધસી રે, ફાલ દેઇ કરવાલઇ હણિયઉ તે હસી રે. ૨૦૬

જીપી સિંહ સુહેલઉ ચાલઇ આગઇ રે, અલિ-કુલ-કાલ ફણા ભુજંગમ તિહાં મિલઇ રે;
ધમણી તણીપરિ ફૂં-ફૂં કરતઉ ધાવતઉ રે, ઊલલતઉ તપતઉ તેજઇ રથ મુખિ આવતઉ રે. ૨૦૭

---

૧. પાઠા૦ હિવ. ૨. પાઠા૦ મારિયઉ. ૩. પાઠા૦ રંજિયઉ. ૪. પાઠા૦ કામઈ. ૫. મંદીર. ૬. પાઠા૦ વામઈ. ૭. અગ્નિ. ૮. અમર્ષ.
૯. જલ્દી. ૧૦. આદિવાસી. ૧૧. હાથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દેખી મયણામંજરિ ગુરુ ભય કંપતી રે, વેગઇ વિલગી [1]કંઠિ 'પ્રિય! પ્રિય!' જંપતી રે;
'અભય' કહી આસાસઇ સુંદરસુત ભલઇં રે, રથ ઊતરિ અહિ થંભઇ આપણિ મતિ બલઇ રે. ૨૦૮

મુખ થંભી ખેલાવી [2]છોડી નાગનઇ રે, રથ બઇસી સંતોષઇ ચાલિઉ સુભ મનઇ રે;
ઇમ અનેક ભય જીપી આપ સુહાવિયઉ રે, તામ ચિહુંદિસિ નિજ દલિ આવિ વધાવિયઉ રે. ૨૦૯

અનુક્રમિ ગહન ઊલંઘી આવઇ આદરઇ રે, સંખપુરઇ સુવધાઊ મુકઇ બહુ પરઇં રે;
સાંભલિ સુંદરરાય મહાજન હરખિયઉ રે, 'રાજ-પ્રજાપાલક [3]હિવ હુઇસ્યઇ' પરખિયઉ રે. ૨૧૦

પુત્રાગમન સુણીનઇ પુર સિણગારીયઇ રે. દીન-હીન [4]દુત્થી જન દાન દિવારીયઇ રે;
સનમુખ લોક સહૂનઇ હુકમ કરાવીયઇ રે, ઠામિ-ઠામિ ગુણ ગાતા પાત્ર નચાવીયઇ રે. ૨૧૧

ઇમ અનેક ઉચ્છવ તિહાં થાતાં શુભ દિનઇ રે, અગડદત્ત સુત આવિઉ નિજ હરખિત મનઇ રે;
જલધર-ગુહિર નીસાણ ઘુરઇ વાજા ઘણા રે, 'જય-જય' મુખિ કહતા સહૂ કરઇ વધામણા રે. ૨૧૨



૧. પાઠા૦ કંતઈ. ૨. પાઠા૦ તોડી. ૩. પાઠા૦ સુધો. ૪. દુસ્થ- ગરીબ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દૂહા :

સુપરઇં નિજ ઘરિ આવીયઉ, દેખી સુંદર દેહ;
માત-પિતા તવ પુત્રસું, આલિંગઇ સસનેહ. ૨૧૩

સ્નાનાવન સવિ કારવી, પૂછી સગલી વત્ત;
અગડદત્ત કુમરઇં કહી, જા નિઊ ઘરિ સંપત્ત. ૨૧૪

સુંદરનૃપ પરિવારસું, પાલઇ [૧]પુહવઇ રાજ;
સંખપુરઈં સુખિયઉ રહઇ, કરતઉ વંછિત કાજ. ૨૧૫

## ઢાલ : ૧૦, રાગ-મારુણી.

અન્ન દિવસિ આદરસું આયઉ વારુ માસ વસંત રે;
ભાર અઢાર વનસ્પતી ફૂલી હરખઇ જાણિ હસંત રે. ૨૧૬

જોવઉ જોવઉ રે કામુક [૨]જન મિલિ [૩]સંગ,
[૪]રમલિ કરઇ રસ રંગઇ રે-આંચલી

અવસર જાણી સુંદરરાજા, હય-ગય-રહ-રિધિ સાર રે;
આડંબર કરિ અધિક ઉછાહઇ, પહુચઇ વનહ મઝાર રે. ૨૧૭ જોવઉ૦

અગડદત્ત કુંયર પણિ આવઇ, લેઇ સવિ પરિવાર રે;
મદનાસું જોવન-મદ-માતઉ, ક્રીડઇ બહુઅ પ્રકાર રે. ૨૧૮ જોવઉ૦

હાસ-ભાસ-નૃત-ગીત-વિનોદઇ, દિવસઇ રમિ-રમિ [૫]છંદઇ રે;
સાંઝ સમઇ સવિ નાગર-નરપતિ, આવઇ સદનિ આનંદઇ રે. ૨૧૯ જોવઉ૦

પરિકર સકલ સજી સુંદરસુત, સંદન ચઢિ જાં બઇઠઉ રે;
મદનામંજરિ ચરણઇ લાગઉ, કાલ ભુંજગમ [૬]જૂઠઉ રે. ૨૨૦ જોવઉ૦

---

૧. પૃથ્વી. ૨. પાઠા૦ નજર. ૩. પાઠા૦ કંત. ૪. ક્રિડા. ૫. પાઠા૦ વંદઈ. ૬. ડસ્યો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હાહારવ કરતી વિલવિલતી, 'ડસી-ડસી' મુખિ કહતી રે;
ધસતી તનિ કંપંતી આવી, કુમર-ઉછંગઇ પહુતી રે. ૨૨૧ જોવઉ૰

પ્રેમઇ પ્રીતમ સાહસ દેઇ, 'મા બીહસિ' ઇમ બોલઇ રે;
વિષધર વિષ વિષમઉ હી ટાલિસું, ખણ ઇકમા [1]હિવિણ મોલઇ રે. ૨૨૨ જોવઉ૰

ઇમ કહતાં જોતાં જ તન ઇસું, મુહૂરતમાહે મદના રે;
અહિ-વિષ-પીડિત થઇઅ અચેતન, નીલ ચલન-દૃગ-વદના રે. ૨૨૩ જોવઉ૰

જીવિત રહિત પ્રિયાનઇ જાણી, કૂંઅર મોહઇ નડિયઉ રે;
વિલવઇ કરુણ સરઇ બાલક જિઉં, પ્રમદા પ્રેમઇં પડિયઉ રે. ૨૨૪ જોવઉ૰

વિરહ દાવાનલ દુક્ખઇ દાધઉ, મેલી મોટા [2]દાર રે;
રાગઇ રાતઉ ચેહ રચીનઇ, ઊપરિ થાપઇ નારિ રે. ૨૨૫ જોવઉ૰

ચિહું પખિમાહે મૂકી પાવક, આપણપઇ જિમ પઇસઇ રે;
અદભુત દેખિ ગગનથી આવઇ, [3]ખચર-યુગલ તવ હરસઇ રે. ૨૨૬ જોવઉ૰

'મા મા નૃપ સુત!' મધુર બોલાવઇ, 'અલપ કારણ કુણ વાત રે?;
મંત્ર બલઇ મહિલા તુઝ સજ કરિ, ઉપજાવું અમ્હે સાત રે.' ૨૨૭ જોવઉ૰

એમ કહી અભિમંત્રિત નીરઇ, છાંટિ કીયઉ વિષ દૂર રે;
નિદ્રા-ખય જાગી આપ સંવરિ, પૂછઇ આણંદ-પૂર રે. ૨૨૮ જોવઉ૰

'કવણ પ્રકાર થઉ? સ્વામીજી! કહિયઇ મુઝનઇ એહ રે;'
'પર-ઉપગારી એહ વિદ્યાધર, સજ્જ કરી તુમ્હ દેહ રે.' ૨૨૯ જોવઉ૰

મદનમંજરિ તસુ પાયે લાગી, 'ભાય! તાય!' મુખિ ભાસઇ રે;
સુભ આસીસ દેઇ તે ખેચર, ઊડ્યા તવ આકાસઇ રે. ૨૩૦ જોવઉ૰

---

૧. હમણાં. ૨. લાકડા. ૩. વિદ્યાધર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રજનિ સમય જાણી નૃપનંદન, પહુચઇ [1]ઉપ-પ્રાસાદઇ રે;
દયિતાસું કહઇ 'અગનિ આણીનઇ, રહિયઇ ઇહાં અપ્રમાદઇ રે.' ૨૩૧ જોવઉ૦

એવં કહિ ગયઉ રમણી રાખી, [2]જલણ લેઈ જબ વલિયઉ રે;
દેવકુલઇ દેખી અજુઆલું, કુમર તવ ઇમ નિકલિયઉ રે. ૨૩૨ જોવઉ૦

વેગઇ આવિ કહઇ કામિનિસું, 'દીઠઉ મઇં ઇહાં તેજ રે';
'પ્રીતમ! કરિ દીપક પડિબિંબબઉ', વલતું ભણઇ ધરિ હેજ રે. ૨૩૩ જોવઉ૦

તિણિવેલા અસિ નારિનઇ આપી, જાનુ યુગલ ભુઇ રાખી રે;
નીચઇ વદનિ ધમઇ વૈશ્વાનર, કુમર વધૂ હિત દાખી રે. ૨૩૪ જોવઉ૦

મયણા હાથથકી તવ પડિયઉ, કોશ રહિત કરવાલ રે;
દેવકુલઇ સિલ ઊપરિ તતખિણ, ઊઠી ધૂનિ [3]અસરાલ રે. ૨૩૫ જોવઉ૦

સરલ સભાવઇ પૂછઇ કૂંઅર, 'કવણ થયઉ વિરતંત રે?';
માયા કરિ નારી તિહાં બોલઇ, 'મોહ વસઇ મુઝ કંત! રે.' ૨૩૬ જોવઉ૦

કરિ ઉદ્યોત રહ્યા અપ્રમત્તઇ, વઉલાવી સુખ રાત રે;
નિરવિઘનઇ નિજ ભવનિઇ આવ્યા, સાનંદઇ સુપ્રભાત રે. ૨૩૭ જોવઉ૦

---

૧. નજીકના મંદિરમાં. ૨. અગ્નિ. ૩. અત્યંત.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દૂહા :

માત-પિતા આગલિ કહી, વસતિતણી સવિ વાત;
સુખ ભોગવતઉ નિત રહઇ, નિજ ઘરિ સુંદર-જાત. ૨૩૮

## ઢાલ : ૧૧, શ્રીજિનશાસન નંદનવન ભલઉ જી-એ ઢાલ.

કુમર અગડદત્ત આવઇ એકદા રે, આપ થઈ અસવાર;
વિપરીત-શિક્ષિત [૧]હર સીખાઇવા રે, વાહિયાલીયઇ સાર. ૨૩૯ કુમર૦

અશ્વ પરીક્ષા કરિવા વાહતા રે, [૨]વાહની ખાંચઇ [૩]વાગ;
દૂઠપણઇ તે વેગિઇં ધાવિયઉ રે, લંઘઇ બહુલ [૪]માગ. ૨૪૦ કુમર૦

સહૂ દેખંતાં કૂંઅર અપહરિઉ રે, સેવક થયા રે ઉદાસ;
વિષમાટવીયઇં આણિઉ આશ્રમઇ રે, સબલઇ તાપસ વાસ. ૨૪૧ કુમર૦

અશ્વથકી ઊતરિનઇ જોવઇ આશ્રમઇ રે, [૫]જિનહર એક ઉતંગ;
તિણમાં બઇઠઉ મુનિગણ પરિવરિયઉ રે, ચારણ શ્રમણ સુચંગ. ૨૪૨ કુમર૦

તપ તેજઇ મુનિ દીપઇ દિનકરુ રે, સુંદર સોવન-વન્ન;
સોમપણઇ સસિ સમતારસ ભરિઉ રે, ચિહું નાણે સંપન્ન. ૨૪૩ કુમર૦

પુહવિ પ્રસિદ્ધઉ **સાહસગતિ** ભલુ રે, નામ અનોપમ તાસ;
ભવિક જીવનઇ દિન પ્રતિ [૬]બૂઝવઇ રે, વચન સુધારસ જાસ. ૨૪૪ કુમર૦

આવિ સમીપિઇ કુમર વિનય કરી રે, પ્રણમઇ પ્રભુના પાય;
ધરમલાભ લહિ જનમ સફલ ગિણઇ રે, મનમાહિ હરખિત થાય. ૨૪૫ કુમર૦

દૂધ-સિતા સમ મધુર દેસના રે, સાંભલિ ધરઇ વિવેક;
'સુપ્રસન્નથઈ સ્વામિ! સમાદિસઉ રે, [૭]પ્રસન કરું જે એક. ૨૪૬ કુમર૦

---

૧. અશ્વ. ૨. અશ્વ. ૩. લગામ. ૪. માર્ગ. ૫. જિનાલય. ૬. બોધ આપે. ૭. પ્રશ્ન.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જોવના લાવન રુપ ગુણે ભર્યા રે, કવણ પુરુષ એ પંચ?;
કૌતુક મુઝનઇ એ ઇણિ અવસરઇ રે, કિમ વ્રત લિધઇ કરિ સંચ?' ૨૪૭ કુમર૦

વલતું ન્યાની ભાખઇ ભાવસું રે, દે ઉપયોગ વિશેષ;
રાજકુમરનઇ વઇરાગ કારણઇ રે, આદિઇં થકીય અશેષ. ૨૪૮ કુમર૦

'ઇણિહિ જ જનપદમાહિઇં દોહિલી રે, ચમરી નામઇ [1]પલિ;
અતિ ઊતકટ બલવંત તિહાં ધણી રે, ધરણીધર વર ભિલ્લ. ૨૪૯ કુમર૦

અન્ન દિવસિ તિણિ માહિઇં આવીયઉ રે, નરવર-નંદન એક;
હય-ગય-સંદન-પાયક પરિવરિયઉ રે, સાથઇ સુભટ અનેક. ૨૫૦ કુમર૦

કુમર [2]કટક તિણિ કીધઉ ચિહું પખિઇ રે, [3]ભિડિયા માહોમાંહિ રે;
હરવિ સકઇ નહી કોઇ કેહનઇ રે, નૃપસુત બુદ્ધિ અથાહ. ૨૫૧ કુમર૦

સ્ત્રી સિણગારી આગલિ આણિનઇ રે, દેખિ ગલિઉ તસુ માણ;
કામઇ પરવસ હણિયઉ તતખિણઇ રે, કુમરઇ એકણિ બાણ. ૨૫૨ કુમર૦

ભિલ્લ હણીનઇ ચાલિઉ સાહસિંઇ રે, રમણી લે તે રાય;
[4]વુદ્ધ સહોદર મારિઉ દેખિનઇ રે, પૂઠિ થયા એ ભાય. ૨૫૩ કુમર૦

રથ મારગિ તે અનક્રમિ આવિયા રે, સંખપુરઇ [5]સમકાલ;
નિવસઇ અહનિસિ તિહાં મારણ ભણી રે, ધરતા કરિ કરવાલ. ૨૫૪ કુમર૦

મધુ માસઇં તે દેખઇ એકલઉ રે, વનિતા-યુત વનમાહિ;
"કારિજ સિધિ હુસ્યઇ આપણી રે", [6]છાના રહ્યા રે ઉછાહિ. ૨૫૫ કુમર૦

ઘાઉ કરેવા ચિંતઇ તિણિ સમઇ રે, કુમર વધૂ [7]અહિ-ખદ્ધ;
મૃત જાણીનઇ આપ અગનિ લીયઇ રે, રાગ વસઇ તે [8]મુદ્ધ. ૨૫૬ કુમર૦

પુન્યઇ તામ ખેચર-યુગ આવિનઇ રે, નિરવિષ કિદ્ધ શરીર;
[9]વનિ મેલ્હી નિસિ દેઉલિ તે રહિઉ રે, ભામિનિ સહિત [10]અભીર. ૨૫૭ કુમર૦

---

૧. ચોરોનું -ગામડું. ૨. સૈન્ય. ૩. લડ્યા. ૪. વૃદ્ધ=મોટો. ૫. પાઠા૦ સમાલ. ૬. છુપાઇ, પાઠા૦ પ્રછન. ૭. સર્પે ડસી. ૮. મુગ્ધ.
૯. પાઠા૦ મન. ૧૦. નીડર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સ્ત્રીનઇ રાખી પાવક આણિવા રે, કુમર ગયઉ [૧]જિણિ વાર;
ઇણિ લઘુબંધવ દીપ પ્રગટ કરી રે, પેખિઉ સકલ પ્રકાર. ૨૫૮ કુમર૦

અતિ સસનેહઇ તેણિ નજર ભરી રે, દીઠઉ એહ ઉદાર;
અવસર જાણી આદરસું કહઇ રે, "તૂં હુઇ મુઝ ભરતાર." ૨૫૯ કુમર૦

મનહિં વિચારી એણિ ઇસા ભણી રે, "મુગધ! માનું તૂજ્ઝ;
પણિ જઇ જાણઇ સામી તાહરઉ રે, તઉ તે મારઇ મુજ્ઝ." ૨૬૦ કુમર૦

"સુભગ! મહાભાગ! ચિંતા મત કરઇ રે, કરિસું આપણઉ કામ;
સાખિ તુહારી મારિસુ મુઝ ધણી રે", દીપ બુઝાવઉ તામ. ૨૬૧ કુમર૦

૬. પાઠા૦ ક્ષિણિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દૂહા :

નારી નરગહ કોથલી, કૂડ-કપટ આવાસ;
ઇમ જાણી નર પરિહરઉ, મ કરઉ તાસ વિસાસ. ૨૬૨

## ઢાલ : ૧૨, રાગ-ગઉડી.

તિણિ પ્રસ્તાવઇ આવીયઉ અપ્રમાદી રે, રાજકુમર પતિ તાસ સદા અપ્રમાદી રે;
સ્રીનઇ પૂછઇ આવંતઇ અપ્રમાદી રે, દેઉલિ દીઠ પ્રકાસ સદા૦. ૨૬૩

તામ કહિયઉ ઇમ નારિયઇ અપ્રમાદી રે, "તુહ કર અગનિ ઉદ્યોત" સદા૦;
જલણ જગાવઇ અસિ દેઈ અપ્રમાદી રે, નારિ ભણી [૧]નૃપ-પોત સદા૦. ૨૬૪

કુમર અધોમુખ જિમ થયઉ અપ્રમાદી રે, [૨]ઘાઉ ખિવઇ તવ [૩]ઉગ્ર સદા૦;
અણુકંપાયઇ ઇણિ નરઇ અપ્રમાદી રે, ખાંચી પડિઉ [૪]ખગ્ર સદા૦. ૨૬૫

જાઇ સહોદરનઇ કહઇ અપ્રમાદી રે, સ્રીનઉ દુષ્ટ ચરિત્ર સદા૦;
સાંભલિ સવિ [૫]વિરતા થયા અપ્રમાદી રે, વયરાગી [૬]સુપવિત્ત સદા૦. ૨૬૬

સંયમ લેવા આવીયા અપ્રમાદી રે, પાંચે એ મુઝ પાસિ' સદા૦;
નિજ ચરિત્ર સુણિ ચમકીયઉ અપ્રમાદી રે, કૂંઅર થાઇ ઉદાસ સદા૦. ૨૬૭

કુમર વિવેક ધરી તિહાં અપ્રમાદી રે, ચિંતઇ ચિત્ત લગાઇ સદા૦;
'બુદ્ધિમંત નર સુર કિણઇ અપ્રમાદી રે, મહિલા મન ન લખાઇ સદા૦. ૨૬૮

[૭]રુઇ રુવઇ [૮]અલિ જંપઇ અપ્રમાદી રે, માંડઇ પરસું પ્રીતિ સદા૦;
કપટઇ વિસ ખાઇ કરી અપ્રમાદી રે, ઉપજાવઇ પરતીતિ સદા૦. ૨૬૯

રાતી સાકર સેલડી અપ્રમાદી રે, [૯]ફલ સહકાર સરુપ સદા૦;
કાલકૂટ વિષ કારિમી અપ્રમાદી રે, વિરતી કરઇ વિરુપ સદા૦. ૨૭૦

---

૧. રાજપૂત્ર. ૨. ઘાત. ૩. પાઠા૦ ખગ્ગ. ૪. ખડ્ગ=તલવાર. ૫. વિરક્ત. ૬. સુપવિત્ર. ૭. પાઠા૦ રુપી રુપાવઈ. ૮. ખોટું. ૯. પાઠા૦ રસ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ખણ રાચઇ વિરચઇ ખણઇ અપ્રમાદી રે, નીચ ગતી જલ જેમ સદા૦;
નવ-નવ નેહઇ નર નડઇ અપ્રમાદી રે, હલદ-રાગ ચલ પ્રેમ સદા૦. ૨૭૧

હું અધન્ય ઇણ કારણઇ અપ્રમાદી રે, મલિન કીયઉ કુલ રમ્મ સદા૦;
ધરમ કામ કરિ હિવ ભલા અપ્રમાદી રે, સફલ કરું નિજ જમ્મ સદા૦. ૨૭૨

સંધ્યારાગતણી પરઇ અપ્રમાદી રે, દીસઇ વિવિહ પ્રકાર સદા૦;
ખણ સંજોગ વિયોગસું અપ્રમાદી રે, ધિગ-ધિગ ઇહુ સંસાર' સદા૦. ૨૭૩

અગડદત્ત ઇમ ભાવતઉ અપ્રમાદી રે, મનિ સંવેગિ વહેઇ સદા૦;
'સ્વામિ! ચરિત એ માહરઉ' અપ્રમાદી રે, પ્રણમી એમ કહેઇ સદા૦. ૨૭૪

'હું વિરમિઉ સંસારથી અપ્રમાદી રે, કીજઇ મુઝસુ પ્રસાદ સદા૦;
દીક્ષા દીજઇ આપણી અપ્રમાદી રે, ટાલીજઇ વિખવાદ' સદા૦. ૨૭૫

અગડદત્ત સંયમ ગ્રહઇ અપ્રમાદી રે, આણી મનિ વઇરાગ સદા૦;
સાહસગતિ ગુરુ [1]સઇ હાથઇ અપ્રમાદી રે, સાધઇ મુગતિનઉ માગ સદા૦. ૨૭૬

ઉગ્ર વિહારઇ તપતઇ અપ્રમાદી રે, [2]સૂત્ર-અરથ અભ્યાસ સદા૦;
[3]કર્મ ખપાવી તે અનુક્રમઇ અપ્રમાદી રે, લહિસ્યઇ સિવપુર વાસ સદા૦. ૨૭૭

૧. સ્વયં. ૨. પાઠા૦ આગમ. ૩. પાઠા૦ ઈમ રહતઉ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાલઃ- ૧૩, રાગ-ધન્યાસી.

દ્રવ્યત-ભાવત જાગીયઇ એ, અગડદત્ત અહિનાણ;
વિવેક હિયઇ ધરી એ, સુણિજ્યો ચતુર! સુજાણ! ૨૭૮

સદા સુખ સંપજઇ એ, ઇહ ભવિ પર ભવિ લીલ-આંચલી.

**વડખતરગછ** રાજીયઉ એ, યુગવર **જિનચંદ્ર** સૂરિ;
પ્રતાપઇ દીપતા એ, જયવંતા જયપુરિ. ૨૭૯ સદા૦

આચરિજ **જિનસિંહજી** એ, સુંદર સકલ સુહાય;
ગુણે કરિ ગાજતઉ એ, પ્રણમઇ નરવર પાય. ૨૮૦ સદા૦

સીલ સુલક્ષણ સોહતા એ, **હરખવિમલ** ગુરુરાજ;
પ્રસાદઇ તેહનઇ એ, કીજઇ વંછિત કાજ. ૨૮૧ સદા૦

વાચક **શ્રીસુંદર** રચઇ એ, **ઉતરાધ્યન** વિચારી;
પ્રબંધ સુહામણઉ એ, આપણ મતિ અનુસારિ. ૨૮૨ સદા૦

સ્વામિ[૬]વદન-ગુણ[૬]-રસ[૬]-રસા[૧]એ, સંવત કાતી માસ;
શનિઇં એકાદશી એ, **ભાણવડઇ** સુખ વાસિ. ૨૮૩ સદા૦

અગડદત્ત મુનિરાયનઉ એ, એ સંબંધ ઉદાર;
સુણંતા સુખ હવઇ એ, આણંદ અંગિ અપાર. ૨૮૪ સદા૦

[૨]**સાહ ચાંપસી પૂજા** ભલા એ, રહિયા મંત્રિ ઉદાર;
સુશ્રાવક આગ્રહઇ એ, રાસ રચ્યઉ એ સાર. ૨૮૫ સદા૦



૧. પાઠા૦ જસપુરિ. ૨. પાઠા૦ ચાંપસી પૂંજા મહ રહીયા એ, ભેગા જયમલ ભીમ; સુશ્રાવક આગ્રહઈ એ, રાસ રચિઉ નિસ્સીમ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૪. ગુણવિનયજી કૃત અગડદત્ત રાસ

પણમિય પંચમ **સુમતિ** જિન, પંચમ ગતિ સુખકાર;
પંચમ ન્યાન પ્રકાશધર, [૧]પંચબાણ-જયકાર. ૧

સમિરિય શ્રી **વાગીસરી**, સરસ વચન સુવિલાસ;
જસુ પ્રસાદથી સંપજઈ, પૂરિવા મનની આસ. ૨

વિઘન વિદારિવા ધારિવા, શ્રી **જિનદત્ત** સૂરિરાય;
મનમહિ મહિમા જેહની, જગમઈ જાગઈ ભાય. ૩

શ્રી **જિનકુસલ** કુસલ-કરણ, ત્રિકરણ સુધિ અપ્રમત્ત;
તેહિ જ ભાવ પ્રકાસિસ્યું, પ્રણમી નિરમલ ચિત્ત. ૪

શ્રી **જયસોમ** સુગુરુ હૃદયઇ, ધરિ સુભપરિ પરમાદ;
છોરી દોરી પુણ્યની, પ્રગટઇ જસુ પ્રસાદિ. ૫

[૨]પ્રથમ અંગિ સૂતા કહ્યા, જે અમુની મુનિરાય;
જાગત જગમઈ જાણિયા, એહિ જ પુણ્ય ઉપાય. ૬

તિહાં દ્રવ્યત સુઇવઉ કહ્યઉ, નયન નિમીલઈ નિદ્દિ;
મિથ્યાવાદિકિ મોહિયા, તે સુણિ ભાવત નિદ્દિ. ૭

દુઈ પ્રકારિ અવિવેકિ જિણિ, સૂતાં છઇ તું સાધુ;
ગતાનુગતિક હૂઇ કરી, મત સોવઇ ખણ આધુ. ૮

દ્રવ્યત નિદ્રા છોડિ જે, જાગઇ જગિ તે દેખિ;
**અગડદત્ત** નૃપકુમર જ્યું, પામઈ સુખ અશેષ. ૯

૧. કામદેવ. ૨. सुत्ता से अमुणि मुणिणो सया जागरन्ति - આચારંગ સૂત્ર-૧-૩-૧-૧૦૬.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાલ : ૧, લખયોજન પહિલ૦

અરે પુરવર **સંખપુર** જગહિ પ્રસિધ્ધ, નયર-ગુણે કરિ જેહ સમૃદ્ધ;
અલકાપુરીયતણઉ જસ લિદ્ધ, લખમીયઇ વાસ [1]જિહાં કિણિ કિદ્ધ. ૧૦

લોક વસઇ સુખીયઉ જિણિ ઠામિ, રાજની [2]સોમ નજરિનઇ પામિ;
રાજનજરિ વિષ-અમૃત નિવસઈ, દૃષ્ટાંત ઇહાં ઇખુવાડનઉ ફરસઇ. ૧૧

**વિક્રમ** નૃપિ કહ્યઉ 'સુંદરિ! પાણી, પાવઉ સેલડીયઇ રસ જાણી';
નખ દેઇ રસિ વાટલઉ ભરીયઉ, આણિ દીયઉ નૃપનઉ મન ફિરીયઉ. ૧૨

માંગીયઇ જલ ઈક્ષુરસ જન આપઈ, લોક ઘણું માહરઉ એ થાપઈ;
તણિકર પરભાતઇ હું લેઇસુ, એહનઇ સીખ ઇસીપરિ દેઇસુ. ૧૩

વલિ કહ્યઉ 'સુંદરિ! એ જલ આણઉ,' નજરિ ફિર્યઇ રસધર નઉ સમાણઉ;
જાઇ ઇક્ષુલતા બહુ મોડી, પુણિ રસધારા કાઇ ન છોડી. ૧૪

આઇ કહઇ 'વીર! તે જલ નાંહી, મોડિ-મોડિ થાકી મુઝ બાંહી;
કહઈ તઉ કલસાંનઉ જલ આણું,' નૃપ કહઈ 'સ્યું ઇહાં ભાવ વસાણું?' ૧૫

'હું નવિ જાણું બાલી ભોલી,' સુંદરિ બોલી નહી કકઠોલી;
નૃપ કહઈ 'ભયણિ! કહઉ કછું વયણ, જે ચિતુ આવઇ તે સુભ વયણિ.' ૧૬

'મુઝ મતિ ઇમ આવઇ સુણિ ભાઈ! પ્રજ ઉપરિ હિતૂઅઉ નૃપ થાઈ;
ક્રૂર નજરિ કરી તિણિએ ધરણી, નેહ વિના હૂઈ જિસા [3]અરણી' ૧૭

'વલિ જા જલ તે આણઉ [4]ભાણઉ, ભરીય જિણઇ મુઝનઇ તે સુહાણઉ';
વાટલઉ તસુ આગ્રહઇ ગ્રહીનઇ, આવી ઇખૂવાડઇ તે વહીનઇ. ૧૮

નખ દીયઇ રસહિ ભરાણઉ, 'પીવઉ ભાઇ! તેહિ જ જાણઉ';
'હિવણાં કહિ કિસઉ ભાવ લખાણઉ?' 'રાજ-નજરિ રૂડી છઈ વખાણઉ.' ૧૯

૧. જ્યાં કને. ૨. સૌમ્ય. ૩. સુકુ લાકડું, જેને ઘસવાથી અગ્નિ ઉત્પન્ન થાય. ૪. ભાણું=વાસણ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તિહાં રાજા **સુંદર** ઇણ નામિ, પ્રજની પૂરી પુરવઈ [1]હામિ;
સૌમ્યતાઅઇ જાણે હિમ-ધામ, ઉગ્રતાઅઇ કરિ સ્યું ઉગ્ર-ધામ. ૨૦

'પ્રજ રંજિવઇ જે' રાજ કહાયઇ, ઘૂઅડ પુણિ નામઇ તે લહાયઇ;
**સુલસા** નામઇ રાણી જાણી, સહૂઅ અંતેઉરમાંહિ વખાણી. ૨૧

જેહની સુધા સમાણી વાણી, ગુણમણિની જે સુંદર ખાણી;
દાનઇ કરિ જસુ સોહઇ પાણી, તસુ ગુણ વર્ણવઇ જે હૂઇ નાણી. ૨૨

તેહનઇ કુલ રૂપ સરિસ સુહાણી, એહવી પુણ્ય પ્રભાવિવ રાણી;
તાસુ કુક્ષિ સુત ઉપનઉ અઇસઉ, કુસુમ-કલીમહિ કીડઉ જઇસઉ. ૨૩

**અગડદત્ત** નામ તાસુ ધરાણઉ, કલા અભ્યાસ રહિત તે [2]વઢાણઉ;
અનુક્રમિ યૌવન-વનમહિ પયઠઉ, રમણી-હૃદય-સિંહાસણિ બયઠઉ. ૨૪

ધર્મ-અર્થ-કરુણા રસ રહીતઉં, ભૂંડામાંહે જેહ વદીતઉ;
વિનય ન સાચવઇ ગુરુજન-કેરઉ, અલિય-વયણનઉ જે [3]છઇડેઉ. ૨૫

પર-રમણી રમણીય તે માનઇ, સંકા સહૂઅ કરી જિનિ કાનઇ;
માનઇ કરિ નવિ લેખવઇ કોઉ, મદ્ય પિયઇ રમઇ જૂઅઇ જોઉ. ૨૬

મધુ-મંસ ભક્ષણઇ નિરતઉ જેહ, નટ-પેટક-વેશ્યાસું નેહ;
નગરીમહિય ઉસૃંખલ ભમત, ઉનમત જે કરઈ મનમહિ મમત. ૨૭

નવિ આણઇ કેહની તે સંકા, એહવા હોવઇ જબ વિહિ વંકા;
અન્ય દિનઇ નગરીજન જાઇ, વીનવઈ રાજાનઇ એ સુનાઇ. ૨૮

'[4]વરૂઅઉ કુમરિ કીયઉ સરૂપ, રહિ ન સકાં પુરમાંહઇ ભૂપ!';
સુણિ નૃપ [5]રીસાણઉ અતિભારી, અરુણલોચન કીયા નેહ નિવારી. ૨૯

ભૃકૂટીભીષણ હૂઅઉ ભાખઈ, 'એહ કુમરનઇ જે પુરિ રાખઇ;
તેહનઇ રાજા ચૌર જ્યું દંડ, કરિસ્યઇ' આજ્ઞા એહ પ્રચંડ. ૩૦

---

૧. હામ=ઈચ્છા. ૨. વધ્યો, મોટો થયો. ૩. છેડે-બોલે. ૪. વરવું, ખરાબ. ૫. ગુસ્સે ભરાયો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'કુમરનઇ જાઇ એમ ભણેવઉ, છોરિ-છોરિ પુર ઇહાં ન રહેવઉ;
પચ્છઇ કહિસિ કહ્યઉ નહી મુજ્ઝ,' એ નૃપ કેરઉ નિસુણિ તું [૧]ગુજ્ઝ. ૩૧

એહ સુણી નૃપ કેરઉ [૨]વેધ, તિહાં રહિવઇરઉ કર્યઉ પ્રતિષેધ;
કુમરઇ અસિ કરિ ધરિય તે ચાલઇ, પરદેસિ જાઇવા નિજ મન ઘાલઇ. ૩૨

મનમહિ અમરષ બહલઉ વહતઉ, દુસ્સહ [૩]પહ-દુહ અધિકઉ લહતઉ;
ગિરિ-સરિ-કાનન-પુર-ગોઠ ગામ, લંઘત-લંઘત પહુત સુઠામ. ૩૩

જિહાં **વાણારિસિ** નયરી અછઇ, તિણિ વિચિ ફિરવા લાગઉ પચ્છઇ;
ત્રિકિ ચઉકઇ ચચ્ચરિ અસહાય, યૂથથી જ્યું છૂટઉ કરિરાય. ૩૪

નૃપ-અપમાનઇ ભરીયઉ, દુખ-સાગરમહિ આવી પરીયઉ;
ફિરતાં નયરીમાંહઇ એક, તિણિ દીઠઉ [૪]ઓઝઉ સવિવેક. ૩૫

વાટિ લીયઉ તરુણે નરે આઇ, જ્યું શંખે દખિણાવ્રત ધાઈ;
માખીએ ગુલ અથવા મધુ છાતઉ, જિમ ચાકર નરે સાહિબ જાતઉ. ૩૬

---

૧. વાત. ૨. દ્વેષ. ૩. પથદુઃખ- મુસાફરીનું દુઃખ. ૪. ઓજ્ઝાય=ઉવજ્ઝાય=ઉપાધ્યાય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાળ : ૨, કાબેરી પુર રાજીયઉ૦

કહેવઉ તે ઓઝઉ અછઇ, સંભલિ તાસુ સરૂપો રે;
શાસ્ત્ર અર્થનઉ જાણ જે, કલા-અમૃત-રસ-કૂપો રે. ૩૭ કહેવઉ૦

પિંડિત પરચિત ઓલખઇ, વેસાની પરિ દકખો રે;
સાગર પરિ ગંભીર જે, સહૂઅ કરઇ જસુ પક્ખો રે. ૩૮ કહેવઉ૦

પર ઉપગારી જે અછઇ, કરુણા રસનઉ ધામો રે;
રૂપ-ગુણે કરિ રાજતઉ, **પવનચંડ** ઇણ નામો રે. ૩૯ કહેવઉ૦

ચંડ જિકો પ્રતિવાદિનઇ, શિષ્ય ભણી અતિ ઘાઢઉ રે;
રહ-હય-ગય સીખ સીખવઇ, નૃપ-કુમરાંનઇ ગાઢઉ રે. ૪૦ કહેવઉ૦

તસુ સમીપિ જાઇ કરી, ચરણ-કમલ નમિ [૧]નીકઇ રે;
ઓઝઉ પ્રશ્ન કરઇ ઇસઉ, બઇઠઉ તાસુ નિજીકઇ રે. ૪૧ કહેવઉ૦

'આયઉ સુંદર! કિહાં થકી? એ સવિ ભાવ પ્રકાસઇ રે';
એગંતઇ ઓઝઇ ભણી, પૂછ્યઉ કઉણ વિમાસઇ રે? ૪૨ કહેવઉ૦

જિણ પરિ પુરથી નીકલ્યઉ, સંભલિ ચંડ પ્રભાખઇ રે;
'સુખઇ રહઉ ઘરિ માહરઇ,' લીલ ન હૂઇ પુણ્ય [૨]પાખઇ રે. ૪૩ કહેવઉ૦

'કલા અભ્યાસ કરઉ રહ્યા, ઇહાં કિણિ મુજ્ઝ સમીપઇ રે;
એહ ગુહ્ય ન પ્રકાસિવઉ, જિણથી દૂષણ દીપઇ રે. ૪૪ કહેવઉ૦

**યતઃ**

**अर्थनाशं मनस्तापं, गूह्यदुश्चरितानि च ।**
**वञ्चनं चापमानं च मतिमान्न प्रकाशयेत् ।।**

ઉઠી ઓઝઉ કુમરસ્યું, નિજ ઘરિ [૩]ઘરિણિસું બોલઇ રે;
'એ મુઝ ભાઇ-સૂત અછઇ, આંપણઉ સુરમણિ- મોલઇ રે. ૪૫ કહેવઉ૦

---

૧. સારી રીતે. ૨. પાખે, વિના. ૩. ગૃહિણીને.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સ્નાન કરાવી કુમરનઇ, પ્રવર વસ્ત્ર અલંકારા રે;
પિહરાવ્યા ભોજન કીયઇ, પવનચંડ સુવિચારા રે. ૪૬ કહેવઉ૦

બોલઇ 'એ ગૃહ-ધન-[૧]ધન્ન, એ પરિવાર ઉદારા રે;
રથ-તુરગાદિક માહરા, તાહરા એ સુખકારા રે. ૪૭ કહેવઉ૦

લીલ કરઉ એ લેઇ નઇ, મત પરના એહ વિમાસઉ રે;
આપણા જાણી ઇહાં વડઉ, મનમઇ હૂઅ તમાસઉ રે.' ૪૮ કહેવઉ૦

કુમર ખુસી હૂઅઉ હિવઇ, ક્રૂર કરમ સવિ છોડી રે;
સીખઇ તેહનઇ ઘરિ રહી, કલા-રમણિ-રતિ જોડી રે. ૪૯ કહેવઉ૦

અલ્પ કાલિ વિનયઇ કરી, સર્વ કલા તિણિ સીખી રે;
કલાવંત સસિની પરઇ, પૂજ લહઇ અસરીખી રે. ૫૦ કહેવઉ૦



૧. ધાન્ય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાળ : ૩, લાલન આપઉ જો.

કલાતણઉ પરિશ્રમ હિવઇ કરિવા તે લાગઉ,
વિણુ અભ્યાસઇ નવિ ટિકઇ જાણઇ તે આગઉ;
અણ ખરચાઈ પૂરી હુવઇ ખરચ્યઈ હૂઇ વિસ્તર,
ભારતિનઉ ભંડાર એ જાતઉ નવસુંદર. ૫૧

**अव्यये व्ययमायाति, व्यये याति सुविस्तरम् ।**
**अपूर्वः कोऽपि भण्डारस्तव भारती दृश्यते ।।**

વિણુ અભ્યાસઇ શાસ્ત્ર એ વિષરૂપઇ થાયઇ,
અજિર્યઇ ભોજન વિષ સમઉ જ્યું સહુઅનઇ ભાયઇ;
વિષસમ દરિદ્રની ગોઠડી, વૃધનું તરુણી વિષ,
શાસ્ત્ર અભ્યાસઇ મત કરઉ, કોઇ મૂરિખ [1]મિષ. ૫૨

**यतः**
**अनभ्यासे विषं शास्त्रं, अजीर्णे भोजनं विषम्।**
**विषं गोष्टी दरिद्रस्य, वृध्धस्य तरुणी विषम् ।।**

ભવન ઉદ્યાનઇ જાઇનઇ સબ દિનિ મનરંગઇ,
કલા અભ્યાસ કરઇ ઘણઉ સુમતી સુભ સંગઇ;
તિણિ ઉદ્યાન સમીપિ છઇ પુરમઇ વર સિટ્ઠી,
તાસુ ભવન જે દેખતાં નવિ વિરમઇ દિટ્ઠી. ૫૩

વર [2]વાતાયન ઉચ્ચ છઇ તિહાં શ્રેષ્ટિની ધૂંઆ,
મનહર મનમથસુંદરી જાણે વર-રુઆ;
મંદિર-સિર રહી દિનિ-દિનઇ નૃપ સુતનઇ દેખઇ,
એ સંસારમઇ સાર છઇ બીજા કુણ લેખઇ?. ૫૪

૧. બહાનુ. ૨. બારી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તિણ ઉપરિ અણુરાગિણી પત્ર-પુફ-ફલ નાંખઇ,
કુમર ભણી નવિ તેહનઉ મન તસુપરી [1]ધાખઇ;
ચિંતવતી કાઇ મનઇ મનરંગઇ રમતા,
પિણિ નવિ દેખઇ ભૂપનઉ સુત તે મનગમતા. ૫૫

કલા-રસઇ ગુરુ-ભય ગિણી વિદ્યાનઇ લોભઇ,
કલા રહિતનઇ કામિણી જિણિ આવી ખોભઇ;
અન્ય દિનઇ તિણિ રમણીયઇ નિહણ્યઉ તે સુંદર,
અશોકગુચ્છિ જિણિ કામ એ પીડવઇ નિરંતર ૫૬



૧. ધાખડી=ઝંખના.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાલ : ૪, વામાનંદન વંદીયઇ.

કુમરઇ તિણિ દિનિ બાલિકા ઉવાદીઠી મધુતઇ મીઠી રે;
કામદેવરાજાતણી, તેડિવા આવી સ્યું ચીઠી રે?. ૫૭ કુમર૦

કંકેલિપલ્લવ અંતરઇ, તનુલય છઇ જેહની રૂડી રે;
નેહ ભરી દેખઇ ખરી, ખલકાવત કનકની ચૂડી રે. ૫૮ કુમર૦

કુમર ઇસઉ મનિ ચિંતવઇ, 'સુર-સુંદરિ મંદિરિ દીસઇ રે;
અથવા નાગ કન્યા કિસું?, આવી કમલા હરિ રીસઇ રે. ૫૯ કુમર૦

અથવા પરતખિ ભારતી, રતિ કામદેવ પતિ છોડી રે;
લાવણ્ય જલની વાવડી, [૧]પુરાસ્યઇ મુઝ મન [૨]કોડી રે. ૬૦ કુમર૦

અથવા પૂછું એહનઇ, કુણ કાજઇ કામિણિ! આઇ રે?;
કર કંકણ દેખણ ભણી, કુણ આરીસઉ લઇ ધાઇ રે?'. ૬૧ કુમર૦

એહવઉ હૃદય વિચારિનઇ, નૃપ-નર પ્રગટ ઇમ ભાખઇ રે;
'તું કુણ બાલિકે! ઇહાં અછઇ?, કાંઈ અલપ આતમનું દાખઇ રે?. ૬૨ કુમર૦

વિદ્યારસિ રાતઉ અછું, કાં મુઝનઇ સુતનુ! સંતાવઇ રે?';
કુમર વયણ એ સંભલી, મનમાંહઇ હરખ ન માવઇ રે. ૬૩ કુમર૦




૧. પુરાશે=પુરા થશે. ૨. કોડ=ઈચ્છા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાળ : ૫, પરણઈ છઈ ભાઈ માહરૂ.

વિકસિત નયન-કમલ હુઈ રે, જિમ રવિ-દરસનિ રંગિ રે;
મુખ-પંકજ તસુ વિહસીયઉ રે, હસિ બોલઇ તસુ સંગિ રે. ૬૪ વિકસિત૦

'પુર-પ્રધાન **બંધુદત્ત** અછઇ રે, સિઠી સહૂઅ વિસિટ્ઠ રે;
તેહની પુત્રી હું અછું રે, **મયણમંજરી** નામ ઇટ્ઠ રે. ૬૫ વિકસિત૦

નયન-ગોચર જિન દિનથકી રે, હુઅઉ તૂં કામસરૂપ રે;
[1]અસુસ(ખ)તરૂ તિન દિન થકી રે, ઉગ્યઉ હૃદયઇ વિરૂપ રે. ૬૬ વિકસિત૦

નિદ્રા નયનથી ઉડિ ગઇ રે, જિમ [2]પારઉ વન્હિ-યોગિ રે;
દાહ દેહિ અધિકઉ વધ્યઉ રે, જિમ તનુ તાપ-પ્રયોગિ રે. ૬૭ વિકસિત૦

અસન રુચઇ નહીં મુઝ ભણી રે, જિમ જીવિતનઇ અંતિ રે;
સિરપીડા અધિકી હુઈ રે, જિમ ધન-વાતિઅ કંત! રે'. ૬૮ વિકસિત૦

તાં જીવનઇ સુખ સંપજઇ રે, પ્રિયજન ન કરીયઇ જામ રે;
પ્રિય સંગ જિણ કીધઉ તિણઇ રે, કીયઉ આતમ દુખ-ધામ રે. ૬૯ વિકસિત૦

यतः

**तावच्चिय होइ सुहं, जाव न कीरइपिओ जणो कोवि ।**
**प्रियसंगो जेण कओ, दुक्खाण समप्पिओ अप्पा ।। ।।**

[ઉત્તરા૦ નેમિચંદ્રસૂરિ-વૃત્તિ - ૩૭]

પૂરવકૃત કર્મિ પ્રેરીયઉ રે, સુખનઇ વંછતઉ જીવ રે;
દુર્લભ જન અનુરાગ મઈ રે, જા પડઇ પતંગ જ્યું દીવિ રે. ૭૦ વિકસિત૦

'ન કરસિ સંગમ માહરઉ રે, જઇ તું પ્રીતમ! એહ રે;
સ્ત્રી-હત્યા પાપ તુઝ ભણી રે, લાગિસ્યઇ ન હૂય સંદેહ રે. ૭૧ વિકસિત૦

તુઝ સંગમ વિણુ માહરી રે, જીવિત વાત ન કાઇ રે;
[3]ગદ ઉપની જે દેહમઇ રે, [4]અંગદ વિના તે ન જાઇ રે'. ૭૨ વિકસિત૦

---

૧. ટી૦ નેમિચંદ્રસૂરિજીની ટીકામાં '**असुहतरू**' પદ છે. ૨. પારો. ૩. રોગ, પીડા. ૪. દવા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાલ : ૬, સુધરમ સ્વામી ઈણ.

તે નિસુણી રમણીની વાતડી રે, સાચી હૃદય વિચાર;
કરિવા લાગઉ કુમર જિણઇ ભલા રે, ન ભજઇ કોઇ વિકાર. ૭૩
પ્રાણ ત્યજ્યઇ ખિણમઇ પ્રિય વિણુ પ્રિયા રે – આંકણી૦

'મયણ- મહાજલણઇ દાધી જિકા રે, ચંદનરસ તસુ અગ્ગિ;
સુખ તેહનઇ કિણ પરિ કહઉ સંપજઇ? રે, જિમ [૧]પહીયાં [૨]ઉમ્મગ્ગિ. ૭૪ પ્રાણ૦

સુણીયઇ પ્રગટ રામાયણિ ભારતઇ રે, દસ એ કામ-[૩]અવત્થ।
કામુક જનનઇ ઇહાં ઊષધ નહી રે, સાચઉ જગિ પરમત્થ. ૭૫ પ્રાણ૦

પ્રથમ અવસ્થા ચિંતાનઇ કરઇ રે, સંગમ-સુખની ઇહ;
થાયઇ બીજી અવસ્થાનઇ વસઇ રે, સુખઇ વસઇ જે નિરીહ. ૭૬ પ્રાણ૦

દીર્ઘ ઉસાસ-નીસાસા ત્રીજીયઇ રે, જ્વર ચઉથીયઇ જાણિ;
અંગ બલઇ પંચમીયઇ પાધરઉ રે, પંચબાણ પરમાણિ. ૭૭ પ્રાણ૦

રુચિર ભોજન પિણિ ન રુચઇ તેહનઇ રે, છઠ્ઠીયઇ નવિ સંવાદ;
મૂર્ચ્છા સાતમીયઇ હૂઇ કામિનઇ રે, આઠમીયઇ ઉનમાદ. ૭૮ પ્રાણ૦

નવમીયઇ પ્રાણ સંદેહ ઉપાઇયઇ રે, દસમીયઇ પ્રાણ-વિનાસ;
તિણિ એ મુઝ વિરહઇ પ્રાણતણઉ રે, સંસય લહિસ્યઇ ઉદાસ.' ૭૯ પ્રાણ૦

એહવઉ કુમરઇ મનિ ભાવી ભણયઉ રે, નેહઇ કરિ અતિસાર;
મધુર વચન કરિ તેહનઇ સંઠવઇ રે, 'મ કરિ સંતાપ અપાર. ૮૦ પ્રાણ૦

સુંદર ચરિત વિપુલ જસ જેહનઉ રે, સુંદરનૃપ શુભચીત;
તેહનઉ સુંદરિ! હું સુત છું વડઉ રે, અગડદત્ત સુવદીત. ૮૧ પ્રાણ૦

જાણિ તે મુઝનઇ ભણિવા આવીયઉ રે, કલાચારિજનઇ પાસિ;
કલા ગ્રહેવા ઇહાં કિણિ કામિણી! રે, સવિ ગરુઆ ગુણરાસિ. ૮૨ પ્રાણ૦

---

૧. પેડા. ૨. ઉન્માર્ગે. ૩. અવસ્થા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિણિ દિનિ ચાલિસિ ઇહાંથી ભણિકરી રે, સાથઇ લેઇસિ તુઝ;
અવેસાસ તું મ કરે વેદ જ્યું રે, સાચઉ વચન એ મુઝ. ૮૩ પ્રાણ૦

મનમથ શર પ્રસરઇ સાલી ઘણું રે', એહવા બહૂઅ પ્રકાર;
વચને કરિ આસ્વાસી કામિની રે, નિજ ઘરિ આવઇ કુમાર. ૮૪ પ્રાણ૦

તેહને રૂપ ગુણે કરિ રંજીયઉ રે, વિચારતઉ મિલન-ઉપાય;
વિણુ ઉપાઇ કારિજ કોઇ ન હૂઇ રે, આવિ મિલઉ સુરરાય. ૮૫ પ્રાણ૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાલ : ૭, અભયકુમરસ્યું પ્રીતિ કરંતાં.

અન્ય દિનઇ તે રાજકુમાર, રાજપહઇ ચાલઇ અસવાર;
તિતલઇ કલ-કલ પુરમઇ હૂઅઉ, સુખ વિનોદકું દીધઉ દૂઅઉ. ૮૬

મનમઇ એહવઉ ચિંતવઇ તેહ, 'સ્યું સાગર છિલ્યઉ છંડી [૧]રેહ?;
કિં વા અગનિ અધિક ઉછલિયઉ?, [૨]રિપુબલ અથવા આવી મિલિયઉ. ૮૭

[૩]બીજુલીનઉ અથવા હુઅ પાત?, અથવા બીજી વિષમી કાઇ વાત?';
ઇણ અવસરિ કુમરઇ [૪]મદ-વારણ, ગંધઇ અન્ય ગજાંનઉ નિવારણ. ૮૮

દીઠઉ વિસિમિત ચિત્તઇ મત્ત, થંભ આલાનનઉ દૂરઇ ખિત્ત;
[૫]મિઠઇ પિણિ વેગઇ પરિવત્ત, મારતઉ [૬]સુંડાગો [૭]પરિપત્ત. ૮૯

સામુહઉ આવતઉ કાલ જ્યું કુદ્ધ, અલિ જિહાં આયા ગંધ-વિલુદ્ધ;
ત્રોડી જિણિ પદબંધની રજ્જુ, જેહનઇ દેખિ ગયા જન ભજ્જુ. ૯૦

ચૂર્યા ભવન-હટ્ટ-દેઉલ જિણિ, આયઉ ખિણમઇ કુમર જિહાં કિણિ;
અદ્ભુત રુપ કુમર તે દેખિ, નાગરજન બોલ્યા સવિસેષિ. ૯૧

ગદ-ગદ વાણીયઇ 'ઓસર-ઓસર, કરિ-પહથી તું મ મર મર નર!';
તુરતિ તુરગ છોડી હકારઇ, ગજનઇ જે ઇંદ્ર-ગજ અનુસારઈ. ૯૨

કુમર-સાદ સુણિ મદજલ ઝરતઉ, કુમર ભણી થાયઉ તે નિરતઉ;
ક્રુદ્ધ કાલ જિમ કુમરઇ [૮]પટકઉ, વીટી નાંખ્યઉ કરિનઇ [૯]ચટકઉ. ૯૩

ચડીયઉ તિહાં તે ધઇ [૧૦]દંતૂસલ, તિણ પટ ગોટઇ ઉપરિ ધરિ બલ;
કુમર પૂઠિ ભાગઇ ધઇ મૂઠિ, બહુ પ્રહાર જિણથી રહઇ રૂઠિ. ૯૪

ઉદ્ધાવઇ ધાવઈ [૧૧]વજ્જાવઈ, પદ-ધાતઈ ભૂમી સંતાવઇ;
દંતૂસલ જે મુસલ પ્રમાણઇ, ખોભઇ ખોણીમહિ નિજ પ્રાણઇ. ૯૫

---

૧. રેખા=મર્યાદા. ૨. શત્રુ-સૈન્ય. ૩. વીજળીનો. ૪. મત્તહાથી. ૫. મહાવત. ૬. હાથી. ૭. સ્વામિ, માલીક. ૮. પટક્યો, નીચે નાખ્યો. ૯. ચટકો, રીસ. ૧૦. દંતશૂળ, હાથીદાંત. ૧૧. પજવે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રીસઇ ચક્ર-ભ્રમઇ પરિ ભમતઉ, રોષ-પોષ કરિ મનિ ધમધમતઉ;
ઘણી વાર ખેલાવી ગજવર, વસિ કરિ કુમર ચડયઉ તિણિ અવસરિ. ૯૬

ગજ ખંધઇ કરિ કરિ સંતોષઇ, મધુર વચનિ જે ભરીયઉ રોષઇ;
કોપ-અગનિ સમિવા જિણિ વાણી, મીઠી સહુએ શાસ્ત્ર-વખાણી. ૯૭

સયલ નયર-લોય-લોયણ-સુખકર, ગજવર ક્રીડા દીઠા સુંદર;
સૌધ શિખરિ અંતેઉર સાથઇ, ચડ્યઇ ચતુર [1]ચાવી ભૂનાથઇ. ૯૮

દેખિ કુમર ગજ-ખંધઇ બંધુર, સુરપતિ જિમ પૂછઇ નરસિંધુર;
નિજ સેવકનઇ 'કુણ એ બાલ? ગુણનિધિ કલા કરી સુવિસાલ. ૯૯

તેજઇ કરિ જાણે રવિ રાજઈ, સોમપણઉ દેખી સસિ લાજઇ;
સર્વકલા-આગમનઉ જાણ, લાગી સુર-સુરૂપ વખાણ' ૧૦૦



૧. ઉત્કંઠાથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાલ : ૮ રામચંદ્ર કઇ બાગિ. [રાગ : ગોડી]

નર તિહાં એક ભણેઇ, 'રાજ! સુણઉ મુઝ વાતી;
કલાચારિજનઇ ગેહિ, દીઠઉ એ શુભ ભાતી. ૧૦૧

કલા પરિશ્રમ એક, કરતઉ અઉર ન ભાવઇ;
જાકું અઇસઉ એહ, સંતકી રેહકું ધાવઇ' ૧૦૨

કલાચારિજ ભૂપાલ, પૂછ્યઉ હરખ ધરી રી;
'કુણ એ પુરષ પ્રધાન?', ગ્રહી [1]ગજ-સીખ ખરી રી'. ૧૦૩

'અભય દિયઉ જઉ રાજ!, વાત કહી હું સાચી';
રાજ કહઇ 'ઇમ હોઉ, વાત કહા એ મુઝ રાચી' ૧૦૪

કુમરનઉ સવિ વૃત્તાંત, નૃપ આગઇ તિણિ ભાખ્યઉ;
બહુલ લોકનઇ મજ્ઝિ, નેહનઉ છેહ ન દાખ્યઉ. ૧૦૫

નૃપ સંભલિ તસુ વાત, ગુરુ પરમોદિ ભરાણઉ;
મૂકઇ નિજ [2]પડિહાર, કુમરનઇ જાઈ આણઉ. ૧૦૬

ગજ ખંધઇ રહ્યઉ તેહ, [3]દોવારિક ઇમ પ્રભણ્યઉ;
[4]હક્કારઇ નરનાહુ, તુમ્હ ગુણ સહૂઅઇ નિસુણ્યઉ. ૧૦૭

આવઉ રાજ સમીપિ, રાજ-આદેસ ઇસઉ રી';
થંભિ આલાનકઇ [5]કુંભિ, બંધી [6]તરણિ જિસઉ રી. ૧૦૮

મનમઇ સંક ધરેઇ, આયઉ નૃપ-નજરઇ રી;
સિર કર જાનુપ્રદેશ ધરણિઇ જા ન ધરઇ રી. ૧૦૯

કરિવા રાજ પ્રણામ, ઉઠિ આલિંગ્યઉ [7]તા વિચિ;
તંબોલા સનમાન, દાનઇ પૂજ્યઉ મનરુચિ. ૧૧૦

---

૧. ગજ-શિક્ષા. ૨. પ્રાતિહાર, દરવાન. ૩. દ્વારિક, દરવાન. ૪. બોલાવે છે. ૫. હાથી. ૬. સૂર્ય. ૭. તે વચ્ચે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બઇઠઉ રાજકઇ પાસિ, કુમર પ્રસન્ન-મના રી;
જિનકઇ પોતઇ પુણ્ય, તે હુવઈ ક્યું વિમના રી? ૧૧૧

ચિંતવઇ રાજા એમ, 'ઉત્તમ પુરૂષ એ કોઇ';
પુરુષાકારકઉ મૂલ, વિનય કહઇ સહ કોઈ. ૧૧૨

મૂલ સિરી વ્યવસાય, ધરમ સુખાંનઉ મૂલં;
દર્પ વિનાશકઉ મૂલ, સહૂ આંકઇ સિરિ મૂલં. ૧૧૩

यतः
**विणओ मूलं पुरिसत्तणस्स, मूलं सिरीए ववसाओ ।**
**धम्मो सुहाण मूलं, दप्पो मूलं विणासस्स ।।**
[ઉત્તરા૦ નેમિચંદ્રસૂરિ વૃત્તિ-૭૪]

કુણ ચીતરઇ મયૂર?, સીખવઈ ગતિ કુણ હંસા?;
કુણ કરઇ કમલાં ગંધ?, કુણ કરઇ વિનય સુવંસા? ૧૧૪

यतः
**को चित्तेइ मऊरं, गइं च को कुणइ रायहं साणं ।**
**को कुवलयाण गंधं, विणयं च कुलप्पसूयाणं ।।**
[ઉત્તરા૦ નેમિચંદ્રસૂરિ વૃત્તિ-૭૫]

કણ ભરિ સાલિ નમેઈ, તોયઇ નમઇ ઘનાઘન;
ફલ ભરિ તરુસિહરાઇં, નમઇ ન કારણ ઇહાં અન. ૧૧૫

તિમ સત પુરુષ નમંતિ, વિનયઈ નવિ ભય પામી;
પરથા અરથી જેણ, ન કરઈ વાત જે [૧]લામી. ૧૧૬

यतः
**साली भरेण तोएण, जलहरा फलभरेण तरुसिहरा ।**
**विणएण य सप्पुरिसा, नमंति नहु कस्स वि भएण ।।**
[ઉત્તરા૦ નેમિચંદ્રસૂરિ વૃત્તિ-૭૬]

---

૧. લાંબી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિનયઇ રંજિત રાજ, પૂછઇ કુસલ કી વાતી;
પૂછઇ વલિ સવિસેસ, કલા ગ્રહણકી [1]ધાતી. ૧૧૭

મુખઇ કરઇ નવિ સંત, કબહું નિજ ગુણ ગ્રહિવઉ;
લાજઇ તાં ઉવજઝાય, કેરઉ ભયઉ તહાં કહિવઉં. ૧૧૮

'નિપુણ અછઇ એ રાજ!, સર્વ કલા-સુવિલાસઇ;
પુણિ મહરાય! મહંત, લાજિ ન નિજ ગુણ ભાસઇ. ૧૧૯

ઇતર અલીક પ્રસંસ, કહણઇ અંગિ ન માવઇ;
ઇણ જગમઇ મતિમંત, બીજઉ કુણ ઇણ [2]દાવઇ?. ૧૨૦

**यतः**

**नियगरूयपयावपसंसणेण लज्जंति जे महासत्ता ।**
**इयरा पुण अलियपसंसणे वि अंगे न मायंति ।।**

(ઉત્તરા૦ નેમિચંદ્રસૂરિ વૃત્તિ-૭૯)

કુમર ચરિત-સિંધુમગ્ન, નૃપ રહ્યઉ છઇ તિણ વેલઇ;
સકલ પૌરજન આઇ, [3]ઢોવણા [4]ઢોવઇ હેલઇ. ૧૨૧

કોઇ વર-મણિ વર-વસ્તુ, કોઇ સુગંધ [5]સુહાણઉ;
ફલ કુસમાવલિ કોઇ, રાય અંગણ જુ ભરાણ ઉ. ૧૨૨

પૂરજન ઢોવનઉ તેહ, દીધઉ કુમરનઇ રાજઇ;
વીનતિ કરિવા લગ્ગ, નિજ રક્ષાનઇ કાજઇ. ૧૨૩

૧. રીત, અવસ્થા. ૨. દેખાય. ૩. ભેટણાં. ૪. આપે છે. ૫. સોહામણું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાલ : ૯, તુંગિયા ગિરિ-સિખર સોહઇ.

'દેવ! તુઝ એ નયર સુંદર, ધનદપુર અનુકાર રે;
સ્તોક દિનમહિ ચોર-મંદિર, જેમ કિય નિસ્સાર રે. ૧૨૪ દેવ૦

ચોર ક્ષત્રચારઈ ચતુર જે, તિણિ [1]મુસ્યઉ પુર સર્વ રે.
તસુ ચરણ-ચાર વિચારવા, નવિ ધરઈ કોઇ ગર્વ રે. ૧૨૫ દેવ૦

કડુય વયણે ભણઇ રાજા, પૌરના રખવાલ રે;
'દેખતાં તુમ્હ નયણિ નયરી, મુસી નવિ સંભાલ રે'. ૧૨૬ દેવ૦

વીનવઇ રખવાલ પુરના 'જોવતાં દિન કેવિ રે;
ગયા નવિ તે ચોર લાધઉ, જેમ ધન રંક સેવિ રે'. ૧૨૭ દેવ૦

ઇણ સમઇ આવી કુમર વિનવઇ, 'દીયઉ મુઝ આદેસ રે;
દિનિ સાત અંતરિ ચોર આણું, નહીં કપટનઉ લેસ રે. ૧૨૮ દેવ૦

જઇ કદાચિત તે ન લાભઈ, જ્વલિત જ્વલનનઈ મજ્ઝિ રે;
દેહ ઘાલું [2]સોસ પાલું, જીવિવઈ નઉ ડજ્ઝિ રે'. ૧૨૯ દેવ૦



૧. ચોર્યું. ૨. પ્રતિજ્ઞા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાલ : ૧૦, કાબેરી પુર રાજીયઉ.

કુમર વચન સુણિ નરવઈ, અઇસી પ્રતિજ્ઞા સેતી રે;
વાત માની રાજા ભણઈ, 'કુમર! સુણઉ ઇણ વેતી રે. ૧૩૦ કુમર૦

વંછિત એ સીઝઉ તુહાં, તુરતિ ઈસા આસીસો રે';
રાજાઅઇ દીધી તદા, ચાલ્યઉ નામી સીસો રે. ૧૩૧ કુમર૦

અનુદ્વિગ્ન નગરીમહી, ભમત ચોરના વાસા રે;
જોતઉ વેશ્યામંદિર, પાનાગારના પાસા રે. ૧૩૨ કુમર૦

કંદોઇ-હાટે વલી, જૂવટા ખેલણ ઠામઇ રે;
ઉદ્યાનઇ સૂન્ય-દેઉલઇ, સૂરહ-[1]ઇસૂર વિરામઇ રે. ૧૩૩ કુમર૦

ચઉહટ હટમાલ વિચઇ, ચચ્ચરિ ચોરનઇ ચાહઇ રે;
એકલઉ કુમર ભમર પરઇ, ભમત છઠઉ દિન વાહઇ રે. ૧૩૪ કુમર૦

સાતમઇ દિનિ ચિંત-ગ્રહ્યઉ, કુમરુ વિશેષઈ દેખઇ રે;
'પરદેસઇ જાઉં કિસું?, વ્યાપારનઇ [2]રેખઇ રે. ૧૩૫ કુમર૦

અથવા જીવિત રાખિવા, જાઉં [3]તાનનઇ અંતઇ રે;
તે મૃગનયણી હરી કરી, અથ અરણ્ય એકંતઇ રે. ૧૩૬ કુમર૦

નિરમલ કુલ જાયા જિકે, તીયાં એહ ન જુત્તો રે;
નિજ જીભઈ જે [4]પડિવજ્યઉ, હોજ્યઉ જાગત સુત્તો રે. ૧૩૭ કુમર૦

અન્યથા તે હોવઇ નહીં, જિણિ એ સુભાષિત સુણીયઇ રે;
શીર્ષ છેદ બંધણ હુવઉ, દૂષણ તેહ ન ગિણીયઇ રે. ૧૩૮ કુમર૦

પડિવનઉ પાલતાં, સુપુરિસાં, જે થાઅઇ તે થાઉ રે;
[5]અચ્છા લચ્છી જે અછઇ, તે જાવઇ તઉ જાવઉ રે. ૧૩૯ કુમર૦

---

૧. ઈશ્વર. ૨. બહાને. ૩. તાણને. ૪. સ્વીકાર્યું. ૫. સ્વચ્છ, નિર્મળ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

यतः

छिज्जउ सीसं तह होउं, बंधणं चयउ सव्वहा लच्छी ।
पडिवन्नपालणेसुं, सुपुरिसाण जं होइ तं होउ ।।

[ઉત્તરા૦ નેમિચંદ્રસૂરિ વૃત્તિ-૯૬]

એ મહાવ્રત મત ભણઉ, મુદ્રા કાનઇ વહીયઇ રે;
પડિવન્નઇઉ પાલિવઉ, એહ મહાવ્રત કહીયઇ રે. ૧૪૦ કુમર૦



## ઢાલ : ૧૧, નાન્હડીયઉ.

ઇમ વિકલ્પ મનમઇ કરિ કુમર, તે સાંઝી સમઇ પુર છોડીજી;
બાહરિ આયઉ બાહરિ ધાયઉ, જાણે તજી પુણ્ય-[૧]ડોરીજી. ૧૪૧

કિસલય-વૃંદ-[૨]ગુપિલ સાખાકુલ, સીતલ જસુ છઇ છાયાજી;
ઇક સહકાર તરુ હઇ તિહાં કિણિ, કુમર ફેરંતા આયાજી. ૧૪૨

ચિંતા ધરતઉ અન્યથી વિરતઉ, બઇઠઉ દસ દિસિ જોવઇજી;
વિદ્યાભ્રષ્ટ ખેચર નૃપ જાણે, પુણ્ય મહાફલ ઢોવઇજી. ૧૪૩

ઇણ અવસરિ આયઉ થાયઉ, પરિવ્રાજક ધાતુરત્તાજી;
વસ્ત્ર જેહના કુર્ચ સિરોજા, મુંડિત અંગઇ મત્તાજી. ૧૪૪

સશિખ કુંડિકા [૩]ચમર [૪]દંડત્રિ, [૫]કવલિ [૬]ગણેત્રિકા હાથઇજી;
શિવ-શિવ-શિવ મુખઇ ભણંતઉ, નવિ કોઇ જસુ સાથઇજી. ૧૪૫



૧. દોરી. ૨. ગહેરી, ગાઢ. ૩. ચર્મ. ૪. ત્રિદંડ ૫. વાસની પટ્ટી અને કપડાનું પુસ્તક વીટવાનું બંધન. ૬. માળા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાલ : ૧૨, હું નહીં દ્રવ્ય.

કુમરનઇ આગઇ આવીયઉ, કેહવઉ તે? શશિભાલ રે;
ભુજાદંડ કરિદંડ સરીખી, વક્ષસ્થલ સુવિસાલ રે. ૧૪૬ કુમર૦

પરુષ કેસ સિર ઉપરિ જાકઇ, નવયોવન રુદ્ર-રૂપ રે;
અરુણ-નયન જંઘા જસુ દીરઘ, અઇસઉ જાસુ સરૂપ રે. ૧૪૭ કુમર૦

દેખિ સભય ચિંતઇ ચિતઅંતરિ, 'એહવઇ રૂપઇ એહ રે;
ચોર હુવઇ નવિ કોઇ ઇહાં ભ્રમ, દંભનઉ છઇ એ ગેહ રે.' ૧૪૮ કુમર૦

ઇણ અવસરિ પરિવ્રાજક બોલઇ, કુમરનઇ પ્રિય વયણેહિ રે;
'કિહાંથી સુપુરુષ! ઇંહાં કિણિ આયઉ?, દીસઇ વર નયણેહિ રે. ૧૪૯ કુમર૦

કિણ કારણિ તુ ઇહાં કિણિ બઇઠઉ?,' જાણી તેહનઉ ભાવ રે;
બુદ્ધિનિપુણ કુમરઇ હિવ પ્રભણ્યઉ, ડાહા દેખઇ દાવ રે. ૧૫૦ કુમર૦

'દારિદ્રયઇ હું આક્રમ્યઉ આઇ, સપુરિ ફિરું સૂનઈ ચિત્તિ રે';
'[1]સોચા મ કરિ પુત્ર! તુઝ છેડું, દારિદ્ર બહુ દે વિત્ત રે.' ૧૫૧ કુમર૦

વચન ઇસઉ પરિવ્રાજકિ બોલ્યઉ, કુમર ભણઇ 'તુમ્હ સામિ રે;
પદ પ્રસાદિ નાસઇ દારિદ્ર, જિમ દીઠઇ તમ [2]ગોસામિ રે. ૧૫૨ કુમર૦

સંપજઇ મુઝ સંપદ પરમેશ્વર-રૂપ તુહાં આધારિ રે';
ઇમ માહોમહિ બોલતાં તિણ ખિણિ, નયન થકી દિનકાર રે. ૧૫૩ કુમર૦

હૂઅ અગોચર [3]દોષનઇ દરસનિ, સંતપુરુષ રુપ નાસિ રે;
સંઝ ઉદ્યોત ગયઇ રયણી-તમ, પ્રગટ હુઅઇ તે વિમાસિ રે. ૧૫૪ કુમર૦

કરિ કરવાલ કોશથી કાઢી, કરિ દારુણ આકાર રે;
[4]ચોલિં બાંધિનઇ ચલ્યઉં ગુસાંઇ, ગિણતઉ ભય ન લગાર રે. ૧૫૫ કુમર૦

---

૧. શોક. ૨. સૂર્ય. ૩. રાત્રિના. ૪. બખ્તર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કહઇ કુમરનઇ 'આઇ મુઝ પૂઠઇ, દરિદ્ર દલું જિમ તેરા રે;
તૃષા ધનાકી કાઇ ન અબ તુઝ, હું છું અમૃત-વેરા રે' ૧૫૬ કુમર૦

દોઉં તે ઉતાવલા ચાલ્યા, નગરી મધ્ય નિવેસિ રે;
[૧]સ્તોક કાલિ ભમિ બઇઠા બેઉં, નિશ્ચલ થઇ ઇક દેસિ રે. ૧૫૭ કુમર૦

ઇસર વણિક મંદિરઇ એકઈ, ખાત્ર અખત્રનઉ ઠામ રે;
ભિત્તિ-સંધિ સુખ-ભેદ દેખિ કરિ, તિહાં દીધઉ અભિરામ રે. ૧૫૮ કુમર૦

તીક્ષણ શાસ્ત્રિ [૨]શ્રીવચ્છ સરીખઉ, સુખિ નિર્ગમન-પ્રવેશ રે;
જે અતિ ગૂઢ મૂઢિ ધન મોહઈ, ચિર દેખી તે દેસ રે. ૧૫૯ કુમર૦

અજણાવતઉ ચરણ-સંચરણ, પઇઠઉ મંદિર વીચિ રે;
કાઢઈ ધૂરત [૩]પેઇ કેઈ જિહાં, અમોલ ભંડ-વીચિ રે. ૧૬૦ કુમર૦

૧. થોડા. ૨. દીવાલમાં શ્રીવત્સ, નંદ્યાવર્ત, કપિશીર્ષક વગેરે જુદા જુદા આકારના ખાતર પાડવાની પણ એક કળા હતી. ૩. ચામડાની પેટી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાલ : ૧૩, અઈસા સાધુજી વે.

‘તિહાં રખવાલાં વે કુમર! તું રાખી જાવઉ વે,’
દેઉલ હુંતી વે દરિદ્ર નરાકઉ ઉઠાવઇ વે;
દરિદ્ર નરાં કું ઉઠાવી લ્યાવઈ પેઇ તાં સિરિ દેઈ,
નયરીથી બાહરિ નીકલિયા, મિલિયા રુડઈ દેઈ;
કુમર ચિંતવઈ ‘ખડગ ઉપાડી, આડી ઇહાં કુણ દેવઈ,
શિર છેદું પરિવ્રાજક કેરઉ [1]નેરઉ, જિમ દુખ વેવઈ. ૧૬૧

નાવિ જુગતઉ વે [2]કુલજાકું છલાઘાતો વે,
વિનિપાતો વે કરઈ જણાઇ સુજાતો વે;
કરઇ સુજાત જણાઇ ભાઈ, અનિ વિનિપાત સદાઇ,
નવિ કર અરિબલ ઘાત કદાઇ, દેખું ધનને ઠાઇ;
એહ નિવાસિ જાઈ કિરિ કિણરઈ, કાજઈ એ ધન લૂટઈ?
નવ જાણીજઇ સાર માહિલઉ, જા ન [3]વિપડદ ઉપઇ(?)’. ૧૬૨

હિવ બેઉં વે નગર ઉદ્યાનઈ આયા વે,
પઇ-ધારક વે સાથઈ તેહ ચલાયા વે;
સાથઇ તેહ ચલાયા આયા, ઉદ્યાનઇ તિણ સેતી.
કુમરનઇ છલ ઘાતઈ મારેવા, જાણી સુંદર [4]રેતી;
પરિવ્રાજક પ્રભણઇ ‘સુણિ, સુપુરષ! રયણિ અછઇ અતિ ગરુઇ,
તિણિ ઇણ ઉદ્યાનઇ રહાં આપણ, વાત કહું નવિ વરુઇ. ૧૬૩

ઇણિ ઉદ્યાનઇ વે રહી નિદ્રા સુખ સેવાં વે,
ઇણ રયણિકાં વે ક્ષણઇ કુટુક ફલ લેવાં વે;
ક્ષણ ઇક રયણિકા ફલ (ક)ટૂક લેવાં, નિદ્રા સુખ સાસંકા,
કપટ નિદ્રાઅઇ સૂતાં દોઉં, મન માંહઇ અતિ વંકા;
દક્ષિણિ ઠામિ વૃક્ષનઇ મૂલઇ, મારિવા માહોમાહઈ,
ભાર ઉપાડી આયા જે નર સૂતાં નીગુસ સમાહઈ. ૧૬૪

---

૧. નગરનું. ૨. કુલવાનને. ૩. વિપત્તિ. ૪. રીતી-રીત.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]સાથરઉ છોરી વે કુમરતિહાંથી ઓસરઈ વે,
હવલાં-હવલાં વે અસિ કરિ કરિ તરુ અઉરઇ વે;
અસિ [2]કરિ કરિ તરુ અઉરઈ રહીયઉ, અપ્રમત્ત તસુ દેખઈ,
ચરિત દુરિતનઉ કારણ સૂતા, જાણી તે મૃત લેખઈ;
અસિ કરિ તે છેદી સવિ માનવ, કરઇ કુમર જિહાં હઈરી,
સયન આવી દેખઈ તે ન દીસઈ, 'હા હા! કહા ગયઉ વઈરી?' ૧૬૫

હક્કી ઢુક્કી વે કુમર આયઉ આસિ વાહઇ વે,
જંઘા દોઉં વે છેદી તરુ લઈ રાહઇ વે;
તરૂ લઈ રાહઈ જંઘા દોઉં, છેદી એક પ્રહારઇ,
ધરણિપરી પરિવ્રાજક પડીયઉ, તિણુ વિણુ કુણ તનુ ધારઈ?;
ગમન ભણી અસમર્થ તિકો હિવ, બોલઇ જીવિત શેષ,
હું સુપ્રસિદ્ધ **ભુજંગમ** નામઇ, ચોર અછું રુદ્ર વેષ. ૧૬૬



૧. સંથારો, સુવાની જગ્યા. ૨. હાથમાં લઈ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાલઃ- ૧૪, એક લડાવઇ સ્વામિનઇ.

'કુમર! સુણઉ [1]પિતૃવનિ ઇયઇ, ભૂમીમઇ ગૃહ છઇ મુઝ રે;
**વીરમતી** યુવતી તિહાં, મુઝ ભયણિ અછઇ તું બુજઝ રે. ૧૬૭

વડ-પાદપ મૂલઇ જઇ, સાદ કરિજ્યે જિણિ તે આઇ રે;
ભૂગૃહ-દાર ઉઘાડિસ્યઈ, તે પરિણી તું મનભાઇ રે. ૧૬૮

દ્રવ્ય સંપદ સ્વીકરી સુખઇ, રહિવઉ તિહાં કિણિ વચ્છ! રે;
અથવા કિણિહિકિ ગામિ તું, રહિજ્યે વહિજ્યે મતિ અચ્છ રે. ૧૬૯

બોલતઉ ઇમ કુમરઇ તિહાં, આસ્વાસ્યઉ 'મતિ કરઇ ચિંત રે';
ગ્રહિ તસુ ખડગ ફરઇ ગયઉ, પ્રેતભૂમીયઈ દૃષ્ટિનઇ દિંત રે. ૧૭૦

વડ મૂલઇ જાઇ કરી, તિણિ યુવતિનઇ કીધઉ સદ્દ રે;
આઇ બાર ઉઘાડીયઉ, 'આવઉ ઘરમાંહઈ ભદ્દ! રે.' ૧૭૧

ચિર તાંઇ રુપ તેહઉ, દેખિ વિસમિત હુઅ કુમાર રે;
ચિંતઇ 'એ કુમરી કિસું, અમરી રતિ રુપ નીધારિ રે? ૧૭૨

એહ મદન સર્વસ્વ સ્યું?,' પૂછ્યઉ તિણિ 'સુંદર! આજ રે;
કિહાંથી? કિણિ કાજઈ ઈહાં, આયા અદભુત ધરિ સાજ રે?' ૧૭૩

પાછલી વાત સહૂ કહી, દૂહાણી હૃદયઇ અપાર રે;
મધુર વચન બોલી કરી, 'પાતાલ મંદિરિ રહિ કુમાર! રે'. ૧૭૪

પહુચાવ્યઉ [2]ગોરવ-ભણી, [3]પ્રવરાસન તિણિ તસુ દિદ્ધ રે;
સ્નેહ વચન બોલ્યઉ વલી, 'એ ધન તુમ્હ પુણ્યઈ સિદ્ધ રે. ૧૭૫

નિજ ઇચ્છાઅઇં ભોગવઉ,' વાસ-મંદિર પ્રગટી તામ રે;
'ઇણ [4]સજ્જાયઇ વીસમઉ, હું નાઉં સુંદર! જામ રે. ૧૭૬

---

૧. સ્મશાન. ૨. ગૌરવ માટે. ૩. શ્રેષ્ઠ આસન=સિંહાસન. ૪. શય્યા પર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અંગ વિલેપન જાઇન હું, આણું છું [1]'તુમ્હ-અત્થિ રે';
ઇમ કહિ નીકલી કામિની, વાસઘરથી ચડી તસુ મત્થિ રે. ૧૭૭

નીતિ શાસ્ત્ર મનિ સમરતઉ, ચિંતઇ મનિ એહઉ કુમાર રે;
'માયા-લોભ-અલીકતા, મૂઢતા-સાહસ-દુખકાર રે. ૧૭૮

અશુચિપણઉ- નિર્દયપણઉ, મહિલાના સ્વભાવ દોષ રે;
અણ સીખવીયા સંપજઇ, સ્યું કીધઇ હોવઇ રોષ રે? ૧૭૯

**यतः**

**माया अलियं लोहो, मूढत्तं साहसं असोयत्तं ।**
**निस्संसया तहच्चिय महिलाण सहावया दोसा ।।**

[ઉત્તરા૦- નેમિચંદ્રસૂરિ વૃત્તિ- ૧૪૦]

નેહઇ નવિ તે લીજીયઇ, રંજીયઇ ન વિદ્યાનઇ વિલાસિ રે;
ગુણગણિ નવિ વસિ કીજીયઇ, નવિ ચાટુવચન ઉલ્લાસિ રે. ૧૮૦

નવિ [2]ખર-કોમલ વયણડે, નવ યૌવનિ વિભવિ ન કાઇ રે;
મહિલા મનનઇ કુણ ગ્રહઇ? જિમ કેસરિ [3]કેસરરાજઇ રે. ૧૮૧

મદન-મોહિત નર આપણઉ, જે ભાવ પ્રકાસઇ મુદ્ધ રે;
યુવતિ-વરગિ દુખ સમુદ્રમઇ, તે નિવડઇ નવિ હુવઇ સુદ્ધ રે'. ૧૮૨

સય્યાતલ ઇમ ભાવિનઇ, છોડી તે કુમર [4]અનેથ રે;
લુકિ રહ્યઉ પડિબિંબ તિહાં ધરી, ડાહાં હૂઇ દુખ કેથ રે?. ૧૮૩

યંત્ર પ્રયોગિ સિલા હવી, જે શય્યા ઉપરિ તેહ રે;
મૂકી પલ્યંક ઉપરઇ, ચૂર્ણ હૂઅઉ સહી ઇણ રેહ રે. ૧૮૪

ખુસી હુઇ બોલઇ ઇસું, 'કરતઉ વધ ભાતૃનઉ મુજ્ઝ રે;
નિજ હૃદયઇ કિસું [5]વરુઅઇ સુખ હૂઇ તુણ તુજ્ઝ રે?' ૧૮૫

---

૧. તમારા માટે. ૨. કઠોર. ૩. સિંહની. ૪. અન્યથા=બીજે. ૫. સારું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દુહા :

એહ વચન સુણિ કુમર હિવ, ધાયઉ સનમુખ તાસુ;
કેસ કલાપઇ તે ગ્રહી, બોલઇ એમ વિમાસુ. ૧૮૬

'રે પાપિણિ! મુઝ મારિવા, ન સકઇ મતિમંત;
જો જાગઇ પર-છટ્ટીઇ, કિમ સુયઇ સંત? ૧૮૭

નિકાલી ભૂમિ ભવનથકી, નીકલ્યઉ તેહ કુમાર;
[1]રાતઉ પિણિ [2]વિરતઉ હૂઅઉ, કુર ચરિત તસુ ધારિ. ૧૮૮

## ઢાલ : ૧૫, ચઉપઇ.

રાજ સમીપઇ જાઇ કરી, રજનિ-પ્રવૃત્તિ કહી સવિ ખરી;
'ખડગઈ નિહણ્યઉ નિસભરિ ચોર, તસુ ભગિની એ હૃદય કઠોર.' ૧૮૯

બીજઇ દિનિ નૃપઇ પાતાલ-ગૃહ દેખાવ્યઉ ધનઇ વિસાલ;
જેહનઉ જે ધન છઇ ભૂપાલ, તેહનઇ તે દ્યઇ સવિ સંભાલ. ૧૯૦

ખૂસી હૂઅઉ રાજા નિજ ધૂઅ, જગાવિવા સુભ કર્મનઇ હૂઅ;
[3]કમલસેન-કમલાની પરઈ, સુંદર પરણાવઇ આદરઇ. ૧૯૧

ગામ સહસ્ર વલી શત કરી, દસસહસ્ર [4]રવિ-હય સમ હરી;
[5]પાઇ લાખ સાખ જગિ જીયાં, સંપદ ભંડારાની દીયાં. ૧૯૨

કર-મોક્ષણ પર્વઇ સુખકંદ, જન-મન-નયન પૂર્ણિમા ચંદ;
ઇણ પરિ જિણિ જસ લહ્યઉ અપાર, તિણુ બાલા વિણુ સવિ મુણઇ [6]છાર. ૧૯૩

તાં લજ્જા તાં માન-વિતાન, તાં પરલોક વિચારણ ધ્યાન;
જાં ન વિવેક-જીવિત હરઅંતિ, મનમઇ મયણ-સરા પસરંતિ. ૧૯૪

---

૧. રાગી. ૨. વીરાગી. ૩ ટી૦ કમલા - લક્ષ્મી સેન - સ્વામી=વિષ્ણુ. ૪. સૂર્યના ઘોડા જેવા ઘોડા. ૫. પાયદળ. ૬. રાખ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઇમ મદનાકુલ નિજ ઘરી રહઇ, જાં તે નૃપસુત નવિ કછુ કહઇ.
તાં ઇક રમણી ધરિ ઉછરંગ, આવી કુમર પાસિ સુભઅંગ. ૧૯૫

દીધઉ આસન બઇઠા [1]તઠઇ, 'કિણ કારણિ તુમ્હ આયા અછઇ?';
કુમરઇ પૂછ્યઉ 'સુંદરિ!, પ્રભણઉ વર-સસિ-વયણિ'. ૧૯૬

તે બોલી 'નિસુણઉ અવધાન, કરિ તુઝ કુમર ત્યજી પર ધ્યાન;
તુઝ સમીપિ મૂકી ગુણવંત, મદનમંજરીયઇ મનની [2]ખંતિ. ૧૯૭

તુમ્હ એ જણાવ્યઉ છઇ સંદેસ, વિરહાનલ-તાપિત-તનુ-દેસ;
''જાં મુઝ જીવિત જાયઈ નહીં, તાં સંગમ જલિ સીંચઉ સહી. ૧૯૮

વલિ ગજક્રીડા-ચૌરવિનાશ, મૂક્યઉ દુષ્ટ-રમણિ-સંવાસ;
નરપતિ પ્રમુખ લોકિ આપીયઉ, સાધુકાર તિણિ જસ વ્યાપીયઉ. ૧૯૯

તે સંભલિ વિસમિત હુઇ ઘણું, ધરઇ દુખિ નિજ જીવિતપણું;
તુઝનઇ દેખિવા ઉચ્છુકમના, ધિગ્-ધિગ્ ધાઅઉ એ કામના.'' ૨૦૦

તેહનઉ વચન સુણી નૃપસૂનુ, મનમાહઇ મનમથ કરિ [3]દૂનુ;
નિજ કરિ ધૃત દીધઉ તંબોલ, જાણીવ્યઉ તિણસ્યું રંગરોલ. ૨૦૧

'ચતુર! જાઇ ચાવઉ તુમ્હ ભણઉ, મ કરિસ્યઉ મન ઉચ્છુક આંપણઉ;
કિતલાઇક દિન લહિ પ્રસ્તાવ, જાણાવિસુ તુમ્હનઇ સવિ ભાવ.' ૨૦૨



૧. ત્યાં. ૨. હોંશ. ૩. દૂખી થયો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાલ : ૧૬, નિરદૂષણ ગુણ સેહરઉ.

અન્ય દિન ઇક રહઇ ચડ્યા, આયા [1]દુઇ જન તત્થ હો સુંદર;
દીઠા પઇસતા ભવનમઇ, પ્રભણઇ કુમરજી જત્થ હો સુંદર. ૨૦૩
'કુમરજી! આવઉ-આવઉ નિજ ઘરઇ, તેડાવઇ માઇ-બાપ હો સુંદર'-એ આંકણી.

આલિંગ્યા હરખિત મનઇ, પૂછી કુસલની વાત હો સુંદર;
[2]માવીતાંની મૂલથી કરત, નેહિ અશ્રુ પાત હો સુંદર. ૨૦૪ કુમરજી૦

તે બોલ્યા 'સુણિ કુમરજી! કુસલ માવીતાં જાણિ હો સુંદર;
પરં તુઝ વિરહ સંતાવિયા, દિન ગિણઈ [3]વચ્છર પ્રમાણિ હો સુંદર. ૨૦૫ કુમરજી૦

કિતનાઇક દિનમાંહિ તું જઇ, નવિ દરસન દેસુ હો સુંદર;
મુક્ત-જીવિત હોસ્યઈ સહી, તિણિ દુખ તીયાં મ કરેસ હો સુંદર.' ૨૦૬ કુમરજી૦



૧. બે. ૨. માતા-પિતા. ૩. વર્ષ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દુહા :

સજ્જ કરાવઇ કુમર ઇમ, સંભલી નિજ [1]ખંધાર;
નૃપ સમીપ આવી ઇસઈ, જંપઇ વચન ઉદાર. ૨૦૭

'તાતના મૂક્યા દોઇ જન, કરહારૂઢ પહૂત;
હિવણાં મુઝનઇ તેડિવા, નિસુણઉ [2]ભૂ-પુરહૂત! ૨૦૮

જ્યોગ્ય જિકૂં મુઝનઇ હવઇ, તે પ્રભણઉ નરરાય!';
બોલ્યઉ નૃપ 'પિતૃ પાસિ તું, જા જિમ સુખ લહઇ તાય. ૨૦૯

નિજ પરિવારઇ પરિવર્યઉ, જાઈ વલિ ઈણ ઠામ;
આવિજો વહિલઉ કુમર!, કરિ નિજ જનકનઉ કામ.' ૨૧૦

## ઢાલઃ- ૧૭, પણિમિય પાસજિ

અલંકાર બહુલા તસુ દીધા, મધુર વચન અમૃતરસ પીધા;
નિજ [3]દુહિતાસું નૃપતિ ચલાવઈ, ભેરિ પ્રયાણની તુરતિ વજાવઇ. ૨૧૧

કટક ચલાવી નગર મઝારિ, [4]એક રહઇ રહ્યઉ કુમર વિચારિ;
જામિની પ્રથમ પ્રહરિ નર એક, **સંગમિ** દૂતિ પાસિ સવિવેક. ૨૧૨

મૂક્યઉ કુમરિ જણાવિવા તાસુ, તિણિ કહ્યઉ જાઇ 'સુણિ પ્રિય ભાસુ;
કુમરઇ શિબિર ચલાવ્યઉ સમગ્ર, એકલઉ તે લેવા રસ [5]લગ્ન. ૨૧૩

ઉભઉ રહ્યઉ છઈ તિણિ તું સુંદરિ!, મયણમંજરિકું જણાવઉ જા કરી;
આણઉ ઉતાવલી તે તુમ્હ અજ્જ, સંપજઉ સકલ સમીહિત કજ્જ.' ૨૧૪

સુણિ તસુ વયણ ગઇ તે સંગમિ, તુરિત-તુરિત ઉચ્છુક તસુ સંગમિ;
'કુમર-પુરુષિ ભણ્યઉ સંદેસ, નિજ સ્વામિને તું કહઇ અસેસ.' ૨૧૫

---

૧. છાવણી. ૨. રાજા. ૩. પૂત્રી સાથે. ૪. એકલો રથમાં ૫. લગાર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંભલિ હરખ-રોમંચિત-દેહા, વલી નિજ જન ત્યજિ નિજ ગેહા;
એ એ કામિની કઇસી લીલા?, લાગઈ બીજા સહૂઅઈ કીલા. ૨૧૬

આવી કુમર સમીપઈ ઢૂકી, મયણમંજરિ ઇણ ઠામિ ન ચૂકી;
રથ ઉપર ચરિ સુંદરિ [1]સિગ્ઘ, વિલંબ રુપ નવિ હુવઇ જિમ વિગ્ઘ. ૨૧૭

વામ હત્થિ ગંઠિ ગરુઈ રજ્જુ, તુરગ ચલાવઇવા કીધા સજ્જુ;
નગરીથી ચલિ નિજ ખંધારઈ, કુમર આવ્યઉ કુણ તેહનઇ વારઇ? ૨૧૮

તુરતિ પ્રયાણની ભેરિ દિવાવી, સકલ સેન ચાલી તિણિ ધાવી;
[2]અચ્છિન પ્રયાણે જિમ ગૃહ દેસ, ભુવનપાલ ભૂપાલનઉ દેસ. ૨૧૯

લંઘ્યઉ [3]સ્વાપદ-શત-સંકીરણ, અરણ્યમાંહિ આવ્યા તે તિણ ખિણ;
અતિ વિષમી જિહાં દ્રુમની રાજિ, ચલ્યઉ કુમર તિહાં સેના સાજિ. ૨૨૦

સર્વ જનાનઇ આનંદ કારણિ, વર્ષારિતુ આઇ મનુહારણિ;
જિતલઇ કુમર જાઇ વનમાહઇ, તિતલઇ ભિલ્લસામિ તસુ રાહઇ. ૨૨૧

આઇ પડ્યઉ તસુ બલ દૂરિ, કીધી કુમરની સેના ચૂરિ;
જિમ નૈરિત પવનઇ ઘનવૃંદ, ચેહું દિસિ ખેરું કરીયઇ અસંદ. ૨૨૨

ભાગી નિજ સેનાનઇ દેખિ, કુમર આવ્યઉ જિમ દિનકર [4]મેષિ;
તપાવતઉ શર નિવહઇ બલ ધરિ, રણ-મજ્ઝઇ કરિ-પૂથઇ જિમ [5]હરિ. ૨૨૩

એક રહઈ રમણી સંઘાતઇ, ભિલ્લનઉ બલ ભાગઉ શર-ઘાતઈ;
અન્ય-અન્ય દિસિ તેહ પલાણઉં, ગંધગજથી જિમ ગજ [6]સપરાણઉ. ૨૨૪

ભિલ્લપતી નિજ સેન પલાણી, દેખિ આયઉ [7]તેખ અંગઇ આણી;
કુમરનઇ સનમુખ આયઉ સામી, ભિલ્લનઉ અવસર એ પામી. ૨૨૫

માહોમાહિ સરધારા વરસઈ, મારિવા તેહ પરસ્પર તરસઇ;
નવિ છલ સકઇ કેહનઇ કોઈ, એહવઉ યુદ્ધ કરઇ તે દોઇ. ૨૨૬

---

૧. શીઘ્ર. ૨. અવિરત. ૩. જંગલી પશુ. ૪. મેષ રાશીમાં. ૫. સિંહ. ૬. જોરાવર. ૭. રોષ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નિપુણ ધનુર્વેદઇ તે દોઉ, કરિ ન સકઇ તિયાં તુલના જોઉ;
કુમર ચિંતવઇ 'બુદ્ધિ પ્રપંચઈ, મંત્ર-તંત્ર પ્રયોગનઇ સંચઇ. ૨૨૭

જિમ-તિમ હાણવઉ છઇ પ્રતિપક્ષ, જિહાં નવિ પ્રભવઇ નીતિનઉ પક્ષ;
ભિલ્લવઇ એ નવિ હણસકીયઇ, અન્ય ઉપાયઇ મઇ અણકીયઇ. ૨૨૮

ઇમ ચિંતવિ કુમરઇ તે [1]ભજ્જા, કરિ શ્રૃંગાર છંડાવી લજ્જા;
[2]બઇસાણી જાણી તે [3]રહ-મુખિ, દીઠી રૂપ સંપદા સનમુખિ. ૨૨૯

તિહાં તિણિ દૃષ્ટિ ધરી હરિણાખી, નયન-બાણિ નિહણ્યઉ વ્રણ પાખી;
નિલુપ્પલ-દલ સરિખઇ બાણઇ, તિતલઇ નિહણ્યઉ ઉરસ્થિલિ પ્રાણઇ. ૨૩૦

મર્મ દેસિ નિહણ્યઉ [4]ધરિ ઢલીયઉ, ભિલ્લસામિ વેદનભરિ કલીયઉ;
નયન વિકાસિ કહેવા લગ્ગ, એહવા વયણ રખ્યઉ જમ મગ્ગ. ૨૩૧

'નવિ હું નિહણ્યઉ તુઝ સર પ્રસરઇ, નિહણ્યઉ કામ સરઇ [5]વુઠિ ગરઇ;
અથવા કુણ ઇહાં અદભુત જાનઉ?, કામઇ કો ન ઠલ્યઉ નર જાનઉ.' ૨૩૨



૧. પત્ની. ૨. બેસાડી. ૩. રથની આગળ. ૪. ધરાપર=પૃથ્વીપર. ૫. વૃષ્ટિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાલ : ૧૮, ઈમ વાતા રે કરતાં.

ઈમ બોલી રે ભિલ્લધણી કાલ વસિ પડ્યઉ,
ઇણ અવસરિ રે કુમર શિબિર જોઇવા ચડ્યઉ;
નવિ રથ-તુરી રે નવિ સેવક નર દીસ એ,
સુભટાવલી રે નવિ નામઇ નિજ સીસ એ;
નિજ સીસ નામઇ નિજ સુભટ જે દીસઇ ઇહાંકિણિ રહ્યઉ,
ઇક રહઇ નિજ પુર સામુહઉ હિવ કુમર સૂધઈ પહિ વહ્યઉ;
વડુ કષ્ટિ કુમરિ અરણ્ય લંઘ્યઉ ભય રહિત ગોકુલિ ઇકઇ,
આવ્યઉ જિહાં ગો-નિવહ નિવસઈ પહી જિણિ [1]ગામાતકઇ. ૨૩૩

ઇણ અવસરિ રે કુમરનઇ દેખી ગોઉલા,
દુઇ માનવ રે કુમર સમીપિ નિરાકુલા;
આવી ભણઇ રે મધુર વયણ 'નરવર! તુંહી,
કિહાં હુંતી રે આયા? કિહાં જાસ્યઉ વહી?;
જાસ્યઉ કિહાં વહિ તુ હે નરવર! કહઉ સૂધઉ અમ્હ ભણી',
તવ કુમર પ્રભણઇ 'સંખપુરિ અમ્હ જાઇવઉ પહ-દુહ હણી;
માત-પિતા મિલિવા મન ઉછુક છઇ જિણઇ નેહ ભરઇ ભર્યઉ;
સંતાપ પામઇ દીપની પરિ પ્રગટ એ જાગિ ઉચર્યઉ'. ૨૩૪

તે બોલઇ રે વલિ 'સંભલિ નરવર! ઇસઉ,
તુમ્હ સાથઇ રે આવા તવ અભય કિસઉ?;
સંખપુરવરિ રે જઇ પ્રસાદ અમ્હ ઉપરઇ
કરઉ તુમ્હ તદા રે' પડિવજ્યઉં વયણ તે સુભ પરઇ;
સુભ પરઇ પડિવજિ વચન તેહનઉ રથિ તુરગ જોડઇ તદા,
સાથિયા પુરુષ ભણઇ કુમરનઇ ઇસઉ વયણ પ્રગટ તદા;
'ઈણ માગિ ગુરુ કંતાર અચ્છઇ તાસુ મજ્ઝઇ [2]મહલ્લો,
ચંડ ચોર **દુજ્જોહણ** વલી તિહાં મદ સહિત [3]દંતાવલો. ૨૩૫

૧. ગામડાના. ૨. મહલ્લય- મોટો ૩. હાથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દિઠીવિસ રે સર્પ વિષમ વિસ ભારીયઉ,
જિણ દીઠઇ રે, ધીરિજ કિણહિ ન ધારીયઉ;
દાધઉ તિકો રે જે એ દૃષ્ટિ આઇ પર્યઉ,
વાઘ દારુણ રે તિણ માર્ગઈ આઇ સંચર્યઉ;
સંચર્યઉ છઇ તિણિ માગિ આગલઈ વાઘ બીહામણા,
બીજા નવી જીમણ કરાવઇ દુષ્ટ સ્વાપદના- ગણા;
[1]મંસાસિ દુખિ દખિ ચઉદીસઈ જિગ્યા તિણિ બીજઇ પહઇ,
ચાલિવઉ કુમર ભણઇ 'તુહાનઈ ભય ન કો ચાલઉ સુહઇ. ૨૩૬

ઇણ માગઇ રે કુસલિ સંખપુરિ પહુતલા,
અમ્હ હુઆં રે કાં થાઅઉ તુમ્હ આકુલા?';
ઇમ સંભલિ રે બીજા પુણિ સાથી નરા,
રાજ-તનયસ્યૂં રે ચાલ્યા ત્યજિ મનિ ભયભરા;
ભયભરા છંડી ચાલિયા બહુનરા તિણ સેતી ખરા,
ઇણ અવસરઇ આવીયઉ તિહાં કિણ મહા વ્રતધર સુંદરા;
દીરઘ-જટા-મુકુટઇ વિભૂષિત દેહ ભસ્મ-વિરાજિતં,
કરિ ધરિ ત્રિસૂલ સુપાન ભાજન સેવકે પરિવારિતં. ૨૩૭

તેજઇ કરી રે દિનકર સરિખઉ તિણિ કહ્યઉ,
'તુમ્હ સાથઇ રે પુત્ર! આઉં છું ગહગહ્યઉ;
સંખપુર ભણી રે વંદિવા તીર્થનઈ ઉમહ્યઉ,
વલિ સંભલિ રે પુત્ર! દીનારા-ગણ વહ્યઉ;
દીનારાતણઉ મઇ દેવ પૂજી વલિ ભણી,
[2]ધમ્મિય નરે દીધઉ અછઈ મુઝ તેહ તું ગ્રહી નરધણી!;
જિણિ અમ્હે નિર્ભય થકા ચાલા' ઇમ બહુત ભણિ અપ્પિઉ,
દ્રવ્યનઉ [3]નઉલ ખૂસી હૂઅઉ આસીસ દેવઈ દપ્પિયઉ. ૨૩૮

---

૧. માંસભક્ષી. ૨. ધાર્મિક. ૩. રૂપીયા ભરવાની થેલી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાલ : ૧૯, હું નહી દ્રવ્યની રાગિણી.

સાથીયા સાથઈઈ વાલીયઉ, કપટઈ કૃત-વ્રતિવેષો રે;
તસુ સરૂપ જાણી કરી, કુમરિ કીયઉ મનિ દ્વેષો રે. ૨૩૯ સાથીયા૦

ઈણ સાથઈ સુંદર નહી, ગમન અમ્હા પરિણામઈ રે;
તુરિ ત્વરિત ઈમ ચિંતવી, પ્રેર્યા રહિ પહઠામઈ રે. ૨૪૦ સાથીયા૦

ગહન દેસિ રથ આવીયઉ, મહાવ્રતી ઈમ ભાખઇ રે;
'સાથીયાનું તુમ્હ સાંભલઉ, [1]પ્રાહુણાવટિ તુમ્હ સાખઇ રે. ૨૪૧ સાથીયા૦

સર્વથા હું કરિસું તુંહી, ગોકુલ ઇહાં રનમાહિ રે;
ઘરસાલઉ મઇ આવત, કીધઉ હતઉ ઉછાહિ રે. ૨૪૨ સાથીયા૦

તિહાં [2]ગોઉલી સવે મઈ રીઝવ્યા, નિજ ગુણ રાજિઈ આજ રે;
દેસ્યઈ સુંદર ભોજન આપ હરી, સરિસ્યઇ અમ્હ તુમ્હ કાજ રે. ૨૪૩ સાથીયા૦

તિણિ તુમ્હ પ્રાહુણા અમ્હ હુવઉ,' ઈમ તિ મંત્રિ ગયઉ તેહ રે;
પાયસ-ઘૃત-દધિ પૂરિયા, ભાંડ આણ્યા ધરિ નેહ રે. ૨૪૪ સાથીયા૦

આવી કુમરનઇ તિણિ ભણ્યઉ, મધુર વચન કરિ 'પુત્ર! રે;
આજ અમ્હાં મોટા કરઉ, ભોજન કરિ રસજુત્ત રે' ૨૪૫ સાથીયા૦

---

૧. પરોણાગતિ=મહેમાનગતિ. ૨. ગોવાળીયા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાલ : ૨૦, પૂરવ મુખિ જાવઈ જિસઈ.

કુમર ભણઇ 'સ્વામી! તુહાં વચન અમ્હ સુપ્રમાણ,
પર યતિ ભોજન અમ્હ ભણી નવિ કલ્પઇ સભજાણ;
સભજાણ તુમ્હ છઉ સાધુ-ભોજન અમ્હ ભણી કલ્પઇ નહી,'
સાથીયા પુણિ તિણિ સવિ નિવાર્યા દૃષ્ટિ સંત્યાયઇ નહી;
'નવિ જીમિવું એ ઇણઇ આણ્યઉ જેહ ભોજન અવગણી,'
તે વચન જવ [1]દેવ વક્ર હોવઈ દીયઇ દુર્મતિ ઘણી. ૨૪૬

તે જીમ્યઉ સહુ એ મિલી, વિષ મિશ્ર નવિ જાણ્યઉ,
નિશ્ચેતન સગલાં હૂઆ, પાપી તે ન પિછાણ્યઉ;
ન પિછાણ્યઉ પાપી તેહ હિવ તે મહાવ્રતિ યમમંદિરઈ,
પહુતા સવે તે જાણિ ઉઠ્યઉ કુમર વધ કરિવા [2]સરઈ;
કરિ ધનુષ લેઇ કુમાર હિવ તે રીસભરિ નાખઇ સરા,
તેહના વંચઈ દેવ કરિ તે ન ચૂકઈ ચતુરા નરા. ૨૪૭

મર્મ પ્રદેસઇ તે હણ્યઉ અર્ધચંદ્ર શર નાખી,
ધરણીયઇ તે ઢલિ પડ્યઉ એહવી વાણી ભાખી;
ભાખી તિણઇ એ વાણિ એહવી 'પુત્ર! હું દુરયોધનં,
નામઇ મહા દુરજેય ચોરી કરી લ્યું જગનઉ ધનં;
નિરભીકિ આવી નિજીકિ મુઝ મન રંજીયઉ તિણિ તુઝ ભણું,
ઇણ બાણ ઘાતઇ જાણિ માહરઉ જીવિત છઈ નવિ અતિ ઘણું. ૨૪૮

એગ વયણ વલિ સંભલઉ ઇણ ગિરિ ઠામઇ પાસિ,
દેઉલ દુઇ નદીયાં વિચઇ પચ્છિમ ભાગિ વિમાસિ;
તસુ ભાગિ પરિછમ ઘણઇ તનઇ તનુ સિલા મઇ હી જે સજી,
તેહ દૂરિ કરિ ઠામિ દિસિઇ તિહાં ભૂમિગૃહિ સોભા ભજી;
પઇસવઉ તિહાં કિણિ [3]મજ્ઝભાગઇ પ્રવર રૂપ ગુણે ભરી,
નવયૌવના સુવિનીત **જયસિરી** નામ છઇ મુઝ સુંદરી. ૨૪૯

---

૧. ભાગ્ય. ૨. તીરથી. ૩. મધ્યભાગમાં.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તિણ ગૃહ મજ્ઝઇ ધન અછઇ જેહની [૧]સંખ ન કાઇ,
તસુ સુપુરિસ! નિજ કરિ કરી ભોગવિ મહાભાગ ભાઈ!;
મહાભાગ! ભોગવિ ધન-રમણિ તે મત વિફલ કરિજો જિણઇ,
ધન દુખઈ સવિ ઉપજાવ એ પુણ્યવંત હલઈ તે જિણઇ;
મુઝ અંત આયઉ છઇ તિણઇ તું ગતજીવિતનઇ આપિનઇ,
દારુ-દહન એ ઇણઇ અવસરિ વડઉ અવસર સંતનઇ.' ૨૫૦

પરભવિ તેહ ગયઉ તિતઈ, દીયા દારુ ઉદારુ,
આરુહિ પવર રહઇ ગયઉ કથિત દેસિ સુવિચારુ;
સુવિચારુ કથિત પ્રદેસિ પહુતઉ દુઇ નદી વિચિ દેઉલઇ,
સિલ દેખિ ઉઘાડી તિણઇ હિવ સાચ વચન સહૂ મિલઇ;
જિણ પરિ કહ્યઉ તિણિ તિણ પરઇ તે સાદ કીધઉ 'આવ એ,'
[૨]દારદેસિ કોઇલહ પરઈ 'આવઉ ગૃહિ શુભભાવ એ.' ૨૫૧

તેહનઉ રૂપ દેખી કરી હરખિત મન જાં નિહાલઈ,
કરતઉં વંછા એહની જાણે રોહિણિ ગાલઇ;
રોહિણી ગાલઈ જાણિ એહની કરત વંછા ચિંતવી,
[૩]અપ-હસ્તિ નિહણ્યઉ કુમર પ્રિય ભણઇ 'સ્યું કરઇ પ્રિયતમ નવી?;
તુઝ કાજિ બંધવ-પિતા-નયરી-ગેહ-સખિ સવિ છાંડિયા.
નિરલજ્જ અન્ય પ્રસંગિ રંગઈ કિસા [૪]ડંબર મંડિયા' ૨૫૨

૧. સંખ્યા. ૨. દરવાજે. ૩. ડાબા હાથે. ૪. આડંબર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાલઃ- ૨૧, તિણ અવસરિ ગિરિ શ્રૃંગિ.

વચન સુણી એ તાસુ, છોરી કુમર ચલઇ રી;
રહિ આરુહિ અગ્રદેસિ, સંત ન અપજસ લઇ રી. ૨૫૩

કિતલઉઇક વન દેસુ લંઘ્યઉ સુખઇ તિતઇ રી,;
નાશતઉ [1]શબર-સંઘાત દેખઇ ઇક ઉનમતઇ રી. ૨૫૪

નાશ એ શબરાલિ રાલિ કુડુંવઉ સગરઉ (?);
દેખી ચિંતવઇ એમ, વહઈ મદજલ જેઅ [2]ગરઉ. ૨૫૫

અઇસઉ મદ-ગજ કોઇ, સહીયઇ નઇ વનિ હઇ રી;
જિતલઇ દેખિવા તાસુ, ચિહુદિસિ નયન રહઇ રી. ૨૫૬

તિતલઈ સસિ-શંખ-કુંદધવલ દંતાવલ દેખઇ;
[3]મોરુત તરુ મહાકાય, મદજલ-વહત અલેખઇ. ૨૫૭

મદનમંજરી દેખિ, મનમઇ ચકિત ભઇ રી;
'કિમ છૂટિવઉ ઇન પાહિ? નીરભય ઠામિ જઇ રી.' ૨૫૮

કુમર ભણઇ 'ઇમ મ બીહ, મુગધે! વનગજ દેખી;
સંપદ આપદ હોઇ ગુરુઆં ઇતર ઉવેખી. ૨૫૯

રાહુગ્રહણ તું દેખિ, સસધર-દિનકર વિચઇ;
તારાગણિ નવિ હોઇ, રાહુગ્રહણ અવિલંબઇ. ૨૬૦

જિનકું સંપદ હોઈ તિનિહિકું, આપદ આવઇ;
મુંડન શિરકઉ હોઈ, તાહિ કી [4]ભૂષા છનાવઇ? ૨૬૧

મંડન મુંડન દોઈ, વુકું કવહુ ન કીજઈ;
ઇણ દૃષ્ટાંતઇ દૃષ્ટિ, ભોરી અપની દીજઇ' ૨૬૨

---

૧. ભીલોનું ટોળુ. ૨. અતિશય. ૩. દંતશૂળથી હુમલો કરનાર. ૪. શોભા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રિય ભણી પ્રભણી એમ, રહથી ઉતરિ આયઉ;
જિહાં વનગજ ગલ-ગર્જિ, કરત કુમરનઇ ધાયઉ. ૨૬૩

નાખ્યઉ તિણિ ઉતરીય, તુરતિ સમેટી આગઇ;
દીધઉ તિણુપરિ દંત, ખંત(ધ?) સભા કુંજાગઇ. ૨૬૪

ચિત્ત હૂઅઉ તિણિ ઠામિ, તાકઉ આઇ ચરઇ રી;
ગજવર ખંધઈ અંધ, મદકરિ કરિ સમરઇ રી. ૨૬૫

કુમર ઇકીય ખણ મિત્ત, મત્તકરી વસિ અપનઇ;
અહિ જિમ મણિ-મંત્ર-યોગિ, અથવા ઈંદ્રિય સુખનઇ. ૨૬૬

નિજ પ્રિયા દેખત હસ્તિ ખંધથી અવતરિ ચરીયઉ;
રહ ઉપરિ નૃપસૂનું, સ્યું ગિરિ હરિ સંચરીયઉ? ૨૬૭

નિજ પુર સામુહઉ જામ, લંઘઇ કુમર કિતઉઈક;
મારગ આગઈ વાઘ, બયઠઉ દેખઉ તિહાં ઇક. ૨૬૮

આફાલ્યઉ ધરતી સાથિ, જિણિ દીરઘ [૧]લંગૂલં;
ઉલસ્યા કેસર જાસુ, માનુ ખંધ અવચૂલં. ૨૬૯

દેખી હસિય કુમાર, ધાયઉ સામુહઉ તાકું;
રૌદ્ર વરણ સજિ વાઘ, કરકે પ્રહાર દેવાકું. ૨૭૦

ઉગ્રઉ તિતલઇ કુમાર, વસ્ત્ર વીટ્યઉ કર ઘાલઇ;
વાઘકઈ વદન મઝારિ, તા કરિ બલ સબ પાલઇ. ૨૭૧

ખડગલતાઅઇ ખંધિ, દક્ષિણ હસ્તઇ ઘાત્યઉ;
દુહવઇ ગાઢ પ્રહારિ, પ્રમદા પરતખિ પાત્યઉ. ૨૭૨

વારી વાઘ વિઘાત, જિતલઇ લંઘઇ ગહનં;
થોડઉ સઉ અહિ એક, દેખઇ વેણિ સમાનં. ૨૭૩

૧. પુછડી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અલિ-કુલ-કજ્જલ-વન્ન, ફણિ-મણિ-કિરણ-વિભાસુર;
લપલપાટ કરઇ જીહ, દો જસુ વદનિ ભયંકર. ૨૭૪

રક્ત લોચન ફૂકાર, કરત ધમણિ જ્યું ધૂનઉ;
સામુહઉ આવતઉ દેખિ, મયણમંજરિ મન[૧]દૂનઉ. ૨૭૫

ગુરુ-ભય-કંપિત દેહ, કુમર કંઠિ જાઇ લાગી;
'મત બીહઉ પ્રિય!' એમ, બોલત રથનઇ આગી. ૨૭૬

ઉતરી સામુહઉ તેહ, આવત નાગનઇ થંભઇ;
ગતિ નઇ કરિ મુખ થંભ, ખેલાવી તે [૨]અવરાઇ. ૨૭૭

છોડી ચાલઇ તેહ, રહિ આરુહિ મનરંગઈ;
તુરતિ તુરીનઇ જોડિ, રથસ્યું નિરભય અંગઇ. ૨૭૮

લંઘી નરક સમાન, કજ્જઇ ગહન-વિતાનં;
સંખપુરઇ સંપત્ત, બહુ સુખ દ્રવ્ય-નિધાનં. ૨૭૯

---

૧. દુભાણું, દુખી થયું. ૨. અટકાવ્યો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાલ : ૨૨, સુધરમ સ્વામી ઈણ પરિ.

નગરી જન સંતોષ્યા અતિ ઘણું રે, ઘરિ-ઘરિ તોરણ રાજિ;
બાંધીયઇ ઊંચા [1]યૂપ-મુસલ કરઇ રે, ઠામિ-ઠામિ સુભ સાજિ. ૨૮૦ નગરી૦

પુર ગલિયા રલિયા ઘરિ સોહીયઇ રે, સોવન પૂરણ કુંભ;
ઠવીયઇ આપણિ-આપણિ વસ્ત્રની રે, સોભા કરીયઇ અચંભ. ૨૮૧ નગરી૦

કુલવહુ સનમુખ મુખિ બહુ ગાઇયઇ રે, ધવલ મંગલ સુવિસાલ;
[2]ભટ્ટ [3]ચટ્ટ [4]ગહગટ્ટઇ જસ પઢઇ રે, અમૃત જેમ રસાલ. ૨૮૨ નગરી૦

કુમરનઇ નગરીમાહઇ પઇસંતા રે, [5]પગિ-પગિ નાટકિ રંગ;
વેશ્યાજન આવી બહુલઉ કરઇ રે, દાન દિ રીત અભંગ. ૨૮૩ નગરી૦

જનની-જનકે બહુ નેહઇ કરી રે, મંદિરમઇ પઇસંત;
આલિંગ્યઉ હરખઇ પ્રણમ્યઉ સવે રે, લોકે આવીય કંત. ૨૮૪ નગરી૦

કુમરનઇ પૂછી વાત અંતરની સવે રે, ભોજનનઇ [6]પયંતિ;
સહુઅ વાત કહિ આવ્યઉ નિજ ગૃહઇ રે, રહતઉ મનની ખંતિ. ૨૮૫ નગરી૦

જાયઇ સુખમઇ કાલ તીયાં ઘણઉ રે, ભોગવતાં રાજ-લીલ;
સુભ સંગમિ સંજાત પરમ ખુસી રે, નહી જિહાં કાઇ હીલ. ૨૮૬ નગરી૦



---

૧. વિજયસ્તંભ ૨. ભાટ. ૩. છોકરા. ૪. આનંદ કરે છે. ૫. ઠેક-ઠેકાણે. ૬. પ્રાંતે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાલ : ૨૩, તેહિ જ સાથ તિહાં ઉતર્યઉ.

અન્યદા વસંતરિતુ આવીયઇ, કામુક લોક આણંદ રે;
પોર નરાસ્યું ભૂપતી, તારાગણિ જિમ ચંદ રે. ૨૮૭ અન્યદા૦

ચાલીયઉ તેહ કુમર પુરી, સખિજન પરિવાર રે;
રમણિ સહિત પુર-નારિનઇ, સુખ કરત મનુહારિ રે. ૨૮૮ અન્યદા૦

રૂપ સંપદ દેખાવિનઇ, આવ્યઉ તિહાં કિણિ રંગિ રે;
હાસ-વિનોદ ઘણા કરઇ, મદનમંજરિ સંગિ રે. ૨૮૯ અન્યદા૦

રમિ સવિ જન નગરઇ ગયઉ, ભયઉ સંધ્યાકાલ રે;
રાજા પિણ નિજ મંદિરઇ, પહુતઉ સમકાલ રે. ૨૯૦ અન્યદા૦

પરિજન સકલ [૧]વિસરજીયઉ, કુમર પિણ તામ રે;
કુમર રહઇ આવઇ વહી, મદનમંજરી સ્યામ રે. ૨૯૧ અન્યદા૦

નાગિ [૨]ભખી હાહારવ કરઇ, 'ખાધી-ખાધી' વિલાપ રે;
કરતી સવિ અંગિ કંપતી, ધરતી સંતાપ રે. ૨૯૨ અન્યદા૦

કુમર ઉછંગઇ જા પડી, કડી-ભંગઇ ગેહ રે;
વિષભર સહતાં દોહિલઉ, ભલઉ જિણ નહી નેહ રે. ૨૯૩ અન્યદા૦

કુમર ભણઇ ઇમ 'મ બીહિ તું, કુવલય-દલ-નેત! રે;
વિષધર વિષની પ્રભાવકું, હું હરિ કરિસુ સચેત રે.' ૨૯૪ અન્યદા૦

એહવઉ વચન કહતાં થકા, ઇક મુહરત માતિ રે;
નારિ વિષધારી પરી, જિમ થંભ વિણુ [૩]છાતિ રે. ૨૯૫ અન્યદા૦

મોહઇ કુમર મૂંઝ્યઉ ઘણું, જાણી જીવિત-સુત્ત રે;
વિલપઇ કરુણ સરઇ કરી, હાહાકાર મુખિ વુત્ત રે. ૨૯૬ અન્યદા૦

---

૧. પાછા મોકલ્યા. ૨. ડંસ દીધો. ૩. છત.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કિણહિ કષ્ટ નિજ આતમા, સંવરિ [૧]ચિહિ કિદ્ધ રે;
તિહાં નિજ ભજ્જા સંઠવી, જલણ આણીય દિદ્ધ રે. ૨૯૭ અન્યદા૦

જિતલઇ નિજ આતમ ખિવઇ, કુમર જલિવા કાજિ રે;
આયઉ [૨]ખચરયુ તેતલઇ, કુમર પુણ્યનઇ સાજિ રે. ૨૯૮ અન્યદા૦

ગગનથકી ભણઇ કુમરઇ, 'સુપુરિસ! ઇણ [૩]અગ્ગિ રે;
વિણુ કારણિ પઇસઇ કિસું?, યમ કેરઇ [૪]મગ્ગિ રે. ૨૯૯ અન્યદા૦

ક્ષણમાત્રઇ તુઝ રમણિનઇ, સજ કરિસું અક્ક રે';
ઇમ બોલી અભિમંત્રનઇ, જલ ખિવઇ નિરવક્ક રે. ૩૦૦ અન્યદા૦

જાણે નિદ્રાક્ષયથકી, જાગી સંવરઇ દેહ રે;
'કુણ એ પ્રદેસ?' રમણ ભણી, પૂછઇ રમણિ સનેહ રે. ૩૦૧ અન્યદા૦

૧. ચિતા. ૨. ખેચર- વિદ્યાધર. ૩. અગ્નિમાં. ૪. માર્ગમાં.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાલ : ૨૪, અન્ય દિવસિ તટિની વિચઇ.

કુમર પ્રિયાસું રયણીયઇ, પ્રસરલઇ બહુ અંધકારિ રે;
જે નિજીક દેઉલ અછઇ, તિહાં પહુતઉ તે વિચાર રે. ૩૦૨ કુમર૦

ઇણ સમયઇ કુમર ભણ્યઉ, 'પ્રસનવદનિ પ્રિય! સેતી રે;
જિતલઇ જલણ આણું ઇહાં, એકલી રહિ વાર એતી રે.' ૩૦૩ કુમર૦

જલણ ભણી એતઉ કહી, ગયઉ કુમર તિણવાર રે;
પાછઉ વલીયઉ તે ગ્રહી, જિણથી મનિ ચમકાર રે. ૩૦૪ કુમર૦

તિતલઇ દેખઇ દેઉલઇ, જલણતણઉ ઉદ્યોત રે;
આવ્યઉ પૂછ્યઉ પ્રિય ભણી, કાઢિવા સંકા છોત રે. ૩૦૫ કુમર૦

'દીઠઉ દીપ પ્રકાસ મઇ, દેઉલિ સ્યું એ વિમાસઉ રે?';
પ્રિય બોલઇ 'પ્રિયતમ! સુણઉ, નહી ઇહાં કોઇ તમાસઉ રે. ૩૦૬ કુમર૦

જલણ તુમ્હાં કરિ જે હતઉ, પહુતઉ તસુ પ્રતિબિંબ રે;
સુધા ભિત્તિ દેખ્યઉ તુહે, જાણે કંચણ [1]કંબ રે'. ૩૦૭ કુમર૦

---

૧. કાંબી=પટ્ટી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાલ : ૨૫, સંજઇ ચિંતઇ.

ઇણ અવસરિ અસિ પ્રિયનઇ દેઇ રે, જાનુ-યુગલ નિજ ધરણિ ધરેઇ રે;
જલણ ધમઇ જા અહમુહ હોઇ રે, ક્ષુદ્ર પ્રવર્ત્તઇ છિદ્રકું જોઇ રે. ૩૦૮ ઇણ૦

કાઢ્યઉ તે અસિ કોસથી તાકઇ રે, કરથી દેઉલ [1]સિલવટિ તાકઉ રે;
જાણે કાટિવા ગુરુઅ નિઘાતઇ રે, રાતઇ પડીયઉ પૂછઇ તાતઇ રે. ૩૦૯ ઇણ૦

'પ્રિય! સંભ્રાંત થકઉ રમણીનઇ રે, સરલ સભાવ થયઉ સ્યું તુમ્હનઇ રે?;
વિણુ કોસઇ અસિ નાખ્યઉ ધરાયઈ રે,' પ્રિય બોલઇ 'કામ મઇ ન ધરાયઇ રે. ૩૧૦ ઇણ૦

મનમથ પીડા મનમઇ વાધી રે, તિણ પરવસ હુઇ સાર ન લાધી રે;
હાથથી તિણિ અસિ પડ્યઉ ન જાણ્યઉ રે,' ક્ષુદ્રભાવ તસુ મનહિ ન આણ્યઉ રે. ૩૧૧ ઇણ૦

[2]જાલી જલણ દેઉલિ તિણિ રહીયા રે, રયણિ ગમાવી પ્રભાતઇ વહીયા રે;
નિજઘર સામુહાં આઇ પત્તા રે, નિજ ભવનઇ કહી સગલી વત્તા રે. ૩૧૨ ઇણ૦

બંધવ-સખિ-સજનાનઇ હરખઇ રે, દોગુંદક સુર પરિ ઉતકરષઇ રે;
કુમર-પ્રિયા દોઉં વિસયપસત્તા રે, કાલ ગમાવઇ પરસ્પર રત્તા રે. ૩૧૩ ઇણ૦

---

૧. શિલાપટ્ટે. ૨. પ્રગટાવી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દુહા :

અન્યદા કિણિહિકિ સમઇ તે, રાજનંદન ગુણવંત;
વિપરીતશિક્ષિત વાજિનઇ, વાહઇ મનિ ધરિ ખંત. ૩૧૪

વાહ-વાહન-ભૂમિઇ કુમર, પેખતાં સવિ પરતક્ખ;
દુષ્ટ અશ્વિ પહુચાવીયઉ, રનમઇ જસુ ગુણ લક્ખ. ૩૧૫

તાપસ જિંહા નિવસઇ ઘણા, કુમરઇ ભમતાં પત્ત;
[1]જિણહર ઇક તિહાં દેખીયઉ, ચારણ સમણ [2]સુપત્ત. ૩૧૬

## ઢાલ : ૨૬, અઇસા સાધુજી વે.

મુનિરાજઇ વે રાજિત સૂરી કઇસા વે?,
ગહ-તારા વે વિચિ રુવિ-સસધર જઇસા વે;
સસધર જઇસા ગ્રહ તારા વિ કૌસ્તુભમણિ મણિવૃંદઇ,
કલ્પવૃક્ષ મનવંછિતપૂરણ તરુણ તરુકઇ વૃંદઇ;
દેવ સમુહઇ [3]સહસનયન જિસઉ સોમ્ય ગુણઇ જિસઉ ચંદા,
ક્ષમા ગુણઇ નવિ [4]વિરચઇ કબહું ધરણી પરિ શુભ કંદા. ૩૧૭

સૂર સમાન વે દીતિઇ કરિ સુવાન વે,
ગુણ જાણ વે તસુ નિરમલઉ ચઉનાણ વે;
ચિહુ ન્યાને કરિ જે છઇ સંપન્ના ચરણ કમલ જસુ ધન્ના,
સેવઇ જે સોહગ સંપુન્ના તે થાઅઇ શુભપન્ના;
**સાહસગતિ** જસુ નામ વિરાજઇ શ્રી જિનવરનઇ રાજઈ,
પરમ પ્રધાન પુરુષ જે ગરુઅઉ દેશનિ [5]ઘન જિમ ગાજઇ. ૩૧૮

---

૧. દેરાસર. ૨. સુપાત્ર. ૩. ઇન્દ્ર. ૪. કંટાળવું, ટી૦ **वि+रञ्ज्, ज>च** (ચૂલિકા પૈશાચિમાં). ૫. મેઘ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિદ્યા વસઇ વે દીઠા જગ વ્યવહારા વે,
ગણધરા વે નહી જસુ કામ વિકારા વે;
જસુ કામ વિકારા નહીય લગારા સસિ-પરિવારા,
અઇસા અનગારા ધરમ ભંડારા ગુણ ગાવઇ જસુદારા;
માનઇ જેહની જગિ સહુઅઇ [1]કારા ભણિવાનઇ જસુ [2]લારા,
લાગા મુનિવર સહુઅ ઉદારા વિરતા ઇણ સંસારા. ૩૧૯

કુમરઇ જાઇ વે ચરણકમલ તસુ નમિયા વે,
જિણિ સદગુરુ વે ઇંદ્રી-તુરંગા દમિયા વે;
દમિયા ઇંદ્રિવ્યઅશ્વ જિણઇ ગુરુ લાધી ધરમ-આસીસા,
તેહનઇ પાસઇ જાઇ બયઠઉ કુમર નમાવી સીસા;
લહિ અવસર પ્રભણયઉ વિનયઇ કરિ જિણિ અવસરના જાણ,
ડાહા હોવઇ જિણિ વિપ્ર-દુઇનઉ દ્રષ્ટાંત પુરાણ. ૩૨૦

નૃપ આગઇ વે કરઇ બંભણ દુઇ સેવા વે,
દંત દિખાવઇ વે નવિ વંછઇ કછુ દેવા વે;
નવિ વંછઇ દેવા ફોકટ સેવા હુંતી ઉભગઉ ભાઈ,
બીજઉ અવસરિ દેખી બોલિસુ મ કરિ ઉતાવલિ કાઇ;
અન્યદા દંત પડ્યા અસખલનઇ ચીખલિ નરવર કેરા,
અવસર દેખિ ભણઇ ગુરુ ભાઇ પુણ્ય ફલ્યા અબ મેરા. ૩૨૧

દંત ભરોસઇ વે હમ રસા તુમ્હકઇ પાસઇ વે,
તે ભીન સીસ સહઇ તે પરમેસર! કિણ આસઇ વે?;
કિણ આસઇ રહિવઉ કછૂ ન કહિવઉ વિદા કરઉ નરરાયા,
સદગુરુ બોલઉ ન્યાન-દિવાકર તુમ્હ છઉ જગ-પિઉ-માયા;
કાઇ સકૌતુક તુમ્હનઇ પૂછું, 'કુણ પ્રભુ! એહ સુપુરિસા?
યોવન લાવન રૂપઇ સુંદર પરતખિ મનમથ સરિસા.' ૩૨૨

---

૧. આજ્ઞા. ૨. પાછડ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાલ : ૨૭, ઉનઇ મેઘ ઘટા કરી.

વઇરાગઇ કરિ પૂરિયા, પાંચે પરમ પ્રસંત રે ગુરુજી ઇમ ભણઇ;
જાનઇ કરિ જોઇ કરી, મધુર વચન કરિ કંત રે ગુરુજી૦. ૩૨૩

'ઇણહિ જ દેસઇ છઇ વડી, **ચમરી** નામઇ પલ્લિ રે ગુરુજી૦;
**ધરણીધર** ભીલ ભોગવઇ કોઇ ન કરઇ જસુ [1]પલ્લિ રે ગુરુજી૦. ૩૨૪

અન્યદા ઇક નરપતિતણઉ, કુમર અમર સમ રૂપ રે ગુરુજી૦;
વીટ્યં હય-ગય-રહ-ભટે, જિમ મંડૂકે કૂપ રે ગુરુજી૦. ૩૨૫

તિણ ભૂમિઇ તે આવીયઉ, તિણિ તસુ સેનનઉ ભંગ રે ગુરુજી૦;
કીધઉ તિણિસ્યું તે ભિડ્યઉ, ન પડ્યઉ કોવિ [2]વિરંગ રે ગુરુજી૦. ૩૨૬

છલિ ન સકઇ કોઇ કેહનઇ, એહવઉ થયઉ સંગ્રામ રે ગુરુજી૦;
તિણિ નિજ જાયાકુ કહ્યઉ, ''શ્રૃંગારે અભિરામ રે ગુરુજી૦. ૩૨૭

થાઇ આગઇ બસિવઉ, મુખપંકજ ઉનમીલ રે'' ગુરુજી૦;
નયન-નયન તાકા મિલ્યા, કામ શરે હણ્યઉ ભીલ રે ગુરુજી૦. ૩૨૮

છિદ્ર લહી કુમરઇ તદા, બાણઇ નિહણ્યઉ મર્મિ રે ગુરુજી૦;
જીતઇ નાહિ જાસકઇ, જે છલ્યઉ ઇણ કુકર્મિ રે ગુરુજી૦. ૩૨૯

રાવણ પુણિ માર્યઉ રણઇ, પરનારી અભિલાષ રે ગુરુજી૦;
શ્રી રામઇ એ વાત કહી, જાણઉ શાસ્ત્રના સાખિ રે ગુરુજી૦. ૩૩૦

મણિરથ અનરથ પામીયઉ, ડસીયઉ કાલઇ ભુયંગિ રે ગુરુજી૦;
મયણરેહા વંછા થકી, મનમથ કીય ભંગિ રે ગુરુજી૦. ૩૩૧

ભિલ્લનાથ મારી કરી, ચાલ્યઉ પ્રિયાસ્યું સનેહ રે ગુરુજી૦;
આગઇ તિતલઇ આવીયા, પાંચે ભાઇ એહ રે ગુરુજી૦. ૩૩૨

---

૧. આક્રમણ. ૨. ફીક્કો, નિર્બળ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જીવ રહિત દેખ્યઉ [1]તિકો, જ્યેષ્ઠ સોદર શર-ઘાતિ રે ગુરુજી૦;
તિણહિ જ રથ માગઇ ચલ્યા, લહિવા મારિવા ઘાતિ રે ગુરુજી૦. ૩૩૩

[2]અમરસ વહતા મનમહી [3]દસતાસને હોઠ રે ગુરુજી૦;
સંખપુરઇ પહુતા તિકે, કુમર કુમરની ગોઠિ રે ગુરુજી૦. ૩૩૪

બઇઠઉ છઇ દેખ્યઉ તિએ, અવસર લિઘઉ કોઈ રે ગુરુજી૦;
વિણુ અવસરિ બલ કો નહીં, હંસ-મયૂરનઉ જોઇ રે ગુરુજી૦. ૩૩૫

શરદકાલિ હંસ સર ભલઉ, લાગઇ વરષાકાલિ રે ગુરુજી૦;
મોર ચકોર કરઇ ભલા, અવસર કરઇ બલ-માલ રે ગુરુજી૦. ૩૩૬

તિણહિ જ પુરિ તે [4]ટિક-રસા, જોતા મારિવા છિદ્ર રે ગુરુજી૦;
અરિ છલિવા વ્યંતર પરઇ, પ્રતિદિનિ જિનિ હૂઇ વિનિદ્ર રે ગુરુજી૦. ૩૩૭

અન્ય દિનઇ ઉદ્યાનમઇ, મુક્ત સકલ પરિવાર રે ગુરુજી૦;
નિજ જાયાસું દેખીયઉ, એકલઉ તીએ કુમાર રે ગુરુજી૦. ૩૩૮

વધ ઉપાય જા ચિંતવઇ, પાંચે દુઠુ પરિણામ રે ગુરુજી૦;
દુષ્ટ ભુજંગિ તિતલઇ ભખી, હૂઅઉ પ્રાણ વિરામ રે ગુરુજી૦. ૩૩૯

ગત-જીવિત જાણી કરી, ખિવઇ અગનિમઇ આપ રે ગુરુજી૦;
વિદ્યાધર-યુગ આવીયઉ, દેખિ ધરઇ મનિ [5]કાંપ રે ગુરુજી૦. ૩૪૦

સ્વસ્થ કીયઉ તિણિ તિણિ ખિણઇ, ઉડિ ઉદ્યાન પહૂત રે ગુરુજી૦;
[6]નિયડઇ દેઉલિ મૂકિનઇ, પ્રિયા ભણી નૃપસૂત રે ગુરુજી૦. ૩૪૧

અગનિ કાજિ તિહાંથી ગયઉ, છલ લહિ હરખિત તેહ રે ગુરુજી૦;
પાંચે વંછિત પૂરિવા, લેવા તેહનઉ છેહ રે ગુરુજી૦. ૩૪૨

પ્રચ્છન્નઇ જાઇ રહ્યાં, તીયાં મહિ લઘુ ભાઇ રે ગુરુજી૦;
[7]સૂંગડઇથી પરગટ કીયઉ, ચીર ગોપિત દીવદાઇ રે ગુરુજી૦. ૩૪૩

---

૧. તેઓનો. ૨. અમર્ષ. ૩. દાંત વચ્ચે હોઠ ભીડવ્યા. ૪. ટેકીલાં. ૫. કંપા=દયા, ૬. નિકટના. ૭. સૂંગો=દીવાનું ઢાકણું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દીપ ઉદ્યોતઇ દેખીયઉ, લઘુ સોદર વરરૂપ રે ગુરુજી૦;
રમણીયઇ નેહઇ ડરી, લાવન-જલનઉ કૂપ રે ગુરુજી૦. ૩૪૪

બોલી 'તું મુઝ પતિપણઇ, સુભગ! થાઅઉ અનુરૂપ રે ગુરુજી૦;
સાનુરાગ દૃષ્ટિઇ કરી, દેખિ સકામ સરૂપિ રે ગુરુજી૦. ૩૪૫

જઇ અન્ય નારી તુ તદા, કરિસ્યું પ્રાણ વિજુત્ત રે' ગુરુજી૦;
તે બોલ્યઉ રમણી ભણી, 'ઇમ કરિવઉ નવિ જુત્ત રે ગુરુજી૦. ૩૪૬

કામ-દગધ મુગધે! ઘણું, વંછું તુઝ સંગ રે ગુરુજી૦;
જઉ જાણઇ એ તુઝ પતી, તિલ-તિલ કરઇ મુઝ અંગ રે ગુરુજી૦. ૩૪૭

બોલી હિવ રમણી ઇસઉ, 'કાઇ ન આણઉ સંક રે ગુરુજી૦;
મુઝ હાથઇ એ મારિસ્યું, એ એ વનિતા વંકિ રે ગુરુજી૦. ૩૪૮

તુઝ પરતખિ' ઇમ બોલિનઇ, ઢાંકિ લીયઉ તે દીપ રે ગુરુજી૦;
એ ઇણ પિણિ અગનિ લેઇ કરી, આયઉ સુંદર કુલદીપ રે ગુરુજી૦. ૩૪૯

આઇ પૂછ્યઉ પ્રિય ભણી, 'ઇહા દીઠઉ ઉદ્યોત રે ગુરુજી૦;
તે સ્યઉ કારણ?' કામિની, કૂટ-તટિ-નિરઉ શ્રોત રે ગુરુજી૦. ૩૫૦

'તુમ્હ કરિ જ્વલિત જ્વલન હતઉ, પ્રતિબિંબઉ તસુ જાણિ રે ગુરુજી૦;
દેઉલિ હૂઅઉ તે તુમ્હે, દીઠઉ [1]સંયમ આણિ રે' ગુરુજી૦. ૩૫૧

ખડગ પ્રિયા કરિ દે કરી, જલન ધમઇ સિર નામી રે ગુરુજી૦;
જામ કુમર રમિણી તિકા, છલ રમિવઉ કરઇ તામિ રે ગુરુજી૦. ૩૫૨

કોસથી અસિ કાઢિ કરી, મૂકઇ ગ્રીવાયઇ પ્રહાર રે ગુરુજી૦;
કામ વસઇ કામ એ કરઇ, [2]રૂંતી કેહની દાર રે? ગુરુજી૦. ૩૫૩

પ્રિય પરદેસી જે હતઉ, સીતલ જિસઉ ચંદ્રકંત રે ગુરુજી૦;
તે પિણ વિષયોગઇ કરી, મારઇ સૂરકંત રે ગુરુજી૦. ૩૫૪

---

૧. સ્વયં. ૨. રહેતી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સ્ત્રી વેસાસ કિસઉ કરઉ? સાસનઉ જિમ વેસાસ રે ગુરુજી૦;
તે હૂઇ [૧]વાત-ચંચલતરા, કુણ હોવઇ તે વિમાસિ? રે ગુરુજી૦. ૩૫૫

ક્ષણિ રાચઇ વિરચઇ ક્ષણઇ, વનિતા બીજએ લીભાતી રે ગુરુજી૦;
ક્ષણ દીસઇ દીસઇ નહી, સ્ત્રીની એહી [૨]ધાતિ રે ગુરુજી૦. ૩૫૬

ઇણિ લઘુ સોદરિ સુંદરી કરથી કરુણા ધારિ રે ગુરુજી૦;
કરિ કરિ પ્રેરી પાડીયઉ, ખડગ અડિગ જસુ ધાર રે ગુરુજી૦. ૩૫૭

એહ ચરિત ભાયા ભણી, પ્રભણયઉ સ્ત્રીનઉ વિચિત્તિ રે ગુરુજી૦.
અતિ દારુણ દારાતણઉ, જાણી આણી ચિત્ત રે ગુરુજી૦. ૩૫૮

વિલસિત વઇરાગઇ ભર્યા, આયા માહરઇ પાસિ રે ગુરુજી૦;
દીક્ષા લેવા કારણઇ, આતમ તારણ આસિ રે' ગુરુજી૦. ૩૫૯

---

૧. પવનથી પણ વધુ ચંચલ. ૨. ધાટિ=ટેવ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાલ : ૨૮, લાલન આયઉ જો કહઇ.

ચરિત આપણઉ સંભલી મનમઇ પરિચિંતઇ,
'અહો-અહો! મહિલા ઇસી પ્રિય માનીયઇ કંતઇ;
જિણિ કાજઇ એ દેહ મઇ દહનઇ દહિવાનું,
ઘાલિવા વંછ્યઉ મુઝહ હહા! કિણસ્યું પડ્યઉ પાનું?' ૩૬૦

એહ એહવા કામ જઇ કરિવા મુઝ લાગી,
પ્રિય-મન-ચરિત ચરણ કહઉ કુણ કાઢઇ પાગી?;
મુઝ કાજઇ સવિ છોડિયા નિજ બંધવ- સહિયા,
[1]નવ પ્રિય કાજઇ મુઝ ભણી હણિવા કર વહિયા. ૩૬૧

તિણિ કારણિ સાચીઇ સાસ્રઇ વિખ્યાત,
સાંભલઉ જઇ કૌતુક અછઇ સંભલિવા ન્યાત;
ગંગાની સવિ વાલુકા સાગર સવિ અંબુ,
હિમવંત-ગિરિ પરિમાણ જે જાણઇ અવિલંબુ. ૩૬૨

બુદ્ધિમંતહોવઇ પરં તવિ મહિલા ચરિયં;
નવિ જાણઇ કરિસ્યઇ કિસુ? જિણિ તસુ હિય ધરિયં;
..................................................
.................................................. ૩૬૩

રોવઇ આપણપઇ ઘણું રોવાવઇ પરકું,
[2]વયણ અલીક વચન વદઇ ઉપજાવઇ વરકું;
પરતઉ નવિ રતઉ નવિ હુવઇ સાચઉ સવિ જાણી,
એ અંતરિવિસભરી મુખિ અમૃતવાણી. ૩૬૪

---

૧. નવા. ૨. વદન.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કપટઇ વિસ ખાયઇ મરઇ ન જાણવઇ મન રુચિ,
ન્હાવઉ ધોવઉ કામિની કબહું ન હુવઇ સુચિ;
મહિલા રાતી સેલડી સાકર જ્યું સારી,
વિરતી-નીરતી જાણિવી [૧]નિવહુંતી ખારી. ૩૬૫

ખણમાહઇ અનુરાગિણી ખણમાહિ વિરાગિણી,
રાગ કરઇ અન્ય અન્યભણી ધન્ય મનમઇ માનઈ;
હલિદ્રા-રાગ જ્યું વર્ણ નીચલ પ્રેમ કહીયઇ,
બૂડા તે ભવસાગરઇ પડ્યા જે ઇણ પાનઇ. ૩૬૬

તનુ બોલિવઇ તનુ જોઇ રમણીક એ રમણી,
[૨]મહુર-ગંઠિ મહુરી મુખઇ પણિ પ્રાણાહરણી;
હૃદયઇ નીઠુર કામિની છુરી સોવન કેરી,
અધમપણઉ મુઝ એ અહો! પાપકી કરી ઢેરી. ૩૬૭

જિણિ ઇણ કારણિ [૩]મયલીયઉ કુલ-નિરમલ શશિ જિમ,
અજસ અધિક અંગી કર્યઉ જીવિત ધરું એ કિમ?
તામ પુરઇ વઇરાગ કુલ-લાજ એ તામ,
તામ અકારિજ સંકએ ગુરુજન-ભય તામ. ૩૬૮

તામ ઈંદ્રિય વસ સિરી-ભાજન હુઇ તામ,
મનમોહન રમણીજનઇ વસ પુરિસ ન જામ;
ધિક સંસાર એ સુખકારણ ઇહાં કુણ?
સંસારઇ રે સુખ કિહાં? જિહાં એહવા અઉગુણ. ૩૬૯

દુષ્ટ-નષ્ટ ખિણમઇ હુવઇ એ વિભ[વ] વિલાસા,
ફિરતા સુખ-દુઃખ ખિણિ ખિણઇ પડઇ જિમ કરિ પાસા;
ક્ષણ સંયોગ વિયોગ એ સ્થિર ન હોય નિવાસા,
નરનઇ એ રુંધઇ પ્રિયા જિમ પક્ષિનઇ પાસા.' ૩૭૦

---

૧. છેવટે. ૨. મોરવેલની ગાંઠ-જે ઝેરી હોય છે. ૩. મલિન કર્યું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાલ : ૨૯, નાન્હડીયઉ.

એહવઉ મનમઇ ભાવત પાવત શમ-સંવેગ ઉલાસાજી,
ભગવંતનઇ ચરણે જાઇ લાગઉ ધરતઉ મનહિ તમાસાજી;
'ભગવન! તુમ્હિ એ ચરિત કહ્યઉ મુઝ, મઇ હણ્યઉ એહનઉ ભાઇજી,
હુ પિણિ ઉભગઉ એ ભવ હુંતી વ્રત ઘઉ ઇહાં ન ઠગાઇજી. ૩૭૧

મુઝ ઉપરિ અનુગ્રહ-મતિ ધરિ કરિ જાણ્યા ભવના ભાવાજી,'
ભગવંતઇ પુણિ જોગ્યતા જાણી, ભવ જલનિધિ વર નાવાજી;
દીક્ષા દીધી સીધી પરિવ્રત સાધઇ ન કહું વિરાધઇજી,
મનિ સંવેગ રસાયન સેવતાં સમય ગમઇ તે સમાધઇજી. ૩૭૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## સંધિ- ઢાલ : ૩૦

જિમ તે અગડદત્ત રયણીયઇ જાગ્યઉ નવિ પડીયઉ વયણીયઇ;
પ્રતિબુધજીવીયઇ જિમ સુખ પાયઉ, તિમ અપ્રમત્તપણઉ એ સુહાયઉ. ૩૭૩

બીજે પુણિ અપમત્તપણઉ ભજિવઉ, સિવ-[૧]માગઇ ઇણ પરિ મન સજિવઉ;
[૨]અઉ પ્રમાદ દૂરઇ ભવિ! ત્યજિવઉ, ઇમ કરતાં ભવજલહિ ન [૩]મજિવઉ. ૩૭૪

**બાહડમેરઇ** સંપદ ડેરઇ, ઉલસ્યઉ હિયડઇ હરખ [૪]વધેરઇ;
અગડદત્ત-સંબંધ કહેવા, ઢાલ બંધિ પુણ્યલાભનઇ લેવા. ૩૭૫

તે પ્રમાણ ચડીયઉ પંચમ જિન, **સુમતિનાથ** પરસાદઇ સુભ દિન;
કાતી વદિ બીજઇ ભૃગુવારિ, રેવતી નક્ષત્રઇ મનુહારિ. ૩૭૬

અમૃતસિધિ યોગઇ ઉપયોગઇ, આનંદ નામઇ સુકૃત પ્રયોગઇ;
**સોલહસય અઠહત્તરિ વરસઇ**, જિહાં જલધર ધરિ જલ ભરિ વરસઇ. ૩૭૭

શ્રી **જિનરાજસૂરિ**નઇ રાજઇ, **ખરતરગછિ** જસુ જસ-સસિ રાજઇ;
શ્રી **ખેમસાખઇ** ફલસમ છાય, શ્રી **ખેમરાજ મહાઉવઝાય.** ૩૭૮

દીપઇ તસુ પટિ વાચકમુખ્ય, શ્રી **પરમોદમાણિક** ઠાયઉ દક્ષ;
જેહની વાણી અમૃત સમાણી, સહૂઅ લોકનઇ સહૂઅ સુહાણી. ૩૭૯

વાચક **શ્રી ગુણરંગ** ગુણાકર, **શ્રી દયારંગ** સુગુરુ સેવાકર;
**ખેમસોમ** સમતાયઇ કોહઇ, એહવા શિષ્ય જગઇ જસુ સોહઇ. ૩૮૦

તસુ પટિ શ્રુતધર સોહગસાર, જાણે કલિયુગિમઇ ગણધાર;
શ્રી **જયસોમ** મહાઉવઝાય, વર્તમાન બુધ-જનમહિ-રાય. ૩૮૧

થયઉ તસુ સીસ સકલશસ્ત્રારથ, જાણ્યા ગુરુથી બહુ પરમારથ;
જિણિ શ્રી **ગુણવિનય** મહાઉવઝાય, તેહનઇ શ્રી મુદાય ઉપાય. ૩૮૨

---

૧. માર્ગમાં. ૨. આથી. ૩. ડુબવું. ૪. વધારે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રી **જિનકુશલસૂરિ** અનુભાવઇ, ત્રિસીંયા ગ્રીષમિ થલિ જલ પાવઇ;
જે ગુરુ ગિરિમાં નિધિ શુભ દાવઈ, સહૂઆનઇ સિરિ સોભ વધાવઇ. ૩૮૩

એહ ભણંતા સુણતાં દિનિ-દિનિ, રિદ્ધિ સમૃદ્ધિ હુવઇ ચિર થિર જિનિ;
તિણિ એ ભણિવઉ સુણિવઉ બંધુર, મીઠઉ સાકર સમ સંબંધુ. ૩૮૪



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પ. લલિતકીર્તિજી કૃત અગડદત્તરાસ

**દુહા :**

નાભિ-મહીપતિ-[1]સુત જયો, **આદિસર** અરિહંત;
મન-વચનઈ-કાયા કરી, પણમી શ્રી ભગવંત. ૧

વચન સુધારસ વરસતી, **સરસતિ** પણમી પાય;
કાલિદાસનઇ તઇ કીયો, મુરખથી કવિરાય. ૨

હિતકારણ માતા-પિતા, વલિ વિસેષ ગુરુરાજ;
એ તીને પ્રણમું [2]સદા, સારઇ વંછિત કાજ. ૩

શ્રી **ગૌતમ** ગણધર પ્રમુખ, નિજ તીર્થ સિણગાર;
સેવકનઈ સાનિધિ કરઈ, એ મોટો ઉપગાર. ૪

દ્રવ્ય-ભાવ નિદ્રા તજી, જિણિ જીત પરમાદ;
**અગડદત્ત** ગુણ ગાવતાં, નાખિ દીઉ વિખવાદ. ૫

સાધુતણા ગુણ ગાવતાં, રસના હોઇ પવિત્ર;
નવનધિ-રધિ-સિધિ સંપજઈ, કથન [3]કરીયા પૂત્ર. ૬

ભારંડ પંખીની પરઈ, જે વિચરઇ અણગાર;
અગડદત્તરિષિની પરઇ, લહિસ્યઇ સુખ અપાર. ૭

રસિકતણા મન રંજીયઇ, સુણતાં એ સંબંધ;
ચતુરાઇ વાધઇ અધિક, ટલઇ કર્મનો બંધ. ૮

સાહસીક-સીરિ-સેહરઉ, જસુ મોટો અવદાત;
એક-મના થઇ સાંભલો, અગડદત્તની વાત. ૯

૧. પાઠા૦ સિરિતિલઓ. ૨. પાઠા૦ મુદા. ૩. પાઠા૦ કારીયા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાલ : ૧, રાગ-રામગિરિ.

ભુમિ-રમણિ-ગિલિ નવસર હાર, ઇંદ્રપુરી જાણે અવતાર;
સકલ નગરમાહે [૧]સિરદાર, સુંદર નગર **સંખપુર** સાર. ૧

ન્યાયઇ રામચંદ્ર અનુહાર, સકલ નૃપતિમાહિ સિરદાર;
હાર-વિચઇ જિમ નાયક-મણી, તિહાં **સુંદર** નામઈ [૨]ભુધણી. ૨

તસુ પટરાણી ગુણઅભિરામ, સીલઇ સુલસા **સુલસા** નામ;
પાપ-કરમ અલસા સુભમતી, જીવનપ્રાણ સમા જસવતી. ૩

જિમ ગિરિ-[૩]કંદર સિંહ-કિસોર, જિમ મોતી સીપોડી કોર;
તસુ કુંખઇ લીધો અવતાર, કોઇક જીવ ભલો આચાર. ૪

અનુક્રમિ રાણી જાયો નંદ, માતા-પિતાનઇ થયો આણંદ;
ઉચ્છવ કરી બોલાયો બાલ, નામઇ **અગડદત્ત** સુકમાલ. ૫

બીજતણો જિમ વાધઇ ચંદ, તિમ તે વાધઇ સુંદર-નંદ;
યૌવનભર આયો જેહવઇ, કવણ વાત હુઇ તેહવઇ? ૬

સાતઇ વ્યસન રહઇ જસુ પાસ, દયા-ધરમનો નહી અભ્યાસ;
ગાવઇ ગીત રમઇ ઉલાસ, ગલિયામાંહિ દીવાવઇ રાસ. ૭

સેરી-સેરી તે સંચરઇ, [૪]વિટ-નટ [૫]સેતી સંગતિ કરઇ;
ઉત્તમ જનથી ડરતો રહઇ, સુંદર મારગ નવિ [૬]સરદહઇ. ૮

ઇક નંદન ચંદનની પરઇ, [૭]સગલઉ નિજ-કુલ સુરભિત કરઇ;
ઇક બાલક બાલક [૮]જિમ જાણિ, કુલ-ખય-કારક અવગુણ-ખાણિ. ૯

નગરનારિ સંતાપી ઘણી, તિણ પુકાર થઇ તસતણી;
અજી લગઇ [૯]નિજ નયર મઝાર, રમઇ કુમર લહઇ સુખ અપાર. ૧૦

વ્યસનતણા ફલ દેખિ વિચાર, વ્યસન તજઉ સેવો આચાર;
રામગિરિમઇ એ પહલી ઢાલ, **લલિતકીરતિ** કહઇ વચન રસાલ. ૧૧

---

૧. પાઠા૦ સિણગાર. ૨. રાજા. ૩. ગુફામાં. ૪. હલકા માણસો. ૫. સાથે. ૬. પાઠા૦ સરદઈ. ૭. સમગ્ર. ૮. પાઠા૦ પરિ. ૯. પાઠા૦ જિજ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાલ : ૨, [૧]ચંદ્રાયણાની.

નગર-મહાજન મિલિ કરી રે, આલોચઇ વારોવારે,
'કુમર [૨]સંતાપા અતિઘણું રે, કેહનઇ કીજઇ પુકારો?;
કેહનઇ કીજઇ પુકાર રે ભાઈ!, [૩]કુર સંતાઇ સયલ [૪]લુગાઇ,
એ તો વાત ખરી ન સુહાઇ, કુમર વિમાસઇ હિએ ન કાઇ.' ૧

જીઉ રાજેસરજી! પય પ્રણમી [૫]મહિમુર રાણા-રાજીયા એ,
તુઝ ભડ બીયઇ ભૂરિ અરિયણ [૬]વાજીયા એ-એ આંકણી.

બે કર જોડી વીનવઇ રે, 'રાજ! સુણો એક વાત,
નગરમાંહિ નવિ રહિ સકાં રે, માઠી કુમરની [૭]ઘાતો;
માઠી કુમરની [૮]ઘાત હો રાજા! કુમર સંતાયા હુતા [૯]તામ,
ફિરતો-ફિરતો કરઇ [૧૦]દિવાજા, કરિ ન સકઇ નારિ ઘરિના [૧૧]કામ. ૨ જીઉ૦

રાજકુમાર રાજાતણો રે, નાવઇ કેહનઇ હાથો,
મ્હેસું આલી વાણીયા રે, નયર-લોક સવિ સાથો;
નયર-લોક સવિ સાથો જાઇ, જો નવિ માનઇ બાપ ન માઇ,
ચાલઇ આપણા રાઈ, સો કિઉં માનઇ હમાનઇ? સાઇ!'. ૩ જીઉ૦

[૧૨]માહાજ[ન] વચન સુંણી [૧૩]કરી રે, રાજા થયો સકોપ,
કુમર બુલાયો તતખિણઇ રે, [૧૪]આછટ નાખ્યો ટોપ;
આછટ નાખ્યો ટોપ રે મોટો, રાજાયઇ વલિ પુત્ર હાકોટ્યઉ,
'જા [૧૫]દેસોટઇ લખણઇ [૧૬]બોટો, ઇય લખણઇ [૧૭]વધારઇ ત્રોટો.' ૪ જીઉ૦

તાત-વચન કાનઇ સુણી રે, મનમાહિ આણિ ગુમાનઉ,
જે [૧૮]તેજી કિમ [૧૯]તાજણ ખમઇ રે?, એ જગિ વાત પ્રધાનઉ;
એ જગિ વાત પ્રધાનો કહાઇ, ધીરજ ધર તો હોઇ ભલાઇ,
ધીરજ મુંક્યો જાઇ વડાઇ, જિંહા જાઇ તિહાં [૨૦]સત્ત સહાઇ. ૫ જીઉ૦

---

૧. ચંદ્રાઉલાની. ૨. પાઠા૦ સંતાપી. ૩. ભાત=ભોજન. ૪. પત્ની. ૫. અતિશય, પાઠા૦ મહિસુર. ૬. હરાવ્યા છે, પાઠા૦ ગાજિઆ ૭. પાઠા૦ ધાતો. ૮. પાઠા૦ ધાત. ૯. પાઠા૦ તાજા. ૧૦. હાંસી. ૧૧. પાઠા૦ કાજા. ૧૨. પાઠા૦ મહાવચનચન. ૧૩. પાઠા૦ કણી કરી. ૧૪. મુગટ પછાડ્યો. ૧૫. દેશાંતર, પાઠા૦ દેસવટઈ. ૧૬. હીન. ૧૭. પાઠા૦ છઈ. ૧૮. ઘોડો. ૧૯. ચાબુક. ૨૦૯. સત્ત્વ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કુમાર તિંહાથી ચાલીયો રે, લીધો ખડગ-સહાયો,
સાહસીયાં [1]સાહસ ફલઇ રે, સુંદર કોમલ-કાયો;
સુંદર કોમલ કાયો રે [2]પ્રાણ વિણ, પરિચય કોઉ પાય ન [3]પાણી,
માનઇ નવિ કો રાઉ ન રાણી, લોકો કહઇ 'એ સાચી વાણી'. ૬ જીઉ૦

માઈ વિલાપ કિયા તદા રે, ખબરિ ન લાધી કાઇ,
[4]ગયાં-મુયાં [5]કેડઇ સહી રે, ગયો ન કો જાઇ;
ગયો ન કોઇ જાય રે માઇ, વલિ સંસાર સુખઇ લપટાઇ,
સ્વારથકી સબ સયણ સગાઇ, સાચો જિન-ધર્મ એક સખાઇ. ૭ જીઉ૦

પાસ જનમ દીક્ષા જિહાં રે, નયરિ **વાણારસી** [6]ઠામો,
પહુતો કુમર તિહાં કિણઇ રે, સરિસઇ વંછિત કામો;
સરિસઇ વંછિત કામ રે ધાયો, નગરીમાંહિ કિણઇ ન બુલાયો,
ફિર-ફિર મનમાહિ પછિતાયો, **પવનચંડ** [7]ઉઝા ઘરિ આયો. ૮ જીઉ૦

પવનચંડ ઉઝાઉ તિહાં રે, બહુ વિદ્યાભંડારો,
હય-ગય-રહ સિખ્યા વલી રે, જાણઇ આગમ-સારો;
જાણઇ આગમ-સારો દારા, ભણઇવઉ રે [8]નર રાજકુમાર,
**લલિતકીરતિ** કહઇ બહુ વિસ્તાર, લહિસ્યઇ કુમર ઇહાં સુખ અપાર. ૯ જીઉ૦

---

૧. પાઠા૦ સહસ. ૨. પાઠા૦ પ્રાણી. ૩. પાઠા૦ પ્રાણી. ૪. મરી ગયા. ૫. પાછળ. ૬. પાઠા૦ તામો. ૭. ઉપાધ્યાય. ૮. પાઠા૦ ચતુરનર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દુહા :

પવનચંડ ઉઝાતણા, પ્રણમી પય-અરિવિંદ;
અગડદત્ત બઇઠો તિહાં, મનમાંહિ અધિક આણંદ. ૧

[૧]તસુ ગુણ ઉજઉ રંજીયો, પુછઇ સુંદર દેહ;
'કિહા જાયસિ? સુત કેહનો? કહ તુ [૨]ચતુર સનેહ'. ૨

મુલથકી કુમરઇ કહ્યો, જેમ થયો વિરિતંત;
પવનચંડ હરિખિત હુઉ, સાચ વચનથી [૩]સંત. ૩

તબ ઉઝઉ યુગતઇ કહઇ, 'એ મંદિર પરિવાર;
કલા બહુત્તરિ સીખતો, [૪]રહિઉ રાજકુમાર!' ૪

અન્ન-પાન આદઇ કરી, નવ-નવ રંગ વિલાસ;
પુત્રતણી [૫]રિતિ કુમરનઇ, રાખ્યો ઉઝઇ પાસ. ૫

## ઢાલઃ- ૩, અલબેલાની [અથવા રાણપુરો રલીયામણો રે-એ દેશી]

પુણ્યદિસા પ્રગટી થઇ રે લાલ, મુકી ક્રીડા હાસ વડભાગી રે;
રાજકુમર હરખઇ કરી રે લાલ, કરિ વિદ્યાનો અભ્યાસ વડભાગી રે. ૧

ઉઝાનો મન મોહીયો રે લાલ, જાણઇ વિનય સુનિત વડભાગી રે;
પર પેઢી સેવ્યા વિના રે લાલ, ચતુર ન થાઇ એ રિત વડભાગી રે. ૨

એકતાણ વિદ્યા ભણઇ રે લાલ, સાતે વિસન નિવાર વડભાગી રે;
હય-ગય-રહ સીખ્યા ભલી રે લાલ, ધારિ હિયઇ મઝારિ વડભાગી રે. ૩

ઉઝાન ઘરિ પુઠિલિ રે લાલ, વાડી સુરભિત ફુલ વડભાગી રે;
એકંત બઇઠો રહઇ રે લાલ, સીતલ વાત અનુકુલ વડભાગી રે. ૪

---

૧. પાઠા૦ તેસુ. ૨. પાઠા૦ ચર. ૩. પાઠા૦ સીત. ૪. રહેજે. ૫. પાઠા૦ પરિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વાડી પાસઈ ઢૂકડો રે લાલ, નગરસેઠિ આવાસ વડભાગી રે;
ગઉખ વિરાજઈ પાખલઈ રે લાલ, આવઈ પવન સુવાસ વડભાગી રે. ૫

સેઠસુતા ઊંચી ચઢી રે લાલ, **મદનમંજરી** નામ વડભાગી રે;
દેખિ કુમર [૧]ભણતો તિહાં રે લાલ, નવયોવન અભિરામ વડભાગી રે. ૬

અન્યદિવસ સા મંજરી રે લાલ, આપ જણાવણ કાજ વડભાગી રે;
તસુ આગિલિ કુસુમુ દેડી રે લાલ, નાખઇ મુકી લાજ વડભાગી રે. ૭

દિન પ્રતિ તરુણી ઇયું કરઇ રે લાલ, કુમર ન જોવઇ ભાલિ વડભાગી રે;
કલારસિક ગુરુથી [૨]ડરઈ રે લાલ, લોભ વિદ્યાનો રસાલ વડભાગી રે. ૮

તરુણી નીચી ઊતરી રે લાલ, પગ નેઉર ઝણકાર વડભાગી રે;
સરસ કુસુમ ગુચ્છઇ કરી રે લાલ, વાસિ માર્યો કુમાર વડભાગી રે. ૯

કુમરઇ દીઠી દોડતી રે લાલ, તિણિ દિન સા [૩]અભિરામ વડભાગી રે;
અસોકો વૃક્ષ પુઠઇ રહી રે લાલ, [૪]આપ જણાવઇ તામ વડભાગી રે ૧૦

અગડદત્ત ચિત ચિંતવઇ રે લાલ, 'કિં એ અપછર નારિ? વડભાગી રે;
[૫]કિં કમલા? એ કામિની રે લાલ, કિં સરસતિ અવતાર?' વડભાગી રે. ૧૧

તરુણી દરસન મોહીયો રે લાલ, પુછઈ કુમર સુજાણ વડભાગી રે;
'કિણી કારણિ તું ઇહાં રહઇ? રે લાલ, એવો રુપ [૬]પ્રધાન વડભાગી રે. ૧૨

સુણિ સુંદરી! તુ કઉણ છઇ? રે લાલ, કઉણ પિતા? કુણ માત? વડભાગી રે;
કાંઇ સંતાવઇ [૭]મોહનઇ રે લાલ? કહ તુ સુધી વાત' વડભાગી રે. ૧૩

કુમરવચન સુણિ નારિનઇ રે લાલ, [૮]બિમણઉ વાધ્યો નેહ વડભાગી રે;
[૯]રોમહરી વિકસી [૧૦]થઈ રે લાલ, વચન સુધારસ મેહ વડભાગી રે ૧૪

હસીતમુખી સુમુખી કહઇ રે લાલ, '**બંધુદત્ત** મુઝ બાપ વડભાગી રે;
મદનમંજરી હું સુતા રે લાલ, ઇણિં [૧૧]પુર પરણી આપ વડભાગી રે ૧૫

૧. પાઠા૦ ભણનઉ. ૨. પાઠા૦ ડરે રહે. ૩. સુંદર. ૪. પોતાને. ૫. પાઠા૦ કિમુ. ૬. શ્રેષ્ઠ. ૭. પાઠા૦ મોભણી. ૮. વમણઉ=બમણો, પાઠા૦ બિઉણઉ. ૯. રોમરાજી. ૧૦. પાઠા૦ બઈ. ૧૧. પાઠા૦ ખુર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિણ દિનથી નીરખ્યો રે લાલ, સુંદર સુંદરરુપ વડભાગી રે;
તિણિ દિનથી ચિત ચટપટી રે લાલ, લાગી અકલ સ્વરુપ વડભાગી રે. ૧૬

પુરવપુન્ય પામીયો રે લાલ, ઉત્તમજન [1]સંઘોડિ વડભાગી રે;
પરમેસર ભેલા કીયા રે લાલ, હમ-તુમ [2]અવિહડ જોડ વડભાગી રે. ૧૭

માત-પિતા વલિ વાલહો રે લાલ, મુકી આવું સાથ વડભાગી રે;
[3]રાજકુમાર! સુધઇ મનઇ રે લાલ, દેઉ તુ જિમણો હાથ વડભાગી રે. ૧૮

ઈણિ ભવિ [4]તું હિવ વાલહો રે લાલ, તિણિ કરી મોસું રંગ વડભાગી રે;
'ના-ના' કરિસ્યો જઉ તુમ્હે રે લાલ, કરિસિ અગિનિનો સંગ વડભાગી રે.૧૯

તાસ વચન અંગી કરિ રે લાલ, બોલઇ વચન અમોલ વડભાગી રે;
'જબ જાઇસિ દેસ માહિરેઇ રે લાલ, તવ લે જાઇસિ બોલ' વડભાગી રે. ૨૦

એમ કહિ તે ગયા [5]જુજુયા રે લાલ, પહુતા નિજ-નિજ ગેહ વડભાગી રે;
મિલનતણી વાત દોહલી રે લાલ, બેહુનઇ અધિક સનેહ વડભાગી રે. ૨૧

'એ કામાતુર કામની રે લાલ, સરિસઇ મોરઇ રાગિ વડભાગી રે;
ઇણિ વિચિ અંતર હિવ [6]વિસ્યો રે લાલ, [7]રાખણરઉ નહી [8]'લાગ' વડભાગી રે. ૨૨

'સુંદરિ! [9]સુંદર નૃપતણો રે લાલ, પઢમ પુત્ર હું એહ વડભાગી રે;
કલા બહુત્તરિ સીખવા રે લાલ, આયઉ ઓઝા ગેહ વડભાગી રે. ૨૩

અલબેલાની ઢાલઇ એ કહ્યઉ રે લાલ, કુમર-મંજરી મેલ વડભાગી રે;
**લલિતકીર્તિ** કહઈ રે લાલ, થાસ્યઈ માના ખેલ વડભાગી રે. ૨૪

---

૧. સંઘાડો=સંગાથ. ૨. પાઠા૦ અદિહડ. ૩. પાઠા૦ રાજ કુનર. ૪. પાઠા૦ તું હિ જ. ૫. જુદા-જુદા. ૬. પાઠા૦ કિસઉ. ૭. રાખવો. ૮. યોગ્ય. ૯. પાઠા૦ સુંદરિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દૂહાઃ

અન્ય દિવસ મજ્જન કરી, સજિ બહુવિધ સિણગાર;
ચઉહટા સામ્હી ચાલીયઓ, કુમર થઈ અસવાર. ૧

'કિવ દરીયો ઉછલ્યઉ?, કિ છૂટઓ ગજરાજ?;
કિં વા [૧]જલણ જલઇ ઈહાં?, કિં રિપુ કટક અવાજ?. ૨

કલ-કલાટ લોકાતણઉ, કુમર સુણઈ દેઈ કાન;
'[૨]સું? સું?' પૂછઈ લોકાનઈ, 'નગરમાંહિ તોફાણ'. ૩

ઈમ ચિંતવતા તેહવઈ, પ્રગટ થયઉ [૩]માતંગ;
સુંડા-દંડ ઉચ્છાલતઉ, કુમરઈ દીઠ ઉતુંગ. ૪

મદિ માતઉ માનઈ નહી, [૪]પીલવાણની કાર;
ગઢ-મઢ-મંદિર-માલિયા, [૫]પાડઈ હાટ ભંડાર. ૫

જમરાણા જિમ ધાવતઉ, જિહાં છઈ કુમર પ્રચંડ;
રીસ ભરી આવ્યઉ તિહા, લાંબઉ સુંડા દંડ. ૬

## ઢાલઃ૪, [૬]સીમંધર કરિજ્યો મયા-એદેસી.

મહાજન વારઈ હે તેહનઈ, ઉચો કરિ-કરિ હાથ;
ભાજિ-ભાજિ નર! બાપડા, લે કો જમ સેતી બાથ?'. ૧ મહાજન૦

એક કહઈ 'વડા [૭]વાગીયા, પ્રકટ વિકટ ભટ કોડિ;
[૮]પરતિ વહઈ મુખ ભાજિની, નાઠા નિમ(જ) મુખ મોડિ. ૨ મહાજન૦

લીધો રહે હાથીયઉ, એ નર દેવકુમાર;
આજ લગઈ ઈહાં એવડઉ, ન હુઓ હાહાકાર. ૩ મહાજન૦

---

૧. જ્વલન=અગ્નિ. ૨. પાઠા૦ સ્યું. ૩. હાથી. ૪. મહાવત. ૫. પાઠા૦ પાટઈ. ૬. પાઠા૦ સીતા દીઠઉ હે સુહિણો-એહની. ૭. શૂરવીર. ૮. પાઠા૦ પરતવઈ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મૂકી તુરગ હાકોટીયઓ, કુમરઈ ગઈવર તામ;
[1]આયઉ રહે ઢૂકડઓ, સીધઓ કુમરનઓ [2]કામ. ૪ મહાજન૦

કુમરઈ કાઠો હિયઓ કરી, [3]અંબર-દડઓ ય મહંત;
નાખ્યઉ-નાખ્યઉ તેહનઉ, ધમ-ધમતો દેઈ [4]દંત. ૫ મહાજન૦

વાંસઈ જાઈ હેતે હવઈ, બઈઠઉ ગયવર ખંધ;
ધાવઈ જાવઈ હે ચિંહુ દિસઈ, રીસઈ ભરીયઈ [5]મદંધ. ૬ મહાજન૦

નૃપતિ અંતેઓર દેખતા, અણ્યઉ રાજદુવાર;
લોક સહૂ હરખિત થકા, બોલઈ જય-જયકાર. ૭ મહાજન૦

દેખી ગયવર ઊપરઈ, [6]ભૂપ કહઈ 'કઊણ એહ?;
સૂરવીર અતિ સાહસી, રાખી જગમાહઈ [7]રેહી'. ૮ મહાજન૦

એક કહઈ 'નૃપ! સાંભલઉ, પવનચંડ ઘરિ એહ;
રાત-દિવસ ભણતો રહઈ, જાણઈ ઉતપતિ તેહ', ૯ મહાજન૦

ભૂપઈ તુરિત બોલાવીયો, પૂછઈ ઓઝાનઈ વાત;
ઉઝઉ મૂલથકી કહઈ, કુમરતણા અવદાત. ૧૦ મહાજન૦

ગયવર પ્રમુખ વિદ્યાનિલો, સુંદર રાજકુમાર;
લોક [8]હજૂર ઉઝઈ કહ્યો, કુમરતણઉ અધિકાર. ૧૧ મહાજન૦

કુમર બુલાવણ મૂકીયા, વિનયવંત પ્રતિહાર;
આવિ જુહાર કરી કહઈ, 'આવો સભા મઝારિ', ૧૨ મહાજન૦

આદેસઈ મહાજનનઈ, બંધી ગજ આલાન;
આવ્યઉ કુમર દીવાનમઈ, વિનય કલા પરધાન. ૧૩ મહાજન૦

જાનુ-યુગલ કર સિરિ વલી, લાગઈ ધરતીય જાસ;
જેહવઈ કુમર નમઈ તિહાં, આલિંગઈ નૃપ તાસ. ૧૪ મહજન૦

---

૧. પાઠા૦ આધઓ. ૨. પાઠા૦ કાજ. ૩. વસ્ત્રનો દડો. ૪. પાઠા૦ દંડ. ૫. મદથી અંધ. ૬. પાઠા૦ સૂપ. ૭. કીર્તિરેખા, પ્રતિષ્ઠા. ૮. સામે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**विणओ मूलं पुरिसत्तणस्स, मूलं सिरिए विवसाओ।**
**धम्मो सुहाण मूलं, दप्पो मूलं विणासस्स ।।१।।**

**को चित्तेइ मयूरं?, गइं च को कुणइ रायहंसाणं?।**
**को कुलवयाण गंधं, विणयं च कुलप्पसूयाणं।।२।।**

વિણય ગુણઈ [1]નૃપ રંજીઓ, પૂછઈ કુસલઈ નઈ ખેમ;
**લલિતકીરતિ** કહઈ સાંભલઓ, ઉઝઓ [2]કહઈ વલિ જેમ. ૧૫ મહાજન૦

૧. પાઠા૦ નપ. ૨. પાઠા૦ કહિસ્યઈ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દૂહા:

ઓઝઉ કહઈ 'નૃપ! સાંભલઉ, એ ઉત્તમની રીતિ;
આપ મુખઈ ગુણ આપણા, ન કહઈ કો એ નીતિ. ૧

મઈ તઉ પહિલો ભાખીયઉ, કુમરતણઉ વિરતંત;
વલે સાંભલતા લાભ છઈ, ગિરુઆના ગુણ સંત'. ૨

ભુવનપાલ રાજા પ્રમુખ, ઓઝાદિક પરિવાર;
કુમરતણા ગુણ ગાવતા, બઈઠા સભા મઝારિ. ૩

સકલ લોક નગરીતણઉ, પંચ મિલી તિણિવાર;
આયા તિહાં કિણ કારણઈ?, કરતા ગાઢ પુકાર. ૪

[1]ભેટ ભલી બહુમોલ બહુ, નૃપનઈ આપઈ પંચ;
'રાજ! ઈહાં રહિવાતણઉ, મ્હારઈ નહિ કો સંચ. ૫

ધનદતણી પરિ માહરઈ, હુંતા સગલો થોક;
ચોરઈ મુસીયઉ નગર સહુ, તિણિ થયો નિરધન લોક'. ૬

રલીયાયત રાજા કહઈ, 'કુમર! સંગ્રહઓ ભેટ;
લાડ-કોડ પૂરઉ તુમ્હે, ભાવ વિપરહિ મેટિ'. ૭

નગર [2]તલાર ભણી તિહાં, હાકોટઈ નર રાજ;
'કિઉ રે! એકે ચોરટે, નગર [3]મુસિઉ સહુ આજ?.' ૮

સિરિ નામી સો ઈમ કહઈ, 'રાજ! વચન જિમ કાથ;
તંત્ર-મંત્ર વિદ્યાનિલઉ, ચોર નહી મુઝ હાથ'. ૯

તેહવઈ કુમરઈ વીનવ્યઉ, 'દેઉ આદેસ નરેસ;
ચોરતણઉ નિગ્રહ કરી, ટાલુ સયલ કિલેસ'. ૧૦

---

૧. પાઠા૦ ભેઠ. ૨. દ્વારપાળ. ૩. લુટ્યું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાલઃ૫, રાગ-મારુ, વાલુ રે સવાયઉ વયર હું માહરઉ-અદેશી.

કર જોડીનઈ કુમરઈ વીનવ્યઓ જી, 'રાજ! સુણઓ અરદાસ;
ચોરતણો નિગ્રહ જો હું કરુ જી, તઉ મુઝ દેજ્યો સાબાસિ'. ૧

સાહસિયાં સિરદાર કુમાર ઈસ્યો કહઈ જી, 'સાતા દિવસામાહિ;
[1]અગિનિમાહિ વલિ નહિતરિ હું બલું જી, જો નવિ આણુ [2]સાહિ'. ૨ સાહસિયાં૦

કુમર પ્રતિજ્ઞા રાજા ઈમ સાંભલી જી, ચિત ચમક્યઉ અસમાન;
'વારુ કરમ જમતિ કરઈ જી, કરિ જ્યો કામ પ્રમાણ', ૩ સાહસિયાં૦

રાજકુમર હિવ તિહાંથી ઊઠીયઉ જી, પ્રણમી નરવર પાય;
ચોરતણા અહિઠાણ [3]જિકે જી, જોતા રાતિ વિહાય. ૪ સાહસિયાં૦

યતઃ

**वेसाण मन्दिरेसु य, पाणागारेसु बूयठाणेसु।**
**फल्लरिया वणेसु य, उज्जाण निवाणसालासु।।१।।**

ઈમ કરતા દિન છઠઉ થયો જી, તઉહી ચોર ન [4]સુદ્ધ;
સત્તમ દિણ ચિત ચિંતા કરઈ જી, 'મઈ કીધો ઉંધ [5]મુંધ'. ૫ સાહસિયાં૦

કુમર ચિંતાતુર ચિતમાહિ ચિંતવઈ જી, 'ઈહાથી જાવું વિદેસ;
બાપ સમીપઈ મોનઈ જાવતા જી, જાયઈ સયલ કિલેસ. ૬ સાહસિયાં૦

અથવા મદનમંજરી હું લેઈ કરી જી, જાઉ વનહ મઝારિ;
અથવા વિસ ભક્ષણ વલિ હુ [6]કરુ' જી ચિંતાતુર એ પ્રકાર. ૭ સાહસિયાં૦

ઉત્તમ કુલના જે નર ઊપના જી, તિહનઈ જુગત નહિ એહ;
નિજ જીલઈ વલિ જે મઈ ઉચર્યઉ જી, કરિવ્યો જિમ-તિમ તેહ. ૮ સાહસિયાં૦

સિરિ છેદઉ વલિ બંધણમઈ પડો જી, જીવો [7]લાછિ [8]અછેહ;
ધીર વચન કિમ જગિ મઈ ચાતરઈ? જી, જિમ પરબતની રેહ. ૯ સાહસિયાં૦

---

૧. પાઠા૦ ચોરતણઉ દંડ નહીતર મો ભણી રે. ૨. પકડી. ૩. પાઠા૦ તિકેર. ૪. ભાળ. ૫. પાઠા૦ ઝંધ. ૬. પાઠા૦ ધરુ. ૭. લક્ષ્મી.
૮. પાઠા૦ અચ્છેહ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિમ દરિયાના [૧]ખિણ-ખિણ ઉચ્છલઈ જી, નવ-નવ ભંગ તરંગ;
તિમ ચિંતાતુર જગમાહે માણસ જી, કિહાઈ ન હોવઈ રંગ. ૧૦ સાહસિયાં૦

શૂન્ય ચિત્ત તે કુમર તિહાંથકી જી, પછિમ પહરઈ દીહ;
પુર બાહિર એક વડ તરુ હેઠલઈ જી. બઈઠો જાઈ અબીહ. ૧૧ સાહસિયાં૦

દહ-દિસિ ચંચલ નેત્ર ભમાડતઉ જી, બઈઠો કુમર સુજાણ;
**લલિતકીરતિ** કહઈ 'ઈહાં બઈઠા થકા જી, ચઢિસ્યઈ બોલ પ્રમાણ'. ૧૨ સાહસિયાં૦

૧. પાઠા૦ ખિણઈ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દૂહાઃ

ઈણિ અવસરિ તિહાં આવિયઉ, તાપસ વેસ હરામ;
ભગવા અંબર પહરિ કરિ, કેસિ જટા અભિરામ. ૧

[1]ખૂર [2]કણધર ધારતો, કુંડી ચામર દંડ;
હાથી ભલી જયમાલિકા, [3]મુણ-મુણતો મુખિ [4]ભંડ. ૨

કઠિન કેસ રાતા નયન, કર સુંડા ભુજદંડ;
લાંબી જાંઘ બીહામણઉ, નવ-જોવન અતિ ચંડ. ૩

લખ્યણ ચોરતણા લખી, કુમર થયઓ નિચ્ચંત;
હિવ વેસાસ કિસઉ કરું, એહ તણઉ એકંત. ૪

તવ તે તાપસ ઈમ કહઈ, 'સુણિ તુ રાજકુમાર!;
કિહાંથી? કિણિ કારણ ઈહાં, બઈઠો વનહ મઝારિ?', ૫

કુમર કહઈ 'સુણિ બાપજી!, હું નિરધન નિરધાર;
ગામ-નગર-પુર બાહિરઈ, ફિરતો રહું સંસાર. ૬

'વાત કહુ સુણિ પુત્ર! તું, મો સોઈ સિજઉ કજ્જ;
મૂલથકી હું ચ્છેદિસુ, દાલિદ તરુ તુઝ અજ્જ'. ૭

## ઢાલઃ૬, નાયકારી

બે કર જોડી વિનવઈ રે લાલ, 'તુઝ મોટા અવદાત મેરા તાતજી;
જો આપઈ સો દેવતા રે લાલ, લોક સહૂની વાત મેરા તાતજી. ૧

પુણ્ય સંયોગઈ પામીયઉ રે લાલ, તુ ચિંતામણિ આજ' મેરા૦;
કુમર કહઈ 'હિવ મ્હારા રે લાલ, સિધા વંછિત કાજ મેરા૦. ૨ પુણ્ય૦

---

૧. ખોં ખોં કરવું, ઉધરસ ખાવી. ૨. કણ=ભિક્ષાન્ન. ૩. બોલતો. ૪. ભૂંડુ, જેવું-તેવું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[૧]આથઈ આદર પામીયઈ રે લાલ, નારી માનઈ આણ મેરા૦;
આથિ વિહૂણા માણસા રે લાલ, જિહાં જાઈ તિહાં [૨]રાણ મેરા૦. ૩ પુણ્ય૦

દોકડા થોકડા રોકડા રે લાલ, થાએ બોકડા લોક મેરા૦;
જાતિ વિદ્યા ગુણ જઉ ભલા રે લાલ, માલ વિણા સવિ ફોક મેરા૦. ૪ પુણ્ય૦

તેહવઈ સૂરિજ આથમ્યઉ રે લાલ, પુણ્યતણઉ ભંડાર મેરા૦;
અંધકાર પ્રકટઉ થયઉ રે લાલ, ચોર-જાર આધાર મેરા૦. ૫ પુણ્ય૦

ખડગ કાઢિ હાથઈ લીયો રે લાલ, વિજલી જિમ ઝબકાર મેરા૦;
તેહનઈ સાથઈ લે કરી રે લાલ, આવઈ નગર મઝારિ મેરા૦. ૬ પુણ્ય૦

કુમર વલી ચિત ચીંતવઈ રે લાલ, 'એહનો કવણ વેસાસ? મેરા૦;
સાવધાન રહતા થકા રે લાલ, [૩]પૂજઈ મનની આસ'. મેરા૦. ૭ પુણ્ય૦

કોઈક ધનપતિનઈ ઘરે રે લાલ, રાતઈ દીધઉ [૪]ખાત મેરા૦;
પાપતણા ફલ પામિસ્યઈ રે લાલ, તે પાપી પરભાત મેરા૦. ૮ પુણ્ય૦

મણિ-માણિક-મોતીતણી રે લાલ, બાંધી પોટક ઠોર મેરા૦;
બેઉ માથઈ લેઈ કરી રે લાલ, આગલિ ચાલઈ ચોર મેરા૦. ૯ પુણ્ય૦

તેહવઈ કુમરઈ ચીંતવ્યઉ રે લાલ, 'મારુ ખડગ નિકાસિ મેરા૦;
ઉત્તમનઈ જુગતઉ નહી રે લાલ, જે મારઈ વેસાસિ મેરા૦. ૧૦ પુણ્ય૦

ચોર [૫]નામ જાઈ કરી રે લાલ, દેખું કેતલો [૬]માલ મેરા૦;
કેહનઈ [૭]કારણિ એ મુસઈ રે લાલ, સકલ નગર સુવિસાલ મેરા૦. ૧૧ પુણ્ય૦

તે બેઉ ભારઈ ભર્યા રે લાલ, [૮]હલુઈ હલુઈ જાત મેરા૦;
વનમાહિ પહુતા [૯]બિન્હે રે લાલ, જોવઈ મારણ ઘાત મેરા૦. ૧૨ પુણ્ય૦

[૧૦]છલઘાતી પાપી ભણઇ રે લાલ, 'પુત્ર! સુણિ મોરી [૧૧]વાત મેરા૦;
રાતિ ઘણી સોઇ રહા રે લાલ, ઇણિ સિતલ ઉદ્યાન' મેરા૦. ૧૩ પુણ્ય૦

---

૧. પાઠા૦ આથઈ. ૨. જંગલ. ૩. પૂગે=પૂર્ણથાય. ૪. ખાતર. ૫. પાઠા૦ ઠામ. ૬. પાઠા૦ કાલ. ૭ પાઠા૦ કામઈ.
૮. પાઠા૦ હલુવરઈ. ૯. બન્ને, પાઠા૦ વિને. ૧૦. પાઠા૦ છલથી તી. ૧૧. પાઠા૦ વાણિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'જિમ ઇચ્છા તિમ કીજીયઇ રે લાલ, હું તુઝ આગલિ રંક' મેરા૦;
બેઉં તે સુતા તિહા રે લાલ, મનમાહિ બેઉ સસંક મેરા૦. ૧૪ પુણ્ય૦

ઇક ડાબઇ ઇક જીમણઇ રે લાલ, સુતા તરુનઇ મૂલ મેરા૦;
એક-એક મારણ ભણી રે લાલ, બિહુના મન પ્રતિકુલ મેરા૦. ૧૫ પુણ્ય૦

કઇ વટાઉ તિહાં વલી રે લાલ, સુતા નિરભય [૧]ચિંત મેરા૦;
કુમર તિહાંથી [૨]ઉઠીયો રે લાલ, 'એ નહિ કેહનો મિત્ર' મેરા૦. ૧૬ પુણ્ય૦

ખડગ હાથ લેઇ કરી રે લાલ, છાનો રહઇ વિરત્ત મેરા૦;
અપ્રમત બઇઠો થકો રે લાલ, જોવઇ તાસ [૩]ચરિત્ત મેરા૦. ૧૭ પુણ્ય૦

તે સુતા તિણિ પાપીયઇ રે લાલ, માર્યા વટાઉ લોક મેરા૦;
[૪]તે હવઇ કુમરઇ તરજીયો રે લાલ, હિવ દેજે [૪]માથઇ ઠોક મેરા૦. ૧૮ પુણ્ય૦

[૫]કુમર કહઈ હિવ એહનઇ રે લાલ, 'સજ થાઇ તુ આજ સુણિ પાપીયા!;
[૬]જમમંદિર પહુતો કરું રે લાલ, સારું લોકના કાજ' સુણિ૦.
૧૯ ચોરીના ફલ એહવા.

રીસ ભરી કુમરઇ તિહા રે લાલ, [૭]છેદિ જંઘા દોય સુણિ૦;
છેદ્યા વૃક્ષતણી પરઇ રે લાલ, ધરતિ પડીયો સોય સુણિ૦. ૨૦ ચોરીના૦

પડતો ચોર વલી કહઈ 'રે લાલ સુણિ [૮]ક્ષત્તરિ[૯]સિરતાજ! મેરે પુત્રજી;
**લલીતિકીરતિ** કહઇ સાંભલો રે લાલ, અજીય નહી તસુ લાજ મેરે પુત્રજી. ૨૧ ચોરીના૦

---

૧. ચિત્ત. ૨. પાઠા૦ નતીયઉ. ૩. પાઠા૦ ચિત્ર. ૪. પાઠા૦ પાખઈ. ૫. પાઠા૦ કુમાર જે દીન હિવ એહ લઈ. ૬. પાઠા૦ જન.
૭. પાઠા૦ છંદિ. ૮. ક્ષત્રિય. ૯. પાઠા૦ સિરદાર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**દૂહા :**

અધસસતો તે ઇમ ભણઇ, 'સુણિ સુભટા સિરદાર!;
ચોરમાહિ સિરદાર હું, નામ **ભુજંગમ** સાર.' ૧

'મરતો મારું એહનઇ', તે વલી ચિંતઇ ચિત;
'તુઠો હું તુઝ સાહસઇ, તુ ઉપગારી મિત્ત. ૨

ઇણિ સમસાણઇ માહરો, ભુમીઘર સુવિસાલ;
**વીરમતી** ભગની તિહાં, ભરજોવન અસરાલ. ૩

વડ હેઠઇ ઉભો રહી, કરિજે સાદ કુમાર!;
વીરમતી ઉઘાડિસ્યઇ, [૧]ભુંહરાતણો [૨]દુયાર. ૪

માલ સહિત પરણી કરી, ભોગવિ તુ અભિરામ;
ભાવઇ તિહાં રહિજ્યે સુખઇ, અથવા બીજી ઠામ'. ૫

ઇમ કહતો આસાસીયો, કુમરઇ ખિણ ઇક ચોર;
ખડગ લેઇ તસુ આવીયો, તિહાં કરતો મુખ [૩]સોર. ૬

સાદ સુણિ [૪]જબ પુરુષનો, આવી તતખિણ તેહ;
તુરિત ઊઘાડી ભુંહરો, માહિ લીધો તેહ. ૭

'કિં કમલા? કિં [૫]કિંનરી?, કિં અપછર અનુહારિ?';
કુમર દેખી વિસમઇ પડ્યોઉ, 'નહી કિંહાં એહવી નારિ'. ૮

**ઢાલઃ– ૭, આવો જુહારો રે અજાહરો પાસ, મનની પૂરઈ આસ–એ દેશી.**

'આવો પધારોજી રાજકુમાર!, એ તેરો ઘરબાર;
કિહાંથી આયાજી? કહીયઇ, મોરી અવચલ વાચ'. ૧

---

૧. ભોયરાનું. ૨. દ્વાર. ૩. અવાજ. ૪. પાઠા૦ તબ. ૫. પાઠા૦ કિંજરી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મીઠી વયણેજી બોલાવો [૧]તામ, જિણથી સીઝઇ કામ;
આસણ બઇસણજી દીધા [૨]ચંગ, બેઈઠા બેઉ રંગ ૨

કુમરઇ સુધોજી કહ્યો વીરતંત, આપી ખડગ એકંત;
માહિ ખોટી રે બોલઇ નારિ, નારિ–ચરિત્ર અપાર. ૩

'સુંદર મંદિરજી કંચણ–કોડિ, હમસુ [૩]સગાઇ જોડિ;
સામી! હમારાજી હું તુમ્હ દાસિ, પુરો મનની આસ. ૪

ખિણ ઇક બઇસોજી મુઝ ભરતાર!, લ્યાઉં વિલેપણ સાર';
તિહાંથી પહુંતી યંત્રનઇ પાસ, પડિજયઇ પોતઇ પાસ. ૫

કુમર વિમાસઇ રે 'કવણ વેસાસ?, જાણઇ નારિ [૪]રાસ;
[૫]જેહનઉ ભાઇજી માર્યો હાથ, તે કિમ આવઇ સાથિ?' ૬

કુમર વિચારીજી મુંકી પલ્યંક, કોણઇ રહ્યો નિસંક;
પાપણી નારિજી ચલયો યંત્ર, મારણ કુમર મહંત. ૭

[૬]સિલાઇ પડતીજી ચુર્યો મંચ, દેખી કુમર પ્રપંચ;
બોલઇ 'મારી રે હમારો બંધુ, તુ કિમ જાઇસિ? અંધ!' ૮

કુમર સાંભલિ રે એહની વાત, ટલી મરણની ઘાત;
કુમરઇ ચોટીજી ઝાલી 'રંડ!, જીભ કરાવઇ [૭]ભંડ. ૯

હા હતિયારી! રે [૮]કીધું કેમ?, તોનઇ કિહાંથી ખેમ?;
પહિલો રાતો સુંદર બાલ, પછઇ થયો [૯]કિરાલ. ૧૦

અનુક્રમિ આણીજી સભા મઝારિ, 'વીરમતી એહ નારિ;
એહનો ભાઇજી ખડગે ધાર, માર્યો [૧૦]મઇ નિરધાર. ૧૧

આજ વધાઇ આપો રાજ! સાર્યો મહાજન કાજ';
નૃપતિ છોડાવઇ [૧૧]બાંધી કીધ, લોક મનોરથ સીધ. ૧૨

---

૧. પાઠા૦ તામા. ૨. સુંદર. ૩. પાઠા૦ સમાઈ. ૪. ચરિત્ર. ૫. પાઠા૦ જે હતો. ૬. પાઠા૦ સિલ્યઈ. ૭. ભાંગી. ૮. વિચાર્યું, ૯. વિકરાલ, ભયંકર. ૧૦. પાઠા૦ ગઈ. ૧૧. પાઠા૦ વાધી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બીજઇ દિવસઇજી ચોર-નિવાસ, [1]કુમર દિખાડઈ તાસ;
[2]ભુપઇ દીઠોજી ચોરનો ઠામ, જોવો કવણ હરામ. ૧૩

નૃપઇ આદેસઇજી લોકઇ માલ, લીધો આપ સંભાલ;
ભુપતિ તુઠઇજી પુત્રી તામ, **કમલસેણા** ઇણિ નામ. ૧૪

કુમર બુલાઇ દીધી ચંગ, ઉચ્છવ કરી બહુ [3]ચંગ;
હાથ મુંકાવણજી ગામ હજાર, સો હાથી ભંડાર. ૧૫

ઇક લખ પાયકજી દસ હજાર, આપઇ ઘોડા સાર;
એ એ દેખોજી પુન્ય પંડૂર, કુમર મુખિ અધિકો નુર. ૧૬

પુણ્યઈ પામઈજી સુખ અપાર, પુણ્ય વડઉ સંસાર;
**લલિતિકીર્તિ** કહઇજી 'પુન્ય સમાન, નહી કો અવર પ્રધાન'. ૧૭

૧. પાઠા૦ પહુચાડઈ. ૨. ભુમઈ. ૩. પાઠા૦ સંગ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દૂહા :

માન-[1]મહુંત લખમી બહુત, પામી રાજકુમાર;
મદનમંજરી નારિ વિણ, જાણઇ સર્વ અસાર. ૧

લાજ માન દુરઇ ગમઇ, ધર્મતણી [2]દલિવાત;
[3]પ્રનારિ લાગા જિ કે, વિકલ હોઇ તસુ [4]ધાત. ૨

## ઢાલ : ૮, નણદલની. [રાગ-સારંગ અથવા સુમતિ જિણેસર સાહિબા]- એ દેશી.

અન્યદિવસ કાઇ કામિની, આઇ કુમરનઇ પાસ હો સુંદર;
'સુંદરનૃપ કુલ-મંડણો! સુણિ મોરી અરદાસ હો સુંદર. ૧

મદનમંજરી વીનવઇ, એકતાણ સુણિ કાન હો સુંદર;
''માત-પિતા-પતિ મઇ તજ્યા, સોંપ્યાં તોનઇ પ્રાણ હો સુંદર. ૨ મદન૦

તઇ માતંગ વસી કીયો, વલિય ભુજંગમ ચોર હો સુંદર;
લોક સહુ સુખીયા કીયા, [5]મો વિણ ચતુર ચકોર હો સુંદર. ૩ મદન૦

કામ સંતાવઇ મો ભણીઉ, તુમ થઇ ભરતાર હો સુંદર;
સુરવીર તો જાણયઇ, જો કરી મોરી સાર હો સુંદર. ૪ મદન૦

નિસિ બઇઠી તાર ગિણઇ, [6]ઇસ રહી લપટાય હો સુંદર;
મુખિ [7]બોલઇ દુખણી થકી, હું કિમ [8]જાઇ માઇ? હો સુંદર. ૫ મદન૦

નયન-યુગલ પ્રભુ! તાહરા, લોહઅંકુડાકાર હો સુંદર;
[9]મુઝ ચપલ મનમાછલો, [10]ખાંચિ લીયો કરી સાર હો સુંદર. ૬ મદન૦

જલકુંડમાહિ ચાંદલો, પ્રતિબિંબઇ જો આય હો સુંદર;
તો હુ કુડિટિ દલઉ કરુ, પતિ વિણુ મુઝ દુખદાઇ હો સુંદર ૭ મદન૦

---

૧. મોટાઇ, ૨. પાઠા૦ વલિ. ૩. પરનારિ. ૪. અવસ્થા. ૫. પાઠા૦ તુમ. ૬. આ રીતે. ૭. પાઠા૦ લેઈ. ૮. જન્મી. ૯. પાઠા૦ તાસ. ૧૦. ખેંચી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નીંદ ગઇ દુખ વીસર્યા, [1]લોટઇ ધરતી જાય હો સુંદર;
તુઝ વિરહો અતિ દોહિલો, [2]કુઢી-કુઢી પંજર કાય હો સુંદર. ૮ મદન૦

વિરહ દવાનલ તેહની, દાઝઇ અંતર દેહ હો સુંદર;
સંગમ [3]સધરજલઇ કરીઉ, તુરિત બોઝાવે તેહ'' હો સુંદર ૯ મદન૦

ગદ-ગદ સાદઇ તો ભણી, એ સુંદેસો દીધ હો સુંદર;
જિમ ભાવઇ તિમ તુમ કરો, મઇ તસુ કારિજ કીધ' હો સુંદર. ૧૦ મદન૦

કુમર વચન સુણિ [4]નારિનઇ, [5]બિઉણો વાધ્યો રાગ હો સુંદર;
જાઇ કહઇ તું તેહનઇ 'આજ, કાલ્હ નહી લાગ' હો સુંદર. ૧૧ મદન૦

કમલસેણાસું એ રહ્યો, રાતિ દીવસ લપટાય હો સુંદર;
[6]કસમસિ દ્રાખ જિકે ભખઇ, નીબોલી કિમ ખાય? હો સુંદર. ૧૨ મદન૦

કંકણ જોડી હાથ નઇ, સુંદર [7]નવસર હાર હો સુંદર;
[8]જાઇ કહિજો તેહનઇ, 'તુઝ ઉપરિ બહુ [9]પાર' હો સુંદર. ૧૩ મદન૦

તે સંતોષી કામિની, મુંકી તેહનઇ પાસ હો સુંદર;
**લલિતિકીર્તિ** કહઇ 'અવસરઇ, ફલસ્યઇ બેહની આસ' હો સુંદર. ૧૪ મદન૦

---

૧. લોટવું=કોઇના પ્રેમમાં બેશુદ્ધ થવું, આળોટવું. ૨. શોક કરી કરીને, પાઠા૦ કુઢર. ૩. ધારાબધ્ધ મેઘથી. ૪. નારીના. ૫. દ્વિગુણો.
૬. કીસમીસ. ૭. પાઠા૦ નવ-નવ. ૮. પાઠા૦ દેઈ. ૯. પ્યાર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**દૂહા :**

અન્યદીવસ ઉંટી ચડ્યા, આયા નર દોઇ જાણ;
કુમર ભુવનમાહિ ગયા, [1]છડીયા ઘઇ સનમાન. ૧

દીઠા કુમરઇ [2]તતખિણઇ, મલિયા અંગો-અંગ;
રાજલોક વિસમઇ પડ્યો, 'કુણ હેતુ ઇહા ચંગ?' ૨

પૂછઇ માત-પિતા ભણી, કુસલખેમની વાત;
તે જણ બેઉં ઇમ કહઇ, 'સુણિ તું ભવન વિખ્યાત. ૩

કુસલખેમ સહુનઇ અછઇ, નિતુ [3]ચીંતારઇ તાત;
કુમર! વિયોગઇ તાહરઇ, ઝૂરઇ સુલસા માત. ૪

## ઢાલ : ૯, [4]વિમલજિન માહરઇ તુમ્હસું પ્રીતિ-એ દેશી.

જિણ દિણથી તુ [5]વિછડ્યો જી, ખબરિ ન લાધી કાય;
રાતિ દિવસ [6]અલજો કરઇ જી, સુલસારાણી માત. ૧

''મોરા [7]નંદન! તુઝ વિણ ઘડી ય ન જાય;
હિવ વચ્છ! વહિલો આવીજ્યે જી, જિમ મુઝ આણંદ [8]થાય''. ૨ મોરા નંદન૦

રોઇ-રોઇ અતિ ઘણો જી, આંખિ ગમાઇ માત;
તુઝ દરસણ [9]તુસઇ કરી જી, નિરમલ [10]થાઇસઇ જાત. ૩ મોરા નંદન૦

રયણકરંડ તણી પરઇ જી, ઇષ્ટ કંત સુખકાર;
નંદન [11]ચંદન સારિખો જી, [12]તપતિ બુઝાવણ હાર. ૪ મોરા નંદન૦

જીવન-[13]પ્રાણ ગયા પછઇ જી, સુખ ન પામ્યો [14]લગાર;
ઉપજાવઇ સુખ મા ભણી જી, પુત્રરતન [15]સીર [દાર]. ૫ મોરા નંદન૦

---

૧. છડીદારને. ૨. પાઠા૦ તિણ. ૩. ચિંતારત. ૪. પાઠા૦ ધીરજ જીવ ધરઈ નહી જી એહની. ૫. વિખુટો પડ્યો. ૬. આતુરતા. ૭. પાઠા૦ પુત્રજી. ૮. પાઠા૦ માઈ. ૯. સંતોષથી. ૧૦. થશે. ૧૧. પાઠા૦ વંદન. ૧૨. તાપ=આગ. ૧૩. પાઠ૦ ઈણ. ૧૪. પાઠા૦ લિસાર. ૧૫. પાઠા૦ સંસાર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તાતઇ તુ અપમાનીયો જી, [૧]મતિ આણે મનિ રીસ;
[૨]માય ન બાપની સીખથી જી આગઇ હોઇ [૩]જગિસ. ૬ મોરા નંદન૦

તે અતિ જાત વખાણીયઇ જી, જે હોઇ આપ પ્રસિદ્ધિ;
વંશવિભુષણ માહરઇ જી, તુ અતિ જાત સમૃદ્ધ.' ૭ મોરા નંદન૦

એહવા વચન સુણિ કરી જી, [૪]ઉચ્છક થયો કુમાર;
સુસરા પાસઇ આવીયો જી, જા બઇઠો કરીય જુહાર. ૮ મોરા નંદન૦

'રાજ! સુણો ઇક વિનતી જી, [૫]ઉંટી આયા દોય;
બાપતણા મુઝ તેડિવા જી, રાજ કહઇ તિમ હોઇ'. ૯ મોરા નંદન૦

'સુણો કુમર!' રાજા કહઇ જી, 'મોદક બેઉં હાથ;
ભાવઇ પધારો ઇહાં રહો જી, કમલસેણા લે સાથ'. ૧૦ મોરા નંદન૦

રાજાયઇ સંતોષીયો જી, આપી બહુલો માલ;
સજ થયો ચાલણ ભણી જી, લીધો સહુ [૬]સંભાલ. ૧૧ મોરા નંદન૦

સાસુ [૭]રંગ વધાવીયો જી, દેઇ ભંભ પ્રયાણ;
[૮]કટક ચલાયો આગલીઇ જી, આપ રહ્યો એક [૯]જાણ. ૧૨ મોરા નંદન૦

મદનમંજરી સંભરી જી, [૧૦]જામિણિ પહિલઇ [૧૧]જામ;
**લલિતકીર્તિ** કહઇ 'કુમરનો જી, હિવ આવીસ્યઇ મન ઠામ'. ૧૩ મોરા નંદન૦

---

૧. મત=ન. ૨. પાઠા૦ માયની. ૩. પ્રસન્નતા. ૪. ઉત્સુક. ૫. ઊંટે ચડી, પાઠા૦ ઊંઠી. ૬. સંભાર=પરિગ્રહ, સંઘરો. ૭. આનંદપૂર્વક. ૮. સૈન્ય. ૯. યાન=રથ. ૧૦. યામિની=રાત્રિ. ૧૧. પહોર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દૂહા :

કુમરઇ કંચુક પુરુષ નિજ, મુક્યો [1]દુતી પાસ;
આવી દુતીનઇ કહઇ, 'સુણિ સુંદર! ઉલાસ. ૧

એકાકી એકઇ રથઇ, મદનમંજરી કાજ;
પુર બાહિર ઉભઉ કુમર, કહઇ "તુમ્હ આવો આજ". ૨

## ઢાલ : ૧૦ પિઉડા! માનો બોલ હમારો એહની–એ દેશી.

દુતી બોલઇ 'ઉઠો બાઇ! રે, [2]લાલણ ચાલઇ મનહ સુહાઇ રે.' ૧ દુતી૦

મદનમંજરી ઝબકી જાગી જી, 'હૈ હૈ લાલણ જાસ્યઇ રાગી રે. ૨ દુતી૦

કોમલદેહા નવલ સનેહા રે, ઇહુ પરદેસી દેસ્યઇ [3]છેહા રે. ૩ દુતી૦

જિમ રવિ પંકજ ચંદ ચકોરા રે, જલધર જિમ આગમ [4]જીવલિ મોરા રે. ૪ દુતી૦

તિમ મેરો મન તિણિસુ રંગા રે, જિમ [5]ઇસર મનિ ગોરી ગંગા રે.' ૫ દુતી૦

પહિર્યા [6]અંબર સુંદર હારા રે, સાથઈ લીધા રતન–[7]ભંડારા રે. ૬ દુતી૦

માત–પિતા–પતિ સંગમ મુકી રે, ચાલી તરુણી [8]કારી [9]મુકી રે. ૭ દુતી૦

'ચાલો સુંદર! ઢીલ ન કીજઇ રે, ઢીલઇ કારિજ અપણો [10]છીજઇ' રે. ૮ દુતી૦

મુણ–મુણતી મુખ યુવતી બોલઇ રે, 'કઉણ છઇ? બાઇ! [11]ઇણિકઇ તોલઇ રે. ૯ દુતી૦

હલુઇ–હલુઇ તીહાં કિણિ આઇ રે, 'આવો! આવો!' કુમર બોલાઇ રે. ૧૦ દુતી૦

રથિ ચઢિ બઇઠી પાસઇ [12]સોહઈ રે, કુમરતણો [13]મન ખિણ–ખિણ મોહઇ રે. ૧૧ દુતી૦

---

૧. પાઠા૦ દૂત. ૨. પિયુ. ૩. પાઠા૦ જેહા. ૪. પ્રાણવાન, પાઠા૦ જિઉ. ૫. શંકર, પાઠા૦ ઈસરનિ. ૬. વસ્ત્ર. ૭. ઘણા. ૮. આબરુ. ૯ પાઠા૦ થકી/ચૂકી. ૧૦. પાઠા૦ હીજઈ. ૧૧. આની. ૧૨. પાઠા૦ મો હોઈ. ૧૩. પાઠા૦ મત.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**યત :**

ભુખ ન પુછઇ [૧]સાલતો, સ્નેહ ન પુછઇ જાતિ;
ઉંઘ ન જોવઇ [૨]સાથરઉ, એમ વિહાણિ રાતિ. ૧

તિહાં કિણિ કુમરઇ તુરંગ ચલાયા રે, તુરિત કટકમઇ અપણઇ આયા રે. ૧૨ દુતી૦

**લલિતકીર્તિ** કહઇ '[૩]બે સુખ પાયા રે, કુમરતણઉ મુખિ તેજ સવાયા રે.' ૧૩ દુતી૦



૧. ભાત, પાઠા૦ સાલણઉ. ૨. શય્યા. ૩. બન્ને.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**દૂહા :**

પરિવાર સહુ સાથઇ લીયો, [1]દેઇ દમામા ચોટ;
તિહાંથી કુમર પધારીયો, દેતો અરિ-સિર[2]ઠોક. ૧

ભુવનપાલ રાજાતણો, લંઘી દેશ મહંત;
પહુતો અટવી ગહનમઇ, બહુ સાવજ ગર્જંત. ૨

અટવી ગહન ઉલંઘતા, આયો પાવસ કાલ;
સકલ લોક હરખત હુઆ, ઇક વિરહી [3]ચિત સાલ. ૩

ઇણિ અવસરઇ આયો તિહાં, ભીલતણઉ શિરદાર;
કુમર-સુભટ બઇઠા થયા, હાથ લીયા હથિયાર. ૪

## ઢાલ : ૧૧, રાગ-સિંધુડો, મેવાડી રાજા રે-એ દેશી.

સુંદરસુત કેરા રે, ઉઠ્યા [4]બહુતેરા રે, સુભટ ભલેરા સામ્હા ઝૂઝતા રે. ૧

તિણિ સનમુખ ધાયા રે, મુખિ તેજ સવાયા રે, લાયા ચંદન ચોર્યા તણુ ભલા રે. ૨

મુછઇ [5]તાઉ ઘાલઇ રે, કાયર [6]પગ ટાલઇ રે, [7]હાલઇ આગલિ હેલઇ [8]મલ્હપતા રે. ૩

ભાલા ઉછાલ્યા રે, ઘરના મોહ ટાલ્યા રે, ચાલ્યા કાયર [10]નાહીયઇ તતખિણઇ રે. ૪

[11]બગતર અંગિ તાજા રે, પહિરઇ યુવરાજા રે, કરતા દિવાજા વાજા વાજતા રે. ૫

[12]સુરાસુરિમાઇ રે તિહાં અધિકી આઇ રે, જાવઇ વલિ કાયર નાઠા ઘર [13]ભણી રે. ૬

એક-એકઇ આગઇ રે, ઉભા રહ્યા લાગઇ રે, માગઇ કાયર તિહાં [14]ધ્રમ બારણો રે. ૭

તુબકા તિહાં છુટઇ રે, અરિ બગતર પિણ તુટઇ રે, કુટઇ કાયર હીયા આપણા રે. ૮

બેઉ દલ ઝૂઝઇ રે, પણિ કો નવિ બુઝઇ રે, સુઝઇ [15]નહી રવિ ઢંકણો રેણુસું રે. ૯

---

૧. ઢોલ વગાડ્યા. ૨. પ્રહાર. ૩. પાઠા૦ ચિટપાલ. ૪. શુરવીર. ૫. તાવ. ૬. પાઠા૦ પણ. ૭. ચાલે છે. ૮. અભિમાનપૂર્વક. ૯. પાઠા૦ ધના. ૧૦. નાસી ગયા. ૧૧. બખ્તર. ૧૨. શુરવીરોમાં પરસ્પર સ્પર્ધા. ૧૩. પાઠા૦ સાંભળ્યા. ૧૪. ધર્મ. ૧૫. પાઠા૦ નવિ ધુયારોલઉ વિસ્તર્યઉ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉછલઇ નાલિ ગોલા રે, બીહઇ નર ભોલા રે, ડોલા [1]ડોલાવઇ કાયઇ ચિહું દિસઇ રે. ૧૦

બાહે કડી બાંધી રે, આયા રણ [2]ખાંધી રે, [3]સાધિ સર [4]સાહમા ઊભા [5]તાકઇ રે. ૧૧

કેઇ [6]ચટકાલા રે, આવઇ મુછ્છાલા રે, પાલા વલિ આગલિ આયા ઝૂઝવા રે. ૧૨

[7]ભીલઇ સવિ [8]ખેસ્યા રે, હે ઘર કિમ લેસ્યા રે, દેસા પાછા વલિ [9]અરિ-સિર ચોટડી રે. ૧૩

તિણિથી અતિ [10]ત્રાઠા રે, બિહુના ભટ નાઠા રે, [11]કાઠા [12]હિયાડા જગિ તે નર [13]ઘોડાલા રે. ૧૪

તિહાં કુમર એકાકી રે, સેણા સવિ થાકી રે, [14]તાકી રહ્યો ભીલ પિણિ તેહનઇ રે. ૧૫

બેઉ અતિ સુરા રે, બેઓ ગુણપુરા રે, ચુરા કરિ નાખઇ સર આવતા રે. ૧૬

'એ તો અતિ બલીયો રે, બાણ વિદ્યા કલીયો રે, [15]મલીયો કિમ જાયઇ?' કુમર ચિંતવઇ રે. ૧૭

હકીકતિ પાઇ રે, કુમરઇ ચિત લાઇ રે, ભાઇ-ભતીજો પાસઇ કો નહી રે. ૧૮

પોતઇ સિણગારી રે, આણી તિહાં નારી રે, આણિ બઇસારી રથ આગલિઇ રે. ૧૯

તસુ રુપ લોભાણો રે, ભીલાનો રાણો રે, બાણાવલિ મુકઇ ચુકઇ તતખિણઇ રે. ૨૦

કુમર સિર તાડ્યો રે, ધરતી તલિ પાડ્યો રે, [16]વઇરી પછાડ્યો રે, પડતો ઇમ કહઇ રે. ૨૧

'નારિ નયણ બાણઇ રે, હું કીધો [17]કાણઇ રે, પાડ્યા વિદ્યાધર કિંનર દેવતા રે. ૨૨

કામ બાણઇ માર્યો રે, તુઝ [18]આગઈ ન હાર્યો રે, [19]મઇ મ્હારો કારિજિ [20]જિમ તિમઇ' રે. ૨૩

તેહવઇ પરિવારા રે, દેખી ન કુમારા રે, [21]માર-અવતારા ચાલઇ એકલો રે. ૨૪

**લલિતકીર્તિ** બોલઇ રે, કોણ એહનઇ તોલઇ રે, ખોલઇ હિયડાની વાતાં દંપતી રે. ૨૫

---

૧. આંખના ડોળા. ૨. પાઠા૦ સાધી. ૩. તાકીને. ૪. પાઠા૦ સાહ્યા. ૫. પાઠા૦ તાકતા. ૬. ચતુર. ૭. પાઠા૦ ભાલઈ. ૮. ખસેડ્યા. ૯. પાઠા૦અરિયણ. ૧૦. પાઠા૦ નાઠા. ૧૧. કાયર. ૧૨. હૈયાવાળા. ૧૩. ઘોડા જેવા, પાઠા૦ થોડલા. ૧૪. પાઠા૦ તાહી. ૧૫. પાઠા૦ માલીયો. ૧૬. પાઠા૦ બઈરી. ૧૭. કાણક=બાણ. ૧૮. પાઠા૦ આગ. ૧૯. પાઠા૦ સાર્યઉ. ૨૦. પાઠા૦ જિતિ. ૨૧. કામદેવ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દૂહા :

આગઇ જાતા એહવઇ, આયો [૧]ગોબગામ;
મદનમંજરી ઇમ ભણઇ, 'સીધા વંછિત કામ'. ૧

તેહવઇ આયા બે પુરુષ, બોલઇ કરિય જુહાર;
'કિમ આગઇ જાઇસિ? કુમર!, અટવી ગહન મઝારિ'. ૨

કુમર કહઇ 'તુમ્હ સાંભલો, કુશલઇ આયા પથિ;
શંખનગરનો [૨]વાવડો, [૩]માગ્ર જાસિ [૪]કેથિ?'. ૩

તે બોલઇ [૫]વિલિ [૬]ભુમિયાં, 'બે મારગ ઇહાં જાઇ;
ડાબો માર્ગ અતિ વિષમ, જીમણો દુરિ કહાય. ૪

ચોર-સિહ-કુંજર સબલ, ચઉથઉ ઉરગ કરાલ;
એ ચ્યારે ભય દોહિલા, તું એકલો સુકમાલ. ૫

[૭]સુરસિરોમણિ ચાલીયો, તિણિ મારગ લે સાથ;
'જે આવઇ તે આવજ્યો, મ્હારો જીમણો હાથ'. ૬

કુમર વચન સાંભલી કરી, આવઇ લોક અનેક;
સંખપુર સહુ ચાલીયા, દેખી કુમરની ટેક. ૭

## ઢાલ : ૧૨, કપુર હુવઇ અતિ ઉજલો-એ દેશી [રાગ- કેદારો ગોડી]

તિહાંથી સહુ કો ચાલીયા રે, લેઇ સંબલ ભાત;
અટવી ગહન ઉલંઘતા, તેહવઇ થયો રે પ્રભાત. ૧

કુમરનઇ પોતઇ પુન્યપંડુર,
સાહસીયાં સાહસ ફલઈ રે, દિન-દિન ચઢતો [૮]નુર કુમર૦

---

૧. ગોપગામ=ગોકુળ, પાઠા૦ ગોવલ. ૨. વાવડ=માહિતિ. ૩. મારગ. ૪. કયાંથી. ૫. પાઠા૦ બલિ. ૬. ભોમિયા. ૭. શુરવીર. ૮. પાઠા૦ ભુર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઇણિ અવસર તિહાં [1]આવીયો રે, અતિ લાંબા ભુજદંડ;
પિંગલનયણ બીહામણો રે, [2]કાર રહિત જાણે [3]સંડ. ૨ કુમર૦

હાથિ કમંડલ ધારતો રે, જપમાલા કર જાપ;
[4]રામ-રામ મુખિ ઉચરઇ રે, આયો તાપસ આપ. ૩ કુમર૦

તાપસ કહઇ 'સુત! સાંભલો રે, તીર્થયાત્ર [5]નીમિત્ત;
સંખપુરુ હું આવીસું રે, તો સાથઇ બહુમિત્ત'. ૪ કુમર૦

ધુરત વલિ ઇમ વીનવઇ રે, મો પાસઇ દીણાર;
ધર્મ-કાજ મઇ રાખીયા રે, તું રાખે રાજકુમાર!'. ૫ કુમર૦

[6]નઉલી આપી તેહનઇ રે, ચાલઇ [7]આપ નિચંત;
કુડ કપટ ભરપુરીયો રે, [8]દ્રીહી નો ખય જંત. ૬ કુમર૦

કુમર ચતુર ચિત ચિંતવઇ રે. 'તાપસ [9]કુડઆગાર;
એ સાથઇ જે [10]ચાલવો રે, [11]અંતિ નહી તે સાર. ૭ કુમર૦

એમ વિમાસી ચિતમઇ રે, [12]ચોયા તુરંગ [13]તુરંત;
આગઇ જાતાં આવીયો રે, અટવી દેસ મહંત. ૮ કુમર૦

સાથ ભણી તાપસ કહઈ રે, 'ખિણ ઇક કરઉ વિલંબ;
ભગતિ કરું હું તુમ્હતણી રે, ઉગ્યો સુરિજબિંબ. ૯ કુમર૦

ગોવલ એક સોહામણો રે, ઇણિ વનખંડ મઝારિ;
વરસાલો હું ઇહાં રહ્યો રે, આવંતા સુખકાર. ૧૦ કુમર૦

મઇ મ્હારઇ ગુણ વસિ કીયો રે, ગોઉલ[14]વાસી [15]લોયા;
દુધ-દહી તે આપીસ્યઇ રે, જિમ [16]પ્રહુણાઇ હોઇ.' ૧૧ કુમર૦

---

૧. પાઠા૦ આરીયો. ૨. શરમ, લાજ. ૩. નપુંસક. ૪. પાઠા૦ રાજા. ૫. પાઠા૦ નીમંત. ૬. રૂપિયા રાખવાની થેલી, પાઠા૦ નેલી. ૭. પાઠા૦ ચાપ. ૮. નજર. ૯. કપટનું ઘર, પાઠા૦ કૂટ. ૧૦. પાઠા૦ ચાલસ્યઈ. ૧૧. પાઠા૦ અતિ. ૧૨. પ્રેર્યા. ૧૩. પાઠા૦ કુરંતા. ૧૪. પાઠા૦ વારુ. ૧૫. લોકો. ૧૬. પ્રાહુણા=મહેમાન

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાથ લોકનિ [૧]ઉતરી રે, [૨]પહુતો ગોકુલ ગામ;
માહિ વિસઘાતિ કરી રે, આણ્યા ગોરસ-ઠામ. ૧૨ કુમર૦

કુમર પ્રતઇ તાપસ કહઇ રે, 'આજ હમાં નિસ્તારિ;
પાન કરો મન-માનતઉ રે, ચલતાંનઇ હિત કારિ'. ૧૩ કુમર૦

કુમર કહઇ 'તાપસ! સુણો રે, જતી-વ્રતીનો આહાર;
ઉત્તમનઇ સુઝઇ નહી રે, વરજ્યો સાસ્ત્ર મઝારિ'. ૧૪ કુમર૦

કુમરઇ તે સવિ વારિયા રે, [૩]દૃષ્ટિતણઇ સંકેત;
તો પણ પાન કીયો તીએ રે, સુતા લાવઇ ખેત. ૧૫ કુમર૦

જમમંદિર પહુતો [૪]લખી રે, આવતો વાહઇ તીર;
કુમરઇ તતખિણ મારીયો રે, મરમઇ પડ્યો ફકીર. ૧૬ કુમર૦

જીવિત શેષઇ સો ઈમ ભણઇ રે. 'હું **દુરયોધણ** ચોર;
તઇ માર્યો નિરભય થકઇ રે, [૫]હુ રંજ્યો ગુણ ચોર. ૧૭ કુમર૦

ઇણિ ગિર પાસઇ [૬]બે નદી રે, તિણિ વિચિ દેવલ તુંગ;
તિણિથી ડાબી દિશિ [૭]ભલઉ રે, ભુમિઘર ઇક ચંગ. ૧૮ કુમર૦

તિહાં રુપઇ અપછર સમી રે, **જયસરી** નારિ મુઝ;
માલસહિત તું સંગ્રહઇ રે, [૮]મઇ હિવ આપી તુઝ. ૧૯ કુમર૦

દેજ્યો મોનઇ [૯]લાકડી રે, તોઇ થાજો કલ્યાણ';
વાત કરંતા તેહવઇ રે, ચોરઇ મુક્યા પ્રાણ. ૨૦ કુમર૦

[૧૦]વિશ્વાનર તેહનઇ દેઇ રે, કુમર ગયો તિણિ ઠામ;
ભુમિઘર ઉઘાડીયો રે, જયસરિ આઇ તામ. ૨૧ કુમર૦

ભુહરા-મુખ ઉભિ કહઇ રે, 'આવો મહલ મઝારિ;
નવ-નવ લીલા કરો રે, [૧૧]આહું એ ભંડાર .' ૨૨ કુમર૦

---

૧. પાઠા૦ હુંરિ કરી. ૨. પાઠા૦ પહુલો. ૩. આંખના ઈશારે. ૪. ઓળખીને. ૫. પાઠા૦ રંજો. ૬. પાઠા૦ છઈ. ૭. પાઠા૦ ભોલા.
૮. પાઠા૦ ચમઈ. ૯. અગ્નિદાહ. ૧૦. અગ્નિ. ૧૧. આપણો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કીકી જબ બિહુંની મિલી રે, મદનમંજરી તામ;
થાપોટઇ ડાબઇ કરઇ રે, 'કુમર! ઇહાં કુણ કામ?. ૨૩ કુમર૦

માત-પિતા-પરિયણ સહુ રે, છોડ્યા [૧]થારઈ કાજ;
કો ન કરઇ તિમ તું કરઇ રે, તોનઇ વલિ નહી લાજ' ૨૪ કુમર૦

નારિ વચન સુણિ કરી રે, મુકી તેહનો સંગ;
રથ બઈસી આગે ચલ્યો રે, રથમાંહિ કીધો [૨]રંગ. ૨૫ કુમર૦

પવનતણી પરિ ચાલઇતાં રે, જાણે ગિરિવર-[૩]સિંગ;
ચંદ્રકિરણ સમ ઉજલો રે, પ્રગટ થયો માતંગ. ૨૬ કુમર૦

સાતે ઠામે મદ ઝરઇ રે, ભાંજઇ તરુવર તાલ;
આવઇ ધસમસ ધાવતો રે, જાણે જાગ્યો કાલ. ૨૭ કુમર૦

'મા બીહ' નારીનઈ કહી રે, રથથી ઉતરી [૪]ઝત્તિ;
પુરવલી પરિ વસિ કીયો રે, મોટી કુમર [૫]સકત્તિ. ૨૮ કુમર૦

ગજ મૂકી વલિ હાલતા રે, અટવી આવી જંગ;
પુચ્છાચ્છોટ ઉચ્છાલતો રે, માડંતો નિજ અંગ. ૨૯ કુમર૦

ખેયર અંગારાની પરઈ રે, સુંદર લોચન લાલ;
આયો ધાયો ઉમહી રે, ભૂરા કેસર વાલ. ૩૦ કુમર૦

કુત્તો કહી બોલાવીયો રે, વીટી વસ્ત્રઈ હાથ;
કુમરઈ મુખિમાહિ ઘાલીયઈ રે, પૂરી આઈ હાથ. ૩૧ કુમર૦

જીમણ હાથઈ અસિ લેઈ રે, ખાંધે કીધ પ્રહાર;
સીહ પડ્યઉ ધરણી તલઈ રે, જીવિત નહીય લિગાર. ૩૨ કુમર૦

વાઘ વસી કર ચાલતા રે, આગે દીઠઉ સાપ;
મદનમંજરી બીહની રે, 'એ કિમ કરિસ્યઈ માપ?'. ૩૩ કુમર૦

---

૧. પાઠા૦ ઘર. ૨. વિલાસ. ૩. શૃંગ=શિખર. ૪. તુરંત. ૫. શક્તિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મારગ વીટીનઈ પડ્યઉ રે, જાણઈ [1]જમની લીહ;
ફણ-મણિ મંડિત સામલઉ રે, રો(રા)તી આંખિ દો જીહ. ૩૪ કુમર૦

મદનમંજરી વારતી રે, ખિણ-ખિણ દે ઉલંભ;
ઉતરિ કુમરઈ [2]ઉરગનો રે, કીધો ગતિનો થંભ. ૩૫ કુમર૦

વલિ મુખ [3]થંભ્યઉ તેહનો રે, ખેલાવી બહુવાર;
તિહાંથી આગે ચાલીયો રે, નિરભય રાજકુમાર. ૩૬ કુમર૦

કુસલખેમે આવીયા રે, નિજ નયરીનઈ પાસ;
**લલિતકીરતિ** કહઈ એહની રે, પૂગી સગલી આસ. ૩૭ કુમર૦

---

૧. પાઠા૦ જમનીહ. ૨. સર્પનો. ૩. પાઠા૦ ખંભ્યો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દૂહા :

સામંતાદિક તેહના, આયા લે પરિવાર;
રાજકુમરથી બીહતા, ન કરઈ તામ જુહાર. ૧

કુમરઇ તેહ બુલાવીયા, આવી કરઈ પ્રણામ;
મોટાનઇ પ્રણમ્યા પછઇ, રીસ ઉતરઇ તામ. ૨

## ઢાલ : ૧૩, સોહલાની, દુલહ કેસવ દુલહણિ રાધિકાજી– એ દેશી.

[1]પુરુષ પુરુષ વધાઇ દેવા દોડીયો જી, પહિલો કરીય જુહાર;
નરવર નરવર આગલિ એહવો વીનવઇ જી, મનમાહે હરિખ અપાર. ૧

'કુમર કુમર રાજેસર! આજ પધારીયા જી, રિદ્ધિ ઇંદ્ર સમાન;
સુંદર સુંદર સોભાગી મહિયલ દીપતો જી, જોવો પુન્ય પ્રમાણ'. ૨ કુમર૦

સુતનઇ સુતનઇ આગમિ રાજા હરખીયો જી, તેહનઇ આપઇ દાન;
તુરિત તુરિત [2]નિહાલ કીયો જીવિત [3]લગઈ જી, દીધો બહુ સનમાન. ૩ કુમર૦

સુંદર સુંદર નૃપતિ ચિતમઇ ગહગહ્યો જી, તેડ્યા સેવક [4]થાટ;
'નગર નગર [5]બુહારઉ સેરી સુધ કરો જી, સણિગારો સવિ હાટ' ૪ કુમર૦

ગયવર ગયવર સુંદર સીસ સિંદુરિયા જી, કીધા તુરંગ સિંગાર;
રથવર રથવર ઉપરિ [6]ગુડી લહ-લહઇ જી, નવ-નવ રંગ [7]અપાર. ૫ કુમર૦

કલસ કલસ મનોહર સિરિ લ્યઇ પદમિની જી, કરિ સિંગાર [8]ઉદાર;
ધવલ ધવલ-મંગલ ગાવઇ ગોરડી જી, 'જીવો રાજકુમાર!'. ૬ કુમર૦

નવ-નવ રંગઇ [9]નેજા ફરહર જી, [10]જેઠી રમઇ ઉદાર;
પગિ-પગિ નાટક નટુયા [11]વિલિ કરઇ જી, ઉછવ બહુ વિસ્તાર. ૭ કુમર૦

---

૧. પાઠા૦ પુસખર-પુસખર. ૨. ન્યાલ. ૩. લગી, સુધી. ૪. પાઠા૦ રથાટ. ૫. બુવારો=સાફ કરો. ૬. નાની ધજા=પતાકા. ૭. પાઠા૦ અગ્યાર. ૮. પ્રકાર. ૯. ધ્વજ. ૧૦. મોટા મલ્લ. ૧૧. વળી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મધુર મધુર [1]સરઈ વાજઇ દુંદુભી જી, બાજઇ [2]જંગા ઢોલો;
ભુંગલ ભુંગલ [3]નફેરી ચહ-ચહ વાજઇ જી, [4]તંતી તાલ અમોલ. ૮ કુમર૦

ખલક ખલક [5]હેલઇ હલકી જોઈવા જી, જિહાં છઇ અનુપમ રાજકુમાર;
સુંદર સુંદર પ્રમુખ સહુ કો આવીયા જી, મિલીયા હરખ અપાર. ૯ કુમર૦

કુમરઈ કુમરઇ તાત-ચરણ ગ્રહ્યા જી, ચુંબઇ મસ્તક બાપ;
હિયડો હિયડો હિયડા [6]સેતી ભીડ્યો જી, નંદઇ આપોઆપ. ૧૦ કુમર૦

અનુક્રમિ અનુક્રમિ હાથી ઉપરિ ગહકતો જી, મસ્તક ઉપરિ છત્ર;
ચામર ચામર વીંજાવઇ રાજ ચિહું દિસઇ જી, વાજઇ કોડિ વાજિંત્ર . ૧૧ કુમર૦

[7]નિજઘરિ નિજઘરિ [8]આયો નંદન લાડિલો જી, પ્રણમઇ જનની પાય;
નયન નયન વદન-તન-મન ઉલસ્યા જી, આણંદ અંગિ ન માય. ૧૨ કુમાર૦

તુરિત તુરિત વહુ સહુ સાસુતણા જી, પ્રણમઇ પાય અરવિંદ;
'વહુઆ! વહુઆ! થાજ્યો પુત્રવતી તુમ્હે જી', [9]દેઇ આસીસ આણંદ. ૧૩ કુમર૦

ભોજન ભોજન કીધાં પછઇ પુછીયો જી, બાપઇ સહુ [10]વિરતંત;
કુમરઈ કુમરઇ મુલથકી સહું [11]કહ્યઉ જી, ભાંગી મનની ભ્રાંતિ. ૧૪ કુમર૦

**લલિત લલિતકિરતિ** કહઈ 'સાંભલો જી, પુણ્યઇ લીલ-વિલાસ;
કુમર કુમર સુખઇ લીલા ભોગવઇ જી, સહુની પહુંતી આસ.' ૧૫ કુમર૦

---

૧. સ્વરે, પાઠા૦ રસઈ. ૨. પાઠા૦ જાંગી. ૩. એક જાતનું વાદ્ય. ૪. વીણા, પાઠા૦ વાજઈ. ૫. આનંદથી. ૬. સાથે.
૭. પાઠા૦ જાનઘરિ-જાનઘરિ. ૮. પાઠા૦ આવો. ૯. પાઠા૦ તેઈ. ૧૦. વૃત્તાંત. ૧૧. પાઠા૦ કહ્યાઉ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દુહા :

ઇણિ અવસર પરગટ થયા, સુખીયા નયણાનંદ;
માસ વસંત સુહામણો, વિરહીનઇ દુખકંદ. ૧

પાન-[1]ફુલ- પરિમલ બહુત, ભમર કરઇ ગુંજાર;
કામનૃપતિ [2]સુતા થકા, વાજઇ નોબતિ [3]બાર. ૨

## ઢાલ : ૧૪, રામચંદ્રકે બાગ - એહની [રાગ- ગોડી]

આયો માસ વસંત, અંબ-કદંબ ભલા રી,
અગર-તગર-સહકાર-સાલરિ તરુ બહુલા રી;
નાગ-પુનાગ-નારિંગ-નિંબુ જાતિ [4]બહુ રી,
કેલિ-વેલિ સુખકેલિ, ફુલ્યા ઝાડ સહુ રી. ૧

મહકઇ [5]પરિમલ સાર, ભમર ગુંજાર કરઇ રી,
આંબા-માંજરિ સોર, કોકિલ મધુર [6]સરઇ રી;
બોલઇ-ખોલઇ સાદ, નાદ મૃદંગ બજઇ રી,
છયલ-છબીલા લોક, નાચઇ નૃત્ત સજઇ રી. ૨

વીણ-મૃદંગ-ઉવંગ, તાલ [7]કંસાલ ભલા રી,
બાજઇ- ગાજઇ ચંગ, [8]નાદ વિનોદ કલા રી;
લાલ ગુલાલ અબિલ, માહોમાહિ ભરઇ રી,
ખેલઇ [9]ફાગ વસંત, [10]વારુ વેસ ધરઇ રી. ૩

લેઇ સવિ પરિવાર, સુંદર રાજ ચઢ્યો રી,
ક્રીડાકરણ ઉદાર, સાથઇ મંત્રિ ચડ્યો રી;
આવઇ [11]વનહ મઝારિ, સુંદર વેસ સજી રી,
બહુ નારિ લે સાથિ, ખેલઇ લાજ તજી રી. ૪

---

૧. પાઠા૦ ફલ. ૨. સુતા હતા (તેથી તેમને જગાડવા). ૩. દ્વાર. ૪. પાઠા૦ રહુ. ૫. પાઠા૦ પિમલ. ૬. સ્વરે. ૭. કાસલા, મંજીરા. ૮. પાઠા૦ બોલઈ આઉ હલે. ૯. વસંતઋતુમાં ગવાતું ગીત. ૧૦. ચારુ, સુંદર. ૧૧. પાઠા૦ દનહ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હિવ કરિ [1]સાર-સિંગાર, લે પરિવાર સહુ રી,
મદનમંજરી સાથિ, બીજી સાથિ બહુ રી;
આવઇ રાજકુમાર, [2]રામતિ કાજિ બહી રી,
નવ-નવ વેસ બનાઇ, મોહઇ નારિ સહી રી. ૫

વાત ગીત ધ્વનિ-નાદ, તાન-વિતાન ભલે રી,
ગાવઇ-[3]વાવઇ ચંગ, બોલઇ આઉ હલે રી;
કુમર વિણા સહુ લોક, સાંઝઇ ગેહ ભણી રી,
ધાઇ આવઇ વેગિ, સુંદરિ [4]ધરણિ-ધણી રી. ૬

મુકી સહુ પરિવાર, રાજકુમાર રમઇ રી,
મદનમંજરી સાથિ, રંગઇ રાતિ ગમઇ રી;
સુતી ખાધી સાપ, 'હા! હા!' સબદ સુણિઇ રી,
પતિ જાગ્યો તતકાલ, [5]વેસાસઇ રમણી રી. ૭

લેઇ સીસ [6]ઉચ્છંગ, જંપઇ મંત્ર ઘણો રી,
[7]મુરછિત હુઇ તતકાલ, સુંદરિ વચન સુણઉ રી;
જીવરહિત થઇ નારિ, કુમરઇ તામિ [8]લિખી રી,
મુખિ વિલપઇ 'દેવ!', પાસઇ કાન [9]રાખી રી. ૮

'એકવાર તું બોલિ, સુંદરિ! ઠારિ [10]હીયો રી,
મઇ અપરાધ ન કીધ, જો ન કીયો ન કીયો રી;
આજ થકી હું દાસ, નારિ! માણિ મુઝઇ રી,
તું મુઝ સીતલ ચંદ, તનુકી તપતિ બુઝઇ રી. ૯

રાગ-ગ્રથિલ નૃપનંદ, ખોલઇ સીસ લિયઇ રી,
[11]ચઈહ ખડકી [12]બે બઈસિ, જેહવઈ આગ દીયઇ રી;
તેહવઇ તેહનઇ [13]ભાગ, આયા દોઇ તિહા રી,
વિદ્યાધર કહઇ તામ, 'કઉણ વૃત્તાંત ઇહા રી?'. ૧૦

---

૧. શ્રેષ્ઠ. ૨. ક્રીડા. ૩. સૂર રેલાવે છે. ૪. પતિ-પત્ની. ૫. વિશ્વાસ=આશ્વાસન આપ્યું. ૬. ખોળામાં. ૭. પાઠા૰ મુરતિત. ૮. જાણી. ૯. પાઠા૰ સખી. ૧૦.હૈયું. ૧૧. ચિતા. ૧૨. બન્ને. ૧૩. ભાગ્યથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કુમર કહઇ વિરતંત, સાંભલિ એકમણા રી,
'હા! હા! મોહવિડંબ, બલિસ્યઇ દોય જણા રી;'
જલ મંત્રી ખિણમાહિ, તિણિ છાંટી યુવતી રી,
બઈઠી થઇ તતકાલ, નારિ ભાગવતી રી. ૧૧

સુતી જાણ્યું 'કિ ઉઠી?', પુછઇ કંત ભણી રી,
'કઉણ ઇહાં વિરતંત?, કઉણ એ પુરુષમણિ રી?';
કુમર કહઇ 'સુણિ એહ, વિણ ઉપગાર કીયા રી,
કીધો તુઝ ઉપગાર, જીવન-પ્રાણ દીયા રી.' ૧૨

તે બેઉ કર જોડી, [૧]ખચર પાય નમી રી,
'આવો નગર મઝારિ', તે કહઈ 'કા ન [૨]કમી રી';
ઇમ કહિ ગયા આકાસિ, મારગ બેઉ વલી રી,
**લલિતકીરતિ** કહઇ એમ, 'પુગી મનહ [૩]રલી રી. ૧૩

---

૧. ખેચર. વિદ્યાધર, ૨. ખામી. ૩. પ્રસન્નતા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**દૂહા :**

રાજકુમર પણિ એહવઇ, 'રાતિ અંધારી' જાણી;
જાણી દેઉલ [1]ઢુકડો, પ્રિયા-સહિત ગયો તાણિ. ૧

કુમર કહઇ 'સુણિ સુંદરી!, જિહાં લગિ આણુ આગિ;
મા બીહિસિ તું તિહા લગિઇ, ઇહાં [2]રહિવાનો લાગ.' ૨

એમ કહી લેવા ગયો, લઇ આવઇ જામ;
આવંતાં દેઉલ વિચઇ, દીઠો અગનિ વિરામ. ૩

આવી પુછઇ નારિનઇ, 'કહઈ કામિની! મુઝ વાચ;
દેઉલમાહિ કિહા થકી, આગિ થઇ? કહિ સાચ. ' ૪

'તુમ હાથિઇ બલતો હુસ્યઇ, [3]વિસાનર એ રાજ!;
દેઉલ-ભીતઇ સંક્રમ્યો, દીઠો હોસ્યઇ આજ .' ૫

નારિ હાથ સમપ્પીયો, કુમરઈ આપણ [4]ખગ્ગ;
નીચો હોઇ [5]ફુંકઇ અગિનિ, ધરતી ગોડા [6]લગ્ગ. ૬

## ઢાલ : ૧૫, નદી જમુના કે તીર ઉડઇ દો પંખિયા- એહની. [રાગ-કેદારો]

'અબ સુણિયઇ ચિત લાઇ, ચતુરનર! વાતડી,
પરનારિસું પ્રિતિ કરણ, લેહુ [7]આખડી ';
તિણિ અવસર તિણિ નારિ, સુણો તબ ક્યા કીયા?
સુણતા આવઇ રોજ, સુજન ફાટિ હીયા. ૧

મ્યાન થકી તરવાર, નિકાલી [8]ખાંચિયા,
ઇણિ [9]લાલણ કુમારિ, પુરું મન [10]ખાંતિયા;
વાહઇ ગરદણિ વિચિ, તબ હિ કરથી પડી,
દેઉલ-સિલ ટંકાર હુઆ, તબ [11]તિણિ ઘડી. ૨

---

૧. નજીક. ૨. રહેવાને. ૩. અગ્નિ. ૪. ખડગ, તલવાર, પાઠા૦ ખગ. ૫. પાઠા૦ પુંકઈ. ૬. પાઠા૦ લગાય. ૭. નિયમ. ૮. ખેંચીને. ૯. પિયુ, પત્ની. ૧૦. ખાંત=લાલસા. ૧૧. પાઠા૦ ણિતિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સબદ સુણિ તબ તેહુ, કુમર કોપઇ ચડ્યા,
રમણી કહિ 'અતિરાગ, વસઇ કરથી પડ્યા';
[1]સરલ-હિયા નૃપનંદ, રમઇ તિણસું મિલી,
આગિ જલાઇ તામ, પ્રકાશ થયા વલી. ૩

હિવ હુયા પરભાત, કુમર [2]પુગી [3]રલી,
[4]છોટી-ખોટી નારિથકી વેસ્યા ભલી;
'ઉઠો [5]મોહનવેલિ!, ચલો ઘરિ હે સખી!'
એ [6]પરતખિ વિષવેલિ, અમૃતવલ્લી [7]લખી. ૪

આયા દોઉ તામ, તિહાંથી મંદિરઇ,
લીલ કરઇ દિન-રાતિ, સુરેંદ્રતણી પરઇ;
મદનમંજરી ટાલી, ન દુજી કા ભજઇ,
રાગી દેખત અંધ, ભલી સંગતિ તજઇ. ૫

[8]અનિ દિવસ સિરદાર, સઉદાગર કે તિહાં,
આવી [9]ડેરા દીધ, [10]હરી જ લહઇ જિહા;
લીલા-લહરિ કુમાર, આયા તિહાં ઉમહી,
જોઇ તુરંગ [11]પ્રધાન, પ્રીતિ ચિત ગહગહી. ૬

લેઇ [12]સીખ કુમાર, અસવાર ભયો તદા,
[13]ઇતઊત ફેરઇ તુરંગ, ન દીઠો તિણિ કદા;
જિઉ-જિઉ તાણિઇ તીણ, લગામ તુરંગતણિ,
તિઉ-તિઉ દોડ્યા જાઇ, [14]કાર તિણિ અવગિણી. ૭

બહુ તાપસ જિહા ધ્યાન, મૌન લીણા સહી,
દેખંતા ખિણમાહિ, ગયા ગહનઇ વહી;
વક્ર [15]શિખ્યિની [16]વાત, ન તિણકું તિણિ કહી,
છોડ્યા તામ લગામ, ભાવઇ 'જાઉ કહી?' ૮

---

૧. સરલહૃદયવાળો. ૨. થઇ. ૩. હોંશ. ૪. મલિન. ૫. મોહી લેનાર વેલડી સમી. ૬. પ્રત્યક્ષ. ૭. સમજી. ૮. અન્ય. ૯. તંબુ તાણ્યા. ૧૦. ઘોડા. ૧૧ શ્રેષ્ઠ, જાતિવંત. ૧૨. શિક્ષા. ૧૩. આમ-તેમ, પાઠા૦ ઈતોત. ૧૪. લગામ. ૧૫. શિક્ષિતની. ૧૬. પાઠા૦ વાન.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ખડા રહ્યા તબ તુરંગ, આપ પાણી પીયા,
વનમાંહિ ફિરઇ ઉદાસ, 'જગત્રપતિ! કિઉં કીયા?';
તિણિવેલા ઇક ચંગ, ઉતંગ જિનાલયા,
દેખ્યા તબહુ [1]ઉછરંગ, કમરકું બહુ ભયા. ૯

વંદી જિનવર પાય, ઉપાય મુગતિતણા,
[2]તી દેખ્યા મુનિ એક, [3]છેક નિરમલ-ગુણા;
દેખ્યો પુન્યસંયોગ, કુમાર કહઇ વલી,
સહજઇ મીઠા દુધમાહિં સાકર ભલી. ૧૦

[4]ગહગણ-તારામાહિ, વડા જિમ ચંદ્રમા,
જિમ તરુવર માહિ સોભ, લહઇ કલ્પદ્રુમા;
રતનમાહિ જિમ સાર, જિસા કૌસ્તુભ-મણિ,
તિઉ ચારણમુનિ એહુ, સોહઇ તપ દિનમણી. ૧૧

ખંતિ પ્રમુખ ગુણધાર, ભંડાર ખિમાતણા,
ચ્યારિ [5]ન્યાન પરધાન, ગુમાન નિવારણા;
[6]**સહજગતિ** ઇણિ નામિ, નમઇ તિહુયણજણા,
વંદી આગે બઇઠ, નૃપતિ [7]સુત ઇકમણા. ૧૨

દેસણ સુણતો [8]દાર, [9]કલ્હાર સુધા [10]સમી,
ભુખ-[11]ત્રિષા-પરમાદ- આલસ દુરઇ ગમી;
અબ ઇહાં ઇણિકુ, પ્રતિબોધ હુસ્યઇ સહી,
**લલિતકીરતિ** સુખકાર, ઇસા [12]ગુરુયો લહી. ૧૩

---

૧. આનંદ. ૨. તેણે=અગડદત્તે, પાઠા૦ ભી. ૩. અત્યંત. ૪. ગ્રહ. ૫. જ્ઞાન. ૬. પાઠા૦ સહજગંભીર. ૭. પાઠા૦ સત. ૮. કુમાર, પાઠા૦ હાર. ૯. શ્વેત સુગંધી કમળ. ૧૦. પાઠા૦ સની. ૧૧ તૃષા. ૧૨. પાઠા૦ જઉ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દૂહા :

ચરણ-કમલ પ્રણમી કરી, અવસર જાણ કુમાર;
નિજ સંસય ભંજન ભણી, [1]પ્રસન કરઇ ઇક સાર. ૧

'[2]પૂજ્ય! કહો તુમે મો ભણી, કુણ એ પુરુષ રતન?;
દીક્ષા માંગઇ તુમ્હ કન્હઇ, પંચવિ એકઇ મન. ૨

એ પંચઇ પાંડિવ સમા, રુપવંત બલવંત;
ભવના દુખથી ઉભગા, કિણ કારણ? કહિ સંત!'. ૩

## ઢાલ : ૧૬, ચુનડી. [રાગ-ગોડી]

'દેવાણુપ્રિય! ભાવસુ, એક ચિતઇ એકઇ તાણ રે;
એ વાત બહુ અછઇ, સુણતાં હોઇ ઊંચા કાન રે'. ૧

ગુરુરાજ કહઇ 'વછ! સાંભલઉ, સુણતા વાધઇ વયરાગ રે;
ઉતમ નર જે હુંવઇ, મુંકી રમણીનો રાગ રે. ૨

ઇણિ મંડલમાંહિ જાણિયઇ, **ચમરી** નામ વર [3]પાલિ રે;
**ધરણીધર** તેહનઇ ભીલ-નાયક પાલઇ ભાલિ રે. ૩

અન્ય દિવસ તિહાં આવીયો, ઇક અદભુત રાજકુમાર રે;
હય-ગય-રથ પાયક પરિવર્યો, સુભટામાહિ સિરદાર રે. ૪

તે માહો-માહિ ઝૂઝતા થકા, બિહુની તબ ભાગી સેણ રે;
[4]અંકતુલતણી પરઇ, નાઠા સગલા ભટ એણ રે. ૫

[5]બેઉ [6]સાહુ ઝૂઝતા, નવિ કોઇ ભાંજઇ જામ રે;
કુમરઇ સિણગારી નારી, કીધ આગલિ તામ રે. ૬

---

૧. પ્રશ્ન. ૨. પાઠા૦ પૂજ. ૩. પલ્લી. ૪. આંકડાની જેમ. ૫. પાઠા૦ બેકઉ. ૬. સામ-સામે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[૧]દિષ્ટિ છલઇ ભીલ મારીયો, કુમરઇ નિજ મુકી બાણ રે;
આપ સ્વારથ જે ગમઇ નર, તે કિમ કહિય જાણ રે? ૭

[૨]તિથે તે વલિ ચાલીયો, તસુ આયો ભાઇ પંચ રે;
જીવરહિત ભાઇ [૩]લખી, ઇહાં રહિવા કેહો સંચ રે. ૮

તિણિ કેડઇ ચાલીયા, કોપઇ કરી પુર્યા દેહ રે;
''વયર લેસ્યાં [૪]મ્હે ભાઇતણો'', જાઇ વલિ તેહનઇ ગેહ રે. ૯

સંખપુરઇ તે આવીયા, લાભઇ નહી મારણ લાગ રે;
[૫]કુંમરામાહે રહઇ તે, જોવઇ ખિણ-ખિણ [૬]માગ રે. ૧૦

અન્ય દિવસ ઉદ્યાનમઇ, એકાકી નારી સાથિ રે;
દેખી તે ચિત ચિંતવઇ, ''હિવ આયો મારણ હાથિ રે''. ૧૧

તેહવઇ નાર તેહની, સાપ ખાધી તતકાલ રે;
ચહ ખડકી બેઇ મરઇ, વિદ્યાધર કીધ સંભાલ રે. ૧૨

તિહાંથી દેવલ આવીયા, તિહાં મુકી નારી એક રે;
આગિ લેવાનઇ તે ગયો, નારિ રંગ રાતી [૭]ભેક રે. ૧૩

તે પણિ છાના તિહાં રહ્યા, પંચવિ ચિંતઇ ''[૮]હમ કાજ રે;
મારી હિવ [૯]હુ એહનઇ, વયર સફલો કરસ્યાં આજ રે''. ૧૪

પાંચમાહિ લઘુભાઈયઈ, [૧૦]દપટ્યો [૧૧]દીપીયો આગિ રે;
દીઠો તવ તિણિ નારિય, માહોમાહિ લાગો રાગ રે. ૧૫

સા બોલઇ તિહાં પાપની, ''તું પુરુષરતન હુ નારિ રે;
બ્રમ્હાઇ [૧૨]સઇં હાથિ ઘડ્યા, આદિરિ મુઝ ચિત વિચારી રે''. ૧૬

ભીલ કહઇ ''સુણિ સુંદરિ!, જો જાણઇ થારો લાલ રે;
મારઇ મુઝનઇ સહી, જીવિત વિણ સઘલો [૧૩]આલ રે''. ૧૭

---

૧. દ્રષ્ટિના છળથી. ૨. ત્યાંથી. ૩. જાણી. ૪. પાઠા૦ મ્હારઓ. ૫. રૂમમાં. ૬. લાગ. ૭. ભયંકર. ૮. પાઠા૦ ઈમ. ૯. પાઠા૦ બહુ. ૧૦. પ્રગટાવ્યો. ૧૧. દીવો. ૧૨. સ્વયં. ૧૩. વ્યર્થ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

''[૧]સયણ! સુણો'' કહઇ કામિની, ''હું મારસિ તુજ્ઝ હજુરે રે;''
વેગિ દીવો બુઝાવીયો, [૨]બોલ્યા રહ્યાં બેઉ કુર કરે રે. ૧૮

તેહવઇ કુમર પધારીયા, આગિ લેઇ બોલઇ મીઠ રે;
''દેઉલમાહિ કિહાં થકી, ઉદ્યોત હુઉ? મઇ દીઠ રે''. ૧૯

નારિ કહઇ ''પયુ! સાંભલો, બલતો હુતવહ તુમ પાણિ રે;
ઉદ્યોત હુઉ તે ઇહાં હુસ્યઇ, તેહનો નિશ્ચય જાણ રે''. ૨૦

ખડગ દે નારિ [૩]કરઇ, ફુંકઇ હુતવહ સુકુમાલ રે;
તેહવઇ તેહિ જ પાપણી, [૪]વાહઇ ગરદણિ [૫]કરવાલ રે. ૨૧

[૬]વાંસઇ આઇ ધકો દીયો, કરુણા આણી લઘુ ભાઈ રે;
તસુ હાથથકી તે ગિર પડી, તરવાર ભુમિતલ લાઇ રે. ૨૨

નારિચરિત સાંભલી, લઘુભાઈ પાસિ મહંત રે;
વયરાગ [૭]સઇ તે ઝીલતા, આયા મુજ પાસિ એકંત રે'. ૨૩

**લલિતકીરતિ** કહઇ 'સાંભલો, એહનઇ વધસ્યઇ વયરાગ રે';
નૃપનંદન ચિત ચિંતવઇ, 'ધિગ-ધિગ મહિલાનો રાગ રે'. ૨૪

૧. સજન. ૨. પાઠા૦ વાલ્યા. ૩. હાથમાં. ૪. ચલાવી. ૫. પાઠા૦ બાલ. ૬.પાછડથી ૭. સર્વે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દૂહા :

કુમર તિહાં મનિ ચિંતવઇ, 'નારિચરિત અપાર;
[1]સુરગુરુ [2]આપમતિ કહઇ, તો હી ન લાભઇ પાર. ૧

ગંગા-વેલુ-જલધિ, જલ, તારાનો પરિમાણ;
બુદ્ધિમંત જાણઇ કદા, નારિચરિત અયાણ. ૨

જો મન માનઇ આપણો, રોવઇ વલિ [3]રોવંતિ;
કુટ-કપટ જંપઇ બહુત, કૂટપણઇ વિસખંતિ. ૩

ઇક્ષુ ખંડ સાકર જિસી, [4]રાતી નારિ વિચારિ;
વિરત નિબોલી સમી, નારિ કહી સંસાર. ૪

સુરીકંતા દેખજ્યો, ચુલની પ્રમુખ ચરિત્ત;
ઉઘડનો કહિવો કિસું?, ખિણમાહિ હોઇ વિરત્ત. ૫

જે સુરા જે [5]પંડીયા, જે [6]ગિરુયા ગુણધાર;
તે નર નારિ નમાવીયા, જે નર બાવનવીર'. ૬

## ઢાલ : ૧૭, મદન મઇ વાસો ઉમાહવ માંડીયો રે- એહની.

ઇમ તે કુમર વિમાસી ચિતમહિ ચિંતવઇ રે, 'ધિગ-ધિગ મુઝ અનાણ;
નિરમલ કુલ મઇ મઇલો કીયો રે, કિમ લહિય જગ માન?. ૧ ઇમ૦

અપજસ ઇહાં અંગી કીયો રે, માંહિ કો ન [7]સંવાદ;
ઇણિ ભવિ પરભવિ જીવને રે, [8]વિનડઇ પાપી પ્રમાદ. ૨ ઇમ૦

આસુ [9]આભાની પરિ સહૂ મિલ્યા રે, પ્રેમ-રાગ વલિ જાણિ;
વિષય વિગોવઇ પગિ-પગિ જીવનઇ રે, કરે યોવનની [10]હાણિ. ૩ ઇમ૦

---

૧. બૃહસ્પતિ. ૨. પોતે બુદ્ધિથી. ૩. રોવડાવે. ૪. રક્ત=રાગી. ૫. પાઠા૦ મંડીયા. ૬. ગરવા, ઉત્તમ. ૭. શંકા, પાઠા૦ સવાદ. ૮. કનડે. ૯. પાઠા૦ આતાની. ૧૦. પાઠા૦ આણિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હા! હા! મઇ પાપ કીયો અતિ પાપીઇ રે, નરકઇ નહી મુઝ ઠામ;
મઇ મુરખ પરરમણી [1]હરી રે, કિમ સીઝઇ મુઝ કામ?' ૪ ઇમ૰

ઇમ સંસાર સરુપ લખી કરી રે, પ્રણમઇ સદગુરુ પાય;
'એ સહુ સ્વામિ! [2]વિલસીત માહરો રે, કહો મુઝ મુગતિ ઉપાય. ૫ ઇમ૰

જિમ એ પાંચ છટ્ઠો હું વલી રે, તારો દેઇ [3]દીખ;
માત-પિતા-પરિયણ નિજ કામની રે, હિવ મુઝ કેહી [4]સીખ? ૬ ઇમ૰

સાધુતણા વ્રત સુધા આદરી રે, સમતારસ ભંડાર;
[5]સહગુરુ સાથઇ તિહાંથી ચાલીયો રે, [6]મહિયમહિ કરઇ વિહાર. ૭ ઇમ૰

ઇમ જે હોવઇ પહિલા માઠા માનવી રે, તે કાઠા નર હોઇ;
તે નર જગમાહિ [7]ઝૂઝણા રે, [8]બુઝણા તે હિ જ જોઇ. ૮ ઇમ૰

આઠઇ પ્રવચન માતા ધારતો રે, સીખી વિધિ આહાર;
સત્રુ-મિત્ર વિલિ જેહનઇ સારિખા રે, વંદુ એ અણગાર. ૯ ઇમ૰

અપ્રમત્તપણઇ જો પગિ એ રહ્યો રે, અગડદત્ત અણગાર;
આપદ [9]ટલિ પગિ-પગિ સંપદ લહી રે, લહિસ્યઇ ભવનો પાર. ૧૦ ઇમ૰

**શ્રીઉત્તરાધ્યયનઇ** [10]એ રિષ ભાખીયો રે, [11]તીય અયજઝયણ રસાલ;
અગડદત્તમુનિના ગુણ ગાવતાં રે, ફલીય મનોરથ માલ. ૧૧ ઇમ૰

**સંવત સોલ ઇગુણાસી** વચ્છરઇ રે, શ્રી **ભુજનયર** મઝારિ;
જેઠઇ સુદિ પુનમ રલિયામણી રે, દિનકર મોટો વાર. ૧૨ ઇમ૰

શ્રી **ખરતર**ગછનાયક દીપતો રે, શ્રી **જિનરાજ** સુરિંદ;
તેહનઇ રાજઇ ઇણિ મુનિવરતણા રે, ગુણ ગાયા આણંદ. ૧૩ ઇમ૰

સકલ આચારિજમાહિ દીપતો રે, **કીરતિરતન** સુરિસ;
જેહની સાખા ગછમાહિ ગહગહઇ રે, પુરઇ મનહ જગીસ. ૧૪ ઇમ૰

---

૧. પાઠા૰ કરી. ૨. વૃત્તાંત. ૩. દીક્ષા. ૪. જરૂર. ૫. સદ્‌ગુરુ. ૬. પૃથ્વી પર. ૭. જુજ, બહુ ઓછા. ૮. બોધ પામેલા. ૯. પાઠા૰ દલિ. ૧૦. એ ઋષિ=મુનિ, પાઠા૰ પરિષ. ૧૧. તુર્ય=ચતુર્થ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**હરખવિસાલ** સુવાચક તેહનઇ રે, પાટઇ ઉગ્યો ભાણ;
**હરખધરમ** વાચક વલિ તસુતણઇ રે, **સાધુમંદિર** ગુણ જાણ. ૧૫ ઇમ૦

તેહનો સીસ વિનય ગુણ આગલો રે, **વિમલરંગ** મુનિ તાસ;
**લબધિકલ્લોલ** ગણિવાચક તે સોભતા રે, તાસ સીસ ઉલાસ. ૧૬ ઇસ૦

**લલિતકીરતિ** કહઇ 'ભવિયણ! સાંભલો રે, સાધુતણા ગુણ ગાઇ;
રસના કીધ પવિત્ર મઇ આપણી રે, લબધિકલ્લોલ સુપસાય'. ૧૭ ઇમ૦

સાંભલતા-ભણતાં ગુણ સાધુના રે, રોમ-રોમ સુખ થાય;
નિત આણંદ રંગ વધામણા રે, અવિચલ સંપદ થાય. ૧૮ ઇમ૦



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ❁ ૬. સ્થાનસાગરજી કૃત અગડદત્ત પ્રબંધ ❁

**દૂહા :**

શ્રી જિનપદ-પંકજ નમી, સમરી **સરસતિ** માય;
વીણા-પુસ્તક ધારિણી, પ્રણમઇ સુરનર પાય. ૧

હંસગામિનિ હંસવાહિની, આપો બુદ્ધિ વિસાલ;
જે [1]નરસર સરસતિ પરિહર્યા, તે નર કહીઇ બાલ. ૨

સેવકનઇ સુપ્રસન્ન થઇ, આપો અવિરલ વાણિ;
કાલિદાસ કવિતા હુઉ, તે તુઝ શક્તિ પ્રમાણિ. ૩

ત્રિહું ભુવનિ જસ તાહરો, ગાવઇ સુરનર કોડિ;
અકલ અતુલ બલ તું સદા, નાવઇ કો તુઝ [2]હોડિ. ૪

શ્રી ભારતી ચરણઇ નમીઇ, લહી જિન સુગુર પસાય;
જ્ઞાનદ્રષ્ટિ આપઇ સદા, પ્રણમઇ [3]સવ સુખ થાઇ. ૫

મૂલગ્રંથમાંહિ કહિઉ, અધ્યયન ચઉથઇ જેહ;
**અગડદત્ત** નૃપ કેરડો, ચરિત સુણુ ધરી નેહ. ૬

કુણ તે અગડદત્ત નૃપ? કિમ લીધુ ચારિત્ર?;
તસ સંબંધ વખાણસિઉ, જિમ હોઇ જન્મ પવિત્ર. ૭

**ઢાલ : ?, મધુમાધની.**

તિરછું એક રાજ ખેત્ર ગુણીજઇ, [4]દીવ—ઊદધિ અસંખ્યાત ભણીજઇ;
જિનવર વચનિ લહીજઇ. ૮

---

૧. નરેશ્વર. ૨. સમાન. ૩. સર્વ. ૪. દ્વિપ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તાસ [1]મજિઝ લઘુ જંબુદ્વીપ, સુર [2]યોયન લખ માન અનૂપ;
થાલાકાર સરુપ. ૯

ફિરતી જગતિ અતિ અભિરામ, દ્વાર ચ્યાર વિજયાદિક નામ;
સુર ક્રીડાનૂં ઠામ. ૧૦

સાતખેત્ર તસ માહિ સારા, સોવનમઇ સુરગિરિ મનોહારા;
દરસન અતિ સુખકારા. ૧૧

ભરથમાહિ કહ્યા સહસ છત્રીસ, તે માહિં સાઢા પંચવીસ;
આર્યખેત્ર ગિરીસ. ૧૨

જિહાં બહુ ધર્મ્માધર્મ્મ પ્રકારા, નવિ છંડઇ કો કુલ આચારા;
આર્ય ક્ષેત્ર વિચારા. ૧૩

જિહાં ઉત્પત્તિ ઉત્તમ નર કેરી, [3]કરીતીય પુણ્ય તણી ય ઘણેરી;
મુગતિ પંથની સેરી. ૧૪

ભૂ-રમણી શિર તિલક જ માનો, **શંખપુર** અતિ સુંદર જાણો;
ધર્મ તણો [4]અહિઠાણો. ૧૫

---

૧. મધ્યમાં. ૨. યોજન ૩. કીર્તિ. ૪. આધાર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દૂહા :

તારક-ગણમાહિ ભલો, સોહઇ વલી જિમ ચંદ;
જિમ મુક્તાફલ હાર વિચિ, રાજતિ નીલ મણિંદ. ૧૬

અવનીતલિ ઉપમ કહું, અલકાપુરી સમાન;
સંખપુર દાહિણસંખ જિમ, સકલ વસ્તુ નિધાન. ૧૭

સુંદર નગર દેખી કરી, [૧]લછિ કીધો વાસ;
લોક સદા પ્રમુદિત વસઇ, કરઇ નિત લીલ વિલાસ. ૧૮

## ચઉપઈ :

સંખપુર નગર મનોહર ઠામ, જિહાં બહુવિધિ વાડી [૨]આરામ;
અંબ-જંબ- કદંબ રસાલ, અગર તગર નારિંગા લાલ. ૧૯

[૩]કમરક-કેલી-કર્મદી કહું, સરસ સદા ફલ સોભા લહું;
જાઈ-જૂઇ-ચંપક-માલતી, નિજ પરિમલ દિસિ-દિસિ વાસતી. ૨૦

જિહાં મધુકર ગુંજારવ કરઇ, કોકિલ-રવ સુણતાં મન હરઇ;
સજલ સરોવર દીસઇ ભલા, ખેલઇ હંસી-હંસ [૪]જામલા. ૨૧

જિહાં સુંદર દીસઇ [૫]દીર્ઘિકા, પંથીજન-મનિ તીર્થિકા;
પ્રવર સોપાનઇં દીસઇ ભલી, જલ-પૂરિત દીસઇ નિર્મલી. ૨૨

અતિ ઊંચો વિસમો તિહાં કોટ, વઇરીજન ન દીઇ તસ દોટ;
ચઉ [૬]પખેર ખાઇ જલ ભરી, જુદ્ધ સજાઇ દીસઇ ખરી. ૨૩

[૭]પુઢી નગરતણી તિહાં પોલિ, વાતાયનની દીસઇ [૮]ઉલિ;
ચુરાસી ચુહટા ગહગહઇ, જિહાં પંથી બહુમાન જ લહઇ. ૨૪

ઠામિ-ઠામિ દેઇ [૯]શત્રુકાર, કોહનઇ મુખિ ન લહું નાકાર;
સુખી લોક રહઇ સર્વદા, [૧૦]કદહી ન દીસઇ તસ આપદા. ૨૫

---

૧. લક્ષ્મી. ૨. બગીચો. ૩. કમરક, કેળા, કરમદુ વગેરે ફળોના ઝાડ છે. ૪. જોડકા. ૫. વાવ. ૬. બાજુ. ૭. મોટી. ૮. શ્રેણી. ૯. અન્ન-દાનશાળા. ૧૦. ક્યારેય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**દૂહા :**

[1]વડ વ્યવ્યહારી તિહાં વસઇ, [2]કોટીધજ અસમાન;
ધર્મ-કર્મ કરણી કરઇ, દીઇ નિત વંછિત દાન. ૨૬

શ્રી જિનવર પૂજા રચઇ, પાલઇ નિજ આચાર;
મુખિ નાકાર ન ઉચરઇ, ધનદ સમા દાતાર. ૨૭

**ઢાલ : ૨, ચતુર સનેહી મોહન-એ દેસી.**

સપ્તભૂમિ મિંદિર ભલાં, જાનઇ દેવવિમાના રે;
સુખ વિલસઇ ભોગી નરા, વાજઇ [3]મદલ તાના રે. ૨૮

નગર સોભા કેતી કહું?, ભૂ-રમણી ઉરિ હારા રે;
વિદ્યા-વિનય-વિવેકસિઉં, રહઇ સકલ જન સારા રે. ૨૯

સુરવધુ સુંદર ઉપમા, જિહાં કામિની મનોહારી રે;
સોલ સિંગાર સજી ચલઇ, કરી ઝંઝર ઝમકારા રે. ૩૦

ચંદ્રવદની મૃગલોચિની, સોભિત [4]કબરી વિશાલા રે;
દેખત મૃગ-શશિ-[5]મણિધરા, લિઇ વન-ગગન-ભૂ વાસા રે. ૩૧

કુચ કુંભસ્થલઉપમા, જંઘ જુગલ જાનુ કેલી રે;
હંસગમનિ પ્રહસિત મુખી, કોમલ માલતી વેલી રે. ૩૨

હાવ-ભાવ વિભ્રમ કરી, કામીનર મદ ગાલઇ રે;
સીલ સનાહ સદા ધરઇ, તિન સિઉં કંપિ ન ચાલઇ રે. ૩૩

જિહાં જિનમંદિર રુયડાં, ગગનસિઉં મંડિત વાદ રે;
ધૂપ ઘટી ઘન મહઇ, વાજઇ [6]ઝલ્લરિ-નાદા રે. ૩૪

[7]નગ ચિત્રિત [8]ચંદ્રોપક યુતા, જિહાં વર પૌષધશાલા રે;
સાધુ સદા રહઇ સુંદરુ, નિજ સંજિમ પ્રતિપાલા રે. ૩૫

---

૧. મોટા. ૨. કરોડાધિપતિ. ૩. મૃદંગ. ૪. ચોટલો. ૫. સર્પ. ૬. ઢોલ. ૭. સૂર્ય. ૮. ચંદરવો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**દૂહા :**

જિમ સોહઇ સરોવર જલઇ, નિસિ સોહઇ જિમ ચંદ;
કુલ સોહઇ જિમ પુત્ર સિઉં, નગરી તેમ નરિંદ. ૩૬

રાજા નિપુણ સદા જિહાં, ન્યાય-નીતિ પ્રતિપાલ;
પ્રજા સુખી રહઇ તેહની, દિનિ-દિનિ મંગલમાલ. ૩૭

## ઢાલ : ૩, નમિરાય! તું ધન ધન અણગાર-એ દેસી.

જીહો રાજા રાજ કરઇ તિહાં, જીહો પ્રબલ પ્રતાપી જેહ;
જીહો નામઇ **શ્રીસુંદર** ભલો, જીહો સજન ઉપરિ ઘણ નેહ. ૩૮

જીહો સુંદર [1]છવિ જસ દેહની, જીહો પાલઇ નિજ કુલ [2]નીમ;
જીહો સીમાડા સવિ તેહની, જીહો નવિ લોપઇ કોઇ સીમ. ૩૯
વિવેકી સુણયો એહ સંબંધ.

જીહો ગજ-રથ-ઘોડા-પાલખી, જીહો પાયક [3]સંખ ન પાર;
જીહો ધનદ સમો દાનેસરી, જીહો ઇહણ જન આધાર. ૪૦ વિવેકી૦

જીહો તસ પટરાણી [4]મૂલગી, જીહો **સુલસા** સુલલિત ચિત્તિ;
જીહો સીલગુણે સીતા સતી, જીહો નિજ પતિની કરિ [5]ભત્તિ ૪૧ વિવેકી૦

જીહો પૂરવ પુન્યતણઇ ફલઇ, જીહો ઘરિ કુલવંતી નારિ;
જીહો એક લહઇ વલી સુખિની, જીહો કો ન ચડિ ઘરબારી. ૪૨ વિવેકી૦

**यतः**

**कुग्रामवासः कुनरेन्द्रसेवा, कुभोजनं क्रोधमुखा च भार्या ।**
**कन्या बहुश्च सुदरिद्रता च, षड्जीवलोके नरकाः भवन्ति ।।**

---

૧. કાન્તિ. ૨. નિયમ. ૩. સંખ્યા. ૪. પ્રથમ. ૫. ભક્તિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જીહો જિમ રોહિણિ મનિ ચંદ્રમા, જીહો ચાતુક મનિ જિમ મેહ;
જીહો જિમ મધુકર નઇ કમલની, જીહો તિમ દંપતિ ઘણ નેહ. ૪૩ વિવેકી૦

જીહો પંચ વિષય સુખ ભોગવઇ, જીહો નિસિદિન મનનઇ રંગિ;
જીહો પુન્યતણા [1]પરભાવતી, જીહો પુત્ર લહઇ અતિ ચંગ. ૪૪ વિવેકી૦

૧. પ્રભાવથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દૂહા :

શુભ રાશિ યોગઇં જનમીઉ, ઉત્તમ પુરુષ પ્રધાન;
જનમ ભુવનસુ પ્રકાસકર, પૂરવ દિસિ જિમ ભાણ. ૪૫

આપઇ સુત વદ્ધામણી, હરખિત ચિત્ત નરિંદ;
નગર મહોછવ બહુ કરઇ, ટાલઇ સવિ દુખ દંદ. ૪૬

## ઢાલ : ૪, અલબેલાની.

જનમ મહોછવ તિહાં કરઇ રે લાલ, રાજા ધરી ઉલ્લાસ મેરે લાલ રે;
દાન વિવિધ પરિ દીજીઇ રે લાલ, પૂર ઇહણ આસ મેરે લાલ રે. ૪૭
તુ મનમોહન સૂંદરું રે લાલ

ઘરિ-ઘરિ [૧]ગૂડી ઉછલઇ રે લાલ, કીજઇ [૨]કુંકમરોલ મેરે લાલ રે;
ગોરી ગાવઇ સોહલુ રે લાલ, દીજઇ પાન-તંબોલ મેરે લાલ રે. ૪૮ તુ મન૦

સોલ સિંગાર સજી કરી રે લાલ, ગાવતિ ગલ ચ્યાર મેરે લાલ રે;
ભરિ મોતિન થાલ વધાવીઇ રે લાલ, સજન સંબંધી નારિ મેરે લાલ રે. ૪૯ તુ મન૦

મુખ પુનિમકુ ચંદલો રે લાલ, મૃગલોચનિ સુવિસાલ મેરે લાલ રે;
નાસા દીપશિખા જિસી રે લાલ, [૩]અધુર રંગ પ્રવાલ મેરે લાલ રે. ૫૦ તુ મન૦

રત્ન જટિત બન્યો [૪]પાલનો રે લાલ, ચંદ્રોપક સુવિસાલ મેરે લાલ રે;
સુંદર ગાવઇ હાલરો રે લાલ, સુનિ-સુનિ રીઝઇ બાલ મેરે લાલ રે. ૫૧ તુ મન૦

સોવન [૫]કડિલી રુડિલી રે લાલ, પાઇ ઘૂઘર ઘમકાર મેરે લાલ રે;
ઘરિ [૬]અંગનિ પગલા ભરઇ રે લાલ, વચન વદઇ મનોહાર મેરે લાલ રે. ૫૨ તુ મન૦

માતા ઉછંગઇ ખેલતો રે લાલ, ખિન માગઇ પયપાન મેરે લાલ રે;
ભીડી હૃદય સકોમલઇ રે લાલ, જનની આપઇ માન મેરે લાલ રે. ૫૩ તુ મન૦

---

૧. નાની ધજા. ૨. થાપા. ૩. હોઠ. ૪. ઘોડીયું. ૫. કડું. ૬. આંગણે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**દૂહા :**

ઘરિ અંગનિ ક્રીડા કરઇ, દેખી મનનઇ રંગિ;
પ્રેમપૂર અધિકો તદા, વાધઇ જનની અંગિ. ૫૪

પુણ્યતણા ફલ એહવાં, લહીઇ નવલા ભોગ;
ગોરસ કંચન કામિની, વલી ઘરિ પુત્ર સંયોગ. ૫૫

દિનિ-દિનિ વાધઇ કુમર તવ, **અગડદત્ત** જસ નામ;
કુલ દીપક એ અવતર્યો, રુપઇ અભિનવ કામ. ૫૬

પંચ વર્ષ દેખી કરી, ચિંતઇ ચિત્તિ વિચાર;
પુત્ર નીસાલઇ મૂંકીઇ, વિદ્યા ભણઇ અપાર. ૫૭

**ચોપઇ:**

સુરુગુરુવાર અનઇ અશ્વિની, મહુરત જોઉં ભણવા ભણી;
ગજ-ર[થ]- અશ્વ-પાયક સજ્જીયા, પંચ શબદ વાજિત્ર વાજીયા ૫૮

જોવઇ પુર નારી જાલીઇ, કાચિત ઊભી [1]અઢાલીઇ;
કાચિત વેણી ગૂંથાવતી, જોવા આવઇ તવ [2]દ્રૂઉડતી. ૫૯

કાચિત હાર ધરંતી કરઇ, મંદિર તારક [3]તતિ વિસ્તરઇ;
કાચિત નિજ પ્રીયનઇ પ્રીસતી, નિરખેવા આવઇ [4]હીંસતી. ૬૦

સ્રીનઇ વલ્લભ એતા બોલ, કલહ કાજલ નઇ કુંકમરોલ;
નાદ નીર અનઇ જાગરણ, દૂધ જમાઈ અંગ આભરણ. ૬૧

ખડીયા સોવન-રુપાતણા, પંડિતનઇ આપઇ [5]ઉઢણા;
નીસાલઇ બહુ ઉછવ કરી, મૂકઇ રાજા ઉલટ ધરી. ૬૨

થોડઇ દિનિ વિદ્યા સંગ્રહી, જાસ બુદ્ધિ સુરગુરુ સમ કહી;
શસ્ર-શાસ્રકલા અભ્યસી, સરસતિ તાસ હૃદએમાંહિ વસી. ૬૩

---

૧. મેડીપર. ૨. દોડતી. ૩. કીકી=(આખ)ની શ્રેણી. ૪. હર્ષ પામતી. ૫. ઓઢવાના વસ્ર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દિન કેતઇ વલી તેહ કુમાર, પામિઉ યોવન પદવી સાર;
અધિક રુપ સોહઇ [1]મકરંદ, વદન જસ પૂનિમજો ચંદ. ૬૪

નાસા સોહઇ ચંપક કલી, કર્ણપટી મધુકર જોડિલી;
શંભૂતણો ભય મનમાં ધરઇ, તિણિ ચંપક દૂરિ પરિહરઇ. ૬૫

અણીઆલાં લોચન રાતડાં, દંતિ-પંતિ દાડિમ બીજડાં;
ગજગતિ ચાલિ ચલઇ વલી ગેલિ, સાથઇ સરખી ટોલી મેલિ. ૬૬

દેખત પુર નારી મનહરઇ, કામ કતોહલ બહુ અણુસરઇ;
પાંચઇ ઇંદ્રી વંછઇ ભોગ, વિષયાદિકના સર્વ સંયોગ. ૬૭

**યત :**
તેહ બહત્થા તેહ પય, તેહ જ નયન વદન્ન;
કોઇક કણ સંપજ્જઇ, ચતુર કરઇ યોવન્ન. ૧

જે નર આવઇ યોવન વેસ, પગિ-પગિ પામઇ તેહ કલેસ;
ઇણિ અવસરિ જે ઇંદ્રી દમઇ, સુરનર તાસ ચરણયુગ નમઇ. ૬૮

આગઇ રાયતણું બહુમાન, કોઇ ન લોપઇ કુમરની આણ;
પુરમાહિ એકેલો ફિરઇ, સાતઇ વ્યસનઇ તે [2]ખરવરઇ ૬૯

સૂનાં દેઉલ નઇ આરામ, જે જે ચોર-ચરડના ઠામ;
કુમરતણા મિલીયા જે મિત્ર, તેહનૂં તેહથી અધિક ચરિત્ર. ૭૦

**યત :**
**किं करोति नरः प्राज्ञः, प्रेर्यमाण स्वकर्मणा ।**
**........................., .................... ॥**

નારી દૃષ્ટિ ન કો તસ ચડઇ, સુર-સુભટસિઉ સાહમો ભિડઇ;
પુરજનનઇ દુખદાયક એહ, હવઇ આગલિ સુણયો વલી તેહ. ૭૧

---

૧. કામદેવ. ૨. રીઢો થાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**દૂહા :**

અતિ દુખ તે પામઇ નગરજન, ચલઇ કોઇ પ્રકાર;
'રાજપુત્ર જો એહવો, તુ હવઇ કુણ આધાર?' ૭૨

દિન કેતા ઇણિપરિ ગયા, એક દિનિ ચિંતઇ ચિત્તિ;
'ઇહાં રહા જુગતું નહીં, દુખ સહવું બહુ નિત્તિ.' ૭૩

બાલ-વૃદ્ધ સવિ આવીયા, મિલી મહાજન વૃંદ;
દીનવદન દીસઇ સહુ, જિમ વાદલમાં ચંદ. ૭૪

ધનપતિ-શ્રીપતિ-ગણપતિ, જગપતિ નઇ જગપાલ;
વિવહારી મિલી આવીયા, કરી આગલિ વાચાલ. ૭૫

કુશ્યો-કર્મણ-કમલસી, પદમો-પૂંજો જેહ;
પટેલ સવિ આવ્યા મિલી, જેહની [1]ઉપચિત દેહ. ૭૬

કુંત-ખડગ—[2]ખેડાં ધરી, આવ્યા નગરી [3]સેલોત;
આવઇ મૂંછઇ કરિ ધરી, પહિરી [4]કષાંબર ધોતિ. ૭૭

**ઢાલ : ૫, રાગઃ કેદારો, તવ રાય સેઠ બેહુ જણા-એ દેસી.**

તવ આવિઉં રે મહાજન ઝલફલી, વલી લીધી ભેટ અતિ ભલી;
પ્રતીહારે રાય જણાવીઉ, 'કિણિ કારણિ મહાજન આવીઉ?'. ૭૮

તવ રાજા બોલઇ [5]પડવડો, વહી મહાજનનઇ માહિ તેડો;
રાય દૂત આવ્યા તવ ધસમસી, પુરજન સવિ આવઇ ઉલ્હસી. ૭૯

કરી મોતી થાલ જ ભેટણઇ, મુખિ રાજન કેરી સ્તુતિ ભણઇ;
'તુઝ દરસનિ લોચન અમ્હ ઠર્યા, હવ કાજ સકલ અમ્હચાં સર્યા.' ૮૦

---

૧. મજબૂત. ૨. ગેંડાના ચામડાની ઢાલ. ૩. જમીનદારની વસુલાત ઉઘરાવનાર માણસ. ૪. ભગવા રંગનું વસ્ત્ર. ૫. સ્પષ્ટ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રાય નિરખઇ નિજ દૃષ્ટિ કરી, તવ દીઠી મુખ છાયા ફિરી;
'કિણિ દૂહવી એ માહરી પ્રજા?, મુઝ ભાખો જિમ દેઊં તસ સજા'. ૮૧

તવ બોલઇ એક નર વાચાલ, 'સુણુ વીનતી કહુ જે ભૂપાલ!';
છત્ર છાયે રહીઇ તુઝ સહી, કોઇ અસુભ વચન ન સકઇ કહી.' ૮૨

'પણિ રાય! સુણુ એક વીનતી', ઇમ ભાસઇ એક નર સુભમતી;
'કહિતાં જીભ ન ઊપડઇ, વિણ ભાખઈ [1]સંચ ન કોઇ પડઇ. ૮૩

નિસિ રાજકુમાર ફિરઇ એકલઉ, જસ આચાર નહીં ભલો;
દિન એતા અમ્હે રહ્યા [2]સાંસહી, એણિ દુખે અમ્હે ન સકું રહી. ૮૪

એ [3]કુંચી તુમ્હચી લીજીઇ, અમ્હનઇ હવઇ [4]આયસ દીજીઇ;
સુખઇ રહીઇ કિણિ દેસઇ જઇ?', ઇમ ભાસઇ દીન વદન થઇ. ૮૫

સુણી ભૂપતિ તવ કોપઇ ચડઇ, ક્રોધાનલ અંગિ ધડહડઇ;
કરી લોચન લાલ ગઈ ખિમા, નવિ બોલઇ બોલ વલી સમા. ૮૬

કુલ [5]ખંપણ નંદણ એ સહી, પુરથી એ કાઢ્યો વહી;
વલી આદર માન ઘણો દીઉ, મહાજન તવ રાયેં વિસર્જીઉ. ૮૭

૧. પરિચય. ૨. સહન કરી. ૩. ચાવી. ૪. આદેશ. ૫. કલંક.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**દૂહા :**

ચિતિ ચિંતઇ નરપતિ જદા, એહથી ન રહઇ સૂત્ર;
પ્રાતીહાર જ મોકલી, તેડાવઇ નિજ પુત્ર. ૮૮

દેખી કુમરનઇ આવતો, તાતઇ દીધી પુંઠિ;
પ્રણમીનઇ ઊભો રહઇ, ખડગઇ ઘાલી મૂંઠિ. ૮૯

બીડા ત્રિણિ જ પાનના, આપઇ નિજ કર તામ;
શિર વાડી પાછો ફિરઇ, આવઇ જિહાં નિજ ઠામ. ૯૦

## ઢાલ : ૬, તે ગિરુઆ ભાઇ તે ગિરુઆ-એ દેસી.

કુમર તિહાંથી સંચરઇ, ખડગ સખાઈ સાથઇ રે;
તાતઇ જે આયસ દીઉ, તે [૧]ચાડિઉ નિજ માથઇ રે. ૯૧

કર્મ કરઇ તે હોવઇ ભાઈ, મ કરો અવર સજાઈ રે;
પરભવિ જેહવી કીધી કરણી, ઇહભ[વ] તે ફલદાઈ રે. ૯૨ કર્મ૦

જિનિ દિનિ રાજસભાનું મહુરત, તિનિ દિનિ લેઇ વનવાસા રે;
રામચંદ્ર સતી સીતા સાથઇ, છંડી ઘરની આસા રે. ૯૩ કર્મ૦

સોવનમૃગનો લોભ દેખાડી, સીતાહરણ તવ કીજઇ રે;
રામચંદ્ર ગ્રહી વાનર સેના, લંકા ગઢ [૨]જઇ લીજઇ રે. ૯૪ કર્મ૦

નલરાઇ નિજ રાજ જ હાર્યો, પૂરવ કર્મ પ્રમાણઇ રે;
વનમાહિ [૩]દવદંતી મેલ્હી, એહ કથા સવિ જાણઇ રે. ૯૫ કર્મ૦

કર્મણ હરિચંદ રાજા સત્યભાષી. [૪]ડુંબ-ઘરિ આપ વેચાવઇ રે;
[૫]પડિવનૂ પાલઇ તે રાજા, કુલની લાજ ન આવઇ રે. ૯૬ કર્મ૦

---

૧. ચડાવ્યો. ૨. જિતી. ૩. દમયંતી. ૪. ચંડાલ. ૫. સ્વીકારેલ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નંદષેણ સરખા મુનિ ભૂલા, વેશ્યા વચનિ પડીયા રે;
બાર વરસ લગઇ ભોગ વિલાસી, કામવસિ તે નડીયા રે. ૯૭ કર્મ૦

કર્મ્મવસિ આષાઢ મુનીસર, નટુઇસું ઘરમા રે;
કાઉસગિ ઊભો આદ્રકુમર તવ, પાડિઉ મદન નૃપ પાસામા રે. ૯૮ કર્મ૦

ઇમ અનેક સુરનર જોગીસર, કર્મઇ તેહ ભમાડ્યા રે;
જે મોટા મણિધર મૂંછાલા, મોટા [1]પુરષન માન [2]માડ્યા રે. ૯૯ કર્મ૦

ઇમ નિજ પૂરવ કર્મ સંભારી, ધીરજ ધરી તવ ચાલઇ રે;
માતા-પિતા-સંબંધી-પરિજન, જાતાં કોઇ ન પાલઇ રે. ૧૦૦ કર્મ૦



૧. પુરુષના. ૨. મોડ્યા, તોડ્યા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દૂહા :

ધરી ધીરજ મનિ આપણઇ, ચાલઇ કુમર સાહસીક;
ખડગ સખાઇ તેહનઇ, એકલડુ નિરભીક. ૧૦૧

ભલે ભલો સહુકો અછઇ, બુરે ભલો નહી કોઇ;
આપદ આવઇં જીવનઇ, સગો ન દીસઇ કોઇ. ૧૦૨

ઇમ જાણી મન [1]અપ્પનઇ, ચેતન આણો [2]લોઇ;
ચરણ નિહાલી ચાલીઇ, તુ વંછિત સુખ હોઇ. ૧૦૩

છંડી ઘર-પુર-રાજ નિજ, ચાલિઉ તેહ કુમાર;
કર્મ સંભારઇ આપણા, સાથિ ન કો પરિવાર. ૧૦૪

## ચોપઇ : રાગ-મારુણી માંહિ.

ચાલિઉ કુમર તિહાંથી તામ, જોતો વન-વાડી-આરામ;
ઠામિ-ઠામિનાં કૌતક સહી, જોતો જાઇ મારગિ વહી. ૧૦૫

જિહાં કણિ [3]પોઢ શરોવર ભલા, શારદ જલ દીસઇ નિર્મલા;
ધાઇ મીન પડઈ ઉકલી, સારસ-હંસતણી જોડિલી. ૧૦૬

નાનાવિધિના કમલ પરાગ, જેહનઇ કોઇ ન પામઇ થાગ;
ખિણ વિશ્રામ તિહાં કણિ લીઉ, ફલ ભખ્ખણ આધાર જ દીઉ. ૧૦૭

કિહાં કણિ સુંદર બહુ સંનિવેસ, જોતા જાઇ ચિત્ત કલેસ;
દૂધ-દહીં-ગોરસનઇ મહીં, તેહ તણી જિહાં ઊણિમ નહીં. ૧૦૮

અતિ સુંદર દીસઇ ગોપિકા, મૃગનયણી સુંદર નાસિકા;
ગયગમણી નમણી કુચભાર, [4]ગુંજાફલના પહિર્યા હાર. ૧૦૯

જોતો જાઇ તાસ સરુપ, જિમ મરુધર મીઠો જલકૂપ;
મુંકઇ ગિરિ ગુહ્‌વરના ઠામ, મૂકઇ ચોરતણા જે ગામ. ૧૧૦

---

૧. પોતાનું. ૨. વિચારી. ૩. મોટા. ૪. ચણોઠી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**यतः**

**उद्यमं साहसं धैर्यं, बलं बुद्धिः पराक्रमः।**
**षडेते यस्य विद्यते, तस्य देवोपि शंकते।।**

અતિ દુદ્ધર દીસઇ વડો, જાણઇ સીહતણો [1]બાચડો;
ન સકઇ કોઇ કુમરનઇ કલી, ઘણી ભૂમિ તે મૂકઇ વલી. ૧૧૧

જે પરદેસિ એકલો ફિરઇ, સૂરવિર તે થાઇ સિરઇ;
રહઇ જેહ નિત એકે ઠામ, કૂપ-મીંડક તસ કહીઇ નામ. ૧૧૨

**यतः**

**दीसइ विविहचरीयं, जाणीजइ सुजण-दुज्जण विसेसो।**
**अप्पाणं च कला जइ, हींडीजइ तेण पुहवी य ।।**

કુમર સદા કૌતક સિઉં લીન, સૌમ્યવદન નવિ દીસઇ દીન;
ધીરપણઇ જે હોઇ સદા, તેહથી દૂરિ રહઇ આપદા. ૧૧૩

હવઇ તેહ જ રાજકુમાર, જોવઇ નવ-નવ દેસ વિચાર;
છંડી [2]ગામાગર સંનિવેસ, કુમર લહઇ તવ સુંદર દેસ. ૧૧૪

---

૧. બચ્ચો. ૨. ગામડાઓ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દૂહા :

અગડદત્ત કુમાર તવ, ધરતો હરખ અપાર;
સકલ દેસથી અધિક એ, નિરખતા મનોહાર. ૧૧૫

જિણિ ભૂમિ જિન અવતર્યા, વામાનંદન પાસ;
સદાસુખી જન તિહાં વસઇ, કહીઇ નહી ઉદાસ. ૧૧૬

જિમ સોવન કુંડલ વિચિ, સોહઇ મણિ જિમ લાલ;
નગરી તેમ વણારસી, ઇંદ્રપુરી સુવિસાલ. ૧૧૭

## ઢાલ :-૭, રાગ- ગુડી, જકડીની દેસી.

કુમર હવઇ આવઇ તિહાં રે, દેખી સુંદર ઠામ,
ચિતિ સંભારઇ આપણઇ રે, નિજ રાજ લીલાનઇ ધામ;
ધિગ-ધિગ રે તુઝનઇ કામ, તુ તુ નીગમઇ પંડિત મામ,
તું તું કરઇ વલી કોડિ અકામ. ૧૧૮

'જુઉ કર્મ વિનાણ રે, નવિ છૂટઇ જાણ અજાણ;
નવિ ચાલઇ કોઇ પરાણ, ઇમ સુણયો સાજન! વાણિ'. આંકણી. ૧૧૯

સેજ તલાઇ પોઢતા રે, સુંદર ચંપક વેલિ,
સો નિત સુઇ સાથરઇ રે, તરુ પત્ર બહુ તિહાં મેલિ;
સવિ છંડી ઘર [૧]નીટોલિ, નિજ મિત્રતણી રુડી [૨]કેલિ,
મુઝ દીધુ કર્મિ ઠેલ. ૧૨૦ જુઉ૦

સજન સંબંધી કો નહી રે, ઇમ થયો ચિત્ત ઉદાસ,
ઇણિ અવસરિ તિહાં જાગીઉ રે, જસ પૂરવ પુન્ય પ્રકાસ;
પુન્યવંતતણું સહુ દાસ, સવિ મનની પૂરઇ આસ,
ઇમ આણયો મનિ વીસાસ. ૧૨૧ જુઉ૦

---

૧. સંપૂર્ણપણે. ૨. ક્રીડા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

पगि पगि....., योजने रसकुम्पिका ।
भाग्यहीना न पामन्ति, बहुरत्ना वसुंधरा ।।

કર્મ સંભારી આપણા રે, ચાલિઉ આગલિ જામ,
નિરખઇ કૌતક નવ-નવાં રે, બહુ વન-વાડી આરામ;
રુંડા વાવિ-સરોવર ઠા[મ], આરોપઇ કંઠઇ સુદામ,
વલી પૂછઇ નગરી નામ. ૧૨૨ જુ૦

નગર સમીપઇ આવતા રે, ફુરુકઇ [૧]દાહિણ અંગ,
ચિંતઇ ઇણિ સુકનઇ હુસ રે, કોઈ ઈષ્ટ તણો મુજ્ઝ સંગ;
ઇમ વાધઇ મનનો રંગ, તવ આગલિ દેખઇ ગંગ,
જલ કેલિ કરઇ તિહાં ચંગ. ૧૨૩ જુ૦

[૨]સુર-તટની જલ વાવરી રે, નાહી નિર્મલ નીર,
શુભ સુકન આગલિ ચલઇ રે, આવઇ નગર સમીપઇ વીર;
તવ વૃષભ સહિત મિલઉ [૩]સીર, રોમંચિઉ કુમર સરીર,
વલી સનમુખ આવઇ ધીર. ૧૨૪ જુ૦

ધેનુ સહિત ગોવાલની રે, શિરિ ધરી ગોરસ [૪]માટ,
ગાવઇ ગીત સુહાસણી રે, સિરિ ઉઠી નવરંગી ઘાટ;
આવઇ સુંદરી સનમુખ વાટી, દેખી કુમર ટલ્યો ઉચાટ,
મુઝ દુરિ ગઈ દુખ [૫]થાટ ૧૨૫ જુ૦

જમણો ખર તવ બોલીઉ રે, બાંધઇ તોરણ [૬]ચાસ,
તિલક કીઉ બ્રામ્હણ મિલ્યઉ રે, મુખિ ભણતો વેદ પ્રકાર;
આવઇ આગલિ નગરીદ્વાર, દીસઇ તોરણ રચના સાર,
કરઇ કુમર પ્રવેશ તિવાર. ૧૨૬ જુ૦

૧. જમણું. ૨. ગંગા. ૩. હળ. ૪. માટલી. ૫. સમુહ, પરંપરા. ૬. હાર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નિરખી કૌતક મનમાં હરખઇ, સુંદર નગરી પ્રકાર,
ચિતિ ચિંતઇ નૃપસુત તિણિ વેલા, હવઇ કીજઇ રહન વિચાર;
કોઈ પંથીનુ આધાર, ઉપગાર શિરોમણિ સાર,
જુઇ આશ્રય તેણી વાર. ૧૨૭ જુ૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દૂહા :

ઇમ ચીંતવતુ આવીઉ, દેખઇ પંડિત તામ;
મનહ મનોરથ મુઝ ફલ્યા, સીધા સઘલાં કામ. ૧૨૮

એક પુરષ તવ આવતો, સાહમો દેખઇ કુમાર;
'કવણ નામ પંડિત તણો? ભાખો એહ વિચાર'. ૧૨૯

તવ તે કુમર પ્રતિ કહઇ, 'સુણિ પંથીજન! જન વાત;
**પવનચંડ** નામઇ ભલો, દેસ વિદેસ વિખ્યાત. ૧૩૦

રાજકુમર ઇહાં નિત કરઇ, શસ્ત્ર-શાસ્ત્ર અભ્યાસ;
દાન-માન ભૂપતિ દીઇ, પૂરઇ પંડિત આસ'. ૧૩૧

## ઢાલ : ૮, રાગ-મલ્હાર, દેસી નવવાડિની જિનવરજી ઇમ ઉપદિશઇ-એ દેશી.

આવઇ કુમર વિપ્ર મિંદિરઇ, હરખ ધરી મનમાહિ મેરે લાલ;
પંડિતનઇ પ્રણમી કરી, બઇઠો અતિ ઉછાહિ મેરે લાલ. ૧૩૨

સુણયો ભવીયણ! પુન્યતણા ફલ, કરયો મનની ખંતિ મેરે લાલ;
પુન્ય થકી ટલઇ આપદા, મંગલ કોડિ લહંતિ મેરે લાલ. ૧૩૩ સુણયો૰

પુન્ય હોઇ જવ પાધરું, તવ સીઝઇ સવિ કાજ મેરે લાલ;
દુખ દાલિદ્ર દૂરિ ટલઇ, નવિ લોપઇ કોઇ લાજ મેરે લાલ. ૧૩૪ સુણયો૰

સરિખી વય સરિખી કલા, રુપઇ હરાવઇ કામ મેરે લાલ;
કલા અભ્યાસ કુમર કરઇ નિત, દેખી હરખઇ તામ મેરે લાલ. ૧૩૫ સુણયો૰

**यत :**

**हंसा रज्यन्ते सरे, भ्रमरा मन्ते केतकीकुसमे ।**
**चन्दनवने भुजङ्गमाः, सरसा सरसेन रज्यन्ति ।।**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'ભાગ્ય જોગ્ય મુઝનઇ મિલ્યો, એહવો પંડિત યોગ મેરે લાલ;
પૂરવ વિદ્યા અભ્યસું, મુંકી મનનો સોગ' મેરે લાલ. ૧૩૬ સુણયો૦

દેખી કુમરની લવણિમા, ચિંતઇ ઉત્તમ એહ મેરે લાલ;
પૂછઈ 'કિંહાથી આવીયા?, મુઝ આગલિ કહો તેહ' મેરે લાલ. ૧૩૭ સુણયો૦

નિજ વૃત્તાંત કહઇ તદા, મૂકી મનની લાજ મેરે લાલ;
'ભાખુ મુઝ પૂરવ ચરી[1], તુ સીઝઇ સવિ કાજ' મેરે લાલ. ૧૩૮ સુણયો૦

વૈદ્ય, ગુરનઇ આગલિ, ત્રીજી જે નિજ માય મેરે લાલ;
[2]આલાછંદ ન રાખીઇ, તુ મનવંછિત થાય મેરે લાલ. ૧૩૯ સુણયો૦

પ્રેમ ધરી ભાખઇ વલી, 'મુઝ મિંદિર રહેઇ નિસિ દીસ મેરે લાલ;
લછિ લીલા ભોગવઉ, મુઝ મનિ એહ જગીસ મેરે લાલ. ૧૪૦ સુણયો૦

નારીનઇ કહઇ સુણિ પ્રીયે!, મુઝ ભાઇ નંદન એહ' મેરે લાલ;
આદર માન ઘણો કરી, રાખ્યો તસ નિજ ગેહ મેરે લાલ. ૧૪૧ સુણયો૦



૧. આચરણ. ૨. છળકપટ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

यत :

स्थानभ्रष्टा न शोभन्ति, दन्ताः केशा नखा नराः ।

स्थानभ्रष्टा [हि] शोभन्ति, सिंहाः सत्पुरुषा गजाः ।।

## દૂહા :

પુણ્યવંત જિહા સંચરઇ, તિહાં તિહાં કોડિ કલ્યાણ;
સકસ જન સેવા કરઇ, આપઇ ભૂપતિ માન. ૧૪૨

સુખ-દુખ આવઇ તેહનઇ, જે ઉત્તમ નર હોય;
[૧]મમરિમ જીવાં માણસા, સદા સરીખુ જોય. ૧૪૩

ચો-દેસઇ બિહુંતરાં, હારિઉ ગયવર રાજ;
મુંજરાય દુખ ભોગવઇ, જે રાયા સિરિતાજ. ૧૪૪

બ્રામ્હદત્ત ચક્રી વડો, સહઇ દુખ અનેક પ્રકાર;
દુખ આવઇ ધીરજ ધરી, રહીઇ ચિત્તિ વિચાર. ૧૪૫

સુરનર-કિંનર-માનવી, ભાવિ ન મેટઇ કોઇ;
જિણિ વેલા જિમ સરજીઉ, તે તિમ નિશ્ચઇ હોઇ. ૧૪૬

સુખઇ રહી તિહાં અભ્યસઇ, વિદ્યા અનેક પ્રકાર;
અગડદત્ત કુમારનો, સુણયો હવઇ વિસ્તાર. ૧૪૭

## ચોપઇ, રાગ-વરાડીમાંહિ.

પુન્યવંત મોટો નર એહ, કલા-અભ્યસઇ પંડિત ગેહ;
જેહનઇ પૂરવ પુન્ય પ્રકાસ, તે નર પામઇ લીલ વિલાસ. ૧૪૮

ભાગ્યહીન જે હોઇ સદા, પગિ-પગિ તેહ લહઇ આપદા;
જિમ કોઇ પુરષ સિરિ [૨]મોટ જ વહઇ, [૩]દુભર ભરવા અતિ દુખ સહઇ. ૧૪૯

૧. [મમરા જેવા?, અધમ?]. ૨. ગાંસડી. ૩. પેટ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એક દિન લીધો સબલો ભાર, મારગિ જાતો કરઇ વિચાર;
લાગઇ અંગિ ઘણો [1]તાવડો, બોલ ન બોલાઇ પડવડો. ૧૫૦

ભારઇ નમતી જાઇ [2]ગાવડી, લેઉં વિશ્રામ જો લહું છાહડી;
ઇમ ચીંતવતો આગલિ ગયો, દેખી વૃખ્ય રલીયાત થયો. ૧૫૧

અતિ ઊંચો સરલો એક વૃક્ષ, નાનાવિધના પંખી લક્ષ;
સૂરિજ કિરણ ન ફરસઇ સહી, મૂંકી ભાર નઇ બઇઠો મહી. ૧૫૨

સિરિ જીરણ બાંધિઉ ચીંથરું, હાથિથકી નાખિઉં પરહું;
ચીસઇ નખ મેલી તિણિવારિ, ખાજિ ખણઇ એ દરિદ્ર પ્રકાર. ૧૫૩

વાયો વાય થયો ઉછળી, બીલીફલ ત્રૂટઉં તિહા થકી;
ટાલિ ઉપરિ તે આવી પડિઉ, ભાગૂ શિર દુખઇ અતિ રડિઉ. ૧૫૪

એ એ મોટઉ કર્મ વિસેસ, નવિ પામિઉ તે સુખ લવલેસ;
પુન્યવંત જિણિ ભૂમિ જાઇ, [3]રાન માંહિ [4]વલાઉલ થાઇ. ૧૫૫

હવઇ તે કુમર સુખઇ તિહાં રહઇ, કલાચાર્યનો વિનય જ વહઇ;
વિનય થકી [5]રજઇ સુરનરા, લોક સકલ થાઇ કિંકરા. ૧૫૬

એક ધનવંત વિનય અનુસરઇ, તેહની સહુ પ્રસંસા કરઇ;
વિનય સમા નહી ગુણ કોઇ, વિરલા નરમાહિ તે હોય. ૧૫૭

પંડિતનઇ મન માનિઉં સહી, કલા અભ્યાસ કરાવઇ વહી;
ઘર પૂંઠઇ સુંદર આરામ, કામીજનનો વસવા ઠામ. ૧૫૮

[6]ખડોખલી નિર્મલ જલ ભરી, ધોવઇ અંગ પરિશ્રમ કરી;
શુક-પિક-ચાતુક બોલઇ [7]મુદા, દીઠઇ મન સુખ પામઇ સદા. ૧૫૯

મન-વચ-કરણ નિજ એક કરી, કલા અભ્યસઇ ઉલટ ધરી;
હવઇ જે આગલિ થાસઇ ચરી, સુણયો વિકથા દૂરિ કરી. ૧૬૦

---

૧. તડકો. ૨. શરીર. ૩. રણ. ૪. સમુદ્ર. ૫. રંજિત થાય. ૬. નાનો કુંડ. ૭. આનંદથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દૂહાઃ

ઉપવન પાશિ મનોહરુ, સમભૂમિ પ્રાસાદ;
વિવધ વર્ણ [1]ધજ લહલહઇ, મંડઇ ગિરિ-સિરિ-વાદ. ૧૬૧

ધવલિત ધવલગૃહ ભલો, વાતાયણની શ્રેણિ;
નાટિક નાચઇ પૂતલી, અતિ સુંદર વલી તેણિ. ૧૬૨

દેવવિમાન કિણિ કારણિ, ભૂતલિ મંડિઉ એહ?;
નગરસેઠ તે પુરતણો, **શ્રીદત્ત** કેરો ગેહ. ૧૬૩

## ઢાલ : ૯, રાગ- કેદારો, દેસી-જકડીની, કો કહીઉ રે પીઉ જાઇ વાઇ એ દેસી.

સેઠસુતા સુંદર સુકમાલા, રુપઇ રંભ સમાણી;
**મંદનમંજરી** નામઇ ભલી, જાણે મદનની રાણી. ૧૬૪

સુણયો રે તુમ્હે એહવો, જેહવો કર્મવિનાણ;
કર્મ આગલિ નર બાપડા, સહુ કોઇ અજાણ. આંકણી. ૧૬૫ સુણયો૦

જાણું બ્રામ્હાઇ ઘડી, શશિ-સુંદર-વદની;
બહુવિધ ભૂષણ સોહતી, માનો પૂનિમ રજની ૧૬૬ સુણયો૦

મૃગનયની મન મોહતી, નાશા દીપ સુચંગા;
દંતિ-પંતિ દાડિમ કલી, અધુર વિદ્રુમ કે રંગા. ૧૬૭ સુણયો૦

ગૌર વરણ ચંપક લતા, વેણી દંડ પ્રલંબા;
કલકંઠી કોમલવપુ, જાણું [2]કણયર-કંબા. ૧૬૮ સુણયો૦

કનક-કુંભ સમ ઉપમા, કુચ યુગ અણીયાલા;
[3]કેહરિ લંકી સોહાવતી, બોલઇ વયણ રસાલા. ૧૬૯ સુણયો૦

---

૧. ધ્વજ. ૨. કરેણની સોટી. ૩. સિંહ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જંઘ જુગલ કદલી કહું, અતિ નિતંબ વિસ્તારા;
ગયગમણી નમણી સહી, ઝંઝર ઝમકારા. ૧૭૦ સુણયો૦

સોલ સિંગાર સજી કરી, કુમરી તિહાં આવઇ;
કુમર કલા જિહાં અભ્યસઇ, દેખી આણંદ પાવઇ. ૧૭૧ સુણયો૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાલ : ૧૦, જોઉં રે સામલીયાનું મુખડું–એ દેસી.

દેખીઉ કુમર નિજ નયણલે, તવ હૃદય વિમાસઇ;
'કુણ પરદેસી ઇહાં કન્હઇ, બહુ વિદ્યા અભ્યાસઇ?'. ૧૭૨ કુણ૦

કુમરી ય ચિત્તમાંહિ ચીંતવઇ, 'અહો! સુભગ સરુપ;
રુપિ અનંગિ સોહઇ જિસ્યઉ, અછઇ એહ કો ભૂપ?' ૧૭૩ કુણ૦

ચકિત લોચન ચિત્રિત લિખી, નિરખઇ અનમિષ નયણી;
જિમ નિજ જૂથ બાહિર ખડી, જેહવી ચકિત હોઇ હરણી. ૧૭૪ કુણ૦

ચમક પાસિ આવઇ [1]શુચિ, જિમ થિર ન રહાઇ;
તિમ કુમરી ય કુમરનિ દરસનિ, [2]ખિણ વરસ તસ થાઇ. ૧૭૫ કુણ૦

પ્રેમજલ હૃદય તવ ઊલટઇ, જિમ સાયર–પૂર;
મોહનઇ પાસિ બંધી તદા, નવિ જાઇ તે દૂરિ. ૧૭૬ કુણ૦

દેખતા નેહ જો ઉપજઇ, તો એહવો જાણો;
તેહસિઉં પૂરવ સંબંધડો, એહ થિર કરી માનો. ૧૭૭ કુણ૦

એક તુ પૂરવદિસિ ઉપજઇ, એક પશ્ચિમે રહીઇ;
પૂરવ સંબંધકી તદા, આવી પાણી તે ગ્રહીઇ. ૧૭૮ કુણ૦

ફલ–ફૂલ કુમર શિર ઉપરઇ, નાખઇ કર ગ્રહી કુમરી;
વિદ્યાબલિ આવી તિહાં, કરઇ વૃષ્ટિ જિમ અમરી. ૧૭૯ કુણ૦

ભ્રંસ વિદ્યાતણો મનિ ધરી, અભ્યાસ ન મૂકઇ;
હાવભાવ કુમરી કરઇ, તોહઇ ચિત્તિ ન ચૂકઇ. ૧૮૦ કુણ૦

કુમરી મનમાંહિ કી, રહી તિમ અટવાઇ;
અગનિ તાપઇ કરી કલ–કલઇ, જિમ તેલ કઢાઇ. ૧૮૧ કુણ૦

વડી વાર તે શ્રમ કરી, નીરઇ અંગ પખાલી;
નિજ ગુરુ પાશિ આવઇ વહી, નવિ જોઉં તવ બાલી. ૧૮૨ કુણ૦

---

૧. સોય. ૨. ક્ષણ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દૂહા :

હવઇ તે મદનમંજરી, મારી મદનનૃપ બાણિ;
ઊઠી અંગિ વેદના, નવિ ચાલઇ કો પ્રાણ. ૧૮૩

હરિ-હર-બ્રમ્હાદિક વડા, ગ્યાનવંત મુનિરાય;
તે પણિ ધ્યાન છોડાવીયા, મદન નમાડિ પાય. ૧૮૪

ખિણ રોવઇ ખિણ વલવલઇ, ખિણિ અંગનિ બારિ;
સખી સમઝાવઇ બહુ પરઇ, તુહઇ ન [સ]મઝઇ નારિ. ૧૮૫

જબ લગિ પ્રીતિ ન કીજીઇ, તવ લગઇ સુખ સંસારિ;
વિસમી વિરહની વેદના, તે જાણઇ કરતાર. ૧૮૬

કરતા કીધી પ્રીતડી, પણિ લીધો વઇર વસાઇ;
વિસમી વિરહની વેદના, અંગિ ન સહણી જાઇ. ૧૮૭

કરઇ વિલાપ બહુ પરઇ, મુખઇ મેલ્હઇ નીસાસ;
આસું વરસઇ નયણલે, જાણઇ પાવસ માસ. ૧૮૮

નીસાસો ભલઇ સરજીઉ, વિરહી નરનઇ સોભ;
પ્રેમ જલમાંહિ બૂડતાં, દે પડતાનઇ થોભ. ૧૮૯

## ઢાલ : ૧૧, રાગ-મારુણી.

પ્રીતિ ન કીજઇ ભોલા પ્રાણીયા રે, પ્રીતિ થકી બહુ દુખ;
મેરુ સમોવડિ જિનરાજઇ કહિઉ રે, સરસવ જેતો રે સુખ. ૧૯૦ પ્રીતિ૦

ખિણ અચેત થઇ સા સુંદરી રે, નાખી સીતલ વાય;
સખી મિલી સવિ એકઠી રે, સમઝાવઇ વલી આય. ૧૯૧ પ્રીતિ૦

પરદેસી [૧]સરિસી પ્રીતિ ન કીજઇ રે, તેહથી સુખ નવિ થાય;
જિમ વાદલ કેરી આવઇ છાંહડી રે, ખિનમાંહિ નાસી જાય. ૧૯૨ પ્રીતિ૦

---

૧. સાથે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પરદેસી કેરો એહવો નેહડો રે, જેહવો નદીનો રે પૂર;
ખિણ આવઇ નયણા આગલિ રે, ખિણમાંહિ જાઇ રે દૂરિ. ૧૯૩ પ્રીતિ૰

[1]વેધ વિલુધા જે હોઇ માણસા રે, તેહનઇ પગિ-પગિ દોસ;
ખિણ એક સુખ પામઇ તેહની રે, નવિ જાણઇ તન-સોસ. ૧૯૪ પ્રીતિ૰

ન ગણઇ દુરજણ કેરા બોલણા રે, જેહનઇ પ્રીતિ સવાદ;
ચાક ચઢાવી મેલ્હઇ જીવનઇ રે, વાધઇ વલી ઉન્માદ. ૧૯૫ પ્રીતિ૰

અણજાણ્યા સરિસી પહિલી પ્રીતડી રે, પાપી નયણાં કરંતિ;
વયણે વાધઇ પ્રીતિની વેલડી રે, કડૂઆ તસ [2]ફસ હુંતિ. ૧૯૬ પ્રીતિ૰

મૃગ-મધુકર નઇ જીવ પતંગીઉ રે, એ આપઇ નિજ પ્રાણ;
ઇંદ્રી વિષ જે દૂરિ નિવારસ્યઇ રે, તે લહસઇ જગિ માન. ૧૯૭ પ્રીતિ૰

જિમ માછિલડી જલ વિણ ટલવલઇ રે, તિમ સા હુઈ રે બાલ;
અન-પાન સવિ દૂરિ પરિહર્યા રે, ન કરઇ તન સંભાલ. ૧૯૮ પ્રીતિ૰

વલી બીજઇ દિનિ આવ અટાલીઇ રે, કરતી નારિ રુદન્ન;
આસોપલ્લવ કુસમસિઉં નાખતી રે, બોલઇ દીન વચન્ન. ૧૯૯ પ્રીતિ૰

'એકવાર નિરખઉ નિજ નયણઇલે રે, અબલા કરઇ રે વિલાપ;
પ્રેમજલઇ કરી સીંચો દેહડી રે, ટાલુ વિરહ સંતાપ'. ૨૦૦ પ્રીતિ૰

અગનિ સમીપઇ મેલિઉ ઘૃત ઘડો રે, થાહરઇ કેતી વાર?
લલના વચન મધુર તવ સાંભલી રે, વાધિઉ કામ વિકાર. ૨૦૧ પ્રીતિ૰

૧. અડચણ. ૨. સ્પર્શ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દૂહા :

વનિતા વચન સુણી કરી, મનિ ઉપન્નો મોહ;
તજી વિદ્યા અભ્યાસડો, હુઉ મનિ [1]અંદોહ. ૨૦૨

નારિ વચનઇ રડવડ્યા, જે મોટા મુનિરાય;
છંડી તપ-જપ-ધ્યાન બલ, મદનિ નમાડિયા પાય. ૨૦૩

## ઢાલ : ૧૨, રાગ- સવાલખી સીંધુઉ.

નેહ ધરી નિરખઇ તદા રે, અબલા રાજકુમાર;
સોલ સિંગાર સુહાવતી રે, વીજતણઇ ઝબકાર. ૨૦૪
કુમરજી હીયડે ધરયો સનેહ. આંકણી.

'કઇ વિદ્યાધરી કિંનરી રે?, કે વલિ નાગકુમારિ?;
એહની ઉપમ દીજીઇ રે, અવર ન કો સંસારિ'. ૨૦૫ કુમરજી૦

નયણઇ નયણ નિહાલતાં રે, વાધઇ પ્રેમ અંકૂર;
નેહ-જલઇ તન સીંચતાં રે, તાપ ગયો સવિ દૂરિ. ૨૦૬ કુમરજી૦

તવ પૂછઇ કુમરી પ્રતિ રે, 'કુણ પિતા? કુણ નામ?;
કિણિ કારણિ ઇહાં ઊભલી રે?, કુણ મુઝ [2]સરિસો કામ?'. ૨૦૭ કુમરજી૦

હરખિત વદન બોલઇ તદા રે, સુણિ પ્રીતમ! સસનેહ;
મદનમંજરી સેઠની સુતા રે, એ મુઝ પીહર ગેહ. ૨૦૮ કુમરજી૦

એક નગરવાસી ભલો રે, તેસુ મુઝ વીવાહ;
જવ નિરખઉ મઇ તુહનઇ રે, તવ હુઉ મનિ દાહ. ૨૦૯ કુમરજી૦

જુ સુખ વંછઇ જીવનઇ રે, તુ નવિ કરવો નેહ;
પ્રેમ સમુદ્રમાંહિ પડિયા રે, ખિણ-ખિણ ખીજઇ દેહ. ૨૧૦ કુમરજી૦

---

૧. ચિંતા. ૧. સાથે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કામીજનનઇ એહવી રે, દશ અવસ્થા જોય;
[1]ચિતિ ચિંતાવસ ઉપજઇ રે, સંગમઇ ઇછ્યા હોય. ૨૧૧ કુમરજી૰

જવ ન ટલઇ તસ દેહમાં રે, મુખિ મેલ્હઇ નીસાસ;
દાહ દેહ અરુચી અન્નની રે, મૂર્છાનો વલી વાસ. ૨૧૨ કુમરજી૰

આસૂં નયણઇ ઝરઇ સહી રે, દશમી પ્રાણ સંદેહ;
તુમ્હ ઉપરિ મુઝ નેહલો રે, જિમ [2]બાપીયડા મેહ. ૨૧૩ કુમરજી૰

ઘણું કહું સું વાલહા! રે? વર! હું છંડુ પ્રાણ;
મુઝનઇ તુમ્હે અંગીકરો રે, માગું એતુ માન'. ૨૧૪ કુમરજી૰

૧. ચિત્તમાં. ૨. બપૈયા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**દૂહા :**

વચન સુણી કામિનિતણા, [1]ચિત્તિ ચિત્તિ વિચાર;
'પ્રાણ ધરઇ નહી [2]મું વિના, દીસઇ એહ પ્રકાર'. ૨૧૫

કુમર મનિ પણિ તેહવો, લાગો કુમરી મોહ;
એક પખો નહી નેહડો, એ કીધો [3]આપોહ. ૨૧૬

કીજઇ પ્રીતિ સુજાણસિઉ, જે નિજ જાણઇ પીર;
મૂરખ સરિસી ગોઠડી, ઊંટ-[4]કિરાડઇ નીર. ૨૧૭

જેહવો રંગ [5]કુસંભનો, તેહવો મૂરખ નેહ;
પણિ જાચા રંગતણી પરિ, ચતુર ન આપઇ છેહ. ૨૧૮

મધુર વચનિ ભાખઇ તદા, 'સુણિ નારી! મુઝ વાત;
અગડદત્ત વલી નામ સુણિ, શ્રીસુંદર મુઝ તાત. ૨૧૯

**ચોપઇઃ રાગ- વઇરાડી.**

સંખપુર નગરતણો તેં ધણી, શ્રીસુંદર નામઇ નૃપ ગુણી;
સુલસા પટરાણી મૂલગી, તે મુઝ જનની લાગઇ. ૨૨૦

અતિ વલ્લભ હું તેહનો પુત્ર, મુઝ ઊપરિ છઇ ઘરનું સૂત્ર';
ઇમ વૃત્તાંત સહુ આપણો, ભાખી નેહ ઉપાયો ઘણો. ૨૨૧

એક નર ફોકટ [6]મોટિમ કરઇ, અમ્હ સમવડિ કો નાવઇ સિરિ;
હીંગતણો નહી માંહિ સવાદ, મંદિર વાજઇ શંખ નિનાદ. ૨૨૨

છતી વાત તે કુમરઇ કહીં, એ માંહિ કાંઇ જઠું નહીં;
કલા ગ્રહું પંડિત ઘરિ રહી, હવડાં તુ બોલાઇ નહીં. ૨૨૩

---

૧. ચિત્તમાં ચિંતવે છે. ૨. મારા. ૩. વિચાર. ૪. શિયાળ. ૫. કસુંબો. ૬. મોટાઇ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જાણી આપણ બેહુ સંતોસ, દુર્જનનઇ મનિ થાસઇ રોસ;
નીચતણો હોઇ એહ સભાવ, છલ જોવા નિત મંડઇ દાઉ. ૨૨૪

કહિઉ ન કરઇ તસ આંખડી, બોલઇ મુખિ ભુંડી [1]ભાખડી;
પી ન સકઇ તુ ઢોલી દીઇ, એ [2]આભાણક આણો હીઇ. ૨૨૫

સજન જનનઇ દમવા કાજિ, [3]સઇ સરજ્યા તેહનઇ મહારાજિ;
રાષભ રોહણ કીજઇ ખરા, ગામથકી કાઢીજઇ પરહા. ૨૨૬

ઇમ વિચાર ખરો મનિ કરી, રહો ધીરજ મનમાહિ ધરી;
અણપ્રીછિઉં નવિ કરીઇ કામ, જિણિ વાતિ વલી હોઇ વિરામ. ૨૨૭

'કલા ગ્રહીનઇ રહસિઉં યદા, સઘલા કામ કરીસઇ તદા;
ગમનતણો દિન જબ આવસઇ, તવ આપણો મેલાવઉ હુસઇ'. ૨૨૮

વચન સુણી કુમરી ગહગહી, આવી બઇઠી મંદિર વહી;
ધ્યાન ધરેઇ મનમાં તેહનો, આગલિ કથા હુસઇ તે સુણઉ. ૨૨૯

---

૧. ભાષા. ૨. કહેવત. ૩. સ્વયં.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાલ : ૧૩, રાગ- રામગિરી, જાતિ- કડખાની.

એક દિન રાજસુત અશ્વ ઉપરિ ચડિઉ, વિવિધ વર વસ્ત્ર સોભા ધરંતુ;
રાજમારગિ જાઇ અશ્વ ખેલાવતો, ચતુર પુરનારિના મન હરંતો. ૨૩૦ એક દિન૦

ચંપક કુસમચી માલ કંઠિ ઠવી, ધનુષ ટંકાર રવ કરિ સુહાવઇ;
અતુલ બલ નિરુપમ રુપિ જિમ રતિ પતિ, સકલ જન દેખિ આણંદ પાવઇ. ૨૩૧ એક દિન૦

સહસા તવ સાંભલી કુમર ચિંતઇ વલી, સબલ કોલાહલિ નગરિ સુણીઇ;
જલધિ જલ ઉછલ્યાં? [1]સેષ કઇ સલ-સલ્યાં?, કઇ વલી દહનનો દાહ ગણીઇ?. ૨૩૨ એક દિન૦

વિકટ ભટ નિકટ રિપુ સૈન્ય આવ્યો વહી, બીહતા એ સહી લોક નાસઇ;
ગયણથી વીજલીપાત હુઉ વલી, તે ભણી સકલ નર દીન ભાસઇ. ૨૩૩ એક દિન૦

[2]દોસી સવિ દડવડ્યા હીર ચીર રડવડ્યાં, દૂરિ ગયા કણીયા કોઠાર મેલ્હી;
તીર તા દ્રવ્ય પારખિ પુંઠિ પુલ્યા, કરિ ગ્રહી રુપ્ય સોવન્ય થેલી. ૨૩૪ એક દિન૦

સબલ [3]દૂંદાલ મૂછાલ જે [4]જવિહરી, નાસતા [5]વાણહી દૂરિ જાઇ;
[6]કાછ છૂટી પડઇ પાગ તે લડથડઇ, ભાજતાં સ્વાસ મુખમા ન માઇ. ૨૩૫ એક દિન૦

ફલ નઇ પાન તે પંથિમાંહિ રુલઇ, પુર ભણી ભુમિ હુઈ વન્ન સરિખી;
ચિત્ત ચમકિત હુઉ ચતુર કુંઅર તદા, એહવો નગર સરુપ નિરખી. ૨૩૬ એક દિન૦

નિરખઇ ઊભો રહી [7]વાગ કાઢી ગ્રહી, મત્ત માતંગ તવ નયણિ દીઠો;
મોડિ આલાનનઇ તોડિ નિજ શ્રૃંખલા, આવતો જિમ યમદૂત ધીઠો. ૨૩૭ એક દિન૦

સૂંડિ ઉલાલતો કોટ-ગઢ પાઢતો, ગાજતો સજલ જિમ મેઘ આયો;
[8]ગલિતે મદ ઝરઇ ભ્રમર રવ વિસ્તરઇ, દેખિઉ કુમર તવ વેગિ ધાઉ. ૨૩૮ એક દિન૦

ઇમ કહઇ લોક અટાલ ઉપરિ ચડી, છંડિ ગજરાજ [9]અનેથિ જાઉ;
સૂર થઈ સંચર અશ્વ નવિ પરિહરઇ, [10]ખગ ધરિ હાથ હાથી જગાયો. ૨૩૯ એક દિન૦

સબલ પંચાનન સીહ જિમ ઊઠીયો, નાખિ નિજ વસ્ત્ર સિંધુર ભમાડિઉ;
સુંડાદંડઇ ગ્રહી ચરણ ચંપઇ રહી, ઇમ કરિ કુમરિ હાથી નમાડિઉ. ૨૪૦ એક દિન૦

પુંઠિથી ખડગ પ્રહાર દીઇ ધસી, ભમરિ ભમાડીઉ વડીય વાર;

એણિ વિધિ ગજ નડિઉ ખંધ ઊપરિ ચડિઉ, 'જય-જય' શબ્દ પામઇ કુમાર. ૨૪૧ એક દિન૦

---

૧. શેષનાગ ૨. કાપડના વેપારી. ૩. ફાંદવાળા. ૪. ઝવેરી. ૫. મોજડી. ૬. કછોટો. ૭. લગામ. ૮. ગંડસ્થલથી. ૯. બીજે. ૧૦. ખડગ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દૂહા :

જય-જયકાર તિહાં હુઉ, [1]આનંદ્યા સવિ લોક;
કુમર વદન જોવા ભણી, મિલિયા મહાજન થોક. ૨૪૨

પુન્યવંત જિહાં સંચરઇ, તિહાં-તિહાં પામઇ માન;
કીરતિ [2]દહુ દિસિ વિસ્તરઇ, લોક કરઇ [3]ગુણ-જ્ઞાન ૨૪૩

## ઢાલ : ૧૪, સ્વામી સુધર્મા અધ્યયન બીજઇ-એ દેસી.

સપ્તભૂમિ ચઢી રાજા નિરખઇ, દેખી કુમરનઇ હરખઇ જી;
'ઉત્તમ નર કો આવ્યો દીસઇ?' નૃપ નયણે તસ પરખઇ જી. ૨૪૪

ચિતિ ચીંતઈ 'કુમર સોભાગી, એહની વિદ્યા સુપ્રકાસી જી;
મુઝ ગજ સબલ જિણિ [4]વિસિ કીધો, અવર સુભટ ગયા નાસી જી. ૨૪૫ ચિતિ૦

માહરા નગરની સોભા રાખી, સુખી કર્યા નરવૃંદ જી;
ધન જનની કુખિ જિણિ ધરીઉ, સોહઇ પૂનિમ ચંદ જી. ૨૪૬ ચિતિ૦

લહુવય દુદ્ધર સિંહ સરીસઉ, સોમ ગુણિ સશિ સોહઇ જી;
રુપઇ રતિપતિ જીત્યુ જેણિ, નિરખંતા મન મોહઇ જી. ૨૪૭ ચિતિ૦

નાન્હો દીપ હરઇ ઘરમાંહિ, અતિ મોટઉ અંધાર જી;
તેજઇ કરી જો હોઇ સબલો, તેહનો કીજઇ વિચાર જી'. ૨૪૮ ચિતિ૦

નિજ સેવકનઇ નૃપ તવ પૂછઇ, 'કુણ ઉત્તમ એ બાલ જી?';
'કલાચારિજ ઘરિ રહતો દીસઇ, વિદ્યા ભણઇ વિસાલ જી'. ૨૪૯ ચિતિ૦

પંડિતનઇ બહુમાન ધરીનઇ, 'એ કુણ?' પૂછઇ ભૂપ જી;
વિનય કરી રાજાનઇ સઘ[લુ], ભાસઇ કુમર સરુપ જી. ૨૫૦ ચિતિ૦

---

૧. ખુશ થયા. ૨. દશે. ૩. ગુણ-ગાન. ૪. વશ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રાય સેવક કહઇ 'આવો કુમરજી!, તેડઇ તુમ્હનઇ રાય જી;
ગજ બાંધિઉ આલાન જ થંભઇ, પ્રણમઇ ભૂપતિ પાય જી. ૨૫૧ ચિતિ૦

કરઇ પંચાંગ પ્રણામ સોભાગી, વિનયતણો ગુણ ધારઇ જી;
દેઈ આલિંગન ભૂપતિ તેડઇ, અર્ધાસન બઇસારઇ જી. ૨૫૨ ચિતિ૦

શાલિવૃક્ષ જિમ શાલિ આવંતઇ, દીસઇ નીચી નમતી જી;
[૧]નુતે માન ઘણેરો પામઇ, નર શિરિ જુઉ ચડતી જી. ૨૫૩ ચિતિ૦

ઉત્તમ કુલનો [૨]અંગિત એહવો, જાણો વિનય પ્રમાણઇ જી;
આપઇ વસ્ત્ર-આભરણ ભલેરાં, ભૂપતિ અતિ તસ માનઇ જી. ૨૫૪ ચિતિ૦

'શસ્ત્ર-શાસ્ત્ર [૩]કેતુ તુમ્હે જાણો?', નિજ મુખિ કુમર ન ભાસઇ જી;
'સર્વ ગુણઇં કરી એહ સંપૂરણ', પંડિત ઇમ પ્રકાસઇ જી. ૨૫૫ ચિતિ૦

સુણી ઉત્તમ નર આપ પ્રસંસા, મનમાંહિ બહુ લાજઇ જી;
અવર તે ફોકટ નિજ ગુણ નિસુણી, રાસભની પરિ ગાજઇ જી. ૨૫૬ ચિતિ૦



૧. નમતાં. ૨. પૂત્ર. ૩. કેટલાં.

### દૂહા :

રાજા મનિ હરખઇ તદા, સુણી કુમર વૃત્તંત;
આગલિ કથા જેહવી હુઈ, તે સુણયો સહુ સંત. ૨૫૭

રાજસભાઇ આવીયા, એહવઇ મિલી મહાજન્ન;
કરી રાજાનઇ ભેટણું, દીસઇ દીન વદન્ન. ૨૫૮

ભેટ સકલ તવ આપીઇ, કુમરનઇ કરી પસાય;
મહાજન સવિ બોલઇ તદા, 'વીનતી સુણિ મહારાય!. ૨૫૯

તુઝ નગરી જે એહવી, અલકાપુરી સમાન;
તે હુઇ દાલિદ્ર ઉરડી, કીજઇ કોઈ [1]વિનાણ. ૨૬૦

જે કષ્ટઇ ધન મેલીઇ, તે લેઇ જાઇ ચોર;
ફિરિ એકેલો નિસિ સમઇ, નયરિ પડીવઇ [2]સોર'. ૨૬૧

### ચોપઈ :

સુણિ રાજા ક્રોધાનલ થાય, વેગઇ [3]તલ્હાર તેડાવઇ રાય;
'નગરી તણી કાંઇ ન કરઇ સાર, દુખીયા લોક કરઇ પોકાર. ૨૬૨

જાઇ ચોર નિત ચોરી કરી, લોકતણું ધન લીધું હરી;
વંછઇ તૂં જો જીવિત સહી, પરગટ ચોર કરેવો વહીં. ૨૬૩

તુ વલતો બોલઇ કોટવાલ, 'સંભલિ રાય! પ્રજાના પાલ;
મઇ [4]ખપ કીધી ઝાઝી પરઇ, તુહિ ચોર ન આવિઉ [5]કરઇ.' ૨૬૪

વલતુ રાય [6]વિમાસઇ ઇસિઉં, 'હવઇ ઉપાય કરીસઇ કિસિઉ?';
કુમરઇ તવ વીનવીઉ ભૂપ, ચોરતણુ સુણી એહ સરુપ. ૨૬૫

'એ બીડો મુઝનઇ આપીઇ, નિજ કર મમ મસ્તકિ થાપીઇ;
સાત દિવસ લગઇ બોલું [7]સીમ, નહીતરિ જિમવાનુ મુઝ નીમ. ૨૬૬

---

૧. યુક્તિ. ૨. બચાવવાનો પોકાર. ૩. કોટવાળ. ૪. પ્રયત્ન. ૫. હાથે. ૬. વિચારે છે. ૭. મર્યાદા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાવકમાંહિ [1]પઇસિઉં સહી, ચોર ગ્રહી જો આવું નહીં';
કરી પ્રતિજ્ઞા કુમર ઊઠીયો, રાયતણો તવ માગઇ હુયો. ૨૬૭

ઘરિ આવી ચિંતઇ મનિ સો ય, 'બઇઠા કામ કેણિ પરિ હોય?';
નટ-વિટ-લંઠતણા જે ઠામ, વેશ્યા-વન-વાડી-આરામ. ૨૬૮

સૂનઇ મઠિ સૂનઇ દેઉલઇ, જટી-નટી-[2]જંગમનઈ મિલઇ;
ફિરઇ એકલો ખડગસહાય, દિવસ છ તસ ઇણિપરિ જાઇ. ૨૬૯

સાતમિ દિનિ ચિંતાતુર થઇ, બઇઠો એક પ્રદેસઇ જઇ;
'મઇ કીધો એ અનરથ મૂલ, પેટ મસલી ઉપાયુ સૂલ. ૨૭૦

છંડી સઘલો એહ કલેસ, લેઈ નારિનઇ જાઉ વિદેસિ;
છંડી છઇ આતમ હિત ભણી, જો હોઇ પૃથવી બાપહ તણી. ૨૭૧

**यत:**

**त्यजेदकं कुलस्यार्थे, ग्रामस्यार्थे कुलं त्यजेत् ।**
**ग्रामं जनपदस्यार्थे, आत्मार्थे पृथिवीं त्यजेत् ।।**

[पञ्चतन्त्र-१/३८६]

વલી નિજ ચિત્તિ વિમાસણ કરઇ, થાસઇ અપયશ માહરઇ સિરઇ;
વર છંડીજઇ જે નિજ પ્રાણ, વાચા પાલીજઇ [3]નિરવાંણિ ૨૭૨

ઉત્તમ કુલિ ઉપન્નો જેહ, ન કરઇ ભંગ પ્રતિજ્ઞા તેહ;
શેષનાગિ જો ધરણી ધરઇ, આજ લગઇ નવિ મેલ્હઇ [4]પરી ૨૭૩

વડવાનલ કરઇ સાયર સોસ, તુહઇ ન આણઇ મનમાં રોસ;
બોલ્યા બોલ સભામાંહિ જઈ, તે પાલેવા નિશ્ચલ થઈ. ૨૭૪

ઇમ ચીંતી ધીરજ મનિ ધરઇ, સંધ્યા સમઇ પુર બાહિર ફિરઇ;
ચકિત થઇ જોવઇ ચિહું દિસા, ચિંતાતુરના લક્ષણ ઇસ્યા. ૨૭૫

---

૧. પ્રવેશી જઇશ. ૨. ફકીર. ૩. મૃત્યુ આવે તોય. ૪. દૂર મુકી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દૂહા :

ઘણી ભૂમિ આવિઉ તદા, મુંકિઉં પુર અતિ દૂરિ;
સેસ રહિઉ દિન પાછિલો, અરુણ કાંતિ ધરઇ સૂર. ૨૭૬

પંખીડા ટોલઇ મિલ્યા, તરુવર કરઇ નિવાસ;
સંઝરાગ પરગટ હુઉ, ભોગી નર સુવિલાસ. ૨૭૭

ફલ-દલ છાયાઈ કરી, દેખી મોટો વૃક્ષ;
બઇઠો કુમર તિહાં જઈ, મનિ ચીંતઇ વલી દક્ષ. ૨૭૮

## ઢાલ : ૧૫ રાગ- સામેરી.

દૂરિ થકી દૃષ્ટિ ચઢીઉ, આવંતો [1]અવધૂત રે;
અતિ ઊંચો મોટી તસ કાયા, જાણે એ યમદૂત. ૨૭૯
સોભાગી! ચિંતઇ ચતુર કુમાર, એ નહી મનોહાર. આંકણી.

રાતાં વસ્ત્ર નઇ રાતા લોચન, દીસઇ અતિ વિકરાલ રે;
રાતું ધ્યાન ધરઇ મનમાંહિ, એ નગરીનો કાલ. ૨૮૦ સોભાગી૦

સુડાદંડ સરિખા દીસઇ, જેહના બે ભુજા દંડ રે;
અતિ લાંબા નઇ દીરઘ જંઘા, દીસઇ જાનુ પ્રચંડ. ૨૮૧ સોભાગી૦

જુવો જટા ધરઇ અતિ મોટી, સંખતણી ધરિ માલ રે;
શ્રવણે લલકતિ [2]સ્ફુટિકની મુદ્રા, ચંદને ચર્ચિત ભાલ. ૨૮૨ સોભાગી૦

કપટ વેષ ધરી તવ આવિઉ, [3]સહસા કુમરની આગઇ રે;
લક્ષણ કરી જાણિઉ તસ્કર, કુમર તે આયસ માગઇ. ૨૮૩ સોભાગી૦

વિનય કરી તસ ચરણઇ લાગઇ, કુમરઇ લહિઉ [4]પ્રસ્તાવ રે;
[5]ચતુ શિરોમણિ તેહનઇ કહીઇ, જે જાણઇ ચિત્તભાવ. ૨૮૪ સોભાગી૦

---

૧. યોગી. ૨. સ્ફટિક. ૩. જલ્દી. ૪. અવસર. ૫. ચતુર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'કુણ તું? કિણિ કારણિ ઇહાં બઇઠો?, ચિંતાતુર બહુ દીસઇ રે';
કુમર કહઇ 'મુઝ વંછિત ફલીયા, જોતાં નયણે હીસઇ. ૨૮૫ સોભાગી૦

ધનહીન હું દારિદ્રે નડીયો, તિન હું દીસું દીન રે';
[૧]ગૈરક કહઇ 'તુઝ દારિદ્ર છેદું, મ મ થાઇસિ મનિ ખીણ'. ૨૮૬ સોભાગી૦

સૂરજિ અસ્ત હુઉ ઇણિ અવસરિ, પસરિઉ [૨]તિમરનૂં પૂર રે;
કરિ ગ્રહી કાતી ઉઠિઉ જુઠો, લીધો વેસ તે કૂર. ૨૮૭ સોભાગી૦

'આવિ વચ્છ! મુઝ સાથઇ વહિલો, ટાલુ દાલિદ્ર તુઝ રે';
ખડગ ધરી તસ પૂંઠિ ચાલ્યો, ચિંતિત ફલીઉ મુઝ. ૨૮૮ સોભાગી૦



૧. સંન્યાસી. ૨. અંધકારનું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ચોપઈ :

હવઇ આવઇ વિવહારી ઘરઇ, દેઈ ખાત્ર નઇ લખમી હરઇ;
દ્રવ્ય ઘણો લેઈ તિહાં થકી, ચિંતઇ ચિત્તિ વલી પાતકી. ૨૮૯

કુમરનઇ મુંકી તિણિ ઠામિ, ચહુટામાંહિ આવઇ તામ;
તિહાં સૂતા દાલિદ્રી જેહ, હાથિ કરી ઊઠાડ્યા તેહ. ૨૯૦

દેઈ ભાર તસ સિરિ ઉપરિ, મૂલ લેઈ આવેયો ઘરઈ;
ઇમ કહી ચાલ્યા સઘલા નરા, મન પરિણામ નહી સુંદરા. ૨૯૧

પુર બાહિર તવ આવ્યા ધસી, કુમર કરઇ વિમાસણ ઇસી;
'હણી ચોરનઇ ટાલું શિલુ, છલઘાતી નવિ કહીઇ ભલો. ૨૯૨

**યત :**

**मित्रद्रोहकृतघ्नस्य, स्त्रीघ्नस्य पिशुनस्य च।**
**चतुर्णां वयमेतेषां, निःकृतिं..................।।**

જોઉં એ કિણિ થાનકિ રહઇ? કેતી લખમી એ સંગ્રહઇ?';
ચાલિઉ કુમર કરી મન ઠામિ, આગલિ થાસઇ વાત વિરામ. ૨૯૩

પુર મુંકી વનિ આવ્યા જિસઇ, ચોર વચન બોલિઉ વલી તિસઇ;
'[૧]અજી રાતિ તુ દીસઇ ઘણી, કરી નિદ્રા [૨]વઉલુ યામિની'. ૨૯૪

કુ[મ]ર વાત તસ અંગી કરી, બઇઠા બેહુ ધીરજ ધરી;
માહોમાંહિ ન કોઇ [૩]વીસઇ, સુણયો હવઇ આગલિ જે હુસઇ. ૨૯૫

ભારવાહક સહુ નિદ્રા કરઇ, કપટ-નિદ્રા બેહુ જણ ધરઇ;
ઊઠિઉં કુમર કરી ચેતના, સૂતા નર છેત્રાઇ ઘણા. ૨૯૬

મૂક્યો જે વલી જે નિજ સાથરો, લેઇ ખડગ નઇ બઇઠો [૪]પહરો;
અપ્રમત્ત જિમ હોઇ જતી, તિમ તે કુમર હુઉ શુભમતી. ૨૯૭

૧. હજી. ૨. પસાર કરો. ૩. વિશ્વાસ કરવો. ૪. દૂર જઇ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઊઠિઉ ચોર મનિ આણી રીસ, રંકતણા તે છેદઇ સીસ;
આવી નિરખઇ કુમરનઇ જામ, ધાઉ ખડગ [1]કરી કરિ તામ. ૨૯૮

'રે રે દુષ્ટ! ઘણા દિન ગયો, અશુભ ઉદય તુંઝ આજ જ થયો;
છલઘાતી મોટો પાતકી, મુઝ આગલિ કિહાં જાઇસ સકી?'. ૨૯૯

રોસ કરી ધાઉ ધડહડી, ચોરતણી તવ વીવી પડી;
કીધો જ્યા........, મારિઉ ચોર કરી તવ ભેદ. ૩૦૦

પાડિઉ ભૂમિ કરઇ પોકાર, 'અહો! અતુલબલ એહ કુમાર;
ચોર **ભુંજગમ** માહરો નામ, લેઇ ધન ઊજાડિઉ ગામ. ૩૦૧

ખિણમાંહિ જાસઇ માહરા પ્રાણ, વાત એક સુણિ બુદ્ધિનિધાન!;
સ્મશાનભૂમિ જે નગરીતણી, જાયો છઇ દક્ષણ દિસિ ભણી. ૩૦૨

તિહાં વટવૃક્ષ મોટો છઇ એક, પંખીડા રહઇ અનેક;
તે હેઠલિ ભૂમિગ્રહ જોઇ, તે મુઝ રહિવા મંદિર હોઇ. ૩૦૩

**વીરમતી** ભગિની માહિરી, યોવન વેશિ સા પરવરી;
તિહાં જઇનઇ કરયો સંકેત, દેખી તુમ્હનઇ કરસઇ હેત. ૩૦૪

મનવંછિત જઈ કન્યા વરો, થાહરી લખમી નિજ કરિ કરો;
તિહાં રહયો નિશ્ચલ મનિ થઈ, આપદ સવિ દૂરિ તુમ્હ ગઈ'. ૩૦૫

ઇમ કહી ચોર થયો [2]નિષ્ફંદ, કુમર તણો ભાગો સવિ દંદ;
લેઇ ખડગ તિહાંથી સંચરઇ, વહી આવઇ [3]પરમોષણ-ઘરઇ. ૩૦૬

## ઢાલ : ૧૬, રાગ-મલ્હાર

હવઇ તે રાજકુમાર ખડગ કરિ એકલો રે, આવી ગુફાનઇ બારિ ધીરજ ધરી ઊભલો રે;
સાદ સુની નારિ આવઇ તવ ઝલફલી રે, પેખી કુમરનઇ તામ થઈ ચિત્તિ આકલી રે. ૩૦૭

---

૧. હાથમાં લઇ. ૨. હલન-ચલન રહિત. ૩. ચોરનાં ઘરે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પૂછઇ અબલા તામ 'આવ્યા કિણિ કારણિ રે?, શાદ કરો કિમ સ્વામિ! આવી મુઝ બારણઇ રે?';
ભાખઇ પૂરવ વાત કુમર તસ આગલિ રે, વીરમતી એક ચિત્તિ ઊભી રહી સાંભલઇ રે. ૩૦૮

સૂણી બંધવની વાત કહઇ જુઠી નહી રે, સંભાર્યા તવ બોલ અવધિતણા સહી રે;
મની ચીંતઇ હવઇ નારિ ઉપાય 'કો કીજીઇ રે?, નિજ બંધવનો વઇર કિણિપરિ લીજીઈ રે?' ૩૦૯

અતિ આદર સનમાન કુમરનઇ કીજીઇ રે, ઘરિ આવો પ્રાણનાથ! યોવનરસ લીજીઇ રે;
હાવભાવ સા નારિ દેખાડઇ નિરમલા રે, ચમકઇ ચિત્તિ કુમાર ઉપાય નહી ભલા રે. ૩૧૦

**यत:**

**नदीनां च नारीनां च, श्रृंगिणां शस्त्रधारिणाम् ।**

**विश्वासो नैव कर्तव्यः, स्त्रीषु राजकुलेषु च ।।**

બઇસારી નિજ સેજિ બોલઇ વલી બોલડા રે, 'એ તન-ધન-જીવિત તુઝ મ થાસિઉ કોરડા રે;
પુઢો પ્રીઊ ખિણ એક એણી રુડી સેજડી રે, જાઉં વિલેપણ કાજિ ન થાસઇ એક ઘડી રે'. ૩૧૧

ઇમ કહી ઊંઠી તામ થઈ ઉતાવલી રે, ચિંતઇ રાજકુમાર નારિ નહી એ ભલી રે;
વઇરીના ઘરમાંહિ નિચિંત ન સૂઈઇ રે, જો કીજઇ વિસવાસ તુ જીવિત ખોઇઇ રે. ૩૧૨

નારિતણા એ દોષ સુણો સાત મૂલગા રે, જનમ થકી કરઇ લોભ[૧] ન ગણઇ બંધવ સગા રે;
મતિ હોઇ તસ મૂઢ[૨] અલીક ન[૩] પરિહરઇ રે, દેહી સર્વ અશુચ્ય[૪] સાહસ મનિ[૫] અતિ ધરઇ રે. ૩૧૩

હોઇ બલ અતિ[૬] અંગિ લજ્જા નહીં[૭] સાતમી રે, મ કરો તસ વીસાસ આણી મનિ મતિ સમી રે;
જે કામીનઇ(૨) આપ આપઇ ચિત્તિ નારિસુ રે, તે પડઇ દુખ અગાધિ સજન સુનયો ઇસિંઉ રે'. ૩૧૪

ઇમ ચિતિ ચિંતી તામ શય્યા મૂંકઇ ઇસિઇ રે, કુમરઇ દીઠી તામ શિલા પડતી તિસઇ રે;
મનિ હરખી તવ મૂઢ નાચતી ઇમ ભણઇ રે, 'મુઝ બાંધવનઇ મારિ જાઇસ કિહાં કણિ રે?'. ૩૧૫

કોપ કરી મનમાંહિ નારી કેસઇ ગ્રહી રે, 'રે!' રે! સંભલિ દુષ્ટ! મારે મુઝ કો નહી રે;
જો જાગઇ પરરાતિ તે આપણી કિમ સૂઇ રે?', લાજી અબલા તામ કે સાહમું નવિ જુઇ રે. ૩૧૬

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દૂહા :

વીરમતી લેઈ કરી, પ્રણમ્યા ભૂપતિ પાય;
'એ તસ ભગની જાણયો, ચોર હણયો વલી રાય!'. ૩૧૭

સુણી ભૂપતિ તવ ચમકીઉ, એ મોટો સાહસીક;
ચોર સબલ જિણિ વિસિ કર્યો, એકલડઇ નિરભીક. ૩૧૮

ભૂમિગૃહ દેખાડીઉ, ચોરતણો જે ગેહ;
રાજા મનિ હરખિઉ ઘણું, કુમર ઉપરિ ધરઇ નેહ. ૩૧૯

શત ઘોડા શત ગામસિંઉ, શત ગજ કોશ ભંડાર;
**કમલસેના**સિઉ આપીયો, બહુ પાયક પરિવાર. ૩૨૦

જસ પસરિઉ તસ ચિહુંદિસિ, પામિઉ પુન્યઇ રાજ;
પુન્યથકી સંપત મિલી, સીધા સઘલાં કાજ. ૩૨૧

રાજલીલા સુખ ભોગવઇ, પુન્યતણઇ સુપસાય;
............., ખિન વરસા સો થાય. ૩૨૨

## ઢાલ : ૧૭, રાગ-કેદારો.

નિસિ-દિવસ મનમાંહિ વલી, ચિંતવઇ રાજકુમાર;
'એ અથિર લીલા માહરી, વિના મદનમંજરી નારિ'. ૩૨૩
કુમરજી ચિંતઇ હીયડલઇ નેહ, જિમ બાપીયડા મેહ. આંકણી.

જે જેહનઇ ચિત્તિમાં વસઇ, તે તેહસિઉં કરઇ રંગ;
[૧]ગિરિસુતાસિઉ છલ દાખવી, [૨]હર સિરિ ધરઇ નિત ગંગ. ૩૨૪ કુમરજી૦

મધુકરઇ ચંપક પરિહર્યુ, માલતીસિઉં ઘણ નેહ;
ચાતુકે અવર જલ સવિ તજ્યું, નિસિદિનિ ધરઇ મનિ મેહ. ૩૨૫ કુમરજી૦

---

૧. પાર્વતીને. ૨. શંકર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જાઈ જુઈ કેતક પરિહરી, [૧]હરિ ચડઈ [૨]આક-[૩]ધંતૂર;
શશિ [૪]અંકિ ધારઇ મૃગ સદા, નવિ રહઇ એક ખિણ દૂરિ. ૩૨૬ કુમરજી૦

ગુણિ મોહીઉ કુમરીતણઇ, રયણ-દિવસ રહઇ સંલીન;
ખિણ એક વરસ સમો હવઇ, વારિ વિના જિમ મીન. ૩૨૭ કુમરજી૦

કુલ-સીલ-લજ્જા તવ લગઇ, તવ લગઇ જગિ લહઇ માન;
વર બુદ્ધિ-વિદ્યા તવ લગઇ, નવિ લગઇ મનમથ બાણ. ૩૨૮ કુમરજી૦

ઇણિ સમઇ સુંદર ભામિની, આવી તે કુમર આવાસિ;
અતિ ચતુર નિરુપમ દુતિકા, નાખતી કામીજન પાસિ. ૩૨૯ કુમરજી૦

ચંદ્રવદની ચારુ સુલોચની, ચાલતી ચાલિ [૫]ગયંદ;
કુચ કનકકુંભ સોહઇ ભલા, કટિલંકઇ જીત્યઉ [૬]મૃગંદ ૩૩૦ કુમરજી૦

વેખિ દંડિ ફણી જીતિઉ સહી, કોકિલા કંઠ વિલાસ;
મુખિ મધુર વાણી બોલતી, આવી કુમરનઇ પાસિ. ૩૩૧ કુમરજી૦

નિજ સીસ હરખઇ નામંતી, મારતી મનમથ બાણ;
હાવભાવ ભેદ દેખાડતી, માગતી કુમરનું માન. ૩૩૨ કુમરજી૦

નિરખી તે નયને દુતિકા, હરખઇ તે રાજકુમાર;
કરઇ છાંટણાં કુંકમતણા, ચંદન ભરીય કચોલ ૩૩૩ કુમરજી૦

દાન-માન બહુ દીઇ તેહનઇ, અતિ ચતુર તેહ કુમાર;
મધુર વચનિ પૂછઇ તદા, આવ્યા તણો વિચાર. ૩૩૪ કુમરજી૦



૧. સર્પ. ૨. આકડો. ૩. ધતુરો. ૪. ખોળામાં. ૫. હાથી. ૬. સિંહ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાલ : ૧૮, દેસી-જકડીની. જયાની સુદાગર કુ હુંચ લલના દેસી-એ દેસી.

મધુર વચને તવ દુતી બોલઇ, 'અવર પુરુષ નહી તુમ્હ સમ તોલઇ;
વચન સુણઉ એક કુંઅર! મોરા, મંજરી વંછઇ સંગમ તોરા વચન૦. ૩૩૫

વારિ વિના જિમ રહઇ મીના, તિમ સા નારી રહઇ નિત દીના વચન૦;
પહિલું જાસું કીજઇ નેહા, તાકું અંતિ ન દીજઇ છેહા વચન૦. ૩૩૬

કિન અવગુન મુઝ ચિત્તિ ઉતારી?, મન હર લીનુ રાજકુમારી વચન૦;
વિરહ વેદન મૂર્છાની દેહા, સંગમજલ કરી સીંચુ તેહા વચન૦. ૩૩૭

પુરજન કીરતિ તોરી બોલઇ, પરઉપગારી કો નહી તુમ્હ તોલઇ વચન૦;
ગૂંથી તુમ્હ ગુણ કેરી માલા, મદનમંજરી ધરઇ રુદય વિસાલા વચન૦. ૩૩૮

આસ્યા બાંધી તુમ્હસિઉં મોટી, હવ ઇમ મ કરયો પ્રીતિ જ ખોટી' વચન૦;
દૂતી વચન સુની મનોહારા, જાગઇ ચિત્તિ અતિ કામ વિકારા વચન૦. ૩૩૯

જે હોઇઅ ચતુર મૂગધ ગમારા, તે નવિ જાણઇ દૂત વિચારા વચન૦;
આપઇ નિજ કર ફૂલ-તંબોલા, બોલઇ કુંઅર બોલ અમોલા વચન૦. ૩૪૦

'મમ મન ભમર રહઇ તુમ્હ પાસા, મંદિર રહયો ધરી મનિ આસા વચન૦;
સમયોચિત કીજઇ ચિત્ત વિમાસી', આવી દૂતિ વાત પ્રકાસી વચન૦. ૩૪૧



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**દૂહા :**

વચન સુણી તવ કુંઅરી, હરખ ધરઇ નિજ ચિત્તિ;
ધરી આસ્યા મંદિર રહઇ, પ્રીતમ સમરઇ નિત્તિ. ૩૪૨

આસ્યા બંધી બપ્પીહો, રહઇ તે આઠઇ માસ;
પ્રીઉ-પ્રીઉ કરતા તેહની, જલધર પૂરઇ આસ. ૩૪૩

અગડદત્ત સુખઇ રહઇ, પામી નૃપનૂં માન;
હવઇ સંબંધ જિસ્યો હુઉ, તે સુનયો આખ્યાંન. ૩૪૪

## ઢાલઃ ૧૯, રાગ-ગુડી, બાહુબલિ રાણો ઇમ ચીંતવઇ-એ દેસી.

એકદા કરભિ આરોહીયા, આવીયા સેવક તામ રે;
બે કરજોડીનઇ ઉભલા, કરીય પંચાંગ પ્રણામ રે. ૩૪૫ કુમર૦

'કુમર! સુણુ એક વીનતી, મનિ ધરી હરખ અપાર રે;
મોહ ધરી રે નિજ રાજની, વહિલડી કરુ પ્રભુ! સાર રે'. ૩૪૬ કુમર૦

કુમર તે લોચનિ જલભરી, પૂછઇ હવઇ કુસલ નિજ તાત રે;
'સુણઉ કુમર! સલુણડા!, ભાખું હવઇ ઘરતણી વાત રે. ૩૪૭ કુમર૦

તુમ્હ વિના સુખ નહીં તાતનઇ, માયનઇ મનિ અતિ દાહ રે;
રયન-દિવસ તસ લોચનઇ, ઝરઇ અતિ નીર-પ્રવાહ રે. ૩૪૮ કુમર૦

પુત્ર વિણ રાણિ-[1]મરાજની, કુણ કરઇ તેહની સાર રે;
સૂના મિંદિર-[2]ઘરઉર જાઉ, ગજ-રથ-તુરીય-તુખાર રે. ૩૪૯ કુમર૦

સુત વિન દેસ તે નવિ રહઇ, સબલ સીમાધિપતિ થાય રે;
સીહ સમ દુદ્ધર તું વડો, આવો હવઇ કરીય પસાય રે. ૩૫૦ કુમર૦

---

૧. મહારાજાની. ૨. ઘર તરફ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચિહુંદિસિ કીરતિ વિસ્તરી, કીધલાં સબલ તઇં કાજ રે;
ક્ષિત્રીયવંશ સોભાવીયો, વિસ્તરી તાતની લાજ રે. ૩૫૧ કુમર૦

ગજ જિમ રઇ [1]રેવાનદી, ચાતુક મનિ જિમ મેહ રે;
તિમ નિત સમરઇ ગુણ તોરડા, તુમ્હ વિના જીવિત સંદેહ રે'. ૩૫૨ કુમર૦

ચરતણા વચન સુણી એહવા, કુમર મનિ વાધિલો પ્રેમ રે;
'મુઝ વિરહઇ દુખ તાતનઇ, તુ ઇહાં રહીઇ હવઇ કેમ રે?'. ૩૫૩ કુમર૦

૧. ગંગાનદી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**દૂહા :**

વચન સુની ઇમ દૂતના, ચિંતઇ રાજકુમાર;
વીનવીઇ નૃપનઇ જઈ, કીજઇ ગમન પ્રકાર. ૩૫૪

કરી પ્રણામ ભાખઇ ઇસિઉં, 'આપઉ આયસ રાજ!;
જિમ જઈઇ નિજ પુર ભણી, સીઝઇ વંછિત કાજ'. ૩૫૫

વલતુ નૃપ બોલઇ ઇસિઉં, 'વચન સુનઉ મુઝ એક;
રાજલીલા સવિ તાહરી, સુખ ભોગવું અનેક. ૩૫૬

મુઝ પુર તઈં સોભાવીઉ, કરી મોટઉ ઊપગાર;
પુરજન કીરતિ તાહરી, વદઇ અનેક ઉદાર'. ૩૫૭

કુમરતણઉ આગ્રહ લહી, રાજા મનનઇ રંગિ;
કરઇ [૧]સજાઇ રુયડી, મેલ્હઇ કુમરી સંગિ. ૩૫૮

**ચોપઇ :**

હવઇ નૃપ કુમર [૨]સંપ્રેડો કરઇ, ભોજન કારણ તેડઇ ઘરિ;
કરી તિલક તંદુલ રોપીયા, છાંટી કુંકમ શ્રીફલ દીયા. ૩૫૯

આપઇ રત્નજટિત [૩]મુંદ્રડી, આપઇ કંકણ સોવન કડી;
આપઇ મુક્તાફલના હાર, આપઇ મુગટ રયણ-ઝલકાર. ૩૬૦

હીર ચીર સુંદર પટ ફૂલ, આપઇ ખીરોદક બહુ મૂલ;
આપઇ મોદિક કેરા [૪]માટ, આપઇ સુંદર સોવન ખાટ. ૩૬૧

ગજ-રથ-ઘોડા-પાયક ઘણા, આપઇ રાય તે સોહામણા;
ઇમ અનેક સબલ [૫]દાયવો, આપી નેહ ઉપાયો નવો. ૩૬૨

અનેક દાસીસું પરવરી, ચાલી કમલસેના સુંદરી;
માય-તાય મોકલામણ કરઇ, નિજ નયનેં આસુંજલ ભરઇ. ૩૬૩

---

૧. શણગાર. ૨. વળાવવાની વિધિ. ૩. વીંટી. ૪. માટલા. ૫. દાયજો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માતા તસ સીખામણ દીઇ, 'નિજ પતિ વચન નવિ લોપઇ;'
વિનય કરીનઇ પ્રણમઇ પાય, આપી માન વઉલાવઇ રાય. ૩૬૪

શુભવેલા શુભ મહુરત ધરઇ, પુર બાહિર ઉતારા કરઇ;
સકલ સૈન્ય તિહા થાપઇ ભલો, કુમર રહ્યો મંદિર એકલો. ૩૬૫

અસ્તાચલિં જવ પુહતો ભાણ, કુમર કરઇ ચિંતન અસમાન;
રયણિ પ્રહર સમય જબ હુયો, તુરંગમ રથ કુમરિ સજ્જીઉ. ૩૬૬

કુમરઇ તિહાં દૂતી મોકલી, આવી નારિ તિહાં ઝલફલી;
કરઇ અમર પ્રીઆણો આજ, આવો જો તસ મિલવા કાજ. ૩૬૭

તવ એહવો સંકેત જ લહી, મદનમંજરી ચાલી ગહગહી;
સખી સહિત તિહાં આવઇ વહી, રથ રાખિઉ કુમરઇ જિહાં સહી. ૩૬૮

ભાગો વિરહ નઇ આસ્યા ફલી, કુમરી-કુમર મિલી જોડિલી;
ખેડી રથ વહી આવઇ તિહાં, સબલ સૈન્ય ઉતારિઉ જિહાં. ૩૬૯

આવી સદ્ય [૧]પ્રિયાણક કરઇ, કુમર મનિ અતિ ઊલટ ધરઇ;
ગાજઇ ગુહિરઉ ભેરી-નાદ, બંદીજન બોલઇ જયવાદ. ૩૭૦

અતિ દુદ્ધર [૨]સિંધુર મલપતા, સુંડાદંડ જ ઉલાલતા;
સીસ સીંદૂર પ્રબલ મદ ઝરઇ, મધુકર તિહાં ગુંજારવ કરઇ. ૩૭૧

કાલી મેઘતણી જિમ ઘટા, ચાલઇ આગલિ મયઘટા;
ઢલઇ ઢાલ તિહાં [૩]પાખર ઢલી, વાજઇ ઘંટા ઘંઘર મિલી. ૩૭૨

[૪]કાછેલા તેજી સંચરઇ, [૫]પાખરીયા હેષારવ કરઇ;
સુભ લક્ષણ સુંદર સોભતા, ચાલ્યા હયવર બહુ હાંસતા. ૩૭૩

પંચ વરણ નેજા ફરહરઇ, મધુર નાદ વાજા ઘુરહરઇ;
બિહુ પાસઇ ઢલઇ ચામર સાર, ધરઇ છત્ર સિરિ અતિ મનોહાર. ૩૭૪

---

૧. પ્રયાણ. ૨. હાથી. ૩. પલાણ. ૪. કચ્છના. ૫. સજ્જ કરેલા ઘોડા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અતિ ઉછકિ મારગિ નિત વહઇ, કાસી સીમ ઘણી ભુઇ રહઇ;
અટવી એક દેખઇ નયણલે, કુમર સૈન્ય તેમાંહિ ચલઇ. ૩૭૫

સરલ તરલ તિહાં વૃક્ષ અનેક, જોતાં કોઇ ન પામઇ છેક;
પગિ-પગિ નીર પ્રવાહ જ ઝરઇ, વાઘ-સિંહ [૧]ગુંજારવ કરઇ. ૩૭૬

સૂરિજ કિરણ નવિ ફરસઇ જિહાં, ગિરિ-[૨]ગુહવર વિસમા વલી તિહાં;
વહી આવ્યા તિનિ થાનકિ જામ, તિનિ અવસરિ તિહાં હુઉ વિરામ. ૩૭૭

## ઢાલ : ૨૦, દેસી- ચોમાસાની, રાગ- સારિંગ મલ્હાર

ઇણિ અવસરિ તિહાં આવીયો, વરષા રિતુ મનોહાર;
પ્રગટઇ વાદલની ઘટા, દહુ-દિસિ ઘોર અંધાર. ૩૭૮
પાવસ પ્રગટિઉ હે સહી આંકણી.

એક પ્રગટિઉ પાવસ માસ સુંદર, વીજુલી ઝબકા કરઇ,
ઘનઘોરિ વરષઇ મોર હરખઇ, [૩]વિરહની મનિ દુખ ધરઇ;
અતિ જલધિ ગુહિર ગંભીર ગાજઇ, હરખઇ મન સંયોગીયાં,
પ્રીય સાથિ અબલા, ચિત્ત વિમલા ભોગીયાં. ૩૭૯

બપીહા પીઊ-પીઊ લવઈ, શબદ સુહાવઇ રે કાનિ;
[૪]પંથી પંથી ન કો વહઇ, ભૂ-રમણી ધરઇ માન. ૩૮૦ પાવસ૦

એક માન ધરતી મનહરતી, નીલ ચરણા તવ ધરઇ,
ઇણિ સમિ કુમર નરિંદ સુંદર, ચિત્તિ ચિંતન ઇમ કરઇ;
'હજી પંથ મોટઉ નહી છોટા, લોક સવિ થાસઇ દુખી,
સુભ ભૂમિ નિરખી મન્નિ હરખી, સેન તિહા રાખઇ સુખી. ૩૮૧

તિણિ અવસરિ પલીપતિ, જાણી કુમર નિવેસ;
સીહ સબલ જિમ ઊઠીયો, લેવા ઋદ્ધિ અસેસ. ૩૮૨ પાવસ૦

---

૧. ગર્જના. ૨. ગુફા. ૩. વિરહણી સ્ત્રી. ૪. માર્ગમાં મુસાફર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સવિ ઋદ્ધિ લેવા બલ હરેવા, સબલ સેના સજ કરી,
આવીયા સુભટ સંગ્રામ સૂંરા, કુંત-ભાલા કરિ ધરી;
ઊછલઇ અંબર જાણે તુંબર, દીસતા અતિ દુદ્ધરા,
હાકતા અરિજન માન ગાલઇ, યમદૂત જાણે એ ખરા. ૩૮૩

નિજ સેનાસિંઉ આવીઉ, વાજઇ તબલ નીસાંણ;
હય હેષારવ હીંસતા, માગત બોલઇ માન. ૩૮૪ પાવસ૦

મુખિ માન બોલઇ સિંહ તોલઇ, અવર નહીં તુમ્હ સમવડિ,
સંગ્રામિ સૂરો યુદ્ધિ પૂરો, અવર નવિ કો તુમ્હ ભિડઇ;
ઇમ કરી આડંબર સાથિ સંબર, અભિમાન મનમાંહિ ધરી,
તેનઇ ઠામિ આવઇ ભેરી વજાવઇ, જિહાં કુમર સેના ઊતરી. ૩૮૫



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દૂહા :

તવ કોલાહલ ઉછલ્યો, સહસા સેનામાંહિ;
બીહંતા નર બાપડા, ઋદ્ધિ લેઇનઇ જાય. ૩૮૬

અગડદત્તકુમાર તવ, ધરી ધીરજ મનમાંહિ;
પડહ વજાવી કટકમઇ, બઇઠો અધિક ઉચ્છાહિ. ૩૮૭

ભેરી-ભંભાનાદ તવ, વાજઇ તબલ નીસાંણ;
હય-ગય-રથ-પાયક તિહાં, મેલઇ કુમર સુજાણ. ૩૮૮

## ઢાલ : ૨૧, રાગ- ભૂપાલ પવાડી વરઝહ્યર તુંગલ ભેરિ સાદ.

નૃપ આણ ધરી શિરિ ઊપરિ, સૂર સુભટ સન્નાહ તિહાં ધરઇ;
લોહ ટોપ આટોપ કરઇ ઘણા, દીસતા અતિ બીહામણા. ૩૮૯

ભરઇ બાણતણા વલી ભાથડા, કરિ ક્રોધઇ લોચન રાતડાં;
કરિ [૧]કાતી રાતી ઝલહલઇ, કાયર નર દેખી ખલભલઇ. ૩૯૦

વલી આગલિ મયગલની ઘટા, જાણે કરી આવી ઘનઘટા;
અતિ દુદ્ધર [૨]સિંદૂર મદિ ભર્યા, [૩]પુંતાર ચડ્યા વલી આકરા. ૩૯૧

સૂંડાદંડઇ ખડગ ઉલાલતા, ચાલ્યા અરિજન દલ પાલતા;
પડઘા પડછંદઇ પાડતા, ચાલ્યા ખુર રેણુ ઉડાડતાં. ૩૯૨

હયવર હેષારવ હીંસતા, દેખી નર નાસઇ નીસતા;
ચતુરંગ સેનાસિંઉ તિહાં સહી, રણભૂમઇ આવઇ કુમર વહી. ૩૯૩

ફોજ-ફોજ મિલી તિહા સામહી, વાજઇ નીસાંણ નઇ ખરમુહી;
નાલિ ગોલા બહુ તિહાં ગડયડઇ, માહો-માંહિ સુભટ ભલા ભિડઇ. ૩૯૪

---

૧. નાની તલવાર. ૨. હાથી. ૩. મ્હાવત.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સીંધુડો રાગ તિહાં સજઇ, સિરણાઇ નાઢ(દ?) ભલો વજઇ;
અતિ મૂંકઇ સબલ બાણાવલી, દેખી નર કે જાઇ ટલી. ૩૯૫

વડી વાર સંગ્રામ તિહાં હુઉ, પલ્લીપતિ તિહાં આપઇ દૂઉ;
તવ ધાયા ધીર ભલા ધસી, દેખી કુમર કટક જાઇ ખસી. ૩૯૬

રથ એકઇ કુમર તિહાં ભયઉ, નિજ નારી સરીસઉ તે રહિઉ;
જિમ ધાયઇ કેસરિ ગજઘટા, તિમ ભંજઇ રિપુ કેરી ઘટા. ૩૯૭

તિણિ અવસરિ પાલિતણુ ધણી, ઊભો તિહાં દેખઇ મહારણી;
અંગોઅંગિ કરઇ યુદ્ધ આકરો, એક એકથી નવિ જાઇ પહરો. ૩૯૮

અતિ-દુર્જય તે પલ્લીપતિ, તવ ચિંતઇ કુંઅર સુભમતિ;
'બલ છલ કોઇ ઇહાં કીજીઇ, તો દુદ્ધર રિપુનઇ લીજીઇ'. ૩૯૯



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દૂહા :

અગડદત્તકુમાર તવ, ચિંતઇ મનહ મઝારિ;
'કિમ આવઇ વસિ માહરઇ?, કીજઇ સોય પ્રકાર. ૪૦૦

જવ પ્રસ્તાવ લહઇ જિસ્યઉ, તિમ ચાલઇ જે લોઇ;
તે પંડિત પૂરો કહિઉ, ગંજિ ન સકઇ કોઇ. ૪૦૧

બલપાઇ બુદ્ધિ ભલી કહી, જો ઊપજઇ તિણિવારિ;
જંબૂકે સીહ જ જિમ હણ્યઉ, બુદ્ધિતણઇ અનુસારિ. ૪૦૨

[पञ्चतन्त्रस्य कथानकं]

## ઢાલ : ૨૨, રાગ-મલ્હાર ચતુર ચોમાસું પડકમી-એ દેસી.

નૃપસુત કહઇ નિજ નારિનઇ, 'સુણુ એક મુઝ વાણિ રે;
સુગુણ સનેહી તું સહી, કરો એથિ વિનાણ રે.' ૪૦૩

કુમર કહઇ નિજ નારિનઇ, 'સબલ પલ્લીતણુ રાય રે;
યુધ્ધ કરી નવિ જીપીઈ, છલિ એ વશિ થાય રે. ૪૦૪ કુમર૦

સોલ શ્રૃંગાર પૂરા સજી, કરી મદનનૂં પૂર રે;
બઇસો રથ આગલિ થઈ, જિમ રિપુ રહઇ દુરિ રે.' ૪૦૫ કુમર૦

રુપઇ મદન પ્રિયા જિસી, ચલઇ ગજગતિ ચાલિ રે;
કંતનુ આયસ સિરિ ધરી, રચઇ રુપ વિસાલ રે. ૪૦૬ કુમર૦

પહિરણિ પીત પટોલડી, ચરણઇ ઝંઝર ઝમકાર રે;
અંગુલી પહિરીયા વીછીયા, કરતી રમઝમ ઝમકાર રે. ૪૦૭ કુમર૦

જંઘ-જુગ [1]રંભા ઉપમ કહી, કટિ-લંક મૃગરાજ રે;
ખલકતી સોવન મેખલા, ધરઇ [2]ખિંખની સાજ રે. ૪૦૮ કુમર૦

---

૧. કેળ. ૨. ઘુંઘરી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કુચ-યુગ કલસ સોવન તણા, કસિઉ કંચૂ વિસાલ રે;
દેખી કામીજન મન હરઇ, ધરઇ સોવન માલ રે. ૪૦૯ કુમર૦

વેણી દંડિ જીતિઉ ફણી, શ્યામવરણ સુસોભ રે;
દેખતા મુગધ નર બાપડા, પામઇ મનિ અતિ ખોભ રે. ૪૧૦ કુમર૦

વદન સોહઇ પૂરણ શશી, મૃગનયણી વર બાલ રે;
કુંડલ યુગલ સોભા ધરઇ, રોપઇ તિલકસુ ભાલ રે. ૪૧૧ કુમર૦

ચપલ નયણેં ચિહું દિસિ જુઇ, ચતુરા ચંપક વાનિ રે;
દીપશિખા સમ નાસિકા, [1]અધુર વિદ્રુમ સમ જાણિ રે. ૪૧૨ કુમર૦

કુટિલ ભ્રૂકુટિ ધનુષઇ કરી, નાખતી મનમથ બાણ રે;
મદન વસિ ઘૂમતી માનિની, હરઇ સૂરના પ્રાણ રે. ૪૧૩ કુમર૦

સકલ અંગિ ભૂષણ સજી, રચી અંજન રેહ રે;
રથ આવી બઇઠી તદા, ધરી પ્રીતમ નેહ રે. ૪૧૪ કુમર૦

---

૧. હોઠ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ચોપઈઃ રાગ- રામગિરિ માંહિ.

દેખઇ તવ સુંદર ભામિની, ઝબકઇ દૂરિ જિસી [1]દામિની;
કઇ રંભા કઇ અપછર હોઇ?, ઇ સમવડિ જગિ નાવઇ કોઇ. ૪૧૫

ખોટઇ હૃદય કરઇ ઘણ નેહ, વલી-વલી જોવઇ સનમુખ તેહ;
જો સ્વારથ દેખઇ આપણો, નારી કપટ કરઇ તિહાં ઘણો. ૪૧૬

હરી-હર મોટા કહીયઇ જેહ, ભ્રુ-ભ્રંગઇ ભમાડિયા તેહ;
છંડી તપ-જપ નિજ આચાર, નારી વચનિ પડિયા સંસારિ. ૪૧૭

જે વલી કહીયા સૂધા વ્રતી, વનિતા વચનિ પડિયા જતી;
નીચ-ઊંચ મનમાં નવિ ગમઇ, દેખી સ્વારથ પ્રીતમ ભણઇ. ૪૧૮

નવિ કીજઇ વનિતા વીસાસ, જો વંછીજઇ જીવીત આસ;
કુડ-કપટ ભણી કોથલી, એ પરિણામઇ ન હોવઇ ભલી. ૪૧૯

ધન-ધન જે છંડઇ એ ખરી, તે લહઇ અવિચલ સિદ્ધિના પુરી;
તે જગ પામઇ સોભા ઘણી, સુરનર સેવ કરઇ તસ ભણી. ૪૨૦

હવઇ તે નારી મદનમંજરી, હાવભાવ વિભ્રમ બહુ કરી;
ચકિત થઇ નિરખઇ તસ રુપ, જિમ મરુથલિ લાધુ જલ-કુપ. ૪૨૧

નાખઇ મનમથ કેરા બાણ, મૂર્છા પામઇ તુરત [2]અજાણ;
લહી અવસર નઇ કરઇ પ્રહાર, પાડિઉ ભૂમિ કરઇ પોકાર. ૪૨૨

પલ્લીપતિ કહઇ વાણી ઇસી, 'મ કરસિ તૂં મનિ મોટિમ કિસી;
તુઝ બલિથી હું નવિ પડિઉ, ઇણિ અવસરિ મદનિ મુઝ નડ્યો.' ૪૨૩

જે મોટો સુર-નર દેવતા, દીસઇ સ્ત્રીના પગ સેવતા;
એ નારી વિસની વેલડી, દરસનિ મીઠી જિમ સેલડી. ૪૨૪

---

૧. વીજળી. ૨. અજ્ઞાની.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મર્મતણઉ તસ દીધઉ ઘાઉ, યમ મિંદિર તે પુહતો રાઉ;
એ મોટો સંકટ ઉતર્યો, આવી કુમરિ રથ [૧]જોતર્યું ૪૨૫

પવનવેગિ તે ચાલ્યો જાઇ, નર-નારી મનિ હરખ ન માઇ;
નાનાવિધ તરુવર જે લતા, મારગિ જાઇ તે નિરખતા. ૪૨૬

એકઇ રથિ મન ધીરજ ધરી, મોટી અટવી તવ ઊતરી;
ચાલિ કુંઅર આગલિ જામ, નિરખઇ ગોકુલ એક અભિરામ. ૪૨૭

ધેનુ [૨]સવછી દીસઇ જિહાં, ચરઇ [૩]બાલ-તૃણ ઊભી તિહાં;
કામધેનુ બહુ ખીરજ ઝરઇ, દુધ તણા બહુ ભાજન ભરઇ. ૪૨૮

ગોવાલણિ હીડઇ ઝલફલી, લહકઇ કાનિ સોવન નાગિલી[૪];
પહિર્યા ગુંજ તણા ઉરિ હાર, પીન પયોહર અતિ મનોહાર. ૪૨૯

કાનઇ ધરતી ચંપક ફૂલ, બોલઇ મુખિ તે બોલ અમોલ;
પહિરઇ [૫]ધાબલીયાલો વેસ, શ્યામ વરણ સોહઇ સિરિ કેસ. ૪૩૦

મહી વલોઇ મનિ હરખતી, મોટી ચૂડી કરિ ખલ-ખલકતી;
ચિત્તતણી તે ચોરણહાર, એહવી ગોકુલ કેરી નારિ. ૪૩૧

ઠામિ-ઠામિ તિહાં સુણીઇ ઘણા, ગોરસ-નાદ તે સોહામણા;
ગાઇતણા તિહાં દીસઇ વૃંદ, દેખી કુમર ટલિઉ મન દંદ. ૪૩૨

સજલ સરોવર દેખી ઠામ, છોડી રથ નઇ લેઇ વિશ્રામ;
હવઇ જે આગલિ હુઉ ચરી, સુનયો સજ્જન મન થિર કરી. ૪૩૩

---

૧. જોડ્યો. ૨. વાછરડા સહિત. ૩. કુમળા ઘાસ. ૪. સર્પાકાર કુંડલ. ૫. ઉનના વસ્રનો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દૂહા :

સરોવર તીરિ રંગિ, બઇઠો કુમર નરિંદ;
જિમ સોહઇ પૂનિમ નિસા, રોહિણિ [1]સરિસુ ચંદ. ૪૩૪

ચકવા-ચકવીની પરિ, ન રહઇ એક ખિણ દૂરિ;
લહીઇ સુખ તો એહવઉ, જો હોઇ પુન્ય-અંકૂર. ૪૩૫

નર-નારી હરખઇ કરી, બઇઠા તરુ-તલિ જામ;
નિરખી રથ કુંઅરતણો, આવ્યા તિણિ ઠામ. ૪૩૬

## ઢાલઃ ૩, રાગ-સારંગ, રહિઉ ઇડર ગઢ જાઇ.

ઇણિ અવસરિ તિહાં આવીયો રે, ગોકુલથી નર હોય;
આવી સનમુક ઊભલા રે, વલી વલી કુમરનઇ જોઇ. ૪૩૭
સોઇ નર પૂછઇ કુમરનઇ રે વાત. આંકણી.

સૂરવીર દીસઇ ભલો રે, જિમ [2]પંચાયન સીહ;
'કુણ પુરથી ઇહાં આવીયા રે?, એકલડો નિરબીહ. ૪૩૮ સોઇ૦

અટવીમાંહિ એકલો રે, તુરંગમ રથ તિહાં જોડિ;
કામિની સરિસો આવીયો રે, નાવિ કો તુઝ [3]હોડિ. ૪૩૯ સોઇ૦

ભુંઇ કેતી તુમ્હે જાઇસો રે?, અમ્હનઇ ભાખો તેહ';
કુમર કહઇ 'સુનુ ગોકુલી! રે, સંખપુર મોરો ગેહ.' ૪૪૦ સોઇ૦

વચન સુની મનિ હરખીયા રે, બોલઇ એહવી વાણિ;
'તું મોટો કો રાજવી રે, વીનતી અમ્હ મન આણિ. ૪૪૧ સોઇ૦

જો પ્રસાદ હોઇ તાહરો રે, મારગિ તોરઇ સંગિ;
સંખપુર નગર ભણી અમ્હઇ રે, આવી જઇ મનરંગિ.' ૪૪૨ સોઇ૦

---

૧. સાથે. ૨. પંચાનન. ૩. સાથે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નૃપસુત કહઇ 'સુણુ પંથીયા! રે, ધીરજ ધરી મનમાંહિ;
શીઘ્ર થઇ સાથઇ ચલો રે, આણિ મનિ ઉછાહ.' ૪૪૩ સોઇ૦

તુ વલતું ભાખઇ ઇસિઉ રે, 'સંખપુર મારગ દોઇ;
જે [1]દખ્ખણ દિસિ વાટડી રે, મહા અટવી તિહાં જોય. ૪૪૪ સોઇ૦

યોજન એ ભુંઇ જાઈઇ રે, ચોરતણો તિહાં ઠામ;
અતિ દુર્જય તે પાતકી રે, **દુર્યોધન** તસ નામ. ૪૪૫ સોઇ૦

તું પણિ મોટો સાહસી રે, જો તે જીપિસ ચોર;
અતિ દુદ્ધર સિંધુર વડો રે, મારગિ પડાવઇ સોર. ૪૪૬ સોઇ૦

દ્રષ્ટીવિષ ફણિધર રહઇ રે, મુંકઇ મુખિથી ઝાલ;
ગુંજઇ વાઘ તિહાં વલી રે, અતિ મોટઉ વિકરાલ. ૪૪૭ સોઇ૦

પંથ તજો દૂરિં ઇસિઉ રે, અન્ય મારગ તૂં લેઇ;
જિમ જાઉં શંખપુરિ વહી રે', ગોકુલી એમ કહેય. ૪૪૮ સોઇ૦



૧. દક્ષિણ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દૂહા :

કુમર વલી બોલઇ ઇસિઉ, સુણી મારગની વાત;
'વિષમ પંથિ જે સંચરઇ, તેહ જ સૂર વિખ્યાત. ૪૪૯

નિર્ભય થઇ આવો સહુ, અનઇ શંખપુરી જે લોય;'
વચન સુણી ઇમ તેહના, ચાલ્યા જન સહુ કોય. ૪૫૦

ધરી સનાહ અંગિ ખરી, કીધો ધનુષ ટંકાર;
ચાલ્યો સીહતણી પરિ, કરતો મુખિ ગુંજાર. ૪૫૧

## ઢાલ : ૨૪, જનની મનિ આસ્યા ઘણી-એ દેસી.

ગોકુલથી આગલિ ચલઇ, ધીર ધીરજ તામ;
પવનવેગ રથ જોતરી, ચલઇ [૧]આઘો જામ. ૪૫૨

સુણયો હવઇ જે તિહાં હુઉ, એક કૌતક મોટઉ;
એક [૨]જટિલ તિહાં આવીઉ, મનમાંહિ ખોટો. ૪૫૩ સુણયો૦

તિલક કરઇ ચંદનતણઉ, કરઇ ધરિઇ ત્રિશૂલ;
રાતા વસ્ત્ર ધરઇ વલી, તે પણિ બહુ મૂલ. ૪૫૪ સુણયો૦

કરિ કમંડલ રુપડો, ગલિ તુલસીય માલા;
સોમવદન સુંદર વપુ, બોલઇ વયણ રસાલા. ૪૫૫ સુણયો૦

ધારઇ દેવ કરંડિકા, શિવ નારાયણ કેરી;
મનોહર મૂરતિ તેહની, સેવ સારઇ ઘણેરી. ૪૫૬ સુણયો૦

સ્નાન સંધ્યા ભલી પરિ કરઇ, જપઇ ગાયત્રી-મંત્ર;
દેખી જન વિભ્રમ પડઇ, અતિ તે સુપવિત્ર. ૪૫૭ સુણયો૦

જે નર ધૂરત હોઇ ખરા, તસ એહ પ્રકાર;
કપટ વેષ ધરી એહવા, મોહિ પાડઇ સંસાર. ૪૫૮ સુણયો૦

---

૧. આગળ. ૨. સંન્યાસી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કપટ વેષ ધારી તદા, આવઇ કુમરનઇ પાસિ;
વિનય કરી ઊભો રહે હઇ, નિજ વીનતી ભાસઇ. ૪૫૯ સુણયો૦

'સુણિ નૃપનંદન! જે કહું, માહરી એક વાત;
અનેક તીરથ મઇ કીયા, જોડી નિજ હાથ. ૪૬૦ સુણયો૦

કાસીય નઇ ગોદાવરી, દ્વારામતી ય સુચંગ;
બદિરી નારાયણ ભલો, નાહિયા જલ ગંગ. ૪૬૧ સુણયો૦

સંખપુર તીરથ જાતરા, કરવીઇ હવઇ મુઝ;
આવઉં તુઝ સાથઇ વહી, એક ભાખું ગુઝ. ૪૬૨ સુણયો૦

જે શિવ ભક્તિ રુયડા, જાણી ધર્મ પ્રકાર;
ભોજન ભગતિ કરી ઘણી, દીધા વલિ દીનાર. ૪૬૩ સુણયો૦

વિષમ મારગ ભય ચોરના, જાયવો વલિ દૂરિ;
સાથ મિલ્યો હવઇ તાહરો, જાગ્યો પુન્ય અંકૂર. ૪૬૪ સુણયો૦

જો થાપઇ રથિ તાહરઇ, તો નિર્ભય સેતી;
આવુ તુઝ સાથઇ વહી, કરું વીનતી કેતી?.' ૪૬૫ સુણયો૦

વચન સુણી ગૈરકતણા, મનિ ઇમ વિમાસઇ;
'આવતી લાછિ જો ઠેલીઇ, કરિથી એ જાસિ'. ૪૬૬ સુણયો૦

ધૂરતનઇ ધૂરત મિલ્યા, પરિ હુઇ તેહ;
ઋદ્ધિ મૂંકી રથ તેહવઇ, કપટી કરઇ નેહ. ૪૬૭ સુણયો૦



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ચોપઈઃ રાગ-મારુમાંહિ.

[1]સાથ સકલ તિહાંથી સંચરઇ, પંથીજન મનિ આણંદ ધરઇ;
તુરંગમ રથ તિહાં ચાલિઉ જાય, લોક સહુ રલીયાયત થાઇ. ૪૬૮

એક ગાઇ ઇક વાઇ વલી, મારગિ બઇસઇ ટોલઇ મિલી;
સરસ કથા એક ભાખઇ નરા, ચડવડ ચાલઇ એક નર ખરા. ૪૬૯

તપસી હરિ-ગુણ ગાવઇ ભલા, બાહ્યભાવ દાખઇ નિર્મલા;
પણિ મનમાંહિ નહી તે ભલો, આગલિ કથા તેહની સાંભલો. ૪૭૦

વાણી સુલલિત તેહની સુણી, જાણઇ મોટઉ છઇ એ ગુણી;
ભોજન ભગતિ ભલી પરિ કરઇ, ઇણિપરિ સહુ મારગિ સંચરઇ. ૪૭૧

કુમરતણી તે મતિ સુપ્રકાસ, તપસીનો ન કરઇ વીસાસ;
એહનો ઉત્તમ નહી આધાર, જાણી [2]અંગિતતણઉ પ્રકાર. ૪૭૨

કરી ચેતન રથ ખેડઇ યદા, મહા ગહન વન આવિઉં તદા;
નાનાવિધ દીસઇ તિહાં વૃક્ષ, પંખીના તિહાં દીસઇ લક્ષ. ૪૭૩

અતિ વિસમી તે દીસઇ વાટ, પંથીજન સહુ ચાલઇ થાટ;
મૂંકી વાત કથા-વિનોદ, વન દેખી ભાગો મન [3]મોદ. ૪૭૪

વામ અંગ ફરુકઇ તેહના, ચિંતઇ 'નહીં એ સોહામણા';
કોઇક સબલ ધરિ ભય મન્નિ, કોઇ લખમીનૂં કરઇ યતન્ન. ૪૭૫

કે બીહતા આગલિથી [4]સુલઇ, કેઇ આખડતા ધરણી ઢલઇ;
કુમર કરઇ ધીરજ તસ સહી, કેતી ભૂમિ તે આવ્યા વહી. ૪૭૬

આવ્યો દિનકર સિર ઊપરિ, શર દેખી કુઅર [5]ભૂતરઇ;
ધોઈ હાથ નઇ જલ વાવરઇ, તરુછાયા વિશ્રામ જ કરઇ. ૪૭૭

---

૧. સાર્થ. ૨. ઇંગિત. ૩. આનંદ. ૪. કોઇની સાથે જોડાઇ ગયા. ૫. ભૂતલ પર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તખિણ તપસી કરઇ વિચાર, પણ મનમાંહિ નહી મનોહાર;
'જો અટવી વઉલી જાઇ સઇ, તઉ મુઝ ચીંતત નવિ થાઇસઇ.' ૪૭૮

પાપીહૃદય વિમાસણ કરઇ, આવી વાણિ ઇંસિ ઉચરઇ;
'જો પ્રસાદ હું તુમ્હચો લહું, તુહું વીનતી મોરી કહી. ૪૭૯

આપણ પંથિ સહાઇ હુયા, માહોમાંહિ નહી જુજુઆ;
મુઝ મનિ હરખ ઊપન્નો, ભોજન સહુનઇ દેવાતણઉ. ૪૮૦

એણઇ વ્રજે વરષા-રિતુ રહિઉ, ચાલંતા બહુ દાન જ લહિઉ;
તપસીજન નવિ રાખઇ વિત્ત, આપી ભોજન થાઉં પવિત્ત. ૪૮૧

દેઈ માન ઘણો મુઝ આજ, કરુ સજાઈ ભોજન કાજિ;'
કરી નિમંત્રણ હરખિત ભયો, દૂધ-દહી લેવાનઇ ગયો. ૪૮૨

વિષમિશ્રિત તિહાં કરઇ પ્રયોગ, સાલિ-દાલિના કર્યા સંયોગ;
નીપાઇ અનોપમ રસવતી, કુમર કન્હઇ આવઇ તે વ્રતી. ૪૮૩

કર જોડીનઇ એહવું વદઇ, 'ભોજન કારણિ આવો હવઇ';
કુમર કહઇ 'સિર દૂખઇ ઘણો, ઋષિ ભોજન મુઝ અસુહામણો.' ૪૮૪

નૃપનંદન કરઇ દૃષ્ટિ સંકેત, અવર સહુનઇ જાણી હેત;
ભાવિ પદારથ કિમ તે ટલઇ, કારણ તેહવા આવી મિલઇ. ૪૮૫

હરખ ધરંતા તે મનમાંહિ, ભોજન કરઇ મનનઇ ઉછાહિ;
ભોજન-રસ સરીરઇં સંચરઇ, તતખિણ સહુના જીવિત હરઇ. ૪૮૬

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દૂહા :

નૃપનંદન મનિ ચીંતવઇ, દેખી એ અનરથ;
કપટી ધૂરત એ સહી, પર-મોષણ સમરથ. ૪૮૭

ધૂરત તવ બોલઇ તદા, 'સુણિ એક મોરી વાત;
હવઇ બલ નહીં ઇહાં તાહરું, કીધા સહુ નર ઘાત.' ૪૮૮

ખડગ ધરી ધાયઉ જિસઉ, કપટી ગૈરક તામ;
હાકી ઊઠિઉ સીહ જિમ, કુમર હણઇ તસ તામ. ૪૮૯

મર્મિ હણિઉ કુમરઇ તદા, પડિઉ ભૂમિ તિણિ વારિ;
વેદન ઊઠી તસ ઘણી, ચોર કરઇ પોકાર. ૪૯૦

## ઢાલ : ૨૫, રાગ-સામેરી. એકદિન વિદ્યાધર વીર-એ દેસી.

ઇણિ અવસરિ તે ચોરડો, વાત કહઇ મનિ [૧]કોરડો;
'[૨]મોરડો કુમર! સુણો એક વયણડો એ ૪૯૧

ચોર શિરોમણિ મુઝ કહો, દુર્યોધન નામઇ લહો;
હવિ હુતો પ્રાણતણો વિયોગડો ઇ. ૪૯૨

મોટા પુન્યતણો ધણી, બુદ્ધિ અનોપમ તુમ્હતણી;
મહાગુણી! વાત સુણુ, એક હિતતણી ઇ. ૪૯૩

એ દીસઇ ગિરિ [૩]જામલા, તેહ તણી સંધિ ભલા;
ઉજલા દેવભુવન બે રુયડા ઇ. ૪૯૪

તિહાં થકી પશ્ચિમની દિસઇ, મોટી એક શિલા દીસઇ;
મન હીસઇ જોતા તે થાનક સહીઇ. ૪૯૫

તિહાં ભૂમી-ગૃહ રુયડો, નવિ બોલું હું [૪]કુયડો;
તૂં વડો સૂરવીર મહાસાસહી ઇ. ૪૯૬

જાયો તિહાં ધીરજ ધરી, તેહ શિલા કરયો [૫]પર્હી
સંચરી કરયો વામ પ્રવેસડો એ. ૪૯૭

નવ યોવનવય શશિમુખી. તિહાં પત્ની રહઇ મુઝ સુખી;
સંમુખી **જયશ્રી** નામઇં તિહાં રહઇ. ૪૯૮

---

૧. હોશવાળો. ૨. મારો. ૩. યુગલ. ૪. ખોટું. ૫. દૂર કરજો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દ્રવ્ય બહુલ તિહાં માહરો, નારીસિઉં હાથિ કરો;
સંચરો પથઇ જિહાં ઇચ્છા મનતણી ઇ. ૪૯૯

તું ઉપગાર શિરોમણિ, એહ વાત તુઝનઇ ભણી;
મહાગુણી! જાઇસ હુ હવિ યમ-ઘરઇ એ. ૫૦૦

વલી-વલી હું તુઝનઇ ભણું, તુઝનઇ સ્યુ કહીઇ ઘણું?;
મુઝ તનુ દારુ અગનિ કરી જાલવુ એ'. ૫૦૧

એહવી વાત સકલ કહી, ચોર ગયો પરભવિ વહી;
તિહાં સહી મેલી દારુ વનતણા ઇ. ૫૦૨

કરિ અગનિ તસ તનુ ઠવઇ, પરઉપગારી તિહાં હવઇ;
તે હવઇ મનિ ચિંતઇ કુંઅર ઇસિઉ ઇ. ૫૦૩



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દૂહા :

પુણ્યતણા [1]પરભાવતી, મોટઉ ટલ્યો કલેસ;
દુર્યોધન તસ્કર તે હણ્યુ, બુદ્ધિતણઇ વિસેસ. ૫૦૪

કૌતક જોવા કારણિ, ચીંતઇ મનિ વલી તામ;
'જઇ હવઇ જિહાં ચોરનો, વિસમાં દીસઇ ઠામ.' ૫૦૫

**ઢાલ : ૨૬, રાગ–મારુણી.**

આરોહી રથ ઉપરિ, [2]કરી ધરી ખડગ સહાય;
નિજ નારી સરિસુ ચલઇ, ગિરિ મારગિ તે જાય ૫૦૬
કુમર તવ ચાલિ હો, ધરતો હરખ અપાર. કુમર૦ આંકણી.

વિષમપંથ વિષમાયુધી, ચાલઇ વિસમી વામી વાટિ;
ચોર પ્રદર્શિત મારગઇ, ઉતરઇ વિસમા ઘાટ. ૫૦૭ કુમર૦

જવ આવિઉ તિનિ થાનકઇ, દેખઇ દેવ ભુવન્ન;
તિહાં થકી પશ્ચિમની દિસા, દેખઇ એક ઉપવન્ન. ૫૦૮ કુમર૦

વૃક્ષ એક મૂલે ભલી, દેખઇ શિલા પ્રધાન;
આવી તિહાં ઊભો રહિઉ, દેખી તે [3]અહિનાણ ૫૦૯ કુમર૦

નૃપનંદન નિજ કરિ કરી, શિલા ઊઘાડઇ તેહ;
[4]તમપૂરિત પેખઇ તિહાં, પાતાલ કેરો ગેહ. ૫૧૦ કુમર૦

ચિતિ ચીંતન કરઇ 'એહવી, ભલો નહી પરવેશ';
શબદ સૂણાવઇ દૂરિથી, રહી દ્વારતણઇ પ્રદેશિ. ૫૧૧ કુમર૦

સુણી શબદ આવઇ તિસઇ, રમણી રુપ નિધાન;
જાણઇ ભુવનની દેવતા, નિરખઇ કુમર સુજાણ. ૫૧૨ કુમર૦

---

૧. પ્રભાવથી. ૨. હાથમાં. ૩. નીશાનિ. ૪. અંધારભર્યો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કોકિલ કંઠી કામિની, બોલઇ વયણ રસાલ;
'મંદિર પધારઇ માહરઇ, ભોગવિ ભોગ વિશાલ.' ૫૧૩ કુમર૦

દેખી તેહની ચાતુરી, મોહિઉ પડિઉ નરિંદ;
જિમ પારધી પાસિં કરી, પાડઇ મૃગ જિમ [૧]ફંદ. ૫૧૪ કુમર૦

મદનમંજરી નિજ પ્રીયતણો, જાણી ચિત્તવિકાર;
કર-કમલઇ આવી હણઇ, બોલઇ વયણ ઉદાર. ૫૧૫ કુમર૦

૧. જાળ બિછાવીને કરાતો શિકાર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાલ : ૨૭, માતા કુંતા ઈમ ભણઇ–એ દેસી.

'સાંભલિ પ્રીતમ! વીનતી, આણી મનડું ઠામિ રે;
ચતુર વિચક્ષણ તૂં ભલો, મનોહર તોરો નામ રે. ૫૧૬ સાંભલિ૦

મુઝ મન તુમ્હ ગુણિ મોહીઉ, જિમ ચાતુક જલધાર રે;
જિમ દિનકરનઇ કમલિની, કોઇલ જિમ સહકાર રે. ૫૧૭ સાંભલિ૦

તુઝ કારણિ માત-પિતા, છંડ્યો સવિ પરિવાર રે;
મૂંકી લખમી તાતની, મંદિર મુઝ મનોહાર રે. ૫૧૮ સાંભલિ૦

સાથ લીધો મઇ તાહરો, એવડા કરીય પ્રકાર રે;
નેહ ધરઇ કિમ એહસિઉં?' લજ્જા નહીય લગાર રે. ૫૧૯ સાંભલિ૦

અંબ જાણી મઇ સેવીઉ, મ કરસિ લીંબ સભાવ રે;
આણી રે કુલની [૧]લાજડી, તજુ એ ઉપરિ ભાવ રે. ૫૨૦ સાંભલિ૦

જે નવ-નવ નારીસું મિલઇ, તે લહઇ દુખ અનેક રે;
અંગીકૃત નવિ છાંડીઇ, આણીજઇ મનિ ટેક રે. ૫૨૧ સાંભલિ૦

**ग्रही टेक नहु छोरइ, जो जीभइं जर जायइ।**
**माठो कहा अंगारमइ तहा चकोर चवायइ ।।**

[૨]ફટક યદા જેહસિઉં મિલઇ, તિહાં ધરઇ તેહ જ રંગ રે;
તિમ નવિ થઈઇ પ્રીઉડા!, કીજઇ નહી એ સંગ રે. ૫૨૨ સાંભલિ૦

પગિ-પગિ નારી સુખ રે, કીજઇ વલિ જો મોહ રે;
કુલની સોભા નવિ રહઇ, નવિ પામીજઇ સોહ રે. ૫૨૩ સાંભલિ૦

નેહ તજી મુઝ ઊપરિ, કિમ વંછઇ પીઊં એહ? રે;
નિઠુર ચિત્તમાંહિ હુઉ, તજિઉ મુઝ ઊપરિ નેહ રે'. ૫૨૪ સાંભલિ૦

---

૧. લજ્જા. ૨. સ્ફટિક.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**દુહા :**

વચન સુણી નિજ નારિનાં, ચિત્તિ ચીંતઇ ભૂપાલ;
'કામી મૃગનઇ પાડવા, મંડિઉ માયા જાલ. ૫૨૫

એ નારી નહીં રુયડી, જો મંડઇ નિજ ભાવ;
સુંદર જિમ કિંપાકફુલ, ભીંતરિ કટુક સભાવ. ૫૨૬

જો વીસાસ કરું ઇહા, લોભ ધરી મનમાંહિ;
તો નારી છલ કેલવી, પાડઇ દુખ [૧]અથાહિ'. ૫૨૭

**ચોપઇ :**

છંડી ધન-નારી ચોરની, ચાલિઉં સુંદરનૃપ-સુત ગુણી;
આરોહી રથ ઊપરિ તદા, નર-નારી બેઉ સંમુદા. ૫૨૮

ચ્યારઇ દિસિ અવલોકન કરઇ, ધીરજ ધરી મારગિ સંચરઇ;
પેખઇ તિનિ થાનકિ ખિન રહી, નાસઇ ભિલ્લ દિસો-દિસિ સહી. ૫૨૯

ચકિત થઇ ચીંતઇ એહવું, 'એ તુ વલી દીસઇ છઇ નવું;
કિણ કારણિ એ નાસઇ નરા?, પાડઇ મુખિ બુંબારવ ખરા.' ૫૩૦

રાખી રથ આઘો નવિ ચલઇ, ઊભો રહી પેખઇ નયણલે;
પેખઇ કુમર મતંગજ ઇસ્યો, સજલ મેઘ ગાજંતઉ જિસ્યઉ. ૫૩૧

ઊજલવર્ણ નઇ મોટી કાય, ચપલપણઇ તે ચિહું દિસિ ધાય;
ઊલાલતો સુંડા દંડ, ભાંજઇ તરુવર મહા-પ્રચંડ. ૫૩૨

કરિ કપોલ મદધારા ઝરઇ, મધુકરગણ ગુંજારવ કરઇ;
ચાલિઉ આવઇ ઊતાવલો, ચિંતઇ કુમર 'નહી એ ભલો.' ૫૩૩

સહસા કરિ પેખઇ સુંદરી, ખેદ ધરઇ મનમાં મંજરી;
'પ્રાણનાથ! સ્યું કરસ્યો હવઇ?'વલી-વલી દીનવદન થઈ વદઇ. ૫૩૪

---

૧. અથાગ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સમઝાવી ચાલિઉ જિમ સીહ, છોડી રથ એકલો [1]અબીહ;
ખડગ સબલ નિજ હાથિ ધરઇ, ગજ સનમુખ કુંઅર સંચરઇ. ૫૩૫

ક્રોધ કરી ગજ ધાયઉ ધસી, નાખી વસ્ત્ર કીઉ તવ વસી;
ગજ શિખા પૂરી સવિ લહઇ, ભ્રમણિ ભમાડીનઇ તસ દહઇ. ૫૩૬

ખેદ પમાડી ગજ બહુ વાર, વસિ આણીનઇ ચલિઉ કુમાર;
મૂંકી કરિ રથ આવી ચડિઉ, ખેડ્યઉ રથ જાઇ દડવડ્યઉ. ૫૩૭

સહસા તવ પેખઇ આગલિ, જેહનઇ દરસનિ ધીરજ ગલઇ;
મુખ પસારી ઊઠિઉ વિકરાલ, આવ્યો વ્યાઘ્ર જિસ્યો એ કાલ. ૫૩૮

છંડી રથ કુંઅર ઊઠીયો, વામ ભુજા નિજ પટિ વીંટીઉ;
નિજ કર તસ મુખમાંહિ ધરઇ, લેઈ ખડગ દ્વિધા તસ કરઇ. ૫૩૯

ચાલ્યા હરખ ધરી નર-નારિ, વઉલી અટવી ઘણી તિવારિ;
દૂરિ થકી તવ પેખઇ ફણી, શ્યામવરણ સિરિ સોભઇ મણી. ૫૪૦

રાતઇ લોચનિ વિષ બહુ ઝરઇ, દ્રષ્ટિ દેખત જન ભસ્મી કરઇ;
પાછઇ પગિ તે ચાલ્યો જાય, નિરખઇ કુમર ઇસ્યુ મહાકાય. ૫૪૧

સમરઇ વિદ્યા જે સર્પની, દૃગમુખ બંધનની જે ભણી;
વિદ્યાબલિ તેહનઇ વસિ કરી, આગલિ ચાલિઉ તે પરિહરી. ૫૪૨

ઇણિપરિ ઉલ્લંઘી કંતાર, નર-નારી ધરઇ હરખ અપાર;
મૂંકઇ મહી તે બીહામણી, સીમા આવઇ શંખપુરતણી. ૫૪૩

---

૧. નિર્ભય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દૂહા :

પુણ્યતણા પરભાવથી, મોટઉ ટલિઉ કલેસ;
વાઘ-ચોર-ગજ-સર્પના, ભય છંડ્યા અસેસ. ૫૪૪

દુખ આવઇ ધીરજ ધરઇ, તે લહઇ નર કલ્યાણ;
ગઈ લછિ તસ સંપજઇ, પામઇ જગિ તે માન. ૫૪૫

પાંડવ પાંચઇ વનિ રહ્યા, કીધા વન ફલ આહાર;
પુન્ય પસાઇ તે વલી, સંપદ પામઇ સાર. ૫૪૬

અગડદત્તકુમાર તવ, હરખ ધરી મનમાંહિ;
મારગિમાંહિ નવ-નવાં, કૌતક જુઇ ઉચ્છાહિ. ૫૪૭

## ઢાલ : ૨૭, ફાગની.

હવઇ નૃપસુત નિજનારિનઇ, દેખાડઇ પુર ગામ;
આવઇ તરુ જે પંથના, [૧]આખઇ તસ વલી નામ. ૫૪૮

વન-વાડી તિહાં રુયડાં, મધુકર કરઇ ગુંજાર;
[૨]આરામિક આવી કરી, આપઇ ચંપકહાર. ૫૪૯

કિહાં વલી પેખઇ રુયડા, ચરતા ગોકુલવૃંદ;
દૂધ-દહી લેઈ ગોકુલી, આપઇ આવી નરિંદ. ૫૫૦

કિહાં વલી મૃગ ટોલઇ મિલ્યા, દેખાડઇ નિજનારિ;
ચકિત થઇ જોવઇ તદા, રથ સનમુખ તિણિ વારિ. ૫૫૧

'એ મુઝ ક્રીડાથાનક, વનિતા જુઉ પ્રધાન;
ચપલ તુરંગમ નિત ચડી, ખેલંતા ચઉગાન. ૫૫૨

---

૧. કહે છે. ૨. માળી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એ સનમુખ નિરખઉ ભલાં, સજલ સરોવર ચંગ;
આવી જલક્રીડા ઈહાં, કરતા મનનઇ રંગિ'. ૫૫૩

દેખાડી ઇમ કૌતક, પામઇ મનિ ઉલ્હાસ;
પુન્યતણઇ સુપસાઉલઇ, પગિ-પગિ લીલ વિલાસ. ૫૫૪

ઇણિ અવસરિ તિહાંઆવીયો, કુમર સૈન્ય તિણિવારિ;
હય-ગય-રથ-પાયક વલી, સકલ મિલ્યો પરિવાર. ૫૫૫

વાજઇ ભુંગલ ભેરડી, વાજઇ તબલ નીસાણ;
મયગલ ચાલઇ મલપતા, [૧]પાખરીયા [૨]કેકાણ. ૫૫૬

અતિ આડંબરિ આવીયો, નિજ પુરિ [૩]આસનિ જામ;
શ્રીસુંદર નૃપ સાંભલી, હરખ ધરઇ મનિ તામ. ૫૫૭

૧. શણગારેલ. ૨. ઘોડા. ૩. નજીક.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દૂહા :

સેવક દીઇ વધામણી, કુમરતણી તબ જામ;
દાન-માન સવિ આપીઇ, આપઇ જીવિક ઠામ. ૫૫૮

પ્રેમ-જલ અંગિ ઊલટઇ, જિમ સાયરનૂં પુર;
જિમ કેકી ઘન ગાંજતઇ, વાધઇ આણંદ ભૂરિ. ૫૫૯

'ચિરકાલી મુઝ સુતતણઉ, વિરહ ટલિઉ હવઇ આજ;
પુનરપિ અંગજ એ હુઉ', ઇમ ચીંતઇ મહારાજ. ૫૬૦

## ઢાલ : ૨૮, રાગ- કાફી.

શ્રીસુંદર નરપતિ તદા, કરઇ સુંદર નગર પ્રવેસુ રે;
તિહાં ઉછવ અતિ જગીસો રે, નેહ ધરી સુવિસેસુ રે. ૫૬૧
ઘરિ આયું સોભાગી લાલના. આંકણી૦

તું મનમોહન ગુણમણિ-રોહણ, તુઝ દરસન મોહનગારી રે;
તું તું મેરે પ્રાણ આધારા રે, તું તું જીવનદાન-દાતા રે. ૫૬૨ ઘરિ૦

ઘરિ-ઘરિ કુંકમની છટા, વલી મંડપ રચના રુડી રે;
પંચરંગતણી તિહા ગુડી રે, ધજ લહકઇ જાણે એ દૂડી રે. ૫૬૩ ઘરિ૦

શૃંગાર્યા ચતુ:પંથ ભલા, ભલી વાતાયનની [૧]ઉલી રે;
વલી નગરતણી જે પોલી રે, તિહાં બાંધી કનક કચોલી રે. ૫૬૪ ઘરિ૦

તોરણની રચના કરી, કરી દીરઘ દામકી માલા રે;
ઠવઇ દ્વારપ્રવેશિ વિશાલા રે, તિહાં વાજઇ તાલ કંસાલા રે. ૫૬૫ ઘરિ૦

મયગલ ચાલઇ મલપતા, ઠલકતી [૨]પાખર ઢાલા રે;
વલી સોવન ઘૂઘર વાલા રે, સીંદૂરઇ સોભિત ભાલા રે. ૫૬૬ ઘરિ૦

---

૧. શ્રેણી. ૨. શણગારેલ ઘોડા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બંદીજન બરદાવલી, ભણઇ આગલિથી કરજોડી રે;
રાજા આપઇ કનકની કોડી રે, લહઇ કરણતણી તવ હોડી રે. ૫૬૭ ઘરિ૦

વાજઇ પંચ શબદ ભલા, વલી ઘુરહર ઘોર નીસાના રે;
વિચિ વાજઇ અમૃતી તાના રે, ચલઇ સાથઇ રાય નઇ રાણા રે. ૫૬૮ ઘરિ૦

ઊંચી રહી અટાલીઇ, જોવતિ [1]ભુંભલ-ભોલી રે;
પહિરી નવરંગ ચોલી રે, કરિ ધરી ચંદન કચોલી રે. ૫૬૯ ઘરિ૦

નેહ ધરી નૃપ ઊપરિ, ભરિ-ભરિ મોતીન થાલી રે;
વધાવઇ નવરંગ બાલી રે, મૃગનયની વદન નિહાલી રે. ૫૭૦ ઘરિ૦

કુમર ચડિઉ કરિ ઊપરિ, નૃપ સુંદર શિવ કાંઇ સોહઇ રે;
બેઊ પુરજનના મન મોહઇ રે, સુની સીમાડા મનિ ષોહઇ રે. ૫૭૧ ઘરિ૦

જિમ રોહિણિસું ચંદ્રમા, તિમ નારીયુગલસિઉં આવઇ રે;
માય દેખી આણંદ પાવઇ રે, આણી ઊલટ અંગિ વધાવઇ રે. ૫૭૨ ઘરિ૦

૧. અતિશય મુગ્ધા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દૂહાઃ

ઇણિ પરિ બહુ ઉછવ કરી, હરખ ધરી નિજ ચિત્તિ;
દેઈ આલિંગન પુત્રનઇ, કરઇ જન્મ પવિત્ર. ૫૭૩

જનની કરઇ [૧]ઉચારણઉં, આણી મોહ અપાર;
'ભલિ આવ્યો સુત! તું વહી, અમ્હ કુલ તણો આધાર.' ૫૭૪

નીપાઈ બહુ રસવતી, માંડઇ સોવન થાલ;
સુત [૨]સિપ્ર બઇઠો નૃપ તદા, ભોજન કરઇ રસાલ. ૫૭૫

ભોજન કરી ઊઠઇ યદા, પૂછઇ કુમર વૃતંત;
'કહઉ મુઝ કિણિ પરિ તુમ્હઇ લહી, એવડી ઋદ્ધિ મહંત?'. ૫૭૬

અગડદત્તકુમાર તવ, ભાખઇ પૂરવ વાત;
સુણી વિસ્મય પામઇ તદા, હરખઇ નિજ મનિ તાત. ૫૭૭

સમભૂમિ નિજમિંદિરઇ, આવી કરઇ નિવાસ;
પંચ વિષયસુખ ભોગવઇ, પૂરવ પુન્ય પ્રકાસ. ૫૭૮

## ઢાલ : ૨૯, રાગ - સારિંગ. દેસી-મધુકરની.

ઇણિ અવસરિ તિહા વાઈયો, મલયાચલનો વાયુ સુંદર;
માસ વસંત તે પ્રગટીયો, [૩]મઉરી સવિ વનરાય સુંદર. ૫૭૯

વાત સુનઉ હવઇ તિહાં ભલી, નૃપસુતની મનિ લાય સુંદર;
સરસ કથા કહું તેહની, સુણતા અચિરજ થાય સુંદર. આંકણી. ૫૮૦ વાત૦

મઉર્યા કેસૂ યડાં, [૪]કિંશૂક વદન સમાન સુંદર;
જાણે મદન નૃપ તિહાં દીયા, તંબૂ લાલ સુવાન સુંદર. ૫૮૧ વાત૦

૧. ઓવારણા. ૨. જલ્દીથી. ૩. મધુરી. ૪. પોપટની ચાંચ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જાઇ જુઇ વર કેતકી, ફૂલઇ ચંપક વૃક્ષ સુંદર;
દમનો પાડલ માલતી, મોગરના વલી [1]લક્ષ સુંદર. ૫૮૨ વાત૦

મધુરધ્વનિ મધુકરતણી, સુણીઇ બહુ નિલ-[2]ઠોર સુંદર;
જાનો રતિપતિ કેરડી, દુંદભિ વાજઇ ઘોર સુંદર. ૫૮૩ વાત૦

કોઇ[લ] કરઇ ટહુકડા, બઇઠી તરુ સહકારિ સુંદર;
માનુ મદનનૃપ આવતઇ, મંગલ ગાવઇ નારિ સુંદર. ૫૮૪ વાત૦

કોમલ કિસલય લહલહઇ, સોહઇ વૃક્ષ વિસેસ સુંદર;
માનો અનંગ નૃપ સુંદરી, પહરઇ નવ-નવ વેસ સુંદર. ૫૮૫ વાત૦

નિરમલ નીર [3]ખડોકલી, ઝીલઇ ન એકંતિ સુંદર;
છાંટઇ જલ પચરક ભરી, નારી કેરા કંત સુંદર. ૫૮૬ વાત૦

છાંટઇ કેસર છાંટણા, ગાવઇ વીણા સુરાગ સુંદર;
[4]ડફ વાજઇ સોહામણા, ભોગી ખેલઇ [5]ફાગ સુંદર. ૫૮૭ વાત૦

વનપાલકિ આવી કરી, વીનવીઉ તવ ભૂપ સુંદર;
'વન ક્રીડા રમવા ચલિઉ, જાણી વસંત અનૂપ' સુંદર. ૫૮૮ વાત૦

હય-ગય-રથ-પાયક ચલઇ, જે નરપતિ પરવાર સુંદર;
દુંદભી નાદ વજાવતઇ, આવઇ વનિ મનોહાર સુંદર. ૫૮૯ વાત૦

વાત સુની શ્રવણઇં ઇસી, ખેલન જાઇ કુમાર સુંદર;
નિજ પ્રીયાસિંઉ પરવરિઉ, ધરતો હરખ અપાર સુંદર. ૫૯૦ વાત૦

પુરજન નિરખઇ નેહસિઉં, જાણઇ ચંદ ચકોર સુંદર;
સોહઇ અભિનવ દિનમણી, પ્રગટઇં જિમ ભઇ ભોર સુંદર. ૫૯૧ વાત૦

ખંધિ ચઢી ગજરાજની, વનિ આવઇ નરરાજ સુંદર;
નારીસરિસુ તિહાં રમઇ, મૂકી મનની લાજ સુંદર. ૫૯૨ વાત૦

---

૧. લાખો. ૨. મંગલ અવાજ. ૩. હોજ. ૪. ખંજરી જેવું ઢોલક. ૫. વસંતમાં ગવાતું ગીત.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાર સિંગાર સોહાવતી, ચોલી ચરણા ચંગ સુંદર;
જાણઇ અણંગ-રતિ જોડિલી, કેલિ કરઇ મન રંગિ સુંદર. ૫૯૩ વાત૦

મદનમંજરી કંઠિ ઠવઇ, નિજ કરિ ચંપક માલ સુંદર;
ચૂઆ ચંદન છટકઇ ઘણા, છટકઇ લાલ ગુલાલ સુંદર. ૫૯૪ વાત૦

વડી વાર કૌતક કરઇ, ખેલઇ ફાગ વસંત સુંદર;
નર-નારી મિલી જોડિલી, અનોપમ સુખ વિલસંત સુંદર. ૫૯૫ વાત૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દૂહા :

શ્રી સુંદર નરપતિ હવઇ, ક્રીડા કરી અપાર;
પુરજન સહુ સાથઇ કરી, આવઇ નગર મઝારિ. ૫૯૬

ભોગીભમરુ કુમાર તવ, પ્રાણપ્રિયા નિજ નારિ;
નવ-નવ પરિ કૌતક કરી, ખેલઇ વનહ મઝારિ. ૫૯૭

ભાવી પદારથ નવિ ટલઇ, લિખ્યઉ ન મેટઇ કોય;
સુખ-દુઃખ સરજિઉં જે ઘડી, તેહવુ નિશ્ચઇ હોય. ૫૯૮

સખા મિલઇ વલી તેહવા, તેહવા મિલઇ ઉપાય;
મતિ વલી હોયઇ તેહવી, જેહવું આગલિ થાય. ૫૯૯

નૃપનંદન તવ વનિ રહઇ, નિજ નારીનઇ સંગિ;
[1]કેલહરઇ આવી કરી, બઇસઇ મનનઇ રંગિ. ૬૦૦

## ઢાલ :૩૦, રાગ- મેવાડો.

કેલિહરઇ નૃપ આવીનઇ રહઇ, સાથિ લેઈ નિજ નારિ;
શરીરતણી છાયા હોઇ જેહવી, ન રહઇ દૂરિ લગાર. ૬૦૧

'સુણયો ભવિયણ! હવ જે તિહા હુઉ, મોહતણી જે વાત;
સુખ-દુખ પામઇ રે તેહ તી પ્રાણીયો, જિનવાણી વિખ્યાત. ૬૦૨ સુણયો૦

પંડિત નરનઇ સીખ ઇસી કહી, મ કરો નારિસું નેહ;
સુખ થોડો લહઇ તેહથી જીવડો, દુખ પામઇ બહુ તેહ. ૬૦૩ સુણયો૦

ખોટઇ મનિથી રે માયા કેલવઇ, પાડઇ નરનઇ રે પાશિ;
ભાવ ભલા દેખાડઇ નવ-નવા, બોલઇ વચન વિલાસ. ૬૦૪ સુણયો૦

---

૧. ક્રીડાગૃહમાં.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નારી વચનઇં રે સુરનર ભોલવ્યા, મોટા વલિ જે મુનિંદ;
ઇણિ વનિતાઇ પાય નમાડીયા, હરિ હર–બ્રમ્હા–ચંદ્ર'. ૬૦૫ સુણયો૦

હવઇ તે નૃપસુત નારી મોહિઉ, ન સહઇ વિરહ લગાર;
જિમ મધુકર મનિ કમલનિ સુરભઇ, તિમ હુઉ તેહ કુમાર. ૬૦૬ સુણયો૦

સહસા દંસ થયો તવ નારિનઇ, નાગતણુ તિણિ વારિ;
પ્રીઊ ઊછંગઇ તવ આવી પડઇ, 'હા! હા!' કરીય પુકાર. ૬૦૭ સુણયો૦

નેહ [1]વિલુધઉ રે નિજ મનિ દુખ ધરઇ, કરઇ બહુ મંત્ર પ્રયોગ;
વિષ વ્યાપઇ ખિણમાંહિ તદા, પામઇ પ્રાણ વિયોગ. ૬૦૮ સુણયો૦

દેખી મુરછા મુગધ લહઇ તિહાં, કુણ કરઇ આય ઉપાય?;
વાયઈ સીતલ વનનઉ વાયરુ, ચેતન લહઇ વલી રાય. ૬૦૯ સુણયો૦

મુખિ નીસાસા રે નાખઇ અતિ ઘણા, વલી–વલી કરઇ રે વિલાપ;
ગુણ સંભારઇ રે જે નિજ નારિના, વાધઇ વિરહનો વ્યાપ. ૬૧૦ સુણયો૦

'કુન અવગુનિ નવિ બોલઇ મુહસિઉં?, સસિનેહી! સુકમાલ!;
એહ અવસ્થા રે દેખી તાહરી, મુઝ મનિ ઊઠઇ રે ઝાલ. ૬૧૧ સુણયો૦

કેતા ગુણ સંભારુ તાહરા? કામિની! કોમલઅંગ;
શશિવદની! શુભ વાણી મુખિ વદઉ, ઉપાયો મુઝ રંગ.' ૬૧૨ સુણયો૦

માયા પડિઉ રે [2]કુરે કુમર તે ટલવલઇ, થોડઇ જલિ જિમ મીન;
નયનઇ જલધર આવિઉ ઊલટી, મોહિઉ પડિઉ થાઇ દીન. ૬૧૩ સુણયો૦



૧. લુબ્ધ. ૨. આંધળો બનીને.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દૂહા :

ચતુરાઈ ચિત્તિ પરિહરી, છંડી જ્ઞાન-વિજ્ઞાન;
મોહિ પડિઉ કુમાર તવ, ધરઇ મંજરી ધ્યાન. ૬૧૪

ચિંતઇ ચિત્તિ કુમાર તવ, 'એ નારી વિણ આજ;
અથિર સહુ માહરઇ હુઉ, તન-ધન-યોવન-રાજ. ૬૧૫

પુનરપિ જીવિત એ લહઇ, પુન્યતણઇ સંયોગિ;
તુ હું પ્રાણ ધરું હવઇ, નહીતર અગ્નિ પ્રયોગ.' ૬૧૬

## ઢાલ : ૩૧, રાગ- જયશ્રી. કહાલુ કહીઇ વ્રજકી વાત-એ દુપદની દેસી.

મહામનિ મોહિ પડિઉ કુમાર, રાગસમુદ્રમાંહિ બૂડંતા;
જિનધર્મ રાખણહાર. ૬૧૭ મહા૦

વનિતા વચનિ ભ્રમણિ ભમાડિયા, ભેદિયા કામવિકાર;
તેહુ પણિ સંજમથી પડીયા, નંદષેણ આદ્રકુમાર. ૬૧૮ મહા૦

વેણી ફરસઇ સંભૂતિમુનિ ચૂકો, સંજિમ કરઇ અસાર;
કરી નિદાન ચક્રીપદ લીધો, સહિ દુખ નરગિં અપાર. ૬૧૯ મહા૦

સૂરવીર નિજ ધીરજ છંડી, ચરણિ નમઇ નિત નારી;
ઉમયા વચન સુની હરિ નાચ્યો, મૂંકી ધ્યાન ઉદાર. ૬૨૦ મહા૦

મોહ અંધ ગજ પરવશિ હીંડઇ, ભંજઇ શમતરુ સાર;
છંડઇ જે સમપંથ ભલેરો, વિષમઇ કરઇ પ્રચાર. ૬૨૧ મહા૦

વિષની વેલિ કહી એ અબલા, ધન્ય જે કરઇ પરિહાર;
મૂરખનર જે પરસ્ત્રીવયણેં, છંડઇ કુલ આચાર. ૬૨૨ મહા૦

વિરહ થકી નૃપનંદન તતખિણ, મનિ ધરઇ દુખ પ્રકાર;
ખિણ રોવઇ ખિણમહી આલોટઇ, મુખિ કરઇ હાહાકાર. ૬૨૩ મહા૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'એ વિન જીવિત ન રહઇ મોરો, અવર ન કો આધાર;
વનિતા તનસંગઇ નિજ તન [1]જારું, કરી હવઇ અગનિ પ્રકાર .' ૬૨૪ મહા૦

ઇમ ચીંતવી વન દારુ તિહાં મેલી, ચિતા રચઇ તિણિવારિ;
નારિસરિસુ હલનતણો મનિ, યાવતૂ કરઇ વિચાર. ૬૨૫ મહા૦



૧. બાળુ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

### દૂહા :

ઇણિ અવસરિ તિહાં આવીયો, પુન્યતણઇ પરમાનિ;
ગગનમારગિ ચાલતુ, ખેચરતણુ વિમાન. ૬૨૬

તિણિ થાનકિ ઊભો રહઇ, દેખી અસંભમ વાત;
કુમર પ્રતિ પૂછઇ તદા, ચિત્ત કરી અવદાત. ૬૨૭

કહઇ 'ઉત્તમ! કિનિ કારણિ, કરઇ તું આતમઘાત?;
જીવિત નર સુખ લહઇ વલી, કીરતિ જસ વિખ્યાત'. ૬૨૮

### ચોપઇઃ મલ્યરમાંહિ.

ઇમ પૂછઇ ખેચરયુગ યદા, વલતુ બોલઇ કુંઅર તદા;
'વિરહતણો દુખ મુઝ મનિ દહઇ, તેહની વેદન કો નવિ લહઇ. ૬૨૯

પ્રાણથકી વલ્લભ માહરઇ, એ નારી વિણ ખિણ નવિ સરઇ;
ઘણી વાર ઇણિ થાનકિ સહી, ક્રીડા કીધી વનમાં રહી. ૬૩૦

આજ લહિઉ મોટઉ સંતાપ, આવી દંસ દીઇ મહાસાપ;
નાગવિષ દેહી સંચરઇ, મુઝ નારી પુહતી યમઘરઈ. ૬૩૧

પ્રગટિઉ અશૂભ-ઉદય મુઝ આજ, એ વિન જીવિત કેહે કાજ?;
એ સાથઈ મઇં આપ્યાં પ્રાણ', વાણી એહવી વદઇ અજાણ. ૬૩૨

સુની ખેચર બોલઇ તવ હસી, 'મૂરખ! કરઇ વિમાસણ કિસી?;
જીવતું નર પામઇ કલ્યાણ, જિમ સુખ પામિઉ ભાનુ પ્રધાન. ૬૩૩

પુનરપિ વલી પામી સરસતિ, જુ જીવિત ધારિઉ શુભમતિ;
ખિણ એક રહઇ તું ધીરજ ધરી, ' ઇસી વાણિ ખેચરિ ઉચરિ. ૬૩૪

પરદુખ દેખી જે દુખ ધરઇ, તસ મુખ દેખી લોચન ઠરઇ;
વિદ્યાધર આણી ઉપગાર, જલ અભિમંત્રી દીધી ધાર. ૬૩૫

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તવ સચેત સા હુઈ સુંદરી, દીરઘ નિષ્ઠા(દ્રા) નાઠી પરી;
વસ્ત્રતણી તવ કરઇ સંભાલ, વલી-વલી સનમુખ જોવઇ બાલ. ૬૩૬

દેખઇ વિદ્યાધર ઉભલા, તિણિ થાનકિ સોહઇ જામલા;
મુખછાયા દેખઇ પ્રીયતણી, ચકિત થઇ પૂછઇ ભામિની. ૬૩૭

'પ્રાણનાથ! કિમ તુમ્હે એહવા?, એહ પુરષ કુણ દીસઇ નવા?;'
કુમર કહઇ 'એ પૂરવ મિત્ત,' સુણી નારી હરખઇ નિજ ચિત્ત. ૬૩૮

હાવભાવ ભલ દેખાડતી, કામીમૃગ નયણે પાડતી;
સહસા ઊઠી કુમર-ઊછંગિ, બઇસી મનિ ઊપજાવઇ રંગ. ૬૩૯

ચરણ નમઇ વિદ્યાધરતણા, નૃપસુત બોલઇ તસ ગુણ ઘણા;
પરઉપગારી શિરોમણિ તુમ્હે, તુમ્હ આવઇ જીવિત લહિઉં અમ્હે. ૬૪૦

વિદ્યાધર નિજ થાનકિ જાય, નર-નારી [૧]રલિયાયત થાય;
દેખી દેવભુવન મનોહાર, આવી રાતિ વસઇ નર-નારિ. ૬૪૧

---

૧. આનંદિત.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દૂહા :

યક્ષ ભુવનિ આવઇ યદા, ઊલટ ધરી અપાર;
તિમરપૂર દેખઇ તદા, ચિંતઇ ચિત્તિ વિચાર. ૬૪૨

'કરી અગનિ ઈણિ થાનકિ, [૧]વુલીજઇ એ રાતિ;
વાઘ-સિંઘ વનચર ઘણા, નાવઇ તેહની જાતિ ,' ૬૪૩

કુમર ક [હઇ] નારી પ્રતિ, 'સુણિ સસિનેહી! વાણિ;
વાત ક કહું તુઝ રુયડી, એક વચન મુઝ માનિ. ૬૪૪

વિશ્વાનર લેવા ભણી, જાઊ છું ઇણિ કામિ;
તબ લગિ રહયો દૃઢ થઈ, સુંદરિ! એણઇ ઠામિ.' ૬૪૫

## ઢાલ : ૩૨, રાગ- અસાઉરી, માહરા મનનામા-એ દેસી.

વચન સુણી પ્રીતમતણા, તવ મધુર વચ[ન] વદઇ નારિ રે;
'હું દાસી તુમ્હ ગુણ કેરડી, તું મુઝ પ્રાણઆધાર રે. ૬૪૬
સુણ સુણઉ રે વાલિંભ! મુઝ વીનતી, હું ભાખું બે કર જોડિ રે. આંકણી.

એક મુખિ હું તાહરા, કેત ગુણ કહું સાર રે?;
રયણ ટીલું સિરિ માહરઇ, હૃદયતણો તૂં હાર રે. ૬૪૭ સુણઉ૦

હું કિમ રહુ ઇણિ થાનકિ?, રયની ઘોર અંધાર રે;
ઇણિ સુનઉ રે દેઉલિ એકલી, હું અબલા નિરધાર રે. ૬૪૮ સુણઉ૦

ઇહાં ઘોર ઘૂક તે ઘૂઘુઇ, કર ભઇરવ ભીષમ નાદ રે
તનુ કંપઇ તવ [૨]મોરડો, સુનિ-સુનિ તેહના સાદ રે. ૬૪૯ સુણઉ૦

હરિ ગુંજઇ વાઘ નઇ સિંઘલા, કરઇ [૩]ફેકારી [૪]ફેકાર રે;
વલી બોલઇ બહુ સીઆલડાં, તિમરીના ઝંકાર રે. ૬૫૦ સુણઉ૦

---

૧. પસાર થાય. ૨. મારો. ૩. સાપ. ૪. ફૂંફાડા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઇનિ વનિ કહો પ્રભુ! કિમ રહું?, હું અબલા સુકમાલ રે;
પગિ-પગિ ભય નારીતણઇ ,' ઇમ બોલઇ વયણ વિસાલ રે. ૬૫૧ સુણ૦

વચન સુની નિજ નારિનાં, બોલઇ મનિ ધરી પ્રેમ રે;
'ખિણ એક રહો ધીરજ ધરી, ઘણીવાર રહું તેમ રે.' ૬૫૨ સુણ૦

સમઝાવી કુંઅર ચલ્યો, ખડગ કરી નિજ હાથિ રે;
મન મૂંકી વનિતા [1]તા કહઇ, જાઇ અગનિ લેવા નરનાથ રે. ૬૫૩ સુણ૦

ઇણિ અવસરિ યક્ષ દેહરઇ, તિહાં રહીયા ચોર પ્રછન્ન રે;
દીપ પ્રગટ કરી તિણિ સમઇ, જોયઇ નારિવદન્ન રે. ૬૫૪ સુણ૦

વપુ સુંદર એક દેખીઉ, તવ નારી કરઇ ચિત્ત ચાલ રે;
મદનતણઇ પરવસિ હવી, તવ ભાખઇ વયણ વિસાલ રે. ૬૫૫ સુણ૦

એ સંબંધ આગલિ સહી, કહિસિઉં બહુ વિસ્તાર રે;
સુંદર મનિ સુણયો તિહાં, હોસઇ તે મનોહાર રે. ૬૫૬ સુણ૦

કુમર દૂરિથી આવતઇ, દેવભુવનિ ઉદ્યોત રે;
હરિ પેખી ચિત્ત ચમકઇ તદા, સુંદર નહી એ જ્યોતિ રે. ૬૫૭ સુણ૦

૧. ત્યારે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**દૂહા :**

ચિતિ ચીંતઇ તવ આપણઇ, તતખિન રાજકુમાર;
'દીસઇ દીપ યક્ષ-દેહરઈ, એ તું કાંઇ વિચાર.' ૬૫૮

તવ સહસા દેખઇ નહીં, હુઉ દીપ વિનાસ;
નૃપનંદન વિભ્રમે પડિઉ, મનસિઉં કરઇ વિષાસ. ૬૫૯

મંદગતિ આવઇ તદા, દેઉલમાંહિ જામ;
પૂછઇ વાત નિજનારિનઇ, દીપક કેરી તામ. ૬૬૦

**ઢાલ : ૩૩, આંગનિ થૂલિભ આવ્યા રે-એ દેસી.**

કર જોડી નારી તવ જંપઇ, 'સુણિ-સુણિ તું પ્રાણનાથ!;'
મધુરઇ વચનિ મનડું રે મોહઇ, જોયો સ્ત્રી અવદાત. ૬૬૧

સુર-નર-કિંનર સહુ ઇણિ નડીયા, પડીયા મોહિ સંસારિ;
લલના રે વચનિ જે લપટાણા, તે દુખ સહઇ અપાર. ૬૬૨

મુખિ મીઠી નઇ હીયડઇ ખોટી, મોટી એહની વાત;
ખિન રાતી ખિન વિરતી હોવઇ, ખિન પલટાઇ [૧]ઘાત. ૬૬૩

કપટ કરી સા નારી ભાસઇ, મદનમંજરી તવ વાણિ;
"અગનિ નહીં ઇણિ ઠામિ પ્રીઊડા!" ઇમ નિશ્ચઇ મન આણિ. ૬૬૪

અથવા "જ્વલન જે નિજ કરિ આણ્યો, તેહ તણો આભાસ;
પવન સંયોગિ કરી તે હુઉ", ઇમ મનિ આણો વીસાસ. ૬૬૫

પ્રીઊડા! રે દૂરિ થકી આવંતઇ, દૃષ્ટિ પડીઉ તેજ;'
સુણી વલતુ નવિ બોલઇ નૃપસુત, આણી મનમાં [૨]હેજ. ૬૬૬

---

૧. રીત ૨. હેત.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આપઇ ખડગ તદા સ્ત્રી હાથિં, રુડિ ધરયો એહ;
બઇસી ભૂમિ અગનિ દીપાવઇ, કરી અધોમુખ તેહ. ૬૬૭

તવ સહસા મહી-મંડલિ પડીઉ, હાથિ થકુ કરવાલ;
કોમલ વયણઇં પૂછઇ નિજપતિ, નારી પ્રતિ તે બાલ. ૬૬૮

'હા!હા! મૂઢ મઇ ખડગ જ કેરી, નવિ ઝાલી દૃઢ મૂંઠિ;
શથલપણઇ કરિથી એ છટ[ક]ઉ, પડીઉ તુમ્હચી પુંઠિ.' ૬૬૯

માની રે વાત કરઇ તવ પરગટ, દીપક તામ કુમાર;
રયણી સેસ ગમઇ તિનિ થાનકિ, હરખ ધરી નર-નારિ. ૬૭૦

હુઉ પ્રભાત નઇ ઊગિઉ દિનમણિ, તવ આવઇ નિજ ગેહ;
સુની સંબંધ સુંદરનૃપ સઘલો, ચિત્ત ચમકઇ વલી તેહ. ૬૭૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**દૂહા :**

હરખ ધરી નિજ મિંદિરઇ, અગડદત્ત કુમાર;
પંચ વિષયસુખ ભોગવઇ, નારિસરિસુ સાર. ૬૭૨

સુખઇ કાલ ગમઇ તિહાં, નર-નારી મન રંગિ;
દેવતણી પરિ દંપતી, સુખ વિલસઇ અભંગ. ૬૭૩

**ચોપઈ :**

કેતો કાલ ઇણિપરિ જાય, સુખ વિલસઇ રાણી નઇ રાય;
એક દિવસ તિણિ પુરિ આવીયા, વડ વ્યાપારી મનિં ભાવીયા. ૬૭૪

લાવ્યા અશ્વ પરદેશી ઘણા, કાસમીર [૧]ખુરસાણહતણા;
[૨]કાછેલા વાજી વલિ ભલા, સુભવરણા સોહઇ હાંસલા. ૬૭૫

લેઈ નૃપનઇ વદ્ધામણું, ભેટઇ અશ્વ કરી ભેટણું;
અશ્વપરીખ્યા લહઇ કુમાર, આરોહીનઇ કરઇ તિવાર. ૬૭૬

આવી વનભૂમિં મોકલી, કુ[તુ]રંગમગતિ જોઇ તવ ભલી;
પવનવેગિ તે ચાલ્યો જાય, ઘણી ભૂમિ તે આવઇ રાય. ૬૭૭

વાગ વલી જિમ [૩]કાઠી ધરઇ, વક્ર તુરંગમ તિમ ગતિ કરઇ;
નિજ પુર સીમા લંઘી ઘણી, વનમાં આવ્યો વસુધા ધણી. ૬૭૮

ક્ષુધા-તૃષા કરી પામિઉ ખેદ, રાજા નવિ જાણઇ તસ ભેદ;
મેલ્હી વાગ ગ્રહી જવ ખરી, તિનિ થાનકિ ઊભો રહઇ તુરી. ૬૭૯

તુરંગમથી તતખિન ઊતરી, કૌતક જોવઇ વનના ફિરી;
નંદનવન ઉપમ જેહની, કેતી સોભા કહું તેહની?. ૬૮૦

નાનાવિધિના વૃક્ષ અનેક, જોતા નાવઇ જેહનો [૪]છેક;
અંબ-જંબ બહુ લીંબ કદંબ, સરલ તરલ-તમાલ પ્રલંબ. ૬૮૧

---

૧. ખુરાસાન દેશના. ૨. કચ્છના. ૩. કષ્ટ પૂર્વક=મજબુત. ૪. છેડો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નાદ ભલા વન પંખીતણા, શ્રવણિ સુનીઇ સોહામણા;
સજલ સરોવર દીસઇ [1]ચંગ, જોતા મનિ ઉપજાવઇ રંગ. ૬૮૨

કર-મુખ-ચરણ પખાલી કરી, તૃપ્ત થયો તે જલ વાવરી;
પુનરપિ વનમાંહિ તે ભમઇ, નિજ નયણે પેખઇ તિણિ સમઇ. ૬૮૩

ઊંચો જિનવરતણો પ્રાસાદ, મેરુશિખર સમ મંડઇ વાદ;
દંડ-કલસ-ધજ લહકઇ સાર, ઘંટારવ સુનીઇ મનોહાર. ૬૮૪

પ્રવર સોપાનિ વિરાજિત દ્વાર, ભીતિતણુ તે બહુ વિસ્તાર;
સોહઇ અપછર જિસિ પૂતલી, નિરખંતા મન મોહઇ વલી. ૬૮૫

દેખી હરખઇ કુમર સુજાણ, આવી પ્રણમઇ જિણવરભાણ;
કરજોડીનઇ કરઇ પ્રણામ, 'તુમ્હ દીઠઇ સીધાં મુઝ કામ. ૬૮૬

ભવભય ભ્રમણ નિવારો આજ, આપો અવિચલ વંછિત રાજ!';
ત્રિણિ પ્રદખ્યણ દેઈ કરી, સ્તવન કરઇ મનિ ઊલટ ધરી. ૬૮૭

જિન પ્રણમીનઇ આઘો ચલઇ, પેખઇ સહસા નિજ નયણલે;
અનેક મુનિવરસિંઉ પરવર્યા, વિદ્યાધર વર સૂરીસરા. ૬૮૮

જિમ જ્યોતિષમાંહિ દિનમણિ, મણિમાંહિ જિમ ચિંતામણિ;
વૃક્ષમાંહિ વડો સુરતરુ, સોહઇ તિમ ખેચર મુનિવરુ. ૬૮૯

મુનિ દેખી મનિ હરખિત થાય, આવી પ્રણમઇ ઋષિના પાય;
કર જોડીનઇ દેસન સુણઈ, સફલ જન્મ નૃપનંદન ગુણઇ. ૬૯૦

બાલ-વૃદ્ધમુનિની પરષદા, પંચમહાવ્રત ધારઇ મુદા;
વાંદઇ તેહનઇ નૃપ ભાવસિઉં, તતખિણ ચિત્ત વિમાસઇ ઇસિઉં. ૬૯૧

'સરખી વય નિ સરખઇ વાનિ, પંચઇ દીસઇ ગુણની ખાનિ';
અવસર પામીનઇ શુભ મનિ, વિનય કરીનઇ ગુરુનઇ ભણઇ. ૬૯૨

---

૧. સુંદર, મનોહર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાલ : ૩૪, રાગ- ધન્યાસી, ચતુર ચમકિઉ ચીંત-એ દેસી.

પૂછઇ કુમર ઊલટ ધરી, 'પ્રભુ! ભાંજો મુઝ સંદેહ રે;
તુમ્હ દરસણ મુઝ વાલહો, બાપીયડા જિમ મેહ રે. ૬૯૩

ભાખો ભગવન! મુહનઇ, એહ ચરિત રસાલો રે;
એ કુણ પંચઇ મુનિવરા?, સોહઇ અતિ સુવિસાલુ રે. ૬૯૪ ભાખો૦

યૌવનવય પંચઇ સહી, તજી સવિ કામવિકારા રે;
છંડી સુખ સંસારિના, કિમ હુઆ અણગારા રે?. ૬૯૫ ભાખો૦

વીર ધીર સોહઇ ભલા, રતિપતિનઇ [1]અનુહારા રે;
ચંદવદન જસ ઉપમા, દયાવંત સુખકારા રે. ૬૯૬ ભાખો૦

વારુ નિજ મન થિર કરી, ચતુરપણિ ચિત્તિ ચેત્યા રે;
કર્મ કઠિન સવિ પરિહરી, તન-મન-ઇંદ્રી જીત્યા રે. ૬૯૭ ભાખો૦

સરલા ગતિ સરલા મતિ, સીલગુણ અંગિ સુહાવઈ રે;
સમ-દમ ગુણિ કરી એ ભર્યા, મુનિવર મુઝ મનિ ભાવઇ રે. ૬૯૮ ભાખો૦

નિજ આસન વલી થિર કરી, થાપિઉ મન શુભ ધ્યાનઇં રે;
નયન-[2]વયન કરી [3]એકઠા, સાધી શિવવધૂ આણઇ રે. ૬૯૯ ભાખો૦

ગરવ નહી મનમાં વલી, રમઇ સંજિમ મનમાંહિ રે;
કૃપા પર બઇસઇ સદા, તપ તરુવરની છાંહિ રે.' ૭૦૦ ભાખો૦

ચ્યાર જ્ઞાન ધર બોલીયા, વિદ્યાધર સૂરીસો રે;
'કુમર! સુનુ એકચિત્ત થઈ, એહ ચરિત સુજગીશો રે. ૭૦૧ ભાખો૦

ઈહાં થકી ઉત્તરની દિસિં, **અમરપુરી** નામઇ નગરી રે;
ધન-કણ-કંચનિ તે ભરી, રુપવંત બહુ [4]શબરી રે. ૭૦૨ ભાખો૦

---

૧. સમાન. ૨. વચન. ૩. સ્થિર. ૪. ભીલડી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પલ્લીપતિ રાજા તિહાં, **ધરણીધર** તસ નામ રે;
ભિલ્લ સૈન્ય લેઈ સદા, ભંજઇ નગર નઇ ગામ રે. ૭૦૩ ભાખો૦

અન્ય દિવસિ તિહાં આવીયો, વનિતાસું વનમાંહિ રે;
ચતુરંગ સેનાઈ પરવર્યો, નૃપનંદન ઉચ્છાહિ રે. ૭૦૪ ભાખો૦

સુની પલ્લીપતિ આવીયો, માંડઇ મહા સંગ્રામ રે;
દુર્જય જાણી તેહસિઉં, યુદ્ધ કરઇ તિણિ ઠામિ રે. ૭૦૫ ભાખો૦

રથિ બઇસારી સ્ત્રીતણું, સુંદર રુપ દેખાડઇ રે;
જાણી પરવશિ તે હુઉ, ખડગિ હણી તસ પાડઇ રે. ૭૦૬ ભાખો૦

પંચઇ બંધવ તેહના, સુણી તસ મરણ પ્રકારો રે;
બંધવ વિરતણો તદા, પંચઇ કરઇ વિચારો રે. ૭૦૭ ભાખો૦

''છલિ કરી હણીઇ એહનઇ'', શંખપુરિ નગરિ તે આવઇ રે;
છલ જોઇ તસ મારિવા, સમય ન કો તે પાવઇ રે. ૭૦૮ ભાખો૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાલ : ૩૫, પ્રાણપિયા રે નેમજી–એ દેસી.

એક દિવસ કુંઅર ચલ્યો, રમવા વનહ મઝારિ રે;
બહુ પરવારિઉ પરવરિઉ, સાથઇ લેઈ નિજ નારિ રે '. ૭૦૯

ઇમ ભાખઇ જ્ઞાની ગુરુ તદા, "[1]સુનુ નૃપનંદન! અધિકાર રે;
એ પંચઇ તિહાં આવીયા, ચિત્તિ નહી મનોહાર રે. ૭૧૦ ઇમ૦

રમઇ ભમઇ ક્રીડા કરઇ, દંપતિ મનિ ઉછાહિ રે;
નિજ નારી [2]અહિના દશી, દુખ ધરઇ મનમાંહિ રે. ૭૧૧ ઇમ૦

જ્વલન કાજિ ઉછક થઈ, મોટી ચિતા રચાવઇ રે;
વિદ્યાધર આવી તદા, કુમરનઇ તવ સમઝાવઇ રે. ૭૧૨ ઇમ૦

પરઉપગારી ખેચરઇ, કીધી નારિ સચેત રે;
રયણી જાણી તિહાં રહઇ, આવી [3]યક્ષ–નિકેત રે. ૭૧૩ ઇમ૦

તે પાંચઇ આવઇ તિહાં, આજ લહિઉ પ્રસ્તાવ રે;
બંધવ વૈર લીજઇ હવઇ, અરિનો એહ સભાવ રે. ૭૧૪ ઇમ૦

વિશ્વાનર લેવા ભણી, નૃપનંદન બાહિર જાય રે;
વનિતાવદન જોવા ભણી, લઘુ બંધવ કરઇ ઉપાય રે. ૭૧૫ ઇમ૦

દીપ પ્રગટ કરી તિણિ સમઇ, [4]નારી રુપ નિહાલઇ રે;
પ્રેમ ધરી તસ ઊપરિ, વચન કહી ચિત્ત ચાલઇ રે. ૭૧૬ ઇમ૦

"પતિ થાઉ તુમ્હે માહરા, ભોગવઉ મુઝસિઉં ભોગ રે;
યોવનનો લાહો લીજીઇ, પામી એહવો સંયોગ રે." ૭૧૭ ઇમ૦

વચન સુની ઇમ તેહના, બોલઇ વયણ વિસાલ રે;
"તવ પતિ જો જાણઇ ઇસિઉં, રુસઇ જિમ મહાકાલ રે." ૭૧૮ ઇમ૦

---

૧. શ્રુણુ=સાંભળ. ૨. સાપથી ડસાઈ. ૩. યક્ષના મંદીરે. ૪. સ્ત્રીએ તે પુરુષનું રૂપ જોયું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

''ખડગિ હણું તુઝ દેખતા,'' ઇમ દુષ્ટ વચન વદઇ નારિ રે;
જાણી કુમરનઇ આવતો, ટાલઇ દીપ તિણિ બારિ રે. ૭૧૯ ઇમ૦

અગનિ લેઇ આવઇ વહી, પૂછઇ નારિનઇ તામ રે;
''નિરખી કિણિ કારણિ પ્રિયે!, દીપ—જ્યોતિ ઇણિ ઠામિ? રે''. ૭૨૦ ઇમ૦

કહઇ નારી ''કંતા! સુણઉ, [1]વિહ્નિ ધરિઉ નિજ હાથિ રે;
પ્રતિબિંબ્યઉ નિજ નયણલે, ઇમ સંભલુ નરનાથ! રે ''. ૭૨૧ ઇમ૦

આપી ખડગ નારી-કરઇ, જ્વલન પ્રગટ કરઇ રાય રે;
કાઢી ખડગ ઊભી રહી, જબ નૃપનઇ દીઇં ઘાય રે. ૭૨૨ ઇમ૦

તવ કૃપાલુ પલ્લીપતિ, પાડઇ ભૂમિ કરવાલ રે;
''નારિ નહીં એ રુયડી, જિણિ કીધો ઇમ ચિત્ત ચાલ રે''. ૭૨૩ ઇમ૦

---

૧. અગ્નિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**દૂહા :**

દેખી સ્ત્રીય ચરિત ઇમ, છંડી અથિર સંસાર;
ધરી વૈરાગ્ય મનિ આપણઇ, હુઆ એ અણગાર.' ૭૨૪

સુણી વૃત્તાંત ઇમ આપણો, જ્ઞાની ગુરુનઇ પાશિ;
ચિત્ત ચમકિઉ નૃપસુત વલી, મનસિઉં રહઇ વિમાસિ. ૭૨૫

'હું મૂરખ એ સ્ત્રીતણો, આણી અધિક સનેહ;
જ્વલનકાજિ ઉચ્છક થઈ, સંતાપી નિજ દેહ. ૭૨૬

**ઢાલ : ૩૬ રાગ- કાલહરો.**

ઇમ સુણી નૃપસુત ચિત્તિ ચીંતઇ, જાણી અથિર સંસાર રે;
'સુર-અસુર-કિંનર- દેવ-દાનવ, નડિયા કામિવકાર રે. ૭૨૭ ઇમ૦

એ કપટપેટી [1]નિપટ લંપટ, મોટી એહની વાત રે;
ખિન રમઇ રંગિ વિનોદ રામા, ખિન-ખિન નવી-નવી [2]ધાત રે. ૭૨૮ ઇમ૦

ખોટઇ ચિત્તિ પ્રીતિ મંડઇ, પાડઇ મૂરખ પાશિ રે;
મનગમતા નરસિઉં નેહ બંધી, હોઇ તેહની દાસિ રે. ૭૨૯ ઇમ૦

દ્વાદશમ ચક્રી બ્રમ્હદત્ત વર, તેહની ચલના માત રે;
કામવશિથી દુષ્ટ ચિંતી, મંડીઉ સુત ઘાત રે. ૭૩૦ ઇમ૦

રાયપસેણી દ્વિતીય ઉપાંગમઇં, જુઉ સૂરકંતા નારિ રે;
પાપિણી નિજ પતિ હણીનઇ, પુહતી નરગમઝારિ રે. ૭૩૧ ઇમ૦

વશિ કરઇ શિંહ-શાર્દૂલ ભુજ બલિ, વિષમ બલવંત વાઘ રે;
એહવા સૂર ધીર સબલા, સ્ત્રી કરઇ તસ છાગ રે. ૭૩૨ ઇમ૦

---

૧. અતિશય. ૨. પ્રકાર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[૧]સુરતટની તટિ જે વાલુકા કણ, જલધિ જલ જે હોઇ રે;
બુદ્ધિમંત નર નિજ બુદ્ધિ બલિથી, પરિણામ ભાખઇ સોઇ રે. ૭૩૩ ઇમ૦

તે હુ પણિ સ્ત્રી ચરિત્ર કેરો, કહી ન પામઇ પાર રે;
વિષમગતિ મતિ વિષમ કરણી, કુગતિની દાતાર રે. ૭૩૪ ઇમ૦

અથિર તન-ધન અથિર યૌવન, અથિર એ પરિવાર રે;
આયુ જિમ જલબિંદુ ચંચલ, વિણસતાં નહી વાર' રે. ૭૩૫ ઇમ૦

ઇમ અનિત્ય ભાવન ધરઇ તતખિણ, લહઇ પરમ સંવેગ રે;
ચરણ પ્રણમી વદઇ વલી-વલી, 'ટાલો ચિત્ત ઉદેગ રે. ૭૩૬ ઇમ૦

સુણુ જ્ઞાનધર! વર સૂરિસુંદર!, ભાખીઉ જે અધિકાર રે;
એ ચરિત્ર મોરો નહીય થોરો, નવિ લહું જસ પાર રે. ૭૩૭ ઇમ૦

સંસાર જલનિધિમાંહિ મુઝનઇ, બુડતાં પ્રભુ! વારઇ રે;
સુખકરણિ [૨]તરણિ સંયમકેરી, આપી પાર ઊતારો રે. ૭૩૮ ઇમ૦

પુન્યજોગઇ લહિઉ દરસણ, આપો [૩]દીખ દયાલ! રે;
ભવભ્રમણભય ભૂવિ ભૂરિ વારો, ષટ જીવના પ્રતિપાલ રે'. ૭૩૯ ઇમ૦

કહઇ સૂરિસુંદર 'સુણુ નરવર!, મ મ કરુ ધર્મ પ્રમાદ રે;
કરીય તપ-જપ શુદ્ધ સંજિમ, જિમ લહઉ જયવાદ રે'. ૭૪૦ ઇમ૦



૧. ગંગા. ૨. નૌકા, હોડી. ૩. દીક્ષા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાલ : ૩૭ રાગ-ધન્યાસી, ચંદ્ર નગરી દીપતિ-એ દેસી.

રાજ ઋદ્ધિ તૃણ જિમ પરિહરી, પરિહર્યુ સર્વ સંસાર;
ખેચર ગુર પાસઇ તદા, નૃપ લેઇ [સં]જિમ ભાર. ૭૪૧

ભવિયણ! વાંદીઇ રે, અગડઋષિ રાય;
નામઇ પાતિગ જાય, ગાતા હરખ ન માઇ. ૭૪૨ ભવિયણ૦

છઠ્ઠ-અઠ્ઠમ બહુ આદરી, ધરી ધર્મનૂ મનિ ધ્યાન;
શુદ્ધભાવ લેઈ સંલેખણા, પામઇ અમરવિમાન. ૭૪૩ ભવિયણ૦

તિહાં થકી અનુક્રમિ તિ કેવલી, કરી કર્મનુ પરિહાર;
સંસારના ભય સવિ તજી, શિવપદ લહસઇ સાર. ૭૪૪ ભવિયણ૦

અપ્રમત્તપણિ જિમ ચાલીઉ, અગડદત્ત કુમાર;
ભાવથી ઇમ વિચરઇ સદા, તે લહઇ મુગતિ-દુઆર. ૭૪૫ ભવિયણ૦

મહાવીરદેવઇ ભાખીયાં, અધ્યયનિ જેહ છત્રીસ;
ઉપગારકારણિ સ્વયં મુખિ, બોલ્યા તે જગદીસ. ૭૪૬ ભવિયણ૦

સુણતા તે શ્રવણિ સોહામણા, ટાલઇ વલી ભવ દુઃખ;
સુણી સુદ્ધ મારગ આદરઇ, તે લહઇ અવિચલ સુખ. ૭૪૭ ભવિયણ૦

અધ્યયન ચોથે જાણયો, સાતમી(છઠ્ઠી) ગાથામાંહિ;
સંબંધ એ ઋષિરાયનો, સુણતા અધિક ઉચ્છાહ. ૭૪૮ ભવિયણ૦

સાધગુણ ગાતા થકા, નવિ રહઇ પાપ શરીર;
રજ હરઇ જિમ નિજ દેહની, ધોતાં નિર્મલ નીર. ૭૪૯ ભવિયણ૦

ઇ ચરિત્ર ભાવઇ સાંભલઇ, તસ ઘરિ મંગલ માલ;
સવિ સૌખ્ય પામઇ તે સદા, સંપદ લહઇ સુવિસાલ. ૭૫૦ ભવિયણ૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાલ : ૩૮, રાગ- ધન્યાસી-દેસી. ધમલિની

નયરી **ત્રંબાવતી** જાણીઇ, અલકાપુરીય સમાન;
દેવભુવન સોભઇ ભલાં, જાણુ હો ઇંદ્ર વિમાન. ૭૫૧
મનરંગઇ ભવિયણ! સાંભલો હો, એહ સંબંધ રસાલ.

ધવલિત ધવલ ગૃહ ભલા, સોભિત માલિ-અટાલિ;
કામિની જન મન મોહતી, સોહતિ ગજગતિ ચાલિ. ૭૫૨ મન૦

પુન્યવંત નર તિહાં વસઇ, પાલઇ નિજ આચાર;
જિનમિંદિર નિત રુયડાં, પૂજા રચઇ નર-નારિ. ૭૫૩ મન૦

વડ વ્યવહારી જાણીઇ, ભૂપ દીઇ જન માન;
**સાવત્થાસુત નાગજી**, ઉત્તમ પુરુષ પ્રધાન. ૭૫૪ મન૦

દૃઢ સમકિત નિત ચિત્ત ધરઇ, સારઇ જિણવર સેવ;
ભક્તિ કરઇ સાહમીતણી, કુમતિતણી નહી ટેવ. ૭૫૫ મન૦

**રુપવંત** સોહઇ સદા, **સુંદરસુત** અભિરામ;
સકલ કલા-ગુણ આગરુ, રુપિ સોગઇ જિસ્યો કામ. ૭૫૬ મન૦

**મુનિસુવ્રત** સુપસાઉલે, દિન અધિકુ નૂર;
**વિધપક્ષ** ગછિ સોહાવીઉ, પુણ્યતણુ કરિ પૂર. ૭૫૭ મન૦

તસ આગ્રહ જાણી ઘણો, ચરિત રચિઉ મનોહાર;
અગડદત્ત ઋષિરાયનો, એહ સંબંધ ઉદાર. ૭૫૮ મન૦

**શ્રીગોડીપાસ** પસાઉલઇ, સીધાં વંછિત કામ;
રાસ રચિઉ મહારિષિતણો, સમવસરણ સુભ ઠામ. ૭૫૯ મન૦

વિહરમાન ગણધર ભલા, **શ્રીકલ્યાણસાગર** સૂરીરાય;
**અંચલગછપતિ** જગિ જયો, દેખતિ પાતિગ જાય. ૭૬૦ મન૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિમલવંશ** વાચકતણો, કીરતિ જસ સુપ્રકાસ;
પુન્યચંદ્ર વાચક વરુ, ધર્મતણો મનિ વાસ. ૭૬૧ મન૦

તાસ સીસ સુંદર સોભાગી, પાલઇ સાધનો પંથ;
**કનકચંદ્ર** વાચક ગુણિ ભરીયા, મહામુનિ સેહ નિગ્રંથ. ૭૬૨ મન૦

તાસ સીસ વિદ્યાના આગર, વાચક શ્રી**વીરચંદ**;
તપ-જપ સંજિમ કિરીયા પાલઇ, સુંદર એહ મુણિંદ. ૭૬૩ મન૦

તસ પદ પંકજ મધુકરની પરિ, રહઇ સદા એક ચિત્તિ;
વિનયવંત નઇ વિમલમનઇ નિત, રંગિ કરઇ ગુરુ-ભત્તિ. ૭૬૪ મન૦

તાસતણુ સુપસાય લહીનઇ, ચરિત રચિઉ મન ભાય;
**થાનસાગર** મુનિવર ઇમ જંપઇ, 'ભવિજન! સુણઉ ચિત્તલાય.' ૭૬૫ મન૦

**સંવત શશિ રસ** જાણીઇ, **સિદ્ધિ** તણી વલી સંખ;
**મહાવ્રતપદ** આગલિ ધરઉ, સમ કરી ગુણો સવિ અંક. ૭૬૬ મન૦

**અશ્વનિ** માસિ મનોહરુ, પૂર્ણા તિથિ વલી જાણિ;
**અસિત પંચમી** એ સહી, **ભૂસુત વાર** વખાણિ. ૭૬૭ મન૦

એહ ચરિત જે સાંભલઇ, તેહ ઘરિ લીલ-વિલાસ;
સાધુતણા ગુણ ગાઇતાં, પૂરઇ હો મનતણી આસ. ૭૬૮ મન૦



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ❁ ૭. નંદલાલજી કૃત અગડદત્તરાસ ❁

**દોહા :**

સિદ્ધ-રિધ—નિધ દાયકા, **મહાવીર** જિણરાય;
તાસતણા ચરણ નમી, ચરિત્ર રચ્યું સુખદાય ૧

ચર્ણ કમલ સ[રસ્વતી] ત[ણા], પ્રણમી બે કર જોડ;
**અગડદત્ત** કુમારના, વરણન કરુ મદ મોડ. ૨

કુણ નગર? કુણ દેસમે?, કુણ માત? કુણ તાત?;
નામ કહું હિવે તેહના, સાંભલજ્યો સાખ્યાત. ૩

**ઢાલ : ૧, ચોપાઈ.**

જંબુદીપ ભરત મંઝાર, નગર **સંખપુરી** સુખકાર;
ગઢ-મઢ-મંદર [૧]પૌલ પગાર, નગરી [૨]સોભ બહુ વિસ્તાર. ૧

પવન છત્તીસ વસે તિણમાંહિ, આપ આપણે માર્ગ જાય;
વણિક લોક કરૈ વ્યાપાર, રાજનિતી વર્તે સુખકાર. ૨

**સુરસુંદર** રાજાનો નામ, રાજા તેજ સોભે અભિરામ;
નિરકંટક સબ ધરણી કરી, પાલે એ જ મહી વિસ્તરી. ૩

સૂર્યવંસમાંહિ જિમ ચંદ, સોભે પાલે રાજ અખંડ;
[૩]અગ્રમહિષી છે તસ નામ, **સુરસુંદરી** એણી ગુણધામ. ૪

રાજાને કોઈ સુત નાંહી, નિસ-દિન રહે ચિંતા ઘટમાંહિ;
દેવ કુદેવ મનાવે ઘણા, કાજ ન સીઝે કોઈ મનતણા. ૫

---

૧. દ્વાર. ૨. શોભા. ૩. પટરાણી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચંડી-સંડી-ખેત્રપાલ, ભેરવ-ભોપા ઓર જંજાલ;
પુજે [૧]ઢોકે સરે નહીં કાજ, ચિંતાતુર રહે મહારાજ. ૬

સંખપુરીથી જોજન ચાર, એક [૨]અગડ છે અતિ વિસ્તાર;
**બૃહ્મકુપ** છે તેહનો નામ, લોક ઘણા પુજે સુભધામ. ૭

નર-નારિ પૂજે તે કુપ, ફલ ચઢાવે ખેવે ધુપ;
દૂધ-પુત માંગે સંસાર, બૃહ્મકૂપ સબ પુર્ણહાર. ૮

એહવી વાત એણી વિસ્તરી, કુપ પુજનની [૩]મનસા ધરી;
રાજાને જણાવી વાત, 'બૃહ્મકુપ પૂજો મહારાજ! ૯

જો કુછ માગે સોઈ વરે, ઈછા પૂર્ણ મનની કરે';
રાજા માની એહ સબ વાત, દીપ-ધૂપ સામગ્રી સાથ. ૧૦

વાજંત્ર લેવે બહુલા સંગ, રાજા-રાણી મન ઉછરંગ;
પુજા-અરચા તિહાં પિણ કરી, બૃહ્મકુપની આસા ધરી. ૧૧

ઈણપરિ રાણી કાલ ગમાય, સુખે-સુખે તેહના દિન જાય;
પહલી ઢાલ જોંએ વખાણ, રાણી કિણ પરિ ધરે [૪]ધાન?. ૧૨



૧ ભેટાણુ ધરે=સુખડી વગેરે ચડાવે. ૨. કુવો. ૩. ઈચ્છા. ૪. ગર્ભ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દોહા :

દેવ ચવી દેવલોકથી, નરભવ લિયા અવતાર;
રાણી ઉદરેં ઉપના, પુન્યવંત સુકુમાર. ૧

ગર્ભ દિવસ પૂર્ણ થયા, જન્મા પુત્ર રતન;
રાજા મન હર્ષ થયો, લોક કહે 'ધન-ધન'. ૨

બંદીવાન છોડાવીયા, કીધા હર્ષ ઉછાય;
રાય [૧]દેસાટન માંડીયો, સજન મિત્ર જિમાય. ૩

નામ દિયા બાલકતણા, **અગડદત્ત** કુમાર;
બૃહ્મકુપ પ્રભાવથી, પ્રગટ થયો સંસાર. ૪

## ઢાલ : ૨, રે [જીવ] જીવદયા પાલીયે-એ દેસી.

પાંચ [૨]ધ્યાયા વધે સદા, અગડદત્ત કુમાર;
ચંદ્રકલા જિમ વાધતો, માત-પિતા સુખકાર. ૧
પુન્યથકી સુખ પામીયે-એ ટેક.

બાલકવય મુકી તિહાં, પામ્યો જોબન સાર;
નવ અંગ સુતા જાગીયા, થયો ધીરજ ધાર. ૨ પુન્ય૦

કર્મ જોગ સંગત થઈ, [૩]કુવિષણ નર જાણ;
દ્યુતિ રમેં ગણિકા ગમે, કુડ-કપટ વખાન. ૩ પુન્ય૦

કલા બહુતર જાણે છે, પિંગલ કવિત વખાણ;
વેદકલા શસ્ત્રકલા, શબ્દ-વેદી મારે બાણ. ૪ પુન્ય૦

નગરીમાંહિ રામતિ કરે, મરજાદાને લોપ;
ચોરી જારી ને છલ ઘણા, કરે અનીતી બહુત. ૫ પુન્ય૦

---

૧. દસ દિવસનો મહોચ્છવ. ૨. ધાવમાતાથી ૩. કુવ્યસની.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લોક ઘણા દુખિયા થયા, ચાલે નહીં કોઈ જોર;
[૧]જૈસે ગુમી રુદન કરે, જનની પિણ ચોર. ૬ પુન્ય૦

સેઠ બહુ ભેલા થયા, આયા નૃપ-દ્વાર;
‘સ્વામી! હમ દુખિયા થયા, તાસું કરત પુકાર. ૭ પુન્ય૦

મરજાદા ગઈ કુલતની, લાજ રહી ના લગાર;
સ્વામી! આગ્યા આપીયે, જાવે ઓર દ્વાર. ૮ પુન્ય૦

સુખિયા ઘર છોડે નહીં, દુખીયા તજે ઠામ;
ઈસ કર સ્વામી! જાયસ્યા, [૨]ઓર રાયને ગામ.’ ૯ પુન્ય૦

રાય કહે ‘કુણ દોસ હુવા? ભાખો સગલી વાત’;
દોષ પ્રકાસા કુમરનો, ચમક્યો નરનાથ. ૧૦ પુન્ય૦

ધીર્જ આપી લોકને, સીખ દીની રાય;
થે જાવો ઘર આપણે, કુમર લું [૩]સમઝાય. ૧૧ પુન્ય૦

બીજી ઢાલ પુરી થઈ, લોક કીધી પુકાર;
આગલ કિણ વિધ થવાસી? તે સુણિજો અધિકાર. ૧૨ પુન્ય૦



૧. ટિ૦ સરખાવો-કહેવત-‘ચોરની મા કોઠીમાં મોઢુ ઘાલીને રોવે’. ૨. બીજા. ૩. સમજાવી લઈશ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દોહા :

અગડદત્ત કુમર ભણી, સમઝાવે નરનાથ;
હેત-ન્યાય-જુગતે કરી, એકે ન માની વાત. ૧

રાજા અતિ કોપે ચડી, દેસ-નિકાલો દીધ;
કુમર ચલા [૧]પ્રદેશમેં, [૨]ધુનક-બાન કર લીધ. ૨

અનુક્રમે ભમતાં થકાં, નગર **બનારસી** આય;
નગરમાંહિ ભ્રમણ કરૈ, સ્વ-ઈછા મનમાંહિ. ૩

બ્રાહ્મણ પાડે આવિયો, દીઠી એક નેશાલ;
વિદ્યા ભણે બાલક ઘણા, સુંદર અતિ સુખમાલ. ૪

અગડદત્ત તિહાં આવિયો, લીધો છે વિસરામ;
ખિણ-માત્રને અંતરે, અધ્યાપક પુછે તામ. ૫

## ઢાલ : ૩, ઈણ કાલરો ભરોસો ભાઈ રે કો નહીં-એ દેસી.

'કહો કુમર! થેં કુણ છો? કોન નગર તુમ વાસો એ?;
માત-તાત કુણ તાહરા? નામ વર્ણ પ્રકાસો એ.' ૧
બ્રાહ્મણ ઈણ પરિ ભાખીયો-ટેક

કુમર પ્રકાસી સહુ વારતા, આદ-અંત સહુ જાણી એ;
બ્રાહ્મણ સુન હર્ષત થયા, આદર દિધો ઘરિ આણિ એ. ૨ બ્રાહ્મણ૦

'રે વછ! તાહરો તાત છે, મુઝ સમીપે ભણીયો એ;
તેહના પુત્ર તું સહી, તાસ સમે હું ગીણીયો એ. ૩ બ્રાહ્મણ૦

સાત [૩]કુવિષ્ણને છોડ કે, વિદ્યા ભણો મુઝ પાસો એ;
આલસ તજ [૪]ઉદમ કરો, પુરીસી થારી આસો એ'. ૪ બ્રાહ્મણ૦

---

૧. પરદેશમાં. ૨. ધનુષ્ય-બાણ. ૩. કુવ્યસનને. ૪. ઉદ્યમ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કુમર તિહાં વિદ્યા ભણે, ઉદમ કરે અપારો એ;
આલસ કોઈ કરે નહીં, રાત-દિવસ ખપ ધારો એ. ૫ બ્રાહ્મણ૦

માસ વસંત આયો તિહાં, લોક જાવે રામત કાજો એ;
કુમર દેખિને ઉમાહીયો, પૂછે અધ્યાપક રાજો એ. ૬ બ્રાહ્મણ૦

'સ્વામી! અનુમતિ આપિયો, જાઉ રામતિ કાજો એ;
કીડા કરું વનખંડમે, [1]બહુતર નારિનો સાજો એ'. ૭ બ્રાહ્મણ૦

ગુરુની અનુમત લે કરી, આયા બાગ મંઝારો એ;
રામતિ નિરખે લોકની, હર્ષ વદન-ચિત ધારો એ. ૮ બ્રાહ્મણ૦

**બુધદત** તિહાં સેઠજી, પુત્રી છે ગુણધામો એ;
**મદનમંજરી** નામ છે, રૂપવંત અભિરામો એ. ૯ બ્રાહ્મણ૦

કુમર દીઠી [2]કુમરને, જાગો નેહ અપારો એ;
કુમરી કુમર જે નિરખિયો, નેહ બંધાણો સારો એ. ૧૦ બ્રાહ્મણ૦

કુમરી કહે કુમર ભણી, 'તે લે ચલ મુઝ સાથો એ;
માહરે મન તે માનિયો, ઔર ન બીજી વાતો એ.' ૧૧ બ્રાહ્મણ૦

તીજી ઢાલ પુરી થઈ, કુમરી પ્રાર્થના કીધી એ;
સુખ પામે તેહી જીવડા, પુન્ય-ક્રયા [3]જિન કીધી એ. ૧૨ બ્રાહ્મણ૦

---

૧. ઘણી. ૨. કુમરીને. ૩. જેણે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દોહા :

કુમર કહે 'સુણ કામની!, હું થાનકથી ભ્રષ્ટ;
ડવાડોલ રહું સદા, કોઈ વાત નહીં સિષ્ટ. ૧

થાન-ભ્રષ્ટ જે પુરુષ હે, સોભે નહીં લગાર;
દંત કેસ ઓર નખ નરા, [૧]તીનો એક વિચાર. ૨

જબ હું જાઉં નગરકું, લે જાઉં તુમ લાર;
અબ થેં જાઉં ઘર વિષે, પ્રીતી રાખો એકતાર.' ૩

કુમર ગયો નિજ થાનકે, કુમરી આઈ ઘરમાહિં;
રાગબંધ બેહુ થયો, સુખે-સુખે દીન જાય. ૪

## ઢાલ : ૪, પ્રભુનિ સેવનિ સુંઠાડે-એ દેસી.

એતલે વણારસી સ્વામી, તેહનો પટ્ટહસ્તી નામી;
ગજ સે....... વે, [૨]દલમાંહિ સોભા પાવે. ૧

એહવો રાજાનો હસ્તી, વસંત માસ વિષૈ થઈ મસ્તી;
આલાનખંભ અબ તોડે, પગ ધડકે સુંડ [૩]મારોડે. ૨

પસુ-નરને બહતા મારે, વણારસીમે ત્રાસ પાડે;
રાજા એહ પડહો દિવાવે, 'ગજ વસ કરે દામ પાવે.' ૩

અગડદત્ત સુણી એહ વાણી, છે બહુત્તર કલાનો જાણી;
ગજ ભૂમ કલાક પકડો, જંજીર કરીને જકડો. ૪

અંકુસ કરી મદ તોડા, ઠાણ આણીને ગજ જોડાં;
રાજાને કીધી જુહારો, રાજા કિયો તિણ વારો. ૫

---

૧. તેનો. ૨. સૈન્યમાં. ૧. મરડે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રાજા અતિ આદર દીધો, પ્રધાનતણો પદ કીધો;
અગડદત્ત સુખે દિન જાઈ, મદનમંજરી કામની બ્યાહી. ૬

એતલે એક **હરિયલ** ચોરા, પાપી મહા કઠન કઠોરા;
કુવિખણ માર્ગ નિત સેવે, ધર્મમાર્ગ કોઈ ન લેવે. ૭

જીવની કુરણા મન નાહી, નર-ઘાત કરે ક્ષિણમાંહિ;
વિસ્વાસ કરીને મારે, અપણો પિણ કાર્જ સારે. ૮

[૧]પ્રધનને નિત-નિત તાકે, સુતા સુન્યમાંહિ ધન ઝાકે;
ગ્યાન-ધર્મ તણી ન [૨]સુધી, મિત્રદ્રોહી મહા-નિરબુધી. ૯

દોય વિદ્યાનો ચોર ધારી, રાજાની ન માને [૩]કારી;
જાગતાને તે સુવાવે, જડ્યા તાલા તુરત ખુલાવે. ૧૦

હરયલ ચોરીને આવે, નગરીમાહિ દ્રવ ચુરાવે;
એહ ચોથી ઢાલ સુણઈ, સદગુરુ પરસાદે ગાઈ. ૧૧

૧. પરધનને. ૨. શુદ્ધિ. ૩. આજ્ઞા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દોહા :

હરયલ ચોર ચોરી કરે, લોક થયે નિરધન;
રાજા આગલ આયકે, પ્રકાસે દુષમન. ૧

'મહારાજ! તુમ નગરમેં, [લોક] ભયે દિલગીર;
તસ્કરને ધન લુટીયા, હો ગએ લોગ ફકીર. ૨

કૈ તુમ ઝાલો ચોરને, કે હમ દેવો સીખ;
એહ દુખ મોટા હમ ભણી, દર-દર માંગસ્યાં ભીખ.' ૩

મહારાજ સવ લોકને, દિયા દિલાસા તામ;
બિદા કરી પંચાયતી, સેઠ આયા નિજ ઠામ. ૪

## ઢાલ : ૫, જીવાં તૈનુ કર્મ રુલાવે રે – એ દેસી.

રાજેસર સભા પુરાણી રે, બૈઠા સિરદાર પ્રધાની રે;
મહીપતી એમ વખાને રે, 'જિ કો ચોર ઝાલીને આણી રે. ૧

જાને અર્ધરાજ હું આપું રે, જાને પુત્રીપતિ થાપું રે';
સુણીને સહુ મોન ધારી રે, હિમત સહુ લોકને હારી રે. ૨

અગડદત્ત બીડો ઝાલ્યો રે, આપણ પ્રમાદ જો ટાલો રે;
સપ્ત દિન સંકેત કીધો રે, અગડદત્ત અંજ[લિ] લીધો રે. ૩

હરયલ ચોર વાત યહ જાણી રે, 'અગડદત્ત બીડો આણી રે';
એહી [1]નેમ હું ચિત ધરિયો રે, સપ્ત દિન ચોરી હું કરવો રે. ૪

હરયલ નિત્ય ચોરી કરતો રે, અગડદત્ત ચોકસી ધરતો રે;
એહ તસકર હાથ ન આવે રે, કિ ષટ દિન એમ બિતાવે રે. ૫

---

૧ નિયમ, ટેક.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કુમર થયો છે દલગીરો રે, આપણો રુપ ધારો છે કીરો રે;
આપ ગયો છે નગરી બારો રે, [૧]લોક રહ્યો હુંસિયારો રે. ૬

દેવલમાંહિ આય બૈસો રે, ચોરની જોવે છે રેસો રે;
સન્યાસીનો રુપ ધારો રે, મહાપુરુષ થયો અવિકારો રે. ૭

હરચલ ભગવા ચીર પહિરી રે, નારાયણનો થયો લહરી રે;
રુદ્રાછ [૨]સિમરણી હાથો રે, સિંદુર તિલક દિયો માથો રે. ૮

હરનામ મુખે ઉચરતો રે, સવ સવ માર્વાગ [?] ધરતો રે;
અગડદત્ત આવંતો દીઠો રે, મનમેં લ્યાગો મીઠો રે. ૯

ચોર દેખીને કહે વાણી રે, 'તુ કુણ છે? [૩]કૃપણ પ્રાણી! રે';
'ધન અર્થી છું હું સ્વામી! રે, રિધ-સંપતિનો બહુ કામી રે.' ૧૦

ચોર કહે 'મુઝ સાથે આવો રે, ખિણમાત્ર વાર મ લાવો રે';
એહ પાંચમી ઢાલ જો ગાઈ રે, રિધ સંપતિનો બહુ કામી રે [?]. ૧૧



૧. જોઈ. ૨. માળા. ૩. દીન, ગરીબ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દોહા :

અગડદત્ત સાથે લેઈ, આયા નગર મંઝાર;
**ધનપતિ**નામા સેઠ કે, ઘર આયો તિણ વાર. ૧

જાગત નર સુવાઈયા, તાલા જડા ખુલાય;
ચોર ગયો તસ ભવનમેં, ધન લીધો મન ભાય. ૨

ગાંઠડી બાંધી મોટકી, અગડદત્ત સિરદાર;
નિકલ્યો નગરિ બાહિરે, હાથ ગૃહી તરવાર. ૨

દેવલમાંહિ આયકે, તિહાં લિયો વિશ્રામ;
ગંઠડી અલગી મેલને, ચોર વિચારે તામ. ૩

'જો દેખે મુઝ ઠામને, પ્રકાસે જગમાંહ;
[1]ઈસ કર એહને મારસું, કોઈ આગલ કહે નાહ.' ૪

## ઢાલ : ૬, માન ન કીજે રે માનવી–એ દેસી.

હરયલ એહ વિચારતો, નિંદ્રા આવે છે તામો રે;
પુન્ય સબલ કુમરતણો, ચોર ચિંતા નિસ્કામો રે. ૧ હરયલ૦

અગડદત્ત મન ચિંતવે, 'ચોર કિસો વિસ્વાસો રે?;
આપણ આપ વિચારિય, પ્રાણ [2]રાખુ એહ પાસ રે.' ૨ હરયલ૦

ચોર સુતા તિહાં જાણ કે, કુમાર ઊઠા તિવાર રે;
લાકડપે ચાદર ઉઢાય ને, આપ ગુપ્ત રહ્યો જાય રે. ૩ હરયલ૦

એતલે હરયલ જાગિયો, હાથ ગૃહી તલવાર રે;
સુતા મનુષ વિચારને, ખડગ કરી [3]પરહાર રે. ૪ હરયલ૦

---

૧. આથી. ૨. રક્ષણ કરું. ૩. પ્રહાર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ખડગ [1]વાજી તિહાં કાઢપૈ, ચોર દગા પિણ જાણ રે;
ભય [2]કર એકલો નાસિયો, પાછે કુમર તતકાલો રે. ૫ હરયલ૦

અગડદત્ત પાછે જાઈ, ખડગ કરા પ્રહાર રે;
ચોર પડો ધરતિ વિષૈ, કરતો એમ ઉચાર રે. ૬ હરયલ૦

કુમર પ્રતે ઈણ પ્રકહૈ, 'સુણ-સુણ રાજકુમાર! રે;
વૃખતલે ગુફાથકી, બીજો [3]દર્વ અપાર રે. ૭ હરયલ૦

ગુફા એક ભવન છૈ, સુંદર રુપ આકાર રે;
એક કન્યા છે રે સોભતી, પરણીજો તેં સુવિચાર રે. ૮ હરયલ૦

હું દુરજન તસ્કર હોતો, કોઈ ન મારણ જોગ રે;
કર્મ [4]ઉદે આયા માહરે, છૂટે ના [5]હિવિણ ભોગ રે.' ૯ હરયલ૦

એમ કહી તસ્કર મુવો, પામ્યા નર્ક નિવાસો રે;
[6]પ્રમાધામીને વસ પડો, રાત દિવસ ઘણી ત્રાસો રે. ૧૦ હરયલ૦

ખેત્ર વેદના નર્કમેં, કહી દસ પ્રકાર રે;
માહોમાહિ [7]નેરીયા, કર્તા મારોમાર રે. ૧૧ હરયલ૦

એહવી નર્કમેં વેદના, ચોર સહે નિજ કર્મ રે;
છઠી ઢાલમેં જાણજો, સહાઈ જિણધર્મ રે. ૧૨ હરયલ૦

---

૧. વિંઝી. ૨. પામીને. ૩. દ્રવ્ય. ૪. ઉદયે. ૫. હમણા. ૬. પરમાધામીને. ૭. નરકના જીવો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દોહા :

ગુફા ઉઘાડી તતખિણે, કુમર કિયો પ્રવેસ;
ભરજોવન કન્યા તિહાં, દીઠી અદભુત વેસ. ૧

આદર દીધો અતિઘણો, કુમર કહી સબ વાત;
[૧]અહિનાણી ખડગતણી, દિખ્યઈ સાખ્યાત. ૨

કુમરી દેખી [૨]પ્રજલી, કપટ ધરી મનમાંહિ;
'ઈણ મારા મુઝ તાત ને, હું મારું ઈણ તાંહિ.' ૩

સેજા પાથરી તતખીણે, અગડદત્ત બેસાય;
[૩]સલંડારો સિર ઉપરૈ, ભવને મસ્ત જાય. ૪

કુમર દેખી મન ચમકિયો, 'એહ છૈ કપટાચાર';
[૪]વૈણી ઝાલી તેહની, કરી ઘણી પ્રહાર. ૫

ખાંચી આણી તતખિણે, ગુફા થકી તિવાર;
લે આયો નગરી વિષૈ, કરતી ઘણી પુકાર. ૬

## ઢાલ : ૭, વીરજિણંદ સમોસર્યાજી–એ દેસી.

કન્યા એમ પુકારતી રે, કરતી બહુ વિલાપ;
'અબલા સંકટ મેં પડી રે, છોડાવો મુઝ આપ. ૧
ભવીકજણ! દયા કરો મુઝ આજ.

જેમ સિંચાણે ચિડકલી રે,[૫]મુષા જે મંઝાર;
તેમ ગૃહી છે મુઝ ભણી રે,' કરતી એમ પુકાર. ૨ ભવીકજણ૦

વયન સુણી અબલાતણો રે, નગરીના બહુ લોક;
[૬]કુરના આણી તેહની રે, ઘણા મનુષના થોક. ૩ ભવીકજણ૦

---

૧. નિશાની. ૨. બળીગઈ. ૩. પથ્થરનો થાંભલો. ૪. ચોટલો. ૫. ઉંદર. ૬. કરુણા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'સ્વામી! છાંડો એહને રે, એહવા ન કરો વાત;
અબલા પાતક અતિઘણો રે, ખોટી છે જીવઘાત. ૪ ભવીકજણ૦

**ગાથા :**

**परिभम्मइ संसारे, जीवस्स अणाइ कालस्स ।**
**जाव थाय पभावणा, नेमे गच्छइ निव्वाणे ।।**

એમ વિચારી છાંડિયે રે, કુર્ણા કરો મહારાજ!;
અપરાધી અથવા નહી રે, પ્રાણ ઉબારો આજ.' ૫ ભવીકજણ૦

કુમર કહે 'સહુ કો સુણો જી, થે નહીં જાણોજી કોય;
હરચલની યહ પુત્રકા જી, મહાઅધર્મ નર હોઈ.' ૬ ભવીકજણ૦

**यत:**

**चोर जुवारी और मतवाला, [1]अमली ठाकुर निरधन साला ।**
**हंसता पुरुष हींडणी नारी, अेह सातोका संग निवारी ।।१।।**

લોક ઘણી [2]મન્નત કરી જી, કુમર ન માની કાય;
ખાંચીને આણી તિહા જી, જિહાં બૈઠા માહારાય. ૭ ભવીકજણ૦

કોઈ કહૈ 'ઝુઠા એ છે જી, અગડદત કુમાર;
આપ મરંતા પાપીયા જી, ગૃહ આણી છૈ નાર.' ૮ ભવીકજણ૦

તતખિણ રાજા બોલીયો જી, 'અબલા છાંડો આજ';
કુમર કહૈ 'સ્વામી! સુણો જી, સમઝીને કરો કાજ. ૯ ભવીકજણ૦

કે જાસી આકાસમેં જી, કૈ ધસ જાય પાતાલ;
વિદ્યાબલ છૈ અતિઘણો જી, પાછૈ કરસી જંજાલ. ૧૦ ભવીકજણ૦

---

૧ નશાખોર. ૨. વિનંતી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પછાતાપ કરસ્યો ઘણો જી, પાછે ન [1]આસી જી હાથ;
ઈસ કર એહ નહી મુકિયે જી, સાંભલજે નરનાથ!'. ૧૧ ભવીકજણ૦

**ચત :**

કામ વિચારી કીજિયે, વિના વિચારી કરાય;
[આપ] નેઉલ મારિયો, પાછે ઘણી પછતાય. ૧

રાય છોડાવી કામની રે, ઊડગઈ રે આકાસ;
ઢાલ સાતમી એહ થઈ રે, સુણજ્યો ચરિત્ર વિલાસ. ૧૨ ભવીકજન૦

૧. આવશે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દોહા :

સબકો જન અશ્ચર્ય થયા, માની સાચી વાત;
એહ બુધવંતા માનવી, દીસૈ છે સાખ્યાત. ૧

જે એહ ભાખી વારતા, સબ થઈ એહ સાચ;
કલા દેખ કુમરતણી, નૃપનો મન બહુ રાચ. ૨

ઠામ દિખાઈ ચોરની, ધન આણે રાય હજુર;
કાશીપતિ હર્ષત થયો, આદર દિયો ભરપૂર. ૩

રાજ-ભાગ તેહને દિયો, [૧]પ્રણાવી નિજ બાલ;
અગડદત્ત રાજા કિયો, છત્ર ફિરે તતકાલ. ૪

હુકમ ચલાવે આપણો, સુખે-સુખે દિન જાય;
આગલ કિણવિધ થાવસી?, સુણજયો ચિત લગાય. ૫

## ઢાલ : ૮, એ તો ધિગ્ ધિગ્ વિષે વિકારને-એ દેસી.

અગડદત્ત માતા-પિતા, એતો સુણી છૈ કુંવરની વાત હો;
[૨]ઉઠ કોડી રોમરાયલી, હર્ષ વદન નરનાથ હો. ૧
એ તો આજ ભલા દિન ઉગિયો

સુરસુંદર તિહાં રાજવી, એ તો મોકલો નિજ પ્રધાન હો;
સૈના દિધી અતીઘણી, [૩]ખાન અને સુલતાન હો. ૨ આજ૦

અનુક્રમે ચાલી આવીયા, એ તો અગડદત્તને પાસ હો;
[૪]હઠ કર કુવર મનાવિયો, તાત મિલન ભયા ત્યાર હો. ૩ આજ૦

[૫]અગ્યા લેઈ નૃપતણી, રાણીયાં લિધી લાર હો;
દલ-બલ લેઈ સામઠા, એ તો લેઈ બહુ પરિવાર હો. ૪ આજ૦

---

૧. પરણાવી ૨. સાડા ત્રણ. ૩. લશ્કરી અમલદાર, ઉપરી. ૪. આગ્રહ. ૫. આજ્ઞા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંખપુરી ચલિ આવિયાં, એ તો સુરસુંદર સાહમી આય હો;
માત-પિતા ચરણા નિમો, એ તો દેખ આનંદ પાય હો. ૫ આજ૦

આજ ભલો દિન ઉગિયો, થયા નંદનનો [૧]દિદાર હો;
[૨]બહુ નમિ સાસુ ભણી, એ તો આપે છે સહુ સિણગાર હો. ૬ આજ૦

રાજ-લોક સુખ થયા, સુખે પાલે છે તીહાં રાજ હો;
સુરસુંદર સંજમ ગ્રહે, એ તો કિણવિધ [૩]કાર્ણ થાય હો? ૭ આજ૦

એક દિન બૈઠો ભવનમૈ, એ તો એકલો રાજાન હો;
રાજનીતિ [૪]ગૂંથને, એ તો વાંચૈ છે નિજ ધ્યાન હો. ૮ આજ૦

પ્રથમ શ્લોક એહ નિસરો, એ તો વાંચીને કરત વિચાર હો;
'પારખા કિજે શ્લોકના,' રાજા મનમાંહિ ધાર હો. ૯ આજ૦

**યત :**

**भोजनं घृतसारं, रात्रिसारं च जाग्रतां।**
**आगता जागता सारं, स्त्री ताडं च ण सारतां।।**

[૫]રયણ સમૈ તિહાં રાજવી, જાગ્રત બેઠૌ તિણવાર હો;
નિદ્રા મુકી આપણી, સાવધાન બૈઠો હુંસયાર હો. ૧૦ આજ૦

રાજા મનમેં વિચારવૈ, 'હીવ આવે છે નિદ્રા આજ હો;
નગરીમાંહિ સોધી કરું, કુણ સુખ-દુખ વર્તે રાજ હો.' ૧૧ આજ૦

એમ વિચારી રાજવી, વેસપલટો કીધો આજ હો;
ખડગ લેઈ નિજ હાથમેં, નગરીમાહે આયો માહારાજ હો. ૧૨ આજ૦

ઢાલ થઈ એહ આઠમી, રાજા હિવ સંજમ લેય હો;
પુનવંતઓ હી જીવડાં, જિણ સંજમમેં ચિત દેય હો. ૧૩ આજ૦

---

૧. દર્શન. ૨. વહુ. ૩. કારણ. ૪. ગ્રંથને. ૫. રાત્રિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દોહા :

રયણ સમે રાજા ફિરૈ, કાલી અમાસ રાત;
રૂપરંગ દીસે નહીં, શબ્દ સુણે મુંહ વાત. ૧

ઈણપરિ નૃપતિ [૧]ડોલતો, ગલિ-ગલિ મંઝાર;
એક ભવન દિઠો તિહાં, સુંદર રૂપ [૨]અકાર. ૨

દંડ-કલસ સોવર્ણતણા, ધજા રહી આકાસ;
રાજા તિહાં ઊભા રહ્યો, ગુપ્તપણો પ્રકાસ. ૩

મધ્યરાત તિણ અવસરે, ખોલી ભવન [૩]કપાટ;
ખડગ લેઈ નિજ હાથમેં, ચાલી માર્ગ-વાટ. ૪

એહવી નારી સુંદરી, વર્ષ વીસ પ્રધાન;
રાજા દેખી અચર્જ થયો, એહ કાંઈ છે ગ્યાન. ૫

આભુષણ કરી [૪]સામઠી, એહવિ અબલા નાર;
કિહાં જાવૈ છે એકલી?, એહ છૈ કુલટાચાર. ૬

## ઢાલ : ૯, પિંગલકી-એ દેસી.

રાજા મનમૈ ચિંતવે, 'જાંઉ એહને પુઠો રે;
ચરિત્ર દેખુ ઈણ નારનો, લાધો અવસર [૫]નીઠો રે.' ૧
જોવો ચરિત્ર નારીતણો

સીંહતણી પરિ દોડતી, તે નારિ [૬]નિરભીકો રે;
પુઠે નરપતિ ચાલીયો, આગલ નદી એક દીઠી રે. ૨ જોવો૦

સેઠતણી તિહાં ભારજા, ઉતર ગઈ જલપુરો રે;
પુઠે મહીપતિ ઉતર્યો, આગલ સિંહ સનુરો રે. ૩ જોવો૦

---

૧. ભમતો. ૨. આકાર. ૩. કમાડ=દરવાજો. ૪. એકઠા. ૫. નક્કિ. ૬. નીડર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મૃગપતિ સનમુખ તે ગઈ, ખડગ કરી તે મારો રે;
સંક ન આણી કેહની, ત્રીયા હઠ બહુ ધારો રે. ૪ જોવો૰

આગલ એક વન આવિયો, તિહાં જોગીને વેસો રે;
મોટો માતો અવધૂત છે, મહાલંપટ ન ત્રાસો રે. ૫ જોવો૰

નારી પાસે જોગી ગયો, જોગી ઉઠકર મારો રે;
'આજ વિલંબ તે કિયો, મહારો કામ ન સારો રે.' ૬ જોવો૰

[૧]પ્રમદા કહે કરજોડિને, 'સ્વામી! સુણ અરદાસો રે;
કંત પાપી મુઝ જાગતો, [૨]ઈસ કર વિલંબ નિવાસો રે. ૭ જોવો૰

મ્હારો મન તુમ ચર્ણમેં, કંતથકી નહી રાચી રે;
હુ બલિહારી જી તાહરી, હું તાહરે મદ માચી રે.' ૮ જોવો૰

જોગી કહે 'સુણ કામણી!, નહીં નારિ વિસ્વાસો રે;
મુંહડે [૩]પેમિલ કરે, અંદર કપટ નિવાસો રે.' ૯ જોવો૰

પ્રેમદા કહે 'સુણ સ્વામીજી! હું છું થારી દાસી રે;
તન-મનથી લોપું નહીં, થારો વચન વિલાસી રે.' ૧૦ જોવો૰

જોગી કહે 'તું જાયને, નિજ-પતિનો સીસ આણી રે;
તો હું જાણસું રાગણી, નહીં થારી વાત કાણી રે.' ૧૧ જોવો૰

હિણી મતી નારીતણી, કાં સાધી તુછ બુધી રે;
ખડગ લેઈ પાછી વલી, કાંઈ નહીં મન સુધી રે. ૧૨ જોવો૰

સુરસુંદર તિહાં રાજવી, ત્રીયા-ચરિત્ર એહ દેખી રે;
મનમેં અચર્જ પામીયો, પુઠે લાગો વિશેષી રે. ૧૩ જોવો૰

નારિ આઈ નિજ મંદરે, નૃપ રહ્યો ઘરબારો રે;
નવમી ઢાલમે જાણજો, ત્રિયાનો અધિકારો રે. ૧૪ જોવો૰

---

૧. સ્રી. ૨. એથી. ૩. પ્રેમ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દોહા :

પાછલી બુધ નારિતણી, [1]પ્રઘટ સહુ સંસાર;
એક અંબ કે કારણે, કાટે વૃક્ષ [2]વિથાર. ૧

જો કોઈ નર ચતુર હવે, ન કરે એહનો સંગ;
પુદગલ રંગ એક હે, ઈસકા [3]નાના રંગ. ૨

સેઠ ભાણી જો કામણી, આઈ ડુમને માર;
રાજા મનમેં ચિંતવે, એ-એ ચરિત્ર અપાર. ૩

એહ કેની થાવે નહીં, અગ્નિ-અંગના દોય;
ઉજાયાલે સબ કો લખે, એહને લખે ન કોય. ૪

રાજા તિહાં [4]પ્રછની રહ્યો, નારિ ગઈ ઘરમાંહ;
કામ-અંધલી કામણી, સોચ વિચારે નાંહ. ૫

## ઢાલ: ૧૦, રસિયાની-એ દેસી.

[5]ઉછી રે બુધ છે તિહાં પિણ નારની, ઈમ જાણો સહુ કોય હો, ચતુરનર;
કામ બિગાડે હો છિનમેં આપણો, પાછે દુખીયા થાય હો, ચતુરનર. ૧
છાંડો સંગત કુલટા નારની

ઘરમેં આવી છે તતક્ષણે કામણી, સુતા કંતને દેખ હો, ચતુરનર;
ખડગ કરી પિણ સિર છેદીયો, લે ચલી તતખેવ હો, ચતુરનર. ૨ છાંડો૦

રાજા પુઠ તેહને ચાલિયો, આઈ [6]ચેત મંઝાર હો, ચતુરનર;
જોગી આગલ મસ્તક મુકિયો, જોગી કરત વિચાર હો, ચતુરનર. ૩ છાંડો૦

'જિણ પાપણ અપણો કંત મારિયો, જેહ થકી સુખ પાય હો, ચતુરનર;
કામ વસૈ ઈણ નિજ પતિ મારિયો, એહ પિણ માહરી ન થાય હો', ચતુરનર. ૪ છાંડો૦

---

૧. પ્રકટ. ૨. વિસ્તાર. ૩. વિવિધ. ૪. છુપાઈને. ૫. ઓછી. ૬. નદીકાંઠો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ડાંગ લેઈને હો તિણ નારિ હણી, 'જા પાપણ! તું દૂર હો, ચતુરનર;
તે માર્યો છૈ આપણા કંતને, માહરો કાંઈ સુખપુર હો,' ચતુરનર. ૫ છાંડો૦

આર્ત ધરતી તિહાં પિણ રોવતી, આઈ આપણ ઠામ હો, ચતુરનર;
પછતાવો કરે મનમેં ઘણી, 'નિફલ ગએ દો સ્વામ હો,' ચતુરનર. ૬ છાંડો૦

**યત :**

**मणोवियारबद्धइ, सविया.......... सइ ।**
**आइण–देह–वियारेण, इत्थिस्स जम्मो निफलो ।। १ ।।**

કંતનો શીસ તિહાં પિણ થાપને, આક્રંધ કીધો અપાર હો, ચતુરનર;
[1]માર્ગએ તસ્કર મુઝ કંતને, મિલીયા લોક હજાર હો, ચતુરનર. ૭ છાંડો૦

રોવે હો ધરતીમાંહિ રડવડે, તોડા નવસર હાર હો, ચતુરનર;
બાલ [2]ખસોટે દોઈ હાથસું, નયણ અખંડત ધાર હો, ચતુરનર. ૮ છાંડો૦

લોક ઘણા તેહને ધીર્જ ધરે, એક ન આવે દાય હો, ચતુરનર;
'કંતને સંગ સતી થઈને જલું, સાથી એ મ્હારો જાય હો,' ચતુરનર. ૯ છાંડો૦

ઘર સંપત તે સર્વ લુટાય ને, કરિને બહુ મંડાણ હો, ચતુરનર;
[3]ચિખામાંહિ આવી બૈસને, કંત લિયો [4]નિંગોદ હો, ચતુરનર. ૧૦ છાંડો૦

લોક સહુ તેહને આવી નમે, ચર્ણે શીસ નિમાય હો, ચતુરનર;
'ધન-ધન જન્મ સતીજન! તાહરો, દેવ નમે તુઝ પાય હો,' ચતુરનર. ૧૧ છાંડો૦

સુરસુંદર તિહાં દેખણ આવિયો, દેખો નારિ સરુપ હો, ચતુરનર;
ચાર વેદનો અંત આવે સહી, તિરિયાવેદ ન પાર હો, ચતુરનર. ૧૨ છાંડો૦

૧. ટિ૦ માર્ગએ=માર ગએ=મારી ગયા. અહીં સંપૂર્ણ 'ર' ને અર્ધ કરી શબ્દ જોડી દેવામાં આવ્યો છે. ૨. ખેચે. ૩. ચિતામાં. ૪. પોતાના ખોળામાં.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દોહા :

રાય કહે 'સુણ કામણી! એ છે કિસો વિચાર?;
નિજ કંતાને મારકે, સતી હોવણ આચાર.' ૧

નારિ કહે 'ઈણ રાયણે, દીઠો છે મુઝ કામ';
રાય ભણી ઈણપરિ કહે, કોઈ ન સમજે તામ. ૨

**दुर्जनः सर्पमातुल्यं, वरं सर्पो हि दुर्जनात् ।**
**सर्पो दंशते कालेण, दुर्जनस्तु पदे पदे ।। १ ।।**

'રાજા! દુરજન તુમ હો, હોઈ રહો ચુપચાપ;
જો કરસે સો ભોગસી, ક્યા બેટા? કયા બાપ?' ૩
નારિ તિહાં અગ્નિ જલમરી, રાય આયો નિજ ગેહ;
રાજા મનમેં ચિંતવે, 'જુઠો જગત સનેહ. ૪

**શ્લોક :**

**माता कस्य पिता कस्य, कस्य भ्राता सहोदरः ।**
**पुत्री कस्य सुतः कस्य, सर्वेऽपि कर्मबंधनाः ।।१।।**

સ્વજન મિત્ર જગતકે, સ્વાર્થીયા સંસાર;
[1]પ્રમાર્થ જિનધર્મ હે, એક શ્રીઅણગાર.' ૫

ઈસો વિચારી રાયજી, વિરક્ત થય [2]પ્રણામ;
રાજા રાણી બે જણા, ભયા સંજમરે કામ. ૬

## ઢાલ : ૧૧, હું બલહારી એ યાદવા-એ દેસી.

રાજા હો રાણી જી બે જણા, અગડદત્ત કુમાર બોલાય તો;
રાજ આપી જી સહુ દેસના, બેહુ જણા સંજતી માર્ગ ધારતો. ૧
ધન-ધન ધર્મી નર જીવડા-ટેક.

---

૧. પરમાર્થ. ૨. પરિણામ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]વિર્ત આરાધ કેવલ લહી, અષ્ટ કર્મતણો કિયો [2]દલ ચુર તો;
જોગ રૂંધીને શિવગત ગયા, અલખ નિરંજન સુખ ભરપુર તો. ૨ ધન-ધન૦

સંખપુરીતણો રાજવી, અગડદત્ત રાય થયો જી વખ્યાત તો;
શત્રુ-નિકંદન મહાબલી, પ્રજા હો લોક સુખઈ દિન-રાત તો. ૩ ધન-ધન૦

માસ વસંત તિહાં આવીયા, ફુલી છે વેલ તીહાં વનરાય તો;
કોકિલા-મોર ટહકા કરે, મદ વિષે ભુમકા થઈ સુખ થાય તો. ૪ ધન-ધન૦

[3]વણરિષ આય ઈમ ઉચરે, 'સ્વામી! રામતિ કરો બાગ મંઝાર તો;
માસ વસંત સોહાવણો, આવે એક વર્ષમેં એહ વવહાર તો.' ૫ ધન-ધન૦

રાજવી સહિત અંતેવરી, બાગમેં આવીયો રામતિ કાજ તો;
ક્રીડા રામતિ કરે અતિ ઘણી, રાચિ રહ્યો તિહાં માહારાજ તો. ૬ ધન-ધન૦

રજનીમે એક અનર્થ ભયો, અગડદતરાય પટરાણી જેહ તો;
નિદ્રામે સુતિ વિષધર ડંખી, મુરછા આઈ છે અચેતન હોઈ તો. ૭ ધન-ધન૦

રાયને વલભ અતિઘણી, મોહો કરીને થયો છે બેહાલ તો;
રોવે જી [4]વિલવલે અતિ ઘણા, મોહકર્મતણા એહવો જંજાલ તો. ૮ ધન-ધન૦

વિષ કરી રાણી દેહી ભરી, હોગઈ તતખીણ મૃત સમાન તો;
રાજવી મોહ[5]ગહેલો હુવો, હો ગયો મરણ માંડો છે રાજાન તો. ૯ ધન-ધન૦

મહતા પ્રધાન સમઝાવતા, બે કરજોડીને શીસ નમાય તો;
'નારી પાછે કાંઈ દેહ તજો, પગતણિ પાનહી [6]તિરિયા ગીણાય તો.'૧૦ ધન-ધન૦

**चकवट्टी य केसवा, मंडलीय महिपति ।**
**भावप्या श्रीअणगारे, चत्तारि धीरपुरिसा ।। १ ।।**

હઠ કરિ લોકને રાખીયો, એતલે એક વિદ્યાધર આય તો;
વિદ્યા કરીને નિરવિષ કરી, રાય પરિવાર સહુ હર્ષ મન થાય તો. ૧૧ ધન-ધન૦

કેતલા કાલ વનમેં રહે, રાય-રાણી સુતા [7]રયણ મઝાર તો;
ગ્યારમી ઢાલ પૂર્ણ થઈ, આગલ કેમ થાસી અધિકાર તો? ૧૨ ધન-ધન૦

---

૧. વિરતિ. ૨. સૈન્ય. ૩. વનપાલક. ૪. વલોપાત કરે. ૫. ઘેલો. ૬. સ્ત્રીઓ. ૭. રાત્રી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દોહા :

હરયલ ચોરની ડીકરી, જો ઉડગઈ આકાસ;
ગઈ પાછલે [1]સનબંધમેં, કિયો સકલ પ્રકાસ. ૧

હરયલચોરના પાંચ છે, બંધ[વ] અતિ બલવંત;
વાત સુણી બંધવતણી, ક્રોધ આને જીઅતંત. ૨

'અગડદત્ત માહારાજવી, માર્યો છે હમ [2]વીર;
હમ બદલા લે તેહના, તો [3]છત્રી નહી [4]કીર.' ૩

**चत्तारि अयं पुरिसा, तक्करे राये अणगारे ।**
**चउत्थ–रायममाय, इमेहि वायं विवज्जए ।।**

ખડગ લેઈ નિજ હાથમેં, [5]અંતર લાધી તામ;
રયણ સમે આયા તિહાં, જિહાં રાજા વિશ્રામ. ૪

રાજા [6]નિંદા વસ થયો, રાણી જાગી તામ;
પાંચો તસ્કર આવિયા, ભરજોવન અભિરામ. ૫

રાણી દેખી રૂપને, મોહ ગઈ તતકાલ;
વિષીયારસ આંધી ભઈ, ઈણપરિ બોલે બોલ. ૬

## ઢાલ : ૧૨, હમીરાની, સોવન સિંધાસન [બેઠા] રેવતી–એ દેસી.

અગ્રમેહેષી રાયની, બોલે મધુરી વાણ, વાલજી;
'મ્હારે મન તુમ રાચીયો, થે મુઝ જીવન–પ્રાણ, વાલજી. ૧
હું બલીહારી જી તાહરી.

હું નૃપને વાંછુ નહીં, વંછુ મૈ તાહરો સંગ, વાલજી;
તુમ સમ જગમેં કો નહીં, લાગો મજીઠનો રંગ,' વાલજી. ૨ હું૦

ચોર કહૈ 'સુણ કામણી!, જો છે તાહરો નેહ, વાલજી;
જો નિજ પતિને મારસી, તો હમને પ્રતીત એહ,' વાલજી. ૩ હું૦

---

૧. સંબંધમાં. ૨. ભાઈને, ૩. ક્ષત્રીય. ૪. ક્લીબ=નપુંસક. ૫. ખબર=જાણકારી. ૬. નિદ્રા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉછી બુધ છે નારની, માન લેઈ સબ વાત, વાલજી;
ખડગ લેઈ કર આપણો, ચાલી કરવા ઘાત, વાલજી. ૪ હું૦

ચોર બચાયા રાયને, રાણીને [1]ધિરકાર, વાલજી;
પાછા વલીયા તતક્ષિણે, મનમેં કરત વિચાર, વાલજી. ૫ હું૦

**अग्निकुण्डसमा नारी, घृतकुण्डसमो नरः ।**
**य नरः पच्यते रक्तो, विरक्तो नैव पच्यते ।।**

**दर्शेन हरते चित्तं, स्पर्शेन हरते बलं ।**
**सङ्गेन हरते वीर्यं, नारी प्रत्यक्षराक्षसी ।।**

'એહવી સંગતી નારની, નારી અધર્મની મુલ, વાલજી;
ઘર-ઘર ત્રિયા એકસી, ભોગે દુરગત [2]સુલ, વાલજી. ૬ હું૦

પાપ કરી ચોરી કરે, કંપ રોગ સિર-પિંડ, વાલજી;
ખાવૈ પીવે કામની, પરભવ સહે હમ દંડ, વાલજી ૭ હું૦

જુઠા સબ સંસાર છે, જુઠા સબ [3]સનબંધ, વાલજી;
નેહ કરે સબ કારમો, હોઈ રહ્યો જીવ અંધ', વાલજી ૮ હું૦

પાંચે વનમૈ આવીયા, કરતા એહ વિચાર, વાલજી;
કાઉસગ [4]ઠાટા દેખિયા, **જયનંદન** અણગાર, વાલજી ૯ હું૦

તપ-જપ ક્રિયા આકરી, બ્રહ્મચારી ગુણવાન, વાલજી;
કર્મ કિયે ઘણે પાતલે, આણ વહે ભગવાન, વાલજી. ૧૦ હું૦

**શ્લોક :**

**अक्रोध-वैराग्य-जितेन्द्रियत्वं, क्षमा-दया सत्सील प्रयतध्वं ।**
**निर्लोभ-दाता भय-सोकहन्ता, ग्यान-प्रमाद सलक्षणाणि ।।**

એહવા મુનિવર દેખને, ચરણે શીસ નિમાય, વાલજી;
ઢાલ થઈ એહ બારમી, ઉત્તમનો ગુણ ગાય, વાલજી. ૧૧ હું૦

---

૧. ધિક્કાર. ૨. પીડા. ૩. સંબંધ. ૪. સ્થિત.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દોહા :

સાધુ કહે "[1]ભવ જીવ થે, ધર્મ કરો જિણરાય;
ધર્મથકી સુરગત લહે, ધર્મે શિવપદ પાય. ૧

ભવસાગરથી તીર ગયા, ધર્મ જીવ અનંત;
ઈણમેં [2]સંસા કો નહી, ભાખ ગયે ભગવંત. ૨

જબ લગે દેહી [3]સાવકી, રોગ નહીં ઘટમાંહ;
ધર્મ કરો રે પ્રાણીયા, ઈણમેં સંકા ન કાંય.' ૩

**जरा जाव न पीडेइ, वाही जाव न वड्ढइ ।**
**जाव इंदिया न हायंति, ताव धम्मं समायरे ।। १ ।।**

[દશવૈકાલિક અ.-૮, ગાથા-૩૬]

વાણી સુણ પ્રતિબોધિયા, પંચ ચોર તિણવાર;
સંજમ લિધો તતક્ષિણે, જાણ અથિર સંસાર. ૪

પંચ મહાવ્રત આદરા, દસવિધિ ધર્મ મહંત.
સબ જગ લખાર[?] રે, આણ વહે ભગવંત. ૫

## ઢાલઃ- ૧૩, એહ સંસાર અથિર કર જાણે, અથ- ચોપાઈ કી દેસી.

ગ્રહ વિષે પાંચો બલપુરા, સંજમ લેકર ભએ માહાસુરા;
દુકર કરણી બહુત અરાધે, નિજ-પર આત્મ[4]કાર્જ સાધે. ૧

ઉત્તર-મુલગુણ પર સેવી, જયણાવંત અનોપમ કહેવી;
ગ્યારા અંગ વિદ્યા-પદ-ધારિ, મુનિવર કર્તા [5]ઉર્ગ વિહારી. ૨

સુધ માર્ગ  જિણરાજ પરુપૈ, કૃપન રંક જાણે સમ ભૂપે;
ઈણ પર વિચરત પાંચો સાધુ, સંખપુરી આયા ધર્મ [6]અરાધુ. ૩

---

૧. ભવ્ય. ૨. શંકા. ૩. સાબદી, મજબૂત. ૪. કાર્ય. ૫. ઉગ્ર. ૬. આરાધક.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અનુમતિ લે વનમાંહિ બૈઠા, ગ્યાન ઈસણમેં પાંચો [1]સૈઠા;
એકદિન રાજા વન ક્રીડા આવે, પાંચ મુની દેખી સુખ પાવૈ. ૪

ચર્ણકમલ રિષ વંદે પાયા, બે કરજોડિ પૂછે રાયા;
'પ્રભુજી! થારો નામ પ્રકાસો, મેહર કરીન મુઝ પરભાસો.' ૫

સાધુ કહે 'જો હરચલ ચોરા, તેહના છે હમ પાંચો વીરા;
**ભીમમુની રુદ્ર** બીજો સ્વામી, તીજો **મુનિચંદ્ર** સિરનામી. ૬

**ભાનુમુની** ચોથો સોભાગી, પાંચમો **આણંદરિષ** મુની ત્યાગી;
સુણ રાજા! એહ [2]માહારા નામો, સંજમ લેઈ હમે સુખ પાયો.' ૭

રાય કહે 'સુણો મુનીરાયા!, સ્વામી! કિમ યે સંજમ પાયા?;'
સાધુ કહે 'સુણો બડભાગી!, વાત કહા તે જિણમતિ રાગી. ૮

હરચલના હમ છે લઘુ વીરા, ચોરી કરૈં હમ સાહસ ધીરા;
હરચલને છલકર થે માર્યો, તસ ધુયા [3]ગગનખેચરી સારો. ૯

જબ થે કેસ ગ્રહી તે આણી, રાજા આગલ અબલા પ્રાણી;
કાસીપતી [4]કુર્ણા કરાઈ, ગગનખેચરી તામ છોડાઈ. ૧૦

વિદ્યાબલ ઉડ ગઈ આકાસો, લોકા પામ્યો અચરજ હાંસો;
રુદન કરતી હમ ઘર આઈ, બાપ-મરણની વાત સુણાઈ. ૧૧

હમ સાંભલને બહુ દુખ પાયા, તુઝ મારણ ભણી બિડો ઠાયા;
છલ તાકતા અહોનિસ ધામે, તુઝ [5]માર્ણ અવસર નહીં પામે. ૧૨

જબ તુમ રામતિને વન આયો, રાણીને વિષધર જબ ખાયો;
રાણી મોહ-[6]મર્ણ તે લીની, વિદ્યાધર તે સાજી કીની. ૧૩

હર્ષ થઈ સુતા આવાસે, જબ હમ મારણ આયા તુઝ પાસે;
તેરમી ઢાલ રાજા સુણ વાણી, અચર્જ પામ્યો ઉત્તમ પ્રાણી. ૧૪

---

૧. શ્રેષ્ઠ. ૨. અમારા ૩. વિદ્યાધરી. ૪. કરૂણા. ૫. મારવા માટે. ૬. મરણ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દોહા :

તે સુતા નિદ્રા વિષૈ, રાણી જાગી તામ;
હમને દેખી [1]વિભલ થઈ, [2]સ્યામા આત્મરામ. ૧

વિષૈ કરી માતી થઈ, રાગ વિષૈ લયલીન;
કરજોડી હમ આગલે, વચન વદે અતિદીન. ૨

"તુમ છો સ્વામી માહરા, હું છું થારી નાર;
રાય તજી થાને ગ્રહોં, ભોગો સુખ સંસાર". ૩

હમ જાણો નિજ મન વિષૈ, "નૃપ તજી હમ પાસ;
આવૈ છે એહ કામણી, પરખો બુધી પ્રકાસ". ૪

હમ કહો "સુણ કામની! જો માને હમ [3]વાય;
સિર છેદે નિજ કંતનો, તો સંસો મિટ જાય". ૫

ઓછી બુધિ નારતણી, ખડગ લેઈ નિજ હાથ;
મારણ ચાલી તુઝભણી, સાંભલજો નરનાથ! ૬

## ઢાલ : ૧૪, જગતગુરુ ત્રિસલાનંદન વીર–એ દેસી.

હમ જાણિ નિજ મન વિષૈ જી, "એહ છૈ નારિ કુનાર;
જો મારે નિજ કંતને જી, ધીગ ધીગ એહ સંસાર". ૧
રાજેશ્વર! સાચી કર એહ માન–આંકણી.

તેહ કરથી [4]ખોસકે જી, હમ લીની [5]સમસીર;
નિંદી હમ પાંચો જણા જી, રુદન કરે વોહ નાર. ૨ રાજેશ્વર૦

એહ નીરખી હમ વારતા જી, મનમેં થયા દલગીર;
અથિર દેખ સંસારને જી, હમ પાંચો ભયે ફકીર. ૩ રાજેશ્વર૦

---

૧. વિહ્‌વલ. ૨. સ્ત્રી. ૩. વચન. ૪. પડાવી. ૫. તલવાર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તુઝ રાણીને દેખકે જી, હમ લીનો વૈરાગ્ય;
વૈર-વિરોધને છાંડકે જી, કુટુંબ કિયા હમ ત્યાગ. ૪ રાજેશ્વર૦

એહ કાર્ણ હમ જોગનો જી, સાંભલજો રાજાન!;
જુઠી કાયા-માયા કહી જી, જુઠી સંપતી માન. ૫ રાજેશ્વર૦

કારમો નેહ છૈ નારિનો જી, કારમો એહનો હેત;
મનમાંહિ મેલી રહે જી, ઉપર દિસે [1]સ્વેત. ૬ રાજેશ્વર૦

પંડિત આયો ગ_ભથી જી, સેઠ તણે ઘરમાહિ;
વિદ્યા ગમાઈ તેહની જી, [2]ભ્રષ્ટમે દુખ પાય. ૭ રાજેશ્વર૦

ધન જનમ છૈ તેહનો જી, જિણ સંજમ ચિત લાય;
મોક્ષ લહે તે જીવડા જી, સુરપદ [3]સંસો નાહ. ૮ રાજેશ્વર૦

સુખ સંપતી તે ભોગતો જી, ખીર ભાજનની લાગ;
આગલને કુછ કીજીયે જી, સુણ રાજન! મહાભાગ. ૯ રાજેશ્વર૦

ધન-જોવન એહ થિર નહીં જી, થીર નહીં હુકરો તેજ;
સજન-પુત્ર થીર નહીં જી, થીર નહી મંદર સેજ. ૧૦ રાજેશ્વર૦

તીન પલોપમ આઉખા જી, તીન કોસરી કાય;
કલ્પ વીર્ય પુરણ કરે જી, બાદલ જ્યોં [4]વિરલાય. ૧૧ રાજેશ્વર૦

ચક્રી-કેસવ-રાજવી જી, ઓર સુરાના ભાવ;
ઉગી-ઉગીને આથમા જી, એહ જગતનો ભાવ. ૧૨ રાજેશ્વર૦

ધર્મ કરૈ જો જીવડા જી, તીન કાલ સુખ પાય;
[5]નીતર પુતલી લુણની જી, જિમ પાણીમે ગલ જાય.' ૧૩ રાજેશ્વર૦

એહ ઉપદેશ મુનિ કહ્યો જી, રાય સુણી સુખ પાય;
રાજા મન વૈરાગિયો જી, ચોદમી ઢાલમે ગાય. ૧૪ રાજેશ્વર૦

---

૧. ઉજ્જવળ=ચોખ્ખી. ૨. ભટ્ઠીમાં. ૩. સંશય. ૪. વિખરાય. ૫. નહિતર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દોહા:

સુણ સાધુની દેશના, અગડદત્ત રાજાન;
પ્રતિબોધા તિણ અવસરે, ઈણપર બોલે વાન. ૧

'મિત્ર ચાર પ્રકાર કે, તે [૧]પ્રભવ સુખદાય;
ઔર મિત્ર દુખદાયકા, ઈણમેં સંક ન કાય. ૨

હું દુખીયા સંસારમેં, [૨]જામણ-મર્ણ કલેસ;
ભય ઉપજ્યો મુઝ મન વિષે, પ્રભુરા સુણ ઉપદેસ'. ૩

ઘર આવિ નિજ નંદને, 'હું લેસું વૈરાગ્ય;
થે [૩]નિરજામક સાંચલા, [૪]આએ માહરે [૫]ભાગ. ૪

અગડદત્ત આઈ રાજમેં, તેડિ સહું સિરદાર;
રાજ આપિ નિજ સુત ભણી, વ્રત લેવા હુવા ત્યાર. ૫

એતલે [૬]તલયર કામની, ગૃહ આણી તિણવાર;
ઘણી વિટંબણા કરી તિહાં, ઊભી છે દરબાર. ૬

'માહારાજ! ઈણ નારને, માર્યો છે નિજ કંત;
એહ કુલટા છૈ સંખાણી, એહનો ચરિત્રનું અંત. ૭

## ઢાલ : ૧૫, શ્રાવક ધર્મ કરો સુખદાઈ - એ દેસી.

અગડદત્તનો નંદન નીકો, **માહાસેન** રાજાનો જી;
તલયરને રાજા ઈમ બોલ્યો, 'પ્રથમ હુકમ એહ માનોજી. ૧
શ્રાવક ધ્રમ કરૌ સુખદાઈ.

દેખીને અજબ સંસાર તમાસો, ગ્યાનીને આવે હાસો જી;
નકટી દેવી [૭]આંધે પુજારે, આપણો [૮]મતલ ભાસૈ જી. ૨ શ્રાવક૦

---

૧. પરભવ. ૨. જન્મ-મરણ. ૩. નિર્યામક. ૪. આવ્યા. ૫. ભાગ્યથી. ૬. ફોજદાર. ૭. અંધ પૂજારી. ૮. મતલબ, સ્વાર્થ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સ્યામવર્ણ મુખ એહના કીજે, ખર વાહન પર ચાઢીજે જી;
દેસ બાહાર એહનો કાઢો, કાન-નાસકા વાઢી' જી. ૩ શ્રાવક૦

અગડદત્ત સુણ ઈણ પરિ ભાખે, 'ઈસો અપરાધ ક્યા કીનો જી?;
રાજા કહે 'એહ છે મહાપાપણી, નિજ પતિ માર દીનો જી.' ૪ શ્રાવક૦

હંસકર અગડદત્ત ઈમ ભાખે, 'ક્રોધ અછૈ અતિ સ્યાણો જી;
નીચે થાનકને તે જાવૈ, ઊંચે વલ નહી માનો જી. ૫ શ્રાવક૦

એહ અબલા રંક છે દુરભાગી, મન માને જો કીજે જી;
નિજ માતાને દંડ ન દેવો, એહ કિમ ન્યાય ધરીજે જી? ૬ શ્રાવક૦

ચોર દેખીને તે [1]મુરઝાણી, મુઝ મારનને ધાઈ જી;
ચોર ચતુર કરુણા આણીને, મ્હારી જાન બચાઈ જી. ૭ શ્રાવક૦

**पण्डितोऽपि वरं शत्रुर्न मुर्खो हितकारक: ।**
**वानरेण हतो राजा विप्राश्चौरेण रक्षिता: ।। [पञ्चतंत्र-१-४५०]**

ચરિત્ર દેખીને તસ્કર બુઝા, જુઠો જગત ગિણાણો જી;
સંજમ લઈ પાંચ મુનિશ્વર, થયો સાધુ સુગ્યાનો જી. ૮ શ્રાવક૦

એહ કારણ તુઝ માતાકેરો, સાંભલ રાય! સધીરો જી;
એહ વિટંબણા જગમેં વરતે, સુણ રાજા! સિરદારો જી.' ૯ શ્રાવક૦

મહાસેન સુણ મનમેં ચમકો, જાણો જગ જંજાલો જી;
તાત સંઘાતે સંજમ લેવા, મહાસેન ભયો [2]તારો જી. ૧૦ શ્રાવક.

**ગાથા :**

**धनकज्जं इत्थिकज्जं, मयणी कज्जं ए नरा ।**
**नास्ति ये चूलोगउ, महामुढ जिण आहिया ।।१।।**

---

૧. મોહાઈ. ૨. તૈયાર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લઘુ નંદનને નૃપપદ આપી, બેહું જણા વૈરાગ્યા જી;
બહુ મંડાણ કરિને રાજા, સાધુ સમીપે આયા જી. ૧૧ શ્રાવક૦

ઢાલ પન્નરમી એહ પિણ ગાઈ, સતગુરુ જેમ બતાઈ જી;
બાપ-બેટા બેહુ સંજમ લેને, કિણ પરી મોક્ષ સિધાયા જી? ૧૨ શ્રાવક૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દોહા :

સંજમ લેવે બેહુ જણા, અગડદત્ત રાજાન;
રાજ તજી સંજમ ગ્રહ્યો, અથિર જગત સબ જાન. ૧

'ચંચલ ચંચલિ અગ્નિમેં, જૈસે સંધ્યાવાન;
તૈસે [1]જીતવ્ય અથિર છે, જ્યૌં [2]વારનકે કાન.' ૨

એમ વિચારી બેહુ જણા, સંજમમે થયો લીન;
નિજ આતમને વસ કરી, પર આત્મને ચીન. ૩

## ઢાલ : ૧૬, ચોપાઈની દેશી.

અગડદત્ત મુનિ ગુણવાન, મહાસેન બિજો રિષ જાન;
પાંચ મહાવ્રત સુધા ધરે, છકાયની જયણા કરે. ૧

દસવિધ ધર્મ દોષ સબ ટાલ, મેટો મિથ્યામોહ જંજાલ;
કર્મબંધનો કારણ તજે, નિશ્ચલે દેવ જિનેશ્વર ભજે. ૨

જપ-તપ કરને કાયા કસી, ગ્યાન રામવિષે મન વસી;
જિર્ણ દેહી તિણકી ભઈ, અણસણ કરવા [3]મનસા થઈ. ૩

અરિહંત-સીધ ભણી ખિમાય, ધર્મ આચાર્જ સીસ નમાય;
નિસચલ થઈ સમતા મન ધરી, દોઈ મુનિસ્વર અણસણ કરી. ૪

ષોડસ દિનનો કિયો સંથાર, કેવલ લહી ગયો મોક્ષ મંજાર;
જિસ કાર્ય તિણ છાંડો રાજ, તે સુખ પામો છે મુનિરાજ. ૫

જન્મ-મર્ણનો મિટા કલેસ, થએ નિરંજન સિધ જનેસ;
એહ ગ્રંથ સબ પૂર્ણ થયો, ગુરુ પ્રસાદે કવિજન કહ્યો. ૬

---

૧. જીવિતવ્ય, જીવન. ૨. હાથીના. ૩. ઇચ્છા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પૂજ્ય શ્રી **મનજી** રિષ જાણ, તેહના સિષ **ગુણવંત** વખાણ;
પૂજ્ય શ્રી **શ્રીનાથુરામ**, તેહના સિષ ઉતમગુણધામ. ૭

સ્વામી શ્રી **રાયચંદ** મુનિસ, અંતેવાસી છૈ તસ સિષ;
રીષ-પતી **રામ મુનિ** રિષરાય, **નંદલાલ** કવિ ગુણગાય. ૮

આઠારા-સેઠ પા(ચૈ?)ત્ર વૈ સાલ, એહ પિણ જોડ કરી તતકાલ;
**જંગલ** દેસ નગરસુ નામ, પઢે ગુણે સુખ સાતા પામ. ૯



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૮. પુન્યનિધાનજી કૃત અગડદત્તરાસ

## દુહા :

પરમેસર ધુરિ પ્રણમિ કરિ, સદ્ગુરુ પ્રણમિ ઉલાસ;
**સરસતિ** પિણ પ્રણમેવિ [1]સુરિ, વિરચિસિ વચન વિલાસ. ૧

પરમેસર ઘઇ અચલ પદ, સદગુરુ શ્રુત સુવિચાર;
સરસતિ વચન વિલાસ ઘઇ, તિણિ તીને તતસાર. ૨

સુંદર અક્ષર અતિ સરસ, વિચિ-વિચિ રાગ વિનોદ;
રસિક લોક સુણતાં રસિક, પભણિસુ કથા પ્રમોદ. ૩

[2]ભાવિત જાગે જે ભવિક, ધરતા મનિ ધર્મધ્યાન;
પાવઇ તે તઉ સરગ-પદ, સંસઇ રહિત સુજાણ. ૪

દ્રવ્ય તહી નિદ્રા જિકે, જાગઇ તે જગિ જાણ;
**અગડદત્તની** પરિ અચલ, [3]લાભઇ કોડિ કલ્યાણ. ૫

## ઢાલ : ૧, ચોપઇની.

સુપ્રસિધ નગરી **સંખઉરી**, અવિચલ જાણિકિ અલકાપુરી;
સુખીયા લોક વસઇ સિરદાર, અભિનવ રુપ [4]અમરઅવતાર. ૧

ચાતુર વિદ્યાનિધિ [5]ચઉસાલ, સકજા ઘણું ઘણું સુકમાલ;
[6]પતિભાહાં [7]સાહા પરસિધ, બુદ્ધિવંત ધરિ બહુલી રિદ્ધિ. ૨

કરતા રહઇ સદા કુલ-કર્મ, મૂલ ન છેદઇ પરનો મર્મ;
જિન-ધ્રમ ઉપરિ કરિવા [8]જીવ, સાધુ-પાત્ર દાતાર સદીવ. ૩

---

૧. પાઠા૦ કરિ. ૨. ભાવથી. ૩. પામે. ૪. ટિ.- કવિએ સંખપૂરીને અલકાપૂરી=યક્ષનગરીની ઉપમા આપી છે. અને તેમાં વસતા લોકોને અમર કહ્યા છે. અમર=દેવ થાય. પરંતુ દેવ તો દેવનગરીમાં વસે. 'દેવ' અર્થ કરીએ તો કાવ્યદોષ આવે. પરંતુ, અમર='ન મરે તે' એવો અર્થ કરીએ તો યક્ષ પણ અમર કહેવાય. ૫. ચટશાલ=પાઠશાળા. ૬. પ્રતિભાવાનૂ, પાઠા૦ પતિસાહા. ૭. શેઠીયાઓ. ૮. ઇચ્છા, ભાવ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

यत:

**वसुधाभरणं पुरुषः पुरुषाभरणं प्रधानतरा लक्ष्मीः।**
**लक्ष्म्याभरणं दानं, दानाभरणं सुपात्रं च ।।१।। [आर्या]**

પરઉપગારઇ જે [1]પરિગડા, પરગુણ વદન વદઇ [2]પરિગડા;
સીલવંત સખરઇ આચાર, ઇસડા લોક વસઇ જુ અપાર. ૪

સારીખી જોડી સુંદરી, ભાગવતી નઇ બહુ ગુણ ભરી;
પદમિણિ પ્રીતમસું બહુ પ્રીતિ, રાખઇ નિસદિન એહી જ રીતિ. ૫

કનક-વરણ દીસઇ કામિની, દ્યુતિ જલકઇ જાણે [3]દામિની;
હલકી ચાલઇ યું હાથિણી, માતી [4]ડીલ ઇસી નહુ મિણી. ૬

ચંદ્રમુખી ચઉકઇં ઉજલઇ, ચિત દેખે સુર-નરનું ચલઇ;
[5]અણીઆલી સોહઇ આંખડી, પોયણની જાણે પાંખડી. ૭

રુડી વેણી સિર [6]રાખડી, જાણે મણિધર' [7]રાખ્યુ જડી;
સોહઇ નાસ ઇસો સંપુટો, પ્રહસિત જાણે તરુ પોપટો. ૮

બોલઇ મધુર સબદ મુખિ બાલ, [8]લચકઇ કટિ-તટ યું [9]લંકાલ;
[10]દોનું કુચ સોવનની દડી, ઘણી ખાંતિ સંઘાડઇ ઘડી. ૯

સિખ નખ વિચિ [11]ઓપઇ સિણગાર, સોહઇ [12]ગ્રહણા પહિર્યા સાર;
ઇસડી [13]લોકારઈ અંગના, દેવાં ગ્રહિ યું દેવાંગના. ૧૦

એક-એકથી અધિક અવાસ, ખાંતઇ [14]ચુણીયા દીસઇ ખાસ;
ઊંચા ઇસા [15]અરસનઇ અડઇ, ખસતાં મેહ જિહાં [16]આખુડઇ. ૧૧

બારી ગોખ ઘણા બારણા, ઘડતાં ચિત્ર વણીયા ઘણા;
સ્યું કહીયઇ તિણ ઘરની સાખ?, લાગઇ એકણિ આલઇ લાખ. ૧૨

---

૧. તત્પર. ૨. પ્રગટ. ૩. વિજળી. ૪. શરીર. ૫. સરખાવો- સમયસુંદરજી કૃત પાર્શ્વનાથ સ્તવન 'અણીયાલી તારી આંખડી, જાણે કમલની પાંખડી,' ૬. માથાનું ઘરેણું. ૭. પાઠા૦ દાખઉ. ૮. પાઠા૦ ચલકિ. ૯. સિંહ. ૧૦. પાઠા૦ છોનું. ૧૧. દીપે છે, શોભે છે. ૧૨. ઘરેણા. ૧૩. પાઠા૦ કાલોરેઈ. ૧૪. ચણ્યા. ૧૫. આકાશને. ૧૬. અફડાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઘર એકણિથી બીજઇ ઘરઇં, કરતાં ગમન વર સકે કરઇ;
તુરત મિલઇ જન ગોખંતરઇ, વસઇ ઇસીપરિ પુર વિસ્તરઇં. ૧૩

ચોરાસી સોહઇ ચોહટાં, ઘણી વસ્તુ ઘણા ગહગટા;
વિણજ કીયાં વ્યાપારી ભણી, ચાલવતાં લિખમી ચઉગણી. ૧૪

તાજા ધર્મ-મુકામ જુ તેથિ, જિનમંદિર- સિવમંદિર જેથિ;
ગઢ-[1]મઢ-મંદિર-[2]પોલિ-[3]પગાર, અદભુત સર્વ નગર આકાર. ૧૫

ઠામિ-ઠામિ પાણીના ઠામ, [4]આછી વાવડીઆ અભિરામ;
સરવર-કૂઆ તિણિ [5]પરસરઇ, મીઠઉ નીર દૂધની પરઇં. ૧૬

ભલા ઝાડ વનમઇં ભરપૂર, સંચર ન સકઇ જિણમઇં સૂર;
વિવિધ જીવનું તીહાં વિશ્રામ, આરખ નંદનવન અભિરામ. ૧૭

સગલી વસ્તુ જિતી સંસાર, સહુ લાભઇ તિણ પુરમઇં સાર;
ઇસ્યઉ મનોહર વસતાં ઇસાં, જાણઇ [6]વિબુધ જાય તિહાં વસાં. ૧૮

પહિલી ઢાલ જુ ચઢી પ્રમાણ, પભણઇ વાચક **પુણ્યનિધાન**;
રાજ કરઇ તિહાં કુણ રાજાન?, રાજા વિણ સ્યઉ નગર-વખાણ? ૧૯

---

૧. મહેલ. ૨. પોળ. ૩. પ્રાકાર=કિલ્લો. ૪. સુંદર. ૫. પરિસરમાં. ૬. દેવ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દૂહા :

રાજા નગરી-રુપ છઇ, રાજા વડઉ સંસારિ;
વિણ રાજા વસતી ઇસી, જ્યું નાહ-વિહૂણી નારિ. ૧

સોહઇ નગ પરિ મુદ્રુકા, સોહઇ ગયણ જૂ [1]સૂર;
તિમ નગરી રાજા કરી, પ્રતપઇ તેજ-[2]પંડૂર. ૨

[3]સાસ સહિત કાયા સખર, તિલભર જાય ન તૂટ;
તિમ નગરી રાજા કરી, લઇ નહુ કો ગૃહ લૂટ. ૩

## ઢાલ : ૨, રાજા રાજ કરઇ જય નામઇં-એહની જાતિ.

**સુંદર** રાજ કરઇ તિહાં રાજા, ઇંદ્રતણઇ અનુહાર રી માઇ;
પ્રગટપ્રતાપ પ્રસિધ પ્રથવીપતિ, કોય ન લોપઇ[4]કાર રી માઇ. ૧ સુંદર૦

ઘણા દેસ સુભટ ધરતી ધરિ, હય-ગય-[5]હસમ હજાર રી માઇ;
માલમુલક કોઠાર ઘણા રથ, રિધિતણઉ વિસ્તાર રી માઇ. ૨ સુંદર૦

દેસ પ્રદેસ [6]મ્રજાદ મહાજસ, લુંબ રહી જસુ લાજ રી માઇ;
કહે [7]અણૂરત કાઇ ન દીસઇ, સપ્ત-અંગ સમાજ રી માઇ. ૩ સુંદર૦

**यत:**
**स्वाम्यमात्यसुहृत्कोशो, दुर्गं दंड: तथैव च।**
**मित्राण्येता: प्रकृतयो, राज्यसप्तांगमुच्यते ।। १ ।।**

સીલવતી તસુ **સુલસા** રાણી, પટરાણી પરધાન રી માઇ;
લાજવતી પ્રીયુનઇ [8]મનલારી, જુવતી જીવ સમાન રી માઇ. ૪ સુંદર૦

સાચી તિકા સુહાગણિ સુંદરિ, જિણ કઇ વસિ ભરતાર રી માઇ;
વસિ પતિ ન કરિ સકઇ જે વામા, નામઇં તે ઝ હિ નારી રી માઇ. ૫ સુંદર૦

---

૧. સૂર્ય. ૨. ઉજ્વળ. ૩. શ્વાસ. ૪. આજ્ઞા. ૫. સૈન્ય. ૬. મર્યાદા. ૭. ઉણપ. ૮. ટિ૦ મન+લારી=મનની+પાછળ જનારી=ઇચ્છા પ્રમાણે વર્તન કરનારી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અગડદત્તૂ** ઉયરઇં તસુ આયઉ, જાયઉ સુભદિન વાર રી માઇ;
[૧]મહામાય જાયઉ જિમ [૨]ષટમુખ, [૩]સિચી [૪]જયંતકુમાર રી માઇ. ૬ સુંદર૦

જ્ઞાન હૂયઉ અનુક્રમિ જોરાવર, [૫]સક જસુ રુપ સુજાણ રી માઇ;
ખાગ ત્યાગ નિકલંક નિરેહણ, ભાગ્યવંત કુલભાણ રી માઇ. ૭ સુંદર૦

સાત વ્યસન વસિ હૂયઉ કરમ વસિ, પડીઉ બહુત પ્રમાદ રી માઇ;
અતિ-નગરીમઇ ફિરઇ અનાડી, મુકી કુલ-મરજાદ રી માઇ. ૮ સુંદર૦

રસિક જૂયઇં પરદારા-લંપટ, મુસઇ ઘણું પરમાલ રી માઇ;
પાપ કરઇ [૬]જીઉનઇં નવિ પાલઇ, ચાલઇ વિરુઈ ચાલ રી માઇ. ૯ સુંદર૦

કિરતઉ કાલ ગયઉ ઇમ કરતાં, વહતાં ઇમ ઉનમાદ રી માઇ;
પ્રજા કુંઅર કરિ થઇ પીડાતુર, લાગઇ નગર નિસ્વાદ રી માઇ. ૧૦ સુંદર૦

ચ્યાર મહાજન મિલિ ચીંતવીયો, કીધઉ ઈસૌ વિચાર રી માઇ;
'રાજાથકઇ કિસું [૭]ઇણસારુ, કરસ્યાં જાય પુકાર રી માઇ?' ૧૧ સુંદર૦

લીલ [૮]લસણીયા મોતી [૯]મહુરાં, વસત અમોલક હાર રી માઇ;
[૧૦]પરઘલ પેસકસી લઇનઇ, પહુતા રાજદુવાર રી માઇ. ૧૨ સુંદર૦

ભેટ કરી વીનવીયઉ ભૂપતિ, કહ્યઉ ચરિત તતકાલ રી માઇ;
'વાડિ કાકડી ખાયુ વિગાડઇ, રાખઇ કુણ રખપાલ રી માઇ.? ૧૩ સુંદર૦

પાણી હૂંતી ઉઠઇ પાવક, [૧૧]વિધુ વરષઇ વિષ ઘોર રી માઇ;
માતા જો સુતકું લે મારઇ, કીજઇ કેથ પુકાર રી માઇ?' ૧૪ સુંદર૦

જગત ઇસી કરી ભાંતિ જણાઇ, કૂંઅરતણી સહુ વાત રી માઇ;
[૧૨]'હટકઉ કૂંઅર કે સીખ દ્યઉ હમનઇં, સઉ વાતે ઇકવાત રી માઇ'. ૧૫ સુંદર૦

રાજા સાંભલિનઇં રીસાણઉ, કીધઉ કોપ [૧૩]કરુર રી માઇ;
અતિ-વસતી દુખદાઇ અંગજ, તે છોડીજઇ દૂર રી માઇ. ૧૬ સુંદર૦

---

૧. પાર્વતી. ૨. કાર્તિકેય. ૩. શચી=ઇન્દ્રાણી. ૪. ઈન્દ્રપૂત્ર. ૫. શક્ર. ૬. જીવોને. ૭. આના માટે. ૮. વૈડૂર્ય મણિ. ૯. સોના મહોર. ૧૦. પુષ્કળ. ૧૧. ચંદ્ર. ૧૨. અટકાવો. ૧૩. ક્રુર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સખરઉ ઘણું સસોભિત સુંદર, સોહઇ જિણ કરિ મૂંઠ રી માઇ;
આપણ ડઉહી અલગઉ કીજઇ, અહિ-ડસીઉ અંગૂઠ રી માઇ. ૧૭ સુંદર૦

પહિર્યાં જિણ કરી દુખ પામીજઇ, કનક કિસૌ તિણ કામ રી માઇ?;
કીજઇ કિસું કૂઅર તિણ સેતી?, જિણ કરિ દુખ [1]પ્રજ-ગામ રી માઇ. ૧૮ સુંદર૦

રાજા તેઇ જ કહિજઇ રુપક, નિરતઉ ચાલઇ ન્યાય રી માઇ;
[2]બઇર કવણ? કુણ બેટઉ-બંધવ?, અલગઉ કરઇ અન્યાય રી માઇ. ૧૯ સુંદર૦

દીધી સીખ દિલાસ દેનઇં, [3]પરજા સહુ પહિરાય રી માઇ;
'તુમ્હનઇં દુખદાઇ નર તિણસું, કામ નહીં' કહઇ રાય રી માઇ. ૨૦ સુંદર૦

દેસવટઉ મન આણે દઇણઉ, તેડ્યઉ સુત તિણવાર રી માઇ;
તીન પાનનઉ બીડઉ તિણનઇં, દીન્હઉ ભરદરબાર રી માઇ. ૨૧ સુંદર૦

રૂઠા યમ સરિખા હૂઇ રાજા, તૂઠા મેહ સમાન રી માઇ;
આકૃત આગિ સરીખી જાણે, અટક ગ્રહ્યા અસમાન રી માઇ. ૨૨ સુંદર૦

વદન કૂંઅર તિણ વિલખઉ કીધઉ, કિસું હૂઉ અણકાલ રી માઇ?;
જણ પાખતી એ તુરત જણાયઉ, તિણ સમજ્યઉ તતકાલ રી માઇ. ૨૩ સુંદર૦

**પુણ્યનિધાન** કહઇ તુમ્હ સુણજ્યો, ચતુર જિકે મન રંગ રી માઇ;
[4]રાજવીયારી આસ જુ કીજઇ, પિણ કેહઉ [5]આસંગ રી માઇ?. ૨૪ સુંદર૦

---

૧. પ્રજા. ૨. પત્ની. ૩. પ્રજા. ૪. રાજવીઓની. ૫. દર્દ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દૂહા :

કોપ ટોપ કુંઅર હૂઉ, ન લગઇ જોર લગાર;
ગ્રહ્યઉ નાગ જિમ ગારુડી, કરતઉ રહઇ ફુંકાર. ૧

વલિ મનમાંહે ચીંતવઇ, 'કિસ્યઉ દોસ પિત-લોક?;
દુખ-સુખ સંપત [૧]વિહ-લિખ્યા' ફલ ન હવઇ તે [૨]ફોક. ૨

## ઢાલ : ૩, ઝૂંબખડાની.

કુમર તિહાંથી નીકલ્યઉ, સાહસ ધરિ મનમાંહિ સદા સુખ સંપજઇ;
સાહસીયાં [૩]સતવાદીયાં, હોઇ કિસી પરવાહ? સદા૦. ૧

ખડગ લેઇ નિજ મનિ ખરઇ, સાથી ભાગ્ય વિશેસ સદા૦;
એકાકી [૪]અવિછનપણઇ, [૫]વઉલઇ દેસ-વિદેસ સદા૦. ૨

વસુધા નયર **વણારસી**, આયઉ અનુક્રમિ તેથ સદા૦;
સેરી-ગલીએ સંચરઇ, કોય ન પૂછઇ 'કેથ?' સદા૦. ૩

[૬]સઇદેસી માણસ સદા, સહુકો મિલઇ સહેસ સદા૦;
કોય ન 'આવ' ન 'જા' કહઇ, દોહિલઉ તિણ પરદેસ સદા૦. ૪

યૂથ વિછૂટઉ હાથયઉ, અનમન ફિરઈ ઉદાસ સદા૦;
સબલાહીનઇં સાંકડઉ, ન હવઇ જરઇં નિવાસ સદા૦. ૫

**ચંડ** કલાચારિજ તિહાં, પંડિત શાસ્ત્ર-પ્રધાન સદા૦;
પર-ઉપગારી પરગડઉ, બ્રાહ્મણ જાણ-વિધાન સદા૦. ૬

તેહ કુંઅર આયઉ તિહાં, સાંભલિ ગુણ-સિરદાર સદા૦;
પદ પંકજ પ્રણમી કરી, બઇઠઉ વિનય વિચાર સદા૦. ૭

---

૧. ભાગ્યમાં લખેલા. ૨. નિષ્ફળ. ૩. સત્યવાદી. ૪. સતત. ૫. પસાર કરે છે. ૬. સ્વદેશી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કલાચારિજ બોલાવીયઉ, 'કુંઅર! રહઉ કિણ ગામ? સદા૦;
જાત-માત-પિત કહું જિહાં, કવણ ઠામ? કુણ નામ?' સદા૦. ૮

કુંઅર સકલ તિણનઇં કહઇં, વાત જુ જિકા [1]વિતીત સદા૦;
રાજપુત્ર ગિણિ રાખ્યઉ, પંડિત પાસ [2]પ્રવીત સદા૦. ૯

ભાગ્યવંત જિણ ભુઇ ભમઇ, દોલતિ તિણ-તિણ દેસ સદા૦;
પગ-પગ [3]પાલજુ પાથર્યા, જઉ ગાઢઉ પરદેશ સદા૦. ૧૦

સકલ જુ નિજ ઘર સુંપીયઉ, હય-ગય-રથ-આવાસ સદા૦;
રુપ-પરાક્રમ-ચાતુરી, તુરત દેખિ ગુણ તાસ સદા૦. ૧૧

**કવિત્ત :**

પ્રથમ રુપ પ્રાકમ્મ સુગતિ સુભ વયણ સુલોચન,
ગુહરિ ધીર ગાત્રયત અડિગ જિમ મેર મહણ મણ;
ખાગ ત્યાગ નિકલંક નિડર બુધિવંત નિરેહણ,
વાચ કાછ વડવીર વખત પ્રાઘા તજકઇ જિણ;
પંજરઇ વજા સરણઉ તુસા તેજ ભાણ ઓપમતંઇ,
ભૂપાલતણા ઉદયરાજ ભણિ ઇસા અંગ અવયવ તઇ. ૧૨

વાડી ગૃહ વસવા દીયા, તેથિ રહઈ નિત વાસ; સદા૦;
રાતિ-દિવસિ સુખસું રહઇ, કરતઉ કલા-અભ્યાસ સદા૦. ૧૩

આલસ મૂંકી અભ્યસઇ, એકણ ચીત અનંત સદા૦;
હય-ગય-શસ્ત્રતણી વલી, બહુંતર કલા બુધવંત સદા૦. ૧૪

વન તિણ પરસર ઇક વસઇ, સેઠ-ભુવન સુવિસેષ સદા૦;
તિણ ચઢિ ઇક તિય તિણભણી, દિન-દિન જોયઇ દેખિ સદા૦. ૧૫

રીઝી તસુ ગુણ-રુપસું, રહી રાગ લપટાઇ સદા૦;
વિરહ રુપ [4]વાસગ ડસી, [5]લહર તાસુ ન ખમાય સદા૦. ૧૬

---

૧. વ્યતીત થએલ. ૨. પવિત્ર, પાઠા૦ પ્રતિત. ૩. પારજ=સુવર્ણ. ૪. સર્પ. ૫. મદ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]લુકિ કદલી-દ્રુમ એકદા, નાખ્યઉ કુસુમ-[2]ગંડૂક સદા૦;
મુહિ આગઇં આયઇ પડ્યઉ, દેખઇ પોથી મૂંક સદા૦. ૧૭

કુઅર સસંભ્રમ ઉપનઉ, આયઉ ઇહ કિણ ઓર? સદા૦;
દેખઇ ઇત-ઉત ચિહુંદિસી, સકલ ભુવનની [3]કોર સદા૦. ૧૮

દેખઇ તેહવઇ એહવી, કદલી [4]દિસિ આણંદ સદા૦;
સોલ-સિંગાર કીયઇ ખડી, સોલકલા મુખચંદ સદા૦. ૧૯

મન અચરિજ થયઉ કુમરનઇ, 'એહ રંભ અવતાર? સદા૦;
કે સાંપ્રતિ સુર અંગના?, નાગદેવકી નારિ?' સદા૦. ૨૦

ઇમ ચીંતવિ પૂછ્યઉ [5]ઉણઈ, 'કુણ સુંદરિ! કિમ એથ? સદા૦;
ભણતાનઇ સઉં ખોભવઇ?, જા હુ વસત હુઇ જેથિ સદા૦.' ૨૧

કુમર વચન સુણિ કામિની, વદઇ મધુર [6]સર [7]વામ સદા૦;
'હું બેટી **બંધુદત્તની**, **મદનમંજરી** નામ સદા૦. ૨૨

પરણી ઇણિ હી જ પુરવરઇં, પ્રીતમ મુઝ પરદેસ સદા૦;
ગોરી લુબધી તુઝ ગુણે, બાલી વિરહણ-વેસ સદા૦.' ૨૩

વિરહાતુર આતુર થકી, નાંખઇ કઠિન કટાક્ષિ સદા૦;
**પુણ્યનિધાન** કુમરભણી, મોહિ લીયઉ જુ મૃગાક્ષિ સદા૦. ૨૪

૧. છુપાઇને. ૨. દડો. ૩. બાજુ. ૪. જોઈ. ૫. તેણે. ૬. સ્વર. ૭. વામા, સ્ત્રી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

यतः

तावत्पूज्यपदस्थितिः परिलसत्तावद्यशो जृम्भते,<br>
तावत्शुभ्रतरा गुणाः शुचि मनः तावत् तपो निर्मलम्।<br>
तावद् धर्मकथा विराजितयतेः तावत् स [1]दृश्यो भवेत्<br>
यावन्न श्रमकारिहारियुवते रागान्मुखं वीक्षते ।।१।। [शार्दूल विक्रीडित]

**દૂહા :**

હાવભાવ વિભ્રમ કરી, હુયઉ કુમર પિણ મોહ;<br>
દોનું અટકે પ્રેમરસ, જેસઇ [2]ચંપક લોહ. ૧

[3]ઉભજ્યો પ્રમદા પામસઇં, નિમિષ ધરઇ નહી ધીર;<br>
ઇત-ઉત ટર્યો ન જાયહી, પડી પ્રેમ-જંજીર. ૨

એક-એક વિણુ ના રહઇ, જઇસઇં જલ વિણ મીન;<br>
'આદરિ મુઝ' તે [4]ત્રીય કહઇ, 'રહાં જેમ રસલીન. ૩

લઇ [5]લાહઉ જોવનતણઉ, મો સરિખી સુનાર;<br>
રુપ પદારથ [6]પાયકઇ, ઇમ હી ફોક મ હાર.' ૪

ગુરુ અંકુશ ભયઉ ડરપતઉ, કૂંઅર કહઇ સુવિચાર;<br>
'યું કહિસ્યઉ ત્યઉં કરિસ હું, [7]પઢિ ખરહઉ દિન ચ્યાર. ૫

રાજકુંઆર વલી કહઇ, 'હું હિવ છું ગુરુહાથ;<br>
ભણિ કરિ ચલતાં ઘરભણી, સંગ્રહિ જાસ્યું સાથિ.' ૬

ઇમ કહિનઇં દે સીખતસું, કરિનઇં પ્રીતિ [8]બલંબ;<br>
હિવ સુખે ઘર નિજ-નિજ રહઇ, ભણઇ કુંઅર અવિલંબ. ૭

હય ચઢિ ઉભઉ એકદા, રાજમાર્ગ વિચિ જાય;<br>
વાતુ હુઇ જે તે હવઇ, તે સુણયો રસ લાય. ૮

---

૧. પાઠા૦ સદૃશો. ૨. લોહચુંબક. ૩. ઉમંગથી. ૪. સ્ત્રી. ૫. લાભ. ૬. પામીને. ૭. પઢીને=ભણીને. ૮. બલવાન, મજબૂત.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાલ : ૪, અલબેલાની.

રાજા [૧]રઇ દરબારથી રે લાલ, છૂતઉ [૨]દ્વિરદ છોહ મદમાતઉરે.;
તિલ-તિલ સંકુલ તોડતઉ રે લાલ, કાલઉ ભરીઉ કોહ મદ૦. ૧ રાજા૦

ઊપાડઇ તરુ ઓટલા રે લાલ, [૩]ઢાહિ કરઇ ઢમઢેલ મદ૦;
વાર્યઉ ન રહઇ વાંકડઉ રે લાલ, કરતઉ ઇસડી [૪]કેલ મદ૦. ૨ રાજા૦

બલ કરતઉ બાજારમઇં રે લાલ, આયઉ અધિક ઊનાડ મદ૦;
હાહારવ નગરી હુઉ રે લાલ, નાખઇ ભાતાં પાડ મદ૦. ૩ રાજા૦

ચઉ-બારે માણસ ચઢ્યા રે લાલ, સહુ કો ડરતઉ સાથ મદ૦;
મોગર-બરછી મારતાં રે લાલ, હાથી નાવઇ હાથિ મદ૦. ૪ રાજા૦

તેહ કુંઅર ઉભઉ તિહાં રે લાલ, કોલાહલ સુણ્યઉ કાન મદ૦;
[૫]દૂજણ પુર ઘેર્યઉ દિલે રે લાલ, જાણ્યસઉ જુવાન મદ૦. ૫ રાજા૦

જલધ કિધું જોરાવરી રે લાલ, મુંકી [૬]છૌલ [૭]મ્રજાદ મદ૦;
તે હવઇ ગજ આયઉ તિહાં રે લાલ, દોડ્યઉ મદ-ઉનમાદ મદ૦. ૬ રાજા૦

[૮]રગત નયન રીસઇં ભર્યઉ રે લાલ, કરતઉ ઝીકાઝીક મદ૦;
લલક્યઉ સુંડિ લપેટતઉ રે લાલ, આયઉ કુંઅર નિજીક મદ૦. ૭ રાજા૦

તહવઇ તુરીય પુંતારીયઉ રે લાલ, દેખે એહવઉ દૂઠ મદ૦;
હાથી કુમર હકારીઉ રે લાલ, પડીયઉ તિણરઇ [૯]પૂંઠ મદ૦. ૮ રાજા૦

લાગઉ લાર [૧૦]લગોલગઇ રે લાલ, આયઉ સુંડ ઉપાડિ મદ૦;
કરિ તિવટઉ ગોટઉ તિસઇ રે લાલ, નાંખ્યઉ કુમરી ઉપાડ મદ૦. ૯ રાજા૦

ઝબકે તિણ ઊપરિ ઝુક્યઉ રે લાલ, મતવાલઉ મદઅંધ મદ૦;
તુરત કુંઅર હય ઊતરી રે લાલ, તુરત ચઢ્યઉ ગજકંધ મદ૦. ૧૦ રાજા૦

---

૧. રાજાના, પાઠા૦ હઈ. ૨. હાથી. ૩. દિવાલ, મકાન પાડે છે. ૪. ક્રીડા. ૫. દૂર્જને. ૬. કિનારો. ૭. મર્યાદા. ૮. રક્ત. ૯. પાછળ. ૧૦. લગોલગ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હાથી દોડ હરાવીયઉ રે લાલ, મારે અંકુશ માથ મદ૦;
બલ છોડે વિહ્વલ હૂયઉ રે લાલ, હુયઉ કુમરનઇ હાથ મદ૦. ૧૧ રાજા૦

ખેલાયઉ બહુ ખાંતિસું રે લાલ, કાઢ્યઉ ગજરઉ [1]કાસ મદ૦;
લોકાં અચરિજ ઊપનઉ રે લાલ, 'એહ કવણ [2]અસહાસ?' મદ૦.૧૨ રાજા૦

મહુર રાજારે માણસે રે લાલ, રાજાનું કહ્યઉ જાય મદ૦;
'એકણિ પરદેસી ગ્રહ્યઉ રે લાલ, હાથી હાર મનાય' મદ૦. ૧૩ રાજા૦

રાજા **જિતશતું** રીઝીયઉ રે લાલ, સાંભલિ ઇસઉ સરુપ મદ૦;
જાય બુલાવઇ જોય જઇ રે લાલ, કુણ જુવાન? કિણ રુપ'? મદ૦.૧૪ રાજા૦

માંહિ બુલાયઉ આવીયઉ રે લાલ, કુંઅર ઘણું સકલાપ મદ૦;
ભુજસું નૃપ ભીડે મિલ્યઉ રે લાલ, નિકટ બઇસાર્યઉ આપ મદ૦ ૧૫ રાજા૦

વિનય કરી નૃપ વેધીયઉ રે લાલ, સખરી લુલિત સુજાણ મદ૦;
ઉત્તમકુલના ઊપના રે લાલ, વિનયતણઉ વાખાણ મદ૦. ૧૬ રાજા૦

મોટા મેહ નમેઇ સદા રે લાલ, તરુ પિણ નમઇ [3]તિમીવ મદ૦;
માનવ તિમ મોટા [4]જિકે રે લાલ, સહજઈ નમઇ સદીવ મદ૦. ૧૭ રાજા૦

રાજા મનમઇ ચીંતવ્યઉ રે લાલ, ઉત્તમ માનવ એહ મદ૦;
ઉત્તમ તુરત પિછાણીઇ રે લાલ, ધૃત ગતિ મતિ કરિ દેહ મદ૦. ૧૮ રાજા૦

વય છોટઉ મોટઉ ગુણે રે લાલ, તેજ પુંજ અવતાર મદ૦;
રતનચિંતામણિ સારિખઉ રે લાલ, એ છઇ રાજકુંઆર મદ૦. ૧૯ રાજા૦

**કવિત્ત :**

અંકુશી તન બિન હોય તો હિવ સિતાસુ મતંગહ,
તનકચક્ર વર હોઈ તદપિ ભંજઈ ગિરિ પંખહ;

---

૧. નડતર, આડખીલી. ૨. સાહસ. ૧. ટી૦=તિમ+ઈવ=સ્વર પૂર્વે સ્વર લોપથી સંધિ કરી છે. ૪. જે કોઈ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

થરકિ રહઈ [1]ગય-ઘડા દેખિ સીહણ ચઉ છાવઉ,
જાઈ ભર અંધીયાર થયઈ દીપક ઉજવાલઉં;
મુખિ જપઈ મંત્રિ જિમ ગારુડી નાગ તેણ ખંચ્યારહઈ,
તન સબલ ન કુછુ ભય જુગ્ગમઈ સકુછ તે જ સજ્જન કહઈ. ૨૦ રાજા૦

૧. ગજઘટા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દૂહા :

ઉત્તમ હંસ સંસારમઈ, ઉત્તમ રતન અપાર;
ઉત્તમ કુલ [1]આખઈ નહી, ઉત્તમ લહઈ આચાર. ૧

રાજા પૂછઇ કુંઅરનઈ, 'કવણ નામ? કુણ વંસ?';
આપણ મુખિ બોલઇ નહી, ગુરુથઇ લહઇ પ્રસંસ. ૨

આપણી કીરતિ આપ મુખ, રસના જેહ કહંત;
ફીકી લાગઈ [2]કમ ચકહિ, યું [3]કુચ [4]તીયા ગહંત. ૩

તસકર ભય પાડ્યા તિસઈ, પુરવાસી તિણવાર;
અમાં નૃભઈ કરિ રાજવી, પરજા કીધ પુકાર. ૪

નિરધન કીધી નિજ પુરી, ધનદ જિહી અનુહાર;
તસકર પકડ સકઈ ન કો, કોટવાલ સિકદાર. ૫

જિણિ તિણ રાજા જાણીયો, ચોર ન ઝાલ્યઉ જાય;
એહ કુમર પકડઇ [5]અવસ, [6]પોરસ બુદ્ધિ પસાય. ૬

જિતશત્રુ જોયઉ તાસુ પ્રતિ, કીધઉ હુકમ નરેસ;
તિણવેલા આયો તિક્યું, દે દીન્હઉ આદેસ. ૭

## ઢાલ : ૫, ચરિનાલી ચામુંડ રિણ ચઢઈ- એહની.

કરિન સલામ ઉઠ્યઉ તિસઈ, એહવઉ લે આદેસો રે;
'સાત દિવસિમઇ સંગ્રહઉ, કઈ પાવક પરવેસો રે' ૧ કરિન૦

[7]અટક ઇસિ કરિ આકરી, સલવ્યઉ હોઇ જિમ સીહો રે;
દેખિ લોક ઇણ કૂંઅરનઈ, સહુ મનિ હૂઆ અબીહો રે. ૨ કરિન૦

---

૧. બોલે. ૨. કેમ?. ૩. સ્તન. ૪. સ્ત્રી. ૫. અવશ્ય. ૬. પૌરુષ. ૭. ટેક, પ્રતિજ્ઞા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સકલનયરમઇ સંચરઈ, [૧]ઠાવા જોયઇ ઠામો રે;
રાત-દિવસ ભમતઉ રહઈ, પકડણ તસકર કામો રે. ૩ કરિન૦

જિહાં વેશ્યાગૃહ જૂવટઇ, વલિ સમસાન વિશેષો રે;
સૂના દેવલ સોધતઉ, આચર રૂપ [૨]અલેષો રે. ૪ કરિન૦

પકડ્યો ચોર જાયઈ નહીં, ચિંતાતુર ઇણ કાજો રે;
'અવધિ દિવસિ એક જુ રહઈ, રહસ્યઇ કિણ વધિ લાજો રે?. ૫ કરિન૦

જીભ [૩]ખંડ જીવત તજઉં, કઇ ઘુંટુ વિસ ઘોલુ રે?';
કુંઅર ઇસૌ મન ચીંતવઈ, 'વચન ગયઉ બહુ મોલુ રે. ૬ કરિન૦

વચન કાજિ સિર વારીયઈ, વૃથા ન કીજઈ વેણો રે;
વચન ગયઈ સિર જઉ રહઈ, તઉ સ્યું સિર રહઈ તેણો રે?' ૭ કરિન૦

ઈમ ચિંતાતુર એકલઉ, નિકસ્યઉ પુરનઇ બારો રે;
બઇઠઉ ઈક વનખંડમઇ, તીજઈ પહુર તિવારો રે. ૮ કરિન૦

ચકિત-દ્રષ્ટ ચિહુંદિસિ જોવઈ, વિલખઇ વદન [૪]નરિંદો રે;
તાલ-ભ્રષ્ટ [૫]નટુઇ પરઇ, વિદ્યાગત ખચરિંદો રે. ૯ કરિન૦

ફાલ વિછૂટઉ વાનરઉ જ્યઉં, માલ ગમાયઈ લોકો રે;
તિણપરિ કુમર ઉચાટીયો, ઇત-ઉત રહ્યઉ વિલોકો રે. ૧૦ કરિન૦

તેહવઇ તિણ વન-ઉરથી, આવત દેખ્યૌ એકો રે;
એહવો રુપ અચંભ સૌ, કપટી [૬]કાપડ-વેષો રે. ૧૧ કરિન૦

મચ-મચ ડગ પગ મુકતઉ, લાંબ કાંધ [૭]ઝંઘાલો રે;
સિર-મુંડત સરલૌ ઘણું, મુંછાં કિવ [૮]લાંઘાલો રે. ૧૨ કરિન૦

હયથ [૯]ગણેત્રી લહકતી, મુખ કરતૌ મુણણાટૌ રે;
લાલ લપેટ્યઇ લુંગડે, વહતઉ ઉજડ વાટઉ રે. ૧૩ કરિન૦

---

૧. અસિદ્ધ, મુખ્ય. ૨. લેષ=થોડુ, અલેષ=સમગ્ર. ૩. ખાંડીને=કચડીને. ૪. ટિ૦-નરેન્દ્ર=રાજા થાય પરંતુ, અહીં નર+ઈન્દ્ર=શ્રેષ્ઠ પુરુષ એવો અર્થ કરવો. ૫. નટની. ૬. સંન્યાસી વેષ ધારણ કરનાર. ૭. જંઘાવાળો. ૮. મોટા ડગલા ભરનાર. ૯. માળા, પાઠા૦ ગણેશી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દીસઈ ભુજ દોઉં અરગલા, કઠિણ હીયૌ જુ કમાડો રે;
મહિષ-કંધ માતૌ ઘણું, ભસમભરી [1]સિર-આડો રે. ૧૪ કરિન૦

[2]ફારક વાંનર ફાલ યું, લાલ કીયે [3]ચષલોલો રે;
[4]લકુટી એકણ કર લીયઈ, એકણ ખણ અમોલો રે. ૧૫ કરિન૦

'એહ ચોર' ઇણ [5]આરેખે, કીધઉ ઇસૌ વિચારો રે;
તુરત તેહ આયૌ તિહાં, જહાં બેઠૌ રાજકુમાર રે. ૧૬ કરિન૦

જોગી પૂછઇ જુગતસુ, 'કુણ બાબૂ? કિમ એથો રે?';
કુમર કહઇ [6]પિણ કેલવી, 'કહિ નિરધન રહઈ કેથો રે?. ૧૭ કરિન૦

૧. કપાળમાં કરવામાં આવતી રેખા. ૨. છુટો, મુક્ત. ૩. ચક્ષુનો ડોળો. ૪. લાકડી. ૫. આરક્ષકે=રખેવાળે. ૬. દાવ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**દૂહા :**

હૂં નિરધન છું બાપજી!, કોઇ નઇ આધાર;
ઈણ વનિ હું વિશ્રામ લ્યું એ, લે [1]પુરિ અન્ન આહાર'. ૧

નિરધન મખટૂ પૂત જિંહા, જાયઈ જાયૌ તિહાં;
યું જોગી અવધૂત, કુણ બોલાવઇ? રહૌ કિંહા? ૨

**સવઈયા :**

આથ વિના મિલિ બાથ ન ઘઇ કોઉ સાથ ગહે ન કહે ન સગાઈ,
માત-પિતા-સુત-હીય સવારથ ચિત્રગ હોય તઉ હોય સુહાઈ,
ગાંઠ ગરત્થ થકઈ સિરદાર જુલાર ફિરઇ લખલોક લુગાઈ,
**પુણ્યનિધાન** પ્રમાણ તિકે જે જિકે ઘર સાહિબ માલ સવાઈ?. ૩

**ઢાલ : ૬.**

'મ કર ચીંત' જોગુ મુણૈ, 'તોડુ દાલદ્ર તુઝ રે,
કુમર કહઇ 'હિવ ચીંત સી?, મહાપુરુષ મિલ્યૌ મુઝ રે'. ૧

यत:

**देवाण वरं सिद्धाण, दरसणं गुरु-नरींद-सनमानं ।**
**गय भूम दव्व नहा (?), पायजौ पुण्ण रेहाए ।।१।।**

તિતરઇ સૂરજ આથમ્યૌ, પસર્યો પ્રબલ અંધારો રે;
તિહાંથી ચોર જુ નીકલ્યૌ, લીધઉ કુમર જુ લારો રે. ૨

બેઉ તિહાથઇ બડગડ્યા, આયા નગર મઝારો રે;
એકણ ઘર [2]ઈસરતણઈ, દીન્હી ભીત [3]દરારો રે. ૩

---

૧. નગરીમાં. ૨. ધનાઢ્યના. ૩. ચીરો, કાણુ, બાકોરુ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માલ ઘણઇ [1]પઈ ભરી, તસકર કાઢી તાણો રે;
ઉત્તરસાધક કુંઅરનઈ, સુંપઇ [2]નેણનું [3]આણો રે. ૪

રાજકુમર તવ ચીંતવઈ,'પરતિખ તસકર એહો રે;
પ્રહણુ ખડગ પ્રહારસું?, જોઉ અથ રહઇ જેહો રે.' ૫

કર ભરણી બેઉ ધિર્યા, તિણ વન આયા તેહો રે;
ચોર કહઇ 'સૂઆં ઈહાં, થાકા બહુ અમ દેહો રે'. ૬

કપટ નીંદ સૂતા કન્હઈ, બેઉ મન અવિસાસો રે;
એક-એકણ મારણ ભણી, [4]દૂઠ હૃદય દૂસાસો રે. ૭

નિદ્રાભર તસકર હુઔ, પહુતઉ પાપ જ આયો રે;
તુરત કૂંઅર ઉઠ્યઉ તિસઈ, જાય છિપ્યઉ તરુ-ઠાયો રે. ૮

તિતરઈ તે પિણ ઉઠીયૌ, મારણ તસુ [5]ધર [6]મન્નો રે;
નિકટ તાસુ દેખઇ નહી, ઉઠી ક્રોધ અગન્નો રે. ૯

ખડગ કાઢિ પૂઠઇ ખડ્યૌ, બકતઉ સુપ વિખવાદો રે;
સાહસ કુમર કીયઈ તિસઈ, સામ્હૌ કીધઉ સાદો રે. ૧૦

આમ્હો આમ્હા બે જુટ્યા, બે જમદૂત જરૂર રે;
કુમરઈ ચોર પછાડીયૌ, કીધઉ પગ ચકચૂર રે. ૧૧



૧. પેટી. ૨. ની+અનમ્=નયનમ્=લઈ જવાની. ૩. આજ્ઞા. ૪. દુષ્ટ. ૫. ધરીને=વિચારીને. ૬. મનમાં.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**દૂહા :**

પડતઉ ચોર કહઇ ઇસૌ, 'સુણિ ઉત્તમ! મુઝ વઇણ;
ઇણિ વનમઈ ગૃહભુમિ છઈ, વસઈ તેથ મુઝ બૈન. ૧

માલ-મુલક પિણ બહુત છઈ, વિધિ-વિધિ રિધિ વિસતાર;
તે દીન્હઉ મઇ તુઝનઇ, સહુ લેજો સંભાર'. ૨

ગયઉ તેણ ગૃહ કૂઅર, ખડકઉ કીયઉ કમાડ;
[1]સંચલ જાણે [2]વીરનઉ, દીન્હી સિલા ઊઘાડિ. ૩

તિણ તીય દેખે તાસુ પ્રતિ, પૂછઇ તામુ પ્રબંધ;
કુમર ચોર માર્યઇતણઉ, કહયઉ સકલ સંબંધ. ૪

મુખ મીઠી જૂઠી થકી, વદઈ મધુર ધરિ લાજ;
'સિર સદક ઈસો રાજરઈ, માહિ પધારઉ રાજ!.' ૫

ચોર હુસઇ સુમરા જિસઇ, ઇણમઇ કિસઉ વિચાર?;
સો વેલા જું ચોરની, યું એક ધણીરી વાર. ૬

સખરી સેજ વિછાયદી, સૂંહાલી સુખ-જોગ;
'બઇસઉ લ્યાવું [3]અરગજઉ, રાજ! લગાવા જોગ.' ૭

ઇમ કહી બાહર નીસરી, હીઅડઇ ખરી જ દૂઠ;
અવિસાસી અપ્રછનપણઈ, તે પિણ હૂઅઉ જુ પૂઠ. ૮

यत:

**न विश्वसेत् पूर्वविरोधितस्य, शत्रोश्च मित्रत्वमुपागतस्य ।**
**दग्धां गुहां पश्य [4]उलूकपूर्णां, काकप्रणीतेन हुतासनेन ।।१।।** [पञ्चतन्त्र-३/१]

[5]સિલ કલિ ચાલવિ સેજ પરિ, નાખી મારણ કાજ;
માંચો ચકચૂરે હૂઅઉ, રાખ્યઉ કુઅર મહારાજ. ૯

---

૧. સંચાર. ૨. ભાઈનો. ૩. આછા-પીળા રંગનુ અત્તર. ૪. પાઠા૦ **कुलूक** ૫. શિલા જેમાં ભરાવેલી છે તે કડી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચોટી ઝાલી ચોરટી, બકતઉ ઈમ મુખ બોલ;
'મુઝનઇ કુણ મારઇ સકઈ?, નીલજ! રંડ! નિટોલ!' ૧૦

બાંધે આણી રાયગૃહ, કહીવા તસ [1]વદીત;
વસુધામાહે વિસતરી, [2]પરતિ કૂઅર પ્રતિત. ૧૧

રાજા તસકર-ગૃહ હુંતી, લુંટે લીધઉ માલ;
સહુ લોકાંનઇ સુંપીયો, આપ-આપરઉ સંભાલ. ૧૨

દેખી કુમરતણી કલા, સંતોષાણો રાય;
નિતપ્રતિ સુખ સંપદ મિલઈ, વિદ્યાતણઈ પસાય. ૧૩

**यत:**
**सूराश्च कृतविद्याश्च, या स्त्री रुपवती भवेत्।**
**यत्र यत्र गमिष्यन्ति, तत्र तत्र कृतादराः ।।१।। [अनुष्टुभ्]**

## ઢાલ : ૭, સોહલા જાત.

[3]તૂઠઇનઈ રાજાજી દીન્હી દીકરી રે, કુઅર ભણી મન કોડ;
**કમલસેના** કમલાનન કૂઅરી રે, [4]જુડતી દેખે જોડ. ૧ તૂઠઇનઇ૦

જોસીનઇ તેડાયો લગન-કૂંડાલીયો રે, ગ્રહ-દૂષણ સહુ ટાલ;
સુભ દિન કુમરી કુમરતણઇ ગલઈ રે, ઘાલી વર વરમાલ. ૨ તૂઠઇનઇ૦

ઘરિ-ઘરિ તોરણ [5]ગૂડી ઉછલી રે, વાજઇ ઢોલ નીસાણ;
ગોરી ગાવઇ [6]સૂહવ સોહલી રે, મિલીયા રાણો-રાણ ૩. તૂઠઇનઇ૦

સોવનકલસે કેલીગૃહ રચ્યઉ રે, આણે નીલા વાસ;
ચોરીમઇ બઈઠા વર-[7]વીંદણી રે, યું રોહણ ચંદા પાસ. ૪ તૂઠઇનઇ૦

કૌર [8]વસત્ર પહિર્યઈ નિજ લાડલી રે, કૂંકું અક્ષત ભાલ;
બિહું હથ લેવઉ બાંભણ જોડીયો રે, લાગો રંગ રસાલ. ૫ તૂઠઇનઇ૦

---

૧. પાઠા૦ અવદાત. ૨. આબરૂ, પ્રતિષ્ઠા. ૩. ખૂશ થઈને. ૪. યથા યોગ્ય. ૫. નાની ધજા. ૬. સૌભાગ્યવતી. ૭. બીંદડી=વધૂ. ૮. વસ્ત્ર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દસહઝાર તુરી [1]તઉ હાથીયા રે, સહસ ગામે સિરદાર;
લાખ પાયક બેટીનું રાજા દીયા રે, હથમુક લેવા વાર. ૬ તૂઠઇનઇ૦

સંતોષ્યઉ સગલો હી સાજનો રે, દીયો જીમાડિ તંબોલ;
માંગત જન સહુ [2]સમુ મીકાયા રે, હુયો સુજસ રંગરોલ. ૭ તૂઠઇનઇ૦

બેઉ [3]બરદલ [4]આગર રુપરા રે, બેઉ [5]ચંપા-વેલ;
બેઉ મિલીયા દીસઇ એહવા રે, યું સાગર-ગંગા મેલ. ૮ તૂઠઇનઇ૦

ઈસડઉ સખરઉ લાધઉ સાસરઉ રે, નવરંગ પરિણી નાર;
તઉ પિણ મનમઇ આમણ-દૂમણો રે, મદનમંજરી પ્યાર. ૯ તૂઠઇનઇ૦

જે જણરઈ સાજન માનિ વસઇ રે, તે તિણસું રંગ-રાસ;
હંસઉ માનસરોવર [6]રચ [7]કરઈ રે, કરહઉ થલીયાં વાસ. ૧૦ તૂઠઇનઇ૦

તુયાં મન લાગૌ સહીયા માણસાં રે, તાં મિલીયાં સુખ હોય;
પ્યાસ જુ લાગી સહીયા પ્રેમકી રે, તે ન બુજઈ સીંચ્યા [8]તોય. ૧૧ તૂઠઇનઇ૦

મદનાતુર ચાતુર આતુર થકો રે, બૈઠો જિસઉ રે ઉદાસ;
અગડદત્ત દૂતી ઈક તેહવઈ રે, આવત દીઠ ઉલાસ. ૧૨ તૂઠઇનઇ૦

કુમર આદર દીન્હઉ બેસાણઉ રે, પૂછ્યઉ આપણ કામ;
'રાજ! લગઇ મુંકી છે ઇમ કહ્યૌ રે, મદનમંજરી નામ. ૧૩ તૂઠઇનઇ૦

''રાજતણઈ વિરહાગન હું જલિ રે, કહિ મુંકી ઈહ વઈણ;
''સંગમ-જલ સીતલિ કરિ સુંદરી રે, સાંભલિ સાચા [9]સઈણ!. ૧૪ તૂઠઇનઇ૦

તુઝ વિણ એકા ઘડીય ન આલગઈ રે, પલભર રહ્યૌ રે! ન જાય;
મદનમંજરી કહિરાયૌ પ્રીઉનઈ રે, પૂરણ સુખ દ્યૌ આય.'' ૧૫ તૂઠઇનઇ૦

---

૧. પાઠા૦ સુઉ. ૨. પાઠા૦ સુમૂતા. ૩. પ્રખ્યાત, યશસ્વી. ૪. (રુપના) ભંડાર. ૫. ચંપા અને ચંપાનુંઝાડ તેના પર-વીંટળાયેલી વેલડી જેવા. ૬. અનુરક્ત, આસક્ત. ૭. ઊંટ. ૮. પાણી. ૯. સ્વજન.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દૂહા :

વલિ વિસેષ રીઝી [1]સુણે, ગજ-તસકર અવદાત;
જણ-જણનૈ મુખ જૂજૂઆ, સુજસ ઘણા સુપ્રભાત. ૧

રાત-દિવસિ ઝુરતી રહઈ, વદન વદઈ તુઝ નામ;
આઠ પહુર [2]તોમર મગન, બીજો કોય ન કામ.' ૨

દૂતીનુ રીઝવિ કુમર, દે તંબોલ સનમાન;
'કહિયો તુમ્હ તિણ પ્રતિ જઈ, મુઝ મુખ તઈ ઈહ [3]વાન. ૩

''જિણ વિધિ તુમ્હ હમ તિણિ વિધઈ, કહિજઇ કિસી [4]જુવાણ;
વઈગી પૂરવલી કહી, કરસ્યાં વાત પ્રમાણ.'' ૪

ઇમ કહિનઇ તસુ સીખ દી, ગયા દિવસ દસ-બાર;
તિતરઈ માણસ તાતના, આયા બુલાવણહાર. ૫

આલંગે આંસૂ સહિત, પૂછી પિત કુસલાત;
કુસલ-ખેમ કહિ ઈમ કહ્યૌ, 'તેડાયા તુઝ તાત.' ૬

[5]સુસરઇ હૂંતા સીખલે, સહુ સજ કીયા ખંધાર;
રાજા મુકલીવઉ કીયઉ, સીખ દેય સુવિચાર. ૭

માત દેઇ બેટી ભણી, ભલી સીખ સુરીત;
'પતિવ્રત નિતપ્રતિ પાલયે, વારુ હુવે વિનીત. ૮

સાસૂ નઈ સુસરાતણી, કરે લાજ બહુકાણ;
પૂત વધારે લોકમઈ, પીહરતણઉ વખાણ.' ૯

કમલસેના નિજ કામની નઈ, મદનમંજરી નાર;
રથિ બેસાડે બેઉં જણી, લે ચલીયૌ કુમાર. ૧૦

---

૧. સાંભળીને. ૨. તમારામાં. ૩. વાણી. ૪. જુવાન, પાઠા૰ નુવાણ. ૫. પાઠા૰ મુસરઈ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાલ : ૮, ચઢ્યઉ ચંડપ્રદ્યોત રણ ઝૂઝવા- એહની.

ચાલીયૌ કુમર કરિ સેન નિજ દેસપ્રતિ, વાજતા સબલ નીસાણ વાજા;
[૧]મજલ કિતરીક પહુંચાય પાછૌ વલ્યૌ, નયર વાણારસીતણૌ રાજા. ૧ ચાલીયૌ૦

સેષ સિર સલસલઈ સમુદ્ર-જલ છલ-છલઈ, મેરધર ધ્રસક પાતાલ ધાયઈ;
સૂર ઝાંખઉ ઘણું ગયણ-રજ ગૂગલઉ, રાતા-દિનતણી નવિ ખબર પાયઇ. ૨ ચાલીયૌ૦

નીર નદિ સોસવઈ ધુંબસિર નદઇ વહઈ, ઝાડ પાહાડ મઈદાન [૨]ઢાહઈ;
ચક્ર ચ્યારે ચકઈ વઈર હર ઔદ્રકઈ, હઇવરા હુબસ અસમાન ગાહઈ. ૩ ચાલીયૌ૦

લાંઘીયો આપ પરદેસ ઉતાવલઈ, એક વન ગુહિર વિચિમાહિ આયૌ;
ઘણા ઝાડ લુથાં બથે વાઘ-વાનર ઘણા, ઘણું રુદ્ર [૩]અંધૂર વનરાય છાયો. ૪ ચાલીયૌ૦

ચાલીયો વન ઉસઇ મેઘ આયો તિસઈ, લુંબતરુ ઝુંબસું વીજ ચમકઈ;
ગડડ ગાજઈ ગયણ કડક ભડડા કરઈ, કાયરાતણા હીયા [૪]કરલ કમકઈ. ૫ ચાલીયૌ૦

ભીલ કટક તિસઇ કુમરદલ ભેલીયઉ, નીકલે સકઇ નહી વીટીયો સાથ;
ઝૂઝ [૫]માતૌ બિવે લોહ ઝડ [૬]ઊપડ-ઊપડ, તીર ભાલાં [૭]છરે આછટઇ હાથ. ૬ ચાલીયૌ૦

હીક નાર દહસઇ ડસણ જાયણ ડસઈ, ગૃધ્રણી પંખ અસમાન ઊડઈ;
સીમ વિટકે પડે એક-એકણ અડઈ, રુહિર ખાલે વહી લોથ છૂડઈ. ૭ ચાલીયૌ૦

હૂઆ રુદ્ર બંબાલ સ્રહિરીલ રજપૂત સહુ, છોડ પગ કુમરરઉ સાથ ભાગઉ;
કુમર મન ચીંતવઈ સાથ ભાગઉ સહુ, શત્રુદલ [૮]સાબતઉ મૂહિ લાગઉ ૮ ચાલીયૌ૦

અગડ પગ માંડિ અસમાન લાગૌ હિવઈ, ચાલતઈ લોહ કર છોહ [૯]વાહે;
એકલઈ કેસરસિંઘ ઊપાડનઈ, નાંખીયા શત્રુ ગજસુંડ [૧૦]બાહે. ૯ ચાલીયૌ૦

કીયૌ બુદ્ધ પરપંચ તિણ ચોરનું જીપવા, [૧૧]મહુર રથ મદનમંજર બેસાડી;
[૧૨]દૃષ્ટ દેખત સમૌ તુરત ચલચિત હૂયૌ, કુમર હાથા [૧૩]રહ્યૌ ધનુષધારી. ૧૦ ચાલીયૌ૦

---

૧. એક દિવસની મુસાફરી. ૨. ઢંકાઈ ગયા, પાઠા ૦ વહઈ. ૩. પાઠા૦ સર. ૪. પાઠા૦ કરણ. ૫. પાઠા૦ માતેવિ. ૬. પાઠા૦ ઉપડઈ. ૭. પાઠા૦ છુટે. ૮. સાબદુ=તૈયાર, સજ્જ. ૯. પાઠા૦ બાહે. ૧૦. પાઠા૦ ગાહો. ૧૧. મોર=આગળ. ૧૨. દૃષ્ટિથી. ૧૩. પાઠા૦ રહૂઉ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભીલ નાઠા બીયા તૂલ [1]વંતૂલ યું, ભીલપતિ એક પગ માંડિ આયો;
બિવે ઝૂઝઈ કહર સાંથ તિણ સાંફલઇ, જીપ ન સકઇ કોઈ કીયઈ આગઈ. ૧૧ ચાલીયૌ૦

હુઈ જૈત રાજા નરિસોજી આરણ સહૂ, સાથ કિતરૌક લે આપ કેરૌ;
ચાલીયૌ તિહાંથકી તેહ વન લોપીયૌ, એક ગોવલ [2]તઠઈ કીયૌ [3]ડેરૌ. ૧૨ ચાલીયૌ૦

તેણ ગોવલથકી દોય નર આવીયા, અગડ આગૈ કહઈ મધુર સાદઈ,
'સંખપુર મ્હાં ભણી સાથ લે ચાલયો, કાટસ્યાં પંથ સો [4]તુમ્હ પ્રસાદે.' ૧૩ ચાલીયૌ૦

ઊપડ્યૌ સાથ લે સાથ દોનુ જણા, ચાલતાં વીચ દો વાટ આઈ;
'ચોર-ગજ-સર્પ [5]ભૌ સીહ જિમણી ગલી, [6]દાહણી [7]સખર' બિંહુ કહિ જણાઈ. ૧૪ ચાલીયૌ૦

ચાલીયૌ કુમર તિણ ભીમ મારગ કહે, 'સાથ મો થકઇ કિસૌ બીહ તુમનઇ?';
સબલ [8]ઊવટ વહઈ સદા જગ રીત છઇ, નિબલ માણસ તિકૌ દીસઈ નમિનઈ. ૧૫ ચાલીયૌ૦

તિણ સમઈ એક કોઈ વેસ સન્યાસરઇ, કાન [9]રુદ્રા જય-મુકટ સોહઈ;
કુમર પાસઈ તિકો આય ઊભો રહ્યૌ, હરિ વિસન કહિ વિસન જગત મોહઈ. ૧૬ ચાલીયૌ૦

---

૧. વંટોળથી. ૨. ત્યાં. ૩. પડાવ. ૪. પાઠા૦ તુમૂ. ૫. ભય. ૬. ડાબી બાજુની. ૭. સરસ, સુંદર. ૮. અવળા રસ્તે. ૯. રુદ્રાક્ષ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દૂહા :

કપટ સન્યાસી ઈમ કહઇ, 'સાંભલી નરપતિ રાજ!;
સાથ લેહુ લગિ સંખપુર, તીરથ દરસણ કાજ. ૧

મુઝ પાસઈ દીનાર છૈ, તે રાખઉ તુમ્હ પાસ;
યું મારગ નિરભય સંચરું, રાજન! તુમ્હ વેસાસ.' ૨

કીયૌ કુમર જિમ ઉણ કહયૌ, પૂરી તાસુ જગીસ;
સંન્યાસી સંતુષ્ટ હવે, દીધા કુમર આસીસ. ૩

કપટ પાર નવિ કો લહઈ, જઈ કરિ જાણૈ કોઈ;
ભીતર [1]પીતરહી ચલઈ, જો ઝલક કનક કીહેઈ. ૪

यत:

सुप्रयुक्तस्य दम्भस्य, ब्रम्हाप्यन्तं न गच्छति
कोलको विष्णुरुपेण, राजकन्यां निषेवते. [पञ्चतन्त्र–१/२१८].

## ઢાલ : ૯, મેઘ–મન કાંઈ ડમડોલઈ રે–એહની.

કુમર તિહાંથી ચાલીયૌ રે, સાથી લે સન્યાસ;
ગતિ-[2]આકૃત તસુ દેખનઈ રે, ન ધરઈ મન વેસાસ. ૧
કુમરજી તિંહાથી ચાલઈ રે.

ઈમ અનુક્રમ વહતાં [3]થકાં રે, આયૌ ગોવાલ-વાસ;
તે કપટી બોલઈ તિસઈ રે, 'આજ રહૌ ઈહ વાસ. ૨ કુમરજી૦

ચ્યાર માસ ઈહાં ઝૂલીયૌ રે, તિણ છઈ મૂઝ [4]પ્રસંગ;
ભગત કરુ હું તુમ્હતણી રે, બહુ ગોરસ મનરંગ.' ૩ કુમરજી૦

---

૧. પિત્તળ. ૨. આકૃતિ. ૩. પાઠા૦ તિહાં. ૪. અવસર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રાખ્યૌ કરિ હઠઓ ગયૌ રે, લેઅણ ગોરસ સાર;
પૂછઈ સાથ જુ પાલીયૌ રે, જાણે કપટ કુમાર. ૪ કુમરજી૦

દૂધ-દહી માટા ભર્યા રે, આણ્યા કરિ વિષ જોગ;
પીયઉ [1]સાથ બહુ [2]વાલતાં રે, વિના કુમર વિધિ-યોગ. ૫ કુમરજી૦

સરગ પહૂતૌ સાથ તે રે, રહયૌ કુમર નિજ [3]હેક;
ચાઢિ ધનુષ આયઉ તિસઈ રે, મારણ કપટી-વેષ. ૬ કુમરજી૦

[4]મંડ્યૌ તે પિણ સામુહૌ રે, લીધઉ જોગી માર;
કુમરપ્રતઈ પડતઉ કહઈ રે, 'ઇક સુણિ વચન ઉદાર. ૭ કુમરજી૦

દેખઉ [5]ડાવી-પાખતી રે, ગિરવર દોઈ [6]નય જેથ;
ઈક મનોહર તિણ વિચઈ રે, દેવલ છઈ ઈક તેથ. ૮ કુમરજી૦

તિણ દેવલ પચ્છિમ દિસા રે, છઈ ઈક ગૃહ-પાતાલ;
તિણમઇ મુઝ મહિલા વસઈ રે, નવજોવન સુકમાલ. ૯ કુમરજી૦

જઇતસરી નામઇ કરી રે, ઘણા દામ જસુ પાસ;
દીન્હા મઈ સહુ તુઝ ભણી રે, ભોગવિ ભોગ વિલાસ.' ૧૦ કુમરજી૦

તેણ મરણ-[7]ધ્રમ પામીયૌ રે, કહિ સગલી ઈહ વાત;
કાષ્ટ અગન તિણ [8]તિણનઈ રે, કુમર હિવ તિણિ દિસ જાત. ૧૧ કુમરજી૦

સાદ દીયૌ જાય બારણઈ રે, આવી તે પિણ બાર;
જાણે નાગ-દેવાંગના રે, ચમકત મુખ દીદાર. ૧૨ કુમરજી૦

કોયલ સબદ બુલાવીયૌ રે, 'માહિ પધારૌ રાજ!';
કુમર નયણ તસુ નિરખનઈ રે, જાણ્યૌ 'ધન દિન આજ.' ૧૩ કુમરજી૦

બોલ્યૌ કુમર સરાગીયૌ રે, દેખિ સકોમલ બાલ;
મદનમંજરી તિણ તિસઈ રે, [9]દીયૂ [10]સટ પતિ-ગાલ. ૧૪ કુમરજી૦

---

૧. સાથે આવેલાઓ. ૨. અટકાવવા છતા. ૩. પાઠા૦ ભેખ. ૪. પાઠા૦ ડંડ્યૌ. ૫. ડાબી બાજુ. ૬. નઈ=નદી. ૭. ધર્મ. ૮. પાઠા૦ તિણતઈ. ૯. પાઠા૦ દીછુ. ૧૦. ફટકો, લાફો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'માત-પિતા સહુ મઈ તજ્યા રે, બંધુ-વરગ નિજ ગામ;
મઈ મન દીન્હઉ તુઝનઈ રે, તૂ તાકે [1]પરિ ઠામ.' ૧૫ કુમરજી૦

વયણ સુણી નિજ [2]તીયનારે, ઉઠ્યા તે ગૃહ છોડ;
રથ બૈસે બેઉ ચલ્યા રે, ઉણ મારગ ઉણ [3]ઠૌડ. ૧૬ કુમરજી૦

સુખસું મારગ ચાલતાં રે, ઈક વનમાંહિ વિસાલ;
દીઠા માણસ દૌડતા રે, કરતા બુંબ-[4]બરાલ. ૧૭ કુમરજી૦

અગડ આપસ સંભ્રમ્યૌ રે, બઈઠૌ જિસઈ સંબાહિ;
લોકાં પૂઠિ પડ્યૌ તિસઈ રે, દીઠઉ ગજ ગજગાહ ૧૮ કુમરજી૦

ચ્યાર દંત ઉંચૌ ઘણું રે, સગલૈ ડીલ [5]સપેદ;
મદ ઝરતઉ માતૌ ઘણું રે કરતઉ [6]ધુંધલ ખેદ. ૧૯ કુમરજી૦

મદનમંજરી બીહની રે, દેખિ ઉસઉ વિકરાલ;
'મકર ચીંત' પતિ ઇમ કહઈ રે, સાહિસ સુવિધિ સુંડાલ. ૨૦ કુમરજી૦

રથ ઊતર હઈવર ચઢ્યો રે, આયૌ દેખિ તિવાર;
પકડ્યૌ પહિલાની પરઈ રે, હાથી કુમર હુસ્યાર. ૨૧ કુમરજી૦

૧. બીજા. ૨. સ્ત્રીના. ૩. સ્થાન. ૪. બરાડા. ૫. સફેદ=શ્વેત. ૬. ધુંધળુ, ધૂળ ઉડાડીને અંધકાર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દૂહા :

હાથી ખેલ ખેલાવીયૌ, કીધૌ પાડા પ્રાય;
હિવ તિહથી આગઈ ચલ્યૌ, અગડદત્ત નરરાય. ૧

ઊઠ્યૌ તેહવઈ એહવૌ, સબલ પરાક્રમ સીહ;
ધરતી પૂછ પછાડતૌ, અરિ ડારતૌ અબીહ. ૨

સામ્હૌ આયૌ સાંકલે, નરવરસું નહરાલ;
ગુહિરઇ સાદ ગડૂકતૌ, કરતઉ [1]લોદ્ર લંકાલ. ૩

વાઘ [2]વાઉ વાહણ હૂઆ, પગભર ખિસ્યા ન જાય;
ઉઠ્યઉ કુમર પરાક્રમી, મંડ્યૌ સામ્હૌ આય. ૪

કુમર હાથ કસ કટિ રહ્યૌ, પાડ્યૌ ખડગ પ્રહાર;
કહર વાઘ બિવે ખસ્યાં, [3]કેહરિરો જયકાર. ૫

વિઘન [4]ખંડિ આગઈ ખડ્યૌ, મારગ વિચઈ ભુયંગ;
ઈતરઈ દીઠૌ એહવૌ, અતિ [5]કામસ [6]વ્રણ અંગ. ૬

લપરક દોઈ જીહાં લસઈ, ધમઈ જેમ ધમંત;
ફણા ટોપ કીધઈ ફણી રે, [7]રેલ જિસૌ [8]રલકંત. ૭

દેખિ સર્પ મનમઈ ડરી, મદનમંજરી નાર;
ગલિ વિલગી ગોરી કહઈ, 'વાલ્હમ! વાસગ વાર.' ૮

કલા-બહુત્તર-નિધિ કુમર, છાંટ્યૌ રજ જપિ મંત;
હૂયૌ સાપ તે [9]સીદરી, ખેલાયૌ એકંત. ૯

નિરભય કરિ નિજ કામિની, સુખ સમાધ નરનાહ;
સંખઉર આયા સહર, કિતલાઈક દિનમાંહિ. ૧૦

---

૧. રૌદ્ર. ૨. વાઉલ=વ્યાકુળ, ઉન્મત્ત. ૩. સિંહનો. ૪. પાઠા૦ ઘડિ. ૫. કાળો. ૬. વર્ણ, પાઠા૦ વ્રન. ૭. પ્રવાહ. ૮. ભટકતો, આંટા મારતો. ૯. સીંદરી=કાથીની દોરી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સુણી અવાજ આવણતણી, સુતની સુંદર રાય;
પરમ પ્રમોદ જુ ઊપનૌ, હીયડઈ હરખ ન માય. ૧૧

## ઢાલ : ૧૦, રાગ-ખંભાયતી.

કુમરતણૌ આગમ ભણી રે, બાપ કરઈ [૧]પેસારૌ રે;
પહિલૌ હુકમ કીયૌ ઈસૌ રે, 'મારગ જાય [૨]બુહારૌ રે'. ૧
કુમરજી આવઈ આડંબર એહવઈ રે.

કચરૌ દૂર કીયૌ કન્હઇ રે, [૩]મસકઈ મારગ છાંટૌ રે;
સગલૌ [૪]સહર કીયૌ ઇસૌ રે, ધૂડ ઊડણરઈ [૫]માટઈ રે. ૨ કુમરજી૦

ઊપર ફૂલ બિછાવીયા રે, [૬]ગોડાંલગિ પરિમાણઈ રે;
રાજવીયાંરી [૭]હંસ છે રે, તે રાજવી કરિ જાણઇ રે. ૩ કુમરજી૦

[૮]ઠૌડ-ઠૌડ પ્રોલાં રચી રે, વિધિ-વિધિ રંગ બણાઈ રે;
સગલા હાટ સિણગારીયા રે, મખમલ નઈ દરીયાઈ રે. ૪ કુમરજી૦

સામ્હૌ બાપ પધારીયૌ રે, તેડણ બેટા કાજઈ રે;
[૯]હૈવર-[૧૦]ગૈવર પાખતી રે, ઢોલ-[૧૧]દદામા ગાજઈ રે. ૫ કુમરજી૦

કુમર આવિ ચરણે નમ્યૌ રે, ઊંચૌ લીધૌ રાજા રે;
લે હીયડાસુ ભીડીયૌ રે, પ્રગટ્યા હરખ જુ પ્રાઝા રે. ૬ કુમરજી૦

હાથી ઉપર બે ચડ્યા રે, ઇંદ્ર-જયંત અણુહારઇ રે;
નગર પ્રવેસ કરઇ હિવઈ રે, સૌર નગરમઈ સારઇ રે. ૭ કુમરજી૦

ગોરી કલસ કીયઈ સિરઈ રે, સૂહવ સામ્હી આવઈ રે;
થારે ભરે-ભર મોતીયાં રે, પગ-પગ વેગ વધાવઈ રે. ૮ કુમરજી૦

---

૧. પ્રવેશ. ૨. સાફ કરો. ૩. પાણીની મશકથી. ૪. શહેર. ૫. માટે. ૬. ઘુંટણ સુધી. ૭. પાઠા૦ રુંસ. ૮. સ્થળે-સ્થળે. ૯. ઘોડા. ૧૦. હાથી. ૧૧. પાઠા૦ દદામા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કુમર [૧]સામેલઉ જોયવા રે, અપછરની પરિ આવઇ રે;
ગોખે બૈઠી ગોરડી રે, સૂહવ સોહલા ગાવઈ રે. ૯ કુમરજી૦

ઘરિ-ઘરિ ગુડી ઉછલી રે, ઘરિ-ઘરિ કુંકું હાથા રે;
દાન ઘણા માંગત જણાં રે, દીજઈ ભર-ભરી બાથા રે. ૧૦ કુમરજી૦

લોકાં મન વ્યામોહતૌ રે, રાજ ભુવનમઇ પેઠૌ રે;
જણણી-ગુરુજણનું નમી રે, વિનય સહિત કરિ બેઠૌ રે. ૧૧ કુમરજી૦

સગલાં હી આણંદ હૂઆ રે, સગલાં હી રંગ રહિયૌ રે;
વીછડીયા સાજન મિલૈ રે, તૌ સ્યું સુખનૌ કહિવૌ રે?. ૧૨ કુમરજી૦

ભગત હિવઈ ભોજનતણી રે, સખર [૨]મેઠ્યાઈ સારી રે;
જીમૈ [૩]બેટૌ બાપસું રે, સાથ સકલ સુવિચારી રે. ૧૩ કુમરજી૦

જીમણ તિકે જુ વખાણસ્યઈ રે, જે જીમ્યા ઊણ પાંતઈ રે;
ફોકટ દાઢ ગલવીયઈ રે, સો કહિન ઈસ્યઇ વાતઇ રે. ૧૪ કુમરજી૦

**પુણ્યનિધાન** પૂછઇ હિવઇ રે, રાજા વાંતા સગલી રે;
કુમર કહઇ પિણ માંડિનઇ રે, ચાલ્યાં આયાં વિચલી રે. ૧૫ કુમરજી૦

---

૧. સામૈયુ. ૨. મીઠાઈ. ૩. પાઠા૦ બેઠૌ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**દૂહા :**

હિવ રહતાં વહતાં સુખઈ, સબરસ લેતૌ સાઉ;
જન પ્રમોદ પ્રગટ્યૌ તિસઈ, રિતુ વસંત [1]રિતિરાઉ. ૧

વરસા લઈ પાણી કરી, સહુ સાડ્વલ વનરાય;
રિતુ વસંત પાણી વિગર, પ્રસવઈ તિણ રતિરાઉ. ૨

સહુ ઉત્તપત પાણીતણી, છઈ જિતરૌ સંસાર;
પાણી વિણ જે પાલ્હવઈ, તે વખાણી વર સંસાર. ૩

## ઢાલ : ૧૧, કામકેલ રતિ હાસ નાદ વિનોદકી વઈરી- એહની.

આયઉ માસ વસંત મૌર્યઉ, સબ તરુ વન રી;
ફૂલ રહે સહુ ફૂલ ભમર રહે રુણઝુણ રી. ૧

અંબ-નિંબ-કદંબ ભાર, અઢારહ તરુવર;
ડાલ-પાન-ફલ-ફૂલ ગુહિર ભએ સબ ગુરવર. ૨

**યતઃ સવૈયા :**

કુંજિત કોકિલ કાનન-કાનન ગુંજિત હૈ ભમરા ભમરી,
ચિંહુ ઓર પ્રકાસ સુવાસ કુમોદની ફૂલહી તરુ-કંદ કરી;
અતિહી મનમત્થ ઉનત્થ વહૈ ઝુકિ આય રહે તરુ-પાનભરી,
સબહી વનરાય સંછાય ભઈ કવિ પૂરણ કંત વસંત કરી. ૩

કુસુમ-કેતકી વાસ પિઉ વિન સાનહુ પસરી;
[2]ઓર કુસુમ સહુ જાત રહી વન-વન મહમહ રી. ૪

કોયલ રહીય કહુક બોલે સુક તરુ ઝર રી;
ઓર પંખની જાત મગન ભએ મદ ભર રી. ૫

---

૧. ઋતુરાજ. ૨. પાઠા૦ ઉર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સબહુ મન ઉનમાદ આયો કામ કીયઈ રી;
[1]કુસુમચાપ ગહિ હાથ રતિ-તીય સાથ લીયઈ રી. ૬

અગડદત્તસું રાય ઉણ વન ખેલણ આએ;
રાજલોક પિણ સાથ અઉર સહર સબ ધાએ. ૭

આપ આપણઇં રંગ આપ આપણી ટોલી;
લેઈ લાલ ગુલાલ નાખઈ ભરિ-ભરિ ઝોલી. ૮

**યતઃ-સવઈયા :**

નીર અબીર ગુલાલ ઉડાવત ગાવત રાગ વસંત ગુની,
[2]વાવત વીણ-મૃદંગ સુચંગ સુહાવત હઈ વિચિ [3]વંસ ઝુની;
અલબેલીય ડોલત વાગિ નગિન સોલ સિંગાર સજે સજની,
કવિ **પુણ્ય નિધાન** મહાગુણ જાણ રમઈ મિલિ બે ધનીઆની-ધની?. ૯

કરિ-કરિ કેસર ઘોલ ભરિ-ભરિ નીર પિચરકા,
છોડઈ છિદ્ર છછોહ કરતા જાય કિચરકા. ૧૦

ચહબચ્ચામે ઝાલ એક-એકનું પાડઈ,
મૃગ મદ કીચદ વીચ ગલ ઘેલઈ ગહિ માડઈ. ૧૧

ગાવઈ રાગ વસંત, હાથ લીયઈ ડફ-વીણા,
તાલ મૃદંગ [4]ઉપંગ રાગ કરઇ સુર ઝીણા. ૧૨

કીજઈ ગોહિ રસાલ પંચરંગ આણિ મિઠાઈ,
લાડૂ વિધિ-વિધિ જાતિ મેવામાંહિ મિલાઈ. ૧૩

ખાય પીય મનરંગ, સાંઝ સમઇ સહકોઈ,
પહુતા ઘરિ-ઘરિ બાહ બાહિર રહ્યઉ નહુ કોઇ. ૧૪

---

૧. કામદેવ. ૨. વગાડે. ૩. પાઠા૦ સવે. ૪. વાદ્યવિશેષ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કુમર રહયઉ ઈક બાર મદનમંજરી સાથઈ,
કરતાં રંગ વિલાસ સાપ ડસી નિય હાથઈ. ૧૫

પડ્યો રંગ વિચિ ભંગ લહર તાસુ લહરાણી,
પડી જાઈ પતિ-[1]અંક વેલિ જિસી [2]કુમલાણી. ૧૬

હૂઇ નિચેતન નારિ કંત વિલાપ કરઈ રી,
નયન-નીર અસરાલ પાવસ યું ઉલ્હરઈ રી. ૧૭

કરતઉ મુખિ હાહાકાર જાણિ સ્વરુપ [3]મડું રી,
ચિંતઇ 'હિવ એહ સંઘાત પાવકમાંહિ પડું રી. ૧૮

જો જીવઇ મુઝ તીય તઉ મુજ જીવત હોઈ,
કાયા જીવ આધાર જીઉ વિન કાય ન જોઇ. ૧૯

આ મુઝ જીવન-પ્રાણ આ મુઝ જીવ-જડી રી,
ઇણ વિણ સ્યઉ જમવાર? ઇણિ વિણ અફલ [4]ઘડી રી.' ૨૦

દોય વિદ્યાધર તેથિ આય તિસંઈ ઊતરઈ રી,
પૂછઈ કુમર સરુપ 'કાહે રુદન કરઈ રી?' ૨૧

કહી કુમર તબ વાત સુણી સહુ શ્રવણ [5]ખગી રી,
કીધી ચેતન નારિ જાગી કિ નિદ્ર જગી રી. ૨૨

હૂયઉ કુમર આણંદ વિદ્યાધર પ્રણમ્યા રી,
દે જીવી જન દાન હિવ તિહથી ઉપડ્યા રી. ૨૩

**પુણ્યનિધાન** વખાણ પાંચે દાન કહઈ રી,
પિણ છઈ પહિલઉ દાન તિણ સમ કો નહઇ રી. ૨૪

---

૧. ખોળામાં. ૨. કરમાણી. ૩. મડદુ, શબ. ૪. પાઠા૦ પડી. ૫. વિદ્યાધરે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દૂહા :

હિવ તે દંપતી [૧]રયણ તિણ, પહુતા દેવલ જેથ,
આપ અગનિ લેવા ચલ્યઉ, તીય બઈસાડી તેથિ. ૧

તિણ દેવલમઈ તેહવઈ, દીપક પંચ પુમાન,
પ્રગટ દેખિ લુબધા તીયઈ, પાંચે યોધ જુવાન. ૨

ચિત ચુકઉ દેખિત [૨]સમાં, ચિત ચંચલ કહઈ રાય,
વલિ વિસેષ મહિલાતણઉ, ચિત ન રહઈ ઈક ઠાય. ૩

લાજ છોડિ નિરલજપણઇ, કરઇ વિલંબી વાત,
પંચનકઉ [૩]લઘુ-જાત છઈ, તિણસું વલે વિખ્યાત. ૪

'જૌ લે જાયૈ મો પ્રતિઇં, તઉ આવું તુમ્હ સાથિ';
'તઉ લેજાઆ' તે કહઇ, 'જો મારઇ નિજ પતિ હાથ.' ૫

ઈમ કહિં દીપક ઢાંકિયઉ, તે પિણ રહ્યા પ્રછન્ન;
લેઇ કુમર આયઉ [૪]તિતંઈ, દીપક કરણ અગિન્ન. ૬

દીવઉ દેવલ દેખિ કઇ, પૂછઈ કુમર જુ વાત;
ત્રીય ચરિત્ત કરિ ઇમ કહઈ, સો ઝલકઉ તુમ્હ સાથ. ૭

વાત સાચ માની સકલ, દીયઉ ખડગ તીય હાથ;
ફૂંકઈ આગ હોઇ [૫]ઉકડૂ, દેવ સૂધા પરિ હાથ. ૮

પર-રત તેંહવઈ પાપિણી, દીન્હઉ ખડગ પ્રહાર;
તિણ પાંચે ટાલ્યઉ પ્રછન, દે પાંચે વિચિ ઢાલ. ૯

ખડગ છિટક પડીઉ શિલા, વાજ્યઉ રણરણકાર;
પૂછઈ કુમર [૬]સસંભ્રમ્યો, 'ખડગ પડ્યઉ કિમ? નારિ!' ૧૦

---

૧. રાત. ૨. સમયે. ૩. નાનો ભાઈ. ૪. પાઠા૦ તિસઈ. ૫. ઉત્કટુક=ઉભડક પગે બેસીને. ૬. પાઠા૦ અસંભ્રમ્યો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કરિ ચરિત્ર કામિની કહઈ, 'સુણિ સાહિબ! મુઝ વાચ;
ખડગ હાથથી ઊગલ્યઉ', કુમર જુ માની સાચ. ૧૧

[૧]અસ્ત્રી ચરિત ન કો લહઈ, અસતી ચરિત અપાર;
સુર-માનવ વસિ ત્રીય કીયા, પિણ હુઈ ન તિણ વસિ નારિ. ૧૨

નામઇ અબલા એ કહી, પિણ સબલા ઈસી ન કાય;
મન આવઈ સો યા કરઈ, નાવઇ સો ન કરાય. ૧૩

**યતઃ**

સકલ ક્ષિત્રિપતિ વસિ કીએ, અપને હી વસિ બાલ;
સબલા કું અબલા કહઈ, મૂરખિ લોક [૨]જમાલ?.

## ઢાલ : ૧૨, ગઉડી ગિરુયૌ પાસ વિરાજઈ-એહની.

[૩]અસ્ત્રી ચરિત્ર લખઈ નહી કોય, આગઈ-આગઇ જોઈ રે;
ઉમયા-જાંઘ વસઈ નર કોઈ, ઈસર ન લહઈ સોઈ રે. ૧ અસ્ત્રી૦

રાજા ભરથહરી ઘરિ નારી, પિંગલા ખરીય પીયારી રે;
[૪]પીલવાણસું રમઇ સ [૫]દારી, સૂતઇ પતિ નિસિ સારી રે. ૨ અસ્ત્રી૦

[૬]નેવરપંડિઆ આંકઉ વાલઈ, ત્રીય ચરિત્ર ઉજવાલઇ રે;
નિકસી ગાથા બિવથી ગાલઈ, વિંતર-ટાંગ વિચાલઈ રે. ૩ અસ્ત્રી૦

રાજા ભોજતણી પટરાણી, ભાનુમતી જગિ જાણી રે;
જાયઈ [૭]તપસીપઈ તરિ પાણી, જાતી કિણ હિ ન જાણી રે. ૪ અસ્ત્રી૦

ત્રીય ચરિત્ર લખિ બ્રાહ્મણ આયઉ, રાણાંહિ બુલાયો રે;
રાજા આગમ કહે ડરાયઉ, દ્વિજ મંજૂસ ઘલાયો રે. ૫ અસ્ત્રી૦

મૂંક્યઉ સાંકલ તાલઉ મારી, કીય ન કાચી કારી રે;
રાજાનું કહઈ વાતાં સારી, હાસઇ વાત ઉચારી રે. ૬ અસ્ત્રી૦

---

૧. સ્ત્રી. ૨. ખૂબી. ૩. સ્ત્રી. ૪. મહાવત. ૫. દારા=સ્ત્રી. ૬. નુપુરપંડિતા. ૭. સન્યાસી પાસે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એક તીય પતિસું ઘરી આવઈ, વિચિમઇ મિત્ર બુલાવઈ રે;
[1]કસટીરઇ [2]મિસિ મિલણ મિલાવઈ, વારુ ચરિત્ર [3]વણાવઈ રે. ૭ અસ્ત્રી૦

કિતરાયક તીય-ચરિત કહી જઈ?, રજકણ કેમ ગિણીજઈ રે?;
સાયર જલ કહિ કેમ ગિણીજઈ?, અંબર કેથ ગહીજઇ રે? ૮ અસ્ત્રી૦

બીજારી કહિ વાતા કેહી?, લંપટ સુરતીય તેહી રે;
ચંદ્રતણી નારી છઈ જેહી, સૂરિજતણી સનેહી રે. ૯ અસ્ત્રી૦

**યતઃ-સવૈયા :**

ચપલા અતિ [4]નૈનન [5]વૈનનકી તનકી મનકી અતહી ચપલા,
ઢિગલાય કઇ નીચ હિ લોગનસું રહઈ ઢોરી લગાય ઢચઈ ઢપલા;
વનિતા અતિ કામ-વિઆકુલ થઈ હોઈ વિહવલ કોટ કરઈ વિપલા,
તીયકી ગતિ લાખ સુજાણ, કહઈ [6]છલ દેખિ અનેક કરઈ છપલા?. ૧૦

દુરગતિ જાતાં સાથ સહેલી, અસ્ત્રી વિષની વેલી રે;
સંગતિ કરતાં ખરી સોહેલી, પિણ નિરવાણ દુહેલી રે. ૧૧ અસ્ત્રી૦

અસ્ત્રી સુરવર કદે ન કહીયઈ, જોં ગાઢી સીલસ લહીયઈ રે;
તિણ કારણ દૂરઈ પરિહરીયઈ, યોગ-ધ્યામનમઇં લહીયઈ રે. ૧૨ અસ્ત્રી૦

કામિણિ કિણહિરઈ કસિ નાવઇ, આસંસાર પજાવઈ રે;
દેવ-દેવતા જિકે કહાવઈ, ત્યાં નખ અગ્ર નચાવઈ રે. ૧૩ અસ્ત્રી૦

જે જન પડીયા જુવતી-રાગઈ, ત્યાં દુખ ઈહ ભવ આગઈ રે;
કામ-સમાહિ વસંતાં વાગઈ, નિહચઇ કાલગ લાગઈ રે. ૧૪ અસ્ત્રી૦

હીયડઇ જુઠી મુંહડઈ મીઠી, કહઈ દીઠી અણદીઠી રે;
પરિહર જઈ તસુ સંગ પરીઠી, એ ગુરુવાણ ગરીઠી રે. ૧૫ અસ્ત્રી૦

---

૧. પીડાના. ૨. બહાને. ૩. બનાવે. ૪. નયન. ૫. વચનની. ૬. પાઠા૦ બલ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રાવણનું રઘુનાથ હરાયઉ, ઇંદ્રાદિક દૂખ પાયો રે;
ખાલમાંહિં લલતાંગ વહાયઉ, પગ એહી જ કહાયઉ રે. ૧૬ અસ્ત્રી૦

**યતઃ–કવિત્ત :**

આફલીયઉ તીય-હેત ભ્રાતસું કોણિક ભૂપતિ,
કિતેરકેટે જુધિયો ધસીત કારણસુ મહીપતિ;
નારિ દ્રોપદી-હેત થયઉ કીચકાં સંહારહ,
પકડિ પાઉ નાંખીયા ભીમ ચિતમાં ઝિઉ ઝાલહ;
અતિ કલહ કૂર દૂરગતિ કરણ ભરસમુદ્ર ભર બોડવણ,
સુજઝાણ સકલ સુર ઈંદ નર એક તીય પરવસ કરણ?. ૧૭ અસ્ત્રી.

**પુણ્યનિધાન** કહઈ સુવિચારી, ચાતુર વચન વિચારી રે;
એહવું જાણિ તજઈ જે નારી, હું તિણરી બલિહારી રે. ૧૮ અસ્ત્રી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દૂહા :

હિવ તિહાં રાતિ સુખિઇ રહી, મદનમંજરી સંગ;
પહુતા પરભાતે પુરી, આપણ ઘરિ મનરંગ. ૧

કુમરઇં કો જાણ્યઉ નહી, દારાતણઉ [૧]દુરોગ;
રાતિ-દિવસિ રસીયઉ હરઈ, ભામિણિ-રસ-સંભોગ. ૨

એક દિવસિ તે [૨]રાય-તનય, ખેલઈ ચઉક-ચઉગાન;
તુરી ચપેટ્યઉ [૩]તાજણઈ, ઉડિ લાગઉ અસમાન. ૩

યુ ખાંચઇ ત્યઉ ઊઘમઇ, વિપરીત-શિખ્ય [૪]વિડંગ;
ઢીલી વાગ કીયઇ તુરત, ઉભઉ રહયઉ મનરંગ. ૪

કુમરઇં ગુણ અણજાણતઈ, આણ્યઉ તુરી અલંગ;
અટવીમઇં ઉભઉ રહયો, ઝાઝા જિહાં તરુ-ઝંગ. ૫

તિણ વનમઇ ફિરતાં થકાં, દીઠઉ દેવલ એક;
ચારણ-શ્રમણ યતી તિહાં, બઈઠા તેથ અનેક. ૬

**સાહસગતિ** નામઇ કરી, આચારિજ અણગાર;
ચારિત્ર પાત્ર મહંત ગુણ, સાધુ વેસ સિણગાર. ૭

## ઢાલ : ૧૩, પુરઉનઇં સુહાગણ રુડઉ સાથીયઉ- એહની ઢાલ

સાધુ ગુણે કરિ સોભતા જી, સુમતિ-ગુપતિ ભંડાર રે;
પાંચે વસિ ઇંદ્રી કીયા રે, કિરિયાવંત ઉદાર રે. ૧
સાધુ ગુણ કરિ સોભતઉ રે.

ચિત ચોખઉ રાખઈ સદા, ન કરઈ ક્રોધ લગાર રે;
સમતારસમઇ ઝીલતા જી, પ્રવચનતણાં ભંડાર રે. ૨ સાધુ૦

---

૧. દુરાચાર. ૨. રાજપૂત્ર. ૩. ચાબુકથી. ૪. અશ્વ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૂર્મ-ગુપત-કાયા રહઈ જી, નહી મન લોભ લિગાર રે;
માયા નઈં મમતાતણઉ રે, કીધઉ જિણે પરિહાર રે. ૩ સાધુ૦

તપ-તેજિઇં દિણયર જિસા રે, સોમ-દૃષ્ટિ સોમ સમાન રે;
સુરતરુ સુરગવિ સારિખા જી. [૧]ધીરમ મેર પ્રમાણ રે. ૪ સાધુ૦

[૨]ડીલિ સશ્રૂષા નવિ કરઈ જી, અતિ મલિન વસ્ત્ર ધરઈ દેહ રે;
પાલઇ પ્રવચન માતનઇ રે, નિતુ રાખઈ જિન ધ્રમ-નેહ રે. ૫ સાધુ૦

રન-વનમંઈ ફિરતા રહઈ રે, સહઈ ઉપસર્ગ અનેક રે;
સૂત્ર-વચન વાચઇ સદા રે, ધ્યાનઇં અરિહંત એક રે. ૬ સાધુ૦

દ્વિવિધ ધર્મ પ્રકાસતા રે, તીને તત્ત્વ રાખણહાર રે;
વારક ગતિ ચ્યારે તણા રે, પંચમી ગતિ સાધણહાર રે. ૭ સાધુ૦

જે ષટકાય ન દૂહવઈ જી, જીપક સાતે [૩]ધાડ રે;
આઠે મદ અલગા કીયા જી, ભલ રાખઇ વલિ નવિ વાડ રે. ૮ સાધુ૦

દસવિધિ યતિધ્રમ દાખતા જી, વલિ અંગ અગ્યારઈ જાણ રે;
બારૈ વલે ઉપાંગના જી નિતુ પ્રતિ કરઈ વખાણ રે. ૯ સાધુ૦

ચૂરક તેરઈ કાઠીયા જી, [૪]ચવદહ વિદ્યા નિજજાણ રે;
પનર ભેદ સિદ્ધિના સદા જી, કહિ બુઝવઇ સુઝાણ રે. ૧૦ સાધુ૦

સોલ કલા સસિની પરઈ જી, દીપક ગછના જાણ રે;
સતર ભેદ પૂજાતણા રે, ઉપદેસક અભિધાન રે. ૧૧ સાધુ૦

અઢાર ભાર વનસ્પતી જી, ઉગણીસ કાઉસગ દોષ રે;
મનસુધિ કરિ [૫]જે પરિહરૈ જી, ન કરઈ સંયમ દોષ રે. ૧૨ સાધુ૦

કુમર આય બઇઠૌ તિહાં રે, દેખિ ઈહવા અણગાર રે;
પાપ-પડલ દૂરઈ ગયા રે, હૂયૌ પુણ્ય-અંકૂર પસાર રે. ૧૩ સાધુ૦

૧. ધીરમ=ધીરજમાં. ૨. શરીરની. ૩. ધાતુ. ૪. ચૌદ. ૫. પાઠા૦ તે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાંચ રિષ તિણમઈ સારિખા જી, સારીખા રુપ નિધાન રે;
પૂછઈ એહવા દેખનઈ રે, કુમરજી પ્રસન પ્રધાન રે. ૧૪ સાધુ૦

'નવલી સી દીક્ષા લીયઈ? જી, એ પ્રતિબૂધા કેમ રે?';
[1]પડઉત્તર હિવ [2]પૂજજી રે, કહઇ સવિસ્તર એમ રે. ૧૫ સાધુ૦

**પુણ્યનિધાન** કહઈ ઈસૌ રે, 'સાંભલયો સહુ સસનેહ રે;
ન્યાની વિણ ભાંજે ન કો રે, ભવીયણ-મનતણૌ સંદેહ રે.' ૧૬ સાધુ૦

---

૧. પ્રત્યુતર. ૨. પૂજ્યજી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાલ : ૧૪, થારી મહિમા ઘણી રે મંડોવર- એહની.

ભલાં કુમર ભણી ગુરુવર, [1]કહઈ સાંભલિ સહુ સંબંધ રે;
પૂરવ વાત સવિસ્તરઈ, પાંચા રિષ પડબંધ રે. ૧

સદગુર [2]સાંસઉ ભાંજીયૌ, અવિરલ વાણિ વિસાલ રે;
'**ચમરી** નામ વસુધા ઇણઈ, છઈ ચોરાંરી પાલ રે. ૨ સદ૦

**ધરણીધર** નામઈ એહવઇ, છઇ ભીલાંપતિ ભીલ રે;
મહઈવાસી મહા મારિકઉ, સાહસ સબલઉ [3]ડીલ રે. ૩ સદ૦

તિણરઇ મારગ અન્યદા, ઈક આયઉ કુમર સસેન રે;
તે સેના તિણ મારલી, મંડે તસકર સેન રે. ૪ સદ૦

તિણસુ નરપતિ એકલઈ, લીધા માંકડ માર રે;
ધરણીધર પિણ મારીયૌ, તે નિજ [4]તીય ઉપગાર રે. ૫ સદ૦

પરદલ જીપ કુમર ચલ્યૌ, તેહવઈ તિણ રહી પૂઠ રે;
પાંચે ભાઈ તેહના, ધાયા બાંધે મૂઠ રે. ૬ સદ૦

મારગિ મારિ સક્યૌ નહી, સંખપુર ગયૌ તેહ રે;
તે પિણ તક જોતાં ફિરઇ, નરપત મારણ [5]નેહ રે. ૭ સદ૦

તે ઉપવન રમવા ગયૌ, રજની તે રહયૌ તેથ રે;
તે મારણ પાંચે તિહાં, બૈઠા દેવલ જેથ રે. ૮ સદ૦

નાગ-ડસી તસુ સુંદરી, ઉઠ્યૌ બલણ કુમાર રે;
દોય ખેચર આયા તિસઇ, કીધ સજીવન નાર રે. ૯ સદ૦

જીવી દાન દે તે ગયા, હિવ તે દંપતિ દોય રે;
સૂનઇ દેવલ સંચર્યા, નિરભય ઠામ જુ જોય રે. ૧૦ સદ૦

---

૧. પાઠા૦ કરઈ. ૨. સંશય. ૩. શરીર. ૪. સ્ત્રીનો. ૫. પાઠા૦ તેહ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તિહથી નૃપ પાછૌ વલ્યૌ, અગન લઇણ રે હેત રે;
તીય બૈઠી દેખઈ તિસઈ, દીપક ચોર સમેત રે. ૧૧ સદ૦

લઘુ બંધવ તીયાં ચોરનઉ, અદભૂત રુપ જુવાન;
તે દેખી લાચિ પડી, ભૂલી સુધિ-બુધિ-સાન રે. ૧૨ સદ૦

''મુઝનઇ આદરી'' મુખ કહ્યૌ, ''હું મોહી તુઝ રૂપ રે;''
''આદર લ્યું જઉ'' તે કહઇ, ''મારઇ નિજ કરિ ભૂપ રે.'' ૧૩ સદ૦

માની તે પિણ જે કહી, તે પરછન રહ્યા તેથ રે;
તિતરે તે નૃપ આવીયૌ, પૂછ્યૌ ''ઝબકે કેથ રે?'' ૧૪ સદ૦

સાચ કરી માન્યૌ સહૂ, તીયનું દી તરવાર રે;
આપ જગાવણ જાગતૌ, નીચૌ હૂયૌ કુમાર રે. ૧૫ સદ૦

તેણ સમય ત્રીય પાપણી, કાઢ્યૌ ખડગ ચૌધાર રે;
મૂક્યૌ જેહવઇ હાથથી, પ્રીતમ કરણ પ્રહાર. ૧૬ સદ૦

કરુણા તિણ પાંચે કરી, નાખ્યૌ ખડગ ઉછાલ રે;
પ્રછનપણઇ પરપંચસું, દીની ઢાલ વિચાલ રે. ૧૭ સદ૦

ખડગ જાય સિલપટ પડ્યૌ, રણકે વાજ્યૌ સાર રે;
તીયનઇ પૂછ્યૌ ''સ્યું હૂયૌ?,'' ઊઠ્યો [1]ઉઝકી કુમાર રે. ૧૮ સદ૦

''પડીયો મ્હારા હાથથી, [2]ઊગલ [3]ખેડૌ એહ રે;
અબલા સ્યું ઝાલે સકે?,'' સાચઉ માન્યઉ તેહ રે. ૧૯ સદ૦

દેખિ ચરિત્ર વનિતાતણૌ, પ્રતિબૂધા મનિ [4]સાંચ રે;
દીખ્યા લીધી મુઝ કન્હઇ, તે સાંપ્રતિ એ પાંચ રે'. ૨૦ સદ૦

**પુણ્યનિધાન** સદ્‌ગુર કહી, જાણી સહુ નિજ વાત રે;
કુમર થયૌ વૈરાગીયૌ ધિગ-ધિગ મહિલા જાત રે. ૨૧ સદ૦

---

૧. ઉછળી. ૨. ફેકાંઈ ગઈ. ૩. તલવાર. ૪. પાઠા૦ ખાંચિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દૂહા :

કુમર કહઇ 'સામી! સુણૌ, એ સહુ વીતક મૂઝ;
તાર-તાર સંસારથી, ચરણ ગ્રહ્યા હિવ તૂઝ.' ૧

કુમર હૂયૌ વૈરાગીયૌ, જાણ્યૌ સર્વ અસાર;
ધર્મ એક નિશ્ચલ અછઇ, ભવજલનિધિ નિસ્તાર. ૨

ચઉનાણી વલિ ચતુર ગુર, દૈ પ્રતિબોધ સુચંગ;
પાસ્યૈ જાણે રંગીયૌ, લાગૌ બહુ તસુ રંગ. ૩

## ઢાલ : ૧૫, જાત-ચુનડીરી.

પ્રતિબુઝઉ સદ્‌ગુર યું કહઇ, 'ઇહુ છઇ સંસાર અસાર રે;
કબહૂં કિણરો હી કો નહી, સબ સ્વારથ કૌ પરવાર રે. ૧ પ્રતિ૦

ઇહુ તન-ધન-જોવન કારમઉ, લાગઇ નહીં જાતાં વાર રે;
જિમ પૂર નદી કૌ વહિ ચલઇ, ચપલા કહુ યું ચમકાર રે. ૨ પ્રતિ૦

દિન દસ રંગ પતંગકૌ, ચટકૌ દુનીયાં તિણ પ્રાય રે;
દીસત હી દીસઇ ભલઉ, પિણ હોય બદરંગ કઇ જાય રે. ૩ પ્રતિ૦

કાયા-માયા કારમી રહ જઇ, તિણ ક્યું લપટાય રે?;
કો ઊંસાસ દેખિ [૧]મન વેસસઉ,? ઇહ ચટક મટકમઇ જાય રે. ૪ પ્રતિ૦

સુકૃત દુકૃત અપણૌ કીયૌ, ભોગવઇ આપણપઇ તેહ રે;
વિહચાય ન કો જન [૨]સેસકઇ, તીય-માત-પિતા-સુત જેહ રે. ૫ પ્રતિ૦

કામ પડઇ જબ જીવનઇ, તબ હૂઇ ધ્રમ બેલી સાથ રે;
ધરમ વિના વનિ ઊવરઇ, અવર કરમકઈ હાથ રે. ૬ પ્રતિ૦

કે ભવ ભમતૌ જીવડઉ, કે [૩]મુલકત દીન્હી છોડ રે;
તઉ મેરૌ મેરૌ ક્યા કરઇ?, કિણરી કાહે કી ઠૌડ રે? ૭ પ્રતિ૦

---

૧. પાઠા૦ મત. ૨. પાઠા૦ લેસકઈ. ૩. મિલકત.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પર સ્વારથ કીધઇ ક્યા હુવઇ?, કરિ સ્વારથ અપણૌ જાણ રે;
દાન-સીલ-તપ-ભાવના ચ્યારે, ધરિ ધર્મ નિધાન રે. ૮ પ્રતિ૦

ચ્યાર ધરમ ચૌગતિ હરઇ, પંચમી દઇ મુગત નિવાસ રે;
ફિરિ આવાગમણ ન કો હવઇ, પામઇ અવચલ આવાસ રે. ૯ પ્રતિ૦

ધરમના જે દીહડા જાયઇ, તે કિણહિ ન ગ્યાન રે;
જવહર-નાણાકી કોથલી, હારી [1]જૂઆરી જાણ રે. ૧૦ પ્રતિ૦

મતિ ગરવૌ કે પામનઇ, ઇહુ રાજ-રિદ્ધિ-ભંડાર રે;
ધરમ વિના જે [2]કર્મ છઇ તે, કર્મ ઉપાવણ હાર રે.' ૧૧ પ્રતિ૦

ચઉનાણી વાણી સુણી, જિણ લીધૌ સંયમ ભાર રે;
વિરતઉ સગલઇ હી સંગથી, ગૃહ છોડી હૂયૌ અણગાર રે. ૧૨ પ્રતિ૦

૧. જુગારી. ૨. કાર્ય, ક્રિયા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દૂહા :

સૂરા પૂરા જે હુવઇ, જેથ તેથ તે દૂઠ;
ભોગ જોગ ક્ષણ સમ્મુહા, ફિર ન દેખાવઇ પૂઠ. ૧

હૂ બલિહારી તેહની, જે સારઇ બેઉં કામ;
જવાનપણઇ સુખ ભોગવઇ, અંત વસઇ આરામ. ૨

એક તોઇ બૂઝઇ નહી, જઉ દીજઇ ઉપદેસ;
એક જુ ઇસા સભાગીયા, વૈરાગી લઘુ વેસ. ૩

## ઢાલ : ૧૬, રાગ-ધન્યાસી.

અગડગત્ત મુનિ કીરતિ ઉજવાલી,
સીહ તણી પરિ દીક્ષા લીધી સીહ તણી પરિ પાલી-આંકણી.

કિરિયાવંત મહંત મહાગુણ, ઉત્કૃષ્ટી વિધિ ઝાલી;
સાલભદ્ર-ધન્નાઋષની પરિ, જઇસઇ ગજસુકમાલી. ૧ અગડગત્ત૦

[1]સંભ-પ્રજૂન મહારિષિ ઢંઢણ, તિમ કહિ જાલ-મયાલી;
જંબૂ-વઇરકુમારતણૌ જસ, આવંતિસુકમાલી. ૨ અગડગત્ત૦

અભયકુમાર અચલ-વિજયાદિક, બલભદ્રમુનિ સુવિચારી;
ધરમરુચી અણગાર ચલાતીક, અનંત અની [2]અણુહારી. ૩ અગડદત્ત૦

વીસે થાનક તપસ્યા તપતૌ, બાવીસ પરીસહ ધારી;
અનુક્રમ અણસણ પચખિ અનોપમ, પહુતા સરગ મઝારી. ૪ અગડદત્ત૦

સંવત ગુંણ નંભ મુંનિ શંશિ વરસઇ, વિજયદસમિ દિન રંગઇ;
અગડદત્ત ચરિત્ર પરિપૂરણ, કીધઉ અતિ ઉછરંગઇ. ૫ અગડદત્ત૦

---

૧. સાંબ અને પ્રદ્યુમ્ન. ૨. અણાહારી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઇણ પરિ ભાવિત જાગઇ જે જન, નિસદિન તે સુવિચારી;
અગડદત્ત તિણની પરિ પાવઇ, સુખ-સંપતિ નર-નારી. ૬ અગડદત્ત૦

શ્રી **ભાવહરખ** ગુરુ **અનંતહંસ**ગણિ, **વિમલઉદય** સુખકારી;
**પુણ્યનિધાન** [૧]વણારસ પભણઇ, તાસુ સીસ સુવિચારી. ૭ અગડદત્ત૦

**વઇરાગર** પુરવર ચઉમાસઇ, કીયઉ ચરિત્ર અનુકારી;
**સુમતિનાથ સીતલ** જિન સાનિધિ, શ્રાવક-ગુરુ સુખકારી. ૮ અગડદત્ત૦




૧. વણરિઅ=વાચનાચાર્ય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૯. ભીમ (શ્રાવક) કૃત અગડદત્તરાસ

## પ્રથમ ખંડ

**દૂહા :**

પ્રથમ પ્રણમું **સારદા**, કવીઅણકેરી માય;
અવિચલપદ આપે સદા, તુઠી કરઈ પસાઉ. ૧

તુ સમિણિ માતા-પિતા, તુ બંધવ તુ મિત્ત;
તુહ પયકમલ હિઈ ધરી, કહિશિ કથા સુપવિત્ત. ૨

જે કવિયણ વાણી [૧]કવઈ, તે તુઝ કરે પ્રણામ;
જઉ તુ માત! મયા કરે, તુ સીઝઈ સવિ કામ. ૩

મુઝ મુરખ મન ઉપનઓ, ભાવ ભલો અતિસાર;
**અગડદત્ત** રષિરાયનું, રાસ રચિશિ વિસ્તારિ. ૪

**ચુપઈ:**

કાસમીર મુખિ તું મંડણી, તું સરસતિ હંસાગામિણી;
દક્ષણ કરિ તુઝ પુસ્તગ હોય, વામ કરિ વર વિણા સોઈ. ૫

[૨]વિણા-દંડ શિરિ લહકઈ ઈસ્યુ, જાણે કૃષ્ણ [૩]ભૂઅંગમ જસ્યું;
મસ્તકે મનમોહન [૪]રાખડી, મણિ-[૫]મુક્તાફલ-હીરે જડી. ૬

વદન કમલિ પુનિમ સશી વસેં, અધર રંગિ પરવાલી હસઈ;
દેહ વાન ચંપક-પાંખડી, પંકજ-દલ જીપે આંખડી. ૭

કાને કુંડલ ઝલકે ઈશા, ચંદ્ર-સૂર ભામંડલ જશા;
નાશા જેહવી [૬]તિલનું ફૂલ, ઊપરિ મોતિનું નહી મૂલ. ૮

ધનુષાકારે ભમુહિ વાકુડી, જાણેં મયણતાણી આકુડી;
દંત દાડિમ ફૂલી હુઈ જશી, વચન કલા કવિઅણ કહેં કિશી?. ૯

---

૧. વર્ણવી, રચી. ૨. વેણી. ૩. સર્પ. ૪. સ્ત્રીઓનું મસ્તક પર પહેરવાનુ ઘરેણું. ૫. મોતી. ૬. તલના છોડનું ફુલ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કમલનાલ બેહુ ભૂજ ચંગ, પીન પયોધર અતિ ઉત્તંગ;
કનકચૂડિ કર ખલકે ખરી, લંકિ હારિ માને કેસરી. ૧૦

રાતા નખ રાતિ આંગલી, અમૃતવાણિ મુખિ બોલે વલી;
સરસતિ કરે શેત સણગાર, કંઠે સોહે મુગતાફલ-હાર. ૧૧

પાએ [૧]નેઉર વાદ ઝમઝમે, સુરવર ચરણ-કમલે તુઝ નમઈ;
બ્રમ્હા-વિષ્ણુ-મહેસ્વર જેહ, કરે ધ્યાન તુઝ માતા! તેહ. ૧૨

અવર દેવ! કેતા હું કહું?, ગુણ ગંધર્વ વિદ્યાધર બહુ;
પ્રહિ ઉઠી તુઝ કરે પ્રણામ, તું સવિ સીઝે તેહના કામ. ૧૩

તું વિદ્યા તું લખમિ સાર, તું કવિઅણ-જણનું આધાર;
તુહ પય-કમલ નમેં નર નારિ, તે પુનરપિ નાવે સંસાર. ૧૪

ભવસાયર જે કવિ બૂડંતિ, તે તુઝ [૨]તુંબડિ કરી તરંત;
જેહનેં તું મોટા કરે માય!, તેહનેં મહિઅલિ માને રાઈ. ૧૫

જેહ પુરષ તુઝથી વેગલા, તેહ દિન દિસે દૂબલા;
અંધ અરિસો ન લહે યમ્મ, પુન્નિ-પાપ નવિ જાણે તેમ્મ. ૧૬

તુઝ પયકમલ હીયામાંહિ ધરું, કથા એકનું નાટિક કરૂં;
મુઝ મૂરિખ મનિ એહ મતિ સાઈ, રખે માત! [૩]માહારત હોય. ૧૭

નગર એક **રાજગૃહ** સાર, સમોસરણ હોતું એકવાર;
**શ્રેણિક** હઈડેં હરખિઉ બહુ, **વીર** વંદન કરવા ગિઉં સહુ. ૧૮

બેઠા તિહાં **ગોયમ** ગણધાર, આગલિ બેઠી પરષદા બાર;
તવ શ્રેણિકનૃપ પૂછેં હેવ, 'કથા એક મઝને કહો દેવ!'. ૧૯

---

૧. ઝંઝર. ૨. ટિ. ખાટલાના ચાર પાયે તુંબડા બંધી ઊંડી નદી ઉતરાતી હતી. ૩. મોટુ દુઃખ, પીડા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિતરાગ તવ બોલે સાર, 'જે તુઝ હૈઅડૈં હુઇ વિચાર;
પુછિ કથા તુઝ મનમાંહિ જેહ, [૧]સપરિ કરી ભાંજૂ સંદેહ'. ૨૦

'સ્વામી! તુહ્મે કહિયું મઝ [૨]સહ્વે, નારિ-ચરિત નવિ પ્રીછું અમ્હે;
એહ અપૂરવ અછઈ ચરિત્ર, કથા કોઈ મઝ કહો પવિત્ર.' ૨૧

વલતું બોલઈ વીર જિણંદ, 'શ્રેણિક! તું આણે આણંદ';
કથા એક તવ માંડી સોઈ, જોજન ભૂમિ સૂણે સહુ કોઈ. ૨૨

**વસ્તુઃ-**

આદિ સરસતિ આદિ સરસતિ ચરણ વંદેવિ,
વિણા-પુસ્તક ધારણી, સ્મરુ માત મનિ ભક્તિ આણીય;
રાજગૃહિ જિન સમોસરિઆ, પુછં રાય મનિ ઊલટ આણીઅ,
દોય કર જોડી વીનવેં, ધર્મ ધોરંધર ધીર;
**ભીમ** ભણેં ભવિઅણ સુણઓ, વલતા બોલ્યા વીર. ૨૩

**દૂહાઃ**

વીતરાગ વલતું વદૈ, 'તું શ્રેણિક! સુણિ સોઈ;
કથા કહું કામિણિતણી, જે જગિ મઈલી હોય. ૨૪

જોતા જે જાઈ ઠગી, સુતાં જોઈ સાસ;
અગડદત્ત કુંઅર પ્રતિ, જેણી કીધો વિસાસ. ૨૫

કુણ કુંમર? તે કિંહા હવુ?, કિમ કીધા સત્કર્મ?;
ભૂજ બલિ બલીઓ કિમ હવઓ?, કિમ આદરીઉ ધર્મ?. ૨૬

**ચોપઈઃ-**

**ભરહ** ખેત્ર મહિઅલિ માણીઈ, **ચંપાવઈ** નયરી જાણીઈ;
**વીરસેન** નામે બલવંત, રાજા રાજ કરે જયવંત. ૨૭

૧. સારી રીતે. ૨. સર્વ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગઢ-મઢ-મંદિર ઊંચા બહુ, પાલે ધર્મ નિત સુધો સહુ;
વારુ વણિક વ્યાપારી વસે, નિત ચઉખંડી કસોટી કસઈ. ૨૮

રાજા ધર્મ ન છાંડે [1]માગ, અન્યાઈનેં કરે બે ભાગ;
**વીરમતી** ઘરિ રાણિ ઈશી, રુપે રંભા જાણે ઉરવસી. ૨૯

ઉદરે ગર્ભ અક હોઉ તાસ, જીવ હુઆ પૂરા દસ માસ;
જન્મ્યા કુંઅર કુલ આધાર, બંદિજન બોલે જય જયકાર. ૩૦

નગરમાંહિ [2]ગૂડી ઉચ્છલી, સાત પાંચ [3]સોહાસિણિ મિલી;
સવી સસી-વયણી પૂરી થાલ, હરખિ વધાવા આવે બાલ. ૩૧

દીઠો બાલિક અતિ અભિરામ, **અગડદત્ત** તસ દીધુ નામ;
દિન-દિન વૃદ્ધિ કરે કુંઆર, શુક્લ પક્ષિ [4]યમ [5]સસિહર સાર. ૩૨

વરસ પાંચનો હુઓ જશઈ, પંડિત પ્રતે પાઠવીઓ તશઈ;
ભણે નહી મને રામતિ ધરે, બાલપણા રસિ ક્રીડા કરે. ૩૩

વરસ બારનો હુઓ જામ, [6]શરિ જોવન મદ પ્રગટિઉ તામ;
વિષયા રસે વાહિઓ પરવરે, પરનારી ઊપરિ મન કરે. ૩૪

સાત વિસન પોષે દિન-રાતિ, લંપટપણે લજાવે જાત;
મદિં માતો મનિ ન ગણે કોઈ, હાહાકાર કરે સહુ કોય. ૩૫

નગરમાંહિ જે નારી સતી, તે બાહિર નાવેં બીહતી;
અબલ અનેરી જે પુરિ વસે, તેહને નિત-નિત કુંઅર કસે. ૩૬

રુડા લોક [7]રોલવીઆ ઘણા, સહૂ ચૂંટાવિઉ નાકે ચિણા;
માહાજન મિલી વિમાસે ઈસ્યું, 'કહો એહ [8]પરતિ ચાલે કસ્યૂ?. ૩૭

૧. માર્ગ. ૨. નાની ધજાઓ. ૩. સૌભાગ્યવંતી સ્ત્રી. ૪. જેમ. ૫. ચંદ્ર. ૬. પ્રસર્યું. ૭. મુશ્કેલીમાં મૂક્યા, ગભરાવ્યા. ૮. તરફ, બાજુ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જો અણબોલ્યા રહિસ્યૂં સહૂ, તઓ એ કર્મ કરસ્યેં બહૂ;
સહુ મિલી આવઉ [1]અધિવાસ, તો આપણ કીજેં અરદાસ'. ૩૮

તુ માહાજન મિલી આવિઉ [2]ગોટ, આગલિ કરી કુંચીની [3]મોટ;
સહુ આવિઉ તવ રાજદૂઆરિ, રાજા બોલે કરી વિચાર. ૩૯

રાજા બોલે જોઈ ચાલ, 'કુણિ કારણિ પાડી હડતાલ?;
સહૂ મિલી તમ્હે આવીઉ આજ, રાજ અમ્હારે લાગી લાજ.' ૪૦

બોલે માહાજન કરી જોહાર, 'સ્વામી કુટઉ તમ્મ કુમાર;
નગરમાંહિ સંતાપીઉ સહૂ, સ્વામી કસ્યૂં કહિ જે બહૂ?.' ૪૧

તવ રાજા સરિ ઓઠી ઝાલ, રીસેં રૂપ થયૌ વિકરાલ;
મંત્રી પ્રતઈ ઈમ બોલે રાઉ, 'મારુકે છંડાવો [4]ઠાઉ'. ૪૨

તવ મંત્રીસર [5]આયસ ધરઈ, કુમર પ્રત્યે [6]દેસઉટઓ કરે;
કહે કુંમર 'એ નિર્ગુણ તાત, મુઝ પહિલી ન જણાવી વાત. ૪૩

જો મુઝ વાત જણાવત ઈશી, હૂં પર પીડા ન કરત કિશી;
બાલપણે હૂ છલીઓ આમ, હવે રાયનૂં ન લેઉ નામ. ૪૪

સેવૂં તે ઠાકુર તે ગામ, જિહાં રાયનૂ ન લેઈ નામ';
તજી રાજા ચાલિઓ કુઆર, નગરમાંહિ થીઓ સુખકાર. ૪૫

**यत:**
**त्रय: स्थानान्न मुञ्चन्ति, काका: कापुरुषा: मृगा:।**
**अपमाने त्रयो यान्ति, सिंहा: सत्पुरुषा: गजा: ।।१।।**

મારગે ચિંતે અગડકુમાર, આજ એકલો થયો નિરધાર;
મનિ ચિંતે પુરષારથ તેહ, બાંહ આપણે કીજે ચેહ. ૪૬

ગ્રીષ્મ ગયુ રિતુ પાવસ ભયું, અતિ આકાસિ મેહ ઊનહુ;
એકલમલ તવ ચાલિઓ હસી, મનિ નવિ આણે સંકા કિશી. ૪૭

---

૧. ઉપરનો વાસ. ૨. એકઠો થયેલો જ્ઞાતિ સમુદાય. ૩. ધન. પુંજી. ૪. સ્થાન. ૫. આદેસ. ૬. દેસોટન=દેશવટો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બાલપણે બહુ બુદ્ધિનિધાન, ક્રૂમિ-ક્રૂમિ મૂકે ગિરવન-[૧]રાન;
વાઘ-સિંઘ ફેતકારા કરે, કુંઅર કશી ન [૨]આરત ધરે. ૪૮

સાથિ લીયાં [૩]શરસીંગણિ જોડ, દીસે પંખી કોડા કોડિ;
રાતિ-દિવસ તે [૪]પાલુ પલે, પંથી કોઈ ન પંથે મિલે. ૪૯

વલી સાંભલે ઘરના સુખ, તિમ-તિમ હૈઅડે આણે દુખ;
વલી વલી કરે હાહાકાર, 'કિશા કર્મ કીધા? કિરતાર!.' ૫૦

ઈમ જાતા દૂખ દીઠાં જેહ, કહિઈ કવિતા ન કહવાઈ તેહ;
મૂકી પાલિ વન આઘો ગયો, **માલવ** [૫]મંડલે પુહતો થયો. ૫૧

કુઅર પૂછે 'આ કુણ ગામ? કેહુ દેશ? કુણ ઠાકુર-નામ?';
વદે વિપ્ર 'એ માલવદેસ, **ઊજેણિ** અધિપતિ નરેસ'. ૫૨

**દૂહાઃ-**

કુઅર ભણે 'આહાં જો રહું, તો માહરી જાઈ મામ;
હૂં એહની [૬]ઓલગ કરું, એ નો હિ માહરુ કામ. ૫૩

તવ તે તિહાથો સાંચર્યો, ભૂજબલતણે આધાર;
કર્મ વિશેષે જઈ રહ્યો, **મારુદેશ** મઝાર. ૫૪

નગર નિવેસે જઈ રહ્યો, કીધો વિપ્ર પ્રણામ;
'કહુ પંડિત! અમ એતલૂ, કુણ ઠાકુર? કુણ ગામ?. ૫૫

કિશા લોક વાશે વસે?, કરે કિશા વ્યાપાર?;
નિત-નિત સી પરિ સંભવે, કો કહિ દિઈ આધાર?. ૫૬

નગરતણી [૭]પરિ છેં કીશી? કેહવા ધર્મ વિચાર?;
દરસન કેતા માનીઈ? કહું જોશી! વિસ્તાર'. ૫૭

---

૧. જંગલ. ૨. ભય. ૩. બાણ અને ધનુષ. ૪. પગપાળા ચાલે. ૫. દેશે. ૬. સેવા. ૭. પરિસ્થિતિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ચોપઈ:-**

ભણે વિપ્ર 'સહૂ કહિસ્યૂં અમ્હે, કિશે કાજે પૂછો છો તુમ્હે?;
પહિલા કહો તમારુ કામ, પછેં કહૂ નરવર નેં ગામ'. ૫૮

**વસ્તુઃ-**

કુમર પભણે કુમર પભણે, સુણિને દ્વિજ-રાજ;
'અમ્હે આવ્યા ઉજેણિથી, સુણિઅ ગામ મોટુઅ જાણીઅ;
પંથિ પલ્યા થાકયા થયા, ઘણી બુદ્ધિ હૈયડે આણીઅ,
અમ્હે અતિ મારગિ [1]ઊસના, જોઈઈ જમવા ઠામ;
તેણે કારણે અમ્હે પૂછીઉ, એહ અમ્હારુ કામ'. ૫૯

**ચોપઈ:-**

તે બ્રાહ્મણ બોલ્યો તેણી વાર, **કનકાવતી** નગર એ સાર;
ગઢ-મઢ-મંદિર દિસે ઓલિ, કનક કોસીસ ઝલકે પોલિ. ૬૦

મોટા મંદિર ને માલીઆ, પરિ-પરિના ઉપરિ જાલીઆ;
વસે વિવેકી વર્ણ અઢાર, તેહતણો નવિ લાભે પાર. ૬૧

નગરમાંહિ [2]કોટીધજ સોઈ, કોડિમાંહિ તે બાહિરિ હોઈ;
વસે વિવહારી વારુ ઘણા, લખેસરીતણી નહી [3]મણા. ૬૨

ધર્મ નીમ પાલે આચાર, પીડ્યા નર પીહર [4]સાધાર;
એક સહસ રષિ તેણે પુરે રહે, પ્રહ ઊગમતે પૂજા લહેં. ૬૩

વારુ વસ્ત્રતણા વ્યાપાર, થાનકે થાનકે [5]શત્રૂકાર;
કરે પુણ્ય નિશ્ચલ નર-નારિ, આપ આપણે રહિ આચાર. ૬૪

જિનવર પૂજ કરે તે સહુ, જિવદયા જન પાલે બહૂ;
ઉભયકાલ પડિકમણૂં હોય, જે સિદ્ધાંતે બોલ્યું સોહ. ૬૫

---

૧. ભ્રષ્ટ થયા, ભૂલા પડ્યા. ૨. કરોડપતિ. ૩. પ્રમાણ. ૪. આશ્રયસ્થાન, આધાર રુપ. ૫. દાનશાળા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઠામ-ઠામ જલ જયણા કરે, શ્રી નવકાર નામ ઊચ્ચરે;
પરમેશ્વર ઊપરિ મન ધરે, પાપકર્મથી અલગા ફિરે. ૬૬

દેહરે પોસાલે સહુ જાય, જૈ જિનવરને લાગે પાય;
મન જાણે સંસાર અસાર, તેણે કરી વાધે ભાવ અપાર. ૬૭

જિનસાસને છે એહ વિચાર, કહિતા કિમહી ન આવે પાર;
કહે કવિતા આદરસ્યેં જેહ, ભવ-બંધણથી છૂટે તેહ. ૬૮

બ્રાહ્મણ અહનિસિ પાલે બ્રહ્મ, ભણે વેદ સાધે ષટ કર્મ;
મહેશ્રી નર દીસે બહુ, સુખે સમાધે વિલસે સહુ. ૬૯

ક્ષત્રી ક્ષત્રવટ પાલે સાર, કૌતિક કોડિ ન લાભે પાર;
**વિજયસિંહ** નામે નરનાથ, સીમાડા જોડાવ્યા હાથ'. ૭૦

**દૂહાઃ-**

નગર તણિ પરિ ઈમ સુણી, જંપે અગડકુમાર;
'ઈહાં રહે ઘટ તું સહી, ધન-ધન એ આચાર'. ૭૧

[1]ખેડામાહિથી કાઢીઉ, રત્ન અમુલિક એક;
'લિઓ જોસી આ દક્ષણા', વચને કીધ વિવેક. ૭૨

તવ તે બ્રાહ્મણ ચિંતવે, 'એ કો કારણ રૂપ;
એણે [2]અહિનાણિઈ ઓલખિઓ, એ નર નિશ્ચે ભૂપ. ૭૩

કેતા નર [3]દમણઉ દીઈ, તવ પેખે આકાશ;
રયણ અમુલિક મુઝ દીઉ, તેડૂ મુઝ આવાસ. ૭૪

એહથકી આગલિ અમ્હે, લહિસ્યૂં વિવિધ વિચાર;
પૂરવ પૂન્યે પામીઓ, એહ અમ્હે આધાર'. ૭૫

---

૧. કેડમાંથી. ૨. નિશાનીથી. ૩. દ્રમ્મ=નાણું, પૈસા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]હેલા મશિ હાથીઓ, જો નીચા મઈ ડાલ;
તોહિ ન પામે બોકડો, જો કુદે શત ફાલ. ૭૬

બ્રહ્મણ તવ આગલિ થયો, પૂંછે પલે કુમાર;
મંદિર ગયા બેહુ તેહને, જોઈ ઘર આચાર. ૭૭

ઈમ બાલક બોલે ઘણુ, વિદ્યા વચન વિલાસ;
તવ કુંઅર મનિ ચિંતવે, 'એ નિશ્ચે નેસાલ.' ૭૮

પંડિત પ્રત્યે ઈમ ઉચ્ચરે, 'મજ્ઝ ભણાવો દેવ!;
વિદ્યા વિણ નર દૂખ સહે, ભૂલો ભમે સ્વમેવ. ૭૯

જો મેં વિદ્યા નવિ ભણી, તો મેં છંડિઓ રાજ;
પરિ-પરિના દૂખ તો સહ્યા, લોપી પંડિત લાજ. ૮૦

જસ વિદ્યા તસ ધન ઘણું, જસ વિદ્યા તસ રૂપ;
વિદ્યા વિણ તિમ જાણજ્યો, અંધ ન જાણે કૂપ. ૮૧

પઢૂ ગણૂ હૂં અહાં રહુ', ચિંતે અગડકુમાર;
'કર્મતણિ ગતિ છે કીશી, જોઉ શાસ્ત્ર વિચાર.' ૮૨

**ચોપૈઃ-**

દિન-દિન કુમર કરે અભ્યાસ, દિવસ-દિવસ પ્રતિ કરે વનવાસ;
પંડિત [2]વાંહણે જે પદ કહૈ, તેહનો ઉત્તર સાંઝે લહે. ૮૩

ભણિઓ કુઅર [3]ભડવાના મર્મ, છત્તીસેં આયુધના [4]સર્મ;
નાટક-વિદ્યા ભણિ વિચિત્ત, ભણ્યા ઘણા બહૂ પુન્ય ચરિત્ત. ૮૪

ભરહ ભેદ પિંગલના લહ્યા, સીખ્યા રાગ સવે મનિ રહ્યા;
સકલ શાસ્ત્ર એણીપરિ ભણઉ, સ્ત્રીચરિત્ર ઉપર મન કરિઉ. ૮૫

---

૧. સહેલાઈથી, સરળતાથી. ૨. સવારે. ૩. ભડવું=યુદ્ધ કરવું, ભડવાના=યુદ્ધના. ૪. ભેદ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કહે પંડિત 'ન ભણાઈ હેવ, નારિચરિત્ર ન જાણે દેવ;
આગે કોઈ ન ભણિઉ સોઈ, હવે પુરુષ નવિ ભણસ્યે કોઈ. ૮૬

એ નારી બહુ નર નમ્યા, કેતા [1]નરયમાહે રડવડ્યા;
કેતા નર કીધા [2]રેવણી, નારિ નઉ હિ કહે ને આપણી. ૮૭

શર સિંગશૂ માંડે વ્યાપ, પરિ-પરિ કરે ઘણેરા પાપ;
નર હત્યા લિઈ નિત-નિત ઘણી, તે સંગતિ સવિ નારીતણી'. ૮૮

કુંઅર કહે 'અમ્હે ભણસ્યું હેવ, નારિચરિત્ર ભણાવો દેવ!;'
વલી-વલી રઢિ કરે કુમાર, સ્ત્રીચરિત્ર માંડ્યૂ તેણી વાર. ૮૯

નારિચરિત્ર મંડાવ્યૂં જામ, તવ કુઅર ચાલિઓ આરામ;
[3]નિવરે વને વિદ્યા અભ્યસેં, રાતિં નગરમાહિ વાસો વસે. ૯૦

શેઠ ભલો એક **શ્રીદત્ત** નામ, વસે મહાજન તેણે ગામ;
કુમર એક તેહની વહૂ ભલી, ગોખ ઊપરિ બેઠી એકલી. ૯૧

દીઠો કુંઅર ભૂષણ પરિવરિઉ, કહે અનંગ અવની-અવતર્યો;
કમલ-પાંખડી નયન વિશાલ, દેખી મન ચિંતે તે બાલ. ૯૨

એકવાર સંધ્યાને સમે, કુમર આવતો દેખી ગમે;
એક વિચાર કરીઓ તે ખરો, કુમર પ્રતે નાખ્યો કાંકરો. ૯૩

તે કુમરીનુ કેહુ નામ?, કેણે કારણે તે બેઠી તામ?;
કુણ પિતા? તે [4]કહેની બહૂ, કહે કવિઅણ તે કહિશૂં સહૂ. ૯૪

**દૂહો:-**

પાંચ ખંડ પોઢે કરી, રચીઓ એહ પ્રબંધ;
ભીમ ભણે ભવિઅણ સુણેં, તો છૂટે ભવ બંધ. ૯૫

---

૧. નરકમાં. ૨. દુર્દશા. ફજેતી. ૩. દિવસે(?). ૪. કથની.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દ્વિતીય ખંડ

**દૂહાઃ-**

પુનરપિ વલી સરસતિતણા, ચરણકમલ વંદેવિ;
જો મુઝ માત મયા કરે, તો કથા કહૂં સંખેવિ. ૧

**વિનયસિંહ** રાજાતણેં, **મતિસાગર** પ્રધાન;
તસ ઘરિ ઘરણિ કહૂ કિસી, **ચંદ્રૂવતી** ઈસે નામિ. ૨

તેહને પુત્રી ભલી, **વિષયા** તેહનુ નામ;
વરસ કેતલા ક્રૂમી ગયા, જોવન ભરિ થઈ જામ. ૩

વદન કમલે સશીહર વસે, વાને હરે [1]હરીઆલ;
કહે કવિઅણ કેહવી ભણૂ, તે નવયૌવન બાલ?. ૪

પિતાતણે મનિ અતિ ઘણી, ચિંતા વરની હોય;
**શ્રીદત્ત** સેઠ વ્યવહારીઓ, તસ બેટો વર સોય. ૫

સેઠ જણાવ્યૂં તે વચન, હોઓ મન ઉલ્હાસ;
સેઠે નવિ સંભલાવિઉ, કુંઅર કુબડો તાસ. ૬

વેગિ કરી વીવાહવો, ઘરિ આવ્યા તતકાલ;
જવ કન્યા વર પેખીઓ, મસ્તકે ઉઠી ઝાલ. ૭

હા હા દૈવ! કિસૂં કરુ?, કુબ્જ લહિઓ ભર્તાર;
શમણે સુખ નહી પામીઈ, અફલ થયો અવતાર. ૮

વિષયાકુમરી તે ઈશી, બેઠી ગોખ નીવેશ;
દીઠો કુંઅર આવતો, મુરતિવંતો નરેસ. ૯

કુમર રુપ દેખી કરી, વચન પ્રકાસે ઈમ;
ભણે ભૂપ 'સુણિ ભામિની!, એહ કરવા અમ નીમ. ૧૦

---

૧. હરતાલ(સુવર્ણવર્ણી).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એહતણા ફલ ભોગવુ, હજી ન આવિઓ છેહ;
વિદ્યા ઘણી ભણી કરી, આપણ જાસ્યૂં બેય'. ૧૧

**ચોપઈઃ–**

[1]સત વચન તવ દીધ કુમાર, બોલ એટલો કહિઓ નિરધાર;
પંડિત પ્રતે કરી જુહાર, હય [2]પલ્હાણિઓ થયો અસવાર. ૧૨

કુમર ચડિઓ ચહૂટાની વાટ, [3]હલા પડી [4]સાંઝરીઆ હાટ;
ઠામ-ઠામ બુંબારવ [5]થોક, પાછૂ જોઈને નાસે લોક. ૧૩

એક ભણે 'સહૂ નાસો આજ, જેહને હોઈ જીવિઈ કાજ;
માતો મયગલ માહા મદ ભર્યો, ઠામ તજી ચહૂટે સંચર્યો. ૧૪

પાડે ગઢ-મઢ-પોલ-પગાર, પ્રાણીતણો કો ન લહે પાર;
[6]સુંડાદંડ ધરે પરચંડ, દંતુશલ જાણે યમદંડ. ૧૫

તેણે દીઠે [7]દોસી [8]દડવડા, [9]દેઈ હાટ સેરીમાં સાંચર્યા;
ફોફલી આફડીઆ સોનાર, નાઠા લોક ન લાભે પાર. ૧૬

ઠામ-ઠામ થૂં નાસે સહૂ, કે નાઠા કે માર્યા બહૂ;
જે નર [10]ધીંગ હતા [11]છડ છોક, ગજ પુંઠે ઘાલૂં સઈ લોક. ૧૭

રાય સવાર થયો તતકાલ, સુભટ સહ્‌વે મ ન લાઓ વાર;
જે નર હૂતા અતિ બલવંત, તે સહૂ સજ્જ કરે [12]રેવંત. ૧૮

પહરિ [13]જીણ [14]જીવખી સાર, [15]ટાટર [16]ટોપ [17]રંગાઉલિ ભાર;
પગિ મોજા મોટેરા વંક, કાઢી ખડગ કરે નીકલંક. ૧૯

---

૧. શાતા. ૨. પલાણ સજ્જ કરીને. ૩. હલ્લો થયો. ૪. સાંઝના સમયે જેમ બંધ થાય તેમ બંધ થઈ(?). ૫. ઘણો. ૬. સુંઢ. ૭. કાપડના વેપારી. ૮. દોડ્યા, ભાગ્યા. ૯. બંધ કરીને. ૧૦. સમર્થ. ૧૧. જુસ્સાદાર. ૧૨. ઘોડા. ૧૩. ચર્મ બખ્તર. ૧૪. એક પ્રકારનુ બખ્તર. ૧૫. ગરદનનું રક્ષણ કરતો-ધાતુનો ટોપ. ૧૬. શિરસ્ત્રાણ, ટોપો. ૧૭. બખ્તરનો એક પ્રકાર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વાગે [1]નફેરી-[2]નીસાહાણ, [3]પાખરીઆ સવિ સરિખા [4]સાહાણ;
દીસે ગજ અંધારો મેહ, જિહાં જાઈ તિહાં કાઢે છેહ. ૨૦

રોસ ચડિઓ મયગલ મલપંતિ, કાયરના હૈયા કાપંતિ;
જે હૂતા ચઉિદશિના જાણ્યા, તેહ ટાલી બીજા સહૂ હણ્યા. ૨૧

ઉપરિ રહિ [5]ઉપચારે રાય, તિમ-તિમ સહૂ અલગુ થૈ જાય;
રાય કહે 'સવિ જાઈ ટલિઉ, ખીચડ ખાવા ટોલુ મલિઉ. ૨૨

આપુ તે નર કનક [6]કબાહિ, રત્ન બહિરખા બાંધુ બાહિ;
આપુ વાસે વસતુ ગામ, બંધે જે બલીઓ ગજ ઠામિ. ૨૩

આપુ અંગતણો શિણગાર, આપુ સાહણ સોવિન ભાર';
વલી-વલી આપે ઈમ રાય, સુભટ કોઈ નવી આઘો થાઈ. ૨૪

રીસે રાજા કરડે દંત, આપે સજ કીધો રેવંત;
ધરી બાણને [7]સાધી મુઠિ, કુંજર ઉપરિ કીધી દ્રૃષ્ટિ. ૨૫

એક દાતાર અનેકે વડો, કસ્તૂરી ગાયણ વડો;
સૂરવીર જે વિદ્યા ભણી, જાતિ જણાવે તે આપણી. ૨૬

કુંઅર સર તવ ચડીઉ [8]સૂર, 'જાણે ગજ ચોલી કરુ ચુર';
હય છોડી મેલ્હિઓ તેણીવાર, નિશ્ચલ મને કાઢિઉ કરવાલ. ૨૭

ભણે લોક 'થોડે જલે તરે, કાઈ લઈ અણખુટે મરે?';
કુમર કહે 'નાશી જાયસ્યૂં, તો માહરુ [9]માટીપણૂ કસ્યૂ?. ૨૮

માટીપણાનુ એહજ કામ, અવસર જાણી રાખે નામ';
તવ કુંઅર બોલવિઉ કાલ, રણિ રાયંધૂ થઓ તતકાલ. ૨૯

---

૧. શરણાઈના પ્રકારનું મુખવાદ્ય. ૨. નોબત. ૩. યુદ્ધમાટે સજ્જ કરેલા ઘોડા. ૪. ઘોડા. ૫. એકત્ર કરે. ૬. જરીયન વસ્ત્રો અને અલંકારો. ૭. મૂઠ=એક તાંત્રિક-પ્રયોગ (પકડ). ૮. શૌર્ય. ૯. મર્દાનગી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બાલક ભણી જવ હાથી ધસે, રાયતણુ મન અતિ ઉલ્હસે;
કરી પ્રદક્ષણ ઊડિઉ જામ, કુંભસ્થલે જઈ બેઠો તામ. ૩૦

ખીજિઓ ગજ ધૂંણે ધર અંગ, વલી-વલી બોલાવે ચંગ;
રાજા મનિ નિશ્ચય આવીઓ, અંકુસ વસ કીધો હાથીઓ. ૩૧

લેઈ ચાલિઉ તવ નગરી બારિ, વૃક્ષ એક ઉંબર આકારિ;
ગજ બાંદ્ધિઓ નવિ છાંડે ઠામ, જમ ચિત્રકે લખીઉ ચિત્રામ. ૩૨

રા [1]આલ્યંઘન દીઈ કુમાર, આપ અંગતણો શિણગાર;
આપે સોવન સંકલ બહૂ, નગરમાહિ [2]આસ્ચર્જિઉ સહૂ. ૩૩

તવ નૃપ આવીઓ રાજ-દૂઆર, એ મોટો કો રાજકુમાર;
કહુ 'કુમર! તુમ્હે નિવસો કિહાં?, કેણે કાજે પધારિયા ઈહા?. ૩૪

**દૂહાઃ-**

પાન પદારથ સુગણનર, અણ-તોલ્યાવે કાઈ;
જિમ જાઈ પરદેસડે, તિમ-તિમ [3]મહુગાં થાઈ. ૩૫

**ચોપાઈઃ-**

કહે કુમર 'વિદેશી અમ્હે, કહિસ ખરુ જો પુછ્યુ તમ્હે;
ચંપાવઈ નગરી અવદાત, જે મહિયલમાહિ વિખ્યાત. ૩૬

વીરસેન રાજા માહરો તાત, વીરમતી નામે મુઝ માત;
એકવાર મુઝ કર્મ પસાઈ, વીરસેન તે રુઠો રાય. ૩૭

મંત્રી પાસે પાઠવિઓ બોલ, તો મે રાજ્ય ગણિઓ તૃણ તોલ;
ચડી રીસ ગહ્વર રડવડિઉ, તો આવી તુમ નગરી ચડીઓ. ૩૮

---

૧. આલિંગન. ૨. આશ્ચર્ય ચકિત થયા. ૩. મોંઘા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જો મેં વિપ્ર કર્યો પ્રણામ, તો સવિ વિદ્યા પભણી તામ;
તું ભેટિઓ સવિ સરીયા કાજ, કલ્પવૃક્ષ મેં પામિઉ આજ.' ૩૯

કહે રાજન 'વર વંછિત માગિ', મન ચિંતે 'મુઝ ફલીઓ ભાગિ;
નવનિધિ લહિ આજ નિર્મલી, [૧]વાઈ આવી કોઈલ મિલી'. ૪૦

'સ્વામી! જો તું પાલે વાચ, તો બ્રાહ્મણને કરિઅ [૨]જાચ';
બ્રાહ્મણને ઘરિ ભાંગી ભૂખ, નાહાઠા [૩]દૂરિ સરીસા દૂખ. ૪૧

**દૂહાઃ-**

તો રાજા વલતૂ વદે, 'તુ સાંભલિ કુમાર!;
મનવંછિત મુઝ રાજમાં, માગિ જે હોઈ સાર'. ૪૨

**ચોપાઈઃ-**

તો તે કુંઅર માગે એક, 'સેનાની પદ આપિ વિવેક';
તવ રાજાઈ આદર કીધ, સેનાની પદ કુંઅર દીધ. ૪૩

દિન-દિન કુંઅર કરે વિલાસ, રાતિં નિસાલે કરેં વાસ;
નિત ઊઠી રાજ-ગૃહ જાય, વલી પુનરપી આવે તેણે ઠામ. ૪૪

ઈમ કરતા દિન કેતા ગયા, નગરલોક સહૂ દુખીયા થયા;
મહાજન મિલી વિમાસે બહૂ, કહે 'કેણી પરે રહિસ્યૂં સહૂ?'. ૪૫

આહાલૂ પાહલૂને પદમસી, માલુ મહીઉ મિલીઓ હશી;
આસડ-પાસડ-પુનડ શેઠ, માહાજન મિલીઉ માંડવ હેઠિ. ૪૬

શાહલુ-સંકર ને શીરાજ, ગાગુ-ગણપતિ ને ગણરાજ;
ધારુ-ધીરુ ને ધર્મસી, રાઈઓ રંગુ ને રાજપાલ. ૪૭

---

૧. ઘેલછા. ૨. એવું. ૩. દુરિત=પાપ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નાઈઓ-નરબદ-નાકર સાહ, આસુ પાસુ પોઢા માહિ;
જાગો-જગુઓ ને જગમાલ, મહાદુ-ભાદુ ને ભીમસી. ૪૮

કડુઓ-કેહ્મ ને કર્મસી, દાદુ-દેધર તેડુ હસી;
વાછઓ વિરુઉ વીકમ તેડિ, આપુ આણંદ સરસું મેડિ. ૪૯

હાસુ હરચંદ ને હરદાસ, જાણ ભણી તેડો જિણદાસ;
માંકુ-માંડણ-આઘાલીઓ, કરણ સરસું તેડુ કીઓ. ૫૦

રાસો-રહિઓ ને ગજપાલ, નાથો-નરસી ને નરપાલ;
તાઉઓ-તેજુ ને તેજપાલ, હરખો-હાપુ ને હરપાલ. ૫૧

ઠલક-ઠલકના લીધા નામ, સહૂ આપણ પરે આવિઉ તામ;
મિલિઉ મહાજન ચિંતે બહૂ, 'એક મુખિ બોલજ્યો સહૂ'. ૫૨

તવ હાટે પાડી હડતાલ, માહાજન ચાલિઉ બાલ ગોપાલ;
રાજદ્વાર જઈ કાઢી ભાખ, કુંઅરને મન પેઠી [1]ઝાંખ. ૫૩

કર્મ આગલિ નવિ છૂટા હજી, માહાજન આવિઉ ચહુટું તજી;
ઊજાઈ આવીઉ સહૂ ગામ, રખે કોઈ લીઈ માહરુ નામ. ૫૪

ભણે મહાજન કરી જૂહાર, 'અમ્હેને [2]ચોલણ અછે અપાર;
જે જિહાં મુકિઉ તે તિહાં જાઈ, ઘણી વાત કુહુઈ કહિવાય?. ૫૫

રાતે જે જિહાં સંતાઈ લોક, તે જોઈઈ તો [3]વ્યાહાણે ફોક;
અમ્હે સ્વામી! તુહ્મને કહ્યું, નગર મધ્યે સહૂ નિરધન થયૂં. ૫૬

ખાત્ર ન દીસે એકું વાર, ઉપરિ નવિ ફાડે ઘરબાર;
તાલા દીઈ તે તિહાં રહે, જાઈ વિત્ત કોણ કહેને કહે?.' ૫૭

---

૧. વ્યાકુળતા. ૨. ચોરનાર. ૩. વિહાણે=સવારે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રાય માહાજન [૧]માન્યૂ બહૂ, આપો પરે સંતોષિઉ સહૂ;
શ્રી મુખિ રાજા બોલે ઈમ, 'એ [૨]રલીઆયત થાઈ કેમ?.' ૫૮

**દૂહાઃ-**

તો [૩]તલાર પ્રતે રાજા ભણે, 'ઘરે રાખો છો ચોર;
ન્યાઈ સહૂ મહાજન મલ્યૂ, કરજ્યો કર્મ કઠોર'. ૫૯

તવ તલ્હાર વલતુ વદે, 'તું નરવર! અવધારિ;
ચોર નહિ કો માનવી, સિદ્ધ રૂપ સંસાર. ૬૦

રાતિ-દિવસ ચોકી કરુ, નવિ દેખૂં નર કોઈ;
કહોને દેવ! હૂં કિમ કરું, શો [૪]અન્યા મુઝ હોઈ.' ૬૧

શ્રીમુખિ રાજા ઈમ કહે, 'તસ્કર લ્યાવે જેહ;
બહૂ સાહાણ સોવન્ન ઘણા, હૂ આપૂં નર તેહ.' ૬૨

સૂભટ સવે હેઠૂ જોઈ, વચન કરે અપ્રમાણ;
કહો કિમ તસ્કર જડે?, નવિ લહિઈ [૫]અહેઠાણ. ૬૩

**ચોપાઈઃ-**

વલી-વલી ભૂપતિ ઈમ ભણે, 'કો છે સૂભટ આજ અહ્મતણે?;
જે એ તસ્કર લ્યાવે આજ, તેહને આપુ [૬]અધિલૂ રાજ', ૬૪

તવ કુમર મનિ ચિંતે ઈસ્યૂં, 'ઘણે જીવીઈ તે હૂઈ કિસૂં?;
કહે એ ચોર જોઉં અહિઠાણ, કઈ હૂ નિશ્ચે છાંડૂ પ્રાણ'. ૬૫

કરી પ્રતિજ્ઞા બોલે વીર, હઈયડે આણી સાહસ ધીર;
ઊભો થઈ વીનવીઓ રાઉ, 'રાજન! બીડુ કરો પસાઉ'. ૬૬

કહે રાજા 'નહી તાહરુ [૭]લાગ, ઠામ નહી નવિ દીસે પાગ;
કુમર કરે પ્રતિજ્ઞા ઘણી, અશ્ચર્યો કાઅંતી ઘણી. ૬૭

---

૧. બહુમાન આપ્યુ. ૨. આનંદિત. ૩. કોટવાળ. ૪. દોષ, વાંક. ૫. નિશાની. ૬. અર્ધુ. ૭. અવસર, તક.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

‘સાત રાત્ર મુઝ આપો [1]રાઉ!, નિશિ જોઉ તસ્કરનો [2]ઠાઉ;
અણલ્યાવે દિન વોલે આઠ, તો હૂં નિશ્ચે ખાઉ કાઠ’. ૬૮

અગડદત્ત પ્રતિજ્ઞા કરે, માત-તાત ગરઢા પરિહરે;
‘જે નર માંડે નારી-[3]વ્યાપ, નવિ લ્યાવું તો તે મુઝ પાપ. ૬૯

ગુરુના જેહ ન પાલે વાચ, સપનંતર નવિ બોલે સાચ;
તેહનૂ પાપ હુઈ મુઝ આજ, જો તસ્કર નાણુ માહારાજ!. ૭૦

વિદ્યા ભણી વીસારે જેહ, અવસરિ આવ્યે આપે છેહ;
સ્વામી દ્રોહ તે જે નર કરે, તેહનુ પાપ કુમર શર ધરે. ૭૧

જે નર થાપણિ [4]મોસો કરે, ધન -કંચણ-સોવન અપહરે;
પાપ હુઈ પરનારી જેહ, નવિ મારુ તો હોયે તેહ. ૭૨

પર્વ દિવસ જે તપ નવિ કરે, બાહિર કપટપણું આદરે;
તે પાપે મુઝ લાગે પાપ, જો નવિ ટાલૂ એ સંતાપ. ૭૩

ક્ષત્રીસુત કરિ [5]ખાંડુ વહે, તેહ તણે ગર્વે ગહિગહે;
તે રાઉ તરણે નાશે જેહ, નવિ સારુ તો પાતિક તેહ’. ૭૪

કરી પ્રતિજ્ઞા ઊભો વીર, બીડૂ માંગે સાહસ ધીર;
મન ચિંતે અણબોલ્યો રહું, તો મઝને કાયર કરે સહૂ. ૭૫

દૂહો:-

પાચ ખંડ પોઢે કરી, રચિઓ એહ પ્રબંધ;
**ભિમ** ભણે ભવિયણ સુણો, તો છૂટે ભવ બંધ. ૭૬

---

૧. રાજા. ૨. સ્થાન. ૩. સાથેનો વ્યવહાર, પ્રવૃત્તિ. ૪. ચોરી. ૫. તલવાર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## તૃતીય ખંડ

**દૂહાઃ-**

રાજા હિયડે ચિંતવે, 'ઈણે મશિ મરે કુમાર;
રાંકતણે ઘરિ કિમ રહે?, રત્ન અમૂલિક સાર'. ૧

તવ મહાજન મન ચિંતવે, 'આપણે કીધૂં એહ;
તે હત્યા કિમ છૂટસ્યૂ?, જે નર બલસ્યે એહ'. ૨

હાહાકાર કરે ઘણુ, શ્રાવક અતિહિ સુજાણ;
બુધિવંત હુઈ વાણીઆ, પણિ આજ થયા અજાણ. ૩

'જાણત આપણ એવડૂ, એ નર કરસેં ઈમ;
તો સહૂ નાવત નૃપ [ક]ન્હે, કહો કરીસે કેમ?. ૪

માત મોઈ તે ઘનતણી, ચોરે લીધુ બાપ;
આ અનરથ હૂઓ ઘણૂ, લાગુ ભણે સહૂ પાપ. ૫

એક કંથૂઆ કારણે, કીજે કોડિ ઉપાય;
તો આપણ કિમ જોઈસ્યૂં?, એહ બલંતો રાય.' ૬

એક ભણે 'વરિ આપીઈ, જેહની ચોરી જેહ;
પુણ્યથકી ધન પામિસ્યૂં, ઉગારીજે એહ.' ૭

**ચોપાઈઃ-**

નૃપ પ્રતે શ્રાવક કહે વચન્ન, 'સ્વામી! મરસ્યે પુરુષ-રતન્ન;
જોઉ ચોર જોવરાવુ બહુ', માહાજન મિલીઓ બોલે સહૂ. ૮

'એહને મરવાનુ છે કોડ, પણિ તુમ લાગ મોટી ખોડિ';
'એહ વાત ખોટી મહારાજ!, બર બકરે નવિ સીઝે કાજ'. ૯

કહે રાજા 'મયગલ લિઓ સાર, પાલા પાયકને અસવાર;
ચડો કટક સોધાવો વાટ, ઠામ-ઠામના રુંધો ઘાટ.' ૧૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કહે કુમર 'જો સેન્યા લેઉ, તો માહરું માટીપણુ કેહુ?;
જોતા આહાં તસ્કર આવસ્યે, પરમેશ્વર કરસ્યે તેહસ્યે.' ૧૧

નમી ભૂપ તવ ચાલ્યો બાલ, સાથે હાથિ કર્યો કરવાલ;
ચોરતણો તે ચિંતન કરે, નિશિ અંધારી દહદિશી ફિરે. ૧૨

પહેલે દિન સોધ્યા બેવટા, ચર [1]ચાચર સરસા [2]ચુવટા;
સોધે દેહરા ને પોશાલ, પંડિત સવિ સોધી નેસાલ. ૧૩

થાક્યો ભાગ્યો સંધ્યા પડી, મન ચિંતે 'જાસ્યે [3]આખડી;
આજ સૂઉં દિન બહુલા છઈ, વરિ વ્યાહણે જાણીસ્યે પછે'. ૧૪

તિથિ ષષ્ટિ સોહે સોમવાર, કુંઅર મનિ ચિંતા અપાર;
જૂ રમવાના જોઉં ઠામ, ઊઠો વીર મનિ ઘાલી હામ. ૧૫

જૂઆરીનર દીઠા જેહ, ચિન્હ ચોરના ન હૂએ એહ;
મન ચિંતે મોટો ઉપાય, અગડદત્ત વેશ્યાઘરે જાઈ. ૧૬

તેણે [4]નગે વેશ્યા-ઘર બહુ, એક-એક [5]પઈ ચડતી સહૂ;
દેખી કુમર કામાતુર થયો, વેશ્યાને ઘેર વાસો રહ્યો. ૧૭

દિન ત્રીજે ચહુટાની વાટ, સેરી સરસાં સોધ્યા હાટ;
ચોથે દિન ચંચલ મ હોય, ચોરતણી [6]સુદ્ધિ ન કહે કોઈ. ૧૯

કૃમિ વોલી સાત રાતિ, ચોરતણી નવિ જાણી જાતિ;
ભણે કુમર 'હવે શીપરિ કરુ?, માહરુ [6]ડીલ અછે [7]પરહરુ'. ૧૯

તું મન ચિંતે અગડકુમાર, 'નગર બાહિર જોઉ એકવાર;
વન અંધારુ છે એક સાર', લોકમાહિ થઓ હાહાકાર. ૨૦

---

૧. ચોગાન. ૨. ચાર વાટ=રસ્તા. ૩. નિયમ=પ્રતિજ્ઞા. ૪. સ્થાને. ૫. થી. ૬. બાતમી, ખબર. ૭. શરીર. ૮. ત્યાગ કરુ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નગર બાહિર જવ કુંઅર ગયો, તવ દિનકર આથમતો થયો;
સોધે સર્વ સંધ્યાને સમે, નગર બાહરે સેનાપતિ ભમે. ૨૧

ચોરતણો નવિ જાણ્યો વાસ, તવ તેણે થાનકે થયો નિરાસ;
મન ચિંતે 'મુઝ જીવ્યું ફોક, વ્યાહણે ઈહાં સ્યું ક[હે]સે લોક?'. ૨૨

પ્રથમ પ્રહર જવ રયણી ગઈ, કુંઅરને મન ચિંતા થઈ;
'સ્યૂં બેઠો? હવે સોધુ ગામ, લોકમાહિ નીગમિઉ નામ'. ૨૩

તો પાછો વલીઓ કુમાર, નગર પોલ દીધી તેણિવાર;
નલિ નવી છિંડૂં દીસે કિસૂં, વલી વીર વિમાસે ઈસ્યૂં. ૨૪

દૂહાઃ-

તવ કુંઅર મન ચિંતવી, લાકડ મેલે ભાર;
પંખેરી [૧]ચહ સજ કરી, ધિગ -ધિગ મુઝ અવતાર. ૨૫

વનિ વેશ્વાનર સોધવા, ચાલ્યો સાહસવંત;
તવ મારગિ કપટી મિલ્યો, અંધારે એકંત. ૨૬

કંઠિ [૨]કાંઠલા અતિ ઘણા, પહિર્યો ભગુવો વેસ;
તવ યોગી દેખી કરી, કુંઅર કરે આદેશ. ૨૭

'કહો બાલા! કેણે કારણે, રાતિ ભમો આરામ?;
કુંડે ચિંતેઈ એકલો, તેહ કહો અમ કામ?'. ૨૮

અગડદત્ત વલતુ વદે, 'મુઝ દારિદ્રી નામ;
દિવસે અન્ન ન પામીઓ, રાતિ ભમૂ આરામ'. ૨૯

તો તે કપટી બોલીઓ, 'જો મુઝ આવે સાથિ;
નગરમાંહિથી તુઝ દેઉં, હું અતિ બુહલી [૩]આથિ. ૩૦

૧. ચિંતા. ૨. ઘરેણાં. ૩. ધન, વૈભવ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કુંમર મન ચિંતે ઈસ્યૂં, ' હવે સવિ સિદ્ધા કાજ;
એ નિશ્ચે તસ્કર હૂઈ, લેઈ ભેટુ માહારાજ'. ૩૧

તવ કુંઅર પૂઠચે થયો, આગલિ હૂઓ તેહ;
મન ચિંતે 'એહને વધૂં, ધર્મ ન હોઈ મુઝ એહ'. ૩૨

કાંઈક જો [1]બારું મિલે, તો સહૂ માને લોક;
વિણ [2]અહિનાણે જો હણુ, તો જન કહેસ્યે ફોક'. ૩૩

તવ તે પોલિ કન્હે ગયા, તસ્કર બોલે ઈમ;
[3]વલગિ રાંક! મુઝ [4]કાછડી, તિહાં અવાસે કેમ?.' ૩૪

અગડદત્ત મન સ્યૂં હસેં, અધિકુ બોલે એહ;
'મુઝ માટીપણ તો ખરું, જો શિર વિણ કરુ દેહ'. ૩૫

તવ તે વલગો કાછડી, ચોર પલ્યો આકાસ;
જિહાં મોટા માહાજન વસે, આવ્યો તે ઘર પાસિ. ૩૬

બાહિરિ કુંઅર રાખીઓ, ચોર ગયો ઘર-[5]મદ્ધ;
મીચી આંખિ ઊઘાડતા, કાઢી બહુલી રિદ્ધિ. ૩૭

તેહ સિરે તે પેટી ધરી, પોતે લીધી એક;
તવ ચાલ્યા બેહુ જણા, આવિઉ નગરી છેક. ૩૮

વન ગહ્‌વરમાહે ગયા, તસ્કર બોલે તામ;
'ઘડી એક નીદ્રા કરુ, પછે તે જાઓ આરામ'. ૩૯

તેણે થાનકે બે પોઢીઆ, મલ્લ મિલો પ્રતિમલ્લ;
કુમર કહે 'મુઝ મારસ્યે, એ જાસ્યે [6]એકિએલ્લ'. ૪૦

---

૧. બહાનુ, કારણ. ૨. નિશાનીએ. ૩. વળગીને, પકડીને. ૪. કછોટાએ. ૫. મધ્ય. ૬. એકલો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તવ [1]મોડેસ્યૂં ઉઠીઓ, લાકડે વીટિઉ વસ્ત્ર;
આંબા થડે અલગો રહ્યો, સંભાલિઉ નિજ શસ્ત્ર. ૪૧

ચોર **ભુજંગમ** ચિંતવે, 'એહ વિડારુ બાલ';
દીધો ઘાઓ લાકડે છબઓ, તવ શર ઊઠી ઝાલ. ૪૨

કુંમર કહે 'બહૂ દિન ગયા, હવે રાખૂ તુઝ ઠામિ;
માટીપણુ મન આણજે, સમરે તાહરો સ્વામ'. ૪૩

તવ તસ્કર મન ચિંતવી, કરિ કાઢઉ કરવાલ;
પરગટ રૂપ કરી વઢ્યો, ચોર ભૂયંગમ બાલ. ૪૪

તવ દક્ષણ કર છેદિઓ, ઢલો ચોર ધર છેક;
પડતો વયરી પ્રત્યે કહે, 'વાચા દિઓ મુઝ એક. ૪૫

આધેરુ અહાંથૂ અછે, વન વિરુઉ વિકરાલ;
તિહાં બહિન છે માહરી, તેહની કરે સંભાલ.' ૪૬

**ચોપાઈ:-**

ચોર પ્રતે તવ વાચા દિધ, મનિ જાણે 'મે કારણ કિદ્ધ';
એ નિત રહઈ તુ લખમી ઘણી, જાઉ એહની ભગની ભણી. ૪૭

લેઈ ખડગ ચાલ્યો કરી કામ, તવ આગલિ આવિઉ આરામ;
[2]ગફા એક દીઠી તવ સાર, જે [3]ઠબકાવે રાજકુમાર. ૪૮

શબ્દ સુણી તવ આવી નારિ, નવિ દીઠો તવ બંધવ [4]બારિ;
કહે વચન તે જોઈ લાગ, 'ભલે પધાર્યા માહરુ ભાગ્ય.' ૪૯

મન જાણી બંધવનો કાલ, કપટપણે રલીઆઅત બાલ;
[5]સહી [6]બાંહ બેસાર્યો [7]ઢોલિ, 'કરિ આવું સ્વામી [8]અંઘોલ.' ૫૦

---

૧. મોડેથી. ૨. ગુફા. ૩. ખખડાવી. ૪. બારણે. ૫. પકડીને. ૬. હાથ. ૭. પલંગ પર. ૮. સ્નાન.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તવ કુંઅર મન ચિંતવે ઈસ્યૂં, 'મૂઈ બંધવે એ કારણ કિસું?;
આણી શેજ સુઆરસ્યે, છલ કરી મુઝને મારસ્યે'. ૫૧

[1]આંડણ [2]ઊસીસૂ એક કિદ્ધ, [3]આપણપે કરે ખાંડૂં સિદ્ધ;
અલગ જઈને ઊભો રહ્યો, કહે કામિનિ 'એ સુતો થયો.' ૫૨

શલા એક માંડી પરપંચિ, યમ ચંપાઈ તે નર સંચિ;
પડ્યો પાહણ નવિ મૂઓ કુમાર, અંધારે ઝલકિઉં કરવાલ. ૫૩

તવ તે નારિ ઝુંટે ધરી, ચાલ્યો વીર મનિ ઉદ્યમ કરી
ચિંતે બીરદ રહ્યું મુઝ આજ, નારી લેઈ ભેટૂ મહારાજ. ૫૪

તવ આકાસ્યે પ્રગટ્યો સૂર, નાઠૂ અંધકારનૂ પૂર;
માહાજન કહે 'તે કેથઉ થયુ', કોઈ કહે 'નર [4]નાહાસી ગયો. ૫૫

એ બાલકની કેહી માત્ત?, આજ પડ્યા પુરે પોઢા ખાત્ર;
એ લાજ્યો નવિ આવો ઈહાં, કહો બાલક રડવડસ્યેં કિહાં?.' ૫૬

તિહાં તે એહવી ઘટવટ કરે, કુંઅર ચોર [5]શર હાથે ધરે;
એક હાથે નવયૌવન બાલ, [6]લીહીઆલુ કરે કરવાલ. ૫૭

મસ્તક ઊપરે પેટી સાર, વ્યાહણે સૂર ઉગમતે વાર;
લોકે પેખીઓ રાજકુમાર, શર મેહલી નૃપ કરે જૂહાર. ૫૮

રાય ભણે [7]ધિન [8]યીવઉં તુજ્ઝ, તાહરી આશા નોહોતી મુજ્ઝ';
માહાજન સહૂ રલીયાયત હોઈ, જય-જયકાર કરે સહૂ કોય. ૫૯

## ઢાલઃ-૧, તો ચઢીઓ ઘણ માણ ગજે-એ દેશી. [રાગ-ધન્યાશ્રી]

તવ તે ભૂપતિ હરખીઓ એ, નિરખીઓ અગડકુમાર તો;
માહાજન મન ઈમ ચિંતવે એ, 'બિરદ હુઓ એ સાર તો'. ૬૦

---

૧. ઢીચણિયું. ૨. ઓશીકું. ૩. પોતાનાં. ૪. નાશી=ભાગી. ૫. મસ્તક. ૬. મર્યાદાવાળી=મ્યાનમાં રાખી. ૭. ધન્ય. ૮. જીવતાં.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઘરિ-ઘરિ સહૂ ઓચ્છવ કરે એ, મન્નિ ધરે બહૂ રંગ તો;
[૧]તલીઆ-તોરણ બાંદ્ધીઆ એ, [૨]વાનર [૬]વાલિ સુચંગ તો. ૬૧

સેઠતણી સવિ સુંદરી એ, આવી રાજદૂઆરિ તો;
કુમર કરે ઉવારણા એ, 'ધન-ધન એહ અવતાર તો.' ૬૨

કહે કુંમર 'ચાલો સહી એ, રાજનસ્યૂં સહૂ ગામિ તો';
તેણે થાનકે લેઈ ગયો એ, દીઠૂ ભૂજંગમ ઠામ તો. ૬૩

ગુફામાહિથૂ કાઢીઉ એ, જે જેહનુ હતૂ ધન તો;
તે તેહને સહૂ સૂંપીઉ એ, ધન-કંચન-સોવન્ન તો. ૬૪

રાય આલ્યંઘન હરખે દીઈ એ, દીઈ તે અધિલૂ રાજ્ય તો;
'માહારે રાજે ભલૂં કર્યૂં એ, ધન તુઝ જીવ્યૂં આજ તો.' ૬૫

કહે કવિયણ બહૂ કિમ [૩]કવૂં એ?, જો મુઝ થોડી બુદ્ધિ તો;
**ભીમ** ભણે ભવીઅણ સુણો એ, જિહાં સાહસ તિહાં સિદ્ધિ તો. ૬૬

**દૂહાઃ-**

તવ કુંઅર પ્રતે [૪]આઠવ્યૂ, રાઈ અધિલૂં રાજ;
મન ચિંતે 'બેટી દેઉ, તો અહાં રહે માહારાજ.' ૬૭

બેટી દેવા ઊપરિ, રાજા કરે વિચાર;
તેડ્યા બ્રાહ્મણ જાણ જે,લગ્ન કર્યૂં નિરધાર. ૬૮

વૈશાખહ સ્યુદિ પંચમી, સોમવાર સુવિશાલ;
એહ લગ્ન સોહામણું, મન હરખ્યો ભૂપાલ. ૬૯

દાન દેઈ દ્વીજ વાલીયા, રાજા મન ઉચ્છાહ;
ક્રૂમે-ક્રૂમે તે [૫]ધાહાડા હવા, આવીઓ દિન વિવાહ. ૭૦

---

૧. પાંદડા-ફૂલ સાથે કસબી તારથી બનાવેલુ તોરણ. ૨. દ્વાર પર લટકાવાતી મંગલ સૂચક માલા. ૩. વર્ણન કરું. ૪. યોજ્યું, સ્થાપ્યું. ૫. દિવસ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વેલા વરઘોડે ચડે, [૧]પાખરીઈ [૨]કેકાણ;
વર વર્ણન કવિજન કહે, સુણજ્યો જાણ સુજાણ. ૭૧

એક કહે 'કો દેવતા', 'વિદ્યાધર' કહે કોઈ;
એક કહે 'નરવર સહી', જન જોવે સહુકોઈ. ૭૨

**ચોપાઈઃ-**

મસ્તકે મુગટ મનોહર જેહ, કનકરત્નમે જડીઓ તેહ;
કાને કુંડલ ધરે વિશાલ, અંધારે તે કરે અજૂઆલ. ૭૩

કનક વાને સોહે કપોલ, તેલ ધાર નાશા રંગરોલ;
અંબુજ પત્રી જશી આંખડી, ધનુષાકારે ભમહિ વાંકડી. ૭૪

કોટે મણિ મુક્તાફલ હાર, બાંહ્યે બાંધ્યા બહિરખા સાર;
લૂણ ઉતારે અણુઅરિ હશી, યમ વર દ્રૃષ્ટિ ન લાગે કિસી. ૭૫

તોરણે વરરાજા ગયો જામ, લગ્નકાલ તો હોઓ તામ;
વિનયસિંહ રાઈ હિત કરી, રાજ્ય અર્ધ સુંપી સુંદરી. ૭૬

યાચકજન ઘરિ ટલી [૩]અણાથિ, જન-જન આપી અધકી આથિ;
બંદી જય-જય મુંખે ઊચ્ચરે, દિન-દિન કુંઅર ક્રીડા કરે. ૭૭

કહે કવીઅણ એ વીષયા વલી, તે દિન-દિન થાઈ દૂબલી;
ચિંતે 'કુમર કિંહાં ભેટસ્યે?, એ મુઝને મૂકી જાયશે. ૭૮

નહી પાલે વાચા એહતણી, એ હૂઓ નગરીનો ધણી;
નહી પામૂં હૂ એહનો સાથ, કિહાં ગહિલી ને કિહાં સોમનાથ?. ૭૯

મંત્ર એક વિમાસ્યૂ ઈસ્યૂં, લેખ એક તવ લખીઓ કીસ્યૂં;
લેઈ આપ્યો તે દાસી હાથિ, 'તૂં [૪]જૈને આપે નરનાથ. ૮૦

---

૧. શણગારેલા. ૨. અશ્વો. ૩. અન+આથી=નિર્ધનતા. ૪. જઈને.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કહે વચન તું કરી વિવેક, બોલ બાપ ન રહૂઈ એક;
તઈ વાટે જાતા જે કહ્યૂ, તેહ વચન કાં [1]આલેં ગયૂ?'. ૮૧

તે દાસી ગેઈ રાજદુઆરિ, તવ નૃપ બેઠો દીઠો બારિ;
વચન એક તે બોલી તામ, 'સ્વામી! વિષયા કહ્યો પ્રણામ.' ૮૨

આપ્યો લેખ રાજા પ્રત્યે જામ, અગડદત્ત નૃપ વાંચે તામ;
પહિલૂં આદે લિખિઓ પ્રણામ, પછે માહિ બોલ્યા ગુણ ગ્રામ. ૮૩

'તું બલિઓ તુહિ જ બલવંત, તું સુંદર તું સાહસવંત;
તું કરમી કંદર્પ અવતાર, તું કાં કરે અમ્હારી સાર?. ૮૪

તઈ મઝ વાચા દીધી જેહ, સૂધે ચિત્તે ન પાલી તેહ;
જો તુ મઝ વિણ છાંડસિ સીમ, અમને દેહ ધરેવા નિમ. ૮૫

બોલ કાજે એક બિરદ વહંત, બોલ કાજે વનમાંહિ ભમંત;
બોલ કાજે અકરા કર કરે, બોલ કાજે નર નિશ્ચે મરે. ૮૬

બોલ કાજે એક છંડે મિત્ર, ધન-કંચણ પરહરે કલત્ર;
તેં તે બોલ દીઉ મઝ હાથિ, ''લેઈ જાઈશ સુંદરિ તુઝ સાથિ''. ૮૭

તેહ બોલથી મે મન કર્યૂ, પતિ સરસ્યૂં સહૂકો પરહર્યૂ;
જો નવિ લેઈ ચાલે મુઝ સાથિ, તો હત્યા [2]તુઓડે હાથ. ૮૮

**દૂહાઃ-**

ઘણી-ઘણી પરિ સ્યૂં કહૂં?, તુ સાંભલિ નરનાહ!;
મદન દહે મન માહરુ, અંગ ઉપજે દાહ'. ૮૯

અગડદત્ત મનસ્યૂં હશી, દાશી પ્રતે બોલંત;
'તે [3]કાયી વઈ બાપડા, જે વાચા ચૂકંત. ૯૦

---

૧. વ્યર્થ ગયું. ૨. તારે. ૩. કાયર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રે દાસી! અહાંથી જઈ, તેહને કહેજે ઈમ;
''આગલિ જો તુહને કરુ, તો [1]વલૂ આ [2]શીમ''. ૯૧

તુ તે વચન નિશ્ચય કરી, વિષયા રહિ વિચારિ;
દિન-દિન ભોગ ભલા કરે, અગડદત્ત નર-નારિ. ૯૨

ચંપાવઈ નગરીતણી, કહે કવિ વાત રસાલ;
અગડદત્ત ચાલ્યો સૂણી, આકંપઉ ભૂપાલ. ૯૩

જે જે દિન-દિન પ્રતિ ગમે, તે વરસાસૂ થાય;
એકવાર આસૂં ધરી, મંત્રી પ્રતે કહે રાય. ૯૪

**યતઃ-**

જે મતિ પૂઠે ઉપજે, સો મતિ પહેલી હોય;
કાજ ન વણસે આપણુ, દુર્જન હસે ન કોઈ. ૧

'એક જ કુંઅર રુઅડો, હૂતો અમ ઘરિ આજ;
તે [3]પાખે કહો કિમ સરે?, કુણ કરેસ્યે રાજ્ય?'. ૯૫

તવ રાજા મંત્રી પ્રત્યે, વાત કહે મન સિદ્ધ;
'દેસિ-વિદેશિ ખોલો તુહ્મે, અહાથી લિઓ ઘણ રીદ્ધિ'. ૯૬

શુભ મહૂરત જોઈ કરી, ટાલી લીધ તુખાર;
બહૂલી રીદ્ધ બાંધી કરી, મંત્રી થયો અસવાર. ૯૭

**ચોપાઈઃ-**

માલવ પ્રત્યે સોધ્યો કુમાર, તોહે ન પામી તેહની સાર;
ગુજરાતિ સવિ સોધી ફિરી, [4]મારુઆડ ઉપરિ મન કરી. ૯૮

---

૧. વળીશ. ૨. સીમા, હદ. ૩. વિના. ૪. મારવાડ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચાલ્યો ચિત વિમાસી સાર, નગર એક આવ્યું તેણીવાર;
લોક કન્હે પૂછિઉ મન બુધ, તિહાંથી લાધી કુંઅર શુદ્ધિ. ૯૯

અગડદત્ત નવ યૌવન વેસ, તવ [1]ખેલણે આવ્યો નરેસ;
દીઠો મંત્રી મનિ આણંદ ભયો, ભેટિ કુમર રલિયાયત થયો. ૧૦૦

દૂહાઃ-

પાંચે ખંડે પોઢે કરી, રચિઓ એહ પ્રબંધ;
**ભીમ** ભણે ભવિયણ સુણો, તો છુટે ભવ બંધ. ૧૦૧

---

૧. ક્રીડા માટે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ચતુર્થ ખંડ

### દૂહાઃ-

સરસતિતણે પસાઉલે, કહુ કથા વૃત્તાંત;
આગલિ જે કૌતક કહૂં, તે સુણજ્યો એકંત. ૧

રાઓ મંત્રી બે ભેટીયા, હોઓ હર્ષ અપાર;
કહે પ્રધાન 'તમને કહૂં, અમ ઠાકુરે જુહાર'. ૨

વિનયસિંહ વલતું વદે, 'તેહને સાત પ્રણામ;
તમ્હે કેણે કારણે આવીયા?, તે કહો અમ કામ.' ૩

'જેહ જમાઈ તમતણો, તે અમ ઠાકુર એક;
તે લેવા હૂં આવીઓ, ભમીઓ દેશ અનેક'. ૪

### ચોપાઈઃ-

સુણી વચન રાઉ અતિ દુખ ધરે, સાસર-વાસો પુત્રીનેં કરે;
ગજ-રથ-તુરી સહિત અસવાર, પાલા પાયક હયવર સાર. ૫

આપે [૧]લાછિ અતિ ઘણ ભંડાર, આપે સોવન-સંકલ ભાર;
[૨]મોકલાવી કુંમરી સાંચરે, માત-તાત બહુલા દુખ ધરે. ૬

તિથી પંચમી સોહે ગુરુવાર, સિદ્ધિયોગનો સુણી વિચાર;
મોકલાવી ચાલે નર-નારિ, ડેરા દિધા નગરી બારિ. ૭

કરી જુહાર બોલે નરનાથ, અગડદત્ત પ્રતે જોડી હાથ;
'હૂં અપરાધિ છૂં તૂમતણો, કહે જુહાર રાને અમતણો'. ૮

મોકલાવીને ચાલ્યૂ સહૂ, અગડદત્ત મન ચિંતા બહૂ;
કટક ચાલતું આઘૂ કરી, રહ્યો વીર મનિ વાચા ધરી. ૯

---

૧. લચ્છી=લક્ષ્મી. ૨. વળીવીને.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'નવિ આવૂ તો જાજ્યો તમ્હે, માલવમાહિ મિલસ્યૂં અમ્હે;'
સાંઝ સૂર આથમતી વાર, [1]સહટ કરી ચાલીઓ કુમાર. ૧૦

જૈ વિષયા પ્રતે બોલે સાર, બઈશ રથે લાગે વાર;
રથ ખેડ્યો બેસારી નારિ, ચાલે અશ્વ જમ ગંગા-વારિ. ૧૧

લેખ લખી પોલ્યે બાંદ્ધીઓ, રખે કોઈ કહે 'વાહિ ગયો';
'કુમરી લેઈ જાઉ છૂં અમ્હે, સૂર હોઈ તે ધાયો સહ્વે'. ૧૨

લેખઉ પ્રતિ દીધુ શિર નામ, કુમરી વિણ તે દીઠુ ઠામ;
બૂંબ વાણીઆ પાડે બહૂ, રાજા આગલિ આવ્યૂ સહૂ. ૧૩

કહે રાજા 'શી ચોરી વલી?, કાં આવિઉ સહૂ માહાજન મિલી';
'સ્વામી તુજઝ જમાઈ જેહ, વિષયા હરણ કરી ગયો તેહ'. ૧૪

સુણી વાત ધરણીતલિ ઢલ્યો, રીસે રાય થયો આકુલો;
કહે રાજા 'ધાઓ હૂઈ જેહ, બીટી સરસુ મારો તેહ'. ૧૫

ધાયા જણ જે હૂતા સાર, સાવધાન હૂઆ અસવાર;
સહૂ ધાઓ મૂકી અભિમાન, પાલા પાયક ને પરધાન. ૧૬

સહૂ સોધીને પાછૂ વલે, દેખે કુંઅર નવિ કુંમરિ મિલે;
એ ઊખાણો સાચો થયો, કુમરી સરસુ કુઅર ગયો. ૧૭

સહૂ સોધીને થયા નિરાસ, મન મુંકી વિષયાની આસ;
દિન કેતા વિસારિઉ નામ, આપ આપણે લાગા કામ. ૧૮

**વાર્તા:-**

------------------------------;
હવે અગડદત્ત વનમાહિ, બીજી વાટ્યે ભુલો પડ્યો. ૧૯

---

૧. સુભટને લઈને.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ચોપાઈ:-**

વનમાહિ ભૂલો ભૂપાલ, અછે એકલો સાથે બાલ;
નવિ જાણે દિનકર છે કિહાં, અંધારુ વન આવ્યૂં તિહાં. ૨૦

ભીલ પાંચ તે વનમાંહિ ફિરે, દેહ કાલા મુખે કચપચ કરે;
માહોમાહિ તે કરે વિચાર, પુરુષ એકલો સાથે નારિ. ૨૧

પલ્લીપતિ ઠાકુર તેહતણો, તેહને જૈ કહે 'સ્વામી! સુણો;
રથે બેઠો એક પુરુષરતન્ન, સાથે નારી મોહે મન્ન.' ૨૨

પલ્લીપતી તવ ચિંતે ઈસ્યૂં, 'આકડે મધ સૂ કિઈ કિસ્યૂં?;'
ધર્યૂ ખડગ ને નાવે સંક, લેઉ રત્ન મારીને રંક. ૨૩

કરે યૂધ કુઅર નૃપ તેહ, વઢતા કિમે ન આવે છેહ;
વિમાશીને વિષયા હિતે, નયણબાણ મૂકે તેહ પ્રત્યે. ૨૪

તે દેખી તે વિહ્‌વલ થયો, કુમરે કાંધ સમાણો કીઓ;
પડતો પલ્લીપતિ ઈમ કહે, 'કહૂ વાત સુણિ ઊભો રહે. ૨૫

ગર્વ મ આણિસ મન્ન મઝારિ, મયણબાણ મેહલ્યા તુઝ નારિ;
તેહ બાણ મેં સહ્યા ન જાય, જેણ્યે પાડ્યા પ્રથવીપતિ રાય. ૨૬

પાડ્યા સૂર-કિંનર-ગંધર્વ, પાડ્યા વર વિદ્યાધર સર્વ;
પાડ્યા મહીઅલિ મુનિવર પાત્ર, તુઝ શરખાની કેહી માત્ર?'. ૨૭

તો વદનિ તે વ્યાપિઉ ભૂપ, મયણબાણનૂ કહિઊં સ્વરુપ;
પલ્લીપતિ બે કટકો કર્યો, તવ રથ આઘેરો સંચર્યો. ૨૮

ભિલ એક પ્રત્યે પૂછે ઈસ્યૂ, 'બે વટ થૈ તે કારણ કિસ્યૂં?';
ભીલ કહે 'અહાં છે ફેર, આ પગદંડો સરલો સેર. ૨૯

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એક [૧]અખતર મોટો અછે, [૨]શેરિ [૩]પલે તે નાવે [૪]પછે;
ભય ઘણા છે એણી વાટ, આગલિ છઈ પોઢા ત્રણિ ઘાટ. ૩૦

ચોર એક છે સહૂનો કાલ, મત્ત [૫]ગયંદમ અતી રીસાલ;
ત્રીજો સાથ મોટો હડહડે, એ દેખે તે ધ્રૂજી પડે.' ૩૧

તવ કુંઅર મન ચિંતે ઈસ્યૂં, 'તેહ મુઝને કરસ્યે કિસ્યૂં?;'
તેણે થાનકે હૂંતા [૬]વછિઆત, તેહ કુમરને ચાલ્યા સાથિ. ૩૨

વન મધ્યે તે કુઅર પલ્યો, તવ આગલિ એક [૭]તપીઓ મિલ્યો;
અગડદત્તે જોઈ આકાર, કરિ સબલૂ સાહિઉ કરવાર. ૩૩

કહે તપીઓ 'કિહાં જાસ્યો તુમ્હે?, તમ સાથે આવિસૂં અમ્હે';
યોગી કુમર વછિઆયત સહૂ, પંથે પલ્યા અતિ થાકયા બહૂ. ૩૪

કહે તપીઓ 'ઈહાં રહેજ્યો તમ્હે, શીતલ [૮]ગ્રાસ લેઈ આવુ અમ્હે';
લ્યાવીઓ દધી તવ હોઈ [૯]ઘોલ, ભરી આપિઉ કુઅર કચોલ. ૩૫

કુમર કહે 'નવિ પીસ્યૂ અમ્હે, જેહ [૧૦]ખ્યાઈ તેહને દિઓ તમ્હે';
તે વછિઆયત થાકયા થકા, પીધૂ દહી ને સૂતા રહ્યા. ૩૬

કુમરે દીઠૂ તે બહૂ પાપ, 'રે પાપી! સંભાલે આપ';
તવ **દુર્યોધન** તસ્કર કહે, 'રે રાંક તડફડતો રહે.' ૩૭

હશી કુમરે સંભાલ્યૂ શસ્ત્ર, ઉચેરા સવિ [૧૧]કડછ્યા વસ્ત્ર;
'તું કુણ-કુણ?' મુખે ઉચ્ચરે, અગડદત્ત સાહસ મન ધરે. ૩૮

પહેલો ઘાઓ દુર્યોધને કીધ, અગડદત્તે તે [૧૨]ખેડિ લીધ;
તવ રીસે મૂકે કરવાલ, હણીઓ ચોર મન હરખી બાલ. ૩૯

---

૧. અનિષ્ટ. ૨. માર્ગે. ૩. જાય. ૪. પાછો. ૫. ગજેન્દ્ર. ૬. બહારગામથી ખરીદી કરવા આવનાર ખાતેદાર. ૭. તપસી=સાધુ. ૮. ભોજન. ૯. ઘટ્ટ દહી. ૧૦. ખાય. ૧૧. કસીને પહેર્યા. ૧૨. ઢાલ પર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેણે પડંતે માગીઉ [1]માણ, માર્યો પણ નવી જાઈ પ્રાણ;
'ડૂંગરમાહિ મુઝ નારી અછે, મુઝ મારી તિહાં જાઈ પછે.' ૪૦

બોલ દેઈ ચાલ્યો ભૂપાલ, આગલિ આવ્યૂ વન્ન વિશાલ;
ડુંગર [2]કડણે દીઠું બાર, તવ ઠબકાવે રાજકુમાર. ૪૧

આવી નારી તસ જોયૂ રૂપ, ભામિનિ સરસો દીઠો ભૂપ;
'મુઝ ભર્ત્તાર એણે મારીઓ', કપટપણે બાંહે [3]સાહીઓ. ૪૨

તો વિષયા મનિ ચિંતે ઈસ્યૂં, '[4]સાહ્યો કંત એ કારણ કીસ્યૂં?;'
ચોરતણી [5]બઈઅર કહે 'નાથ!, સ્વામી! હૂં આવીસ તુઝ સાથિ.' ૪૩

મંત્રિસુતા તવ બોલી ઈસ્યૂં, 'સ્વામી! એવડી કરસ્યો કીસ્યૂ?;
અછે અમ્હે બિન્હે તુઝ નારિ, ભૂપતિ! ભોલપણુ નિવારિ'. ૪૪

તે વિલવંતી મૂંકી નારિ, રથે બેસી ચાલ્યા નર-નારિ;
આગલિ વન આવ્યૂ બહૂ, દવ લાગ્યા વિણ બલીઉ સહુ. ૪૫

તવ મન ચિંતે અગડકુમાર, દૃષ્ટિવિષનું એહજ [6]ઠાર;
તવ બિલ દીઠું અતિ વિકરાલ, [7]ઊફરાટો જઈ રહિઓ ભૂપાલ. ૪૬

દૂહાઃ-

ગારડવિદ્યા જે ભણી, પંડીત પ્રતે નેસાલ;
તે વિદ્યા મનમાંહે ધરી, તતક્ષણ ખીલ્યો કાલ. ૪૭

આઘેરો રથ [8]જો ગયો, તો વીસમો દીઠો [9]થાટ;
ભીલ્લ એક તવ પેખીઓ, કુંઅર પૂછે વાટ. ૪૮

ભીલ ભણે 'રે બાપડા!, એ છે વિસમું શેર;
પેલી વાટે સ્યે ન ગયો?, કાં આણ્યો મન ફેર?. ૪૯

---

૧. માન, ગર્વ. ૨. પર્વતના ચડાવ-ટૂંક પર. ૩. પકડ્યો. ૪. સાથી થયો. ૫. પત્ની. ૬. સ્થાન. ૭. ઉલ્ટી દિશામાં, અવળો. ૮. જ્યારે. ૯. સમૂહ, ટોળુ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મયગલ માતો એક છે, તેહ કરે જન આહાર';
તવ કુંઅર મન ચિંતવી, કર કીધૂ હથીઆર. ૫૦

અબલા પ્રતિ ઈમ ઉચ્ચરે, 'તુ કામિની! સાહા રાશિ;
મુજ માટીપણૂ તો ખરુ, જો ગજ પાડૂ પાશિ.' ૫૧

ઈમ ચિંતે તવ બે જણા, ગંધ લહી ગજરાજ;
ચિંતે 'માણસ કો મીલે, તો મુઝ શીઝે કાજ'. ૫૨

વાત કરંતા વેગસ્યૂં, મયગલ માતો દીઠ;
આપણપે તે ઊતર્યો, રથે કામિની બઈઠ. ૫૩

ધીર-ધીર [1]ધીરટ ધર્યો, ગજ બોલાવ્યો તોય;
તવ મયગલ મદે ભર્યો, કુંઅર પ્રતે ધસે સોય. ૫૪

**ચોપાઈ:-**

કુઅરે [2]ખાંડૂ એક કર લીધ, વનિતા પ્રત્યે એક વાચા દીધ;
જવ એ કુંજર ખહ સંસૂર, તવ રથ ખેડી જાએ દૂર. ૫૫

ઈમ કરતા ગજ આવ્યો પાસ, તો વિષયા મેહલે નિશ્વાસ;
'કહો એહને કેણીપરે જીતસ્યે?, એ હાથી વશ કિમ આણસ્યે?'. ૫૬

કુંજર કુમર પ્રદક્ષણ કરે, રથ ખેડી વિષયા સંચરે;
ફેરા દેતા ચિંતે ઈસ્યૂ, 'અણિપરિ હવડા થાકસ્યૂં'. ૫૭

મન ચિંતે રથ ગયો વેગલો, કુંજર થાકી થયો આકુલો;
કુમર કહે 'છે વેલા એહ, [3]જાના હાસૂ તો પામૂ છેહ'. ૫૮

અગડદત્ત ઈમ ચિંતી [4]પલ્યો, તે કુંજર નવિ આવી મિલ્યો;
તે બેઠો રથ ઉપર જઈ, વિષયા મનિ રલીયાયત થઈ. ૫૯

---

૧. ધૈર્ય. ૨. તલવાર. ૩. જાન=પ્રાણ હશે. ૪. ગયો. નીકળ્યો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નર-નારી હસતા પંથે જાઈ, તવ તે પોહતા માલવમાહિ;
મિલિઓ કટક સહૂ 'જય-જય' કરે, રાજકુમર મન ઉલટ ધરે. ૬૦

કટક બંધ કીધુ તિહાં રહી, આગલિ મંત્રી પાઠવીઉ સહી;
ચાલે કટક હણહણે કેકાણ, ઢોલ-દદામા ગડે નીસાહણ. ૬૧

આગલિ થા મયગલ મલપંત, પૂઠે થકા પાલા પુહચંત;
અગડદત્ત શિર ધરે છત્ર, વાજે પંચશબ્દ વાજીત્ર. ૬૨

બિહૂ પાસે ચામર ઢલકંત, બંદિજન બહૂ બલ બોલંત;
ચતુર સેન સહૂ સોહે સાર, પૂઠે પલ્યા આવે અસવાર. ૬૩

ક્રૂમિ-ક્રૂમિ આવ્યા નયર નિવેશ, સાહમો નૃપ આવીઓ સવિસેસ;
અગડદત્ત હયથો ઊત્તરે, તાત પ્રત્યે સાહમો સંચરે. ૬૪

કરી પ્રદક્ષિણા આવિઓ પાસ, રા આલ્યંઘન દિઈ ઉલ્હાસ;
કહે 'સફલ હૂઓ સંસાર, મુઝને આજ મિલિઓ કુમાર'. ૬૫

વહૂઅર બિહૂઈ લાગે [1]પાગ, રાય કહે 'મુઝ ફલીઉ ભાગિ';
રાજકુમરીના જોઈ [2]પેર, કહે 'કમાલ મુઝ આવી ઘેર'. ૬૬

માતતણે જઈ લાગ્યો પાય, હરખે આસ્યૂં પડે તેણે ઠાય;
યાચક ઘરે સવિ સિધ્યા કાજ, 'ભલે પધારિઓ એ માહારાજ'. ૬૭

દિન-દિન કુઅર કરે યુવરાજ, લોકતણા સવિ સીજે કાજ;
ધર્મધ્યાન ઉપરિ મન ધરે, રાજકુમરીસ્યૂં ક્રીડા કરે. ૬૮

વિષયા મન વાહાલિ અપાર, તેહ વિણ ન રહે રાજકુમાર;
તે સૂઈ તો સૂઈ રાય, તેહ જમે તો જમવા જાઈ. ૬૯

---

૧. પગે. ૨. રીત.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેહને દૂખે રાજા દુખીઓ, તેહને સૂખે રાજા સૂખીઓ;
વિષયારસે વિષયાસૂ રમે, દિન-દિન એણીપરે નિગમે. ૭૦

એકવાર મનિ રામતિ હોઈ, વિષયા સરસુ વાડી જાઈ;
વિવિધ પરિ વનિ ક્રીડા કરી, સાંઝ સમે નિદ્રા આદરી. ૭૧

કરી નીદ્રા તવ પોઢ્યો રાય, પ્રથમ પ્રહર તવ રયણી જાય;
તે તીવાર જેહવૂં વૃત્તાંત, તે સાંભલજ્યો સહૂ એકંત. ૭૨

દૂહાઃ-

પ્ર(ક)ર્મતણે જોગે કરી, કિહાંથો પ્રગટ્યો [૧]કાલ;
વિષયા [૨]વામાંગે ડશી, લાગે [૩]લહિર [૪]વિશાલ. ૭૩

વિષ સઘલુ ચાલ્યુ ઘણે, નીદ્રે નીદ્ર મિલંત;
નૃપ જાગ્યો વિષયા [૫]મોઈ, રાજા રુદન કરંત. ૭૪

'હા હા દૈવ! કિસ્યૂં કર્યૂ?, કે સમણૌ? કે સાચ?;
એહ ખૂટે હૂ સઈ મૂઓ, એહ આવી મુઝ વાચ'. ૭૫

કુમર કહે 'રે બાપડી!, રીસાવી કાં આજ?;'
ઊઠી આલંઘન દિઈ, [૬]મૃત્યૂને માહારાજ. ૭૬

ઊઠાડી બેઠી કરે, અંગે અંગ ભીડંત;
શબ સરસૂં સાઈ દીઈ, રાજા રુદન કરંત. ૭૭

કહે રાજા 'સુણિ કામિની!, જે તુઝ કારણિ કીધ;
તે નર કો કરસ્યે નહી, કરસ્યે નહી પ્રસીધ'. ૭૮

તવ મન ચિંતી ઊઠીઓ, હીયડૂં હણીઉં હાથિ;
ચહે ખડકી ચિહૂ પાખલે, [૭]ઘટ હોમૂ એ સાથિ. ૭૯

---

૧. કાળો સાપ. ૨. સ્ત્રીના અંગે. ૩. મૂર્છા. ૪. ઘણી, ખુબ. ૫. મરી ગઈ. ૬. મૃતકને. ૭. શરીર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચહે ઉપરિ જવ શબ ધરી, જવ પોતે પેસંત;
આકાસ્યે ઊડતા થકા, વિદ્યાધર બોલંત. ૮૦

'રે મૂરખ! તે માનવી, કિસ્યૂં કરે છે કર્મ?;
નારી ઊપરિ નર બલે, એ કહીઈ અધર્મ'. ૮૧

વલી-વલી વિદ્યાધર ભણે, 'તું સાંભલ ભૂપાલ!
કહૂ કથા કામિણિતણી, સુણ સુંદર! સુવિશાલ. ૮૨

પાછલ એક રાજા હતો, **શલ્ય** ભણ્યો તસ નામ;
રાજ રિદ્ધિ હૂંતિ ઘણી, કરે રાજ અભિરામ. ૮૩

એકવાર તે નૃપ ગયો, એકાકી વન મધ્ય;
[1]ગોહ સર્પસ્યૂં રાગિણી, ક્રીડા કરે મન શુદ્ધિ. ૮૪

તે દેખી નૃપ ચિંતવે, હૈડે કરે વિચાર;
''સાપણિ પરનરસ્યૂં રમે, ધિગ્-ધિગ્ એ સંસાર.'' ૮૫

તવ રાઈ ચાબકે કરી, મારિઆ બેહૂ તેહ;
સાપ ગયો બિલ સંચરિ, સાપણી ચિંતે એહ. ૮૬

તે સાપિણિ પાતાલની, નાગતણી ઘર નારિ;
મન ચિંતે ''એ માનવી, એહ અમ્હોરી [2]ચારિ''. ૮૭

જઈ ભર્ત્તારિ પ્રત્યે કહ્યુ, ''હૂં હૂતી નરલોક;
શલ્ય નામે નૃપ એક છે, તેણે હૂ મારી ફોક''. ૮૮

ક્રોધ સાપ શિર અતિ ચડ્યો, આવિઓ તેણ્યે ઠાય;
શેજ હેઠે [3]શલકી રહ્યો, તો ઘરે આવ્યો રાય. ૮૯

---

૧. ઘો. ૨. આચાર, ચરિત્ર. ૩. છુપાઈને.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાંઝ સમે વાલૂ કરી, રાજા સેજે બઈઠ;
કહે ''કારણ સૂણિ કામિની!, એક અસંભમ દીઠ''. ૯૦

મનિ ભૂયંગમ ચિંતવે, ''વાત સુણું હૂ તેહ;
તેહ અસંભમ છે કિસ્યૂં?, પછે નર [1]ડંકુ એહ''. ૯૧

શલ્યરાય તવ બોલીઓ, ''સુણિ કામિની! સુવિચાર;
વનમાહિ મેં પેખીઉં, નાગણિનૂ [2]વિભચાર. ૯૨

ગોહસર્પસ્યું નાગિણી, રમતી દીઠી જામ;
તવ મેં મનસ્યૂં ચિંતવી, ચાબક મારીઉ તામ.'' ૯૩

સુણિ સાપ હીયડે હસ્યો, ''ફટ! [3]ગોફારી નારિ;
મેં નરવર માર્યો હતો, કુડા વચન આધાર.'' ૯૪

તવ પ્રગટ્યો પાતાલસૂર, ''માગિ-માગિ વર રાય!;
મનવંછિત હૂં તુઝ દેઉ, સાચું કરુ પસાય''. ૯૫

તવ રાજા મન ચિંતવી, ''પંખી મોર ચકોર;
બોકડ બોલે તે લહૂ, સાવજ સઘલા ઢોર''. ૯૬

વર દેઈ સુરવર ચલ્યો, પણિ એક બોલો બોલ;
''બીજા કેહને જો કહીસ, તો તું મરશિ [4]ટોલ.'' ૯૭

તવ ભૂપતિ મન હરખીઓ, મેં વર લાધ્યો સાર;
પંખી-બોલે તે લહે, મન આવે નિર્દ્ધાર. ૯૮

એકવાર ભોજન કરે, રાણી પૂરે થાલ;
કીડી કણ લેઈ વલી, મનિ હસીઓ ભૂપાલ. ૯૯

---

૧. કસું. ૨. વ્યભિચાર. ૩. પગની એડી જેવી. ૪. નક્કિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કીડીને ઘેર [1]પરહુણઓ, આવ્યો હૂતો એક;
તેણે કારણિ ભાજનતણી, બહુલી કરે વિવેક. ૧૦૦

તવ કીડીને મુખ થકું, કૂર લીઈ મહારાજ;
કહે કીડી ''ફટ પાપીયા!, બાલૂ તાહરુ રાજ્ય''. ૧૦૧

**ચોપઈ:-**

સુણી ગાલ ને હસીઓ ભૂપ, રાણી જાણ્યૂ કિસ્યૂં વિરુપ?;
''કહો સ્વામી! કેણે કારણે સોઈ, વાંક અન્નમાહિ કેહવુ હોઈ.'' ૧૦૨

કહે રાજા ''કાંઈ નહી એહ'', વદે નારિ ''મુઝ છે સંદેહ;
એહ ન માને માહરુ મન્ન, કહેસ્યો તો પ્રીસિસ અન્ન''. ૧૦૩

પાંચ ખંડ પોઢે કરી, રચિઓ એહ પ્રબંધ;
**ભીમ** ભણે ભવીઅણ! સુણો, તો છુટે ભવ બંધ. ૧૦૪



૧. મહેમાન.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પંચમ ખંડ

**ચોપઈ:-**

સરસતિ મતિ અતિ આપે સાર, તો આઘો કહૂ કથા વિચાર;
વાગ વાણી વર વંછિત લહુ, તો એ કથા કતૂહલ કહૂ. ૧

તો રાણી લઢ લેઈ રહી, રાય કહે 'મેં કહિવૂં સહી;
જો હૂં એ ભાંજિસ સંદેહ, તો નિશ્ચે છાંડવો દેહ'. ૨

રાય કહે 'હૂ કહિસ વિચાર, ચહે ખડકાવૂ નયર બાહાર';
મિલ્યા લોક સહૂ કૌતિક જોય, રાજવર્ગ સહૂઈ સકે રોઈ. ૩

સેન્યસહિત તવ ચાલ્યો રાય, અંતેઉર સહૂ પૂઠે જાઈ;
નગરબાહિર આવીઓ નરનાહ, અંતેઉર મન ઉપજે દાહ. ૪

તવ બેઠો નૃપ આસન ધરી, આગલિ સવિ ઉભી સુંદરી;
તિણે સમે તિહાં [૧]છાલી ચરે, 'સુણિ બોકડ!' એમ છાલી ભણે. ૫

'રાયતણા જે ચરે તોખાર, તેહ ચાર મુઝ આપને સાર;
ગર્ભવતી છુ હૂં તાહરે, એ ઈચ્છા છે મન માહરે.' ૬

તો વલતુ બોકડ ઈમ કહે, 'અરે રાંડ!લવ કરતી રહે;
જો મુઝ પાટૂ દિઈ તોખાર, કિશે કાજ તું આવે નારિ. ૭

મુરખ રાજાનો હોઈ એહ, જે સ્ત્રી કારણે છંડે દેહ;
હુ છોડી કાઢીશ તુઝતણી, માહરે મહિલા મલસે ઘણી. ૮

સ્ત્રીનું કહિયુ કરે નર જેહ, આહાની પરે તે ચૂકે દેહ;
અલીઅ ન છાજે અમ ઘરિ કિસૂં, વલી નારી ઘણીઈ પામસ્યું'. ૯

તે સઘલૂ રાયે સાંભલ્યૂ, જે બોલ્યો તે સઘલૂ કલ્યૂ;
ફોકટ માટે મરીઈ કીસૂ, નારિ વલી ઘણીઈ પામિસૂ. ૧૦

---

૧. બકરી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રાણી પ્રતે રાજા ઈમ કહે, 'અરે નારી! સ્યૂં કહે છે કહે?;
એહ વાત તુઝને ન કહાઈ, મન ગમે તો જા ચહેમાહિ'. ૧૧

તવ રાણી કહે 'ચાલો ગામ, હવે સહુ મુઝ પોહતૂ સ્વામિ!;'
મુઝને એ ભાગ્યુ વૃત્તાંત, તો રાજા જીવે જયવંત. ૧૨

કહે વિદ્યાધર 'સુણિ મહારાજ!, નારી કસી ન આવે કાજિ;
નારી ઊપર જે નર મરે, તે ઊખાણો સાચો કરે'. ૧૩

અગડદત્ત 'કહે સુણયો તમ્હે, એહ વિણ નવિ રહેવાઈ અમ્હે;
જો નવિ નારી જીવે એહ, તો હું નિશ્ચે છાંડૂ દેહ'. ૧૪

નિશ્ચલ મન જાણિઉ રાયનૂ, કાઢીઉ અમૃત ભલૂ સ્વર્ગનૂ;
વિષયા [1]છાંડી બેઠી થઈ, અગડદત્ત મનિ ચિંતા ગઈ. ૧૫

નર-નારી ચાલ્યા ઉલ્હાસ, બેહૂજણ આવ્યા દેહરા પાસ;
કહે કુમર 'અંધારુ અહીં, વૈશ્વાનર જોઉ હૂ [2]કહી'. ૧૬

કામિનિ કર આપ્યૂં કરવાલ, તો દેહરામાહે ચાલી બાલ;
ત્રણ ચોર તિહાં [3]ખોટી સહી, તિહાં આવીને અબલા રહી. ૧૭

ચોર સાથે એક મોટો ઘડો, તે મહિથી કાઢૂ દીવડુ;
નારી રૂપ દેખી ગહગહે, વિષયા તેહ પ્રતિ વાચા કહે. ૧૮

દૂહાઃ-

'મુઝ ભર્ત્તાર ગયો અછે, છેટૂ અતિ ઘણૂ તેહ;
મુઝસ્યૂં ભોગ ભલા કરો, તમ મનવંછિત જેહ.' ૧૯

ચોર કહે 'જસ પતિ હૂઈ, તેહસ્યૂં ન કરુ કર્મ';
[4]અભિયાય જોવા ભણી, બોલઓ મોટો મર્મ. ૨૦

---

૧. છાંટી. ૨. ક્યાંય. ૩. વાટ જોતા હતા. ૪. અભિપ્રાય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'એહ વાત છે પાધરી, મારુ મુઝ ભરતાર;
જો પછે મને આદરો, વાચા દિઓ નિરધાર'. ૨૧

વીર કહે શ્રેણિક સુણે, એ નારીનો નેહ;
એહ કારણિ ત્યજતો હૂતો, અગડદત્ત નિજ દેહ. ૨૨

તો શ્રેણિક રાજા કહે, 'કથા ચલાવો દેવ!;
યે નારી નરને નડે, જાણૂ હું હેવ.' ૨૩

વીર વદે 'વસદે લેઈ, આવિઓ અગડકુમાર;
કહે કામિણી 'દિવો કરો, વેગે મ લાવો વાર'. ૨૪

દીપ કાજે હેઠો થઈ, ફૂંક દીઈ તે જામ;
વિષયા મનસૂં ચંતવી, ખડ્ગ ઊપાડ્યૂ તામ. ૨૫

ચોરે આડી લાકડી, દીધી મનિ ચિંતેહ;
દીધો ઘાઓ તેણે છબ્યો, ઠબકો વાગ્યો તેહ. ૨૬

તવ કરવાલ હેઠૂ પડ્યૂ, કુમર પભાણે ઈમ;
કહે કુમર 'સુણિ કામિની!, ખડ્ગ પડ્યૂ એ કેમ?.' ૨૭

**ચોપાઈ:-**

વિષયા કહે 'સુણિ સ્વામી! સાચ, અંધારે બીહની માહારાજ!;
ધૂજીઓ હાથ પડિઉ કરવાલ', કુમર કહે 'એ અબલા બાલ'. ૨૮

ર્ક્યો દીપ તવ સૂતા તેહ, કહે ચોર 'નર મારત એહ;
જેહથી રાજ કરે નિશદિશ, તેહ પુરુષનૂ છેદતી સીસ.' ૨૯

કહે ચોર 'ધિગ્-ધિગ સંસાર, જો નારી મારે ભર્ત્તાર;
એ અબલા કહેછે અજાણ, અબલા છલીઆ જાણ સુજાણ. ૩૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તો એક માયા કુડી ફોક, માયા-કાદવે ખૂંચે લોક;
માયા-પાસે નર બાંધ્યા બહૂ, માયાથી [1]વિગૂવે સહૂ. ૩૧

માયાથી નવિ થાઈ ધર્મ, માયાથી બંધાઈ કર્મ;
જીવ ન ચેતે મન્ન મઝારિ, માયા બાંધ્યો ભમે સંસાર. ૩૨

કેહેનુ ઘર? કેહેનો પરિવાર?, કહેના મોટા મંદિર સાર?;
કહેનુ ધન? સુત કહેના એહ?, સાથિ ન આવે એકું તેહ. ૩૩

ધર્મ-પાપ બેહુ સાથે હોય, બીજુ અવર ન કહેનૂ કોય;
કર્મબંધથી પડીઓ પાસ, વલી-વલી આવે ગર્ભાવાસ. ૩૪

ગર્ભાવાસે જે દૂખ સહે, તે કવીઅણ જણ કેતા કહે?;
ઊંધે મુખે દસ માસ જ રહે, તિહાં મનસ્યૂં પ્રાણી ઈમ કહે. ૩૫

'જો છુટુ ઈહાથી એકવાર, તો વલી નાવૂ આણે ઠાર;
જાણ્યો પુત્ર સહૂ ''જય-જય'' કરે, ''હૂં આહાં આહાં'' બાલક કહે. ૩૬

પ્રથમ દસકે નવિ જાણે તેહ, બાલપણા રસે વિલસે તેહ;
બીજે દસકે યૌવન ધરે, કામિનિ સરસી ક્રીડા કરે. ૩૭

ત્રીજે દસકે ધન કેડે ધાઈ, ધર્મ કાજ એકુ ન કરાય;
મન ચિંતે 'જવ ગરઢો હોઈ, તવ તપ-ધર્મ કરસૂં સોઈ'. ૩૮

ચોથે પુત્ર કલત્ર પરવર્યો, મોહજાલસ્યૂં બાંધી ધર્યો;
પંચાસે જવ આવી પલી, તોયે ન ચેતે મૂરખ વલી. ૩૯

સાઠિ પછી સરલુ ફીટંતિ, મુખિ મોટા માલા ચાવંત;
સિતેરનો જવ હોવો સોઈ, કહિઉં કરે નવિ તેહનુ કોઈ. ૪૦

૧. વગોવાય, દુઃખી થાય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પછે ધર્મ ઉપરિ મન થાઈ, દેહરે-[૧]પોશાલે ન જવાય;
પર્વ દિવસે ઉપવાસ ન હોય, ભૂખે ફેર પડે નર સોઈ. ૪૧

ઈમ ચિંતવતુ કાલે મરે, પુણ્ય કાજ એકુ નવિ કરે;
કર્મ બંધાઈ વારોવાર, ફેરાફેરિ કરે સંસાર. ૪૨

તેહ ભણી માયા પરહરો, કહે ચોર 'સંયમ આદરુ;
એ દૃષ્ટાંત લહિઉ છે આજ, હવે કરુ નિજ પ્રાણી! કાજ.' ૪૩

તેહ જ વન ને તેહ જ ઠામ, રિષિ એક દીઠો અભિરામ;
કર્મબંધ ખમ(પા)વી કરી, ત્રિહૂં ચોરે દીક્ષા આદરી. ૪૪

અગડદત્ત વિષયાસ્યૂં રમે, દિવસ કેત એણીપરે ગમે;
એકવાર રામતિને હામિ, તો તે કુંઅર ગઓ આરામ. ૪૫

તવ મુનિવર એક મોટો દીઠ, નમી ભૂપ તસ પાસે બેઠ;
ચેલા ત્રણિ દીઠા કુમાર, રુપવંત રૂડા સંસાર. ૪૬

તવ મનિ ચિંતે કારણ લહી, 'કાં એણે દીક્ષા સંગ્રહી?;'
'કહો ભગવન! મુઝ એક સ્વરુપ, આ કુણ નર? કહો કિહાના ભૂપ?. ૪૭

કેણે કારણે સંયમ આદર્યો?, પુત્ર-કલત્ર-ધન શઈ પરહર્યો?;
કહે મુનિસ્વર 'ઈમ ન કિહ્યાઈ, એ સંબંધ વડો છે રાય!. ૪૮

પાલિમાં નર વસતા એહ, ભાઈ ચ્યારમાહિ ભલો સનેહ;
એકવાર કો નર આવીઓ, વડો ભાઈ તેણે એ મારીઓ. ૪૯

એ ત્રણિ [૨]નુ [૩]હૂતા ઘર બારિ, ભોજાઈ બોલિ સવિચાર;
''તમ બંધવ નરિ માર્યો જેહ, ભામિની [૪]સરસું જાઈ તેહ.'' ૫૦

---

૧. પોષધશાળા. ૨. એ સમયે. ૩. હતા. ૪. સાથે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તે પૂઠે થ્યા ત્રિણિ એહ, "જિહાં જાઈ તિહાં મારુ તેહ";
આણે નગરે તે નર આવીઓ, એણે રાજકુમર જાણીઓ. ૫૧

[૧]છોડ્છૂં કિહાં ન પામે વાહિ, એ આવી રહે દેહરામાંહિ;
રાજકુમર વનમાહિ ફિરે, કામિણી સરસું ક્રીડા કરે. ૫૨

સાંઝ સમે તિહાં સૂતો રાય, એ ત્રણિ ગયા તેણે ઠાયઃ
રાજાને મન એ અતિ વસી, તે સુંદરી શરિ સાર્પે ડસી. ૫૩

તે તવ રુદન કરે ભૂપાલ, હીયા સરસી ચાંપી બાલ;
મેલ્યા કાષ્ટ કરવા દેહ-અંત, વિદ્યાધર એક કહિઉ વૃત્તાંત. ૫૪

તે નવિ માનિઉ રાજકુમાર, તેણે તે જીવાડી નારિ;
એ ત્રિણે તવ ચિંતે ઈસ્યૂં, "હવે આપણ એહને મારસ્યૂં. ૫૫

આગલ [૨]થા દેહરામાહિ ગયા, ત્રિણે મન રલીઆયત થયા;
તવ બિન્હૂ જણ આવ્યા તિહાં, વૈશ્રવાનર લેવા ગિઓ જિહાં. ૫૬

અબલા કરે આપિઉ કરવાલ, તો દેહરામાહિ ચાલી બાલ;
ત્રણિ દીઠા મન મોગ, કહે કામિનિ "કરો મુઝસ્યું ભોગ". ૫૭

એણે કહ્યૂ "તાહરો ભર્ત્તાર, મારે તો માડૂં વિભચાર";
તવ વસદે લેઈ આવિઓ રાય, પરગટ કરવા હેઠો થાય. ૫૮

મૂક્યૂં ખડગ મનસૂં આદરી, આણે આડી લાકડી ધરી;
કુમર કહે "રે! એ સ્યૂ? બાલ!," "ધૂજિઓ હાથ પડિઉ કરવાલ." ૫૯

તે મૂરખ મન માન્યૂ સહી, નારિતણુ નિશ્ચય સંગ્રહી;
દેહરામાહિ દીવો ક્ર્યો, વલી ભોગ નવો આદર્યો. ૬૦

---

૧. અસહાય, એકલા. ૨. થઈને.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તો એ ત્રણિ કર્યો વિચાર, મન વૈરાગ્ય ધર્યો અપાર;
તો આદરીઓ સંયમભાર, જાણી એ સંસાર અસાર'. ૬૧

**દૂહાઃ-**

કુમર કહે 'તે હૂં સહી, મેં તે કીધા કર્મ;
માયા-મોહ મે આદર્યુ, એહ ન જાણ્યો મર્મ. ૬૨

એ મુઝ સાથે નિકલી, [1]તિજી પોતાનો નાહ;
તવ મે ઈમ્મ જાણીઉ, મુઝને દેતી દાહ. ૬૩

મૂહ પાહિઈ તસ્કર ભલા, હૂં ઉગાર્યો જેણિ;
પલ્લીપતિ મેં મારીઓ, એહને કારણ તેણ. ૬૪

એહને કારણ મે ઘણા, કીધા અનેક અધર્મ;
પરિ-પરિના પરિભવ સહ્યા, બાંધ્યા બહુલા કર્મ.' ૬૫

અગડદત્ત મનિ ચિંતવે, 'મેં મન આણી નારિ;
હવે તેહ મત આદરુ, જમ નાવૂ સંસાર'. ૬૬

મુનિવર પ્રતે ઈમ બોલીઓ, 'આપો સંયમભાર;
બાર-બાર હૂં ભવ ભમ્યો, [2]જમ નાવૂ આદ્ધાર'. ૬૭

વૈરાગે તે મુનિ કન્હે, લીધો સંયમભાર;
દિન-દિન તપ અધિકો કરે, અગડદત્ત રિષિ સાર. ૬૮

તેણે જમ મોહ મુંકીઓ, તિમ જે મુકે આસ;
**ભીમ** ભણે તે ભવ તરે, વલી નાવે ગર્ભાવાસ. ૬૯

કેતે કેતે [3]દ્યાહાડલે, સોસી તેણે કાય;
શિવરમણી હેલા વરી, અગડદત્ત રિષિરાય. ૭૦

---

૧. ત્યજી. ૨. જેમ. ૩. દિવસે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એ કથા કિહાંથી કથી?, કિમ જાણ્યો સંબંધ?;
કહે કવિ તે મે કિહા સુણી?, કિમ કીધો પ્રબંધ?. ૭૧

**ચોપાઈ:-**

નગર ભલું **નડીયાદઈ** ચંગ, ગઢ-મઢ-મંદિર અતિ ઉત્તંગ;
વસે વ્યવહારી માહાજન બહૂ, એક-એક [1]પહે ચડતા સહૂ. ૭૨

તીરથ ઘણા છે એ પુરમાહિ, **શાંતિનાથ** નામે દુખ જાઈ;
નગર શિરોમણિ પુરવર એહ, કહેતા કિમહી ન આવે છેહ. ૭૩

કહે કવિ તા સ્યૂં વખાણી એ?, મહિલા વારૂ મહિઅલિ જાણીઈ;
ધર્મ નીમ પાલે આચાર, પીડ્યા નર પીહર સાધાર. ૭૪

દાન પુણ્ય તપ બહૂલા કરે, સાત વ્યસન સહૂકો પરહરે;
તે ફોઈની પૂંગી આસ, જેણે નામ દીધૂ **જિણદાસ.** ૭૫

ઘણ-કણ-કંચણ તેહ ઘરિ બહૂ, કહે કવિતા તે કેતા કહૂ?;
અધીક પુણ્ય કરે દિન-દિન, જસ ઘરે બેટા પુરુષ-રતન્ન. ૭૬

જે ગુરુ કહે તે સાચ, સહિગુરુતણી ન લોપે વાચ;
પુણ્ય કાજ સાધે એકલું, પાપકર્મથી રહે વેગલૂ. ૭૭

કોઈ રાજકુલ મંડણ હોય, જસ ગુણ પાર ન પામે કોય;
જીવદયા નિતું પાલે ઘણી, વાચ ન લોપે શ્રીગુરુતણી. ૭૮

**જૂવરાજ** જગમાહિ ચંદ્ર, કરિ અવની અવતરીઉ ઈંદ્ર;
ધર્મ કરે જલિ જયણા સાર, ઘરિ મંડાવે [2]શત્રૂકાર. ૭૯

**જાવડ** જગમાહિ સુપ્રસિદ્ધ, જેણે પુણ્ય અતિ બહૂલા કીદ્ધ;
સુખે સમાધિ વિલસે ઘણુ, પુણ્યતણુ ફલ લે અતિ ઘણું. ૮૦

રુપવંત **રુપા** સા જેહ, અવનિ અનંગ અવતરીઓ તેહ;
તાસ સાથે સોહે **હરચંદ**, પુણ્ય કાજે જેહને આણંદ. ૮૧

---

૧. થી. ૨. દાનશાળા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**નાગર**વંશતણો શિણગાર, **સામલ** સામલ-વન્નઉ સાર;
સાહા **સાણા** સુત **નાકર** જેહ, અહનિશિ પુણ્ય કરે નર તેહ. ૮૨

શ્રાવક અવર ઘણા છે બહૂ, પુણ્ય કાજે સામર્થી સહૂ;
ત્રણિ કાલ સહૂ વંદે દેવ, અહનિશિ સાધે સહિગુરુ સેવ. ૮૩

સયલ સંઘ બેઠો એકવાર, હુઈ કથા તવ ધર્મ વિચાર;
**તપગછ હેમવિમલ** સૂરિ રાય, જસ નામે બહૂ પાતિક જાય. ૮૪

તાસ પાટે અતિ ઘણી જગીસ, શ્રી **સૌભાગ્યહર્ષ** સૂરીસ;
તસ ગચ્છિ **હર્ષ** જઈ પંડીત સાર, કરિ અભિનવ ગૌતમ અવતાર. ૮૫

તે પણ્યાસ તિહાં ચુમાસિ, સયલ સંઘ બેઠો ઉલ્હાસિ;
કરે વખાણ તે [૧]અતિસ પવિત્ર, અગડદત્તનુ કહિઉ ચરિત્ર. ૮૬

તેહ વચન્ન મે શ્રવણે સુણિઉ, સરસતિ-ચરણકમલ મન ધરિઉ;
આણંદ આપી કહે હરચંદ, તિહાંથૂં મુઝ ઊપનુ આણંદ. ૮૭

એહ રાસ રચિઓ ચુસાલ, કુણ સંવત? તે કહુ કાલ;
પંનર શત ચુરાશી જેહ, આષાડ વદિ સોહે તેહ. ૮૮

તિથૌ ચૌદસિ સોહે સપવિત્ર, વાર શનૈશ્ચર પુષ્યનક્ષત્ર;
રચિઓ રાસ સઘલો એકત્ર, અગડદત્તનું કહિઉ ચરિત્ર. ૮૯

**દૂહાઃ-**

પઢે ગુણે જે સાંભલે, નર-નારી ઉલ્હાસ;
અગડદત્ત કેરી કથા, તે નાવે ગર્ભાવાસિ. ૯૦

પાંચ ખંડે પોઢે કરી, રચિઓ એહ પ્રબંધ;
**ભિમ** ભણે ભવીઅણ! સુણો, તો છુટે ભવ બંધ. ૯૧

---

૧. અતિશય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૧૦. માન/મહિમાસિંહજી કૃત અગડદત્તરાસ

**દુહા :**

જિનવર ચોવીસે નમી, **સરસતી** દેવ પસાય;
**અગડદત્ત** ઋષિ ગાઈ યઈ, પ્રણમિય સદ્ગુરુ પાય. ૧

શ્રી **ઉત્તરાધ્યયનઈ** એ કહ્યો, એ ચોથઈ અધિકાર;
જે અધ્યયન અસંખીયો, નિદ્રા ભેદ વિચાર. ૨

દ્રવ્ય-ભાવ ભેદે કરી, જે જાગે નર-નારી;
તે ઈણભવી-પરભવિ, સૂખી થાયઈ લઘૂ-સંસારિ. ૩

તે સૂર-નર પૂજા લહૈ, જે જાગતો હોઈ;
સૂતા સો વિગુતા સહી, વાત ન પૂછઈ કોય. ૪

બહૂ નિદ્રા અવગુણ ઘણા, હોઈ પ્રમાદી જીવ;
નીદ્રાવસી પૂરવ ભણી, મુનિ [૧]નિગોદ કરે [૨]રીવ. ૫

પહિલો [૩]દ્રવ્યત જાગીયૌ, ટલિઓ મરણ દુખખાણિ;
ભાવ ધરી જાગ્યૌ પછે, ગ્રહિ સંજમ ગુણખાણિ. ૬

શ્રી **શિવનિધાન** વાચક ચરણ, પ્રણમિય વંછિત દાન;
તે સંબંધ સહસ કહૈં, કર જોડિ મુનિ **માન.** ૭

**ચોપઇ**

જંબૂદ્વિપ સકલ ગુણખાણ, ભરત [૪]ખેત તસૂ મધ્ય વખાણિ;
તિહાં વર **સંખપૂર** શ્રીકાર, ગઢ-મઢ-મંદિર-પોલિ ઉદાર. ૮

---

૧. નિગોદમાં. ૨. પોકાર. ૩. દ્રવ્યથી. ૪. ક્ષેત્ર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વન-વાડિ-પરિમલ સૂવિશાલ, વાવિ-સરોવર-કૂપ રસાલ;
જિનમંદિર શીવમંદિર [1]ઓલિ, ઘરિ-ઘરિ તોરણ મંડિત [2]પોલિ. ૯

દાનસાલા જિહાં દિજે દાન, પંથિ-અતિથી લહેં બહુ માન;
ભોગી ભમર ચતુર નર વૃંદ, ગુણ-ગ્રાહક બહુ-ધન આનંદ. ૧૦

તિહાં રાજા ગુણવંત સૂજાણ, [3]તેગ ત્યાગ નીરમલ સુવિહાણ;
[4]કાછ વાચ નિકલંક સૂધિર, **સૂંદર** નામ મહા રણવિર. ૧૧

તસ ઘર-ઘરણી બહૂં ગુણભરી, સીલ-રુપ રંભા અવતરી;
રાણિ **સુલસા** નામંઈ ભલી, પતિ-ભગતિ બિહુ ગુણ નિરમલિ. ૧૨

તાસ ઉદર માનસરૌવર હંસ, **અગડદત્ત** ગુણ સૂપ્રસંસ;
અનુક્રમે જોવન પુહત્તો સોઈ, અન્યાઈ મદઅંધો હોઈ. ૧૩

ધર્મ રહિત કરુણા તજિ [5]પાસિ, વિનય રહિત્ત ઝૂઠિ વાત [6]પ્રકાસ;
નીલજ નગરઈ ભમઈ નિસ્સંક, પરઘર પરરમણી ગ્રહિ અંક. ૧૪

ઈચ્છાચારિ જૂવટઈ રમઈ, મદ્ય-મંસ ભક્ષણ મનિ ગમંઈ;
નટ-વિટ-વેશ્યા સંગઈ સદા, સેવઈ સાત વસન સર્વદા. ૧૫

રાજપુત્ર જોવન મદ ભર્યો, રાત દિવસ મન નીર્ભય કર્યો;
માત-તાત પણિ અવગુણઈ, તેહ કરઈ જે મન આપણઈ. ૧૬

પુરુષરત્ન અત ઉત્તુમ લોઈ, એક [7]ખોડિ તિણિમાહિ હોઈ;
ચંદ કલંકિ સાગર ખાર, કેતકિ કંટા [8]દિવ વિકાર. ૧૭

પંડિત નિર્ધન કૃપણ નરેસ, અતિ સૂંદર [9]દોભાગિ-વેસ;
હોઈ વિજોગ ઘણી જીહા પ્રિત, કામદેવ વિણુ દેહ કુરીતિ. ૧૮

સજન-ઘરિ દારિદ્ર વિચારી, મૃગ લોચન દીધા કિરતાર;
નાગર વેલિ નિફલ સંસાર, ચંદન ફલ વિણ ફૂલ સુધાર. ૧૯

---

૧. શ્રેણી. ૨. પોળ=દ્વાર. ૩. શમસેરી તલવાર. ૪. કાયા. ૫. પક્ષ. ૬. પ્રકાસે - બોલે. ૭. ખોટ. ૮. દેવલોક. ૯. દુર્ભાગી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**કવિત્તઃ**

સશિ ન કિયો નિકલંક, કાયા ન હું દિધી મયણા,
સયણા દિધ દરીદ, [1]લછિલે દિધિ [2]કિવિણા;

લોયણ દિધ કુરંગ, હીણ–લોયણા કિય નારિ,
નાગર વેલ કીય નિફલ, કિય સફલ તૂંબડિ વધારી;

સોરભ હિણ સોવન્ન કીય, સયલ લોય વિબ્ભમ ભયો,
હા હા! દેવ! કારણ કવણ?, ઠાઈ–ઠાઈ વલ્લભ ઠાયો?. ૨૦

---

૧. લક્ષ્મીવાનને. ૨. કૃપણતા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દૂહા :

[1]સાહિ [2]સાયાણપ સબ ગઈ, જબ તનિ પ્રગટ્યો પ્રેમ;
લાજ તજી નિર્ભય ભએ, મનસા વાચા નેમ. ૨૧

મન [3]ગયંદ માને નહિ, મદન મસ્ત ગંભીર;
દુહરી તિહરી ચોહરી, પરી પ્રેમ જંજિર. ૨૨

રાજકુમર અતિ લાડિલો, લીલા રંગ ભૂવાલ;
સો વંછિત કિમ નવિ લહઈ, જાસ પિતા ભૂપાલ?. ૨૩

## ઢાલ : ૧, એક દિવસ કોઈ માગધ આયૌ પૂરંદર પાસિ – એ દેશી.

[રાગઃ કેદારો ગોડી]

તિણિ અવસરી સબ મલિય, મહાજન કરઈ વિચાર,
'રાજકુમાર પરવસિ મદ, પીવઈ ફિરઈ આચાર;
કાજ-અકાજ ન જોવઈ, જોવન-મદ અહંકાર,
નટ-વિટ સંગ કુસંગઈ મિલીઓ, કુણ કરઈ પૂકાર?. ૨૪

ભૂપતિ તાત કર્યો ન કરઈ, નહિ સંક [4]લિગાર,
લાજ તજિ નિર્ભય મન, વિચરઈ નગર મઝારિ;
જિમ [5]મયંગલ મદ ઝરતો, મદ મોકલ અતાર,
વિણુ અંકુશ ઇચ્છાચારી, તિમ એહ કુમાર. ૨૫

જિણ દિસી મન માનઈ, તિણિ દિસી પેઈસઈ ગેહ,
ધન-પરિજનો [6]વણસાડે, કામ વસઈ નિસનેહ;
લોક ગરીબ કહૈ, કિમ તિણસૂં ફેરી વાચ?,
નગર ખરાબ કીયૌ, નવિ જાણઈ ભૂપ સાચ. ૨૬

---

૧. શેઠાઈ. ૨. શાણપણું=ચતુરાઈ. ૩. ગજેન્દ્ર. ૪. લગાર, જરા પણ. ૫. હાથી. ૬. વિણસાડે=નાશ કરે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આગી જલ્યા નર, સરણઈ અગનિતણઈ,
ફિરિ હોઈ તો છૂટઈ સબ કષ્ટ, ન દૂજો કારણ કોઈ;'
ચાલહુ સર્વ મિલિ માહાજન ભૂપતિ પાસિ,
'કઇ નિજ કુમર નિવારો, કઈ સબ છોડાં વાસ.' ૨૭

ઇમ ધીરજ ધરિ ચલ્યો, મહાજન [1]મેલિ વૃંદ,
ભેટિ ધરિ ભેટ્યૌ, નરપતિ સુખ-વૃંદ;
પૂછઈ ભૂપતિ 'સુખઈ, રહો હમ વાસી,
કિણિ કારણી મિલિ આયા, આદરસૂં હમ પાસિ?'. ૨૮

તબ કર જોડિ ય બોલઈ એ, [2]કવડો તિહા વાણિ,
'તુમ રાજઈ સબ લોક સૂખી, રહઈ તા હિત જાણિ;
સાહિબ! સંભલિ વીનતી એક, પ્રજા માય-બાપ,
અગડદત્ત તુમ કુમર નગર, બહૂં કરઈ સંતાપ. ૨૯

ખમ્યૌ ઘણા દિન ઉપદ્રવ, કોડિ વિણાસ,
ભૂપતિ-સૂત જાણિ નવિ, બોલ્યા ઇણિ પુરિ વાસ;
હિવઈ અકારજ કરઈ ફિરતો, નીસદિન તૂં રાખિ.'
ઇણિ વચને રાજાનઈ, દીધી સગલે [3]સાખિ. ૩૦

ભૂપતિ સંભલિ વચન, મહાજનનઈ દેઈ માન,
'તુમ પૂહુચો હુ રાજકુ[મ]રનઈ કહુ [4]નિદાન;'
ઇમ કહિ સર્વ માહાજન, ઘરિ મૂક્યૌ તણિવાર.
રાજા રાજસભા તજિ, તેડયૌ રાજકુમાર. ૩૧




૧. ભેગા મળીને. ૨. કડવી. ૩. સાક્ષી. ૪. અવશ્ય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**દૂહા :**

રાજા કોપઇ ધમધમ્યો, જિમ ઘૃત અગન મઝરી;
સૂતો સાપ જગાવિયો, તિમ સોચઈ ન વિચાર. ૩૨

લોચન લાલ કરી તિહાં, ભૃકુટિ ચાઢિ [૧]નાલાડિ;
અધર ડસી દોઈ કર દાસી, ભૂપ ભણઈ નિર્ધાડિ. ૩૩

## ઢાલ : ૨, લે ચલી રે વાલેરઈ – એહની.

કહઇ ભૂપતિ નિજ સૂત ભણિ, 'તૂં મૂઝ વંસ કુઠાર લલના;
કુલ-કલંક તૂં અવતર્યો, કુલહ ઉડાઈ [૨]છાર લલના.' ૩૪

કુમર સૂણઈ ભૂપતિ કહે, અગડદત્ત અદીણ લલના;
નિજ અવગુણ જાણિ ઘણા, બોલઈ વચન ન લિણ લલના. ૩૫ કુમર૦

'જિણ કુલી હય-ગય-રથ ઘણા, પાયક બહુ પરિવાર લલના;
અંતેઊર સુંદર ઘણા, તિ કિમ ફિરઈ ગમાર? લલના.' ૩૬ કુમર૦

'સોઈ સોનો કીજઈ કિસો?, જિણિનઈ તૂટઈ કાન લલના;
ખિર-ખાંડ કિણિ કામનો? ફૂંટઈ પેટ નિદાન લલના. ૩૭ કુમર૦

વલ્લભ સોનાની છૂરી, પેટ ન મારઈ કોય લલના;
પૂત કપુત ન રાખિયૌ, જિણ કુલ-અપજસ હોય લલના. ૩૮ કુમર૦

તેઈ અપરાધ ઘણા કીયા, તેહ સહ્યા સૂત જાણિ લલના;
હિવ સૂપૂ પ્રજાસૂ પુકારતી, વાસ તજઈ દુખ આણિ' લલના. ૩૯ કુમર૦

પ્રજા ગઈ રાજા ગયૌ, પૂચો પાંચે હોઈ લલના;
ઠાકુર કુડ સારિખો, જો ધન લોક ન કોઈ લલના. ૪૦ કુમર૦

---

૧. ભાલમાં. ૨. રાખ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉચ્ચ સંગી તજી નીચસૂં, માડે નેહ અપાર લલના;
[1]વિસની અન્યાઈ સદા, માત ઉદર રહ્યૌ બહુ ભાર લલના. ૪૧ કુમર૦

નારિ કુનારી કુભૂપતિ, અને પૂત [2]કુમિત લલના;
ઈણિ સંગતિ દુખ પાઈયૈ, દિન પ્રતિ હોઈ વિપરીત લલના. ૪૨ કુમર૦

ધન-ધન સાગર સ લહિયૈ, જે રાખે વિચિ આગિ લલના;
જેમ [3]સનીસર રવિ-ઘરઈ, તિમ તૂ નહિ મૂઝ લાગિ લલના. ૪૩ કુમર૦

જિમ જલ સિચ્યૌ લાકડૌ, નવિ જલ બોલૈ તાસ લલના;
તિમ મુઝ તિમ સુત તૂં અવગુણી, કિમ મારુ નિજ પાસિ?' લલના. ૪૪ કુમર૦

તીન પાન બીડો દીયઓ, હૂંઉઅ [4]પૂઠો રાય લલના;
કુમર આંખી તબ ઊઘડી, [5]દેશોટો દીયૌ રાય લલના. ૪૫ કુમર૦

મદ ઉન્માદ ભૂલી ગયૌ, ચેતિઓ [6]હીયઈ વિચાર લલના;
જનની પગિ લાગિ, બોલઈ તિહાં કુમાર લલના. ૪૬ કુમર૦

'માત! તાત! તીરથ તુમે, હું તૂમ બાલ અજાણ લલના;
તુમ સીરી હૂં ખેલ્યૌ ઘણો, ખમેજ્યો અવગુણ ઠાણ લલના. ૪૭ કુમર૦

માત-તાત વિહડે નહી, જો કપૂત સૂત હોઈ લલના;
એહ ઉખાણો વહિ ગયૌ, હિવઈ કરમ પરખ્યા હોઈ' લલના. ૪૮ કુમર૦

**શ્લોક :**

**कविरकविः पटुरपटुर्धीरो भीरुश्च कुलजः।**
**कुलेन हिनो भवति पुमान् नरपतेः कोपात् ।।१।।**

---

૧. વ્યસની. ૨. કુમિત્ર. ૩. શનિગ્રહ. ૪. ઉલટો ફરી ગયો. ૫. દેશવટો. ૬. હૃદયમાં.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**દૂહા :**

ભમરાએ દિન કઠિન હિ, સહિ અપણૈ સરીર;
જબ લગી વીકસૈ કેતકિ, તબ લગી બઈસઈ કરીર. ૪૯

કંત ભમંત ન લજીયઈ રે, વઈરી [૧]અસમસ્થ;
ના જાણું કોઈ મિલઈ, તારણ-તરણ સમત્થ. ૫૦

બપયૌ ત જલ પીયઈં, જંઘણઉ નવિ દેઈ;
માણ વિહૂંણૌ ધરણિ તલિ, મરઈ ન ચૂંચ ભરેઈ. ૫૧

**કવિત્ત :**

કિણિ કાલ વર તુરીય ચંપિ આસણ બઇસીજઇ,
કિણિ હી કાલિ [૨]પાણહિ પાયા ન હુ [૩]પૈહિરણ પુજઈ;

કિણ હિ કાલ કપૂર સરસ તંબોલ ન ભાવઈ,
કિણિ કાલી [૪]ખલિ-ડલિય [૫]ટુક મંગતા ન પાવૈ;

કિણિ કાલિ વર કામની, ભત્ત ન ભાવઈ ઘી સરસ,
જિણિ [૬]છંદ દેવ વાવઈ, પડઈ તિણિ છંદ નાચઈ પુરસ. ૫૨

નિજ અવગુણ જાણી કરી, છોડઈ કુમરઉ દેસ;
સબ સાથિ નિજ ઘરી રહ્યા, દુખમાંહિ સાથિ ન લેસ. ૫૩

## ઢાલ : ૩, રાગ-મારુ.

કુમર ચાલ્યો ધરિ સાહસી એકલો રે, બીજો ખડગ સહાય;
ગામ-નગર-પુર છોડતો રે, કરમ કથા ન કહાય. ૫૪ કુમર૦

---

૧. અસમર્થ. ૨. જોડા. ૩. પહેરણ. ૪. પુરી-દાળ. ૫. ટુકડો. ૬. ઇચ્છા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પુર-પુર અદભૂત અચરીજ દેખતો, લંઘ્યા દેશ અનેક;
**વાણારશિ** પુર પુહુતો સાહસી રે, દેખૈ નગર વિવેક. ૫૫ કુમર૦

જૂથ ભ્રષ્ટ જિમ પુર વિચરઈ રે, ફિરઈ અગડદત્ત ઠામિ;
મન [૧]અમરસ વિણીહી સો બોલૈ નહિ રે, પર-ઉપગારી ઠામ. ૫૬ કુમર૦

ભાવ [૨]લખઈ પર પુરુષ મિલતાં રે, વિદ્યા ચઉદ નિધાન;
કરુણાનીધી દેખી તસ પાએ નમે રે, રાજકુમર સુપ્રધાન. ૫૭ કુમર૦

**દૂહા :**

તિણિ દેસઈ ન જાઈયઈ, જિહાં અપણો ન કોઈ;
સેરિ-સેરી હિડતાં, વાત ન પુછઈ કોય. ૫૮

સેઉ સબ જૂગમિત કરી, બરનઈ કિહિ ઠોર;
સબ જૂગમિત કરી સકઈ, તો એક મિત ઈક ગામ. ૫૯

**ઢાલ :**

કલાચાર્જ પૂછેં તિહાં કુમરને રે, 'કુણ તૂં? કુમર! પ્રકાસિ';
અગડદત્ત એ સહૂ સાચો કહિઉ રે, સાભલિ [૩]સગુરુ ઉલાસિ. ૬૦ કુમર૦

કલાચાર્જ કહે 'સૂખેં ઇહાં રહો રે, સીખો કલા અભ્યાસ;
હય-ગય-રથ-ધન-પરીજન તાહરઈ રે, ગુપત ન કહિજ્યો નિવાસ.' ૬૧ કુમર૦

કલાચાર્જ નારીસું ભાખિયો રે, 'મૂઝ બંધવ સુત એહ;
સુખઈ રહે તિહાં નિજ ઘરી સારીખો રે, સીખઈ કલા સસનેહ'. ૬૨ કુમર૦

હય-ગય-રથ-હથિયાર કલા સદા રે, સીખઈ સગુરુ પસાય;
કલા [૪]બતરી સીખ્યો વિનયસ્યું રે, વિસન તજિ દુખદાય. ૬૩ કુમર૦

ગુરુ-ઘર પૂઠઈ વિસ્તર બાગમંઈ રે, કરે કલા અભ્યાસ;
દિવસ-સમંઈ સહૂ એ વંછિત મિલે રે, દિન-દિન લીલ વિલાસ. ૬૪ કુમર૦

---

૧. અમર્ષ. ૨. ઓળખે. ૩. સદ્ગુરુ. ૪. બાવત્તરી=બહુંતેર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**દૂહા :**

ઈણિ અવસરી તિણિ નગરનો, સેઠ **બંધુદત્ત** નામ;
તાસિ મહલ વન પાસઇ, તિહાં જિહાં કુમર વિશ્રામ. ૬૫

તસૂ બેટિ અતિ વલ્લભા, **મદનમંજરી** નામ;
[૧]મહોલિ ગોખી બઇઠિ તિહાં, પેખઇ કુમરસૂ તામ. ૬૬

અદભૂત રુપ કલાનિલો, દેખિ રાજકુમાર;
રાગ ધરી કુમરી તિહાં, મિલવા પ્રિતિ અપાર. ૬૭

ગઉખિ ચઢી ફલ-ફૂલ બહૂં, નાખઇં કુમરી તેમ;
કુમર કલા-રસિ નવિ ગિણઈ, સુખ તજિ વિદ્યા-પ્રેમ. ૬૮

કામાતુર અતિ સૂંદરી, મદનમંજરી આઈ;
એક દિવસ મારે દડો, કુમર પૂઠિ કુસુંમાય. ૬૯

તબઈ કુમર ચિત આપણઇ, ચિંતઇ 'કવણ સુબાલ?;
કુસમ ગુછ મારઇ ઇહાં, ફિરી દેખઇ તતકાલ.' ૭૦

**ઢાલ : ૪, સૂગુણ સનેહિ મેરો લાલા - એહની.** [રાગઃ કેદારો ગોડી.]

દેખઈ કુમર મહૂંલ દિસિ બારી, અદભૂત દેખી સુંદર નારી;
રુપ અનોપમ નાગકુમારી, આપ વિધાતા હાથી [૨]સમારી. ૭૧

નખસિખ ભૂષણ-જડિત તસૂં દેહા, માનું કામ-વધૂ રતિ એહા;
હાવ ભાવિ વિભ્રમ સુવિલાસ, કામિજન-મન પૂરણ આસ. ૭૨

જિણ દીઠઈ તાપસ તપ ચૂકઈ, માહાદેવ પણિ તાલિ મૂકે;
ચિતઈ કુંમર ચિત્રામ વણાઈ, અથવા પરતખિ અપછર આઈ. ૭૩

---

૧. મહેલના. ૨. શણગારી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કુમર આનંદિઓ મનહિ વિમાસઈ, પૂછઉ 'કવણ? કિહાં તુમ વાસઇં?;
કવણ કાજિ ઇણ ઠામિ?, કુસમ-દડઉ માર્યોં કીણી કામઈ?' ૭૪

પૂછઈ કુમર 'કવણ તું બાલા?, ઈહાં ઊભી કિણિ કામિ રસાલા?;
વિદ્યારથી કલા અભ્યાસઈ, કરતાં કાંઈ ખોભઈ સુવિલાસઈ?' ૭૫

એમ સૂણિ કુમરી ફિરી ભાસઈ, વદનિ દંત-વર-કુસુમ વિકાસઈ;
'બંધુદત્ત પુર સેઠ કહાવઈ, તાસ સૂતા હું રુપ સુભાવઈ. ૭૬

મદનમંજરી નામ વિચારી, ચઉસઠી કલા ચતુર વર નારી;
હૂં પરણી ઇણ નગર મઝારી, તું દિઠો હિવ દાસી તુંહારી. ૭૭

જિણિદિન સૂંદર રૂપ સૂકામા, તૂ દિઠઉ સ્વામિ અભિરામા;
તિણિ દિન થઈ મૂઝ ચિંત ન ઠામ, નીસ-દિન જપૂં તુહારો નામ. ૭૮

**દૂહા :**

ગંધ કસોટિ નાસિકા, શ્રવણ કસોટિ વયણ;
જીભ કસોટિ સ્વાદ હઈ, રુપ કસોટિ નયણ. ૭૯

તબ લગિ ફુરઇ વિવેક, ચિત્ત ગ્યાન ધ્યાન ગુણ ગાન;
પ્રિય સંગતિ જબ લગી ન હુવે, લાજ [1]કાન કહિ **માન.** ૮૦

**ઢાલ :**

જો મૂઝ કહ્યો ન કરે કુમાર, તો મૂઝ જિવ કવણ આધાર?;
જબ લગિ મિત ન કિજે કોય, તબ લગિ આત્મ સૂખિયા હોઈ. ૮૧

મેં તુમસૂં હિત પ્રિત વણાઈ, [2]સંગટ ઘાલ્યો જિવ લગાઈ;'
ઇણિ વચને કુમર તિહાં વિચારઇં, 'મુઝ વિણ નારી મરે [3]નરધારેઇ. ૮૨

દસે અવસ્થા કામિ પાવેં, ભારથ ગ્રંથ કહિયો કવિ ભાવે;
પહેંલિ ચિંતા સંગમ ચાહઇ, તો મનિ સૂધો પ્રેમ નિવાહેં. ૮૩

---

૧. શરમ. ૨. સંકટ. ૩. નિરધાર=નક્કિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**દૂહા :**

ચંતા સંગમ-મન સહી, [૧]તતું [૨]તાતો [૩]જુર હોઈ;
દાજઈ તનૂ ભોજન અરુચિ, મૂરછા [૪]સતિમ હોઈ. ૮૪

તનૂ ઉનમાદસૂ આઠમી, નવમી પ્રાણ-સંદેહ;
કામાતુર દસમિ મરઇ, દસે અવસ્થા હોઈ. ૮૫

**ઢાલ :**

ઇમ જાણિ ધરિ અધિક સનેહ બોલઇ કુમર ચતુર ગુણગેહ;
સંખપુ[૨] સુંદરનૃપ સૂજાત, અગડદત્ત હુ કુમર વિખ્યાત . ૮૬

સિખણ સકલ કલા ઇહાં આયો, હિવે હુ કરી અભ્યાસ સિખાયો;
તબ લગ ઘરે રહો પ્રિત ધરેઇ, [૫]ઇહાંતે ચાલિસી તુમને લેઇ'. ૮૭

ઇમ કહિ પ્રિતિ વચન સમઝાઈ, મદનમંજરી ઘર પહુંચાઇ;
કુમર મગન મન વિદ્યા ધારઇ, જે વિદ્યા મનવંછિત સારઇ. ૮૮



---

૧. તતઃ, ત્યાર પછી. ૨. તમ. ૩. જ્વર. ૪. સાતમી. ૫. અહીંથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

काव्यं

विद्या नाम नरस्य रुपमधिकं, प्रच्छन्नगुप्तं धनं,
विद्या भोगकरी य ससरवू? करी विद्या गुरुणां गुरू:।
विद्या बन्धुजनो विदेशगमने विद्या परं देवता,
विद्या राजसपूजते न हि धनं, विद्या विहिनः पशुः।। १ ।।

દૂહા :

અગડદત્ત વિદ્યાનિલો, આપ હૂઉં [૧]અસવાર;
નગર ફરતે સાંભલ્યો, કોલાહલ વિસ્તાર. ૮૯

## ઢાલ : ૫, સરવણિયાનિ. [અથવા સરવર ખારો હે નીર–એ દેશી.]

કોલાહલ સંભલે કુમાર, જાણે સમુદ્ર કલોલ અપાર;
અગનદાહ જિમ બહૂં જિણ બોલ, અથવા વેરી–[૨]કટક હલોલ. ૯૦

હાકો હાકિ કરઈ જિણ ઘણા, દેખઈ કુમર લોક પુરતણા;
દિઠો ગજ છુઠો જમ કાલ, પગ–સાંકલી વિણ [૩]મેઠ [૪]કરાલ. ૯૧

મદ મોકલ બંધન તોડતો, ધાવે પુર–ઘર–તરુ મોડતો;
સૂંડાડંડ કરઇ જણ ઘાય, દેખિ કુમર તણિ દસિ ધાય. ૯૨

ધાયો ગજ દેખિ અસવાર, તવ પુર લોક કહઇ તણિવાર;
'રે! રે! સુભટ જૂવાન કુમાર!, ગજ મુખ છોડિ જાઈ ગમાર.' ૯૩

અગડદત્ત ચિંતે ઇણ ઠાઈ, "[૫]ખત્રિ સંકટિ કિમ ટલિ જાઇ?;
સૂર સુભટ વંછઇ સંગ્રામ, જો મરીયે તો અવિચલ નામ.' ૯૪

---

૧. ઘોડેસવાર થયો. ૨. સૈન્ય. ૩. મહાવત. ૪. વિકરાલ. ૫. ક્ષત્રીય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**કવિત્ત :**

સૂક્ત વિણ જ કિજિયઈ હાનિ જસ હોય મૂલમહિ,
સૂક્ત દાન મધિઈ આસ પૂંજઇ ન જાસ પહિ સોઈ;

ગુરકત સેવિયેઈ પરમ તંત, નહિ જાણઈ,
સૂક્ત કામ કિજિયઈ પંચ જસૂ ભલો ન માનઇ;

ભણિ જોધ સ બોલ ન બોલિયઈ સજન સૂણ તન ઉલ્લસઈ,
કરવાલ સૂક્ત ધહિડ બિઈ જણણિ દોસ દુજણ હસે. ૯૫

**ઢાલ :**

[૧]સીકૃત ઘોડઇ ચઢીઓ કુમાર, જો ભાજેં લાજેં હથીઆર;
આપો આપાસ બાહિ કરી, બોલાયો ગજ નિર્ભય કરી. ૯૬

મદઝરતો એરાવણ જેમ, કોપઈ સૂડ ઉલાલૈ તેમ;
જાણે પર્વત ધાયો જાય, મઇંગલ કુમર મિલ્યા બેહુ આય. ૯૭

તબઇં કુમર નિજ વસ્ત્ર ઉછાલિં, નાખઇ ગજ આગલિ તિણિ તાલ;
ગજ જાણ્યો એ પુરસ મહંત, રીસઈ ધમ-ધમતો દેઈ દંત. ૯૮

કુમર તબઈં ગજ પૂઠઇં જાઇં, મારઇ પ્રબલ મર્મના ઘાય;
જિમ-જિમ કુમર ફિરઇ ગજ પાસિ, તિમ-તિમ ધાવઇં રીસ નિવાસ. ૯૯

[૨]ખીજૈ ગજ તિમ મૂકૈ ઘાઉ, કુમર રમેં બાજિગર દાઉ;
ઘૂમે મઇગલ કરી સારસી, [૩]મૂદ મૂકિ થાકો ધસમસિ. ૧૦૦

વસિ આણો જાણો ગજ બંધી, કુદિ ચડ્યૌ તદિ [૪]મેંગલ-ખંધિ;
એરાવણ જિમ બૈસઈ ઇંદ, અગડદત્ત તિમ ધરઇં આણંદ. ૧૦૧

તિણિ અવસરી નિજ મહોલ મઝારી, દેખે નૃપ અંતેઉર નારી;
પૂછઇ તબ સેવકનઇ રાય, 'કવણ જૂવાણ? શુભટ કહૈવાય. ૧૦૨

અતિ સૂંદર ગુણ-મંદિર દોઇહ, જાવઉ [૫]નરતિ કરઉ કુણ એહ?';
કુમર ભેદ નવિ જાણે કોય, એક પુરુષ તબ બોલે જોય. ૧૦૩

---

૧. શીઘ્ર. ૨. રોષે ભરાય. ૩. મદ. ૪. મયગલ=મદગજ. ૫. તપાસ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'સામિ! કલાચાર્ય ઘરી એહ, સીખઇં સર્વકલા ગુણગેહ';
રાય બોલાયઉ તે ગુરુરાય, **પવનચંડનઈ** પૂછેં ભાય. ૧૦૪

'કહો ગુરજી! કવણ એ જાણ?, હય-ગય સાધક ચતુર સૂજાણ;
[1]સાહસીખ અતિ સૂર સંગ્રામ, કવણ જાતિ? કુણ? કેહનઉ નામ?' ૧૦૫

અભયદાન માગિ રાય પાસિ, કુમર સુરુપ કહ્યો સૂપ્રકાસિ;
સંભલિ પૂરવ ચરીત વિસાલ, મન સૂધી આનંદિઉ ભૂપાલ. ૧૦૬

**કવિત્ત :**

ચંદણ જિણિ વની હોય, સોઇ વન કહૂં એક દિસઇં,
સો પન્નગ કહું ઇક જાસૂ, નિર્મલ મણિ સીસઇં;

[2]મૂત્તાહલ જિણિ સીસ સોઇ, ગજ કહું ઇક પાવઇં,
જિણિ ઘરિ હિરા ખાણી, હોત સોઇ ગિર કહું ગાવઇં;

કહી **માન** દાન ઉપાગાર જિય [3]પરતિય થઇ તન-મન અટલ,
મહિ પરુષ કેઇ સીહ અલપ હંસ તુછ બહુ કાક કલિ. ૧૦૭

મુકિઉ ભૂપતિ પૂરષ [4]પહાણ, તેડઉ કુમર ચતુર ગુણ જાણ;
'રાજકુમર! વીનવીઉ રાય, રાય બોલાવે સભા મઝાર.' ૧૦૮

ચાલ્યો કુમર હિયેં સાવધાન, ગજબંધિ ભેટ્યો રાજાન;
અગડદત્ત પગ લાગે જામ, ભૂપતિ હિયે લગાયો તામ. ૧૦૯

અતિ આદર આસન-તંબોલ, આપઇ ભૂપતિ ઘરિ કલોલ;
ઉતમને નાદૈ આદરમાન, ઉત[મ]પુરુષ મહોત સુખ-દાન. ૧૧૦

**દૂહા :**

આવ નહે આદર નહિ, નેહ નાહઇ નરખત;
સૂજન તિહાં ન જાઇયે, જો કંચન વરષત. ૧૧૧

---

૧. સાહસિક. ૨. મોતિ. ૩. પ્રતીતિ. ૪. પ્રધાન.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દેખત વદન [ન] ઉલસઈ, ઉઠત ન મલે ધાઈ;
આદર માન વિવેક વિણ, અપત અપતે કો જાયે. ૧૧૨

આય આવન બસણો, નેણ નમે મેલે તાર;
અણપુછ્યો ઉતર ભયો, સમજત જ્ઞાનાહિ ગમાર. ૧૧૩

**ઢાલ :**

રાજા આદર પામિ કુમાર, બેઠો [1]વનઈ કરી તિણવાર;
રાજા રાજસૂભા નિરખંત, દેખી [2]સૂયણ નયણ વિકસંત. ૧૧૪

'અહો-અહો! ઉત્તમ નર એહ, ખત્રિયવંસ અમોલક દેહ;
સીહ [3]તર્ણેજામે સીહ, ગજ-ગંજણ અરી-દમણ અબિહ. ૧૧૫

ઉતમને ઘરી ઉતમ હોઇ, આંબે તોરણ બાંધઈ કોઈ';
અદ્‌ભૂત રુપ વિનય [4]ગુણઘેહ, રંજિયો રાજા ચિત વિસેષ. ૧૧૬

**ગાહા :**

**को चित्तेइ मयूरं?, गइं च को कुणइ राजहंसाणं? ।**
**को कुवलयाण गंधं?, विनयं च कुलप्पसूयाणं ।।१।।**

**विणओ मूलं पुरीसत्तणस्स, मूलं सीरीए ववसाओ ।**
**धम्मो सूहाण मूलं, दप्पो मूलं विणासस्स ।।२।।**

રાજા પુછઇ આદર દેઇ, 'વિદ્યા કવણ ભણયા તુમ ભેઇ?';
તવ સીર નિચો કિયો કુમાર, ઉત[મ] લક્ષણ એ સંસાર. ૧૧૭

વિષધર ચાલેં નિચેં સીસ, વિછુ ઉચે પુઠે રીસ;
[5]ઠાલો નેવર વાજેં ન્યાય, ઉત્તમ નિજ ગુણ કહણ ન જાઈ. ૧૧૮

---

૧. વિનય. ૨. સુજન=સજ્જન. ૩. તનય=બચ્ચુ. ૪. ગુણગેહ. ૫. ખાલી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પવનચંડ ગુરુ બોલે તામ, 'કલા બહોતરી જાણે સામિ!;
ઉતમ વિદ્યા ગુણ ભંડાર, ઉતમ કુલ ઉપનો કુમાર. ૧૧૯

હય-ગય-રથના જાણે મર્મ, ધનૂષ-બાણ-હથિઆર સુકર્મ;
છલ-બલ કોતક જાણેં સર્વ, પણિ લવલેસ ન આણે ગર્વ. ૧૨૦

રાજા રાજસૂભા ગુણી સૂણી, ચકિત રહ્યા દેખિ અધિપતિ ગુણી;
ગજ છાલ્યૌ કર સારસી, કર કંકણ કેહિ આરસી? ૧૨૧



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દૂહા :

કંસાસુર કોરવ કરણ, રતિ-પતિ રાવણ રાણ;
ગર્વ પ્રમાણ [૧]ગમાડિયા, રાજ-રીધ મંડાણ. ૧૨૨

આપો ઘણો ન માનિયેં, પર નંદિયે ન કોયે;
અજ હું સલંબા દિહડા, ક્યા જાણુ ક્યૂં હોઈ?. ૧૨૩

ઇણિ અવ[સ]ર તિહાં આવિયો, ભેટ ફૂલ-ફલ લેઇ;
સકલ લોક વિવહારીયા, વિનતિ એક કરેઈ. ૧૨૪

'સામી! સંભલ તૂ ધણિ, ઈણિ નગરી રખવાલ;
પણિ હવેં નિરધન સબ હૂઆ, [૨]હરય ચોર વિકરાલ. ૧૨૫

ઇંદ્રપુરી નગરી હુતિ, બહુ ધન લખમી-વાસ;
હિવેં દરદ્ર નગરી હુઇ, રક્ષા હોઇ ન તાસ. ૧૨૬

દુષ્ટ ચોર નિર્ભય ફરે, વિદ્યા ચોર પ્રચાર;
ખાત્ર ખણિ ધન હરે, કરિયઇ ભૂપતિ! સાર.' ૧૨૭

કોટવાલ તેડ્યૌ તિહાં, કોપ ધરી ભૂપાલ;
'કાઈ રે! દુષ્ટ નગર રહ્યૌ?, તુ કેહો રખવાલ? ૧૨૮

પુત્ર સરીખી મૂઝ પ્રજા, ચોર દુષ્ટ હરિ જાઈ;
જિવતા મૂઆ તુમે, જો રક્ષા ન કરાઈ.' ૧૨૯

કોટવાલ ફિર વિનવે, 'હુ ભાગો પુર જોઈ;
રાતી-દિવશિ મે દુખ સહ્યા, હાથિ ન આવે સોઈ.' ૧૩૦

## ઢાલ : ૬, જય-જય સજન સાહસી – એ દેશી.

તિણિ અવસર બોલ્યો તિહાં, અગડદત્ત બલધારી રે;
'ચોર-[૩]સોર વારુ સહી, જો હોવે સિખ તુમારી રે.' ૧૩૧

૧. ખોઈ બેઠા. ૨. હરણ કરે છે=લૂંટી લે છે. ૩. પોકાર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જય-જય સાહસ સીધિ લહિજિ રે;
રાજ કાજ ધન સંપદા, સાહસ લિલ કરીજે રે.

રાજા લોકસભા સહુ, હરખિત વદન વધાવે રે;
પુરજણ સયલ વિદા કરી, ભૂપતિ કુમર શિખાવે રે. ૧૩૨ જય૦

'દુષ્ટ દમન વછ! દોહિલો, કરજ્યો સાહસ સાચઉ રે;
પરવત ખણવો નખ કરી, કામ નહિ ઇહા કાચો રે.' ૧૩૩ જય૦

કુમર કહે કર જોડીને, 'ભૂપક! સૂણો મૂઝ વાણિ રે;
સાત દિવસમહિ હણાં, દુષ્ટ ચોર બલ પ્રાણિ રે. ૧૩૪ જય૦

જઉ ન લહુ દિન સાતમે, તો કરુ અગનિ પ્રવેસો રે;
એ પ્રતિગન્યા માહરી, ટાલૂ નગર કલેસો રે.' ૧૩૫ જય૦

સભામાહિ પેરાવિઉ, ભૂપતિ દેઈ [1]સેબાસો રે;
ભેટ ફૂલ ફલ-દિયા, 'સૂભ આસીસ' [2]સૂભાસિ રે. ૧૩૬ જય૦

કુમર પ્રણામ કરી તિહાં, કલાચાર્ય પગે લાગે રે;
હાથ જોડિ ઉભો હૂંઓ, તુરત સીખ તિહાં માગઇ રે. ૧૩૭ જય૦

ખડગ સહાઇ કર લિઓ, સાચો સાહસ ધાર્યો રે;
વેસ્યા-કંદોઈ ઘરે, ચોરઠામ સૂવિચારો રે. ૧૩૮ જય૦

[3]ઘર-કલાલ પાણિઘટઇં, જૂવાઘરમાંહિ જોવઇં રે;
મઢ સૂના દેવલ ભમઇં, પર્વ હાટ છપિ સોવઇ રે. ૧૩૯ જય૦

રાતિ ચઉક્ક ચચરઇ ફીરઇ, [4]ગુપતિ વેષ ધરી સૂવે રે;
ઇમ કરતાં છઠઇં દિનઇં, ચોર ન લહ્યૌ [5]આલોચઇ રે. ૧૪૦ જય૦

દિવસ સાતમઇ ચિતવઇ, [6]ચિંતાતર મન સોચૈ રે;
'હિવઇ નિજ દેશઈ જાઇયઇ, તાત પાસી જાવો વ્યાપઇ રે. ૧૪૧ જય૦

---

૧. શાબાસી. ૨. બોલ્યો. ૩. દારુની દુકાન. ૪. ગુપ્ત. ૫. વિચારે છે. ૬. ચિંતાતૂર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અથવા વનવાસી હોઉ, આજ ચોર જો નાવે રે';
વલિ ચિંતે 'સાહસ ધરઈ, વંછિત કરીજઈ પાવઈ રે. ૧૪૨ જય૦

**શ્લોક :**

**राज्यं यातु श्रियो यान्तु, यातु प्राणोऽतिदुर्लभः ।**
**या मया स्वयमेवोक्ता, वाचा मा यातु शाश्वती ।।१।।**

**ગાહા :**

**किंतु न जूत्तं एयं, निम्मलकुलसंभवाणं पुरीसाणं ।**
**जं कित्तीयं जीहाए, पडिवन्नं न अन्नहा होई ।।२।।**

**छिज्जउ सीसं, तह होउ बंधणं, चयउ सव्वहा लच्छी ।**
**पडिवन्न-पालणेसुं, सुपुरीसाणं जं होई तं होउ ।।३।।**

**દૂહા :**

વચન કહિઓ પાલઇ ખરો, પુરષ તેહનો નામ;
હાડ ભાર બીજા ફિરઇ, ઉપરી બાંધ્યૌ ચામ'. ૧૪૩

**ઢાલ :**

ઇમ ચિંતા વસિ [૧]અણમણો, ભમ્યો સકલ પુર આસઇ રે;
નગર છાંડિ બાહિર વનઇં, જાઇ બઇઠો તરુ પાસઇ રે. ૧૪૪ જય૦

છાંહ સીખર સહકારની, સીતલ પવન સૂવાવઇ રે;
[૨]ગલહથો નીચું જોવઈ, ચિહુદિસિ દીણ સભાવઇ રે. ૧૪૫ જય૦

એણ સમય તિહા આવિઉ, સિન્યાસી શિર-મૂંડે રે;
લાલ વસ્ત્ર કુંડી કરી, ચમર ગણૈત્રી ડંડે રે. ૧૪૬ જય૦

રક્ત નયન બિહામણા, કઠિન કેસ કર લંબે રે;
લઘુ જંઘા વિસ્તર હિયઇં, દ્રઢ શરીર મુનિ તૂંબે રે. ૧૪૭ જય૦

---

૧. ઉદાસ. ૨. માથે હાથ રાખેલો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મુખિ બુડ-બુડતો તુદતો, આયો છાંહ સૂઠામૈ રે;
કુમર દિઠો ઘિર મનઇં, 'ચોર સહિ એ નામૈ રે.' ૧૪૮ જય૦

કહે સન્યાસી કુમરનૈ, 'કિમ વછ! ચિંતા દિસૈ રે?;
કિણ કામઇં ઇહાં આય રે?,' સા પુરુષ વિસવાવિસૈ રે. ૧૪૯ જય૦

[1]લખ્યૌ ભાવ કુમરેં તિહાં, બોલૈ વાત [2]વણાઈ રે;
'હુ દારિદ્રિ નિરધનિ, તિણિ સોચૂં ઇહાં આઇયો રે. ૧૫૦ જય૦

હીણકર્મ જે માંગિવો, તે તુમ પાસૈ કિજઈ રે;
તુમસા પુરીસ મહાબલિ, મૂજ માંગ્યૌ ધન દિજઈ રે.' ૧૫૧ જય૦

**કવિત્તઃ**

નહી કછૂ કઠિન સંગ્રામ, નહિ કછૂ અટવિ ગાહન,
સિંહ ચોટ નહિ કઠિન, કઠિન નહિ પાવક દાહન;

પન્નગ મુખ નહી કઠિન, શૃંગ પર્વત તૈય રીતઈ,
પંથ ચલણ નહિ કઠિન, છાંડિ પ્રિતમ નિજ ઘરતઈ;

કહિ **માન** ટેક ભંજન મહા લઘુતા કારણ નૂર હર,
સબ લોક નિંદ ગાતિ મતિ હરણ, કઠિન મગન સબ અવર. ૧૫૨ જય૦

તબ સન્યાસી તિહાં કહે, 'હું તુઝ વંછિત દાઈ રે;
દાલિદ્ર ભંજૂ ધન કરી, મૂજ પૂઠઇ તૂં આઇ રે.' ૧૫૩ જય૦

'તુમ પ્રસાદ ધન હું લહું, તો મુઝ દાલીદ્ર ભંજો રે';
કુમર કહે 'હુ બાલકો, તુ મુઝ ગુરુ કહાવે રે.' ૧૫૪ જય૦

સન્યાસી ઇમ સીખવિ, ખિણમાહિ વનમૈ ધાવૈ રે;
કુમર ન દેખૈ ચોરનૈ, રાતિ હુઇ ફિર આવે રે. ૧૫૫ જય૦

---

૧. ઓળખ્યો. ૨. બનાવીને=બનાવટ કરીને.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આય કુમર પાસે કહે, જલહલતે કરવાલે રે;
દારુણ ફરસી કર ધરી, લક્ષણ ચોર સંભારૈ રે. ૧૫૬ જય૦

'ઉઠ પુરુષ માહાબલિ, હિવઇ તુઝ દાલિદ્ર ભંજૂ રે;
મૂજ પૂઠે નીરભય ચલે, જિમ તુઝ મન હૂ રંઝુ રે'. ૧૫૭ જય૦

કુમર ખડગ નિજ કર ગ્રહ્યૌ, સયલ હથિઆર સંભાલે રે;
ઉઠ્યૌ કેસરી સીંઘ જ્યૂં, નિજ કારજ મન ચાહૈ રે. ૧૫૮ જય૦

સીંઘનાદ કરી કલકલિ, પગ દાદ રીધક ચાલૈ રે;
આગૈ ચોર કુમર પાછૈ રે, ધનવંત ઘેહ સંભાલૈ રે. ૧૫૯ જય૦

તુરત નગર પહુતા બેહુ, એક [૧]ઇસ્વર ઘર દેખિ રે;
ખાત્ર ખણ્યો નિર્ભય તિહાં, ધન કાઢયૌ બહુ પેખિ રે. ૧૬૦ જય૦

કાઢિ પેટિ ધન ભરી, ધૂરત પાપિ ચોરૈ રે;
સર્વ ભલાઈઓ કુમરનૈ, આપ વલિ બલ ફોરૈ રે. ૧૬૧ જય૦

જાય ધરમસાલા જિહાં, સૂતા મલિ ભીખારી રે;
દેઇ ઠોકર તે જગાવિયા, 'ઉઠઓ દિઉ ધન ભારી રે.' ૧૬૨ જય૦

ભિક્ષાચર આગઇ કરી, જિહાં કુમર તિહાં આવૈ રે;
તણિ માથઇં પેટિ ધરી, ચાલ્યૌ લેઇ સૂહાવઇ રે. ૧૬૩ જય૦

હાકો હાકિ કરૈ ઘણો, મૂખ બોલે બલ ધારી રે;
'જો મૂજ મૂખ કોઈ આવસ્યૈ, સોઈ સૂર નિરધારી રે'. ૧૬૪ જય૦

ચિંતે કુમર 'ઇહા હણું, તો ઇણ ઠામ ના પાવૈ રે;
કિણ કારણ એ ધન હરૈ?, દેખૂ કિહાં લે જાવૈ રે?. ૧૬૫ જય૦

કાઢિ ખડગ મારુ ઇહાં, તો છલ ભેદ કહાવૈ રે;
સૂર છલૈ મારે નહૈ, મારેસી ખત્રિ-દાવૈ રે. ૧૬૬ જય૦

---

૧. ધનવંત.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દેખૂ ધન કેતો હર્યો?, કિણ ઠામ લેઈ જાવે રે?;
ચરિત નવા કેતા કરે?, મારીસ પછૈ બોલાઈ રે.' ૧૬૭ જય૦

નગર તજિ બાહિર ગયા, થાકો બહુ ધન ભારિ રે;
રાત પાછલિ પુર-વનૈ, સાસ લિયો ઉતારૈ રે. ૧૬૮ જય૦

ચોર કહૈ 'સૂઈ રહો, રાતિ ઘણિ હવૈ દિસૈ રે;'
પુરષ મજૂર સહૂ સૂતા, મૂકિ ભારઓ સિસૈ રે. ૧૬૯ જય૦

જાણે ચોર 'કુમર હણૂ,' કુમર તાકે 'ચોર ઢાહુ' રે;
સંકા કપટ ર(સ)હિત બેહૂં, સૂતા છલ બલ બેહુ રે. ૧૭૦ જય૦

ઉઠે ચોર ખડગ લિયૈ, સહૂ મજૂર જાઈ મારૈ રે;
કુમર ઠામ તજિ મુલગો, અવર વૃક્ષતલિ ધાવૈ રે. ૧૭૧ જય૦

દુષ્ટ ચોર તે નર હણી, કુમર ઠામ તિહાં આવૈ રે;
જાણ્યૌ કુમરઇ અણિ હવૈ, હાકિ ચોર બોલાવૈ રે. ૧૭૨ જય૦

**કવિત્ત :**

માન દાન અવસરૈ અવસર હોત વિદ્યા બલ;
અવસર રિપૂ ગંજિયૈ રાય રંજીયૈ અવસર છલ;

અવસર મીઠે વયણ સયણ અવસર સુખદાઈ,
અવસર ભોજન મિત ધન અવસર કહિ નાઈ;

અપણે અપણે જગતમે અવસર કામ ન આવ હૈ,
કહિ **માન** વિના અવસરી જલધિ તૂઠો કો ન સૂહાવે. ૧૭૩

'દુષ્ટગ્રહા! પાપિઅ! રૈ!, બહોત દિવસ પુર લુટ્યૌ રે;
પાપ પહૂચૈ હિવૈ તાહરો, કિહાં જાઈસ છુંટો રે?. ૧૭૪ જય૦

હું ખત્રી તોનૈ હણૂ, હવૈ આપ તુ [૧]સંબાહૈ રે';
હાક વચને બંધ છુટા, ચોર ખડગ તવ સાહૈ રે. ૧૭૫ જય૦

---

૧. સંભાળી લે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કુમર છછોહો સાહસી, કાઢિ ખડગ તવ ધાયો રે;
એક ઘાય બેહું પગ ઝડ્યા, ચોર સબલથી ઘાયઉ રે. ૧૭૬ જય૦

ચોર પ્રાણ જાયઇ નહિઇ, 'તુ કુણ જિણ હું પાડ્યૌ રે?';
'રાજકુમર હું સંભલૈ, સિહૈ ગઈંદ પછાડ્યૌ રે'. ૧૭૭ જય૦

ચોર કહૈ તવ કુમરનૈ, 'ધન પુરુષ અવધારી રે;
પાપ પહુંચઇં હિવઇં માહરો, સાંભલ વાત હમારી રે. ૧૭૮ જય૦

ચક્ર હણ્યૌ તિમ તરુ પડૈ, તિમ હું તઇં હિવઇં પાડયૌ રે;
રાજપુરુષ વિણ કુંણ હણૈ?, એક ઘાવ નિરધાડ્યૌ રે. ૧૭૯ જય૦

ખડગ લેહિ તૂ માહરો, હુ તોહુ બલવંતો રે;
નામ **ભૂજંગમ** [1]પરગડૌ, ફરતો નગર [2]દલંતો રે. ૧૮૦ જય૦

લાખ પુરષનૈ નિરદલ્યા, તે માર્યો એકલૈઇ રે;
[3]ખય પાપિ હોયૈઇ ધરમ જય, સૂર તકે જડ જે ઝેલૈ રે. ૧૮૧ જય૦

લેઈ ખડગ મસાણમૈ, વડ-તલ સબદ કરેઈ રે;
વિવર તિહાં મુઝ બઇનડી, તુઝનૈ તુરત વરેઇ રે. ૧૮૨ જય૦

ભોમિ-ઘરે સૂંદરી રહઇ, **વિરમતિ** ગુણવંતિ રે;
તે પરણિ ધન સંગ્રહૈઇ, રહિજ્યો જોડિ નિચંતિ રે.' ૧૮૩ જય૦

ઇમ કહિ ચોર મુઓ તિહાં, નિજ કરણિ ફલ પાવઇ રે;
ચોર ખડગ કુમર લિઉ, તિણ મસાણ વડ આવૈ રે. ૧૮૪ જય૦

વડતલી આઇ સબદ કિઓ, વિવર બાર તિહાં ખોલૈ રે;
વિરમતિ આવિ તિહાં, દિઠો કુંમર ના બોલિ રે. ૧૮૫ જય૦

કુમર કહેઇ 'સૂંણ સૂંદરી!, મૈ તુઝ બંધવ માર્યૌ રે;
લેઇ નિસાણિ ખડગકિ, સકલ નગર દુખ વાર્યૌ રે.' ૧૮૬ જય૦

---

૧. પ્રસિદ્ધ. ૨. ભાંગતો. ૩. ક્ષય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વજ્ર સમાન વચન સૂણિ, વિરમતિ વિલખાણિ રે;
મૂખ મિઠિ હિયૈઇ દોપડી, બોલૈ અમૃત વાણિ રે. ૧૮૭ જય૦

**દૂહાં :**

[1]ધૂતા હોઇ સલખણા, અસતિ હોઇ સલજ;
ખારા પાણિ [2]સિઅલા, બહુ ફલા અકજ. ૧૮૮

મિઠાં બોલા માણસા, કેમ પતિજણ જાઈ?;
[3]નિલકંઠ મધુરો લવૈ, સરસ ભોયંગમ ખાઇ. ૧૮૯

દુજણ ખિરાકો મિલણ, કહત વાત દોઈ વિન;
કહા ભવા ઉપર મિલ્યા, ભિતર કાપૈ તિન. ૧૯૦

હાર હસ્યા તો ક્યા ભયા?, હિઆ કસૂધા જાહ;
[4]આહેડિ [5]વિમણો નમંઇ, હિરણા મારતાહ. ૧૯૧

વિરમતિ કહૈ કુમરનૈ, 'હુ હિવૈ દાસ તિહારી રે;
ભલો કિઓ બંધવ હણ્યૌ, તુ સાહિબ હૂં નારિ રે'. ૧૯૨ જય૦

હાથ ઝાલીનૈ લે ચલિ, ભૂમી ઘરે તિણવારૈ રે;
ખડગ ઉઘાડૈ તિહાં ગયો, કુમર આપ હુંસીઆરી રે. ૧૯૩ જય૦

પલીંગ વીછાઓ અતિ ભલો, તિહાં કુમરનૈ રાખ્યો રે;
આપ ગઈ ઊપર તબૈ, કુમરજી મનસૂ ભાખૈ રે. ૧૯૪ જય૦

'દુષ્ટ ચોર મૈ મારીઓ, સો એહનો વર ભાઈ રે;
જો ગાફિલ હું ઇહા રહ્યૌ, તો મૂઝનઈ મારૈ ધાઈ રે'. ૧૯૫ જય૦

**દૂહા :**

છલ-બલ જે સાહસ ધરૈ, બહૂં મતિમંત સદિવ;
તે પેસૈ [6]પરમંદરૈ, બિજો ખોવઇ જિવ. ૧૯૬

---

૧. ધૂર્ત લોકો. ૨. શીતલ. ૩. મોર. ૪. આખેટક=શિકારી. ૫. બમણો. ૬. શત્રુના ઘરમાં.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રાજાઘરમૈ ચોરઘર, રહિયે રીપુઘર જોય;
ઇહાં વિશ્વાસ ન કિજિયે, પ્રાણહરણ ઇહાં હોઇ. ૧૯૭

ચંદણ લેવા એ ગઇ, કુડ-કપટ ધરનાર;
નારી વચન જે કરૈ, તે બૂડે સંસાર. ૧૯૮

માયા-સાહસ-લોભ બહૂં, મૂરખ જૂટ અસોચ;
નિરદય દુષણ નારીના, સહજૈ નિચ આલોચ. ૧૯૯

**ઢાલ :**

કુમર આપ મતિ ચિંતવિ, પલિંગ તજિ જાઇ દુરૈ રે;
તબે [૧]સલા તિહાં ખડહડિ, પડિ પલિંગ તબ ચુરૈ રે. ૨૦૦ જય૦

તવ બોલિ સા ભામની, 'પાપિ સૂતો મૂઓ રે;
મુઝ બંધવ મારી સૂવે, તેહનો એ ફલ હુઓ રે'. ૨૦૧ જય૦

કુમર તબે હાકઇ નારી, સિહ ગુફા જિમ બોલઇ રે;
પરછ-છઠિ જાગઇં જિકે, આપ છઠિ કિમ ડોલઇ રે?. ૨૦૨ જય૦

કાડી ખડગ તેહને ધર્યો, ચોટિ ઝાલિ પછાડઈ રે;
'પાપિષ્ટી! તુઝને હણુ, સૂર-નર કુણ મઝ પાડે રે?.' ૨૦૩ જય૦

નાક કાટિ ચોટિ ગ્રહિ, કુમરૈ બાહિર કાઢી રે;
ભોમિ ગુફા ઢાંકિ કરી, લે ચાલ્યો ગાઢિ માધિ રે. ૨૦૪ જય૦

કુમર નગરમૈ આવિઓ, દેખઇં પુરજિન લોઇ રે;
'ધન-ધન' એ સહું કહૈ, રાજા દેઈ વધાઈ રે. ૨૦૫ જય૦

**કવિત્ત :**

ઝલહલ લે કરી ખગ, રામ એકલ અતુલિબલ,
બંધુ એક પિતા સેન સત્રૂ રાવણ;

---

૧. શિલા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાયર જલ લંકા ગઢ રણ ચુક સકલ રાક્ષસ સિંધારૈ,
ગ્રસે રાહુ વિણુ દેહ સૂર સસી કહો કવણ વિચારૈ?;

રથ ચક્ર એક સારથી અપંગુતાઈ સુર ગાહઇ મયણા,
ખોટઓ કહિ **માન** જિનહિ સાહસ ધર્યો તિનરિ સિધિ કાહા બલ વયણ. ૨૦૬

રાજસૂભા લે ગયો, રાજાનેઇ પગ લાગઇ રે;
સકલ સૂભા જય-જય કરે, સૂર સૂભટ બલ જાગઈ રે. ૨૦૭ જય૦

કુમર કહે 'સામિ! સૂણો, ચોર હણ્યો નિસ જોરઇ રે;
એ બૈહિન તેહનિ ગ્રહો, સો દેખો પુર ધાઈ રે.' ૨૦૮ જય૦

રાજા રાજસૂભા લેઈ, દેખો ચોર-સરીરો રે;
ગુફ દેખાઈ ધન લેઈ, નિજ ઘરી આઉ ધિરો રે. ૨૦૯ જય૦

સહું સંભાલિ ધન દઉ, નગર લોક સહું બોલાઈ રે;
નગર-કષ્ટ ટાલ્યો ઘણો, કુમર ગ્રીહિ ભલાઈ રે. ૨૧૦ જય૦

સેવા તરુ સહકારનિ, કુસમ છાંહ ફલ હોઇ રે;
જે અબલ તરુ સેવિયઇં, ત્રિહુંમાહૈ એક ન હોય રે. ૨૧૧ જય૦

ઉતમ સંગતિ સૂખ લહૈ, ગુણ સંપતિ અભિરામ રે;
પારસ સંગતિ લોહ, જિમ પાવે કંચન નામ રે. ૨૧૨ જય૦



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દૂહા :

રાજા મન આણંદિઉ, ઉતમ પુરુષ નિહાલ;
નિજ પુત્રી દિધિ તિહાં, **કમલસેના** સંભાર. ૨૧૩

પરણાવિ અતિ ઓછવૈ, નિજ કુમરી ભૂપાલ;
મનવંછિત દેઇ [1]ડાઇચો, મોટી રીત સંભાલી. ૨૧૪

ગામ સહસ દસસહસ હય, સો ગજ ધન ભંડાર;
રથ બહુવિધ દિયા, પરણે રાજકુમાર. ૨૧૫

દેવતણા સૂખ ભોગવે, નરપતિ ઘરે સૂખ વૃંદ;
અગડદત્ત નિજ પુન્ય કરે, દિન-દિન અધિક આનંદ. ૨૧૬

સિહગુફા સેવ્યા લહે, ભલ મોતિ ગજદંત;
[2]કુકર ઘર સેવા થકી, ચલકે [3]ચમહ લહંત. ૨૧૭

## ઢાલ : ૭, મઇંદિની વસંતમૈ.

ભુવનપાલ ભૂપતિ ઘરે જી, કુમર કરે કિલોલ;
મદનમંજરી મનિ વસૈ જી, કામ દહે જબ બોલ. ૨૧૮

સંજોગી કુરમર તિહાં રહે જી, જિમ તિમ નારી લીઉ સાથ. આંકણી.

ઇણ અવસર એક સૂંદરી જી, આવિ કુમરને પાસિ;
આદર દેઇ આસણ દિઉ જી, એ ઉતમ ગુણ ભાસ. ૨૧૯ સંજોગી૦

'કહો કિણ કારણ આવિયા જી?', પુછે કુમર ઇસૂં;
તવ બોલિ સા સૂંદરી જી, નેહ વચન સૂખદાઇ. ૨૨૦ સંજોગી૦

'મદનમંજરી કુઅરી જી, તિણ મૂંકિ તુમ પાસિ;
વિરહ સંદેસા દેણકુંજી, સંબલ કુમર ઉલાસ. ૨૨૧ સંજોગી૦

૧. દાયજો=દહેજ. ૨. કુતરાનું. ૩. ચામડુ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

"ખબરા સૂણિ ગજ [1]વિસ કિયઓ જી, ચોર હણ્યૌ બલવંત;
તાસ બિહૈન [2]ગ્રીહી ધન લિઉ જી, ભૂપ [3]પસાઉ મહંત. ૨૨૨ સંજોગી૦

મન આણંદિ સબ સૂણિ જી, અબ મિલણા કબ હોઈ?;
તુમ વિણ પ્રિતમ! હું હિવૈ જી, વિરહણ અતિ દુખ જોઇ. ૨૨૩ સંજોગી૦

તે [4]ખિણ તે દિન ઘડી જી, તે સંગ તે રંગ પિઊ!;
પ્રિત મિલણ તે દેખણિ જી, ખિણ નાહિ વિસરૈ જીઉ. ૨૨૪ સંજોગી૦

તુમ વિણ પ્રિતમ! મઇ સહિ જી, નયણ ગમાયા રોઇ;
મૂઝ હાથૈ છાલા પડ્યા જી, ચિર નિચોઇ નિચોઇ. ૨૨૫ સંજોગી૦

પ્રિતમ! પ્રિત તો કિજીઇ જી, જેસી કેસ કરાય;
કૈ કાલે કૈ ઉજલે જી, જબ તબ સરસૂં જાઇ. ૨૨૬ સંજોગી૦

જબ તે પ્રભતઇ પરહરી જી, મઇ છોડ્યા સહ બોલ;
ખાણા-પિણા-ખેલણા જી, કાજલ-તિલક-તંબોલ. ૨૨૭ સંજોગી૦

પ્રિતમ! પ્રિત ના કિજીઈ જી, કિણહિસું મન લાઇં;
જેતા સૂખ સંજોગકા જી, તેથિ ફરી દુખ હોઇ. ૨૨૮ સંજોગી૦

ચુઆ ચંદણ કુંકમા જી, કુસૂમ સેજ ન સૂહાઈ;
સહુ [5]સીગાર અંગાર છઇ જી, તેહ અગન દુખ મુલ. ૨૨૯ સંજોગી૦

તપ-જપ-સંજમ મતિ ભલિ જી, ગ્યાન-ધ્યાન-વ્રત નેમ;
લાજ-કાજ કિરત ઘટઇજી, જો કિહાં લાગતિ પ્રેમ." ૨૩૦ સંજોગી૦

મદનમંજરી ઇમ કહ્યૌ જી, સરવ કહિઉ સંદેસ;'
સંભલિ કુમર મન હુઉ જી, સબલ કરૈ [6]અંદેસ. ૨૩૧ સંજોગી૦

કહે કુમર સુણ 'સૂંદરી! જી, કરજ્યો મૂઝ અરદાસ;
એક ઘડી નવિ વિસરઇ જી, પણિ અવસર સૂખવાસ. ૨૩૨ સંજોગી૦

---

૧. વસ. ૨. પકડી. ૩. પ્રસાદ=કૃપા. ૪. ક્ષણ. ૫. શૃંગાર=શણગાર. ૬. વિચાર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કોઈક દિન ધિરજ ધરે જી, ચલતા લેસ્યૂ સાથ';
ઈમ કહિ નારી મોકલી જી, બોલ દિઉ તસૂ હાથ. ૨૩૩ સંજોગી૦

તિહાંથિ નારી ગઇ તિસઇ જી, મદનમંજરી પાસ;
'કુમર દાસ છૈ તાહરો જી, ચાલતે સાથ સૂવાસ'. ૨૩૪ સંજોગી૦

શ્રી **સિવનિધાન** વાચક જયો જી, તાસ સિસ સૂવિચાર;
**મહિમાસિહ** કહૈ મુદા જી, એ પહિલો અધિકાર. ૨૩૫ સંજોગી૦



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દૂહા :

ઇણ અવસર માતા-પિતા કુમરતણા મન ખંત;
પુત્ર વિરહ દુખિયા હુંઆ, ખિણ-ખિણ ઘરિ ઝૂરંત. ૨૩૬

માત-પિતા અતિ જો કુપઇ, તો પણ અમૃત-[1]બીંદ;
ઉને પાણિ ઘર કિમ જલે?, અવિહડ નેહસૂં ફંદ. ૨૩૭

મુક્યા માણસ દેખવા, કુમર કાજ બહુ દેસ;
તેહ પુરષ તિહાં આવિયા, દીઠો કુમર સૂવેસ. ૨૩૮

કુમરઇ દેખ્યા નિજ પુરુષ, રોવંતો મિલિયો [2]ધાય;
સમાચાર સહું ઘરતણા જ, પુછે દુખ ભરાય. ૨૩૯

માત-પિતા-ઘર-દેસના, કહિ પુરુષ સમાચાર;
'ચાલહું કુમર ન ખિણ રહો, ઝુરઇ તુમ પરીવાર.' ૨૪૦

કુમર ઊમાહ્યૌ ઘર ભણિ, લસકર સજ કરેઈ;
માત-પિતા મિલવો સૂણિ, ચાલે [3]ચત ધરેઇ. ૨૪૧

**ગાહા :**

**हर हरणा सर सारसां, जामो पत नरांह ।**
**विफ गयंदा मारु करहला, विसरस्यै हेमु आह ।।१।।**

**ગાહા :**

**जणणी य जम्मभूमि यस्य मनि दाय ।**
**अभिनव प्रेम सजन जणाण गुठि पंचवि दुखेहइ मूचंति ।।२।।**

આપ સજન હિવે કયો, હય-ગય-રથ-પરીવાર;
કુમર રાયનઇ પુછવા, આવઇ એ [4]વીવહાર. ૨૪૨

---

૧. બિંદુ. ૨. દોડીને. ૩. ચિત્ત. ૪. વ્યવહાર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાલ : ૮, શ્રી જિન વદન નિવાસનિ – એહની. [ રાગઃ જયતસિરિ.]

પુછઇ કુમર ચરણ નમિ, 'મૂઝ ઘરિ માણસ આયો રે;
દેહુ હુકમ ભૂપતિ! હિવે, હું નિજ તાત બોલાયઉ રે.' ૨૪૩

ચાલઇ કુમર આણંદસૂં, વાત હુઇ પુરમાહિ રે;
પુરષરતન જગિ પરગડો, દઇ આસિસ ઉછાહો રે. ૨૪૪ ચાલઇ૦

સૂણ ભૂપતિ હરખિત હુંઉ, કુમર તિહાં પહિરાવઇ રે;
કરીય [1]સઝાઈ [2]ચલણેકિ, મૂખ ભાખે મુજ ભાવે રે. ૨૪૫ ચાલઇ૦

નિજ કુંઅરી [3]ગ્રહણે ભરી, સાથૈ ભૂપ ચલાવે રે;
માત-પિતા મલિ 'આવજ્યો', ઇમ કહિ કુમર વધાવે રે. ૨૪૬ ચાલઇ૦

વિદા હુઆ રાજ-લોક [4]ઘિરે, ચલે નિસણ વજાઇ રે;
નગર લોક દેઇ ભેટણો, ધન્ય પુરષ વરદાઇ રે. ૨૪૭ ચાલઇ૦

સર્વ સાથ આગઇ કિઉ, આપ રહ્યો પુરમાહિ રે;
દુત મુક્યૌ ઘર નારીનઇ, ખબર કરો નિજ બાહિ રે. ૨૪૮ ચાલઇ૦

મદનમંજરી ઘર ગયો, કુમરતણો નર આગૈ રે;
કહૈ 'કુમર તુઝ કારણૈ, રથ ચઢિ ઓભો [5]માગઇ રે.' ૨૪૯ ચાલઇ૦

પહર એક રજનિ ગઇ, મદનમંજરી આઇ રે;
બાહ ગ્રહિ કુમરઇ તિહાં, લેઇ નિજ રથ બઇસારી રે. ૨૫૦ ચાલઇ૦

અસ્વ રતન [6]હાક્યા તવે, ચાલ્યા વેગ ધરેઇ રે;
આપ કટક આવિ મિલ્યો, છોડી નગર જસ લેઇ રે. ૨૫૧ ચાલઇ૦

કુમર ઉતાવલ કરૈ તિહા, ગમન નિસાણ વજાવે રે;
ચાલ્યૌ કટક સજી [7]સવઇ, નિરભય સૂભટ સૂભાવે રે. ૨૫૨ ચાલઇ૦

---

૧. સજાવટ, તૈયારી. ૨. જવાની. ૩. ઘરેણાંથી. ૪. ઘરે. ૫. માર્ગમાં. ૬. દોડાવ્યા. ૭. સર્વ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તુરત [1]પ્રિયાણ સદા કરી, ભુપતિ સીમ છોડાવૈ રે;
રાતિ સમઇ પહુતા સહુ, અટવિ મુખ મલિ ભાવઇ રે. ૨૫૩ ચાલઇ૦

'રે રે લોક! સૂણો સવૈ, ઇણ અટવિ દુખ ભારી રે;
ચૌર-સિહ-ગજ-સાપનિ, કરજ્યૌ સહુ હુંસિઆરી રે.' ૨૫૪ ચાલઇ૦

ઇમ સૂણિ સજ હુઆ સવૈ, [2]સંબાવૈ હથિઆરો રે;
મદનમંજરી રથમાહિ, તેણ રથ આય કુમારો રે. ૨૫૫ ચાલઇ૦

સિહનાદ કરી [3]સૂબલિઆ, [4]કેતેકે મારગ આયા રે;
[5]વિગટ ચોર-પલિ તિહાં, સબલ ચોર ઉઠિ ધાયા રે. ૨૫૬ ચાલઇ૦

સીહનાદ કરી કલકલિ, કાઢિ ખડગ હથિઆર રે;
એક વાર તુટિ ધાયો, જૂધ મચિયો સંગ્રારઇ રે. ૨૫૭ ચાલઇ૦

સબલ ચોર દલ ધસમસ્યૌ, હાકોહાક પુકારઇ રે;
રુડ મૂડ લથબથ હુઆ, સૂરજ ઝડ-ઝડ મારઇ રે. ૨૫૮ ચાલઇ૦

કોલાહલ હલોલમૈ, ખબર નહિ અંધકારઇ રે;
'મારી-મારી' બોલૈઈ તિહૌ, કર્યો ધમલ હલકારૈ રે. ૨૫૯ ચાલઇ૦

કુમર કટક નાસે ગયો, સુર વિના કુણ થંભૈ રે?;
[6]ખત્રિ ખેતાણ રણ તજઇ રે, મરઇ કુલ જસ લોભૈ રે. ૨૬૦ ચાલઇ૦

**દૂહા :**

તિર-તુબક ચિહુ દિસિ ચલૈ, વિગરી જાહી જહા ચામ;
[7]મર્દૂ કે મૈદાનમઇ, કાયર કા ક્યા કામ?. ૨૬૧

તુંટઇ વરત આકાસ તઈ, કુણ સકે જડ ઝેલ?;
સાધૂ સતિ અરી [8]સસૂરીમા, [9]આણી-ઉપરીલા ખેલ. ૨૬૨

---

૧. પ્રયાણ. ૨. સમારે=સજ્જ કરે. ૩. સબળ. ૪. કેટલોક. ૫. વિકટ. ૬. ક્ષત્રિય. ૭. મર્દના. ૮. શૂરવીરતા. ૩. આણી ઉપરના.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અતિ એક તિહાં ઠાહરઈ, જિત કે મનમઇ સાચ;
દેખણ હરઇ કિઉ સહૈ, દુસહ અગનકિ [1]આંચ. ૨૬૩

એકે મરીવો મન વસિઇ, દુજિ જિય ન કોઈ;
સામિ કામ્હુ સુરમા, પરઇ પતંગા હોઈ. ૨૬૪

માર પડે દિસ હૂં દિસા, સાર [2]ઝડે જિઉ ફૂલ;
મર્દુ કે મૈદાનમઇ, કાયર રહૈ ન મૂલ. ૨૬૫

ખાડા ખયરો હાથ લે, કાયર વહૈ ન બોઝ;
કામ પડિ ભડિજાહિ ગઇ, જિમ જંગલ કે રોઝ. ૨૬૬

ઘડતઇ સીસ ઉતારી, કૈ ડાલિ દેહું જવું [3]ડેલ;
સૂભટ નહિ ક્યૌ સંભવે?, ઘર-જાણે કા ખેલ. ૨૬૭

ઉટ ન પકડઇ [4]કોટડી, સ્વામિ કામ કિ લાજ;
ચોડઇ નિકસિ ચપેટ ઘઇ, જિમ તિતરકું બાજ. ૨૬૮

સામી સારા ચ્યાર કરી, પરીહરી કાયર સઠિ;
વાકે વિસમય ઉપને, તે ચ્યારે ચોસઠિ. ૨૬૯

**ઢાલ :**

આપ કટક ભાગો જાણિ, રથ ઉતરૈ કુમાર રે;
પલિપતિસ્યું જઇ જૂડ્યૌ, બરસઇ બાણ દોધાર રે. ૨૭૦ ચાલઇ૦

થાકો કુંમર માહારણૌ, તવે બુધ મન ધારી રે;
મદનમંજરીને કહૈ, બાહિર બેઠિ સિણગારી રે. ૨૭૧ ચાલઇ૦

કરીય સિગાર અનોપમ, રથિ મૂખ બઇઠી નારી રે;
પલિપત્ત દેખિ તવઇ, ચૂકિ નજર વિકારી રે. ૨૭૨ ચાલઇ૦

મદનમંજરી દેખનઇં, પલિપત્ત રણ વારઇ રે;
કાઢિ ખડગ બહૂ બલ તવઇ, કુમર ચોરને મારઇ રે. ૨૭૩ ચાલઇ૦

---

૧. ગરમી. ૨. ઝાડ પર. ૩. ઢેકું. ૪. કારાગૃહ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મરતો પલિપતિ તિહાં 'તઈ, ન હણ્યૌ કુમાર! રે;
મદનમંજરી હું માર્યૌ, [1]બોઉ નારી સંસાર રે.' ૨૭૪ ચાલઈ૦

**કવિત્ત :**

ઇન હિ નારી નચીઉ એસ આગઇ નાગો કરી,
તિન ભૂવનમાં નારદ મેલિ તિહાં હાસ વિવહ પરી;

વૃંદાવન નચિઉ રાસમંડલ હરી રંગે,
દયૈત તાલ કંસાલ રાગ રંજિઉ વિવહ પરી;

સૂર નાગલોક સવૈ નિરખ નારી ભૂલૈ પ્રચલ,
કહિ **માન** સોઇ સોઇ જૂંગત ન રખ નારી તન-મન અટલ. ૨૭૫ ચાલઈ૦

છલ-બલ કરી પલિપતઇં, માર્યૌ સબલ કુમાર રે;
મદનમંજરી લેં ચલ્યૌ, રથ હાક્યૌ તિણવાર રે. ૨૭૬ ચાલઈ૦

'આપણ સાથ ના દેખઇ, હય-ગય-રથ-પરિવારો રે;
નાસે ગયા કાયર છંડિ', કુમર ઉદાસ વિચારઇ રે. ૨૭૭ ચાલઈ૦

ધરી સાહસ રથઉ એકલો, હાક્યા અસ્વરતન તુરતો રે;
માહાદુષ્ટ વન લંઘતો, ગોકલ એક પહૂતો રે. ૨૭૮ ચાલઈ૦

સાસ લીઉ કુમરૈ તિહાં, તિહાં દોઇ નર આવૈ રે;
પૂછૈ 'સૂભટ! કિહાં જાસ્યૌ?' મધૂર વચન કહિ ભાવૈ રૈ. ૨૭૯ ચાલઈ૦

'સુખપુર જાસ્યાં સહિ', કુમર કહૈ તિણ આગઇ રે;
તે બોલ્યા 'તબ હમ સાથિ, આવા જો કહો લાગઇ રે'. ૨૮૦ ચાલઈ૦

કુમર હુકમ સાથે હુંઓ, અવર લોક મીલિ આવઇ રે;
તબઇં ચલાઉ રથ આગઇં, [2]સહસ [3]સિધી કહાવઇ રે. ૨૮૧ ચાલઈ૦

---

૧. ઉતારી નાખ્યો. ૨. સાહસ. ૩. સિદ્ધિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દૂહા :

સાથિ સબ મીલિ વીનવૈ, 'સૂણ કુમર! અરદાસ;
અટવિ કઠિણ માહા સબલ, નિબલ સાથ તુમ પાસ. ૨૮૨

ચોર ઇહાં અતિ દુષ્ટ બલ, **દુર્જોધન** ઇણ નામ;
એકલ [૧]મલમાતો [૨]માહા, સિંહ સબલ ઇણ ઠામ. ૨૮૩

દૃષ્ટિવિષ એક સાપ હૈ, ઇતના ભય ઇણ મારગૈ;
સાવચેત હોઇ ચાલજ્યૌ, નહિ ઢિલરો લાગિ. ૨૮૪

સૂભટ સિવે ઇણ મારગઇ, [૩]વિગન હરંતો જોઇ;
બિજા પસૂં-પંખિ ઘણા, દુખદાયક ઇણ ઠાય.' ૨૮૫

## ઢાલ : ૯, જલાલીયાની [રાગ-વેરાડી.]

ભાખઇ રે કુમર માહાબલિ રે, 'કાંઇ ભય મની ધરો કોઈ રે પંથિડા;
સુખ રે [૪]સરીજા પામીઇ રે, કાંઈ [૫]કરતા કરૈ સો હોય રે પંથિડા. ૨૮૬

નિરભય રે ચાલો ઇણ મારગઇ રે, કાંઈ મનમૈ ધરજ્યૌ ધિર રે પંથિડા;
ભજન રે કરજ્યો માહારાજનો રે, જિમ સૂખ હોઈ સરીર રે પંથિડા. ૨૮૭ નિરભય૦

સાથિ રે સૂખિયા લિલસૂ રે, કરતા બહૂ કિલોલ રે' પંથિડા;
દેખિઉ રે સીન્યાસી સીર જટા રે, કાંઈ ભસ્મ સરીર અમોલ રે પંથિડા. ૨૮૮ નિરભય૦

માથૈ રે ચકૂ ત્રિસૂલસૂં રે, કાંઈ સાથૈ બહૂ પરીવાર રે પંથિડા;
રાતા રે નયણ બિહામણા રે, કાંઈ લાલ વસ્ત્ર ન ડંડ ધાર રે પંથિડા. ૨૮૯ નિરભય૦

છોટા રે પગ કર અતિ વડા રે, કાંઈ લખણ પુરા ચોર રે પંથિડા;
ચાલૈ રે પવન બરાબરી રે, કાંઈ દુષ્ટ સરીર કઠોર રે પંથિડા. ૨૯૦ નિરભય૦

આવિ રે કુમર પાસૈ રહ્યૌ રે, કાંઈ બોલૈ મૂખ મધુરી વાણિ રે પંથિડા;
'હું પણ રે સંખપુર આવસ્યૂં રે, કાંઇ તિરથ કરવા જાણિ રે પંથિડા. ૨૯૧ નિરભય૦

---

૧. મદોન્મત્ત. ૨. મોટો. ૩. વિઘ્ન. ૪. સર્જેલુ. ૫. કર્તા=ભગવાન.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માહરૈ રે પાસૈ ધન-[1]વાસણિ રે, કાંઈ દિધિ ધનવંત ધરમને કાજૈ રે પંથિડા;
તે ધન રે રાખો રથ તુમે ચઢ્યા રે, જિમ સુખ વંછિત સાજ રે' પંથિડા. ૨૯૨ નિરભય૦

દેઈ રે આસીસ સૂહામણિ રે, કાંઈ વાસણી રથ પાસૈ રે પંથિડા;
કુમર રે જાણ્યૌ દુષ્ટ મહાબલી રે, રથ ખેડ્યૌ આગઈ સૂવિસાલ રે પંથિડા. ૨૯૩ નિરભય૦

આગઈ રે આઈ સન્યાસી કહૈ રે, 'કાંઈ આણૂં મુંઝ ગોવલિ વિશ્રામ રે પંથિડા;
સાથઈ રે કુમર તિહાં રહો રે, કાંઈ કરુ [2]પ્રાહણાગતિ ઠામિ રે પંથિડા. ૨૯૪ નિરભય૦

ગોરસે રે તુરત તિહાં ઘણો રે, કાંઈ જાએ આણું તુમ કાજ રે પંથિડા;
તા લગિ રે રહિજ્યો ઇણિ વને સુખિ રૈ, કાંઇ લોક રહ્યા ધરી લાજ' રે પંથિડા. ૨૯૫ નિરભય૦

૧. પૈસા ભરીને કમરે બાંધવાની કોથળી. ૨. મહેમાનગતિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**દૂહા :**

કુમર તિવારૈ તિહાં રહિ, હઠ કરી રાખ્યો સાથ;
સન્યાસી આવી કહૈ, 'હમ તુમ અવિહડ સાથ. ૨૯૬

ચામાસૌ [1]પૈહૈલો કિઉ, ઇણ ગોકલ હમ સામ;
તિણ ગોરસ [2]પ્રાહુણ ભણી, દેસ્યૈ સહુ હમ નામ.' ૨૯૭

કુમર કહૈ 'હું રાજપુત્ર, તુ ભિખ્યાચર આપ;
તુમ ભોજન કલપઇ નહિ, મ કરીસ ઘણો સંતાપ'. ૨૯૮

તો પણ સન્યાસિ ગયો, લાયો ગોરસ મેલ;
દુધ-દહિ [3]ભાંડા ભર્યા, હલાહલ વિષ ઘોલ. ૨૯૯

કુમરૈ લીધો હઠ ઘણઇ, ધાયા સાથથિ તામ;
આપસૈ નિવારઇ કુમર, 'મતિ પિવો વિષ ઠામ'. ૩૦૦

## ઢાલ : ૧૦, પ્રાણ પિઆરા ક્યું તજિ – એહની.
## [અથવા સિમંધર સ્વામી ઉપદિશે–એ દેશી.]

સાથિ સબ ગોરસ લિઓ, વારઇં કુંમર મન ન માનઇ રે;
પિધા પેટભરિ કરિ, પ્રાણ ગયા તિણ [4]પાનઇ રે. ૩૦૧

[5]દઇખહૂં પૂન્ય પુરષ [6]ચરિ, પગિ-પગિ સુખ-દુખ પામઇ રે;
કરમ પરીક્ષા એ સહિ, જો ફિરૈ વિષ મિઠારેમૈ રે. ૩૦૨ દઇ૦

વાટ વટાઊિ સાથિયા, ચેતન રહિત સરીરો રે;
દેખી કુમર ચઢિયૌ રથૈ, ચાલ્યો સાહસ ધિરો રે. ૩૦૩ દઇ૦

તિણિ અવસર સર વરસતો, હાથિ ગ્રહિ કરવાલો રે;
સન્યાસિ મારણ ભણિ, ધાયો કાલ[7]કરાલો રે. ૩૦૪ દઇ૦

---

૧. પહેલા. ૨. મહેમાન. ૩. વાસણો. ૪. પીવાથી. ૫. દેખો=જુઓ. ૬. ચરિત્ર. ૭. વિકરાલ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉઠિઓ કુમર ખડગ ગ્રહી, [૧]કેહરી જિમ ગજ દેખિ રે;
સહસ સારિખો એકલો, [૨]ઝૂંઝે પ્રબલ [૩]વિસેખિ રે. ૩૦૫ દઈ૦

એક ઘાવ ઢાહિઉ તવઇ, દુર્જોધન સન્યાસી રે;
વજ્ર-ઘાયે પરબત જિમ, દુષ્ટ ચોર અવ નાસિ રે. ૩૦૬ દઈ૦

મરતો બોલૈ કુમરને, 'લાખ [૪]જોધ હું એકલો રે;
કિણે ન માર્યો તે હણ્યૌ, અદભુત તાહરી ટેકો રે. ૩૦૭ દઈ૦

એક વચન સૂણિ માહરો, પર્બત [૫]વામૈ પાસૈ રે;
દોઇ નદિ વિચૈ દેવલૈ, તિહાં તું જાઈ પ્રકાસૈ રે. ૩૦૮ દઈ૦

તિણ દેવલ પસ્ચમ દીસૈ, સિલા સબલ વલ પેલિ રે;
તું પઈસિ નિરભય તિહાં, તિહાં મુઝ નારી એકેલી રે. ૩૦૯ દઈ૦

બહુ ધન નારી સંગ્રહૈ, જોવન ગુણ-મણિ ખાણી રે;
નામે **જયશ્રી** અતિ વિનય, રુપૈ રંભા સમાણિ રે. ૩૧૦ દઈ૦

મૂઝ જિવિત થોડી હીવૈ, [૬]દાગ દેઇ મુઝ જાઇ રે';
ઇમ કહિ ચોર તુરત મૂઓ, કુમરઇં [૭]દાગ્યો ધાઇ રે. ૩૧૧ દઈ૦

રથ ચઢિ તિણિ દેવલ ગયૌ, ખોલ્યો બારણો કમારૈ રે;
દેખ્યૌ ધન સૂંદર નારી, દ્રષ્ટી મિલિ સૂવિકારૈ રે. ૩૧૨ દઈ૦

ચોર-નારી કહૈ 'સ્વામિજી!', મધુરી કોકિલ-વાણિ રે;
'એ ધન હું પણી તાહરી રે, તુ મૂંઝ જીવન [૮]પ્રાણિ રે.' ૩૧૩ દઈ૦

હાવ-ભાવ વિભ્રમ કરી, રંજ્યૌ કુમર તિવારૈ રે;
મદનમંજરી કુમરને, અવલૈ હાથૈ મારૈ રે. ૩૧૪ દઈ૦

'[૯]નિલજ! મૈ તુઝ કારણે રે, માત-પિતા-સખી છોડી રે;
દેશ-નગર નિજ ઘરધણી, તિણસૂં માયા ત્રોડી રે. ૩૧૫ દઈ૦

---

૧. સિંહ. ૨. યુદ્ધ કરે. ૩. વિશેષ રીતે. ૪. યોદ્ધા. ૫. ડાબી બાજુ. ૬. દાહ. ૭. દાહ દીધો. ૮. પ્રાણ. ૯. નિર્લજ્જ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અવર નાર તું કિમ ગ્રહઇ?', તબ લાજે સૂકુમારો રે;
બહૂં ધન નારિ તિહાં તજિ, રથ ચઢિ ચલ્યૌ સવારો રે. ૩૧૬ દઇ૦

અટવિ અનુક્રમઇં લંઘતાં, કોલાહલ વલિ ઊઠઇ રે;
ઘણા જીવ નાઠા આવૈ, મયમત્ત મયગલ પૂઠે રે. ૩૧૭ દઇ૦

ધવલ મેઘ જિમ ધાવતો, મદઝરતો તરુ [1]ઢાહૈ રે;
કુમરૈ દીઠો આવતો, વન પ્રાણિ તન ગાહૈ રે. ૩૧૮ દઇ૦

મદનમંજરી ભય ધરઇ, કુમર કહૈ 'મત બોલૈ રે;
દેખિ માહાગજ વસિ કરું, જે અટવિ બલ ડોલૈ રે.' ૩૧૯ દઇ૦

જિમ પહિલો ગજ વસિ કીયો, એ પણી તિમ વસિ આણૈ રે;
રથ બૈસી આગઇ ચાલૈ, દેખ્યો સિંહ વિનાણૈ રે. ૩૨૦ દઇ૦

મારગ વિચિ બેઠો ધસી, કેસરી ખંધ કરાલો રે;
કુંડલ પુવિ રસૈ રે, મુખ ફાટો અસરાલૈ રે. ૩૨૧ દઇ૦

જિભ કાઢિ યમ-[2]દઢ જસી, તિખિ ડાઢ ડરાવૈ રે;
નિર્ભય ઘાલિ નલિ ઘૂમાવૈ, દેખિ કુમરને ધાવૈ રે. ૩૨૨ દઇ૦

કુમર ભૂજા લપેટને, દોડિ સીહ-મુખ ઘાલૈ રે;
[3]ડહિણ હાથ કટારીયૈ, ઘાવ નિસંક સંભાલે રે. ૩૨૩ દઇ૦

ગાઢ પ્રહાર હણ્યો તિહાં, ધરણિ પડ્યૌ ધૂસકારૌ રે;
રથ ચઢિ કુમર ચલ્યૌ, વલિ સહસ સૂભટ અસવારો રે. ૩૨૪ દઇ૦

લંઘઇ કુમર માહા રણ, તિહાં [4]ભૂજંગમ અતિ ઘોર રે;
કાજલ-ભમર જિસો કાલો, ફણમણિ કિરણ કઠોરો રે. ૩૨૫ દઇ૦

રક્તનયન દોઊ જિભસૂં, ધમધમાય બહુ [5]સાસો રે;
મુખ પસારી મારગ રહિઉ, પરતીખ કાલ નિવાસો રે. ૩૨૬ દઇ૦

---

૧. તોડતો. ૨. દાઢ. ૩. દક્ષિણ=જમણા. ૪. સર્પ. ૫. શ્વાસ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મદનમંજરી દેખિનૈ, ભય મન કંપઈ [1]દિહા રે;
લાગી [2]કંટ કુમાર રે, નારી ચરીત નહી છેહા રે. ૩૨૭ દઈ૦

નારી સંતોષિ ઉતર્યો, સાપ પાસ તિહાં જાઇ રે;
મુખ થંભ્યૌ મંત્રે કરી, ગારુડ જિમ ખેલાવઇ રે. ૩૨૮ દઈ૦

નિર્વિષ કરી પન્નગ તજ્યૌ, દાંત તોડી કરી દૂરઇ રે;
રથ બૈસી ચલ્યૌ તવૈ, નિજ મની આનંદપૂરૈ રે. ૩૨૯ દઈ૦

અગડદત્તકુમરૈ તિહાં, અટવિ [3]સંગટ ટાલ્યૌ રે;
ચોર દોય-ગજ-કેસરી હણિ, પંથ સૂખઇ ચાલ્યૌ રે. ૩૩૦ દઈ૦

અટવિ લંધિ દુખ ઘણૈ, સાહસ ધરમ પ્રમાણૈ રે;
સંખનગર દીઠો તવૈ, આનંદ નયણસૂં જાણૈ રે. ૩૩૧ દઈ૦

કુમરકટક-નૃપસૂંદરી, આગઇ પુહતિ આઇ રે;
તિણ ભૂપતિ અટવિ મુખઇં, મૂંક્યા સૂભટ સુભાવિ રે. ૩૩૨ દઈ૦

પુરષ જાઈ ભૂપતિ ભણિ, આગૈ દેઇ વધાઇ રે;
[4]સુણ સુંદર ભૂપતિ પિતા, આનંદ અંગ ન માઇ રે. ૩૩૩ દઈ૦

સાથ સજિ નરપતિ, સબલ નિસાણ વજાવૈ રે;
નગર સીંગાર્યો બહૂ પરૈ, હય-ગય-રથિ સજિ આગૈ રે. ૩૩૪ દઈ૦

કુમરૈ દિઠો ભૂપતિ, લાગ્યૌ ચરણે ધાઈ રે;
સૂત ભિડ્યૌ ભૂપતિ હિવૈ, વિરહ દુખ સબ જાઈ રે. ૩૩૫ દઈ૦

દુખ ગયો સુખ ઉલ્ટ્યૌ, માત-પિતા વિકસાઇ રે;
સૂત દરસણ જગી દોહિલો, વલિ વિછડ્યૌ મિલાઇ રે. ૩૩૬ દઈ૦

માત-પિતા આદર કરી, સમાચાર પરદેસિ રે;
પુછૈ 'કિણવિધ કિહાં રહ્યા?, સુખ-દુખ સયણ સંદેસા રે. ૩૩૭ દઈ૦

---

૧. દેહ. ૨. કંઠે. ૩. સંકટ. ૪. સાંભળીને.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિમ હુંઆ તે તિમ કહ્યા, તિણ દિવસ લગિ વાત રે;
માત-પિતા હરખ્યા હિયૈ, કરમ પરમ પરીખ્યા જાત રે. ૩૩૮ દઈ૦

નગર લોક હરખિત હુઆ, પુરવ દોષ ખમાવૈ રે;
કુમર કહૈ પુરલોકનૈ, 'તુમ ઉપગાર કહાવૈ રે.' ૩૩૯ દઈ૦



## દૂહા :

સજન મીલ્યા [૧]ધ્રત હુઇ, હરખ્યા સબ પુરલોઇ;
રાજા-રાણિ-કુમર મલી, દિન-દિન આણંદ હોઇ. ૩૪૦

રાજલિલા સૂખ ભોગવે, પૂરવ પુન્ય પ્રમાણ;
મનવંછિત સૂખ સંપજૈ, જો સાહસ તો પ્રાણ. ૩૪૧

ઇણ અવસર આવ્યો તિહાં, માસ વસંત સૂરંગ;
જિહાં કામિજન મન-નયણ, વંછિત ભોગ અભંગ. ૩૪૨

પુત્ર મિલણ મન ઉલસ્યૌ, મેલિ સકલ પરીવાર;
ભોગ પુરુષ ભૂપતિ સહિત, અગડદત્ત કુમાર. ૩૪૩

## ઢાલ : ૧૧, રામચંદ કે બાગી ચંપો મોરી રહ્યો સૂરી-એહની. [રાગ=ગોડી.]

રાજા મન આણંદ, સાથિ કુમર પરીવાર,
રાજલોક સિંગાર, ખેલૈ સજાઇ ધારે;
આવૈ વન મઝાર જિહાં, તરુવર ઘન છાયા,
ફૂલ્યા અંબ-કદંબ, પરીમલ વાસ સવાયા. ૩૪૪

સૈબલ વેતસ ખેર, [૨]પન્નસ-પલાસ વિરાજૈ,
જામણિ-ઉંબર-પીલૂં, તબ નારંગ સૂછાજૈ;
રક્તમાલ કણવિર, કુંટવૃક્ષ [૩]નમાલા,
ચંદન-બદરી-અસોક-નાલેરી તરુ ડાલા. ૩૪૫

સોપારી-સાલૂર-દ્રાખ-કરીર વિકાસા,
નાગ-પુનાગ-પ્રિયંગુ, પાડલ સોહે માસા;
કુંર મૂક તિલક અમોલ, નાગરવેલ સૂરંગી,
શ્રીતમાલિ કિંકેલિ, ચંપક મરુક અનંગી. ૩૪૬

---

૧. ધૃતિ. ૨. ફણસનું ઝાડ. ૩. નમેલા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સમવર્ણા મચકુંદ, કુસમ કેતકી જૂહી,
રામ ચંપા રાયવેલી, જાય માલતિ મૂંહિ;
સંવંત્રી દેવદારુ, ચારોલિ મલયાગરી
સરલ આંબલિ મલી, ચંબેલી સૂખ આગર. ૩૪૭

રાયસેણી ગિરકીર્ણા, સિંદુવાર મંદાર,
આઉલિ ટિંબર નીલ, આકુંલ તરુ કચનાર;
વંસ બકાંયણ રુખ, મહૂંયા નેફર વાસા,
લીસોડા સકલાર, રોહિડા સૂપ્રકાસા. ૩૪૮

[૧]કોલ ચઢિ સહકાર, કૂહું કૂહું કરી કરી બોલઇ,
કુસમ સૂવાસ અનેક, ગુંજત ભ[મ]રા ડોલૈ;
સૂક બોલઇ જયકાર, મોર કિંગાર કરઇ રી,
મલયાચલ કો [૨]પઉન, બાગ સૂંવાસ ધરઇ રી. ૩૪૯

ઠામિ-ઠામિ સર નીર, કમલ સૂવાસ વિલાસૈ,
સારસ-હંસ-ચકોર, કેલ કરૈ તસૂં પાસૈ;
ગયો [૩]સસીર બહું સિત, સબ વનરાય ફલિ રી,
આયો માસ વસંત, દેખત સકલ લરી રી. ૩૫૦

ભૂપતિ લેઇ ગુલાલ, કુમર સહિત મલિ ખેલૈ,
કેસરી સૂરભી ગુલાલ, ચૂઆ ચંદન ભેલૈ;
કુંસમ અબિર કપૂર, [૪]મૃગમદ વાસ કુમકુમા,
છાંટે માહોમાહિ ભરી, પિચકા [૫]સમસમા. ૩૫૧

તાલ-મૃદંગ-ઉપંગ, વીણા-વેણુ લીયઇ રી,
વાજૈ [૬]ડફ મૂહ ચંગ, અમૃતી સાજ કીયૈ રી;
સર મમલ સૂરબાબ, જંત્ર પીનાક સજૈ રી,
કિન્નરી રાગ સૂરંગ, [૭]ડંડારસ સૂગંજૈ રી. ૩૫૨

---

૧. કોયલ. ૨. પવન. ૩. શિશિર ઋતુ. ૪. કસ્તુરી. ૫. સામો સામે. ૬. ડફલી. ૭. ડાંડિયારાસ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તાન-માન ધરી નાદ, મગન મન મોહૈ,
કુસમ કેલિ ફલ લે, જલ ક્રીડા સૂખ સોહૈ;
તાલી હાથોહાથી દેઈ, ધમાલ કહૈ રી,
બોલઇ અમૃતવાણિ, ગુણિજન દાન લહૈ રી. ૩૫૩

કરી આનંદ વિનોદ, સારો [1]દિઉસ તિહાં રી,
સાંઝ સમૈ રાય આપ, આવઇ નગર તિહા રી;
અગડદત્ત સૂકુંમાર, આપણ સાજ કરૈ રી,
આવૈ નગર મઝારી સહું, જિણ આગૈ ધરઇ રી. ૩૫૪

સકલ લોક ઘરી આપ, પુહતા કુમરતણા રી,
મદનમંજરી સાથ લે, તિહાંથી ચલણા રી;
રથી બૈસઇ જિણ કાલી, મદનમંજરી નારી,
સાપ ડસી તતકાલ, સાંજ સમૈ અંધારી. ૩૫૫

માડયા કુમર ઉપાય, મંત્ર-જંત્ર બહુતેરા,
ઇતનૈ હુઇ અચેત, વિષ વ્યાપૈ અધકેરા;
'મતિ બિહૈ મૂઝ પ્રાણ, સાપ ઉતારુ આજ',
....................,................... ૩૫૬

'હા હા' કરીય પુકાર, 'સર્પ ડસી હું' કહી રી,
ધસકિ પડૈ તિણવાર, કુમર ઉછંગ લહિ રી;
ભાખૈ કુમર સૂજાણ, મદનમંજરી કાજૈ,
સીતલ હૂઓ સરીર, દેખતા મૂરછાણિ. ૩૫૭

જિવ રહિત તબ જાણ, કુમર વિલાપ કરે રી,
'હા હા દેવ! વિજોગ, નારી કાલ હરૈ રી;
[2]ચંતામણિ સમ એહ, હાથથકી જૂં ગઈ રી',
દેહ પછાડૈ ભૂમ, ધૂણૈ સીસ જઇ રી. ૩૫૮

---

૧. દિવસ. ૨. ચિંતામણિ રત્ન.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

‘રાજ રીધ કિણ કામ?, પ્રિતમ નારી વિના રી,
ઈણિ કારણ પરદેશ, મેં દુખ સહ્યા ઘણા રી;
ચોર-સીહ-ગજ સાખી, તિહાં મેં નિરભય આણી,
હિવે રુઠો મુઝ દૈવ, હું પણ પાપી પ્રાણી.’ ૩૫૯

ઈમ [૧]નિસ્સય મન આણી, કુમરૈ [૨]ચતા રચિ રી,
કાસ્ટ આણી બહુ આપ, નારી તીહાં સીચિ રી;
બલસ્યૂં નારી સાથ, વિદ્યાધર દોઇ ભાઇ,
[૩]મહતુમય ગુણવંત સંઘ મીલ્યા તિહા રી. ૩૬૦

દેખિ કુમર વિલાપ, પર-દુખ ભંજણ કામૈ,
આયા ભૂપતિ પાસી, કુમર રહિઓ તિણઠામૈ;
..................,........................
..................,........................ ૩૬૧

**ગાહા :**

વિરલા જાણંતિ ગુણા, વિરલા પાલંતિ નિધણા નેહા;
વિરલા પરકજકરા, પરદુખએ દુખિઆ વિરલા. ૩૬૨

**દૂહા :**

કરણિ દેખ કપાસકી, જેસી તનકિ ધાર;
દુખ સહૈ સીર આપણૈ, ઢાકે પરહ સરીરી. ૩૬૩

સૂખ સંપતિ પ્રિતમ ઘણયા, મલિ-મલિ બૈસે છાહ;
સ્વારથ વિણ પાસૈ રહૈ, તે વિરલા [૪]કલિમાહિ. ૩૬૪

સજન વિરચૈ પરખીઇ, ઉતમ-[૫]જિન જે હૂંત;
તેતા રાતા ના કરૈ, જેતા વિરચિ કરંત. ૩૬૫

૧. નિશ્ચય. ૨. ચિન્તા. ૩. મહાનતામય. ૪. કલિકાલમાં. ૫. જન

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગહિ ટેક સો ના તજૈ, જિભ ચાંચ જરી જાત;
મીઠા કહા અંગારમઇ, તાહિ ચૂગત ચકોર. ૩૬૬

સજન સંપદ પાય કરી, ઢૂંઢઇં દુખીયા લોઇ;
જો દુખીયાં દુખ ભંજિયૈ, તો ઉપગારી હોય. ૩૬૭

માન વિધાતા વિવરો, સૂખી ન કીનેં લોગ;
અણચાહત સંજોગ નિત્ત, ચાહત હોત વિજોગ. ૩૬૮

માન વિધાતા જગ મથ્યો, કાઢે આઠ રતન્ન;
સજન નારી રાગ જલ કવિ ધન પાવક અન્ન. ૩૬૯

**ઢાલ :**

કહૈ વિદ્યાધર દોઇ, 'કાંઇ કુમર દુખ ધારૈ?,
પૈસૈ કાંહ અગનિ?, મૂરખ! કછૂ ન વિચારૈ;
નારી સર્પ વિષ દુરી, કરસ્યાં ખિણ ઇકમાહિ,
ચિંતા ન કરૌ વિવેક, ધરી દેખો ઇણ ઠાંહી.' ૩૭૦

વિદ્યાધર જલ મંત્રી, છાંટિ નિર્વિષ નારી;
ઉઠિ ગયા તતકાલ, દેખૈ ચિતા સવારી;
કુમર કહી સહૂ વાત, હરખિત વદન હિયા રી.
વિદ્યાધર ઉપગાર, કરી આકાસ ગયા રી. ૩૭૧

**કવિત્ત :**

અદ્‌ભુત પંકજ વાસ કમલ કઇ કામિ નાવૈ,
રયણાયર બહૂ રયણ આપ ભૂષણ ન કરાવૈ;

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચંદન સરવર નીર વૃક્ષફલ મેઘ વિચારીયૈ,
કરત સૂર ઉદ્યોત એહ સબ જગ ઉપગારી;

કહિ **માન** લહિ સજન ઘરહિ આપ તુછ પરકજ્જ બહું,
તિણી એક છોડિ સજન પુરષ અવર સમ કિજૈ ન કહું. ૩૭૨

ભાખે કુમર તિવારઇ, 'રજની અંધારી,
પાસે દેવલ માઝી, ચાલો સૂંદર નારી!;'
દેવલ ગયૌ કુમાર, સુંદર તિહાં કરી રાખૈ,
અગની કાજ ગયૌ કુમર, આપ નિજ નારીસૂ ભાખી. ૩૭૩

દૂરી થકી લેઇ આપ, જબ લગી કુમર આવૈ,
દેવલમાહિ ઉદ્યોત, દેખિ મુખ વિલખાવૈ;
આયૌ તબહિ કુમાર, વલિ તિહાં હૂઓ અંધારો,
આય પૂછઇં નિજ નારી, 'કિસો ઉદ્યૌત વિચારૌ?.' ૩૭૪

મદનમંજરી બોલ, બોલિ મધૂરી વાણી,
'પ્રીતમ! તુમ કરી આગિ, તસૂ ઝાલા ન પિછાણી';
કુમરૈ વાત માની સરલ, સહું સમ આણૈ,
પણિ સૂર-નર ઘર ઘાલે, નારી ચરીત ન જાણૈ. ૩૭૫

આણિ અગનિ તિવાર, આપૈ ફૂંકણ લાગો,
ગોડા ભૂમિ લગાય, સિર નિચૈ કર આગૈ;
મદનમંજરી હાથિ, ખડગ દીયૌ તિણી વેલા,
[1]નગન ખડગ પડ્યૌ, ભૂમિ દિઠો કુમરે હેલા. ૩૭૬

---

૧. નગ્ન=ખુલી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પૂછે ફિરીય કુમાર, 'ખડગ પડ્યો કિહાં નાગો?,
માર્યૌ હૂંતો મૂઢ હોઇ, સચેતન જાગ્યૌ';
તબ બોલિ તિહા નારી 'તુમ મુખ દેખત ભૂલિ,
ઓગલ્યો ખડગ પડંત્ત, નેહ સીથલ અગ ભૂલી.' ૩૭૭

માન્યૌ સરલ કુમાર, ચ્યાર પુહર તિહાં જાગ્યો,
મન ભય સંકા આણતો, જીવ પાયૌ માગો;
રાતિ ગઈ સૂપ્રભાતિ, રાજપૂરષ સબ આયા,
લે નિજ નારી સાથ, કુમર આનંદ સવાયા. ૩૭૮

આયો મહુલી મઝારી, રજની વાત સૂભાખિ,
માત-પિતા મિલી લીલ, રાજ કરૈ જગ સાખી;
જિણને રાખૈ દેવ, મારી સકઇં નહીં કોઈ,
વાલઉ વાકાં હોઇ, જો જાગ વઇરી હોવૈ. ૩૭૯

## દૂહા :

કુમર સદા લીલા કરૈ, પરઘલ પુન્ય પંડૂર;
મનવંછિત સૂખ ભૂપ-ઘરી, દિન-દિન વાધઇં નૂર. ૩૮૦

પરદેશી કેઇ આવીયા, અશ્વરતન બહુ લેઇ;
રાજા ચરણ-કમલ નમી, આગૈ ભેટ કરેઇ. ૩૮૧

હય-ગય-રથ વલ્લભ હુવૈ, સબલ રાજને કાજિ;
અશ્વ લિયા રાજા તિહાં, દેખિ અદભુત સાજ. ૩૮૨

અશ્વપરીક્ષા કારણૈ, રાજા આજ્ઞા લેઇ;
અગડદત્ત ઘોડૈ ચઢયૌ, પુર બાહિર ફેરેઇ. ૩૮૩

એક અશ્વ અતિ સુંદરુ, પેખિ ચઢીઉ કુમાર;
તે [1]વાકો-સિખ્યૌ હતો, લે ચાલ્યૌ અસવાર. ૩૮૪

જિમ-જિમ ખાચૈ [2]વાગ વલિ, તિમ-તિમ વેગ પવન;
અટવિ દૂરૈ ગયો તુરત, થાકો કુમર-રતન. ૩૮૫

વાગ મૂકિ ઘોડો રહ્યો, તાપસ આશ્રમ પાસિ;
કુમર તિહાં ફિરતો ગયૌ, દેઠો [3]જિન-આવાસ. ૩૮૬

ચારણમુનિ દીઠો તિહા, બહું મુનિવર પરીવાર;
પગી લાગો બૈઠો કુમર, ઉત્તમ કુલ આચાર. ૩૮૭

## ઢાલ : ૧૨, ઉપસમ તરુછાયા તસૂ (રસ) લિજૈ – એહની.

ચારણસમણ બહુ પરીવારૈ, ષમ-દમ ગુણ હિ ગંભીર જી;
પંચમાહાવ્રતધર શ્રુતસાગર, મમતારહિત શરીર જી. ૩૮૮

મુનિવર-ચરણકમલ વંદિજૈ, લહિઇં ભવદુખ પાર જી;
તારણ-તરણ જગત જોગીસર, નિરમલ ધરમ આધાર જી. ૩૮૯ મુનિવર૦

૧. વક્રશિક્ષિત. ૨. લગામ. ૩. જિનાલય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિસય-કસાય અંગ જિત મુનિવર, નખ્યત્રમાહિ ચંદ જી;
જિમ તરુમાંહિ સુરુતરુ કહીઇ, દેવમાંહિ જિમ ઈંદ જી. ૩૯૦ મુનિવર૦

ભવીયણ જીણ તિમર દીવાકર, ચ્યાર નાણ ધરૈ તેહ જી;
................................,................ ૩૯૧ મુનિવર૦

મુનીવર દેખે કુમર વદન છબિ, ભાખે ધરમ વિચાર જી;
જલધર જિમ સમ-વિસમ ન જોવૈ, ઝરૈ અખંડિત ધાર જી. ૩૯૨ મુનિવર૦

સૂણિ દેશના કુમર આનંદૈ, વંદી પ્રભુના પાય જી;
ધર્મલાભ દીધો તિહાં મુનિવર, તારણ-તરણ સહાય જી. ૩૯૩ મુનિવર૦

વિનયવંત કરજોડિ મૂનિવર, ભાખે તિહાં કુમાર જી;
'પ્રશ્ન કરુ સામિ! એક તુમને, મૂજ સંદેહ અપાર જી.' ૩૯૪ મુનિવર૦

લહિ આદેસ કુમર તબ બોલ્યો, 'તુમ પાસે મુનિ પાંચ જી;
જોવનવય સૂંદર અતિ કોમલ, [1]નવદક્ષત નિરવંચ જી. ૩૯૫ મુનિવર૦

દેહ સૂખિ ઘર સૂખિ કિમ છોડઇ?, કુણ કારણ વૈરાગ જી?;
તન-મન-ઇંદ્રી દમિ વ્રત લીધો, તે ભાખો મુઝ લાગ જી.' ૩૯૬ મુનિવર૦

[2]નાન પ્રમાણ લાભ બહુ જાણી, બોલે સાધુ મહંત જી;
[3]સાંભલિ સાહસીક રાજાસૂત, અગડદત્ત ગુણવંત જી. ૩૯૭ મુનિવર૦

ઇણ દેસ અટવી વીચિ મોટી, ભીલસાલિં ગંભિર જી;
**ચમરી** નામૈ તસ પતિ કહિઇં, **ધરણીધર** અતિ ધીર જી. ૩૯૮ મુનિવર૦

ચમરી પાલિમાંહિ બલવંતજી, દેશ [4]વિધંસૈ હાથ જી;
ધરણીધર લખ જોધા તસકર, ધન લૂટૈ બહું સાથ જી. ૩૯૯ મુનિવર૦

એક સમૈ કોઈ સૂભટ કુમર વર, હય-ગય-રથ-પરીવાર જી;
મારગ આવંતો સાહસબલિ, પહુંતો પાલિ મઝાર જી. ૪૦૦ મુનિવર૦

૧. નવદીક્ષિત. ૨. જ્ઞાન. ૩. સાંભળે છે. ૪. વિધ્વંસ=નાશ કરે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પલિપતિ દિઠો તે લશકર, ધાયૌ સૂભટ સંજોડિ જી;
કુમર કટક હત-પ્રહત કરીઉ સબ, [1]ભાજ ગયા સબ છોડી જી. ૪૦૧ મુનિવર૦

આપ કુમર પગ માંડિ ઝૂઝૈ, તો પણિ છલૈ ન ચોર જી;
તબ કુમરઇ નિજ બુધી વિચારી, વધ વવાહર કાજ જી. ૪૦૨ મુનિવર૦

રથે બૈઠી નિજ નારી બુલાઈ, કહિ "તૂં કરીય સિંગાર જી";
બેઠિ ઉઘાડે રથ-મૂખિ ઊપરી, જીમ જીપૈ રીપુ ભાર જી. ૪૦૩ મુનિવર૦

નારી સિંગાર કરી રથી બૈઠી, વદન ઉઘાડૈ આય જી;
ધરણીધર પલિપતિ દીઠી, વિકલ હૂંઓ સબલ જાય જી. ૪૦૪ મુનિવર૦

નારી દરસ સૂર-નર જોગીસર, ભૂલિ પડૈ સંસાર જી;
ચોર છોડી સંગ્રામ મગન તિહાં, મારૈ તુરત કુમાર જી. ૪૦૫ મુનિવર૦

મારી ધરણધર પલીપતિ, રથ ચઢિ ચલ્યો કુમાર જી;
પુરષ પાંચ તેહના તે ભાઈ, આયા તિહાં તિવાર જી. ૪૦૬ મુનિવર૦

દાંત પીસિ હથીયાર સબલ વહી, વધ વવાહર કાજ જી;
ચાલ્યા રથ મારગ અતુલિબલ, પવનવેગ કરી ગાજ જી. ૪૦૭ મુનિવર૦

પહુચિ સક્યા નહી મારગ પાંચે, સૂખઇ નગર તબ જાઈ જી;
દીઠો કુમર સૂભટ બહું વીટ્યો, પામૈ કોઈ ન દાય જી. ૪૦૮ મુનિવર૦

નિજ બંધવ મૂઉ તિહાં દીઠી, સબલૈ બાણ પ્રહાર જી;
રીસમૈં ભરી પાંચે ધડધડતા, હાથ ઘસૈ બલ ધાર જી. ૪૦૯ મુનિવર૦

રાતિ-દિવસ પાંચે છલ દેખૈ, હાથી ચઢૈ ન કુમાર જી;
એક દિવસ વન માસ વસંતઇં, દીઠો વિણ પરીવાર જી. ૪૧૦ મુનિવર૦

નારી સહિત એકાકી જાણી, મારણ પાંચે ધાય જી;
ઇણિ સમૈ તસૂ નારી ડસી તિહાં, કાલૈ સાપસૂ ભાય જી. ૪૧૧ મુનિવર૦

---

૧. ભાગી ગયા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જીવ રહીત કુમરૈ તિહા દીઠી, ચિતા રચૈ તસૂ કાજૈ જી;
નારી વિના ઉપરી ધરી ચિતૈ, હીવૈ કીજૈ નીજ તાત જી. ૪૧૨ મુનિવર૦

દીધી આગી ચિતા બહું દુખ ધરી, આપ [૧]જલણને થાય જી;
તબ દોઈ વિદ્યાધર તિહાં આયા, રાખ્યૌ કુમર બોલાય જી. ૪૧૩ મુનિવર૦

મંત્રજલૈ નારી [૨]ઓઠાડી, કરીય ગયા ઉપગાર જી;
વિણૂ સ્વાસ્થ ઉપગાર માહાબલ, સ્વારથ સયલ સંસાર જી. ૪૧૪ મુનિવર૦

નારીસહિત કુમરૈ વન છોડ્યો, ગયા દેવલ નીસ પાસ જી;
દેવલ નારી મૂકિ ચાલ્યૌ, [૩]આગિ કાજ સૂપ્રકાસ જી. ૪૧૫ મુનિવર૦

અંધારી નીશી કાઈ ન સૂઝૈ, કુમર ગયો તબ જાણી જી;
પંચે બંધવ દેવલ પેઠા, મારણ છલિ અહિનાણ જી. ૪૧૬ મુનિવર૦

રોસભરી [૪]બંધ-વહ દુખ પિડા, પાંચે લે હથીયાર જી;
કુમર મારવા પરછન ખૂણે, ગયા દેવલ સૂવિચાર જી. ૪૧૭ મુનિવર૦

સંપુટમાહૈ [૫]સથૈ દીવો, ખબરી કરણને કાજ જી;
કુમર ગયો તબ દીપ ઉઘાડ્યો, લઘૂ બંધવ રીપુરાજ જી. ૪૧૮ મુનિવર૦

તેણ નારી દીઠો લઘુ બંધવ, રુપૈ દેવકુમાર જી;
રાગ ઉપન્નો નિચ નારીનૈ, દેખૈ દ્રષ્ટી વિકાર જી. ૪૧૯ મુનિવર૦

લઘુબંધવ પ્રતિ સા બોલિ, ''હોઈસ મુઝ ભરતાર જી;
હું તુઝ દાસી તું મુઝ સાહિબ'', ધિગ્-ધિગ્ નારી વિચાર જી. ૪૨૦ મુનિવર૦

''સૂખ ભોગવસ્યાં આપણ બેઊ, હું નારી તૂં મૂઝ સ્વામી જી;
અવર નારી જો મનમાહી આણી, તો તુઝ મારીસી ઠામ જી''. ૪૨૧ મુનિવર૦

લઘુબંધવ બોલે ''સૂણી સુંદરી!, આપણ વિષમ સંજોગ જી;
જઉ જાણૈ તુઝ પતી અતુલીબલ, તો મારૈ ધરી સોગ જી''. ૪૨૨ મુનિવર

---

૧. બળવા માટે તૈયાર થયો. ૨. જાગૃત કરી. ૩. અગ્નિ. ૪. ભાઈના વધના. ૫. સાથે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તબ બોલી ભામીની રસરાતી, ''હું મારું ભરતાર જી;
તુઝ આગલી દેખતાં ઢાહું'', દીવો ઢાંક ગમાર જી. ૪૨૩ મુનિવર૦

ખિણિ ઇક તિહાં હિવ વિરચી નારી, રાચી દેખી ચોર જી;
વયરણ હુઇ કુંમરને વાઘણ, નારીચરિત અઘોર જી. ૪૨૪ મુનિવર૦

દીવો ઢાંકિઉ કુમર પધાર્યો, પૂછે નારી કાજ જી;
''કિસો ઉદ્યોત હૂઓ મૂઝ પૂઠઇં?, કહિ સાચો તજિ લાજ જી''. ૪૨૫ મુનિવર૦

નારીચરીત ચતુર તવ બોલી, ''પ્રીય! તુમ હાથૈ આગ જી;
[1]ઝાલા પડછાંહિ તેઇ દેઉલી, તુમ પૂઠૈ જિણી લાજ જી.'' ૪૨૬ મુનિવર૦

સાંભલિ ખડગ સૂપ્યૌ કુંમરૈ, નારી હાથ વિશ્વાસ જી;
ફૂકે આગિ કુંમર સીસ નીચૈ, અંધારે ન પ્રકાસ જી. ૪૨૭ મુનિવર૦

કાઢિ ખડગ નારી હત્યારી, મૂંકૈ કુમરને સીસ જી;
ખડગ પડ્યૌ ચોર હણઉ [2]અવહાથૈ, તસૂં રાખે જગદીસ જી. ૪૨૮ મુનિવર૦

નારી ચરીત [દેખી] કરુણારસ, ઉઠિઉ ચોર તિવાર જી;
અવહથ મારી નારી હાથૈ, ખડગ પડ્યૌ ભૂય ભાર જી. ૪૨૯ મુનિવર૦

પૂછે કુમર ખડગ નિજ દેખી, ''કેમ પડ્યો? કહિ નાર! જી'';
''ખડગ સબલ નીબલી હું સ્વામી!, તિણ પડ્યૌ નિરધાર જી''. ૪૩૦ મુનિવર૦

ખડગ ગ્રહિઉ કુમરૈ નિજ હાથૈ, કવણ હણૈ સિરદાર જી;
અગની તજી રાખ્યૌ અંધારો, જાગીઓ રાતિ કુમાર જી. ૪૩૧ મુનિવર૦

બંધવ પાંચે અનરથ દેખી, નારીચરીત અથાહ જી;
માહોમાહિ મિલિ [3]આલોચૈ, ''તજીયૈ પાપ પ્રવાહ જી. ૪૩૨ મુનિવર૦

ઇણ કૂમરૈ નારીને કાજૈ, પહિલા દુખ સહિ લાખ જી;
આપ કાય હોમતો રાખ્યો, વિદ્યાધર હમ સાખિ જી. ૪૩૩ મુનિવર૦

૧. જ્વાલા. ૨. ડાબા હાથે. ૩. વિચારે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વંછિત લિલ કરી ઇણ નારી, રાજકુમાર સૂપસાય જી;
વિણુ અપરાધ હુઇ તસૂં વૈરણિ, દેખો નારી સૂભાય જી. ૪૩૪ મુનિવર૦

આપણ ચોર કઠિન અતિ પાપી, વનવાસી ધન હીણ જી;
તિણસૂં રાગ ધર્યોં ઇણ નારી, છોડી કુમરૈ કુલીણ જી''. ૪૩૫ મુનિવર૦

મારણ ભણી કુમરનેં આયા, તે જાણ્યા ઇણી નાર જી;
નીજ પતિ વૈરી દુખ ના આણ્યૌ, ધિગ સંસાર અસાર જી. ૪૩૬ મુનિવર૦

દેવલ છોડ્યો તિણીવેલા, કુમર દેખી પરીહાર જી;
બંધવ દુખ વિશાર્યો તતખિણ, નિજ કરણી ફલ સાર જી. ૪૩૭ મુનિવર૦

એકેમના મિલી બંધવ પાંચે, ધર્મ જાણી સુખકાર જી;
મુઝ પાસૈ એ પાંચે મૂનીવર, ભાવિ હૂંઆ અણગાર જી. ૪૩૮ મુનિવર૦

નવદક્ષિત તિણી કારણિ મૂનિવર, પાંચે એહ પ્રધાન જી;
સાધુ ગુણેં જૂગત જોગેશ્વર, સંભલિ પ્રશ્ન નિદાન જી'. ૪૩૯ મુનિવર૦



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**દૂહા :**

અગડદત્ત સંભલિ [1]ચરી, આપ વિચારૈ ચીતી;
'એ મુઝ વિતક મુનિ કહિ, ધિગ મૂઝ નારી-પ્રીતી. ૪૪૦

એ ચોર મુઝ વયરી હુંતા, બંધવ વૈર સંભારી;
મૂઝ મારણ આયા થકા, વિરતા દેખી નારી. ૪૪૧

હું દેવલ જાગ્યૌ રયણ, ચોર સક્યા નહી મારી;
એ પટંતર પાધરો, સમઝૈ સહૂં સંસાર. ૪૪૨

દ્રવ્ય જાગ્યઓ હુ તિહા, અમર હૂંઓ તિણિ રાતી;
ભાવ ધરી જો જાગીયૌ, તો વંછિત બહું ભાંતિ.' ૪૪૩

## ઢાલ : ૧૩, ભમરાની. [અથવા મન ભમરાની.]

શ્રી મુનિવર ભાષિત સૂણિ વયરાગિ રે, સાચો વિતક આપ કુમર વયરાગી રે;
..........................વયરાગી રે, નારીચરીત સંતાપ કુમર૦. ૪૪૪

ગહન ગાફિલ સાયર તરયા વયરાગી રે, તોલૈ મેર ગિરંદ કુમર૦;
કુણ વેલૂં ગણતી કરૈ વયરાગી રે, થંભૈ પવન [2]જોગેંદ કુમર૦. ૪૪૫

સેસનાગ જિમ વસિ કરૈ વયરાગી રે, વરતય જા [3]ખવાર કુમર૦;
જલમાંહિ ચરણ મીન લહૈ વયરાગી રે, પંખિ ગગનિ વિચારી કુમર૦. ૪૪૬

ઇતલા બોલ લહૈ ગુણી વયરાગી રે, બુધિ કરી ઉપચાર કુમર૦;
પણિ નારી ચરીતાંતણો વયરાગી રે, કોઈ ન જાણૈ પાર કુમર૦. ૪૪૭

એક આંખિ રોવૈ સહી વયરાગી રે, બીજી આંખિ હસંત કુમર૦;
કપટ દ્રોહ અહનિસી કરૈ વયરાગી રે, ઝૂઠો સાચ દહંત કુમર૦. ૪૪૮

---

૧. ચરિત્ર. ૨. યોગીન્દ્ર. ૩. દુઃખી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કપટૈ વિષ ભક્ષણ કરૈ વયરાગી રે, મરઇં ન તજૈ સૂભાવ કુમર૦;
રાતિ અમૃતવેલડી વયરાગી રે, વિરતી કાલ ઉપાવ કુમાર૦. ૪૪૯

ખિણ રાચૈ વિરચૈ ખિણૈ વયરાગી રે, ખિણ હસી રોવૈ પ્રાણ કુમર૦;
હીયૈ અવર મૂખી આરસી વયરાગી રે, કરૈ અવર મની જાણી કુમર૦. ૪૫૦

ચંચલ વિજલની પરૈ વયરાગી રે, ખિણ-ખિણ ફેરઇ રંગ કુમર;
માત-તાત-સૂત-પતિ હણૈ વયરાગી રે, ચૂલણી [1]દીરઘ તુછ રંગ કુમર૦. ૪૫૧

અનરથૈ ઘણો .... વયરાગી રે, રંગપતંગ કઠોર કુમર૦;
સુધઇ મારગી ઢહીડૈ વયરાગી રે, ગગન ચઢૈ બલ ફોર કુમર૦. ૪૫૨

ફૂલ માલ દેખી ડરૈ વયરાગી રે, ધરૈ ઉસીસૈ સાપ કુમર૦;
જંત્ર-મંત્ર કરતી રહૈ વયરાગી રે, કલંક અવર દે આપ કુમર૦. ૪૫૩

કારણિ કલહ કલેસનો વયરાગી રે, વિષવેલિ નિરયવાસ કુમર૦;
નિજ સ્વારથ દીસી હોવૈ વયરાગી રે, રસ વિણુ તજૈ નિરાસ કુમર૦. ૪૫૪

નારી કાજ [2]કંદલ ઘણા વયરાગી રે, કીચક રાવણ જોઈ કુમર૦;
ઋખમણિ કારણ કૃષ્ણજી વયરાગી રે, મુંજ રાજ જિમ હોઈ કુમર૦. ૪૫૫

સોવનગુલિકા કારણૈ વયરાગી રે, હુંઆ અનરથ ઘણા કુમર૦;
નરકૈ જાતા દીપ એ વયરાગી રે, સદગતિ ભાંજૈ ટેકા કુમર૦. ૪૫૬

ઉંદર દેખિ ખલભલૈ વયરાગી રે, [3]વસીહૈ કેસરી સીંહ કુમર૦;
નિજ સાહસ પાવક જલૈ વયરાગી રે, કાજ-અકાજ અબીહ કુમર૦. ૪૫૭

તાપસ જોગી તપ ટલૈ વયરાગી રે, દેખી નારી દેહ કુમર૦;
જિમઇ સરવન ભીલડી વયરાગી રે, દેખિ ચાલ્યૌ તપ નેહ કુમર૦. ૪૫૮

અગડદત્ત મની ચીંતવૈ વયરાગી રે, 'હું પણિ બુધઇં હીણ કુમર૦;
મદનમંજરી કારણૈ વયરાગી રે, કુલ ભંડ્યૌ બુધ હિણ કુમર૦. ૪૫૯

---

૧. દીર્ઘ રાજા. ૨. ઝઘડા. ૩. વસકરે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અપજસ લોકતણો તજી વયરાગી રે, લાજ વિવેક ન કીધ કુમર૦;
તે મૂઝ મારણ તકે વયરાગી રે, મૂરખ હું વિષ પિધ કુમર૦ ૪૬૦

ધિગ-ધિગ એ સંસારને વયરાગી રે, કો કેહને નહિ સંગ કુમર૦;
અથિર પ્રેમ ધરી નારીનો વયરાગી રે, જેસો [1]રંગપતંગ કુમર૦. ૪૬૧

તન-ધન-જોવન-આઉખો વયરાગી રે, માત-પિતા વેરાગ (પરિવાર) કુમર૦;
અથિર એ સર્વ જીવને વયરાગી રે, [2]વિઘટૈ વારોવાર કુમર૦. ૪૬૨

તો કિણિ કારણિ મીલૂ? વયરાગી રે, માત-પિતા ઘરી જાઈ કુમર૦;
કાલ ગ્રહૈ રાખણ મનૈ વયરાગી રે, કરીય ધર્મ ઉપાય કુમર૦. ૪૬૩

ઇંદ્રીય પરવસિ જીવડા વયરાગી રે, સૂખ જાણૈ સંસાર કુમર૦;
તસૂ ફલ દુરગતિ પાઇયઇ વયરાગી રે, સમઝિ જીવ ઇણીવાર કુમર૦. ૪૬૪

**અડિલ્થ :**

ગાફિલ રહઇ તઇ વૈર કહો કિયઓ વણત તહૈ.
યા માણસ કેસા સૂંજઉ રાગણ તહૈ;
જાગી લાગી હરી નાઉ કહાં લૂગૂ સોઇ હઇ?,
પુરીહાં ચાકિ કૈ મૂહ પર્યો મૈદો હોત હૈ. ૪૬૫

ઘડી-ઘડી બાલ પૂકારી કહતા હૈ,
બહુત ગઇહઇ આઉ અલપ હી રહત હૈ;
સોવઇ કાહા જગિ જપિ પિઉ રે,
પરીહા ચલિ હૈ આજ કિ કાઢિ વટાઊ જીવ રે. ૪૬૬

કાલિ ફિરત હૈ નાલિયરણી દિન લોય રે,
હણૈ રંક અરુ રાવ ગીણૈ નહી કોઈ રે;
યા દુનીયા બાજી દવાટ કોઈ બહૈ,
પરીહે પાણિ પહેલિ પાલિ બંધઇ તો ખૂભ હૈ. ૪૬૭

---

૧. પત્રંગનામના ઝાડનો રંગ. ૨. નાશ પામે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અપ સિર દુખ પરવસી સહૈગો,
તૃષા ભૂખ પરવસી વિપતિ કહાં ગહૈગો;
કર્મઉદય સંતાપ પાપ જબ હોઇ હૈ,
પરિહા તબઇ **માન** ગુણ જાણ ન સરણઇ કોઇ હઇ. ૪૬૮

દેવલિ હું જાગ્યૌ નીસી વયરાગી રે, રાખિઉ જીવિત આપ કુમર૦;
તો હિવ સાચૌ જાગિસ્યૌ વયરાગી રે, છોડિ રાજ સંતાપ' કુમર૦. ૪૬૯

તિણિ વેલા મૂનિસૂં કહૈ વયરાગી રે, 'ઘો મુઝ સંજમભાર' કુમર૦;
મુનિ દિધિ દિક્ષા તિહાં વયરાગી રે, કુમર હુઉ અણગાર કુમર૦. ૪૭૦

પાલિ મારગ સાધુનો વયરાગી રે, તપ-જપ-સંજમ લિલ કુમર૦;
વિનય મૂલ ચારીત ધરી વયરાગી રે, પામી સદગત લીલ કુમર૦. ૪૭૧

ધન-ધન સાધુ માહાવ્રતિ વયરાગી રે, અગડદત્ત અણગાર કુમર૦;
ઝૂઝ્યૌ પણિ બૂઝ્યૌ સહિ વયરાગી રે, સોઇ પામ્યૌ સૂખસાર કુમર૦. ૪૭૨



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ઢાલ : ૧૪, રાગ-ધન્યાસી, ગીતા છંદ.

ધન-ધન મુનિવર ગાઇયઇ, તારણતર[ણ] જિહાજ,
ઉત્તમ સદગુરુ દાખીયૌ પામ્યૌ સદ્‌ગતિ રાજ;
પામીયૌ સદગતિ સાધૂ મારગ પાલિ સૂધો જિન કહ્યૌ,
જાગીજ્યૌ મન સૂધી ભાવ નિરમલ ધરમ અવિચલ સરદહો;
શ્રી અગડદત્ત કુમારી રીષિવર તાસુ ચરીત સૂધ્યાઈયઇ,
કર જોડિ **મહિમસિંહ** પ્રભણે સાધુના ગુણ ગાઈયે. ૪૭૩

શ્રી જિનવર નિજ મૂખિ કહૈ ધરમહ ચ્યાર પ્રકાર,
દાન-શીયલ-તપ-ભાવના જે એણિ તરીયે સંસાર;
સંસાર દુખ ભંડાર તરીયે શુધ કરીયે આતમા,
ગતિ ચ્યાર ભ્રૂમણ નિવાર્યૌ તપતિ મરણના દુખ નવિ સમા;
જિમ અગડદત્ત કુમાર ચેત્યૌ તજિ પ્રમાદ સૂજસ લહૈ,
કરી ધર્મ અવીચલ સૂખ પામઇ શ્રી જિનવર નિજ મૂખિ કહૈ. ૪૭૪

શ્રી **ખરતરગછ** રાજિયૌ જુગવર **જિનસિંહ** પાટ,
અવિચલ તખત વખત વલિ સોહૈ મુનિવર થાટ;
સોહૈ ભવીય મોહૈ સુધ આગમ આગલા,
ગુરુરાજ શ્રી **જીનરાજસૂરી** ગુરુ દિનપ્રતે ચઢતિ કલા;
તસૂ રાજ ભવિયણ કાજી હિતકરી એ પ્રબંધસૂ જાગીજીયૌ,
**મુનિ માન** પભણૈ સુખદાયક શ્રી ખરતર ગછ રાજિયૌ. ૪૭૫

અવિચલ સૂજસ સૂહામણો આગમ અરથભંડાર,
શ્રી **શિવનિધાન** ગુરુ ચિરંજયો વાચક પદવિ ધાર;
પદવિ સૂસોભિત ભવિકજન મન કમલ બોધક દિનકરો,
ચારીત્ર પાત્ર વિચિત્ર ગુણ મણિ રોહિણા ચલ સૂરતરો;
તસૂ સિસ **મહિમાસિંહ** પભણૈ અંગી ઉલટિ અતિ ઘણૌ,
લહિ સગુરુ ચરણ પ્રસાદ-અભિનવ સદા સૂજસ સૂહામણૌ. ૪૭૬

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**સોલૈસૈ પંચોતરઈ** આસુ વદિ રવિવાર તેરીસી રસીક ચતુર ભણી,
**કોટડાનગર** મઝારિ દિન-દિન રલિ રંગ વધામણી;
શ્રી સંઘ મંગલકાર **સંભવનાથ** સાનીધી લહિ ઘણા,
............................................;
શ્રી અગડદત્ત સૂસાધૂ સુરુતરુ ગાવંતાં ઓછવ ઘરઇ,
મનરંગી **મહિમાંસિંહ** પભણઇ સોલઇ સઇ પંચોતરઇ. ૪૭૭

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૧૧. શાંતસૌભાગ્યજી કૃત અગડદત્તરાસ

## પ્રથમ ખંડ

**દુહા :**

શ્રી મહિમા જગ વિસ્તરઇ, નીત જપતા જસ નામ;
તે જિન **પાસનઇં** પ્રણમીઇં, લહિઇં વંછિત કામ. ૧

શેષ સકલ જીણવર નમુ, નમુ તે [1]**સીદ્ધી** ભગવાન;
અનંત ચતુષ્ટય અનુભવે, પરમ[2]જોત પ્રધાન. ૨

સવિ ગણધર મુણીવર નમું, નમું સુરાસુર ઇષ્ટ;
જે જીણ આણા સીર વહે, ગુણીઇ તેહ ગરીષ્ટ. ૩

જય-જય તું જગદિસ્વરી, જગદંબા તુ માય;
શ્રીમુખ પંકજવાસની, **સારદમાત** કહાય. ૪

નિજ ગુરુ ચરણાંબુજ નમું, જેણે [3]કીદો ઉપગાર;
જ્ઞાન ઉપાયક ગુણનીધિ, મુગતીતણા દાતાર. ૫

શ્રી વીતરાગ મુખ વદે, ધર્મહ ચાર પ્રકાર;
દાન-સીયલ-તપ-ભાવણા, વિવીધ ભેદ વિસ્તાર. ૬

**અગડદત** મુનીવર ભલો, પામ્યો ભવણો પાર;
નારી-ચરિત્ર વિલોકીને, અથર જાણી સંસાર. ૭

### ઢાલ :૧, અલબેલાણી-દેસી.

જંબુદ્વિપ સોહામણો રે લાલ, લાખ જોયણ પરિમાન મન મોહ્યું રે;
ભરતખેત્ર તેહમાં ભલો રે લાલ, ભલા ભલા ખેત્ર વખાણ મન મોહ્યું રે. ૧

---

૧. સિદ્ધ. ૨. જ્યોત. ૩. કીધો=કર્યો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'સાંભલજો શ્રોતા! સહુ રે લાલ, [1]ચિરીત્ર નારીના તેહ મન મોહ્યું રે;
અગડદત્ત પેખીઇ રે લાલ, સમઝો મનમાં એહ' મન મોહ્યું રે. ૨ સાંભલજો૦

કવણ સ્થાણક નીપણો રે લાલ?, કિમ લહો ભવણો પાર? મન મોહ્યું રે;
ફેર થકા માંડીને કહુ રે લાલ, ગામ-ઠામ ઉદાર મન મોહ્યું રે. ૩ સાંભલજો૦

સકલ દેસમાં સોભતો રે લાલ, જાહાં રુડાં જીણપ્રસાદ મન મોહ્યું રે;
[2]નેજા જીનમંદીર ચઢે રે લાલ, ગગણસ્યું માંડ્યો વાદ મન મોહ્યું રે. ૪ સાંભલજો૦

[3]દુંદાલા સોભે ઘણા રે લાલ, વેપારિની જાત મન મોહ્યું રે;
હાટ-શ્રેણિ દિપે ભલી રે લાલ, જીહાં રૂડા ધર્મી વીખ્યાત મન મોહ્યું રે. ૫ સાંભલજો૦

[4]સત્રુસાલા [5]મંડણી રે લાલ, દિસે ગઢ-મંદર-પોલ મન મોહ્યું રે;
છયલ-છબીલા વસેં તીહાં રે લાલ, કરતા રંગ જ [6]રોલ મન મોહ્યું રે. ૬ સાંભલજો૦

સુખીયા લોક વસેં તીહાં રે લાલ, દુખીઓ ના દીસે કોય મન મોહ્યું રે;
સત્યવાદિ સહુકો વસે રે લાલ, અધિમી કાઢ્યા જોય મન મોહ્યું રે. ૭ સાંભલજો૦

**વસંતપુર** નામે ભલો રે લાલ, નગર અનુપમ સાક્ષાત મન મોહ્યું રે;
રીદ્ધ-સમૃદ્ધ કરી પુરિઓ રે લાલ, ધનદત્ત મ સો અવદાત મન મોહ્યું રે. ૮ સાંભલજો૦

તેહ નગરનો રાજીઓ રે લાલ, પ્રાક્રમેં માહા બલવંત મન મોહ્યું રે;
સત્રુનેં વલી જીપવા રે લાલ, કેસરીની પરે ગાજંત મન મોહ્યું રે. ૯ સાંભલજો૦

**ભીમસેન** નામે ભલો રે લાલ, રાજ કરે છેં તાહી મન મોહ્યું રે;
એક સહસ્ર [7]ઉંતેઉરી રે લાલ, લખમી લીલા જાહ મન મોહ્યું રે. ૧૦ સાંભલજો૦

પટ્ટરાણી દીપે ભલી રે લાલ, રુપતણો ભંડાર મન મોહ્યું રે;
ગજ-ગજ ચાલે ચમકતી રે લાલ, નેઉરનો ઠમકાર મન મોહ્યું રે. ૧૧ સાંભલજો૦

---

૧. ચરિત્ર. ૨. ધ્વજ. ૩. ફાંદવાળા. ૪. દાનશાળા. ૫. શોભતી. ૬. આનંદ,મસ્તી. ૭. અંતઃપુરી=રાણીઓ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**સોહગસુંદરી** દિપતી રે લાલ, [1]અછર જીપેં જેહ મન મોહ્યું રે;
ચઉસઠ કલા સોભતી રે લાલ, પ્રીઉ ચીત ચાલે તેહ મન મોહ્યું રે. ૧૨ સાંભલજો૦

શીયલ-આભુષણ સોભતી રે લાલ, ધરતી પ્રીઉ ગુણ ચીત મન મોહ્યું રે;
ધરમ લાહો લેયતી રે લાલ, દાન દેતી વીત મન મોહ્યું રે. ૧૩ સાંભલજો૦

[2]પ્રધ્યાન તેહણો સોભતો રે લાલ, **સુરસેણ** ઇણે નામ મન મોહ્યું રે;
રાજાણું પણ હીત ઘણું રે લાલ, સારે ઉતમ કામ મન મોહ્યું રે. ૧૪ સાંભલજો૦

લખમી કરીનેં પુરીઓ રે લાલ, બલવંત દીસે જોર મન મોહ્યું રે;
બુધ ચાર પ્રકારણી રે લાલ, સરસતિ જાણે [3]ઠોર મન મોહ્યું રે. ૧૫ સાંભલજો૦

આગલ છે રસ વાતડી રે લાલ, 'સાંભલો બાલ ગોપાલ મન મોહ્યું રે;
પહિલી ઢાલ એ વર્ણવી રે લાલ, **શાંત** કહે ઉજમાલ' મન મોહ્યું રે. ૧૬ સાંભલજો૦

૧. અપ્સરા. ૨. પ્રધાન. ૩. સ્થાન, ઠેકાણું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દુહા:

છત્રીસ આયુદ્ધે કરી, સોભે નૃપ પરિવાર;
ગજ-તુરંગ [1]ગહે-ગહે, નૃપતણે દરબાર. ૧

માતા મદઝરતા ઘણા, સોહે રાજ દરબાર;
ચતુરંગ દલ દિસે ઘણો, [2]પાય સંખ્યાને પાર. ૨

સહસ્ર સુભટ ભંજે એકલો, **ભારથસેણા** તસ નામ;
**અગડદત** કુમર તેહણે, રુપ અણોપમ કામ. ૩

## ઢાલઃ ૨, હમીરીયા-દેસી.

ભીમસેણ રાજા તીહાં, પાલે નીરમલ રાજ સનેહી;
સુરસેણ મંત્રીસરુ, સારે અપણો કાજ સનેહી. ૧

જોરાવર એક-એકથી, દીસે મહિયલમાહે સનેહી;
ઈણે અવસર એક ગામથી, સુભટ આવ્યો ત્યાહે સનેહી. ૨ જોરાવર૦

અહંકારે કરી ગાજતો, છાજતો બલવંત ધીર સનેહી;
માન ધરી બહુ ગર્વ ચઢ્યો, કો નથી [3]બાવનવીર સનેહી. ૩ જોરાવર૦

આવો વસંતપુર નયરમાં, ધરતો મન અભીમાણ સનેહી;
રાજાને તે પ્રણમીઓ, 'હો જો ક્રોડ કલ્યાણ' સ્નેહી. ૪ જોરાવર૦

આસિસ દેઇ આગઇ ખડો, બોલે ઇણીપરે વાણ સનેહી;
'સહસ સુભટસું એકલો, જુદ્ધ કરુ બલવાણ' સનેહી. ૫ જોરાવર૦

તેહ સુભટ કહે રાયને, 'આવ્યો છું તેણે કામ સનેહી;
સુરસેણ મંત્રીસરુ, તેડો ઇણે ઠામ સનેહી. ૬ જોરાવર૦

---

૧. આનંદ-કિલ્લોલ કરતા હતા. ૨. સૈન્ય, પાયદળ. ૩. અતી બળીયો, વીરપુરુષ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભંજે એક સહસ એકલો, [1]પણ રાખે છે એહ સનેહી;
તેડાવો વલી તેહણે, પારખુ જોવા તેહ' સનેહી. ૭ જોરાવર૰

વાત વીગત એહવી કરે, ઉભો નરપતિ પાસ સનેહી;
એહવે અનુચર આવિને, ઉભો કરે અરદાસ સનેહી. ૮ જોરાવર૰

સુરસેણ મંત્રી આવીઓ, વાજંતે રણતુર સનેહી;
મજરો કરવાણે આવીઓ, 'હકમ ઘો કરુ હજુર' સનેહી. ૯ જોરાવર૰

હકમ થયો જબ રાયણો, સુરસેણ તેડ્યો તામ સનેહી;
સભા સહીત પ્રણમી કરી, બેઠો આસણ ઠામ સનેહી. ૧૦ જોરાવર૰

આદર માણ દીધો ઘણો, બોલાવે તેણીવાર સનેહી;
'[2]પાણી રાખો તમે [3]આણુંઆ', ચઢીઓ અહંકાર સનેહી. ૧૧ જોરાવર૰

'સહસ સુભટ ભંજે એકલો, એહવો છે બલવંત સનેહી;
મુઝ તોલે [4]અવિ કો નહે', ગર્વે એહ ચઢંત સનેહી. ૧૨ જોરાવર૰

સુરસેણ સાંભલી બોલીઓ, 'ફોકટ ગર્વ ધરંત સનેહી;
ગર્વ ઉતારુ જો એહણો, તો ખરો તાહરો સામંત' સનેહી. ૧૩ જોરાવર૰

બે સુભટ ક્રોધે પુરિઆ, કેસરી ખીજીયા તામ સનેહી;
ગો-ઘૃત-અમૃત સીંચીઇ, વાધે અગણી જામ સનેહી. ૧૪ જોરાવર૰

સાંભલજો તમે વારતા, આગળ [5]જુધ કહેવાય સનેહી;
**શાંત** કહે બીજી ઢાલમાં, આગલ સું હવે થાય? સનેહી. ૧૫ જોરાવર૰



૧. પ્રતિજ્ઞા, કરાર, ૨. કુસ્તી, દ્વંદ્વયુદ્ધ. ૩. આમંત્રણ આપો. ૪. આવે. ૫. યુદ્ધ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દુહાઃ

હાર-જીત પરઠે તીહા, રાજા સહીત સમુદાય;
'જે જેણ હારે તેહણા, લખમી [1]ખાલસઇ થાય'. ૧

એહવી હોડ [2]પ્રઠી તીહાં, કરતા મોટો જંગ;
સભા સહુ કો તમે સાંભલો, મન ધરિ ઉછરંગ. ૨

## ઢાલઃ ૩, રાગ- બંગાલૌ.

આયુધ સજીને થયા હુંસીયાર, કરવા જુદ્ધ માંડો તીણી વાર જોદ્ધા બે લડે;
હાકો-હાક કરીને તામ, સમરી [3]જોગમાયા કેરુ નામ જોદ્ધા૦. ૧

હાક કરીને ધાઓ વીર, મલજુદ્ધ કરે સાહસ ધીર જોદ્ધા૦;
મુષ્ટી-પ્રહાર પડે અનેક, આથડીયા બે મલ વીવેક જોદ્ધા૦. ૨

સુરસેણ કર ધરી તતકાલ, નયણે કીદ્ધા અતિ વીકરાલ જોદ્ધા૦;
વાગા ફડાકા કરે મુખ સોર, ધરણી [4]ડ્યોલવા લાગી જોર જોદ્ધા૦. ૩

લાલ પછેડા દીલઇ [5]લપેટ, તે બે થયા ભેટા ભેટ જોદ્ધા૦;
બાથો બાથે પડીઆ તેહ, સાકર દુધ જીમ [6]ભીલીઇં બેહ જોદ્ધા૦. ૪

અલગા ના કરિ સકે કોઇ, જોરાવર ના દિસે કોઇ જોદ્ધા૦;
મહ્રજુદ્ધ કરી રહા તણીવાર, માંડે જુદ્ધ હવે હથીઆર જોદ્ધા૦. ૫

બાંધિ કરવાલને આગલ લીદ્ધ, હાકોટા વલી મુખથે કીદ્ધ જોદ્ધ૦;
બાણનો વરસાવે મેહ અપાર, જું તુટ્યો હોઇ નવસર હાર જોદ્ધા૦. ૬

એક એકને નાખે વલી ઘાવ, ખેલવે જોવો પડે દાવ જોદ્ધા૦;
ઇમ કરતા જુદ્ધ પ્રહાર, સુરસેણ હારો તે તણીવાર જોદ્ધા૦. ૭

---

૧. જમ થાય. ૨. નક્કી કરી. ૩. પાર્વતી, દુર્ગા. ૪. ડોલવા. ૫. વીટી દીધો. ૬. ભળી ગયા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અવસર જોઇ કીદ્ધો પ્રહાર, મર્મ સ્થાણક દિદ્ધો તણિવાર જોદ્ધા૦;
ધરણી પડ્યો સુરસેણ તણીવાર, તે પોહતો જમનાપુરિ દરબાર જોદ્ધા૦. ૮

મૃતક પામ્યો સુરસેણ તણીવાર, દેખી રાજા કરે વીચાર જોદ્ધા૦;
સુરસેણનો ધન રાજાઇં લીદ્ધ, આધો આદ્ધ સુભટને દીદ્ધ જોદ્ધ૦. ૯

**અભંગસેન** તસ દીધુ નામ, લોકમાંહે સબલી વધારી [1]મામ જોદ્ધા૦;
સુરસેણ ઘરણી **ધારણી** જેહ, લોક મુખે સુણી વાત જે તેહ જોદ્ધા૦. ૧૦

કંતણું મૃત-કારજ કીદ્ધ, ધન સઘલું પરદેસીને દીદ્ધ જોદ્ધા૦;
તે દુખ [2]સાલેં ચીત મઝાર, રૂદન કરે તે બેઠી નાર જોદ્ધા૦. ૧૧

'સુત [3]પાખે કુણ લેસે સંભાલ?, સુત પાખે જન્મારો [4]આલ જોદ્ધા૦;
સુત વીણી ધન [5]ગુયું વલી આજ, સુત વીણા કુણ રાખે લાજ જોદ્ધા૦. ૧૨

ધિગ્-ધિગ્ મુઝતણો અવતાર, સુત પાખે એ સુણો સંસાર જોદ્ધા૦;
સુતનો દુખ મા હોજો કોઇ,' ઇમ ધારણી મુખ જંપે રોઇ જોદ્ધા૦. ૧૩

સુત વિના દુખ પડીઓ આજ, રોતા કાંઇ ના પામીઇ રાજ જોદ્ધા૦;
ત્રીજી ઢાલ મેં ભાખી જોઇ, **શાંત** કહે આગલ સ્યું હોઇ? જોદ્ધા૦. ૧૪



૧.આબરૂ. ૨.ખટકે છે. ૩.ની નો. ૪.ફોગટ. ૫.ગયું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દુહાઃ

ધારણી ઇમ વિચારીને, જેષ્ટતણો જે પૂત્ર;
પાલીઇ જો તેહણે, તો રાખે ઘર સુત્ર. ૧

પુત્ર પ્રતે લેઇને, આવિ પીહરમાંહ;
દીન-દીન વેલ જીમ વ્યાધતી, અગડદત્ત વાધે તાહ. ૨

## ઢાલઃ ૪, તમે પિબર પેરી જી દેશી.

પીહરમાંહે રહતા જી, બહુ દીવસ થયા;
ઘરનું કામ કરતા જી, આઠ વરસ થયા. ૧

અગડદત્ત કુમાર જી, આઠ વરસનો થઓ;
ભણવાને તણીવાર જી, જેષ્ટજીને કહ્યો. ૨

સુભ મુર્હ[ત] સુભ વેલા જી, ભણવા મુર્હુત લીધું;
સજન કીદ્ધા ભેલા જી, ભોજણીયાં કીદ્ધું. ૩

નેસાલે મુક્યાવ્યો જી, સજન હરખીત હુયાં;
[૧]અધ્યારુ-આગલ આવો જી, ઉચ્છવ બહુ હુયા. ૪

ભણવા કાજે જાતો જી, કુમર દીન પ્રતે;
પ્રદેશાઇ સાંભલી વાતો જી, મનમાં ઇમ ચિંતે. ૫

'ભણસે એ કુમાર જી, મુઝ [૨]રીપુ વાધસે;
મામ વાધી નગર મઝાર જી, કીરતી ભાંજસે.' ૬

ઇમ વિચારી મનમાંહિ જી, સુભટ તે તીહાં ગયો;
પંડ્યા પાસે તાહે જી, મુખથી ઇમ કહ્યો. ૭

---

૧. અધ્યાપક પાસે. ૨. શત્રુ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'સુરસેણનો પુત્ર જી, ભણેવા તમ પાસે;
તમે ના દેસો ચિત જી, મનણે ઉલાસે'. ૮

[૧]દ્રર્વ આપુ વલી તેહણે જી, લાલચ બહુ કરાવે;
'સીખવસો માં એહણે જી, દામ તે મન્ન ચલાવે.' ૯

દામે સું સું નવિ થાઇ જી?, જગમાં દામ મોટો;
ટીપું ના પાણી પાઇ જી, નાં આલે લોટો.' ૧૦

દામે કરી વસ કીદ્ધો જી, સુભટે તેહણે;
લાખ સોવણીયા દીધા જી, સુભટ તે વિપ્રણે. ૧૧

કુયર ભણવા આવ્યો જી, વિપ્ર તે ઇમ બોલે;
'એહણે મત પઠાવ્યો જી, એ મુરખ તોલે.' ૧૨

બેસવ્યા કુયરને ના દીદ્ધો જી, છોકરે તણે મલી;
ઉઠી પ્રણપ્રત્યે કીદ્ધો જી, ઘર જાઇ [૨]રૂલી. ૧૩

માતાણે વાત સુણાવી જી, કુમર કહે રોઇ;
[૩]હગીગત સઘલી [૪]વાણાવી જી, વિપ્રે કહી જોઇ. ૧૪

મુક્યો બીજે ઠામે જી, કુમર વલી તેહણે;
આવ્યો વારવ્યા કામે જી, સુભટ તે વિપ્રણે. ૧૫

આગલ વાત કહેવાઇ જી, સાંભલો ચિત્ત લાઇ;
ચોથી ઢાલ એ થાઇ જી, **શાંતિસૌભાગ્યે** ગાઈ. ૧૬

૧.દ્રવ્ય, ધન. ૨.રડતો. ૩.હકીકત. ૪.વર્ણવી=કહી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દુહાઃ સોરઠાઃ

ણેસાલે મુંકે તેહ, ભણવા કુમરણે જ્યાહે
આવિ વારે તેહ, 'મત ભણાવો એહણે.' ૧

વૈરિ વિસહર મોકલાડું, ક્યા કરે વિણાસ?;
એ જો રાખે સંકડા, જો [1]જીવ્યાણી કરે આસ. ૨

## ઢાલઃ ૫, જોવણીયાણો લટકો દીહાડા ચા-દેશી.

હાં રે કાંઇ ભણવા ન દીદ્ધો સુભટે કુમરણે તામ જો,
વારિ રે આવે સુભટ બોલી તેહણે રે લો;
હાં રે કાઇ દ્રૂવ્યં આપિ મન પલટાવે તામ જો,
'મત ભણાવ્યો ભ(પં)ડ્યા! તુમ એહણે' રે લો. ૧

હાં રે કાઇ રમતો ફરે અગડદત્ત કુમાર જો,
ધારણી રે મનમાં દુખ બહુ ધરે રે લો;
હાં રે કાઇ ભોજણ કાજે ઘેર આવે કુમાર જો,
ત્યારે રે આગે ધારણી તીહાં રૂદન કરે રે લો. ૨

હાં રે દીન પ્રતે સાદ્ધે ધારણી એહવો [2]જોગ જો,
ત્યાહરે પુછે કુમર ધારણી પ્રતે રે લો;
હાં રે વીનીતા બોલે ગદ-ગદ કંઠથી તામ જો.
પુર્વનું દુખ સાભલું વીનીતા પ્રતે રે લો. ૩

હાં રે 'તુ લઘુ પુત્ર લહતો નથી કાંઇ વાત જો,
તાહરે રે ખાધે-પીધે દીવાલડી રે લો;
હાં રે તુઝ પીતાનો ધન ભોગવે છે અભંગસેણ જો,
ઇણે રે આપણી વાત સઘલી [3]વનાસી લડી રે લો. ૪

---

૧. જીવવાની. ૨.યોગ, સંયોગ. ૩.વિનાશી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હાં રે તુ મુરખ છે વિદ્યા બલવંત હીન જો,
દુખનું કારણ પુત્રજી! મે તો એ કહ્યું રે લો;
હાં રે વેરે વલે તુમ પીતાનું વલી કેમ જો?,
દુસમન રે ગાજે છાજે એ દુખ કિમ સહ્યું રે લો? ૫

હાં રે પરદેસે જાઓ ભણવાને કાજે કુમાર! જો,
આલસ રે છંડી અલગો વલગો પંડીતણે રે લો;
હાં રે એ વાતે આપણને કાઇ લાજ જો,
ઘણુ-ઘણુ રે સું [૧]કહ્યું પુત્રજી! તુમણે' રે લો. ૬

હાં રે સાંભલી વાત ને ચંતે કુમર તામ જો,
'સાચલી રે વાત તો માતાઇં કહી રે લો';
હાં રે ચટપટી લાગી કુમરને ભણવાને કાજ જો,
'જાવું રે ભણવા વિદેસમાં સહી રે લો.' ૭

હાં રે માતા બોલે 'સાંભલ પુત્રજી! વાત જો,
નગરી રે **ચંપાપુર**માંહે વસે રે લો;
હાં રે **સોમદત્ત** વિપ્ર તુઝ પીતાનો મીત્ર જો,
સુખ ઘણા રે વલી સાસ્ત્ર અભ્યસે રે લો. ૮

હાં રે અમે [૨]રહાંતાં તો તેહણે ગામમાં કેતા [૩]દિહ જો,
તુમ પીતાને તે વિપ્રે ઇમ કહ્યું રે લો;
''હાં રે તુમ પુત્ર હોવે જો મીત્રજી! એક જો,
તેહણે રે મીત્રજી! અમે ભણાવસું રે લો.'' ૯

હાં રે કોલ દીદ્ધો માંહોમાહે એમ જો,
તે માટે પુત્ર! જોઉ તમે સહી રે લો;
હાં રે તુમણે ભણાવસે સોમદત્ત નીરધાર જો,
વાત તો એ તુમણેઇ મે નીશ્ચ કહી રે લો'. ૧૦

---

૧ કહ્યું. ૨. રહ્યાં હતા. ૩. દિવસ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'હાં રે સાંભલજો તમે આગલ ભવિયણ! વાત જો,
ભાગ્ય ઉદય રે કુમરનું તીહાં થસે રે લો;
હા રે કર્મતણા તુમે જો જો સા છે ખેલ? જો,
પુરી રે પાચમી ઢાલે એ **શાંતિ** ઉલસે રે લો. ૧૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દુહાઃ

કુમર કહે માતા પ્રતે, 'સાંભલ મોરી વાત;
હકમ દો હવે માતજી!, હું ચાલુ પ્રભાત.' ૧

નામ-ઠામ [1]પુછુ વલી, ચાલણ થઓ કુમાર;
હીત-સીખ્યામણ માતા દીઈ, કુમરને તીની વાર. ૨

'[2]વણય કરજો ગુરુતણો, લોપીસ માં વયણ લગાર;
વીદ્યાવંત જે નર હોઈ, ના મુકે કુલ આચાર.' ૩

## ઢાલઃ ૬, સોનારડાની દેશી.

માતા સીખામણ ઇમ દીઇ હો રાજ, કે 'પુત્રજી! થજો ઘણું [3]સાવધ્યાણ;
તુમણે સું કહ્યુ હો રાજ, કે [4]રાજણ પાએ લાગો ત્યાહે- આંચલી
વિદ્યા ગ્રહીને પધારજો હો રાજ, કે પુત્રજી! હોજો ક્રોડ કલ્યાણ તુમણે૦. ૧

અનુક્રમે ચાલો તિહાં થકી હો રાજ, કે હિયડે થઇ ઉજમાલ કે તુમણે;
કે ગામ-[5]ણગુર-પુર જોવતો હો રાજ, કે દેખે-દેખે નવ-નવ [6]ખાલ કે તુમણે૦. ૨

ચંપાપુરની વાટ પુછતો હો રાજ, કે ધરતો વિદ્યાનું ધ્યાન કે તુમણે૦;
અનુક્રમે ચંપાપુરી હો રાજ, કે પોહતો વન ઉદ્યાન કે તુમણે૦. ૩

નગર પ્રવેસ કરતા થકા હો રાજ, કે સન્મુખ છીક તે હોય કે તુમણે૦;
'રીદ્ધ મલે અણચીંતવી હો રાજ, કે વીનીતા મલે કોઈ કે તુમણે૦. ૪

ઇમ ચિંતી ડગલું ભરે હો રાજ, કે વાયસ બોલે તામ કે તુમણે૦;
દક્ષણ દેશે જોયતો હો રાજ, કે કુમર ચિંતે તેણે ઠામ કે તુમણે૦. ૫

'વાયસ શબ્દ જે ઉચરે હો રાજ, કે પામું નૃપનું માણ કે તુમણે૦;
ઉપજેસે કષ્ટ એક મોટકો હો રાજ, કે સંકટ પ્રાણ સમાણ કે તુમણે૦. ૬

---

૧.પૂછ્યા. ૨.વિનય. ૩.સાવધાન. ૪.રાજાના પગે લાગજો. ૫.નગર. ૬.નદીની ખાડીઓ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સોમદત્તનું ઘર પુછતો હો રાજ, કે આવ્યો બેઠો છે જ્યાંહ કે તુમણે૦;
અનુસારે વિપ્રણે ઓલખો હો રાજ, કે પણપ્રત્ય કીધો ત્યાહ કે તુમણે૦. ૭

આદર માણ દીધો ઘણો હો રાજ, કે બોલાવો બહુમાણ કે તુમણે૦;
કુમરણે વિપ્રે પુછીઉ હો રાજ, કે 'ઘર છે કુસલ કલ્યાણ કે તુમણે૦. ૮

કુણ દેસથી તુમ આવિઆ? હો રાજ, કે વાસો કીહે ગામ કે? તુમણે૦;
જાત-ભાત કહો તુમતણા હો રાજ, કે ભાખ્યો આપણું નામ કે' તુમણે૦. ૯

કુમર વલતો બોલીઓ હો રાજ, કે 'રહવા વસંતપુર ગામ કે તુમણે૦;
ક્ષત્રીવંસ અમતણા હો રાજ, કે અગડદત્ત મુઝ નામ કે' તુમણે૦. ૧૦

સોમદત્ત એહવું સાંભલી હો રાજ, કે ચિંતે મનમાં તામ કે તુમણે૦;
'મારો મીત્ર તીહાં વસે' હો રાજ, કે આંસુ આવ્યા જામ કે તુમણે૦. ૧૧

કુમર પુછે વિપ્રણે હો રાજ, કે 'રુદન કરો છો કેમ? કે તુમણે૦;
કુણ તુમણે સાંભલી?' હો રાજ, કે ભાખઇ કુમર એમ કે તુમણે૦. ૧૨

વિપ્ર પાછુ બોલીઓ હો રાજ, કે નીસાસો નાખી તામ કે તુમણે૦;
'સુરસેણ મીત્ર મુઝતણો હો રાજ, કે રહેતો તુમારે ગામ કે તુમણે૦. ૧૩

વાલેસરી મુઝને સાંભરો હો રાજ, કે હીયડુ ભરાનું તામ કે તુમણે૦;
તેહણે અમારે [1]હીત ઘણા હો રાજ, કે કેહતા નાવે કામ કે તુમણે૦. ૧૪

સો જોયણ વાલા ગીયા હો રાજ, કે ઉપર વલી પંચાસ કે તુમણે૦;
તોહી હીયડુ ઉલસે હો રાજ, કે મન ના મુકે આસ કે તુમણે૦. ૧૫

કુમર એહવું સાંભલી હો રાજ, કે બોલસે હવે મહીપાલ કે તુમણે૦;
છઠી ઢાલ ઢલકતી હો રાજ, કે **શાંત** કહે ઉજમાલ કે તુમણે૦. ૧૬

---

૧. હેત.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દુહાઃ

કુમર વલતો બોલીઓ, કર જોડી કહે તામ;
'સુરસેણ પીતા મુઝ તો, હુ પુત્ર તેહણો સ્વામ!' ૧

વિપ્ર વલતો બોલીઓ, 'ખબર કહો મુઝ આજ;
કુસલ-ખેમ છે મીત્રને, સું કરે છે કાજ?' ૨

કુમર વલતો બોલીઓ, નયણે આસું ભરાઇ;
'મુઝ પીતણી વાતડી, મુઝ મુખે કહી ન જાઇ.' ૩

દુખ ભર છાતિ ફાટતી, [૧]વચ-વચ નાખે નીસાસ;
પીતાતણી જે વાતડી, ભાખે વિપ્રણે તાસ. ૪

## ઢાલઃ ૭, હુ વારિ રંગ ઢોલણી-દેશી.

કુમર કહે 'સુણો વિપ્રજી! હો રાજ્ય, મુઝ પીતા કેરી વાત ગુરુજી મોરા સાંભલો;
સુભટ સહસ ભંજે એકલો હો રાજ્ય, પણ ધરાવતો વીખ્યાત ગુરુજી૦. ૧

તેહસું જુદ્ધ માંડ્યો વલી હો રાજ્ય, રાજાઇ હકમ વલી દીધ ગુરુજી૦;
જુદ્ધ કરાતાં તેહસું હો રાજ્ય, મર્મનો ઘા તેણે કીદ્ધ ગુરુજી૦. ૨

ધન સઘલું વલી તેહણે હો રાજ્ય, આપુ મુઝ પીતાતણું તેહ ગુરુજી૦;
એહ સમાચાર [૨]પ્રવત્ય છે હો રાજ્ય, મુઝ પીતા વલી એહ ગુરુજી૦. ૩

વિદ્યા ગ્રહવા તુમ કણે હો રાજ્ય, આવ્યો છુ માહારાજ! ગુરુજી૦;
આસ્યા કરીને હું આવિઓ હો રાજ્ય, બાહ [૩]ગ્રહેકી લાજ' ગુરુજી૦. ૪

ધીરજ દીધી વિપ્રે વલી હો રાજ્ય, 'ચિંતા મ કરો કુમાર ગુરુજી૦;
ઇહાં સુખ હોસે તમને વલી હો રાજ્ય, હવે તુઠા કિરતાર' ગુરુજી૦. ૫

---

૧.વચ્ચે-વચ્ચે. ૨.પ્રવર્ત્યાં છે, ફેલાયા છે. ૩.પકડ્યાની.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'દ્રવ નથી સ્વામી મુઝ કણે હો રાજ્ય, એહણો સો કરવો વિચાર? ગુરુજી૦;
સેવ્યા કરું હું તમારડી હો રાજ્ય, રા(મા)ઇ મઇ મોકલો તુમ દરબાર' ગુરુજી૦. ૬

વિપ્ર સુણી ઇમ ચિંતવે હો રાજ્ય, કર્મતણી [૧]ગત જોય ગુરુજી૦;
કર્મ તે કો નવિ છુંટીઇ હો રાજ્ય, રાણા તે રંક જ હોય ગુરુજી૦. ૭

કુમરણે તે વિપ્ર લેઇ કરી હો રાજ્ય, ચાલા તે નગર મુઝાર ગુરુજી૦;
**ધનદત્ત** સેઠ તીહાં વસે હો રાજ્ય, આવ્યા તેહણે દરબાર ગુરુજી૦. ૮

સેઠ પ્રતે કહે વીપ્રજી હો રાજ્ય, 'એક વચન અવધાર ગુરુજી૦;
ક્ષત્રીવંસ એહણો સહી હો રાજ્ય, એ છે ઉતમ કુમાર ગુરુજી૦. ૯

ભણવાણે કાજે આવિઉ હો રાજ્ય, વસંતપુર એહણો ઠામ ગુરુજી૦;
ભોજણ વસ્ત્ર એહણે સહી હો રાજ્ય, એતલુ કરો મુઝ કામ' ગુરુજી૦. ૧૦

નંદ વદે 'સુણો વિપ્રજી! હો રાજ્ય, મુઝ પુત્ર છે વલી ચાર ગુરુજી૦;
તેહણુ ખરચ પુરું પડે હો રાજ્ય, તમ વલી પાંચમો એ કુમાર ગુરુજી૦. ૧૧

અસણાદિક અમે આપસ્યું હો રાજ્ય, વસ્ત્રાદિક વલી એહ ગુરુજી૦;
વિદ્યા ભણસે જીહાં લગે હો રાજ્ય, પુરુ પાડીસ્યું અમે બેહ' ગુરુજી૦. ૧૨

ઇમ સુ[ણી] ઘરે આવિયા હો રાજ્ય, વિપ્ર ને તેહ કુમાર ગુરુજી૦;
સુભ મુર્હુતસુભ દીન-ઘડી હો રાજ્ય, ભણવા માંડ્યો તણિવાર ગુરુજી૦. ૧૩

કુમર ભણે ઉદ્યમ કરી હો રાજ્ય, આલસ અલગો છોડ ગુરુજી૦;
સુણી અર્થને હીયડે ધરે હો રાજ્ય, આઠ મદ માણસ મોડ ગુરુજી૦. ૧૪

થોડા દીવસમાંહે તે ભણી હો રાજ્ય, કલા બહુત્તર જેહ ગુરુજી૦;
મતિ જાગી જેહણી શાસ્ત્રમેં હો રાજ્ય, વાર ણ લાગે તેહ ગુરુજી૦. ૧૫

ઉઘડેસે ભાગ્ય કુમારનું હો રાજ્ય, સાંભલજો વલી વાત ગુરુજી૦;
**શાંતિ** કહે ઢાલ સાતમી હો રાજ્ય, હવું કહુ આગલ વિખ્યાત ગુરુજી૦. ૧૬

---

૧. રીત.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દુહા :

એક દીન સોમદત ઉચરે, 'સાંભલ રાજકુમાર!;
બાલ ક્રીડા ઇહાં બહુ કરે, વિદ્યા નાવે લગાર. ૧

ઘર [1]પુઠલ વાડી અછે, સજ કરો તુમે જાઈ;
એકાંતે બેસીને, સર્વ છાત્રને પઠાઇ. ૨

આગણા માંગી ગુરુતની, સજ કરી તણીવાર;
વાડીમે બેસી કરી, આયુધ સીખો તુમ્હે કુમાર.' ૩

## ઢાલઃ ૮, થારો નગર ભલો- એ દેસી.

આયુધસાલા માંડી રાજંદા, સીખે કુમર તીહાં વલી જી;
ધનુષકલા સીખી રાજંદા, એહવી કલા બહુતર લહી જી. ૧

દોર બાંધીને તેહ રાજંદા, બાણ મારે [2]નીરદ્ધર રહે જી;
એહવી કલા તસ હાથ રાજંદા, જીહાં જાઈ તાહાં જસ લહે જી. ૨

[3]છીત્રીસ આયુધ હાથ રાજંદા, ફરી-ફરી તે વલી ચાલવે જી;
વલી ગીત-નૃત-તાન રાજંદા, છત્રીસ રાગ વલી આલવે જી. ૩

એહવી કલા તસ હાથ રાજંદા, કુમર કલાધર સમ થઓ જી;
'હવે સુણજો વલી વાત રાજંદા, કૌતુક એક ઇહાં થઓ જી. ૪

ઇણી અવસર વાડીમાંહે રાજંદા, **સાગરસેઠ**ણી ગોખ પડેજી;
ગોખે બેહે બાલ રાજંદા, કુમરી નીજરે કુમર ચઢે જી. ૫

રુપ અનોપમા દેખી રાજંદા, સુંદર સુરત દેખી કરી જી;
ભર જોવનમે આવિ રાજંદા, દેખી કુમર નયણા ઠરી જી. ૬

---

૧. પાછળ. ૨. ઉપર. ૩. છત્રીસ પ્રકારના.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાયર તેહણો કંત રાજંદા, ચઢ્યા બાર વરસ થયા જી;
તેહણી [૧]સુદ્ધ નથી કાઇ રાજંદા, [૨]આસ્યાઇ કરીને દીન ગયા જી. ૭

**મયણમંજરી** તસ નામ રાજંદા, કામેબાણ પીડી ઘણી જી;
પીતાઇ આલો છે [૩]મોહલ રાજંદા, રાખે જતને બહુ ઘણી જી. ૮

તે પાસે કોઇ ના જાવે રાજંદા, ધાવ એકલીડી આવે સહી જી;
પુરુષ [૪]પ્રસંગ ના કોઇ રાજંદા, નયરે કોઇ દીઠો નહી જી. ૯

તેણે કારણ રાખી બાલ રાજંદા, [૫]આલ ના ચઢ્યાવે કોઇ તેહને જી;
નજરે પડીઓ કુમાર રાજંદા, વિરહ જાગ્યો દેખી એહણે જી. ૧૦

મયણમંજરી ચિંતે એમ રાજંદા, 'કિમ હોવે એ પ્રીતમ માહરો જી?;
[૬]પ્રવસ પડી છું હું આજ રાજંદા, જોગ કિમ મળે તાહરો જી?.' ૧૧

અકલ વિચારી તામ રાજંદા, કુસુમ [૭]પુફ માંગાવીને જી;
[૮]ગંડુડ બણાવે તામ રાજંદા, મોહલ ઉપર તે આવિને જી. ૧૨

કુમરની સમો નાખે રાજંદા, કુસુમ દડો કુમર ભણી જી;
દેખી ચીંતે કુમાર રાજંદા, 'કીહાંથી એ આવ્યો મુઝ ભણી જી?.' ૧૩

ઉંચુ નીહાલી જોઇ રાજંદા, મયણમંજરી દેખી તદા જી;
'એહવી અપછરા નારી રાજંદા, મે તો દીઠી નહી કદા જી. ૧૪

કીરતારે ઘડી છે હાથ રાજંદા, આપો-આપ તુંઠા સહી જી;
ધન તે પુરુષ અવતાર રાજંદા, ધન-ધન તે ઘરણી રહી જી'. ૧૫

દેખી કુમરીનું સરુપ રાજંદા, મોહ પામ્યો રે દેખી કરી જી;
નયણા નાખ્યા બાણ રાજંદા, એહવી તે દેખી સુંદરી જી. ૧૬

---

૧. સમાચાર, ખબર. ૨. આશા. ૩. મહેલ. ૪. નો સમાગમ, મેળાપ. ૫. આળ, કલંક. ૬. પરવસ. ૭. પુષ્પ. ૮. ગેંદુક=દડો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માહામાહે લાગી પ્રીત રાજંદા, વાત-વીગત કરી નવી સકે જી;
મનમાં પામે [1]ભીત રાજંદા, રખે વાતને કોઇ [2]ચકે જી. ૧૭

[3]અવિહડ પાલે છે પ્રીત રાજંદા, ઉતમથી લાગી સહી જી;
પુરી એ આઠમી ઢાલ રાજંદા, **સાંતસોભાગ્ય** ઇમ કહી જી. ૧૮

---

૧. ભીતિ=ભય, ૨. જાણી જાય. ૩. અતૂટ, અભંગ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દુહાઃ

ઇણી પરે પ્રીત પાલે સહી, ન કહે કોઇને વાત;
મનમાં બીહતા તે રહે, [1]નખે થાએ વિખ્યાત. ૧

એક દિવસ કુમાર વિશ્રામ, કરીને સુતો તીહાં;
વૃક્ષતણી છાંહડી, નીલુ વસ્ત્ર ઉઠી જાહે. ૨

અવસર પામી નાર, ચંતે મયણમંજરી;
લાગ પામી છે આજ, વૃક્ષ ડાલ વલગી ઉતરી. ૩

## ઢાલઃ ૯, નીંદરડીની- એ દેશી.

અંગુઠો મોડી ગજાવત, 'જાગો-જાગો હો [2]ણનદીના વીર!;
નીંદરડી નાહની વારીઇં, [3]બલવાતા હો તુમો સાહસ ધીર. ૧ નીંદરડી૦

આ વેલા કિમ પોઢિઆ?, નીદ્રા મુકો હો થઓ સાવધાણ';
પાસે ઉભી ઇમ કહે, વસ્ત્ર તાણે હો [4]પીડી [5]વીરહણી બાણ. ૨ નીંદરડી૦

સબ્દ સુણી કુયર જાગીઓ, જબ જુએ હો ઉભી દીઠી નાર;
અચરીજ પામી ચંતવે, 'કિમ આવિ હો છોડી દરબાર?.' ૩ નીંદરડી૦

નારી કહે 'સુંણા સાહબા!, મુઝ મનનો હો સંભલો વીરતંત;
જે દીનથી તુમે ચિત ચઢ્યા, તે દીનથી હો મે કીઉ નીશ્ચંત. ૪ નીંદરડી૦

''પરણો પતિ સાયર ચઢ્યો, મે ધારો હો સ્વામી તુમને આજ;
અંગીકાર કરો સાહબા!, [6]નેતો પ્રાણ હો કરીસું તાજ.' ૫ નીંદરડી૦

વલતો કુમર બોલીઓ, 'વાત સાંભલ હો મોરી તુ આજ;
ગામ છોડીને [7]નેસરો, હું આવિઓ હો ઇહાં ભણવાને કાજ. ૬ નીંદરડી૦

---

૧. અંશમાત્ર. ૨. નણંદના. ૩. બલવંત. ૪. પીડાઇ. ૫. વિરહના. ૬. નહી તો. ૭. નીકળ્યો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગુરુજી જાણે જો [1]વાડી, તો મારૂં હો લાગે ચિત મઝાર;
[2]ચુંપ કરી ભણાવે નહી, નવી બેસે હો [3]માયા લગાર.' ૭ નીંદરડી૦

નારી કહે 'સુણો કંતજી!, લેઇ ચાલો હો તુમે મુઝને પરદેસ;
નહી લેઇ ચાલો જો મુઝ ભણી, તુમ ઉપર હો હું પ્રાણ તજેસ. ૮ નીંદરડી૦

સ્ત્રી હત્યા તુમ લાગસે, એ પાતક હો છુટસો એ કેમ?;
પ્રીત બાંધી જે આપણી, તે ત્રોડો હો ના તુછે પ્રેમ.' ૯ નીંદરડી૦

[4]નીશ્ચ મન જાણી તેહનું, 'હું ચાલીસ હો તણે લેઇ સંગ;
[5]હવડુ તો વિદ્યા ગ્રહુ, તુ પાલીજે હો અવિહડ રંગ.' ૧૦ નીંદરડી૦

કુમરે કોલ દિધો તીહાં, હરખ પામી હો વીનીતા તણિવાર;
બોલ દેઇ વલી આપણો, તેણે કીધો હો કુમરને જુહાર. ૧૧ નીંદરડી૦

વૃક્ષણી વડવાઇ [6]સાહીને, તે પોહતી હો નીજ મંદ[ર]માંહે;
વિશ્રામ લીધો તીહાં જઇ, [7]ધાવ આવે હો મનમાં ઉછાહે. ૧૨ નીંદરડી૦

[8]ધ્યાવણે પાએ લાગી કરી, ઇમ બોલે હો મયણમંજરી વાણ;
'વાત સુણો એક માવડી!, તુ સાંભલ હો [9]ઠામ રાખીને [10]કાણ. ૧૩ નીંદરડી૦

કંતણી વાત જાણો સહી, હું આવિ હો ભરજોવણ પુર;
મન રાખુ હવે નવી રહે, મુઝ વાલમ હો રહો અતિ દુર. ૧૪ નીંદરડી૦

તે માટે તુમને કહુ, મે આદરો હો અગડદત્ત કુમાર;
ઉતમ વંસનો ઉપનો, દેહી સુંદર હો દીસે દેદાર.' ૧૫ નીંદરડી૦

પુત્રીની વાત સાંભલી, હરખ પામી હો મનમાં તણીવાર;
'વાત રખે જણાવતા, છાની રાખજો હો તુમો આપ આચાર.' ૧૬ નીંદરડી૦

આગલ સુણજો વાતડી, તુમો જો જો હો એ કર્મના ખ્યાલ;
પંડીત **પ્રેમસૌભાગ્ય**નો, **શાંતિ** બોલે હો એ નવમી ઢાલ. ૧૭ નીંદરડી૦

---

૧. વાત. ૨. સ્નેહપૂર્વક. ૩. સ્નેહ, લાગણી. ૪. નિશ્ચલ. ૫. હમણાં. ૬. પકડીને. ૭. ધાવમાતા. ૮. ધાવમાતાને. ૯. સ્થાને. ૧૦. કાન.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**દુહાઃ**

ગોખે બેઠી તે રહે, દીન-દીન પ્રતે તીણીવાર;
કુમર સાસ્ત્ર તે અભ્યસે, તે દેખે સુવિચાર. ૧

સકલ સાસ્ત્ર સીખીઓ, કુમર કલાનો [૧]ગેહ;
સીખી કરી [૨]પોઢ્યો થઓ, સરસતી સમવડ એહ. ૨

## ઢાલઃ ૧૦, માફુ કરુ રે તમે કંતજી- દેસી.

હા રે કુમર કહે 'સુણો વીપ્રજી!, મુઝ અરજ સુણીજે;
વિદ્યા સીખ્યો હુ તમ કણે, મુઝ સીખડી દેજે. ૧

સીખ દીઉ હવે મુઝ ભણી, પુહચુ મુઝ ઘેર;
ઉમેદ મનમાં અહવો, વાલુ પીતાનું વૈર. ૨ સીખ૦

કે વાટ જોતિ હસે માવડી, ઘણા દીવસ વહીયા;
સુખ પામ્યો હુ તમથકી, ઉતમ સંગ [૩]સહીયા.' ૩ સીખ૦

હા રે સોમદત મનમાં ચિંતવે, હી[ર]ખ્યો કલા અભ્યાસે;
સીખ્યા કલા પોઢ્યો થઉ, પણ ધન વીણા જાસે. ૪ સીખ૦

ધન વિના જો મોકલુ, તો માફુ દીસે રાય પાસે;
................જો મેલવુ, તો પોહચે જગીસે. ૫ સીખ૦

ઇમ વીમાસીને ચાલીઉ, સાથે કુમરને લીધો;
રાજસભામાં બે આવિઆ, નૃપણે [૪]પ્રાણપત્ય કીધો. ૬ સીખ૦

હા રે રાજા કહે 'એ કુણ અછે, સુંદર સુકમાલ?;
કાહાંથકી એ આવીઓ?, કાહનો છે એ બાલ?' ૭ સીખ૦

---

૧. ઘર. ૨. નિપુણ, ચતુર. ૩. સહિત. ૪. નમસ્કાર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'વસંતપુર વાસે વસે, સુરસેણનો નંદ;
પીતા એહણો દીપતો, જીમ દીપે દીનંદ.' ૮ સીખ૦

વાત સુણી રાજા ઇસી, મનમાં હરખ પાવે;
અગડદત્ત કુમારણે, વલી પાસે તેડાવે. ૧૦ સીખ૦

માન મહોત દીધો ઘણો, લાખ પસાય આપે;
કિરતાર તુઠે રાજા વીણા, દારિદ્ર કુણ કાપે?. ૧૧ સીખ૦

કુયર વિપ્ર બે હરખીયા, રાજાઇ દીધા માણ;
'કર્મ ફરતા સુહ ફરે,' ઇમ લોક કહે વાણ. ૧૨ સીખ૦

હા રે એહવે માહાજન્ન થયુ એકઠુ, આવે રાજાને પાસે;
મજરો કરીને ઉભા, સહુ કરે અરદાસે. ૧૩ સીખ૦

માહાજન કહે 'સુણો સાહબા!, મુઝ અરજ સુણીજે;
વસવાણે એક જાયગા, અમને પ્રભુ! દીજે. ૧૪ સીખ૦

ત્હારે એ ઘર-બાર તુમારડા, ખપ નથી અમારે;
સીખ દીઓ હવે સાહબા!, [૧]કાર્જ નથિ તુમ્હારે.' ૧૫ સીખ૦

હા રે 'સા માટે?' રાજા કહે, 'એહવા વચન ના બોલો;
નીર વાકાં મોજડા, આગલથી કાં ખોલો. ૧૬ સીખ૦

હા રે ડંડ નથી કોઇનું, તો સા માટે રીસાવો?;
જે કહો તે હું કરુ, વાંક વગર ના જાવો' ૧૭ સીખ૦

માહાજન હવે બોલસે, સાંભલો ચિત લાઇ;
દસમી ઢાલ પુરિ થઇ, **સાંતે** ઇમ બણાઇ. ૧૮ સીખ૦

---

૧. કામ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દુહાઃ

માહાજન વલતો બોલીયા, 'સાંભલો માહારાય!;
દંડ નથી કોઇ ઉપરે, રાજનીત કહવાઇ. ૧

તસ્કર સ્વામી મોટકો, [૧]કોહથી પકડો ન જાઇ;
આકુલ-વ્યાકુલ તે કરે, ચોર તે પકડો ન જાઇ. ૨

તે માટે તુમને કહુ, સાર કરો મહારાય!;
ચોરણી [૨]તજ-વીજ કરો, નહી તો ઠામ [૩]વતાય.' ૩

કોટપાલને તેડીને, પુછે રાજા તામ;
'ચોકી કીમ કરતો નથી?, મુઝ સાથે છે કામ.' ૪

## ઢાલઃ ૧૧, એહવા ધુતારા વસે છે - દેસી.

રાજાણી ઇમ સાંભલી વાણી, કોટપાલ બોલો અવસર જાણી
સાહબા! સાંભલો કહું છું સહુને સમઝાવી;
ચોકી કરું છું સ્વામી! જોર, [૪]ઓડા બાંધુ છુ ચહુપખે [૫]ઠોર સાહબા૦. ૧

ચ્યાર પહોર રજણી ફરું છું, [૬]વાહણે વાઇ હુ નીદ્રા કરુ છું સાહબા૦;
એહવી ચોકી કરુ છુ સારી, [૭]ઓલગ નીત કરુ તમારી સાહબા૦. ૨

તો પણ તો ચોર તે વસ નાવે, કસી [૮]અકલ મત ચોર ણાં ફાવે સાહબા૦;
મન માણે તમ સ્વામી! કરો તમે, ચોરથકી થાકા છુ બહુ અમે' સાહબા૦. ૩

રાજા વિચારે મનમા એમ, 'વિષમ કામ થાસે કહો કેમ?' સાહબા૦;
રાજાઈ પાનનુ બીડુ લીધુ, મુખથી એહવું વયણ સ કીધુ સાહબા૦. ૪

---

૧. કોઇથી. ૨. તપાસ, યુક્તિ, બંદોબસ્ત. ૩. બતાવો. ૪. અટકાયત કરું છું. ૫. સ્થાન. ૬. સવાર પડતા. ૭. સેવા, ચાકરી. ૮. ન સમજાય એવું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'જે કોઇ ચોરણે પકડી લાવે, લાખ સોવણીયા તેહ જ પાવે' સાહબા૦;
સભા સન્મુખ રાજાઇ જોઇ, બીડુ ન [1]છુબું નર ણા કોઇ સાહબા૦. ૫

રાજા મનમાં તવ વલખાણો, આભમાહે જીમ ચંદ્ર ઝંપાણો સાહબા૦;
સભા સહુ મુખ તવ વલખીઓ, તેતલે અગડદત્ત બોલીઓ સાહબા૦. ૬

ઉઠી કરીને પ્રણપ્રત્ય કીદ્ધો, કુમરે તે પાનનો બીડો લીદ્ધો સાહબા૦;
'સાત દિવસની આપ્યો અમને, ચોર તે પકડી આપુ તમણે સાહબા૦. ૭

વિપ્ર ચિંતે મનમાં એમ, 'વિષમ કામ થાસે કુયર કેમ? સાહબા૦;
કુમર કહે 'ચિંતા મ કરો ચિતમે, જોગમાયા જસ આપસે તમને સાહબા૦. ૮

[2]મજરો કરીને ઘેર તે આવે, [3]ચઉઠે [4]ચાચર તે જોવરાવે સાહબા૦;
વેશ્યાઘરે જાવે કુમાર, [5]ઈશ્વ ઉમ્હાણા જોયા દરબાર સાહબા૦. ૯

ઇમ કરતા ષષ્ટ દીન વહિઆ, કુમરણે ચિત પડીત હઇઆ સાહબા૦;
તસ્કરનો [6]ઠેકાનો ના જડીઓ, ઝાખો કુમર મનમાં પડીઓ સાહબા૦. ૧૦

લોક તે કુમરણી હાસી કરે છે, સાહસવંત લજા મન ધરે છે સાહબા૦;
ઇમ વિચારી મનમા તામ, ઉઠો લેઇ જોગમાયાનુ નામ સાહબા૦. ૧૧

ઉદ્યાણમાં કુમર વલી જાવે, મનમાં ઘણુ પસ્તાવે સાહબા૦;
તસ્કર જોતા લાગી ઘણી વાર, સુરજ આથમી થઓ હુસીયાર સાહબા૦. ૧૨

સાંઝ પડી તવ રહો વનમાહે, સાંભલજો ચોર મલસે ત્યાંહે સાહબા૦;
એ ઈગ્યારમી ઢાલ થાઇ, **શાંતિ** કહે આગલ સું કહેવાઇ? સાહબા૦. ૧૩

૧. છબ્યું=અડ્યું. ૨. મુજરો, પ્રણામ. ૩. બજાર, શેરી. ૪. ચાર રસ્તા ભેગા થતા હોય તે. ૫. ઈશ્વર=ધનાઢ્ય. ૬. ઠેકાણું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દુહા:

સાંઝ પડી વણમાં રહો, એકાકી પણ કુમાર;
હીયડે ધીર આણી કરી, મન સરી કીરતાર. ૧

રુપ કરી મજુરણું, બેઠો તરૂવર હેઠ;
[૧]વેલુમાં ખડગ મુકીને, જોતો ચઉદસે [૨]દ્રેઠ. ૨

## ઢાલઃ ૧૨, તુ મુઝ પ્રાણ આધાર– દેશી.

રુપ [૩]રચું મજુરણુ રે, અગડદત્ત કુમાર;
જીરણા વસ્ત્ર પેહેરણે રે, સામ વરણ દીદાર. ૧

સુગુણનર! જો જો કીદ્ધ સો [૪]ફંદ.

એહવે જોગી આવતો રે, દુરથી દીઠો તામ;
સીઘ્ર પણ વલી ચાલતો રે, દીદાર દીસઇ [૫]સામ. ૨ સુગુણનર૦

સમીપે આવો જેતલે રે, ઉભો રહો તરુવર ડાલ;
જોગીઇ ડાલ મોડને, ચઢી બેઠા તતકાલ. ૩ સુગુણનર૦

કુમર દેખી ચિંતવે રે, 'દીસે, જોગી અવધુત;
હીયડે જીવદયા નથી રે, એ દિસે કોઈ ધુર્ત્ત. ૪ સુગુણનર૦

વેષ લેઇને એ ફરે રે, [૬]જીવદાય નથી કોઇ;
વગર દયા વેષ કીસો રે?, [૭]નીશ્ચ તસ્કર હોય. ૫ સુગુણનર૦

કાલવર્ણ અતિ કુબડો રે, નયણ અતિ વિકરાલ';
ઇમ ચિંતીને બોલાવીઓ રે, કુમરે તે તતકાલ. ૬ સુગુણનર૦

જોગી કહે 'તુ કુણ છે રે?, કવણ તુમારુ નામ?;
કુણ ઠામે વાસો વસો રે?, ઇહાં આવો સે તુમો કામ?' ૭ સુગુણનર૦

---

૧. રેતીમાં. ૨. દ્રષ્ટિ, નજર. ૩. બનાવ્યું. ૪. જાળ. ૫. શ્યામ, કાળો. ૬. જીવદયા, ૭. નિશ્ચે, નક્કિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અગડદત્ત હવે બોલીઓ રે, કપટ કરી તણીવાર;
કપટ વીણા સીદ્ધ ના હોવે રે, કપટ ભરો સંસાર. ૮ સુગુણનર૦

કપટ રજનિ બોલીઓ રે, 'સાંભલો પ્રભુ! મુઝ વાત;
ધન-વિહુનો હું ફરુ રે, જન્મ-દરિદ્રી હુ વિખ્યાત. ૯ સુગુણનર૦

અપલક્ષણ એક મોટકુ રે, તેણે ધન સઘલુ જાયે;
[1]દુતક્રીડા હુ નીત્યે કરુ રે, તેણે નીર્ધન થાઇ. ૧૦ સુગુણનર૦

રાયથકી હુ નાઠો ફરુ રે, [2]દીન સેવુ વનરાય;
સાંઝ પડે તવ નયરમાં રે, ચોરિ કરવાને જાય. ૧૧ સગુણનર૦

ધન લેઇ ચલી પારકુ રે, દુતક્રીડા કરુ તામ;
ક્રીડા કરતા હારીઇ રે, એ કરુ નીત્ય હું કામ' ૧૨ સગુણનર૦

જોગીઇ વાત સાચી લહી રે, જુઠ નહી લગાર;
આપવતિ એ સાચી કહી રે, એહમા [3]ફેર મા ફાર' ૧૩ સુગુણનર૦

જોગી કહે 'સુણ બાલકા! રે, ચિંતા કસી મ કરેસ;
સુગુરુકી દયાસું ખુબ હોવે રે', ઇમ કહે જોગી આદેસ. ૧૪ સુગુણનર૦

'દરિદ્રને હવે દુરે કરુ રે, તુ મુઝને મલીઓ આય;
ઉતમની સેવા કીજીઇ રે, કાઇક [4]ફલ-પત થાઇ.' ૧૫ સુગુણનર૦

કુમર કહે 'સુણો સ્વામીજી! રે, હુ છું તમારો બાલ;
કૃપા કરીને રાખીઇ રે, વચન હવે પ્રતિપાલ' ૧૬ સુગુણનર૦

શ્રોતા! સુણજો વાતડી રે, આગલ સું હવે કહવાય;
**સાંતિ** વદે તુમો સાંભલો રે, બારમી ઢાલ એ થાય. ૧૭ સુગુણનર૦

૧. દ્યુત=જુગાર. ૨. ગરીબ. ૩. ફેર-ફાર નથી. ૪. ફલની પ્રાપ્તિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દુહાઃ

કુમર કર જોડી કહે, 'તું બંધવ મુઝ માય;
તુ સાહીબ જગતનાથ, તુ [૧]તુલઠો માહારાય. ૧

તુમ તુઠો મુઝ આજ, દારિદ્ર દુરે કરેસ;
સાહિબ સંગ જો મુઝ મલી, હવે હુ કેમ તજેસ?.' ૨

## ઢાલઃ ૧૩, ગણધર દસ પુરવ- દેશી.

કુમર કહે 'સુણો જોગીરાય!, પુરવ ભાગ્ય મે પાયા બે;
ભાગ્ય ઉદયે તુહિ જ મલીઓ, દારિદ્ર દુરે ગમાયા બે. ૧ કુમર૦

તુમ દરીસણથી પાવણ થઓ, આજ તુમણે મે દીઠો બે;
તૃષાવંતણે નીરમલ જમે (લ), લાગે અતિ હે [૨]મેઠો બે. ૨ કુમર૦

ઈમ હું સ્વામી! તુમણે ચીતો, આજ તે સ્વામી મલીયા બે;
ભવ-ભવના મુઝ દારિદ્ર નાઠા, હવે મુઝ દાહાડો વલીઓ બે.' ૩ કુમર૦

ઈમ કરંતા પ્રહર નીગમ્યો, તયાર જોગી થાવે બે;
સાંભલજો તુમે જોગીની વાત, નવો વેસ બનાવે બે. ૪ કુમર૦

ભગુયા વસ્ત્ર ઉતારિ મુક્યા, ચરમતણા વસ્ત્ર પહેરે બે;
તસ્કરના હથીરડા ભીડા, કુમર બેઠો [૩]હેરે બે. ૫ કુમર૦

ખાત્ર ખણવાને હથીયાર જ લીધા, સજ-થઇ તણીવાર બે;
કુમરણે કહે 'ચાલો જઇઇ, આલસ અલગો નીવાર બે'. ૬ કુમર૦

કુમરે કપટ કરીને વાલો, ખડગ સંગે લીદ્ધો બે;
જોગીઇ ન જાને [૪]તમ કર લીદ્ધો, કુમર કારજ સીદ્ધો બે. ૭ કુમર૦

---

૧. તુઠ્યો. ૨. મીઠો. ૩. નીરખે. ૪. તેમ હાથમાં.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[૧]ઉજમ ભર બે નર ચાલે, આવ્યા ચંપાપુર બાહરે બે;
ધૂટ્રય કરી દરવાજા સઘલા, પ્રગટ કલા કરે ત્યાહરે બે. ૮ કુમર૦

મંત્ર ભણી તવ કાંકરો નાખ્યો, જંભ સઘલા [૨]વછુટે બે;
કુમર દેખી વિસ્મય પામ્યો, બંધ તે સઘલા તુટે બે. ૯ કુમર૦

મારગમાં મંત્ર પઢતો જાઇ, લોક તે નીદ્ર વસ થાઇ બે;
ફરે નીસંક પણ નગરમાહે, [૩]ભીતા મનમાં નાવઇ બે. ૧૦ કુમર૦

મંત્રને સક્તીઈ કો નવિ દેખે, તસ્કર લોકને દેખે બે;
લોક તે ચોર નવિ જાને, કુમર અચિરીજ પેખે બે. ૧૧ કુમર૦

જોતા હાટને બાજારમાહે, વિચાર કરે છે ત્યાહે બે;
સાગરસેઠને હાટે આવ્યા, કુમર તસ્કર ત્યાહે બે. ૧૨ કુમર૦

તીહા બેસીને ખાત્ર જ દીધુ, ઘરમાં પેટી બેહુ ઉરે બે;
પેઇ આભરણની કાઢી, કાઢિ રીદ્ધ અનેરી બે. ૧૩ કુમર૦

લેઇ એક ઠામે ઢગલો કીધો, અસંખી નઇ વસ માણ બે;
તે દેખી મન ચંચલ હોવે, મુકી દે વલી ધ્યાણ બે. ૧૪ કુમર૦

ચોર પ્રતે હવે કુમર બોલે, 'સાંભલો બાલ ગોપાલ બે;
**શાંત** કહે ઢાલ એ તેરમી. આગલ સ્યું થાઇ ખ્યાલ બે. ૧૫ કુમર૦



૧. ઉદ્યમ, ઉમંગ. ૨. સ્ફોટપૂર્વક ઉઘડી પડ્યા, છુટા પડ્યા. ૩. ડર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દુહાઃ

કુમર કહે તસ્કર પ્રતે, 'વાત સુણો માહારાય!;
ભાર અસંખીત એહમા, આપણથી ગ્રહો ન જાય. ૧

તે માટે તુમને કહુ, મજુરને લાવો ચ્યાર;
તેહણે સીર દેઇ કરી, નાખીઇ આપણને દરબાર.' ૨

## ઢાલઃ ૧૪, વેલની- દેશી.

ચાર મજુરને તે બોલાવે, ભાર ચઢાવ્યો માથે જી;
દ્રર્વ લેઇને મજુર ચાલા, કુમર તસ્કર સાથે જી. ૧

સુણજો ભવિ! તમે ધુર્તને ધુતે, અચરીજ વાલી વાત જી;
મુર્ખ હોય તે ધુર્તો જાયે, ચતુર ના ધુતાઇ જાત જી. ૨ સુણજો૦

ચંપાપુર બાહર નીસરા, આવ્યા ગાઉ તામ જી;
અગડદત કહે તસ્કર પ્રતે, 'ઇહાં લીજે વિશ્રામ જી. ૩ સુણજો૦

આપણે ભીતા નથી કોઇની, નીશ્ચતપણે રહીઇ જી;
વિસામો મજુરણે દીજે, આપણ નીદ્ર લહીઇ જી. ૪ સુણજો૦

તસ્કરે કુમરની વાત જ માણી, કપટે કોહો હુંકારો જી;
મુજુરણે કહો 'વિસામો તમે, સીરથી ભાર ઉતારો જી. ૫ સુણજો૦

ચાર મજુરણે તે વલી ચોર, નીંદ્ર કરે વલી તામ જી;
કુમર મનમાં એમ વિચારે, '[૧]ઉંઘાનું નથી કામ જી. ૬ સુણજો૦

ઉંઘે તે તો નીશ્ચે મરે, જાગણ કાજો ઇહાં જી';
જો જો શ્રોતા સું કરે છે?, [૨]અકસઉ થાવે ત્યાહે જી. ૭ સુણજો૦

---

૧. ઉંઘવાનું=સુવાનું. ૨. આકસ્મિક.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કપટે નીદ્ર કુમરે લીધી, વીસાસો તીનીવાર જી;
ચોર-મજુર નીદ્ર વસ પડીયા, હલુઇ સું ઉઠો કુમાર જી. ૮ સુણજો૦

આપણને ઠામે વેલુ આકારે, કીધો એહ પ્રમાણ જી;
વસ્ત્ર તે ઉપર વલી ઢાંકું, કુમર તે ચતુર સુજાણ જી. ૯ સુણજો૦

કુમરે તે ખડગ ગ્રહીને, છપી રહો કુમાર જી;
વડનું ઓઠુ કરીને રહીઓ, હીયડે ધીરજ ધાર જી. ૧૦ સુણજો૦

જાગો એહવે ચોર વિકરાલ, ચિંતે મનમાં એમ જી;
'[1]પંડવ માણસણે [2]ખપાડું, જીવતા ના રાખીઇ કેમ જી?.' ૧૧ સુણજો૦

ઇમ વિચારીને તસ્કર ઉઠો, ઝાલી તને કરવાલ જી;
મજુરણો તેણે સંહાર કરો, કુમર દેખી ખ્યાલ જી. ૧૨ સુણજો૦

કુમર ભણી તેણે ઘાઓ નાખ્યો, કરવાલ પડી વેલુમાહે જી;
વિસ્મે પામો તસ્કર મનમાં, ચલે તે વલી ત્યાહે જી. ૧૩ સુણજો૦

એ સહી કોઇક ઉતમ પુરુષ, આવ્યો તે કરવા [3]કેડ જી;
દરિદ્રનો [4]તણે વેસ કરીને, રહીઓ છે વન [5]વેડ જી. ૧૪ સુણજો૦

હુંસ ધરે છે એ મનમાંહે, પકડીસ ચોરને આજ જી;
સીખ્યા દેઉં હું વલી એહણે, આણુ એહણે [6]વાજ જી. ૧૫ સુણજો૦

[7]અરહો-પરહો તસ્કર જોવે, પ્રહાર કરવા કુમાર જી;
તરવર-તલે દીઠો તેહણે, [8]હડી દીદ્ધી તણીવાર જી. ૧૬ સુણજો૦

ચોરણે કુમર આવતો દીઠો, નાઠો કુમર તતકાલ જી;
**શાંતિ** કહે વલી આગલ હોયે, પુરી એ ચોદમી ઢાલ જી. ૧૭ સુણજો૦

---

૧. નાર્મદ, બાયલા. ૨. મારુ. ૩. પીછો. ૪. તેણે. ૫. વગડામાં. ૬. ત્રાસ. ૭. આગળ-પાછળ, આમ-તેમ. ૮. હાંક.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દુહાઃ

નાઠો કુમર તીહાથકી, [૧]વાસે પડીઓ ચોર;
કેતી ભુમી દોડીઓ, કુમર કરતો સોર. ૧

કુમર [૨]અભુંઓ જગાતણા, ન જાણે કીસો વિચાર?;
દોડતા એક આવિઓ, પાષાણ થંભો સાર. ૨

તે પુઠલ જઇ રહો, કુમરે [૩]ઉઠો લીદ્ધ;
દુરથી તસ્કર આવિને, થંભે [૪]ઘાઓ જ દીદ્ધ. ૩

તસ ખંડ હુયા થંભાતણા, પાછો વલીઓ ચો[ર];
અહંકારે કરી ગાજતો, જીમ છાજે ઘણ મોર. ૪

કુમરે પુઠલથી આવીને, ચોરણે કરે પ્રહાર;
મર્મસ્થાનકે લાગીઓ, મોહક મ(?) દીદ્ધ કુમાર. ૫

## ઢાલઃ- ૧૫, સેવક હે અમે સીંહ નૃપના.

ચોર તે ધરણી તડફડતો દીઠો, કુમર થઓ ખુસીયાલ જી;
આઘો જઈને તેહનુ લીધુ, કુમરે તે કરવાલ જી. ૧
સાચુ બોલોજી, નન્હા બાલુડા તુ હી.

કુમર પ્રતે તે ચોર વદે ઇમ, 'સાંભલો મોરી વાત જી;
નામ-ઠામ વલી તુમે ભાખો જી, ભાખો કુલ ને જાત જી. ૨ સાચુ૦

વાત કહો તમે સ્વામી! મુઝને, જીમ જીવ મ્હારો નીકસે જી;
જાત-ભાત સાભલીને તુમ્હારી, જીમ હીયડું અમ વીકસે જી'. ૩ સાચુ૦

વલતો તે કુમર બોલે, 'ક્ષત્રીવંશ અમારો જી';
તસ્કર સંભલી ઇની પરે બોલે, 'વીનતડી અવધારો જી. ૪ સાચુ૦

---

૧. પાછળ. ૨ અજાણ. ૩. ઓઠીકણ, આશરો. ૪. ઘા, પ્રહાર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વાત કહું તે ચિત માણો, કથન કરો અમારો જી;
[1]ગુંઝ વાત હું તુમને કહુ છું, દીજે કોલ તુમારો જી'. ૫ સાચુ૦

કુમરે તીહાં કોલ જ દિધો, ચોર પ્રતે તે એમ જી;
'અંતરજામી! તુ હી જ મલીઓ, [2]પટંતર રાખુ કેમ? જી. ૬ સાચુ૦

પૂર્વ સન્મુખ પર્વત દીસે, તેહમાં છે મુજ ગેહજી;
તેહમાં મારી ભગણી રહે છે, તુઝણે કહુ એહ જી. ૭ સાચુ૦

માહરુ ખડગ ગ્રહીને જાજો, દ્વારે ઉભા રહજો જી;
[3]ધૃડ કમાડ હોસે ગુફાના, જઇને તાલી ત્રણ્ય દેજો જી. ૮ સાચુ૦

સબદ સુણી તેહી જ આવે, દ્વાર ઉઘાડસે તેહ જી;
ભગનીઇ પ્રીતીજ્ઞા એહ કીધી છે, સાંભલો ભાખુ તેહ જી. ૯ સાચુ૦

''બંધવ મારણ હોસે બલીઓ, તેહને પતી કરવો જી;
તેહણે એહવુ [4]નીઆ બાધુ, [5]અનત કોઇ ન ધરવો જી'' ૧૦ સાચુ૦

તે માટે હું તમણે કહુ છું, પરણજો ભગણી અમારી જી;
અસંખીત તે દ્રૂર્વ ભરો છે, ધન એ રીદ્ધી તમારી જી. ૧૧ સાચુ૦

**વીરમતિ** એ મારી ભગણી, મેં આપી છે તમને જી;
ગુફા માહે જા જો સ્વામી!, હુંકારો કહો અમને જી ૧૨ સાચુ૦

હવે સહી જાગ્યો ભાગ્ય તમારું, જાજો તણે ઠામ જી;
મયા કરીને પરણજો ભગણી, થાસે તમારુ કામ જી'. ૧૩ સાચુ૦

હુંકારો તીહાં દીધો કુમરે, ચોરે સાચો માણ જી;
બોલ કોલ તેહને દીધા, છુટા ચોરણા પ્રાણ જી. ૧૪ સાચુ૦

મૃતક પામ્યો ચોર તીવારે, લાકડ ભેલો કીદ્ધોજી;
કૌતુક જોવાણે તેહી જ ચાલો, સંગે કરવાલ લીદ્ધોજી. ૧૫ સાચુ૦

---

૧. ખાનગી. ૨. ગુપ્ત, રહસ્ય, ભેદ. ૩. દૃઢ, ૪. નિયાણું, ૫. અન્ય, બીજો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પુર્વ દીસે કુમર ચાલો, તસ્કરે ઠામ બતાવો જી;
મનમાંહે ઉજમાલ થઇને, કુમર ત્યાંહિ જ આવો જી. ૧૬ સાચુ૦

જઈ ઉભો રહ્યો [1]પેંપર-હેઠે, કુમર હવે બોલાવે જી;
**શાંતસૌભાગ્ય** પનરમી ઢાલે, આગે સું હવે થાવે?જી. ૧૭ સાચુ૦

૧. પીપળાના ઝાડની નીચે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દુહાઃ

ઉભો રહે ગુફા બારણે, સાદ કરે કુમાર;
તસ્કરે જીમ સીખવું, ઠબકા દીયા ત્રણ્ય વાર. ૧

સબદ સુણી આવિ તીહાં, વીરમતિ તણીવાર;
સીઘ્રપણે આવિ તીહાં, ઉઘાડે તસ દ્વાર. ૨

નીજ બંધવ નીરખે નહી, દીઠો પુરુષ કોઇ;
ખડગ દીઠું બંધવતનુ, મનમા વિસ્મય હોઇ. ૩

નીજ બંધવણી વાતડી, પુછે તે વરતંત;
'ખડગ સહી બંધવ નહી?', સાંભલી કુમર બોલંત. ૪

## ઢાલઃ ૧૬, આંગણે મોતી રે લો- દેસી.

'સાંભલ મોરિ વાત, બંધવની હુઇ વિખ્યાત,
આજ હો તે તો રે બંધવ, આજ મે મારિઓ રે લો;
તેણે આ ઠામ બતાવ, તેણે હું ઇહાં કણે આવ,
આજ હો તે તો રે તુઝને, ખબર કરવા હુ આવિઓ રે લો. ૧

કરવાલ મુઝને દીદ્ધ, વાત એ તહકીક કીદ્ધ,
આજ હો વાતો રે એ મે, તુમણે ખરી કહી રે લો;
નારિ સાંભલી વાણ, બોલી સાહ સુજાણ,
'આજ હો માહરી રે, પ્રતિજ્ઞણા પુરિ થઇ રે લો. ૨

વીનતડી અ[વ]ધાર, આવો મોહલ મઝાર,
આજ હો દાસી રે તુમને, એણીપરે વેણવે રે લો;
તુ છે દીનદયાલ, મુઝ વન પ્રતિપાલ,
આજ હો મુઝણે રે સ્વામી!, તુમો પરણો હવે રે લો. ૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેડો સદણ મઝાર, વીરમતિ તણિવાર,
આજ હો કુમર રે રીદ્ધ, પડી દેખે ઘણી રે લો;
માણક દીસે એક ઠોરે, હીરા પડીયા ઓર,
આજ હો ધરમે રે કમી, નથી સોવનતણી રે લો. ૪

ઈંદ્રપુરિ અવતાર, એહવો મોહલ આકાર,
આજ હો સુર રે રમણીક, જાયગા દિસે રૂપડી રે લો;
દેખે તે કુમાર, સુંદર [૧]સેજ [૨]શ્રીકાર,
આજ હો તેણે રે બહુ મુલ, ઘણે રત્ને જડી રે લો. ૫

વીનીતા કહે તામ, 'સજાઈ કરો વિશ્રામ,
આજ હો ધન રે સવિ પ્રીતમ! એ તુમતનુ રે લો;
હુ છુ તુમારિ દાસ, ભરો મનણી આસ,
આજ હો વચન રે માનો વાલમ! મુઝતનુ રે લો. ૬

મોદક લાવુ ચ્યાર', [૩]સજ્યાઇ ઇમ બેસાર,
આજ હો ઇમ રે કહીને, નારિ ઉપર ચઢિ રે લો;
'વૈરિ બંધવ એહ, સીખ્યા આપું તેહ,'
આજ હો ઇમ રે વિચારિ, મને રીસુ ચઢી રે લો. ૭

[૪]સજ્યાતને પ્રમાણ, સલા જાણ [૫]ખાણ,
આજ હો [૬]દુઠ રે નારિ, જોવો સુ કરે રે લો?;
કુમર ચિંતે તામ, 'વૈરીનો એ ઠામ',
આજ હો ઉઠી રે કુમર, તીહાથી ડગ ભરે રે લો. ૮

'ન કરિઇ વિસ્વાસ નાર, અને વલી રાજદ્વાર,
આજ હો મે તો રે એહનો, બંધવ મારિઓ રે લો';
ચિંતી એમ કુમાર, અલગો જઇ એક [૭]ઠાર,
આજ હો કુમર રે પોતાનો, જીવ ઉગારીઓ રે લો. ૯

---

૧. શય્યા, પલંગ. ૨. શોભાયુક્ત. ૩. શય્યા=પલંગ પર. ૪. શય્યાના પ્રમાણની શિલા હતી. ૫. (નીચે) કુવો (હતો). ૬. દુષ્ટ. ૭. સ્થાન.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વીનીતાનું જોજો કામ, પડતી મુંકે તેણે ઠામ,
આજ હો મનમાં રે ઘણુ, હરખ પામી કહતી રે લો;
'બંધવ! જાણજો વાત, વૈરિ વાલુ તુમ ભ્રાત!,
આજ હો હું તો રે ખરિ, ભગણી વીરમતી તુમતણી રે લો.' ૧૦

ઇણી પરે કરે વિચાર, મનમાં હરખ અપાર,
આજ હો સજાના રે તો, સત ખંડ તે થયા રે લો;
દેખે તેહ કુમાર, સમરે મન કીરતાર,
આજ હો એહવો રે કોતુક, દેખી ચમકીયા રે લો. ૧૧

હસુતિ આવે એહ, ભોગી પરણો તેહ,
આજ હો એહવે રે ઘરમાં, આવે ધસમસી રે લો;
સોલમી ઢાલ એ થાય, પંડીત **પ્રેમ** પસાય.,
આજ હો **શાંતે** રે કુતુક, કુમર મનવસી રે લો. ૧૨



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દુહાઃ

ગુફામાં આવિ જસે, કુમર કહે તીણીવાર;
'રે મુરખ! તું રંડીની, સીખ્યામણ દુ તુઝ સાર. ૧

તુઝ બંધવ મે મારિ હુ તો, બલવંત અપાર;
[1]તેર સખા મે રોલીઓ, તુ કુણ માત્ર ગમાર?. ૨

કાઢિ મુસક [2]બેંધીને, [3]આલ કુમર કીદ્ધ;
ગુફાતણે બારણે, આડી [4]સલા દીદ્ધ. ૩

## ઢાલઃ ૧૭, સાંભલ રાજકુમાર કહુ ન તુઝને-દેસી.

લેઇ વિનીતા સંગ કુમર આવે હવે હો લાલ,
મનમાં હરખ અપાર કે પંથે તે વહે હો લાલ;
આવ્યા નગર મુઝાર કે નારી દેખીને હો લાલ,
લોક વદે મુખ ઇમ ચતુરાઇ પેખીને હો લાલ. ૧

રાજસભામાં કુમર કે એહવે આવિઓ હો લાલ,
નારિને પ્રણપ્રત્ય કે રાજાણે કરાવિઓ હો લાલ;
જોવા મલીયા લોક રાજસભામાં વલી હો લાલ,
પુછે રાજા વાત કે કુમર પ્રતે [5]રુલી હો લાલ. ૨

'સાંભલો સ્વામી! વાત કે કહુ ચોરણી હો લાલ,
ફરતો જોગીણે વેસ કે મહા છે ગુણી હો લાલ;
રજણીઇ લોકને તામ કે ઘણું સંતાપતો હો લાલ,
વિદ્યાને બલ તામુ કે નગરમાં આવતો હો લાલ. ૩

---

૧. તારો ભાઇ. ૨. બાંધીને. ૩. યુક્તિ. ૪. શિલા. ૫. આનંદપૂર્વક.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જંત્રકે ત્રોડે તેહ કે વિદ્યાને બલે હો લાલ,
નીદ્રા મુકે તામ નવિ કોઇ [૧]સલસલે હો લાલ;
સારા નગર મઝાર કે ફરતો તે રહે હો લાલ,
વિદ્યાને બલ એહ કે કોઇ નવિ લહે હો લાલ. ૪

ચોરણી ભગણી એહ કે સ્વામી! જાણજો હો લાલ,
બોલે કુમર તામ કે મજરો માણજો' હો લાલ;
[૨]ઘાતિ [૩]ખોડામાહે કે વીરમતિને સહી હો લાલ,
મુલગો કહો વીરતંત અમ આગલ રહી હો લાલ. ૫

રાજા પ્રતે કુમાર કે મુખથી ઇમ ભણે હો લાલ,
'ખાત્ર દિધુ આજ સાગરસેઠણે હો લાલ;
સુતાતા ચોકીદાર કે તે જાણે નહે હો લાલ.
લીધા તેહણા હાથીઆર કે કોઈ જાણે નહે' હો લાલ. ૬

રાજા આગલી વાત કે વેલુ સંબંધ કહો હો લાલ,
સારા નગર મઝાર કે કુમરે જસ લહો હો લાલ;
'ચાલો તસ્કરને ઠામ કે કહો તે કીહાં રહે?' હો લાલ,
જોવાણે ચાલા લોક કે પંથે તે વહે હો લાલ. ૭

આવ્યા ગુફાને બાર કે તણે દીઠી સલા હો લાલ,
દેખી ચમક્યા લોક કે 'જોવો કુમરની કલા' હો લાલ;
પેઠે સદન મઝાર કે માહાજન ધસમસો હો લાલ,
દેખી અચંભ લોક કે ઇંદ્રપુરિ જસો હો લાલ. ૮

ધનનો નહી પાર કે તણે [૪]અનગલ ભરુ હો લાલ,
રાજાઇ પુછી તામ કે સહુનુ નામુ કરુ હો લાલ;
'સાત વરસાણી રીદ્ધ કે ચોરે મેલવી હો લાલ,
ધન છે તુમને કુમાર! કે એહવી મત કેલવી' હો લાલ. ૯

---

૧. સળવળે. ૨. નાખી. ૩ હથકડીમાં. ૪. પુષ્કળ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રાજાઇ મુખ તામ કે આજ્ઞાણા ઇમ દીઇ હો લાલ,
'આપણનો ધન એહ કે ઓલખી લીઇ હો લાલ;
રીદ્ધ લે એક ઠામ કે ઢગલો તણે કીઓ હો લાલ,
આપે આપણનો માલ કે ઓલખીને લીઓ' હો લાલ. ૧૦

પડો દેખી માલ કે પરદેસીતણો હો લાલ,
રાજા જંપે એહ કે 'કુમરજી! એ તુમતણો' હો લાલ;
હકમ થયો જબ રાય કે કુમરે લીઈ સહી હો લાલ,
આપ આપણે ઠામ કે લોક આવ્યા વહી હો લાલ. ૧૧

કુમરણો જસ ત્યાહે કે નગરમાં વિસ્તરો હો લાલ,
'વા વા કુમર સુજાણ કે એ તો ગુણ ભરો' હો લાલ;
ગુરુને લાગો પાય કે કુમર આવિયા હો લાલ,
'તુમ પ્રસાદે સ્વામી! કે જિત નીસાણ વજાવિયા' હો લાલ. ૧૨

ચોથો હીસો તેહ કે ગુરુણે આલીઓ હો લાલ,
લોકાને મન તેહ કે કુમર ભાવિઓ હો લાલ;
સાંભલી વાત તેહ કે મયણસુંદરી હો લાલ,
ચતુર જાણી તેહ કે પ્રીતડી મન ધરી હો લાલ. ૧૩

બીજે દીન કુમાર કે વાડીમાં આવિઆ હો લાલ,
મયણમંજરી તામ કે ઝરુખે આવીયા હો લાલ;
સાંભલજો તુમો વાત કે આગલ સું હોયસે હો લાલ,
સતરમી ઢાલ કે કોતુક હોયસે હો લાલ. ૧૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દુહા:

બીજે દીન કુમાર, બેઠો કુયર વાગમે;
સાસ્ત્ર કરે [1]અસાભાસ, ક્રીડા કરે મોજમે. ૧

મયણસુંદરી કહે તામ, 'જોગ હોસે કીહા આપણો?;
એહવો કરો પ્રપંચ, મેલો હોઇ તુમણો.' ૨

સાંભલી કહે કુમાર, 'ઉતાવલ [ન] કીજે કામણી!;
ધીરા હોસે કામ, ધીરજ ધરો મનતણી.' ૩

## ઢાલ: ૧૮, દલ લગ્ગા રે પાસજી મોરા- દેસી.

કમરી કહે વાત જ સુણી, તુમ્હણે કહુ છુ સ્વામી!;
જીમ જોગી કોઇ ધ્યાન ધરે, તમ અહાણીસી અંતરજામી. ૧
હવે જોજો રે કોતુક થાસે, સાંભલતા ચતુરાઇ [2]આસે.

નામ જપુ હુ નીત્ય તમારુ, ચિતમાં ના ચ્યાહુ ઓર;
મેઘાડંબર દેખી નાચે, કંકર નાચે મોર. ૨ હવે૦

તુમ દેદાર દેખીને સ્વામી!, વિલસીત હીયડું થાવે;
જીમ પંથીને છાહડી ચાહે, પામી હરખ પાવે. ૩ હવે૦

'તુમે સ્વામી! મુઝ અંતરજામી, હુ છું તુમ ઘર-નારિ;
તુઝ મુઝ મેલો કિરતારે ઘડીઓ, પ્રીતડી પાલજો સારી.' ૪ હવે૦

ઇણે અવસર મયમદ ઝરતો, બંધનસાલાથી છુટો;
નગરમાહે તેહ વિફરાણો, ઘર ઉપર તામ તુઠો. ૫ હવે૦

પાડે હાટ ણે માણસ મારે, કરતો અતિ ઉનમાદ;
છુટો હાથી ઉનમદ આવો, કોઇ ના માડે તેહસું વાદ. ૬ હવે૦

---

૧. અભ્યાસ. ૨. અહી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કોલાહલ તવ નગરમાં પડીઓ, લોક તે આકુલ્યા થાઇ;
બાલ ગોપાલ ઇણે પીરે જંપે, મયગલ [1]સાહો ન જાઇ. ૭ હવે૦

ઝાલી ન સકે કોઇ તેહણે, માડો અતિ ઉતપાત;
બુંબડી પાડતો આવો અનુચર, રાજાને કહે વાત. ૮ હવે૦

કરે વિચાર રાજા મનમાં, 'એ હસ્તિ વશ્ય કીમ નાવે?';
સુરા વીરા તે સવિ હારા, સામો કોઇ ન થાવે. ૯ હવે૦

પડો વજાવે નગર મઝાર, 'હાથિને કો વસ નાવે;
તેહણો ઉપગાર માણસું અમે, લાખ પસાય તે પાવે.' ૧૦ હવે૦

પડહો વજાવતો આવો તે હવે, કુમર આવો ધાઈ;
લોક દેખીને કુમર બોલે, 'એ સ્યું છે ? કહો તુમે ભાઇ!'. ૧૧ હવે૦

'ગજ છુટો છે કિમ વસ નાવે, કારણ એહ જ ભાઇ!;
એહવો બલીઓ કો નથી દીઠો, ગજાણે પકડે જે ધાઈ.' ૧૨ હવે૦

કુમર કહે 'ખબર કરો નૃપણે, વશ્ય કરુ હુ ગજરાજ';
લોક કહે 'ભાઇ તુ હી જ બલીઓ, [2]પરજાનુ દુખ કરો [3]તાજ'. ૧૩ હવે૦

કુમર [4]ઓઠો વિણા ગ્રહીને, આવો બાજારમાહે;
હાથિ ઉભો મોહલને હેઠે, સામ્યો જાઇ ત્યાહે. ૧૪ હવે૦

હાથિને હલકારો રે કુમરે, બેસીને વેણ વજાડી;
સબદ સુણીને થંભ્યો હાથિ, સાંભલ [5]કણા જ માડી. ૧૫ હવે૦

વાઉ રે રાગ કેદારો મારુ, [6]પરજીઓ મધુરે ટેપે;
જીમ બુંદુ સુધારસ છુટે, એક એક ટેખે ટેપે. ૧૬ હવે૦

---

૧. પકડાતો નથી. ૨. પ્રજાનું. ૩. નાશ, ત્યાગ. ૪. ઉઠ્યો. ૫. કાન માંડ્યા. ૬. રાગવિશેષ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જેહવી વીણ વજાડી, તેહવો ગાઓ ઉંચે સાદે;
મદ ઝરતો ઉનમાદ કરતો, મોહો તેહણે નાદે. ૧૭ હવે૦

જીમ ગારુડી મણીધર ડોલે, મયગલ ડોલો તેમ;
ઝરુખે બેઠી છે રાજકુયરી, કલા દેખી એમ. ૧૮ હવે૦

કુમરનુ રુપ નીહાલી કુમરી, દેખી એહવી ચતુરાઇ;
એ અઢારમી ઢાલ ઝીલતા, **શાંતિ સોભાગ્યે** ગાઈ. ૧૯ હવે૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દુહાઃ

રાજકુમરી પ્રતીજ્ઞણા કરે, 'આ ભવ એ ભરતાર;
બીજા વીર સમોવડે, બીજો કે કીરતાર.' ૧

ગજ નીચું મસ્તક કરી, બેસારો કુમાર;
આયુધસાલાઇ બાંધિઓ, હુઓ તે જય-જય કાર. ૨

રાજકુલી હરખી સહુ, હરખા માહાજન અપાર;
'ધન-ધન તુમ કુલ-જાતણે, ધન તુમારો અવતાર.' ૩

## ઢાલઃ ૧૯, જોસીડો જોતક જાણે છે – દેસી.

ઉઠે કુમરી તાહાંથકી, માતાને કહેવા મનવકી,
ભાખે મનણી ઇમ વાતડી એ;
'માતાજી! એક વાત સુણો, તુમણે કહું છું અતિ ઘણો,
ચતુરાઇ એ કુમરણી ચીત ચઢી એ. ૧

તે માટે તુમણે કહું, માતા! એ વર હું લહુ,
તુમણે કહુ મુઝ મન રુલી એ;
આ ભવે એ મે વરો, બીજો કુણ કેરતાર ધરો?,
કે જાણુ વીર સમાણ, બીજા વલી એ.' ૨

વીનીતાઇ રાજાને કહું, પુત્રી સરુપ તેણે લહુ,
તે રાજા હરખો ચિતમે ઘણુ એ;
સોમદત્તને તેડાવઓ, વિપ્ર મોહોલમાં આવિઓ,
રાજા કહે 'કામ કરો અમતણુ એ. ૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કુમરણી જાત ભાખીઇ, મનમાં વાત જ રાખીઇ.
  કુમરીઇ પ્રતિજ્ઞા એહવી કરી એ;
આ ભવ એ કુમારણે, નહીતર અગ્ની [૧]પિહારણે,
  નિશ્ચે કુમરીઇ તો એ કરી એ.' ૪

વિપ્ર તિહાં બોલીઓ, હીયડુ તાહાં ખોલીઉ,
  'નામ ઠામ તુમણે કહુ એ;
ખત્રીવંશ એહણો, પુત્ર તો સુરસેણણો.
  એ વાત મે તો હુ લહુ' એ. ૫

રાજા સુણી વારતા, નામ-ઠામ-કુલ જાણતા,
  ઉછ્છવ રાય હવે માડીઓ એ;
સુર્ભ મુર્હુતે લગણ થાપુ, વિપ્રાણુ દારિદ્ર દ્રર્વ કાપુ,
  ગણપતિ આંગણે બેસાડીઓ એ. ૬

વરણી સામગ્રી કરે, મનમા સહુ હરખ ધરે,
  સુંદર દેખી રૂપ કુમારણે એ;
નીસાણ વલી વાજતે, મેઘાડંબર જીમ ગાજતે,
  અનુક્રમે આવે તોરણ બારણે એ. ૭

મોતિઇ થાલ ભરા વલી, સાસુ વધાવે મન રૂલી,
  ગોત્રજ આગે બેસારિયા એ;
છેડા તિહાં બાંધિયા, સહુને હરખ વાધિયા,
  ચોરિમાહે પધરાવીયા એ. ૮

હાથ મેલાવણ આપિયા, દરિદ્ર તેહના કાપીયા,
  સુત મયગલ તેજી તુરંગમ આપીયા એ;
બીજો દાયજો બહુ દિધો, રાજાઇ તાહાં જસ લીધો.
  પંચ [દે] સનો અધિપતિ થાપિઓ એ. ૯

---

૧. વસ્ર બનાવી લેશે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દીધા નવ-નવ જાયગા, ઉઘડ્યુ કુમરનું [૧]ભાયગા,
  શાત ભુમિ મોહલ કરાવિયા એ;
સુખ ભોગવે કુમર તીહાં, પાસે રાજાને તીહાં,
  લોકાને મને કુમર ભાવિઓ એ. ૧૦

પેહલો ખંડ પુરો થયો, કુમરે તીહાં સુખ લહ્યો,
  પુણ્યથી સુખ-સંપદા કહે એ;
પંડિત **વીરસૌભાગ્ય**નો, **પ્રેમસૌભાગ્ય** ગુરૂ હિત ઘણો.
  ઢાલ ઓગણીસમી **શાંતિ** કહે એ. ૧૧

**प्रथम खण्ड: समाप्त:**

૧. ભાગ્ય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# દ્વિતીય ખંડ

**દુહાઃ**

બીજો ખંડ હવ રચું, પામી ગુરુ પસાય;
સાનીધ કરજો સીષ્યને, [1]મેહર કરો ગુરુરાય. ૧

બ્રમ્હાણી બ્રમ્હાસુતા, હંસ વાહણ **સરસતિ**;
બે કર જોડીને વે[ન]વુ, આપ્યો અવિચલ મત્તી. ૨

શ્રોતા! સહુ સાંભલો, આગે હવે અધિકાર;
પુરવ પુન્ય [2]પસાઉલે, પરણો રાજકુમાર. ૩

**ઢાલઃ ૧, કહે જીણ વીરજી- એ દેસી.**

કુમર બેઠો મોહલમાં રે, મનમાં કરે વિચાર;
'પુન્ય પસાઇ હું પામીઓ રે, સુખ અનંત સંસારો રે. ૧
કુમર ચેંતવે-આંકણી.

આ મંદર આ માલીયા રે, એ પુન્યતણે પ્રમાણ;
સદનથી [3]જાહરે નીકલો રે, વસ્ત્ર રહીત જાણ રે. ૨ કુમર૦

ભોજન કરતો હું પારકુ રે, તે વલી વિપ્ર [પ]સાય;
પુન્ય પ્રગટુ વલી આપનુ રે, [4]તાહરે નવ-નીદ્ધ થાય રે. ૩ કુમર૦

અનચિંતવી લખમી મલી રે, પરણો [5]રાજકુમાર;
"દીન ફરતા સહુ ફરે રે," ઇમ જંપે સંસારો રે'. ૪ કુમર૦

કુમર તિહાં સુખ ભોગવે રે, રહીઓ રાયણે પાસ;
દેસ-વિદેસે વિસ્તરી રે, કુમરણો સુજસ વાસ રે. ૫ કુમર૦

એક દિન મોહલણે બારણે રે, બેઠો છે કુમાર;
કર જોડી અનુચર ખડા રે, સજન બહુ પરિવાર રે. ૬ કુમર૦

---

૧. મહેર. ૨. પસાયથી. ૩. જ્યારે. ૪. ત્યારે. ૫. રાજકુમારી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એહવે ગરઢી ડોકરી રે, આવિ ઓભી રહી દ્વાર;
સાંઝ સમે વલી આવિને રે, સાન કરે છે કુમારો રે. ૭ કુમર૦

ઉઠી કુમર પાસે ગયો રે, પુછે 'કુણ તુ નારિ?;
સે કારણ તુમો આવિયા રે?, મુઝને કહો વિચાર રે'. ૮ કુમર૦

કુમર પ્રતે નારિ ભણે રે, 'સાંભલો મોરી તમે વાત;
હુ છુ મયણમંજરીતણી રે, હુ છુ ધાવ જ માત રે. ૯ કુમર૦

તે માટે તુમને કેહવા રે, મોકલી છું માહારાય!;
પરણા છો તમે કુયરી રે, [૧]ઠાપણો કોલ ન જાય રે. ૧૦ કુમર૦

[૨]બોલી દીધો જે મુઝ ભણી રે, તેહણો સો છે વીચાર?;
તે માટે તુમને પુછવા રે, હીયડુ ખોલો કુમાર! રે'. ૧૧ કુમર૦

વલતો કુમર બોલીઓ રે, 'સાંભલ મોરી રે વાત;
[૩]બોલ દીજે [૪]બાપણો રે, પાલીસ છું ક્ષત્રી જાત રે. ૧૨ કુમર૦

ચાલી ઇહાંથી હું સહી રે, ખબર કરીસ તુમ દરબાર;
હીયડે ધીરજ રાખજો રે, નહિ મુકું વીસાર રે'. ૧૩ કુમર૦

ઇમ કહીને આપીઓ રે, કુમરે નવલખ હાર;
'કુમરીને જઇ ભાખીજો રે, માહરો તેહણે જુહાર રે. ૧૪ કુમર૦

મુઝ હીયડામાહે વસી રે, કુમરી એ ગુણવંત;
વીસારી નવી વીસરો રે, મે કીધો છે નીશ્ચંત રે. ૧૫ કુમર૦

તુમે જઇણે ભાખજો રે, મુઝની વાત જ એહ;
ચતુરણે ઘણુ સું કહુ રે, પાલુ અવિહડ નેહ રે'. ૧૬ કુમર૦

બીજા ખંડની એ કહી રે, ઢાલ પહલી એ થાય;
પંડીત **પ્રેમસૌભાગ્ય**નો રે, **શાંતિ** કહે સું હવે થાય?. ૧૭ કુમર૦

---

૧. સ્થાપેલ. ૨. બોલ. ૩. કોલ. ૪. પિતાનો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દુહાઃ

સીખ દિધી ડોસી પ્રતે, કુમરે તે તણીવાર;
તાહાં જઇ ડોસી કહે, કુમરતણા વીચાર. ૧

એક દિન બેઠો મોહોલમાં, ક્રીડા કરે કુમાર;
વસંતપુરથી આવીઓ, તેડણ તે તેણીવાર. ૨

પ્રધ્યાણ આવિ ઇમ કહે, 'મેહેર કરો મહારાય!;
ઘરે પધારો રાજીયા!, વાટ જુઇ તમ માય. ૩

તેડણ આયા છુ [અમ્હે], સજ થાવો માહારાય!';
કુમર તીહાંથિ ઉઠીને, સુસરા પાસે જાય. ૪

## ઢાલઃ ૨, સદામાણા ગીતણી.

નરપતિજી રે સભા સમસ્ત નૃપ પ્રણમીઓ રે સાહીબા, દીધો આદરમાણ
[1]વૈયેણ માનો સૈયણ [2]વારુ;
કુમરજી રે [3]અસણ બેઠો '[4]માય કરો રે' સાહીબા, રાય બોલે ઇમ વાણ વૈયેણ૦. ૧

'કુમરજી રે ઇહાં લગે કિમ ક્રીપા કરી? સાહીબા, ભાખો જે હોવે તુમ કામ' વૈયેણ૦;
કુમરજી રે રાજાના સુણી બોલડા રે સાહીબા, ઉઠીને કરે સલામ વૈયેણ૦. ૨

'નરપતિજી રે સીખ દીઉ હવે મુઝ ભણી રે સાહીબા, જઇઇ અમારે જીમ ગેહ વૈયેણ૦;
નરપતિજી રે તેડણ આયો છે અમ ભણી રે સાહીબા, વાતનુ કારણ એહ વૈયેણ૦. ૩

નરપતિજી રે ઘર-ઘર મુકો બહુ દાન સાહીબા, તાહડા થઇ રહા જીમ પોસ વૈયેણ૦;
નરપતિજી રે માતા [5]જુહવે વાતડી રે સાહીબા, પુછતા હોસે વલી જોસ વૈયેણ૦. ૪

નરપતિજી રે ઇહા અમે સાતા પામીયા રે સાહીબા, તુમ પાસે રહીયા એહ વૈયેણ૦;
નરપતિજી રે થોડામાહે ઘણુ જાણજો રે સાહીબા, ભાખ્યુ ધરીને નેહ' વૈયેણ૦. ૫

---

૧. વચન. ૨. સારુ. ૩. આસન. ૪. મયા, મહેર. ૫. જોવે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કુમરજી રે રાજા વલતુ બોલીઓ રે સાહીબા, 'એ સ્યું કહો મુખ વાત? વૈયેણ૦;
કુમરજી રે ચાલવુ કીસ્યું વલી તમે ભાણી રે? સાહીબા, કામ ન આવે વાત વૈયેણ૦. ૬

કુમરજી રે ચાલુ-ચાલુ મુખસ્યુ કહો રે સાહીબા, કહતા ના આવતિ તુમ લાજ વૈયેણ૦;
કુમરજી રે ઇહાં રહો આ રંગ મોહોલમાં રે સાહીબા, માણો [૧]ગરીબનીવાજ વૈયેણ૦. ૭

કુમરજી રે પ્રીત ભલી પંખીયાતણી રે સાહીબા, ભુંડા વીદેસી મીત્ર વૈયેણ૦;
કુમરજી રે ઉઠીને જાઇ પંખીની પરે રે સાહીબા, ખીણ-ખીણ દાઝે વળી ચીત્ત વૈયેણ૦.૮

કુમરજી રે પ્રીત જાણી અમે તુમતણી રે સાહીબા, ઉઠી ચાલો છે એમ વૈયેણ૦;
કુમરજી રે તુમથી તો ભલા પંખી નીજ દેસના રે સાહીબા, સાંઝ સમે મલે એમ વૈયેણ૦.૯

કુમરજી રે ફરિ-ફરિ તુમ મુખ કીહાં [થ]કી રે? સાહીબા, રહો ઇણે તુમો આવાસ વૈયેણ૦;
કુમરજી રે એતલા દિન તુમો કિમ રહા રે? સાહીબા, જીમસો તમ પંચાસ વૈયેણ૦. ૧૦

કુમરજી રે ઘણુ-ઘણુ તુમને સું કહુ રે? સાહીબા, માનો અમારા બોલ વૈયેણ૦;
કુમરજી રે મોટાણે ઘણુ સું કહી રે? સાહીબા, 'હા' કહો હીયડુ ખોલ વૈયેણ૦. ૧૧

કુમરજી રે અમે ચાહુ તુમ દરીસણ કીહા થકી રે? સાહીબા, માણુ છુ અમે દેવ સમાણ વૈયેણ૦;
કુમરજી રે તુમ-અમ મેલો કિંહા થકી રે? સાહીબા, મલીઓ તુ સાહ સુજાણ' વૈયેણ૦. ૧૨

નરપતિજી રે કુમર કહે 'સુણો સાહબા! સાહીબા, વાત કહી તુમ સાચી વલી એહ વૈયેણ૦;
નરપતિજી રે માતા છે તિહાં એકલી રે સાહીબા, વૃદ્ધાવસ્તા છે તેહ વૈયેણ૦. ૧૩

નરપતિજી રે તે માટે તુમને કહુ રે સાહીબા, સીખ દીઓ માહારાય! વૈયેણ૦;
નરપતિજી રે ચાલુ નીશ્ચંતપણે થઇ રે સાહીબા, હકમ કરો તુમે પસાય' વૈયેણ૦. ૧૪

નરપતિજી રે વયણ સુણી એહ કુમારણા સાહીબા, વીચારણ પડીઓ મહીપાલ વૈયેણ૦;
ભવિયણજી રે બીજા ખંડણી એ લહકતી રે સાહીબા, **શાંતિ** કહે બીજી ઢાલ વૈયેણ૦.૧૫

---

૧. દયાળુ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દુહાઃ

કુમર વીચારે ચીતમે, ‘ચાલણને દે એહ;
ના ના કરતા જો ચાલીઇ, તો વાધે અધિ[ક] સનેહ. ૧

વિછડીયા બહુ દીન થયા, હવે મુઝ રહો ન જાઇ;
રાજા મુઝ રહવાતણી, મત કો વાત કાહાઇ’. ૨

રાઇ હઠ કીઓ ઘણો, વાત ણા માને કુમાર;
[1]થરતા મન નહી તેહણો, ચાલણ થયો તયાર. ૩

## ઢાલઃ ૩, કસીયા તંબુ ખડાકી-દેસી.

કસીયાણે તંબુ અગડદત્ત રાઇ ખડા કીયા રે મારા સાહબા, વસંત ભણી જાવો રે તામ;
ઉછક થઇઓ સુસરે કિહીઓ આતી ઘણો રે મારા૰, ઉઠીને કીદ્ધા રે કુમરે સલામ. ૧ કસીયાણે૰

ઉછવ માંડે વાજીત્ર વજાડે અતિ ઘણો રે મારા૰, રાજન્ન કેરે રે વચન્ન;
હાટ શ્રેણિ લખમી વેણી સોભતા રે મારા૰, વિલસીત પંકચ રીતુ વન્ન. ૨ કસીયાણે૰

મયગલ આલે મદઝરતા તાહા અતિ ઘણા રે મારા૰, સુંડાલા સોહે રે નવરંગ;
તેજમતુરી અતિ સનુરી તે ઘણા રે મારા૰, કેસરીયા ઘણુ રે સોહંત. ૩ કસીયાણે૰

રથ વાહણ આલા સોવણ સાજણા અતિ ઘણા રે મારા૰, દિધા કુમરણે તીવાર;
કટક દલ આલુ હાલે વસંતપુર ભણી રે મારા૰ સીખ દીઇ રે કુમાર. ૪ કસીયાણે૰

સુરસુંદરને માતાઇ બહુલો દીદ્ધો દાયજો રે મારા૰, દીધા નવા-નવા રે વેસ;
દીધા આભુષણ રતને જડા બહુ મુલણા રે મારા૰, પંચ દસ આલા રે વલી દેસ. ૫ કસીયાણે૰

એહવી રીદ્ધ લેઇ સીખ દેઇ કુમરને સસરો રે મારા૰, ઉતરીઓ સરોવરની રે પાલ;
સૈન દલસુ રે પાણીને પુરે પરવરો રે મારા૰, જીમ જલ છંડે રે પાલ. ૬ કસીયાણે૰

---

૧. સ્થિરતા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એહવી સજાઇ સુણો ચીત લાઇ વાતડી રે મારા૦, વોલાવી પાછા વલીયા રે તેહ;
કુમર ભાખે વિનિતા પ્રતે તે એહવુ રે મારા૦, ‘સાંભલ તુમ સરે નેહ. ૭ કસીયાણે૦

સેન સહીત રહજો [1]વેહ તો એણે પંથડે રે મારા૦, હુ જઇ આવુ રે નગર મઝાર;
વાટ મ જો જો અમની તમને કહુ છું ઘણુ રે મારા૦, જઇસુ હુ ગુરુજીણે રે દરબાર.’ ૮ કસીયાણે૦

ઇમ કહી હાલો ચાલો કુમર તીહાંથકી રે મારા૦, સાઝ સમે આવો રે કુમાર;
ગુરુકણે આવો પાએ લાગે અતિઘણુ રે મારા૦, કુમર કરે રે મનુહાર. ૯ કસીયાણે૦

‘તુમથી હું પામો ગુરુજી આ એ [2]રદ્ધડિ રે મારા૦, તે તુમ ચરણ રે પસાય’;
ગુરુ પાસેથી [3]અલવેથી કુમર ઉઠીઓ રે મારા૦, ઉઠીને બાહર રે જાય. ૧૦ કસીયાણે૦

અનુચર તેડી તેહણે ભાખે કુમર વાતડી રે મારા૦, ‘ધાવણે તુ તેડી રે લાવ;
વાત એક તેહથી કરવી છે મન [4]ગુઝણી રે મારા૦, ઇહાં સુધિ તેડી તુ રે આવ.’ ૧૧ કસીયાણે૦

અનુચર જઇને ખબર કીદ્ધી તેહણે રે મારા૦, ‘તુઝને કુમર રે બોલાવ;’
ડોકર સુણીને સમઝી મનમાંહે વાતડી રે મારા૦, દોડતી ડોકરી રે આવ. ૧૨ કસીયાણે૦

કુમર ભાખે ‘થાઓ હવે તુમે ઉતાવલા રે મારા૦, પછે તુમો કરસો મુઝ ઉપર રોસ;
કટકદલ હાલુ ચાલુ વસંતપુર ભણી રે મારા૦, તાઢા થાયો છો જીમ મહીનો પોસ. ૧૩ કસીયાણે૦

આગલ સુણજો જો ભવિયણ! તુમે વાતડી રે મારા૦, વિનીતાને કુમર લેઇ રે જાય;
બીજા ખંડણી મંડણી ત્રીજી ઢાલ એ લહકતી રે મારા૦, **શાંત** કહે આગલ સું હવે થાઇ?. ૧૪ કસીયાણે૦

૧ નાકે, ઝાપે, પાદરે, ૨. રીદ્ધિ, ૩. હળવેથી, ૪. ગુપ્ત.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**દુહાઃ**

ધાવ પ્રતે કુમાર કહે, 'સીઘ્ર થાઉ તમે આજ;
રેહવાનું કામ નથી, મોહલ કરો તમે [1]તાજ.' ૧

વસ્ત્ર-આભુષણ લે[ઈ]ણે, આવે કુમરી તણીવાર;
રથમાંહે બેસારીને, ખેડે હવે કુમાર. ૨

## ઢાલઃ ૪, એક પુરુષ મે નયણે દીઠો- દેશી.

કુમરીને રથમે બેસારી, ચાલો તેહ કુમાર;
[2]પ્રસ્નપણે વલી એ ઇમ કરિ, કહેતો આવો ચઉટા મઝાર રે. ૧
ભવિયણ! સુણજો કાન ઉઘાડી. આંકણી.

'સાગર સેઠણી તનયા રુડી, તેહણે અપહરિ લુ છું;
કેસે જે મનમાંહે એ બીહણો, સહુને સંભલાવિ કહુ છું રે. ૨ ભવિયણ૦

તે માટે તમે [3]વાર જ કરજો, પુઠે આવજો રે [4]ધાઇ;
બલવંતા જે હોય તે આવ, બેઠા રહજો ભાઇ રે'. ૩ ભવિયણ૦

નગરમાંહે તે [5]વાકો ચાલો, કુમરીને અપહરી જાય;
સેર સુઠ નથિ ખાધી તેહણી, પાછવાડે કોઇ ના ધાય રે. ૪ ભવિયણ૦

સેઠ સુણીને રલીયાત થઉ, 'ભલે એ કુમર મલીઓ;
સહજે સાકલ ઉતરી આપણી, જુગતો જોડો મલીઓ રે. ૫ ભવિયણ૦

ભર-જોવનમાં કુમરી આવિ, કલંક [6]ચઢ્યાવોત કુલમાહે;
નીચ સંઘાતે પ્રીત જો બાંધત, [7]હેલણી થાઓત ઇહા રે. ૬ ભવિયણ૦

મોટાણે વલગી છે બાંહડી, કહી ને સકસે રે કોઇ;
વાર કરે હવે સુ હોસે?, કર્મ લખ્યુ તે હોઇ રે.' ૭ ભવિયણ૦

---

૧. ત્યાગ. ૨. છુપીરીતે. ૩. હુમલો. ૪. દોડી. ૫. વિરુદ્ધ, સામે થઇને. ૬. ચઢાવ્યું હોત. ૭. હિલના.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નગર બાહર કુમર આવો, [1]રજણીપતિ તણીવાર;
[2]ચઉદસે તેહણો [3]અમલ પોચો, વ્યાપો ઘોર અંધાર રે. ૮ ભવિયણ૦

મારગ સુઝે નહી કુમાર, રથમાં બેઠો બેહ;
મારગણા [4]અભુઓ કુમર, ભુલા પડીયા તેહ રે. ૯ ભવિયણ૦

ચ્યાર પોહર તાહાં વાટડી, વેહતા થાકો તે કુમાર;
વીનીતા કહે 'તુમો સાંભલો, પ્રીઉડા! ભમાં ઘણીવાર રે'. ૧૦ ભવિયણ૦

એહવે પ્રાસમે તીહાં પ્રગટ્યો, પામ્યા સરોવર પાલ;
પાણી પીવાણે ગોધન આવે, તે સાથે ગોવાલ રે. ૧૧ ભવિયણ૦

વાતડી પૂછે કુમર તેહણે, 'સાચ કહો તમે ભાઇ!;
સૈન્ય તુમને કે દેસ મલીયું?, અમને મારગ બતાઈ રે'. ૧૨ ભવિયણ૦

પસુપાલક ઇણીપરે બોલે, 'ચાલો વસંતપુર રાઇ!;
તમારે તેહણે અંતર પડીઓ, છેટો બહુલો થાઇ રે'. ૧૩ ભવિયણ૦

કુમર સુણીને ચંતાઇ પડીઓ, વિચારે મનમાં એમ;
'લસ્કરને બહુ છેટો પડીઉ, પોચાસે કહો કેમ રે?'. ૧૪ ભવિયણ૦

ગોવાલ કહે 'સુણ રે ભાઇ!, ભય મોટા વલી ચાર;
કુસલખેમે અટવી ઉતરસો, પોચસો તમે દરબાર રે'. ૧૫ ભવિયણ૦

કુમર કહે, 'ભીતા તે કેહણી?, મુઝને વાત જ ભાખો;
આ અટવીમાંહે તુહી જ મલીઉ, અંતર કા ન રાખો રે. ૧૬ ભવિયણ૦

''જાણ્યો ગ્રહ તે નવિ કરે પીડા,'' લોકણો એહ ઉખાણો;
તે માટે તુમ્હો ઇહાણા વસીયા, વાત સઘલી તુમો જાણો રે'. ૧૭ ભવિયણ૦

ગોવાલીઓ હવે તે બોલસે, સાંભલસે મહીપાલ;
બીજા ખંડણી એ મે ભાખી, **શાંતિ** કહે ચોથી ઢાલ રે. ૧૮ ભવિયણ૦

---

૧. ચંદ્ર. ૨. ચારે દિશામાં. ૩. અસર, પ્રભાવ. ૪. અજાણ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દુહાઃ

પસુપાલ વલતુ કહે, 'સાંભલ મોરિ [વાત];
ચ્યાર ભય મોટા અછે, તુઝને કહુ વિખ્યાત.' ૧

## ઢાલઃ ૫, આત્મ તત્વ નીહાલીઇ– દેસી.

'પહિલો ભય એ મોટકો, નદિ [1]માહા વિકરાલી રે;
વિકટ [2]આરા તેહણા, કોઇની ન ટલે ટીલી રે.
૧ સાંભલ મોરિ વારત.

ઉ[ન્મ]ત મયંદ ગાજતો, કોઇથી વસ્ય નાવે રે;
અટવીમાહેં કેસરી, મારગ કોઇ ના જાવે રે. ૨ સાંભલ૦

તસ્કર [3]પાલ છે અતિ ભલી, મારગ વલી લુંટે રે;
દ્રર્વ લીઇ વલી તસ્કરા, સામો થાઇ તેહણે કુટે રે. ૩ સાંભલ૦

આગલ [4]દ્રિષ્ટી એક સર્પ રહે, જાણે પુર્વનું પાપ રે;
જંત્ર–મંત્રે નવિ ટલે, વીકટ છે એ સાપ રે'. ૪ સાંભલ૦

કુમર સાંભલી એહવા, પાંચ ભયણી વાત રે;
બીહીનો નહે કુમર તદા, લખીઓ હોસે [5]વિધાત રે. ૫ સાંભલ૦

મયણસુંદરી ચંતવે, 'માહરે કાજે એ રહીઓ રે;
સાથ સંઘાતે ઇણે છોડીઓ,' પ્રીઉ પ્રતે ઇમ કહીઓ રે. ૬ સાંભલ૦

'બીજો મારગ તુમો ગ્રહો સ્વામી!, મુકો આ વાટ રે;
સંગ નહી લસ્કરતણો, વિષમ આ ઘાટ રે'. ૭ સાંભલ૦

કુમર વલતો બોલીઓ, 'મનમાં મત બીહો રે;
[6]ભો નહે તલમાત્રણો, આપણ આનંદ જાહો રે. ૮ સાંભલ૦

ત્રીજંચનું સું છે ગજુ, મર્દને આગલ એહ રે;
કેસરી આગલ [7]જંબુકતણો, જોર ણા ચાલે તેહ રે'. ૯ સાંભલ૦

---

૧. મહા. ૨. કિનારા. ૩. પલ્લી. ૪. દૃષ્ટિવિષ. ૫. વિધાતાએ. ૬. ભય. ૭. શિયાળ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સરોવર પાલે જઇ કરી, સ્નાન કરૂ કુમાર રે;
પુઠલ થકી એહવે, વેવહારિયા ચાર રે. ૧૦ સાંભલ૦

કુમરને તે પ્રણમીયા, દીધો આદર-માણ રે;
વણીક પ્રતે કુમર કહે, 'કહી જાસો સ્થાણ રે?' ૧૧ સાંભલ૦

'વાસો વસીઇ વસંતપુરે, આવ્યાતા ચંપા ગામ રે;
કામ કરી પાછા વલા, જઇસું અમારે ઠામ રે. ૧૨ સાંભલ૦

સાથ કરો અમે તુમતણો, લસ્કર આગે વહીઓ રે;
ખબર ન પડી અમને, અમે પુઠલ રહીયા રે'. ૧૩ સાંભલ૦

કુમર વલતો બોલીઓ, 'આછે વિષમ વાટ રે;
લસ્કરને તુમો જઇ મલો, સુખે ઉતર્યો જીમ ઘાટ રે'. ૧૪ સાંભલ૦

વલતા વણિક બોલીઆ, 'સાંભલ રાજકુમાર! રે;
છેટુ પડુ લસ્કરતણુ, રસ્તો ન જાણુ લગાર રે. ૧૫ સાંભલ૦

તુમ સંઘાત અમે ગ્રહો, તુમો ગુણવંતા સ્વામી! રે;
તુમ [૧]સાત ન છોડીઇ, કહીઇ છે સીરનામી રે. ૧૬ સાંભલ૦

વહલા પધારો નંદજી!, રહજો તુમો સાવધાણ રે;
[૨]પરમેસ જો પોચાડસે, તો જઇસું આપણા સ્થાણ રે'. ૧૭ સાંભલ૦

તસ્કર મારો જે કુમરે, તેહણી વીરમતિ છે ભગણી રે;
'કુમર ચાલો' તે સાંભલી, [૩]ચડવડી ચાલી છે રજણી રે. ૧૮ સાંભલ૦

તેહણા સગા તીહાં રહે છે, અટવીમાંહે ઠામ રે;
અગડદત ઉતરો અછે, પાસે છે તેહનું ગામ રે. ૧૯ સાંભલ૦

---

૧. સાથ. ૨. પરમેશ્વર. ૩. ઝડપથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચોર પ્રચંડ અતિ તાહાં રહે, વીરમતિઇ જઇ કહીઉ રે;
'તુમ બંધવનો જે રિપુ, મારગ એકલો રહીઓ રે'. ૨૦ સાંભલ૦

આગલ સુણજો વાતડી, જો જો સું હવે થાય? રે;
બીજા ખંડણી પાંચમી, ઢાલ પૂરિ એ થાય રે. ૨૧ સાંભલ૦



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દુહાઃ

તે માટે તુમને કહુ, અવસર મલીઓ આજ;
બંધવનું વેર વાલીઇ, આપનુ કીજે કાજ. ૧

ભગણીની સુણી વારતા, સજ થીયા તણીવાર;
વાલ્હા-વેરી એકત્ર મલે, કીજે તેહણે જુહાર. ૨

## ઢાલઃ ૬, સુધો ચારિત્ર પાલો- દેસી.

જોગીનો વેસ બણાવે તસ્કર, અટવિમાહે આવે રે ધુર્તને ધુર્ત મલે છે;
તેઆરે જોગી આવે, હવે વાણીક પ્રતે તે બોલાવે રે ધુર્તને૦. ૧

'બાબુ! તમે સાચા કહાઇ, તમો કાહાં જાસો ભાઈ! રે?' ધુર્તને૦;
'કુસલ-ખેમે જો પાસુ અમે, વસંતપુર નયરી જાસુ રે' ધુર્તને૦. ૨

જોગી કહે 'સુણ બે વાત, કુમરનો સો કરવો સંઘાત રે? ધુર્તને૦;
અટવી છે ઉજાડ વલી, [૧]મજી બેઠા હોસે ધાડ રે ધુર્તને૦. ૩

એ સાથે તો લુટાસુ તાહા રે, આપણા દુખ પાસુ રે ધુર્તને૦;
આવિ રહો અમ પાસે, એ [૨]ટેંટોડીનો સો વીસ્વાસ રે? ધુર્તને૦. ૪

આપ જાસુ વસતિ જે વાટ, જીમ ભાજસે મનના ઉચાટ રે' ધુર્તને૦;
સન્યાસી ઇણીપરે ભાખે, વવહારિઆ ઘર કરી રાખે રે ધુર્તને૦. ૫

વવહારિયા ઇણી પરે બોલે, 'એ સમવડ કોઇ ન તોલે રે ધુર્તને૦;
બલવંત એ સાહસ ધીર, એ તો ત્રેપણમો છે વીર રે ધુર્તને૦. ૬

એ નર બલવંત સોઇ, એ સાથે ભય નથી કોઇ રે ધુર્તને૦;
એ ક્ષત્રી સુરો જાત, તે માટે કરો અમે સંઘાત રે' ધુર્તને૦. ૭

---

૧. મધ્યમાં. ૨. ટીંટોડી જેવા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

યોગી કહે 'ધન મુઝ પાસે, સંગત કરુ હુ વિસ્વાસ રે' ધુર્તને૦;
કોથલીમાહે પાષાણ, તે દેખાડે નીરવાણ રે ધુર્તને૦. ૮

નંદજી વીસ્મય પડીયા, 'બહુ દ્રવે જોગી ભરિયા રે' ધુર્તને૦;
ઇમ વીચારિને ચીત, વવહારીઇ દેખાડુ વીત રે ધુર્તને૦. ૯

તસ્કરની નજ્જરે પાડુ, ધન સઘલુ તને દેખાડુ રે ધુર્તને૦;
ચોર તે દેખીને ચિંતે, 'પાંચે દાહેડે એ આપણુ વિત્ત રે ધુર્તને૦. ૧૦

આવો તો આપણે પાસે, હવે કિહાં નાસી જાસે રે?' ધુર્તને૦;
કુમર કહે 'સુણો વાત, એ ધુત દીસે છે જાત રે ધુર્તને૦. ૧૧

સન્યાસી વેસ છે એહણો, તુમે વિસ્વાસ ન કરસો તેહણો રે ધુર્તને૦;
તુમણે વાત હુ કહુ છું, હીત-સીખામણ દીઉ છુ રે ધુર્તને૦. ૧૨

નંદ તે [1]વારા ન રહીયા, જોગી કેડે પડીયા રે' ધુર્તને૦;
ત્રીજો દીન થઓ જાંહ રે, એક ગોકલ મલીઉ તાંહ રે ધુર્તને૦. ૧૩

દીઠી સરોવરણી પાલ, સુંદર જાયગા નીહાલ રે ધુર્તને૦;
કુમર તાહાં ઉતરીયા, ગોકુલે સર્વ [2]નુતરીયા રે ધુર્તને૦. ૧૪

'વરસ પહિલો આવાસે, હુ ગોકલ રહ્યો ચુમાસે રે ધુર્તને૦;
એ ભગત છે માહરા, ભોજન કરાવુ વ્રતધારિ રે ધુર્તને૦. ૧૫

દુધ-દહીને રસાલ, ભોજન કરાવુ કહી પ્રતીપાલ રે' ધુર્તને૦;
સન્યાસીઇ કહ્યો હુંકારો, ગોકલઇ તવ હર્ષ વધારો રે ધુર્તને૦. ૧૬

બીજો ખંડ રસાલ, એ તો પૂરી છઠ્ઠિ ઢાલ રે ધુર્તને૦;
**શાંત** કહે સું હવે થાઇ?, આગલ વા[ત] [3]કેવાઇ રે ધુર્તને૦. ૧૭

---

૧. વાર્યા. ૨. નોતર્યા, આમંત્ર્યા, ૩. કહેવાય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દુહાઃ-

ગોકલ ઠામે જઇ કરી, [૨]સુવતિ કરે તયાર;
ગોરસમાંહે ભેલીઉ, તાલકુટ વિસ સાલ. ૧

નંદ પ્રતે આવિ કહે 'ગોરસ લો તુમે એહ';
કુમરને અણપૂછતા, ગોરસ લીદ્ધો તેહ. ૨

## ઢાલઃ- ૭, પંથિડા રે મારો વાલમ- દેસી.

કુમરણે વિણ કહા થકી રાજ, લીધો ગોરસ તેહ;
ખાવા બેઠા ચહુંજણા રાજ, નજરે પડીઓ તેહ. ૧
ભાઇ જો જો રે વાટ વણીકઓ! કપટણી જાત.

કુમર પૂછે તેહણે રાજ, 'સાચ કહો મુઝ વાત';
તે કહે 'સન્યાસિઇ આપીઓ રાજ, તે આપણ સંઘાત. ૨ ભાઇ૦

કુમર કહે 'મત એહણે રાજ, અસન કરસ્યો મા એહ';
તાલકુટ વિષ કેલવુ રાજ, ફાસીયા છે વલી એહ. ૩ ભાઇ૦

કુમરણા કહાથિ ઉપરે રાજ, વણિકે અસન કીદ્ધા;
સુંદર લાગુ પાર તા રાજ, સઘલુ ભખ્યણ કીદ્ધ. ૪ ભાઇ૦

ખાઈ કરિ સુતા સહુ રાજ, નીદ્રા કરે તીણીવાર;
ભોજ[ન] સહુની [૧]પાઇલા રાજ, જગાડે હવે કુમાર. ૫ ભાઇ૦

સાદ કરી કુમરે ઘણા રાજ, નવી બોલ્યા લગાર;
કુમર આવી તાહાં જુઇ રાજ, તે [૨]પાહતો જમ દ્વાર. ૬ ભાઇ૦

કુમર દેખી ચમકીઓ રાજ, જો જો ધુર્તના કામ;
ઘણુ સાવધાન કુમર થઓ રાજ, કોતુક દેખી તણે ઠામ. ૭ ભાઇ૦

---

૧. પાચા. ૨. પહોંચ્યો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દ્રવ હતો જે વણિકણો રાજ, કુમરે સઘલો લીદ્ધ;
વણિકપુત્ર જાણીને રાજ, કાષ્ટ ભેલા તે કીદ્ધ. ૮ ભાઇ૦

કુમર તિ[હાં]થી ચાલીઓ રાજ, આવ્યો તે અટવીમાહે;
સન્યાસી ઉન્માર્ગથી રાજ, આડા આવે તાંહે. ૯ ભાઇ૦

આયુધ સજી આકરા રાજ, બોલાવ્યો કુમાર;
'ભાઇનું વૈર વાલવા રાજ, થાજે હવે તુ તયાર. ૧૦ ભાઇ૦

**ભુજંગ** ચોર તે મારીઓ રાજ, અમ બંધવ થાય;
અવસર આજનો એ મલો રાજ, અવસર કેમ ચુકાય?. ૧૧ ભાઇ૦

અવસર નારી ઘર રહે રાજ, અવસર વાજા વજાઇ;
અવસર મીત જ પરિખીઇ રાજ, અવસર ગીત ગવાય. ૧૨ ભાઇ૦

સીંગાર કામણી અવસરે રાજ, અવસર બોલો જાય;
અવસર ચુક્યો મુઢ તે રાજ, ઘણુ-ઘણુ તે પસ્તાય. ૧૩ ભાઇ૦

તે માટે તુમણે કહુ રાજ, થજો ઘણુ સાવધાણ;
પારખુ જો જો આપણુ રાજ, મલી છે મર્દ જુવાણ.' ૧૪ ભાઇ૦

કુમર હસીણે બોલીઓ રાજ, 'સાંભલ મુઢ! ગમાર!;
કેસરી નીદ્ર વસ હુઇ રાજ, હરણ ચરે તસ દ્વાર. ૧૫ ભાઇ૦

તે માટે તુમણે કહુ રાજ, પધારો તુમો ઘેર;
વીનીતા વાટ જોતી હોસે રાજ, પોહતુ બંધવનું વૈર.' ૧૬ ભાઇ૦

ચતુર તે સમઝે ચીતમે રાજ, જડ કેમ [૧]ઝોવો ન જાય;
લડવાને કુમર સંગથી રાજ, તસ્કર આકલા થાય. ૧૭ ભાઇ૦

હવે સુણજો વલી વાતડી રાજ, આગલ સું હવે થાય?;
**શાંતિ** કહે કુમર જીતસે રાજ, સાતમી ઢાલ કહેવાય. ૧૮ ભાઇ૦

---

૧. માર્યો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દુહાઃ

ઉછલતા ચહુદસે ફરે, હથીઆરડા લપેટ;
હાક મારી ઉઠો જદા, કુમર-તસ્કર ભેટા-ભેટ. ૧

કુમરે બાણ સાથે તીહાં, લાગુ તસ્કર આય;
મર્મ સ્થાણક વાગુ તદા, ચોર તે ધરણી પડાય. ૨

## ઢાલઃ ૮, ગોડી પારસ દરસણ દો માહારાય- દેસી.

તસ્કર ધરણીઇ પડ્યો, લાગો મર્મનો બાણ;
નીર વીણા જીમ માછલો રે, તડપડે ચોરતણે ઠામ રે. ૧
ભાઇ! તુ બલવંતો કોઇ આવો બલવંત ણા જાણીઓ રે તુજ સમ અવર ના કોઇ

કુમર પ્રતે તસ્કર કહે રે, 'વાત સુણો મુઝ ભાઇ!;
કામ છે એક તુમ સારીખુ રે, તે કરજો ચિત લાઇ રે. ૨ ભાઇ૦

સામો પર્વત જે અછે રે, ડાવે પાસે જોઇ;
તેહમાં ગુફા છે માહરી રે, વાત ન જાણે કોઇ રે. ૩ ભાઇ૦

તેહ પુત્રી છે માહરી રે, રુપ અનોપમ કામ;
કૃપા કરી તે ઉપરે રે, પરણજો કહુ છું સ્વામ! રે. ૪ ભાઇ૦

બીજો [1]ગરથ છૈ ઘણો રે, તે તમણે મે દીદ્ધ;
કોલ દીજે એક વાતણો રે, તે કામ તહકીક કીદ્ધ રે. ૫ ભાઇ૦

કૃપા કરી મુઝ ઉપરે રે, મુઝને દેજો [2]દાગ;
મૃતક પામ્યો હુ તુમ હાથથી રે, માહરો પુરણ ભાગ રે'. ૬ ભાઈ૦

---

૧. ધન. ૨. દાહ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રાણ છુટા તસ્કરતણા રે, [1]વિધ કીદ્ધી [2]તણ ઠાય;
રથ જોતરી તિહાં થકા રે, કુમર તે ગુફા ભણી જાય રે. ૭ ભાઈ૦

મયણમંજરી કહે કંતણે રે, 'જાવાડ્યો તેણે ઠામ;
આપણુ કારજ કીજીઇ રે, પોચીઇ આપણને ગામ રે'. ૮ ભાઈ૦

કુમર કહે વીનીતા પ્રતે, 'કોતુક જોઇ તેહ;
બાલીકા તેહની હાલીઇ રે, જોઇઇ તેહ ગેહ રે'. ૯ ભાઈ૦

પર્વત સાહ્મો આવિઓ રે, ગુફા દિઠી તણીવાર;
ઉભા રહી બારણે રે, સાદ કરે છે કુમાર રે. ૧૦ ભાઈ૦

સલા ઉઘાડી તેહની રે, તસ્કર પુત્રી તેહ;
રુપે રંભા સારખી રે, અપચ્છરા હારે જેહ રે. ૧૧ ભાઈ૦

રુપ દેખી તેહનું રે, વિહ્વલ થઓ કુમાર;
જાણે 'કરુ અંતેઉરી રે, રાખુ એહણે ઘરબારે રે.' ૧૨ ભાઈ૦

ફરિ-ફરિ સન્મુખ જુઇ, લપટાણો તે કુમાર;
ભમર મોહ્યો માલતી રે, કુમર મોહ્યો નારિ રે. ૧૩ ભાઈ૦

મયણમંજરી ચીત ચંતવે રે, 'મોહ પામ્યો ભરતાર;
નારિ ણયણને આગલે રે, ટકી ન સકે સંસાર રે. ૧૪ ભાઈ૦

એક નારી ને આંબલી રે, માણસાણે મેલે [3]ધુરી;
ઠગલાવે દુરથી રે, મારે નયણ-ત્રસુલ રે. ૧૫ ભાઈ૦

કંત પ્રતે હવે વારવા રે, બોલી મંજરી તામ;
'લપટ ના થિઇ સાહીબા! રે, મન રાખો નીજ ઠામ રે. ૧૬ ભાઈ૦

વીરમતિની વારતા, સું વીસરી ગઇ તુમ તેહ?;'
**પ્રેમ** પસાયથી એ કહી, ઢાલ આઠમી પુરિ એહ રે. ૧૭ ભાઈ૦

---

૧. વિધિ. ૨. તે સ્થાને. ૩. ધુરમાં.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દુહાઃ

'વીરમતિની વારતા, આણ્યો ચિત મઝાર;
પીતા એહનો તુમો મારિઓ, કેમ [1]પેટા [2]સુદણ મઝાર?. ૧

વિસ્વાસ ન કીજે એહનો, એ છે તસ્કર જાત;
એ વરણથી ચેતા રહે, લક્ષણ ચતુર સુજાત'. ૨

માન્યુ વયણ નારિતનુ, મન ફેરવે કુમાર;
રત્ન અમુલક [3]આતે ઘણા, લીધા ગુફા મઝાર. ૩

બહુલો લીદ્ધો દાયજો, રથ ભરિઓ તેણે થાણ;
હાર સર્મપ્યો તનુ ભણી, કુમરે લીદ્ધ કબાણ. ૪

## ઢાલઃ ૯, પ્યારો લાગે રે સાહિબા- દેશી.

હા રે લાલા કુમરે રથ ખેડીઉ, આવ્યા અટવીમાહે રે;
પુન્યવંત નર પદ ધરે, દ્રર્વ મલે બહુ તાહે રે લાલ. ૧
સુણજો ભવિયણ! વાતડી.

અટવીમાહે આવીઉ, મયગલ માહા વીકરાલ રે;
સુંડ પ્રચંડ કરીને આકરો, મોડતો તરુવર ડાલ રે લાલ. ૨ સુણજો૦

શૃંગલ [4]ગઢવી ગાજતો, એ તો [5]છાજતો મદ-ઉન્માદ રે;
ધાતો [6]ધિંગડ ધસમસી, વન ગજાવે કરિ નાદ રે લાલ. ૩ સુણજો૦

ગલલાટ કરતો અતિ ઘણો, કોપે ધરિને ધ્યાવ રે;
રોસે ભરાણો અતિ ઘણો, અતિ [7]ઉજાતો આવ રે લાલ. ૪ સુણજો૦

રથ પેખી ચઢ્યો કોપને, મારણ ધાઓ કાજ રે;
મયણમંજરીઇ દીઠો તદા, 'સ્વામી! આવે છે ગજરાજ રે' લાલ. ૫ સુણજો૦

---

૧. પેટા. ૨. ઘર. ૩. અતિ. ૪. ભયંકર. ૫. શોભતો. ૬. મોટો, જબરદસ્ત, પુષ્ટ. ૭. દોડતો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મયગલ દીઠો આવતો, કુમર થઓ સાવધ્યાણ રે;
હીયડે ધીરજ રાખીને, તીહાં સજ કીદ્ધો કબાણ રે લાલ. ૬ સુણજો૦

સીઘ્રપણે રથ ખેડીઓ, મયગલ ધાઓ તામ રે;
રીસ ભરાણો અતિ ઘણો, ધાઉ હણવાણે કામ રે લાલ. ૭ સુણજો૦

સમીપે ગજ આવીઓ, તવ કુમર કરે અભ્યાસ રે;
બાણ સાધુ તીહાં થકી, વાગુ કુંભસ્થલ ઠામ રે લાલ. ૮ સુણજો૦

મર્મનો બાણ જે વાગીઓ, મયગલ પાડી ચીસ રે;
વેદના ઉપણી અતિ ઘણી, પછાડે વલી સીસ રે લાલ. ૯ સુણજો૦

ધરણી પડો મયગલ તદા, જીમ [1]શૃંગલ તુટે તામ રે;
ઉન્મદ મયગલ ભાગીઉ, ધરણી પડો તેણે ઠામ રે લાલ. ૧૦ સુણજો૦

કુમરે દીઠો ગજ પડો, આગલ ચાલે બેહ રે;
કોસ બે ચાર આવ્યા જસે, એહવે [2]ટટણી નીરખે તેહ રે લાલ. ૧૧ સુણજો૦

વિષમ દિઠી જાયગા, દીસંતી માહા વીકરાલ રે;
બહુ પુરે કરિ ગાજતિ, એ છાજતિ મદ ભર બાલ રે લાલ. ૧૨ સુણજો૦

એહવી ટટણી દેખીને, મંજરી બોલે તામ રે;
'મયગલને તુમો વસ્ય કરો, પણ નદિ ઉત[ર]સ્યો કેમ? રે' લાલ. ૧૩ સુણજો૦

કુમર કહે 'સુણ કામણી!, ચંતા મ કરો કોઈ રે;
કોઇક અકલ [3]બનાસું, ઉતરસું આપણ સોય રે' લાલ. ૧૪ સુણજો૦

અકલ જો જો કુમારણી, કિમ ઉતરસે વલી એહ રે;
**શાંત** વદે બીજા ખંડણી, નવમી ઢાલ હુઇ એહ રે લાલ. ૧૫ સુણજો૦

---

૧. સાકળ. ૨. તટિની=નદી. ૩. બનાવીશું, ચલાવીશું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દુહાઃ

તટણીઇ તરુવર અછે, દીસે મુસલ પ્રમાણ;
દોર બાંધી તણે ડાલથી, કુમર તે સાહ સુજાણ. ૧

દોર ગ્રહીણે ઉતરે, નદિ જોવા કુમાર;
પાણિ ચાલણ કરી, ઉતરીઓ પેલી પાર. ૨

વનીતા ઉતારી તીહાં, રથ ઉતારીઓ તેહ;
અકલ કરી જુંગતસ્યુ, સુખે ઉતરીયા બેહ. ૩

## ઢાલઃ ૧૦, આ છે લાલ- દેશી.

રથ જોતરીઓ તણીવાર, ચાલે હવે કુમાર, આ છે લાલ, નદિ ઓલંઘી આઘા સંચરે જી;
પામ્યા સરોવર પાલ, સુંદર તરુવર ડાલ, આ છે લાલ, ભોજણ કાજે કુમર ઉતરે જી. ૧

[1]નીપજાવા વલી [2]ભાત, પડી ગઈ તીહા રાત, આ છે લાલ, વનમાં વાસો કુમર તીહાં કરે જી;
કેસરી વનહ મઝાર, સાંભલે રાજકુમાર, આ છે લાલ, ઉન્મદ કરી નાદ તીહાં ઉચરે જી. ૨

વીનીતા કહે તામ, 'હવે સું કરસ્યો? સ્વામ!, આ છે લાલ, એ કેસરી ગાજે ઘણો જી;
અકલ કીજે સ્વામ!, આપણુ સીઝે કામ, આ છે લાલ, ભય ટલે એ આપણો' જી. ૩

ચકમક પાડે તામ, [3]વણિ કરો તણે ઠામ, આ છે લાલ, [4]વણેણે આધારે બેઠા તીહાં જી;
કેસરી કરતો નાદ, મદ ઝરતો ઉન્માદ, આ છે લાલ, [5]ચોપખે પેરા મારે તીહાં જી. ૪

અવસર પામી કુમાર, ખેચે બાણ તીનીવાર, આ છે લાલ, પહલે બાણે કેસરી હણો જી;
હાથ ઠરો મુજ તેહ, મૃતક પામ્યો એહ, આ છે લાલ, ભય નીવારો આપણો જી. ૫

પ્રભાત હુઓ તામ, આગલ ખેડે તામ, આ છે લાલ, આગલ તિહાંથી ચાલીઓ જી;
દેખે દ્રિષ્ટ સાપ, જાણે પુર્વનું પાપ, આ છે લાલ, ઝાલા નાખતો આવિઓ જી. ૬

૧. બનાવતા. ૨. ભોજન. ૩. અગ્નિ કર્યો. ૪. અગ્નિને. ૫. ચારે બાજુ આંટા લગાવે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લબકાવે દો જીહ, જણ જીતી વલી બાહ, આ છે લાલ, લોયણ તસ વિકરાલડા જી;
કાલી-વરણી દેહ, જીમ અંધારો મેહ, આ છે આ લાલ, સીઘ્રપણે તે આવતો જી. ૭

મસ્તક ધરતો ટોપ મનમાં અતિહે કોપ, આ છે લાલ, કુમર સામો આવિ ધસી જી;
ધનુષ સારંગ બાણ, સાધે સાહ સુજાણ, આ છે લાલ, અર્ઘ બાણ ખેચે કસી જી. ૮

ફણ છેદી તીણીવાર, વેદણ હુઇ અપાર, આ છે લાલ, નાગ તે મરણ પામીઓ જી;
તીહાંથી ખેડે કુમાર, પ્રાક્રમ દેખે ણાર, આ છે લાલ, તીહાંથી આઘા સંચરે જી. ૯

અટવી ઉલંઘી તેહ, આવ્યા સમી સેઢે બેહ, આ છે લાલ, ભોજન કાજે તીહાં ઉતરે જી;
.......................................................................... ૧૦

તસ્કરનું છે ગામ, ચોર પલી તણે [ઠામ], આ છે લાલ, **અર્જુન પતિ** પલ્લી ધણી જી;
ચહુ દસે પર્વત તેહ, મારગ ચાલે તેહ, આ છે લાલ, ડુંગરા વચે મારગ ભણી જી. ૧૧

વિષમ છે તે ઘાટ, તીહાં નેસરે વાટ, આ છે લાલ, તસ્કર વસે તીહાં ભલભલા જી;
દસમી એ કહી ઢાલ, આગલ સૌ છે ખાલ?, આ છે લાલ, **શાંત** કહે જો જો કુમરણી કલા જી. ૧૨



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દુહાઃ

સન્યાસી રુપે તસ્કરા, વાંસે પડા તી ચાર;
તેહ ભગણી તીહાં આવિને, બંધવને કહે વિચાર. ૧

'તુમ વૈરી બંધવતણો, [૧]છોછે છે પરિવાર;
ધન લીધો તુમ બંધવતણો, લેઇ કરે છે વીહાર. ૨

તે માટે તુમને કહુ, માટિપણુ કરો તુમો આજ;
વૈર લીજે બંધવતણુ, ઉઠો ગરીબનીવાજ'. ૩

અર્જુનપતિ તવ સાંભલી, કોપો તે તણીવાર;
[૨]સજાઈ એકઠી કરે, સજ કરો પરિવાર. ૪

## ઢાલઃ- ૧૧, ઘોડિ આઇ તારા દેસમાં- દેશી.

ચોરણે એકઠા મેલવે તસ્કરજી, જોવરાવે તિણીવાર હો અર્જનપતિ ઇમ બોલીઓ તસ્કરજી;
'વાત સુણો એક માહરી તસ્કરજી, આણો રુદય મઝાર હો અર્જનપતિ૦. ૧

ભલા થજો [૩]માટિ તુમો તસ્કરજી, નેકલજો જોધ જુવાણ હો અર્જનપતિ૦;
માટીપણુ તુમ્હારડુ તસ્કરજી, [૪]ઠકરાણા વલી જાણ હો અર્જનપતિ૦. ૨

ચોરે બેઠા ફુલતા તસ્કરજી, કામ પડીઉ છે આજ' હો અર્જનપતિ૦;
તસ્કર વલુતુ બોલીયા તસ્કરજી, 'સાંભલો ગરીબનીવાજ!
હો અર્જુનપતિ સાંભલો ઠાકુરજી. ૩

તસ્કર ગયા છે ખાટવા ઠાકુરજી, એવડો નથી પરિવાર હો અર્જનપતિ૦;
કહો તે હકમ [૫]વજાવિઇ ઠાકુરજી, આ ઉભો છે પરિવાર' હો અર્જનપતિ૦. ૪

---

૧. ઓછે. ૨. સામગ્રી. ૩. મર્દ, બહાદૂર. ૪. મોટાઇના રોફવાળા. ૫. બજાવીએ, પાલન કરીએ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છોછે પરિવાર લેઇને તસ્કરજી, આવે અટવિમાહે હો અર્જનપતિ૦;
[1]ઘુંઘર-ઘટા વાજે તીહાં તસ્કરજી, સાંભલીયા તસ્કર ત્યાહે હો અર્જનપતિ૦. ૫

વીનીતાઇ દેખી કરી તસ્કરજી, ચિંતે રુદય મઝાર હો;
'આ સંકટ એ મોટકો' તસ્કરજી, રુદન કરે તીનીવાર હો. ૬

કુમર કહે વિનીતા પ્રતે તસ્કરજી, 'કીસે વિચારે રોય? હો;
સુ દુખ તુઝને સાંભરુ? તસ્કરજી, હયડે સાંભરુ કોય?' હો. ૭

ઉંચુ જોને ભાખીઇ ભામણીજી, મુખથી વચન બોલ હો;
સાચી ભાખો વાતડી ભામણીજી, કપટ હીયડાનો ખોલ' હો . ૮

વીનીતા કહે 'તુમો સાંભલો સાહીબજી!, સું પૂછો છો વાત? હો;
તસ્કર આવ્યા બહુ મલી સાહીબજી, એ ચંતા મુઝ જાત હો . ૯

કેસરી-નાગ નીવારીઉ સાહીબજી, મારિઉ મયમત તેહ હો
તમો જાતે છો એકલા સાહીબજી, એ બહુ મલીયા છે એહ' હો . ૧૦

'ઉપાય કરીસું એહવો ભામણીજી, જીતીસું એહ પરિવાર' હો;
કુમરે મતસી કેલવી તસ્કરજી, 'તુમો સજો સોલ શૃંગાર' હો . ૧૧

આભુષણ રતણે જડા સાહીબજી, પેહરાવા તીણીવાર હો;
અદભુત વસ્ત્ર પેહરાવીઇ તસ્કરજી, દીપે [2]અચ્છરી નાર હો . ૧૨

રથ આગળ બેસારીને સાહીબજી, પૂઠે બેઠો કુમાર હો;
ધનુષબાણ મુઠે ગ્રહી કુમરજી, મન સમરી કિરતાર હો . ૧૩

રથ સમિપે તે આવિઆ તસ્કરજી, દીઠી નારિ તેહ હો;
જાણી સુંદરી અપચ્છરા તસ્કરજી, વિષયનો લાલચિ તેહ હો. ૧૪

---

૧. ઘંટડી. ૨. અપ્સરા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સકલ સેનને ઇમ કહે તસ્કરજી, 'સાંભલો મોરી તમે વાત હો;
જોઇ વીચારીને નાખજો તસ્કરજી, [1]રેખા કરતા સ્ત્રીની ઘાત હો અર્જનપતિ૦. ૧૫

અકલ કરીસુ એહવી તસ્કરજી, હણીસું એહ કુમાર હો;
એ રમણી અમે રાખસું તસ્કરજી, કરીસું ઘરની નાર' હો અર્જનપતિ૦ ૧૬

સુણજો ભવિ! તુમો વાતડી તસ્કરજી, કુમર લહે મંગલમાલ હો;
**શાંતસોભાગ્ય** કહે [2]પૂનથી તસ્કરજી, એ કહી ઇગ્યારમી ઢાલ હો અર્જનપતિ૦ ૧૭



૧. રખે. ૨. પૂણ્યથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દુહાઃ

'મત હણો વીનીતા પ્રતે, હણજો એહસું કુમાર;
ચાલવણી કરજો તીરણી, કહુ છું એહ વીચાર.'. ૧

[1]ચોપટ્ટ મલ્લ [2]ચૌ દસે ફરે, રથ સમીપે આય;
કર ધરી કરવાલસું, બાણનો [3]મેહુ વરસાય. ૨

## ઢાલઃ- ૧૨, આપદી ચાંદલીયાની- દેસી.

કોલી ચઉ દસે [4]તરવરીયા, સસ્ત્ર બાંધિ ઢાલ આગલ ધરિયા;
રથ પછવડિ ફરીયા હો ભવીયણ. ૧

તસ્કરે દિઠી વીનીતા એમ, વાધ્યો વિરહણે લાગો પ્રેમ;
'બાણ હુ નાખુ કેમ?' હો ભવીયણ. ૨

ઇણી પરે પતિ કરે વીચાર, અવસર પામ્યો તેહ કુમાર;
ખીચે બાણ તીનીવાર હો ભવીયણ. ૩

અર્જુનપતિને વાગે તામ, ધરણી પડો તે તેણે ઠામ;
મુર્છા પામો અસરામ હો ભવીયણ. ૪

ધરણી પડો તસ્કર તીનીવાર, હાક મારિ ઉઠો કુમાર;
તસ્કર હણીયા અપાર હો ભવીયણ. ૫

કોલી ભાગા ચહુ દસે જાય, જીત નીસાણ તીહા વજાય;
પુન્યથી સવ સુખ થાય હો ભવીયણ. ૬

**જતઃ- वने राणे सतु०....**
કુમર પોહો વસંતપુર વાટ, ઓલંઘો સબલો વિષમ ઘાટ;
સુખે વેહે છે બે વાટ હો ભવિયણ. ૭

---

૧. ચોગાનમાં. ૨. ચારે દિશામાં. ૩. મેઘ, વરસાદ. ૪. ઉભરાયા, ટોળે મળ્યા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હવે પરણી જે રાજકુમારી, વાત સુણજો તે સુવીચારિ;
પંથ વહે સુવિચારી હો ભવીયણ. ૮

કુમરતણી તે જુઇ છે વાટ, સ્વામી વીના તે કર ઉચાટ;
પંથ વહે છે [૧]દલ [૨]ઘાટ હો ભવીયણ. ૯

વસંતપુર પોહતો જીણી વાર, ખબર પોહતી રાજદુઆર;
હરખી ધારણી નાર હો ભવીયણ. ૧૦

વાજીત્ર નીસાણ વજડાવે, ઉછવ તીહાં રાજ કરાવે;
કુમરણે સામો આવે હો ભવીયણ. ૧૧

ઉછવ સહીત રાજા આવે, કુમર ના દિઠો નજર ન આવે;
તવ દલનાયકને બોલાવે હો ભવીયણ. ૧૨

કટક દીસે અતિ સનુર, ચાલતુ દીસે પાણીને પુર;
કુમર ના દીસે સૂર હો ભવીયણ. ૧૩

'કુમરનું મુખડુ દેખાવો, ગોપવી રહ્યો તીહાંથી તેડાવો;
સીઘ્રપણે તમો જાવો' હો ભવીયણ. ૧૪

રાજાની ઇમ સાંભલી વાણી, [૩]દલનાયક બોલો અવસર જાણી;
'સાંભલ તુ ગુણ ખાણી હો રાજા. ૧૫

સીખ દીદ્ધી સસરે તીણીવાર, દેશ દિદ્ધા ચંપાપુર બાર;
તીહાં સુધી હતા કુમાર હો રાજા. ૧૬

''હું જાઇસ નગર મઝાર, એકાકી પણે ખેડા કુમાર;
હુ જાઇસ ગુરુને દરબાર'' હો રાજા. ૧૭

---

૧. સૈન્ય. ૨. સમૂહ. ૩. સેનાપતિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઇમ કહીને ચાલા કુમાર, અમે કીદ્ધો તીહાંથી વીહાર;
પછે ના જાનુ વીચાર' હો રાજા. ૧૮

ઢાલ બારમી પુરી થાયે, કુમારણો સંબંધ કહવાયે;
**સાંતસોભાગ્ય** ગુણ ગાવે હો ભવીયણ. ૧૯

## દુહાઃ

દલનાયકની સુણી વારતા, રાજાઇ કરી વીચાર;
કુમરની ખબર જોયવા, રાયે મુકો અશ્વવાર. ૧

રાજકુમરી લેઇ કરી, આવ્યા નગર મઝાર;
પાય પ્રણમી સાસુતણા, દીદ્ધો ગરથ અપાર. ૨

## ઢાલઃ- ૧૩, રાગ-મારુણી.

રાજા મન ઉચાટ રે કુમર નીરખવા, કુમર તણી કોઇ સુદ્ધ કહે એ;
એ પુત્રતણો વીજોગ રે માતાને મન ઘણો, કુમર તણી વાટ જોઇ રહે એ. ૧

લોકતણે પુછે વાતડી રે કુમરની, કોઇ લહે ઉપગાર માની સહુ તેહણો એ;
આપુ લાખ [૧]પસાય રે સોવન દીઉ, જીભડી દારીદ્ર દુર કરુ હુ તેહણો એ. ૨

એક કહે 'ભુલો પંથ રે રથ ખેડીઓ, અટવીમાહે આવિઓ એ;
એક કહે અટવીમાહે રે ભય મોટા સહી, કુમરણે જીવ વીણાસીઓ એ. ૩

એક કહે કેસરી તાંહે રે વનમહિ રહે, તે કીહાંથી આવી સકે? એ;
વલી રહે છે વનમાહે મયમત્ત મોટકો, તે આગલ ચસકી નવી સકે' એ. ૪

ઇમ સહુ કો કરે વીચાર રે રાત-દીવસ, વલી વનમાહે જોતા ફરે એ;
વિસ્તરી વાત વીસેષ રે દેસ-વિદેસમાં, કુમરણી ખબર તે કરે એ. ૫

ઇણે અવસર રથ એક રે દીઠો, આવતો સીઘ્રપણે આવે વહી એ;
સરવર કેરી પાલ આવિ ઉતરીઓ, ઓલખો કુમરણે સહી એ. ૬

રાય ભુવનમાંહ તેહ દોડતા આવિયા, વધામણી ખીદ્ધી રાજા ભણી એ;
'અગડદત્ત કુમાર પ્રભુજી! આવીયા', ખબર પામ્યા [૨]જસનતણી એ. ૭

---

૧. ભેટ-સોગાદ, કૃપાદાન. ૨. ઉત્સવની, આનંદની.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આપ્યા લાખ પસાય રે ઉલટ અતિ ઘણો, મુગટ રહીત વસ્ત્ર આપીયા એ;
દારિદ્ર કીદ્ધુ દુર રે રાજાઇ તેહણો, સજન સહુ હરખીયા એ. ૮

ધારણી સાંભલી વાત આવાગમન પુત્રણો વીલસીત અંગ જ તેહણો એ;
સન્મુખ આયો રાય સકલ સૈન્ય પરવરો, ઉછવ કીધો અતિ ઘણો એ. ૯

સુભ મુર્હુત તામ નગર પ્રવેસ કીયો, જાચકને દાન આપીઉ એ;
રાય દીદ્ધો માન કુમરણે ઘણો, ગ્રાસ પીતાણો આપીઉ એ. ૧૦

માતાના પ્રણમે પાય રે ઉલટ અતિ ઘણો, હય-ગય બારણે ગહગહે એ;
દેખી રીદ્ધ અપાર રે દેખી કુમરતણી, ધારણી માતા ઇમ કહે એ. ૧૧

'કીહાંથી પામો તુ રીદ્ધી? વાત સહુ કહી, સાંભલી વાતણે હરખીયા એ;
વ્યવહારિયા ચાર વાટે જે મરણ ગયા, ગરથ જે આપે ઉગારિયા એ. ૧૨

વાંસલી ભરી જેહ રે સોવન તેહણી, પુત્ર તેહણા તેડાવીયા એ;
તે આગલ વાત રે માંડીને તે કહી, દામ ગણીને આપીયા એ.' ૧૩

વણીક સાંભલી તામ રે પીતાની વારતા, 'ધન-ધન' કુમરને કહે એ;
કહિ એ તેરમી ઢાલ રે **શાંતસૌભાગ્ય** કહે, પુન્યથી સીવસુખ લહે એ. ૧૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દુહાઃ-

પુન્યથી સીવસુખ લહે, પુન્યે લિલ-વીલાસ;
પુન્યે મનવંછિત ફલે, પુન્યે પાપ વિનાસ. ૧

પુન્ય કરો તમે પ્રાણીયા, પામ્યો સુખ સંપત;
[1]અલીય વીઘન દુરે ટલે, આરાધ્યો એક ચીત. ૨

## ઢાલઃ- ૧૪, પેસારો પુરમે કીઓ-દેસી.

કુમર કહે રાજા પ્રતે, 'સ્વામી! વચન અવધાર;
માણ મોહોત મુઝ આપીઇ, કહુ છું કરી મનોહાર. ૧
ગુમાણ ન ધારો પ્રાણીયા! રે આંકણી.

મુઝ પીતાતણો વૈરી રહે, તેડાવો તમે સ્વામ!;
વૈર લીજે પીતાતનું, એટલું કીજે કામ.' ૨ ગુમાણ૦

સભા સમક્ષ બોલે તીહા, 'એ કહી જુગતી વાત';
રાય વીચારી ઇમ કહે, 'આવજો તુમો પ્રભાત'. ૩ ગુમાણ૦

રાયે અનુચર મોકલો, અભંગસેને તીવાર;
'વૈર લેવાને જાગીઓ, એ અગડદત્તકુમાર. ૪ ગુમાણ૦

તે માટે સજ થઈ તુમો, આવજો વેહલા કાલ';
અભંગસેન તવ સાંભલી, પેટમા પડી તવ ફાલ. ૫ ગુમાણ૦

અભંગસેન આવે તીહાં, આયુધ સજી તણી[વાર];
સભા સમસ્ત પ્રણમી કરી, નૃપણે કીધો જુહાર. ૬ ગુમાણ૦

અગડદત્ત કુમર આવો વહી, સમરી નીજ દેવી નામ;
આયુદ્ધ પુરી કસકસી, નૃપણે કીદ્ધી સલામ. ૭ ગુમાણ૦

---

૧. અપ્રિય, અનિષ્ટ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૌતુકા ય જોવા ભલો, લાખ ગમે તીણીવાર;
લોક મુખથી ઇમ કહે, 'એ છે લઘુ કુમાર. ૮ ગુમાણ૦

અભંગસેન પ્રચંડ અછે, કુમર છે સુકમાલ';
એક કહે 'ગજ મોટકો, કેસરી નાનુ બાલ. ૯ ગુમાણ૦

સહસ્ત્ર ગમે જો મૃગલા, આવિ મલે તણે ઠામ;
કેસરી નાદ વજાવીને, હુઇ સમરથ જામ.' ૧૦ ગુમાણ૦

એ દેસી છે મોટકો, બલવંત હીન ગમાર;
કલાવંત દસિ મોટકો, અગડદત્ત કુમાર. ૧૧ ગુમાણ૦

મલ્લજુદ્ધની પરે આથડે, ભૃગુટી ભાલ ચઢાય;
મુષ્ટી પ્રહાર એક-એકણે, દીઇ ઘાય ચુકાય. ૧૨ ગુમાણ૦

અભંગસેન કર ધરી, નાખે સાહમી કુમાર;
ઢાલ ઉપરે તે આથડે, ચુકવીઈ કુમાર. ૧૩ ગુમાણ૦

રીસ ભરી નાખે તદા, અગડદત્તકુમાર;
અભંગસેન ન મારીઉ, દીધો મર્મનો પ્રહાર. ૧૪ ગુમાણ૦

રીદ્ધ હતી જે અભંગની, રાઇ કુમરને દીદ્ધ;
પીતાતનું વેર વાલીઉ, જગમાં બહુલો જસ લીદ્ધ. ૧૫ ગુમાણ૦

ઢોલ-[૧]દદામે વાજતે, કુમર આવ્યો ઘેરે;
માવડી વધાવે મોતીડે, વાલી આવ્યો વેર. ૧૬ ગુમાણ૦

પીતાતણી જે પદવી, લીદ્ધી રાજકુમાર;
ચોઉદમી ઢાલે પામીઓ, **શાંતે** જય જયકાર. ૧૭ ગુમાણ૦

---

૧. નગારુ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**દુહાઃ-**

સુખ ભોગવે કુમર તીહાં, પામી પુન્ય પસાય;
જીમ વંધ્યાચચલ હાથીએ, કેલ કરે વન રાય. ૧

રાજકુંયરી સાસુ ઘરે, ભગત કરે ચિત લાય;
મયણમંજરીસુ [1]લબધો રહે, ભમરો માલતી લપટાય. ૨

## ઢાલઃ- ૧૫, સુરતી

અગડદત્ત તીહાં સુખ ભોગવે પામી પુરણ પસાય,
મયણમંજરીસુ લુબધો રહે નવિ જાણે દીન-રાય;
ઉદય કર્મ જવ જાગીય [2]ભીયી [3]ભીક જાય,
પ્રગટે પુન્ય પોતાતનુ તાહરે નવ-નીદ્ધ થાય. ૧

**જતઃ- सकलजन्मविभुतं०........**

એક દિન ઇન્દ્ર મોહોછવ હોસે તે વનમાહે,
નગર પડહો વાજાવીયો 'ક્રીડા કરજો ત્યાહે;
નર-નારી! સહુકો મલી જાજો વનહ મઝાર,
અસનાદિક [4]નીપાવજો નવી રહજો ઘર-બાર. ૨

સાંઝ સમીપે આવજો રહજો દીન સુદ્ધિ ત્યાંહ,'
લોક તે સાંભલીને ચાલીઓ આવીઓ તે વન્યમાહે;
રાજાદિક પરિવારસું આવ્યો વનહ મઝાર,
મયણમંજરી આવિઓ અગડદત્તકુમાર. ૩

વિવિધ ક્રીડા કરે ભાતસુ ચિતસું લોક તે વનમાહે,
એહવે રવી [5]થલ આવીઓ આથમીને તાહે;
માહાજન પ્રતે રાજા કહે 'સાંભલો મોરી વાત,
બહુ વેલા વનમાહે રહા ચાલો આપણને સાત.' ૪

---

૧. લુબ્ધ. ૨. નિશ્ચે, નક્કિ. ૩. ભીખ માંગવા જવું પડે. ૪. તૈયાર કરજો. ૫. સ્થળે, અસ્તાચલ પર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વનમાહેથી આવીયા લોક તે નગર મઝાર,
રાજાદીક પણ આવિઆ પોતાનો લેઇ પરીવાર;
ધારણી કહે કુમર પ્રતે 'ચાલો નગર મઝાર'.
વયણ એહવું સાંભલી બોલીઓ અગડદત્તકુમાર. ૫

'તુમો પધારો માતજી! લેઈ સુરસુંદરી નાર,
પછવાડેથી હુ આવસું વચન માનો સુવિચાર';
સીખ દીદ્ધી માતા પ્રતે કુમરે તે તણીવાર,
વનમાહે કુમર રહ્યો સાથે મંજરી નારી. ૬

ડાલે બાંધિ હિચોલડો હિચે સ્ત્રી-ભરતાર,
ઇણે અવસર કૌતુક તીહાં તે સુણજો સુવીચાર;
ઇણે અવસર વિદ્યાધર આવે આકાસે સોય,
સંગ લીદ્ધી વનીતા પ્રતે ઉદ્યાન સુંદર જોય. ૭

વીનીતા તેહની સારી [૧]અપચારિ ઘણુ તેહ,
ખેચર મનમાહે જાણિને છટકી દે છે [૨]છેહ;
'કાંઇ જાણે એહણે [૩]ફેડુ એહણો નામ,
રીસ કરે પીતા મુઝ પ્રતે "એ સું કીધુ કામ?." ૮

દીન-વચન કરી ભાખતી કંત પ્રતે તીણીવાર,
'અબલા ઉપર કૃપા કરો મુઝ વચન અવધાર;
વાંક પડો સ્વામી! મુઝતણો [૪]બગસો ગરીબનીવાજ!,
હુ છુ અબલા તુમ તણી બાંહ ગ્રહે કી લાજ. ૯

ચાકર ચુકે ચાકરી સ્વામી ના ચુકો જાય,
અ[વ]ગુણ ખમજો મુઝતણો માનો તુમો માહારાય!;'
ખેચર મનમાંહે વિચારીને કુસમ કરે સમુદાય,
ચુરણમાહે ભેલીને ગુંડુકડો બનાય. ૧૦

---

૧. વ્યભિચારી. ૨. વિશ્વાસમાં રાખી મારી નાખવું, અંત આણવો. ૩. નાશ કરી નાખું, મટાડું. ૪. માફ કરો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ફુલતણો તણે ગુથીઓ દડો ખેચરી તામ,
નાનડો સાપ બનાવીયો ખેચર નારીને કામ;
પનરમી ઢાલે ભાખીયો રાખીઓ કુમર વનમાંહે,
**સાંતસોભાગ્ય** કહે તુમો સાંભલો કોતુક થાસે ત્યાહે. ૧૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દુહાઃ-

ખેચર દડો કર ગ્રહી, આપે નારીને તામ;
વીનીતાઇ કર પસારીને, લીઉ કુસમદડો તણે ઠામ. ૧

ક્ષણ એક નારી કર ગ્રહી, નાખે મહિઅલ હેઠ;
દંપતી [૧]ક્રડા તીહાં કરે, કુમરણી પીડઓ દ્રેઠ. ૨

## ઢાલઃ- ૧૬, મારુ મન મોહો રે વિપ્રા નંદસુ-દેસી.

અંબરથી પડીઉ રે કુસમદડો સહી રે, અગડદત્ત દીઠો કુમાર;
વિસ્મય પામી રે મનમાહે ચિંતવે રે, મનમા પડીઉ વિચાર. ૧

ભવિ! તુમો સુણજો રે કર્મ વિડંબના રે, કર્મ ના છુટે કોય;
કુણ રંક રાણો રે જગમાં જે અવતરો? રે, તીર્થંકર પણ જોય. ૨ ભવિ૦

કર્મના જોગે રે કુમર તે કર ગ્રહી રે, સુંદર દીઠો તેહ;
પરિમલ મહકે રે કુસમ સોભા ઘણી રે, વીવીધ પ્રકાર ગુંથેહ. ૩ ભવિ૦

સુંદર દીઠો નારિને આપીઓ રે, લીધો વીનીતાઇ તામ;
નાકે અડાડે રે વીનીતા જેતલે રે, સર્પ ડસી તણે ઠામ. ૪ ભવિ૦

ચીસ પાડીને રે વીનીતા ખોલે પડી રે, અચેત થઇ તણીવાર;
શૃગલ તુટે રે ધરણી તે પડી રે, દેખે અગડદત્તકુમાર. ૫ ભવિ૦

કુમર તે દેખી રે 'હા!હા!હા!' કરે રે, ચીંતાઇ પડીઉ તામ;
કુસમ ફીટી રે [૨]સાર્પ તે નેકલો રે, કુમર દેખે તેણે ઠામ. ૬
કુમર ઝુરે રે વિરહ વીજોગીઓ રે.

મંત્રણે [૩]તભ રે કુમરે બહુ કરા રે, વિષ ણ ખસે ત્રલ માત;
મૃતક જાણી રે કુમર ટલવલે રે, સંભારે પૂર્વની વાત. ૭ કુમર૦

---

૧. ક્રીડા. ૨. સાપ. ૩. તબ-ત્યારે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આંખડીયા રોઇ રે હોવે રાતડી રે, વલી-વલી કરે વીલાપ;
મસ્તક કુટે રે નૃપસુત આહણે રે, તન વ્યાપો તન તાપ. ૮ કુમર૦

'નયણસુલણી! રે મેલો આપી રે, તુઝ મુખ-ચંદ દેખાડ;
જીમ સુખ પામે રે નયણ કચોરડા રે, પુરવ પ્રીત સંભાલ. ૯ કુમર૦

અને ગુણવંતી! રે ગુણને દોરડે રે, બાંધ્યો મુઝ [1]મન [2]સાહ;
બીજે ઠામે તે જઇ નવિ સકે રે, નીસદીન રહે તુઝ [3]સાહે. ૧૦ કુમર૦

વાત ના સુહાવે રે મુઝને કોહણી રે, ના સુહાઇ ગુણ ગીત;
હીયામાહે રે વસી રહી ગોરડી રે, વીસરે નહી મુઝ પ્રીત. ૧૧ કુમર૦

મે મનમાંહે જાણુ ઘર થાયસે રે, તરણા ઉપર [4]ત્રેહ;
દૈવ અગરો દેખી નવિ સકે રે, સગુણ માણસ સનેહ. ૧૨ કુમર૦

અગની વીજોગે મુઝ તન પરજલે રે, [5]સંચે દીરીસાણ તેહ;
[6]તાઢિક પામેઉ નવ પલ્લ હુવે રે, વાધે અધિક સનેહ'. ૧૩ કુમર૦

મોહણે કર્મ રે કુમર ટસવલે રે, મૃતક પડી છે નાર;
ણગરની પોલિ રે બંધ સવે કરી રે, ચઉ દેસે ફરીઉ કુમાર. ૧૪ કુમર૦

મૃતક ખંધે રે કુમર લેઇ ફરે રે, [7]મોહણી અંધા તેહ;
આય ઉપાય રે કુમરે બહુ કરી રે, વિષ ન વલે તેહ. ૧૫ કુમર૦

'એહને સાથે રે હુ પણ નિશ્ચ મરુ રે,' ઇણી પરે કરે વિચાર;
એકઠા મેલા રે લાકડા તેણે સહી રે, બલવા તેહ કુમાર. ૧૬ કુમર૦

[8]ચેતણે ખડકી રે કુમરે બે જણા રે, મોહણી મોટી જંજાલ;
સોલમી થઇ રે કુમરને ઝુરતા રે, **શાંત** કહે પુરિ ઢાલ. ૧૭ કુમર૦

---

૧. મનને. ૨. પકડીને. ૩. સાથે. ૪. અસ્વસ્થપણુ, બેચેની. ૫. સિંચે. ૬. ટાઢક, શીતલતા. ૭. મોહનીયથી. ૮. ચિત્તાનો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દુહાઃ-

કાષ્ટ ચઉ દસે [1]ભલા કીયા, પેઠો વીનીતા લેઇ;
અગની લગાડે ચહુદસે, વિદ્યાધર દેખે તેહ. ૧

વિદ્યાધર મન ચિંતવે, 'અકારજ કરે છે એહ';
ગગણથી હેઠો ઉતરે, સીખામણ દેવા તેહ. ૨

## ઢાલઃ- ૧૭, ઝીનામારુ કલહડી ઝીકાર હો-દેશી.

વિદ્યાધર તીહાં આવીઓ રાજેંદ્ર મોરા, ભાખે કુમરણે તામ હો;
'ચતુર થઇ ને સું કરે? રાજેંદ્ર મોરા, એ અકારજ કામ હો. ૧
તુઝને કહુ છું વાત જ લહુ છુ સ્રીતણી રાજેંદ્ર મોરા, ના મર નારીને કાજ હો.

નારિઇ કેઇ નર છેતરા રાજેંદ્રમોરા, કેહતા નાવે પાર હો;
ઇંદ્રાદિક પણ સારીખા રાજેંદ્રમોરા, તેહણે ભોલવે નાર હો. ૨ તુઝને૦

તે માટે તુઝને કહુ રાજેંદ્રમોરા, નેકલ તુ હવે બાર' હો;
કુમર વદે ખેચર પ્રતે રાજેંદ્રમોરા, 'સ્રી સાથે સ્નેહ અપાર હો. ૩ તુઝને૦

''વીનીતા ઉઠે જો ઇહાં થકી રાજેંદ્રમોરા, હુ ઉઠુ તો'' [2]નરધાર હો;
મરવુ વીનીતા સંગતી રાજેંદ્રમોરા, ભાખે ઇમ કુમાર હો. ૪ તુઝને૦

ખેચરે જીવતી તીહાં કરી રાજેંદ્રમોરા, મયણમંજરી તામ હો;
રલીયાયત કુમર થઓ રાજેંદ્રમોરા, ઉઠીને કીદ્ધી સલામ હો. ૫ તુઝને૦

વીદ્યાધર વલતુ કહે રાજેંદ્રમોરા, 'એવડો પ્રેમ અપાર હો;
નારિઇ મોહો જે રહે રાજેંદ્રમોરા, તે રડવડે સંસાર હો. ૬ તુઝને૦

નારિ [ની]ઠુર [3]જાતે હોવે રાજેંદ્રમોરા, સાચિ માણજે વાત હો;
પુરવ વાત નારિતણી રાજેંદ્રમોરા, ભાખ્યો [4]તણે અવદાત હો. ૭ તુઝને૦

---

૧. ભેગા કર્યા=એકઠા કર્યા. ૨. નિર્ધાર. ૩. જાતથી, સ્વભાવથી. ૪. તેણે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તે માટે તુમને કહુ રાજેંદ્રમોરા, નારીનો સો વિસાસ? હો;
કેતા નર રમાડીયા રાજેંદ્રમોરા, કેતા ગયા નીરાસ' હો. ૮ તુઝને૦

**જતઃ**– એકકુ ધાવત ઉરકુ વે૦

'તુઝને કહુ વારતા રાજેંદ્રમોરા, સાંભલ દેઇ કાન હો;
હીયડા માહે ધારજે રાજેંદ્રમોરા, હીયડામાં આણજે જ્ઞાન હો. ૯ તુઝને૦
**બંગ** દેસ સોહામણો રાજેંદ્રમોરા, **ભુજબલ** નામે રાય હો;
પ્રધ્યાન તેહનો રુયડો રાજેંદ્રમોરા, **ત્રીકમ** નામ કેહવાય હો. ૧૦ તુઝને૦

ઘર જાઇ ત્રીકમ વલી રાજેંદ્રમોરા, રાયા ભાખે તામ હો;
'નારી ચરીત્ર જનાવવા રાજેંદ્રમોરા, [૧]ગાહ કહે તણે ઠામ હો. ૧૧ તુઝને૦

**દુહોઃ**–

ત્રીકમ [૨]ત્રીયા ન ધિરીઇ, [૩]સોસર છંડે દેહ;
નદી [૪]કનારે [૫]રુખડા, કદી સેવે કદિ [૬]સમૂલ લેહ.

ત્રીકમ વલતો ઇમ કહે રાજેંદ્રમોરા, 'એસા ભાખો વયણ હો;
આરિસા બંબ દેખીઉ રાજેંદ્રમોરા, ત્રીજો ના દીઠો સૈણ' હો. ૧૨ તુઝને૦

રાજા શ્રવણે ઇમ સુણી રાજેંદ્રમોરા, પારખુ કરવા નાર હો;
સોગઠા પાસા મગાવીયા રાજેંદ્રમોરા, ક્રીડા કરવા સાર હો. ૧૩ તુઝને૦

'હાર-જીત [૭]પરઠીહા રાજેંદ્રમોરા, ગમે તે માંગો રાય!' હો;
[૮]પ્રરઠી બેઠા ક્રીડવા રાજેંદ્રમોરા, ત્રીકમ સુખે લે રાય હો. ૧૪ તુઝને૦

ત્રીકમ હારો રાયસું રાજેંદ્રમોરા, વિચારિ માગે રાય હો;
'ઇહાં બેઠા વિનીતા તનુ રાજેંદ્રમોરા, મસ્તક ઇહાં મગાય હો. ૧૫ તુઝને૦

---

૧. ગાથા. ૨. સ્ત્રીઓ. ૩. ચિંતા, વલવલાટ. ૪. કિનારે. ૫. વૃક્ષો. ૬. મૂલ સહિત. ૭. નિશ્ચિત કરી, સ્થાપિત કરી. ૮. શરત કરીને.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રાજાનું વચન સુણી રાજેંદ્રમોરા, વિચારે ત્રીકમ તામ હો;
'રાઇના મુખથકી રાજેંદ્રમોરા, કેમ રહસે મુઝ મામ?' હો. ૧૬ તુઝને૦

અનુચર ત્રીકમ મોકલે રાજેંદ્રમોરા, 'કહજો એહ વિચાર હો;
ક્રીડતા નૃપસું હારીઓ રાજેંદ્રમોરા, મસ્તક માંગુ નાર' હો. ૧૭ તુઝને૦

અનુચર તીહાંથી અવિઓ રાજેંદ્રમોરા, પ્રણમી તેહણા પાય હો;
**શાંત** કહે એ ઢાલમાં રાજેંદ્રમોરા, એ સતરમી કહેવાય હો. ૧૮ તુઝને૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**દુહાઃ-**

અનુચર આવિ ઇમ કહો, ભાખો સવિ વરતંત;
'તુમ સીસ આલો મુઝ પ્રતે, માંગે છે તુમ કંત. ૧

તે માટે સીઘ્ર થઇ તુમો, મુઝને કરો [1]વિધાય;
વાટ જુઇ સ્વામી મુઝતણી, જઇ પ્રણમુ પાય.' ૨

## ઢાલઃ- ૧૮, વીણીતા વેષ્ટિને વેનવે-દેસી.

નારિ વીચારે ચિતમાં, આણી આણી મન સંદેહ રે;
'સે કારણ હોડ પડી?, કારણ કાઇક એહો' રે. ૧

વિનીતા જાતે રે કપટણી, નવિ લહો તાસ ચરીતો રે;
મીઠા બોલી રે પદમણી, કપટ ભરી છે ચીતો રે. ૨ વિનીતા૦

'પારખુ જોવા રે મુઝતનુ, માંગો છો મુઝ સીસો રે;
પારખુ દેખાડુ રે કંતને, ભલુ કરસે જગદીસો' રે. ૩ વિનીતા૦

ઇમ વીચારીને તે કરે હાથમાં, લીધો કરવાલો રે;
મસ્ત[ક] [2]છેદીન તે કરે, મુકી-મુકી સોવનથાલો રે. ૪ વિનીતા૦

અનુચર આવીને આપીયો, ત્રીકમને વલી તામ રે;
રાયને આગલ મુકીયો, ત્રીકમે કીદ્ધી સલામ રે. ૫ વિનીતા૦

ત્રીકમ ઘરે પધારીયા, આવો આવો રાજાઇ તામ રે;
સીસ ઠામ બેસારીને, પ્રગટ કરે તેણે ઠામ રે. ૬ વિનીતા૦

[3]કબી [4]કણયરીની મારી, આ બેઠી થઇ તવ નારો રે;
ત્રીકમ દેખી ચમકીઓ, રાય આવ્યો દરબારો રે. ૭ વિનીતા૦

---

૧. વિદાય. ૨. છેદીને. ૩. કાંબી- સોટી. ૪. કણેરની.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ત્રીકમ કહે નારિને, 'સબલી રાખી તે મામ,
પ્રીત ખરી મઇ [1]અટકલી, જગમાં રાખુ તે નામ' રે. ૮ વિનીતા૦

ઇમ કરતા કેટલા દીન, નીગમીયા ત્યાહે રે;
ત્રીકમ-ત્રીયા રે ખેલવા, [2]અન પુરુષસુ જાહે રે. ૯ વિનીતા૦

જાર-પુરુષસુ તે રમે, નવિ જાણે ત્રીકમ વાત રે;
[3]ચડસ લાગો તેહણે, વીનીતા કપટણી જાત રે. ૧૦ વિનીતા૦

રોગ ઉપનો પુરુષને, કીદ્ધા બહુલા ઉપાય રે;
ઓષધ-વેષધ બહુ કરા, રોગ તે કીસે ન જાય રે. ૧૧ વિનીતા૦

વૈદ્ય કહે 'સાંભલો તુમો, લોહી ત્રીકમનુ આવે રે;
ચોપડો લાવીને એહણો, તો રોગ એહનો જાવે' રે. ૧૨ વિનીતા૦

સાંભલી વાત જ તેહણી, વાત રીદયમાંહે રાખી રે;
જોવાને આવે ત્રીકમ-ત્રીયા, વાત સઘલી તેને ભાખી રે. ૧૩ વિનીતા૦

'એ વાત જ કેતલી? કરુ-કરુ હુ એ કામ'રે;
વિનીતા ઘેર આવીને, રુદય વીચારે તામ રે. ૧૪ વિનીતા૦

'જીવતી કીદ્ધી મુઝ પ્રતે, જીવતો કરસે વલી એહ રે;
[4]હાડ કુસલ એ વાતને,' ઇમ વીચારે તેહ રે. ૧૫ વિનીતા૦

સજાઇ સુતો ત્રીકમો, આવી આવી વીનીતા નારો રે;
કટોરો હાથમાં તે ગ્રહી, ઘાત કીદ્ધો ભરતારો રે. ૧૬ વિનીતા૦

વિસાસ નારીનો જે કરે, વડો-વડો તેહ ગમારો રે;
ઢાલ અઢારમી એ કહી, **શાંત** કહે ઇમ વીચારો રે. ૧૭ વિનીતા૦

---

૧. નક્કિ કરી. ૨. અન્ય. ૩. ચસકો, લત. વ્યસન. ૪. ઘણું જ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દુહાઃ-

ઘાત કરી ભરતારનો, આવિ મીત્રને પાસ;
રુધીર લો ભરતારનુ, લાવી છુ સુવિલ્લાસ. ૧

પાછિ ફરી આવિ ઘરે, ત્રીકમણી કરે સંભાલ;
કુડ-કપટની કોથલી, સોર ક[રિ] તતકાલ. ૨

## ઢાલઃ- ૧૯, હો મતવાલે સાજણ-દેશી.

[૧]ફંદ માંડો વીનીતાઇ ઇસો, 'ધાઓ-ધાઓ વારમાં લાવો રે;
ચોર ગ્રહો મુઝ ભરતારણો, નૃપણે ખબર કરાવો' રે. ૧

ફંદ જો જો નારિતણો, કોઇ ન લહે પાર રે;
વાત જે નગરમાં વીસ્તરી, પોહતી રાજ-[૨]દુદ્ધા(વા)ર રે. ૨ ફં૦

રાજા સુણીને આવિઓ, આવિઓ માહાજણ સારો રે;
રાજા પ્રતિ માહાજણ કહે, 'કરુણા કરી કષ્ટ નીવારો' રે. ૩ ફં૦

ધડ ઉપર સીસ માડીઓ, રાયે કીદ્ધો ઉપાયો રે;
અવધ હતિ સવા પોહરણી, જીવતો એ નવી થાયો રે. ૪ ફં૦

કોલાહલ થોયો સેહમરાં, 'વિદ્યાવંત તેડાયો રે;
દ્રર્વ આપુ વલી તેહણે, જે કોઇ એહણે જીવાયો'રે. ૫ ફં૦

નારિ કહે 'સુણો રાજીયા! બલવુ પ્રીતમ સાથે રે;
જગમાં નહે પ્રીતમ કોઇને, તે [૩]જીવુ અનાથ'રે. ૬ ફં૦

ચાલી [૪]સુરી થવાને કાજે, ચારીત્ર પોતાનું જાણે રે;
વચન ભાખા લોકે ઘણા, તે પણ કોઇ ના માણે રે. ૭ ફં૦

---

૧. ઢોંગ. ૨. દ્વારે. ૩. જીવવું. ૪. સતી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રાજા પુછે વાતડી, 'તીહા તો છે તેમ રે;
ઇહાતો જુગત આકરી, એ વાતનું કહો કેમ રે?.' ૮ ફં૬૦

નારિ કહે 'સુણો રાજીયા! **ગાંગલી માલણ** નામે રે;
વાતણો સંદેહ ભાંજસે, જજો તેહણે ઠામે' રે. ૯ ફં૬૦

બલી મુઇ નારિ તીહાં, માહાજણ સહુ ઘરે આવે રે;
રાજાને મણ સંદેહ પડીઓ, માલણણે ઘરે જાવે રે. ૧૦ ફં૬૦

તીહાં આવિ રાજા કહે, 'ભાંગ્યો મુઝ સંદેહ રે;
ત્રીકમ-ત્રીયા કેમ બલી મુઇ? કારણ ભાખો તેહ'રે. ૧૧ ફં૬૦

માલણ કહે 'સુણો નરપતિ!, રાજ ફાયદો નથી એહ રે;
ચેડો ન લીજે નારિતણો, જાઓ પોતાને ગેહ'રે. ૧૨ ફં૬૦

રાઇ હઠ લીધો અતિ ઘણો, 'નારિ ચરિત્ર દેખાવો' રે;
[૧]અવિધ કરી દીન સાતણી, રાજા મોહતમા આવે રે. ૧૩ ફં૬૦

પટ્ટરાણી રાજાની કહી, રમે છે માલણ હાથે રે;
[૨]ફુફાદિક માલણ પોચાડે, ખેલે છે બીજા સાથે રે. ૧૪ ફં૬૦

અવધ થઇ દીન સાતણી, પુરી રાજાને ચટપટી લાગી રે;
દીન આથમે એણે સમે, સંધ્યા સમે તે બાગી રે. ૧૫ ફં૬૦

રાજા મોહલમાં આવીઓ, વાત જ રાણીને ભાખે રે;
'[૩]સકારુ રમવાણે અમે જાસું,' કપટ હીયામાંહે રાખે રે. ૧૬ ફં૬૦

ઢાલ થઇ ઓગણસમી પુરી, વાત જે આગલ થાઇ રે;
**સાંતસૌભાગ્ય** કહે એક ચતે, સાંભલો વાત કહેવાઇ રે. ૧૭ ફં૬૦

---

૧. અવધિ. ૨. પુષ્પાદિક. ૩. સવારે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દુહાઃ-

'હુ જાઇસ રમવા ભણી, વાટ મ જોસો કોઇ';
ઇમ કહી રાજા નેસરો, ચારીત્ર જોવા સોઇ. ૧

એકાકી રાજા નીસરો, આવે માલણ ઘેરે;
ઘરમાં રાયણે લેઇણે, સી કરે હવે [૧]પેરે?. ૨

## ઢાલઃ- ૨૦, કૃષ્ણજી ગામ પધારીયાને-દેસી.

માલણ કહે રાજા પ્રતે, 'પેહરો સ્ત્રીનો વેસો રે;
માલણ વીધ સીખવી, નરપતી તમ કરેસો રે. ૧ નારીચરીત્ર જોવો હવે.

[૨]દલવાણે આપુ રાજા પ્રતે, ઘંટીઇ બેસારો તામ રે;
રાણી નીશ્ચતપણે નીકલી, રમવાણે તે કામો રે. ૨ નારી૦

માલ[ણ]ને પાસે આવીને, રાણી ભાખે તામ રે;
'આજનો દહાડો નીશ્ચંતપણે, ભય નથી મુઝ સ્વામ'રે. ૩ નારી૦

ફુલ લેવાણે આવીઓ, માલણ ઘેરે તામ રે;
'ફુલ ગુંથી દો મુઝ પ્રતે, આગલથી લો દામ રે. ૪ નારી૦

છાબડી ભરી ફુલડે, આલો તુમો સ્વામ! રે;
કુણ ઉપાડે માહ રે? પોચાડો તણે ઠામ'રે. ૫ નારી૦

'માહરે તો ઘરે કામ છે, નવરુ નથી કોઇ રે;
મારી ભગણી આંધલી, તેડી જાઓ સોઇ રે. ૬ નારી૦

કાને તો બેહરી અછે, મુંગી છે વલી એહો રે;
પોચાડો પાછી તુમે, તેડી જાઓ તુમ ગેહ'રે. ૭ નારી૦

---

૧. યુક્તિ, રીત, તરકીબ. ૨. દળવા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આઘુ ઉઢાઢુ રાજા પ્રતે, છાબડી હાથમાં દીદ્ધ રે;
કપટ રચાવીને એહવું, દોરી સંગે લીદ્ધો રે. ૮ નારી૦

જાર પુરુષ આગે થયો, જીમ સુરદાસને દોરે રે;
રાજાને તમ દોરીને, આવો પોતાને ઘેરે રે. ૯ નારી૦

મોહલમાં પેઠો જેતલે, દીઠી પોતાની નારી રે;
પલંક ઉપરે બેઠી થકી, અપચ્છરાણે અવતારો રે. ૧૦ નારી૦

પલંગ ઉપર જઇ કરી, છાબડી મુકી તામ;
રાજાને દોરી કરી, બેસારો એક ઠામ રે. ૧૧ નારી૦

રાણી કહે 'એ કુણ છે ? કાઢો એહણે બારો' રે;
જાર પુરુષ વલતો કહે, 'આંધલી એ છે નાર રે. ૧૨ નારી૦

સર્વ લક્ષણ પુરિ અછે, એહની સંકા ન આણો રે;
મુંગીને વલી બોબડી, એહણા ફુટા છે કાણ'રે. ૧૩ નારી૦

વીનીતા ક્રીડા તાંહા કરે, દેખે છે મહીપાલો રે;
જીમ-જીમ દેખે રાજવી, હીયડે ઉઠે ઝાલો રે. ૧૪ નારી૦

સોગઠા પાસા મગાવીયા, રમવાણે તેણે ઠામ;
સોગઠા માંડા સ્યડા, હોડ પરઠે તામ રે. ૧૫ નારી૦

'હું હારુ જો તુમ થકી, [૧]લુંડી છે મુઝ સાથે રે;
ગણી કરી તુમો મારજો, દસ ઠાકર તસ માથે રે. ૧૬ નારી૦

તુમો હારો જો મુઝ થકી, તુમ સાથે માલણ તેહ;
દસ ઠાટ કરતણી સીસમાં, આપણે હોડ છે એહ'રે. ૧૭ નારી૦

આગલ સુણજો વાતડી, નારિતણા વીચારો રે;
વીસમી ઢાલ પુરી થઇ, **શાંત** કહે ઠગનારો રે. ૧૮ નારી૦

---

૧. લાકડી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દુહાઃ-

હાર-જીત પરઠી એહવી, રમવા બેઠા બેહ;
નારિ-ચરીત્ર નરખવા, રાજા નરખે તેહ. ૧

## ઢાલઃ- ૨૧, કે રાયજી અમને હીડુ આ રાજગરાસી- દેશી.

કે રાણીજી પરઠી હોડ એમ કે રમવા બે બેઠા રે લો,
કે રાણીજી સોના-રુપાના તેહ કે માંડા સોગઠા રે લો;
કે રાણીજી ચાલવણી કરે તેહ કે પાસા રણઝણે રે લો,
કે રાણીજી ખેલે છે વલી એહ કે ઉલટ અતિ ઘણે રે લો. ૧

કે રાણીજી પૂરો થઓ દાવ કે રાણી જીતી સાહા રે લો,
કે રાણીજી જંપે રાણી ઇમ કે 'જે હોડ તમે કહી રે લો;
કે રાણીજી લાવો માલણને ઇહ કે દસ ઠાકર વડુ રે લો,
કે રાણીજી નહિતર તુમ સાથે કે હું નીત્ય વડુ' રે લો. ૨

કે રાણીજી ઉઠીને લાવો તેહ કે માલણ આગે ધરી રે લો,
કે રાણીજી રાણી મારે સીસ કે દસ ટાકર ગણી કરી રે લો;
કે રાણીજી આઘુ ઉઠી તામ કે સીસ ધરી રહ્યો રે લો,
કે રાણીજી મુખથી ન જંપે તેહ કે નારિચરિત્ર લહ્યો રે લો. ૩

કે રાણીજી વેદના ખમે તેહ કે આંખ ચાંપી રહ્યો રે લો,
કે રાણીજી હાથ સાહીને તેહ કે નૃપણે પરો કરો રે લો;
કે રાણીજી રાણી જંપે એમ કે, 'આજ્ઞા દો મને રે લો,
કે રાણીજી ઘણી વેલા આજ કે થઇ મુઝને રે લો. ૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કે રાણીજી પોચાડ્યો ઇણે ઘેરે કે બાપડી એહણે રે લો,
કે રાણીજી આંધલી નારિ એહ કે એહને કો નહે' રે લો;
કે રાણીજી રાણીજી ઉઠીને કીદ્ધા સલામ કે ઘર જાયવા રે લો,
કે રાણીજી 'દોરી ચાલો તેહ કે ઘેર પોચાડવો રે લો. ૫

કે રાણીજી મુખ આવો ઘેરે કે માલણ ભણી'રે લો.
કે રાણીજી માલણ પુછે વાત કે 'દિઠી સ્ત્રીતણી'રે લો;
કે રાણીજી રાજા જંપે એમ કે પાછો ઉતર દીઇ રે લો,
કે રાણીજી 'દેખુ ચરીત્ર નાર કે દાઝુ છે હીઇ'રે લો. ૬

કે રાણીજી માલણ જંપે એમ કે 'તતૌ તમ કહી રે લો,
કે રાણીજી ચરિત્ર વીના જે નાર કે જગમાં કો નહી રે લો;
કે રાણીજી હીયડામાંહે વાત કે પ્રભજી! રાખજો રે લો,
કે રાણીજી પેખાણુ લક્ષણ એહ કે મત કોણે ભાખજો' રે લો. ૭

કે રાણીજી રાજા આવો ઘેર કે [1]નેપાઇણે રે લો,
કે રાણીજી સ્નાન કરવાણે તામ કે તેલ મગાઇણે રે લો;
કે રાણીજી રાજા તેડાવે તામ કે રાણીને તાહાં રે લો,
કે રાણીજી 'મોહલથી ઉતરો આજ કે તુમો આવો ઇહાં' રે લો. ૮

કે રાણીજી રાણી મન સંદેહ કે પડીઉ તવ સહી રે લો,
કે રાણીજી ત્રીજો હકમ થઉ તામ કે રાણી આવ્યા વહી રે લો;
કે રાણીજી હાથ ભરીને તામ કે તેલમર્દન કરે રે લો,
કે રાણીજી રાણીજી મસ્તક ચોલો તેલ કે વેદના બહુ કરે રે લો. ૯

કે રાણીજી રાણી સાંભલી તામ કે લાજા બહુ કરી રે લો,
કે રાણીજી સામવદન કરી તામ કે રાણી પાછી ફરી રે લો;
કે રાણીજી અપહરી વલી તામ કે દેસવટો દીઉ રે લો,
કે રાણીજી જેહ જેહણે વલી તેહ કે ફલ તે દીઓ' રે લો. ૧૦

---

૧. નીપજાવીને, પૂરી કરીને.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કે રાણીજી વિદ્યાધર કહે વાત કે કુમરને પ્રતે રે લો,
કે રાણીજી 'સાંભલીને એ વાત કે ધારજો ચિતે રે લો;
કે રાણીજી નીઠુર નારીની જાત કે ભાખે તુમો જાણજો રે લો,
કે રાણીજી સત વચન કરી એહ કે તુમો માણજો' રે લો. ૧૧

કે રાણીજી વલતુ બોલો કુમાર કે 'એ તમે સત કહો રે લો,
કે રાણીજી સઘલી સરખી નાર કે એહવી કો નહે રે લો;
કે રાણીજી તુ બંધવ મુઝ આજ કે ઉપગાર તમે કરો રે લો,
કે રાણીજી જીવત દીધુ દાન કે તમે જસ વરો રે લો. ૧૨

કે રાણીજી વીનીતા લુબધા જેહ કે દુખ તે લહે' રે લો,
કે રાણીજી ઇણી પરે ભાખે વાત કે વિદ્યાધર કહે રે લો;
કે રાણીજી એ ઝિલંતી ઢાલ કે એકવીસમી થઇ રે લો,
કે રાણીજી **શાંતસૌભાગ્ય** ઇમ કે કુમરની ચંતા ગઇ રે લો. ૧૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દુહાઃ-

ઇણીપરે ભાખે કુમર પ્રતે, વિદ્યાધર ચીત લાય;
સીખ માંગી કુમર પ્રતે, વિદ્યાધર ઘેરે જાય. ૧

વીનીતાઇ જાણી વાતડી, 'મુઝ કારણ ભરતાર;
જીવે આગ મત્તો એહણો, મરવા હું છું તયાર.' ૨

કંત પ્રતે વિનીતા [૧]કે, 'રાત અંધારી એહ;
[૨]અનત ઠામ જઇ રહ્યો, તુમને કહુ છું તેહ.' ૩

## ઢાલઃ- ૨૨, વિનય કરો રે સીદ્ધનાથનો-દેસી.

નારિ વચન એહવુ સાંભલી, ઉઠો-ઉઠો તીહાંથી કુમાર રે;
વીનીતા પ્રતે તે લેઇને, આવો-આવો દેશ મઝાર રે. ૧

મ મ કરો માયા એ નારીથી, કુડી-કુડી સ્ત્રીની જાત છે રે;
મીઠુ તે મુખથી રે બોલતી, કુડી-કુડી કરે છે વાત રે. ૨ મમ૦

નારિને કાજે જીવ આગમો, તે જાણે સહુ કોય રે;
સાંભલો ભવિ! તમે વાતડી, આગલ સું વલી હોય રે. ૩ મમ૦

કુમર નીકલો [૩]વની સોધવા, વીનીતા મુકી દેહરામાહે રે;
કુમર તીહાંથી નીસરો, પછવાડે સું થાઇ તાહે? રે. ૪ મમ૦

એક ઠામે નર તીહાં બોલતા, સાંભલી મયણમંજરી નાર રે;
'ઇહાં બોલે છે તે કુણ હોસે?,' બોલાવે તીણીવાર રે. ૫ મમ૦

નારી કહે 'તુમો જાતે કુણ છો? બોલો બોલો સાચની વાત' રે;
પુનરપી પાછો તે ઉચરે, 'અમે છુ કોલીની જાત' રે. ૬ મમ૦

---

૧. કહે. ૨. અન્યત્ર=બીજા. ૩. અગ્નિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'સે કારણ તુમો ઇહાં છપી રહા?, ભાખો-ભાખો મુઝને તે કામ'રે;
તસ્કર સાંભલી વલતુ બોલીયા, 'સાંભલ વિનીતા! સુઠામ રે. ૭ મમ૦

ચોર ભુજંગ જે મારિઓ, હુંતા ભાઇ તેહના ચાર રે;
ત્રણ્ય તો તેહણે મારિયા, એકલો હું રહો નીરધાર રે. ૮ મમ૦

વૈર લેવાને [૧]વાસે હુ ફરુ, લાગ ણથી પડો તે [૨]કાહે રે;
ચાર વરસ થયા જોવતા, લાગ પડો તો વનમાંહે રે. ૯ મમ૦

આજ હણીસુ કુમર પ્રતે, એહવો રાખો તો થાપ રે;
ઇણે અવસર વલી એહવે, તુઝને કરડો સાર્પ રે. ૧૦ મમ૦

તુ અચેતન થઇ પડી, મરવાને હુઉ કુમાર રે;
તાંહ રે અમે એહને નવિ હણો, ચંતો એમ મન વિચાર રે. ૧૧ મમ૦

''સહજે સાંકલ પરિ ઉતરે, કુણ કરે વલી ઘાત?'' રે;
એહવે વિદ્યાધર આવો તીહાં, સાજી કરી તુઝને જાત રે. ૧૨ મમ૦

તે માટે અમે સજ થયા, મારિસું એહ કુમાર રે;
વાત એ ભાખી અમે તુઝ ભનિ,' સાંભલી મંજરી નારિ રે. ૧૩ મમ૦

કર્મજોગે [૩]મત ફરી નારીની, ભાખે-ભાખે એહવા વચન રે;
'કોલ આપજો તુમો મુઝ ભણી, આપો તુમારો જો તન રે. ૧૪ મમ૦

કંતને મારી તુમ સાથે નેકલુ, વાત જો કરો તમે કબુલ રે;
તો એ વાત જ હુ આદરુ, એહવો કરો [૪]પ્રતિ [૫]કુલ' રે. ૧૫ મમ૦

તસ્કર જાણે કુડી વારતા, 'એ કેમ કરસે અકાજ? રે;
પારખુ જોવાને કારણે, આપણ કોલ છે આજ' રે. ૧૬ મમ૦

સુણજો ભવિ! તમો બાવીસમી, થાય જો વાત રે;
**શાંતસૌભાગ્ય** કહે એ સહી, નીઠુર સ્ત્રીની જાત રે. ૧૭ મમ૦

૧. વાસ્તે=માટે. ૨. ક્યારેય. ૩. મતિ. ૪. સામો. ૫. કોલ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**દુહાઃ-**

પારખુ જોવા સ્રીતનુ, કોલ દિધો તણીવાર;
'એ અકરાજ કેમ કરે? કેમ મારશે ભરતાર?. ૧

[1]વીની માંગો તસ્કર કણે, રુપ જોવા તણીવાર;
ચકમક તસ્કર પાડીઉ, દીપક કીદ્ધો નાર. ૨

ગુપત રાખો દીવો તીહાં, કંત ન જાણે તેમ;
સભા! સહુકો તુમો સાંભલો, ઘાત કરે હવે કેમ?. ૩

## ઢાલઃ- ૨૩, બેલડે ભાર ઘણો છે રાજ-દેસી.

ચોર વિચારે છે ચીતમા, 'કેમ કરસે એ ઘાત?;
નીસનેહી ને નીઠુર હોઇ, હોઇ [2]અસ્રીની એ જાત.' ૧
એવડો પ્રેમ દસે છે રાજ, નારીની કુડી માયા.

દીવો ઢાંકીને મૂકો, કુમર એહવે આવે;
વનિ લેઇ દેરામાં પેઠો, નારી તવ બોલાવે. ૨ એવડો૦

કુમર કહે વીનીતા પ્રતે, 'આજુઆલુ કેમ મેં દીઠુ?;
સંદેહ પડો મુઝને મનમાં, બોલ જ બોલો મીઠું.' ૩ એવડો૦

વીનીતા વલતો ઉત્તર આલે, મુખથી બોલે મીઠુ;
'પવને કરીને વની પ્રજલો, તમે તે અજુઆલુ દીઠુ, ૪ એવડો૦

વાયરાને જોગે કરીને, અજુઆસ પડો ભેતી;
બીજુ તો ઇહાં કોઇ નથી, માણજો સાચુ ચીતે.' ૫ એવડો૦

ખડગ આલુ નારિ હાથે, વીશ્વાનર મુકો હેઠો;
દીપક કરવાને કાજે, કુમર હેઠો બેઠો. ૬ એવડો૦

---

૧. વહ્નની=અગ્નિ. ૨. સ્ત્રીની.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ફુંકવા બેઠો કુમાર તાંહે, ઉભી થઇ તવ નારિ;
ખડગ [1]સમારી લીધુ હાથમેં, કરવા પ્રીઉ સંહાર. ૭ એવડો૦

મુષ્ટિ [2]ભરીને નાખુ અબલા, ભારવટે જઇ અડીઓ;
વીનીતાના હાથમાંથી [3]વછુટુ, ખડગ તે ભુઇ પડીઓ. ૮ એવડો૦

કુમર પુછે 'એ સું થયું?,' વીનીતા ઉત્તર આલે;
'ઉંધુ ખડગ મે તે ઝાલુ,' ઇણી પરે ઉતર વાલે. ૯ એવડો૦

ઇણી પરે પ્રીઉને ઉતર આલો, પ્રીઉને કીદ્ધો રાજી;
સ્ત્રી વાતો જે નર મા[ન]સે, તે નર નહી પણ પ્રાજી. ૧૦ એવડો૦

તસ્કર દેખી મનમાહે બીહણા, વાત જ દેખી [4]વીરુડી;
'કુમર માયા અધિકી રાખે, નારિની માયા કુડી. ૧૧ એવડો૦

ધિગ-ધિગ એ સંસારમાંહે, નારીની માયા જોડસે;
તે નરનો અવતાર જ એલે, માનવ ભવ જ ખોસે. ૧૨ એવડો૦

સગો નહી સંસારમાં કોઇ, સ્વારથના સહુ કો સગા;
સ્વારથ પુરો ન પડે તાહરે, ઉભા રહે જઇને અલગા. ૧૩ એવડો૦

એહ પુરુષ નારિને કાજે, મરતો નીશ્ચે આજ;
તે નારિ જુઉ તમો પ્રીઉને, મારવા કીઉ કાજ. ૧૪ એવડો૦

મોહણીકર્મ જે વસ પડીય, સંસારે રડવડીયા;
કુણ રાણો? કુણ રંક? જુ, જુઓ નારકીમાંહે પડીયા'. ૧૫ એવડો૦

**જતઃ-** એ એ મોહણીંદરકી રાજધાણી જ૦ગ૦

ચોર વિચારે ઇમ મનમાં, 'સઝાનુ એ કામ;
ધન-ધન જે નર નારિ મુકે, તેહણે કરુ પ્રણામ.' ૧૬ એવડો૦

---

૧. સરખુ કરીને, સીધુ કરીને. ૨. થી પકડીને. ૩. વછુટ્યું, છુટી ગયું. ૪. અનિષ્ટ, હલકી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વૈરાગદસા મનમા જાગી, ભાવઠ ભવણી ભાંગી;
નારિચરિત્ર તેણે એહવા જાણી, ઉતમ સુભ મત જાગી. ૧૭ એવડો૦

ઇમ જાણી બુઝે જે પ્રાણી, તે તરશે ભવ-સંસાર;
[૧]આવાગણ તે ના પામે, હુસે એકાવતારિ. ૧૮ એવડો૦

દેખી ચોરણુ મન વલીઓ, ત્રેવિસમી એ ઢાલ;
**સાંતસૌભાગ્ય** કહે સાંભલી, પ્રાણી! થજો તમે ઉજમાલ. ૧૯ એવડો૦

---

૧. આવાગમન.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દુહાઃ-

મન વિચારી ચો[રે]ટા, પાછા વલી તેહ;
વનમાંહે આવી કરી, સંયમ લે ગુણગેહ. ૧

## ઢાલઃ- ૨૪, વિષ મ રાચો રે પ્રાણીઆ- દેશી.

ઈમ મન જાણિને સંજમ આદરુ, લીદ્ધો સંજમ ભારો જી;
કુઆ પાલે રે અતી મન સંવરી, ઉતરસે ભવ પારો જી. ૧
નારિ સાથે રે નેહ નિવારજો.

પાંચણે પાલે પાંચણે સોદ્ધતો, બેને જીપે રે વિશેખ જી;
જે ચારિત્ર પાલે નીર-દુષણ સહી, અવગુણ નહી રેખ જી. ૨ નારિ૦

દુસમણ ચોરણે તે વલી વસી કરા, છએ પાલક સોય જી;
સાતણે ભય તેહ નીવારિઇ, તે જગ સોહલો રે હોય જી. ૩ નારિ૦

અષ્ટકર્મ રે જેહણે છોડવા, નવનો કીદ્ધો પ્રતિબંધ જી;
દસવીધ પાલે રે ખરા મન સુદ્ધો, તેરણે કીદ્ધા છે રદ્ધ જી. ૪ નારિ૦

ઇગ્યારે પાઠે બાર વલી, સીખીઆ ધરિ મન સનેહજી;
ઉગ્ર વિહાર રે મુનીવર તે કરે, પાવણ કીદ્ધી છે દેહ જી. ૫ નારિ૦

હવે વલી સુણજો રે વાત કુમારની, ચ્યાર પોહોર રહા તેણે ઠામ જી;
સુર ઉગમતે રે તે વલી ચાલીઓ, આવો પોતાણે ગામ જી. ૬ નારિ૦

પુર્વની વાત રે સઘલી ભાખીઓ, સંબંધ નારીનો તેહ જી;
સાંભલી વારતા સહુ ચમકીયા, 'ધન-ધન તુમ સનેહ' જી. ૭ નારિ૦

સુખ ભોગવે રે તે સંસારણા, પામી નારિને દોય જી;
પુન્યવંત પ્રાણી રે સુખ-સંપદ લહે, સુખ ભોગવે વલી સોય જી. ૮ નારિ૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અંગજ જાયા રે અતિ સોહામણા, પોહતી મન જગીસો જી;
ઉચ્છવ મોછવ તેણે બહુ કરા, તુઠા શ્રી જગદીસો જી. ૯ નારિ૦

ચોર ઋષીશ્વર વીચરતા આવીયા, આવ્યા વસંતપુર ઠામો જી;
પરિવાર લેઇ રમવા નેસરો, આવે રમવાને કામો જી. ૧૦ નારિ૦

ઇણી અવસરે કુમરે દેખીયા, કુમરે પેખ્યા તામ જી;
કુમર હેઠો અશ્વ ઉતરો, મુનીને કીદ્ધી સલામો જી. ૧૧ નારિ૦

પુછે કુમર, 'વૈરાગી કીમ થયા?, કારણ કહો મુનીરાયો!' જી;
કષ્ટ સહો છો સે તુમે કારણે, વાત કહો ચીત લાયો' જી. ૧૨ નારિ૦

વલતુ સાધુ ઇણી પરે બોલીયા, 'સાંભલ રાજકુમારો! જી;
અણજાણતા રે સાધુ બોલીયા, 'અગડદત્તાનો ઉપગારો' જી. ૧૩ નારિ૦

સાંભલી વારતા કુમર ચમકીયો, પુછે ફેરીને તામ જી;
'તુમણે તેહણો સંબંધ કેહણો?, કેમ પડીઓ તેહસું કામો?' જી. ૧૪ નારિ૦

'ભુજંગચોર તેહણે મારીઓ, હુતાં બંધવ ચારો જી;
ત્રણ્ય [૧]ખપાડા રે કુમરે તેહણે, હુ રહ્યો એકલો સારો જી. ૧૫ નારિ૦

વૈર લેવા છાણો હું ફરુ, લાગ ણ પામુ રે કાહે જી;
ચાર વ[ર]સ રે મુઝને થઇ ગયા, અવ[સ]ર લીધો વનમાંહે જી. ૧૬ નારિ૦

એહવે નારિને સાપે તેણે ડસી, મરવા હુઉ કુમારો જી;
''અમારુ કારજ સહેજે નીપજે,'' ઇમ કરો વીચારો જી. ૧૭ નારિ૦

ઉપગાર કીદ્ધો વિદ્યાધર તાહાં, આવ્યા દેહરા મઝારો જી;
વીની લેવાને કુમર નેસરો, અમે બોલાવે તેણી નારો જી. ૧૮ નારિ૦

---

૧. ખપાવ્યા, માર્યા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અમને પૂછ્યુ રે "સેં કામે છપી રહા?," અમે ભાખો વીરતંત જી;
"મુઝને સાથે રે લેઇ તુમો ચાલજો, તો મારુ મુઝ કંત"જી. ૧૯ નારિ૦

દીપક કીધો રે અમે વલી તીહાં, ઢાંકી રાખો રે તામ જી;
ઇણી અવસરે કુમર આવીઓ, આવ્યા તુમો સ્વામ જી. ૨૦ નારિ૦

ખડગ આપુ રે સ્ત્રીના હાથમાં, માંડો દીવા ઉપાયો" જી;
**શાંતસૌભાગ્ય** રે ઇણીપરે ઉપદેસે, ઢાલ ચોવીસમી થાયો જી. ૨૧ નારિ૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દુહાઃ-

'દીપક કરવા કારણે, કુમર બેઠો તામ;
ખડગ સમારિ નાખે તીહાં, વીનીતા કરે [1]કુકામ. ૧

ખડગ વાગો ભારવટે, પડીઉ ધરણી મઝાર;
કુમર પૂછે "એ સું થયું?," ઉતર આપે નાર. ૨

"અવલુ ખડગ મે ગ્રહુ", સમઝાવો તીણીવાર;
તેહ ચરિત્ર અમે દેખીને, અથર જાણ્યો સંસાર. ૩

વિનીતા કેરે કારણે, મરતો તો કુમાર;
નારિ તો તે તણી પરે કરે, એ અગડદત્તનો ઉપગાર.' ૪

## ઢાલઃ- ૨૫, મનમોહન મનમોહન પાવન દેહડી જી-દેશી.

ઇમ સાંભલી ઇમ સાંભલી કુમર તેહજી,
ઉઠી પ્રણમે ઉઠી પ્રણમે ઋષિના પાય હો;
'ઘણુ પ્યારો ઘણુ પ્યારો સાધુજી! તુમને જી. આંકાણી.
'તમે ભાખી તમે ભાખી સાધુજી! વાતડી જી,
સત્ય બોલો સત્ય બોલો ઋષિજી રાય હો ઘણુ૰. ૧

તે તો કુમર તે તો કુમર માહરુ નામ જી,
મે તો હણીયા મે તો હણીયા તુમચા ભાઇ હો ઘણુ૰;
તમે ખમજો તમે ખમજો એ અપરાધ જી,
તુમને કહુ તુમને કહુ ચીત લાઇ' હો ઘણુ૰. ૨

ઋષિ ચંતે ઋષી ચંતે એ મનમાંહે જી,
'અમે ભાખી અમે ભાખી વાત અજાણ હો ઘણુ૰;
તે એ કુમર તે એ કુમર આગલ ભાખીઓ જી,
આપવતિ આપવતિ કરવાને પચખાણ' હો ઘણુ૰. ૩

---

૧. ખરાબ કામ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કુમર ચંતે કુમર ચંતે એ મનમાંહી જી,
'ધિગ્ પડો ધિગ્ પડો એણે સંસાર હો ઘણુ૦;
મોહને પાસે મોહને પાસે વેટાણો જીવડો જી,
તે તો પડીયા તે તો પડીયા નારકી દુદ્ધાર હો ઘણુ૦. ૪

મારો સ્નેહ મારો સ્નેહ વિનીતા ઉપર ઘણો જી,
તણે કારણ તણે કારણ નવિ ગણી લાજ હો ઘણુ૦;
તેણે કારણ તેણે કારણ જીવ ખોતો સહી જી,
મે તો માંડો મે તો માંડો એ અકારજ હો ઘણુ૦. ૫

તો સી માયા તો સી માયા? નારિને સાથ જી,
મને ભાખી મને ભાખી વિદ્યાધરે તાંહે હો ઘણુ૦;
નવિ કીજે નવિ કીજે નારિ વિસ્વાસ જી,
નવિ આણો નવિ આણો [1]ભરુસૌ મનમાંહે હો ઘણુ૦. ૬

નવી જાણી નવિ જાણી કુડી નાર જી,
મુઝ ઉપર મુઝ ઉપર ઇણે કીદ્ધો ઘાત હો ઘણુ૦;
ઇણે ચલવુ ઇણે ચલવુ હીયડુ અગાધ જી,
નામ રાખ્યુ નામ રાખ્યુ જગમાં વિખ્યાત' હો ઘણુ૦. ૭

ઇમ ચંતે ઇમ ચંતે કુમર મનમાંહે જી,
'મને તારો મને તારો ગરીબનીવાજ? હો ઘણુ૦;
હુ તો પડીઓ હુ તો પડીઓ નારકીમાંહે જી,
હવે સારો હવે સારો આતમ કાજ હો ઘણુ૦. ૮

હવે [2]જાગો હવે જાગો સમકીત વાસના જી,
મુઝ દીજે મુઝ દીજે સમકીત દાન હો ઘણુ૦;
હવે [3]જાણો હવે જાણો અથર સંસાર જી,
ઉપસમણે ઉપસમણે હવે વખાણ હો ઘણુ૦. ૯

---

૧. ભરોસો. ૨. જાગી. ૩ જાણ્યો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તુમો રહજો તુમો રહજો ઇણે ઠામ જી,
ઘેર જીને ઘેર જીને પુત્રને પાસ હો ઘણુ૦;
તીણી આજ્ઞણા તીણી આજ્ઞણા માગી લાવીઈ જી,
વ્રત લેસુ વ્રત લેસુ તુમ પાસ' હો ઘણું૦. ૧૦

ઘરે આવે ઘરે આવે કુમર મલપતો જી,
પુત્રને પૂછે પુત્રને પૂછે વાતડી તામ હો ઘણુ૦;
'મુઝ આલો મુઝ આલો [આ]જ્ઞના પુત્ર! જી,
જીમ સારુ જીમ સારુ આતમાનુ કામ' હો ઘણુ૦. ૧૧

પુત્ર બોલે પુત્ર બોલે 'ભાખી સી વાતડી જી?,
કેમ પલસે કેમ પલસે? એ આચાર હો ઘણુ૦;
સંજમ દોહલો સંજમ દોહલો છે ઘણુ તાત જી!',
વલતી બોલી વલતી બોલી મંજરી નાર હો ઘણુ૦. ૧૨

'કેમ ત્રોડો કેમ ત્રોડો? પૂર્વનો નેહ જી,
હવડા પરખો હવડા પરખો માસ છ માસ હો ઘણુ૦;
ચોથી વયને ચોથી વયને સંજમ લીજીઇ જી,
હવડા કીજે હવડા કીજે વીનીતા વીલાસ' હો ઘણુ૦. ૧૩

કુમર બોલે કુમર બોલે 'સાંભલ કામણી જી!,
કુણ [૧]કેહણે કુણ કેહણે રાખે પાસ? હો ઘણુ૦;
સ્વારથ સગા સ્વારથ સગા જગમાં જાણીઇ જી,
જાસે એકલો જાસે એકલો જીવ નીરાસ હો ઘણુ૦. ૧૪

''સંસાર ભમીઓ સંસાર ભમીઓ વાર અનંતજી,
સગપણ સગપણ [૨]કોહથી ના રાખો હો ઘણુ૦;
આપ કરણી આપ કરણી સહુઇ તરે જી,''
ઇમ ભાખે ઇમ ભાખે સાસ્ત્રાણી સાખે હો ઘણુ૦. ૧૫

---

૧. કોને. ૨. કોઇથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અનુમતિ આલો અનુમતિ આલો સંજમ આદરુ જી,
જીમ સારુ જીમ સારુ આત્માનુ કામ હો ઘણુ૦;
ઘણુ તુમને ઘણુ તુમને મુખથી સું કહુ જી?,
જીમ પામુ જીમ પામુ '[1]મુગતનો ઠામ' હો ઘણુ૦. ૧૬

હવે લેસે હવે લેસે કુમર વ્રત સહી જી,
વલી કરસે વલી કરસે ઉતમ કામ હો ઘણુ૦;
**શાંત** કહે **શાંત** કહે પચીસમી એ કહી જી,
ઇમ છંડે ઇમ છંડે તેહણે પ્રણામ હો ઘણુ૦. ૧૭

૧. મુક્તિનું સ્થાન.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## દુહાઃ-

વીનીતાઇ વચન કહા ઘણા, નવિ માને કુમાર;
સંજમ લેવા કુમર થયો, મુકો ઘરણો ભાર. ૧

સમતા ખડગ અનુસરી, આવે ઋષીને પાસ;
ધાત વસ્તુ પરેહરે, સંજમ લે ઉલાસ. ૨

## ઢાલઃ- ૨૬, રાગ-ધનાસી.

અગડદત્ત ઋષીરાયા સંજમ વ્રત ગ્રહીય હે સુણ સસનેહિ! ભવીયણ!;
ગુરુ પાસે આવી સંજમ લીદ્ધો, આપનું કારજ કીદ્ધો હે સુણ૦. ૧

સતર ભેદે સંજમ પાલે, જ્ઞાન ક્રીયા અજુઆલે હે સુણ૦;
જીન મારગ સુદ્ધો નીહાલે, સંકા દુષણ ટાલે હે સુણ૦. ૨

જીવદયા મન સુદ્ધી પાલે, સમકીત દાન આલે હે સુણ૦;
ઉગ્રહ તપ કીદ્ધો છે જેહને, કર્મ [1]કટા છે તેહને હે સુણ૦. ૩

અનુક્રમે ભણા ઇગ્યારઈ અંગ, પાલે ચારીત્ર મન રંગ હે સુણ૦;
અંત સમે સંલેખણા કરી,. ગુરુ મુખે અણસણ ઉચરી હે સુણ૦. ૪

અંત સમે સુભ ધ્યાન જ ધરિઉ, નવમે ગ્રૈવક જઇ અવતરીઉ હે સુણ૦;
તીહાંથી ચવીને અવર તરસે, સંજમવ્રત લેસે હે સુણ૦. ૫

ઘણા જીવણે તે પ્રતીબોધ દેસે, મુગતપુરીમાહે રહસે હે સુણ૦;
એહવા ચરીત્ર જે નારિના જાણી, અલગા રહજો તુમો પ્રાણી! હે સુણ૦. ૬

મેતો કીદ્ધી છે બાલક્રીડા, હુ સું જોડી જાણુ? હે સુણ૦;
ગુરુને પસાઇ કરીને જાણુ, અગડદત્ત ઋષી વખાણુ હે સુણ૦. ૭

---

૧. કાપ્યા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**રાજસાગર સૂરીશ્વર** સીષ્ય, સકલ પંડીતમાહે દક્ષ હે સુણ૦;
વૃધ કરી નામે **વૃધસાગર સૂરીજી**, એ જ્ઞાનમા [1]મત જેહણી પુરી હે સુણ૦. ૮

**લક્ષ્મીસાગર સૂરિશ્વર** પટ્ટરાયા, **કલ્યાણસાગર** પદ પાયા હે સુણ૦;
વાચકમાંહે સીરોમણી જાણો, **સત્યસૌભાગ્ય** વખાણો હે સુણ૦. ૯

વાચક **ઇંદ્રસૌભાગ્ય** ગુરુરાયા, **વીરસૌભાગ્ય** પદ પાયા હે સુણ૦;
તસ પાટે ગુરુ એહ વીરાજે, જ્ઞાને કરીને ગાજે હે સુણ૦. ૧૦

**પ્રેમસૌભાગ્ય** ગુરુ સુપસાયથી, **શાંતસૌભાગ્ય** ગુણ ગાયા હે સુણ૦;
ઓછો-અધિકો જે મે કીદ્ધો, મીચ્છા મી દુકડં મે દીધો હે સુણ૦. ૧૧

પાટણમાહે એ ગુણ ગાયા, જીત નીસાણ વજાયા હે સુણ૦;
**નંદિસુત્રમાં** એ તુમો જાણો, તીહાંથી એ મે આણો હે સુણ૦. ૧૨

[2]સંવત -- સંજમ મણ આણો, નાગપંચમ જાણો હે સુણ૦;
છવીસમી એ કહી ઢાલ, હોજો મંગલમાલ હે સુણ૦. ૧૩

**।। इति श्री अगडदत्तचरित्रे द्वितीय खण्ड संपूर्ण : ।।**

૧. મતિ. ૨. હિ૦- અહિં વચ્ચેનું પદ ખૂટે છે. પરંતુ જૈ.ગુ.ક. પ્રમાણે ૨.સં. ૧૭૮૭ આપેલ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પરિશિષ્ટ

## રાસાન્તર્ગત સંસ્કૃત-પ્રાકૃત સુભાષિતો - અકારાદિ ક્રમે

| | રાસ ક્રમાંક | [1]કડી ક્રમાંક |
|---|---|---|
| अग्निकुण्डसमा नारी० | ७ | १२/५ |
| अनभ्यासे विषं शास्त्रं० | ४ | ५२ |
| अर्थनाशं मनस्तापं० | ४ | ४४ |
| अव्यये व्ययमायाति० | ४ | ५१ |
| उद्यमं साहसं धैर्यं० | ६ | ११० |
| कविरकविः पटुरपटु० | १० | ४८ |
| किं करोति नरः प्राज्ञः० | ६ | ७० |
| किंतु न जुत्तं एयं० | १० | १४१ |
| कुग्रामवासः कुनरेन्द्रसेवा० | ६ | ४२ |
| कुडिलं महिला-ललियं० | २ | ४ |
| को चित्तेइ मऊरं० | ४ | ११४ |
| | ५ | ४/१४ |
| | १० | ११५ |
| चक्कवट्टी य केसवा० | ७ | ११/१० |
| चत्तारि अयं पुरिसा० | ७ | १२/दू.३ |
| छिज्जउ सीसं तह होउं० | ४ | १३९ |
| | १० | १४१ |
| जणणी य जम्मभोमि० | १० | २४० |
| जरा जाव न पीडेइ० | ७ | १३/दू.१ |
| तावच्चिय होइ सुहं० | ४ | ६९ |
| तावत्पूज्यपदस्थितिः० | ८ | ३/२४ |
| त्यजेदेकं कुलस्यार्थे० | ६ | २७१ |
| त्रयः स्थानान्न मुञ्चन्ति० | ९ | १४५ |

१. અહીં જે જે રાસમાં સળંગ ક્રમાંક આપ્યા છે તે તે રાસના માત્ર કડી ક્રમાંક છે અને જે જે રાસમાં ઢાળ દીઠ જુદા જુદા ક્રમાંક છે ત્યાં પ્રથમ અંક ઢાળનો અને પછીનો અંક કડીનો છે. આપેલા ક્રમાંકો પછીનું પદ્ય નિર્દિષ્ટ સુભાષિત છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | રાસ ક્રમાંક | કડી ક્રમાંક |
|---|---|---|
| दर्शन हरते चित्तं० | ७ | १२/५ |
| दीसइ विविह-चरियं० | ६ | ११२ |
| दुर्जनः सर्पमातुल्यं० | ७ | ११/दू.२ |
| देवाण वरं सिद्धाण दरसणं० | ८ | ६/१ |
| धनकज्जं इत्थिकज्जं० | ७ | १५/१० |
| नदीनां च नारीनां च० | ६ | ३१० |
| न विश्वसेत् पूर्वविरोधितस्य० | ८ | ७/दू.८ |
| नियगरुयपयावपसंसणेण० | ४ | १२० |
| पण्डितोऽपि वरं शत्रुर्न० | ७ | १५/७ |
| पगि पगि० | ६ | १२१ |
| परिभम्मइ संसारे० | ७ | ७/४ |
| भोजनं घृतसारं० | ७ | ८/९ |
| मणोवियार बद्धइ० | ७ | १०/६ |
| माता कस्य पिता कस्य० | ७ | ११/दू.४ |
| माया अलियं लोहो० | ४ | १७९ |
| मित्रद्रोह-कृतघ्नस्य० | ६ | २९२ |
| राज्यं यातु श्रियो० | १० | १४१ |
| वसुधाभरणं पुरुषः० | ८ | १/३ |
| विद्या नाम नरस्य० | १० | ८७ |
| विणओ मूलं पुरिसत्तणस्स० | ४ | ११३ |
| | ५ | ४/१४ |
| | १० | ११५ |
| वेसाण मन्दिरेसु० | ५ | ५/४ |
| साली भरेण तोएण० | ४ | ११६ |
| सुप्रयुक्तस्य दम्भस्य० | ८ | ९/दू.४ |
| सुराश्च कृतविद्याश्च० | ८ | ७/दू.१३ |
| स्थानभ्रष्टा न शोभन्ति० | ६ | १४१ |
| स्वाम्यमात्यसुहृत्कोशो० | ८ | २/३ |
| हंसाः रज्यन्ते सरे० | ६ | १३५ |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# શબ્દકોશ

| | | |
|---|---|---|
| અંકતુલ | – | આંકડામાંથી નીકળતું રૂ (?) |
| અંકિ | – | ખોળામાં |
| અંગણ | – | આંગણું |
| અંગદ | – | દવા |
| અંગિત | – | ઇંગિત = સંકેત, ચેષ્ટા, રીતભાત |
| અંગીઠું | – | સગડી |
| અંઘોલ | – | સ્નાન |
| અંતર | – | ખબર, જાણકારી |
| અંદેસ | – | ચિંતા, વિચાર |
| અંદોહ | – | ચિંતા |
| અંધૂર | – | અંધારું |
| અંબર | – | વસ્ત્ર |
| અંબુ | – | પાણી |
| અઈસઉ | – | આવો |
| અઉ | – | અતઃ, આથી |
| અઉગુણ | – | અવગુણ |
| અઉર | – | અવર, બીજું |
| અકરા | – | આકરા |
| અકસઉ | – | આકસ્મિક |
| અકામ | – | અકાર્ય |
| અકાર | – | આકાર |
| અખતર | – | અનિષ્ટ, વિઘ્ન, નિંદ્યકાર્ય |
| અખલનઈ | – | અખંડ, દૃઢ, મજબૂત |
| અગડ | – | કૂવો |
| અગરો | – | સારા દિવસો (?) |
| અગલ્યઉ | – | નીકળી ગયું, ઊંધું વળી ગયું |
| અગાધિ | – | અગાધ |
| અગ્ગિ | – | આગ, અગ્નિ |
| અગ્યા | – | આજ્ઞા |
| અઘોર | – | ભયંકર |
| અચંભ/અચંભો | – | આશ્ચર્યકારી |
| અચંભમ | – | અચંબો, આશ્ચર્ય |
| અચ્છા | – | સ્વચ્છ |
| અચ્છિન | – | અવિરત |
| અછઈ | – | છો, છે |
| અછર | – | અપ્સરા |
| અછરાણ | – | નૃત્ય |
| અછેહ | – | છેડા વગરની, ખૂબ |
| અજ | – | આજે |
| અજિર્યઈ | – | અજીર્ણમાં |
| અજી | – | હજુ |
| અજ્જ | – | આજે, આર્ય |
| અટક | – | ખતરો, નડતર, ટેક પ્રતિજ્ઞા |
| અટકલી | – | નક્કી કરી |
| અટાલ | – | અટારી, અગાસી |
| અડિગ | – | દૃઢ, મજબૂત |
| અઢાલી | – | મેડી |
| અણંગ | – | અનંગ, કામદેવ |
| અણખુટે | – | આયુષ્ય ખૂટ્યા પહેલા |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અણપ્રીછિઉં — ઓળખ વિના, સમજણ વિના
અણમણો — ઉદાસ
અણાથિ — અન્ + આથી = નિર્ધનતા
અણીયાલા — અણીદાર, તીક્ષ્ણ
અણુઅરિ — કુંવારી કન્યા
અણૂરત — ઉણપ
અણ્યઉ — લઈ આવ્યો
અતાર — કેફ ચડેલ, એકચિત્ત ન હોવું તે
અતિસ — અતિશય
અતિસાર — અતિશય, ઘણું સારું
અત્થાહ — અથાગ
અત્થિ — અર્થે, માટે
અથાહ — અગાધ, ગીચ
અથાહિ — અથાગ
અદૂસ — નિર્દોષ
અધસસતો — અડધા શ્વાસ લેતો
અધિલૂ — અર્ધું
અધિવાસ — ઉપરનો વાસ
અધુર — અધર, હોઠ
અન — અન્ય, બીજું
અનગલ — પુષ્કળ
અનગારા — અણગાર
અનમિષ — અનિમેષ, અપલક
અનવસરઈ — અવસર વગર
અનિ — અન્ય, અને
અનુકાર — સમાન
અનુશાર — સમાન
અનુસારઈ — સરખાપણું
અનુહારા — સમાન
અનેથ/અનેથિ — અન્યત્ર, બીજે
અન્ન — અન્ય
અન્યા — દોષ, વાંક
અનત — અન્ય, બીજો
અપ-હસ્તિ — અપર = ડાબા હાથથી
અપચારિ — વ્યભિચારી
અપછર — અપ્સરા
અપસર — દૂર હટી જા
અપહરી — દૂર કરી
અપ્પનઈ — પોતાનું
અપ્પિઉ — આપ્યું
અપ્રમાણ — નિષ્ફળ
અબીર — અબીલ =એક પ્રકારનું સુગંધદાર સફેદ ચૂર્ણ
અબીહ — નિર્ભય, નીડર
અભિયાય — અભિપ્રાય
અભિયોગી — ઉપાય, પેરવી
અભિરામ — સુંદર
અભીર — નીડર
અભુઓ — અજાણ
અમરસ/અમરસિ — અમર્ષ, ક્રોધ, રીસ
અમલ — અસર, પ્રભાવ
અમાં — અમને
અમુલિક — અમૂલ્ય, અણમોલ
અમૃતી — કોઈ વાજીંત્ર
અમ્હચાં — અમારા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અમ્હો — અમે
અયાણ — અજાણ
અરગજઉ — આછા-પીળા રંગનું અત્તર
અરગલા — આગળીયો, ભોગળ (અર્ગલા)
અરણી — સૂકું લાકડું
અરધ — અર્ધ, અડધું
અરસનઈ — આકાશને
અરહટ — અરઘટ્ટ, રેંટ
અરાધુ — આરાધક
અર્ભુઓ — અજાણ
અલંગ — સવારી
અલગો — આઘો, દૂર
અલજુ — ઉત્કંઠા, ઝંખના
અલજો — આતુરતા
અલપ — અકાળ મરણ
અલપ — અલ્પ, થોડું
અલવેથી — હળવેથી
અલિ — અલીક, અસત્ય, ખોટું
અલેષો — સમગ્ર
અવગાહિઉ — ડહોળી નાખ્યું, ખુંદી નાખ્યું
અવચૂલ — ચામર
અવત્થા — અવસ્થા
અવદાત — યશસ્વી વૃત્તાંત, ચારિત્ર દેદીપ્યમાન
અવધાન — એકાગ્રતા
અવધારિયઈ — અવધારો, સ્વીકારો
અવધિ — અવધિ, મર્યાદા
અવધૂત — યોગી
અવર — અવળા = ઊંધા મુખવાળી
અવર — બીજાને
અવરાઈ — અટકાવ્યો
અવસ — અવશ્ય
અવહાથે — ડાબા હાથે
અવાસ — આવાસ, ઘર
અવિઘટ — અતૂટ, અવિયુક્ત
અવિચલ — શાશ્વત
અવિરલ — અસ્ખલિત રીતે, અખંડપણે
અવિહડ — અખંડ, અતૂટ
અવેસાસ — અવિશ્વાસ
અશુચ્ય — અશુચિ
અસંખી — નીડર (યોગી ?)
અસંજમ — અસમંજસ
અસંભમ — અસંભવ, અશક્ય
અસણ — આસન
અસરાલ — અત્યંત, પુષ્કળ, પૂર્ણ
અસરાલ — લગાતાર, સતત
અસરીખી — અસદૃશ, અસમાન
અસવાર — અશ્વવાર, ઘોડેસવાર
અસહાસ — સાહસ
અસાભ્માસ — અભ્યાસ
અસિ — તલવાર
અસુર — મોડું
અસેસ — સમગ્ર, બધું



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| **અસ્ત્રી** | — સ્ત્રી |
| **અહાં** | — અહીં |
| **અહાણીસી** | — અહોનિશ, રાત-દિવસ |
| **અહિઠાણો** | — આધાર |
| **અહિના** | — સાપથી |
| **અહિનાણ** | — અભિજ્ઞાન, નિશાની |
| **અહિનાણઈ** | — નિશાની મુજબ |
| **અહિનાણી** | — નિશાની |
| **અહેઠાણ** | — સ્થાન, નિશાની |
| **આથઈ** | — ધનથી, પૂંજીથી |
| **આંક** | — અપરાધ, ગુનો |
| **આંચ** | — ગરમી |
| **આંડણ** | — ઢીંચણીયું |
| **આંધે** | — આંધળો |
| **આઈ** | — માતા |
| **આઈ** | — આવી, આવીને |
| **આઈ પર્યઉ** | — આવી પડ્યો |
| **આઉ** | — આવ્યો |
| **આક** | — આકડો |
| **આકલી** | — આકુળ |
| **આકુડી** | — આકૃતિ, રૂપ |
| **આકૃત** | — ચહેરો, મુખ |
| **આખઈ** | — કહે છે |
| **આખડઈ** | — લડે છે |
| **આખડી** | — નિયમ, પ્રતિજ્ઞા |
| **આખુડઈ** | — અફડાય છે |
| **આગઉ** | — આગળ |
| **આગણા** | — આજ્ઞા |
| **આગમિ** | — આગમનથી |
| **આગમો** | — ઉત્પત્તિ, જન્મ |
| **આગરા** | — ભંડાર |
| **આગરુ** | — ભંડાર |
| **આગિ** | — અગ્નિ |
| **આઘા** | — દૂર, નજીક |
| **આઘો** | — આગળ |
| **આછટ નાખ્યો** | — પછાડ્યો |
| **આછટઈ** | — પછાડવું, ખંખેરવું, પ્રહાર કરવો |
| **આછી** | — સુંદર |
| **આણ** | — આજ્ઞા |
| **આણઉ** | — આણ્યો, લઈ આવ્યો |
| **આણી** | — લાવી |
| **આણુ** | — લઈ આવું |
| **આતે** | — અતિ |
| **આથણી** | — ગોરસ, દૂધ-દહીં (?) |
| **આથિ** | — ધન, વૈભવ |
| **આદ** | — આદિ |
| **આદ્ધાર** | — બંધન |
| **આધાન** | — ગર્ભાધાન |
| **આધુ** | — અર્ધ, અડધું |
| **આધુ** | — અર્ધે સુધી |
| **આધોઆદ્ધ** | — અડધોઅડધ (પૂરેપૂરું ?) |
| **આનંદ્યા** | — ખુશ થયા |
| **આપ** | — પોતાને |
| **આપ** | — પોતે, જાતે, સ્વયં |
| **આપણઈ** | — પોતાનું |
| **આપણપઈ** | — જાતે, પોતે |
| **આપણા** | — પોતાના |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| **આપમતિ** | — પોતાની બુદ્ધિથી |
| **આપોઆપ** | — આપખુશીથી, સહજતાથી |
| **આપોહ** | — અપોહ = વિચાર |
| **આફલઈ** | — અથડાય છે |
| **આફલીયઉ** | — આફળ્યો, યુદ્ધ કર્યું |
| **આફાલ્યઉ** | — અફડાવી, પછાડી |
| **આભા** | — વાદળ |
| **આભાણક** | — કહેવત |
| **આમ્હો-આમ્હા** | — સામ-સામા |
| **આય** | — આવીને |
| **આય-ઉપાય** | — ઉપાય |
| **આયસ** | — આદેશ |
| **આયસ** | — લોઢાનો |
| **આરખ** | — સમાન |
| **આરણ** | — સૈન્યની પ્રથમ હરોળ |
| **આરા** | — કિનારા |
| **આરામ** | — બગીચો |
| **આરામિક** | — માળી |
| **આરામુખ** | — અણીદાર મુખવાળું લોઢાનું અસ્ત્ર |
| **આરિ** | — એક જાતનું હથિયાર |
| **આરેખે** | — આરક્ષકે = રખેવાળે |
| **આરુહિ** | — આરૂઢ થઈને |
| **આલ** | — ફોગટ, વ્યર્થ |
| **આલ** | — યુક્તિ |
| **આલંગે** | — આલિંગન આપ્યું |
| **આલવિ** | — આલાપ કરે, ગાય, વગાડે |
| **આલાછંદ** | — છળકપટ |
| **આલિ** | — વ્યર્થ, નક્કામું |
| **આલેં** | — વ્યર્થ ગયું |
| **આલ્યંઘન** | — આલિંગન |
| **આવાગણ** | — આવાગમન, પુનર્જન્મ |
| **આવ્યા ધસી** | — ધસી આવ્યા = જલદી-જલ્દી નીકળ્યા |
| **આસંક** | — આસંકા, ડર, ગભરાટ |
| **આસંગ** | — દર્દ |
| **આસતા** | — આસ્થા, શ્રદ્ધા |
| **આસનિ** | — નજીક |
| **આસન્નતરુ** | — એકદમ નજીકના, અત્યંત સમીપના |
| **આસાસઈ** | — આશ્વાસન આપે છે |
| **આસિ** | — આશાવાન |
| **આસી** | — આવશે |
| **આસુ** | — આસો મહિનાના |
| **આસ્ચર્જિઉ** | — આશ્ચર્યચકિત થયા |
| **આસ્યા** | — આશા |
| **આહાં** | — અહીં |
| **આહું** | — આવા પ્રકારનો |
| **ઈખુવાડ** | — ઈક્ષુવાટ, શેરડીની વાડી |
| **ઈછ્યા** | — ઈચ્છા |
| **ઈટ્ઠ** | — ઈષ્ટ |
| **ઈસા** | — એવા |
| **ઈહ** | — ઈચ્છા |
| **ઈહાંતે** | — અહીંથી |
| **ઈ** | — તેની |
| **ઈણિ** | — આ |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઈણિકઈ — આની
ઈત-ઊત — આમ-તેમ
ઈભ્ય — શ્રેષ્ઠિપુત્ર
ઈશ્ર્વ — ઈશ્વર = ધનાઢ્ય
ઈશ્વર — ધનવંત
ઈસ — આ રીતે
ઈસઉ — એવું
ઈસકર — આથી કરીને
ઈસર — ઈશ્વર, ધનાઢ્ય, શંકર
ઈસિઉ — એવું
ઈસૂર — ઈશ્વર
ઈહણ — યાચક
ઉંઘાનું — ઊંઘવાનું = સુવાનું
ઉંતેઉરી — અંતઃપુરી = રાણીઓ
ઉંબર — ઉંબરાનું ઝાડ
ઉકડૂ હુઈ — ઉત્કટુક = ઉભડક પગે બેસીને
ઉકલી — ઉછાળીને
ઉખાણો — કહેવત
ઉઘડી — ખુલી
ઉચરિ — કહે
ઉચાટ — અકળામણ, દુઃખ, શોક, ચિંતા
ઉચ્છંગ — ખોળામાં
ઉચ્છક — ઉત્સુક
ઉછરંગ — ઉત્સાહ, આનંદ
ઉછાહ — ઉત્સાહ
ઉછાહિ — ઉત્સાહી
ઉછી — ઓછી
ઉજઉ — ઉપાધ્યાય
ઉજમ — ઉદ્યમ, ઉમંગ
ઉજાતો — દોડતો
ઉઝકી — ઉછળી
ઉઝા — ઉપાધ્યાય
ઉઠ — સાડા ત્રણ
ઉઠો — ઓઠીંગણ, આશરો
ઉઢણા — ઓઢવાના વસ્ત્ર
ઉણઈ — તેણે
ઉતરીય — ઉપરના ભાગે પહેરવાનું વસ્ત્ર
ઉતારી — ઉતારો
ઉત્તપત — દુઃખી (?)
ઉત્પતીનઈ — ઉડીને
ઉદમ — ઉદ્યમ
ઉદાર — અતિશય
ઉદારુ — વિશાળ
ઉદાલઈ — ઉડાડે છે
ઉધડનો — ઉન્માદી, ગાંડપણવાળા
ઉનમીલ — ખીલેલું
ઉપ — નજીક
ઉપચારે — એકત્ર કરે
ઉપચિત — મજબૂત
ઉપન્ન — ઉત્પન્ન
ઉપહિરો — ચડીયાતો
ઉપાઈયઈ — ઉત્પન્ન કરે
ઉપાયઈ — ધરી, ભેટ આપી
ઉપાયુ — ઉપજાવ્યું, ઉત્પન્ન કર્યું
ઉપાયો — ઉપજાવો



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ઉબારો** — ઉગારો, બચાવો
**ઉભગઉ** — ઉદ્વિગ્ન થયો, અરુચિ થઈ
**ઉભગા** — ઉદ્વિગ્ન થયા
**ઉભજ્યો** — ઉમંગથી
**ઉભલા** — ઊભા રહ્યા
**ઉમયા** — ઉમિયા, પાર્વતી
**ઉમહઈઓ** — ઉમંગ થયો, ઉત્સાહિત થયો
**ઉમહિઓ** — ઉત્સાહિત થયો
**ઉમ્મગ્ગિ** — ઉન્માર્ગમાં
**ઉમ્હા** — ?
**ઉયારણાં** — ઓવારણાં
**ઉર** — ની તરફ
**ઉરઈ-પરઈ** — આમ-તેમ
**ઉરડી** — ઓરડી
**ઉરસ્થિલિ** — છાતીએ
**ઉર્ગ** — ઉગ્ર
**ઉલંભ** — મહેણાં
**ઉલટ** — આનંદ, ઉમંગ, હોંશ, ઉત્સાહ
**ઉલલતઉ** — ઉછળતો
**ઉલાલતઉ** — ઉલાળતો, ઉછાળતો
**ઉલિ/ઉલી** — શ્રેણી
**ઉલ્ટ્યૌ** — પાછું આવ્યું, ફરીથી આવ્યું
**ઉલ્હરઈ** — છલકાય છે
**ઉલ્હસે** — ગભરાય (?)
**ઉવંગ** — એક જાતનું વાજું
**ઉવલેખી** — ઉપેક્ષા કરીને, છોડીને
**ઉવાદીઠી** — જોઈ
**ઉવાલઈ** — ઉતાર્યો, ઓળવ્યું, છુપાવ્યું
**ઉસસી** — આવેશપૂર્વક
**ઉસૃંખલ** — ઉચ્છૃંખલ
**ઊગટણઉ** — સુગંધી વિલેપન
**ઊગલ** — ફેંકાઈ ગઈ
**ઊણિમ** — ઊણપ, ઓછપ
**ઊનહુ** — ઊંચે ચડ્યો
**ઊનાડ** — તોફાની
**ઊફરાટો** — ઉલ્ટી દિશામાં, અવળો
**ઊમાહ** — ઉમંગ, ઉત્સાહ, હોંશ
**ઊલટી** — ઊભરાય છે
**ઊલટી** — ઊમટી, ઉલ્લસિત થઈ
**ઊવરઈ** — બાકી રહે
**ઊસના** — ભ્રષ્ટ થયા, ભૂલા પડ્યા
**ઊસીસૂ** — ઓશીકું
**એક** — એકલી, એકાકી
**એકઠા** — સ્થિર
**એકતાણ** — એકતાન
**એકલડઈ** — એકલાએ
**એકલમલ** — એકલવિહારી
**એકિએલ્લ** — એકલો
**એગ** — એક
**એતઉ** — એટલું
**એતી** — એટલી
**એથિ** — એથી, એટલા માટે
**ઓગલ્યો** — નીકળી ગઈ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| **ઓઝઉ** | — ઓજ્ઝાય = ઉવજ્ઝાય = ઉપાધ્યાય |
| **ઓઠાડી** | — ઉઠાડી, જાગૃત કરી |
| **ઓઠી** | — ઊઠી |
| **ઓડા** | — અટકાયત કરું છું |
| **ઓપઈ** | — દીપે છે, શોભે છે |
| **ઓભો** | — ઊભો |
| **ઓલગ** | — સેવા, ચાકરી |
| **ઓલિ** | — આવલી, શ્રેણી |
| **ઓસર** | — અપસર, દૂર હટ |
| **ઓસરઈ** | — દૂર હટ્યો |
| **ઔદ્રકઈ** | — ? |
| **કંકર** | — કોઈ પક્ષી (?) |
| **કંકલોહ** | — મજબૂત લોઢું |
| **કંચુક** | — દ્વારપાળ, અંગત સેવક |
| **કંટ** | — કંઠે |
| **કંટા** | — કાંટા |
| **કંત** | — કાંત, મનોહર |
| **કંતાર** | — વન, જંગલ |
| **કંતિ** | — કાંતિ, આભા |
| **કંદલ** | — ઝઘડા |
| **કંબ** | — કાંબી, નેતરની પટ્ટી |
| **કંબા** | — કાંબી = સોટી, પટ્ટી |
| **કંસાલ** | — કાંસલા, મંજીરા |
| **કઉણ** | — કોણ |
| **કચપચ** | — ન સમજાય તેવો અવાજ |
| **કચોલ** | — પ્યાલા, કંકાવટી |
| **કચોલી** | — ફૂલદાની |
| **કજ્જ** | — કાર્ય |
| **કટક** | — સૈન્ય |
| **કડછ્યા** | — કસીને પહેર્યા |
| **કડણે** | — પર્વતના ચડાવ-ટૂંક પર |
| **કડિલી** | — નાનુ કડું |
| **કડી** | — કડો |
| **કણ** | — ભિક્ષાન્ન |
| **કણયર** | — કણેર |
| **કણયરી** | — કણેર |
| **કણવિર** | — કણેર |
| **કણા** | — કાન |
| **કણીયા** | — કરીયાણાના વેપારી |
| **કતોહલ** | — કુતૂહલ, વિનોદ |
| **કથી** | — કહી |
| **કનારે** | — કિનારે |
| **કપાટ** | — કમાડ = દરવાજો |
| **કપાલી** | — સંન્યાસી |
| **કપોલ** | — ગંડસ્થળ |
| **કફા** | — ગુફા |
| **કબરી** | — ચોટલો |
| **કબાહિ** | — જરીયન વસ્ત્રો અને અલંકારો |
| **કબી** | — કાંબી-સોટી |
| **કમકઈ** | — ધ્રૂજવા લાગ્યા |
| **કમલસેન** | — વિષ્ણુ |
| **કમારૈ** | — કુમારે |
| **કમી** | — ખામી |
| **કર** | — પામીને |
| **કરઈ** | — હાથમાં |
| **કરણ** | — કર્ણની |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કરતા — કર્તા = ભગવાન
કરતાર — કિરતાર, પરમાત્મા
કરભિ — ઊંટ પર
કરમી — ભાગ્યવાન
કરલ — વાળ, વાળનો ગુચ્છો
કરવાલ — તલવાર
કરસુંડા — હાથીની સૂંઢ
કરહા — ઊંટ
કરીય — કરીને
કરુર — ક્રૂર
કલિ — કળિકાળ
કલી — ઓળખી
કલીયઉ — અતિ પીડા પામ્યો
કલોલ — આનંદ
કલ્યુ — કળ્યું, જાણ્યું
કલ્હાર — સફેદ સુગંધી કમળ
કવઈ — વર્ણવી, રચી
કવડો — કડવો
કવણ — કોણ
કવલિ — પુસ્તક વીંટવાનું વાંસની પટ્ટી અને કપડાનું બનાવેલું બંધન
કષાંબર — ભગવા રંગનું વસ્ત્ર
કસઈ — અજમાવે, કેળવે
કસટીરઈ — પીડાના
કસમસિ — કીસમીસ
કસૂધા — ?
કસે — પીડે, ક્લેશ આપે
કસોટી — પરીક્ષા, લક્ષણ
કસ્યું — કેવું
કહર — મોત
કહિનાઈ — કહેવાય
કહી — ક્યાંય
કહુઓ — કહ્યો
કહેની — કથની
કાંઠલા — ઘરેણાં
કાંપ — કંપા =દયા
કાછ — કછોટો, કાયા
કાછડી — કછોટાએ
કાછેલા — કચ્છના
કાઠયંત્રે — કાષ્ઠથી બનાવેલ યંત્રમાં
કાઠી — કષ્ટપૂર્વક =મજબૂત
કાઠો — કઠણ, મજબૂત
કાણ — કાન
કાણઈ — બાણથી
કાતા — કારતક માસ
કાતી — તીક્ષ્ણ ધારવાળી છરી, નાની તલવાર
કાથ — જીવતર
કાપડ — સંન્યાસ-વેષ ધારણ કરનાર
કાપડી — કાર્પટિક = સાધુ
કામડુ — કામદુહ = કામધેનુના
કામસ — કાળો
કાયી — કાયર
કાર/કારી — આજ્ઞા, પ્રયત્ન, યુક્તિ, આબરુ, શરમ, લાજ
કારણ — કરનાર



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કારમિઉ — કારમું = વ્યર્થ
કારા — આજ્ઞા
કાર્ણ — કારણ
કાલ — કાળ સર્પ, મૃત્યુ, યમરાજ
કાસ — નડતર, આડખીલી
કાહે — ક્યારેય
કિઉં — શું
કિચરકા — કાદવ-કીચડ
કિતલઉઈક — કેટલાક
કિતેરકેટે — કોઈ રાજાએ (?)
કિરતઉ — કેટલોક
કિરાડ — શિયાળ
કિરાત — ભીલ, આદિવાસી
કિરાલ — વિકરાલ, ભયંકર
કિલેસ — ક્લેશ
કિવિણા — કૃપણતા
કિસલય — કુંપણ
કિસિઉં — કેવું, ક્યું
કિહિની — કોઈની
કીચદ — કીચડ
કીદો — કીધો = કર્યો
કીધું — બોલી
કીયઈ — કરાવ્યું
કીર — ક્લીબ, નપુંસક
કીરો — કિરાત = ભીલ
કીલા — ખીલ્લા
કુંકમરોલ — કંકુનો છંટકાવ
કુંચી — ?(ભેટણાં, નજરાણાં ?)
કુંચી — ચાવી
કુંભિ — હાથી
કુઆ — વિશુદ્ધ (?)
કુછ — કાંઈક
કુડ — દુષ્ટ, કપટી
કુડઆગાર — કપટનું ઘર
કુડી — ખોટી
કુઢી — શોક કરી-કરીને
કુતિ — કૌતુક
કુતિગિ — કૌતુકથી
કુદ્ધ — ક્રોધે ભરાયેલ
કુમલાણી — કરમાણી
કુમિત — કુમિત્ર
કુયડો — કૂડું, ખોટું
કુર — ભાત, ભોજન
કુરના — કરુણા
કુરે — આક્રંદ કરે
કુર્ણા — કરુણા
કુલ — કોલ
કુલજાકું — કુલવાનને
કુવિષણ — કુવ્યસની
કુવિષ્ણ — કુવ્યસન
કુસંભ — કસુંબો, અફીણ
કુસમ — કુસુમ, પુષ્પ
કુસલાત — કુશળ-ક્ષેમ
કુસલામણા — તંદુરસ્તી, સુખ
કુહુ — કહે
કૂપ-મીંડક — દેડકો
કૂર — અનાજની કણકી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૃપણ — દીન, ગરીબ
કેકાણ — ઘોડા
કેડ — પીછો
કેડઈ — પાછળ
કેડિ — કેડે, પાછળ, પીછો, તપાસ
કેડે — પાછળ
કેત — કેટલા
કેતા — કેટલાક
કેતુ — કેટલું
કેતેકે — કેટલોક
કેથિ — ક્યાંથી
કેરઉ/કેરું/કેરો/કેરી/કેરા — નું, નો, ની, ના (ષષ્ઠીદર્શક પ્રત્યય)
કેરડો/કેરડું/કેરડી/કેરડા — નો, નું, ની, ના (ષષ્ઠીના પ્રત્યય)
કેરતાર — કિરતાર, કર્તા, પ્રભુ
કેલઉ — ક્રીડા કરતો
કેલહરઈ — ક્રીડાગૃહમાં
કેલિ — ક્રીડા
કેવિ — કેટલાક
કેસ — કેશ, વાળ
કેહણે — કોને
કેહરિલંકી — કેસરી = સિંહ જેવા કમરના વળાંકવાળી
કૈતવી — શઠતાથી
કોઈલ — કોયલ
કોઈલહ — કોયલ
કોટડી — કારાગૃહ
કોટીધજ — કરોડાધિપતિ
કોઠાર — ધનભંડાર, ખજાનો
કોડી — કોડ, ઈચ્છા
કોણઈ — ખૂણામાં
કોતિગ — કૌતુક
કોર — બાજુ
કોરડા — કોરા મનવાળા
કોલ — કોયલ
કોશ — સોનારૂપાના દાગીના
કોસીસ/કોસીસા — કોશીર્ષ =કાંગરા
કોહઈ — પર્વત સમાન (?)
કોહથી — કોઈથી
કોહો — કર્યો
કૌર — કિંમતી (?)
ક્રડા — ક્રીડા
ક્રયા — ક્રિયા
ક્ષત્તરિ — ક્ષત્રિય
ક્ષત્રચાર — ખાતર પાડીને ચોરી કરવી
ખંડ — ખાંડીને = કચડીને
ખંડિ — તોડીને
ખંડીઓ — મારી નાખ્યો
ખંતિ — હોંશ
ખંધાર — છાવણી, શિબિર
ખંધે — સ્કંધ પર
ખંપણ — કલંક
ખગ — ખડગ, તલવાર
ખગી — વિદ્યાધરે
ખગ્ગ — ખડગ, તલવાર



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ખગ્ગ** — ખડગ, તલવાર
**ખચર** — ખેચર, વિદ્યાધર
**ખચરિંદો** — ખેચરેન્દ્ર, વિદ્યાધર રાજા
**ખડક્કઉ** — ખખડાવ્યું
**ખડકી** — એક પર એક ચડાવીને
**ખડહડિઓ** — લડથડ્યો
**ખડોખલી/ખડોકલી** — હોજ, ક્રીડા માટેની નાની વાવ, નાનો કુંડ
**ખડ્યૌ** — ચાલ્યો, દોડ્યો
**ખત્રી** — ક્ષત્રિય
**ખદ્ધ** — કરડેલ
**ખપ** — પ્રયત્ન
**ખપાડું** — મારુ, મારી નાખું
**ખમો** — ક્ષમા કરો
**ખમ્યઉ** — ખમ્યો
**ખયરા** — ખેર = તરત જ (?)
**ખરઉ** — ખરો, સાચો
**ખરચાઈ** — વપરાય
**ખરમાંસેવ** — એક જાતની મિઠાઈ
**ખરમુહી** — કાહલા, રણશિંગુ
**ખરવરઈ** — રીઢો થાય છે
**ખલક** — પ્રજા, લોકો
**ખલાઈ** — સ્ખલિત કરે
**ખલિ-ડલિય** — પુરી-ધાળ
**ખવાર** — દુ:ખી
**ખસોટે** — ખેંચે
**ખહ સંસૂર** — ?
**ખાંચિ/ખાંચી** — અડચણ કરી, ખેંચી
**ખાંચિયા** — ખેંચી
**ખાંડુ** — તલવાર
**ખાંડૂ** — ખડગ, તલવાર
**ખાંતિ** — ખંત, ઉદ્યમ
**ખાંતિયા** — ખાંત = લાલસા
**ખાંધી** — સાથી, મદદગાર, ધૈર્યવાન
**ખાઉ કાઠ** — ચિતામાં પ્રવેશીને બળી મરવું
**ખાગ** — ખડગ, તલવાર
**ખાડઈ** — ખાડામાં
**ખાડા** — ખાંડા = તલવાર
**ખાણ** — કૂવો
**ખાત** — ખાતર
**ખાગ ત્યાગ** — શૂરવીર
**ખાત્ર ખણી** — ખાતર પાડીને
**ખાધી** — ડંખ માર્યો
**ખાન** — લશ્કરી અમલદાર, ઉપરી
**ખાર** — આક્રોશપૂર્વક
**ખાલ** — નદીની ખાડીઓ
**ખાલડી** — ચામડી
**ખાલસઈ** — જપ્ત થાય
**ખાલે** — ખાળમાં
**ખાસો ખતા** — ગફલતમાં રહેશો, નુકશાન થશે
**ખિંખની** — ઘુઘરી
**ખિંતિ** — હિંમતપૂર્વક
**ખિણ** — ક્ષણ
**ખિત્ત** — ક્ષિપ્ત, ફેંકી દીધો



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| **ખિન** | — ક્ષણ |
| **ખિમાવંત** | — ક્ષમાવાન |
| **ખિરા** | — ખરા, સાચા, સજ્જન |
| **ખિવંતઉ** | — ફેંકતો |
| **ખિવઈ** | — નાખે છે |
| **ખીજઈ** | — પ્રણયજન્ય રોષ પામે |
| **ખીદ્રી** | — કીધી, દીધી |
| **ખીરોદક** | — દૂધ અને પાણી જેવા રંગનું સ્ત્રીઓને પહેરવાનું રેશમી વસ્ત્ર |
| **ખુરસાણહ** | — ખુરાસાન દેશના |
| **ખૂંટ-ખરડ** | — ઉલ્લંઠ અને ખરાબ માણસો |
| **ખૂંપ** | — પાઘડીએ બાંધવામાં આવતું આભૂષણ = કલગી |
| **ખૂટે** | — વિખૂટે = વિયોગ થયે |
| **ખૂભ** | — ખૂબ |
| **ખૂભાવઈ** | — ક્ષોભ પમાડે છે |
| **ખૂર** | — ખોં-ખોં કરવું, ઉધરસ ખાવી |
| **ખેડા** | — કેડ, કમર |
| **ખેડાં** | — ગેંડાના ચામડાની ઢાલ |
| **ખેડિ** | — ઢાલ પર |
| **ખેડૌ** | — તલવાર |
| **ખેત** | — અંત, મૃત્યુ (?) |
| **ખેત** | — ક્ષેત્ર |
| **ખેત** | — યોદ્ધો, લડવૈયો |
| **ખેમ** | — ક્ષેમ |
| **ખેમિ** | — ક્ષેમપૂર્વક |
| **ખેલ** | — કામક્રીડા, વિષય-વિલાસ |
| **ખેવે** | — ઉવેખે, ધૂપ ધરે |
| **ખેસ્યા** | — ખસેડ્યા |
| **ખોટી** | — વાટ જોતા હતા |
| **ખોડામાહે** | — હાથકડીમાં |
| **ખોડિ** | — ખોટ |
| **ખોણી** | — ક્ષોણી, પૃથ્વી |
| **ખોભઈ** | — ક્ષોભ પમાડે |
| **ખોભવી** | — ક્ષોભ પમાડે |
| **ખોલિ** | — ખોળામાં, ગોદમાં |
| **ખોલો** | — ખોળો, ગોતો |
| **ખોસકે** | — પડાવી |
| **ખોહઈ** | — ક્ષોભ પમાડ્યો |
| **ખ્યાઈ** | — ખાય |
| **ખ્યાલ** | — પ્રસંગ (?) |
| **ગંજિયઉ** | — પરાભવ કર્યો, હરાવ્યો |
| **ગંજિયૈ** | — જીત્યો |
| **ગંઠડી** | — પોટલું |
| **ગંડુક** | — ગેંદુક = દડો |
| **ગંડૂક** | — દડો |
| **ગઈવર** | — ગજવર, હાથી |
| **ગઉ** | — ગયો |
| **ગઉખ** | — ગોખ, ઝરૂખો |
| **ગજ** | — હાથી |
| **ગડૂકતૌ** | — ગર્જના કરતો |
| **ગણેત્રિકા** | — માળા |
| **ગણેત્રી** | — માળા |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગત — ગતિ, રીત
ગદ — રોગ, પીડા
ગમાડિયા — ખોઈ બેઠા
ગમારા — અણસમજુ, મૂર્ખ
ગય-ઘડા — ગજ-ઘટા, હાથીઓનો સમૂહ
ગયંદ — ગજેન્દ્ર, હાથી
ગયંદમ — ગજેન્દ્ર
ગયઉ — ગયો
ગયા મુયા — મરી ગયા
ગરઉ — અતિશય, ઘણું
ગરઢી — ઘરડી
ગરથ — ધન
ગરહિણા — ઘરેણાં
ગરો — ઢગલો
ગર્જિ — ગર્જના કરી
ગરુઆ — ગરવા, મોટા
ગલ — ?
ગલ — ગળેથી, કંઠથી
ગલઈ — ઓગળી જાય, પીગળી જાય
ગલલાટ — ગર્જના
ગલવીયઈ — બગાડવી
ગલહથો — ગાલે હાથ રાખેલો
ગલિયા — ગલી, શેરી
ગહ — ગ્રહ
ગહકતો — આનંદ પામતો
ગહગટ્ટઈ — આનંદ કરે છે
ગહગહ્યો — હર્ષથી ભરાઈ ગયો, ખૂબ આનંદ પામ્યો
ગહવરી — ગંભીર થયો
ગહવી — ભયંકર
ગહિ-ગહિ — આનંદ પામે, હર્ષ પામે
ગહિલી — ઘેલી, ગાંડી
ગહે-ગહે — આનંદ-કિલ્લોલ કરે
ગહેલો — ઘેલો
ગાઈ — ગાય
ગાજ — ગર્જના, ગડગડાટ
ગાજી — મરણિયો, લડવૈયો
ગાઢઉ — ખૂબ, અધિક
ગામાગર — ગ્રામાકર = ગામડાઓ
ગામાતકઈ — ગામડાના
ગાલ — ગાળ
ગાવડી — ગાત્ર, શરીર
ગાહ — ગાથા
ગાહઈ — ભાસે (?)
ગાહન — ગહન, ગીચ, ભયંકર.
ગિણી — ગણીને
ગિરીસ — ગણીશ (?)
ગિરુયા — ગરવા, ઉત્તમ
ગિલિ — ગળામાં
ગુંજ/ગુંજાફલ — ચણોઠી
ગુંજારવ — ગર્જના
ગુજણી — ગુપ્ત
ગુજ્ઝ — હૃદયની છુપી વાત
ગુડી — નાની ધજા, પતાકા
ગુડીયા — સજ્જ કરેલા, શણગારેલા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| **ગુપત** | – ગુપ્ત |
| **ગુપિલ** | – ગહેરી, ગાઢ |
| **ગુપિલઈ** | – ગહન |
| **ગુપ્તી** | – છાનું-છુપું |
| **ગુમાનઉ** | – ગુમાન, અભિમાન |
| **ગુયું** | – ગયું |
| **ગુરજી** | – ગુરુજી, કલાચાર્યજી |
| **ગુલ** | – ગોળ |
| **ગુસાંઈ** | – ગુસ્સાપૂર્વક |
| **ગુહવર** | – ગુફા |
| **ગુહિર** | – ગંભીર |
| **ગુહિરઈ** | – ઘેરા, ગંભીર |
| **ગુહ્ય** | – ગુપ્ત વાત, રહસ્ય |
| **ગૂંથ** | – ગ્રંથને |
| **ગૂગલઉ** | – ગંભીર ગર્જનાથી ભરાઈ ગયું |
| **ગૂઝ** | – રહસ્ય, છૂપી વાત, મર્મ |
| **ગૈરક** | – ભગવા વસ્ત્રધારી પરિવ્રાજક, સંન્યાસી |
| **ગૈવર** | – હાથી |
| **ગોઉલા** | – ગોવાળીયા |
| **ગોકલ** | – ગોકુળ |
| **ગોકલ** | – ગોવાડણ |
| **ગોકુલી** | – ગોવાડણ |
| **ગોટ** | – એકઠો થયેલો જ્ઞાતિ સમુદાય |
| **ગોઠી** | – ગોષ્ઠી |
| **ગોડાં લગિ** | – ઘુંટણ સુધી |
| **ગોફારી** | – પગની એડી જેવી |
| **ગોબગામ** | – ગોપગામ, ગોકુલ |
| **ગોરવ** | – ગૌરવ માટે |
| **ગોરસ** | – પાંચે ઈન્દ્રિયનો રસ |
| **ગોસામિ** | – સૂર્ય |
| **ગોહ** | – ઘો, ચંદન ઘો |
| **ગોહિ** | – ગોઠડી, ગોળ ફરતે જમવા બેસવું તે (?) |
| **ગ્રથિલ** | – દિઙ્મૂઢ, ગાંડો થયેલ |
| **ગ્રહણા** | – ઘરેણાં |
| **ગ્રહણૈ** | – ઘરેણાંથી |
| **ગ્રાસ** | – ગરાસ, પગાર, રોજગાર |
| **ગ્રાસથિ** | – રાજ્યકર્તાના કુટુંબીઓને પગાર માટે અપાતી રકમ |
| **ગ્રીહી** | – પકડી |
| **ઘ(વ)રસાલઉ** | – ચાતુર્માસમાં |
| **ઘંઘર** | – નાની ઘંટડી |
| **ઘંટા** | – ટેકરીઓ વચ્ચેનો રસ્તો |
| **ઘટ** | – શરીર |
| **ઘટવટ** | – વાટાઘાટ, વાતચીત |
| **ઘટી** | – જેમાં ધૂપસળી રાખવામાં આવે તે, ધૂપદાની |
| **ઘન** | – મેઘ |
| **ઘનઘોરિ** | – ભયંકર વરસાદ |
| **ઘર-કલાલ** | – દારુની દુકાન |
| **ઘરિણિસું** | – ગૃહિણીને |
| **ઘરિવઈ** | – ઘરમાં |
| **ઘાઈ** | – ઘા = પ્રહાર કરીને |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| ઘાઉ | — ઘાત, પ્રહાર |
| ઘાટ | — સમૂહ, સીમાડા, પ્રદેશ |
| ઘાટ | — સ્રીઓનું રેશમી વસ્ત્ર, બાંધણીની ઓઢણી |
| ઘાઢઉ | — સારી રીતે |
| ઘાત | — અવસ્થા, રીત |
| ઘાતિ | — મારનાર, ખૂની |
| ઘાતી | — ઘાલી, નાખી |
| ઘાતો | — નડતર, અડચણો |
| ઘાત્યઉ | — માર્યો |
| ઘુંટુ | — ગટગટાવું |
| ઘુરઇ | — વાગે |
| ઘુરહર | — ધમધમે |
| ઘૂઘર | — પશુના ગળે બંધાતી ઘુઘરી |
| ઘેહ | — ગૃહ, સ્થાન |
| ઘોણા | — નસકોરા |
| ઘોર | — ગાઢ |
| ઘોલઈ | — ઘેરાય છે |
| ઘોલા | — ઘટ્ટ દહીં, રગડો |
| ઘોલુ | — ઘટ્ટ, જાટો રસ |
| ચંગ | — મનોહર, સુંદર |
| ચંડ | — પ્રચંડ |
| ચંદ્રાણુ | — ચાંદરણું =ઝાંખો પ્રકાશ |
| ચંદ્રોપક | — ચંદરવો |
| ચંપક | — લોહચુંબક |
| ચંપાઈ | — દબાઈ જાય, ચીબાઈ જાય |
| ચઈહ | — ચેહ, ચિતા |
| ચઉકઈ | — ચોક, ચોગાન |
| ચઉકઈ | — અંગ મરોડે |
| ચઉગાન | — ખુલ્લા મેદાનમાં |
| ચઉઠે | — બજાર, શેર |
| ચઉસાલ | — ચાર વિદ્યામાં પારંગત |
| ચઉસાલ | — ચોકની ચારે બાજુ મકાન આવે અને ઓરડાની ગોઠવણી એક સરખી હોય એવી બાંધણીની રચના |
| ચકઈ | — ? |
| ચકહિ | — શોભા પામે (સં. चक्) |
| ચક | — જાણી જાય |
| ચચ્ચરિ | — ચાર રસ્તા ભેગા થતા હોય તે સ્થળ, ચૌટું |
| ચટકઉ | — ચટકો, રીસ |
| ચટકાલા | — ચતુર |
| ચટ્ટ | — છોકરા |
| ચડવડી | — ઝડપથી |
| ચડસ | — ચસકો, લત, વ્યસન |
| ચઢિસ્યઈ | — ચઢશે |
| ચત | — ચિત્ત |
| ચતુ | — ચતુર |
| ચપલા | — વીજળી |
| ચમક | — લોહચુંબક |
| ચમર | — ચર્મ |
| ચમહ | — ચામડું |
| ચર | — દૂત |
| ચરણા | — ચણીયા, પગલા |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| **ચરી** | – આચરણ, ચરિત્ર |
| **ચરીયઉ** | – ચડ્યો |
| **ચર્ણ** | – ચરણ |
| **ચલકૈ** | – ચળકે |
| **ચલન** | – ચરણ |
| **ચલના** | – ચુલની નામની રાણી |
| **ચલાતીક** | – ચિલાતી |
| **ચષલોલો** | – ચક્ષુનો ડોળો |
| **ચહબચ્ચામૈ** | – ? |
| **ચહસી** | – બળશે |
| **ચાક** | – ચાકડો, ચકરાવે |
| **ચાચર** | – ચાર રસ્તા ભેગા થતા હોય તે સ્થળ |
| **ચાચરિ** | – ચોક |
| **ચાડિઉ** | – ચડાવ્યો |
| **ચાતરિ** | – ચતુરાઈથી |
| **ચાર** | – સંચાર |
| **ચારણશ્રમણ** | – ગગનગામિની વિદ્યાવંત મુનિ |
| **ચારિ** | – ચારિત્ર, આચાર |
| **ચાવા** | – પ્રસિદ્ધ |
| **ચાવી** | – ઉત્કંઠાથી |
| **ચાસ(ર)** | – ચાર = ઘણા, અનેક |
| **ચાહ** | – ઈચ્છા |
| **ચાહઈ** | – જુએ છે, ગોતે છે |
| **ચિંતાતર** | – ચિંતાતુર |
| **ચિખા** | – ચિતા |
| **ચિડકલી** | – ચકલી |
| **ચિણા** | – ઓળખ (?) |
| **ચિતિ** | – ચિત્તમાં |
| **ચિતુ** | – ચિત્તમાં |
| **ચિત્રામ** | – ચિત્ર |
| **ચિરીત્ર** | – ચરિત્ર |
| **ચિહી** | – ચિતા |
| **ચીંતારઈ** | – ચિંતારત |
| **ચીખલિ** | – કાદવમાં |
| **ચીન** | – ઓળખે, જાણે |
| **ચીહલે** | – ચીલે = ગાડાને રસ્તે |
| **ચુંપ** | – સ્નેહપૂર્વક |
| **ચુણીયા** | – ચણ્યા |
| **ચુથઉ** | – ચોથો, ચતુર્થ |
| **ચુસાલ** | – વિશાળ |
| **ચૂંચ** | – ચાંચ |
| **ચૂંટાવિઉ** | – પસંદ કર્યું |
| **ચૂઆ ચંદન** | – મિશ્રણયુક્ત ગંધ દ્રવ્ય |
| **ચૂકઈ** | – ચૂકે, ભૂલે |
| **ચેટી** | – દાસી |
| **ચેડો** | – ખબર, દોષ, છિદ્ર |
| **ચેત** | – નદીકાંઠો (?), પૂર્વસ્થળ (?) |
| **ચેતણે** | – ચિતા |
| **ચેહ** | – ચિતા |
| **ચોકસી** | – ચોકસાઈ |
| **ચોપખે પેરા મારે** | – ચારે બાજુ આંટા લગાવે |
| **ચોપટ** | – સંપૂર્ણપણે, ખુલ્લી રીતે |
| **ચોપટ્ટ** | – ચોગાન |
| **ચોયા** | – પ્રેર્યા |
| **ચોલણ** | – ચોરનાર |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચોલિં — બખ્તર
ચોવટઈ — ચાર રસ્તા ભેગા થાય તે સ્થળ
ચોસાલ — ચારે બાજુથી
ચૌધાર — ચારે બાજુથી ધારદાર
ચ્યાંહઈ — શોધે છે
ચ્યાર — ઘણું, સંગે, સાથે
છંદ — ઇચ્છા
છછોહ — સ્ફૂર્તિપૂર્વક, જલ્દીથી
છડ — જુસ્સાદાર
છડીયા — છડીદાર
છત્રછાયે — છત્રછાયામાં
છત્રી — ક્ષત્રિય
છપિ — છુપાઈને
છવિ — કાન્તિ
છાંડી — છાંટી
છાગ — બોકડો
છાડી — નદીનો કાંઠો
છાતઉ — ધૈર્યું
છાતિ — છત
છાના — છુપાયેલા
છાના રહ્યા — છુપાઈને રહ્યા
છાનો — ગુપ્ત, છાનોમાનો
છાર — ધૂળ, રાખ
છાલી — બકરી
છાલ્યોં — વશ કર્યો (?)
છાહડી — છાંયો
છિંડૂં — છિદ્ર, કાણું
છિપિ — છુપાઈ
છીજઈ — નાશ પામે, બગડે
છુબું — છબ્યું = અડ્યું
છૂટઉ — છુટો પડેલો
છૂટિવઉ — છૂટવું
છૂતઉ — છૂટ્યો
છેક — છેડો, અંત
છેત્રાઈ — છેતરાય, ઠગાય
છેહ — છેડો, સીમા, અંત
છેહ — વિશ્વાસમાં રાખી મારી નાંખવું, અંત આણવો
છેહા — વિશ્વાસભંગ, ત્યાગ
છોછૂં — અસહાય
છોછે — ઓછે
છોડી કાઢીશ — છોડી દઈશ, હાંકી કાઢીશ
છોત — નાની, ક્ષુદ્ર
છોરિ-છોરિ — છોડ-છોડ
છોરી — (?)
છોહ — ક્રોધ, વ્યાકુળતા, શૂરાતન, પ્રક્ષોભ
છૌલ — કિનારો
જંગ — જંગી, ઘણું
જંગમ — લાંબા વાળ અને પગે પાતળી સાંકળ બાંધી હોય એવા એક જાતનો ફકીર
જંગા — જંગી, મોટા
જંઘાલો — જંઘાવાળો
જંબુક — શિયાળ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જંભ – જંભણી = તંત્રવિદ્યા
જઈ – જય, જિત
જગતિ – કિલ્લો
જગીસ – આશા, હોંશ, પ્રસન્નતા
જટાએ – વાળથી
જટી – જટાધારી
જડ – ઝટ, જલ્દી
જડી – બંધ થઈ ગઈ
જમવાર – ભોજન
જમાલ – ખૂબી
જમ્મ – જન્મ
જયંતકુમાર – ઇન્દ્રનો પુત્ર
જયત્રહં – વિજયના
જયો – જય પામો
જલણ – અગ્નિ
જવાસા – એક જાતનો કાંટાળો છોડ
જવિહરી – ઝવેરી
જસઈ – જેટલામાં
જસન – ઉત્સવ, આનંદ
જસિં – જ્યારે
જસુ – જેના
જાઈ – જન્મી
જાઈન – જઈને
જાચ – એવું, જેવું
જાચા – ઊંચી જાતિના, ઉત્તમ
જાચો/જાચી – ઉત્તમ
જાણ – યાન, રથ
જાત – થઈ
જાત – પુત્ર
જાના હાસૂ – પ્રાણ હશે
જામ – જ્યારે
જામ – યામ, પ્રહર
જામણ – જન્મ
જામણિ – કોઈ વૃક્ષ
જામલા – જોડકા, યુગલ
જામિણિ – યામિની, રાત્રિ
જામિની – રાત્રિ
જાયવો – જવું
જાર – પરસ્ત્રીસેવી, વ્યભિચારી પુરુષ
જારી – વ્યભિચાર
જારું – બાળું
જાલી – પ્રગટાવી, જલાવી
જાસિ – જશે
જાસૂ – તેમાંથી
જાહરે – જ્યારે
જાહો – જાઓ
જિઉકું – જીવને
જિકા / જિકો – જે કોઈ
જિન – જેણે
જિન-આવાસ – જિનાલય
જિમ – જમ = યમ
જિમ – જે સમયે
જિહા કિણિ – જ્યાં કને, જ્યાં
જીઉ – જીવ, જીવોને
જીણ – ચર્મ-બખ્તર
જીત – જીત્યો



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| **જીને** | — જઈને |
| **જીપ** | — જીતી |
| **જીવ** | — ઇચ્છા, ભાવ |
| **જીવ** | — જ્યારે |
| **જીવખી** | — એક પ્રકારનું બખ્તર |
| **જીવદાય** | — જીવદયા |
| **જીવલિ** | — પ્રાણવાન |
| **જીવી** | — જીવતર, જીવન |
| **જીહ** | — જીભ |
| **જુગત/જુગતઉ** | — યુક્ત, યોગ્ય |
| **જુજુયા** | — જુદા-જુદા |
| **જુટ્યા** | — લડવા માટે આવ્યા |
| **જુડતી** | — યથાયોગ્ય |
| **જુર** | — જ્વર, તાવ |
| **જુવટઈ** | — જુગારખાનું |
| **જુહવે** | — જોવે |
| **જુહાર** | — નમસ્કાર |
| **જૂ** | — જુગાર |
| **જૂંગત** | — યુક્ત, યોગ્ય |
| **જૂગ** | — જોડે, સાથે |
| **જૂજૂઆ** | — જુદા-જુદા, અલગ-અલગ |
| **જૂટ** | — જૂઠ, અસત્ય |
| **જૂઠઉ** | — ડસ્યો |
| **જૂવ-પદવી** | — યુવરાજપદ |
| **જેઠ** | — જ્યેષ્ઠ |
| **જેઠી** | — મોટા મલ્લ |
| **જેતલઈ** | — જેટલામાં |
| **જૈત** | — જિત, વિજય |
| **જૈને** | — જઈને |
| **જોગમાયા** | — પાર્વતી, દુર્ગા |
| **જોગુ** | — સંન્યાસી |
| **જોડિલી** | — જોડી |
| **જોતર્યું** | — રથ વગેરેમાં ઘોડા વગેરે પશુને જોડવા |
| **જોવના** | — યુવાન |
| **જ્ઞાન** | — ગાન |
| **જ્યોગ્ય** | — યોગ્ય |
| **ઝંગ** | — સમૂહ (?) |
| **ઝંપાણો** | — ઝાંખો થયો |
| **ઝકઝોલી** | — ભરપૂર, તરબોળ |
| **ઝડ** | — વૃષ્ટિ |
| **ઝડૈ** | — ઝાડ પર |
| **ઝડ્યા** | — ભાંગી નાખ્યા |
| **ઝત્તિ** | — ઝટિતિ =તુરંત |
| **ઝલકાર** | — ઝળહળતા, ઝગમગતા |
| **ઝલકો** | — તેજનું પ્રતિબિંબ |
| **ઝલફલી** | — પરોઢિયે |
| **ઝલ્લરિ** | — ઢોલ |
| **ઝાંખ** | — વ્યાકુળતા |
| **ઝાલ** | — અંતરની બળતરા |
| **ઝાલણ** | — પકડવા માટે |
| **ઝાલા** | — જ્વાલા |
| **ઝુંટિઈ** | — ચોટલેથી |
| **ઝુઝ** | — યુદ્ધ |
| **ઝુઝણા** | — જુજ, બહુ ઓછા |
| **ઝૂઝ** | — યુદ્ધ |
| **ઝૂની** | — ધ્વનિ |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઝોલી — થેલી, કોથળી
ઝોવો — માર્યો
ટટણી — તટિની = નદી
ટાકર — પ્રહાર
ટાટર — ગરદનનું રક્ષણ કરતો ધાતુનો ટોપ
ટાઢી — ઠંડી
ટાલઈ — દૂર કરે
ટિક-રસા — ટેકીલાં
ટિકઈ — ટકે, લાંબુ ચાલે
ટીટા — ગરાસીયાની ખીજવણ, ટેંટુ, નિ :સત્ત્વ, નમાલો
ટીલિ — ચાંદલો
ટીલી — ?
ટુક — ટુકડો
ટેંટોડી — ટીંટોડી જેવા
ટેકા — નક્કી, નિયમ
ટેકો — નિશ્ચલતા
ટેખે — (?)
ટેપે — ટીપે
ટેપે — રીતે
ટોપ — શિરસ્ત્રાણ, ટોપો
ટોલ — નક્કી
ઠકઠોલી — ?
ઠકરાણા — મોટાઈના રોફવાળા
ઠબકાવે — ખખડાવી
ઠબકો — અથડાવાથી થતો અવાજ
ઠલક-ઠલક — વિવિધ જાતના (?)

ઠલકતી — તબડક-તબડક કરતાં (?)
ઠલ્યઉ — ધકેલાયો, હડસેલાયો
ઠાઉ — સ્થાન
ઠાકર — પ્રહાર
ઠાટા — સ્થિત
ઠાપણો — સ્થાપેલ
ઠામ — ઠામડાં, વાસણ
ઠામ — સ્થાન
ઠાય — સ્થાન
ઠાયઉ — સ્થાપ્યા
ઠાર — સ્થાન
ઠાલો — ખાલી
ઠાવા — પ્રસિદ્ધ, મુખ્ય
ઠાહરઈ — સ્થળે
ઠેલ — ખસેડી, હડસેલી
ઠેલીઉ — ઠેલ્યો, ધક્કો માર્યો
ઠોક — પ્રહાર
ઠોર — મંગલ અવાજ
ઠોર — વિવેક રહિત
ઠૌડ — સ્થાન
ડંક — ડંખ, દંશ
ડંકુ — ડસુ
ડંડારસ — દાંડિયારાસ
ડંબર — આડંબર
ડજ્ઝિ — બાળીને
ડવાડોલ — ડામાડોળ
ડસણ — દાંત
ડસી — દાબીને



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| **ડહિણ** | – દક્ષિણ = જમણું |
| **ડાઈચો** | – દાયજો, દહેજ |
| **ડારતૌ** | – પાછા પાડતો |
| **ડાવઈ** | – ડાબી બાજુએ |
| **ડાહા** | – ડાહ્યા |
| **ડીલ** | – શરીર |
| **ડીલિ** | – શરીરની |
| **ડુંબ** | – ચંડાલ |
| **ડુમને** | – દુર્મનથી, ખરાબ ભાવથી |
| **ડેરઈ** | – પડાવ, સ્થાન |
| **ડેરા દીધ** | – તંબુ તાણ્યા |
| **ડેલ** | – ઢેકું |
| **ડોરી** | – દોરી |
| **ડોલઈ** | – ચૂકવું / સૂવું (?) |
| **ડોલતો** | – ભમતો |
| **ડોલા** | – આંખના ડોળા |
| **ઢમઢેલ** | – ઢમઢોલ = આફરે ચડેલ |
| **ઢલકતી** | – રીઝાવે એવી |
| **ઢહીડે** | – વેઠ ઉતારે |
| **ઢાલા** | – ? |
| **ઢાહઈ** | – ઢંકાઈ ગયા |
| **ઢાહિ** | – દિવાલ |
| **ઢાહુ** | – ઢાળી દઉં, મારી નાખું |
| **ઢિલરો** | – વિલંબનો, કાચા-પોચાનું |
| **ઢુક્કી** | – નજીક પહોંચીને |
| **ઢૂકડો** | – નજીક |
| **ઢૂકી** | – પહોંચ્યો |
| **ઢેરી** | – ઢગલી |
| **ઢોકે** | – ભેટણું ધરે =સુખડી વગેરે ચડાવે |
| **ઢોલિ** | – પલંગ પર |
| **ઢોવઈ** | – આપે છે |
| **ઢોવણા** | – ભેટણાં |
| **ણ** | – નહિ |
| **ણગુર** | – નગર |
| **ણનદી** | – નણંદ |
| **ણે** | – અને |
| **તંતી** | – તંત્રી, વીણા |
| **તઉ** | – તો, છતાં |
| **તઉ હી** | – તો પણ |
| **તખત** | – ઉત્તમ સ્થાન, સિંહાસન |
| **તખિણ** | – તત્ક્ષણે |
| **તઠઈ** | – ત્યાં |
| **તણે** | – તેણે |
| **તણેંજા** | – તનય =બચ્ચું |
| **તતુ** | – તતઃ, ત્યાર પછી |
| **તનિ** | – શરીરે |
| **તપતઉ** | – તપતો |
| **તપતિ** | – તાપ, અગ્નિ |
| **તપીઓ** | – તપસી = સાધુ |
| **તભ** | – તબ = ત્યારે |
| **તમ** | – અંધકાર |
| **તમાસઉ** | – અનોખી વાત, વિનોદ, આનંદ |
| **તમાસા** | – મનોરંજક દશ્ય, વિલાસ |
| **તરજીયો** | – તર્જના કરી |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| **તરણા** | – તૃણ, ઘાસ |
| **તરણિ** | – નૌકા, હોડી, સૂર્ય |
| **તરણી** | – સૂર્ય |
| **તરણે** | – ? |
| **તરલ** | – વિશાળ |
| **તરવરીયા** | – ઊભરાયા, ટોળે મળ્યા |
| **તર્કસ** | – બાણનું ભાથું |
| **તરુણ** | – પ્રફુલ્લિત, કોમળ |
| **તલઈ** | – તળે, નીચે |
| **તલયર** | – ફોજદાર |
| **તલાઈ** | – ગાદલા પર |
| **તલાર** | – કોટવાળ |
| **તલિણ** | – પાતળી |
| **તલીઆ તોરણ** | – પાંદડા-ફૂલ સાથે કસબીતારથી બનાવેલું તોરણ |
| **તલ્હાર** | – કોટવાળ |
| **તસઈ** | – તેટલામાં |
| **તસિ** | – ત્યારે |
| **તહકીક** | – નક્કી, વાસ્તવિકતા |
| **તા** | – ત્યારે |
| **તા વિચિ** | – તે વચ્ચે, તેટલામાં |
| **તાં** | – તાવત્, ત્યાં સુધી |
| **તાઉ** | – તાવ |
| **તાકઈ** | – તાકે, નિશાન લે |
| **તાકે** | – ખૂબ લક્ષ્ય રાખે |
| **તાજ** | – ત્યાગ |
| **તાજ** | – નાશ |
| **તાજણઉ** | – ચાબુક |
| **તાતો** | – તપ્ત, તપેલ |
| **તામ** | – ત્યારે |
| **તામસ** | – અંધકાર |
| **તાર** | – તારા |
| **તારો** | – તૈયાર |
| **તાલ** | – સમયે, અવસરે |
| **તાલિ** | – લગની, ધ્યાન |
| **તાવડો** | – તડકો, તાપ |
| **તાહડા** | – ટાઢા, ઠંડા |
| **તાહરે** | – ત્યારે |
| **તિજી** | – ત્યજી, ત્યાગી |
| **તિણ પરઈ** | – તેવી રીતે |
| **તિણ વેલઈ** | – તે વેળાએ, તે સમયે |
| **તિતલઈ** | – તેટલામાં |
| **તિથે** | – ત્યાંથી |
| **તિન** | – તેથી |
| **તિમરી** | – તમરા |
| **તિયાં** | – ત્યાં |
| **તિરિયા** | – સ્ત્રીઓ |
| **તિવટુ** | – ત્રેવડો, ત્રણ વળ વાળીને |
| **તિવાર** | – ત્યારે |
| **તિસઈ** | – તેટલામાં |
| **તિસિં** | – ત્યારે |
| **તિહુયણ** | – ત્રિભુવન |
| **તી** | – તેના |
| **તીય** | – તુર્ય = ચતુર્થ |
| **તીય** | – તેણે |
| **તીયાં** | – સ્ત્રી, ત્યાં |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| **તીહ ભુઈ** | — તે ભૂમિ |
| **તુ** | — તો |
| **તુંડઈ** | — મોઢેથી |
| **તુંબર** | — તુંબળ = તુમુલ, ઘોર, ભયાનક |
| **તુઓડે** | — તારે |
| **તુઠઉ** | — તુઠ્યો, પ્રસન્ન થયો |
| **તુદતો** | — બોલતો |
| **તુબકા** | — તોબ = બંદૂક |
| **તુબકા** | — બંદૂકની ગોળી |
| **તુમ્હચી** | — તમારી |
| **તુરી** | — તુરગ, અશ્વ, ઘોડો |
| **તુરીય** | — ગતિવાન્ |
| **તુરીય** | — ઘોડેસવાર |
| **તુલઠો** | — તુઠ્યો, પ્રસન્ન થયો |
| **તુસઈ** | — સંતોષથી |
| **તુહઈ** | — તો પણ |
| **તુહાં** | — તારું |
| **તૂલ** | — રૂ |
| **તેખ** | — રોષ |
| **તેગ** | — શમસેરી તલવાર |
| **તેજી** | — અશ્વ |
| **તેડા** | — તેડુ, આમંત્રણ |
| **તેડો** | — આમંત્રણ આપો |
| **તેતલઈ** | — તેટલામાં |
| **તેર** | — તારો |
| **તૈય રીતઈ** | — તેવી જ રીતે |
| **તોઈ** | — તારું |
| **તોખાર** | — ઘોડા |
| **તોમર** | — તમારામાં |
| **તોય** | — પાણી |
| **તોયઈ** | — પાણીથી |
| **તોરડા** | — તારા |
| **ત્યાર** | — તૈયાર |
| **ત્રસ** | — તૃષા |
| **ત્રાઠા** | — ત્રાસેલા, ધ્રૂજતા, થરથરતા |
| **ત્રીજંચ** | — તિર્યંચ |
| **ત્રુટિ** | — તૂટવું |
| **ત્રેવડ** | — તજવીજ, ગોઠવણ |
| **ત્રેહ** | — ભીનાશ, ભેજ |
| **ત્રોટો** | — તોટો |
| **થકુ** | — થકી, થી |
| **થરતા** | — સ્થિરતા |
| **થલ** | — સ્થળે, અસ્તાચલ પર |
| **થા** | — થઈને |
| **થાકઈ** | — બાકી |
| **થાગ** | — તાગ, તળીયું |
| **થાટ** | — સમૂહ, ઠઠ |
| **થાટ** | — સમૂહ, પરંપરા |
| **થાનકિ** | — ઠેકાણું |
| **થાપ** | — નિર્ણય |
| **થાપોટઈ** | — ધક્કો માર્યો, હડસેલ્યો |
| **થારઈ** | — તારા |
| **થારો** | — તારો |
| **થાલાકાર** | — થાળના આકારનો |
| **થિકઉ** | — થકી, થી |
| **થોક** | — ખૂબ, ઘણું |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**થોક** — ઢગલો, સમૂહ
**થોભ** — ટેકો
**દંડત્રિ** — ત્રિદંડ
**દંતાવલો** — હાથી
**દંતૂસલ** — દંતશૂળ, હાથીદાંત
**દંદ** — ઉપાધિ, ક્લેશ
**દઈખહૂં** — દેખો = જુઓ
**દક્ખો** — દક્ષ
**દક્ષત** — દીક્ષિત
**દક્ષિણિ** — જમણી બાજુએ
**દખ્ખણ** — દક્ષિણ
**દગધ** — દગ્ધ, દાઝેલ
**દઢ** — દાઢ
**દદામા** — નગારું
**દપટ્યો** — પ્રગટાવ્યો
**દપ્પિયઉ** — અભિમાનથી
**દમણઉ** — દ્રમ્મ = નાણું, પૈસા
**દમનો** — ડમરો
**દર-દર** — દરવાજે-દરવાજે
**દરારો** — ચીરો, કાણું, બાકોરું
**દરીયાઈ** — ?
**દર્વ** — દ્રવ્ય
**દલ** — સૈન્ય
**દલંતો** — ભાંગતો
**દલનાયક** — સેનાપતિ
**દલિદ્રી** — દરિદ્ર
**દશી** — ડસાઈ
**દસતાસને હોઠ** — દાંત વચ્ચે હોઠ ભીડાવ્યા
**દહ** — દશની સંખ્યા
**દહન** — અગ્નિ
**દહું દિસિ** — દશે દિશાએ, બધી દિશામાં
**દાઉ** — દાવ, મોકો
**દાઓ** — દાવ
**દાક્ષિન** — દાક્ષિણ્ય, શરમ
**દાખીયૌ** — બતાવ્યો, દર્શાવ્યો
**દાગ** — દાહ
**દાગ્યો** — દાહ દીધો
**દાઘ** — અગ્નિદાહ
**દાદ** — પ્રતિકાર, વખાણ, દાવો હક, શાંતિ
**દાદરી** — કાંકરા, રેતીવાળી જમીન
**દાધઉ** — બળી ગયો
**દામિની** — વીજળી
**દાય** — અવસર, લાગ
**દાયવો** — દાયજો
**દાર** — દારા, પત્ની
**દાર** — લાકડું
**દારદેસિ** — દ્વાર પાસે, દરવાજે
**દારી** — દારા = સ્ત્રી
**દારુ** — લાકડું
**દાલદ્ર** — દરિદ્રતા
**દાલિ** — દાળ, ડાળ
**દાવઈ** — દેખાય
**દાહણી** — સરસ, સુંદર
**દાહિણ** — દક્ષિણ, જમણું
**દાહિણસંખ** — દક્ષિણાવર્ત શંખ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દિઉસ — દિવસ
દિખ્યા — દીક્ષા
દિદાર — દર્શન
દિનકાર — સૂર્ય
દિવ — દેવલોક
દિવાજા — શોભા
દિવાજા — હાંસી, મશ્કરી
દિવારીયઈ — દેવડાવે છે
દિવાવૈ — વગડાવે
દિષ્ટિ — દષ્ટિ
દિસિ — જોઈ
દિહા — દેહ
દીખ — દીક્ષા
દીઠ — જોયો
દીતિઈ — દીપ્તિથી, કાંતિથી
દીનંદ — દિનેન્દ્ર, સૂર્ય
દીપતઉ — દીપતો, શોભતો
દીપીયો — દીવો
દીરીસાણ — દર્શન
દીવ — દ્વીપ
દીવદાઈ — દીપદાની
દીવાનમઈ — રાજસભામાં
દીસ — દિવસ
દીસઈ — દેખાય
દીહ — દિવસ
દુઈ — બે
દુતક્રીડા — દ્યુત = જુગાર,
ક્રીડા = રમત
દુતી — દૂત
દુભર — પેટ
દુયાર — દ્વાર, બારણું
દુયો — આશિષ, દુવા
દુરોગ — દુરાચાર
દુવારઈ — દ્વારે
દુસ્ત — દુઃખી
દુહવઈ — દુઃખ આપે
દુહિલઉ — દુઃખદાયક
દુહેલી — આપત્તિરૂપ
દૂંદાલ — ફાંદવાળા
દૂઉ — દુઃખી થયો
દૂઠ — દુષ્ટ
દૂડી — ?
દૂથિયા — દુઃસ્થિતો, ગરીબો
દૂનઉ — દુભાણું, દુઃખી થયું
દૂનુ — દુઃખી થયો
દૂમી — દુઃખી થઈ
દૂરિ — દુરિત = પાપ
દૂવારિ — દ્વારે
દૂસાસો — દુઃસાહસ
દૂહવી — દુભાવી, દુઃખી કરી
દૂહાણી — દુઃખ પામી
દગ — દષ્ટિ, આંખ
દશઈ — દષ્ટિથી
દે — દઈને
દેઈ — દઈ, આપી
દેઈ — બંધ કરીને
દેઉલ — દેવળ, મંદિર
દેઠો — દીઠો, જોયો



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દેણકું — દેવા માટે, આપવા માટે
દેવ — દૈવ, ભાગ્ય
દેવાણુપ્રિય — દેવ જેવું વ્હાલું
દેસણ — દેશના
દેસાટન — દસ દિવસનો મહોચ્છવ
દેહી — દેહમાં
દોટ — ઉલ્લંઘન / ચઢાઈ, આક્રમણ
દોતડિ — દોતટી =નદી
દોધાર — બરછી, કટાર
દોપડી — દુપટ્ટી =બે બાજુ વર્તનારી
દોભાગિ — દુર્ભાગી
દોરણી — દોરી
દોવારિક — દ્વારિક, દરવાન, દ્વારપાળ
દોષનઈ — રાત્રિના
દોસી — કપડના વેપારી
દોહિલઉ — દુર્લભ
દોહિલો — દુઃખદાયક. કપરો
દ્યાહાડલે — દિવસે
દ્યાહાડા — દિવસો
દ્રર્વ — દ્રવ્ય, ધન
દ્રવ્યત — દ્રવ્યથી
દ્રામ — દ્રમ્મ =ધન
દ્રિષ્ટી — દષ્ટિવિષ
દ્રીહી — દષ્ટિ, નજર (?)
દ્રેઠિ — દષ્ટિ
દ્વિરદ — હાથી
દડવડા — દોડ્યા, ભાગ્ય
ધંતૂર — ધતુરો
ધક — જોશ, ત્વરા, હોંશ
ધજ — ધ્વજ
ધડહડઈ — ધડધડે, કંપે
ધનીયાની — ધણીયાણી, પત્ની
ધન્ન — ધાન્ય
ધન્ન — ધન, સંપત્તિ
ધમ્મિય — ધાર્મિક
ધર — ધરીને = વિચારીને
ધરણિ-ભવન — ભોંયરું
ધરી — ધરા પર, પૃથ્વી પર
ધવલંગ — બગલો
ધવલિત — ધોળેલા, સાફ કરેલ
ધાઈ — દોડતો
ધાઈ — દોડીને
ધાઈ — દોડે છે
ધાઈ — ધાંખ = ઝંખના
ધાઉ — દોડ્યો
ધાએ — ગયા
ધાઓ — દોડ્યો
ધાડ — ધાતુ
ધાડી — ધાડ, આક્રમણ
ધાત — અવસ્થા, રીત
ધાત — સુવર્ણાદિ
ધાતિ — ધાટિ = ટેવ, આદત
ધાતી — રીત, અવસ્થા
ધાતુરત્તા — ગેરુથી રંગેલા = ભગવા
ધાન — ગર્ભ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| **ધાબલીયાલો વેસ** | – ઉનના વસ્ત્રનો બનેલ પહેરવેશ |
| **ધાવિ** | – ધાવમાતા |
| **ધાવી** | – ઉતાવળે-જલદીથી ચાલી |
| **ધિંગડ** | – મોટો, જબરદસ્ત |
| **ધિન** | – ધાન્ય |
| **ધિરકાર** | – ધિક્કાર |
| **ધીંગ** | – સમર્થ |
| **ધીઠો** | – નિર્લજ્જ |
| **ધીરટ** | – ધૈર્ય |
| **ધીરપ** | – ધીરજ |
| **ધીરિમ** | – ધીરજ, ધૈર્ય |
| **ધીવર** | – માછીમાર |
| **ધુંધલ** | – ધુંધળું, ધૂળ ઉડાડવાથી થતો અંધકાર |
| **ધુંબસિર** | – ? |
| **ધુડી** | – ધુળમાં |
| **ધુનક** | – ધનુષ્ય |
| **ધુયા** | – દીકરી |
| **ધુરિથી** | – શરૂઆતથી |
| **ધૂંઆ / ધૂઅ** | – પુત્રી |
| **ધૂણયઉ** | – ધૂણાવ્યો |
| **ધૂતા** | – ધૂર્ત લોકો |
| **ધૂનિ** | – ધ્વનિ, અવાજ |
| **ધૂરતપણઈ** | – ધૂર્તપણે |
| **ધૂસકારૌ** | – ધસ્ એવો અવાજ |
| **ધૃડ** | – દૃઢ |
| **ધ્યાયા** | – ધાવમાતાથી |
| **ધ્યાવ** | – ધાવમાતા |
| **ધ્રત** | – ધૃતિ |
| **ધ્રમ** | – ધર્મ |
| **નંદજી** | – વાણિયા, વેપારી |
| **નઈ** | – નહિ |
| **નઈ** | – ને, અને |
| **નઉ** | – નહિ |
| **નઉલ** | – કમરે બાંધવાની પૈસા ભરવાની સાંકળી થેલી |
| **નઉલી** | – રૂપિયા રાખવાની થેલી |
| **નખે** | – અંશમાત્ર |
| **નગ** | – સૂર્ય |
| **નગે** | – સ્થાને |
| **નટુઈ** | – નટડી, નટકન્યા |
| **નટુઈ** | – નટની |
| **નફેરી** | – એક જાતનું વાદ્ય |
| **નમાલા** | – નમેલા |
| **નય** | – નદી |
| **નરગિં** | – નરકમાં |
| **નરતિ** | – ઉકેલ, તપાસ |
| **નરધાર** | – નિર્ધાર, નક્કી |
| **નરધારેઈ** | – નિર્ધાર, નક્કી |
| **નરવઈ** | – નરપતિ, રાજા |
| **નરસર** | – નરેશ્વર, ઉત્તમ મનુષ્ય |
| **નલિ** | – સ્થાન |
| **નવ** | – નવાં, નવું |
| **નવરંગ** | – સ્વરૂપવાન, મોહક |
| **નવલઉ** | – નવલો, નવો |
| **નવલખા** | – નવ લાખની કિંમતના |
| **નાકે** | – આબરૂ |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નાગર — નગરજન
નાગિલી — સર્પાકાર કુંડલ
નાટઉ — ભાગ્યો, નાસી ગયો
નાદ — તોર = મદ
નાન — જ્ઞાન
નાનહડું — નાનકડું
નાના — વિવિધ
નામિઈ — નમીને
નામી — નમાવે
નાલાડિ — ભાલમાં
નાલિ — તોપ
નાવઈ — ન આવે
નાવી — નાવ = પતિ, ધણી
નાહ — નહિ
નાહ — નાથ
નાહાસી — નાશી = ભાગી
નાહીયઈ — નાસી ગયા
નિ — અને
નિંગોદ — પોતાના ખોળામાં
નિંદા — નિદ્રા
નિઊ — નિજ, પોતાનું
નિકેત — મંદિર
નિચિંત — નિશ્ચિંત
નિચ્ચંત — નિશ્ચિંત
નિટોલ — નક્કી
નિઠુર — નિષ્ઠુર
નિદાન — અવશ્ય
નિદ્દિ — નિદ્રા
નિધડક — નિર્ભય, નીડર
નિપટ — અતિશય
નિબિડ — ગાઢ
નિબોલી — લીંબોળી
નિમો — નમ્યો
નિયડઈ — નિકટના
નિરઉ — નીરનો, પાણીનો
નિરજામક — નિર્યામક
નિરતો — આસક્ત, ચોંટી ગયેલું
નિરધાર - નિરાધાર,
આધાર વિનાનું,
નિર્ણય, નિશ્ચય
નિરબીહ — નીડર
નિરમાખિઉ — માખી વિનાનું
નિરવંચ — સરળ
નિરવજ્જ — નિરવદ્ય
નિરવાંણિ — મૃત્યુ આવે તો પણ
નિરવાણ — છોડતા
નિરવાહ — નિર્વાહ
નિરેહણ — નિરેજન = નિશ્ચલ,
અડગ
નિલઉ — નિલય, આવાસ, ઘર
નિલકંઠ — મોર
નિલજ — નિર્લજ્જ
નિલવટિ — ભાલમાં
નિવરે — દિવસે (?)
નિવાહેં — નિર્ણય
નિવેશ — પ્રવેશદ્વાર
નિવેસ — છાવણી, પડાવ
નિષ્ફંદ — હલન-ચલન રહિત



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| નિસરો | — નીકળ્યો |
| નિસિઈ | — નિશાએ, રાત્રિમાં |
| નિસ્કામો | — નકામી |
| નિસ્સય | — નિશ્ચય |
| નિહચઈ | — ? |
| નિહાલ | — ન્યાલ |
| નીઆ | — નિયાણું |
| નીકઈ | — સારી રીતે |
| નીગમઈ | — દૂર કરે |
| નીગુસ | — ? |
| નીટોલિ | — સંપૂર્ણપણે |
| નીઠુર | — નિષ્ઠુર |
| નીઠો | — નક્કી |
| નીતર | — નહિંતર |
| નીપણો | — બન્યો |
| નીમ | — નિયમ |
| નીરતી | — નિશ્ચિતપણે, સ્પષ્ટતયા |
| નીરદ્ધર | — ઉપર |
| નીરવાણ | — નક્કી, ખરેખર |
| નીશ્ચે | — નિશ્ચે, નક્કી |
| નીસતા | — કાયર |
| નીસરિ | — નીકળીને |
| નીસર્યઉં | — બહાર નીકળ્યો |
| નીસર્યા | — નીકળ્યા |
| નીસાણ | — નોબત |
| નીસેરી | — નીસરણી |
| નુ | — એ સમયે |
| નુતરીયા | — નોતર્યા, આમંત્ર્યા |
| નુતે | — નમતાં |
| નુર | — તેજ, માન |
| નૃભઈ | — નિર્ભય (?) |
| નેઊર | — નુપૂર = ઝાંઝર |
| નેજા | — ધ્વજ |
| નેજા | — નાની ધજાઓ |
| નેણ | — લઈ જવાની |
| નેતો | — નહિ તો |
| નેપાઈણે | — નીપજાવીને |
| નેમ | — નિયમ, ટેક |
| નેરઉ | — નગરનું |
| નેરીયા | — નરકના જીવો |
| નેસ | — જંગલમાં આવેલું ભરવાડોનું નિવાસ સ્થાન |
| નેસરો | — નીકળ્યો |
| નેસાલ | — નિશાળ, પાઠશાળા |
| ન્યાત | — જ્ઞાત = ઉદાહરણ, દૃષ્ટાંત |
| ન્યાન | — જ્ઞાન |
| પંક | — દોષિત |
| પંખેરી | — પખરી = બાજુમાં (?) |
| પંચબાણ | — કામદેવ |
| પંચાયતી | — પંચ, સભ્ય માણસોનો સમૂહ |
| પંચાયન | — પંચાનન, સિંહ |
| પંડવ | — નામર્દ, બાયલા |
| પંડીયા | — પંડિત |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**પંડૂયા** — પંડિત, અધ્યાપક
**પંડૂર** — પડૂર =પ્રચૂર, ખૂબ
**પંથીજન** — મુસાફર
**પઈઠા** — પેઠા =પ્રવેશ્યા
**પઈ** — થી
**પઈ** — પદ, સ્થાન
**પઈદલ** — પાયદળ, સૈનિક
**પઈસઈ** — પેસ્યા, પ્રવેશ્યા
**પઈસવઉ** — પેસવું, પ્રવેશ કરવો
**પઈસિઉં** — પ્રવેશી જઈશ
**પઈસુ** — પ્રવેશ્યો, અંદર ગયો
**પઉઢાડી** — પોઢાડીને, સુવડાવીને
**પઉન** — પવન
**પઉહર** — પ્રહર
**પક્ખો** — પક્ષ
**પખિઈ** — બાજુએ
**પખેર** — બાજુ
**પગ** — છાપ, સ્વભાવ
**પગાર** — પ્રાકાર, કિલ્લો
**પગિ** — સ્થાને
**પગિ-પગિ** — પદે-પદે, ઠેકઠેકાણે
**પગેરઉ** — પગેરું, શોધ
**પચરક** — ધાતુની પીચકારી
**પછે** — પાછો
**પટંતર** — પડદો, ભેદ, રહસ્ય
**પટકઉ** — પટક્યો, નીચે નાખ્યો
**પઠાવઈ** — મોકલે છે
**પડઉતર** — પ્રત્યુત્તર
**પડબંધ** — પ્રબંધ, વૃત્તાંત
**પડવડો** — પ્રગટ, વ્યક્ત, સ્પષ્ટ
**પડિ** — પઢીને = ભણીને
**પડિયા** — હલ્લો કર્યો, આક્રમણ કર્યું
**પડિવજ્યઉ** — સ્વીકાર્યું
**પડિવનઉ** — પ્રતિજ્ઞા કરેલ, સ્વીકારેલ
**પડિવનૂ** — સ્વીકારેલ
**પડિહાર** — પ્રતિહાર, દરવાન, છડીદાર
**પડીત** — પીડિત
**પડૂર** — પ્રચૂર, ખૂબ
**પડો** — પડહ, ઢોલ વગડાવવો
**પડ્યઉ પાનું** — પનારો પડ્યો
**પણ** — પ્રતિજ્ઞા, કરાર
**પણંગણા** — પન્યાંગના, વેશ્યા
**પણમઈ** — પ્રણામ કરે છે
**પતંગ** — કાચો રંગ, પતંગિયું
**પતંગા** — પતંગવૃક્ષ, ચંદનવૃક્ષ
**પતિજ** — વિશ્વાસ
**પતિભાહા** — પ્રતિભાવાન
**પત્ત** — પ્રાપ્ત કર્યું, પડ્યા
**પન્નસ** — ફણસનું ઝાડ
**પન્ના** — પ્રજ્ઞા
**પયંતિ** — પ્રાંતે, અંતે, છેડે
**પયંપઈ** — બોલે
**પયઠઉ** — પેઠો, પ્રવેશ્યો
**પયોહર** — પયોધર, સ્તન



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પરઈ — રીતે, પ્રકારે
પરખ્યા — પરીક્ષા
પરઘલ — પુષ્કળ, ભરપૂર
પરજલી — પ્રજ્વલિત થઈ
પરજા — પ્રજા
પરજીઓ — રાગવિશેષ
પરઠીહા — નિશ્ચિત કરી, સ્થાપિત કરી
પરતક્ખ — પ્રત્યક્ષ, સામે
પરતિ — આબરૂ, પ્રતિષ્ઠા
પરતિ — પ્રતિ, તરફ
પરતિય — પ્રતીતિ
પરભાવતી — પ્રભાવથી
પરભાસો — પ્રકાશો, કહો
પરમંદરૈ — શત્રુના ઘરમાં
પરમત્થ — પરમાર્થ
પરમાણ — સાર્થક, ચરિતાર્થ
પરમાણિ — યુક્ત
પરમાદ — પ્રમાદ
પરમેસ — પરમેશ્વર
પરમોષણ — ચોર
પરવરો — ચાલ્યો (?)
પરવાર — પરિવાર
પરવાહ — ઉત્સવ
પરસરઈ — પરિસરમાં
પરહા — દૂર
પરહાર — પ્રહાર
પરહું — દૂર

પરાણ — પ્રાણ
પરાણ — જોર, બળ, બળજબરી
પરિ — પરિસ્થિતિ
પરિ — બીજા
પરિકર — પરિવાર
પરિગડા — તત્પર, પ્રગટ
પરિઠઉ — નક્કી કર્યું, નિશ્ચિત કર્યું
પરિપત્ત — સ્વામી
પરિયઉ — પડ્યો
પરિયણ — પરિજન, સ્વજન
પરિવત્ત — ભમ્યો, ચારે બાજુ ફર્યો
પરિહરઉ — દૂર કરો
પરિહરઉ — પરિહરો, ત્યાગ કરો
પરિહરું — ત્યાગ કરું
પરી — દૂર, અળગી
પરી — પડી, લાગી
પરીઠી — ધારણ કરેલા / વ્યવહાર, નિશ્ચિત કરેલ
પરુષ — કઠોર
પર્હી — દૂર
પલીંગ — પલંગ, શય્યા
પલ્યંક — શય્યા
પલ્યા — ચાલ્યા
પલ્લિ — આક્રમણ
પલ્હાણિઓ — પલાણ સજ્જ કરીને
પસત્તા — પ્રસક્ત, આસક્ત
પસત્થ — પ્રશસ્ત = સુંદર
પસરિઉ — પ્રસર્યું, ફેલાયું



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| **પસાઈ** | — પ્રસાદ, કૃપા |
| **પસાઉલે** | — પસાયથી, કૃપાથી |
| **પસાય** | — ભેટ-સોગાદ, કૃપાદાન |
| **પહઈ** | — પથ |
| **પહરો** | — દૂર જઈ |
| **પહાણ** | — પ્રધાન |
| **પહીયાં** | — પૈયા, પૈડા |
| **પહુંતી** | — પહોંચી, પૂર્ણ થઈ |
| **પહુતઉ** | — પહોંચ્યો |
| **પહૂત** | — પહોંચ્યાં |
| **પહે** | — થી |
| **પાઈ** | — પગમાં |
| **પાઈલા** | — પાયા |
| **પાઉધરઉ** | — પધારો |
| **પાખઈ** | — વિના |
| **પાખર** | — પલાણ |
| **પાખરીયા** | — સજ્જ કરેલા ઘોડા |
| **પાગ** | — પગ, ચરણ |
| **પાગ** | — પગેરું, નિશાની |
| **પાગી** | — પગી, પગેરું શોધનાર |
| **પાડઈ** | — પડાવે છે |
| **પાડલ** | — ગુલાબ |
| **પાડે** | — મહોલ્લામાં, શેરીમાં |
| **પાઢતો** | — પાડતો |
| **પાણહિ** | — જોડા |
| **પાણી** | — હાથ |
| **પાતકી** | — પાપી |
| **પાતિગ** | — પાપ |
| **પાત્યઉ** | — પાડ્યો |
| **પાધરઉ** | — પાધરું, સીધું |
| **પાધરી** | — કૂડ-કપટ વિનાની, સીધી |
| **પાધરું** | — પ્રગટ |
| **પાનાગાર** | — દારૂનું પીઠું |
| **પાયકઈ** | — પામીને |
| **પાર** | — પ્યાર |
| **પારઉ** | — પારો |
| **પારિપંથિક** | — ચોર |
| **પાલ** | — પલ્લી |
| **પાલખઈ** | — ચારે બાજુ |
| **પાલજુ** | — પારજ = સુવર્ણ |
| **પાલનો** | — પારણું, ઘોડીયું |
| **પાલા** | — પાયદળ, પગે ચાલનાર સૈનિકો |
| **પાલિ** | — પલ્લી |
| **પાલિ** | — પલ્લી, ચોરોનું ગામ |
| **પાલિવઉ** | — પાળવું, પાલન કરવું |
| **પાલુ પલે** | — પગપાળા ચાલે |
| **પાવક** | — અગ્નિ |
| **પાવસ** | — પ્રાવૃષ = વર્ષા |
| **પાવસ** | — વર્ષા |
| **પાશિ** | — જાળ, પ્રપંચમાં |
| **પાસઈ** | — પાસે, બાજુએ |
| **પાસા** | — પાર્શ્વ, આજુ-બાજુ |
| **પાસા** | — પાશ, ફાંસો |
| **પાસા** | — પાશા, સોગઠા |
| **પાસિ** | — પક્ષ |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| પાસો | — ફાંસો |
| પાહતો | — પહોંચ્યો |
| પાહાણ | — પાષાણ, પથ્થર |
| પાહિ | — પાસેથી |
| પિંગલ | — પીળું |
| પિંડી | — ઘૂંટી અને ઢીંચણના સાંધાની નાની ગોળ હાડકી |
| પિછાણ્યઉ | — પિછાણ્યો, ઓળખ્યો |
| પિણ | — દાવ |
| પિતૃવનિ | — સ્મશાનમાં |
| પિહરલા | — પહેલા |
| પિહરી | — પહેરી |
| પિહારણે | — પહેરી લે, પરિધાન કરે |
| પિહિરો | — પહેરો |
| પીડવઈ | — પીડા આપે |
| પીડી | — પીડા પામી |
| પીતરહી | — પિત્તળ |
| પીર | — પીડા, દુઃખ |
| પીલવાણ | — મહાવત |
| પીસારો | — પ્રવેશ |
| પીહર | — આશ્રયસ્થાન |
| પુંતાર | — મહાવત |
| પુંતારીયઉ | — પુંતાર = મહાવત પુંતારીયઉ = મહાવત જેવો બન્યો |
| પુંહરિ | — પહોર |
| પુગી | — પહોંચી, પામી |
| પુઠલ | — પાછળ |
| પુઢી | — મોટી |
| પુન્ન | — પૂર્ણ |
| પુરવલી | — પૂર્વની જેમ |
| પુરહૂત | — ઇન્દ્ર |
| પુરાસ્યઈ | — પુરાશે પૂરા થશે |
| પુરિસાણ | — પુરુષોને |
| પુલઈ | — જાય છે |
| પુલીં | — પડે |
| પુલ્યા | — નાસ્યા, પલાયન થઈ ગયા |
| પુવિ | — ? |
| પુહવઈ | — પૃથ્વી |
| પુહુર | — પ્રહર, પહોર |
| પૂગઈ | — પૂગે = પૂર્ણ થાય |
| પૂગી | — પૂર્ણ થઈ |
| પૂચો | — ? |
| પૂજજી | — પૂજ્યજી, પૂજનીય |
| પૂઠવી | — પાઠવી = કહી |
| પૂઠિ | — પાછળ |
| પૂઠિં | — પાછળ, કેડે |
| પૂઠિઈ | — પાછળ |
| પૂઠો | — ઉલટો ફરી ગયો |
| પૂત | — પુત્રી |
| પૂનિમજો | — પૂનમનો |
| પેંપર | — પીપળો |
| પેઈ | — ચામડાની પેટી, પેટી |
| પેખુ | — જોઉં, નિહાળું |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પેટક — સમૂહ, ઘણાં
પેટા — પેઠા, પ્રવેશ્યા
પેમિલ — પ્રેમ
પેર — રીત
પેરાવિઉ — સન્માન કર્યું, બોલાવ્યો (?)
પેરે — યુક્તિ, રીત, તરકીબ
પેલિ — પ્રેરવી, ધક્કો મારવો
પેસકસી — ખંડણી
પેસારૌ — પ્રવેશ
પેહેલો — પહેલા
પૈહિરણ — પહેરણ, વસ્ત્ર
પોચુ — પહોંચું
પોટક — પોટકી, પોટલી
પોઢા — પ્રૌઢ, મજબૂત
પોઢે — ભવ્ય, મહાન, મોટું
પોઢ્યો — નિપુણ, ચતુર
પોત — પુત્ર
પોરસ — પૌરુષ
પોરિસ — પૌરુષ, પુરુષાર્થ, બળ
પોલિ — પોળ =દ્વાર
પોલિ — પ્રવેશદ્વાર
પોશાલે — પૌષધશાળાએ
પોસ — પોષ મહિનો
પોહો — પહોંચ્યો
પ્રઘટ — પ્રકટ
પ્રચાર — વિસ્તાર, વર્તણૂંક
પ્રજ — પ્રજા

પ્રઠી — નક્કી કરી
પ્રણપ્રત્યે — પ્રણિપાત, નમસ્કાર
પ્રણામ — પરિણામ
પ્રણાવી — પરણાવી
પ્રતિ — સામો
પ્રતિચારક — સેવકોથી
પ્રતિન્યા — પ્રતિજ્ઞા
પ્રતિપન્ન — સ્વીકારેલ
પ્રદેશ — પરદેશ
પ્રધન — પરધનને
પ્રધાન — પ્રસિદ્ધ, શ્રેષ્ઠ
પ્રનારિ — પરનારી
પ્રપંચ — ગોઠવણ
પ્રભણી — કહ્યું
પ્રભવ — પરભવ
પ્રભવઈ — ઉત્પન્ન થાય
પ્રભાવિવ — પ્રભાવવાળી, પ્રભાવયુક્ત
પ્રમદા — સ્ત્રી
પ્રમાધામી — પરમાધામી
પ્રમાર્થ — પરમાર્થ
પ્રમુખ — વગેરે
પ્રરઠી — શરત કરીને
પ્રલંબ — દીર્ઘ
પ્રવત્ય — પ્રવર્ત્યા, ફેલાયા
પ્રવરાસન — શ્રેષ્ઠ આસન
પ્રવસ — પરવશ
પ્રવીત — પવિત્ર
પ્રસંગ — પરિચય



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રસંગ — સંગ, સોબત, મેળાપ
પ્રસંત — પ્રશાંત
પ્રસન — પ્રશ્ન
પ્રસ્તાવ — અવસર
પ્રસ્નપણે — છુપી રીતે
પ્રહ — પરોઢ
પ્રહીત — પુરોહિત
પ્રહુણાઈ — મહેમાનગતિ
પ્રાક્રમ — પરાક્રમ
પ્રાઝા — પ્રાજ્ય, અત્યંત, અતિશય
પ્રાણિ — પરાણે, બળજબરીથી
પ્રાસમે — પ્રા = પ્રહ, પરોઢિયે, સવારના સમયે
પ્રાહુણાવટિ — પરોણાગતિ, મહેમાનગતિ
પ્રિયાણક — પ્રયાણ
પ્રીયા — સ્ત્રી
પ્રેતભૂમી — સ્મશાન
પ્રોણિ — જાડી વડવાઈ
પ્રોલાં — પ્રોલ =દરવાજા (માંચડા ?)
ફંદ — જાળ બિછાવીને કરાતો શિકાર
ફંદ — ઢોંગ, દુઃખ, મુશ્કેલી
ફકીર — બાવો
ફટિક — સ્ફટિક
ફણી — સર્પ
ફરસઈ — સ્પર્શથી
ફલ-પત — ફલની પ્રાપ્તિ
ફસ — સ્પર્શ (ફલ ?)
ફાગ — હોળીના રંગની રમત
ફાડે — તોડે, ખાતર પાડે
ફારક — છૂટો, મુક્ત
ફાસીયા — જાળમાં પકડાઈ ગયા
ફીટી — મટીને
ફુફાદિક — પુષ્પાદિક
ફેકાર — ફુંફાડા
ફેકારી — સાપ
ફેડુ — નાશ કરી નાખું, મટાડું
ફેર મા ફાર — ફેર-ફાર નથી
ફોક — ફોગટ, વ્યર્થ, વિના કારણે
ફોફલી — સોપારી વેચનાર (?)
ફોર — યશ, કીર્તિ, આબરૂ
બંધ — બંધવ, ભાઈ
બંધાન — રચના, જોડાણ
બંધુર — સુંદર
બંબાલ — પ્રચંડ
બંભણ — બ્રાહ્મણ
બઈઅર — બૈરી, પત્ની
બઈનડી — બહેન
બઈર — બૈરી, પત્ની
બઈસાણી — બેસાડી
બઈસારી — બેસાડીને
બગતર/બગતરી— બખ્તર



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| **બગસો** | — માફ કરો |
| **બચ્ચામૈ** | — વચમાં (?) |
| **બડગડ્યા** | — નીકળ્યા |
| **બતરી** | — બાવત્તરી =બહુંતેર |
| **બથે** | — બે હાથ પહોળા કરતા સમાય તેટલું |
| **બનાસું** | — બનાવીશું, ચલાવીશું |
| **બર** | — વ્યભિચારી પુરુષ (?) |
| **બરછી** | — નાનો ભાલો |
| **બરદલ** | — પ્રખ્યાત, યશસ્વી |
| **બરબકરે** | — ઉતાવળે (?) |
| **બરાલ** | — બરાડા |
| **બલ** | — પ્રતાપ, સામર્થ્ય |
| **બલંબ** | — બલવાન, મજબૂત |
| **બલપાઈ** | — ? |
| **બલવાતા** | — બલવંત |
| **બલિસ્યઈ** | — બળશે |
| **બહિ** | — બે |
| **બહિરખા** | — બેરખા, બાજુબંધ |
| **બહુ** | — વહુ |
| **બહુતર** | — ઘણી |
| **બહુતેરા** | — બહુતર =ઘણા બધા |
| **બહુતેરા** | — શૂરવીર |
| **બહુલ / બહુલું** | — ઘણું |
| **બાચડો** | — બચ્ચો |
| **બાથા** | — ખોબા |
| **બાપહતણી** | — પિતાની |
| **બાપીયડા** | — બપૈયા, ચાતક, કપિંજલ |
| **બાર** | — બારણું, દ્વાર |
| **બાર-બાર** | — વારંવાર, ખૂબ |
| **બારિ** | — દ્વારે |
| **બારું** | — બહાનું, કારણ |
| **બાલ-તૃણ** | — કુમળું ઘાસ |
| **બાવનવીર** | — શૂરવીર, સાહસિક |
| **બાહે** | — બાથમાં, અંદર (?) |
| **બિઉણો** | — દ્વિગુણો |
| **બિદા** | — વિદાય |
| **બિમણઉ** | — બમણો |
| **બિવથી** | — દ્વિ-અર્થી |
| **બિહિનિ** | — બહેન |
| **બિહિરણ** | — વહોરવા માટે |
| **બીજઉ** | — બીજું, અન્ય |
| **બીજુલી** | — વીજળી |
| **બીડઉ ઝાલી** | — બીડું ઝડપીને, સાહસભર્યું કામ માથે લઈને |
| **બીહની** | — ડરી ગઈ |
| **બીહય** | — ડરે, બીએ |
| **બુંદુ** | — બિંદુ |
| **બુજ્ઝ** | — બુદ્ધ, સમજદાર |
| **બુઝણા** | — બોધ પામેલા |
| **બુઝવઈ** | — બોધ આપે |
| **બુહારૌ** | — સાફ કરો |
| **બૂડા** | — ડૂબ્યા |
| **બેંધીને** | — બાંધીને |
| **બેહે** | — બેસે |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બોઉ — ઉતારી નાખ્યો
બોટો — હીન
બોડવણ — ડૂબાવનાર
બોલ — વચન
બ્યાહી — વિવાહિત
ભંડ — ભાંગી
ભંડ — ભૂંડુ, જેવું-તેવું
ભંડ્યૌ — ભ્રષ્ટ કર્યું
ભખી — ડંશ દીધો
ભખ્ખણ — ભક્ષણ
ભજ્જા — ભાર્યા, પત્ની
ભજ્જુ — ભાગી ગયા
ભટ્ટ — ભાટ-ચારણ
ભડ — સુભટ, યોદ્ધો
ભડઈ — લડે, યુદ્ધ કરે
ભડવાના — ભડવું = યુદ્ધ કરવું
ભડવાના = યુદ્ધના
ભણી — પ્રતિ, ને, તરફ
ભણેવઉ — ભણવું, કહેવું
ભત્તિ — ભક્તિ
ભદ્દ — ભદ્ર
ભમરિ — ગોળ-ગોળ ફેરવ્યો
ભમહિ — ભ્રુકુટી, ભવાં
ભરીને — થી પકડીને
ભત્ત્ાર — પતિ, સ્વામી
ભલ — ભલા, સારા
ભલા કીયા — ભેગા કર્યા = એકઠા કર્યા
ભવ — ભવ્ય
ભવઈ — હતી
ભાંડા — વાસણો
ભાખ — વાણી
ભાખડી — ભાષા
ભાગ — ભાગ્ય
ભાગિ — ભાગ્યે, ભાગ્યથી
ભાગો — ભાંગ્યો, થાક્યો
ભાણ — સૂર્ય
ભાણઉ — ભાણું, વાસણ
ભાતાં — દુકાનો (?)
ભાથડા — બાણ રાખવાનું ભાથું
ભાર — જવાબદારી
ભાર અઢાર — બધા પ્રકારની
ભારજા — ભાર્યા, પત્ની
ભારથ — મહાભારત
ભારવટ — મોભ, પાટડો, અભરાઈ
ભાલડી — કુહાડી
ભાલિ — ધારીને, ધ્યાન દઈને
ભાવઈ — ગમે છે
ભાવઈ — જોવું, દેખાવું
ભાવત — ભાવથી
ભાવતઉ — ભાવતો
ભાવિત — ભાવથી
ભાવુક — બનેવીનો, ભાઈનો
ભિંજા — ભીંજાયા
ભિડઈ — દબાયા, સકંજામાં આવ્યા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભિડિયા — લડ્યા
ભીખણ — ભયાનક, ભીષણ
ભીત — ભીતિ, ભય
ભીતિ — ભીંત
ભીયી — લુબ્ધ
ભુંઈ — ભૂમિ
ભુંગલ — લાંબી શરણાઈ, લાંબી નળીનું વાદ્ય
ભુંહરો — ભોંયરું
ભુઈ — ભૂમિ
ભુધણી — પૃથ્વીપતિ, રાજા
ભુમિયાં — ભોમિયા
ભૂંડા — ખરાબ, દુર્જન
ભૂઈ — ભૂમિ પર
ભૂઈહરઈ — ભૂમિઘરને, ભોંયરાને
ભૂતરઈ — ભૂતલ પર
ભૂમ — એક (?)
ભૂયંગ — ભુજંગ, સર્પ
ભૂરિ — ઘણું, અતિશય
ભૂષા — શોભા
ભેઈ — ભાઈ
ભેલીઓ — ભેદ્યો
ભેલીયઉ — ભેળું થયું, ટકરાયું
ભો — ભય
ભોમિ — ભૂમિ
ભોર — સવાર
ભોરી — ઘણી, બહુ
ભૌ — ભય

ભ્રષ્ટામે — ભઠ્ઠીમાં
મંજુસ — મંજૂષા =પેટી
મંડણી — શોભતી
મંડલ — દેશ
મંડાણ — શરૂઆત, પ્રારંભ, રચના
મંડાણી — આરંભ, રચના, શોભા
મંત્રિ — મંત્રીને, મંત્રમુગ્ધ કરીને
મંસાસિ — માંસભક્ષી
મઈ — મેં
મઉરી — મહોરી, ખીલી
મકરંદ — કામદેવ
મગ્ગિ — માર્ગમાં
મછરાલ — મત્સરયુક્ત
મજરો — મુજરો, પ્રણામ
મજલ — એક દિવસની મુસાફરી
મજ્જિવઉ — ડૂબવું
મજ્ઝિ — મધ્યમાં
મજ્જણ — સ્નાન
મજ્ઝ ભાગઈ — મધ્યભાગમાં
મજ્ઝિ — મધ્યમાં
મજ્ઝિમ — મધ્ય
મઝ — મારું
મડું — મડદું, શબ
મઢ — સંન્યાસીનું નિવાસસ્થાન
મણા — માન, પ્રમાણ, ઉણપ
મણિધર — સર્પ
મતંગ — હાથી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**મતવાલઉ** — નશાખોર
**મતિ** — મત = ન, નહિ
**મત્થિ** — માથે, ઉપર
**મદ** — મદ્ય, મદિરા
**મદંધ** — મદાંધ, મદોન્મત્ત
**મદનઈ** — કામદેવે
**મદલ** — મૃદંગ
**મદ્ધ** — મધ્ય
**મન-રસિઈ** — મુક્ત થઈને, છૂટા પડીને
**મનભાઈ** — મનગમતી
**મનલારી** — મનને અનુસરનારી
**મનસા** — ઇચ્છા
**મનહ** — મનની
**મનીષા** — ઇચ્છા
**મનુહારણિ** — મનોહર
**મનુહારિ** — મનોહર
**મન્નત** — વિનંતી
**મમરિમ** — મમરા જેવા (?) અધમ (?)
**મયંગલ** — હાથી
**મયગલ** — મત્તહાથી
**મયઘટા** — મદ = હાથી, ઘટા = સમૂહ
**મયલીયઉ** — મલિન કર્યું
**મયા** — દયા, કૃપા
**મરજાદા** — મર્યાદા
**મરમઈ** — મર્મ સ્થાનમાં
**મરાજ** — મહારાજ
**મર્દ્દકે** — મર્દના
**મરુક** — એકજાતનું ખળ-ધાન્ય
**મલમાતો** — મદોન્મત્ત
**મલ્હપતા** — અભિમાનપૂર્વક ચાલતા
**મહઈ** — મહેંકે છે
**મહલ્લો** — મહલ્લય = મોટો
**મહારણી** — મહાયોદ્ધો
**મહિતઈ** — મંત્રી, પ્રધાન
**મહિમુર** — અતિશય
**મહિયમહિ** — પૃથ્વી પર
**મહિયલ** — પૃથ્વીતલ
**મહી** — દહીં, પૃથ્વી
**મહુંત** — મોટાઈ
**મહુગાં** — મોંઘા
**મહુર** — મહુલુ = મોવડી, અગ્રેસર વ્યક્તિ
**મહુર** — મોર = આગળ
**મહુર** — મોરવેલ
**મહુરા** — મહુડાનું વૃક્ષ
**મહુરાં** — સોનામહોર
**મહુરી** — મધુરી, મીઠી
**મહેશ્રી** — ખૂબ ધનવાન
**મહોત** — મોટાઈ, મહત્ત્વ
**માંચી** — ચામડાથી મઢેલી પેટી
**માંચો** — પલંગ
**માઈ** — માતા
**માખડિ** — માથાનું ઘરેણું



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| **માગ** | — માર્ગ, રસ્તો |
| **માગી** | — માર્ગમાં |
| **માગ્ર** | — માર્ગ |
| **માઝી** | — જૂનું |
| **માટ** | — માટલા / માટલી |
| **માટિ** | — મર્દ, બહાદૂર |
| **માટી** | — માટે |
| **માટીપણૂ** | — મર્દાનગી |
| **માડું** | — માંડુ, જોડુ |
| **માડ્યા** | — મોડ્યા, તોડ્યા |
| **માણ** | — પાણી ભરેલ કોઠીથી |
| **માણસ** | — માનસ, મન |
| **માતિ** | — માત્ર |
| **માતી** | — રાગી |
| **માતો** | — આનંદિત થયેલ, મત્ત, ઘેલો |
| **માધિ** | — ? |
| **માન** | — યશ, કીર્તિ, મોભો, આદર |
| **માનનીક** | — માનનીય, પૂજ્ય |
| **માપ** | — માફ |
| **મામ** | — આબરૂ, કીર્તિ, પ્રતિષ્ઠા ગૌરવ, સ્વમાન મોભો |
| **માય** | — મયા, મહેર |
| **માર** | — કામદેવ |
| **મારુઆડ** | — મારવાડ |
| **માલ** | — સંપત્તિ, ધન |
| **માલા ચાવંત** | — બડાઈ મારવી, ફાંકા મારવા |
| **માલ્હતુ** | — મહાલતો, સ્વચ્છંદપણે ઘુમતો |
| **માવઈ** | — સમાય છે |
| **માવીતાં** | — માતા-પિતા |
| **માહવ** | — ઉત્સવ |
| **માહારત** | — મોટું દુઃખ, પીડા |
| **માહિરેઈ** | — મારું |
| **માહિરુઉ** | — મારું |
| **મિ** | — મે |
| **મિંઠ** | — મહાવત |
| **મિઠઈ** | — મહાવતે |
| **મિઠ્યાસ** | — ? |
| **મિણી** | — તુલનામાં |
| **મિત** | — મૈત્રી, દોસ્તી |
| **મિત્ત** | — મિત્ર |
| **મિષ** | — બહાનું |
| **મિસિ** | — બહાને |
| **મી** | — મારી સામે, મારી આગળ |
| **મીઠ** | — મીઠું, મધુર, મીંઢો, ધૂર્ત, લુચ્ચો |
| **મું** | — મારા |
| **મુકલીવઉ** | — વિદાય |
| **મુઠિ** | — મુષ્ટિ, ચોરી |
| **મુણ-મુણતો** | — બોલતો |
| **મુણઈ** | — જાણે |
| **મુણૈ** | — બોલ્યો, કહ્યું |
| **મુદા** | — આનંદથી |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| મુદાય | – આનંદ માટેનો |
| મુદ્ધ | – મુગ્ધ |
| મુરઝાણી | – મોહાઈ |
| મુલકત | – મિલ્કત |
| મુષા | – ઉંદર |
| મુસતો | – ચોરતો |
| મુસિ | – ચોરીને |
| મુસ્યુ | – ચોર્યું |
| મુહરા | – વિષહર ફળ |
| મુહલ | – મહેલ |
| મુહવડિ | – મોખરે, આગળ |
| મુહિલિ | – મહેલમાં |
| મૂં | – મને |
| મૂંઠિ | – નિશાન (?) |
| મૂંદરડી | – મુદ્રિકા, વીંટી |
| મૂઆ | – મરી ગયા |
| મૂઠિ | – ? (કોઈ માપ) |
| મૂડ | – મુંડ = મસ્તક |
| મૂત્તાહલ | – મોતી |
| મૂલગી | – પ્રથમ |
| મૃગંદ | – મૃગેન્દ્ર, સિંહ |
| મૃત્યૂ | – મૃતક, મડદું, શબ |
| મેટઈ | – મિટાવી શકે, દૂર કરી શકે |
| મેટિ | – મિટાવીને, ભૂલીને |
| મેઠ | – મહાવત |
| મેઠો | – મીઠો |
| મેઠ્યાઈ | – મીઠાઈ |

| | |
|---|---|
| મેલવી | – ભેગા કરીને |
| મેલિ | – ભેગા મળીને |
| મેલી | – એકઠા કરી, ભેગા કરી |
| મેલ્હઈ | – મૂકી, મૂકે છે |
| મેષિ | – મેષ રાશિમાં |
| મેહર | – મહેર |
| મેહલી | – મૂકી, જોરથી પાડી |
| મેહિલો | – મેલ્યો, મૂક્યો |
| મેહુ | – મેઘ, વરસાદ |
| મો ભણી | – મારા પ્રતિ, મને |
| મોઈ | – મરી ગઈ |
| મોકલામણ | – છેલ્લા સલામ, પ્રણામ, આવજો |
| મોકલાવ્યો | – મળ્યો |
| મોગ | – મોદ-આનંદ (?) |
| મોગર | – હથોડા જેવું નાનું ઓજાર, મુદ્દગર |
| મોટ | – ગાંસડી |
| મોટ | – ધન, પુંજી |
| મોટિમ | – મોટાઈ |
| મોદ | – આનંદ |
| મોરડો | – મારો |
| મોરુત | – દંતશૂલથી હુમલો કરનાર હાથી |
| મોલી | – મારો |
| મોલી | – મૂલ્ય, મૂલ્યવાન |
| મોલુ | – મૂલ્યવાન |
| મોસો | – ચોરી |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| મોહણી | — મોહનીય |
| મોહનઈ | — મુજને |
| મોહની | — મોહ પમાડનારી સ્ત્રી |
| મોહલ | — મહેલ |
| મોહિયા | — મોહ પામેલા |
| મોહોત | — આદર, સત્કાર, માન |
| મ્રજાદ | — મર્યાદા |
| મ્હે | — અમે |
| યમ | — જેમ |
| યીવઉં | — જીવતા |
| યુગતી | — યુક્તિપૂર્વક, વિવેકથી |
| યૂગતૂં | — યોગ્ય |
| યૂપ | — વિજયસ્તંભ |
| યોયન | — યોજન |
| રંગ | — આનંદ, ઉમંગ, વિલાસ |
| રંગપતંગ | — પત્રંગ નામના ઝાડનો રંગ |
| રંગરોલ | — બેહદ ખુશાલી, અતિ આનંદ |
| રંગાઉલિ | — બક્ષરનો એક પ્રકાર |
| રંજસઈ | — રીઝશે, ખુશ થશે |
| રંજિવઈ | — રાજી કરે |
| રંજ્યા | — પ્રસન્ન કર્યા |
| રંભા | — કેળ |
| રંભા-ધુનિ | — ગાયનો ભાંભરવાનો અવાજ |
| રઈ/રી/રઉ/રો | — ની, નું, નો(ષષ્ઠીના પ્રત્યય) |
| રગત | — રક્ત, લાલ |
| રડવડ્યા | — અથડાયા, કુટાયા રખડ્યા, રઝળ્યા |
| રણ | — યુદ્ધ |
| રણતુર | — યુદ્ધ માટેનું વાજિંત્ર |
| રતી | — રતીભાર, તદ્દન થોડું |
| રત્ત | — રાતા, લાલ |
| રત્ત | — હૃષ્ટ-પુષ્ટ |
| રદ્ધડિ | — રીદ્ધિ |
| રન | — જંગલ |
| રનમઈ | — રણમાં, જંગલમાં |
| રમણીયઈ | — સ્ત્રીએ |
| રમલિ | — રમત, ક્રીડા |
| રમ્મ | — રમ્ય, મનોહર, સુંદર |
| રય | — અનુરક્ત, આસક્ત |
| રયન | — રાત |
| રયવાડી | — રાજસવારી |
| રલકંત | — ભટકતો, આંટા મારતો |
| રલિયા | — રળીયામણા, મનોહર |
| રલિયાયત | — આનંદિત |
| રલી | — આનંદ, પ્રસન્નતા, ખુશી, |
| રલીઆત | — આનંદિત, ખુશ |
| રલીઆયત | — પ્રસન્ન, ખુશ |
| રષિ | — ઋષિ, સંન્યાસી, બાવા |
| રસ | — કમાણી |
| રસા | — જીભ |
| રહઈ | — રથ પર |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રહસિ — એકાંતમાં
રહિવઈરઉ — રહેવાનું
રા — રાજા
રાઈ — મત, અભિપ્રાય
રાખડી — માથાનું ઘરેણું
રાખડી — સ્રીઓનું મસ્તક પર પહેરવાનું ઘરેણું
રાખણરઉ — રાખવાનો
રાગિણી — સ્વેચ્છાચારિણી, કુલટા
રાચી — રાગી થઈ, રુચી, ગમી
રાજકુમાર — રાજકુમારી
રાજવીયારી — રાજવીઓની
રાજિત — શોભિત, શોભતા
રાતઉ — રક્ત, રત, રાગી
રાતી / રાતો — રક્ત, રાગી
રાન — જંગલ, રણ
રામ — અશોક વૃક્ષ
રામતિ — ક્રીડા
રાયંધૂ — ?
રાલિ — રાડ, બૂમ, શોર
રાવ — સહાયતા માટે આજીજી
રાશિ — લગામ
રાસ — ચારિત્ર
રિતુ — ઋતુ
રિષ — ઋષિ
રીવ — પોકાર
રીસાણઉ — ગુસ્સે ભરાયો
રીસાલ — રોષીલો, ક્રોધીલો
રીસી — રીસાઈને, નારાજ થઈને
રુઆ — રૂપ
રુઈ — રોવે
રુખડા — વૃક્ષો
રુચિર — મનોહર
રુડ — રૂંડ = મસ્તક વિનાનું ધડ, કબંધ
રુપડો — રૂપવાન, સુંદર
રુયડાં — રૂડા, મનોહર
રુયડી — રૂડી, ઉત્તમ
રુલી — આનંદપૂર્વક
રુવઈ — રોવડાવે
રુવિ — રવિ, સૂર્ય
રુહિર — રુધિર, લોહી,
રુહિરીલ — રુધિરવાળા, લોહીવાળા
રૂડઉ — રૂડું, સારું
રૂંતી — રહેતી
રૂલી — રડતો
રેખઈ — બહાને
રેખા — રખે
રેણુ — રેતી
રેતી — રીત
રેલ — પ્રવાહ
રેવણી — દુર્દશા, ફજેતી
રેવા — ગંગા
રેસો — રાહ, વાટ
રેહ — રેખા, મર્યાદા
રેહકું — સીમા, મર્યાદા
રેહી — કીર્તિ, પ્રતિષ્ઠા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રોજ — ?
રોમહરી — રોમરાજી, રુંવાટી
રોર — ગરીબ, ભિખારી
રોલ — પ્રવાહી મિશ્રણ, લેપ, છાંટણા
રોલવીઆ — મુશ્કેલીમાં મૂક્યા, ગભરાવ્યા
લંગૂલ — પૂંછડી
લંઘઈ — ઓળંગે છે
લંઘેસઈ — ઓળંગશે
લંઠ — ધૂર્ત, ઠગ
લકુટી — લાકડી
લક્ષ — લાખો
લખઈ — ઓળખે
લખાઈ — ઓળખાય
લખી — ઓળખી
લખીઉ — દોરેલ
લખ્યણ — લક્ષણ
લગઈ — લગી, સુધી
લગન — મુહૂર્ત
લગ્ગ — લગાવીને, ટેકવીને
લગ્ન — લગાર
લચકઈ — નમે, વળે, મરડાય
લચ્છી — લક્ષ્મી
લછિ — લક્ષ્મી
લછિલે — લક્ષ્મીવાનને
લપરક — લબ-લબતી. લબકારા મારતી
લપેટ — વીંટી દીધો
લવ — લવારો
લવઈ — બોલે છે, કહે છે
લવી — બોલે
લસઈ — ધારણ કરે
લસણીયા — વૈડુર્યમણિ
લહકઈ — ઝુલે, શોભે
લહકતી — શોભતી
લહતો — જાણતો
લહર — મદદ
લહલહી — ધીમે-ધીમે આંદોલિત થાય છે, ઝુલે છે
લહાયઈ — મેળવે છે, પામે છે
લહિર — મૂર્છા
લહિવો — પકડવા, પકડી પાડવા
લહુડા — લઘુ, નાના
લહૂં — જલ્દી
લાંઘાલો — મોટા ડગલા ભરનાર
લાંઘી — ઓળંગી
લાઈ — ચિત્ત લગાડી
લાકડી — અગ્નિદાહ
લાગ — અવસર, તક, મોકો
લાગિ — અનુકૂળ, માફક (?)
લાચિ — પ્રેમમાં
લાછિ — લક્ષ્મી
લાજિ — શરમથી
લાજી — શરમાઈ
લાજીયઉ — શરમાયો



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| લાડકવાહિઉ | — લાડકવાયો |
| લાધઉ | — મળ્યું, મેળવ્યું |
| લાધુ | — મળ્યું |
| લાભઈ | — પામે |
| લાભઈ | — મળતો, પ્રાપ્ત થતો |
| લામી | — લાંબી, હલકી, પ્રતિકૂળ |
| લાર | — સાથે |
| લારા | — પાછળ |
| લાલણ | — પિયુ, પ્રિય |
| લાવન | — લાવણ્ય |
| લિખમી | — લક્ષ્મી |
| લિખી | — ઓળખી |
| લિહવા | — જોવા, જાણવા, ઓળખવા માટે |
| લીણા | — લીન |
| લીમ | — લીમડો |
| લીલ | — લીલા, આનંદ |
| લીહ | — હદ, સીમા |
| લીહીઆલુ | — મર્યાદાવાલી = ધ્યાનમાં રાખી |
| લુંડી | — લાકડી |
| લુકી/લુકિ | — છુપાઈને |
| લુગાઈ | — પત્ની |
| લુથાં | — ? |
| લુબધી | — લુબ્ધ, આસક્ત |
| લુલિત | — મિલન |
| લૂસિઉં | — લૂંટ્યું |
| લેસ | — લેશ, થોડો |
| લેસ્યાં | — લેશું |
| લોઈ | — લોકમાં |
| લોઈ | — વિચારી |
| લોક | — જોઈ |
| લોકારઈ | — લોકોની |
| લોકે | — જુએ છે |
| લોટઈ | — આળોટે |
| લોથ | — શબ, મડદા |
| લોદ્ર | — રૌદ્ર |
| લોયા | — લોકો |
| લોલ | — ભપકો |
| લોહઅંકુડા | — માછલીને ફસાવવાનો કાંટો |
| લ્યઈ | — લે છે |
| વંક | — ધોળા રંગનું સુતરાઉ વસ્ત્ર |
| વંકા | — વાંકુ |
| વંછતઉ | — વાંછા કરતો, ઈચ્છતો |
| વંછું | — ઈચ્છું |
| વંતૂલ | — વંટોળથી |
| વઈ | — પઈ = પ્રતિ, માં |
| વઈરી | — વૈરી, શત્રુ |
| વઉલઈ | — પસાર કરે છે |
| વઉલાવી | — વળાવીને |
| વઉલિઆ | — પસાર થયા |
| વઉલી | — પસાર થઈ |
| વઉલુ | — પસાર કરો |
| વકી | — ઉમેદ, આશા |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| **વખાણ** | — વ્યાખ્યાન |
| **વખાણસિઉ** | — ઉપદેશ કરીશું |
| **વખાણી** | — ગવાણી, પ્રશંસા પામી |
| **વચ-વચ** | — વચ્ચે-વચ્ચે |
| **વચ્છ** | — વાછરડા |
| **વચ્છર** | — વર્ષ |
| **વછિઆત** | — બહારગામથી ખરીદી કરવા આવનાર ખાતેદાર |
| **વછુટે** | — સ્ફોટપૂર્વક ઉઘડી પડ્યા, છૂટા પડ્યા |
| **વજાવિઈ** | — બજાવીએ, પાલન કરીએ |
| **વજ્જાવઈ** | — પજવે છે, પરેશાન કરે છે |
| **વટ** | — વાટ, માર્ગ |
| **વટાઉ** | — વટેમાર્ગુ, મુસાફર |
| **વડ** | — મોટા |
| **વડઉ** | — વડો, મોટો |
| **વડીય** | — ઘણી |
| **વડુ** | — ચડીયાતું |
| **વડુ** | — તકરાર કરું |
| **વઢાણઉ** | — વધ્યો, મોટો થયો |
| **વણય** | — વિનય |
| **વણરિષ** | — વનપાલક |
| **વણસાડે** | — વિણસાડે = વિનાશ કરે |
| **વણસે** | — વિણસે, બગડે |
| **વણાઈ** | — બનાવીને = બનાવટ કરીને |
| **વણારસ** | — વાચનાચાર્ય |
| **વણાવઈ** | — બનાવે |
| **વણિ** | — અગ્નિ કર્યો |
| **વણીયા** | — બનાવ્યા |
| **વતંત** | — વૃત્તાંત |
| **વત્ત** | — વાત |
| **વત્તા** | — વાર્તા, વાત |
| **વદીત** | — પ્રસિદ્ધ |
| **વદીતઉ** | — બોલાય, ગણાય |
| **વદ્ધામણી** | — વધામણી |
| **વધાઉ** | — વધામણી |
| **વધામણા** | — મંગલગીત |
| **વધાવા** | — ઉત્સવ |
| **વધેરઈ** | — વધારે છે |
| **વનઈ** | — વિનય |
| **વનિ** | — વહ્નિ, અગ્નિ |
| **વન્ન** | — વર્ણ, રંગ |
| **વયણ** | — વદન, વચન |
| **વયણીયઈ** | — શય્યામાં, પથારીમાં |
| **વરઉ** | — શ્રેષ્ઠ, ઉત્તમ |
| **વરજિ** | — વર્જી, છોડી |
| **વરવા** | — પરણવા, લગ્ન કરવા |
| **વરસાલો** | — વર્ષાળ, ચોમાસું |
| **વરસિઉં** | — વરશું, પરણશું |
| **વરિ** | — વાળી, ચૂકવી |
| **વરૂઅઉ** | — વરવું, ખરાબ |
| **વરુઅઈ** | — સારું |
| **વરુઈ** | — વરવી, ખરાબ |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વલ** — ગોળાકાર
**વલવલઈ** — વલોપાત કરે, બોલબોલ કરે
**વલાઉલ** — સમુદ્ર
**વવહાર** — વિવાદ, મામલો
**વસ** — મોહ, મુગ્ધ
**વસઈ** — ને કારણે
**વસત** — વસ્ત્ર
**વસત્ર** — વસ્ત્ર
**વસદે** — બળતણ, અગ્નિ (?)
**વસાણું** — માનવો, ગણવો
**વસીહે** — વસ કરે
**વહ** — વધ
**વહિ** — નીકળવું
**વહિઆ** — નીકળ્યા, ચાલ્યા
**વહિલઉ** — વહેલો, જલ્દી
**વહિલડી** — વહેલી
**વહીં** — જાય છે
**વહીં** — ધારણ કરીને, પકડીને
**વહીયો** — ચાલ્યો
**વહેઈ** — ધારણ કરે
**વાંક** — ખોટ, ખામી
**વાંસઈ** — પાછળથી
**વાંસણી** — કેડ ફરતી બાંધવાની રૂપિયા ભરેલી થેલી
**વાંહણે** — સવારે
**વાઈ** — ઘેલછા
**વાઈ** — વાયુથી
**વાકો** — વિરુદ્ધ, સામે થઈને
**વાગ** — લગામ
**વાગ** — વાગુરા, લગામ
**વાગીયા** — શૂરવીર
**વાચ** — વચન
**વાચક** — ઉપાધ્યાય. અધ્યાપક
**વાચા** — વચન, કોલ
**વાચાલ** — છટાદાર વાણી બોલનાર
**વાજ** — તોબા, પીડા, ત્રાસ
**વાજતઈ** — વાજતે-ગાજતે
**વાજી** — વીંઝી
**વાજીયા** — હરાવ્યા છે
**વાટ** — માર્ગ, રસ્તો
**વાટ** — રાહ, પ્રતીક્ષા
**વાટલઉ** — વાટકો
**વાટિ** — માર્ગમાં
**વાડી** — વાત
**વાઢિ** — વાડ, અંતરાય
**વાણહી** — મોજડી
**વાણાવી** — વર્ણવી, કહી
**વાત** — નાટ્યકલાના ૧૮માંનો એક રૂપક
**વાત** — પવન
**વાત** — સામર્થ્ય
**વાતડી** — વાટડી, રાહ
**વાતાયન** — બારી
**વાધિલો** — વધ્યો
**વાન** — વસ્તુ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| **વાન** | — વાણી |
| **વાનરવાલિ** | — દ્વાર પર લટકાવતી મંગળસૂચકમાળા |
| **વાય** | — વચન |
| **વાયઈ** | — વાયુથી |
| **વાર** | — મદદ, હુમલો |
| **વારઈ** | — અટકાવ્યો |
| **વારણ** | — હાથી |
| **વારનકે** | — વારણ = હાથીના |
| **વારા** | — વાર્યા |
| **વારુ** | — સુંદર, રૂડો |
| **વારુ** | — ચારુ, સુંદર |
| **વાલંભ/વાલિંભ** | — પ્રિયતમ |
| **વાવડો** | — વાવડ, સમાચાર, માહિતી |
| **વાવત** | — વગાડે |
| **વાવરઈ** | — વાપરે છે |
| **વાવરી** | — વાપરી, પીને |
| **વાસગ** | — સર્પ |
| **વાસણિ** | — પૈસા ભરીને કમરે બાંધવાની કોથળી |
| **વાસે** | — પાછળ |
| **વાસે** | — વાસ્તે = માટે |
| **વાહઈ** | — લઈ ગયો, ચલાવ્યો |
| **વાહઈ** | — વીંઝે છે |
| **વાહણે વાઈ** | — સવાર પડતા |
| **વાહની** | — અશ્વની |
| **વાહિ ગયો** | — ઉપાડી ગયો, હરણ કરી ગયો |
| **વાહિયઉ** | — મગ્ન હતો |
| **વાહિયાલીયઈ** | — તબેલામાંથી |
| **વાહિર** | — વહાર, મદદ |
| **વાહીય** | — પ્રહાર |
| **વાહી** | — વગાડે છે |
| **વિઉલાવીનઈ** | — વોળાવીને, પાછા મોકલીને |
| **વિકસ્યઈ** | — વિકસિત |
| **વિકાર** | — લાગણી, આવેશ |
| **વિખવાદ** | — વિષાદ, દુઃખ |
| **વિખ્યાત** | — વખણાયેલ, પ્રશંસા પામેલ |
| **વિગટ** | — વિકટ |
| **વિગન** | — વિઘ્ન |
| **વિગરી** | — ? |
| **વિગોવઈ** | — વિડંબના કરે / પામે, દુઃખી થાય |
| **વિગ્ઘ** | — વિઘ્ન |
| **વિઘાત** | — વિઘ્ન |
| **વિચઈ** | — વચ્ચે |
| **વિચખ્યણ** | — વિચક્ષણ |
| **વિચાલ** | — વચ્ચે |
| **વિછડ્યો** | — વિખૂટો પડ્યો |
| **વિછોટઓ** | — છૂટો પડ્યો |
| **વિછોહ** | — વિયોગ |
| **વિજુત્ત** | — વિયુક્ત, છૂટું પાડેલ |
| **વિટ** | — હલકો માણસ |
| **વિડંગ** | — અશ્વ |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિડારુ — હણું, મારી નાખું
વિણજ — વાણિજ્ય, વેપાર
વિણા — વેણી
વિતાનં — ફેલાવો
વિતીત — વ્યતીત થયેલ
વિથાર — વિસ્તાર
વિદારીવા — નાશ કરવા
વિદ્યાય — વિદાય
વિદ્યારથી — વિદ્યાર્થી, વિદ્યાનો અર્થી
વિધંસૈ — વિધ્વંસ = નાશ કરે
વિનડઈ — કનડે
વિનાણ — વિજ્ઞાન
વિનિપાતો — વધ, હત્યા
વિપરહિ — વિપરીત
વિબ્ભમ — વિભ્રમ
વિભચાર — વ્યભિચાર
વિભલ — વિહ્વલ
વિભાસુ — તેજસ્વી, ચળકતું
વિમના — ઉદ્વિગ્ન, ખિન્ન મનવાળા
વિમાસઈ — વિચારે છે
વિમાસણ — ઊંડો વિચાર
વિમાસિ — ધ્યાન આપજે
વિરંગ — ફીક્કો, નિર્બળ
વિરંચિ — બ્રહ્મા
વિરચઈ — કંટાળવું
વિરચી — યુક્તિસર ગોઠવ્યું
વિરત — વિરક્ત, વૈરાગી
વિરતંત — વૃત્તાંત
વિરતઉ — વિરાગી
વિરતી — વિરક્ત
વિરલાય — વિખરાય
વિરહની — વિરહિણી સ્ત્રી
વિરિતંત — વૃત્તાંત
વિલંબી — પ્રગટ/ઢીલી (?)
વિલગી — વળગી પડી
વિલવલે — વલોપાત કરે
વિલવિલતી — વિલાપ કરતી
વિલસીઈ — વિલાસ કરે છે
વિલસીત — વૃત્તાંત
વિલાસા — મોજ-મજા
વિલિ — વળી
વિલુદ્ધ — વિલુબ્ધ
વિલુધઉ — લુબ્ધ
વિલોપઈ — તોડે, નાશ કરે
વિવર — ગુફા
વિવહારીયા — વેપારીઓ
વિષમઉ — વિષમ
વિસ — વશ
વિસખંતિ — ?
વિસન — વિદ્યાવાન (?)
વિસન — વસ્ત્ર
વિસને — વ્યસનમાં
વિસન્ન — વ્યસન, ખિન્ન = દુઃખી
વિસરજીયુ — પાછા મોકલ્યા, રજા આપી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| **વિસાનર** | — વૈશ્વાનર, અગ્નિ |
| **વિસાસ** | — વિશ્વાસ |
| **વિસિટ્ઠ** | — વિશિષ્ઠ |
| **વિહંડી** | — વિનાશ કરનાર |
| **વિહડે** | — છોડે |
| **વિહાણી** | — નષ્ટ થઈ, વીતી ગઈ |
| **વિહિ** | — વિધિ, ભાગ્ય |
| **વિહૂંણૌ** | — છૂટો, અળગો, દૂર |
| **વિહ્નિ** | — અગ્નિ |
| **વીંદણી** | — બીંદડી = વધૂ |
| **વીચિ** | — પરંપરા, પંક્તિ |
| **વીચિ** | — વચ્ચે |
| **વીછડીયા** | — વિખૂટા પડેલા |
| **વીણી** | — વેણી, ચોટલો |
| **વીત** | — વિત્ત, ધન |
| **વીનવીઉ** | — વિનંતી કરી |
| **વીની** | — વહ્નિ, અગ્નિ |
| **વીરુડી** | — અનિષ્ટ, હલકી |
| **વીવી** | — બીક (દે. વિવ્વ) ફાળ (?) |
| **વીસઈ** | — વિશ્વાસ કરવો |
| **વુઠિ** | — વૃષ્ટિ |
| **વુત** | — બોલે છે |
| **વુલી જઈ** | — પસાર થાય |
| **વૂંદ** | — વૃંદ |
| **વૃખ્ય** | — વૃક્ષ |
| **વેઉ** | — વડવાઈ |
| **વેગલો** | — દૂર, થોડો દૂર |
| **વેગિ** | — વેગથી, જલ્દીથી |
| **વેટાણો** | — વીંટાયો, ફસાયો |
| **વેડ / વેડિ** | — વન, વગડો, વગડામાં |
| **વેણવે** | — વિનવે, વિનંતી કરે |
| **વેણિ** | — ચોટલો |
| **વેતસ** | — નેતર |
| **વેતી** | — વાત |
| **વેધ** | — આસક્તિ / દ્વેષ |
| **વેધીઉ** | — વીંધાયો |
| **વેરા** | — વીરડો, નાનો કૂવો |
| **વેલુ** | — રેતી |
| **વેવઈ** | — કપાય |
| **વેવિ** | — તીવ્ર ઇચ્છા છે |
| **વેસા** | — વેશ્યા |
| **વેસાસ** | — વિશ્વાસ |
| **વેહ** | — નાકે, ઝાંપે, પાદરે |
| **વૈણી** | — ચોટલો |
| **વૈયેણ** | — વચન |
| **વૈશ્વાનર** | — અગ્નિ |
| **વ્યાપ** | — વ્યવહાર, પ્રવૃત્તિ |
| **વ્યાહાણે** | — વિહાણે =સવારે |
| **વ્રજે** | — ગોકુળમાં |
| **વ્રણ** | — છિદ્ર |
| **વ્રણ** | — વર્ણ |
| **વ્રતી** | — સંન્યાસી |
| **વ્રધમાન** | — વર્ધમાન |
| **શત્રુકાર/શત્રૂકાર** | — અન્ન-દાનશાળા |
| **શબર** | — ભીલ |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| **શબરી** | – ભીલડી |
| **શર** | – શિર, મસ્તક |
| **શર-સીંગણિ** | – બાણ અને ધનુષ |
| **શરિ** | – પ્રસર્યું |
| **શલકી** | – છુપાઈને |
| **શલા** | – શિલા |
| **શાત** | – સાત (સંખ્યા) |
| **શામા** | – શ્યામા, સ્ત્રી |
| **શાર્દૂલ** | – ચિત્તો |
| **શાલ** | – ઉત્તમ |
| **શિખા** | – શિક્ષા |
| **શિખ્યિ** | – શિક્ષિત |
| **શિબિર** | – છાવણી |
| **શિરદાર** | – સરદાર, સ્વામી, નાયક |
| **શિલુ** | – (ઝેરીલું ?), પંરપરા (સિલસિલા ?) |
| **શીર્ષ** | – મસ્તક |
| **શુચિ** | – સોય |
| **શેર / શેરિ** | – માર્ગ, રસ્તો |
| **શ્રવણિ** | – કાનમાં |
| **શ્રીકાર** | – શોભાયુક્ત |
| **સંખ** | – સંખ્યા |
| **સંખિ** | – સંખ્યા |
| **સંગટ** | – સંકટ |
| **સંગાત** | – સંગાથ |
| **સંઘાત** | – સંગાથ, સોબત |
| **સંઘોડિ** | – સંઘાડો = સંગાથ |
| **સંચ** | – ગુપ્ત કરામત, છળ, ગોઠવણ, યુક્તિ |
| **સંચ** | – પરિચય |
| **સંચઈ** | – યુક્તિથી, ઉપાયથી |
| **સંચર** | – સંચર્યો |
| **સંચરઈ** | – સંચરે છે, ફરે છે |
| **સંચલ** | – સંચાર, હલચલ |
| **સંચે** | – સિંચે |
| **સંઝ** | – સાંજ, સંધ્યા |
| **સંઠવઈ** | – સ્થાપિત કરે, ઊભો રાખે |
| **સંડ** | – નપુંસક |
| **સંત** | – સજ્જન |
| **સંતાવઈ** | – સંતાપે છે |
| **સંદનિ** | – રથમાં |
| **સંનિવેસ** | – લોકોને ફરવાનું નગર નજીકનું સ્થળ |
| **સંપત્ત** | – સંપ્રાપ્ત કર્યું, પહોંચ્યો |
| **સંપન્ન** | – યુક્ત |
| **સંપુન્ના** | – સંપૂર્ણ |
| **સંપ્રેડો** | – વળાવવાની વિધિ |
| **સંબર** | – ભીલપતિ |
| **સંબલ** | – મદદ / બળવાન (?) |
| **સંબાવૈ** | – સમારે = સજ્જ કરે |
| **સંબાહિ** | – સંભાળીને |
| **સંબાહે** | – સંભાળ |
| **સંબાહે** | – સંભાળી લે |
| **સંભ-પ્રજૂન** | – સાંબ અને પ્રદ્યુમ્ન |
| **સંભલાવિઉ** | – જણાવ્યું |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| **સંભાલ** | – સંભાર = પરિગ્રહ |
| **સંમુદા** | – આનંદપૂર્વક |
| **સંમુહિઉ** | – સન્મુખ |
| **સંયમ** | – સ્વયં |
| **સંલીન** | – એકાગ્રતા |
| **સંવરિ** | – જલ્દી, સત્ત્વર |
| **સંવાદ** | – તકરાર, મતભેદ |
| **સંસા** | – શંકા |
| **સંસો** | – સંશય |
| **સઈ હથિ** | – પોતાને હાથે |
| **સઈ** | – સ્વયં, પોતાનું |
| **સઈદેસી** | – સ્વદેશી |
| **સઉ** | – સો |
| **સઉડિ** | – સૂડી, શસ્ત્ર |
| **સક** | – શક્ર |
| **સકજા** | – સારુ, સુંદર |
| **સકત્તિ** | – શક્તિ |
| **સકાર** | – સહકાર, સહાય |
| **સકાસ** | – સવારે, નજીક |
| **સખરઈ** | – સુંદર |
| **સખાઈ** | – મિત્ર, સાથીદાર, સહાયક |
| **સગલઉ** | – સઘળું, સમગ્ર |
| **સગલાં** | – સઘળાં, બધાં |
| **સગુરુ** | – સદ્ગુરુ |
| **સજાઈ** | – સજ્જ કરીને |
| **સજાઈ** | – સામગ્રી |
| **સજ્જાઈ** | – સાજસજ્જા, સજાવટ |
| **સજ્જાયઈ** | – શય્યા પર |
| **સજ્જીઉ** | – તૈયાર કર્યો |
| **સજ્જુ** | – સજ્જ |
| **સઝાઈ** | – સજાવટ, તૈયારી |
| **સઝી સમુઝી** | – તૈયાર થઈને |
| **સટ** | – ફટકો, લાફો |
| **સણીજા** | – સ્વજન |
| **સત** | – શાતા |
| **સત** | – સત્ત્વ, સત્ય |
| **સતવાદી** | – સત્યવાદી |
| **સતિમ** | – સાતમી |
| **સત્ત** | – સત્ત્વ |
| **સથૈ** | – સાથે |
| **સદક** | – (?) |
| **સદેસ** | – સ્વદેશ |
| **સદ્દ** | – શબ્દ |
| **સધરજલઈ** | – ધારાબદ્ધ મેઘથી |
| **સધીર** | – સબળ |
| **સનકારી** | – પલકારામાં |
| **સનધ-બધ થઈ** | – બખ્તર પહેરીને |
| **સનબંધ** | – સંબંધમાં |
| **સનમુક** | – સન્મુખ, સામે |
| **સનીસર** | – શનિગ્રહ |
| **સનુરો** | – જોશભર્યો, તેજસ્વી |
| **સન્યાયીઈ** | – સંજ્ઞાથી = ઈશારાથી |
| **સપરાણ** | – સબળ, શ્રેષ્ઠ |
| **સપરાણઉ** | – જોરાવર, બળવાન |
| **સપરિ** | – સુપેરે, સારી રીતે |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સપેદ — સફેદ = શ્વેત
સબદ — શબ્દ, અવાજ
સબલ — સબળું
સબલઈ — પરાણે
સભ જાણ — બધું જાણનાર
સમણૌ — શમણું, સ્વપ્ન
સમરંગણિ — યુદ્ધભૂમિમાં
સમરઈ — સમરે છે
સમવડિ — બાજુના
સમા — યોગ્ય
સમાં — સમયે
સમાણી — સમાન
સમાદિસઉ — સારી રીતે કહો, ફરમાવો
સમારી — શણગારી
સમારી — સરખું કરીને, સીધું કરીને
સમાહઈ — સમાધિથી , નિશ્ચિતપણે
સમિરિય — સ્મરીને, સ્મરણ કરીને
સમી — સંધ્યાકાળ
સમી સેઢે — ?
સમુપ્યો — સમર્પ્યો, આપ્યો
સમેટી — ભેગું કરી, એકઠું કરી
સમો — સમય
સમોવડિ — સમાન
સયણ — સ્વજન, સજ્જન
સયણા — સ્વજનો
સરઈ — તીરથી, બાણથી
સરઈ — સ્વરે
સરખ — સમાન
સરગ — સ્વર્ગ
સરજીઉ — સર્જન થયેલું હોય, બનવાનું હોય
સરદહઈ — શ્રદ્ધા કરે
સરસું — સાથે
સરસૂં — સરખું
સરાહી — પ્રશંસા
સરિસી / સરિસુ / સરિસો — સાથે
સરી — શ્રી, સમરી
સર્મ — ભેદ
સલંડારો — પથ્થરનો થાંભલો
સલંબા — સલમ = શાંતિ
સલવ્યઉ — સજ્જ થયો, તત્પર થયો
સવછી — વાછરડા સહિત
સ-વારી — તે વારે, તે સમયે
સવિતા — સૂર્ય
સસંક — શંકાશીલ
સસિહર — ચંદ્ર
સસીર — શિશિરઋતુ
સસૂરીમા — શૂરવીરતા
સહ — સહુ, સર્વ
સહટ — ઝટ, જલ્દી
સહર — શહેર
સહસનયન — ઇન્દ્ર
સહસા — જલ્દી
સહાઈ — સાથી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સહિગુરુ — શુભગુરુ, સદ્ગુરુ
સહિયા — સખીઓ
સહીયા — સહિત
સહ્વે — સર્વ
સાંઈ — આલિંગન
સાંચ — સાચે-સાચ
સાંચરઈ — સંચરે છે, ફરે છે
સાંચલા — સાચા, ખરા
સાંઝરીઆ હાટ — દુકાનો સાંઝના સમયે જેમ બંધ થાય તેમ બંધ થઈ (?)
સાંફલે — (?)
સાંમટા — એક સાથે
સાંસઈજો — ધૈર્ય રાખજો, સ્વીકારી લેજો
સાંસઉ — સંશય
સાંસહી — સહન કરી
સાઈ — આલિંગન
સાખઈ — સાખે, સાક્ષીએ
સાખિ — સાક્ષી
સાખ્યાત — સાક્ષાત્
સાગવન — પત્ની સાથે બળી મરવું તે
સાજ — શણગાર, શોભા
સાજિ — સાજ, સજાવટ
સાઠી — એકઠા
સાડ્વલ — લીલુંછમ, લીલાઘાસવાળું

સાત — શાતા, સાથ
સાથ — સાર્થ, કાફલો
સાથરુ — પથારી
સાધાર — આધારરૂપ
સાધી — તાકીને
સાધી મુઠિ — મૂઠ = એક તાંત્રિક પ્રયોગ (પકડ)
સાન — સંકેત
સાનિધિ — સાન્નિધ્ય
સાપ — ઘો (?)
સાપ — વિષ (?)
સાબતઉ — સાબદુ = તૈયાર, સજ્જ
સામ — શ્યામ, કાળો
સામલઉ — શ્યામલ, કાળો
સામહી — સન્મુખ
સાયાણપ — શાણપણું = ચતુરાઈ
સાર — ભાળ, સંભાળ, લાભ, મદદ
સાર — સુંદર, શ્રેષ્ઠ
સારઈ — પાર પાડે, સિદ્ધ કરે
સાલ — દુઃખ, પીડાદાયક, દાહક
સાલિ — ભાત
સાલિં — સમૂહ / પલ્લિ (?)
સાલી — સાલે, ખૂંચે
સાવકી — સાબદી, મજબૂત
સાવજ — સિંહ
સાસ — શ્વાસ, સાહસ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| **સાહ** | — વેપારી |
| **સાહમઈ** | — સામેના |
| **સાહસીખ** | — સાહસિક |
| **સાહાણ** | — ઘોડા |
| **સાહામહઈ** | — સામૈયું |
| **સાહિ** | — નવ |
| **સાહિ** | — પકડીને |
| **સાહિ** | — શેઠાઈ |
| **સાહુ** | — સામ-સામે |
| **સાહે** | — સાથે |
| **સાહેસિ** | — સાહસ |
| **સાહ્યો** | — સાથી થયો |
| **સિંગ** | — શૃંગ, શિખર |
| **સિંગાર** | — શણગાર |
| **સિંઘારે** | — સંહાર કરે |
| **સિંદુવાર** | — નગોડ, એક જાતનો છોડ |
| **સિંધુર** | — હાથી |
| **સિઉં** | — સાથે |
| **સિકદાર** | — સાહસવીર |
| **સિખ** | — રજા, વિદાય |
| **સિગ્ઘ** | — શીઘ્ર |
| **સિચી** | — શચી, ઇન્દ્રાણી |
| **સિજઉ** | — સિદ્ધ થાય, પૂર્ણ થાય |
| **સિટ્ઠી** | — શ્રેષ્ઠી |
| **સિતા** | — સાકર |
| **સિપ્ર** | — જલ્દીથી |
| **સિમરણી** | — માળા |
| **સિર** | — ઉપરનો ભાગ |
| **સિર-આડો** | — કપાળમાં કરવામાં આવતી રેખા |
| **સિરઈ** | — ટોચનો, શ્રેષ્ઠ |
| **સિરી** | — શ્રી, લક્ષ્મી |
| **સિરોજા** | — વાળ |
| **સિલ** | — શિલા |
| **સિલકલિ** | — શિલા જેમાં ભરાવેલી હોય તે કડી |
| **સિલવટિ** | — શિલાપટ્ટે, અભરાઈમાં |
| **સી** | — સર્વે |
| **સી** | — સહી, ખરેખર |
| **સીકૃત** | — શીઘ્ર |
| **સીખ** | — જરૂર (?) |
| **સીખ** | — વિદાય, રજા, અનુમતિ |
| **સીખર** | — સરસ, સુંદર |
| **સીગાર** | — શૃંગાર = શણગાર |
| **સીદરી** | — સીંદરી = કાથીની દોરી |
| **સીમ** | — સીમા, મર્યાદા હદ, છેડો |
| **સીમાડા** | — સીમાડાના રાજાઓ |
| **સીર** | — હળ |
| **સીરી** | — સાથે |
| **સીસિ** | — મસ્તકે |
| **સુંડા-દંડ** | — સૂંઢ |
| **સુંડાગો** | — હાથી |
| **સુંડાલ** | — હાથી |
| **સુંદેસો** | — સંદેશો |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | | | |
|---|---|---|---|
| **સુઈવઉ** | – શયન કરવું, સૂવું | **સુરુપ** | – સ્વરૂપ |
| **સુચિ** | – પવિત્ર | **સુલઈ** | – બચાવ, રક્ષા |
| **સુજ્ઝાણ** | – સુજ્ઞાની | **સુલતાન** | – સુબો |
| **સુદણ** | – ઘર | **સુવદિત** | – સુવિદિત |
| **સુદામ** | – સુંદર માળા | **સુવાન** | – સુંદર વર્ણવાળા |
| **સુદ્ધ** | – શુદ્ધિ, ભાળ | **સુવિધિ** | – ? |
| **સુધા** | – શુદ્ધ | **સુવિલાસ** | – અતિ આનંદદાયક |
| **સુધાભિત્તિ** | – ચૂનાથી ધોળેલી ભીંત | **સુહડ** | – સુભટ |
| **સુધિ** | – શુદ્ધિપૂર્વક | **સુહાણઉ** | – સુખદાયક |
| **સુધી** | – ખબર | **સુહાણઉ** | – સોહામણું |
| **સુનઉ** | – સાંભળ | **સુહાણી** | – સુખ આપનારી થઈ |
| **સુનાઈ** | – સંભળાવ્યું, કહ્યું | **સુહાવિયઉ** | – શોભાવ્યું |
| **સુન્ન** | – શૂન્ય, શૂન્યગૃહ | **સુહાસણી** | – સૌભાગ્યવંતી |
| **સુપ** | – અતિશય/ભયંકર (?) | **સૂંગડઈ** | – સુંગો = દીવાનું ઢાકવા છુપાવવાનું સાધન (?) |
| **સુપત્ત** | – સુપ્રાપ્ત | | |
| **સુપરિસઉ** | – સુપેરે, સારી રીતે | **સૂંહાલી** | – સુંવાળી |
| **સુપસાઉલઈ** | – કૃપા, પ્રસાદથી | **સૂજન** | – સજ્જન |
| **સુમરા** | – ક્ષત્રિયની એક જાત | **સૂધઈ** | – શુદ્ધ |
| **સુરંગ** | – એ નામની જાતનો ઘોડો | **સૂધાં** | – શુદ્ધ રીતે |
| **સુરંગ** | – સુંદર, સરસ | **સૂબલિઆ** | – સબળ |
| **સુરઘર** | – દેવાલય, મંદિર | **સૂભા** | – સભા |
| **સુરતટની** | – ગંગા | **સૂભાસિ** | – બોલ્યો |
| **સુરતાણ** | – સુલતાન = સ્વામી | **સૂયણ** | – સુજન = સજ્જન |
| **સુરતીય** | – દેવાંગના | **સૂર** | – શૌર્ય |
| **સુરભી** | – ગાય | **સૂર** | – સૂર્ય |
| **સુરમા** | – શૂરવીર | **સૂરઉ** | – શૂરવીર |
| **સુરા** | – સૂર્ય | **સૂરપણ** | – શૂરવીરતા |
| **સુરી** | – સતી | **સૂરબાબ** | – ? |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| **સૂવાવઈ** | – સારો વા'તો હતો |
| **સેજ** | – શય્યા |
| **સેતી** | – ? |
| **સેતી** | – સાથે |
| **સેબાસો** | – શાબાસી |
| **સેલોત** | – જમીનદાર, વસુલાત ધરાવનાર માણસ |
| **સેષ** | – શેષનાગ |
| **સેસકઈ** | – જરા, થોડું, સંબંધી, સગા |
| **સેસિ** | – શેષનાગે |
| **સેહમરા** | – (સેહરમાં ?) શહેરમાં |
| **સેહરઉ** | – મુગટ, શિખર |
| **સૈઠા** | – શ્રેષ્ઠ |
| **સૈબલ** | – સેવલી =એકજાતનો વેલો |
| **સોઈ** | – તે |
| **સોઈ** | – સૂઈ |
| **સોઈસોનો** | – કાનનું સુવર્ણનું આભૂષણ (?) |
| **સોગ** | – દુઃખ, શોક |
| **સોચા** | – શોક |
| **સોદર** | – ભાઈ |
| **સોમ** | – સૌમ્ય |
| **સોય** | – તે |
| **સોર** | – શોર, અવાજ, બુમાબુમ, -ત્રાહિ-ત્રાહિ પોકાર કરાવવો, ત્રાસ પમાડવો |
| **સોવન** | – સુવર્ણના |
| **સોવનપાલી** | – સોનાની છરી |
| **સોસ** | – કૃશતા, સૂકાવાપણું |
| **સોસ** | – પ્રતિજ્ઞા |
| **સોસર** | – ચિંતા, વલવલાટ |
| **સોહ** | – શોભા |
| **સોહગ** | – સૌભાગ્ય |
| **સોહલુ** | – સુંદર, ઉત્સવ |
| **સોહાસિણી** | – સૌભાગ્યવંતી સ્ત્રી |
| **સૌર** | – કોલાહલ |
| **સ્નાનાવન** | – સ્નાનાદિ |
| **સ્ફુટિક** | – સ્ફટિક |
| **સ્યઉ** | – શું, કયો |
| **સ્યામ / સ્યામા** | – શ્યામા, સ્ત્રી |
| **સ્વેત** | – ઉજ્જ્વળ, ચોખ્ખી |
| **હઈઆ** | – હૈયું |
| **હઈવર** | – ઘોડો |
| **હક્કારઈ** | – બોલાવે છે |
| **હક્કી** | – હાંક, પડકાર |
| **હગીગત** | – હકીકત |
| **હજૂર** | – સામે |
| **હડી** | – હાંક |
| **હત** | – (અવ્યય) ખરેખર |
| **હથમુક** | – હસ્તમેળાપ |
| **હથીરડા** | – હથિયાર |
| **હમાનઈ** | – અમને |
| **હર** | – અશ્વ |
| **હરઈ** | – ઘરમાં |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હરઈ — હરણ કરે
હરખઈ — હર્ષથી
હરય — હરણ કરે છે = લૂંટી લે છે
હરામ — બદમાશ
હરિ — સર્પ
હરિ — સિંહ
હરી — હરણ, અપહરણ
હરીઆલ — હરતાલ (સુવર્ણવર્ણી)
હરે — હરાવે
હલકી — શોભા
હલન — જ્વલન, બળવું
હલા — હલ્લો થયો
હલાહલ — અતિતીવ્ર
હલિગલી — ઉલ્લાસભેર
હલુઈ — હળવે, ધીરે
હલે — સખીને સંબોધન
હલોલ — હલ્લો, હુમલો
હવઈ — હવે
હવડાં / હવડું — હમણાં
હવણ — હમણાં
હવા — થયા, પસાર થયા
હસમ — સૈન્ય
હસુતિ — હસતી
હાટ — ગર્જના
હાટ — દુકાન
હાડ — ઘણું જ
હાડ — હાડકા, શરીર
હાથ મુંકાવણ — કરમોચન સમયે
હાથિ / હાથી — હાથમાં, હાથથી
હામિ — હામ, ઇચ્છા
હાલઈ — ચાલે છે
હાલરો — હાલરડું
હિતુઅઉ — હિતકારક
હિયઈ — હૈયામાં
હિયાડા — હૈયાવાળા
હિવ — હવે
હિવડાં — હમણાં
હિવિણ — હમણાં
હીંડઈ — ચાલે, પ્રવૃત્ત થાય
હીઈ — હૈયે
હીક — ભીડ, મુંઝારો
હીચોલે — હીંડોળે, હીંચકામાં
હીડઈ — હૈયે
હીણો — હીન
હીત — હેત
હીયો — હૈયું
હીર — મૂલ્યવાન
હીલ — હરકત, મુશીબત
હીસઈ — હર્ષ થાય, આનંદ થાય
હુંસિઆરી — સાવધાની
હુઉ — થયો
હુકરો — હુંકારો, હોંકારો
હુતવહ — હુતાવહ = અગ્નિ
હુબસ — હબસી લોકો, કાળા માણસો



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| હુસઈ | — થશે |
| હૂઈ | — હોય |
| હૂતા | — હતા |
| હૂય | — હોય |
| હેક | — ટેક (?) |
| હેજ | — હેત, પ્રીત, આનંદ |
| હેથિ | — હેઠે, નીચે |
| હેરાવાં | — છૂપી તપાસ |
| હેરીઓ | — નીરખવું, જોવું |
| હેરે | — નીરખે |
| હેલઈ | — આનંદથી, ઉમંગથી |
| હેલણી | — હિલના, નિંદા, બેઆબરૂ |
| હેલા | — સહેલાઈથી |
| હેલી | — સરળતાથી |
| હેવ | — ચોક્કસ |
| હૈઈ | — હૃદયથી |
| હૈવર | — ઘોડા |
| હોડિ | — તુલનામાં |
| હોડિ | — સ્પર્ધામાં |
| હ્‌વલન | — અગ્નિ |



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# વિશેષ નોંધ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અપ્રમત્તતા
અને સાહસવંતતા જેવા
ગરીષ્ઠ ગુણોનું ઉદ્દગાન જે કથાના
પ્રત્યેક ઘટકોમાં સમાયેલું છે, એ

# 'અગડદત્ત કથા...'

વસુદેવહિંડી અને ઉત્તરાધ્યયનસૂત્રની ટીકાઓથી
શરૂથયેલી આ કથાને મધ્યકાલિન ગુર્જર ભાષાના
૧૨ રાસાઓમાં કવિવર્યોએ ઢાળી છે. આજ સુધીના
અપ્રકાશિત આ સર્વ રાસાઓનું તુલનાત્મક
સંપ્રેક્ષણ આદિ સાથેનું આ સંપાદન
અભ્યાસુઓમાં એ ગુણોનો પ્રાદુર્ભાવ
કરે એ જ ભાવના...

MULTY GRAPHICS (022) 23873222 • 23884222

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org